| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010030972018 | | દાખલ તારીખ | ૦૨/૧૧/૨૦૧૮ | | |
| | | નોંધ્યા તારીખ | ૦૨/૧૧/૨૦૧૮ | | |
| | | નિર્ણય તારીખ | ૨૮/૦૩/૨૦૨૪ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૫ | ૦૪ | ૨૬ |

# **FORM–A**

**બનાસકાંઠા જિલ્લાના બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબ શ્રીની કોર્ટમાં,**

**મુ.પાલનપુર.**

**(ચુકાદાની તારીખ :– ૨૮/૦૩/૨૦૨૪)**

**આંક :–૮૪૧**

## સ્પેશિયલ એન.ડી.પી.એસ. કેસ નં.–૩/૨૦૧૮

| એફ.આઈ.આર.ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન | |
|---|---|
| પોલીસ સ્ટેશન | પાલનપુર શહેર પોલીસ સ્ટેશન, બનાસકાંઠા પ્રોહી ગુના રજી. નં.–૨૧૬/૧૯૯૬ |
| ગુનો | ઈન્ડીયન પીનલ કોડ 1860 ની કલમ–૧૨૦બી, ૧૧૬, ૧૧૯, ૧૬૭, ૨૦૪, ૩૪૩, તથા N.D.P.S. Act ની કલમ–૧૭, ૧૮, ૨૯, ૫૮(૨), ૫૯(૨)(બી) મુજબ. |
| તહોમતનામા મુજબ તહોમત | નાર્કોટીક્સ ડ્રગ્સ સાયકોટ્રોપીકસ સબસ્ટન્સીસ એકટ ૧૯૮૫ ની કલમ–૧૭, વિકલ્પે કલમ–૧૮, વિકલ્પે કલમ–૨૧ તથા કલમ–૨૭(એ) તથા કલમ–૨૯ તથા કલમ–૫૮(૧) તથા કલમ–૫૮(૨) તથા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી), કલમ–૧૧૬ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) વિકલ્પે કલમ–૧૧૬ સાથે વાંચતા કલમ–૩૪, કલમ–૧૬૭ સાથે વાંચતા કલમ–૧૨૦(બી), કલમ–૨૦૪ સાથે વાંચતા કલમ–૧૨૦(બી), કલમ–૩૪૩ સાથે વાંચતા કલમ–૩૪, સાથે વાંચતા કલમ–૧૦૯, કલમ–૪૬૫ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) સાથે વાંચતા કલમ–૩૪ સાથે વાંચતા કલમ–૧૦૯, કલમ–૪૭૧ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) સાથે વાંચતા |

| | |
|---|---|
| | કલમ–૩૪ સાથે વાંચતા કલમ–૧૧૯. |
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મૂળ ફરિયાદી:– શ્રી આઈ.બી.વ્યાસ)<br>(પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી, પાલનપુર, બનાસકાંઠા) |
| વિ.સ્પે.પી.પી.શ્રી | ખાસ સરકારી વકીલશ્રી મિતેશ આર.અમીન.<br>ખાસ સરકારી વકીલશ્રી અમિત એમ.પટેલ. |
| આરોપી નં–૧ | ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ (એપ્રુવર)<br>આંક–૬૭ વાળી અરજી તથા આંક–૮૦ વાળા લેખિત નિવેદન અનુસંધાને તા.૧૮/૦૩/૨૦૨૧ના રોજ અદાલતે હુકમ કરી માફી આપેલ ત્યારબાદ ફરિયાદપક્ષે ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તરીકે તપાસેલ છે. ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૮ મુજબ કાર્યવાહી કરેલ નથી. જામીન ઉપર મુક્ત થયેલ છે.<br>હાલ રહે.–૨૩, દિવાળીબાનગર, તુલસીધામ ચાર રસ્તા પાસે, માંજલપુર, વડોદરા. |
| આરોપી નં–૨ | સંજીવ રાજેન્દ્ર ભટ્ટ,<br>તા.૦૬/૦૯/૨૦૧૮ના રોજથી જ્યુડીશીયલ કસ્ટડીમાં. નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૧૨/૦૯/૨૦૧૮ થી તારીખ.૨૧/૦૯/૨૦૧૮ સુધીના પોલીસ રિમાન્ડ મંજુર કરેલ.<br>સરનામુ–બંગ્લોઝ નં.–૨, સુશીલનગર, વિભાગ–૨, ગાંધી લેબર ઈન્સ્ટીટ્યુટની સામે, ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ |
| આરોપી નં–૨ તરફે વિધવાન વકીલ શ્રી | (૧) શ્રી બી.એ તુંવર<br>(૨) શ્રી એસ.બી.ઠાકોર |
| મરણજનાર આરોપી | માલાભાઈ જોઈતાભાઈ કરમટીયા (રબારી)<br>નોંધ:–તા.૨૦/૦૨/૨૦૧૮ના રોજ મરણ જતાં એબેટેડ સમરી તા.૦૨/૧૧/૨૦૧૮ ના રોજ ભરવામાં આવેલ જે મંજુર થયેલ. |

## FROM–B

| | |
|---|---|
| ફરિયાદની તારીખ | ૩૦/૦૪/૧૯૯૬ |
| ચાર્જશીટની તારીખ | ૦૨/૧૧/૨૦૧૮ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૧૮/૦૯/૨૦૧૯ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | ૧૮/૧૦/૨૦૨૧ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૪ |

# આરોપીની વિગત:–

| આરોપી નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી ? | ક્રી.પ્રો.કોડ ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામ ના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ | ૫/૯/ ૨૦૧૮ | (૧) વચગાળાના જામીન ઉપર મુક્ત કર્યા તા.૧૪/૧૧/૨૦ થી તા. ૨૫/૧૧/૨૦<br>(૨) વચગાળાના જામીન ઉપર મુક્ત કર્યા તા.૧૮/૧૦/૨૨ થી તા.૫/૧/૨૩<br>(૩) વચગાળાના જામીન ઉપર મુક્ત કર્યા તા.૨૩/૬/૨૩ થી તા.૮/૭/૨૩<br>(૪) રેગ્યુલર જામીન ઉપર મુક્ત કર્યા તા.૧૯/૧/૨૪ થી | એન.ડી. પી.એસ. એકટ ૧૯૮૫ ની કલમ–૧૭, ૧૮, ૨૧, ૨૭(એ), ૨૯, ૫૮(૧), ૫૮(૨) તથા ઈ.પી.કો. કલમ–૧૧૬, ૧૬૭, ૨૦૪, ૩૪૩, ૧૦૯, ૪૬૫, ૪૭૧, ૧૧૯ સાથે વાંચતા કલમ–૧૨૦ (બી), ૩૪, ૧૦૯. | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ૫–વર્ષ, ૧–માસ, ૩–દિવસ |
| ૨ | સંજીવ રાજેન્દ્ર ભટ્ટ | ૫/૯/ ૨૦૧૮ | અટક કર્યા તે સમયથી કસ્ટડીમાં છે. | ઉપર મુજબ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ | ૫–વર્ષ, ૬–માસ, ૨૩–દિવસ |

**બીજા એડીશનલ સેશન્સ જજ, પાલનપુર**

# FORM–C

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

## (એ) ફરિયાદપક્ષ તરફેના સાહેદો

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | મહમદયુનુસ અબ્દુલરહેમાન વોરા | સાહેદ નં.–૧૫ સુમેરસિંહના સહીના નમુનાના પંચ | ૧૭૦ |
| ૨ | અમરતભાઈ અમથાલાલ જોશી | તારીખ ૦૬/૦૫/૧૯૯૬ના રોજ નું આરોપીની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રુબરુનું હોય તેવા ઓળખ પરેડ પંચનામામાં પંચ તરીકે ફક્ત સહી કરનાર | ૨૦૩ |
| ૩ | મહમદઝુબેર અબ્દુલભાઈ માકણોજીયા | તારીખ ૩૦/૦૪/૧૯૯૬ના રોજનું હોટેલ લાજવંતીની રૂમ નંબર–૩૦૫માં ગુનાવાળી જગ્યાના પંચનામાંમાં ફક્ત સહી કરનાર | ૨૦૫ |
| ૪ | દિપકકુમાર અમૃતલાલ ગામી | તારીખ ૩૦/૦૪/૧૯૯૬ના રોજ અફીણનું વજન કરી વજનકાંટાનું પ્રમાણપત્ર આપનાર | ૨૦૯ |
| ૫ | કનુભાઈ રામલાલ મિશ્રા | તારીખ ૦૬/૦૫/૧૯૯૬ના રોજ ગુનાના કામે પકડેલ આરોપી સુમેરસિંહ રાજપુરોહિત ફ.પક્ષ સાહેદ નં.–૧૫નું પો.ઈન્સ આઈ.બી.વ્યાસ રૂબરૂનું જાણે ઓળખ પરેડ કરેલ હોય તેવા પંચનામાંમાં ફક્ત સહી કરનાર સાહેદ | ૨૧૬ |
| ૬ | ઓમપ્રકાશ ઉત્તમદાસ આચાર્ય | તારીખ ૨૭/૧૦/૨૦૧૮ના રોજ સાહેદ નં.–૮ બબાભાઈ સવાભાઈ રોજીયાના જે વર્ધી મુજબના નમુના લખાણ તથા સહીના ૩૬ પાના ઉપર નમુના મેળવવામાં આવ્યા તે તથા કુદરતી સહીઓ વાળા દસ્તાવેજ પાંચ કાગળો કબજે કરવામાં આવ્યા તે પંચનામાના પંચ | ૨૨૨ |
| ૭ | રાજુભાઈ ઈશ્વરભાઈ રાવળ | ફ.પક્ષ સાહેદ નં.–૮ બબાભાઈનાઓ ધ્વારા તકરારી લખાણ મુજબ કરવામાં આવેલ સહી, લખાણના નમુના લીધા તે પંચનામાં ના પંચ | ૨૩૧ |
| ૮ | બબાભાઈ સવાભાઈ રોજીયા | તારીખ ૩૦/૦૪/૧૯૯૬ના રોજ કંટ્રોલ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવનાર સાહેદ કે જેઓએ આંક–૨૪૬ વાળી વર્ધી અંગે તથા અન્ય પુરાવો આપેલ છે તે સાહેદ | ૨૪૧ |
| ૯ | ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ | પાલનપુર એલ.સી.બી, પી.આઈ. તરીકે ફરજ બજાવનાર આરોપી નં.–૧ કે જેઓને માફી આપવામાં આવેલ તે એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ | ૨૭૦ |

**બીજા એડીશનલ સેશન્સ જજ, પાલનપુર**

| | | | |
|---|---|---|---|
| ૧૦ | સાયબાભાઈ નાથાભાઈ ગમાર | ૧૯૯૬માં તહોમતદારના બંગલા ઉપર ટેલીફોન ડયુટી તરીકે નોકરી કરનાર | ૩૭૮ |
| ૧૧ | વાસુદેવભાઈ ભલાભાઈ ભરવાડ | હેન્ડ રાઈટીંગ એક્સપર્ટ ૧૯૯૬ તથા ૨૦૧૮ના વર્ષમાં આ કેસમાં રજુ થયેલ અભિપ્રાય આપનાર | ૩૯૧ |
| ૧૨ | ભાલચંન્દ્ર લક્ષમણભાઈ પંડ્યા | એલ.સી.બી. ઓફીસવાળી જગ્યા તા.૨૮/૧૧/૧૮ના રોજ સાહેદ નં.-૧૪ પ્રવિણચંદ્ર પરમારે બતાવી તે સમયે કરવામાં આવેલ પંચનામાના પંચ | ૪૦૯ |
| ૧૩ | કલાજી સ્વરૂપજી મકવાણા | વિભાગીય પોલીસ અધિકારી રુબરુના અફીણ મુદ્દામાલનું ફરીથી સેમ્પલ લેવા બાબતેના પંચનામાના પંચ | ૪૧૩ |
| ૧૪ | પ્રવિણચંદ્ર હરીલાલ પરમાર | સાહેદ નં.-૯ ઇન્દ્રવદન વ્યાસ પી.આઈ. એલ.સી.બી. સાથે ફરજ બજાવનાર પોલીસ કોન્સ્ટેબલ-રાઈટર | ૪૨૦ |
| ૧૫ | સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિત | ૧૯૯૬ ના વર્ષમાં જેમના ઉપર અફીણનો કેસ કરવામાં આવેલ અને ત્યારબાદ તેઓ વિરુધ્ધ ક્રી.પ્રો.કોડ કલમ-૧૬૯નો રીપોર્ટ કરવામાં આવેલ તે ભોગ બનનાર વિકટીમ એડવોકેટ સાહેદ | ૪૯૮ |
| ૧૬ | રમણભાઈ પરશોત્તમભાઈ પટેલ | લોકલ ક્રાઈમ બ્રાંચમાં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવનાર સાહેદ | ૫૦૮ |
| ૧૭ | કનુભાઈ અંબાભાઈ પરમાર | તા.૩૦/૦૪/૯૬ના રોજ લેવાયેલ મુદ્દામાલ સેમ્પલ એફ.એસ.એલ.માં આપવા જનાર પો.કો. | ૫૩૭ |
| ૧૮ | મફતલાલ હાલાભાઈ | જે તે સમયે પી.એસ.ઓ, પાલનપુર સીટી પો.સ્ટે તરીકે ફરજ બજાવનાર અ.હે.કો. | ૫૩૯ |
| ૧૯ | પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ | નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ ૨૦૧૮ના વર્ષમાં ગુનાની તપાસ કરનાર અમલદાર | ૫૪૧ |

## (બી) <u>બચાવપક્ષ તરફેના સાહેદો:-</u>

| સાહેદ નંબર | સહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧ | શ્રી શંભુભાઈ બચુભાઈ પટેલ | ૧૯૯૬માં વિભાગીય પોલીસ અધિકારી તરીકે તા.૦૮/03/૧૯૯૭થી ૨૨/૦૫/૧૯૯૯ સુધી કેસની તપાસ કરનાર | ૬૬૬ |
| ૨ | શ્રી દેવરાજ કાનાભાઈ ધગલ | ૧૯૯૬ માં નાયબ મુખ્ય પોલીસ અધિકારી, સરહદી વિભાગ, ભુજ તરીકે ફરજ બજાવતા તેમજ સિધ્ધેશ્વરપૂરી, સેક્રેટરી પાલી બાર એસોસિઅશનની અરજીની ઈન્કવાયરી કરેલ તેઓ | ૭૧૮ |

<u>બીજા એડીશનલ સેશન્સ જજ, પાલનપુર</u>

## (સી) કોર્ટ તરફના સાહેદો જો કોઈ હોય તો:- નથી

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા

## (એ.૧) ફરિયાદપક્ષના સાહેદોની જુબાનીમાં ફરિયાદપક્ષે રજુ કરેલ અને આંકે પડેલા દસ્તાવેજી પુરાવા:-

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| | **સાહેદ નં.-૧ મહમદયુનુસ અબ્દુલરહેમાન વોરાની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવા** | |
| ૧ | **(૧) માર્ક-૨૫/૧૪** વાળું તારીખ ૦૪/૦૫/૧૯૯૬ના રોજનું, સુમેરસિંહની સહીને હોટેલ લાજવંતીના રજીસ્ટરની એન્ટ્રી નં.-૬૪૦ની સહી સાથે સરખામણી કરવા માટે સુમેરસિંહની સહીના નમુના લેવા માટેનું પી.આઈ. શ્રી એલ.સી.બી, ફ.પક્ષ સાહેદ નં.-૯ પાલનપુરની રૂબરૂનું પંચનામું | ૧૭૨ |
| ૨ | **(૨) માર્ક-૧૭૧/૧** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો, તકરારી દસ્તાવેજ હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે જમણા હાથેથી | ૧૭૩ |
| ૩ | **(૩) માર્ક-૧૭૧/૨** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો, તકરારી દસ્તાવેજ હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે જમણા હાથેથી | ૧૭૪ |
| ૪ | **(૪) માર્ક-૧૭૧/૩** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો, તકરારી દસ્તાવેજ હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે જમણા હાથેથી | ૧૭૫ |
| ૫ | **(૫) માર્ક-૧૭૧/૪** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો તકરારી દસ્તાવેજ,હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે જમણા હાથેથી | ૧૭૬ |
| ૬ | **(૬) માર્ક-૧૭૧/૫** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો, તકરારી દસ્તાવેજ હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે જમણા હાથેથી | ૧૭૭ |
| ૭ | **(૭) માર્ક-૧૭૧/૬** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો, તકરારી દસ્તાવેજ હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે જમણા હાથેથી | ૧૭૮ |
| ૮ | **(૮) માર્ક-૧૭૧/૭** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો, તકરારી દસ્તાવેજ હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે ડાબા હાથેથી | ૧૭૯ |
| ૯ | **(૯) માર્ક-૧૭૧/૮** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો, તકરારી દસ્તાવેજ હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે ડાબા હાથેથી | ૧૮૦ |
| ૧૦ | **(૧૦) માર્ક-૧૭૧/૯** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો, તકરારી દસ્તાવેજ હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે ડાબા હાથેથી | ૧૮૧ |
| ૧૧ | **(૧૧)માર્ક-૧૭૧/૧૦** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો, તકરારી દસ્તાવેજ હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે ડાબા હાથેથી | ૧૮૨ |
| ૧૨ | **(૧૨) માર્ક-૧૭૧/૧૧** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો, તકરારી દસ્તાવેજ હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે ડાબા હાથેથી | ૧૮૩ |
| ૧૩ | **(૧૩) માર્ક-૧૭૧/૧૨** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો, તકરારી દસ્તાવેજ હોટેલ લાજવંતીના રજીસ્ટર એન્ટ્રી નં.-૬૪૦ની સહી પ્રમાણે ડાબા હાથેથી | ૧૮૪ |
| ૧૪ | **(૧૪) માર્ક-૧૭૧/૧૩** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો જમણા હાથે | ૧૮૫ |
| ૧૫ | **(૧૫) માર્ક-૧૭૧/૧૪** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો જમણા | ૧૮૬ |

| | | |
|---|---|---|
| | હાથે | |
| ૧૬ | **(૧૬) માર્ક–૧૭૧/૧૫** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો જમણા હાથે | ૧૮૭ |
| ૧૭ | **(૧૭) માર્ક–૧૭૧/૧૬** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો જમણા હાથે | ૧૮૮ |
| ૧૮ | **(૧૮) માર્ક–૧૭૧/૧૭** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો જમણા હાથે | ૧૮૯ |
| ૧૯ | **(૧૯) માર્ક–૧૭૧/૧૮** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો જમણા હાથે | ૧૯૦ |
| ૨૦ | **(૨૦) માર્ક–૧૭૧/૧૯** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો ડાબા હાથે | ૧૯૧ |
| ૨૧ | **(૨૧) માર્ક–૧૭૧/૨૦** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો ડાબા હાથે | ૧૯૨ |
| ૨૨ | **(૨૨) માર્ક–૧૭૧/૨૧** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો ડાબા હાથે | ૧૯૩ |
| ૨૩ | **(૨૩) માર્ક–૧૭૧/૨૨** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો ડાબા હાથે | ૧૯૪ |
| ૨૪ | **(૨૪) માર્ક–૧૭૧/૨૩** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો ડાબા હાથે | ૧૯૫ |
| ૨૫ | **(૨૫) માર્ક–૧૭૧/૨૪** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની સહીનો નમુનો ડાબા હાથે | ૧૯૬ |
| **સાહેદ નં.–૨ અમરતભાઈ અમથાલાલ જોશીની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૨૬ | **(૧)નિશાની–૨૫/૧૮ વાળુ**<br>તારીખ ૦૬/૦૫/૧૯૯૬ના રોજનું સુમેરસિંહની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રુબરુનું હોય તેવું પંચનામું સહી પુરતુ રજુ | ૨૦૪ |
| **સાહેદ નં.–૩ મહમદઝુબેર અબ્દુલભાઈ માકણેજીયાની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૨૭ | **(૧)નિશાની–૨૫/૨ વાળો**<br>તારીખ ૩૦/૦૪/૧૯૯૬ના રોજનો હોટેલ લાજવંતીના રૂમ નંબર–૩૦૫નું તૈયાર કરેલ–ગુનાવાળી જગ્યાનું પંચનામુ સહી પુરતું રજુ | ૨૦૬ |
| ૨૮ | (૨) સાહેદનું ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪નું મેજીસ્ટ્રેટ રુબરુનું નિવેદન (સાહેદે પુરાવો આપેલ પરંતુ તે સમયે નિવેદન નામદાર કોર્ટમાં આવેલ ન હતું જેને સાહેદ નં.–૧૯ તપાસ કરનારની જુબાની પેજ નં.–૪૦ ઉપરના હુકમથી આંકે પડેલ છે) | ૫૭૧ |
| **સાહેદ નં.–૪ દિપકકુમાર અમૃતલાલ ગામીની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૨૯ | **(૧)નિશાની–૨૫/૭** દિપકકુમાર અમૃતલાલ ગામી ધ્વારા અપાયેલ તારીખ ૩૦/૦૪/૧૯૯૬ના રોજનું વજનકાંટાનું પ્રમાણપત્ર | ૨૧૦ |
| **સાહેદ નં–૫ કનુભાઈ રામલાલ મિશ્રાની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૩૦ | **(૧)નિશાની–૨૫/૧૯**<br>(તારીખ ૦૬/૦૫/૧૯૯૬ના રોજનું ગુનાના કામે પકડેલ આરોપી સુમેરસિંહ રાજપુરોહિતનું પો.ઇન્સ. એલ.સી.બી. પાલનપુર રૂબરૂનું હોય તેવું ઓળખ પરેડ પંચનામુ સહી પુરતું રજુ) | ૨૧૭ |
| **સાહેદ નં–૬ ઓમપ્રકાશ ઉત્તમદાસ આચાર્યની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૩૧ | **(૧)નિશાની–૨૫/૩૧**<br>તારીખ ૨૭/૧૦/૨૦૧૮ના રોજનું સાહેદ બબાભાઈ સવાભાઈ રોજીયાના વર્ધી મુજબના | ૨૨૩ |

| | | |
|---|---|---|
| | નમુનાના લખાણ તથા કુદરતી સહી વાળા દસ્તાવેજ કબજે લીધા તે અંગેનું ફ.પક્ષ સાહેદ નં.–૧૯ પોલીસ અધિક્ષક વીરેન્દ્ર યાદવ રુબરુનું પંચનામુ | |
| ૩૨ | (૨) કુલ–૩૬ પેજ ઉપરના સાહેદ બબાભાઈ ના હસ્તાક્ષર તથા સહીના નમુના સંયુક્ત દાખલ | ૨૨૪ |
| ૩૩ | (૩) સાહેદ બબાભાઈ સવાભાઈના કુદરતી સહી ધરાવતા લખાણ કુલ–૫ પાના સંયુક્ત આંક | ૨૨૫ |
| | **સાહેદ નં–૭ રાજુભાઈ ઈશ્વરભાઈ રાવળની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | |
| ૩૪ | **(૧)નિશાની–૨૫/૩૦**<br>તા.૧૩/૦૯/૨૦૧૮ના રોજ સાહેદ બબાભાઈ સવાભાઈના સહી અને લખાણના નમુના તકરારી દસ્તાવેજ વર્ધી મુજબના લેવામાં આવ્યા તે અંગેનું પંચનામું | ૨૩૨ |
| ૩૫ | (૨) સાહેદ બબાભાઈની નમુનાની સહીવાળા ચાર પાનાં તથા લખાણવાળા છ પાના એમ મળી કુલ દસ પાના સંયુક્ત રજુ | ૨૩૩ |
| | **સાહેદ નં–૮ બબાભાઈ સવાભાઈ રોજીયાની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | |
| ૩૬ | (૧) આંક–૨૨૩, આંક–૨૨૪, આંક–૨૨૫ વાળા દસ્તાવેજોની પોતાની સહીઓ તથા લખાણના હસ્તાક્ષર ઓળખી બતાવ્યા<br>(૨) કંટ્રોલ રૂમ રજીસ્ટરની એન્ટ્રી નં.–૩૬૦ કે જેમાં મળેલ વર્ધી બાબતે ૫૭૦૧૪ ઉપર સાયબાભાઈ સાથે વાત કાર્ય બાદ તે બાબતની અને એલ.સી.બી. પી.આઈ. વ્યાસને મોકલી આપવા અંગેની નોંધ (જેના ઉપર આધાર રાખી બચાવપક્ષે ઉલટ કરેલ છે) | ૨૪૪ |
| ૩૭ | (૩) કંટ્રોલ રૂમ, પાલનપુરનો, ચાર્જ રજીસ્ટરની ઝેરોક્ષ તા ૨૯/૪/૯૬થી તા.૩૦/૪/૯૬ વાળી(જેના ઉપર આધાર રાખી બચાવપક્ષે ઉલટ કરેલ છે) | ૨૪૫ |
| ૩૮ | (૪) કંટ્રોલ રૂમ પાલનપુરની તારીખ ૩૦/૪/૯૬ ની અસલ ટેલીફોન વર્ધી કે જેમાં સાહેદના હસ્તાક્ષર નથી પરંતુ તારીખ તથા હોદ્ધોના અક્ષરો જ તેમના છે જેથી તેટલા તારીખ, હોદ્ધાના અક્ષરો તથા સહી પુરતો આંક | ૨૪૬ |
| ૩૯ | (૫) કંટ્રોલ રૂમ વર્ધી રજીસ્ટરનો ઉતારો | માર્ક –એ |
| | **સાહેદ નં–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | |
| ૪૦ | (૧) તાજના સાક્ષી બનવા માટે આરોપી નંબર–૧ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસે તા.૧૦/૧૦/૨૦૧૯ ના રોજ આપેલ અરજી તથા તેના હેઠળનો તા.૧૮/03/૨૦૨૧ નો હુકમ | ૬૭ |
| ૪૧ | (૨) તાજના સાક્ષી થવા માટેનું સાહેદનું લેખિત નિવેદન | ૮૦ |
| ૪૨ | (૩) સાહેદે આંક–૬૭ થી આપેલ અરજીના અનુસંધાને વેરીફીકેશન કે જે તા.03/૧૨/૨૦૧૯ના રોજ નામદાર કોર્ટે સોગંદ ઉપર લીધેલ તે જેમાં સાહેદને નામદાર કોર્ટે પુછેલ પ્રશ્નો તથા જવાબો છે તે | ૭૯ |
| ૪૩ | (૪) સાહેદ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસે આંક–૬૭ની અરજીમાં જણાવેલ તમામ હકીકતો પુરેપુરી અને સાચી રીતે જણાવીશ તેવી આપેલ ખાતરી અને માફીનો સ્વીકાર | ૧૪૩ |
| ૪૪ | (૫) પાલનપુર કંટ્રોલ રૂમની તારીખ ૩૦/૪/૯૬ વાળી વર્ધી (સાહેદનો પુરાવો છે કે તા.૨૯/૦૪/૯૬ તથા તા.૩૦/૦૪/૯૬ના રોજ એસ.પી.સંજીવ ભટ્ટ તરફથી સૂચના આપેલ તે મુજબની હતી) | ૨૪૬ |
| ૪૫ | (૬)તારીખ ૩૦/૦૪/૧૯૯૬ના રોજનું હોટેલ લાજવંતીની રૂમ નંબર–૩૦૫, | ૨૦૬ |

| | | |
|---|---|---|
| | ગુનાવાળી જગ્યાનું પંચનામું(સાહેદનો પુરાવો છે કે એન.ડી.પી.એસનો ખોટો કેસ ઉભો કરવામાં આવેલ. જે ગુનો બન્યો છે તેવું બતાવવા આ પંચનામું ઉભુ કરવામાં આવેલ જેમાં પાછળથી પંચોની સહી મેળવેલ) | |
| ૪૬ | (૭) **નિશાની–૨૫/૩** (આઈ.બી.વ્યાસ પો.ઈન્સ. એલ.સી.બી. પાલનપુરની તારીખ ૩૦/૪/૯૬ વાળી ફરિયાદ સહી પુરતો) સાહેદનો પુરાવો છે કે, પ્લાન્ટ કરેલ અફીણ સુમેરસિંહ રોકાયેલ હતો તેવું ખોટું દર્શાવવા આ અફીણ રૂમમાંથી મળી આવેલ તેવી ખોટી ફરિયાદ એસ.પી.સંજીવ ભટ્ટની સુચના અને દબાણના કારણે બનાવવામાં આવેલ તેને આધારે ગુનો નોધાયેલ | ૨૭૧ |
| ૪૭ | (૮)**નિશાની– ૨૫/૫** (કંટ્રોલરૂમ પાલનપુર ને મળેલ ટેલીફોન વર્ધી આધારે રેઈડમાં જવા રવાના થયેલ તે અંગે સાહેદ આઈ.બી.વ્યાસે જીલ્લા પોલીસ અધિકારીને જાણ કરેલ તે પત્રની નકલ) ઉલટતપાસ દરમ્યાન આંક–૨૯૩ પડેલ છે. | ૨૯૩ |
| ૪૮ | (૯)**નિશાની૨૫/૪** (ચાર્જ અમલદારને મોકલેલ રીપોર્ટ– પાલનપુર શહેર પોલીસ સ્ટેશન પ્રોહી.ગુ.ર.ન.૨૧૬/૯૬ના સૂચિપત્રની નકલ | ૨૮૨ |
| ૪૯ | (૧૦)**નિશાની–૭૫/૯૩** પા.શ.પ્રોહી.ગુ.ર.ન.૨૧૬/૯૬નાં કામની મુદ્દામાલ પાવતીની નકલ | ૨૮૯ |
| ૫૦ | (૧૧)**નિશાની–૨૫/૮** ગુનો દાખલ કરી, તપાસ સંભાળેલ તે સબંધે વાયરલેસ મેસેજથી ડીસ્પોલ પાલનપુરને જાણ કરતા મેસેજની નકલ). **ઉલટ તપાસમાં રીફર કરતા આંક–૩૦૧ પડેલ** | ૩૦૧ |
| ૫૧ | (૧૨) **નિશાની–૨૫/૯** કંટ્રોલ રૂમ પાલનપુર ટેલીફોન વર્ધી આધારે કરેલ રેઈડ તેમજ દાખલ કરાવેલ ગુન્હા સંબંધે જીલ્લા પોલીસ અધિકારીને જાણ કરતા પત્રની નકલ. **ઉલટતપાસમાં રીફર કરતા આંક–૩૦૨ પડેલ છે.** | ૩૦૨ |
| ૫૨ | (૧૩) **નિશાની–૨૫/૧૦** પાલી કોતવાલી પોલીસ સ્ટેશનને સુમેરસિંહ રાજપુરોહિતને તપાસ માટે લઈ જવા બાબતે આપેલ રીપોર્ટની નકલ જેમાં પાલી કોતવાલીના પો.સ્ટે. ઈન્ચાર્જની સહી છે | ૨૭૭ |
| ૫૩ | (૧૪) **નિશાની–૨૫/૧૧** આરોપી સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતનું ચહેરા નિશાન પત્રક) | ૨૭૮ |
| ૫૪ | (૧૫) **નિશાની–૨૫/૧૨** આરોપી સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતને અટક કર્યા અંગે જીલ્લા પોલીસ અધિકારીને જાણ કરતા રીપોર્ટની નકલ | ૨૭૯ |
| ૫૫ | (૧૬) **નિશાની–૭૫/૧૧૧** તારીખ ૪/૫/૯૬ ના રોજ આરોપી સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતને નામદાર કોર્ટમાં રજુ કર્યા અંગેનો પ્રોડક્શન રીપોર્ટ નકલ છે જેની નામદાર કોર્ટના રેકર્ડની અસલને આંક–૨૮૪ પડેલ છે | ૨૮૪ |
| ૫૬ | (૧૭) **નિશાની–૭૫/૧૧૨** (આરોપી સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતના રિમાન્ડ માંગણી રીપોર્ટની નકલ છે જેની નામદાર કોર્ટના રેકર્ડની અસલને આંક–૨૮૫ પડેલ છે | ૨૮૫ |
| ૫૭ | (૧૮)**નિશાની–૭૫/૧૧૭** પૈકી માર્ક–એ (૭૫/૧૧૭) કંટ્રોલ રૂમ વર્ધી રજીસ્ટર એન્ટ્રી નં–૩૬૦નો ઉતારો જેને ઉલટતપાસમાં આંક–૩૦૪ | ૩૦૪ |
| ૫૮ | (૧૯) તારીખ ૦૪/૦૫/૧૯૯૬ ના રોજ નું સુમેરસિંહની સહી ને હોટેલ લાજવંતી ના રજીસ્ટરની એન્ટ્રી સાથે સરખામણી કરવા માટે સુમેરસિંહની સહીના નમુના લેવા માટેનું પી.આઈ શ્રી એલસીબી પાલનપુરની રૂબરૂનું પંચનામું | ૧૭૨ |
| ૫૯ | (૨૦) **નિશાની–૨૫/૬** (હોટેલ લાજવંતીના હોટેલ રજીસ્ટરના પાનાની ઝેરોક્ષ જે ને | ૩૦૦ |

| | | |
|---|---|---|
| | ઉલટતપાસમાં આંક | |
| ૬૦ | (૨૧) **નિશાની–૨૫/૧૭** (સુમેરસિંહ રાજપુરોહિતની ઓળખ પરેડ કરવા સારું એકજી.મેજી.શ્રી પાલનપુરને લખેલ રીપોર્ટની નકલ જેને ઉલટતપાસમાં આંક–૩૦૩ | ૩૦૩ |
| ૬૧ | (૨૨) તા.૦૬/૦૫/૧૯૯૬ ના રોજનું ગુનાના કામે પકડેલ આરોપીનું પો.ઈન્સ, એલસીબી પાલનપુર રૂબરૂનું તૈયાર કરી ઉભું કરવામાં આવેલ કહેવાતી ઓળખ બાબતેનું પંચનામુ | ૨૧૭ |
| ૬૨ | (૨૩)૨૫/૨૦ સી.આર.પી.સી. ક.–૧૬૯ના રીપોર્ટની ઓફીસ કોપી છે જેની સેઈફ કસ્ટડી કાગળોમાંથી બતાવેલ અસલ સી.આર.પી.સી. ક.–૧૬૯ મુજબનો રીપોર્ટ | ૨૮૦ |
| ૬૩ | (૨૪)**નિશાની–૭૫/૧૨૩** પા.શ. પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૯૬ના કામે કરેલ તપાસનો પ્રગતી અહેવાલ જીલ્લા પોલીસ અધિકારી સાહેબને મોકલેલ તેની નકલ | – |
| ૬૪ | (૨૫) **નિશાની–૨૫/૨૨** આરોપી સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતનાં સહીના નમુના હસ્તાક્ષર તપાસણી કરી અભિપ્રાય બાબતનો રીપોર્ટ તથા ચેકલીસ્ટની નકલ જે ને જીલ્લા પોલીસ અધિકારી મારફત રવાના કરેલ. | ૨૯૬ |
| ૬૫ | (સાહેદનો પુરાવો છે કે આ તમામ દસ્તાવેજો સંજીવ ભટ્ટનો દુકાન ખાલી કરવાનો હેતુ પૂર્ણ થયેલ જેથી સંજીવ ભટ્ટે નક્કી કરી તેઓએ આપેલ સુચના મુજબ તૈયાર કરવા પડેલા) | |
| ૬૬ | (૨૬) **નિશાની–૨૫/૨૧** એનડીપીએસ એક્ટ કલમ–૫૮(૨) મુજબનો એફ.આઈ.આર માં ઉમેરો કરવા બાબતેનો રીપોર્ટની સ્થળપ્રત જેની નામદાર કોર્ટ રેકર્ડની અસલ આંક પડેલ. | ૨૮૭ અસલ |
| ૬૭ | (૨૭) **નિશાની–૨૫/૧૫** વાળા મુદ્દામાલ એફએસએલને મોકલ્યો તેની રવાનગી નોંધ જેમાં સત્તા અંગેનું પ્રમાણપત્ર, સીલના નમુનાની છાપ, વિભાગીય પોલીસ અધિકારીની સહી છે | ૨૮૧ |
| ૬૮ | (૨૮) પાલનપુર સીટી પો.સ્ટે.ગુ.ર.નં–૨૧૬/૯૬ ના કામે ઉપસ્થિત થયેલ ક્રિમીનલ પરચુરણ અરજી ન.૩૩૧/૯૬ના કામે નામ.ગુજરાત હાઈકોર્ટના ખાનગી પત્ર નં.એ/૧૯૦૭/૯૬, તા.૧૭/૩/૯૯ના રેફરેન્સથી સેઈફ કસ્ટડી નં.૧૪/૯૯થી રાખવામાં આવેલ કાગળોનું કવર કે જેમાં કુલ ૧ થી ૨૧ ગુના અંગેના કાગળો અને પાનાં નંબર. ૧ થી ૧૨ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૩૩૧/૯૬ના કાગળો કવરમાંથી કાઢીને ગુ.ર.નં–૨૧૬/૯૬ની કેસ ડાયરીની નકલ કે જે તારીખ ૩૦/૪/૯૬ થી ૪/૫/૯૬ ના રોજ સુધીની છે તે રાઈટર પ્રવિણચંદ્રના હસ્તાક્ષરની તથા સાહેદની સહીવાળી છે તે રજુ. | ૨૭૨ |
| ૬૯ | (૨૯) **નિશાની ૭૫/૧૪૨** કે જે સંજીવ ભટ્ટની સુચના મુજબ પાછળથી નવી બનાવેલ તે આ સાહેદના હસ્તાક્ષરમાં છે તથા ટુંકી સહીવાળી ગુ.ર.નં.–૨૧૬/૯૬ ની કેસ ડાયરી તારીખ ૩૦/૪/૯૬ થી ૬/૭/૯૬ સુધીની. | ૨૭૩ |
| ૭૦ | (૩૦) **નિશાની–૭૫/૧૩૦** વાળી એફ.એસ.એલને મુદ્દામાલ મળ્યા બાબતની તા.૦૧/૦૫/૯૬ના રોજની ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગુજરાત રાજ્ય, અમદાવાદની પહોચ | ૨૮૩ |
| ૭૧ | (૩૧) સુમેરસિંહના રિમાન્ડ મેળવવા અંગે કોર્ટમાં આપેલ તા.૦૪/૦૫/૯૬ના રોજનો રીપોર્ટ તથા હુકમ | ૨૮૫ |
| ૭૨ | (૩૨) તા.૦૬/૦૫/૯૬ના રોજનો સ્પેસીયલ જજ સાહેબને ઉદ્દેશીને સુમેરસિંહ | ૨૮૬ |

| | | |
|---|---|---|
| | રાજપુરોહિતને કોર્ટ કસ્ટડીમાં સંભાળી લેવા બાબતે કરેલ રીપોર્ટ તથા હુકમ | |
| ૭૩ | (૩૩) ડીસ્ટ્રીકટ કોર્ટ પાલનપુરના રજીસ્ટારશ્રીએ તા.૧૯/૩/૨૦૨૨ના રોજ રીસીવ કરેલ, પાલનપુર શહેર પૂર્વ પોસ્ટે ના જાવક નં.૮૧૫/૨૨ વાળા પત્રમાં દર્શાવેલ મુદ્દામાલ રીસીવ થયા બાબતે સ્પે.એન.ડી.પી.એસ કેસ નં.–૩/૧૮ના કામે રજુ થયેલ અન્ય દસ્તાવેજો પૈકી મુદ્દામાલના વર્ણનવાળો દસ્તાવેજ જેના ઉપર મુદ્દામાલ આર્ટીકલ નં.–૧ એન્ડોર્સ કરેલ મુદ્દામાલ પાવતી | ૨૮૮ |
| **સાહેદ નં–૧૦ સાયબાભાઈ નાથાભાઈ ગમારની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૭૪ | (૧)**માર્ક–૩૭૮/(એ)** ચાર્જશીટ સાથેના કાગળો પૈકી પાના નં.૨૦૮ થી ૨૧૦ વાળું સાહેદનું ક્રી.પ્રો.કોડ ક.૧૬૪ મુજબનું પોલીસના રાઉન્ડ સીલ લગાવેલ નકલ | |
| ૭૫ | (૨) ક્રી.પ્રો.કોડ ક.–૧૬૪ મુજબનું નિવેદન. | ૬૧૯ |
| **સાહેદ નં–૧૧ વાસુદેવભાઈ ભલાભાઈ ભરવાડની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૭૬ | (૧) પોલીસ ઈન્સ, એલ.સી.બી. પાલનપુરનો રવાનગી પત્ર તથા ચેકલીસ્ટની સ્થળપ્રત કે જે અગાઉ આંક–૨૯૬ પડેલ, તેની અસલ તા.૨૧/૦૫/૧૯૯૬ના આઈ.ડી.માયાવંસીના ફોર્વર્ડીંગ સાથે સામેલ છે કુલ–૫ પાના. સાહેદની ફાઈલમાંથી રજુ | ૩૯૨ |
| ૭૭ | (૨) અવલોકનોની નોંધ હેન્ડ રાઈટીંગ એક્સપર્ટે તૈયાર કરેલી તે. | ૩૯૩ |
| ૭૮ | (૩) અભિપ્રાય આપવા માટે જે અવલોકનોની નોંધ તૈયાર કરેલી હતી તેના ઉપરથી વાંચી શકાય તે માટે ટાઈપ કરેલ કારણો. | ૩૯૪ |
| ૭૯ | (૪) **આંક–૩૦૦** વાળી સિરિયલ નં.૬૪૦ વાળી એન્ટ્રીના બંન્ને પાના, જેમાં પાના નંબર–૧૮ જે પ્રિન્ટ કરેલ છે તે પાના ઉપર ૧૩ નંબરના કોલમ માંની પાંચમાં ક્રમાંકની સહી અસલ સ્વરુપે તપાસેલ તેની ફોટોગ્રાફી વિભાગમાં ફોટોગ્રાફી કરાવેલ અને તે ફોટો–માર્ક (એ) વાળી સહી નો ફોટોગ્રાફ | ૩૯૫ |
| ૮૦ | (૫) ફોટાની નેગેટીવ જેમાંની પ્રથમ બે નેગેટીવ એક્સપોઝ કરી તકરારી સહી માર્ક (એ)ના ફોટા લીધેલા તેની છે. જે નેગેટીવ આખા રોલ સહીત. | ૩૯૬ |
| ૮૧ | (૬) નિશાની ૨૫/૨૬–AB.110/96 વાળો અભિપ્રાય. | ૩૯૭ |
| ૮૨ | (૭) સી.આઈ.ડી. ક્રાઈમના તપાસ કરનાર અમલદાર વીરેન્દ્ર યાદવે દસ્તાવેજો જે ફોર્વર્ડીંગ પત્રો સાથે અભિપ્રાય માટે મોકલેલ તે ફોર્વર્ડીંગ પત્ર જે તથા તે સાથેનુ ચેકલીસ્ટ તથા તેની સાથેની પ્રશ્નોત્તરીવાળો પત્ર | ૩૯૮ |
| ૮૩ | (૮) ૨૦૧૮ના વર્ષમાં તપાસ કરનાર અમલદાર શ્રી યાદવે ટેલીફોન વર્ધી વાળો દસ્તાવેજ તથા બબાભાઈ સવાભાઈના હસ્તાક્ષર તથા સહીઓ હસ્તાક્ષર નિષ્ણાતને મોકલેલ બાબતનો હસ્તાક્ષર નિષ્ણાતનો અસલ અભિપ્રાય નં.–૫૦૦/૨૦૧૮. **નિશાની ૭૫/૧૭** | ૩૯૯ |
| ૮૪ | (૯) અભિપ્રાય નં.–૫૦૦/૨૦૧૮ના અભિપ્રાય ઉપર આવ્યાના અવલોકનોની ટાઈપ કરેલ કુલ–ચાર પાનાવાળી નોંધ. | ૪૦૦ |
| **સાહેદ નં–૧૨ ભાલચંદ્ર લક્ષમણભાઈ પંડ્યાની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૮૫ | (૧) નિશાની ૨૫/૩૬ વાળુ તા.૨૭/૧૧/૧૮ના રોજનું પંચનામુ એલ.સી.બી. ઓફીસનું પંચનામુ | ૪૧૦ |
| **સાહેદ નં–૧૩ કલાજી સ્વરૂપજી મકવાણાની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૮૬ | (૧) નિશાનિ ૨૫/૨૩ વાળું વિભાગીય પોલીસ અધિકારી, રુબરુનું તા.૧૯/૦૮/૯૬ના રોજનું ફરીથી અફીણ મુદ્દામાલનું સેમ્પલ લઈ કબજે કરવામાં | ૪૧૪ |

| | | |
|---|---|---|
| | આવ્યું તે અંગેનું પંચનામુ | |
| **સાહેદ નં–૧૪ પ્રવીણભાઈ હરીલાલ પરમારની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૮૭ | (૧) **માર્ક–૩૮૮/૩/૪** સાહેદ પ્રવિણચંન્દ્ર હરીલાલને, મેજીસ્ટ્રેટ શ્રીએ, તા.૫/૯/૧૮ના રોજ નીવેદન આપવા અંગે જે સવાલ પુછેલા અને સાહેદના જવાબ નોધેલ તે અને સાહેદને વિચારણા કરવા માટે ચોવીસ કલાકનો સમય આપેલ તે નિવેદનવાળો દસ્તાવેજ | ૪૨૧ |
| ૮૮ | (૨) **માર્ક–૩૮૮/૩/૫** પ્રવિણચંન્દ્ર હરીલાલ પરમારનું તા.૬/૯/૧૮ના રોજ નિવેદન નોંધવા અંગે મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ પ્રશ્ન પુછેલ અને ખાતરી કરેલ તે નોંધ તથા સાથેનું સાહેદનું નિવેદન | ૪૨૨ |
| ૮૯ | (૩) **માર્ક–૩૮૮/૩/૬** સાહેદના નિવેદન અંગેનું મેજીસ્ટ્રેટનું પ્રમાણપત્ર | ૪૨૩ |
| ૯૦ | **(૪) માર્ક–૩૮૮/૩/૧** આઠમા એડી.જ્યુ.મેજી. ફર્સ્ટ કલાસ ગાંધીનગરની સાહેદ પ્રવિણચંદ્રના નિવેદનને સેઈફમાં રાખવાનો પત્ર તા.૦૬/૦૯/૨૦૧૮ | ૪૨૪ |
| ૯૧ | **(૫) માર્ક–૩૮૮/૩ /૨** એક તોડેલુ કવર કે જેના ઉપર ખાનગી જાવકનં.૧૪/૧૮ લખેલ છે તે | ૪૨૫ |
| ૯૨ | **(૬) માર્ક–૩૮૮/૩/૩** ખાનગી જાવક નં.૧૯/૧૮ વાળો આઠમા એડી.જ્યુ.મેજી. ફર્સ્ટ કલાસ ગાંધીનગરની સાહેદ પ્રવિણચંદ્રના નિવેદનને સેઈફ કસ્ટડીમાં રાખવાનો તા.૧૧–૯–૧૮ વાળો પત્ર. | ૪૨૬ |
| ૯૩ | (૭) માર્ક–૩૮૮/૬/૨ સાહેદ પ્રવિણચંન્દ્ર હરીલાલને મેજીસ્ટ્રેટ શ્રીએ, તા.૦૮/૧૦/૧૮ના રોજ નીવેદન આપવા અંગે જે સવાલ પુછેલા અને સાહેદના જવાબ નોધેલ તે અને સાહેદને વિચારણા કરવા માટે ચોવીસ કલાકનો સચ આપેલ તે નિવેદનવાળો દસ્તાવેજ | ૪૨૭ |
| ૯૪ | (૮) માર્ક–૩૮૮/૬/૩, પ્રવિણચંન્દ્ર હરીલાલ પરમારનું તા.૯/૧૦/૧૮ના રોજનુ નિવેદન નોંધવા અંગે મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ પુછેલ પ્રશ્નો અને સાહેદના જવાબ | ૪૨૮ |
| ૯૫ | (૯) માર્ક–૩૮૮/૬ /૪, સાહેદ પ્રવિણચંદ્ર હરીલાલ પરમારનું તા.૦૯/૧૦/૨૦૧૮ ના રોજનું મેજીસ્ટ્રેટશ્રીએ નોધેલ નિવેદન તથા મેજીસ્ટ્રેટશ્રીનુ પ્રમાણપત્ર | ૪૨૯ |
| ૯૬ | (૧૦) માર્ક–૩૮૮/૬/૧ ખાનગી જાવક નં.૧૨/૧૮ વાળો, ચોથા એડી.જ્યુ.મેજી. ફર્સ્ટ કલાસ ગાંધીનગરનો સાહેદ પ્રવિણચંદ્ર હરીલાલ પરમારના નિવેદનને સેઈફ કસ્ટડીમાં રાખવાનો તા.૧૦/૧૦/૧૮ વાળો પત્ર | ૪૩૦ |
| **સાહેદ નં–૧૫ સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૯૭ | (૧) વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરવા બાબતેનો એગ્રીમેન્ટ/એકરારનામું | ૪૯૯ |
| ૯૮ | (૨) હોટેલ લાજવંતીનું તા.૨૯/૦૪/૯૬ તથા તા.૩૦/૦૪/૯૬ના રોજનું મુસાફર ઉતાર્યા અંગેની એન્ટ્રીવાળા રજીસ્ટરની સહી સિક્કાવાળી નકલ | ૫૦૧ |
| **સાહેદ નં–૧૬ રમણભાઈ પરસોતમભાઈ પટેલની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૯૯ | **(૧) માર્ક–૩૮૮/૭/૨ વાળો**<br>સાહેદ રમણભાઈ પરસોત્તમભાઈ પટેલનું ક્રી.પો.કોડ કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેતા અગાઉ જથા એડી.જ્યુડી.મેજી.ફ.ક. ગાંધીનગરનાઓએ પુછેલ પ્રશ્નો, તેના જવાબ તથા વિચારણા માટે આપેલ સમય અંગેનો દસ્તાવેજ | ૫૦૯ |
| ૧૦૦ | **(૨) માર્ક–૩૮૮/૧૦/૩ વાળા**<br>જથા એડી.જ્યુડી.મેજી.ફ.ક ગાંધીનગરનાઓએ સાહેદ રમણભાઈ પરસોત્તમભાઈ પટેલનું | ૫૧૦ |

| | | |
|---|---|---|
| | ક્રી.પો.કોડ કલમ ૧૬૪ મુજબનું નિવેદન લીધું તે દિવસે પુછેલ પ્રશ્નો તેમજ તેના જવાબ | |
| ૧૦૧ | **(૩) માર્ક–૩૮૮/૭/૪ વાળા** સાહેદ રમણભાઈ પરસોત્તમભાઈ પટેલનું ક્રી.પો.કોડ કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૫૧૧ |
| ૧૦૨ | **(૪)માર્ક–૩૮૮/૭/૫ વાળું** મેજીસ્ટ્રેટશ્રી નાઓએ નિવેદન બાબતે આપેલ પ્રમાણપત્ર | ૫૧૨ |
| | **સાહેદ નં–૧૭ કનુભાઈ અંબાભાઈ પરમારની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | |
| ૧૦૩ | (૧) મુદ્દામાલ રવાનગી **આંક–૨૮૧** બતાવી | |
| ૧૦૪ | (૨) **આંક–૨૮૩** વાળી એફ.એસ.એલની પહોચ બતાવી | |
| ૧૦૫ | (૩) મુદ્દામાલ અસલ રજીસ્ટર બતાવ્યું | |
| ૧૦૬ | (૪ )**આંક– ૫૩૫** અન્વયે રજુ થયેલ પ્રમાણિત નકલ બતાવેલ. જે **આંક–૫૩૫** થી રજુ થયેલ પ્રમાણિત નકલને અગાઉ રજુ થયેલ **આંક–૨૯૧** વાળી મુદ્દામાલ રજીસ્ટરની પ્રમાણિત નકલ સાથે સામેલ રાખેલ. | ૫૩૫ |
| **સાહેદ નં–૧૮ મફતલાલ હાલાભાઈની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | | |
| ૧૦૭ | (૧) આઈ.બી.વ્યાસ એલ.સી.બી, પી.આઈ.એ ગુનો નોધવા, મુદ્દામાલ સાથે મોકલેલ રીપોર્ટ **આંક–૨૮૨** બતાવ્યો<br>(૨) **આંક–૨૮૯** વાળી મુદ્દામાલ પાવતી સાહેદે તૈયાર કરેલ તે હસ્તાક્ષર તથા સહી સાહેદે ઓળખી બતાવ્યા | |
| | **સાહેદ નં–૧૯ વિરેન્દ્રસિંહ હનુમાનસહાય યાદવની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલ દસ્તાવેજો** | |
| ૧૦૮ | **(૧) નિશાની– ૨૫/૨૭** વાળો એસ.આઈ.ટીની નિમણુક હુકમ | ૫૪૨ |
| ૧૦૯ | **(૨) નિશાની–૨૫/૨૮** વાળા તપાસ કરનાર અમલદારે પો.અધિક્ષક પાલનપુરને લખેલ પત્રો પૈકી ના પત્રની ઓફીસ કોપી | ૫૪૩ |
| ૧૧૦ | **(૩) નિશાની –૨૫/૨૯ વાળો** પો.અધિક્ષક બનાસકાંઠાનાઓએ તપાસ કરનારને લખેલ પત્ર કે જેની સાથે જણાવેલ કેસ કાગળો અને કેસ ડાયરી મોકલી આપેલ. | ૫૪૪ |
| ૧૧૧ | **(૪)** તપાસ કરનાર અમલદારે નામદાર મેજીસ્ટ્રેટ કોર્ટમાં કરેલ તા.૦૬/૦૯/૨૦૧૮નો કલમ ઉમેરવાનો રીપોર્ટ તથા હુકમ | ૫૪૫ |
| ૧૧૨ | **(૫)** નિશાની–૨૫/૩૨વાળો મોર્ફીનની માત્રા અંગે સ્પષ્ટતા કરવા અંગે તપાસ કરનારે, મદદનીશ નિયામકશ્રી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગુજરાત રાજ્ય (જેમાં આઈ.ઓ.ની સહી ઓળખી બતાવી)ને અભિપ્રાય અંગે મોકલેલ તે પત્ર જેની સાથે સંદર્ભ ૧ થી ૪ માં દર્શાવેલ અહેવાલોની એક નકલ સામેલ કરેલ હતી. | ૫૪૮ |
| ૧૧૩ | **(૬)** નિશાની–૨૫/૩૩, વાળો આસીસ્ટંટ ડાયરેક્ટર, ડાયરેક્ટોરેટ, ફોરેન્સિક સાયંસ કમ આસીસ્ટંટ કેમિકલ એક્ઝામિનર ટુ ગવર્મેન્ટ ઓફ ગુજરાત ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાય, જેમાં શ્રી એમ.પી.ચૌધરીની સહી છે **(આ અભિપ્રાયને આંકે પાડી વંચાણે લેવાનો નામદાર કોર્ટે સાહેદ નં.–૧૯ ની જુબાની પેજ નં–૧૬ ઉપર હુકમ કરેલ છે)** | ૫૪૯ |
| ૧૧૪ | **(૭)** નામદાર કોર્ટના રેકર્ડમાંથી તારીખ ૧૬/૧૦/૨૦૧૮ના રોજનો તપાસ કરનાર અમલદારે એન.ડી.પી.એસ. એક્ટ કલમ–૧૮, ૨૯નો એફ.આઈ.આર.માં ઉમેરો કરવા આપેલ રીપોર્ટ | ૫૫૦ |
| ૧૧૫ | **(૮)** તહોમતદાર–ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ તથા તહોમતદાર સંજીવ રાજેન્દ્ર ભટ્ટને તા.૦૬/૦૯/૨૦૧૮ના રોજ કોર્ટમાં રજુ કરી સંભાળી લેવા બાબતેનો પ્રોડક્શન રીપોર્ટ | ૫૫૧ |
| ૧૧૬ | **(૯)** તહોમતદાર સંજીવ ભટ્ટનો તા.૦૫/૦૯/૨૦૧૮નો એરેસ્ટ મેમો | ૫૫૨ |
| ૧૧૭ | **(૧૦)** તહોમતદાર–એપ્રુવર આઈ.બી. વ્યાસનો તા.૦૫/૦૯/૨૦૧૮નો એરેસ્ટ મેમો | ૫૫૩ |

| | | |
|---|---|---|
| ૧૧૮ | **(૧૧)** એપ્રુવર આઈ.બી.વ્યાસની અરજીનો તપાસ કરનાર અમલદારનો જવાબ | ૫૫૪ |
| ૧૧૯ | **(૧૨)** આંક–૧ વાળા ચાર્જશીટની સાથે રજુ કરેલ કાગળો વાળું ફેરીસ્ત | ૫૫૬ |
| ૧૨૦ | **(૧૩) આંક–૭૬/૧** વાળો પ્રમાણિત નકલો મેળવવા માટેનો રીપોર્ટ તથા હુકમ | ૫૫૭ |
| ૧૨૧ | **(૧૪)** પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં–૨૧૬/૯૬ના કામે તપાસ અધિકારીશ્રી વીરેન્દ્રસિંગ યાદવનાઓનો પોલીસ અધિક્ષકશ્રી બનાસકાંઠાનાઓને મુદ્દામાલ સબંધેની જરૂરી માહિતી મોકલી આપવા બાબતેનો તા.૩૧/૧૦/૨૦૧૮ના રોજનો પત્ર | ૫૫૮ |
| ૧૨૨ | **(૧૫)** પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૯૬ના કામે તપાસ અધિકારીશ્રી વીરેન્દ્રસિંગ યાદવનાઓના મુદ્દામાલ સબંધેની જરૂરી માહિતી મોકલી આપવા બાબતેનો તા.૩૧/૧૦/૨૦૧૮ના રોજના પત્રના અનુસંધાને પો.ઈન્સ શ્રી પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનનાઓનો પોલીસ અધિક્ષકશ્રી બનાસકાંઠાનાઓને લખેલ તા.૩૧/૧૦/૨૦૧૮ના રોજનો પત્ર | ૫૫૯ |
| ૧૨૩ | **(૧૬)** તા.૩૧/૧૦/૨૦૧૮ના રોજના તપાસ કરનારના પત્રના અનુસંધાને, રીડર પો.સબ.ઈન્સ. પોલીસ અધિક્ષકશ્રી પાલનપુનાઓનો પો.ઈન્સ શ્રી પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનનાઓને જરૂરી કાર્યવાહી કરવાનો આદેશ કરતો તા.૩૧/૧૦/૨૦૧૮ના રોજનો પત્ર | ૫૬૦ |
| ૧૨૪ | **(૧૭)** તપાસ અધિકારીશ્રી વીરેન્દ્રસિંગ યાદવનાઓનો, પો.ઈન્સ શ્રી પાલનપુર શહેર, પૂર્વ પોલીસ સ્ટેશનનાઓને ગુનાનો મુદ્દામાલ નામદાર કોર્ટમાં રજુ કરવા બાબતેનો તા.૧૮/૦૯/૨૦૧૮ના રોજનો પત્ર | ૫૬૧ |
| ૧૨૫ | **(૧૮)** ઈન્ચાર્જ પો.ઈન્સ શ્રી, પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનનાઓનો પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૯૬ના કામનો મુદ્દામાલ નામદાર કોર્ટમાં રખાવી લેવા માટે ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબશ્રી ચોથા એડી.સેશન્સ કોર્ટ પાલનપુરનાઓને ઉદ્દેશેલ રીપોર્ટ | ૫૬૨ |
| ૧૨૬ | **(૧૯)** પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનનાં આવક જાવક રજીસ્ટરની નકલ | ૫૬૩ |
| ૧૨૭ | **(૨૦)** પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં–૨૧૬/૯૬ ના કામે ડી.વાય.એસ.પી. શ્રી એ. એમ.પટેલ, સી.આઈ.ડી. ક્રાઈમનાઓનો, પો.ઈન્સ. શ્રી પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનનાઓને ગુનાનો, મુદ્દામાલ નામદાર કોર્ટમાં રજુ કરવા બાબતેનો તા.૧૫/૦૩/૨૦૨૨ના રોજનો પત્ર | ૫૬૪ |
| ૧૨૮ | **(૨૧)** પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૯૬ ના કામના મુદ્દામાલ અફીણની સ્થિતી અંગે પો.ઈન્સ શ્રી પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનનાઓ રુબરુનું તા.૧૭/03/૨૦૨૨ના રોજનું પંચનામું | ૫૬૫ |
| ૧૨૯ | **(૨૨)** પો.ઈન્સ શ્રી પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનનાઓનો, પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૯૬ના કામનો મુદ્દામાલ નામદાર કોર્ટમાં સંભાળી લેવા માટે મેં.સ્પેશિયલ સેશન્સ જજ સાહેબશ્રી એડી.સેશન્સ કોર્ટ પાલનપુરનાઓને કરવામાં આવેલ તા.૧૭/03/૨૦૨૨ના રોજનો રીપોર્ટ કે જેની સાથે જણાવેલ ૧ થી ૯ દસ્તાવેજો સામેલ રાખેલ તે | ૫૬૬ |
| ૧૩૦ | **(૨૩) આંક–૩૮૮/૪/૪** વાળો દસ્તાવેજ કે જે સાહેદ જુબેર અબ્દુલભાઈ માંકણેજીયાનું ક્રી.પો.કોડ કલમ–૧૬૪ મુજબ નું નિવેદન છે તે | ૫૭૧ |

## (બી.૧)ફરિયાદપક્ષના સાહેદોની જુબાનીમાં બચાવપક્ષે રીફર કરેલ અને આંકે પડાવેલ દસ્તાવેજી પુરાવા:–

| | | |
|---|---|---|
| **સાહેદ નં.–૮ બબાભાઈ સવાભાઇ રોજિયાની જુબાનીમાં ઉલટતપાસમાં રજુ થયેલા દસ્તાવેજી પુરાવા** | | |
| અનં | દસ્તાવેજનું વર્ણન | આંક |
| ૧ | (૧)**માર્ક–એ,** રીફર કરી ઉલટ થયેલ છે જે પાલનપુર કંટ્રોલ રૂમ વર્ધી રજીસ્ટર ની ૩૬૦ની એન્ટ્રીનો ઉતારો છે | |
| ૨ | (૨) આંક–૨૪૪ ધરાવતો દસ્તાવેજ કંટ્રોલ રૂમ રજીસ્ટરની એન્ટ્રી નં–૩૬૧ વાળું સમ્પૂર્ણ લખાણ અને સહી | ૨૫૨ |
| ૩ | (૩) આંક–૨૪૪ ધરાવતો દસ્તાવેજ કંટ્રોલ રૂમ રજીસ્ટરની એન્ટ્રી નં–૩૬૨ વાળું સમ્પૂર્ણ લખાણ અને સહી | ૨૫૩ |
| **સાહેદ નં.–૯ ઇન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસની જુબાનીમાં ઉલટતપાસમાં રજુ થયેલા દસ્તાવેજો** | | |
| ૪ | (૧) પી.એસ.ઓ. ની સહીવાળી હસ્ત લિખિત મુદ્દામાલ પાવતી | ૨૮૯ |
| ૫ | (૨) **આંક–૨૮૮** સાથેના પાના નં.૧ થી ૧૩ પૈકી પાના નં.૧૨ ઉપરની આ કેસની મુદ્દામાલની પોલીસ દફતરની પાવતીની અસલ ઉપરથી ઝેરોક્ષ કરેલ પ્રમાણિત નકલ | ૨૯૦ |
| ૬ | (૩) **આંક–૨૮૮** સાથેના પાના નં.૧ થી ૧૩ પૈકી પાના નં.૧૩ વાળી આ કેસની મુદ્દમાલની એન્ટ્રી નં.–૧૫૯ ધરાવતા મુદ્દામાલ રજીસ્ટરની ઝેરોક્ષ ખરી નકલ | ૨૯૧ |
| ૭ | (૪)**નિશાની–૨૫/૧૬** વાળો નાયબ નિયામક, એસ.એસ.એલ.નાઓનો તા.૧૫/૦૭/૧૯૯૬નો ફોર્વડીંગ પત્ર તથા તેની સાથેનો જાવક નં–૧૧૪૯/૯૬ વાળો ફોર્વડીંગ પત્ર તથા તેની સાથેનો શ્રી પી.એલ.જોશી નાયબ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગુ.રા.અમદાવાદની સહીવાળો અહેવાલ નં.૯૬/એન.સી./૭૫. કે જે રસાયણિક પુથ્થકરણના અંતે બોટનીકલ પરીક્ષણના આધારે, નમુના માર્ક 'એ'માનો પદાર્થ એન.ડી.પી.એસ. એકટ–૧૯૮૫ મુજબ અફીણ હોવાનું માલુમ પડ્યા બાબતનો અભીપ્રાય તથા શ્રી આર.એન.શાહ સાયન્ટીફીક ઓફીસર અને એક્સ.ઓફીસ ઓ. આસી. કેમિકલ એક્ઝામીનર ગવર્મેન્ટ ઓફ ગુજરાત અમદાવાદની સહીવાળો તા.૧૫/૭/૯૬ના રોજનો અભિપ્રાય | ૨૯૨ |
| ૮ | (૫) **નિશાની–૨૫/૫** ટેલીફોન વર્ધી આધારે રેઇડમાં જવા રવાના થયેલ તેની જીલ્લા પોલીસ અધિકારીને જાણ કરતા પત્રની નકલ | ૨૯૩ |
| ૯ | (૬) નિશાની–૨૫/૨૨ થી ફરિયાદપક્ષે રજુ કરેલ હતી તે મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાત શ્રી હેન્ડ રાઈટીંગ અને ફોટોગ્રાફિક બ્યુરો ગુ.રા.અમદાવાદને હોટેલ લાજવંતીના મુસાફર ઉતર્યા રજીસ્ટર ના લખાણ કોલમ નં.૧૩માં સુમેરસિંહના નામની કરેલ સહીનું પૃથ્થકરણ કરી અભિપ્રાય આપવા માટેની આઈ.બી.વ્યાસની તા.૮/૫/૯૬ના રોજની યાદી તેમજ ચેક લીસ્ટની ઓફીસ કોપી | ૨૯૬ |
| ૧૦ | (૭) નિશાની–૨૫/૬ થી ફરિયાદપક્ષે રજુ કરેલ હતી તે હોટેલ લાજવંતીના તા.૨૯/૪/૯૬ના રોજની મુસાફર ઉતર્યાની એન્ટ્રીવાળા રજીસ્ટરની ઝેરોક્ષ નકલ | ૩૦૦ |
| ૧૧ | (૮)નિશાની–૨૫/૮ વાળો તારીખ ૩૦/૦૪/૯૬ના રોજનો પ્રતિ ડીસ્પોલ પાલનપુર ને અફીણ અંગે રેડ કરતા તે અંગેની જાણ કરવા માટે કરેલ વાયરલેસ મેસેજ | ૩૦૧ |
| ૧૨ | (૯) નિશાની–૨૫/૯ વાળો જીલ્લા પોલીસ અધિકારીને તા.૩૦/૪/૯૬ના રોજ આઈ.બી.વ્યાસ દ્વારા કંટ્રોલરૂમની ટેલીફોન વર્ધી આધારે રેડ કરીને ગુનો દાખલ કર્યા | ૩૦૨ |

| | | |
|---|---|---|
| | બાબતે જાણ કરતો રીપોર્ટ | |
| ૧૩ | (૧૦) નિશાની–૨૫/૧૭ વાળો મેં.એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ, પાલનપુર નાઓને ગુનાના કામે પકડેલ સુમેરસિંહની ઓળખ પરેડ કરવા માટે આઈ.બી. વ્યાસનો તારીખ ૦૫/૦૫/૯૬ ના રોજનો રીપોર્ટ | ૩૦૩ |
| ૧૪ | (૧૧) તા.૩૦/૦૪/૯૬ના રોજની પાલનપુર કંટ્રોલરૂમ રજીસ્ટરની એન્ટ્રી ન.૩૬૦ નો ઉતારો | ૩૦૪ |
| ૧૫ | (૧૨) પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.ન ૨૧૬/૯૬ એનડીપીએસ એક્ટ કલમ–૧૭ મુજબની, એફ.આઈ.આર. કે જે સી.આર.પી.સી.ક.–૧૫૭ મુજબ પી.એસ.ઓ.એ અદાલતમાં મોકલેલ તે | ૩૦૬ |
| ૧૬ | (૧૩) પોલીસ અધિક્ષક, પાલી, રાજસ્થાનનાઓને ઉદ્દેશેલ, પો.સ.ઈ એલસીબી નાઓએ લખેલ ભવરસિંહ તથા ઉજવળસિંહ રહે.પાલીનાઓ, માદક દ્રવ્યનો વેપાર કરવાની ગેંગો સાથે સામેલ છે તે બાબતે માહિતી આપવા અંગેના પત્રની નકલ કે જે બચાવપક્ષની અરજી આધારે રજુ કરવામાં આવેલ માર્ક–૧૬૮/૧૦૯ વાળો દસ્તાવેજ | ૩૦૯ |
| ૧૭ | (૧૪)પો.ઇન્સ આઈ.બી.વ્યાસનો રાજસ્થાનના રહીશ અને માદક દ્રવ્ય ના વેપારીઓ નામે ભવરસિંહ તથા ઉજવળસિંહ બાબતે પો.સ.ઈ પી.જે.ચૌધરી ને પાલી રાજસ્થાન જઈ બંને વ્યક્તિઓ વિશે હકીકત મેળવી તેઓના પૂર્વ ઈતિહાસ મેળવવા તથા પાલી ક્રાઈમ બ્રાંચ માંથી ફોટા મેળવવા અને ઊંડાણ પૂર્વક તપાસ કરવા માટે તા.૭/૫/૯૬ના રોજનો આદેશ કરતો પત્ર. | ૩૧૦ |
| ૧૮ | (૧૫) ડીસ્પોલ, પાલી, રાજસ્થાન તરફથી પો.સ.ઈ., એલ.સી.બી. પાલનપુરને તા.૨૮/૦૬/૯૬ નાં રોજ મોકલેલ મેસેજ કે જેમાં જણાવેલ છે કે, ‘ભવરસિંહ તથા ઉજવળસિંહ બંને રહે.પાલી બંને નામના ઈસમો પાલી ખાતે રહેતા નથી અને તેઓના પુરા નામ સરનામાં મોકલવા જેથી તેઓ વધુ તપાસ કરાવી શકે’. | ૩૧૧ |
| ૧૯ | (૧૬) નિશાની–૨૫/૨૦ વાળો નામદાર સ્પેશિયલ કોર્ટ પાલનપુરનાઓને સંબોધીને સુમેરસિંહને છોડી મુકવા માટે સી.આર.પી.સી. ક.–૧૬૯ વાળો આઈ.બી.વ્યાસે તા.૦૬/૦૫/૯૬ના રોજ કરેલ રીપોર્ટની કાર્બન કોપી જેની સાથે સર્ટીફાઈડ ઝેરોક્ષ નકલ અદાલતના હુકમ સાથેની સામેલ છે તે (અસલ રીપોર્ટ **આંક–૨૮૦** થી રજુ થયેલ છે) | ૩૧૨ |
| ૨૦ | (૧૭) મેં સ્પેશિયલ જજ સાહેબ, પાલનપુરનાઓને આઈ.બી.વ્યાસે, તા.**૦૯/૦૫/૯૬** નારોજ એનડીપીએસ ક.–૫૮(૨) મુજબ કરેલ કરેલ રીપોર્ટની સ્થળપ્રત– કાર્બન કોપી. | ૩૧૩ |
| ૨૧ | (૧૮)માર્ક ૧૬૮ વાળું પાલનપુર શહેર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુ.ર.નં.૨૧૬/૯૬ના ગુનાના અસલ કેસ કાગળો નું ફેરીસ્ત | ૩૧૭ |
| ૨૨ | (૧૯)આઈ.બી.વ્યાસની તા.૨૯/૦૪/૯૬થી તા.૦૬/૦૭/૯૬ સુધીના સમયગાળાની વીકલી ડાયરીની નકલ | ૩૩૫ |
| ૨૩ | <u>નોંધ</u>:– આરોપી સંજીવ ભટ્ટ તરફે આગથળા પોસ્ટે ગુ.ર.નં ૫૧/૯૬ થી ૫૪/૯૬ના અનુક્રમે સ્પેશિયલ કેસ નં.૧૪૨/૧૯૯૬ થી ૧૪૫/૧૯૯૬ના રેકર્ડથી મેળવેલ સર્ટીફાઈડ નકલો રેકડ પર લઈ આંક આપવા અને પુરાવામાં વાંચવા **આંક–૩૭૭** વાળું લીસ્ટ આપવામાં આવેલ અને સાહેદની જુબાનીમાં પેરા–૯૪ ઉપર નોધાયા મુજબ ૩૭૭/૩ થી ૩૭૭/૨૨ની **સ્વીકૃતતા અંગે આખરી તબક્કે** નિર્ણય કરવા કરાયેલ તે મુજબ નીચે વિગત વાળા આંક–૩૩૮ થી ૩૫૭ વાળા દસ્તાવેજો આંકે પાડેલ. | |
| ૨૪ | (૨૦) તા.૦૧/૦૫/૯૬ના રોજની પી.એસ.આઈ. આર.પી.પટેલે આપેલ શેરપુરા ઢાંણી | ૩૩૮ |

| | | |
|---|---|---|
| | ગામે, ગામ ચોરે આવેલ મહાદેવના મંદિરમાં આવેલ મકાન માં રહેતા સાધુ લખીરામ નારણદાસનાઓના કબજામાંથી મળી આવેલ અફીણ બાબતે તેના વિરુદ્ધની એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો દાખલ કરવા એલસીબી પી.આઈ રૂબરૂની ફરિયાદ | |
| ૨૫ | (૨૧) તા.૦૧/૦૫/૯૬ના રોજની પી.આઇ. આઇ.બી.વ્યાસે આપેલ શેરપુરા ઢાંણી ગામે ભુરાજી ગેનાજી જાટના મકાનમાં મળેલ અફીણ બાબતે તેના વિરુદ્ધની એન.ડી.પી. એસ. એક્ટ મુજબ ગુનો દાખલ કરવા એલસીબી પી.આઇ. રૂબરૂની ફરિયાદ | ૩૩૯ |
| ૨૬ | (૨૨)તા ૦૧/૦૫/૯૬ના રોજની પી.એસ.આઇ. આર.પી.પટેલે આપેલ શેરપુરા ઢાંણી ગામની સીમમાં રહેણાંક ખેતરમાં રહેતા દીપાજી હકમાજી જાટના ખેતરમાં આવેલ મકાનમાં મળી આવેલ અફીણ બાબતે તેના વિરુદ્ધની એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુના દાખલ કરવા એલસીબી પી.આઇ. રૂબરૂની ફરિયાદ | ૩૪૦ |
| ૨૭ | (૨૩)તા ૦૧/૦૫/૯૬ના રોજની પી.એસ.આઇ. આર.પી.પટેલે આપેલ શેરપુરા ઢાંણી ગામની સીમમાં રહેણાંક ખેતરમાં રહેતા તેજાજી ગેનાજી જાટના ખેતરમાં આવેલ મકાન માં મળી આવેલ અફીણ બાબતે તેના વિરુદ્ધની એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુના દાખલ કરવા એલસીબી પી.આઈ રૂબરૂની ફરિયાદ | ૩૪૧ |
| ૨૮ | (૨૪)આગથળા પો.સ્ટે.ગુ.ર.નં.૫૧/૯૬ એન.ડી.પી.એસ. એક્ટ મુજબના ગુનાનું એલસીબી પી.આઇ. રૂબરૂનું તા.૦૧/૦૫/૯૬ના કલાક ૪/૧૫ થી કલાક ૮/૧૫ સુધી નું પંચનામું | ૩૪૨ |
| ૨૯ | (૨૫)આગથળા પો.સ્ટે.ગુ.ર.નં.૫૨/૯૬, એન.ડી.પી.એસ.એક્ટ મુજબના ગુનાનું એલ.સી.બી. પી.આઇ. રૂબરૂનું તા.૦૧/૦૫/૯૬ના કલાક ૯/૪૫ થી કલાક ૧૨/૧૫ સુધી નું પંચનામું | ૩૪૩ |
| ૩૦ | (૨૬)આગથળા પો.સ્ટે.ગુ.ર.નં.૫૩/૯૬ એન.ડી.પી.એસ. એક્ટ મુજબના ગુનાનું એલસીબી પી.આઇ. રૂબરૂનું તા ૦૧/૦૫/૯૬ ના કલાક ૧૩/૩૦ વાળું પંચનામું | ૩૪૪ |
| ૩૧ | (૨૭)આગથળા પોસ્ટે ગુ.ર.નં.૫૪/૯૬ એન.ડી.પી.એસ.એક્ટ મુજબના ગુનાનું એલ.સી.બી. પી.આઇ. રૂબરૂનું તા.૦૧/૦૫/૯૬ના કલાક ૧૬/૪૫ થી કલાક ૧૮/૩૦ સુધી નું પંચનામું | ૩૪૫ |
| ૩૨ | (૨૮)આગથળા પો.સ્ટે.ગુ.ર.નં ૫૧/૯૬, એન.ડી.પી.એસ. એક્ટ મુજબના ગુનાના કામે શેરપુરા ઢાંણી ગામે, ગામ ચોરે આવેલ મહાદેવના મંદિરમાં આવેલ મકાનમાં રહેતા સાધુ લખીરામ નારણદાસનાઓના કબજામાંથી મળી આવેલ અફીણના વજનનું પ્રમાણપત્ર. | ૩૪૬ |
| ૩૩ | (૨૯)આગથળા પોસ્ટે ગુ.ર.નં.૫૨/૯૬, એન.ડી.પી.એસ. એક્ટ મુજબના ગુનાના કામે શેરપુરા ઢાંણી ગામે, ભુરાજી ગેનાજી જાટના મકાનમાં તેના કબજામાંથી મળી આવેલ અફીણનું વજનનું પ્રમાણપત્ર | ૩૪૭ |
| ૩૪ | (૩૦)આગથળા પોસ્ટે ગુ.ર.નં.૫૩/૯૬, એન.ડી.પી.એસ.એક્ટ મુજબના ગુનાના કામે શેરપુરા ઢાંણી ગામની સીમમાં રેહ રહેણાંક ખેતરમાં રહેતા દીપાજી હકમાજી જાટના ખેતરમાં આવેલ મકાનમાં મળી આવેલ અફીણનું વજનનું પ્રમાણપત્ર | ૩૪૮ |
| ૩૫ | (૩૧)આગથળા પોસ્ટે ગુ.ર.નં.૫૪/૯૬, એન.ડી.પી.એસ.એક્ટ મુજબના ગુનાના કામે શેરપુરા ઢાંણી ગામની સીમમાં રહેણાંક ખેતરમાં રહેતા તાજાજી ગેનાજી જાટના ખેતરમાં આવેલ મકાનમાં મળી આવેલ અફીણનું વજનનું પ્રમાણપત્ર | ૩૪૯ |
| ૩૬ | (૩૨)આગથળા પોસ્ટે ગુ.ર.નં ૫૧/૯૬, એન.ડી.પી.એસ. એક્ટ કલમ-૧૮, ૨૯ મુજબના ગુનાના કામે શેરપુરા ઢાંણીનો મળી આવેલ અફીણ બાબતે ગુનો દાખલ કરવા | ૩૫૦ |

| | | |
|---|---|---|
| | માટે એલસીબી પી.આઈ.નાઓએ પી.એસ.ઓ. આગથળા પો.સ્ટે.ને સોપેલ તા.૦૧/૦૫/૯૬ના રોજનું સૂચિપત્ર. | |
| ૩૭ | (૩૩)આગથળા પોસ્ટે ગુ.ર.નં.પ૨/૯૬ એન.ડી.પી.એસ. એક્ટ કલમ-૧૮, ૨૯ મુજબના ગુનાના કામે શેરપુરા ઢાંણીનો ગુનો દાખલ કરવા માટે એલસીબી પી.આઈ. નાઓએ પી.એસ.ઓ. આગથળા પો.સ્ટે.ને સોપેલ તા.૦૧/૦૫/૯૬ના રોજનું સૂચિપત્ર ની નકલ. | ૩૫૧ |
| ૩૮ | (૩૪)આગથળા પોસ્ટે ગુ.ર.નં.૫૩/૯૬, એન.ડી.પી.એસ. એક્ટ કલમ-૧૮, ૨૯ મુજબના ગુનાના કામે શેરપુરા ઢાંણીનો ગુનો દાખલ કરવા માટે એલ.સી.બી. પી.આઈ. નાઓએ પી.એસ.ઓ. આગથળા પો.સ્ટે.ને સોપેલ તા.૦૧/૦૫/૯૬ના રોજનું સૂચિપત્ર ની નકલ | ૩૫૨ |
| ૩૯ | (૩૫)આગથળા પો.સ્ટે.ગુ.ર.નં.૫૪/૯૬, એન.ડી.પી.એસ.એક્ટ કલમ-૧૮, ૨૯ મુજબના ગુનાના કામે શેરપુરા ઢાંણીનો ગુનો દાખલ કરવા માટે એલસીબી પી.આઈ. નાઓએ પીએસઓ આગથળા પોસ્ટે ને સોપેલ તા.૦૧/૦૫/૯૬ના રોજનું સૂચિપત્રની નકલ | ૩૫૩ |
| ૪૦ | (૩૬)આગથળા પોસ્ટે ગુ.ર.નં.૫૧/૯૬નો ગુનો દાખલ કરેલ તે બાબતે એલ.સી.બી. પી.આઈ.નાઓએ ડીસ્પોલ પાલનપુરનાઓને તા.૦૧/૦૫/૯૬ના રોજ કરેલ બિનતાર સંદેશાની નકલ | ૩૫૪ |
| ૪૧ | (૩૭)આગથળા પોસ્ટે ગુ.ર.નં.પ૨/૯૬નો ગુનો દાખલ કરેલ તે બાબતે એલસીબી પી.આઈ નાઓએ ડીસ્પોલ પાલનપુરનાઓને તા.૦૧/૦૫/૯૬ના રોજ કરેલ બિનતાર સંદેશાની નકલ | ૩૫૫ |
| ૪૨ | (૩૮)આગથળા પો.સ્ટે.ગુ.ર.નં.૫૩/૯૬નો ગુનો દાખલ કરેલ તે બાબતે એલ.સી.બી. પી.આઈ.નાઓએ ડીસ્પોલ પાલનપુરનાઓને તા.૦૧/૦૫/૯૬ના રોજ કરેલ બિનતાર સંદેશાની નકલ | ૩૫૬ |
| ૪૩ | (૩૯)આગથળા પોસ્ટે ગુ.ર.નં.૫૪/૯૬નો ગુનો દાખલ કરેલ તે બાબતે એલસીબી પી.આઈ નાઓએ ડીસ્પોલ પાલનપુરનાઓને તા.૦૧/૦૫/૯૬ના રોજ કરેલ બિનતાર સંદેશાની નકલ | ૩૫૭ |
| ૪૪ | (૪૦)આગથળા પોસ્ટે ગુ.ર.નં.પ૨/૯૬ એન.ડી.પી.એસ. એક્ટ કલમ-૧૮, ૨૯ મુજબના ગુનાના કામે શેરપુરા ઢાંણી ગામે ભુરાજી ગેનાજી જાટ તથા નાસ્તો ફરતો આરોપી કૃષ્ણારામ બિશ્નોઈ, રહે.લાખોતર(રાજસ્થાન) વિરુદ્ધ તારીખ ૩૦/૦૭/૯૬ના રોજ નામદાર સ્પેશિયલ કોર્ટમાં કરેલ ચાર્જશીટ કે જેનો કેસ નં.-૧૪૩/૯૬ છે | ૩૫૮ |
| ૪૫ | (૪૧)આગથળા પો.સ્ટે.ગુ.ર.નં.૫૪/૯૬ એન.ડી.પી.એસ. એક્ટ કલમ-૧૮, ૨૯ મુજબના ગુનાના કામે શેરપુરા ઢાંણી ગામની સીમમાં રહેણાંક ખેતરમાં રહેતા તાજાજી ગેનાજી જાટ તથા નાસ્તો ફરતો આરોપી કૃષ્ણારામ બિશ્નોઈ રહે લાખોતર(રાજસ્થાન) વિરુદ્ધ તારીખ ૩૦/૦૭/૯૬ના રોજ નામદાર સ્પેશિયલ કોર્ટમાં કરેલ ચાર્જશીટ કે જેનો કેસ નં.-૧૪૪/૯૬ છે | ૩૫૯ |
| ૪૬ | **<u>નોંધ</u>**:- આરોપી સંજીવ ભટ્ટ તરફે આગથળા પો.સ્ટે.ગુ.ર.નં.૫૧/૯૬થી ૫૪/૯૬ના અનુક્રમે સ્પેશિયલ કોર્ટ નં.૧૪૨/૧૯૯૬ થી ૧૪૫/૧૯૯૬ના રેકર્ડથી મેળવેલ સર્ટીફાઈડ નકલો રેકડે લઈ આંક આપવા અને પુરવામાં વાંચવા દસ્તાવેજી પુરાવા લીસ્ટ **આંક-૩૬૧** આપવામાં આવેલ જે સાહેદની જુબાનીમાં બતાવી આંક પાડવા બચાવપક્ષે | |

| | | |
|---|---|---|
| | વિનંતી કરેલ જેની એડમીસીબીલીટી આખરી તબક્કે નક્કી કરવાનું ઠરાવી આંક–૩૬૫ આપવામાં આવેલ. | |
| ૪૭ | (૪૧)આગથળા પો.સ્ટે.ગુ.ર.નં.૫૧/૯૬, સ્પેશિયલ કેસ નં.૧૪૨/૯૬ના કામે આઈ.બી.વ્યાસની નામદાર સ્પેશિયલ કોર્ટમાં જુબાની | ૩૬૨ |
| ૪૮ | (૪૨)આગથળા પોસ્ટે ગુ.ર.નં ૫૨/૯૬, સ્પેશિયલ કેસ નં.૧૪૩/૯૬ના કામે આઈ.બી.વ્યાસની નામદાર સ્પેશિયલ કોર્ટમાં તા.૨૮/02/૯૭ના રોજની જુબાની | ૩૬૩ |
| ૪૯ | (૪૩)આગથળા પોસ્ટે ગુ.ર.નં.૫૩/૯૬, સ્પેશિયલ કેસ નં.૧૪૪/૯૬ના કામે આઈ.બી.વ્યાસની નામદાર સ્પેશિયલ કોર્ટમાં તા.૨૫/0 ૩/૯૭ ના રોજની જુબાની | ૩૬૪ |
| ૫૦ | (૪૪)આગથળા પોસ્ટે ગુ.ર.નં ૫૪/૯૬, સ્પેશિયલ કેસ નં.૧૪૫/૯૬ના કામે આઈ.બી.વ્યાસની નામદાર સ્પેશિયલ કોર્ટમાં તા.૨૮/0 ૨/૯૭ના રોજની જુબાની | ૩૬૫ |
| **સાહેદ નં.–૧૦ સાયબાભાઈ નાથાભાઈ ગમારની જુબાનીમાં ઉલટતપાસમાં રજુ થયેલા દસ્તાવેજો** | | |
| ૫૧ | બચાવપક્ષ તર્ફેનું લીસ્ટ કે જેની સાથે આંક–૬૧૭/૧, ૬૧૭/૨ રજુ કરેલ છે. | ૬૧૭ |
| ૫૨ | સાહેદ સાયબાભાઈએ તા.૩૦/૦૪/૯૬ના રોજ કંટ્રોલ રૂમના ઇન્ચાર્જ બબાભાઈએ, આરોપી નં.–(૨)ના રહેઠાણ–બંગલાના ફોન નં.–૫૭૦૧૪ ઉપર આપેલ વર્ધીની બંગલામાં તા.૩૦/૦૪/૯૬ના રજીસ્ટરના અનુ. નં.–૩ની વિગત વાળી એન્ટ્રી ટેલીફોન રજીસ્ટર–૧૯૯૬–એન્ટ્રી નં.–૩ તા.૩૦/૦૪/૯૬ની નકલ | ૬૧૮ |
| **સાહેદ નં.–૧૧ વાસુદેવભાઈ ભલાભાઈ ભરવાડની જુબાનીમાં ઉલટતપાસમાં રજુ થયેલા દસ્તાવેજો** | | |
| ૫૩ | (૧) આંક–૩૯૨ વાળા ડી.વાય.એસ.પી.શ્રી આઈ.ડી.માયવંશીની સહીવાળા પત્રમાં જે ત્રણ સીલબંધ કવરનો ઉલ્લેખ છે તે ખાલી ત્રણ સીલબંધ કવરો | ૪૦૧ થી ૪૦૩ |
| ૫૪ | (૨) આંક–૭૫/૧૩૮ પૈકીના પાના નંબર ૪૦૬ વાળો ડી.એસ.પી.બનાસકાંઠાને, ચીફ સ્ટેટ એક્ઝમીનર ઓફ કવેશ્ચન ડોક્યુમેન્ટ નાઓએ અભિપ્રાય તથા તેની સાથેના દસ્તાવેજો પરત મોકલી આપ્યા તેનો ફોર્વડીંગ પત્ર. | ૪૦૫ |
| **સાહેદ નં.–૧૪ પ્રવીણભાઈ હરીલાલ પરમારની જુબાનીમાં ઉલટતપાસમાં રજુ થયેલા દસ્તાવેજો** | | |
| ૫૫ | (૧)નિશાની–૭૫/૮૫ વાળો તા.૨૮/02/૨૦૦૦ના રોજની જે.આર.મોથલિયાએ રજુ કરેલ વર્ગ–અ સમરી નં.–૪/૨૦૦૦ | ૪૩૭ |
| ૫૬ | (૨)જે.આર.મોથલિયાઓએ આઈ.બી.વ્યાસને આ ગુનાના કામે સમરી ભરવા બાબતે જાણ કરતો તા.૨૭/૦૨/૨૦૦૦ના રોજનો પત્ર (સાહેદ નં.–૧૪ પ્રવીણચંદ્રની જુબાની પેરા નં–૫૨ ના હુકમ મુજબ) | ૪૩૮ |
| ૫૭ | (૩)નિશાની–૧૬૮/૯૦ વાળો ડી.વાય.એસ.પી એસ.બી.પટેલનો, પાલી એસ.પી. કલ્યાણમલ શર્માને પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.–૪૦૩/૯૬ની માહિતી માંગતો તા.૨૫/૧૨/૯૭ નો ફેક્સ મેસેજ | ૪૩૯ |
| ૫૮ | (૪) નીશાની–૧૬૮/૯૦ વાળો ડી.વાય.એસ.પી. એસ.બી.પટેલનો પાલી એસ.પી કલ્યાણમલ શર્માને પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.–૪૦૩/૯૬ની માહિતી માંગતો તા.03/૧૧/૯૭ ના રોજનો પત્ર સહી પુરતો | ૪૪૦ |
| ૫૯ | (૫) નિશાની–૧૬૮/૮૪ વાળો પોલીસ અધિક્ષક સી.આઈ.ડી. ક્રાઈમ રાજસ્થાન નાઓના હાલ રેકર્ડ મોકલવા અસમર્થ છીએ તે જવાબ અનુસંધાને ડી.વાય.એસ.પી. એસ.બી.પટેલનાઓનો રેકર્ડ તાત્કાલિક મોકલવા અંગેનો તા.૧૮/૧૧/૧૯૯૭ના રોજનો પત્ર | ૪૪૧ |

| | | |
|---|---|---|
| ૬૦ | (૬)નિશાની–૧૬૮/૦૬ વાળો ડી.વાય.એસ.પી, એસ.બી.પટેલનો પાલી એસ.પી કલ્યાણમલ શર્માને પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.–૪૦૩/૯૬ ની પ્રમાણિત નકલો મોકલવા કરેલ તા.૧૪/૦૪/૯૭ ના રોજનો ફેક્સ મેસેજ | ૪૪૨ |
| ૬૧ | (૭) નિશાની–૧૬૮/૧૦૨ વાળો ડી.વાય.એસ.પી. જે.આર.મોથલિયાનો, પાલી એસ.પી. કલ્યાણમલ શર્માને પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં–૪૦૩/૯૬ની પ્રમાણિત નકલો–માહિતી માંગતો તા.૦૫/૧૧/૯૭ના રોજનો ફેક્સ મેસેજ– સહી પુરતો | ૪૪૩ |
| ૬૨ | (૮) નિશાની–૧૬૮/૧૦૦ વાળો શ્રી રાહુલ શર્માની સહી વાળો દસ્તાવેજ–સહી પુરતો | ૪૪૪ |
| ૬૩ | (૯) નિશાની–૧૬૮/૧૦૧ વાળો જીલ્લા પોલીસ અધિકારીવતી સહીવાળો પ્રતિ. ડી.વાય.એસ.પી. એસ.બી.પટેલનાઓને ઉદ્ેશેલ દીલ્હી કોર્ટમાં સરકારી વકીલ ને મળીને ગુના ના કામે માહિતી પૂરી પડવાની જાણ કરતો પત્ર | ૪૪૫ |
| ૬૪ | (૧૦) નિશાની–૧૬૮/૮૭ વાળો પ્રતિ જીલ્લા પોલીસ અધીકારીને ઉદ્ેશેલ, ગુનાની તપાસનો ડી.વાય.એસ.પી. એસ.બી.પટેલે તા.૦૯/૧૨/૯૬ના રોજ મોકલેલ પ્રગતી અહેવાલ | ૪૪૬ |
| ૬૫ | (૧૧) નિશાની–૧૬૮/૨૫ વાળો આઈ.બી વ્યાસના નામનો પ્રતિ સરકારી વકીલ, ઉદ્ેશેલ રીપોર્ટ જેમાં આઈ.બી.વ્યાસની સહી નથી–હસ્તાક્ષર સાહેદના જેથી હસ્તાક્ષર પુરતો | ૪૪૭ |
| ૬૬ | (૧૨) નિશાની–૧૬૮/૯૪ વાળો ડી.વાય.એસ.પી. એસ.બી.પટેલએ તા.૦૭/૦૧/૯૮ના રોજ જીલ્લા પોલીસ અધિકારીને ગુનાની તપાસના કામે મોકલેલ પ્રગતિ અહેવાલ જેમાં પાલીના કેસના કાગળો માંગવામાં આવ્યા છે જે દસ્તાવેજો મળેથી આ ગુના સબબ કાવતરું ઉભું કરનાર .... કોણ છે જાણી શકાય તેવું જણાવેલ છે તે | ૪૪૮ |
| ૬૭ | (૧૩) નિશાની–૧૬૮/૯૭ વાળો ડી.વાય.એસ.પી, એસ.બી. પટેલનો જીલ્લા પોલીસ અધિકારીને ઉદ્ેશેલ પત્ર જેમાં દિલ્હી ખાતે હેમાંન્તીકા વાહીને ફોન ઉપર સંપર્ક કરેલ જેમણે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ અપીલના રીઝલ્ટ પછી શું કરવું તે અભિપ્રાય અપાય તેની જાણ કરતો તા.૧૪/૨/૯૮ના રોજનો પત્ર | ૪૪૯ |
| ૬૮ | (૧૪)જે.આર.પ્રજાપતિ, સેક્શન અધિકારી, ગૃહ વિભાગ નાઓને ઉદ્ેશેલ એ.કે પંડ્યા, જીલ્લા પોલીસ અધિકારીનો દિલ્હી હેમાંન્તીકા વાહીને ડી.વાય.એસ.પી, એસ.બી.પટેલે ફોન કર્યો તે અંગે તથા તેમની સાથે જે વાત થયેલ તેની જાણ કરતો તા.૧૬/૦૨/૯૮ના રોજનો પત્ર ઝેરોક્ષ | ૪૫૦ |
| ૬૯ | (૧૫) નિશાની–૧૬૮/૨૨ થી નિશાની–૧૬૮/૨૫ તથા નિશાની–૧૬૮/૨૮ અને નિશાની–૧૬૮/૨૯ વાળા કુલ ૬ રેખા ચિત્રોની ઝેરોક્ષ કે જેની નીચે સાહેદે આપેલ વર્ણન અનુસાર બનાવવામાં આવેલ છે તે લખેલ અક્ષરો સાહેદ પ્રવિણચંદ્રના છે તે | ૪૫૧ સંયુક્ત |
| ૭૦ | (૧૬) ફ.પક્ષ સાહેદ નં.–૧૪ પ્રવીણચંદ્ર હરીલાલ, બ.નં.–૧૩૯૨, એલ.સી.બી. પાલનપુર નાઓની તા.૩૦/૦૪/૯૬ થી તા.૦૬/૦૭/૯૬ સુધીની નોટબુકની ઝેરોક્ષ | ૪૫૨ |
| ૭૧ | (૧૭) જીલ્લા પોલીસ અધિકારી ધ્વારા સારી કામગીરી બદલ એલ.સી.બી.ના કર્મચારીઓને આપવામાં આવેલ ઇનામ અંગેનો તા.૧૫/૦૬/૧૯૯૬નો ઝેરોક્ષ હુકમ | ૪૫૩ |
| ૭૨ | (૧૮) શ્રી ધગલના ઇન્કવાયરીના કાગળો પૈકીની પાલનપુર શહેર પોસ્ટે પ્રોહી.ગુ.ર.નં– ૨૧૬/૯૬ના કામની કેસ કાગળોની ફેરીસ્તની ખરી નકલની ઝેરોક્ષ | ૪૫૪ |
| ૭૩ | **(૧૯) આંક–૪૬૦** થી રજુ કરેલ આગથળા પોસ્ટે પ્રોહી ગુ.ર.નં.–૫૨/૯૬ના કામે આરોપીના બાપનું નામ તથા તેના રહેણાક બાબતે એફ.આઈ.આર.માં સુધારો કરી ઉમેરો | ૪૬૨ |

| | | |
|---|---|---|
| | કરવા બાબતેની મેં.જ્યું.ફ.ક. સાહેબને તારીખ ૧૩/૦૫/૯૬ના રોજનો પો.સબ.ઈન્સ, આર.પી.પટેલની યાદીની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે તેમજ સહી આર.પી.પટેલ છે | |
| ૭૪ | **(૨૦) આંક-૪૬૦** થી રજું આગથળા પોસ્ટે પ્રોહી ગુ.ર.નં.-૫૨/૯૬ ના કામે આરોપીને કોર્ટ કસ્ટડીમાં સંભાળી લેવા બાબતે ની મેં.જ્યું.ફ.ક સાહેબ ને તારીખ ૧૪/૦૫/૯૬ના રોજનો પો.સબ.ઈન્સ, આર.પી.પટેલની યાદીની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે તેમજ સહી આર.પી.પટેલ છે | ૪૬૩ |
| ૭૫ | **(૨૧)આંક-૪૬૦** થી રજુ આગથળા પોસ્ટે પ્રોહી ગુ.ર.નં-૫૨/૯૬ના કામે આરોપીને રિમાન્ડ ઉપર સોપવાની મેં.જ્યુ.ફ.ક સાહેબને તારીખ ૧૪/૦૫/૯૬ના રોજનો પો.સબ.ઈન્સ, આર.પી.પટેલની યાદીની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે તેમજ સહી આર.પી.પટેલ છે | **૪૬૪** |
| ૭૬ | **(૨૨)આંક-૪૬૦** થી રજુ  આગથળા પોસ્ટે પ્રોહી ગુ.ર.નં.-૫૨/૯૬ના કામે તપાસ કરનાર અધિકારી આર.પી.પટેલની તારીખ ૦૧/૦૫/૯૬ થી તારીખ.૧૪/૦૫/૯૬ સુધીની કેસ ડાયરીની સહી સિક્કાવાળી નકલ જેના હસ્તાક્ષર સાહેદના છે તેમજ સહી આર.પી.પટેલ છે | **૪૬૫** |
| ૭૭ | **(૨૩)આંક-૪૬૦** થી રજુ આગથળા પોસ્ટે પ્રોહી ગુ.ર.નં-૫૩/૯૬ના કામે આરોપીનું નામ એફ.આઈ.આર માં ઉમેરો કરવા બાબતે ની મેં.જ્યું.ફ.ક. સાહેબને તારીખ ૧૩/૦૫/૯૬ના રોજ ની પો.સબ.ઈન્સ, આર.પી.પટેલની યાદીની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે તેમજ સહી આર.પી.પટેલ છે | **૪૬૬** |
| ૭૮ | **(૨૪) અંક-૪૬૦** થી રજુ આગથળા પોસ્ટે પ્રોહી ગુ.ર.નં.-૫૩/૯૬ના કામે તપાસ કરનાર અધિકારી આર.પી.પટેલની તારીખ ૦૧/૦૫/૯૬ થી તારીખ.૧૪/૦૫/૯૬ સુધીની કેસ ડાયરીની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે તેમજ સહી આર.પી.પટેલ છે | **૪૬૭** |
| ૭૯ | **(૨૫) આંક-૪૬૦** થી રજુ પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.-૨૫૦/૯૬ ના કામે આરોપી જુગતરામ પન્નારામ ચૌધરી, હરખારામ વિજારામ ચૌધરી, વિરુધ પો.સ.ઈ. આર.પી.પટેલે તારીખ-03/૦૬/૯૬ના રોજ નામદાર કોર્ટમાં કરેલ ચાર્જશીટની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે | **૪૬૮** |
| ૮૦ | **(૨૬) આંક-૪૬૦** થી રજુ પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.-૨૫૦/૯૬ ના કામે આરોપી જુગતરામ પન્નારામ ચૌધરી, હરખારામ વિજારામ ચૌધરી, વિરુધ કેસ કાગળોનું ફેરીસ્તની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે | **૪૬૯** |
| ૮૧ | **(૨૭) આંક-૪૬૦** થી રજુ પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.-૨૫૦/૯૬ના કામે કબજે કરેલ મુદ્દામાલ અંગેની મુદ્દામાલ પાવતી નં.-૨૦૫/૯૬ તા.03/૦૬/૯૬ની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે | **૪૭૦** |
| ૮૨ | **(૨૮) આંક-૪૬૦** થી રજુ પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.-૨૫૦/૯૬ના કામે પો.સ.ઈ. આર.પી.પટેલે તારીખ ૦૨/૦૬/૯૬ના રોજ શ્રી સરકાર તરફે આપેલી ફરિયાદની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે તેમજ સહી આર.પી.પટેલ છે | **૪૭૧** |
| ૮૩ | **(૨૯) આંક-૪૬૦** થી રજુ પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.-૨૫૦/૯૬ ના કામે પો.સ.ઈ. આર.પી.પટેલે તારીખ ૦૨/૦૬/૯૬ના રોજ કરેલ પંચનામાની સહી | **૪૭૨** |

| | | |
|---|---|---|
| | સિક્કાવાળી નકલ | |
| ૮૪ | **(૩૦) આંક–૪૬૦** થી રજુ પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.–૨૫૦/૯૬ના કામે આરોપી જુગતરામ પન્નારામ ચૌધરી, હરખારામ વિજારામ ચૌધરીનાઓને એન.ડી.પી.એસ. એક્ટ કલમ–૫૨ મુજબ સમજ કરતો તારીખ.૦૩/૦૬/૯૬ના રોજનો પો.સબ.ઇન્સ, આર.પી.પટેલના પત્રની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે તેમજ સહી આર.પી.પટેલ છે | **૪૭૩** |
| ૮૫ | **(૩૧) આંક–૪૬૦** થી રજુ પાલનપુર શહેર પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.–૨૫૦/૯૬ના કામે આરોપી જુગતરામ પન્નારામ ચૌધરી, હરખારામ વિજારામ ચૌધરીનાઓ વિરુદ્ધ દાખલ કરેલા ગુના બાબતે ડીસ્પોલ સાહેબ પાલનપુરને જાણ કરતો તા.03/૦૬/૯૬ના રોજનો વાયરલેસ મેસેજની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે | ૪૭૪ |
| ૮૬ | **(૩૨) આંક–૪૬૦** થી રજુ પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.–૨૫૦/૯૬ના કામે આરોપી જુગતરામ પન્નારામ ચૌધરી, હરખારામ વિજારામ ચૌધરીનાઓ વિરુદ્ધ દાખલ કરેલા ગુના બાબતે ડીસ્પોલ સાહેબ પાલનપુરને લેખિતમાં જાણ કરતો તા.03/૦૬/૯૬ના રોજનો ગુપ્ત પત્રની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે | ૪૭૫ |
| ૮૭ | **(૩૩) આંક–૪૬૦** થી રજુ પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.–૨૫૦/૯૬ના કામે આરોપી જુગતરામ પન્નારામ ચૌધરી, હરખારામ વિજારામ ચૌધરીનાઓને કોર્ટ કસ્ટડીમાં સંભાળી લેવા બાબતે મેં.જ્યું.ફ.ક.મેજી. સાહેબને લખેલી યાદીની સહી સિક્કાવાળી નકલ, જેના હસ્તાક્ષર સાહેદના છે | ૪૭૬ |
| ૮૮ | (૩૪) પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.–૨૫૦/૯૬ના કામે તપાસ કરનાર અધિકારી પો.સ.ઈ. આર.પી.પટેલે તારીખ. 03/૦૬/૯૬ના રોજની કેસ ડાયરી તથા<br>(૩૫) પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.–૨૫૦/૯૬, સેશન્સ કેસ નં.–૧૫૨/૯૬ ના કામે રાજેન્દ્દકુમાર બાબુલાલ બ્રમભટ્ટનોની નામદાર કોર્ટમાં તા.૨૯/૦૯/૯૬ના રોજની જુબાની તથા<br>(૩૬) નાયબ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા. ગુજરાત રાજ્ય, અમદાવાદ નો પાલનપુર શહેર પો.સ્ટે ગુ.ર.નં–૨૫૦/૯૬ના કામે તારીખ.૨૬/૦૫/૧૯૯૬ના રોજ પો.સબ.ઇન્સ આર.પી.પટેલે મોકલેલ મુદ્દામાલની એફ.એસ.એલ.ની પહોચ<br>(૩૭) નાયબ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા. ગુજરાત રાજ્ય, અમદાવાદને ઉદ્દેશીને પો.સબ.ઇન્સ. આર.પી.પટેલે, પાલનપુર શહેર પો.સ્ટે.ગુ.ર. નં.–૨૫૦/૯૬ના કામે તારીખ.૨૫/૦૭/૧૯૯૬ના રોજ પરીક્ષણ માટે મોકલેલ પત્ર તેમજ જે.એફ.મન્સૂરીનો અભિપ્રાય મોકલતો પત્ર<br>(૩૮) આર.એન.શાહ સાયન્ટીફીક ઓફિસરે પાલનપુર શહેર પો.સ્ટે.ગુ.ર.નં.–૨૫૦/૯૬ના કામે તારીખ.૨૦/૦૭/૧૯૯૬ના રોજ વનસ્પતિ પુથક્કરણનો અભિપ્રાયની સહી સિક્કાવાળી નકલ | ૪૭૭ |
| ૮૯ | **(૩૯) આંક–૪૬૦** થી રજુ સ્પેશિયલ કેસ નં.–૧૪૨/૧૯૯૬ના કામે નામદાર કોર્ટમાં પ્રવીણભાઈ હરીલાલ પરમારની તારીખ. ૧૫/૦૨/૧૯૯૭ના રોજની જુબાની(આગથળા પોસ્ટે ૫૧/૯૬)ની સહી સિક્કાવાળી નકલ | ૪૭૮ |
| ૯૦ | **(૪૦) આંક–૪૬૦** થી રજુ સ્પેશિયલ કેસ નં.–૧૪૩/૧૯૯૬ના કામે નામદાર કોર્ટમાં પ્રવીણભાઈ હરીલાલ પરમારની તારીખ.૨૭/૦૧/૧૯૯૭ના રોજની જુબાની(આગથળા | ૪૭૯ |

| | | |
|---|---|---|
| | પોસ્ટે ૫૨/૯૬)ની સહી સિક્કાવાળી નકલ | |
| ૯૧ | **(૪૧) આંક–૪૬૦** થી રજુ સ્પેશિયલ કેસ નં.–૧૪૪/૧૯૯૬ના કામે નામદાર કોર્ટમાં પ્રવીણભાઈ હરીલાલ પરમારની તારીખ.૧૫/૦૨/૧૯૯૭ના રોજની જુબાની (આગથળા પોસ્ટે ૫૩/૯૬)ની સહી સિક્કાવાળી નકલ | ૪૮૦ |
| ૯૨ | **(૪૨) આંક–૪૬૦** થી રજુ સ્પેશિયલ કેસ નં.–૧૪૫/૧૯૯૬ ના કામે નામદાર કોર્ટમાં પ્રવીણભાઈ હરીલાલ પરમારની તારીખ.૨૭/૦૧/૧૯૯૭ના રોજની જુબાની (આગથળા પો.સ્ટે.૫૪/૯૬)ની સહી સિક્કાવાળી નકલ | ૪૮૧ |
| **સાહેદ નં.–૧૫ સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતની જુબાનીમાં ઉલટતપાસમાં રજુ થયેલા દસ્તાવેજો** | | |
| ૯૩ | **(૧)** સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહીતનાઓનું તા.૧૧/૦૫/૯૬ના રોજનું સારવાર સર્ટીફિકેટ | ૫૦૩ |
| **સાહેદ નં.–૧૬ રમણભાઈ પરસોત્તમભાઈ પટેલની જુબાનીમાં ઉલટતપાસમાં રજુ થયેલા દસ્તાવેજો** | | |
| ૯૪ | **(૧)** સાહેદને મળેલ સમન્સ | ૫૧૩ |
| ૯૫ | **(૨) બચાવપક્ષે રજુ કરેલ માર્ક–૪૬૦/૪/૧ વાળી** સ્પેશિયલ કેસ નં.–૧૪૨/૧૯૯૬ ના કામે નામદાર કોર્ટમાં પો.સ.ઈ રમણભાઈ પરશોતમભાઈ પટેલની તારીખ–03/03/૧૯૯૭માં રોજની જુબાની આગથળા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.–૫૧/૯૬ની સહી સિક્કાવાળી નકલ | ૫૧૪ |
| ૯૬ | **(૩) બચાવપક્ષે રજુ કરેલ માર્ક–૪૬૦/૪/૨ વાળી** સ્પેશિયલ કેસ નં.–૧૪૩/૧૯૯૬ ના કામે નામદાર કોર્ટમાં પો.સ.ઈ. રમણભાઈ પરશોતમભાઈ પટેલની તા.૨૮/૦૨/૧૯૯૭માં રોજની જુબાની આગથળા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.–૫૨/૯૬ની સહી સીક્કવાળી નકલ | ૫૧૫ |
| ૯૭ | **(૪) બચાવપક્ષે રજુ કરેલ માર્ક–૪૬૦/૪/૩ વાળી** સ્પેશિયલ કેસ નં.–૧૪૪/૧૯૯૬ ના કામે નામદાર કોર્ટમાં પો.સ.ઈ રમણભાઈ પરશોતમભાઈ પટેલની તા.03/03/૧૯૯૭માં રોજની જુબાની આગથળા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.–૫૩/૯૬ની સહી સિક્કાવાળી નકલ | ૫૧૬ |
| ૯૮ | **(૫) બચાવપક્ષે રજુ કરેલ માર્ક–૪૬૦/૪/૪ વાળી** સ્પેશિયલ કેસ નં–૧૪૫/૧૯૯૬ ના કામે નામદાર કોર્ટમાં પો.સ.ઈ. રમણભાઈ પરશોતમભાઈ પટેલની તા.–03/03/૧૯૯૭માં રોજની જુબાની આગથળા પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.–૫૪/૯૬ની સહી સિક્કાવાળી નકલ | ૫૧૭ |
| ૯૯ | **<u>નોંધ:</u>– આંક–૫૧૪ થી આંક–૫૧૭ ની પુરાવાકીય વેલ્યુ આખરી તબકકે નક્કી કરવા નામદાર કોર્ટે ઠરાવેલ છે** | |
| ૧૦૦ | **(૬) બચાવપક્ષે રજુ કરેલ માર્ક–૪૬૦/૫/૧ વાળા,** નાયબ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગુજરાત રાજ્ય, અમદાવાદનો આગથળા પો.સ્ટે.ગુ.ર.નં.–૫૨/૯૬ના કામે તારીખ.૨૬/૦૭/૧૯૯૬ના રોજ અભિપ્રાય મોકલેલ તે ફોરવર્ડીગ પત્ર તથા તેની સાથેના ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગુજરાત રાજ્યનો ફસલ/તપણ/૯૬/એન.સી./૭૮ વાળો અભિપ્રાય | ૫૧૮ |
| ૧૦૧ | **(૭)** નાયબ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગુજરાત રાજ્ય, અમદાવાદનો આગથળા પો.સ્ટે.ગુ.ર.નં–૫૩/૯૬ના કામે તારીખ.૨૬/૦૭/૧૯૯૬ના રોજનો અભિપ્રાય મોકલેલ તે ફોરવર્ડીગ પત્ર તથા તેની સાથેના ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગુજરાત રાજ્યનો ફસલ/તપણ/૯૬/એન.સી./૭૯ વાળો અભિપ્રાય | ૫૧૯ |

| | | |
|---|---|---|
| ૧૦૨ | **(૮)** નાયબ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગુજરાત રાજ્ય, અમદાવાદ નો આગથળા પો.સ્ટે.ગુ.ર.નં–૫૪/૯૬ના કામે તા.૨૬/૦૭/૧૯૯૬ના રોજ અભિપ્રાય મોકલેલ તે ફોરવર્ડીંગ પત્ર તથા તેની સાથેના ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગુજરાત રાજ્યનો ફસલ/તપણ/૯૬/એન.સી./૮૦ વાળો અભિપ્રાય | ૫૨૦ |
| ૧૦૩ | **(૯)** નાયબ નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગુજરાત રાજ્ય, અમદાવાદ નો પાલનપુર શહેર પો.સ્ટે ગુ.ર.નં.–૨૫૦/૯૬ના કામે તા.–૨૬/૦૬/૧૯૯૬ના રોજ અભિપ્રાય મોકલેલ તે ફોરવર્ડીંગ પત્ર તથા તેની સાથેના ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગુજરાત રાજ્યનો ફસલ/તપણ/૯૬/એન.સી/૯૬ વાળો અભિપ્રાય | ૫૨૧ |
| ૧૦૪ | **(૧૦) આંક–૫૩૦ થી બચાવપક્ષે રજુ કરેલ**<br>સાહેદ રમણભાઈ પરશોત્તમભાઈ પટેલની તા.૨૮/૦૪/૯૬ થી તા.૦૪/૦૫/૯૬ સુધીની વીકલી ડાયરીની પ્રમાણિત નકલ | ૫૩૧ |
| **સાહેદ નં.–૧૯ વિરેન્દ્રસિંહ હનુમાનસહાય યાદવની જુબાનીમાં ઉલટતપાસમાં રજુ થયેલા દસ્તાવેજો** | | |
| ૧૦૫ | **(૧)** તપાસ અધિકારીશ્રી વીરેન્દ્રસિંગ યાદવનાઓનો, પો.ઈન્સ શ્રી વી.એલ.બોડાણા સી.આઈ.ડી.ક્રાઈમ પોલીસ સ્ટેશન, પાલનપુરઓને ગુનાના કામે રાજસ્થાનના સાહેદોને વિગતવાર પૂછપરછ કરી નીવેદનો મેળવી, રીપોર્ટ કરવા માટેનો તા.૧૪/૧૨/૨૦૧૮ના રોજનો હુકમ | ૫૭૨ |
| ૧૦૬ | **(૨)** રાજસ્થાનના સાહેદોની વિગતવાર પૂછપરછ કરી નીવેદનો મેળવી પો.ઈન્સ/ શ્રી વી. એલ.બોડાણા, સી.આઈ.ડી.ક્રાઈમ પોલીસ સ્ટેશન પાલનપુરનાઓએ કરેલ કાર્યવાહી નો તા.૧૯/૧૨/૨૦૧૮ના રોજનો તપાસ કરનારને કરેલ રીપોર્ટ | ૫૭૩ |
| ૧૦૭ | **(૩)** બનાસકાંઠા જીલ્લાના મેં.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે પબ્લિક પ્રોસીક્યુટર એલ.ટી.જશાણીનાઓની બીજી મુદત માંગતી તા.૨૮/02/૨૦૦૫ ના રોજની અરજી | ૫૭૭ |
| ૧૦૮ | **(૪)** બનાસકાંઠા જીલ્લાના ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે પબ્લિક પ્રોસીક્યુટર એલ.ટી.જશાણી નાઓની બીજી મુદત માંગતી તા.૨૩/0૩/૨૦૦૫ના રોજની અરજી | ૫૭૮ |
| ૧૦૯ | **(૫)** બનાસકાંઠા જીલ્લાના ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે એડીશનલ પબ્લિક પ્રોસીક્યુટરને બીજી મુદત માંગતી તા.૨૮/૧૧/૨૦૦૫ના રોજની અરજી | ૫૭૯ |
| ૧૧૦ | **(૬)** બનાસકાંઠા જીલ્લાના મેં.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ ના કામે પબ્લિક પ્રોસીક્યુટર એલ.ટી.જશાણીનાઓની બીજી મુદત માંગતી તા.૨૯/૧૨/૨૦૦૫ના રોજની અરજી | ૫૮૦ |
| ૧૧૧ | **(૭)** બનાસકાંઠા જીલ્લાના મેં.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં–૫/૨૦૦૦ ના કામે પબ્લિક પ્રોસીક્યુટર એલ.ટી.જશાણીનાઓની બીજી મુદત માંગતી તા.૧૮/0૨/૨૦૦૬ના રોજની અરજી | ૫૮૧ |
| ૧૧૨ | **(૮)** બનાસકાંઠા જીલ્લાના મેં.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ ના કામે પબ્લિક પ્રોસીક્યુટર, એલ.ટી.જશાણીનાઓની બીજી મુદત માંગતી તા.૩૧/0૩/૨૦૦૬ના રોજની અરજી | ૫૮૨ |
| ૧૧૩ | **(૯)** બનાસકાંઠાના મેં.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં–૫/૨૦૦૦ના કામે પો.ઈન્સ આઈ.બી.વ્યાસનાઓને નામદાર કોર્ટમાં | ૫૮૩ |

| | | |
|---|---|---|
| | તા.૨૮/૦૬/૨૦૦૬ના ક.૧૦–૩૦ વાગે જાતે અથવા પબ્લિક પ્રોસીક્યુટર મારફતે હાજર રેહવા માટે નો રજીસ્ટાર શ્રી જ્યુડીશીયલ, સેશન્સ કોર્ટ બનાસકાંઠા પાલનપુરઓનો તા. ૩૦.૦૫.૨૦૦૫ ના રોજની નોટીસ | |
| ૧૧૪ | **(૧૦)** બનાસકાંઠાના મેં.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે પો.ઇન્સ આઇ.બી.વ્યાસનાઓને નામદાર કોર્ટમાં તા.૨૮/૦૬/૨૦૦૬ના ક.૧૦–૩૦ વાગે જાતે અથવા પબ્લિક પ્રોસીક્યુટર મારફતે હાજર રેહવા માટેનો રજીસ્ટાર શ્રી જિલા અદાલતનાઓનો તા.૩૦/૦૫/૨૦૦૫ના રોજની નોટીસ | ૫૮૪ |
| ૧૧૫ | **(૧૧)** બનાસકાંઠાના મેં.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે પોલીસ કમિશનર સુરત શહેરનાઓને પો.ઇન્સ આઇ.બી.વ્યાસ, કતારગામ નાઓને તા.૨૮.૦૬.૨૦૦૬ ના ક.૧૦–૩૦ વાગે નામદાર કોર્ટમાં હાજર રેહવા માટેનો કંટ્રોલ રૂમ પાલનપુરનો વાયરલેસ મેસેજ | ૫૮૫ |
| ૧૧૬ | **(૧૨)** બનાસકાંઠા જીલ્લાના મેં.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે પબ્લિક પ્રોસીક્યુટર એલ.ટી.જશાણીનાઓની બીજી મુદત માંગતી તા.૦૨/૦૮/૨૦૦૬ના રોજની અરજી | ૫૮૬ |
| ૧૧૭ | **(૧૩)** બનાસકાંઠાના મેં.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે પો.ઇન્સ., આઇ.બી.વ્યાસને નામદાર કોર્ટમાં તા.૦૬/૧૧/૨૦૦૮ના ક.૧૦–૩૦ વાગે હાજર રેહવા માટે રજીસ્ટાર શ્રી જ્યુડીશીયલ, સેશન્સ કોર્ટ બનાસકાંઠા પાલનપુરનાઓનો તા.૧૭/૧૦/૨૦૦૮ના રોજની નોટીસ | ૫૮૭ |
| ૧૧૮ | **(૧૪)** બનાસકાંઠાના મેં.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે પોલીસ કમિશનર સુરત શહેરનાઓને પો.ઇન્સ આઇ.બી.વ્યાસ, કતારગામ નાઓને તા.૦૬/૧૧/૨૦૦૮ના ક.૧૦–૩૦ વાગે નામદાર કોર્ટમાં હાજર રેહવા માટેનો પો.ઇન્સ પાલનપુર શહેર પોલીસ સ્ટેશનનો તા.૨૨/૧૦/૨૦૦૮ના રોજનો ફેક્સ મેસેજ | ૫૮૮ |
| ૧૧૯ | **(૧૫)** બનાસકાંઠાના મેં.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે પો.ઇન્સ, આઇ.બી.વ્યાસને નામદાર કોર્ટમાં તા.૦૬/૧૧/૨૦૦૮ના ક.૧૦–૩૦ વાગે હાજર રેહવા માટે રજીસ્ટાર શ્રી જ્યુડીશીયલ, સેશન્સ કોર્ટ બનાસકાંઠા પાલનપુરઓનો તા.૧૭/૧૦/૨૦૦૮ના રોજની નોટીસની ઓ.સી. | ૫૮૯ |
| ૧૨૦ | **(૧૬)** બનાસકાંઠાના મેં.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે પો.ઇન્સ., આઇ.બી.વ્યાસને નામદાર કોર્ટમાં તા.૧૪/૧૦/૨૦૦૮ના ક.૧૦–૩૦ વાગે હાજર રહેવા માટે રજીસ્ટાર શ્રી જ્યુડીશીયલ, સેશન્સ કોર્ટ બનાસકાંઠા પાલનપુરઓનો તા.૦૧/૦૯/૨૦૦૮ના રોજની નોટીસ | ૫૯૦ |
| ૧૨૧ | **(૧૭)** બનાસકાંઠાના મેં.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે પો.ઇન્સ, આઇ.બી.વ્યાસને નામદાર કોર્ટમાં તા.૧૪/૧૦/૨૦૦૮ના ક.૧૦–૩૦ વાગે હાજર રહેવા માટે રજીસ્ટાર શ્રી જ્યુડીશીયલ, સેશન્સ કોર્ટ બનાસકાંઠા પાલનપુરઓનો તા.૦૧/૦૯/૨૦૦૮ના રોજની નોટીસ | ૫૯૧ |
| ૧૨૨ | **(૧૮)** બનાસકાંઠાના મેં.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.–૫/૨૦૦૦ના કામે પો.ઇન્સ, આઇ.બી.વ્યાસને નામદાર કોર્ટમાં | ૫૯૨ |

| | | |
|---|---|---|
| | તા.૧૪/૧૦/૨૦૦૮ ના ક.૧૦-૩૦ વાગે હાજર રહેવા માટે રજીસ્ટાર શ્રી જયુડીશીયલ, સેશન્સ કોર્ટ બનાસકાંઠા પાલનપુરઓનો તા.૦૧/૦૯/૨૦૦૮ના રોજની નોટીસ **ઓ.સી.** | |
| ૧૨૩ | **(૧૯)** બનાસકાંઠા જીલ્લાના ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, સમરી નં.-૫/૨૦૦૦ના કામે પબ્લિક પ્રોસીક્યુટરનાઓની બીજી મુદત માંગતી તા.૩૦/૦૨/૨૦૦૯ના રોજની અરજી | ૫૯૩ |
| ૧૨૪ | **(૨૦)** પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી પાલનપુર શહેર પોલીસ સ્ટેશનનાઓનો એચ.સી હિંગળાજદાનનાઓને આ ગુનાના કામે સ્પેશિયલ કોર્ટ (એન.ડી.પી.એસ એક્ટ) પતિયાલા હાઉસ કોર્ટ નવી દિલ્હી ખાતે જરૂરી રેકર્ડ સાથે હાજર રહેવા રેકર્ડ સોપેલ તે તથા તેની સાથેના લીસ્ટ મુજબના દસ્તાવેજો, એડીશનલ સેસન્સ જજ પતિયાલા હાઉસ કોર્ટમાં સ્વીકાર્યા બાબતનું તા.૨૦/૦૧/૨૦૦૫ના રોજનું લખાણ | ૫૯૮ |
| ૧૨૫ | **(૨૧)** મેજીસ્ટ્રેટશ્રી પતિયાલા હાઉસનાની કોર્ટમાં પોલીસ સ્ટેશન પાલનપુર શહેરનાઓના કન્સર્ન ઓફિસરે હાજર રહેવા માટેનું સમન્સ | ૫૯૯ |
| ૧૨૬ | **(૨૨)** પાલી કોતવાલી પો.સ્ટે.ગુ.ર.નં.-૪૦૩/૧૯૯૬ના કામે સ્પેશિયલ કોર્ટ (એન.ડી.પી.એસ.એક્ટ) પતિયાલા હાઉસ કોર્ટ નવી દિલ્હી ખાતે એક હેડ કોન્સ્ટેબલને જવા મંજુરી આપતો તા.૧૮/૦૧/૨૦૦૫ના રોજનો મેસેજ | ૬૦૦ |
| ૧૨૭ | **(૨૩)** પાલી કોતવાલી પો.સ્ટે ગુ.ર.નં.-૪૦૩/૧૯૯૬ના કામે સ્પેશિયલ કોર્ટ (એન.ડી. પી.એસ. એક્ટ) પતિયાલા હાઉસ કોર્ટ નવી દિલ્હી ખાતે એક હેડ કોન્સ્ટેબલને જવા પોલીસ અધિક્ષકશ્રીની મંજુરી માંગતો તા.૧૬/૦૧/૨૦૦૫ના રોજનો પત્ર | ૬૦૧ |
| ૧૨૮ | **(૨૪)** ઓફિસર ઈન્ચાર્જ, રેકોર્ડ રૂમ,એડીશનલ ડીસ્ટ્રીકટ જજ-૦૪/ન્યુ દિલ્હી ડીસ્ટ્રીકટ. પતિયાલા હાઉસ કોર્ટનાઓનો પોલીસ અધિક્ષક બનાસકાંઠાનાઓને, તેઓના તારીખ ૦૭/૦૮/૨૦૧૮ના રોજનો પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૧૯૯૬ ના કામે માંગેલ કાગળો નામદાર કોર્ટના હુકમ સિવાય નહિ આપવાની જાણ કરતો તારીખ ૨૯/૧૦/૨૦૧૮ ના રોજનો પત્ર | ૬૦૨ |
| ૧૨૯ | **(૨૫) નિશાની-૨૫/૪૨** વાળો આરોપી સંજીવ ભટ્ટ સામે એન.ડી.પી.એસ એક્ટની કલમ ૫૯(૨)બી હેઠળની મંજુરીનો હુકમ | ૬૨૦ |

## <u>(બી/૧/૧) બચાવપક્ષનું દસ્તાવેજી લીસ્ટ:-</u>

## <u>(૧)</u>

| બચાવપક્ષ સાહેદ નં.-૧ શંભુભાઈ બેચરદાસ પટેલની જુબાનીમાં સરતપાસમાં રજુ થયેલા દસ્તાવેજો | | |
|---|---|---|
| **અ.નં** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
| ૧ | ૬૮૮ | **(૧)માર્ક-૧૬૭ના ક્રમ ૮૦ વાળો** એસ.બી.પટેલ વિભાગીય પોલીસ અધિકારીશ્રી પાલનપુર વિભાગનાઓનો જીલ્લા પોલીસ અધિકારીશ્રી પાટણનાઓને પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.-૨૧૬/૧૯૯૬ના કામે પો.સ.ઈ. શ્રી આર.બી.યાજ્ઞિકનાઓનું નિવેદન લેવા સારું મોકલી આપવા માટેનો તારીખ ૦૪/૧૧/૧૯૯૭ના રોજના ફેક્ષ મેસેજની ઝેરોક્ષ |
| ૨ | | **(૨)માર્ક-૧૬૭ના ક્રમ ૮૫ વાળો** એસ.બી.પટેલ વિભાગીય પોલીસ અધિકારીશ્રી પાલનપુર વિભાગનાઓનો આર.આર.જૈનનાઓને, પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૧૯૯૬ના કામે નિવેદન લેવા માટે તારીખ, સમય, સ્થળ જણાવવા સારું |

| | | |
|---|---|---|
| | | તા.–૧૮/૧૧/૧૯૯૭ના રોજના પત્ર ઝેરોક્ષ |
| ૩ | ૬૯૦ | **(૩)માર્ક–૧૬૭ના ક્રમ ૮૬ વાળો** એસ.બી.પટેલ વિભાગીય પોલીસ અધિકારીશ્રી પાલનપુર વિભાગનાઓને, જીલ્લા પોલીસ અધિકારીશ્રી બનાસકાંઠાનાઓનો વતીનો પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૧૯૯૬ના કામે ગુનાનો જેમ બને તેમ વહેલી તકે નીકાલ કરવા તેમજ પ્રગતિ અહેવાલ મોકલી આપવાનું જણાવતો તારીખ ૦૮/૧૦/૧૯૯૬ના રોજનો પત્ર ઝેરોક્ષ. |
| ૪ | ૬૯૧ | **(૪)માર્ક–૧૬૭ના ક્રમ ૭૦ વાળો** હેમંતિકા વાહી, સરકારી વકીલ, સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયાનાઓનો જીલ્લા પોલીસ અધિક્ષક બનાસકાંઠાનાઓને પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૪૦૩/૧૯૯૬ને બનાસકાંઠા ટ્રાન્સફર કરવાની અરજી સબંધે સોગંદનામું કરવા માટે અધિકારીની નિમણુક કરી મોકલી આપવા માટે પત્ર ઝેરોક્ષ |
| ૫ | ૬૯૨ | **(૫)માર્ક–૧૬૭ના ક્રમ ૭૨ વાળો** એસ.બી.પટેલ વિભાગીય પોલીસ અધિકારીશ્રી પાલનપુર વિભાગનાઓનો પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરનાઓને, શ્રી આઈ. બી. વ્યાસ પોલીસ ઇન્સ્પેક્ટર, સિવિલ ડીફેન્સ, વડોદરાનાઓને તેમજ જીલ્લા પોલીસ અધિકારીશ્રી પાટણનાઓને, પો.સ.ઈ. શ્રી આર.બી.યાજ્ઞિક, પાલનપુર શહેર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૧૯૯૬ના કામે નિવેદન લખાવવા સારુ તારીખ ૨૬/૧૦/૧૯૯૭ ના રોજ મોકલી આપવા માટેનો તારીખ ૨૦/૧૦/૧૯૯૭ના રોજનો ફેક્ષ મેસેજ ઝેરોક્ષ |

**(૨)**

| અ નં | આંક | બચાવપક્ષે આંક–૬૪૬ તથા આંક–૬૬૪ થી રજુ કરેલ દસ્તાવેજોને આંકે પાડવાની અરજીઓ આંક–૬૫૧ તથા આંક–૬૬૫ ઉપર કરેલ હુકમ અનુસાર આંકે પડેલ દસ્તાવેજી પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૬૬૭ | પાલી કોતવાલી પો.સ્ટે.ગુ.ર.રજી.નં.૪૦૩/૯૬ના ચાર્જશીટના કામે જોધપુર કોર્ટના તા.૦૧/૦૩/૯૭ થી તા.૦૩/૧૨/૯૮ના પ્રોસીડીંગની સર્ટીફાઈડ નકલ (પાન નં. ઝેરોક્ષ નકલ છે.) |
| ૨ | ૬૬૮ | પાલી કોતવાલી પો. સ્ટે. ગુ. ર. રજી. નં.૪૦૩/૯૬ના કામે આરોપી કુટરમલ વિરૂધ્ધ જોધપુર એનડીપીએસ કોર્ટમાં સે. કે. નં.૧૯/૯૭ના કામે ફરમાવેલ તહોમતનામાની પ્રમાણિત નકલ ઝેરોક્ષ |
| ૩ | ૬૬૯ | શાંતિલાલ રામચંદ ગુપ્તાએ જોધપુર એન.ડી.પી.એસ. કોર્ટમાં કરેલ આગોતરા જામીન અરજી નં. ૪૩/૯૭ ના તા. ૧૫/૦૩/૯૭ ના હુકમની સર્ટીફાઈડ નકલ |
| ૪ | ૬૭૦ | શ્રી સંજીવ આર. ભટ્ટે જોધપુર એન.ડી.પી.એસ કોર્ટમાં કાઈ કરેલા આગોતરા જામીન અરજી ક્રિમી. પર અરજ નં.૭૭/૯૮ની અરજી તા.૨૭/૦૧/૧૯૯૯ની સર્ટીફાઈડ નકલ |
| ૫ | ૬૭૧ | જોધપુર એન.ડી.પી.એસ. કોર્ટના ક્રિમી. પર. અરજ. નં.૦૭/૯૮, ૧૮/૯૮ થી ૩૨/૯૮, ૩૪/૯૮ તથા ૬૧/૯૮ ના તા.૩૧/૦૩/૯૯ના સંયુકત હુકમની સર્ટીફાઈડ નકલ. |
| ૬ | ૬૭૨ | નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પ્રવિણભાઈ હીરાલાલે કરેલી સ્પે. ક્રિમી. અરજી નં.૯૨૬/૯૮ તા.૦૫/૧૦/૧૯૯૮ તથા હુકમ તા.૨૧/૧૧/૧૯૯૮ની સર્ટીફાઈડ નકલ |
| ૭ | ૬૭૩ | નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રાજેન્દ્ ભાનુપ્રસાદ યાજ્ઞિકે કરેલી સ્પે. ક્રિમી. અરજી નં. ૯૮૮/૧૯૯૮ તા.૧૩/૧૦/૧૯૯૮ની સર્ટીફાઈડ નકલ |

| | | |
|---|---|---|
| ૮ | ૬૭૪ | નામ. રાજસ્થાન હાઈકોર્ટ જોધપુર સમક્ષ ગુજરાત સરકારે કરેલ એસ. બી. ક્રિમી. પર. અરજ નં.૧૦૮/૧૯૯૯ની ઈન્ડેક્ષ તથા લીસ્ટ ઓફ ઈવેન્ટ્સ તથા P ભ ત i ત i ફ દ પાન નં.૧ થી ૪૭ તથા તે સાથેના પરચુરણ અરજીઓ પાન નં.૧ થી ૭ ની સર્ટીફાઈડ નકલો |
| ૯ | ૬૭૫ | શ્રી આઈ. બી. વ્યાસે મહે. રાજસ્થાન હાઈકોર્ટમાં કરેલ ક્રિમી. પર. અરજી નં. ૧૨૦૪/૯૯ની અરજીના હુકમ તા.૧૨/૦૭/૧૯૯૯ની સર્ટીફાઈડ નકલ પાન નં.૧ થી ૪ |
| ૧૦ | ૬૭૬ | પાલી કોતવાલી પો. સ્ટે. ગુ. રજી. નં.૪૦૩/૯૬ના કામે મહે. જોધપુરના સ્પે. જજ એન.ડી.પી.એસ.કોર્ટ સમક્ષ રજુ કરેલ પુરવણી ચાર્જશીટ, તા.૧૩/૦૩/૨૦૦૦ ના કેસના તા.૦૩/૦૩/૨૦૦૦ થી તા.૩૦/૦૧/૨૦૨૧ સુધીના પ્રોસીડીંગની સર્ટીફાઈડ નકલ |
| ૧૧ | ૬૭૭ | પાલી કોતવાલી પો.સ્ટે.ગુ.રજી.નં.૪૦૩/૯૬ના શાંતિલાલ ગુપ્તા આરોપી તરીકે હાજર થયા તે તા.૧૫/૦૧/૯૮ની પુરસીશ. |
| ૧૨ | ૬૭૮ | તા.૧૩/૦૩/૨૦૦૦ ના રોજ રજુ કરેલ પુરવણી ચાર્જશીટમાં તપાસ કરનાર અમલદારે તપાસ દરમ્યાન સંજીવ ભટટની માહે એપ્રિલ–૯૬ તથા મે–૯૬ની ડાયરીની ધરીત સર્ટીફાઈડ નકલો સાથે મેળવેલ ડાયરી પાન નં.૫૫ થી ૫૮ સંયુકત પ્રમાણિત નકલ |
| ૧૩ | ૬૭૯ | તા.૧૩/૦૩/૨૦૦૦ના રોજ રજુ કરેલ પુરવણી ચાર્જશીટના કામેથી શ્રી આઈ.બી. વ્યાસની તા.૨૮/૦૪/૯૬ થી તા.૧૮/૦૫/૯૬ તથા તા.૧૯/૦૫/૯૬થી તા.૨૫/૦૫/૯૬ તથા તા.૨૬/૦૫/૯૬થી તા.૦૧/૦૬/૯૬ની વીકલી ડાયરીઓની ઉપરોકત સર્ટીફાઈડ નકલો સાથે મેળવેલ સંયુકત પ્રમાણિત નકલ. |
| ૧૪ | ૬૮૦ | તા. ૧૩/૦૩/૨૦૦૦ના રોજ રજુ કરેલ પુરવણી ચાર્જશીટ ના કામેથી મેળવેલ શ્રી પી. જે. ચૌધરી પી.એસ.આઈ.એલ.સી.બી. તા.૩૦/૦૪/૯૬ની વીકલી ડાયરીની પ્રમાણિત નકલ |
| ૧૫ | ૬૮૧ | તા.૧૩/૦૩/૨૦૦૦ ના રોજ રજુ કરેલ પુરવણી ચાર્જશીટના કામેથી મેળવેલ અ.હે.કો. શ્રી અબ્બાસખાન ઠાકરમીયાની તા.૨૯/૦૪/૯૬ થી ૩૦/૦૫/૯૬ સુધીની દૈનીક ડાયરીની પ્રમાણિત નકલ |
| ૧૬ | ૬૮૨ | મોટર વાહન નં. જીજે. ૦૮–જી–૧૧૧૯ ની તા.૦૧/૦૫/૯૬ થી તા. ૦૫/૦૫/૯૬ સુધીની લોગબુકની ખરી નકલ |
| ૧૭ | ૬૮૩ | સમરી નં.૫/૨૦૦૦ની તા.૨૨/૦૩/૨૦૦૦ થી તા.૦૮/૦૬/૨૦૧૭ ના ટ્રાન્સફર હુકમ સુધીના પ્રોસેડીંગની સર્ટીફાઈડની નકલ |
| ૧૮ | ૬૮૪ | આગથળા પો. સ્ટે. ના પ્રોહી. ગુ. રજી. નં.૫૨/૧૯૯૬ થી ૧૮૫૪/૧૯૯૬ના એન. ડી.પી.એસ.સ્પે.કેસ નં.૧૪૩/૯૬ થી ૧૪૫/૯૬ તથા ૧૪૨/૯૬ના તહોમતનામાના આંક–૪ના તા. ૧૬/૧૧/૧૯૯૬ ની સર્ટીફાઈડ નકલો કુલ પાન–૪ |
| ૧૯ | ૬૮૫ | એડીશનલ સેશન્સ જજ પતિયાલા હાઉસની અદાલતે શ્રી સરકાર વિરૂધ્ધ કુટરમલના સે. કેસ. માં તા. ૨૦/૦૯/૧૯૯૯ ના રોજ ફરમાવેલ તહોમતનામાની પ્રમાણીત નકલ |
| ૨૦ | ૬૮૬ | એકઝીકયુટવ મેજી. પાલનપુરનાઓએ પોલીસ નિરીક્ષક સી.આઈ.ડી. (ક્રાઈમ બ્રાન્ચ) રાજસ્થાન જયપુરને તા. ૨૦/૦૯/૯૭ ના રોજ પાઠવેલ પત્રક નં. એમ. એ. જી. /ઓળખ પરેડ વશી ૩૨૦૧, તા.૨૦/૦૩/૯૭ ની ઉપરોકત પુરવણી ચાર્જશીટ ના કામે રજુ થયેલ પ્રમાણિત નકલ. |
| ૨૧ | ૬૮૭ | પાલી કોતવાલી પોલીસ સ્ટેશનના પુરવણી ચાર્જસીટથી ચાલતા કેસની |

| | | |
|---|---|---|
| | | તા.–૩૦/૦૧/૨૦૨૦ થી તારીખ ૦૬/૦૪/૨૦૨૩ સુધીના પ્રોસીડીન્સની મહેરબાન સ્પેશિયલ જજ સાહેબ એન.ડી.પી.એસ. કોર્ટ જોધપુરના રેકોર્ડથી મેળવેલ પ્રોસિડિંગ્સની સર્ટીફાઇટ નકલ |
| ૨૨ | ૬૮૮ | આંક–૧૬૯ના ક્રમ નંબર–૮૦ અને પાના નંબર–૨૧૦ વાળો દસ્તાવેજ |
| ૨૩ | ૬૮૯ | આંક–૧૬૯ના ક્રમ નંબર–૮૫ અને પાના નંબર–૨૧૬ વાળો દસ્તાવેજ |
| ૨૪ | ૬૯૦ | આંક–૧૬૯ના ક્રમ નંબર–૮૬ અને પાના નંબર–૨૧૭ વાળો દસ્તાવેજ |
| ૨૫ | ૬૯૧ | આંક–૧૬૯ના ક્રમ નંબર–૭૦ અને પાના નંબર–૧૫૫ વાળો દસ્તાવેજ |
| ૨૬ | ૬૯૨ | આંક–૧૬૯ના ક્રમ નંબર–૭૨ અને પાના નંબર–૧૯૭ વાળો દસ્તાવેજ |

**(સી) કોર્ટ તરફેનું દસ્તાવેજી લીસ્ટ:– નથી.**

**(ડી) મુદ્દામાલનું લીસ્ટ:–**

**૧૯૯૬ની મુદ્દામાલ પાવતી મુજબનો મુદ્દામાલ**

| અ નં | આર્ટી.નં | વસ્તુનો પ્રકાર | કોર્ટ સમક્ષ રજુ થયેલ છે કે કે? |
|---|---|---|---|
| ૧ | (૧) | એક સીલબંધ કપડાની થેલી જેમાં અફીણ ૯૯૫ ગ્રામ છે તે સીલબંધ | રજુ થયેલ છે |
| ૨ | (૨) | એક સીલબંધ કપડાની થેલી જેમાં અફીણ ૨૦ ગ્રામ છે તે સીલબંધ | મળી આવેલ નથી |
| ૩ | (૩) | એક બગલ થેલો લુંગી તથા ત્રણ મેણીયાની થેલીઓ છે તે | મળી આવેલ નથી |
| ૪ | (૪) | હોટલ લાજવંતીના ગેસ્ટ હાઉસનું પાના ૫૦ નું ૮ જે પાકા પૂઠાનું એક | મળી આવેલ નથી |

## –// ચુ કા દો //–

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,

આરોપી નં.–(૧) ઇન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ(એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ નં.–૯) કે જેઓ તત્કાલીન સમયે એલ.સી.બી. બનાસકાંઠામાં પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તેમજ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ કે જેઓ તત્કાલીન સમયે બનાસકાંઠા જીલ્લાના પોલીસ અધિક્ષક કક્ષાના હોદ્દા ઉપર ફરજ બજાવતા હતા. વધુમાં, મરણ જનાર આરોપી માલાભાઈ રબારી એલ.સી.બી. શાખામાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. આરોપીઓની ફરજો ગુન્હો થતો અટકાવવાની તથા કાયદાનો ભંગ થતો અટકાવવાની હતી. તેમ છતાં

સુમેરસિંહ રાજપુરોહીત કે જેઓ પાલી મુકામે વકીલાતનો વ્યવસાય કરતા હતા તેઓને નાર્કોટીકસના ગંભીર ગુન્હામાં સંડોવવાના બદઈરાદાથી હોટલ લાજવંતીમાં અફીણ ગેરકાયદેસર પ્લાન્ટ કરાવવા એક સુવ્યવસ્થિત આયોજન બધ્ધ કાવતરૂ ઘડવામાં આવેલ જેના ભાગરૂપે આરોપી નં.-(૨) તથા મરણ જનાર માલાભાઈ રબારી તથા આરોપી નં.-(૧) નાઓ સામેલ હતા. આરોપી નં.-(૨)નાએ રૂપિયા ૨૦,૦૦૦ મરણ જનાર આરોપી માલાભાઈ રબારીનાઓને આપી શેરપુરા ઢાંણીથી અફીણ ખરીદ કરાવી તે આશરે એક કિલ્લો ઉપરાંતના અફીણ જથ્થો આરોપી નં.-(૨)નાએ મેળવી તેને પોતાના કબજામાં રાખેલ અને કાવતરાના ભાગરૂપે પાલનપુર કન્ટ્રોલ રૂમમાં સુમેરસિંહ રાજપુરોહીતના નામની અફીણની ખોટી ઉપજાવી કાઢેલ વર્ધી આપી/અપાવી તેમજ મરણ જનાર આરોપી માલાભાઇ રબારીની ગુન્હાહીત મદદગારી મેળવી, ગેરકાયદેસર અને ગુન્હાહીત રીતે અફીણનો વાણીજ્યક જથ્થો હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫માં આરોપી નં.-(૨)નાએ પ્લાન્ટ કરાવી, હોટલ લાજવંતીના મુસાફર ઉતર્યા રજીસ્ટરમાં સુમેરસિંહ રાજપુરોહિતના નામની ખોટી એન્ટ્રી તથા સહી કરી કરાવી, પ્લાન્ટ કરેલ અફીણને કબજે લઈ ખોટી વિગતવાળું પંચનામું ઉભું કરી અફીણનો વાણીજ્યક જથ્થો કબજે લઈ સીલ કરી એફ. એસ.એલ.ને મોકલવા સારું પી.એસ.ઓ.ને સોપવામાં આવેલ. વધુમાં, સુમેરસિંહ રાજપુરોહિત વિરુધ્ધ કાવતરાના ભાગરૂપે આરોપી નં.-(૧) મારફત નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક્સ સબસ્ટેન્સીસ એક્ટની કલમ-૧૭ વિગેરે મુજબ તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ ખોટી હકીકતવાળી ફરિયાદ અપાવી ગુનો નોંધી/નોંધાવી, સુમેરસિંહ રાજપુરોહિતે તે ગુનો કરેલ ન હોવાનું જાણવા છતાં પાલનપુરથી રાજ્ય છોડવાની પરવાનગી લીધા વગર પાલી, રાજસ્થાન મુકામે જઈ સુમેરસિંહ રાજપુરોહિતની ગેરકાયદેસર અટકાયત કરી, પાલનપુર મુકામે તારીખ.૦૩/૦૫/૧૯૯૬ના રોજ લાવી, આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટનાએ સુમેરસીંહ રાજપુરોહીતને પોતાની ઓફીસમાં બોલાવી એવી ધમકી આપેલ કે, “તમારે દુકાન બાબતનો શું વિવાદ છે ? વર્ધમાન માર્કેટનો શું વિવાદ છે ? અને

આ દુકાન તુરંત ખાલી કરવા જણાવેલ અને સુમેરસીંહ રાજપુરોહીતને એવી પણ ધમકી આપેલ કે, "પાંચ કીલો અફીણનો કેસ કરેલ છે, એક કીલો અફીણ કબજે કરેલ છે, ચાર કીલો શોધવાનું બાકી છે તે તમારી પાસેથી રીકવરી બતાવીશું અને હોટલ લાજવંતીના માલીક પાસે તમારી ખોટી ઓળખ કરાવીશું તમને હાઈકોર્ટ સુધી જામીન નહીં મળે".

વધુમાં, સુમેરસીંહ રાજપુરોહીતને અટક કરવા જેટલા પુરાવા ન હોવાનું જાણવા છતાં અને કેસ ઉભો કરેલ હોવા છતાં આરોપી નં.–(૧) ઈન્દ્રવદન વ્યાસનાએ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટની સુચના મુજબ સુમેરસીંહ રાજપુરોહીતની કોઈ પણ ઓળખ કરાવ્યા સિવાય અને ઓળખ કરાવ્યા પહેલા કાવતરુ પાર પાડવાના ઈરાદે નાર્કોટીકસના ગંભીર ગુનામાં ગેરકાયદેસર રીતે અટક કરેલ અને અટક કર્યા અંગેના ખોટા દસ્તાવેજ પણ કાવતરુ પાર પાડવા માટે ઉભા કરવામાં આવેલ. વધુમાં, આરોપી નં.–(૧) ઈન્દ્રવદન વ્યાસનાએ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટની સુચના મુજબ સુમેરસીંહ રાજપુરોહીતને કોર્ટમાં રજુ કરી, તૈયાર કરેલ ખોટા કારણો વાળી રીમાન્ડ અરજી રજુ કરી સુમેરસીંહ રાજપુરોહીતના તેઓને નામદાર સ્પેશીયલ જજ, પાલનપુર સમક્ષ રજુ કરી પોલીસ કસ્ટડી રીમાન્ડ માંગેલ અને તેવા ખોટા દસ્તાવેજના આધારે સુમેરસીંહ રાજપુરોહીતના પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવેલ.

વધુમાં, કાવતરાના ભાગરુપે સુમેરસીંહ રાજપુરોહીતનાઓ વિરુધ્ધ નાર્કોટીકસનો ખોટો કેસ કરી તેઓને અટક કર્યાનું દર્શાવી અટકાયતમાં રાખેલ હોવાથી તથા આરોપી સંજીવ ભટ્ટનાઓએ સુમેરસીંહ રાજપુરોહીતને ઉપર મુજબની ધમકી આપેલ હોવાના કારણોસર સુમેરસીંહ રાજપુરોહીત નાઓને નાર્કોટીકસના ગંભીર ગુનામાંથી મુકત થવા સારુ દુકાન ખાલી કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હોવાથી સુમેરસીંહને મળવા આવેલ તેમના સબંધીઓ તથા વકીલ ગંગાસીંહનાઓને સુમેરસીંહે વર્ધમાન માર્કેટ પાલીની દુકાન નં.૬ કે જેનો ઉપયોગ પોતે વકીલાતના વ્યવસાય માટે કરતા હતા તે ખાલી કરવા અંગેનો

એગ્રીમેન્ટ કરવાનું જણાવેલ. જેથી દબાણના કારણે સુમેરસીંહ રાજપુરોહીતે પાલી વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરાવવાનો કરાર કરાવડાવેલ. જેથી આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટે, આરોપી નં.–(૧)ને 'અત્યારે તાત્કાલીક કાગળો પહેલાથી જ બનાવી લો અને આવતીકાલે ઓળખ પરેડ કરાવવી, સુમેરસીંહને છોડી દેવા સી.આર. પી.સી કલમ–૧૬૯નો રીપોર્ટ તૈયાર કરી કોર્ટમાં રજુ કરો' તેવો હુકમ કરેલો.

વધુમાં, આરોપી નં.–(૧) ઈન્દ્રવદન વ્યાસને આરોપી સંજીવ ભટ્ટે તેમની રુબરૂનુ ઓળખ પરેડ પંચનામુ કરી સુમેરસીંહને છોડી મુકવા સી.આર.પી.સી. કલમ–૧૬૯ના રીપોર્ટ સાથે તેઓને કોર્ટમાં લઈ જવા હુકમ કરેલ. વધુમાં આરોપી સંજીવ ભટ્ટના હુકમથી આરોપી નં.–(૧) ઈન્દ્રવદન વ્યાસ ધ્વારા તેમની રુબરુનું ઓળખ પરેડ પંચનામુ તૈયાર કરવામાં આવેલ તેમજ બીજા કેટલાક નિવેદનો અગાઉથી જ તૈયાર કરવામાં આવેલ તેમજ સીઆરપીસી કલમ–૧૬૯નો રીપોર્ટ તથા કસ્ટડી રીપોર્ટ પણ ઈન્દ્રવદન વ્યાસ રુબરુના ઓળખ પરેડના પંચનામા અગાઉથી જ આરોપી સંજીવ ભટ્ટની સુચનાથી તૈયાર કરેલ અને આરોપીઓએ રચેલ કાવતરાનો હેતુ પાર પડતા ગેરકાયદેસરના કૃત્યો બહાર ન આવે તેવા બદઈરાદે સુમેરસીંહની ઓળખ પરેડ કરાવેલ હોય તેવું તરકટ રચી તે ઓળખ પરેડ થયા પહેલા અને સુમેરસીંહના પોલીસ કસ્ટડીના રીમાન્ડ તા.૧૦/૦૫/૧૯૯૬ સુધીના હોવાછતાં, તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ સુમેરસીંહને છોડી મુકવા અંગેનો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૧૬૯ મુજબનો રીપોર્ટ આરોપી સંજીવ ભટ્ટનાઓની સુચના મુજબ તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ સ્પેશીયલ જજ શ્રી પાલનપુરની કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ.

વધુમાં, સંજીવ ભટ્ટની સુચના મુજબ એન.ડી.પી.એસ. એક્ટ કલમ–૫૮(૨) મુજબનો ઉમેરો કરવા માટેનો રીપોર્ટ સ્પેશીયલ કોર્ટ, પાલનપુર સમક્ષ તા.૦૯/૦૫/૧૯૯૬ના રોજનો એન.ડી. પી.એસ. એક્ટ કલમ–૫૮(૨)નો ઉમેરો કરવા બાબતેનો રીપોર્ટ, પાલનપુર શહેર પ્રોહી. ગુના રજીસ્ટર

નં.૨૧૬/૧૯૯૬ના કામે કરેલો અને તે રીપોર્ટમાં એવી ખોટી હકીકત જણાવવામાં આવેલી. આમ કરીને આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટે તથા આરોપી નં.-(૧) ઈન્દ્રવદન વ્યાસ તથા મરણ જનાર આરોપી માલાભાઈ રબારીનાઓએ ગુના આચરેલ હતા. વધુમાં, અસલ કેસ ડાયરી આરોપી નં.-૨ સંજીવ ભટ્ટે ફાડી નાખેલ અને આરોપી સંજીવ ભટ્ટે આરોપી નં.-(૧) ઈન્દ્રવદન વ્યાસને તેમના હસ્તાક્ષરમાં બીજી કેસ ડાયરી બનાવવા અને કેસ ડાયરીમાં તેમના વિરુધ્ધ જે નોંધો કરેલ તે કાઢી નાખવા સુચના આપેલી. જેથી કેસ ડાયરીમાં આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટ વિરુધ્ધ જે નોંધો કરેલ તે તમામ કાઢી નાખી આરોપી નં.-(૧) ઈન્દ્રવદન વ્યાસે પોતાના હસ્તાક્ષરમાં નવી કેસ ડાયરી બનાવેલ. આમ, આરોપી સંજીવ ભટ્ટનાએ અસલ કેસ ડાયરી ફાડી નાખી, નાશ કરેલ અને તેઓની વિરુધ્ધમાં ઉપયોગમાં લઈ શકાય તેવી હકીકતોને બદલે તેની જગ્યાએ નવી કેસ ડાયરી ખોટી હકીકતોવાળી, સત્ય હકીકતો છુપાવતી ઈન્દ્રવદન વ્યાસના હસ્તાક્ષરમાં આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટે તૈયાર કરાવડાવેલ. વધુમાં, અફીણ ખરીદી તેને પ્લાન્ટ કરી સુમેરસિંહ રાજપુરોહિતને અફીણના ખોટા કેસમાં સંડોવવા માટે ઉભી કરેલી કાર્યવાહીને કાયદેસરની કાર્યવાહી દર્શાવવા માટે ફરિયાદ, પંચનામું તથા તપાસના અન્ય કાગળો ખોટી હકીકતો જણાવીને કાવતરાના ભાગરૂપે ઉભા કરવામાં આવેલા અને તપાસનું ખોટું રેકર્ડ તૈયાર કરવામાં આવેલું. જે હકીકતો નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ તપાસ થતા બહાર આવેલ અને તહોમતદાર નં.-(૧) અને નં.-(૨)ની અટક કરી બંને આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ-૧૨૦(બી), ૧૧૬, ૧૧૯, ૧૬૭, ૨૦૪, ૩૪૨ તથા એનડીપીએસ એકટની કલમ-૧૮, ૧૯, ૨૯, ૫૮(૨), ૫૯(૨)(બી) મુજબના ગુનાઓનુ ચાર્જશીટ ખાસ અદાલત, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, બનાસકાંઠાનાઓ સમક્ષ રજુ થયેલ જે સ્પેશિયલ એન.ડી. પી.એસ. કેસ નં.-૩/૨૦૧૮થી નોંધાયેલ તથા મરણ જનાર આરોપી વિરુધ્ધ એબેટેડ સમરી રજુ કરવામાં આવેલ.

**(૨)** આરોપી નં.–(૧) (એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ નં.–૯) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ તથા આરોપી નં.–(૨) સંજીવ રાજેન્દ્ર ભટ્ટનાઓની તારીખ ૦૫/૦૯/૨૦૧૮ના રોજ અટક કરવામાં આવેલ જેઓને તારીખ ૦૬/૦૯/૨૦૧૮ના રોજ નામદાર કોર્ટમાં રજુ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવેલ જે અરજી નામંજુર થતા સરકારશ્રી તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીવીઝન અરજી દાખલ કરવામાં આવેલી અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા રીવીઝન અરજી તા.૧૧/૦૯/૨૦૧૮ના રોજ મંજુર કરવામાં આવેલી અને આ કેસના આરોપીઓના તા.૧૨/૦૯/૨૦૧૮ થી તા.૨૧/૦૯/૨૦૧૮ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજુર કરવામાં આવેલા. બંને આરોપીઓના પોલીસ રિમાન્ડ પૂર્ણ થયા બાદ બંને આરોપીઓને જ્યુડીશીયલ કસ્ટડીમા મોકલી આપેલ અને ચાર્જશીટ રજુ થયા બાદ બંને આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની જોગવાઈઓ મુજબ ચાર્જશીટ તથા ચાર્જશીટ સાથે રજુ થયેલ સાહેદોના નિવેદનો અને દસ્તાવેજોની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ. આરોપીઓએ તેમના બચાવ માટે ખાનગી વકીલ રોકેલ.

**(૩)** આ કામે ફરિયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૨૬ મુજબ પોતાનો કેસ ઓપન કરેલ. વધુમાં, આરોપી નં.–(૨) નાઓએ આપેલ ડીસ્ચાર્જ અરજી નામંજૂર થયા બાદ ચાર્જ અંગે પણ આરોપી નં.–(૨) તરફે એડવોકેટશ્રીને સાંભળવામાં આવેલ. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૨૮(૧)(બી) હેઠળ આરોપીઓ વિરુધ્ધ તારીખ.૧૮/૦૯/૨૦૧૯ના રોજ આંક–૫૯થી ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી), કલમ–૧૧૬ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) વિકલ્પે કલમ–૧૧૬ સાથે વાંચતા કલમ–૩૪, કલમ–૧૬૭ સાથે વાંચતા કલમ–૧૨૦(બી), કલમ–૨૦૪ સાથે વાંચતા કલમ–૧૨૦(બી), કલમ–૩૪૩ સાથે વાંચતા કલમ–૩૪, સાથે વાંચતા કલમ–૧૦૯, કલમ–૪૬૫ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) સાથે વાંચતા કલમ–૩૪ સાથે વાંચતા કલમ–૧૦૯, કલમ–૪૭૧ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) સાથે વાંચતા કલમ–૩૪ સાથે વાંચતા કલમ–૧૧૯ તથા નાર્કોટીકસ ડ્રગ્સ સાયકોટ્રોપીકસ સબસ્ટન્સીસ

એકટ ૧૯૮૫ની કલમ–૧૭, વિકલ્પે કલમ–૧૮, વિકલ્પે કલમ–૨૧ તથા કલમ–૨૭(એ) તથા કલમ–૨૯ તથા કલમ–૫૮(૧) તથા કલમ–૫૮(૨) મુજબના સજાનેપાત્ર ગુના કર્યાનું તહોમત આરોપીઓ વિરુધ્ધ ફરમાવી, આંક–૫૯ વાળું તહોમત આરોપીઓને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ અને આંક–૬૦થી આરોપી નં.–(૧) (એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ નં.–૯) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ તથા આંક–૬૧થી આરોપી નં.–(૨) સંજીવ રાજેન્દ્ર ભટ્ટનાઓનું નિવેદન–પ્લી નોંધવામાં આવેલ. તહોમતનામાં મુજબના ગુનાના આક્ષેપો આરોપીઓએ કબુલ કરેલ ન હોઈ તેમની વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૦ અન્વયે કાર્યવાહી આગળ ચલાવવા પાત્ર હોવાથી તે અનુસાર ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આરોપી નં.(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓએ આ અદાલતમાં ગુનાની સત્ય હકીકત જણાવવા માંગતા હોવા અંગેની તથા માફી મેળવવા અંગેની આંક–૬૭ વાળી અરજી તા.૧૦/૧૦/૨૦૧૯ના રોજ આપેલ અને તેની સાથે આંક–૮૦ વાળું તેમનું લેખિત નિવેદન બંધ કવરમાં રજુ કરેલ. જે આંક–૬૭ વાળી અરજીમાં આરોપી નં.–(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓએ એવી રજૂઆત કરેલ કે, "સદર કામમાં તાજના સાક્ષી બનવા માંગીએ છીએ તથા સદર કામે અરજી સાથે બંધ કવરમાં રજુ કરેલ અમો આરોપી નં.–(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓનું નિવેદન ધ્યાને લઈ અમોને તાજના સાક્ષી બનાવવા હુકમ કરશો." જેથી તપાસ કરનાર અમલદારને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. જે નોટીસ સબંધે તપાસ કરનાર અમલદારે આરોપી નં.–(૧)ની અરજી સબંધે આંક–૫૫જ વાળો જવાબ રજુ કરેલ. ત્યારબાદ અદાલતે આરોપી નં.–(૧)ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓનું તા.૧૩/૧૨/૨૦૧૯ના રોજ આંક–૭૯ વાળું વેરીફીકેશન સોગંદ ઉપર નોંધેલ અને આરોપી નં.–(૧)નાઓની માફી મેળવવાની અરજી સંદર્ભે આરોપી નં.–(૧)ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓને તેમની માફી મેળવવાની અરજી તથા નિવેદન સંદર્ભે જુદા–જુદા પ્રશ્નો પુછેલ અને તેઓએ સ્વેચ્છાએ કોઈપણ જાતના દાબદબાણ વગર માફી મેળવવા અરજી કરેલ હોવાનું અને સત્ય

હકીકત જણાવવા માંગતા હોવાનું જણાઈ આવેલ. આરોપી નં.–(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓને સોગંધ ઉપર પ્રશ્નો પૂછવામાં આવેલ અને જે જવાબો તેઓએ આપેલ તે નોંધવામાં આવેલ. તા.૧૮/03/૨૦૨૧ના રોજ આંક–૬૭ વાળી અરજી સાથે બંધ કવરમાં આરોપી નં.–(૧)નું જે નિવેદન (આંક–૮૦) રજુ થયેલ હતું તે ધ્યાને લઈ તથા તેઓએ સોગંધ ઉપર આપેલ જવાબો તથા તપાસ કરનાર અમલદાર નાઓનો જવાબ ધ્યાને લઈ આરોપી નં.–(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસને માફી આપવા અંગેનો શરતી હુકમ કરવામાં આવેલ. આમ, આરોપી નં.–(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૦૭ અન્વયે ગુનાની માફી આંક–૬૭ વાળી અરજી ઉપર હુકમ કરીને આપવામાં આવેલી. વધુમાં આરોપી નં.–(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસે આંક–૬૭ની અરજીમાં જણાવેલ તમામ હકીકતો પુરેપુરી અને સાચી રીતે જણાવીશ તેવી પણ ખાતરી આપેલ અને માફીનો સ્વીકાર પોતાની સહીથી આંક–૧૪૩ વાળી બાહેધરી આપીને કરેલ હતો.

ક્રી.પ્રો.કોડ ક.–૩૦૭ની જોગવાઈ અનુસાર આરોપી નં.–(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસને ગુનાની માફી આપતો જે હુકમ કરેલ તે હુકમ આરોપી નં.–(૨)નાઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રીમીનલ રીવીઝન અરજી નં.–૨૯૯/૨૦૨૧ વાળી દાખલ કરી પડકારેલ. જે રીવીઝન અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટે રદ કરેલ.

વધુમાં, ફરિયાદપક્ષે પોતાના પુરાવા દરમ્યાન એપ્રુવર– ગુનાનો સાથીને ફરિયાદપક્ષ સાહેદ નં.–(૯) તરીકે તપાસેલ. એપ્રુવર ધ્વારા હુકમની શરતો તથા માંગેલ ગુનાની માફીની શરત મુજબ તથા આપેલ આંક–૧૪૩ વાળી બાહેંધરી અનુસાર સોગંદ ઉપર જુબાની આપેલ હોવાથી તેઓ વિરુધ્ધ ક્રી.પ્રો.કોડ ક.–૩૦૮ મુજબ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

બચાવપક્ષે સાહેદો તપાસ્યા બાદ એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ નં.–(૯), ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસે માફીની શરતો ભંગ કર્યા હોવા બાબતે ક્રી.પ્રો.કોડ

કલમ–૩૦૮ મુજબની કાર્યવાહી કરવા આંક–૭૮૨ વાળી અરજી આપેલ જે અરજી આપેલ જે નામંજૂર કરવામાં આવતા તે હુકમ વિરુધ્ધ આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રી.રીવીઝન અરજી નં.–૧૨૧૫/૨૦૨૩ ની કરેલી હતી જે વિડ્રો કરવામાં આવેલી.

(૫) આરોપીઓ વિરુધ્ધ આંક–૫૯થી ફરમાવવામાં આવેલ તહોમતનામાંની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે **FORM–C–એ** મુજબના સાહેદોને તપાસેલ છે તથા **FORM–C–એ/૧** મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

(૬) વધુમાં, બચાવપક્ષે પણ ફરિયાદપક્ષ સાહેદોની જુબાનીમાં **FORM–C–બી/૧** મુજબના દસ્તાવેજી પુરાવા બતાવેલ છે અને આંકે પડાવેલ છે.

(૭) સદર કામે ફરિયાદપક્ષ તરફે ખાસ સરકારી વકીલશ્રી ધ્વારા તા.૧૭/૦૩/૨૦૨૩ના રોજ ચાર્જશીટમાં દર્શાવેલ જે સાહેદોને તપાસવા માંગતા ન હતા તે સાહેદોને કેમ તપાસવા માંગતા નથી તે અંગેના વિગતવાર કારણો આપી સાહેદોને પડતા મુકવા એટલે કે ડ્રોપ કરવા અંગેની પુરસીસ ફરિયાદપક્ષે આંક–૬૨૧ વાળી રજુ કરેલ.

વધુમાં, ફરિયાદપક્ષે પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ આંક–૬૨૨ વાળી રજુ કરેલ. આમ, ફરિયાદપક્ષે તેમનો પુરાવો બંધ કરેલ.

(૮) ફરીયાદપક્ષે ઉપર મુજબના મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ તથા પુરાવો બંધ કરવાની પુરસીસ રજુ કર્યા બાદ આરોપી તેમની સામેના આક્ષેપો સબંધે તથા તેમની વિરુધ્ધના પુરાવા અંગે ખુલાસા કરી શકે તે માટે તેઓને પ્રશ્નો પૂછવા આવશ્યક હોવાથી આરોપીનો વિશેષ જવાબ ક્રી.પ્રો. કોડ કલમ–૩૧૩ અન્વયે તેમની પ્લી લગત નોંધેલ છે. વધુમાં, આરોપીએ તેમનો લેખિત વધારાનો જવાબ પણ રજુ કરેલ છે અને તેઓને કેસમાં ખોટા સંડોવવામાં આવે, વિગેરે જણાવેલ છે.

વધુમાં, આરોપીએ પોતે બચાવના સાહેદો તપાસવા માંગે છે તેવી આંક–૬૪૮, આંક–૬૪૯ તથા ત્યારબાદ આંક–૭૨૫ વાળી અરજીઓ આપેલ. જે અરજીઓમાં કેટલાક દસ્તાવેજો રજુ કરાવવા માટેના સાહેદોના નામ તથા તપાસવાના સાહેદોના નામ આપેલ. જે અરજીઓ ઉપર જરૂરી હુકમ કરવામાં આવેલ. જે હુકમ વિરુધ બચાવપક્ષ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમીનલ રીવીઝન અરજી નં.–૫૩૪/૨૦૨૩ તથા ક્રિમીનલ રીવીઝન અરજી નં.–૫૪૧/૨૦૨૩ દાખલ કરવામાં આવેલ. જે રીવીઝન અરજીઓ નામદાર ગુજરાત હાઈકોર્ટે હુકમ કરી નામંજૂર કરેલ. જે હુકમ આંક–૭૪૩ વાળા લીસ્ટથી રેકર્ડ ઉપર છે. આરોપીએ આ હુકમ વિરુધ્ધ નામદાર સુપ્રીમ કોર્ટમાં ડાયરી નં.–૩૭૪૨૮/૨૦૨૩ વાળી અરજી દાખલ કરેલ જે તા.૦૩/૧૦/૨૦૨૩ના રોજ નામંજૂર થયેલ.

આરોપીએ પોતાના બચાવમાં **FORM–C–બી ૧/૧** મુજબના સાહેદોને તપાસેલ છે. જે સિવાય બચાવપક્ષે સાહેદશ્રી જે.આર. મોથલીયાને આંક–૬૯૬ થી ડ્રોપ કરેલ છે તથા બચાવપક્ષ સાહેદ નં.–(૫) ધાસુરા મોટામિયા મલ્લુખાન તથા સાહેદ નં.–(૬) શેષકરણ પાબુદાન ગઢવી ગુજરી ગયેલ હોવા અંગે બચાવપક્ષે આંક–૬૫૬ થી જાહેરાત કરેલ છે.

વધુમાં, બચાવપક્ષે **FORM–C–બી/૧/૨** મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે. વધુમાં, બચાવપક્ષે આંક–૬૪૬થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરેલ. ત્યારબાદ બચાવપક્ષ ધ્વારા આંક–૬૫૧ વાળી અરજી આપી નિશાની–૬૪૬/૧ થી નિશાની–૬૪૬/૨૪ વાળા દસ્તાવેજો કે જેમાં પાલીના કેસ બાબતેના દસ્તાવેજો કોર્ટના રેકર્ડથી મેળવેલ નકલો પૈકીના દસ્તાવેજો હોવાથી જેને આંક પાડી પુરાવાની તુલનામાં વંચાણે લેવા અરજ કરેલ. વધુમાં, બચાવપક્ષે આંક–૬૬૪ વાળા લીસ્ટથી વધારાનો દસ્તાવેજ રજુ કરેલ તથા આંક–૬૬૫ વાળી અરજી આપી આંક–૬૪૬ થી રજુ કરેલ દસ્તાવેજ આંકે પાડવા અરજ કરેલ. જે આંક–૬૫૧ તથા આંક–૬૬૫ ઉપર હુકમ કરેલ અને આંકે પાડેલ

દસ્તાવેજો કેસની હકીકતો સાથે તથા રજુ થયેલા પુરાવા સાથે તેની સ્વીકૃતતા અને ગ્રાહ્યતા ગણાય કે કેમ તે અદાલતે નક્કી કરવાનું છે તેમ ઠરાવેલ. આંક–૬૫૧ તથા આંક–૬૬૫ ઉપર હુકમ કરી બચાવપક્ષે રજુ કરેલ આંકે પાડવામાં આવેલ દસ્તાવેજી પુરાવા **FORM–C–બી/૧/૧** મુજબના છે.

(૯) વધુમાં, બચાવપક્ષનો પુરાવો પૂર્ણ થતા ફરિયાદપક્ષ તરફે વિદ્વાન ખાસ સરકારી વકીલશ્રી એમ.આર.અમીન તથા અમીત એમ. પટેલ દ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે અને ઓથોરીટીસ રજુ કરવામાં આવેલ છે. ફરિયાદપક્ષે પોતાની મુખ્યત્વે દલીલો હેડ વાઈઝ કરેલ છે અને પોતાનો કેસ પુરવાર થયેલ હોવાનું અને સાહેદો માની શકાય તેવા સાહેદો હોવાનું અને સાહેદોને ન માનવાના કોઈ કારણો નથી એવી દલીલ કરેલ. ફરિયાદપક્ષે હેડ વાઈઝ દલીલ કરેલ તેની વિગત નીચે મુજબ છે.

(૯.૧) ફરિયાદપક્ષે એવી દલીલ કરેલ છે કે, તા.૩૦/૪/૧૯૯૬ના રોજ દાખલ થયેલ ફરીયાદ મુજબના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, પાલનપુર શહેર પો.સ્ટે.માં પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૯૬, એન.ડી.પી.એસ.એક્ટની કલમ–૧૭ મુજબ દાખલ થયેલ ગુનાની ફરિયાદ મુજબ, તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ પાલનપુર જીલ્લા પોલીસ કન્ટ્રોલરૂમમાં એક નનામી વ્યકિતએ ફોનથી જણાવેલ છે કે, સુમેરસિંહ રાજપુરોહીત અફીણનો ધંધો કરે છે. ગઈકાલે પાંચ કિલો અફીણ લઈ, પાલનપુર હોટલ લાજવંતીમાં રોકાયેલ છે. અફીણની ડીલીવરી પાલનપુરમાં આપવાનો છે. આવી લેખિત વર્ધી આરોપી નં.(૧) ઈન્દ્રવદન વ્યાસને કંટ્રોલરૂમ પાલનપુર તરફથી મળતાં તા.૩૦/૦૪/૧૯૯૬ની સદર વર્ધી આધારે આરોપી ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસે એલ.સી.બી. પાલનપુરના પો.સ.ઈ. શ્રી પી.જે. ચૌધરી તથા પો.સ.ઈ.શ્રી આર.પી.પટેલ તથા એલ.સી.બી. પાલનપુરના પોલીસ કર્મચારીઓ કે જેમાં અ.પો.કોન્સ. પ્રવિણચંદ્ર હરીલાલનાઓ પણ હતા તેઓએ વિશ્રામગૃહ પાલનપુર ખાતે બોલાવી કંટ્રોલરૂમની ટેલીફોન વર્ધીથી વાકેફ કરેલ અને ત્યારબાદ બાતમીવાળી જગ્યાએ રેઈડમાં જવા કલાક–૦૭/૧૦ વાગે

વિશ્રામગૃહથી પોલીસ વાહનોમાં રવાના થઇ ડીસા–પાલનપુર હાઇવે સર્કલ ઉપર આવી બે પંચોને સાથે લઇ, હોટલ લાજવંતી ખાતે આવી, હોટલ લાજવંતીના કાઉન્ટર પર અશોકકુમાર શાંતિલાલ ગુપ્તાને કંટ્રોલરૂમની વર્ધીથી વાકેફ કરી, મુસાફરોનું રજીસ્ટર ચેક કરતાં સુમેરસિંહ, ઉ.વ.૩૮, રહે.વર્ધમાન માર્કેટવાળો, પાલીનાનો તા.૨૯/૦૪/૧૯૯૬ના કલાક ૨૧/૪૦ વાગે રૂમ નં.૩૦૫ માં ઉતરેલ હોય, રૂમ નં.૩૦૫ માં રેઇડ કરવા અશોક ગુપ્તા સાથે જઇ, સદર રૂમની ઝડતી તપાસ કરતાં પલંગના ગાદલા નીચેથી એક કપડાનો બગલ થેલો મળી આવેલ. જેમાંથી કઠણ આછો પોચા કાળા કલરનો પદાર્થ મળી આવેલ. જે ફરીયાદી તથા રેઇડીંગ પાર્ટી તથા પંચોના માણસોને સુંઘી સુંઘાડી જોતાં માદક પદાર્થ અફીણની તીવ્ર વાસ આવતી હોય, સદર માદક પદાર્થનું વજન એક વેપારીને બોલાવી કરાવતાં, સદર માદક પદાર્થ અફીણનું વજન ૦૧–કિલો,૧૫–ગ્રામ થયેલ. જેની કિંમત રૂ.૮,૧૨૦/– ની ગણી આ ગુન્હાના કામે કબજે કરેલ અને આ ગુન્હાના કામે આરોપી સુમેરસિંહ રાજપુરોહીત ઉ.વ.૩૮, રહે.વર્ધમાન માર્કેટ, પાલી, રાજસ્થાનનાનો પોલીસ રેઇડની જાણ થતાં નાસી ગયેલ તેવા કારણે તત્કાલીન એલ.સી.બી. પી.આઇ. આરોપી આઇ.બી.વ્યાસે શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલ.

ત્યારબાદ, ગુનાની તપાસ જે– તે સમયના પી.આઈ, ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસે સંભાળેલ. આ ગુન્હાના કામે તા.૦૨/૦૫/૧૯૯૬ના રોજ આરોપી સંજીવભટ્ટની સુચનાથી પાલી, રાજસ્થાન તપાસમા જઇ મધ્યરાત્રીએ સુમેરસિંહ રાજપુરોહીતનાઓને ઘરેથી લઇ પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગયેલા અને ત્યાંથી ડી.એસ.પી. સંજીવ ભટ્ટનાઓને ફોન કરેલ અને સંજીવ ભટ્ટે વાતચીત કરેલ. ત્યારબાદ, સુમેરસિંહને પુછપરછના કામે લઇ જવાનો રીપોર્ટ આપી પાલનપુર આવેલા અને તા.૦૩/૦૫/૯૬ના રોજ કલાક–૧૩/૩૦ વાગ્યે સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહીતની ધરપકડ કરેલ અને સુમેરસિંહ રાજપુરોહિતને તારીખ–૦૪/૫/૧૯૯૬ના રોજ નામદાર કોર્ટમાં રજુ કરી, દિન–૧૪ના રીમાન્ડની માંગણી કરેલ. નામદાર કોર્ટે સુમેરસિંહને તા.૧૦/૦૫/૧૯૯૬ સુધી

પોલીસ રીમાન્ડ પર સોંપેલ. સુમેરસિંહ રાજપુરોહિતની એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ પાલનપુર સમક્ષ ઓળખપરેડ કરાવવામાં આવેલ, સાહેદોએ સુમેરસિંહને ઓળખેલ નહી. એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂની ઓળખપરેડ થઇ ગયા બાદ સુમેરસિંહ રાજપુરોહીતની ઓળખ અંગે પોતાની રૂબરૂ બીજુ પંચનામું કરેલ. જે આધારે એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ ૮ યાસે સુમેરસિંહ રાજપુરોહિતને છોડી દેવા CRPC ક.–૧૬૯ નો રીપોર્ટ તૈયાર કરી, તા.૦૬/૦૫/૯૬ ના રોજ નામદાર કોર્ટમાં મોકલી આપેલ. ત્યારબાદ એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસે તપાસ દરમ્યાન તા.૦૮/૦૫/૯૬ના રોજ સુમેરસિંહ રાજપુરોહિતના નામથી કોઈએ હોટલ લાજવંતીમાં રૂમ નં.૩૦૫ બુક કરાવી સુમેરસિંહ રાજપુરોહિતને ફસાવવા માટે તેમની ખોટી સહી કરી, અફીણ મુકી ષડયંત્ર રચેલ હોવા અંગે આ ગુન્હાના કામે એન.ડી. પી.એસ. એક્ટની કલમ–૫૮(૨) નો ઉમેરો કરવા નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલો. બાદ આ ગુન્હાના કામે વધુ તપાસ વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી પાલનપુર તથા ડી.વાય.એસ.પી. શ્રી એસ. બી.પટેલ તથા ડી.વાય.એસ.પી. શ્રી જે.આર.મોથલીયા બનાસકાંઠા જીલ્લાના અધિકારીશ્રીઓએ કરેલી અને આ ગુન્હાના કામે ડી.વાય.એસ.પી.શ્રી જે.આર.મોથલીયાનાઓએ તા.૨૮/૨/૨૦૦૦ના રોજ વર્ગ–અ પડત સમરી ભરેલી.

**(૯.૨)** ફરિયાદપક્ષની વધુમાં એવી દલીલ છે કે, પાલનપુર શહેર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૧૯૯૬ના સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં આર/સ્પેશીયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૧૦૭૯/૧૯૯૮ તથા આર/સ્પેશીયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૬૮૦/૧૯૯૯ દાખલ થયેલ હતી. જે કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૦૩/૦૪/૨૦૧૮ના રોજ હુકમ કરેલ. જે આ કામે આંક–૬૧૩ વાળા લીસ્ટથી રજુ છે. જે હુકમમા નામદાર ગુજરાત હાઈકોર્ટે તપાસ અંગેની જુદી–જુદી હકીકતો નોંધ્યા બાદ જુદા–જુદા અવલોકનો કરેલ. નામદાર ગુજરાત હાઈકોર્ટે કેસનો ક્રમ ખરેખર આઘાતજનક હોવાનું નોધેલ. વધુમાં, પાલનપુર શહેર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૧૯૯૬ ના ગુનાની નિર્ણાયક એવી કોઈ તપાસ થયેલ

નથી તેવા જુદા–જુદા અવલોકનો કરી આ ગુનાની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમ, ગુજરાત રાજ્યને સોંપેલ. નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અનુસાર એક ખાસ તપાસદળની રચના કરવામાં આવેલી હતી. ત્યારબાદ ખાસ તપાસદળ ધ્વારા આ ગુનાની તપાસ કરવામાં આવેલ. સી.આઈ.ડી. ક્રાઈમ,ગાંધીનગરના પોલીસ અધિક્ષક વહીવટના, શ્રી વીરેન્દ્રસિંહ યાદવનાઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ બાદ આ ગુનાની તપાસ કરેલ અને આરોપીઓ નામે (૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ, તત્કાલીન પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. બનાસકાંઠા તથા (૨) આરોપી સંજીવ રાજેન્દ્ર ભટ્ટ, તત્કાલીન પોલીસ અધિક્ષક, જીલ્લો બનાસકાંઠાનાઓની ઉપરોક્ત ગુનાના કામે અટક કરેલ અને તપાસના અંતે બંને આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૧૨૦(બી), ૧૧૬, ૧૧૯, ૧૬૭, ૨૦૪, ૩૪૨ તથા એન.ડી.પી.એસ. એકટની કલમ–૧૮, ૧૯, ૨૯, ૫૮(૨), ૫૯(૨)(બી) મુજબના ગુનાઓનુ ચાર્જશીટ ખાસ અદાલત, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, બનાસકાંઠાનાઓ સમક્ષ રજુ થયેલ જે સ્પેશિયલ એન.ડી.પી.એસ. કેસ નં.–૩/૨૦૧૮ થી નોંધાયેલ.

**(૯.૩)** આંક–૫૯ થી જે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે સાબિત કરવા ફરિયાદપક્ષે આંક–૨૫ વાળું લીસ્ટ રજુ કરેલ અને જરૂર પડે અન્ય દસ્તાવેજો પણ રજુ કરેલ.

**(૯.૪)** ફરિયાદપક્ષે તહોમતદાર વિરુધ્ધનો કેસ સાબિત કરવા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧ થી ફરીયાદપક્ષ સાહેદ નં.–૧૯ ને તપાસેલ છે તથા સાહેદોની સરતપાસ દરમ્યાન ફરિયાદપક્ષના સમર્થનમાં વિગતે જણાવેલ દસ્તાવેજો રજુ કરેલ છે. તેમજ બચાવપક્ષે પણ ફરિયાદપક્ષના સાહેદોની ઉલટતપાસ દરમ્યાન જુદા જુદા દસ્તાવેજો ઉપર આધાર રાખેલ અને ફરિયાદપક્ષ સાહેદોની ઉલટતપાસ દરમ્યાન રજુ કરેલ તેમ જણાવી વધુમાં, ફરિયાદપક્ષે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧ થી ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯ મારફત તથા સાહેદોની જુબાનીમાં જે દસ્તાવેજો રજુ

કરેલ તે દસ્તાવેજો પુરવાર કરીને તહોમતદાર વિરુધ્ધનો પોતાનો કેસ પુરવાર કરેલ છે, તેવી દલીલ કરેલ છે.

(૯.૫) ફરીયાદપક્ષે એવી દલીલ કરેલ છે કે, આરોપીઓ વિરુધ્ધનો ફરિયાદપક્ષ સાહેદોના પુરાવા મુજબનો કેસ એવો છે કે, આરોપી સંજીવ ભટ્ટનાઓ તા.૧૩/૧૦/૧૯૯૫ થી તા.૧૮/૦૬/૧૯૯૬ સુધીના સમયગાળા દરમ્યાન બનાસકાંઠા જીલ્લાના પોલીસ અધિક્ષક (IPS) તરીકે ફરજ બજાવતાં હતા. વધુમાં એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓ તા.0૨/0૨/૧૯૯૬થી તા.0૨/0૨/૧૯૯૭ સુધીના સમયગાળા દરમ્યાન બનાસકાંઠા જીલ્લાના લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા. આરોપી સંજીવ ભટ્ટ તથા એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ (ફરિયાદપક્ષ સાહેદ નં.-૯) રાજય સેવક તરીકે ગૃહ વિભાગની નીચે ફરજ બજાવતા હતા. આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટ કે જેઓ જીલ્લા પોલીસ અધિકારી/અધિક્ષક તરીકે ફરજ બજાવતા હતા તેમના તાબામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ હતી, જે લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓ આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટના તાબા નીચેના અધિકારી હતા.

આરોપી નં.-(૨) નાઓએ તથા એપ્રુવરનાઓએ પોલીસ અધિકારીઓ તરીકે તેઓની ફરજના સમયગાળામાં તા.૨૯/૦૪/૧૯૯૬ અગાઉના કોઈપણ સમયે સાહેદ સુમેરસિંહ રાજપુરોહીત કે જેઓ રાજસ્થાનમાં એડવોકેટ તરીકેનો વ્યવસાય કરતા હતા, તેઓને નાર્કોટીકસના ગુનામાં સંડોવવાનું ગુનાહિત કાવતરુ રચેલ. આ ગુનાહિત કાવતરુ પાર પાડવાના ઈરાદાથી તથા માદક પદાર્થ અફીણ મુકીને ખોટો કેસ ઉભો કરવા આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટનાઓએ માદક પદાર્થ અફીણની ખરીદી કરવા સારુ મરણજનાર આરોપી માલાભાઈ જોઈતાભાઈ કરમટીયા (રબારી) કે જેઓ એલ.સી.બી. કચેરીમાં આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટ તથા એપ્રુવરનાઓના તાબામાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ

બજાવતા હતા તેઓને તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ અફીણ ખરીદ કરીને લાવવાનું કહીને રૂા.૨૦,૦૦૦/- આપેલ. ત્યારબાદ આ કાવતરાના ભાગરુપે મરણજનાર આરોપી માલાભાઈ જોઈતાભાઈ કરમટીયા (રબારી)નાઓએ ગેરકાયદેસર રીતે રૂા.૨૦,૦૦૦/-નું માદક પદાર્થ અફીણ, આરોપી નં.-(૨)નાઓની સુચના મુજબ તથા સંજીવ ભટ્ટે જણાવેલ શેરપુરા ઢાણી મુકામેથી ખરીદ કરેલ અને તે ખરીદ કરેલ અફીણનું પેકેટ મરણજનાર આરોપી માલાભાઈ જોઈતાભાઈ કરમટીયા (રબારી)નાઓએ પ્રથમ એલ.સી.બી. ઓફીસે લાવીને કબાટમાં મુકેલ અને ત્યારબાદ સાહેદ આર.પી.પટેલની સાથે લઈને આરોપી નં.-(૨)નાઓની સુચના મુજબ તા.૩૦/૦૪/૧૯૯૬ના આગળના દિવસે એટલે કે તા.૨૯/૦૪/૧૯૯૬ના સાંજના સાડા છ વાગ્યાના સુમારે આરોપી નં.-(૨)નાઓના બંગલે જઈને આરોપી નં.-(૨)ને તે અફીણનું આશરે એક કીલો જેટલા વજનનું પેકેટ આપેલ. જે સમયે આરોપી સંજીવ ભટ્ટનાઓએ માલાભાઈ રબારીને વેરી ગુડ માલાભાઈ કહી, આ પેકેટ એક જગ્યાએ મુકવાનું છે તેવુ કહેલ.

આ માદક પદાર્થ અફીણને મરણ જનાર આરોપી માલાભાઈ રબારી પાસેથી મેળવી તેને આરોપી નં.-(૨) પોતાના કબજામા સાહેદ સુમેરસિંહ રાજપુરોહીત વિરુધ્ધ ગુનાહિત કાવતરાના ભાગરુપે ખોટો નાર્કોટીકસનો કેસ ઉભો કરવા માટે અને તેને પ્લાન્ટ કરવાના બદઈરાદે રાખેલ હતુ.

વધુમાં તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ સાંજના આરોપી નં.-(૨) શ્રી ભટ્ટે એપ્રુવરને તેમની ચેમ્બરમાં બોલાવેલ અને એપ્રુવર તેમની ચેમ્બરમાં ગયેલ ત્યારે આરોપી નં.-(૨)નાએ તેમને સુચના આપેલ કે, ‘આવતીકાલે સવારે એન.ડી.પી.એસ. ને લગતી હકીકત મળી શકે છે, તમે તમારા સ્ટાફને તૈયાર રાખજો’. વધુમાં તે જ દિવસે રાત્રીના આશરે આઠ વાગ્યાની આસપાસ આરોપી નં.-(૨)નાએ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને તેઓના બંગલે બોલાવેલ જયારે એપ્રુવર તેઓના બંગલે ગયેલ ત્યારે મરણ જનાર આરોપી પોલીસ કોન્સ્ટેબલ માલાભાઈ રબારી હાજર હતા અને આરોપી નં.-(૨) નાએ એપ્રુવરને કહેલ કે એક

માણસ બદમાશ છે તેને સીધો કરવાનો છે અને મેં તમને એલ.સી.બી. માં રાખ્યા છે એટલે તમારે મારુ કામ કરવાનુ છે અને તેના ઉપર અફીણનો કેસ કરવાનો છે. જેથી તે સમયે એપ્રુવરે આરોપી નં.–(૨)નાએ કહેલ કે અફીણ તો હું કયાંથી લાવુ અને આવુ હું કેવી રીતે કરી શકુ. ત્યારે આરોપી ભટ્ટે કહેલ કે, 'અફીણ માલાભાઈ લઈને આવેલ છે અને તે અફીણ માલાભાઈ હોટલમાં મુકી દેશે. તમારે તો ફકત કાલે સવારે કન્ટ્રોલરુમની વર્ધી આધારે કાયદેસર કાર્યવાહી કરવાની છે'. વધુમાં આ સમયે આરોપી નં.–(૨)નાએ માલાભાઈને અફીણ મુકવા માટે કહેલ હતુ.

તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ વહેલી સવારે આશરે ૫.૩૦ કલાકે આરોપી નં.–(૨) ભટ્ટે વિશ્રામગૃહના લેન્ડલાઈન ફોન ઉપર કે જે વિશ્રામગૃહમાં એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસ રહેતા હતા ત્યાં ફોન કરી એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને કહેલ કે, 'હોટલ લાજવન્તીના રુમ નં.૩૦૫ના પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે'. વધુમાં એવુ પણ કહેલ કે થોડીવારમાં તમને કન્ટ્રોલ રુમ તરફથી વર્ધિ મળશે તમે તમારા સ્ટાફને તાત્કાલીક બોલાવી દો અને હોટલ લાજવંતીમાં જઈને રેડ કરો અને કાયદેસરની કાર્યવાહી કરો. આમ કાવતરાના ભાગરુપે સુમેરસીંહ ચીમનસીંહ રાજપુરોહીતનાઓ વિરુધ્ધ ખોટો કેસ ઉભો કરવા માટે અને ખોટો પુરાવો ઉભો કરવાના બદઈરાદે આરોપી નં.–(૨)નાઓના જણાવ્યા મુજબની એક વર્ધિ પાલનપુર પોલીસ કન્ટ્રોલ રુમમાં આવેલ હતી. જે એવી હતી કે **"પાલી (રાજસ્થાન)થી એક નનામી વ્યકિતએ વર્ધિ આપેલ કે સુમેરસીંહ રાજપુરોહીત અફીણનો ધંધો કરે છે ગઈ કાલે પાંચ કીલો અફીણ લઈ પાલનપુર હોટલ લાજવંતીમાં રોકાયેલ છે, અફીણની ડીલીવરી પાલનપુરમાં આપવાની છે."** આમ આ વર્ધિ આરોપી નં.(૨)નાઓએ ઉભી કરાવેલ હતી. વધુમાં સાહેદ સુમેરસીંહ રાજપુરોહીતનાઓ હોટલ લાજવંતીમાં તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ રોકાયેલ ન હોવાછતાં તેમજ સુમેરસીંહ રાજપુરોહીત આ દિવસે રાજસ્થાન પાલી મુકામે હોવા છતાં તથા હોટલ લાજવંતીના રજીસ્ટરમાં સાહેદ સુમેરસીંહ નાઓએ કોઈ એન્ટ્રી કરેલ ન હોવા છતાં અને જે તે એન્ટ્રીમાં સહી કરેલ ન હોવા છતાં તેમની વિરુધ્ધ નાર્કોટીકસનો ખોટો કેસ ઉભો કરવાના કાવતરાના ભાગરૂપે, જાણે હોટલ

લાજવંતીના રુમ નં.૩૦૫માં સુમેરસીંહ રાજપુરોહીતનાઓ રોકાયે, હોય તેવી રીતે હોટલ લાજવંતીના હોટલ રજીસ્ટરમાં સુમેરસીંહ રાજપુરોહીતના નામ, સરનામાવાળુ ખોટુ અને બનાવટી લખાણ તથા ખોટી સહી આરોપી નં.–(૨) એ કાવતરાના ભાગરુપે ઉભી કરાવેલ. આ હોટલના રજીસ્ટરમાં આવુ ખોટુ અને બનાવટી લખાણ અને ખોટી સહી ઉભી કરતા કરાવતા સમયે આરોપી નં.–(૨) એ હકીકત જાણતા અને માનતા હતા કે હોટલમાં સુમેરસીંહ રાજપુરોહીત રોકાયેલ નથી અને હોટલ લાજવંતીના હોટલ રજીસ્ટરમાં સુમેરસીંહ રાજપુરોહીતે એન્ટ્રી કરેલ નથી કે સહી કરેલ નથી.

વધુમાં આરોપી નં.–(૨)નાઓએ કાવતરાના ભાગરુપે મરણજનાર આરોપી માલાભાઈ રબારીનાઓ પાસેથી જે માદક પદાર્થ અફીણ ખરીદ કરાવેલ અને પોતાના કબજામાં રાખેલ તે અફીણનો આશરે એક કીલો જેટલો જથ્થો સાહેદ સુમેરસીંહ રાજપુરોહીત વિરુધ્ધ નાર્કોટીકસનો ખોટો કેસ ઉભો કરવા કરાવવા માટે હોટલ લાજવંતીના રુમ નં.૩૦૫ના પલંગના ગાદલા નીચે તા.૨૯/૦૪/૧૯૯૬ની રાતથી સવાર સુધી કોઈપણ સમયે મુકેલ અગર મુકાવડાવેલ.

વધુમાં, આરોપી નં.–(૨) એ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને તા.૩૦/૦૪/૧૯૯૬ ના રોજ ફોનથી, હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ ના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે થોડીવારમાં તમને કંટ્રોલરૂમથી વર્ધી મળશે, તમે તમારા સ્ટાફને તાત્કાલીક બોલાવી દો અને હોટલ લાજવન્તીમાં જઈને રેઈડ કરો અને કાયદેસરની કાર્યવાહી કરો તેમ જણાવેલ હોવાથી શ્રી વ્યાસે હેડક્વાટર ફોન કરી એલ.સી.બીના પો.સ.ઈ.ને મોકલવા જણાવેલ.

આમ, આરોપી નં.–(૨)નો ઈરાદો આ માદક પદાર્થ અફીણનો જથ્થો હોટલ લાજવંતીના રુમ નં.૩૦૫માં સુમેરસીંહ રાજપુરોહીત અફીણ લઈ રોકાયેલ હોવાનું દર્શાવી અફીણને કબજે કરી ખોટો કેસ કરવાનો હતો.

વધુમાં, આરોપી નં.–(૨) નાઓએ કાવતરાના ભાગરુપે એપ્રુવરને કન્ટ્રોલ રુમ તરફથી વર્ધિ મળશે એવુ જણાવ્યા બાદ કન્ટ્રોલ રુમમાં આવેલ હોય તેવી એક ખોટી માહિતી કન્ટ્રોલ રુમને આપેલ/અપાવેલ અને તેવી તે માહિતી ખોટી હોવાનું જાણતા હોવા છતાં એસ.પી. સાહેબ તરફથી બાતમી મળી છે, જેથી રેઈડ કરવા રવાના થવાનું છે તેવી માહિતી એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓએ આરોપી નં.–(૨)ની સુચનાથી આપેલ. જેથી વહેલી સવારે એલસીબી શાખાના કેટલાક કર્મચારી સરકારી વાહનમાં વિશ્રામગૃહ ગયેલ. આમ ખોટી વર્ધિ તથા ખોટી માહિતી પોલીસ અધિકારી તથા કર્મચારીઓને આપવામાં આવેલ. આમ, વર્ધિનો ખોટો દસ્તાવેજ આરોપી નં.–(૨)નાઓએ તૈયાર કરેલ/કરાવેલ અને તેમની સુચના મુજબ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓએ ખોટી માહિતી પોલીસ સ્ટાફ તથા સાહેદોને આપેલ.

વધુમાં કાવતરાના ભાગરુપે સુમેરસીંહ રાજપુરોહીતનાઓ વિરુધ્ધ નાર્કોટીકસનો ખોટો કેસ કરવામાં આવી રહયો હોવાનું બહાર ન આવે તેવા બદઈરાદે આરોપી નં.–(૨) નાઓએ જાણે ઈન્દ્રવદન વ્યાસ–એપ્રુવર પાસે કાયદેસરની કાર્યવાહી કરાવી રહયા છે તેવુ બતાવવા તેમના મારફત હાજર પોલીસ સ્ટાફને ખોટી બાતમીની હકીકતોની માહિતી સાચા તરીકે આપીને હોટલ લાજવંતીમાં તપાસ કરવાની છે તેવી રીતે માહિતગાર કરાવેલા અને એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓએ તે સમયે તેઓના તાબા હેઠળના પોલીસ અધિકારી કર્મચારીઓને ખોટી હકીકત જણાવી, ખોટી વર્ધિનો આધાર લઈ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસ તથા આરોપી નં.–(૨)નાઓએ પોતે પોતાની ફરજનો ભાગ ન હોય તેવા કૃત્યો જાણે ફરજ બજાવતા હોય તેવી રીતે કરેલ.

વધુમાં એપ્રુવરે ગેરકાયદેસરના કૃત્યો આરોપી નં.–(૨)ની સુચના મુજબ, અન્ય પોલીસ કર્મચારીઓ તથા પંચોને સાથે રાખીને કાયદેસર કૃત્ય કરેલ હોય તેવુ દેખાય તેવી રીતે હોટલ લાજવન્તી ખાતે જઈ તે હોટલનું રજીસ્ટર ચેક કરેલ તથા રુમ નં.૩૦૫ માં પ્રવેશ કરેલ જે સમયે પણ રુમ નં.૩૦૫ ખુલ્લો હતો તથા તે

રુમમાં કોઈ મુસાફર ઉતરી રોકાયેલ હોય તેવા કોઈ નિશાન કે ચિન્હો જોવામાં આવેલ ન હોવાછતાં હોટલ લાજવન્તીના રુમ નં.૩૦૫માં પ્રવેશ કર્યા પછી પલંગના ગાદલા નીચેથી આરોપી સંજીવ ભટ્ટે આપે, સુચના/બાતમી મુજબ રુમ નં.૩૦૫નું પલંગનું ગાદલુ ઉંચુ કરી તેની નીચેથી કપડાના બગલ થેલામાંથી એક લુંગીમાં વીટાડેલ મીણીયાની જાંબુડી કલરની થેલી મળતા તે ખોલી જોયેલ જેમાં કાળો પદાર્થ હતો અને અફીણની વાસ આવતી હતી જે પદાર્થ અફીણ હોવાની તેઓએ સુંઘીને ખાતરી પણ કરેલ.

વધુમાં, જે–તે સમયે સાથેના પોલીસ કર્મચારી અધિકારીઓએ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને કંઈ ખોટુ થતુ હોય તેવુ લાગે છે તમે એસ.પી. સાહેબને વાતચીત કરો તેવુ જણાવેલ. જેથી એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે તે સમયે હોટલના કાઉન્ટર ઉપર જઈ આરોપી નં.–(૨) ના નિવાસસ્થાને ફોન કરી આરોપી સંજીવ ભટ્ટને જણાવેલ કે, મેં હોટલ લાજવન્તીમાં રુમ નં.૩૦૫ માં રેઈડ કરેલ અને આપની બાતમી મુજબ રુમ નં.૩૦૫માં પલંગના ગાદલા નીચેથી અફીણ મળેલ છે પણ રુમમાં કોઈ વ્યકિત રોકાયેલ હોય તેવુ જણાતુ નથી અને સાથેના પોલીસ અધિકારી, કર્મચારી મને કહે છે કે કંઈ ખોટુ થઈ રહયુ છે સાહેબ થોડી તકલીફ તો છે. આમ છતાં આરોપી નં.–(૨) એ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને તમારે ચિંતા કરવાની નહીં તમે પોલીસ કન્ટ્રોલની વર્ધિ આધારે કાયદેસર કાર્યવાહી કરો અને તપાસ પણ તમે સંભાળી લો. આમ, આવો હુકમ નં.–(૨) એ કરતા, એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે હોટલના રુમ નં.૩૦૫ના ગાદલા નીચેથી કાઢેલ એક કીલો પંદર ગ્રામ જેટલા અફીણમાંથી સેમ્પલ કાઢી તે સેમ્પલ તથા મુદ્દામાલને સીલ કરેલ અને તે સમયે પંચો રુબરુ આવી તમામ કાર્યવાહી કરેલ હોય તેવુ દર્શાવતો પંચનામાનો દસ્તાવેજ પણ આરોપી નં.–(૨)ની કાયદેસરની કાર્યવાહી કરવાની સુચના મુજબ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓએ તૈયાર કરેલ અને તેવા ઉભા કરેલ પંચનામામાં તથા મુદ્દામાલ અને મુદ્દામાલ સેમ્પલ સાથે રાખવાની સ્લીપોમાં પણ પંચોની સહીઓ કરાવેલ અને તેવી પંચ સ્લીપોનો ઉપયોગ મુદ્દામાલ સેમ્પલ તથા બચેલ મુદ્દામાલને સીલ કરવા માટે કરેલ. જે પંચનામા સમયે પંચો રુબરુ

કાયદેસર કાર્યવાહી કરેલ ન હોવાછતાં પંચનામાની કાર્યવાહી પંચો રુબરુ કરેલ હોવાનુ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ દર્શાવેલ.

આમ, એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે પંચનામુ કેટલીક ખોટી હકીકતો જોડીને તૈયાર કરી અને તેવા પંચનામાનો આધાર લઈ હોટલ લાજવન્તીના રુમ નં.૩૦૫માં સુમેરસીંહ રાજપુરોહીત નામનો ઈસમ રોકાયેલ તેવુ દર્શાવેલ હોટલ રજીસ્ટર કબજે કરેલ અને આરોપી નં.-(૨)ની કાયદેસર કાર્યવાહી કરવાની તેવી સુચના અનુસાર તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ સુમેરસીંહ રાજપુરોહીત, ઉં.વ.૩૮, રહે.વર્ધમાન માર્કેટ, પાલી, રાજસ્થાન નાઓ વિરુધ્ધ એક ખોટી ફરીયાદ આપેલ અને તે ફરીયાદની તપાસ એપ્રુવર ઇન્દ્રવદન વ્યાસે આરોપી નં.-(૨)ની સુચના/હુકમ મુજબ જાતે સંભાળેલ અને તેવી ખોટી ફરીયાદના આધારે તથા ખોટા પંચનામાના આધારે તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ પાલનપુર શહેર પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.ને ગુનો દાખલ કરવા રીપોર્ટ સાથે મોકલી આપેલ. જે રીપોર્ટ સાથે ઉભી કરેલ ફરીયાદ તથા કેટલીક ખોટી હકીકતોવાળુ પંચનામુ તેમજ એફ.એસ.એલ.ને મુદ્દામાલ મોકલવા માટેની રવાનગી નોંધ અને સીલબંધ અફીણ તથા સેમ્પલ સહિતનો મુદ્દામાલ મોકલેલ હતો. જેને આધારે પાલનપુર શહેર પોલીસ સ્ટેશનમાં સુમેરસીંહ રાજપુરોહીત વિરુધ્ધ પાલનપુર શહેર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજીસ્ટર નં.૨૧૬/૧૯૯૬થી ગુનો નોંધાયેલ.

પી.એસ.ઓ. તરફ એપ્રુવરે જે ગુનો નોંધવા અંગેનો રીપોર્ટ મોકલી આપેલ તેની સાથે ૨૦ ગ્રામ અફીણ સીલબંધ હાલતમાં અને મુદ્દામાલ ૯૯૫ ગ્રામ બચેલ અફીણ સીલબંધ હાલતમાં તથા કપડાનો બગલ થેલો, રજીસ્ટર, પ્લાસ્ટીકની થેલી જેવો જે મુદ્દામાલ સામેલ હતો4 તે મુદ્દામાલ પી.એસ.ઓ.એ મુદ્દામાલ, રાઈટર હેડને ગુનો દાખ, કર્યા બાદ સોંપેલો હતો. સુમેરસીંહ રાજપુરોહીત વિરુધ્ધ પાલનપુર શહેર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજીસ્ટર નં.૨૧૬/૯૬ વાળા ગુનાની નોંધ એપ્રુવર એલ.સી.બી. પી.આઈ.શ્રી ઈન્દ્રવદન વ્યાસના રીપોર્ટ આધારે સ્ટેશન ડાયરીમાં પણ કરવામાં આવેલ.

વધુમાં આ મુદ્દામાલ અફીણ સેમ્પલ તા.૦૧/૦૫/૧૯૯૬ ના રોજ રવાનગી નોંધ સાથે રાઈટર હેડ દ્વારા એફ.એસ.એલ. અમદાવાદમાં મોકલવા સારુ પાલનપુર શહેર પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલને સોંપવામાં આવેલ અને જે સીલબંધ મુદ્દામાલ તથા રવાનગી નોંધ કે જેમાં મુદ્દામાલનું વર્ણન હતુ તેને અમદાવાદ એફ.એસ.એલ. કચેરીએ સોંપવામાં આવેલ અને જે એફ.એસ.એલ. કચેરીને મળેલ હોવા બાબતે એફ.એસ. એલ. કચેરી દ્વારા પહોંચ આપવામાં આવેલ. આમ જે અફીણ કબજે કરવામાં આવેલ તેમાંથી જે મુદ્દામાલ સેમ્પલ લેવામાં આવેલ હતુ તેને સીલ કરવામાં આવેલ હતુ અને તે જ મુદ્દામાલ સેમ્પલ સીલબંધ હાલતમાં પી.એસ.ઓ.ને સોંપવામાં આવેલ અને પી.એસ.ઓ. દ્વારા રાઈટર હેડને સોંપવામાં આવે, અને રાઈટર હેડ દ્વારા જે પોલીસ કોન્સ્ટેબલને સોંપવામાં આવે, તેઓએ એફ.એસ.એલ. કચેરીમાં સીલબંધ હાલતમાં જ સોંપેલ અને એફ. એસ.એલ. કચેરી દ્વારા સીલબંધ હાલતમાં સ્વીકારવામાં આવેલ.

વધુમાં તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ પોલીસ કન્ટ્રોલ રુમ પાલનપુરમાં જે વર્ધિ ઉભી કરી મોકલવામાં આવેલ તેમાં સુમેરસીંહ રાજપુરોહીતનું પુરુ નામ તથા રહેણાંકનુ સરનામુ ન હોવા છતાં તથા સુમેરસીંહ રાજપુરોહીતનું નામ અને સરનામુ તપાસ દરમ્યાન મળેલ ન હોવા છતાં કાવતરાના ભાગરુપે અને પોતાનો હેતુ પાર પાડવા આરોપી નં.-(૨)નાઓએ તા.૦૨/૦૫/૧૯૯૬ના રોજ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને તેમની ઓફીસમાં બોલાવી એવો મોખિક હુકમ કરેલ કે, તમે પાલી રાજસ્થાન જઈ તાત્કાલીક સુમેરસીંહ રાજપુરોહીતની ધરપકડ કરો. જે સમયે એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે આરોપી નં.-(૨) કહેલ કે સુમેરસીંહ રાજપુરોહીતને પકડવા માટેના પુરતા પુરાવા નથી અને ચુંટણી પછી પકડવા માટેની હું કાર્યવાહી કરીશ. તેવું કહેલ છતાં આરોપી નં.-(૨) એ, સુમેરસીંહ પહેલા પણ એ.ટી.એસ. માં પકડાયેલ છે અને પહેલાથી અફીણનો ધંધો કરે છે તેવી માહિતી મારી પાસે છે તેવુ પણ ખોટું જણાવેલ અને તેમ કહી આરોપી નં.-(૨) એ એપ્રુવર સુમેરસીંહનુ પુરેપુરુ નામ અને પુરેપુરુ સરનામુ આપેલ.

સાહેદ સુમેરસીંહનાઓ વિરુધ્ધ પુરતા પુરાવા ન હોવાનું પણ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે જણાવેલ હોવાછતાં સુમેરસીંહ રાજપુરોહીતને તાત્કાલીક પકડી લાવવા અંગેનો આરોપી ભટ્ટે ગેરકાયદેસર હુકમ કરેલ અને સુમેરસીંહ રાજપુરોહીતના રહેઠાણનું સરનામુ આપે, અને જે હોટલના રજીસ્ટર કરતા જુદુ હોવાછતાં અને ગુજરાત રાજય બહાર પાલી રાજસ્થાનનું હોવાછતાં પાલી, રાજસ્થાન જઈ તાત્કાલીક સુમેરસિંહને ખોટી રીતે ધરપકડ કરી ગેરકાયદેસર અટકાયત કરવા સારુ સુચના આપેલ.

આરોપી નં.–(૨) નાઓને જીલ્લા પોલીસ અધિક્ષક તરીકે રાજય બહાર વાહન સાથે જવાની મંજુરી આપવાની સત્તા ન હોવાછતાં આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટનાઓએ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓને અન્ય પોલીસ કર્મચારીઓ સાથે રાજય બહાર વાહન સાથે મોકલી પોતાને ન હતા તેવી સત્તાનો પણ ઉપયોગ કરેલ. એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે પોતે રાજસ્થાનથી પરિચિત ન હોવાનું જણાવતા આરોપી સંજીવ ભટ્ટે ટ્રાફીક પી.એસ.આઈ. આર.બી. યાજ્ઞીકને બોલાવેલ અને પી.એસ.આઈ. યાજ્ઞીકને તેઓ રાજસ્થાનના વિસ્તારથી વાકેફ છે તેમ કહી એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસની મદદમાં તાત્કાલીક જવા સુચના આપેલ અને જેથી આરોપી સંજીવ ભટ્ટના હુકમથી એલ.સી.બી. શાખાના સ્ટાફના માણસો સાથે એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસ પાલનપુરથી પાલી જવા માટે નીકળેલ અને રસ્તામાં તેમની સાથે પી.એસ.આઈ. યાજ્ઞીકનો સંપર્ક કરી સરકારી ગાડીમાં ટ્રાફીકના માણસો પણ લીધેલા.

એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓએ આરોપી સંજીવ ભટ્ટની સુચના આધારે ઉભું કરેલ પંચનામુ તથા ફરીયાદના આધારે કેસ ડાયરી તથા અન્ય દસ્તાવેજો પણ ઉભા કરેલ અને જેમાં ઉપજાવી કાઢેલ વિગતો દર્શાવેલ. એપ્રુવરે તા.૦૨/૦૫/૧૯૯૬ના મોડી રાત્રે પાલી પહોંચી સુમેરસીંહના નામ સરનામા આધારે પુછતા પુછતા સુમેરસીંહને ત્યાં જઈ સુમેરસીંહની તેમના ઘર પાલી મુકામેથી મધ્યરાત્રિએ અટકાયત કરેલ અને તેમને છેલ્લે પાલી કોટવાલી પોલીસ

સ્ટેશન લઈ ગયેલ. એપ્રુવરે સુમેરસીંહને અફીણના ગુનામાં પકડવાના છે તેવુ જણાવતા તેઓએ હું વકીલ છું અને અફીણનો ધંધો કરતો નથી તેવુ પણ જણાવેલ અને પાલી કોટવાલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીએ સુમેરસીંહને સવારે લઈ જજો તેવુ જણાવતા, એપ્રુવરે પાલી કોટવાલી પોલીસ સ્ટેશનથી ફોન કરી આરોપી સંજીવ ભટ્ટને જણાવેલ કે, 'સુમેરસીંહ તો વકીલ છે અને લોકલ પોલીસ તેને સવારે લઈ જવાનું કહે છે'. જેથી આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટે પાલી કોટવાલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ અધિકારી સાથે ટેલીફોનથી વાત કરેલી. જે વાતચિત અનુસંધાને આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ એપ્રુવરે સુમેરસીંહને ગુનાની પુછપરછ કરવા લઈ જાવ છું તેવી ચાદી પાલી કોતવાલી પોલીસ સ્ટેશનમાં આપેલી અને સુમેરસીંહને પાલી કોતવાલી પોલીસ સ્ટેશનથી લઈને રવાના થયેલ. રસ્તામાં એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે અગાઉ આરોપી નં.-(૨) એ આપેલ સુચના મુજબ સુમેરસીંહને વર્ધમાન માર્કેટવાળી દુકાન બતાવવા જણાવેલ ત્યારે સુમેરસીંહે રસ્તામાં દુરથી દુકાન બતાવેલ અને તે દુકાન બાબતેનો દાવો ચાલે છે તેવી પણ વાત કરેલ.

આરોપી નં.-(૨) તથા એપ્રુવરનાઓને સુમેરસીંહ વ્યવસાયે વકીલ છે અને તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ કે કયારેય પાલનપુર આવેલ નથી અને અફીણનો ધંધો કરતા નથી. તેવી જાણ થયેલ તેમછતાં કાવતરુ પાર પાડવાના ઈરાદે એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓએ આરોપી ભટ્ટનાઓની સાથે સહમતિ સાંધી સુમેરસીંહ રાજપુરોહીતને તા.૦૨/૦૫/૧૯૯૬ના રાત્રિના પાલી કોટવાલી પોલીસ સ્ટેશને લઈ ગયા બાદ આરોપી સંજીવ ભટ્ટનાઓની સુચના મુજબ સુમેરસીંહ રાજપુરોહીતને ગુનાની પુછપરછ કરવા પાલનપુર લઈ જવાના છે તેવો ખોટો રીપોર્ટ આપેલ અને વર્ધમાન માર્કેટવાળી દુકાનનો દાવો ચાલતો હોવાનુ તથા અન્ય હકીકત, જાણ્યા છતાં પણ સાહેદ સુમેરસીંહ રાજપુરોહીતને તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ વહેલી સવારે લઈને પાલનપુર આવેલ અને ત્યારબાદ કાવતરાના ભાગરુપે અને કાવતરુ પાર પાડવાના હેતુથી આરોપી સંજીવ ભટ્ટનાએ સુમેરસીંહ રાજપુરોહીતને પોતાની ઓફીસમાં બોલાવેલ અને

"તમારે દુકાન બાબતનો શું વિવાદ છે ? વર્ધમાન માર્કેટનો શું વિવાદ છે ? અને આ દુકાન તુરંત ખાલી કરવા જણાવેલ અને સુમેરસીંહ રાજપુરોહીતને એવી પણ ધમકી આપેલ કે, "પાંચ કીલો અફીણનો કેસ કરેલ છે, એક કીલો અફીણ કબજે કરેલ છે, ચાર કીલો શોધવાનું બાકી છે તે તમારી પાસેથી રીકવરી બતાવીશું અને હોટલ લાજવંતીના માલીક પાસે તમારી ખોટી ઓળખ કરાવીશું તમને હાઈકોર્ટ સુધી જામીન નહીં મળે". વધુમાં આરોપી નં.–(૨) એ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને એવુ પણ કહેલ કે, 'તાત્કાલીક સુમેરસીંહને અટક કરી કોર્ટમાં રજુ કરી રીમાન્ડ માંગો'. આવા નાર્કોટીકસના ગંભીર ગુનાના કામે સુમેરસીંહ રાજપુરોહીતને અટક કરવા જેટલા પુરાવા ન હોવાનું જાણવા છતાં અને કેસ ઉભો કરેલ હોવાછતાં એપ્રુવરે આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટની સુચના મુજબ સુમેરસીંહ રાજપુરોહીતની કોઈપણ ઓળખ કરાવ્યા સિવાય અને ઓળખ કરાવ્યા પહેલા કાવતરુ પાર પાડવાના ઈરાદે નાર્કોટીકસના ગંભીર ગુનામાં ગેરકાયદેસર રીતે તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ પાલનપુર પ્રોહી. ગુના રજીસ્ટર નં.૨૧૬/૧૯૯૬ના કામે કે જે ગુનો અફીણ ખરીદી, રાખી, પ્લાન્ટ કરી, સુમેરસીંહ રાજપુરોહીત વિરુધ્ધ ઉભો કરવામાં આવેલ હતો તેમાં કલાક ૧૩.૩૦ વાગે અટક કર્યાનું દર્શાવેલ અને અટક કર્યા અંગેના ખોટા દસ્તાવેજ પણ કાવતરુ પાર પાડવા માટે ઉભા કરવામાં આવેલ.

એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાએ આરોપી નં.–(૨)ની સુચના મુજબ સાહેદ સુમેરસીંહ રાજપુરોહીતને કોર્ટમાં રજુ કરેલ અને તૈયાર કરેલ ખોટા કારણોવાળી રીમાન્ડ અરજી રજુ કરી સુમેરસીંહ રાજપુરોહીતને નામદાર સ્પેશીયલ જજ, પાલનપુર સમક્ષ રજુ કરી પોલીસ કસ્ટડી રીમાન્ડ માંગેલ અને તેવા ખોટા દસ્તાવેજના આધારે સુમેરસીંહ રાજપુરોહીતના તા.૧૦/૦૫/૧૯૯૬ સુધીના પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવેલ. વધુમાં, આરોપી નં.–(૨)ની સુચના મુજબ એપ્રુવરે સુમેરસિંહ રાજપુરોહિતના પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવી કાવતરાના ભાગરુપે ગેરકાયદેસર કસ્ટડીમાં રાખેલ. જે રીમાન્ડ અરજી સમયે એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓએ સંજીવ ભટ્ટની સુચના અનુસાર ખોટા

કાગળો/દસ્તાવેજોને આધારે આ ગુનાના કામે તૈયાર કરેલ કેસ ડાયરીની નકલ રજુ કરેલ. વધુમાં, સુમેરસીંહ રાજપુરોહીતનાઓ વિરુધ્ધ નાર્કોટીકસનો ખોટો કેસ કરી તેઓને અટક કર્યાનું દર્શાવી અટકાયતમાં રાખેલ હોવાથી તથા આરોપી નં.–(૨) નાઓએ સુમેરસીંહ રાજપુરોહીતને ઉપર મુજબની ધમકી આપેલ હોવાના કારણોસર સુમેરસીંહ રાજપુરોહીતનાઓને નાર્કોટીકસના ગંભીર ગુનામાંથી મુકત થવા દુકાન ખાલી કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હોવાથી સાહેદ સુમેરસીંહને મળવા આવેલ તેમના સબંધીઓ તથા વકીલ ગંગાસીંહનાઓને સાહેદ સુમેરસીંહે પોતે, વર્ધમાન માર્કેટ પાલીની દુકાન નં.૬ કે જેનો ઉપયોગ પોતે વકીલાતના વ્યવસાય માટે કરતા હતા તે ખાલી કરવા અંગેનો એગ્રીમેન્ટ કરવાનું જણાવેલ અને પાલી વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરાવવાનો કરાર કરાવડાવેલ. વધુમાં તા.૦૫/૦૫/૧૯૯૬ના રોજ સુમેરસીંહના વકીલ તથા તેમના સબંધીઓ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને મળેલ અને દુકાન ખાલી કરાવવાનો એગ્રીમેન્ટ બતાવેલ અને સુમેરસીંહને છોડી દો તેવુ કહેલ. જેથી એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાએ ‘ના’ કહેલી અને કહેલ કે હવે બહુ મોડુ થઈ ગયુ, મેં તો સુમેરસીંહની આ કેસમાં ધરપકડ કરી દીધેલ છે અને કોર્ટમાંથી સાત દિવસના રીમાન્ડ લાવેલ છું જેથી હવે ના છોડી શકું અને કહેલ કે, તમે સંજીવ ભટ્ટ સાહેબને જઈને મળો. જેથી આ લોકો આરોપી સંજીવ ભટ્ટને મળવા ગયેલ. જેથી સાંજના આરોપી સંજીવ ભટ્ટે એપ્રુવરે તેમની ઓફીસમાં બોલાવેલ અને જણાવેલ કે સુમેરસીંહ રાજપુરોહીતની દુકાન ખાલી કરાવવા માટે મેં જે પ્લાન બનાવેલ તે મુજબ હવે તે દુકાન ખાલી કરવા રાજી થઈ ગયેલ છે અને પાર્ટીને લખાણ કરી આપેલ છે. જેથી હવે તમારે તેને છોડી મુકવાની કાર્યવાહી કરવી પડશે. જેથી એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે આરોપી નં.–(૨)ને રીમાન્ડ પુરા થાય ત્યારે તેને કોર્ટમાં રજુ કરીશ તેમ જણાવતા આરોપી સંજીવ ભટ્ટ ગુસ્સે થયેલ અને એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને જણાવેલ કે, “તમને તપાસ કરતા આવડતુ હોય તેવુ લાગતુ નથી. આ કેસમાં થોડા જવાબો લઈ લો, સુમેરસીંહ તો વકીલ છે, તે અફીણનો ધંધો કરતો નથી અને બનાવના દિવસે પાલીમાં જ હતો, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ સુમેરસીંહની ઓળખ કરાવો, સી.આર.પી.સી.માં

એવી જોગવાઈ છે કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોય તો કલમ–૧૬૯ સાથે કોર્ટમાં રીપોર્ટ કરવો અને તમે આજે જ સુમેરસીંહને છોડી દેવા કલમ–૧૬૯ મુજબનો રીપોર્ટ તૈયાર કરો અને બીજા જે કાંઈ જવાબ લેવાના હોય તે લઈ લો તેમજ ઓળખ પરેડનો રીપોર્ટ તથા બીજા જે કાગળો બનાવવાના હોય તે પહેલાથી જ બનાવી દો અને સુમેરસીંહને કોર્ટમાં રજુ કરો". વધુમાં એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓએ આજે બહુ મોડુ થઈ ગયુ છે, કોર્ટ પણ બંધ થઈ ગઈ છે, કાલે કાર્યવાહી કરીશું તેવું જણાવતા આરોપી સંજીવ ભટ્ટે કહેલ કે, 'અત્યારે તાત્કાલીક કાગળો પહેલાથી જ બનાવી લો અને આવતી કાલે ઓળખ પરેડ કરાવવી, સુમેરસીંહને છોડી દેવા સી.આર.પી.સી કલમ–૧૬૯નો રીપોર્ટ તૈયાર કરી કોર્ટમાં રજુ કરો' તેવો હુકમ કરેલો.

વધુમાં તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ પાલનપુરને ઓળખ પરેડ કરાવવા રીપોર્ટ આપવામાં આવેલ અને તેઓએ ઓળખ પરેડ ચુંટણી પછી કરાવવાનું જણાવતા આરોપી નં.–(૨)ને એપ્રુવરે વાત કરતા ટેલીફોનથી આરોપી સંજીવ ભટ્ટે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટને તાત્કાલીક ઓળખ પરેડ કરાવવા કહેલ. ઓળખ પરેડ માટે હોટલ લાજવન્તીના નોકરને આવવા માટે હોટલના માલીકને કહેલ ત્યારે તેમનો નોકર રેડ થયાના બીજા દિવસથી હોટલમાંથી જતો રહેલ છે તેવુ જાણવા મળતા એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે આરોપી નં.–(૨)ને ફોન કરી તે બાબતની જાણ કરતા અને એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે તે હકીકત જણાવી શું કરુ સાહેબ તેવુ કહેતા આરોપી સંજીવ ભટ્ટ ધ્વારા હોટલના માલીકને લાવી ઓફીસમાં બેસાડવા કહેલ અને એપ્રુવરને તેમની ઓફીસમાં બોલાવેલ. ત્યારબાદ આરોપી સંજીવ ભટ્ટે એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને કહેલ કે, 'મનુ કોદરવી તરીકે ઓળખ પરેડ માટે બીજા માણસની વ્યવસ્થા કરેલ છે તેને મનુ કોદરવી તરીકે ઉભો રાખી ઓળખ પરેડ કરાવોતો તેને અને ગુપ્તાને લઈને તમે જાવ'. જેથી એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસ તે બન્ને જણાને લઈને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની ઓફીસમાં ગયેલ અને તેઓને ઓફીસમાં મુકેલ અને ઓળખ પરેડ બાદ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તરફથી ઓળખ પરેડ પંચનામાની નકલ મળેલ

ન હોવાથી અને સી.આર.પી.સી. કલમ–૧૬૯ મુજબનો રીપોર્ટ નહીં થાય તેવુ આઈ.બી.વ્યાસ એપ્રુવરે જણાવતા આરોપી સંજીવ ભટ્ટે કેમ નહીં થાય તેનુ કારણ પુછેલ અને છેલ્લે એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને આરોપી સંજીવ ભટ્ટે એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસ રુબરુનુ ઓળખ પરેડ પંચનામુ કરી સુમેરસીંહને છોડી મુકવા સી.આર.પી.સી. કલમ–૧૬૯ ના રીપોર્ટ સાથે તેઓને કોર્ટમાં લઈ જવા હુકમ કરેલ. વધુમાં આરોપી સંજીવ ભટ્ટના હુકમથી મનુ કોદરવી હાજર ન હોવા છતાં એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસ ધ્વારા તેમની રુબરુનું ઓળખ પરેડ પંચનામુ તૈયાર કરવામાં આવેલ તેમજ બીજા કેટલાક નિવેદનો અગાઉથી જ તૈયાર કરવામાં આવેલ તેમજ સીઆરપીસી કલમ–૧૬૯નો રીપોર્ટ તથા કસ્ટડી રીપોર્ટ પણ એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસ રુબરુના ઓળખ પરેડના પંચનામા અગાઉથી જ આરોપી સંજીવ ભટ્ટની સુચનાથી તૈયાર કરવામાં આવેલ હતા.

આમ રચેલ કાવતરાનો હેતુ પાર પડતા કાવતરાના ભાગરુપે આરોપી નં.–(૨), મરણ જનાર આરોપી અને એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસના આચરેલ ગેરકાયદેસરના કૃત્યો ઉપર પડદો પાડવાના તથા ગેરકાયદેસરના કૃત્યો બહાર ન આવે તે હેતુથી સાહેદ સુમેરસીંહની ઓળખ પરેડ કરાવેલ હોય તેવું તરકટ રચી તે ઓળખ પરેડ થયા પહેલા અને સુમેરસીંહના પોલીસ કસ્ટડીના રીમાન્ડ તા.૧૦/૦૫/૧૯૯૬ સુધીના હોવાછતાં, તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ સાહેદ સુમેરસીંહને છોડી મુકવા અંગેનો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૧૬૯ મુજબનો રીપોર્ટ તેમજ અન્ય નિવેદનો, દસ્તાવેજો અગાઉથી ઉભા કરી/કરાવી તે રીપોર્ટ આરોપી સંજીવ ભટ્ટનાઓની સુચના મુજબ તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ સ્પેશીયલ જજ શ્રી પાલનપુરની કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ.

વધુમાં એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓને આરોપી નં.–(૨) એ તેમની ઓફીસમાં બોલાવી સુચના કરેલ કે, આ ગુનાના કામે આપણને ભવિષ્યમાં તકલીફ પડે નહીં એટલા માટે એન.ડી.પી.એસ. એક્ટ કલમ–૫૮(૨) મુજબનો ઉમેરો કરવા કોર્ટમાં રીપોર્ટ આપો. જેથી આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ

એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓએ સ્પેશીયલ કોર્ટ, પાલનપુર સમક્ષ તા.૦૯/૦૫/૧૯૯૬ના રોજનો એન.ડી.પી.એસ. એક્ટ કલમ–૫૮(૨)નો ઉમેરો કરવા બાબતેનો રીપોર્ટ કે જે આંક–૨૮૭ છે તે પાલનપુર શહેર પ્રોહી. ગુના રજીસ્ટર નં.૨૧૬/૧૯૯૬ ના કામે કરેલો તે રીપોર્ટમાં એવી ખોટી હકીકત જણાવેલ કે, "સાહેદ (આરોપી) સુમેરસીંહ સન ઓફ ચીમનસીંહ રાજપુરોહીત, રહેવાસી–૪૬૮, બાપુનગર, લોઢાલાલ સ્કુલની નજીક, સોજલ રોડ, પાલીવાળાને કાયદાની જાળમાં ફસાવવા, જેલમાં પુરાવવાના ઈરાદાથી કોઈ ઈસમે તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ હોટલ લાજવંતી પાલનપુરના રુમ નં.૩૦૫ના ઉતારુ તરીકે સાહેદ (આરોપી) સુમેરસીંહ રાજપુરોહીત, રહે.પાલી વર્ધમાન માર્કેટવાળાનું નામ લખાવી મજકુરની સદર રજીસ્ટરમાં ખોટી સહી કરી, સદર હોટલ લાજવંતી રુમ નં.૩૦૫ના રુમમાં ૧ કીલો ૧૫ ગ્રામ ગેરકાયદેસરનું માદક પદાર્થ અફીણ મુકી, સદરહુ બાબતે પોલીસમાં ટેલીફોનથી જાણ કરી ગુનાહિત કાવતરુ રચેલાનું તપાસ દરમ્યાન જણાયેલ છે". હકીકતે કલમ–૫૮(૨)ના રીપોર્ટમાં દર્શાવેલ... "આ કામે સાહેદ (તહોમતદાર) સુમેરસિંહ, રહેવાસી ૪૬૮, બાપુનગર લોઢાલાલ સ્કુલની બાજુ નજીક, સોજન રોડ, પાલીવાળાને કાયદાની જાળમાં ફસાવવા જેલમાં પુરાવવાના ઈરાદાથી કોઈ ઇસમે તા.૨૯/૦૪/૯૬ના રોજ હોટલ લાજવંતી, પાલનપુરના રૂમ નં.–૩૦૫ના ઉતારું તરીકે સાહેદ(તહોમતદાર) સુમેરસિંહ રાજપુરોહિત, રહે.પાલી વર્ધમાન માર્કેટવાળાનું નામ લખાવી..." બાબતો ઉભી કરેલ ખોટી હકીકત હતી અને ખરેખર આરોપી નં.–(૨) એ મરણ જનાર આરોપી પાસેથી રૂ.૨૦,૦૦૦/– આપી અફીણ ખરીદ કરાવી, તે મેળવી પોતાની પાસે રાખી, હોટલમાં પ્લાન્ટ કરાવેલ અને એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓ સાથે સહમતી સાધી કાવતરાના ભાગરૂપે ગુના આચરેલ હતા. વધુમાં, આવો કલમ–૫૮(૨) એન.ડી.પી.એસ. એક્ટના રીપોર્ટને સમર્થન મળે તેવા બદઈરાદાથી સંજીવ ભટ્ટની સુચના મુજબ સુમેરસિંહનું ખોટુ નિવેદન તથા તેઓને અન્ય ડ્રગ્સનો ધંધો કરતા ડીલરોએ સંડોવ્યા હોવાનું ખોટું દર્શાવી

તેવા ખોટા રીપોર્ટ તથા તેને અનુરૂપ ખોટા સ્કેચો તૈયાર ફરમાવવામા આવેલ અને તપાસને ગેરમાર્ગે દોરેલ.

લાજવન્તી હોટલના રજીસ્ટરની સુમેરસીંહ રાજપુરોહીતના નામની એન્ટ્રીમાંની સહી મુજબ સુમેરસીંહ રાજપુરોહીતના સહીના જે નમુના તા.૦૪/૦૫/૧૯૯૬ના રોજ પંચો રુબરુ લેવામાં આવેલ તે નમુના હસ્તાક્ષર નિષ્ણાંતશ્રીને મોકલવા સારુ રવાનગી નોંધ સાથે જાવક નં.૭/૧૯૯૬, તા.૦૮/૦૫/૧૯૯૬ના રોજના એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસની પ્રશ્નોત્તરી તથા ચેકલીસ્ટ સાથેના તૈયાર કરીને રાખી મુકવામાં આવેલ જે ને હસ્તાક્ષર નિષ્ણાંતની કચેરીને, જીલ્લા પોલીસ અધિકારી બનાસકાંઠા વતી તા.૨૧/૦૫/૧૯૯૬ના રોજ મોકલવામાં આવેલ. જે અંગેનો હસ્તાક્ષર નિષ્ણાંતશ્રીનો અભિપ્રાય તા.૦૭/૧૧/૧૯૯૬ના રોજ આવેલ હતો. આમ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૧૬૯ મુજબનો રીપોર્ટ તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ કરવામાં આવેલ ત્યાં સુધી સુમેરસીંહ રાજપુરોહીતના મેળવવામાં આવેલ સહીઓના નમુના ગુનાહિત કૃત્યો બહારના આવે તેથી હસ્તાક્ષર નિષ્ણાંતશ્રીને પણ મોકલવામાં આવેલ ન હતા.

વધુમાં, આ કેસની શરૂઆતની કેસ ડાયરી એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓએ તેમના રાઈટર સાહેદ પ્રવીણચંદ્ર હરીલાલ પરમાર પાસે એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસના લખાવ્યા મુજબ લખાવડાવેલ. આરોપી નં.–(૨), એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસ ઉપર દબાણ કરી ખોટુ કરાવતા હોવાથી એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે, આરોપી સંજીવ ભટ્ટે આપેલ ગુનાની તપાસ અંગેની વિગતવાર સુચનાઓ કેસની કેસ ડાયરીમાં લખેલ હતી. જેમાં સુમેરસીંહની ઓળખ પરેડ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ થઈ ગયા પછી ફરીથી પોલીસ રુબરુ ઓળખ પરેડ કરવા અંગેની સુચના, સુમેરસીંહને તાત્કાલીક છોડી દેવા કલમ–૧૬૯નો રીપોર્ટ કરવા અંગેની સુચના, સુમેરસીંહ રાજપુરોહીતે વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરવા કરાર કરેલ હોવાથી તેને તાત્કાલીક છોડી દેવા કલમ–૧૬૯ નો રીપોર્ટ તૈયાર કરવાની સુચના, રેડ કરતા પહેલા આરોપી સંજીવ ભટ્ટે આગોતરી જાણ કરી લાજવન્તીના

રુમ નં.૩૦૫ના પલંગના ગાદલા નીચે અફીણ છે અને થોડીવારમાં કન્ટ્રોલ રુમ તરફથી વર્ધિ મળશે તેવી સુચના તથા હોટલ લાજવંતીમાંથી મળી આવેલ અફીણનું પેકેટ અને શેરપુરા ઢાંણી ગામમાંથી મળી આવેલ અફીણનું પેકેટ એક જ પ્રકારની મીણીયાની જાંબુડી કલરની થેલીમાં પેકીંગ કરેલ હતુ તેવી વિગતોની નોંધ કેસ ડાયરીમાં પાછળની તારીખોમાં કરેલ હતી. જે કેસ ડાયરી લઈને એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસનાઓ તથા તેમના રાઈટર સાહેદ પ્રવિણચંદ્રનાઓ આરોપી સંજીવ ભટ્ટના બોલાવ્યા મુજબ આરોપી સંજીવ ભટ્ટ પાસે કેસના કાગળો તથા અસલ કેસ ડાયરી લઈને ગયેલ તે સમયે કેસ ડાયરીની સંજીવ ભટ્ટની સુચનાની વિગતો વાંચતા આરોપી સંજીવ ભટ્ટનાઓ ગુસ્સે થઈ ગયેલ અને કહેલ કે, ‘મીસ્ટર હું તમને સસ્પેન્ડ કરી દઈશ અને પ્રવિણચંદ્રને કહેલ કે હું તમને માવસરી મુકી દઈશ’. એમ કહી તે અસલ કેસ ડાયરી આરોપી સંજીવ ભટ્ટે ફાડી નાખેલ અને આરોપી સંજીવ ભટ્ટે એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને તેમના હસ્તાક્ષરમાં બીજી કેસ ડાયરી બનાવવા અને કેસ ડાયરીમાં તેમના વિરુધ્ધ જે નોંધો કરેલ તે કાઢી નાખો નહીં તો ગમે તે કેસમાં ફીટ કરી દઈશ અને સસ્પેન્ડ કરી દઈશ તેવુ કહેતા તે ફાટેલ કેસ ડાયરી લઈને એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસ તેમની ઓફીસમાં ગયેલ અને ફાટેલ કેસ ડાયરીમાંથી રીમાન્ડ સુધીની કેસ ડાયરી કોર્ટમાં ગયેલ તે વિગતો એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે પોતાના હસ્તાક્ષરમાં જોઈને લખેલ અને ત્યાર પછીની કેસ ડાયરીમાં આરોપી સંજીવ ભટ્ટ વિરુધ્ધ જે નોંધો કરેલ તે તમામ કાઢી નાખી એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસે પોતાના હસ્તાક્ષરમાં નવી કેસ ડાયરી બનાવેલ. આમ, આરોપી સંજીવ ભટ્ટનાએ અસલ કેસ ડાયરી ફાડી નાખી, નાશ કરેલ અને તેઓની વિરુધ્ધમાં ઉપયોગમાં લઈ શકાય તેવી હકીકતોને બદલે તેની જગ્યાએ નવી કેસ ડાયરી ખોટી હકીકતોવાળી, સત્ય હકીકતો છુપાવતી એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસના હસ્તાક્ષરમાં આરોપી સંજીવ ભટ્ટે તૈયાર કરાવડાવેલ.

પાલનપુર શહેર પ્રોહી. ગુના રજીસ્ટર નં.૨૧૬/૧૯૯૬ના કામે આરોપી નં.–(૨) નાઓએ જે અફીણ ખરીદી પોતાના કબજામાં રાખી હોટલ લાજવન્તીના

રુમ નં.–૩૦૫ માં પ્લાન્ટ કરેલ હતું તે રૂમ નં.–૩૦૫ ના ગાદલા નીચેની અફીણ કબજે કરેલ તે સમયે અભિપ્રાય આવેલ.

વધુમાં, એવી દલીલ કરેલ છે, આ ગુનામાં "અફીણ ખરીદવાના, રાખવાના તથા મુકવા બાબતે અગાઉના કોઈ તપાસ કરનાર અમલદારે તપાસ કરેલ ન હતી અને ફક્ત સ્કેચ ઉપરથી કાર્યવાહી કરેલ હતી. નામદાર હાઈકોર્ટના હુકમ બાદ યોગ્ય તપાસના અંતે તહોમતદારો વિરુધ્ધ ચાર્જશીટ રજુ થયેલ.

(૯.૬) ફરિયાદપક્ષે બનાવની તારીખ, સમય, સ્થળ તથા બનાવ પુરવાર કરવામાં આવેલ હોવાનું જણાવી એવી દલીલ કરેલ છે કે, ફરિયાદપક્ષે સાહેદ નં.–૯, ૧૪, ૧૬ મારફત પણ પુરવાર કરેલ છે કે, તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ સવારે ૮:૩૦ વાગ્યાના અરસામાં આરોપી નં.–(૨) ધ્વારા મરણજનાર આરોપી માલાભાઈ રબારીને શેરપુરા ઢાંણી, ડીસા અફીણ વેચાય છે તેમ કહી, ત્યાં જઈ અફીણ ખરીદ કરીને લાવવા જણાવી અફીણ ખરીદ કરવા માટે તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ રૂપિયા ૨૦,૦૦૦/– આપવામાં આવેલ, આ કામના આરોપી સંજીવ ભટ્ટે માલાભાઈને સાંજે મળવા જણાવેલ તથા કોઈને શક ના જાય તેથી રબારીના કપડા પહેરીને જવાનું જણાવેલ. માલાભાઈ રબારી, રબારીના કપડા પહેરીને ગયેલા તથા માલાભાઈ તે જ દિવસે શેરપુર ઢાંણીથી અફીણ ખરીદીને લાવેલાનુ માલાભાઈએ આર.પી.પટેલની રૂબરૂ સાંજના સાડા છ વાગ્યાના અરસામાં આરોપી નં.–(૨)ના બંગલે જઈને આરોપી સંજીવ ભટ્ટને, અફીણનું જાંબુડિયા કલરની થેલીમાં હતું તે આશરે એક કિલો વજનનું હોય તેવું પેકેટ આપેલા આરોપી સંજીવ ભટ્ટે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ હાજરીમાં માલાભાઈને એક જગ્યાએ મુકવા કહેલ.

આરોપી નં.–(૨) એ એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓને તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ સાંજના તેમની ચેમ્બરમાં બોલાવી આવતીકાલે સવારમાં એન.ડી.પી.એસ.ને લગતી બાતમી મળી શકે છે, સ્ટાફને તૈયાર રાખજો તેવી સુચના આપેલ. તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓએ પણ એલ.સી.બી. સ્ટાફના માણસોને આવતી કાલે

એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબ તરફથી એક બાતમી મળી શકે છે તમે તૈયાર રહેજો તેવું કહેલ.

તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ રાત્રે ૮ વાગે માલાભાઈ રબારી આ કામના આરોપી સંજીવ ભટ્ટના બંગલે હાજર હતા. તે સમયે આરોપી નં.-(૨) નાઓએ એપ્રુવર કહેલ કે એક માણસ બદમાસ છે, તેને સીધો કરવાનો છે અને મેં તમને એલ.સી.બી.માં રાખ્યા છે એટલે તમારે મારું કામ કરવાનું છે અને તેના ઉપર અફીણનો કેસ કરવાનો છે. એપ્રુવરે અફીણ ક્યાંથી લાવવું તેમ જણાવતા આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટ નાઓએ જણાવેલ કે, અફીણ તો માલાભાઈ લઈને આવેલ છે તે અફીણ માલાભાઈ હોટેલમાં મૂકી દેશે. તમારે તો સવારે કંટ્રોલ રૂમની વર્ધી આધારે કાયદેસર કાર્યવાહી કરવાની છે.

ફરીયાદપક્ષે દલીલ કરેલ કે, ફરિયાદપક્ષે એ પણ પુરવાર કરેલ છે કે, સાહેદ નં.-૯ એપ્રુવરને આરોપી નં.-(૨) એ તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ સાહેદ નં.-૯ એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસને સવારે ૫:૩૦ વાગે લેન્ડલાઈન ઉપર વિશ્રામ ગૃહ ખાતે ફોન કરેલ અને હોટલ લાજવંતીના રૂમ નં.-૩૦૫ના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે તથા થોડીવારમાં તમને કંટ્રોલ રૂમ તરફથી વર્ધી મળશે અને સ્ટાફને તાત્કાલિક બોલાવી હોટલ લાજવંતીમાં જઈને રેઈડ કરો અને કાયદેસરની કાર્યવાહી કરો તેમ જણાવેલ. ફરિયાદપક્ષે સાહેદ નં.-૯ તથા સાહેદ નં.-૧૪ મારફત એવું પણ પુરવાર કરેલ છે કે બાતમી એસ.પી.સાહેબ તરફથી મળેલ છે અને અફીણ લાજવંતીના રૂમ નં.-૩૦૫ના ગાદલા નીચે છે. એસ.પી. સાહેબે તાત્કાલિક રેઈડ કરવાની સુચના આપેલી.

ફરિયાદપક્ષની દલીલ છે કે, ફરિયાદપક્ષે ધ્વારા એવું પણ પુરવાર કરેલ છે કે, આરોપી સંજીવ ભટ્ટે જે, એન.ડી.પી.એસ. અંગેની બાતમી અંગે તથા હોટલ લાજવંતીના રૂમ નં.-૩૦૫ના પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે થોડીવારમાં કંટ્રોલ રૂમ તરફથી બાતમી મળશે તેવું જણાવેલ, તેવી જ બાતમી કંટ્રોલ રૂમમાં ફરજ બજાવતા સાહેદ નં.-૮ બબાભાઈ સવાભાઇ રોજીયાને

સવારના ૬:૧૦ વાગે મળેલ, જે બાતમીમા એવો ઉલ્લેખ છે કે, **“પાલી(રાજસ્થાન)ની એક નનામી વ્યક્તિએ વર્ધી આપેલ છે કે, સુમેરસિંહ રાજપુરોહિત અફીણનો ધંધો કરે છે ગઈકાલે પાંચ(૫) કિલો અફીણ લઈ પાલનપુર હોટેલ લાજવંતીમાં રોકાવેલ છે અફીણની ડીલીવરી પાલનપુરમાં આપવાની છે”.**

આરોપી સંજીવ ભટ્ટે જે એન.ડી.પી.એસ. અંગેની બાતમી તથા હોટેલ લાજવંતીના રૂમ નં.—૩૦૫ના પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે તેવી સુચના આપેલ તેવો જ ઉલ્લેખ કંટ્રોલ રૂમ મળેલ  વર્ધીમાં હતો. આ વર્ધી આરોપી સંજીવ ભટ્ટે ઉભી કરેલ હતી. સાહેદ નં.—૮ બબાભાઈ  સવાભાઇ રોજીયાનો પુરાવો જોતા તેઓએ ગંભીર ગુના અંગે રીપોર્ટ કરવા ડી.એસ.પી./આરોપી સંજીવ ભટ્ટના બંગલે ફોન કરેલ. આ ફોન સાહેદ નં.—૧૦ સાયબાભાઈ નાથાભાઈ ગમાર કે જેઓની ડી.એસ.પી. બંગલે ટેલીફોન ડયુટી હતી તેઓએ ઉપાડેલ, તેઓના પુરાવા મુજબ તેઓએ ડી.એસ.પી./આરોપી સંજીવ ભટ્ટ સાથે વાત કરતા તેઓએ પી.આઈ. વ્યાસને આ બાબતની ખબર છે જેથી કંટ્રોલ ઈન્ચાર્જને જાણ કરો કે વ્યાસ સાહેબને આ બાબતેની તપાસ કરવા જાણ કરે. આ વર્ધીની નોંધ વર્ધી રજીસ્ટર આંક—૨૪૪ એન્ટ્રી નં.—૩૬૦ માં સાહેદ નં.—૮ બબાભાઈ સવાભાઈ રોજીયાએ કરેલ. ફરિયાદપક્ષની દલીલ છે કે, “જે એન્ટ્રી નં.—૩૬૦ના છેલ્લા કોલમમા પણ ટે.નં.—૫૭૦૧૪ ઉપર તુરત જ પી.સી. સાયબાને જાણ કરવામાં આવેલ છે એલ.સી.બી. પી.આઈ. વ્યાસને મોકલી આપેલ છે” તેવી નોંધ સાહેદ નં.—૮ નાઓએ ધ્વારા કરવામા આવેલ હોવાનું પણ ફરીયાદપક્ષે સાબિત કરેલ છે. આરોપી સંજીવ ભટ્ટે વર્ધીની તપાસ એલ.સી.બી. પી.આઈ. વ્યાસને આપવાની સુચના કરેલ હોવાનું સાહેદ—૮ બબાભાઈ તથા સાહેદ નં.—૧૦ મારફતે તથા તેને સમર્થન આપતા  પુરાવા આંક—૨૪૪ વાળી એન્ટ્રી નં.—૩૬૦થી તેમજ સાહેદ નં.—૯ ના પુરાવાથી સાબિત કરેલ છે.

વધુમાં એવી દલીલ કરેલ છે કે, આંક–૨૪૬ વાળી વર્ધી જોતા તેના હસ્તાક્ષરો સાહેદ નં.–૮ બબાભાઈ સવાભાઇ રોજીયાના નથી  સાહેદ નં.–૮ બબાભાઈ સવાભાઇ રોજીયા તથા હેન્ડ રાઈટીંગ એક્સપર્ટ સાહેદ નં.–૧૧ના પુરાવાથી પુરવાર આ હકીકત થયેલ છે. જે વર્ધીની તારીખ, હોદ્દો લખેલ અક્ષરો, હોદ્દા ઉપરની સહી જ સાહેદ નં.–૮ બબાભાઈની હોવાનું સાબિત થયેલ છે. સાહેદ નં.–૯ એવો પુરાવો આપેલ છે કે, સંજીવ ભટ્ટે કહેલું કે, તમને વર્ધી મળશે અને તેવી જ આ વર્ધી હતી.

વધુમાં એવી દલીલ કરેલ છે કે, આંક–૨૪૬ વાળી વર્ધી જોતા તેના હસ્તાક્ષરો સાહેદ નં.–૮ બબાભાઈ સવાભાઇ રોજીયાના નથી  સાહેદ નં.–૮ બબાભાઈ સવાભાઇ રોજીયા તથા હેન્ડ રાઈટીંગ એક્સપર્ટ સાહેદ નં.–૧૧ના પુરાવાથી પુરવાર આ હકીકત થયેલ છે. જે વર્ધીની તારીખ, હોદ્દો લખેલ અક્ષરો, હોદ્દા ઉપરની સહી જ સાહેદ નં.–૮ બબાભાઈની હોવાનું સાબિત થયેલ છે. સાહેદ નં.–૯ એવો પુરાવો આપેલ છે કે, સંજીવ ભટ્ટે કહેલું કે, તમને વર્ધી મળશે અને તેવી જ આ વર્ધી હતી.

ફરિયાદપક્ષની દલીલ કરેલ છે કે, એપ્રુવર ફરીયાદપક્ષ સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ રમણભાઈ પરશોતમભાઈ પટેલ તથા ફરીયાદ પક્ષ સાહેદ નં.–૧૪ પ્રવીણચંદ્ર હરીલાલ પરમાર મારફતે એવી પણ હકીકત પુરવાર કરેલ છે કે, એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓએ આરોપી નં.–(૨)ની સુચના મુજબ તથા આરોપી નં.–(૨)ના જણાવ્યા મુજબ તથા એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસના જણાવ્યા મુજબ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ તથા એલ.સી.બી.ના સ્ટાફના માણસો વર્ધી મુજબ હોટેલ લાજવંતીમાં ગયેલા. હોટલ લાજવંતીમાં એપ્રુવર ફરીયાદપક્ષ સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાએ હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ના પલંગના ગાદલા નીચેથી બગલ થેલામાંથી જાંબુડી કલરના મીણીયા(પ્લાસ્ટીક)માં વીંટાળેલ હાલતમાં એક કિલો પંદર ગ્રામ અફીણ

ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ તથા એલ.સી.બી.ના સ્ટાફના માણસો રૂબરૂમાં બહાર કાઢેલ. તે સમયે હોટલના રૂમ નં.–૩૦૫ માં કોઈ વ્યક્તિ ન હતી કે કોઈ વ્યક્તી ઉતરેલ હોય તેવા નિશાન ન હતા. વધુમાં, હોટલ રજીસ્ટર કે જેના પાનાને આંક–૩૦૦ તથા આંક–૫૦૧ પડેલ છે તેમાં તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ એન્ટ્રી નં.–૬૪૦ ઉપરની રૂમ નં.–૩૦૫ની સુમેરસિંહ રાજપુરોહિતના નામની એન્ટ્રી હતી. જે એન્ટ્રીના સહીના કોલમમાં સહી હતી પરંતુ તે સહી સુમેરસિંહ રાજપુરોહીતે કરેલ ન હતી. જેને પણ હસ્તાક્ષર નિષ્ણાતના અભિપ્રાયથી સમર્થન મળે છે.

ફરિયાદપક્ષે એવી પણ દલીલ કરેલ છે કે, ફરિયાદપક્ષે એવુ પુરવાર કરેલ છે કે, આરોપી નં.–(૨)નાઓએ કાવતરાના ભાગ રૂપે તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ અફીણ નાણા આપીને ખરીદ કરાવ્યાનું. તે ખરીદ થયેલ અફીણ આરોપી સંજીવ ભટ્ટે પોતાનાં કબજામાં રાખ્યાનું, તે જ અફીણ હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ના ગાદલા નીચે પ્લાન્ટ કરાવ્યાનું. પ્લાન્ટ કરાવેલ અફીણ તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ એપ્રુવર સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ ધ્વારા સવારે ક.૭/૦૦ થી ૧૦/૦૦ વચ્ચે કબજે કરવામાં આવેલ.

**(૯.૭)** તાજના સાક્ષી તથા તેના પુરાવા અંગે ફરિયાદપક્ષે નીચે મુજબ દલીલ કરેલ છે કે, ફરિયાદપક્ષે પોતાના પુરાવા દરમ્યાન એપ્રુવર કે જે ગુનાનો સાથી છે તેમને ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તરીકે તપાસેલ. એપ્રુવર ધ્વારા હુકમની શરતો તથા માંગેલ ગુનાની માફીની શરત મુજબ તથા એપ્રુવરે આપેલ આંક–૧૪૩ વાળી બાહેંધરી અનુસાર સોગંદ ઉપર જુબાની આપેલ. જેથી વિરુધ્ધ ક્રી.પ્રો.કોડ ક.–૩૦૮ મુજબ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

**(૯.૭.૧)** બચાવપક્ષે સાહેદો તપાસ્યા બાદ સાહેદ નં.–૯ નાઓએ માફીની શરતો ભંગ કર્યા હોવા બાબતે ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૮ મુજબની કાર્યવાહી કરવા આંક–૭૮૨ વાળી અરજી આપેલ. જે અરજી નામંજૂર થતા આરોપી સંજીવ ભટ્ટે

નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રી.રીવીઝન અરજી નં.–૧૨૧૫/૨૦૨૩ની કરેલી જે વિડ્રો કરવામાં આવેલ.

**(૯.૭.૨)** ફરિયાદપક્ષની દલીલ છે કે એવું પુરવાર કરેલ છે કે, આરોપી નં.–(૧) કે જેઓને માફી આપવામાં આવેલ તે એપ્રુવર ધ્વારા તથા આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ ધ્વારા વર્ષ ૨૦૧૮ સુધી તેઓએ કરેલ ગુના છુપાવી રાખવામાં આવેલ. નામદાર હાઈકોર્ટના હુકમ પછી તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અનુસાર તપાસ ટીમની રચના થતા તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ દરમ્યાન આરોપી નં.–(૧) તથા આરોપી સંજીવ ભટ્ટનાઓએ તથા મરણ જનાર તહોમતદાર માલાભાઈ જોઈતાભાઈ રબારીનાઓએ ગુનો કરેલ હોવાનું બહાર આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ. ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી નં.–(૧) એ જે ગુનાની સત્ય હકીકત જણાવતુ લેખિત નિવેદન મોકલેલ. તેનાથી ગુનાની વધુ સત્ય હકીકતો બહાર આવે તે હેતુથી તપાસ કરનાર અમલદારે આરોપી નં.–૧ને એપ્રુવર બનાવવામાં વાંધો ન હોવા બાબતે સંમતિ આપેલ. બચાવપક્ષે કેસમાં મુકેલ બચાવ અનુસારનો કેસ જેવો કે, એપ્રુવરને વિલંબે માફી આપેલ હોવાનો તથા એપ્રુવર સાથે શરુઆતથી જ તપાસ કરનાર અમલદારે નક્કી કર્યા મુજબ તેઓને એપ્રુવર બનાવવામાં આવેલ તે પુરાવો જોતા માની શકાય તેમ નથી.

**(૯.૭.3)** ક્રી.પ્રો.કોડ ક.–૩૦૭ની જોગવાઈના શબ્દો જોતા, "કેસ કમીટ થયા પછી કોઈપણ તબક્કે પરંતુ જજમેન્ટ આપવામાં આવે તે પહેલા." તેવી કાનૂની સ્પષ્ટ સ્થિતિ દર્શાવે છે અને તેવો જ કાયદાનો હેતુ છે. આમ, ક્રી.પ્રો. કોડ.ક–૩૦૭ની જોગવાઈમાં જજમેન્ટ પહેલાની કોઈ સમય મર્યાદા લાદવામાં આવેલ ન હોવાથી વિલંબ થયેલ નથી.

**(૯.૭.૪)** એવીડન્સ એક્ટની કલમ–૧૩૩ની જોગવાઈ જોતા ગુનાનો સાથી, તહોમતદાર વિરુધ્ધ સક્ષમ સાક્ષી છે અને સજા ફક્ત ગુનાના સાક્ષીના અસમર્થીત(અનકોરોબરેટેડ) પુરાવાથી ગેરકાયદેસર ઠરતી નથી. એવીડન્સ

એક્ટની કલમ–૧૩૩ની જોગવાઈમાં એવો કોઈ ભેદ નથી કે ગુનાનો સાથી એપ્રુવર છે કે નથી. ગુનાના સાથીનો પુરાવો રેકર્ડ ઉપર લેવો ગંભીર ગુનાઓની જરૂરીયાત પણ છે. ગુનાનો સાથી સામાન્ય રીતે હિત ધરાવતો અને હમેશા અપકીર્તિવાળો(ઈનફેમસ) સાક્ષી છે જેનો પુરાવો હમેશા જરૂરીયાતથી જ સ્વીકારવામાં આવે છે અને જે ઘણીવાર ન્યાય મેળવવા મુખ્ય આરોપી વિરુધ્ધ આ રીતે મેળવવો અશક્ય હોય છે. ઘણીવાર એવું બનતું હોય છે કે, ગુના એવી રીતે આચરવામાં આવે છે કે જેમાં ગુનાની શોધમાં કડીઓ મળતી નથી જેથી તેવી ન મળતી કડીઓ મેળવી ગુનો આચરનાર છટકી ન જાય તેવો કાયદાનો અનુભવ છે અને કાયદાની વિદ્ધતા છે.

**(૯.૭.૫)** ગુનાની માફી ફક્ત વ્યક્તિની ક્ષમતા સુધી સીમિત નથી પરંતુ તે કાયદાનો સિદ્ધાંત, ગંભીર ગુનાનો ખરેખરો ગુનેગાર પુરાવાના અભાવે છટકી ન જાય તેવો છે અને તેટલા માટે જ ગુનામાં સંડોવાયેલ હોય તે વ્યક્તિને કે ગુના સાથે સીધી કે આડકતરી રીતે સંડોવાયેલ અગર ગુના સાથે જેને સબંધ હોય તેને ગુનામાંથી માફી આપવાની જોગવાઈ છે.

વધુમાં, એપ્રુવરના પુરાવાને અન્ય સાહેદો તથા દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળે છે. એપ્રુવરના પુરાવાને તમામ મટીરિઅલ પર્ટીક્યુલરથી તથા રેકર્ડ ઉપરના સાંયોગિક પુરાવાથી સમર્થન મળે છે. એપ્રુવરના પુરાવાથી તથા રેકર્ડ ઉપરના અન્ય પુરાવાથી એવા તારણ ઉપર આવી શકાય તેવો કેસ છે કે ફરિયાદપક્ષે, ફરિયાદપક્ષના કેસ મુજબની હકીકતો તહોમતદાર વિરુધ્ધ પુરવાર કરેલ છે. ઉલટતપાસથી પણ સાહેદ નં.–૯ના પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ હકીકતો ફરિયાદપક્ષના કેસને સમર્થન આપે છે.

**(૯.૭.૬)** આ સાહેદ નં.–૯, એપ્રુવરના પુરાવાથી તેના નામદાર કોર્ટને આપેલ લેખિત નિવેદન અંગે વિસંગતતા જણાતી નથી અને મહત્વની કોઈ બાબતે સુધારો/ઈમ્પ્રુવમેંટ પણ નથી. સાહેદના પુરાવામાં ઉલટતપાસથી કોઈ મહત્વનો વિરોધાભાસ કે ઓમીશન રેકર્ડ ઉપર આવેલ નથી.

એપ્રુવરના પુરાવાને સમર્થન મળતું ન હોય તો પણ એપ્રુવરનો પુરાવો પુરાવામાં ગ્રાહ્ય છે અને એપ્રુવરના પુરાવાને તેમના આંક–૮૦ વાળા તેમના લેખિત નિવેદનથી પણ સમર્થન મળે છે. એપ્રુવરના પુરેપુરા પુરાવાને પૂરેપૂરું સમર્થન મૌખિક પુરાવાથી જ મળતું હોય તેવું જરૂરી નથી. એપ્રુવરનાં પુરાવાને સંયોગિક પુરાવાથી પણ સમર્થન મળતું હોઈ શકે. જેથી રેકર્ડ ઉપરના સમર્થનકારી પુરાવાને નામદાર કોર્ટ ધ્વારા બહોળી દ્રષ્ટિથી જોવો જોઈએ.

**(૯.૭.૭)** વધુમાં, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ૧૫, ૧૬ તથા સાહેદ નં.–૪ નાઓનો પુરાવો જોતા તથા રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવા તથા સાંયોગિક પુરાવા જોતા એપ્રુવર સાહેદ નં.–૯ના પુરાવાને સમર્થન મળે છે. સાહેદ નં.–૯ના પુરાવાને રેકર્ડ ઉપરના તમામ પુરાવાથી પણ સમર્થન મળતું હોઈ માની શકાય તેવો પુરાવો છે.

**(૯.૭.૮)** બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ કરી એવું દર્શાવેલ છે કે, એપ્રુવરે ગુનો કરેલ છે. આરોપી સંજીવ ભટ્ટને સંડોવવાનું અપ્રુવરની અટક સમયથી જ નક્કી કરવામાં આવેલ. તપાસ કરનાર અમલદારે પહેલેથી જ નક્કી કર્યા મુજબ એપ્રુવર ધ્વારા ખોટો પુરાવો ઉભો કર્યો છે. આ અંગે ફરિયાદપક્ષે દલીલ કરેલ છે કે, એપ્રુવર અંગેની જોગવાઈઓ અને કાયદાનો હેતુ જોતા જો એવું માનવામાં આવે કે, એપ્રુવરે પોલીસને મદદ કરેલ છે અગર પોલીસે એપ્રુવરને કેસમાંથી બહાર કાઢવા મદદ કરેલ છે તો પણ તે એપ્રુવરનો પુરાવો કાઢી નાખી શકાય નહી. કાયદાનો એપ્રુવર બનાવવાનો હેતુ જ પુરાવો મેળવવાનો અને આરોપી–એપ્રુવર સત્ય હકીકત જણાવે તો જ તેને માફી આપવા અંગેનો છે. એપ્રુવર બનાવવા માટેની કન્સેન્ટ અને આરોપી સત્ય હકીકત જણાવે તે શરતે માફી આપવામાં વાંધો નથી તેવું કહેવું કાયદાની જોગવાઈ અનુસાર જ છે. ગુનાની માફી શરતી છે અને શરત એવી કે, તે વ્યક્તિ ગુના અંગે તથા ગુનો આચરવામાં સંકળાયેલ હોય અને ગુના વિશે જે કઈ જાણતો હોય તેની પૂરી અને સાચી જાહેરાત કરશે, તેમાં એપ્રુવર અને રાજ્ય વતીના કરારનો સમાવેશ થાય છે. એપ્રુવર તેની

જવાબદારીમાંથી મુક્ત થવા માટે પૂરેપૂરું ડીસ્કલોસર કરવા માટે બંધાય છે અને જે કઈ જાણતો હોય તે જણાવે તેના અવેજમાં તેની મુક્તિ એવી શરતી માફી છે. માફીના સ્વીકાર પછી શરતો આધીન તે આરોપી મટીને સાહેદ થાય છે. જો તે કરારથી ખસી જાય અને શરતો તોડે તો કરાર તૂટે છે અને રાજ્ય તેની સામે કાર્યવાહી ચલાવવા હકદાર બને છે.

**(૯.૭.૯)** બચાવપક્ષે ટ્રાયલ દરમ્યાન અરજી આપી આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટે અપ્રુવરને જે કહ્યું, જે સુચના આપી તે કન્ફેશન કહેવાય અને પુરવામાં વંચાણે લઈ ન શકાય જે ઈનએડમીશીબલ છે તે ઠરાવવા અરજ કરેલ. પુરાવો જોતા એપ્રુવરની સમક્ષ આરોપી સંજીવ ભટ્ટે જે કહ્યું અને તે બાબતે એપ્રુવરે જે પુરાવો આપ્યો તે સીધો પુરાવો છે. એપ્રુવર સમક્ષ તહોમતદારે જે કહ્યું તે તેનું કન્ફેશન નહી અગર એક્સ્ટ્રા જ્યુડીશીયલ કન્ફેશન નહી પરંતુ સીધો પુરાવો છે જે કાવતરા દરમ્યાનનો પુરાવો છે જે ઈન્ડિયન એવીડન્સ એક્ટ કલમ-૧૦ અનુસાર પણ ગ્રાહ્ય છે. આરોપીઓએ ગુનો કરવાનું કાવતરું ઘડેલ/રચેલ હતું. કાવતરા દરમ્યાન કાવતરું ચાલુ હતું તે દરમ્યાન સાથી આરોપીઓએ સામાન્ય હેતુ પાર પાડવા જે કહ્યું અને જે કરેલ તે ઈન્ડિયન એવીડન્સ એક્ટની કલમ-૧૦ પ્રમાણે સહઆરોપી વિરુધ્ધ પણ પ્રસ્તુત (relevant) ગણાય.

**(૯.૭.૧૦)** આ કેસના એપ્રુવર-સાહેદ નં.-૯ નાઓએ પોતે કેસમાંથી છટકવા માટે આરોપી સંજીવ ભટ્ટને ફસાવેલ છે તેવું કહી શકાય નહિ કારણ કે એપ્રુવર પણ જેલ કસ્ટડીમાં આશરે સાડા ચાર પાંચ વર્ષ ઉપરાંતના સમય રહેલ છે. એપ્રુવરે જો આરોપીને ફસાવવા હોત તો તે અગાઉના તબક્કે પણ તેમ કરી શકેલ હોત પરંતુ તેમ કરેલ નથી. એપ્રુવરે જે કારણ આપેલ છે તે યોગ્ય કારણ છે. આવા સંજોગોમાં પણ આ સાહેદને માનવા જોઈએ.

**(૯.૭.૧૧)** એપ્રુવર કોઈ બાબત જણાવતો હોય અને અન્ય કોઈ સાક્ષી તેવી કોઈ બાબત જણાવતો ન હોય તેવા સંજોગો હોય તો પણ તેનાથી તે સમર્થન

આપતો નથી તેવું કહેવું માની શકાય નહી. આવી બાબતો પુરાવાના મહત્વના ફેરફાર કે વિરોધાભાસ કહી શકાય નહી.

**(૯.૭.૧૨)** એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ નં.–૯નો પુરાવો જોવામા આવે તો આરોપી નં.–(૨) એ નાણા આપી અફીણ ખરીદ કરાવેલ, અફીણ હોટેલ લાજવંતીમાં મુકાવેલ, કંટ્રોલ રૂમની વર્ધી ઉભી કરાવેલ, હોટેલમાં રેઈડ કરવા સુચના આપેલ, તાત્કાલિક સાહેદ સુમેરસિંહની અફીણના કેસમાં અટક કરવા જણાવેલ, વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરવા સુમેરસિંહને ધમકી આપેલ, સુમેરસિંહના રિમાન્ડ મેળવવા જણાવેલ, દુકાન ખાલી થતા ક્રી.પ્રો.કોડ.કલમ–૧૬૯નો રીપોર્ટ તથા એન.ડી.પી.એક્ટ કલમ–૫૮(૨) નો રીપોર્ટ કરવા જણાવેલ, કેસ ડાયરી ફાડી નાખેલ, કેસને અનુરૂપ ખોટા કેસ કાગળો ઉભા કરવા જણાવેલ વિગેરે ગુનાહિત કૃત્યો કરેલા હોવાનો સીધો તથા કાવતરા અંગેનો એપ્રુવરે જે પુરાવા આપેલ છે તે માની શકાય તેવો પુરાવો છે.

ફરિયાદપક્ષની દલીલ છે કે, એપ્રુવરનો પુરાવો તથા રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવા જોવામાં આવે તો એપ્રુવરના પુરાવાને ન માનવાના કોઈ કારણો નથી અને તેથી સમગ્ર પુરાવો માનવો જોઈએ.

**(૯.૮)** ફરિયાદપક્ષે એવી પણ દલીલ કરેલ છે કે, ફરિયાદપક્ષે તપાસેલા સાહેદો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા આધારે આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ, મરણ જનાર આરોપી માલાભાઈ રબારી તથા સાહેદ નં.–૯ એપ્રુવર વચ્ચે સહમતીથી કાવતરાના ભાગ રૂપે ગુનાહિત કૃત્યો આચરવામાં આવેલ હતા તે પુરવાર કરેલ છે. ફરિયાદપક્ષે વધુમાં એવી દલીલ કરેલ છે કે, પુરાવાથી સ્પષ્ટ થાય છે કે, કાવતરું પુરવાર થયેલ છે. ફરિયાદપક્ષના પુરાવાથી કાવતરાનો પુરાવો તથા સંજોગો એવા છે કે,

**(૯.૮.૧)** આરોપી સંજીવ ભટ્ટ એપ્રિલ–૧૯૯૬ના અરસામાં બનાસકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા હતા તથા એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ તેમના તાબામાં લોકલ ક્રાઈમ બ્રાંચ પી.આઈ. તરીકે ફરજ

બજાવતા હતા તથા મરણ જનાર આરોપી માલાભાઈ જોઇતાભાઇ રબારી, આરોપી તથા એપ્રુવરના તાબામા હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા.

(૯.૮.૨) સાહેદ સુમેરસિંહ રાજપુરોહિત પાલી રાજસ્થાન મુકામે એપ્રિલ–૧૯૯૬ના અરસામાં વકીલાતનો વ્યવસાય દુકાન નં.–૬ વર્ધમાન માર્કેટ પાલીવાળી જગ્યાએ કરતા હતા. આ વર્ધમાન માર્કેટવાળી દુકાન એક અમરીબાઈએ મોહનલાલને ભાડે આપેલ અને મોહનલાલ સાથે સાહેદ સુમેરસિંહના ભાઈ દીપક ટેક્ષટાઈલના નામે વ્યવસાય કરતા હતા, જેમાં વધારે જગ્યા હતી તેથી મોહનલાલની સંમતિથી આ જગ્યા ઓફીસ ચલાવવા માટે સાહેદ સુમેરસિંહને આપવામાં આવેલી. અમરીબાઈ કે જેઓએ મોહનલાલને ભાડેથી દુકાન આપેલ હતી તેઓ જસ્ટીસ આર.આર. જૈનના બહેન હતા તેઓને જસ્ટીસ આર.આર.જૈન બહેન તરીકે રાખતા હતા.

(૯.૮.૩) આર.આર.જૈનના કાકા કૂટરમલ પાલી મુકામે રહેતા હતા અને દુકાન માલિક અમરીબાઈના પાવર ઓફ એટર્ની હોલ્ડર હતા.

(૯.૮.૪) આરોપી સંજીવ ભટ્ટનાઓ સાથે પાલી મુકામેની વર્ધમાન માર્કેટ વાળી દુકાન ખાલી કરાવવાનું નક્કી થયેલ. સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતનાઓ વકિલાતનો વ્યવસાય કરતા હોવા છતાં તેઓ અફીણનો ધંધો કરે છે તેવું દર્શાવી તેઓ વિરુધ અફીણનો ખોટો કેસ કરવાની સહમતી સંધાયેલ.

(૯.૮.૫) માદક પદાર્થ અફીણ મૂકીને ખોટો કેસ ઉભો કરવા માટે આરોપી સંજીવ ભટ્ટનાઓ ધ્વારા અફીણની ખરીદી કરવા તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ મરણજનાર આરોપી માલાભાઈ જોઇતાભાઇ રબારીને રૂપિયા ૨૦,૦૦૦ આપવામાં આવેલ અને શેરપુરા ઢાંણીથી અફીણ ખરીદ કરવા આરોપી સંજીવ ભટ્ટે સુચના આપેલ. માલાભાઈ રબારીને, રબારીના કપડા પહેરીને જવા આરોપી સંજીવ ભટ્ટે સુચના આપેલ જેઓ રબારીના કપડા પહેરીને શેરપુરા ગયેલા.

**(૯.૮.૬)** તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ માલાભાઈને ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ પ્રવિણચંદ્ર હરીલાલ પરમાર નાઓએ કબાટમાં પેકેટ મુકતા જોયેલ જે મીણીયાની જાંબુડિયા કલરની થેલીમાં હતું અને તે પેકેટ તે જ દિવસે સાંજે માલાભાઈ લઈ ગયેલા.

**(૯.૮.૭)** મરણ જનાર આરોપી માલાભાઈ જોઈતાભાઈ રબારીએ તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ અફીણ ખરીદ કરી લાવી, તે અફીણનું પેકેટ કે જે આશરે એક કિલો વજનનું તથા જાંબુડિયા કલરની મીણીયાની થેલીમાં હતું તે આરોપી સંજીવ ભટ્ટના બંગલે જઈ, સંજીવ ભટ્ટને આપેલ હતું. આરોપી સંજીવ ભટ્ટે મરણ જનાર આરોપી માલાભાઈ જોઈતાભાઈ રબારીને "વેરી ગુડ" માલાભાઈ કહી, આ પેકેટ એક જગ્યાએ મુકવાનું છે તેમ કહેલ.

**(૯.૮.૮)** તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ આરોપી સંજીવ ભટ્ટે જયારે માલાભાઈને આ પેકેટ એક જગ્યાએ મુકવાનું છે તેવું કહ્યું ત્યારે સાહેદ નં.–૧૬ રમણભાઈ પટેલે આરોપી સંજીવ ભટ્ટને કહેલ કે, માલાભાઈ આ પેકેટ મુકે તે બરાબર નથી આ ગેરકાયદેસર છે ત્યારે સંજીવ ભટ્ટે તેમને કહેલ કે, તમારે મને અને માલાને સલાહ આપવાની જરૂર નથી તમે તમારી તપાસો કરો અને જાવ. તે સમયે માલાભાઈ રબારી, આરોપી સંજીવ ભટ્ટ પાસે રોકાયેલ અને આરોપી સંજીવ ભટ્ટે સાહેદ નં.–૧૬ નાઓને બાતમી વેરીફાય થઈ ગઈ છે તેવું જણાવી ગુપ્તતા જાળવવા કહેલ.

**(૯.૮.૯)** તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ આરોપી સંજીવ ભટ્ટે, એપ્રુવર સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસને તેઓની ચેમ્બરમાં બોલાવી કહેલ કે, આવતીકાલ સવારે એન.ડી. પી.એસ.ને લગતી હકીકત મળી શકે છે અને તેમ કહી સ્ટાફને તૈયાર રાખવા સુચના આપેલ. આરોપી સંજીવ ભટ્ટે એપ્રુવર સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસને તેમના બંગલે તા.૨૯/૦૪/૧૯૯૬ના રાત્રે બોલાવેલ અને મરણ જનાર આરોપી માલાભાઈ જોઈતાભાઈ રબારીની રૂબરૂમાં એક માણસ બદમાસ છે, મેં તમને એલ.સી.બી.માં રાખ્યા છે, તમારે મારું કામ

કરવાનું છે અને તેના ઉપર અફીણનો કેસ કરવાનો છે તેવું જણાવેલ. આરોપી સંજીવ ભટ્ટે એપ્રુવર સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસને આરોપી માલાભાઈ જોઈતાભાઈ રબારી અફીણ લઈને આવેલ છે તેઓ અફીણ હોટેલમાં મૂકી દેશે તેમ કહી, કાલે સવારે કંટ્રોલ રૂમની વર્ધી આધારે કાર્યવાહી કરવા અને મરણ જનાર આરોપી માલાભાઈ જોઈતાભાઈ રબારીને અફીણ મુકવા કહેલ હતુ.

**(૯.૮.૧૦)** તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ સવારે આશરે ૫:૩૦ વાગે એપ્રુવરને આરોપી સંજીવ ભટ્ટે ફોન કરેલ અને હોટેલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ના પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ હોવાનું તથા થોડીવારમાં કટ્રોલ રૂમ તરફથી વર્ધી મળશે, સ્ટાફને તાત્કાલિક બોલાવી લો અને હોટેલ લાજવંતીમાં જઈને રેડ કરો અને કાયદેસર કાર્યવાહી કરો તેવી સુચના આપેલ.

**(૯.૮.૧૧)** આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ એપ્રુવર સાહેદ નં.–૯ નાઓએ એલ.સી.બી. શાખાનાં પોલીસ અધિકારીઓને હોટેલ લાજવંતીમાં રેઈડ કરવા સાથે બોલાવેલ.

**(૯.૮.૧૨)** આરોપી સંજીવ ભટ્ટની સુચના પછી તેમના કહ્યા મુજબની હકીકતો ધરાવતી, થોડીવારમાં કંટ્રોલ રૂમ પાલનપુરને એવી વર્ધી મળેલ કે, **"પાલી(રાજસ્થાન)ની એક નનામી વ્યક્તિએ વર્ધી આપેલ છે કે, સુમેરસિંહ રાજપુરોહિત અફીણનો ધંધો કરે છે ગઈકાલે પાંચ (૫) કિલો અફીણ લઈ પાલનપુર હોટેલ લાજવંતીમાં રોકાવેલ છે અફીણની ડીલીવરી પાલનપુરમાં આપવાની છે.**"

**(૯.૮.૧૩)** તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ સાહેદ સુમેરસિંહ રાજપુરોહિત પાલી રાજસ્થાનમાં હોવાછતાં હોટેલ લાજવંતીના ગેસ્ટ રજીસ્ટરમાં તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજની સુમેરસિંહ રાજપુરોહિતના નામની એન્ટ્રી થયેલ હતી જેમાંની સહી સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતે કરેલ ન હતી અને તેમાં સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતની ખોટી અને બનાવટી સહી હતી.

**(૯.૮.૧૪)** ખોટી ઉભી કરેલ કાર્યવાહી કરી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલી હોય તે રીતે હોટેલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ના પલંગના ગાદલા નીચેથી એપ્રુવર સાહેદ નં.–૯ નાઓએ આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ કપડાના બગલ થેલામાં લુંગીમાં વીંટાળેલ જાંબુડી કલરની થેલી કે જેમાં અફીણ હતું તેને બહાર કાઢી તેમાંથી સેમ્પલ લીધેલ ત્યારબાદ વધેલ અફીણ તથા તેના સેમ્પલને સીલ કરેલ.

**(૯.૮.૧૫)** આરોપી નં.–(૨)ની સુચના મુજબ, કાયદેસર કાર્યવાહી થયેલ હોય તેવું દર્શાવવા પંચનામુ તૈયાર કરવામાં આવેલ તથા સુમેરસિંહ રાજપુરોહિત વિરુધ એન.ડી.પી.એસ. એક્ટની કલમ–૧૭ મુજબ એપ્રુવર સાહેદ નં.–૯ નાઓએ ફરિયાદ આપેલ અને પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૧૯૯૬થી ગુનો નોંધાવેલ.

**(૯.૮.૧૬)** તા.૩૦/૦૪/૧૯૯૬ની રાત્રીએ આરોપી નં.–(૨), એપ્રુવર સાહેદ નં.–૯ને તેમના બંગલે બોલાવી ડીસા જઈ આર.પી.પટેલને મળવાનું કહેલ અને ત્યારબાદ સાહેદ આર.પી. પટેલ તથા એપ્રુવર સાહેદ નં.–૯ અને સાહેદ પ્રવીણચન્દ્ર તથા અન્ય પોલીસ કર્મચારીઓ આરોપી નં.–(૨)ની સુચના મુજબ શેરપુરા ઢાંણી ગામમાં ગયેલા અને ત્યાં આર.પી.પટેલ તથા એપ્રુવર સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ નાઓએ ચાર અલગ અલગ જગ્યાઓએ રેઈડ કરેલ અને ત્યાંથી અફીણનો મોટો જથ્થો મળી આવેલ. જે જગ્યાએથી અગાઉ માલાભાઈ રબારી પાસેથી રૂ.૨૦,૦૦૦/– આપી શેરપુરા ઢાંણી ગામથી જે અફીણ, સેમ્પલના નામે ખરીદ કરાવેલ અને જે હોટલ લાજવંતીમાથી મળેલ અફીણનું પેકેટ તથા શેરપુરા ઢાંણી ગામમાંથી મળેલ અફીણના પેકેટો એકસરખા લાગતા હતા.

**(૯.૮.૧૭)** સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતનુ હોટેલ રજીસ્ટરમાં તથા વર્ધીમાં પૂરું નામ સરનામું ન હોવાછતાં તથા સુમેરસિંહ સામે પુરાવો ન હોવાછતાં સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતની ધરપકડ કરવા પાલી રાજસ્થાન જવા

તા.૦૨/૦૫/૧૯૯૬ના રોજ આરોપી સંજીવ ભટ્ટે એપ્રુવર નાઓને મૌખિક હુકમ કરેલ.

**(૯.૮.૧૮)** આરોપી સંજીવ ભટ્ટે, એપ્રુવર સાહેદ નં.-૯ને સુમેરસિંહ રાજપુરોહિત એ.ટી.એસ.માં પકડાયેલ છે અને પહેલાથી અફીણનો ધંધો કરે છે તેવી માહિતી તથા સુમેરસિંહ રાજપુરોહિતનું પૂરેપૂરું નામ સરનામું આપેલ અને સાહેદ સુમેરસિંહ રાજપુરોહિત વિરુધ્ધ પુરાવો ન હોવાનું જાણવા છતાં તેને તાત્કાલિક પકડી લાવવા હુકમ કરેલ.

**(૯.૮.૧૯)** અફીણના ખોટા કેસમા સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતની અટક કરવા રાજ્ય બહાર જવાની રેંજ આઈ.જી.ની પરવાનગી મેળવ્યા વગર એપ્રુવર સાહેદ નં.-૯ નાઓ તથા અન્ય પોલીસ કર્મચારીઓને, આરોપી સંજીવ ભટ્ટ ધ્વારા રાજ્ય બહાર મોકલવામાં આવેલ.

**(૯.૮.૨૦)** સુમેરસિંહ રાજપુરોહિતને પાલી મુકામેથી તેમના ઘરેથી મધ્યરાત્રીએ પકડવામાં આવેલ.

**(૯.૮.૨૧)** પાલી કોતવાલી પોલીસ સ્ટેશનમા સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતને લઈ જવામાં આવેલ ત્યારે કોતવાલી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીએ સુમેરસિંહ રાજપુરોહીતને સવારે લઇ જવાનું જણાવતા એપ્રુવર-ફરિયાદપક્ષ સાહેદ નં.-૯ નાઓએ પાલી કોતવાલી પોલીસ સ્ટેશનથી આરોપી સંજીવ ભટ્ટને ફોન કરેલ ત્યારે આરોપી સંજીવ ભટ્ટે પાલી કોતવાલી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ સાથે વાત કરેલ ત્યારબાદ સુમેરસિંહ રાજપુરોહિતને પાલનપુર લાવવા એપ્રુવર સાહેદ નં.-૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓએ રીપોર્ટ આપેલ અને તેઓને પાલનપુર લાવવા રવાના થયેલ.

**(૯.૮.૨૨)** આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ રસ્તામા એપ્રુવર સાહેદ નં.-૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓએ સુમેરસિંહ રાજપુરોહીને વર્ધમાન માર્કેટવાળી

દુકાન બતાવવા જણાવેલ અને રસ્તામાથી એપ્રુવરે દુકાન જોયેલ જે સમયે પણ દુકાનનો દાવો ચાલે છે તેવી વાત જાણેલ.

**(૯.૮.૨૩)** સુમેરસિંહ રાજપુરોહિત વકીલ છે અને તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ કે અગાઉ પાલનપુર આવેલ નથી અને અફીણનો ધંધો કરતા નથી તેવું જાણવા છતાં આરોપી સંજીવ ભટ્ટ અને એપ્રુવર સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ નાઓએ સુમેરસિંહ રાજપુરોહિતને તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ પાલનપુર લઈ આવવાની સહમતી સાધેલ.

**(૯.૮.૨૪)** તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ સવારે સુમેરસિંહ રાજપુરોહિતને ડી.એસ.પી. ઓફીસ પાલનપુર ખાતે લાવ્યા બાદ આરોપી સંજીવ ભટ્ટનાઓએ સુમેરસિંહ રાજપુરોહિતને લઈને તેમની ઓફીસમાં બોલાવેલ. વર્ધમાન માર્કેટની દુકાનનો શું વિવાદ છે તથા દુકાન તુરત ખાલી કરવા અને ૫ કિલો અફીણનો કેસ કરેલ છે એક કિલો અફીણ કબજે કરેલ છે, ૪ કિલો અફીણ શોધવાનું બાકી છે, તે તમારી પાસેથી રીકવરી બતાવીશું અને હોટેલ લાજવંતીના માલિક પાસે ખોટી ઓળખ કરાવીશું, હાઈકોર્ટ સુધી જામીન મળશે નહી તેવી ધમકી આરોપી સંજીવ ભટ્ટે આપેલ. વધુમાં, આરોપી સંજીવ ભટ્ટે હાઈકોર્ટ જજ આર.આર.જૈન ઈન્ટરેસ્ટેડ છે, તેમ કહી તમારી સાથે સગાઓ આવેલ હોય તો તેમની સાથે પાલીની દુકાન ખાલી કરવાની વાત કરો તેવું પણ જણાવેલ.

**(૯.૮.૨૫)** આરોપી સંજીવ ભટ્ટની ધમકી પછી સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતે, તેમના ભાઈ નરસિંહને દુકાન ખાલી કરવાનું કામ કરાવો તો જ હું છુટીશ, તેમ કહેતા સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતના ભાઈ નરસિંહે તેમના મોટાભાઈ રઘુનાથસિંહને ફોન ઉપર વાત કરેલ, જેઓએ આર.આર. જૈનના કાકા કૂટરમલ જેઓ પાલીમાં રહેતા હતા અને દુકાન માલિક અમરીબાઈના પાવર ઓફ એટર્ની હોલ્ડર હતા તેમને વાત કરેલ.

**(૯.૮.૨૬)** આરોપી સંજીવ ભટ્ટે એપ્રુવરને સુમેરસિંહ રાજપુરોહિતની અટક કરી કોર્ટમાં રજુ કરી રિમાન્ડ માગવા કહેલ અને સુમેરસિંહ રાજપુરોહિતની ઓળખ

કરાવ્યા સિવાય અફીણના દાખલ થયેલ ગુ.ર.નં.-૨૧૬/૧૯૯૬ના કામે તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ કલાક-૧૩/૩૦ વાગે સુમેરસિંહની એન.ડી.પી.એસ. એક્ટના ગુનામાં આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટની સુચના મુજબ અટક કરવામાં આવેલ.

**(૯.૮.૨૭)** સુમેરસિંહ રાજપુરોહિતને તા.૦૪/૦૫/૧૯૯૬ના રોજ રજુ કરી ખોટી હકીકતોવાળી રિમાન્ડ અરજી રજુ કરીને આરોપીની સુચના મુજબ રિમાન્ડ મંગાવવામા આવેલા જેને આધારે સુમેરસિંહ રાજપુરોહિતની તા.૧૦/૦૫/૧૯૯૬ સુધીની પોલીસ કસ્ટડી મેળવેલ. જે સમયે પણ વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરાવવા દુકાન માલિક અને પોલીસવાળાઓએ ખોટો કેસ કરેલ હોવાની સુમેરસિંહે રજૂઆત કરેલ.

**(૯.૮.૨૮)** તા.૦૫/૦૫/૧૯૯૬ના રોજ સાહેદ સુમેરસિંહના ભાઈ રઘુનાથસિંહ, કૂટરમલ તથા અન્ય લોકો પાલનપુર એલ.સી.બી. ઓફિસે આવેલ અને એપ્રુવરને દુકાન ખાલી કરવાનો એગ્રીમેન્ટ થયેલ હોવાનું તથા દુકાન ખાલી થઈ ગયેલ છે જેથી સુમેરસિંહને છોડી મુકો તેવું કહેલ. જેથી એપ્રુવરે આરોપી સંજીવ ભટ્ટને મળવા કહેલ અને તે લોકો આરોપી સંજીવ ભટ્ટને મળેલા. સુમેરસિંહ રિમાન્ડ ઉપર હતા તે દરમ્યાન ગંગાસિંહ એલસીબી ઓફીસ આવેલ અને સંજીવ ભટ્ટનો ફેક્ષ નંબર માંગેલ. દુકાન બાબતે થયેલ કરારની કોપી લઈ એસ.પી. સંજીવ ભટ્ટ પાસે ગયેલ.

**(૯.૮.૨૯)** આરોપી સંજીવ ભટ્ટે, એપ્રુવરને સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતની દુકાન ખાલી કરાવવાના પ્લાન મુજબ દુકાન ખાલી કરવા રાજી થયેલ હોવાનું તથા લખાણ કરી આપેલ હોવાનું કહી તેને છોડી મુકવા કાર્યવાહી કરવી પડશે તેમ જણાવેલ.

**(૯.૮.૩૦)** એપ્રુવરે આરોપી સંજીવ ભટ્ટને, રિમાન્ડ પુરા થાય ત્યારે કોર્ટમાં રજુ કરવાનું કહેતા, આરોપી સંજીવ ભટ્ટ, એપ્રુવરની ઉપર ગુસ્સે થયેલ અને એપ્રુવરને કહેલ કે, તમને તપાસ કરતા આવડતું હોય તેવું મને લાગતું નથી, થોડા જવાબો

લઈ લો, સુમેરસિંહ રાજપુરોહિત વકીલ છે, અફીણનો ધંધો કરતા નથી, બનાવના દિવસે પાલીમાં જ હતા, સુમેરસિંહ રાજપુરોહિતની ઓળખ કરાવો, સુમેરસિંહ રાજપુરોહિતને આજે જ છોડી દેવા ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૯ મુજબ રીપોર્ટ તૈયાર કરો, બીજા જે કાગળો બનાવવાના હોય તે પહેલેથી જ બનાવી સુમેરસિંહ રાજપુરોહિતને કોર્ટમાં રજુ કરો.

**(૯.૮.૩૧)** એપ્રુવર સાહેદ નં.–૯ નાઓએ કોર્ટ બંધ થઈ ગયેલ છે તેમ કહેતા આરોપી સંજીવ ભટ્ટે કાગળો પહેલાથી જ બનાવી, કાલે ઓળખ પરેડ કરાવી સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતને છોડી દેવા ક્રી.પ્રો.કોડ ક.–૧૬૯નો આંક–૨૮૦ વાળો રીપોર્ટ તૈયાર કરી કોર્ટમાં રજુ કરવા હુકમ કરેલ.

**(૯.૮.૩૨)** આરોપી સંજીવ ભટ્ટે ઓળખ પરેડ માટે હોટેલ લાજવંતીના નોકર મનું કોદરવીની જગ્યાએ બીજા માણસની વ્યવસ્થા કરેલ અને તે વ્યક્તિને તથા હોટેલ માલિકને લઈ જઈને ઓળખ પરેડ કરાવવા સુચના આપેલ જેથી તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ ઓળખ પરેડ કરાવવામાં આવેલ.

**(૯.૮.૩૩)** ઓળખ પરેડ પંચનામાની નકલ મળેલ ન હોવાથી આરોપી સંજીવ ભટ્ટે, એપ્રુવર સાહેદ નં.–૯ રૂબરૂનું ઓળખ પરેડ પંચનામું કરવા સુચના આપેલ જે મુજબ તે પંચનામું લખી ઉભું કરવામાં આવેલ.

**(૯.૮.૩૪)** આરોપી સંજીવ ભટ્ટના હુકમથી આવી ઓળખ પરેડ પહેલા ક્રી.પ્રો.કોડ ક.–૧૬૯ વાળો રીપોર્ટ, કોર્ટ કસ્ટડી રીપોર્ટ તથા બીજા નિવેદનો, એપ્રુવર સાહેદ નં.–૯ નાઓએ પહેલાથી જ લખાવેલ હતા.

**(૯.૮.૩૫)** રિમાન્ડ સમય પૂર્ણ થાય તે પહેલા તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતને કોર્ટ કસ્ટડીમાં લેવાનો રીપોર્ટ આંક–૨૮૬નો નામદાર કોર્ટમાં આપવામાં આવેલ તેમજ સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતને છોડી મુકવા ક્રી.પ્રો.કોડ ક.–૧૬૯ મુજબનો આંક–૨૮૦ વાળો રીપોર્ટ રજુ કરવામાં આવેલ.

**(૯.૮.૩૬)** તા.૦૮/૦૫/૧૯૯૬ના રોજ સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતની જામીન અરજીની મુદત હતી તે અગાઉ સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતના ભાઈ રઘુનાથસિંહ અને વકીલ ગંગાસિંહે ફૂટરમલને દુકાન ખાલી કરી દીધી છે તો પણ સુમેરસિંહ રાજપુરોહિતને જેલમાં મોકલી દીધા છે તેવી વાત કરેલ તે દિવસે ફૂટરમલે જસ્ટીસ આર.આર.જૈન સાથે ફોન ઉપર વાત કરી બધી વાત કહેતા આર.આર.જૈને કહેલ કે જે જજ સાહેબે જામીન માટે ના પડેલી છે તે જ જજ સાહેબ છોડી દેશે. તા.૦૮/૦૫/૧૯૯૬ના રોજ સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતને જામીન મુક્ત કરવામાં આવેલ.

**(૯.૮.૩૭)** તા.૦૮/૦૫/૧૯૯૬ના રોજ ફૂટરમલે સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતના ભાઈ રઘુનાથસિંહ અને વકીલ ગંગાસિંહને સાહેદ સુમેરસિંહ રાજપુરોહિત છૂટી ગયા હોવાથી, દુકાનની ચાવી અને એગ્રીમેન્ટ મિડીએટર પાસેથી અપાવો તેવું કહેતા કેસ પૂરો થયેલ ન હોવાથી ફૂટરમલે આપેલ નંબર ઉપર વકીલ ગંગાસિંહે આર.આર.જૈનને વાત કરેલ અને કેસ પૂરો થયો નથી તેથી એગ્રીમેન્ટ અને ચાવી આપીશું નહી તેવું જણાવેલ.

**(૯.૮.૩૮)** તા.૦૯/૦૫/૧૯૯૬ના રોજ આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ ભવિષ્યમાં તકલીફ પડે નહી તેટલા માટે એન.ડી.પી.એસ. એક્ટ ક.–૫૮(૨)નો ઉમેરો કરવા માટેનો આંક–૨૮૭ વાળો રીપોર્ટ નામદાર કોર્ટમાં ખોટી હકીકતો લખીને એપ્રુવર ધ્વારા રજુ કરવામાં આવેલ.

**(૯.૮.૩૯)** સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતની અટક થયા બાદ હોટેલ લાજવંતીના ગેસ્ટ રજીસ્ટરમાં સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતના નામની એન્ટ્રીમાં જે સહી હતી તેનો હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય મેળવવા સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતની નમુનાની સહીઓ પંચો રૂબરૂ મેળવી એપ્રુવર સાહેદ નં.–૯ એ પંચનામું કરી અગાઉ કબજે લીધેલ હતા. પરંતુ તેને હસ્તાક્ષર નિષ્ણાતના અભિપ્રાય માટે સાહેદ સુમેરસિંહ રાજપુરોહિત વિરુધ્ધ ક્રી.પ્રો.કોડ ક.–૧૬૯નો રીપોર્ટ અગર એન.ડી.પી.એસ.એક્ટ કલમ–૫૮(૨)નો રીપોર્ટ કર્યો તે તારીખ

સુધી જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ધ્વારા હસ્તાક્ષર નિષ્ણાતની કચેરીમાં મોકલવામાં આવેલ નહી. આવો હસ્તાક્ષર નિષ્ણાતનો રીપોર્ટ આવ્યા પહેલા દુકાન ખાલી કરાવવાનો હેતુ પૂર્ણ થયેલ હોવાથી સુમેરસિંહને છોડી મુકવાનો રીપોર્ટ તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ કરેલ હતો.

**(૯.૮.૪૦)** તા.૧૪/૦૫/૧૯૯૬ના રોજ કેસ ખતમ કરી દીધેલ હોવાની જાણ થતા દુકાન નં.–૬ વર્ધમાન માર્કેટની ચાવી તથા દુકાન ખાલી કરાવવા બાબતનું એગ્રીમેન્ટ કે જેની ખરી નકલ આંક–૪૯૯ છે તે તા.૧૫/૦૫/૧૯૯૬ના રોજ આપી દીધેલ.

**(૯.૮.૪૧)** રિમાન્ડ મળ્યાના આશરે દસ પંદર દિવસ પછી આરોપી સંજીવ ભટ્ટે, એપ્રુવર સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસની આ કેસની કેસડાયરી કે જેમાં આરોપી સંજીવ ભટ્ટે આપેલ સુચનાઓ એપ્રુવર સાહેદ નં.–૯ ધ્વારા લખવામાં આવેલ તેને આરોપી સંજીવ ભટ્ટે ફાડી નાખેલ અને આરોપી સંજીવ ભટ્ટની સુચના અને ધમકી પછી એપ્રુવર સાહેદ નં.–૯ નાઓએ આંક–૨૭૩ વાળી નવી કેસ ડાયરી પોતાના હસ્તાક્ષરમાં બનાવેલી હતી.

**(૯.૮.૪૨)** સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતને અફીણના ગુનામાં સંડોવવા હોટેલ લાજવંતીના રૂમ નં.–૩૦૫માં જે અફીણ પ્લાન્ટ કરવામાં આવેલ અને કબજે કરી તેમાંથી સેમ્પલ લેવામાં આવેલ અને અફીણ તથા સેમ્પલ સીલ કરવામાં આવેલ તે સેમ્પલને તપાસણી સારૂ એપ્રુવરે પોલીસ સ્ટેશન ઓફિસર સાહેદ નં.–૧૭ મફતલાલ હાલાભાઈને સોપેલ.

જે સીલબંધ હાલતનું અફીણ પોલીસ સ્ટેશન ઓફિસરે એપ્રુવરની રવાનગી નોંધ સાથે રાઈટર હેડ કોન્સ્ટેબલ ગણપતલાલ ખેમશંકર (મરણ ગયેલ)ને સોપેલ.

જેને પોલીસ કોન્સ્ટેબલ સાહેદ નં.–૧૮ કનુભાઈ આંબાભાઈ નાઓએ એફએસએલમાં તા.૦૧/૦૫/૧૯૯૬ના રોજ સોપેલ.

જે અફીણનું સેમ્પલ સીલબંધ હાલતમાં એફ.એસ.એલને મળ્યા બાદ એફ.એસ.એલ અધિકારીએ તેનું એનાલીસીસ કરેલ અને તે અફીણ હોવાનો તથા તેમાં મોર્ફીન એનહાયડ્રસ પ્રતીસત પ્રમાણ ૦.૯ ટકા હોવાનો આંક–૨૯૨ વાળો અભિપ્રાય આપેલ.

**(૯.૮.૪૩)** એપ્રુવર સાહેદ નં.–૯ તથા આરોપી સંજીવ ભટ્ટ ધ્વારા એન.ડી.પી.એસ.નો ખોટો કેસ ઉભો કરવામાં આવેલ હોવા છતાં ગુનો બન્યો છે તેવું બતાવવા પંચનામું તથા ખોટી ફરિયાદ એપ્રુવરે આરોપી સંજીવ ભટ્ટની સુચના અને દબાણના કારણે તૈયાર કરેલ અને તેવી કાર્યવાહી સાચી દર્શાવવાના ભાગ રૂપે કેસ કાગળો નક્કી થયા મુજબ ખોટા તૈયાર કરેલા અને જે તે અદાલતમાં જરૂર પડે આપેલા અને આરોપી સંજીવ ભટ્ટે તૈયાર કરેલ પીટીશનમાં પણ એપ્રુવરે પોતાની તથા આરોપી સંજીવ ભટ્ટની સંડોવણી બહાર ના આવે તેવા પ્રયત્નો કરેલા અને સાહેદોના જવાબો પણ ખોટી ફરિયાદ અનુરૂપ તૈયાર કરેલા.

(૯.૯) ફરિયાદપક્ષે ગુનાનો હેતુ પુરવાર કરેલ હોવાનું જણાવી એવી દલીલ કરેલ છે કે, ઘટનાનો સીધો પુરાવો હોય ત્યારે હેતુ રેલેવંટ નથી. ઘટનાનો ઉદ્ભવ સાબિત થાય ત્યારે સાક્ષીઓની જુબાની, હેતુ પુરવાર ન થયો હોય તો પણ માનવા લાયક છે. જયારે ગુનાના સીધા પુરાવા ઉપલબ્ધ હોય ત્યારે પણ ગુનાનો હેતુ નજીવો બની જાય છે.

આ કેસમા તો ગુનાનો ખુબ જ મજબુત પુરાવો પણ છે અને તેવા સંજોગોમાં આરોપી વિરુધનો કેસ વધુ મજબુત બનેલો છે. આ કેસમાં સાહેદોના સીધા પુરાવા પણ છે અને ગુનાનો મજબુત હેતુ પણ છે. આરોપીએ આચરેલ ગુનાનો હેતુ ફરિયાદપક્ષે શંકા રહિત પુરવાર કરેલ છે તે રેકર્ડ ઉપર આવેલ નીચે જણાવેલ પુરાવા તથા કાવતરાના અન્ય સંજોગો તથા દસ્તાવેજી પુરાવા ઉપરથી પણ સ્પષ્ટ થાય છે.

આ કેસમાં બચાવપક્ષ ઉલટતપાસથી એવું કાઈ પણ દર્શાવી શકેલ નથી કે, ગુનાનો હેતુ ન હતો ઉલટાનું બચાવપક્ષ ધ્વારા સાહેદ સુમેરસિંહ રાજપુરોહિત

ધ્વારા કરવામાં આવેલ, તેઓને કેસમા સંડોવવામાં આવેલ હોવા બાબતેના પુરાવા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. આરોપી ધ્વારા ઉલટતપાસમાં તેઓ વિરુધ્ધ સુમેરસિંહ રાજપુરોહિત ધ્વારા કરવામાં આવેલ અન્ય કાર્યવાહીના પુરાવા પણ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે જેના ઉપરથી પણ એવું સ્પષ્ટ જણાય છે કે સાહેદ સુમેરસિંહ રાજપુરોહીત ધ્વારા આરોપી વિરુધ્ધ પણ, આ ગુનામાં સાહેદ સુમેરસિંહની અટક બાદ તાત્કાલિક જુદીજુદી કાર્યવાહી કરવામાં આવેલ.

વધુમાં, સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતનો પુરાવો જોતા પણ એવું સ્પષ્ટ થાય છે કે, તેઓને ખોટા ગુનામાં સંડોવવાનું એપ્રુવર સાહેદ નં.–૯ નાઓને કોઈજ કારણ ન હતું કે એપ્રુવરનો કોઈ હેતુ પણ ન હતો. દુકાન ખાલી કરાવવાના હેતુથી આરોપી સંજીવ ભટ્ટનાઓએ સુમેરસિંહ રાજપુરોહિતને અફીણના ગુનામાં સંડોવવાનું નક્કી કરેલ તે પણ ફરિયાદપક્ષે સાબિત કરેલ છે.

ફરિયાદપક્ષે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિત તથા તેમની જુબાનીમાં રજુ થયેલ દસ્તાવેજો મારફત તથા એપ્રુવર–સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ, સાહેદ નં.–૧૪ પ્રવીણચંદ્ર હરીલાલ પરમાર અને સાહેદ નં.–૧૬ રમણભાઈ પરશોતમભાઈ પટેલ તથા તેમની જુબાનીઓમાં ફરિયાદપક્ષ ધ્વારા રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેવામાં આવે તો ફરિયાદપક્ષે ગુનાનો હેતુ પણ પુરવાર કરેલ છે. આરોપી સંજીવ ભટ્ટ તરફે રજુ થયેલ બચાવ જોવામાં આવે તો પણ ગુનાના હેતુ ના પુરાવાનું ખંડન થતું નથી.

**(૯.૧૦)** ફરિયાદપક્ષે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪, ૧૫, ૧૬ તથા અન્ય માની શકાય તેવા છે તેવું જણાવી નીચે મુજબ દલીલો કરેલ છે.

**(૯.૧૦.૧)** પાલનપુર શહેર પો.સ્ટેશન પ્રોહી. ગુ.ર. નં.–૨૧૬/૧૯૯૬ના સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ આર/સ્પેશિયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૧૦૭૯/૧૯૯૮ તથા આર/સ્પેશિયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૬૮૦/૧૯૯૯ દાખલ થયેલ હતી. જે કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.03/૦૪/૨૦૧૮ના રોજ હુકમ કરેલો. નામદાર ગુજરાત હાઈકોર્ટે તપાસ

અંગેની જુદી–જુદી હકીકતો નોંધ્યા બાદ એવુ અવલોકન કરેલ કે, 'કેસનો ક્રમ ખરેખર આઘાતજનક છે. વધુમાં એવી હકીકત પણ આઘાતજનક છે કે સી.આર.નં.૨૧૬/૧૯૯૬ પાલનપુરના ગુનાની તપાસમાં નિર્ણાયક એવી કોઈ તપાસ થયેલ નથી.

આમ નામદાર ગુજરાત હાઈકોર્ટે જુદા–જુદા અવલોકનો કરી હાલના ગુનાની તપાસ સીઆઈડી ક્રાઈમ, ગુજરાતને સોંપેલ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અનુસાર એક ખાસ તપાસદળની રચના થયેલ અને ખાસ તપાસદળમાં નિમણુક થયેલ તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ કરવામા આવેલ અને ચાર્જશીટ રજુ કરવામાં આવેલ. નામદાર હાઈકોર્ટનો હુકમ જોતા તથા આ કેસના રેકર્ડ ઉપર આવેલ પુરાવા જોવામાં આવે તો એવું જણાશે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ થયો તે અગાઉ આ કેસમાં ગુનાની ખરેખર સાચી જેવી કે, અફીણ મેળવવા, રાખવા તથા પ્લાન્ટ કરવા અંગે તપાસ થયેલ ન હતી.

વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટે કરેલ એ અન્ય હુકમ કે જે ચુકાદો ૧૯૯૮(૧)જીએલએચ–૪૦૫ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તેમાં ગુનાની તપાસ અંગે કેટલાક અવલોકન કરવામાં આવેલ. જેમાં ઈન્વેસ્ટીગેશન હિડીંગ ટોવર્ડ્સ અનફોલ્ડીંગ અ વર્શ ટાઈપ ઓફ કોન્સ્પીરિસી તેવું નોંધેલ હતું જે ચુકાદો ધ્યાને લેવો જોઈએ.

આમ આ ગુનામાં એપ્રુવરે આરોપી નં.–(૨)ની સુચના મુજબ પુરાવા ઉભા કરેલ હતા તે તેમજ નામદાર હાઈકોર્ટનો હુકમ જોતા એપ્રુવરે કરેલ તપાસ તથા તેના આધારે થયેલ આગળની તપાસનું કોઈ મુલ્ય રહેતું નથી.

**(૯.૧૦.૨)** વધુમાં, રેકર્ડ ઉપર એવો પુરાવો આવેલ છે કે, આરોપી સંજીવ ભટ્ટ, બનાસકાંઠા પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ શ્રી પરમાર, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ રમણભાઈ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ એપ્રુવર તથા અન્ય પોલીસ કર્મચારીઓ તેમના હાથ નીચે કામ કરતા પોલીસ કર્મચારીઓ હતા. પુરાવો જોતા જણાશે કે, સાહેદોને જુદી

જુદી રીતે ધમકીઓ આપવામાં આવેલ, સાહેદોને આરોપી કે જેઓ ઉચ્ચ પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા તેઓનો ડર હતો તથા આરોપી સંજીવ ભટ્ટનાઓને ઉચ્ચ પોલીસ અધિકારીઓ તથા રાજકારણી વ્યક્તિઓ સાથે સારા સબંધ હતા.

**(૯.૧૦.૩)** વધુમાં, એવો પણ પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિત નાઓએ રાજસ્થાન મુકામે દાખલ કરેલ આરોપી સંજીવ ભટ્ટ તથા એપ્રુવર તથા અન્ય સાહેદો વિરુધ્ધ કેસ કરેલ, તે પેન્ડીંગ પણ હતો. આવા રેકર્ડ ઉપર આવેલ સંજોગોમાં ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ નાઓએ ૨૦૧૮ના વર્ષમાં સી.આઈ.ડી. સમક્ષ તથા મેજીસ્ટ્રેટ શ્રી રૂબરૂ ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪ અન્વયેના સત્ય હકીકતો વાળા જે નિવેદનો આપી જે કોઈ સત્ય હકીકતો જણાવી અને નામદાર કોર્ટમાં તે મુજબ જે પુરાવો આપેલ તે પુરાવો જ માનવા લાયક હોવાથી માનવો જોઈએ.

**(૯.૧૦.૪)** ફરિયાદપક્ષની વધુ દલીલ એવી છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ એપ્રુવરનાઓની ઉલટ તપાસ જોવામાં આવે તો ફરિયાદપક્ષના આ સાહેદોના પુરાવાનું ખંડન થતું હોવાનું જણાતું નથી પરંતુ ફરિયાદપક્ષના આ સાહેદોના પુરાવાને તથા ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતું હોવાથી આ સાહેદો માનવા લાયક છે.

**(૯.૧૦.૫)** ફરિયાદપક્ષે જણાવેલ છે કે, ઉલટ જોતા બચાવપક્ષનો એવો બચાવ છે કે, આવા સાહેદોએ તેઓના ૧૯૯૬ના વર્ષના નિવેદનમાં જે કાઈ જણાવેલ તે હકીકતો પુરાવામાં જણાવેલ નથી. વધુમાં, પુરાવામાં જે જણાવ્યું તે ૧૯૯૬ના વર્ષના તેઓના નિવેદનમાં જણાવેલ નથી અગર ૧૯૯૬ના વર્ષના નિવેદનથી પુરાવામાં વિરોધાભાસી હકીકતો જણાવેલ છે.

એપ્રુવર–સાહેદ નં.–૯ નાઓનો પુરાવો જોવામાં આવે તો ૧૯૯૬ના વર્ષમાં આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ સુમેરસિંહ રાજપુરોહિત ઉપર એન.ડી.પી.એસ.નો સમગ્ર કેસ ઉભો કરેલ. વધુમાં એપ્રુવર–સાહેદ નં.–૯

નાઓએ આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ એન.ડી.પી.એસ.નો ખોટો કેસ ઉભો કરેલ હોવાથી, તે ઉભા કરેલ કેસને અનુરૂપ ૧૯૯૬ના વર્ષની તપાસના કાગળો જેવા કે સાહેદોના નિવેદનો ઉભા કરેલા અને દસ્તાવેજો પણ ઉભા કરેલા.

સાહેદોએ ૨૦૧૮ના વર્ષમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ થયેલ તપાસના કામે નિવેદનો આપેલા. આવા સંજોગોમાં સાહેદોએ તેઓના સાહેદ નં.–૯ નાઓએ ઉભા કરેલ નિવેદનોથી વિરોધાભાસી પુરાવો આપેલ છે તેવું માનવું જોઈએ નહી. આમ રેકર્ડ ઉપરનો પુરાવો જોતા એવું પણ કહી શકાય નહિ કે સાહેદોએ તેઓના ૧૯૯૬ના વર્ષના નિવેદનમાં ન જણાવેલી હકીકતો નામદાર કોર્ટ સમક્ષ પુરાવામાં જણાવેલ નથી કે જણાવેલ છે.

આમ, રેકર્ડ ઉપરથી જણાય છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ આ કેસની તપાસ એસ.આઈ.ટી.ને સોપેલ અને અગાઉ અફીણ મેળવ્યા, રાખ્યા અને મુક્યા અંગે તપાસ થયેલ ન હોવાનું ધ્યાને લઈ ૨૦૧૮ના વર્ષમાં હુકમ કરેલ ત્યારે તે અગાઉની ૧૯૯૬ના વર્ષની તપાસ કલંકિત હોવાનું ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે. તેથી તે તપાસમાં તૈયાર કરવામાં આવેલ કે ઉભા કરવામાં આવેલ નિવેદનોનો આધાર લઈ શકાય નહિ કે, પુરાવો વિરોધાભાષી છે કે પુરાવામાં મટીરીયલ ઓમીશન છે તેવો બચાવ માની શકાય નહી.

૧૯૯૬ના વર્ષના નિવેદનો તથા દસ્તાવેજી પુરાવા ઉભા કરવામાં આવેલા હતા તે અંગે એપ્રુવર–સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનો પડેલ પુરાવો તથા તેમની ઉલટતપાસથી રેકર્ડ ઉપર આવેલ પુરાવો પણ ધ્યાને લેવો જરૂરી છે.

વધુમાં ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ પ્રવિણચંદ્ર હરીલાલ પરમારનો સાહેદ નં.–૯ ઈન્દ્રવદન વ્યાસ–એપ્રુવરનો પુરાવો જોવામાં આવે તો એપ્રુવર દ્વારા ૧૯૯૬ના વર્ષની તપાસના નિવેદનો લખાવવામાં આવેલ. વધુમાં, સાહેદ નં.–૧૪નો પુરાવો તથા ઉલટતપાસથી રેકર્ડ ઉપર આવેલ પુરાવો શ્રી વ્યાસ દ્વારા નિવેદનો લખાવવામાં આવેલ હતા તે ધ્યાને લેવો જરૂરી છે.

વધુમાં ફરિયાદપક્ષની દલીલ છે કે, સાહેદ નં.–૧૬નો તેમનું ૧૯૯૬ના વર્ષનું નિવેદન એપ્રુવર વ્યાસ ધ્વારા લખી લેવામાં આવેલ અને તે નિવેદન પોતે લખાવેલ ન હોવા બાબતેનો પુરાવો ધ્યાને લેવો જરૂરી છે.

ફરિયાદપક્ષે એવી દલીલ કરેલ છે કે, હાલના કેસમાં બચાવપક્ષ ધ્વારા ૧૯૯૬માં આઈ.બી.વ્યાસ રૂબરૂનાં હોય તેવા સાહેદોના નિવેદનમાં, સાહેદોએ પુરાવામા જે જણાવ્યું તે લખાવેલ ન હોવા બાબતે કે લખાવેલ હોવા બાબતે વિરોધાભાસ કે કસુર રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે પરંતુ આ કેસના સંજોગો તથા રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો એપ્રુવર આઈ.બી.વ્યાસ ધ્વારા આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ કાવતરાના ભાગરૂપે તપાસના તમામ કાગળો તથા સાહેદોના નિવેદનો ઉભા કરવામાં આવેલ તેવો પુરાવો આઈ.બી.વ્યાસ–એપ્રુવર કે જેઓએ અગાઉ સુમેરસિંહ વિરુધ્ધ કહેવાતી તપાસ કરેલ તેઓનો રેકર્ડ ઉપર આવેલ હોવાથી તથા સાહેદોએ પણ આઈ.બી.વ્યાસ ધ્વારા નિવેદનો લખી લીધેલ હોવા અંગે અને પોતે નિવેદન નહિ આપ્યા અંગેનો જે પુરાવો આવેલ તેનાથી ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે કે, અગાઉની તપાસના કાગળો ઉભા કરવામાં આવેલા. આમ, ટેઈન્ટેડ તપાસ હોવાનું જયારે રેકર્ડ ઉપર આવેલુ. ત્યારે સાહેદોના ૧૯૯૬ના ઉભા કરેલ નિવેદનો કે જેને આધારે બચાવપક્ષ ધ્વારા જે કોન્ટ્રાડીકશન કે ઓમીશન રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તે સાહેદોની ક્રેડીબીલીટીને ઇન્પીચ કરી શકે નહી. વર્ષ ૧૯૯૬ના કેસના, બદઈરાદે ઉભા કરવામાં આવેલ તપાસના કાગળો તથા ફરિયાદપક્ષના સાક્ષીઓના કહેવાતા નિવેદનો કે જે ખરેખર આપવામાં આવેલા નથી અવિશ્વનીય છે તેવા નિવેદનો તેની વેલ્યુ ગુમાવે છે અને આવા કલંકિત રેકોર્ડની કોઈ વેલ્યુ નથી. જેથી સાહેદોએ નામદાર કોર્ટ સમક્ષ જે પુરાવો આપ્યો તે જ ધ્યાન ઉપર લેવો જોઈએ.

**(૯.૧૦.૬)** ફરિયાદપક્ષની વધુ રજૂઆત છે કે, બચાવપક્ષ ધ્વારા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪, ૧૬ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનું બતાવવાનો એક

પ્રયત્ન કરેલ છે. પરંતુ સાહેદોની આ બાબતે કરવામાં આપેલ ઉલટતપાસ જોવામાં આવે તો એવું સ્પષ્ટ જણાય છે કે, સાહેદો કે જેઓ પોલીસ કર્મચારી/અધિકારીઓ તરીકે ફરજ બજાવતા હતા તેઓ વિરુધ જે–તે સમયે કેટલાક ગુનાના આરોપીઓ અગર આરોપી સાથે સબંધ ધરાવતા કોઈક વ્યક્તિઓએ ખોટા આક્ષેપો કરેલા હતા. બચાવપક્ષે ઉલટમાં પુછેલ આક્ષેપો પુરવાર થયેલા હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી. બચાવપક્ષની ઉલટમા તથા રેકર્ડ ઉપર આક્ષેપોવાળી કાર્યવાહીઓ પેન્ડીંગ ન હોવાની હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે.

વધુમાં, ફરિયાદપક્ષની એવી દલીલ છે કે, બચાવપક્ષ, ફરિયાદપક્ષ સાહેદો ગુનાહિત ઈતિહાસ ધરાવતા હતા તેવુ પુરવાર કરી શકેલ નથી. ફરિયાદપક્ષ સાહેદો વિરુધ્ધ તથા આરોપી નં.–૨ વિરુધ્ધ પાલી, રાજસ્થાન ખાતે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ ધ્વારા ફરિયાદ દાખલ કરેલ હતી તે પેન્ડીંગ છે તે રેકર્ડ ઉપર આવેલ છે, પરંતુ સાહેદ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવા માત્રથી તેના પુરાવાને ન માનવાનું કોઈ કારણ બનતું નથી. હાલના કિસ્સામાં તો ફરિયાદપક્ષ સાહેદોનો ગુનાહિત ઈતિહાસ પુરવાર પણ થયેલ નથી. તેવા સંજોગોમાં હાલના સાહેદોના વિરુધ્ધ કેસો થયેલ હતા તેવા રેકર્ડ ઉપરના સુચનથી ફરિયાદપક્ષ સાહેદોને ન માનવાનું કોઈ યોગ્ય કારણ નથી. તેવી ફરિયાદપક્ષે દલીલ કરેલ છે.

**(૯.૧૦.૭)** ફરિયાદપક્ષની એવી દલીલ છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬નો પુરાવો જોવામાં આવે તો, તેઓના પુરાવામાં પણ કોઈ મહત્વના કસુર (ઓમીશન) કે વિરોધાભાસ નથી. સાહેદોની જુબાનીમાં રેકર્ડ ઉપર આવેલ કોઈક નાના, મહત્વના ન હોય તેવા વિરોધાભાષ કે કસુરના આધારે એવું કહી શકાય નહી કે, સાહેદોને માની શકાય તેમ નથી. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬નાઓએ ૨૦૧૮ના જુદા–જુદા નિવેદનમાં જુદી હકીકતો લખાવેલ હતી તે માત્રથી તેમનો પુરાવો માની શકાય નહી તેવો બચાવપક્ષનો કેસ માનવો ન

જોઈએ. પુરાવો જોતા સાહેદ નં.–૧૬ એ ૨૦૧૮માં તપાસ કરનારને તમામ હકીકત લખાવેલી.

**(૯.૧૦.૮)** ફરિયાદપક્ષે ડી.કે.ધગલની ઈન્ક્વાયરી બાબતે બચાવપક્ષ ધ્વારા પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તે અંગે દલીલ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૮, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૦, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ પ્રવિણચંદ્ર તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ રમણભાઈની ઉલટતપાસથી બચાવપક્ષે આ સાહેદોએ શ્રી ડી.કે.ધગલની ઈન્ક્વાયરીના કામે કેટલીક હકીકતો લખાવેલ ન હોવા અંગેના વિરોધાભાસ કે કસુર રેકર્ડમાં લાવેલ છે. શ્રી ડી.કે ધગલની ઈન્ક્વાયરીના કાગળો રેકર્ડ રજુ કરાવવા બચાવપક્ષ ધ્વારા ક્રી.પ્રો.કોડ કલમ–૯૧ આંક–૨૩૪ વાળી અરજી આપવામાં આવેલ હતી. જે અરજીને આધારે ફરીયાદપક્ષે તેવી ઈન્કવાયરીના કાગળો આંક–૨૩૬ વાળા ફેરીસ્તથી રજુ કરેલ. રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા એક સિદ્ધેસ્વરપૂરી બાર એસોસિઅશન, પાલી ધ્વારા એક અરજી આપવામાં આવેલ હતી. જે અરજીના કામે પોલીસ મહાનિર્દેશક, ગુજરાત ધ્વારા સામાવાળા કે જે પોલીસ કર્મચારીઓ હતા તેઓ વિરુધ્ધ શ્રી ડી.કે.ધગલ, બોર્ડર રેંજ આઈ.જી.નાઓને ઈન્ક્વાયરી સોપવામાં આવેલ.

વધુમાં ફરિયાદપક્ષની દલીલ છે કે, આ ઈન્ક્વાયરી કરનાર શ્રી દેવરાજ કાનાભાઈ ધગલનાઓને બચાવપક્ષે સાહેદ નં.–૨ તરીકે કોર્ટે પરવાનગી આપેલ તે હેતુ માટે તપાસેલ છે. જે ઈન્ક્વાયરીના કામે લીધેલ હોય તેવા નિવેદનો આધારે બચાવપક્ષે સાહેદ નં.–૨ની જુબાનીમાં ફરિયાદપક્ષના સાહેદોની જુબાનીના કહેવાતા કસુર કે વિરોધાભાસ બચાવપક્ષ ધ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. બચાવપક્ષ સાહેદ નં.–૨ નાઓનો પુરાવો તથા તેઓની ઉલટતપાસ જોવી જરૂરી છે. જે જોતા શ્રી ડી.કે. ધગલનાઓને સિદ્ધેસ્વરીપૂરી બાર એસોસીએશન, પાલી ધ્વારા કરવામાં આવેલી. આ અરજી અંગેની તપાસ ગુજરાત સરકાર ધ્વારા

સોપવામાં આવેલી, જે અરજીની ઈન્કવાયરી શ્રી ધગલે કરેલી હતી. આ બચાવપક્ષ સાહેદનો પુરાવો જોવામાં આવે તોઆ તપાસ/ઈન્કવાયરી ગુનાની તપાસ કે ઈન્કવાયરી ન હતી.

શ્રી ડી.કે. ધગલ ધ્વારા પાલનપુર શહેર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુ.ર.નં.-૨૧૬/૧૯૯૬ના કામે કોઈ ગુનાની તપાસ કરેલ ન હતી. શ્રી ડી.કે.ધગલની ઈન્કવાયરી ક્રી.પ્રો.કોડની જોગવાઈઓ અનુસાર સોપવામાં આવેલ તપાસ પણ ન હતી. શ્રી ડી.કે. ધગલની ઈન્કવાયરીના નિવેદનોમાં ક્રી.પ્રો.કોડ કલમ-૧૬૧ની જોગવાઈઓ વિરુધ્ધ સહીઓ પણ મેળવવામાં આવેલ હતી.

વધુમાં, ફરિયાદપક્ષની દલીલ છે કે, હાલ રેકર્ડ ઉપર આવેલ પુરાવા મુજબ ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૬ તથા અન્યના નિવેદનો આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ નોંધવામાં આવેલ હતા. શ્રી ડી.કે. ધગલ બચાવપક્ષ સાહેદ નં.-૨ના પુરાવા મુજબ પણ આ ઈન્કવાયરી એક ખાતાકીય તપાસ પહેલાની પ્રિલીમીનરી ઈન્કવાયરી હતી. વધુમાં, ધ ગુજરાત પોલીસ મેન્યુઅલના ચેપ્ટર જોવામાં આવે તો તેમાં ડીપાર્ટમેન્ટલ પનીસમેંટસના રૂલ્સ-૩૭૧ મુજબ સીનીયર ઓફિસર વિરુધ ઈન્કવાયરીની જોગવાઈ છે. રૂલ્સ-૩૭૧ મુજબ (૧) પ્રિલીમીનરી ઈન્કવાયરી (૨) ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરીની જે જોગવાઈઓ છે તે મુજબ પ્રીલીમીનરી ઈન્કવાયરીનું પરિણામ સરકારશ્રીના ગૃહ વિભાગમા મોકલવાનું હોય છે. જેના આધારે અધિકારી વિરુધ્ધ ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી કરવાનું કારણ બને છે કે નહી તે જોવાનું હોય છે. આમ ધગલની ઈન્કવાયરી પ્રીલીમીનરી ઈન્કવાયરી છે જે ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરીની આગળની ઈન્કવાયરી છે.

આમ, શ્રી ધગલ રૂબરૂના નિવેદનો ગુનાના પ્રીવીયસ સ્ટેટમેંટ નથી. જેથી તેવા નીવેદનો આધારિત કોઈપણ વિરોધાભાસને, વિરોધાભાસ અગર ઓમીશન ગણી શકાય નહિ અને તેવા કારણોસર બચાવપક્ષના કહેવા મુજબ સાહેદોએ કેટલીક હકીકત શ્રી ડી.કે. ધગલ રૂબરૂ જણાવેલ નથી તેવું માનવું ન જોઈએ.

વધુમાં, ફરિયાદપક્ષ સાહેદ નં.–૮, ૯, ૧૦, ૧૪ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ નાઓએ ડી.કે.ધગલ રૂબરૂ હકીકતો જણાવેલ ન હોવાને કારણે માનવા લાયક નથી તેવો બચાવપક્ષનો બચાવ ખોટો અને કાયદાની જોગવાઈઓથી વિરુધ્ધનો છે. આમ બચાવ ન માની ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ફરીયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬નો પુરાવો માની શકાય તેવો હોવાથી અને વિરોધાભાસ વગરનો હોવાથી માનવો જોઈએ.

**(૯.૧૦.૯)** ફરિયાદપક્ષની દલીલ છે કે, બચાવપક્ષ ધ્વારા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪ અને નં.–૧૬ની ઉલટતપાસ કરવામાં આવેલ ત્યારે આ સાહેદોએ શેરપુરા ઢાણી, આગથળા પોલીસ સ્ટેશનના કેસોમાં આપેલ પુરાવા રજુ કરી તથા અન્ય દસ્તાવેજો રજુ કરી તે કેસના પુરાવા અગર જે તે સાહેદની તે કેસની ફરીયાદ આધારિત કેટલાક કસુર કે વિરોધાભાસ હોવાનું રેકર્ડ ઉપર લાવવાના પ્રયત્નો કરેલ, પરંતુ શેરપુરા ઢાણી, આગથળા પો.સ્ટે.ના ગુનાની તપાસ અન્ય ગુનેગારો વિરુધ્ધની અને હાલના ગુનાની બાબતોને અનુરૂપ નહી પરંતુ એક અલગ તપાસ હોવાનું રેકર્ડ ઉપર આવેલ પુરાવાથી જણાઈ આવે છે. ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, સાહેદ નં.–૧૪ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬નાઓએ ૨૦૦૦ના વર્ષ પહેલા નામદાર અદાલતોમાં શેરપુરા કેસના અન્ય ગુનેગારો વિરુધ્ધ તથા અલગ ગુનાઓના કામે જુબાની આપેલ હતી. જે જોતા તે અલગ આરોપીઓના અલગ ગુનાને સંલગ્ન જુબાનીઓ હતી.

ફરિયાદપક્ષની દલીલ છે કે, આ કેસમાં મરણજનાર આરોપીએ, આગથળા મુકામેથી અફીણ ખરીદેલ હોવાનો પુરાવો છે જેનો મતલબ એવો થતો નથી કે, હાલના ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬નાઓએ હાલના ગુનાને લગતા નિવેદનો આગથળા કેસની તપાસ દરમ્યાન આપેલ હતા તથા જુબાની આપેલ હતી. આગથળા કેસમાં આપવામાં આવેલ નિવેદનો હાલના ગુનાના પ્રીવીયસ સ્ટેટમેંટ ન હોવાથી તે કેસોમાં આપવામાં આવેલ ફરિયાદ અગર જુબાનીમાં હાલના કેસની હકીકતો લખાવેલ નથી કે

વિરોધાભાષી પુરાવો આપેલ છે તેવું બચાવનું કહેવું કાયદેસરનું નથી. સામાન્ય સંજોગોમાં કોઈ પણ તપાસ કરનાર અધિકારી કે કર્મચારી તેમની જુદી જુદી તપાસના કામે પુરાવો આપતા સમયે હોય છે. તેવા સમયેએટલે કે કોઈ પણ ગુનાના કામે પુરાવો આપતા સમયે તેઓએ કરેલ દરેક તપાસના ગુનાનો પુરાવો કે દરેક ગુના અંગેનો પુરાવો દરેક કેસમાં આપવો જ જોઈએ તે કાયદાનો ઉદ્દેશ નથી. આમ, એવું પણ કહી શકાય નહી કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪, ૧૬નાઓના પુરાવામાં આવા કારણે વિરોધાભાસ અગર મટીરીયલ ઓમીશન કે કોન્ટ્રાડીક્શન છે.

આવા નિવેદનો અંગે બચાવે સાહેદ નં.–૧૬ની જુબાનીમાં વિરોધાભાસ પૂછતાં, ફરિયાદપક્ષ ધ્વારા વાંધો લેવામાં આવેલ અને આગથળાના નિવેદન પ્રીવિયસ સ્ટેટમેંટ ન ગણાય તેવી દલીલ કરેલ. તે અંગે આંક–૫૨૯ વાળી અરજી બચાવપક્ષે રજુ કરેલ હતી. જે નામંજૂર થયેલી. જે અરજીના ઉપરના હુકમ વિરુધ્ધ આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રીમીનલ રીવીઝન અરજી નં.–૩૩૩/૨૦૨૩ દાખલ કરેલ હતી. જે નામંજૂર થયેલ હતી. આ સંજોગોમાં પણ આગથળાની ફરિયાદ કે અન્ય દસ્તાવેજોના વિરોધાભાસ ધ્યાને લઈ શકાય નહી. વધુમાં બચાવપક્ષે આપેલ આંક–૭૯૭ વાળી અરજી ઉપર નામદાર કોર્ટે કરેલ હુકમ પણ ધ્યાને લેવો જઈએ.

**(૯.૧૦.૧૦)** ફરિયાદપક્ષની વધુ ટૂંકમાં દલીલ એવી છે કે, સાહેદ નં.–૧૪ તથા સાહેદ નં.–૧૬ નાઓએ, નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ તપાસ કરનાર અમલદાર સાહેદ નં.–૧૯ રૂબરૂના આપેલ નિવેદનો અને સાહેદોના પુરાવામાં કોઈ મહત્વની કસુર કે વિરોધાભાસ નથી. તેથી સાહેદોનો પુરાવો માનવા લાયક છે.

**(૯.૧૦.૧૧)** ફરિયાદપક્ષની વધુ રજૂઆત છે કે, ફરીયાદપક્ષ સાહેદ નં.–૯ નાઓએ જે નિવેદન નામદાર કોર્ટમાં આપેલ તેમાં અને તેમના પુરાવામાં કોઈ મહત્વના કસુર કે વિરોધાભાસ નથી. આમ, ફરિયાદપક્ષના આ સાહેદ નં.–૯ એપ્રુવરને ન માનવાના કોઈ કારણો તેમના પુરાવા ઉપરથી જણાઈ આવતા નથી.

**(૯.૧૦.૧૨)** બચાવપક્ષે નામદાર ગુજરાત હાઈકોર્ટે તપાસ અંગે હુકમ કર્યો તે પહેલાની ૧૯૯૬ની તપાસ દરમ્યાન ડી.વાય.એસ.પી., એસ.બી.પટેલનાઓએ ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ શ્રી આઈ.બી.વ્યાસનું નિવેદન લીધું હોવા અંગે સાહેદ નં.–૯ ની જે ઉલટતપાસ કરેલ. તે અંગે ફરિયાદપક્ષે દલીલ કરી જણાવેલ છે કે, આ ગુનો દાખલ થયા અગાઉથી લઈ સુમેરસિંહ રાજપુરોહિતની અટક કરી એન.ડી.પી.એસ. એક્ટ કલમ–૫૮(૨)નો રીપોર્ટ કરવા સુધીની તપાસ ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ કે જેઓ એપ્રુવર છે તેઓએ કરેલ.

એપ્રુવરને ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તરીકે તપાસવામાં આવ્યા ત્યારે તેઓએ ગુનો છુપાવવા માટે સાચા નિવેદનો આપેલ ન હોવા અંગેનો તથા આગળની તપાસના કાગળો ઉભા કરેલ તેવા પુરાવો આપેલ.

આ સાહેદ નં.–૯ નાઓને બચાવપક્ષે જયારે એસ.બી. પટેલ રૂબરૂના નિવેદન તરફ ધ્યાન દોરી જુદા જુદા કથનો તે નિવેદનમાં લખેલા ન હોવા બાબતે પ્રશ્ન પુછેલ ત્યારે એપ્રુવર સાહેદ નં.–૯ નાઓએ, એસ.બી.પટેલ રુબરુનું નિવેદન સ્વેચ્છાએ લખેલ ન હોવા બાબતે અને આરોપી સંજીવ ભટ્ટના કહેવા મુજબ આ કેસમાં તેઓની પોતાની તથા અન્યોની સંડોવણી બહાર ન આવે તે મુજબના નિવેદનો લખી લેવામાં આવેલ હોવાના પુરાવો આપેલ છે, તે આ કેસની હકીકતો જોતા માની શકાય તેમ છે. એપ્રુવરની ઉલટતપાસથી રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા એપ્રુવરે અગાઉની તપાસમાં ખોટા દસ્તાવેજો તથા નિવેદનો પણ ઉભા કરેલ તથા સત્ય હકીકતો છુપાવેલ અને સત્ય હકીકતો જણાવેલી ન હતી. આવા સંજોગોમાં એસ.બી.પટેલ રૂબરૂના નિવેદનમાં એપ્રુવરે ગુનો આચરનાર તરીકે સત્ય હકીકતો જણાવેલ ન પણ હોય તેવા કારણે તેવા ઉભા સત્ય હકીકત છુપાવતા નિવેદનમાં વિરોધાભાસ કે કસુર છે તેવો બચાવપક્ષનો કેસ માનવો જોઈએ નહી અને તે કારણસર એપ્રુવરનો પુરાવો ક્રેડીટેબલ નથી તેવું કહી શકાય નહી.

ફરિયાદપક્ષની દલીલ છે કે, રેકર્ડ ઉપરનો પુરાવો જોતા શ્રી આઈ.બી.વ્યાસના અગાઉના કોઈ પણ નિવેદનો તેમના સાહેદ તરીકેના નિવેદનો ન હતા પરંતુ ગુનો આચરનાર વ્યક્તિના નિવેદનો હતા અને તેથી ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ના પુરાવાનું મૂલ્યાંકન એક એપ્રુવરના પુરાવા તરીકે કરવું જોઈએ નહી કે એક બનાવના અગાઉના નિવેદન આપનાર સાહેદ તરીકે.

**(૯.૧૦.૧૩)** ફરિયાદપક્ષ ધ્વારા આ કેસના વિકટીમ સુમેરસિંહ રાજપુરોહિત કે જેઓને અફીણ પ્લાન્ટ કરીને એન.ડી.પી.એસ.ના ગંભીર ગુનામાં સંડોવવામાં આવેલ તેઓને ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ તરીકે તપાસેલ હોવાનું જણાવી દલીલ કરેલ કે, આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેમનો પુરાવો વિશ્વાસલાયક અને ભરોસાપાત્ર છે. આ સાહેદના પુરાવામાં કોઈ મહત્વના વિરોધાભાસ નથી. આ સાહેદ ૧૯૯૬ના વર્ષમાં પાલી રાજસ્થાન મુકામે વકીલાતનો વ્યવસાય કરતા, સાહેદ અફીણનો ધંધો કરતા હોવાનું અને ૫ કિલો અફીણ લઈ હોટેલ લાજવંતીમાં રોકાયેલ હોવાનું તેમજ અફીણની ડીલીવરી પાલનપુરમાં આપવાની હોવાનું ખોટું દર્શાવીને ખોટી વર્ધી ઉભી કરી સાહેડીને પુરાવા વગર અફીણના એન.ડી.પી.એસ એક્ટના ગંભીર ગુનામાં સંડોવવામાં આવેલ. સાહેદને પકડી લાવવા માટે આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટનાઓએ એપ્રુવરને સૂચનાઓ આપેલી. સાહેદને પાલીથી પકડીને પાલનપુર ખાતે લાવવામાં આવેલ. સાહેદને તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ આરોપી સંજીવ ભટ્ટે પોતાની ઓફિસમાં બોલાવી, વર્ધમાન માર્કેટની દુકાનનો શું વિવાદ છે તથા દુકાન તુરત ખાલી કરવા અને ૫ કિલો અફીણનો કેસ કરેલ છે ૧ કિલો અફીણ કબજે કરેલ છે, ૪ કિલો અફીણ શોધવાનું બાકી છે, તે તમારી પાસેથી રીકવરી બતાવીશું અને હોટેલ લાજવંતીના માલિક પાસે ખોટી ઓળખ કરાવીશું, હાઈકોર્ટ સુધી જામીન મળશે નહી તેવી ધમકી આપેલ.

ફરિયાદપક્ષે એવી દલીલ કરેલ છે કે, સાહેદ નં.–૧૫ નાઓ ઉપર દુકાન ખાલી કરવા માટે અફીણનો કેસ ઉભો કરવા માટે આરોપી નં.–(૨) એ રૂપિયા

૨૦,૦૦૦/– આપી અફીણ ની ખરીદી કરાવેલ અને હોટેલ લાજવંતીના રૂમ નં.– ૩૦૫માં પ્લાન્ટ કરાવેલ.

સાહેદ વર્ધમાન માર્કેટ વાળી જગ્યામાં વકીલાતની ઓફીસ ચલાવતા હતા તે ખાલી કરવા માટે સાહેદ ઉપર એન.ડી.પી.એસ એક્ટનો ખોટો કેસ કરવામાં આવેલ. આ ગુનામાં સાહેદની અટક કર્યા પછી કોર્ટમાં રજુ કરી રિમાન્ડ તારીખ ૧૦/૦૫/૧૯૯૬ સુધીની ખોટી રીતે પોલીસ કસ્ટડી મેળવી તા.૦૬/૦૫/૯૬ સુધી ગેરકાયદેસર કસ્ટડીમાં રાખવામાં આવેલ.

આ સાહેદ નં.–૧૫ ના તથા અન્ય સાહેદોના પુરાવાથી આરોપી નં.–(૨)ની ગુનામાં સીધી સંડોવણી તથા હેતુ ફરિયાદપક્ષે સાબિત કરેલ હોવાનું ફરિયાદપક્ષે દલીલ કરેલ છે.

સાહેદ નં.–૧૫ના સીધા તથા વિરોધાભાસ વગરનો પુરાવો છે સાહેદ નં.– ૧૫ના પુરાવાને સાહેદ નં.–૧૪, સાહેદ નં.–૧૬ તથા એપ્રુવર ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ના પુરાવાથી તથા અન્ય સાહેદોના પુરાવાઓથી તથા પુરવાર થયેલ દસ્તાવેજી પુરાવાથી પણ સમર્થન મળે છે.

આ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ નાઓએ ૧૯૯૬ની સાલમાં જ તાત્કાલિક જરૂરી કાયદાકીય કાર્યવાહી કરેલ હતી. સાહેદના પુરાવામાં કોઈ સામાન્ય ભૂલ કે નાનો વિરોધાભાસ હોવાથી સાહેદનો પુરાવા અવિશ્વસનીય બનતો નથી.

વધુમાં, ફરિયાદપક્ષની દલીલ છે કે, પુરાવો જોતા આ સાહેદ નં.–૧૫ ને આરોપી નં.–(૨) સાથે કોઈ દુશ્મનાવટ નથી કે જેના કારણે આ સાહેદે આરોપી તથા એપ્રુવરને ખોટા સંડોવેલ. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો આ સાહેદનો પુરાવો અવિશ્વસનીય નહી પરંતુ વધુ વિશ્વસનીય બનેલ છે. ઉલટતપાસથી આવેલ પુરાવાઓથી આ સાહેદના પુરાવાને વધુ સમર્થન મળે છે. આ સાહેદની સરતપાસ તથા ઉલટતપાસ જોવામાં આવે તથા સાહેદની જુબાનીમાં રજુ થયેલ દસ્તાવેજોનું મૂલ્યાંકન–વિશ્લેષણ કરવામાં આવે તો એવું

પુરવાર થયેલ છે કે, સાહેદ નં.–૧૫ને અફીણના જે ખોટા કેસમાં સંડોવવામાં આવેલ તે કેસમાંથી વર્ધમાન માર્કેટવાળી જગ્યા ખાલી થઇ જવાથી આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટની સુચનાથી સાહેદને છોડી મુકવા તારીખ ૦૬/૦૫/૧૯૯૬ના રોજ ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૯નો રીપોર્ટ કરવામાં આવેલ. વધુમાં કલમ–૫૮(૨)નો કરવામાં આવેલ રીપોર્ટ કે જે આરોપી નં.–(૨)ની સુચનાથી એપ્રુવરે કરેલ તે આંક–૨૮૭ વાળો જોવામાં આવે તો પણ સાહેદ નં.–૧૫ વિરુધ્ધ ખોટો એન.ડી.પી.એસ. એક્ટનો ગુનો દાખલ કરવામાં આવેલ હતો તે ફરિયાદપક્ષે સાબિત કરેલ છે.

વધુમાં, કલમ–૫૮(૨)ના રીપોર્ટ અંગેનો બચાવ જેવો કે, સાહેદ નં.–૧૫ને અન્ય માદક પદાર્થનો ધંધો કરવાવાળી વ્યક્તિઓએ અફીણના ગુનામાં ફસાવ્યા હોઈ શકે તે માત્ર ખોટો અને ઉભો કરેલ બચાવ છે. જે આરોપી નં.–(૨) એ એપ્રુવર મારફત તપાસ દરમ્યાન ઉભો કરેલ બચાવ હતો તેવું પણ સાહેદ નં.–૧૫ તથા એપ્રુવર તથા સાહેદ નં.–૧૪ મારફત સાબિત થયેલ છે. અફીણનો ધંધો કરનારે ખોટા સંડોવેલ હોવાનો બચાવ ઉભો કરવામાં આવેલ હોવાનું આ સાહેદ તથા એપ્રુવરનો પુરાવો તથા ઉલટ જોતા જણાય છે. રેકર્ડ ઉપરનો પુરાવો જોતા આ બચાવ માની શકાય તેવો નથી તેવી ફરિયાદપક્ષે દલીલ કરેલ છે.

વધુમાં, ફરિયાદપક્ષે દલીલ કરી જણાવેલ છે કે, ફરિયાદપક્ષે એવું પણ સાબિત કરેલ છે કે, આરોપી સંજીવ ભટ્ટની સુચના/હુકમથી ખોટા દસ્તાવેજી પુરાવા અગર પુરાવા એપ્રુવર ધ્વારા ઉભા કરવામાં આવેલા. વધુમાં, સાહેદ નં.–૧૫ને ખોટા સંડોવવા માટે એપ્રુવર સાહેદ નં.–૯નો કદાપી કોઈ હેતુ ન હતો કે તેવા હેતુનો કોઈ જ પુરાવો બચાવપક્ષ પણ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સાહેદ નં.–૧૫નાઓને ગુનામાં સંડોવવાના કાવતરામાં એપ્રુવર સામેલ થયેલ, પરંતુ તેઓનો કોઈ ઉદ્ધેશ હોવાનો પુરાવો આરોપી પક્ષ ઉલટથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

ફરિયાદપક્ષની દલીલ છે કે, કોઈ રાજકીય કારણોસર ૧૯૯૬ના વર્ષથી જ સાહેદ નં.–૧૫ નાઓએ આરોપી નં.–(૨)ને સંડોવેલ છે તેવો રજુ થયેલ બચાવ પણ માની શકાય તેવો નથી. સાહેદ નં.–૧૫નો ૧૯૯૬ના વર્ષમાં એડવોકેટ હતા તથા તેઓએ જુબાની આપી તે સમયે પણ એડવોકેટનો વ્યવસાય કરે છે. સાહેદની પ્રેક્ટીસનો પુરાવો જોતા સાહેદ નં.–૧૫ને ડ્રગ્સનો ધંધો કરતી અન્ય વ્યક્તિઓએ પાલનપુર મુકામે ખોટા કેસમાં સંડોવેલ હોવાનો બચાવ ખોટો અને માની શકાય તેવો નથી. આ સાહેદ નં.–૧૫ નો પુરાવો જોતા તેમના પુરાવાને ન માનવાના કોઈ સબળ કારણો રેકર્ડ ઉપર નથી.

**(૯.૧૦.૧૪)** બચાવપક્ષે ફરિયાદપક્ષ સાહેદ નં.૯–એપ્રુવરની કેસ ડાયરીમાં લખેલ બાબતો આધારે ઉલટ કરેલ છે. વધુમાં બચાવપક્ષે કેસ ડાયરીનો ઉપયોગ કરી સાહેદ નં.–૧૪ની ઉલટ તપાસ કરેલ છે. બચાવપક્ષે ઉલટતપાસ કરી કેસ ડાયરીના આધારે કેટલોક વિરોધાભાસ તથા કસુર કે પુરાવો રેકર્ડ ઉપર લાવેલ છે. ક્રી.પ્રો.કોડ કલમ–૧૭૨ની જોગવાઈઓ જોતા કેસ ડાયરી આધારિત બચાવપક્ષે ઉલટતપાસ કરેલ છે તે કરી શકે નહી અને કેસ ડાયરીનો બચાવપક્ષે જે રીતે ઉપયોગ કર્યો તે રીતે કાયદેસર ઉપયોગ કરી શકે નહી અને જે–તે પુરાવો ઈનએડમીશીબલ અસ્વીકાર્ય છે.

વધુમાં, ફરિયાદપક્ષે એવી દલીલ કરેલ છે કે, ક્રી.પ્રો.કોડ કલમ–૧૭૨(૩)ની જોગવાઈઓ જોવામાં આવે તો આરોપી કે તેના એજન્ટ આવી ડાયરીઓ મંગાવવા માટે હકદાર નથી, તેમજ કોર્ટે તે જોઈ છે એટલા જ કારણસર તે જોવાનો આરોપી કે તેના એજન્ટોને હક નથી. ડાયરી લખી હોય તે પોલીસ અધિકારી પોતાની યાદદાસ્ત તાજી કરવા માટે તેનો ઉપયોગ કરે અથવા અદાલત આવા પોલીસ અધિકારીના વિરોધાભાસ કરવાના હેતુથી ઉપયોગ કરે તો જે ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૧૬૧ કે કલમ–૧૪૫ની જોગવાઈઓ લાગુ પડે.

ફરિયાદપક્ષની દલીલ છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તથા સાહેદ નં.–૧૪નો પુરાવો જોતા આંક–૨૭૨ તથા આંક–૨૭૩ સાહેદોને બતાવેલ અને કેસ

ડાયરી જે આરોપી નં.–(૨) એ ફાડી નાખેલ અને નવી બનાવડાવેલ તે જ હેતુ માટે ફરિયાદપક્ષે રીફર કરી દસ્તાવેજ તરીકે રજુ કરેલ. ફરિયાદપક્ષે આ કેસ ડાયરીમાના વિધાનોનો અન્ય કોઈ ઉપયોગ કરેલ નથી. વધુમાં, નામદાર કોર્ટે આ બંને કેસ ડાયરીઓના કથનોનો અન્ય કોઈ ઉપયોગ કરેલ નથી. સાહેદ નં.–૯ ધ્વારા પોતે કેસ ડાયરીનો ઉપયોગ મેમરી રીફ્રેશ કરવા માંગે છે તેવું જણાવી ઉપયોગ કરેલ નથી. બચાવપક્ષે સાહેદ નં.–૯ ને તેઓની કેસ ડાયરીના સમાવિષ્ટોનો(નોંધો) ઉપયોગ કરી સાહેદોને કેસ ડાયરી આધારિત ઉલટતપાસ કરેલ છે.

બચાવપક્ષે કલમ–૧૭૨(૩) આધારિત ઉલટતપાસ કરેલ નથી. બચાવપક્ષે કાયદાની જોગવાઈઓ વિરુધ્ધ જે ઉલટતપાસ કરી ગેરકાયદેસર રીતે જે પુરાવો કે જે વિરોધાભાસ કે કસુર રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તે અસ્વીકાર્ય (ઇનએડમીશીબલ) છે. જેથી ડાયરીમાં લખેલ છે કે નહી તેવા કારણસર પણ સાહેદ નં.–૯ તથા સાહેદ નં.–૧૪ને માની શકાય તેવા નથી તેવું કહી શકાય નહી.

**(૯.૧૦.૧૫)** વધુમાં, ફરિયાદપક્ષે દલીલ કરી જણાવેલ છે કે, બચાવપક્ષ ધ્વારા ફરિયાદપક્ષ સાહેદ નં.૯–એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ રમણભાઈ પટેલનાઓને તેઓની વીકલી ડાયરી આધારે તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ પ્રવિણચંદ્ર પરમારનાઓને તેઓની નોટબુક આધારે ઉલટતપાસમાં પ્રશ્નો પુછેલ છે. ફરિયાદપક્ષ સાહેદ નં.૯–ની વીકલી ડાયરીની નકલ આંક–૩૩૫ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ નાઓની વીકલી ડાયરીની નકલ આંક–૫૩૧ તેમજ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ નાઓની નોટબુકની નકલ આંક–૪૫૨ થી બચાવપક્ષે ઉલટતપાસમાં રજુ કરેલ. આ સાહેદોની વીકલી ડાયરી આધારિત કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવેલ તો એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે, સાહેદોએ આપેલ પુરાવો માની શકાય તેવો નથી. વીકલી ડાયરી જોતા સાહેદોની મુવમેન્ટ અને એકશન અંગે જાળવવામાં આવે છે

જેમાં તેઓનો કેમ્પ ક્યાં હતો તેની વિગત પણ હોય છે. આ ત્રણેય સાહેદોએ જે પુરાવો આપ્યો તે મુજબ તેઓ તા.૨૯/૦૪/૧૯૯૬, તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ પાલનપુર મુકામે તથા તા.૦૧/૦૫/૧૯૯૬ના રોજ પાલનપુર–ડીસા–શેરપુરા ઢાંણી મુકામે હતા. ઉલટતપાસથી તથા આવી વીકલી ડાયરી કે નોટબુક આધારે એવું કાઈ રેકર્ડ ઉપર આવેલ નથી કે સાહેદો, વીકલી ડાયરી કે નોટબુકમાં તેમણે જણાવેલ શહેર–ગામે નહી પરંતુ અન્ય શહેર–ગામે હતા.

આમ બચાવપક્ષની ઉલટતપાસથી તથા રજુ કરેલ નોટબુકવાળા દસ્તાવેજોથી સાહેદો વિરોધાભાસી સ્થળ ઉપર હતા તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષના સાહેદ નં.–૯, ૧૪ તથા નં.–૧૬ને ન માનવાના કોઈ કારણો નથી. જેથી આ ત્રણે સાહેદો માની શકાય તેવા સાહેદ છે.

**(૯.૧૦.૧૬)** ફરિયાદપક્ષે દલીલ કરી જણાવેલ છે કે, બચાવપક્ષ ધ્વારા ફરિયાદપક્ષ સાહેદ નં.૯– તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ની લોગબુક આધારિત ઉલટતપાસ કરેલ છે. આવી અસલ લોગબુકો આંક–૬૯૮ થી રજુ થયેલ છે તથા તપાસ કરનાર અમલદાર ધ્વારા તેની ખરી નકલ પણ રજુ કરવામાં આવેલ છે. લોગબુકો આધારિત ઉપરોક્ત ત્રણેય સાહેદોની જે ઉલટતપાસ કરવામાં આવેલ છે. લોગબુકમાંની ટ્રીપની વિગતથી સાહેદોનો પુરાવો વિરોધાભાસી નથી તેમાં ટ્રીપ અંગેની વિગત છે. રેકર્ડ ઉપર રજુ થયેલ લોગબુકથી ઉપરોક્ત ત્રણેય સાહેદોનો પુરાવો ન માનવાનું કોઈ કારણ નથી.

**(૯.૧૦.૧૭)** ફરિયાદપક્ષની દલીલ છે કે, ગુનાની ટ્રાયલ દરમ્યાન બચાવપક્ષે પુરાવા કાયદાની કલમ–૨૫ અને ૨૬ની જોગવાઈઓ મુજબ સાહેદોનો પુરાવો ગ્રાહ્ય ન હોવાથી બ્રેકેટ કરવા આંક–૫૯૬ વાળી અરજી આપેલ હતી. જે વિરુધ્ધ ફરિયાદપક્ષે આંક–૬૧૧ થી જવાબ રજુ કરેલ. જે અરજી નામદાર કોર્ટે નામંજૂર કરેલ અને એવો પણ હુકમ કરેલ કે, 'પુરાવાનું મૂલ્યાંકન આખરી તબક્કે કરવાનું રહે જેથી આંક–૫૯૬ ની અરજીમાં ટાંકેલ પુરાવાને રદ ન કરી શકાય કે

બ્રેકેટ ન કરી શકાય કે તેનું હાલના તબક્કે મૂલ્યાંકન પણ કરી ન શકાય'. પુરાવો જોતા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તહોમતદાર નં.–(૨)ની તાબા હેઠળની એલ.સી.બી શાખામાં ૧૯૯૬ના વર્ષમાં એપ્રિલ–મે ના સમયગાળા દરમ્યાન પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. જયારે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ નાઓ એલ.સી.બી. શાખામાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ એલ.સી.બી. શાખામાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તહોમતદાર નં.–૨ સંજીવ ભટ્ટ જે તે સમયે જીલ્લા પોલીસ વડા હતા. આમ તમામ પોલીસ ફોર્સમાં ફરજ ઉપર હતા. ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ એપ્રુવર, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ નાઓને તહોમતદાર નં.–(૨) નાઓએ જીલ્લા પોલીસ વડા તરીકે જે સુચના આપી અગર સાહેદોને તહોમતદારે જીલ્લા પોલીસ વડા તરીકે જે કાઈ કહ્યું તેનો જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે ગ્રાહ્ય પુરાવો છે. સાહેદોના તેવા પુરાવાને, તહોમતદાર નં.–(૨)ની પોલીસ રૂબરૂની કબુલાત કહી શકાય નહી અને આ સાહેદોના કોઈ પણ પુરાવાને કાયદાની કલમ–૨૫ અને ૨૬ની જોગવાઈઓનો કોઈ બાધ નડે નહી અને આવો પુરાવો સ્વીકાર્ય પુરાવો છે.

આમ, પુરાવા અધિનિયમની કલમ–૨૫ અને ૨૬ની જોગવાઈઓ હાલના કિસ્સામાં લાગુ પડે નહી. સાહેદો તથા તહોમતદાર નં.–(૨) પોલીસ કર્મચારીઓ/અધિકારીઓ હતા અને સાહેદોનો પુરાવો ગ્રાહ્ય–એડમીશીબલ છે. આમ, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, નં.–૧૪, નં.–૧૬ના ગ્રાહ્ય પુરાવાને ન માનવાનું કોઈ કારણ નથી. તેથી સાહેદોનો પુરાવો માની શકાય તેવો છે.

**(૯.૧૦.૧૮)** બચાવપક્ષે સાહેદો ધ્વારા આ ગુના સંદર્ભે કરવામાં આવેલી કામગીરી અંગે તથા ઈનામ પત્રક અંગે કરવામાં આવેલ કામગીરી અંગે સાહેદ નં.–૧૪ને ઉલટતપાસ કરેલ. તે અંગે ફરિયાદપક્ષે દલીલ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, રેકર્ડ ઉપર આવેલ આંક–૪૫૩ જોતા આ ઈનામ પત્રકોનો જીલ્લા પોલીસ અધિકારી વતી તારીખ.૧૬/૦૬/૧૯૯૬ના રોજ હુકમ કરવામાં આવેલ.

રેકર્ડ ઉપરનો પુરાવો જોતા આરોપી નં.-(૨) નાઓ તારીખ ૧૮/૦૬/૧૯૯૬ સુધી જીલ્લા પોલીસ અધિકારી તરીકે ફરજ ઉપર હતા. આમ, આરોપી નં.-(૨) નાઓએ સાહેદોને ઈનામ આપવાનો હુકમ કરી સાહેદોનું મો બંધ રાખવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાય છે. આમ આરોપી નં.-(૨) ધ્વારા ખોટો કેસ ઉભો કરી ત્યારબાદ સાહેદોને પ્રભાવિત કરવામાં આવેલાનું, ધમકી આપવામાં આવેલ હોવાનું અને ઈનામ આપવાનો હુકમ કરેલ હોવાનો પુરાવો છે. જેથી સાહેદોએ ૨૦૧૮ પછી જે જણાવ્યું અને જે પુરાવો આપ્યો તે માનવા લાયક છે.

**(૯.૧૧)** ફરિયાદપક્ષે એવી દલીલ કરેલ છે કે, આ કેસમાં હોટલ લાજવંતીના હોટલ રજીસ્ટરમાં સુમેરસિંહની ખોટી એન્ટ્રી તથા ખોટી સહી અંગે તથા પ્લાન્ટ કરેલ અફીણ અંગે નિષ્ણાંતના પુરાવા રેકર્ડ ઉપર આવેલ છે. જે જોતા (૧) હોટેલ લાજવંતીના હોટેલ રજીસ્ટરની એન્ટ્રી નં.-૬૪૦ વાળી ખોટી એન્ટ્રીની ખોટી સહી અંગે નિષ્ણાતનો અભિપ્રાય. (૨) તારીખ ૩૦/૦૪/૧૯૯૬ ના રોજની વર્ધી તથા વર્ધી અંગેનો નિષ્ણાતનો પુરાવો. (૩) અફીણ અંગે (૧) તારીખ ૩૦/૦૪/૧૯૯૬ના રોજ લેવાયેલ સેમ્પલ અંગે નિષ્ણાતનો અભિપ્રાય-મોર્ફીન એનહાઈડ્રસનું પ્રતીસત પ્રમાણ-મેન્યુફેક્ચરડ ડ્રગ્સ-ઓપિયમ ડેરીવેટીવ. (૨) તા.૧૯/૦૮/૧૯૯૬ના રોજ લેવાયેલ સેમ્પલ અંગે નિષ્ણાતનો અભિપ્રાય- મોર્ફીન એનહાઈડ્રસનું પ્રતીસત પ્રમાણ-મેન્યુફેક્ચરડ ડ્રગ્સ-ઓપિયમ ડેરીવેટીવ. (૩) ૧૫/૧૦/૨૦૧૮ના રોજનો એફ.એસ.એલ. ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાય છે. જેની ફરિયાદપક્ષે વિગતવાર દલીલ કરેલ છે જે નીચે મુજબ છે.

**(૯.૧૧.૧)** હોટેલ લાજવંતીના હોટેલ રજીસ્ટરની એન્ટ્રી નં.-૬૪૦ વાળી ખોટી એન્ટ્રીની ખોટી સહી અંગે નિષ્ણાતનો અભિપ્રાય.

ફરીયાદપક્ષે પોતાના પુરાવાથી એ હકીકત સાબિત કરેલ છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૫ સુમેરસિંહ રાજપુરોહિત તારીખ ૨૯/૦૪/૧૯૯૬, ૩૦/૦૪/૧૯૯૬ ના રોજ હોટેલ લાજવંતી પાલનપુરમાં રોકાયેલ ન હતા અને

તેઓ તે દિવસે પાલનપુર પણ આવેલ ન હતા તેમછતાં, જાણે સુમેરસિંહ હોટેલ લાજવંતીમાં રોકાયેલ હોય તેવી એન્ટ્રી તથા તે એન્ટ્રીમાની સુમેરસિંહની ન હોય તેવી ખોટી સહીનો આધાર લઈ સુમેરસિંહ રાજપુરોહિત વિરુધ્ધ અફીણનો ખોટો કેસ ઉભો કરવામાં આવેલ. આ હોટેલ લાજવંતીના વિઝીટરની વિગતો ધરાવતા રજીસ્ટરની એન્ટ્રી નં.–૬૪૦ વાળું પાનું આ કેસમાં આંક–૩૦૦ તથા આંક–૫૦૧ થી રજુ છે. આ બાબતે સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતનો પુરાવો જોવો પણ જરૂરી છે જે પુરાવાના પેરા નં.–૧૮ વંચાણે લેવામાં આવે તો એવો છે કે 'એન્ટ્રી નં.–૬૪૦માં મારા નામની ખોટી એન્ટ્રી કોઈક માણસે કરાવેલી છે અને કોઈએ મારી બનાવટી સહી કરેલી છે'. આમ, આ એન્ટ્રીની ખોટી સહી બાબતે સાહેદ નં.–૧૫ નો સબસ્ટેન્ટીવ એવીડન્સ રેકર્ડ ઉપર આવેલ છે.

સાહેદ નં.–૧૧ વાસુદેવભાઈ ભલાભાઈ ભરવાડ કે જેઓને ફરિયાદપક્ષે આંક–૩૯૧ થી તપાસેલ છે તે હસ્તાક્ષર નિષ્ણાતના આંક–૩૯૭ વાળા અભિપ્રાયથી તે એન્ટ્રી વાળી સહી સાહેદ નં.–૧૫ની હોવાનું ફલિત થયેલ નથી. હસ્તાક્ષર નિષ્ણાતશ્રીના અભિપ્રાય સારું મોકલવામાં આવેલ સુમેરસિંહની સહીના નમુના લેવામાં આવેલ તે અંગે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧ પંચ મહમદયુનુસ વ્હોરાને આંક–૧૭૦ થી તપાસવામાં આવેલ છે તેઓ રૂબરૂ આંક–૧૭૨ વાળા પંચનામા દરમ્યાન ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતની સહીઓના નમુના, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ શ્રી આઈ.બી.વ્યાસ ધ્વારા તથા તેમની રૂબરૂ આંક–૧૭૩ થી આંક–૧૯૬ વાળા લેવામાં આવેલ હતા. જે સહીઓના નમુના તથા અસલ હોટેલ રજીસ્ટરની એન્ટ્રી નં.–૬૪૦ માની સહીને માર્ક આપીને આંક–૩૯૨ વાળા ફોર્વડીંગ પત્ર કે જેની સ્થળપ્રત આંક–૩૯૬ છે તે દસ્તાવેજ તથા ચેકલીસ્ટથી હસ્તાક્ષર નિષ્ણાતને તપાસણી સારું મોકલવામાં આવેલ. જે અસલ રજીસ્ટર ઉપરથી તે એન્ટ્રીની સહીની ફોટોગ્રાફી હસ્તાક્ષર નિષ્ણાતે કરેલ તથા અસલ સહી તપાસીને આંક–૩૯૭ વાળો અભિપ્રાય હસ્તાક્ષર નિષ્ણાત શ્રીએ આપેલ. જેના અવલોકનોની હાથથી લખેલ નોંધ આંક–

૩૯૩ તથા ટાઈપ કરેલ કારણો આંક–૩૯૪ થી તથા ફોટોગ્રાફ આંક–૩૯૫ તથા નેગેટીવ આંક–૩૯૬ થી રેકર્ડ ઉપર રજુ થયેલ છે.

આમ, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહના પુરાવાથી તથા રેકર્ડ ઉપર આવેલ સાહેદ નં.–૯ તથા સાહેદ નં.–૧૪ના પુરાવાથી પણ સાહેદ નં.–૧૫ વિરુધ્ધ ખોટો કેસ ઉભો કરવા માટે હોટેલ લાજવંતીના રજીસ્ટરમાં ખોટી એન્ટ્રી કરવામાં આવેલ હોવાનું પુરવાર થયેલ છે તથા તે ખોટી એન્ટ્રીમાની સહી શ્રી સુમેરસિંહ રાજપુરોહિતની હોવાનો હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય નથી. આમ, તે એન્ટ્રી નં.–૬૪૦ વાળી સહી અન્ય વ્યક્તિએ કરાવેલ હોવાનું પણ સાહેદ નં.–૧૫ની જુબાનીના પેરા નં.–૧૮ના પુરાવા ઉપરથી પણ સાબિત થાય છે.

વધુમાં, સાહેદ નં.–૧૫ની સહીના નમુના તથા હોટેલ રજીસ્ટરની એન્ટ્રી નં.–૬૪૦ની તકરારી સહીવાળા ત્રણ સીલબંધ કવરો હસ્તાક્ષર નિષ્ણાતશ્રીની કચેરી અમદાવાદને તા.૨૧/૦૫/૧૯૯૬ના રોજ આઈ.ડી. માયાવંસી ડી.વાય. એસ.પી. હેડ ક્વાટરનાઓએ જીલ્લા પોલીસ અધિકારી બનાસકાંઠા, પાલનપુરનાઓના વતી, મોકલી આપેલ. જે હસ્તાક્ષર નિષ્ણાતની કચેરીને ત્યારબાદ મળતા હસ્તાક્ષર નિષ્ણાતશ્રીએ તે રવાનગી પત્ર સાથેના જણાવેલ સહીઓનું પરીક્ષણ કરેલ અને તારીખ ૦૭/૧૧/૧૯૯૬ના રોજ આંક–૩૯૭ વાળો અભિપ્રાય આપેલ હતો.

**(૯.૧૧.૨)** તારીખ ૩૦/૦૪/૧૯૯૬ના રોજની વર્ધી તથા વર્ધી અંગેનો નિષ્ણાતનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ સાહેદ નં.–૯ ઈન્દ્રવદન વ્યાસનો પુરાવો જોવામા આવે તો તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ તેઓ વિશ્રામગૃહ ખાતે હતા ત્યારે સવારે ૫:૩૦ કલાકે વિશ્રામગૃહના લેન્ડ લાઈન ફોન ઉપર તહોમતદાર સંજીવ ભટ્ટનો ફોન આવેલ અને તેઓએ કહેલ કે, હોટેલ લાજવંતીના રૂમ નં.–૩૦૫માં પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે, થોડીવારમાં કંટ્રોલ રૂમ તરફથી વર્ધી મળશે, સ્ટાફને તાત્કાલિક બોલાવી દો અને હોટલ લાજવંતીમાં જઈને રેઈડ કરો

અને કાયદેસરની કાર્યવાહી કરો. આમ આ મુજબ સાહેદ નં.–૯ નાઓએ તેમના સ્ટાફને બોલાવીને કાર્યવાહી કરેલી.

સાહેદ નં.–૮ બબાભાઈ સવાભાઇનો પુરાવો જોવામાં આવે તો, કંટ્રોલ રૂમ ઇન્ચાર્જ તરીકેની તેમની ફરજ દરમ્યાન, "તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ સવાર ૬:૧૦ કલાકે તેઓને ફોનથી સુમેરસિંહ રાજપુરોહિતનાઓ લાજવંતી હોટલમાં રોકાયેલ છે અને અફીણનો ધંધો કરે છે, તે તેની સાથે ૫ કિલો અફીણ લાવેલ છે, અફીણની ડીલીવરી પાલનપુર આપવાની છે". તે મતલબની વર્ધી મળેલ. જેથી તેઓએ ડી.એસ.પી. સાહેબના બંગલા ફોન નં.–૨૫૨૭૦૧૪ ઉપર ફોન કરેલ ત્યારે ડી.એસ.પી. સાહેબે જાતે તેમને કશું કીધેલું નહી પરંતુ ફોન ચાલુ હતો તે વખતે સાહેદ નં.–૧૦ સાયબાભાઈને તેમણે જણાવેલ કે, એલ.સી.બી. પી.આઈ. સાહેબને તમે જાણ કરો. આ અંગે સાયબાભાઇએ ફરીયાદપક્ષ સાહેદ નં.–૮ બબાભાઈને જણાવેલ કે વ્યાસ સાહેબને તપાસ આપો. આમ સાહેદ નં.–૮ ને જે વર્ધી મળેલ હતી તે વર્ધીની સાહેદે ટેલીફોન વર્ધી રજીસ્ટરમાં જાતે નોંધ કરેલી જે અસલ વર્ધી ઉપર સાહેદની સહી તેની નીચે કંટ્રોલ ઇન્ચાર્જનો હોદ્દો તથા તારીખ ૩૦/૦૪/૧૯૯૬ વાળા અક્ષર જ સાહેદ નં.–૮ના હોવા અંગે સાહેદ નં.–૮ નાએ તેમની જુબાનીના પાના નં.–૩ ઉપર પુરાવો આપેલ છે આ આંક–૨૪૬ વાળી વર્ધીમાં બીજા અક્ષરો પોતાના ન હોવાનું આ ફરિયાદપક્ષ સાહેદ નં.–૮ બબાભાઈ સવાભાઈનાઓએ પુરાવો આપેલ છે.

આમ, આંક–૨૪૬ વાળી વર્ધી અંગે રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા સાહેદ નં.–૮ બબાભાઈના હસ્તાક્ષર નથી તેમાં ફક્ત આ સાહેદ નં.–૮ની સહી તથા લખાણ જેવું કે, કંટ્રોલ ઇન્ચાર્જ હોદ્દો તથા તારીખ આ સાહેદ નં.–૮ના હસ્તાક્ષરમાં છે. આમ, પુરાવો જોતા એવું સ્પષ્ટ જણાય છે અને એમ કહી શકાય કે, આ વર્ધી ઉભી કરીને મોકલવામાં આવેલ. આમ વર્ધીમાંના હસ્તાક્ષર અંગેનો સબસ્ટેન્ટીવ એવીડન્સ રેકર્ડ ઉપર છે જે ને હસ્તાક્ષર નિષ્ણાતના આંક–૩૯૯ વાળા અભિપ્રાયથી સમર્થન મળે છે.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૧ વાસુદેવભાઈ ભલાભાઈ, હસ્તાક્ષર નિષ્ણાતનોએ આંક–૩૯૯ વાળો જે અભિપ્રાય આપેલ. તે અભિપ્રાય મેળવવા સારું તપાસ કરનાર અમલદાર સાહેદ નં.–૧૯ નાઓએ આંક–૩૯૮ વાળો પત્ર તથા તેની સાથેની રવાનગી અને પ્રશ્નોતરી, સત્તા અંગેના પ્રમાણપત્ર તથા સિલના નમુનાની છાપ સાથેના ચેકલીસ્ટ સાથે ૨૦૧૮ના વર્ષમાં તપાસ દરમ્યાન કબજે લીધેલ (૧) આંક–૨૪૬ વાળી અસલ વર્ધી (૨) સાહેદ નં.–૭, પંચ રાજુભાઈ ઈશ્વરભાઈ રાવળની રબરૂમાં આંક–૨૩૨ વાળા પંચનામાં દરમ્યાન તા.૧૩/૦૯/૨૦૧૮ના રોજ બબાભાઈ સવાભાઇના લીધેલ હસ્તાક્ષર તથા સહીઓના નમુના જે સંયુક્ત આંક–૨૩૩ વાળા મેળવેલ તે કુલ ૧૦ પાના તથા (૩) સાહેદ નં.–૬, પંચ ઓમપ્રકાશ ઉત્તમદાસ આચાર્યની રબરૂમાં તા.૨૭/૧૦/૨૦૧૮ના રોજ બબાભાઈ સવાભાઇના હસ્તાક્ષર તથા સહીઓના જે નમુના સંયુક્ત આંક–૨૨૪ વાળા મેળવવામાં આવેલ તે કુલ–૩૬ પાના તથા (૪) આંક–૨૨૫ વાળા બબાભાઈ સવાભાઇની કુદરતી સહીઓ ધરાવતા દસ્તાવેજો કુલ–૫ પાના હસ્તાક્ષર નિષ્ણાતને મોકલી આપેલ.

જે ઉપરોક્ત જણાવેલ દસ્તાવેજોમાની સહીઓ તથા હસ્તાક્ષરોની ચકાસણી/તપાસણી ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૧ હસ્તાક્ષર નિષ્ણાતશ્રી ધ્વારા કરવામાં આવેલ અને તેઓ ધ્વારા તથા અન્ય હસ્તાક્ષર નિષ્ણાતશ્રી ધ્વારા તારીખ–૧૩/૦૬/૨૦૧૯ના રોજ આંક–૩૯૯ વાળો અભિપ્રાય આપવામાં આવેલ. જે અભિપ્રાય ઉપર આવવા અંગેના સાહેદ નં.–૧૧ નાઓએ કારણો આંક–૪૦૦ વાળા આપેલ.

આંક–૩૯૯ વાળો અભિપ્રાય જોતા, આંક–૨૪૬ વાળી વર્ધીમાના બબાભાઈની સહી તથા 'કંટ્રોલ ઈન્ચાર્જ' તથા 'તારીખ' લખેલ અક્ષરો એટલે કે માર્ક.ડી–૨ થી માર્ક.ડી–૪ વાળા હસ્તાક્ષર તથા સહી સિવાયના માર્ક.ડી–૧ વાળા હસ્તાક્ષરો સાહેદ નં.–૮ બબાભાઈના નથી. આમ, હસ્તાક્ષર

નિષ્ણાતશ્રીના અભિપ્રાયથી સાહેદ બબાભાઈ સવાભાઇ સાહેદ નં.–૮ના પુરાવાને સમર્થન મળે છે.

હસ્તાક્ષર નિષ્ણાતશ્રીનાઓએ આ કેસમાં જે ઉપરોક્ત જણાવેલ અભિપ્રાય આપેલ છે તેના ઉપર આવવાના કારણો પણ તેઓએ આપેલા છે હસ્તાક્ષર નિષ્ણાતશ્રીએ અસલ દસ્તાવેજોનો અભ્યાસ કર્યા બાદ અભિપ્રાય આપેલ છે. સાહેદ નં.–૧૧ હસ્તાક્ષર નિષ્ણાતશ્રીની ઉલટતપાસ જોવામા આવે તો પણ હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય માની શકાય તેવો છે. બચાવપક્ષ ઉલટતપાસ ધ્વારા એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે, જેનાથી હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય ન માનવાને કારણ બને.

નામદાર કોર્ટ ધ્વારા, સાહેદ નં.–૮ તથા હસ્તાક્ષર નિષ્ણાત સાહેદ નં.–૧૧ના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો નામદાર કોર્ટને એવું સ્પષ્ટ જણાઈ આવશે કે, વર્ધી તહોમતદાર સંજીવ ભટ્ટની સુચનાથી જ ઉભી કરવામાં આવેલી અને તેવી વર્ધીમાં બબાભાઈ સવાભાઇએ ફક્ત તારીખ લખેલ, તેમની સહી કરેલ અને તેની નીચે તેમનો હોદ્દો લખેલ.

**(૯.૧૧.૩) <u>અફીણ અંગે નિષ્ણાતનો પુરાવો :–</u>**

આ અંગે ફરીયાદપક્ષે નીચે મુજબ દલીલ કરેલ છે....

**(૧)** તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ લેવાયેલ સેમ્પલ અંગે નિષ્ણાતનો અભિપ્રાય–મોર્ફીન એનહાઈડ્રસનું પ્રતીશત પ્રમાણ–મેન્યુફેક્ચરડ ડ્રગ્સ–ઓપિયમ ડેરીવેટીવ.

હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫માં સુમેરસિંહ રાજપુરોહિત અફીણ લઈને રોકાયેલ હોવાનું દર્શાવી એપ્રુવર સાહેદ નં.–૯નાએ આરોપી સંજીવ ભટ્ટની સુચના અનુસાર ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ તથા અન્ય પોલીસ કર્મચારીઓની રૂબરૂમાં હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ના પલંગના ગાદલા નીચેથી અફીણ કબજે કરેલ તે સમયે ૧ કિલો ૧૫ ગ્રામ જેટલા

અફીણમાંથી ચારેય બાજુથી થોડું થોડું અફીણ લઈ, ૨૦ ગ્રામ અફીણનું સેમ્પલ અલગ કાઢેલ અને તે સેમ્પલ અફીણને પંચોની સ્લીપો મૂકી લાખથી પી.આઈ. એલ.સી.બી. બી.કે.ના માર્કાનું સીલ કરેલ અને બાકી વધેલ ૯૯૫ ગ્રામ અફીણને પણ પંચોની સ્લીપો મૂકી, પી.આઈ. એલ.સી.બી. બી.કે.ના માર્કાનું સીલ કરેલ.

આ કબજે કરવામાં આવેલ મુદ્ધામાલ અફીણનું સેમ્પલ તથા બાકી વધેલ અફીણ ૯૯૫ ગ્રામ, મુદ્ધામાલ રજીસ્ટર તથા અન્ય મુદ્ધામાલ સાહેદ નં.–૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ કે જેઓ પાલનપુર ખાતે એલ.સી.બીમાં પી.આઈ તરીકે ફરજ બજાવતા હતા તેઓએ આંક–૨૮૨ વાળા રીપોર્ટ સાથે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૮ મફતલાલ હાલાભાઈ સોલંકીનાઓને ગુનો નોંધવા સારું તથા મુદ્ધામાલ સંભાળી આગળની કાર્યવાહી કરવા સોપેલ.

જે આંક–૨૮૨ વાળા રીપોર્ટ સાથે રીપોર્ટમાં જણાવેલ ૯૯૫ ગ્રામ બચતનું અફીણ તથા ૨૦ ગ્રામ સેમ્પલ તથા અન્ય મુદ્ધામાલ તથા મુદ્ધામાલ એફ.એસ.એલ.માં મોકલવાની ૩ પ્રત રવાનગી ચાદી, ફરિયાદ તથા પંચનામું પણ સામેલ હતું.

જે તમામને પી.એસ.ઓ., ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૮ મફતલાલ હાલાભાઈનાઓએ સ્વીકારેલ. જે આંક–૨૮૨ વાળો રીપોર્ટ તથા મુદ્ધામાલ વિગેરે મળ્યા બાદ તથા ગુનો દાખલ કર્યા પછી ફરિયાદ પક્ષ સાહેદ નં.–૧૮નાઓએ નિભાવવામાં આવતી આંક–૨૮૯ વાળી મુદ્ધામાલ પાવતી તૈયાર કરેલી અને મુદ્ધામાલ પાવતી સાથે મુદ્ધામાલ, રાઈટર હેડ કે જેઓ હાલ હયાત નથી તેઓને સોપેલો.

વધુમાં, આ તમામ કબજે થયેલ મુદ્ધામાલની નોંધણી, મુદ્ધામાલ રજીસ્ટર કે જેની ખરી નકલ આંક–૨૯૧ છે તે મુદ્ધામાલ રજીસ્ટરની એન્ટ્રી નં.–૧૫૯ ઉપર કરવામાં આવેલ હતી. જે એન્ટ્રીના અનુક્રમ નં.–૨ની સામે મુદ્ધામાલ એફ.એસ.એલ.માં લઈ જવા સીલબંધ હાલતમાં રવાનગી ફોર્મ સાથે મળ્યાના શેરા નીચે ફરીયાદપક્ષ સાહેદ નં.–૧૭ એ સહી કરેલ. આમ, અનુક્રમ નં.–૨માં

જણાવેલ મુદ્દામાલ સેમ્પલ એફ.એસ.એલ.માં પ્રુથ્થકરણ માટે સોપવા માટે સીલબંધ હાલતમાં ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૭ એ સ્વીકારેલ હતો. જે સમયે રવાનગી નોંધ કે જેની સ્થળપ્રત આંક–૨૮૧ છે તે તથા રવાનગી નોંધ કે જેમાં પોલીસ ઈન્સ્પેક્ટર, એલ.સી.બી., પાલનપુર, જી.બનાસકાંઠા, શ્રી આઈ.બી. વ્યાસની સહી છે તે તથા તેની પાછળના ભાગે સીલના નમુનાની છાપ તથા વિભાગીય પોલીસ અધિકારી ધ્વારા આપવામાં આવેલ સત્તા અંગેનું પ્રમાણપત્ર હતું તેને આ ફરીયાદપક્ષ સાહેદ નં.–૧૭ કનુભાઈ આંબાભાઈ પરમારનાઓએ સ્વીકારેલ.

જે રવાનગી તથા સાથેનો સીલબંધ હાલતનો મુદ્દામાલ ફરીયાદપક્ષ સાહેદ નં.–૧૭ નાઓએ એફ.એસ. એલ., અમદાવાદ ખાતે જઈને સોપેલ. જે મુદ્દામાલ એફ.એસ. એલને પ્રુથ્થકરણ માટે મળ્યા અંગેની પહોચ આંક–૨૮૩ વાળી, ક્રમાંક: ફસલ/ઇઇ/૯૬/એન.સી/૭૫, તા.૦૧/૦૫/૯૬ વાળી, હવાલો– આપના પત્ર ક્રમાંક:જા.નં. ૧૧૪૯/૯૬, તા.૩૦/૦૪/૯૬ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૭ નાઓને એફ.એસ. એલ. કચેરીના મદદનીશ નિયામક ધ્વારા આપવામાં આવેલ. આ આંક–૨૮૩ વાળી પહોચ ફ.પક્ષ સાહેદ નં.–૧૭ નાઓએ રાઈટર હેડ સમક્ષ જમા કરાવેલી.

એફ.એસ.એલ. કચેરીએ, મળેલ મુદ્દામાલ સેમ્પલનું પ્રુથ્થકરણ કરવામાં આવેલ. જેના પ્રુથ્થકરણનો અહેવાલ, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા (એફ.એસ.એલ.) ધ્વારા અહેવાલ નં.–ફસલ/તપણ/૯૬/એન.સી/૭૫, તા.૧૫/૦૭/૯૬ પાલનપુર શહેર પો.એ સ્ટે.ગુ.ર.નં.–૨૧૬/૯૬ના કામે મોકલવામાં આવેલ. જે પ્રુથ્થકરણમાં રસાયણિક પ્રુથ્થકરણ અને બોટનીકલ પરીક્ષણના આધારે, નમુના, માર્ક 'એ' માનો પદાર્થ એન.ડી.પી.એસ. એક્ટ ૧૯૮૫ માં વ્યાખ્યાયિત અફીણ હોવાનું માલુમ પડેલ છે તેવો અભિપ્રાય આપવામાં આવેલ અને રસાયણિક પ્રુથ્થકરણમાં મોર્ફીન એનહાઈડ્રસ પ્રતિશત પ્રમાણ (વજન વજન) ૦.૯ ટકા હોવાનું પ્રુથ્થકરણનું પરિણામ મળેલ. જેમાનો

વાનસ્પતિક પ્રુથ્થકરણનો અહેવાલ શ્રી આર.એન.શાહ, સાયન્ટીફીક ઓફિસર અને આસી. કેમિકલ એક્ઝામીનર ટુ ધી ગવર્નમેંટ ઓફ ગુજરાત, અમદાવાદ ધ્વારા આપવામાં આવેલ તથા રસાયણિક પ્રુથ્થકરણ અને બોટનીકલ પરીક્ષણને આધારે શ્રી પી.એલ.જોષી, આસીસ્ટંટ ડાયરેક્ટર, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી કમ આસીસ્ટંટ કેમિકલ એક્ઝામીનર ટુ ધી ગવર્નમેંટ ઓફ ગુજરાત, અમદાવાદનાઓએ અભિપ્રાય આપેલ. જે અભિપ્રાયના આગળના પેજ ઉપર સીલની વિગતમાં પી.આઈ. એલ.સી.બી. બી.કે. પાલનપુર અંગ્રેજીમાં અને લાખમાં હતા, જે અકબંધ અને મોકલેલ નમુના મુજબના હતા તેનો પણ ઉલ્લેખ છે.

આ પુથ્થકરણ અહેવાલ ફરિયાદપક્ષે નિ.–૨૫/૧૬થી રજુ કરેલ, જે પ્રુથ્થકરણ અહેવાલને બચાવપક્ષ ધ્વારા આધાર રાખી તેને ફ.પક્ષ સાહેદ નં.–૯નાઓની ઉલટતપાસ દરમ્યાન રીફર કરી તેના આધારે ઉલટતપાસ કરવામાં આવતા તે નિ.–૨૫/૧૬ને આંક–૨૯૨ આપવામાં આવેલ. જે અંગેની નોંધ તે સાહેદ નં.–૯ની જુબાનીના પેરા નં.–૩૦ની આખરમાં થયેલ.

ફરિયાદપક્ષે આપ નામદાર કોર્ટમાં ક્રી.પ્રો.કોડ કલમ–૨૯૩ મુજબની અરજી આંક–૪૮૮ વાળી આપી, નિશાની–૨૫/૧૬ વાળો ઉપરોક્ત જણાવેલ પુથ્થકરણ અહેવાલ કે જે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૯૩ની જોગવાઈમાં આવરી લેવામાં આવેલા સરકારી વૈજ્ઞાનિક નિષ્ણાતની સહીવાળા પ્રુથ્થકરણ રીપોર્ટ છે. આ રીપોર્ટ પુરાવામાં ગ્રાહ્ય છે તે સંજોગોમાં વિગતે જણાવેલ પ્રુથ્થકરણ અહેવાલના દસ્તાવેજોને આંકે પાડી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯૩ની જોગવાઈઓ અનુસાર આ કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પુરાવા તરીકે વંચાણે લેવા આંક–૪૮૮ વાળી અરજી આપી અરજ કરેલ. જે અરજી ઉપર તા.૦૭/૦૨/૨૦૨૩ના રોજ હુકમ કરી તેને પુરાવામાં વંચાણે લેવાનું ઠરાવાયેલ.

ફરિયાદપક્ષે પ્રુથ્થકરણ અહેવાલ ક્રી.પ્રો.કોડની કલમ–૨૯૩ અન્વયે પુરાવામાં ગ્રાહ્ય હોવાથી તથા ફરિયાદપક્ષે આપેલ આંક–૪૮૮ વાળી અરજી ઉપર

હુકમ થયેલ હોવાથી અને પ્રુથ્થકરણ અહેવાલ વંચાણે લેવા હુકમ હોવાથી તથા બચાવપક્ષની વધુ કોઈ રજૂઆત ન હોવાથી કે તેઓ ઉલટ કરવા માંગે છે તે જણાવેલ ન હોવાથી સાહેદોને ફરિયાદપક્ષ તપાસવા માંગતા નથી તેમ જણાવી તે પ્રુથ્થકરણ કરનાર એફ.એસ.એલના જણાવેલ હોદ્ધાવાળા સાહેદોને તપાસેલ નહી. નામદાર કોર્ટે આંક-૪૮૮ વાળી અરજી ઉપર કરેલ હુકમ પછી પણ બચાવપક્ષ ધ્વારા આ પ્રુથ્થકરણ કરનાર અધિકારીઓને તેઓ ઉલટતપાસ કરવા માંગે છે તેવી કોઈ રજૂઆત કરવામાં આવેલ ન હતી. તેવા સંજોગોમાં ક્રી.પ્રો.કોડ કલમ-૨૯૩ અન્વયે પ્રુથ્થકરણ અહેવાલ આંક-૨૯૨ પુરાવામાં ગ્રાહ્ય છે જેથી તેને વંચાણે લઈ શકાય.

આંક-૨૯૨ જોતા પુથ્થકરણ પછી એફ.એસ.એલ. ધ્વારા અફીણમાં રહેલા મોર્ફીન એનહાઈડ્રસ પ્રતિશત પ્રમાણ વજન/વજન ૦.૯ ટકા હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ.

નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સીસ એકટની કલમ-૨ xi(a) મેન્યુફેક્ચરડ ડ્રગ્સની વ્યાખ્યામા, “ઓલ કોકા ડેરિવેટીવસ મેડીસીનીયલ કેનાબીઝ, ઓપિયમ ડેરિવેટીવસ એન્ડ.......” નો સમાવેશ થાય છે.

નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સીસ એક્ટની કલમ-૨ xvi(e) ઓપિયમ ડેરિવેટીવની વ્યાખ્યામાં, “ઓલ પ્રેપરેશન્સ કન્ટેનીંગ મોર ધેન ૦.૨ પરસેન્ટ ઓફ મોર્ફીન ઓર..... “ નો સમાવેશ થાય છે.

આમ, ખરીદ કરી, હોટલ લાજવંતીના રૂમ નં.-૩૦૫ માં પ્લાન્ટ કરવામાં આવેલ અને કબજે કરવામાં આવેલ અફીણ મેન્યુફેક્ચરડ ડ્રગ્સની શ્રેણીમાં પડતું ડ્રગ્સ હોવાનું ફરીયાદપક્ષે સાબિત કરેલ હોવાથી આરોપીએ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સીસ એક્ટની કલમ-૨૧ મુજબના ગુના કરેલ હોવાનું પણ ફરિયાદપક્ષે સાબિત કરેલ છે. આ સંદર્ભે બચાવપક્ષની દલીલ બાદ ફરિયાદપક્ષે નામદાર સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયાનુ ૨૦૦૫ SCC(ક્રી) ૧૭૦૪ ઉપર રીપોર્ટ

થયેલ અમરસિંહ રામજીભાઈ બારોટ અક સ્ટેટ ઓફ ગુજરાતના જજમેન્ટ ઉપર આધાર રાખેલ છે.

ફરીયાદપક્ષે દલીલ કરેલ છે કે...

**(૨)** તારીખ–૧૯/૦૮/૧૯૯૬ના રોજ લેવાયેલ સેમ્પલ અંગે નિષ્ણાતનો અભિપ્રાય–મોર્ફીન એનહાઈડ્રસનું પ્રતીશત પ્રમાણ–મેન્યુફેક્ચરડ ડ્રગ્સ–ઓપિયમ ડેરીવેટીવ સાહેદ નં.–૧૩ કલાજી સ્વરૂપજી મકવાણાનાઓનો પુરાવો જોવામાં આવે તો તેમના પુરાવા દરમ્યાન આંક–૪૧૪ વાળું તા.૧૯/૦૮/૧૯૯૬ના રોજનું પંચનામુ કે જે ડી.વાય. એસ.પી.–વિભાગીય પોલીસ અધિકારી, પાલનપુરનાઓએ કરેલ તે પંચનામા દરમ્યાન અગાઉ તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલમાંથી ફરી ચકાસણી માટે સેમ્પલ લેવામાં આવેલ, જે ૩૦ ગ્રામ જેટલું સેમ્પલ સીલ કરવામાં આવેલ અને જે સેમ્પલ વિભાગીય પોલીસ અધિકારી ધ્વારા નિશાની–૨૫/૨૪ વાળી રવાનગી નોંધ સાથે એફ. એસ.એલ.માં તપાસણી સારું મોકલવામાં આવેલ અને સેમ્પલ લીધા પછી વધારાનો મુદ્દામાલ પેક કરીને સીલ કરવામાં આવેલ. વધુમાં, આ પંચનામા દરમ્યાન જે સેમ્પલ સીલ કરવામાં આવેલ તેને નિશાની–૨૫/૨૪ વાળી રવાનગીથી એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ, તેમાં વિભાગીય પોલીસ અધિકારીની સહીઓ તથા હોદ્દાનું સીલ છે જે અંગે સાહેદ નં.–૧૯નાઓએ તેમની જુબાનીના પેરા નં.–૧૬ માં પુરાવો આપેલ છે. આ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.ને જે મુદ્દામાલ મોકલવામાં આવેલ તે મુદ્દામાલનો પુથ્થકરણ અહેવાલ નિશાની–૨૫/૨૫ થી રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ.

ફરિયાદપક્ષે આપ નામદાર કોર્ટમાં ક્રી.પ્રો.કોડ કલમ–૨૯૩ની જોગવાઈ અનુસાર આંક–૪૮૮ વાળી અરજી આપી, નિશાની–૨૫/૨૫ વાળો આ પ્રુથ્થકરણ અહેવાલ નં.–ફસલ/ તપણ/૯૬/એન.સી./૧૪૧, કે જે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૯૩ની જોગવાઈમાં આવરી લેવામાં આવેલા સરકારી

વૈજ્ઞાનિક નિષ્ણાતની સહીવાળા પુથ્થકરણ રીપોર્ટ હોવાથી અને આ રીપોર્ટ પણ પુરાવામાં ગ્રાહ્ય હોવાથી તેને આંકે પાડી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯૩ની જોગવાઈઓ અનુસાર આ કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પુરાવા તરીકે વંચાણે લેવા પણ અરજ કરેલ. જે અરજી ઉપર નામદાર કોર્ટે તા.૦૭/૦૨/૨૦૨૩ના રોજ હુકમ કરી તેને પુરાવામાં વંચાણે લેવા પણ હુકમ કરેલ.

ફરિયાદપક્ષે આ પ્રુથ્થકરણ અહેવાલ ક્રી.પ્રો.કોડની કલમ–૨૯૩ અન્વયે પુરાવામાં ગ્રાહ્ય હોવાથી તથા ફરિયાદપક્ષે આપેલ આંક–૪૮૮ વાળી અરજી ઉપર હુકમ થયેલ હોવાથી અને સાહેદ દ્વારા આપવામાં આવેલ પ્રુથ્થકરણ અહેવાલ કે જે આંક–૫૪૦ થી રજુ છે તે વંચાણે લેવા હુકમ કરેલ હોવાથી તથા ત્યારબાદ બચાવપક્ષની વધુ કોઈ રજૂઆત ન હોવાથી એટલે કે, બચાવપક્ષ પ્રુથ્થકરણ અહેવાલ આપનારની ઉલટ કરવા માંગે છે તેવી લેખિત રજૂઆત ન હોવાથી આ પ્રુથ્થકરણ કરનાર અને અહેવાલ આપનાર એફ.એસ.એલ.ના જણાવેલ હોદ્દાવાળા સાહેદોને ફરિયાદપક્ષ તપાસવા માંગતા નથી તેમ જણાવી તે સાહેદોને તપાસેલ નહી. નામદાર કોર્ટે આંક–૪૮૮ વાળી અરજી ઉપર કરેલ હુકમ પછી પણ બચાવપક્ષ ધ્વારા આ પ્રુથ્થકરણ કરનાર અધિકારીઓને તેઓ ઉલટતપાસ કરવા માંગે છે તેવી કોઈ રજૂઆત કરવામાં આવેલ ન હતી અને તેવા સંજોગોમાં ક્રી.પ્રો.કોડ કલમ–૨૯૩ અન્વયે પૃથ્થકરણ અહેવાલ આંક–૫૪૦ પુરાવામાં ગ્રાહ્ય છે જેથી તેને પણ વંચાણે લઈ શકાય.

આમ, જે મુદ્દામાલમાંથી તારીખ ૩૦/૦૪/૧૯૯૬ના રોજ સેમ્પલ લેવામાં આવેલ તે જ નમુનામાંથી ફરીથી સેમ્પલ વિભાગીય પોલીસ અધિકારી ધ્વારા લેવામાં આવેલ અને તેમાં પણ ૦.૮૬ % મોર્ફીન એનહાઈડ્રસનું પ્રમાણ હોવાથી અને તે ૦.૨ ટકાથી વધુ હોવાથી તે ઓપિયમ ડેરીવેટીવની વ્યાખ્યામાં અને મેન્યુફેક્ચરડ ડ્રગ્સની વ્યાખ્યામાં પડતું હોવાનું ફરિયાદપક્ષના રેકર્ડ ઉપર આવેલ પુરાવા ઉપરથી સ્પષ્ટ થાય છે.

તા.૧૫/૧૦/૨૦૧૮ ના રોજનો એફ.એસ.એલ. ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાય :-

ફરીયાદપક્ષે આ અંગે એવી દલીલ કરેલ છે કે...

**(૩)** આ કેસમાં સાહેદ નં.-૧૯ નાઓએ તપાસ દરમ્યાન મદદનીશ નિયામક શ્રી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા નાઓને ઉદ્ધેશીને એક રીપોર્ટ નિશાની-**૨૫/૩૨- આંક-૫૪૮** વાળો મોકલી આપેલ. જે રીપોર્ટ સાથે સંદર્ભમાં જણાવેલ એનાલીસીસ રીપોર્ટ, (૧) ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગુ.રા. અમદાવાદના અહેવાલ નં.ફસલ/તપણ/૯૬/ એન.સી./૭૫, તા.૧૫/૦૭/૯૬ (**આંક-૨૯૨** વાળા એનાલીસીસ રીપોર્ટની ઝેરોક્ષ) (૨) ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગુ.રા અમદાવાદના અહેવાલ નં.એફ.એસ.એલ/ઈઈ/૯૬/એન.સી/૧૪૧, તા.૨૭/૦૯/૯૬ (**આંક-૫૪૦** વાળા એનાલીસીસ રીપોર્ટની ઝેરોક્ષ) (૩) ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગુ.રા અમદાવાદના અહેવાલ નં.ફસલ/તપણ/૯૬/એન.સી./૮૦, તા.૨૬/૦૭/૧૯૯૬ (**આંક-૫૨૦** વાળા એનાલીસીસ રીપોર્ટની ઝેરોક્ષ) (૪) ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગુ.રા. અમદાવાદના અહેવાલ નં.ફસલ/તપણ/૯૬/એન.સી./૭૭, તા.૨૬/૦૭/૧૯૯૬ (**નિશાની.૨૫/૩૨** સાથે રજુ કરેલ એનાલીસીસ રીપોર્ટની ઝેરોક્ષ) વાળી નકલો સામેલ કરેલ અને તે રીપોર્ટમાં જણાવેલ મુદ્ધાઓની સ્પષ્ટતા કરવા વિનં.તી કરેલ. જેને આધારે શ્રી એમ. પી.ચૌધરી, આસીસ્ટન્ટ ડાયરેક્ટર, ડીરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ કમ આસીસ્ટન્ટ કેમિકલ એક્ઝામિનર ટુ ધ ગવર્નમેન્ટ ઓફ ગુજરાત, ગાંધીનગરનાઓએ, તારીખ-૧૫/૧૦/૨૦૧૮ના રોજનો નિશાની-**૨૫/૩૩-આંક-૫૪૯** વાળો અભિપ્રાય મોકલી તપાસ કરનાર અમલદારે માંગેલ મુદ્ધાસરની સ્પષ્ટતા કરેલ.

તપાસ કરનાર અમલદાર સાહેદ નં.-૧૯ના પુરાવા દરમ્યાન, નિશાની-**૨૫/૩૨** વાળા દસ્તાવેજને **આંક-૫૪૮** આપવામાં આવેલ. જયારે નિશાની-

**૨૫/૩૩** વાળા દસ્તાવેજને આંકે પાડી વંચાણે લેવા બાબતે નામદાર કોર્ટે હુકમ થયેલ અને તે નિશાની–**૨૫/૩૩** વાળો અભિપ્રાય ક્રી.પ્રો.કોડ કલમ–૨૯૩ ની જોગવાઈ મુજબ ક્લોઝ **'એ'** માં પડતો અભિપ્રાય હોવાથી જોગવાઈ જોતા બચાવપક્ષનો વાંધો રદ કરીને પુરાવામાં વંચાણે લેવાનો જરૂરી આદેશ થયેલ. તે અભિપ્રાયને **આંક–૫૪૯** આપવામાં આવેલ.

આ આંક–૫૪૯ વાળો રીપોર્ટ વંચાણે લેવામા આવે તો તેના સંદર્ભમા જણાવેલ નં.–૧, નં.–૩, નં.–૪ના અહેવાલ આધારે ત્રણેય પ્રકારનું અફીણ એક જ પ્રકારનું છે તેમ કહી શકાય તેવો તથા અન્ય અભિપ્રાય શ્રી એમ.પી.ચૌધરીએ આપેલ. આ રીપોર્ટના સંદર્ભ–૧ આ ગુનાના મુદ્દામાલ સેમ્પલનો પૃથ્થકરણ અહેવાલ છે જયારે સંદર્ભ–૩ અને સંદર્ભ–૪ અનુક્રમે આગથળા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.–૫૪/૯૬ તથા આગથળા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.–૫૧/૯૬ના ગુનાના મુદ્દામાલ સેમ્પલના પૃથ્થકરણ અહેવાલ છે અને તે ત્રણેય પૃથ્થકરણ અહેવાલ જોતા અફીણમાં મોર્ફીન એનહાઈડ્રસનું પ્રતિશત પ્રમાણ વજન/વજન ૦.૯ ટકા છે. આ પુરાવો રેકર્ડ ઉપર હોવાથી અને આ એનાલીસીસ રીપોર્ટસ જોવાથી એક જ પ્રકારના અફીણ અને મોર્ફીન એનહાઈડ્રસનું સરખું પ્રમાણ હોવાથી તથા આ **આંક–૫૪૯** વાળો અભિપ્રાય જોવામા આવે તો પણ હોટલ લાજવંતીમાં રૂમ નં.–૩૦૫મા પ્લાન્ટ કરવામાં આવેલ અફીણ આગથળા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ શેરપુરા ઢાંણી ગામેથી ખરીદવામાં આવેલ હોવાના ફરિયાદપક્ષના પુરાવા તથા કેસને વધુ સમર્થન મળે છે.

બચાવપક્ષે ફરિયાદપક્ષના પુરાવા દરમ્યાન તેઓ સાહેદ એમ.પી.ચૌધરીને આ આંકે પડેલ **આંક–૫૪૯** વાળા અભિપ્રાય અંગે ઉલટતપાસ કરવા માંગે છે તેવી કોઈ રજૂઆત કરેલ નહી ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયા પછી અને વધારાના જવાબ બાદ બચાવપક્ષના સાહેદ તરીકે સાહેદ એમ.પી.ચૌધરીને તથા અન્યને તપાસવા માટેની બચાવપક્ષે આંક–૬૪૮થી અરજ કરેલ, જે નામંજૂર થયેલ. ત્યારબાદ તહોમતદારે તે હુકમ વિરુધ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જે

ક્રીમીનલ રીવીઝન અરજી નં.–૫૩૪/૨૦૨૩ કરેલ તે રીવીઝન અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નામંજૂર કરવામાં આવેલ. જે હુકમો આંક–૭૪૩ વાળા લીસ્ટથી રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ. નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ વિરુધ્ધ નામદાર સુપ્રીમ કોર્ટમાં ડાયરી નં.–૩૭૪૨૮/૨૦૨૩ વાળી અરજી આરોપીએ દાખલ કરેલ હતી જે તા.૦૩/૧૦/૨૦૨૩ના રોજ રદ થયેલ.

**(૯.૧૨)** હાલનો ગુનો તથા રાજસ્થાન, પાલી કોતવાલી, પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૪૦૩/૧૯૯૬નો ગુનો એક જ ગુનો હોવા અંગેના બચાવ અંગે ફરિયાદપક્ષે દલીલ કરેલ છે કે, આ બંને અલગ ગુના છે.

વધુમાં દલીલ કરેલ છે કે, સાહેદ નં.–૧૫નો પુરાવો તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોવામાં આવે તો સુમેરસિંહ વિરુધ્ધ હાલનો અફીણ ખરીદી, અફીણ પ્લાન્ટ કરી કેસ ઉભો કરવામાં આવેલો ત્યારબાદ પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૧૯૯૬ના કામે તેઓને છોડી મુકવા ક્રી.પ્રો. કોડ કલમ–૧૬૯નો રીપોર્ટ રજુ કરવામાં આવેલો. સુમેરસિંહ જામીન ઉપર છુટેલ ત્યાર પછી તેઓએ રાજસ્થાન કોર્ટમાં ફરિયાદ કરેલી. રેકર્ડ ઉપર આવેલ પુરાવા મુજબ આ રાજસ્થાન કોર્ટમાં કરેલી ફરિયાદના કામનો ગુનો પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૪૦૩/૧૯૯૬ વાળો નોધાયેલો. જે ગુના અંગે કૂટરમલ વિરુધ પતિયાલા હાઉસ કોર્ટમાં કેસ ચાલેલ. આ પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૪૦૩/૧૯૯૬ વાળા ગુનાના કામે હાલના આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટનાઓએ, પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.૪૦૩/૧૯૯૬નો ગુનો તથા પાલનપુર શહેર પ્રોહી ગુ.રજી.નં.–૨૧૬/૧૯૯૬નો ગુનો એક જ હોવા અંગે નામદાર રાજસ્થાન હાઈકોર્ટમાં અરજી કરેલ પરંતુ આ બંને ગુના અલગ હોવા અંગેનો હુકમ થયેલ જે હુકમ વિરુધ આરોપી સંજીવ ભટ્ટનાઓએ નામદાર સુપ્રીમ કોર્ટમાં પણ પીટીશન કરેલ અને જે અરજી નામદાર સુપ્રીમ કોર્ટે ગ્રાહ્ય રાખેલ નહી. આમ, નામદાર રાજસ્થાન હાઈકોર્ટનો હુકમ તથા નામદાર સુપ્રીમ કોર્ટે કરેલ હુકમ જોવામાં આવે તો ઉપરોક્ત બંને ગુના અલગ ગુના છે અને તે સંજોગોમાં આ કેસના

રેકર્ડ ઉપર બચાવપક્ષે આ બંને ગુના એક જ હોવા બાબતે ઉલટતપાસ કરી જે બચાવ રજુ કરેલ છે તે માની શકાય તેવો નથી.

**(૯.૧૩)** ફરિયાદપક્ષે દલીલ કરેલ છે કે, મુદ્દામાલ અફીણ અંગેનો તથા રજુ થયેલ મુદ્દામાલ અફીણ અંગેનો પુરાવો, ફરિયાદપક્ષના સાહેદોનો નીચે મુજબની વિગતે રેકર્ડ ઉપર આવેલ છે તે જોવો જરૂરી છે.

**(૯.૧૩.૧)** ફરિયાદપક્ષ સાહેદ નં.૯–એપ્રુવર ઇન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનો પેરા નં.–૪ તથા પેરા નં.–૫ ઉપરનો પુરાવો,

**(૯.૧૩.૨)** સાહેદ નં.–૧૪ પ્રવિણચંદ્ર હરીલાલ પરમારનો પેરા નં.–૧૮ તથા પેરા નં.–૨૦નો પુરાવો,

**(૯.૧૩.૩)** સાહેદ નં.–૧૬ રમણભાઈ પરશોતમભાઈ પટેલનો પેરા નં..–૨નો પુરાવો,

**(૯.૧૩.૪)** રેકર્ડ ઉપર આવેલ સાહેદ નં.–૯, ૧૭, ૧૮, આંક–૨૮૨, ૨૮૩ તથા અંક–૨૯૨ અંગેનો પુરાવો,

**(૯.૧૩.૫)** જે મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં જમા હતો તેમાંથી સાહેદ નં.–૧૩ કલાજી સ્વરૂપજી મકવાણાની રૂબરૂમાં ડી.વાય. એસ.પી.–વિભાગીય પોલીસ અધિકારી, પાલનપુરનાઓએ અગાઉ તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલમાંથી પંચનામું કરી ફરી ચકાસણી માટે સેમ્પલ લીધેલ અને સીલ કરી એફ.એસ.એલ.માં મોકલેલ જેનું પૃથ્થકરણ થયેલ તે અંગેનો પુરાવો તથા પંચનામાં વાળો દસ્તએવજી પુરાવો.

**(૯.૧૩.૬)** મુદ્દામાલ પાવતી નં.–૧૮૨/૧૯૯૬નો મુદ્દામાલ પાલનપુર શહેર પોલીસ સ્ટેશન ખાતે જમા છે કે કેમ તે સબંધે તપાસ કરાવી જાણ કરવા અંગેનો આંક–૫૫૮ વાળો પત્ર સાહેદ નં.–૧૯ તપાસ કરનાર અમલદારે પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠાનાઓને લખેલ. જે અનુસંધાને પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશન નાઓએ આંક–૫૫૯ વાળો પત્ર પોલીસ

અધિક્ષકશ્રી બનાસકાંઠાને લખીને મુદ્દામાલ આર્ટીકલ નં.–૧ પોલીસ સ્ટેશન ખાતે જમા છે તેમજ આર્ટીકલ નં.–૨ અને ૩ તપાસ કરતા મળી આવેલ નથી તેમજ આર્ટીકલ નં.–૪ હોટલ લાજવંતીનું રજીસ્ટર, એનડીપીએસ પટીયાલા કોર્ટ, નવી દિલ્હી ખાતે જમા હોવા અંગે જાણ કરેલ તે પુરાવો.

તા.૧૮/૦૯/૨૦૧૯ના રોજ તપાસ કરનાર અમલદારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનનાઓને આંક–૫૬૧ની વિગતવાળો પત્ર ચાર્જશીટ કરવામાં આવેલ હોવાનું દર્શાવી તથા તેનો એન.ડી.પી.એસ. કેસ નં.–૩/૨૦૧૮નો હોવાનું દર્શાવી અને કેસનો અસલ મુદ્દામાલ કોર્ટમાં જમા કરાવવા બાબતેનો લખેલ. ત્યારબાદ ડી.વાય.એસ.પી. શ્રી સી.આઈ.ડી. ક્રાઈમનાઓએ પણ આંક–૫૬૪ વાળો પત્ર પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનનાઓને લખી મુદ્દામાલ નામદાર કોર્ટમાં જમા કરાવવા માટે જાણ કરેલ. જેથી પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનનાઓએ મુદ્દામાલ સ્થિતિનું પંચનામું કરી આ ગુનાનો મુદ્દામાલ જરૂરી દસ્તાવેજો સાથે નામદાર કોર્ટમાં મોકલી આપેલ. જે પંચનામું આંક–૫૬૫ થી નામદાર કોર્ટમા રજુ થયેલ છે તે મુજબ મુદ્દામાલ પાવતી નં.–૧૮૨/૧૯૯૬ના મુદ્દામાલ પૈકીનો એક આર્ટીકલ હોવાનું જણાવી તેને પોલીસ કોન્સ્ટેબલનાઓએ પંચો રૂબરૂ રજુ કરેલ. જે પડીકુ જે–તે સ્થિતિમાં જોતા પ્રથમ એક પ્લાસ્ટિકની પારદર્શક થેલી છે, જેના ઉપર સ્ટેપ્લર પીન મારેલી છે, જેની અંદર એક જાંબલી કલરની પ્લાસ્ટિકની થેલી છે, જે મુદ્દામાલ પડીકુ મુદ્દામાલ રૂમમાં એક લોખંડની જૂની તિજોરીના ખૂણામાથી મળી આવેલ. જે મુદ્દામાલ નામદાર કોર્ટમાં જમા કરવામાં આવેલ તે પુરાવો તથા દસ્તાવેજો.

**(૯.૧૩.૭)** એપ્રુવર–સાહેદ નં.–૯ની જુબાનીમા સરતપાસ દરમ્યાન તેઓને મુદ્દામાલ બતાવવામા આવેલ જે અંગેનો સરતપાસના આખરી પેરામાં આવેલ, પેરા નં.–૨૯, ૭૬ ઉપરની ઉલટતપાસથી રેકર્ડ ઉપર આવેલ મુદ્દામાલ અંગેનો સુસંગત પુરાવો.

**(૯.૧૩.૮)** સાહેદ નં.–૧૪ની પાના નં.–૨૬૪થી થયેલ ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ તથા સાહેદ નં.–૧૪ને નામદાર કોર્ટે મુદ્ધામાલ સબંધિત પુછેલ સવાલ તથા આવેલ જવાબ તથા ત્યારબાદ પક્ષકારોએ કરેલ ઉલટથી આવેલ મુદ્ધામાલ અંગેનો પુરાવો.

**(૯.૧૩.૯)** ફરિયાદપક્ષે દલીલ કરેલ છે કે, બચાવપક્ષે નામદાર કોર્ટમાં મુદ્ધમાલ અફીણ જેમાં સાચવણી મતે રાખેલ છે તે ઝલક ડ્રીમની થેલી જેવી થેલી માર્ક–'એ/૧' રજુ કરી તથા તે અંગેની ઉલટતપાસ કરી એવું બતાવવાનો પ્રયત્ન કરેલ છે કે, હાલ આવી થેલી માર્કેટમાં મળે છે અને તેથી રજુ થયેલ વધેલ અફીણનો મુદ્ધામાલ, કબજે કરવામાં આવેલ મુદ્ધામાલ નથી પરંતુ તેઓનો આ બાબતેનો બચાવ રેકર્ડ ઉપરનો ઉપરોક્ત જણાવેલ પુરાવો જોતા માની શકાય તેમ નથી. વધુમાં, સાહેદ નં.–૯, ૧૪, ૧૩નો પુરાવો તથા આંક–૪૧૪ જોતા તથા મુદ્ધામાલ સેમ્પલ કે જે એફ.એસ.એલ.માં મોકલેલ તે મળી આવેલ ન હોવાથી નામદાર કોર્ટમાં રજુ થયેલ ન હોવા માત્રથી ફરીયાદપક્ષનો કેસ ન માનવો જોઈએ તેવો બચાવપક્ષનો બચાવ માનવો ન જોઈએ.

**(૯.૧૪)** ફરિયાદપક્ષે દલીલ કરેલ છે કે, ફરિયાદપક્ષે આરોપી નં.(૨) વિરુધ્ધનો કેસ નિશંકપણે સાબિત કરેલ છે અને તહોમત પુરવાર થયેલ છે. જેથી આરોપી નં.(૨)ને તહોમતનામાં મુજબના ગુના સારું તકસીરવાર ઠરાવવા જોઇએ.

## બચાવપક્ષની દલીલોનો સારાંશ :–

**(૧૦)** આરોપી સંજીવ રાજેન્દ્ર ભટ્ટ તરફે આંક–૮૨૭ થી વિસ્તૃત લેખિત દલીલો અને અલાયદા લીસ્ટથી ચુકાદાઓ રજુ થયેલા છે. જેથી સદર લેખિત સ્વરૂપે રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોઈ તમામ કથનોનું પુનરાવર્તન ટાળેલ છે. સાથે સાથે વિદ્ધાન શ્રી બી.એ. તુંવર તથા શ્રી એસ.બી.ઠાકોર દ્વારા લંબાણપુર્વકની મૌખિક દલીલો પણ કરવામાં આવેલ છે, જે સમગ્ર બચાવપક્ષે કરેલ દલીલોનો સારાંશ નીચે મુજબ છે.

**(૧૦.૧)** સેસન્શ ટ્રાયલ ચાલે તે રીતે આ કેસની કાર્યવાહી થઈ છે પ્રોસીકયુટરે તેમની ફરજ અદા કરેલ છે. બચાવપક્ષે તેમની ફરજ અદા કરેલ છે. તહોમતદાર નં.–(૨) સંજીવ ભટ્ટ છે. તહોમતદાર નં.–(૧) એપ્રુવર થયેલ છે. કેસમાં જે બન્યું તે તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ અને ત્યારબાદ ૨૮/૦૨/૨૦૦૦ના રોજ 'એ' સમરી ફાઈલ થયેલ. ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૯નો રીપોર્ટ કહેવાતા તહોમતદાર સામે કરવામાં આવેલ, તેઓએ છૂટ્યા પછી બાર એસોસીએશન પાલીમાં રીપ્રેશન્ટેશન કરેલ. બાર કાઉન્સિલ રાજસ્થાન સમક્ષ રજૂઆત કરેલ, ચીફ જસ્ટીસને રજૂઆત કરેલ, હાઈકોર્ટ જસ્ટીસને રજૂઆત કરેલ.

**(૧૦.૨)** તારીખ–૧૮/૦૬/૧૯૯૬ના રોજ સંજીવ ભટ્ટની ટ્રાન્સફર પાલનપુરથી રાજકોટ થયેલ આ દરમ્યાન સુમેરસિંહે પાલી કોર્ટમાં ફરિયાદ કરેલ. જેમાં આક્ષેપ કરવામાં આવેલ કે, લાજવંતી હોટલમાં (ઓપિયમ)અફીણનું પ્લાન્ટેશન કરવામાં આવેલું. તેમના પ્રમાણે તહોમતદાર કૂટરમલ તથા જસ્ટીસ આર.આર. જૈન બંને કૂટરમલના ગામે મેરેજમાં ભેગા થયેલા અને તેઓએ કાવતરું રચેલ, તેઓ સંજીવ ભટ્ટને મળેલા. સંજીવ ભટ્ટ પ્લાન્ટિંગ કેસનું કાવતરું રચનાર, શાંતિલાલ ગુપ્તા પણ તે કેસના તહોમતદાર આઈ.બી.વ્યાસ, પી.એસ.આઈ. યાજ્ઞીક, પ્રવીણભાઈ વિગેરે એલ.સી.બી.નો પોલીસ સ્ટાફ સાથે હતા તે તથા ટ્રાફિકના પોલીસ કર્મી યાજ્ઞીક તથા તેમની સાથે હતા તે ટ્રાફિકના પોલીસ કર્મીઓ તહોમતદારો છે. તે કેસની તપાસ થયેલી અને ચાર્જશીટ થયેલ. આર.આર.જૈન, સંજીવ ભટ્ટ વિગેરે સામે ચાર્જશીટ જ્યુડીશીયલ કારણોસર પેન્ડીંગ રહેલ. પાલી બાર એસોસીએશનનું રીપ્રેશન્ટેશન ગુજરાત સરકારને કરવામાં આવેલું. સાથે સાથે શ્રી ધગલની ઈન્કવાયરી થયેલ. આ કેસમાં આંક–૨૩૬ થી શ્રી ધગલની ઈન્કવાયરીના કાગળો રજુ થયેલ છે. સરકારે આ ઈન્કવાયરીના કામે શું એક્શન લીધા તે આપણા નોલેજમાં નથી. તે ઈન્કવાયરીના પેપર હાઈડ કરવામાં આવ્યા છે.

**(૧૦.૩)** આઈ.બી. વ્યાસની તપાસથી શ્રી મોથલીયા સુધીના અધિકારીઓએ તપાસ કરેલ. તેમણે 'એ' સમરી ભરેલ.

**(૧૦.૪)** નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા હુકમ કરી તપાસનો આદેશ ૨૦૧૮ના વર્ષમાં થયેલ. કોણ પ્લાન્ટર હતું તેની તપાસ કરવા બાબતે? નામ. હાઈકોર્ટે કહ્યું નથી કે, સુમેરસિંહ સંડોવાયા નથી, તો તે તરફ તપાસ ન કરો. ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૯નો રીપોર્ટ તા.૦૯/૦૫/૧૯૯૬ના રોજ થયેલો.

**(૧૦.૫)** તહોમતદાર નં.–(૧) વ્યાસને પારડન આપી તેમને પસ્તાવો થયો જે નામદાર કોર્ટે માન્યું. અમે વાંધો લીધેલ.

**(૧૦.૬)** નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ પ્રોપરલી ઈન્વેસ્ટીગેશન કરવાનો હતો, આ અદાલતે હાઈકોર્ટના ઓબ્ઝર્વેશન ધ્યાને લેવા જોઈએ. શું ખરેખર ઓપીયમ મુકવાની લાઈન ઉપર તપાસ કરી છે? પહેલા દિવસે તા.૦૪/૦૯/૨૦૧૮ના

રોજ એવો શું પુરાવો આવ્યો કે, જેમાં તહોમતદારને તેમના બંગલેથી પક ડી લીધા ? અને તે નામદાર સુપ્રીમ કોર્ટના હુકમનો બ્રીચ કરીને શ્રી દીપાંકર ત્રિવેદી એસ.આઈ.ટી. નાઓએ શ્રી યાદવ સાથે કોઈ ચર્ચા કરેલ? કારણ બતાવ્યા વગર, સગાને જાણ કર્યા વગર, કીડનેપીંગ કરી, એબ્ડક્ટ કરી તહોમતદારને પકડીને લઈ ગયા. અટકાયત મેમોમાં રીલેટીવની સહી, કારણો બતાવ્યા વગર કરાવેલ. અટક કર્યા ત્યારે પુરાવા વગર કરેલ. કોર્ટમાં રજુ કર્યા, રિમાન્ડ નામંજૂર થયેલ. તા.૦૫/૦૯/૨૦૧૮થી તહોમતદાર જ્યુડીશીયલ કસ્ટડીમાં છે.

**(૧૦.૭)** પુરાવાનું મૂલ્યાંકન નામદાર કોર્ટે કરવાનું છે, કેટલાક દસ્તાવેજો તહોમતદારને ફેવર કરે તેવા હતા તે રજુ થયા નથી. પીક એન ચુઝ મેથડનો ફરિયાદપક્ષે ઉપયોગ કર્યો.

**(૧૦.૮)** આ કેસ પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખે છે, કહેવાતા વિકટીમના પુરાવા ઉપર આધાર રાખે છે, ઘણા સાહેદો ચાર્જશીટમાં દર્શાવેલ, પરંતુ તેમને ડ્રોપ કરવામાં આવેલ.

(૧૦.૯) પોલીસ મેન્યુઅલ મુજબ પોલીસ અધિકારીની શું ફરજો છે તે અંગે ગુજરાત પોલીસ એક્ટ સાથે પોલીસ મેન્યુઅલ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડ સાથે પોલીસ મેન્યુઅલ તથા એપ્રીસીએશન માટે ગુજરાત પોલીસ એક્ટ અને પુરાવા અધિનિયમ આધાર રાખીએ છીએ. કારણ કે તહોમતદારનું કન્ફેશનલ સ્ટેટમેંન્ટ છે. સુમેરસિંહનું નિવેદન તપાસ દરમ્યાન આઈ.ઓ. રૂબરૂ પોલીસની હાજરીમાં છે કે જેના ઉપર આ કેસમાં ફરિયાદપક્ષે આધાર રાખેલ છે. ગુજરાત પોલીસ એક્ટની કલમ–૨(૪) કોન્સ્ટેબલનો અર્થ પોલીસ ઓફિસર થાય છે. પોલીસ ઓફિસર રૂબરૂનું કોઈ કન્ફેશનલ સ્ટેટમેંન્ટ એડમીશીબલ નથી, પ્રવીણભાઈ પોલીસ ઓફિસર છે. વધુમાં, બચાવપક્ષ તરફે ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૬ કે જેમાં જનરલ પાવર્સ ઓફ કમિશનર એન્ડ ડીસ્ટ્રીકટ સુપ્રીટેન્ડન્ટની દર્શાવેલ છે. જે મુજબ ફરજ વિતરણ તેઓ કરી શકે. વધુમાં ગુજરાત પોલીસ એક્ટની કલમ–૨૮ની જોગવાઈ તરફ ધ્યાન દોરી પોલીસ અધિકારીઓ હમેશા ફરજ ઉપર હોવાનું માનવામાં આવે છે. વ્યાસ તથા પ્રવીણભાઈ પોલીસ ઓફિસર છે ભલે પછી ઇન્વેસ્ટીગેશન થયું ત્યારે ન હતા, ભલે ભાગ લીધો ન હતો. સક્ષમ અધિકારીની વ્યાખ્યા તથા ગુજરાત પોલીસ એક્ટ ડયુટીસ ઓફ પોલીસ ઓફિસરની જોગવાઈ વાંચી બતાવેલ. સાહેદોની ડયુટી અને તેઓએ તેમના ઉપરી અધિકારીનો લો–ફૂલ કમાંડ જ માનવાનો હોય. સાક્ષીઓએ શા માટે આટલા વર્ષ સુધી કહ્યું નહી.

(૧૦.૧૦) માલાભાઈ બાતમીદાર હતા. ગુજરાત પોલીસ એક્ટ તરફે ધ્યાન દોરી બચાવપક્ષે દલીલ કરેલ કે, ઈનામ પત્રક ભરતી વખતે પત્રક તૈયાર કરી મારા વિરુધ્ધ એમ કહેવામાં આવ્યુ કે મેં જે કહ્યું તેમ કર્યું તેનું ઈનામ સંજીવ ભટ્ટે આપ્યું, પરંતુ ઈનામ આપ્યા ત્યારે તા.૧૯ ના રોજ સંજીવ ભટ્ટ હાજર ન હતા.

**(૧૦.૧૧)** શ્રી સંજીવ ભટ્ટ પાસે પરવાનગી માટે આવ્યા, તેમણે મોકલ્યા એટલે સજા ન થાય. મોકલવા અંગે પરવાનગી મેળવી નહી તે ઈરરેગ્યુલારીટી થાય.

**(૧૦.૧૨)** કન્ફેશન અને સંજોગો તમામ પુરાવા છે. ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૯નો રીપોર્ટ કર્યો, પરંતુ અટક કરવામાં આવેલ એટલે ક્રી.પ્રો.કો કલમ–૧૬૯ એપ્લીકેબલ ન થાય. સ્ટેજ પૂરું થઈ ગયું એટલે કે કોર્ટમાં રજુ કર્યા એટલે ક્રી.પ્રો.કોડ કલમ–૧૭૦ લાગુ પડે. ગુજરાત પોલીસ એક્ટની કલમ–૧૫૯ અનુસાર કોઈ મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિકારી ફરજના અનુસંધાનમાં સદભાવનાથી કરેલ કૃત્ય માટે દંડ અથવા નુકશાન માટે જવાબદાર રહે નહી. રાજસ્થાનથી સંજીવ ભટ્ટને ફોન આવ્યો, પૂછપરછ માટે આવવાનું કહ્યું, તેથી કાઈ ખોટું નથી કર્યું, આ સંજોગનો સંજીવ ભટ્ટ સામે ઉપયોગ ન થાય.

**(૧૦.૧૩)** પોલીસની ડ્યુટીસ જોવામાં આવે તો કોગ્નીજેબલ ઓફેન્સની બાતમી મળે તો તેમણે રાહ જોવાની જરૂર નથી, કોર્ટના હુકમ વગર તપાસ કરી શકે, એનડીપીએસ એક્ટનો ગુનો કોગ્નીજેબલ ગુન્હાની સાથે વાંચવાનો થાય, તેમણે રેઈડ કરવા જવાની ઉપરી અધિકારીને જાણ કરવાની થાય. પોલીસ મેંન્યુઅલમાં પોલીસ અધિકારીના પાવર અને ડ્યુટીસ ચેપ્ટર–૩ તથા ચેપ્ટર–૨માં આપવામાં આવેલ છે. રુલ–૨૫ સુપ્રીટેન્ડન્ટ ઓફ પોલીસ ની ડ્યુટીસ તેમને જરૂર જણાય સબડીવીઝનલ ઓફિસરને સુચના–ગાઈડન્સની ફરજ છે. જયારે રુલ–૨૭ માં સબડીવીઝનલ ઓફિસરની ફરજો આપવામાં આવેલ છે.

**(૧૦.૧૪)** ક્રી.પ્રો.કોડ કલમ–૧૫૭ અને પોલીસ મેન્યુઅલ રુલ–૧૨૬ મુજબ પોલીસ સ્ટેશન ઓફિસરની ડ્યુટી રીપોર્ટ મોકલવાની છે– એફઆઈઆર મોકલવાની છે. પોલીસ મેન્યુઅલ ચેપ્ટર–V માં એ, બી, સી સમરીની તથા કલમ–૧૬૪ના સ્ટેટમેંન્ટ વિગેરે જોગવાઈઓ છે. મેન્યુઅલ રુલ–૨૫ સુપરવીઝન અંગેનો છે. જેમાં ડીએસપીની સીધી ફરજ જવાબદારી નથી. આખા

જીલ્લાના અધિકારી તરીકેની ફરજ ડીએસપીની છે. ડીએસપીની સીધી ફરજ નથી. દરેક અધિકારીની જુદી જુદી ફરજો છે આ બાબત પણ સાક્ષીના એપ્રીસીએશન અંગે ધ્યાને રાખવી જોઈએ.

**(૧૦.૧૫)** કેસની એફઆઈઆર એન.ડી.પી.એસ. એક્ટ અંગેની છે. અફીણ કોણ મૂકી ગયું, સુમેરસિંહ મૂકી ગયા નથી તો અફીણ કોણ મૂકી ગયું તે તપાસ, તપાસ કરનારે કરવાની થાય. ક્રી.પ્રો.કોડ કલમ–૪ અને ૫ જોવી પણ જરૂરી છે. તેમ કહી તે જોગવાઈ પરત્વે તેઓએ ધ્યાન દોરેલ છે. ક્રી.પ્રો.કોડ કલમ–૧૦૦ પર્સન્સ ઇન્ચાર્જ ઓફ ક્લોસડ પ્લેસ ટુ એલાવ સર્ચ, એટલા માટે અશોકભાઈને મળ્યા પછી સર્ચ કરવામાં આવેલ. એનડીપીએસ એક્ટ કલમ–૪૧, ૪૨, ૪૩ તથા ૫૧, ૫૨ પરત્વે ધ્યાન દોરવામાં આવેલ. એનડીપીએસ એક્ટની ઇન્ફર્મેશન આવે ત્યારે ડીએસપીનું સુપરવિઝન આવે, આ એક્ટની કલમ–૪૩ સાથે વાંચતા કલમ–૪૨ લાગુ પડે જેમાં હોટલમાં સર્ચ કરવાની સત્તા આપવામાં આવેલ છે. કલમ–૫૧ ઍરેસ્ટ કર્યા પછી લાગુ પડે, આ કેસમાં તહોમતદારની ઍરેસ્ટ કરવામાં જે કમ્પ્લાયંસ કરવું પડે તે હાલની તપાસમાં કર્યું નથી. આ એક્ટની કલમ–૫૨ ડીસ્પોસલ ઓફ પર્સન ઍરેસ્ટેડ એન્ડ આર્ટીકલસ સીઝડ, જે મુજબ ઍરેસ્ટ કરવામાં કારણો બતાવવા પડે. તહોમતદારની ઍરેસ્ટ કરવામાં કાઈ જલ્દી ન હતી. તા.03/૦૪/૨૦૧૮ પછી પહેલો જવાબ તા.૦૪/૦૯/૨૦૧૮ સુમેરસિંહનો લેવામાં આવેલો અને આરોપીને પકડી લીધેલ. આ કેસના સંજોગો જોતા મેન્ડેટરી જોગવાઈનું પાલન થયેલ નથી. એક્ટની કલમ–૫૨(એ) ડીસ્પોઝલ ઓફ સીઝડ નાર્કોટિક ડ્રગ્ઝ અને સાયકોટ્રોપીક સબસ્ટેન્સની જોગવાઈનું પાલન થયું નથી. ૧૯૯૬ થી ૨૦૦૦ના વર્ષ સુધી આ મુજબ કોઈ પ્રોસીજર થઈ નથી. અધિકૃત વ્યક્તિએ સીઝર કર્યું તે અંગે કાઈ કર્યું નથી. આ બાબતે **૨૦૧૬ AIJEL S C–૫૭૭૭૬ યુનિયન ઓફ ઈન્ડિયા વર્સીસ મોહનલાલ**ના ઉપર આધાર રાખીએ છીએ. એનડીપીએસ એક્ટ કલમ–૫૫ કે જેમાં પોલીસ ટુ ટેક ચાર્જ ઓફ આર્ટીકલ સીઝડ એન્ડ ડિલીવર્ડની જોગવાઈ પરત્વે ધ્યાન દોરવામાં આવેલ. નાર્કોટિકસ એક્ટ નીચેના સેન્ટ્રલ

ગવર્નમેંન્ટના ઓર્ડર ૧/૮૮ સેમ્પલીંગ એન્ડ સીલીંગ બાબતેના તથા ૧/૮૯ મુજબ મેન્ડેટરી પ્રોસીજર હોવાનું દર્શાવવામાં આવેલ.

**(૧૦.૧૬)** રૂલ્સ મુજબ બે(૨) ફેરીસ્ત હોય, ચાર્જશીટ કર્યું ત્યાં સુધીનું ફેરીસ્ત. વધુમાં, જો કોઈ કાગળો રજુ થાય તો તે પરવાનગીથી રજુ થાય. નામદાર કોર્ટમાં ૧૨ તારીખે કાગળો આપ્યા તેના બીજા દિવસે મુદ્દામાલ અંગે કોર્ટે લખ્યું. ક્રી.પ્રો.કોડ કલમ–૨૦૭ મુજબ મેજીસ્ટ્રેટશ્રીએ કાગળો આપવા પડે પરંતુ આ કલમની જોગવાઈઓ આ કેસમાં આ કોર્ટમાં લાગુ પડે. કલમ–૨૦૭ વાંચતા તે મુજબ કોમ્પ્લાયંસ કરવું પડે.

**(૧૦.૧૭)** આ કેસમાં ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટને ક્રી.પ્રો.કોડ કમલ–૧૬૪ના નિવેદનો રેકર્ડ કરવા મોકલ્યા કે કન્ફેશનલ રેકર્ડ કરવા? પ્રવીણભાઈ તથા આર.પી.પટેલના ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪ના નિવેદનો સરળતાથી ઇગનોર થઈ શકે તેમ નથી. આ બાબતે કોઈ જવાબ નથી કે એક્સ્પ્લેનેશન રેકર્ડ ઉપર નથી.

**(૧૦.૧૮)** બચાવપક્ષે તેઓ હવે મૂળ કેસ તરફ દલીલ કરે છે તેમ જણાવી દલીલ કરી નીચે મુજબ રજૂઆત કરેલ છે.

**(૧૦.૧૮.૧)** તારીખ ૨૯/૦૪/૧૯૯૬ના રોજ લાજવંતી હોટલમાં એક એન્ટ્રી થઈ જે આંક–૩૦૦ થી રજુ છે. જેની સહી સિક્કાવાળી નકલ આંક–૫૦૧ થી રજુ કરવામાં આવી છે. આ એન્ટ્રી નં.–૬૪૦ બતાવવામાં આવેલ જે મુજબ છેલ્લી એન્ટ્રી ૨૯/૦૪/૧૯૯૬ કલાક–૨૧/૪૦ વાગ્યાની છે. ફરીયાદપક્ષે રજુ કરેલ આ ખરી નકલ નથી જે તેજ સમયે લખાયેલ નથી જેમાં સરનામામાં પાલી વર્ધમાન જ લખાયેલ છે. કોલમ નં.–૧૦ માં રૂમ નં.–૩૦૫ તે જોવામાં આવે તો પછીથી સહી છે જેના આધારે સુમેરસિંહને ૩ તારીખે પકડ્યા બાદ ૪ તારીખે સહીઓ લીધી, પરંતુ પંચોની સહી નથી. આંક–૫૦૧ કે જે સહી સિક્કાવાળી નકલ છે તેમાં નીચે એન્ટ્રી નં.–૬૪૧ પણ છે જો રજીસ્ટર તરત કબજે કર્યું હોત તો એન્ટ્રી થયેલ ન હોત. આમ, આંક–૩૦૦માં ૬૪૧ વાળી એન્ટ્રી નથી.

આંક–૫૦૧ માં નીચે સીઝર પંચનામાંના પંચોની સહી છે, આના માટે વ્યાસનો કોઈ ખુલાસો નથી કે પ્રોસીકયુશનો કોઈ ખુલાસો નથી.

**(૧૦.૧૮.૨)** વર્ધી અંગે દલીલ કરવામાં આવેલ કે, જે સમયે આંક–૨૪૪ કે જે વર્ધી રજીસ્ટરની ઝેરોક્ષ છે જોતા જેની નોંધ નં.–૩૬૦ છે. જે તારીખ ૩૦/૦૪/૧૯૯૬ કલાક–૬/૧૦ વાગ્યાની છે. વર્ધી તહોમતદારે બનાવેલ તે પુરાવો નથી. તેના છેલ્લા કોલમમાં સહી નથી છેલ્લા કોલમમાં વ્યાસને મોકલી આપી છે તેવું છે. આ લખાણ માટે કોઈ તકરાર નથી આ ઝેરોક્ષ કે જે અસલ ઉપરથી ખરી નકલ છે જે શ્રી ધગલની ઈન્કવાયરીમાં રજુ કરવામાં આવેલ કાગળ છે. આની સાથે વર્ધી વાંચવી જોઈએ તેમ જણાવવામાં આવેલ છે. આંક–૨૫/૧ વર્ધીની નકલ છે જેની અસલ હેન્ડ રાઈટીંગ એક્સપર્ટને મોકલેલ. વર્ધી તારીખ–૩૦/૦૪/૧૯૯૬ના રોજ રીસીવ થઈ જેમાં સમય લખ્યો નથી. તારીખ–૦૨/૦૪/૨૦૧૯ના રોજ લીસ્ટ રજુ થયું ત્યાં સુધી અસલ આવેલ ન હતી. જે રજીસ્ટરમાં એન્ટ્રી થઈ તેનું છેલ્લું કોલમ વાંચવામાં આવે તો સંજીવ ભટ્ટે સુચના આપી તેવું નથી. વર્ધી અને રજીસ્ટરમાની એન્ટ્રીના શબ્દોનો અર્થ જુદો થાય છે. છેલ્લા કોલમમાં આપી આવ્યો તેવું છે. ફરિયાદપક્ષે એક્સ્પ્લેઇન કરવું પડે જે કરેલ નથી માટે સાયબાભાઇ અને બબાભાઈની જુબાનીમાં કોન્ટ્રાડીકશન છે. વર્ધી આંક–૨૪૬ આધારે હસ્તાક્ષર લેવામાં આવ્યા વર્ધીમાં ‘ડી’ નંબર આપ્યા, વર્ધીમાં બબાભાઈની સહી, તારીખ, હોદ્દાવાળું લખાણ અને ઉપરનું લખાણની તદ્દન ડીફર છે પેનવાળું લખાણ જોવામાં આવે તો પણ જુદું છે તો તેના હસ્તાક્ષર કોના ? એમ ન કહી શકાય કે તે સંજીવ ભટ્ટે ઉભી કરેલ છે. રાઈડરને તપાસ્યા નથી. હસ્તાક્ષર રાઈડરના નથી, કોણ કહી શકે? વર્ધીમાં નવા કારણસર લીટી ઉમેરી હોય તે કેવી રીતે નાં કહી શકાય. આંક–૨૫૨ અને આંક–૨૫૩ એટલે કે, વર્ધી રજીસ્ટરની એન્ટ્રી નં.–૩૬૧ કે જે બંગલેથી સાયબાભાઈએ વર્ધી આપેલ છે, આ ત્રણેય એન્ટ્રી ન માનવાનું કારણ નથી. આ બંને દસ્તાવેજો પ્રોસીકયુંશનના ઓરીજીનલ વર્ઝનને સપોર્ટ કરતા નથી.

**(૧૦.૧૮.૩)** ડી.એસ.પી. બંગલે નિયમ મુજબ ફાળવવામાં આવતા કર્મચારીઓ પૈકી એક પોલીસ કોન્સ્ટેબલ સાયબાભાઇ હતા. તેઓની જુબાનીમાં બચાવપક્ષે આંક-૬૧૮ થી રજીસ્ટરનો તા.૩૦/૦૪/૧૯૯૬નો રેલેવંટ એક્સ્ટ્રકટ રજુ કર્યો.

**(૧૦.૧૮.૪)** ત્યારબાદ પંચનામું શરુ કર્યું, તેઓ રવાના થયા, બે પંચોને લીધા. હોટલમાં ગયા, અશોકભાઈને વાત કરી, રૂમ નં.-૩૦૫ માં ગયા, તેને ધક્કો માર્યો, ગાદલા નીચેથી મુદ્દામાલ કાઢ્યો, આ દસ્તાવેજ ૨૫/૨ કે જે પંચનામું છે. આ પંચનામું ખોટું ઉભું કર્યું તે કહેવાયું પરંતુ રજુ કરવામાં આવેલ છે. તેના એક પંચ ગુલામ રસુલ ગુજરી ગયા છે. ફરિયાદપક્ષ સાહેદ નં.-૩ માંકણોજીયાને તપાસવામાં આવેલ છે. જે પંચનામામાં બતાવ્યું, ફેન ચાલુ હાલતમાં હોવાનું જણાવેલ છે, જે ઘણું અગત્યનું છે. આ દસ્તાવેજ છુપાવેલ છે જે દરમ્યાન બગલ થેલો મળ્યો એનડીપીએસનો આ કેસ અડધી કાર્યવાહી ફરિયાદપક્ષ ડરી ડરીને રેકર્ડ ઉપર લાવેલ. ખરેખર ઝલક ડ્રીમવાળી થેલી ન હતી. જાંબુડી કલરની થેલીની અંદર બીજી જાંબુડી કલરની થેલી ગાંઠ મારી અંદર કાળો પદાર્થ હોય, રૂમ નં.-૩૦૫માં કાર્યવાહી થઈ છે તેનાથી ફરિયાદપક્ષ ડાઈવર્ટ થઈ ગયા છે.

વધુમાં, બચાવપક્ષે આ પંચનામું વાંચી એવી રજૂઆત કરેલ છે કે ગાદલું જોતા કોઈ સૂતેલો નથી તેવા નિશાન, તેથી કોઈ ભાગી ગયો નથી તે અનુમાન કરી શકાય ? આ પંચનામુ ક.-૭/૨૫ થી ૧૦/૪૦ સુધીનું છે. આ કેસના કાગળો ચાર જગ્યાએ ફર્યા, સંજીવ ભટ્ટની તો ટ્રાન્સફર થયેલ હતી અને અત્યારનો કેસ ૨૦૧૮નો છે.

દીપક અમ્રતલાલ ગામી તેમના એડ્રેસથી રૂમ નં.-૩૦૫માં આવેલા. જે સેમ્પલ લીધું તે ચારેય બાજુથી લીધું જેમાં સમય ગયો જ હોય. જેમાં સીલ કર્યું તે અંગેની વિગત બચાવપક્ષે પંચનામામાથી વાંચી, પરંતુ સીલ જે કરવામાં આવ્યું તે મુજબ હાલ બહારની કાપલી પણ નથી, તે અગત્યનું છે. દીપકભાઈ ગામી ફરિયાદપક્ષ સાહેદ છે તેમનું પ્રમાણપત્ર આંક-૨૧૦ છે. શું ફરિયાદપક્ષે પોતાનો કેસ નિશંક પણે પુરવાર કરેલ છે? તેવું દર્શાવી તેઓએ પંચનામું વાંચેલ. પંચો

મૂળ કેસથી ફરી ગયેલા છે. રજીસ્ટર રેકર્ડ ઉપર નથી. રજીસ્ટરમાં પંચોની સહી ક્યાંથી આવી? કેમ પંચોને સહી બતાવી નથી? કેમ આઈ.બી વ્યાસને પંચોની સહી બતાવી નથી? પંચનામું પૂરું ક્યાં થયું. કોઈ વસ્તુ કબજે કરેલ નથી.

**(૧૦.૧૮.૫)** આંક–૨૭૧ વાળી ફરિયાદ, ફરિયાદપક્ષે 'ડી' લીસ્ટ માર્ક–૨૫માં રજુ કરેલ નથી. ફરિયાદ પ્રવીણભાઈના હસ્તાક્ષરમાં છે. ત્યારબાદ આંક–૨૮૨ વાળો ફોરવર્ડીંગ પત્ર જે તૈયાર કરવામાં આવેલો અને પીએસઓને મોકલવામાં આવેલ. જે આંક–૨૫ના લીસ્ટમાં રજુ કરેલ નથી. પ્રથમ ગુનો કલમ–૧૭ એનડીપીએસ મુજબ નોધાયેલ. આંક–૩૦૦ ફરિયાદપક્ષે રીફર કરેલ નથી તહોમતદારપક્ષે બતાવેલ છે. આંક–૨૮૨માં તપાસ કોને સોપી તેનો ઉલ્લેખ નથી. લખ્યું છે પરત કરવા વિનંતી. એફ.આઈ.આર. કોર્ટમાં મોકલવી ફરજીયાત છે. તે એફઆઈઆર કોર્ટમાં મોકલી છે. આંક–૨૮૯ મુદ્દામાલ પાવતી ચાર્જશીટ પાછળ છે. જે કોર્ટની પ્રત છે જેમાં પી.એસ.ઓ.ની સહી છે. આંક–૩૦૧ કે જે વ્યાસ વાયરલેસ મેસેજ કરે છે તે છે જે આંક–૩૦૨ થી જીલ્લા પોલીસ અધિકારીને રીપોર્ટ કરે છે. જેમાં રનરનો ઉલ્લેખ છે. જે રનર અગત્યના સાહેદ છે જેમને તપાસ્યા નથી. જેમાં કાર્યવાહીની નોંધ છે. વધુમાં, આંક–૨૮૨ માં ઉલ્લેખ છે તે ત્રણ પ્રતમાં એફ.એસ.એલ ની યાદી છે. રવાનગી નોંધ ૨૫/૧૫, આંક–૨૮૧ વ્યાસે મોકલી આપેલ જેમાં પાછળ પીએસઓની સહી છે અને પ્રમાણપત્રમાં વિભાગીય પોલીસ અધિકારીની સહી છે. મુદ્દામાલ રજીસ્ટર આંક–૫૩૬ તથા ૨૯૧ જોવામાં આવે તો તેમાં એન્ટ્રી નં.–૧૫૯માં બધા શેરા છે. જેમાં રજીસ્ટર માટેનો શેરો છે. હોટલ ગેસ્ટ હાઉસનું પાકા પૂઠાનું રજીસ્ટર અત્રે રજુ કરેલ છે તેવો શેરો છે. જે પીએસઓ પાસે આવ્યું નથી. તારીખ–૧૮/૦૯/૧૯૯૭ના રોજ રજીસ્ટર પરત મળેલ છે તેવો ઉલ્લેખ છે.

**(૧૦.૧૮.૬)** તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ કાર્યવાહી પૂરી થઈ પછી વ્યાસ બીજા કામ માટે બહાર ગયા હતા. તેઓ રાધનપુર જુબાની આપી પછી ભાભર ગયા, પછી પરત આવ્યા. ૩૦ તારીખે રાત્રે પરત આવી ગયા. શ્રી વ્યાસની

આંક–૩૩૫ વાળી વીકલી ડાયરીમાં ભાભર થઈ પો.સ્ટે પરત આવ્યા. ક.૧૦/૩૦ વાગે તેવી નોંધ છે. તેમને કુલ–૨૭૨ કિલોમીટર સરકારી વાહનમાં મુસાફરી કરેલી. પછી ૩૦ મી ની રાત્રે પહેલી તારીખે આર.પી.પટેલના બાતમીદાર મારફત શેરપુરા ગામે અફીણ વેચાય તેવી બાતમી મળેલ. જે કેસની ગોઠવણીનો બીજો ભાગ, અસલ કેસથી કેવી રીતે ટવીસ્ટ થયો અને તહોમતદારને સંડોવવા રાત્રે મોડા આર.પી.પટેલ તથા વ્યાસને ભટ્ટે બોલાવ્યા, સુચના આપી તેવો કેસ રજુ થયો. જયારે શેરપુરાના કેસ મુજબ રાત્રે એલ.સી.બી.થી બધા સાથે નીકળ્યા. સાહેદે અગાઉ કોર્ટમાં શેરપુરા કેસોમાં જુબાની આપી તેનાથી વિરુધ્ધ જુબાની આપી. શેરપુરાના કેસોમાં સજા થઈ અગર છોડી મુક્યા તેમાં અપીલ થયેલ. જાંબુડી કલરની થેલી એ નવી વાત. તે શેરપુરા કેસનું રેકર્ડ સાચું કે નવી વાત સાચી. ગેરકાયદેસર કૃત્ય કરવા માટે પરંતુ તેમની કાયદેસર કામ કરવાની આર.પી. પટેલની ફરજ છે. આ પોલીસ અધિકારી છે. તેને મનાય ? બે તારીખે આર.પી. પટેલ પાસે શેરપુરાના કેસોની તપાસ છે. તેના આરોપી તેઓ પકડે છે. તે ચારેય ગુનાની તેઓ તપાસ કરે છે.

**(૧૦.૧૮.૭)** આ વ્યાસ આ ગુનાની વાત કરવા એસ.પી.ને ત્યાં ગયા હોય તેવું બને પરંતુ કેસ મુકાયો કે, સંજીવ ભટ્ટે કહ્યું, જાવ આરોપીને પકડી લાવો. પરંતુ પોલીસ મેન્યુઅલ રુલ મુજબ એસ.પી.એ કામ કરેલ. શ્રી યાજ્ઞીકને મોકલ્યા તેવું આ કેસમાં કહેવામાં આવ્યું. સુમેરસિંહનું પૂરું સરનામું આપ્યું. હાલ જાવ, પકડી લાવો તેવી સુચના આપી. પરંતુ વ્યાસ છટકવા માટે એપ્રુવર થયા કે હું દૂધનો ધોયેલો છું, હું સાચું કહીશ. પરંતુ બચાવપક્ષનુ કહેવું છે કે, કાયદેસરની ફરજના ભાગ રૂપે મેં મોકલેલ. પરવાનગી ન લીધી એટલે ગેરકાયદેસર ન થાય.

**(૧૦.૧૮.૮)** તારીખ ૨ અને ૩ની રાત્રે વ્યાસ, સ્ટાફ સાથે તથા યાજ્ઞીક સાથે પાલી ગયા. એડમીટેડ છે કે, પાલી પોલીસ સ્ટેશનમાં ઈન્ટીમેશન આપ્યું નહી. સીધા ઘરે જઈને સુમેરસિંહને વ્યાસે અને યાજ્ઞીકે બળજબરીપૂર્વક, પહેરેલ કપડે પકડી લીધા, બુમ બરાડા પાડ્યા, બાજુની ઉભેલ ગાડી આવી ગઈ,

પોલીસવાળા આવ્યા, લોકો ભેગા થયા, કિડનેપ, એબડકટ કર્યા, ગાડીમાં નાખી લઈ ગયા, યાજ્ઞીકની ગાડી રાજસ્થાનની પ્લેટ હતી, ગોમારામ રસ્તામાં મળ્યા પછી પોલીસ સ્ટેશને ગયા... જે સુમેરસિંહના કેસ મુજબ... સવારે લઈ જવા કહ્યું વિગેરે ...થાણા અધિકારીએ ડીએસપીના બંગલાના ફોન ઉપર ફોન કર્યો અને વ્યાસે આંક–૨૭૭ વાળી યાદી આપેલ. સુમેરસિંહને ૩ તારીખે પાલનપુર લઈ આવ્યા, અસલ કેસ મુજબ વ્યાસ ફ્રેશ થવા ગયા. ગંગાસિંહ આવેલા જે ગુજરી ગયેલ છે આ કેસ મુજબ એમણે અડધો કલાકથી વધારે વાતચીત કરી. અસલ કેસમાં વ્યાસ, પ્રવીણ, યાજ્ઞીક ગુનાહિત કૃત્ય આચરીને આવેલ, બળ વાપરીને ત્યાંથી અહી લાવ્યા, સંજીવ ભટ્ટે મોકલ્યા હોત તો સંજીવ ભટ્ટ ફોન ઉપર વાત ન કરત. ગુનાની કબુલાત કરી તેવું બતાવવા માટે કન્ફેશનલ સ્ટેટમેંન્ટનો પુરાવો આપેલ છે. ૧૯૯૬ની વાત સુમેરસિંહે જે કહ્યું તે વાત ઉભી કરેલ છે. સ્ટેમ્પ કાગળો ઉભા કરાવ્યા તે કોના કહેવાથી? વ્યાસના કહેવાથી? કે સંજીવ ભટ્ટના કહેવાથી ? જે સાક્ષી ગંગાસિંહ હતા તે ગુજરી ગયા છે. બીજા કેસોમાં તહોમતદારોને અટક કરેલા છે, તમામ કેસમાં ડીએસપીની સુચના મુજબ એરેસ્ટ કર્યા તેવું કહી શકાય ?

**(૧૦.૧૮.૯)** ચોથી તારીખે સુમેરસિંહને રજુ કર્યા તે પહેલા સુમેરસિંહના હસ્તાક્ષર સહીના નમુના વ્યાસે લીધા, પરંતુ લખાણ. એન્ટ્રીના નહી, અશોકભાઈ કે શાંતિલાલના હસ્તાક્ષર લીધેલા નથી. રાજસ્થાન કેસમાં શાંતિલાલ આરોપી હતા, જેઓ કાવતરામાં સંડોવાયેલાનો કેસ હતો. સુમેરસિંહની રજીસ્ટરમાં સહી નથી અને ઓળખ પરેડ એરેસ્ટ કરવાના પુરાવા જેવા કે, મનુ કોદરવીની જગ્યાએ બીજાને ઉભા કરી, બનાવટ કરી તેવો કેસ ફરીયાદપક્ષે રજુ કર્યો. સુમેરસિંહની ગેરહાજરીમાં એગ્રીમેન્ટ પાલનપુર થયો. આ બધામાં આરોપી નં.–(૧) સંડોવાયેલ છે. બીજું પંચનામું ઓળખનું સંજીવ ભટ્ટે કરવાનું કહ્યું તેથી કર્યું તેવો કેસ રજુ કર્યો.

**(૧૦.૧૮.૧૦)** હસ્તાક્ષર નમુનાનું પંચનામું આંક–૧૭૨ તા.–૦૪/૦૫/૧૯૯૬ ના રોજ કરવામાં આવ્યું જે નમુના લીધા તેને માર્ક આપ્યા. સુમેરસિંહના કુદરતી સહીના કોઈ નમુના આટલા માણસો રાજસ્થાનથી આવેલા, છતાં મંગાવ્યા ન હતા. રવાનગીમાં લખ્યું કે કુદરતી હસ્તાક્ષર મળ્યા નથી પરંતુ તે મેળવવા પ્રયત્ન કરેલ નથી. ચોથી તારીખે આ ક્ષતિ કેમ ? અભિપ્રાય શું આવ્યો? અભિપ્રાય આપી શકાય તેમ નથી. સહી નથી કે સહી છે, તેવો અભિપ્રાય નથી.

**(૧૦.૧૮.૧૧)** મનુ કોદરવી ન હતા તે ખોટું છે. ઓળખ પરેડ પંચનામું થયું, જે મામલતદારને ડ્રોપ કર્યા છે તેમને કૂટરમલ કેસમાં તપાસ્યા છે. ઓળખપરેડ પંચનામાની નકલ મળી નહી એટલે બીજું પંચનામું કરેલ તેવો કેસ રજુ કરેલ. આંક–૨૦૪ વાળુ પંચનામું મામલતદાર રૂબરૂનું પંચનામું છે. જેની નકલ મળી છે તેમણે રજુ કરેલ પંચનામુ છે. આંક–૨૧૭ વ્યાસ રૂબરૂનું પંચનામું છે.

**(૧૦.૧૮.૧૨)** આંક–૨૮૬ વાળો પ્રોડ્કશન રીપોર્ટ તથા કલમ–૧૬૯નો રીપોર્ટ, આંક–૨૮૦ તહોમતદારના કહેવાથી કરેલ તે સાબિત કરવું પડે. કલમ–૧૬૯ નો રીપોર્ટ પોલીસ સ્ટેશનમાં પુરાવો ન આવે ત્યારે આવે. તહોમતદારને જેવા કોર્ટમાં રજુ કર્યા તેથી કલમ–૧૭૦ આવે. હસ્તાક્ષર નિષ્ણાતના અભિપ્રાયની રાહ જોવાઈ નહી. દસ્તાવેજો સંજીવ ભટ્ટે મૂકી રાખ્યા તેવી રજુઆત થઈ. જે માયાવંશીએ મોકલી આપ્યા.

**(૧૦.૧૮.૧૩)** હસ્તાક્ષર નિષ્ણાતને રવાનગી નોંધ સાથે તથા ચેકલીસ્ટ તથા ફેરીસ્ત કે જે આંક–૩૧૭ સ્થળપ્રત છે તેની સાથે પંચનામું આંક–૧૭૨ વાળું વાંચીએ તો ફરિયાદપક્ષ સાહેદ–૧, આંક–૧૭૧ થી જે કાગળો રજુ થયેલ તે ચાર્જશીટના કાગળોમાં ન હતા. લીસ્ટ કે જે તા.૧૮/૧૦/૨૦૨૧નું છે તેમાં સીલ કર્યાના કવર જોડે નથી. આંક–૧૭૧ થી ૧૯૬ વાળા દસ્તાવેજ જે ડીસ્પેચ કર્યા તે ૨૨/૦૫/૧૯૯૬ના રોજ રવાના કર્યા તે વ્યાસની કસ્ટડીના કાગળો છે. આ અભિપ્રાય નીલ આવ્યો એટલે એવું ન કહેવાય કે, સુમેરસિંહની સહી નથી. માયાવંશીને ડ્રોપ કર્યા છે. ડી.એસ.પી. તેમની ઓફીસના હેડ ખરા, પરંતુ

એલસીબી, ડીવાયએસપી. માયાવંશીના ડાયરેક્ટ સુપરવીઝનમાં આવે. ઓપીનીયન જોતા, ડેફીનેટ ઓપીનીયન આપી શકાય તેમ નથી તેવો છે. માયાવંશીના પત્ર સાથે પી.આઈ.ના સીલવાળા કવરો હતા. આંક-૪૦૫ થી ઓપીનીયન તથા કાગળો હેન્ડ રાઈટીંગ એક્સપર્ટએ પરત કર્યા.

**(૧૦.૧૮.૧૪)** એનડીપીએસ એક્ટ કલમ-૫૮(૨)ના ઉમેરા રીપોર્ટની કામગીરી તા.૦૯/૦૫/૧૯૯૬ની હતી. આંક-૨૮૭ કોર્ટમાં રજુ કર્યાનો જે રીપોર્ટની ઓ/સી આંક-૩૧૩ છે. સાહેદ સુમેર્સીહ તહોમતદારની નથી, તેઓ તહોમતદાર મટી ગયા નથી. કલમ-૫૮(૨)નો ઉમેરો રીપોર્ટ છે ડીલીટ કરવાનો રીપોર્ટ નથી. રીપોર્ટ રજુ થયો તેના ઉપર એફઆઈઆર સાથે સામેલ રાખવો તેવો હુકમ થયેલ.

**(૧૦.૧૮.૧૫)** આ કેસમાં આગળ તપાસ થયેલ તે જોવામાં આવે તો તા.૦૯/૦૫/૧૯૯૬ વાળો રીપોર્ટ રજુ કર્યો તે પહેલા આંક-૩૧૦ વાળો પત્ર પી.જે. ચૌધરીને લખવામાં આવેલ. અમે અરજી આપી પછી જે દસ્તાવેજ રજુ કર્યા તે પૈકીના દસ્તાવેજ હતા. ચાર્જશીટ સાથે દસ્તાવેજ રજુ કર્યા નથી. પાલનપુરના આ કેસ અંગે પાલી જઈ તપાસ કરવા પત્ર લખવામાં આવેલ. સુમેરસિંહે નિવેદન આપેલ કે, તેમને ભવરસિંહ ઉજ્જવલસિંહે સંડોવ્યા હોઈ શકે. આ મેસેજ પછી કાઈ કર્યું નથી. આંક-૩૦૯, ૩૧૦, ૩૧૧ જે આંક-૧૬૭ ના લીસ્ટના છે તે બતાવવામાં આવ્યા. આ લાઈનની તપાસ છોડી દીધેલ. ફોટોગ્રાફ માટે ગયા તા. ૧૯/૦૬/૧૯૯૬ના રોજ. આંક-૨૭૨ વાળી કેસ ડાયરી વાંચીને ભવરસિંહ ઉજ્જવળસિંહ અંગે તપાસ કરવામાં આવેલ તે બતાવવામાં આવ્યું.

**(૧૦.૧૮.૧૬)** ત્યારબાદ અફીણનો એફ.એસ.એલ.નો રીપોર્ટ મળ્યો, આંક-૨૯૨ વાળો જે રીપોર્ટ રેકર્ડ ઉપર રાખેલો. તા.૧૯/૦૮/૧૯૯૬ના રોજ ફરીથી સેમ્પલ લેવામાં આવ્યું, જે અંગે આંક-૪૧૪ વાળું પંચનામું થયેલ, જે સેમ્પલ મોકલવામાં આવ્યું, તેના સાહેદ તપાસ્યા છે. જેનો તા.૩૦.૦૯.૧૯૯૬નો

એફ.એસ.એલ. રીપોર્ટ આંક-૫૪૦ વાળો આવેલ. ત્યારબાદ વિવિધ અધિકારીઓ પાસે તપાસ ગયેલ.

**(૧૦.૧૮.૧૭)** આગથળાના ચાર કેસો ચાલ્યા તેનું રેકર્ડ બચાવપક્ષે રજુ કર્યું. ફરિયાદપક્ષે આગથળા જેવી કોથળી છે તેવો તથા આગથળાથી અફીણની ખરીદી કરવામાં આવેલ જેના ઉપર ફરીયાદપક્ષે રીલાય કરેલ છે. વધુમાં, આર.પી પટેલની ફરિયાદ વ્યાસ રૂબરૂની ફરિયાદ આંક-૩૩૮, વ્યાસની પોતાની રૂબરૂની ફરિયાદ આંક-૩૩૯, ત્રીજી ફરિયાદ આર.પી.પટેલની વ્યાસ રુબરની, ચોથી ફરિયાદ આંક-૩૪૧, આર.પી. પટેલની વ્યાસ રૂબરૂની છે. તે ગુનાના પંચનામાં છે. જે મહત્વનો દસ્તાવેજ છે. એફ.એસ.એલ. રીપોર્ટ મંગાવ્યા, જે પંચનામાની નકલ મેળવી, તે સર્ટીફાઈડ કોપી રજુ કરી છે. જે પંચનામામાં જાંબુડી કલરની થેલીનો ઉલ્લેખ નથી. સફેદ મીણીયાની થેલીનો ઉલ્લેખ છે. અન્ય દસ્તાવેજો આગથળાના રજુ થયા છે જે સહી સિક્કાવાળી નકલો. આગથળા કેસની વ્યાસની જુબાની પ્રવીણભાઈની જુબાની, આર.પી. પટેલની જુબાનીમાં થેલીઓનું વર્ણન નથી. પ્રવીણભાઈની આગથળાની જુબાની તથા હાલની જુબાની વિરોધાભાષી છે. પરંતુ આવા સાહેદનો પુરાવો એપ્રીસીએટ કરવો પડે. આંક-૪૬૯ સહીતના તમામ પેપર વર્ક કરનાર પ્રવીણભાઈ છે. નામદાર કોર્ટમાં જુબાની આપી, પોતાની જાતને બચાવવા કોશીશ ન કરે તેવું બને નહી. તેમણે કરેલા ખુલાસા જોવામાં આવે તો નામદાર કોર્ટને જણાઈ આવશે.

**(૧૦.૧૮.૧૮)** આંક-૪૫૪ વાળું ફેરીસ્ત જોતા તેમાં તા.-૨૬/૦૬/૧૯૯૬ સુધીના કાગળો હતા. શ્રી ચૌધરીએ તપાસ હાથ ધરેલ તેમને ધગલ સાહેબે પત્ર આપેલો. વધુમાં, તારીખ ૧૨/૦૮/૧૯૯૬ના રોજ શ્રી ધગલે તપાસ કરનાર શ્રી બ્રહ્મભટ્ટને પત્ર લખેલો જેમાં તેમણે અફીણનું ફરી સેમ્પલ લઈ પેકેટ એફ.એસ.એલ.માં મોકલવા જણાવેલ, જેના આધારે શ્રી બ્રહ્મભટ્ટે આંક-૪૧૪ વાળું પંચનામું કરેલ અને તારીખ-૧૯/૦૮/૧૯૯૬ની રવાનગી નોંધ સાથે

લીધેલું સેમ્પલ એફ.એસ.એલ.ને મોકલી આપેલ. આમ, અફીણનું પ્રથમ પરીક્ષણ થયું હતું છતાં ફરીથી સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલેલ તેથી એફ.એસ.એલ. ધ્વારા સ્પષ્ટતા માંગવામાં આવેલ. જેથી શ્રી બ્રહ્મભટ્ટ ધ્વારા પત્ર લખી આ ગુનાની ઈન્ક્વાયરી બોર્ડર રેંજ ભુજ કરે છે તેવું જણાવેલ હતું. આમ, બીજીવાર જે સેમ્પલ લેવામાં આવેલ તે અંગેના દસ્તાવેજોનો ઉપયોગ હાલ થયો છે અને તે દસ્તાવેજો ધગલ સાહેબ ઈન્ક્વાયરી કરે છે તે અંગેના છે. એફ.એસ.એલના અહેવાલનો પણ ડાયરીમાં ઉલ્લેખ છે. આંક–૫૪૦ જે રજુ થયેલ છે તે, બીજી વારના સેમ્પલનો એફ.એસ.એલ.નો રીપોર્ટ છે. કેસ ડાયરી જોતા કેસની તપાસ જેની જેની પાસે આવેલ, તે તમામ તપાસ કરનાર એવું જાણતા હતા કે શ્રી ધગલની ઈન્ક્વાયરી ચાલે છે તથા રાજસ્થાનની તપાસ ચાલે છે અને આ ઈન્ક્વાયરી તથા રાજસ્થાન કેસની તપાસ એક જ સમયગાળાની છે.

**(૧૦.૧૮.૧૯)** એસ.બી.પટેલનાઓએ પારગી પાસેથી તપાસ સંભાળેલ હતી, હાઈકોર્ટમાં બે પીટીશન થયેલ હતી નં.–૬૦૧૩૮/૧૯૯૬ વાળી પીટીશન જામીન માટે થયેલ હતી, એસ.એલ.પી. નં.–૧૬૭૯/૧૯૯૬નો કેસ ડાયરીમાં ઉલ્લેખ થયેલ છે જે પીટીશન સાથે રાજસ્થાનની એફ.આઈ.આર. છે. રાજસ્થાન કેસમાં જૈન સાહેબ માટે પણ તપાસ થયેલ હતી. જે એફ.આઈ.આર.માં વિગત આપેલ છે જેમાં આર.આર.જૈન અને કૂટરમલ સામે આક્ષેપો છે. આ કેસમાં પુરાવો પણ આવ્યો છે. જૈન સાહેબ રાજસ્થાન ગયા કૂટરમલ અને જૈન સાહેબે કાવતરું રચ્યું પછી તહોમતદાર નં.–(૨) તેઓને મળ્યા તેનો ઉલ્લેખ નથી. શાંતિલાલ ગુપ્તાએ હોટલ રજીસ્ટરમાં એન્ટ્રી કરી તેવો કેસ અને તે કેસમાં પાલીથી ફોન આવ્યો હતો તેવો કેસ છે. એ કેસના બે ભાગ થયા, અમુક ભાગ અહિયાં નથી. વધુમાં, બચાવપક્ષે રાજસ્થાન કેસ અંગે શું આક્ષેપો છે તેની રજૂઆત કરેલી. તે કેસમાં સુમેરસિંહને પકડ્યાથી ગોમારામ મળ્યા ત્યાં સુધીની વાત પણ છે. આ કેસમાં પણ તે વાત છે. હાલના કેસમાં અફીણમાં સાંકળ્યા.

**(૧૦.૧૮.૨૦)** એસ.બી.પટેલ ધ્વારા કલ્યાણમલ કે જેઓ રાજસ્થાન કેસની તપાસ કરતા હતા તેઓને રાજસ્થાન કેસના કાગળો મોકલવા પત્ર લખવામાં આવેલો. ઈન્દ્રવદન વ્યાસનો એસ.બી.પટેલે જવાબ લીધેલો. તા.૨૭/૦૨/૨૦૦૦ સુધી કોઈપણ તપાસ કરનાર અમલદારે સુમેરસિંહનો જવાબ લીધો હોય તેવો ઉલ્લેખ ફેરીસ્તમાં નથી. શ્રી વ્યાસે સુમેરસિંહના ત્રણ જવાબ લીધેલ જેનો ફેરીસ્તમાં ઉલ્લેખ છે, જેની નકલ પણ છે, જેનો કેસ ડાયરીમાં પણ ઉલ્લેખ છે.

**(૧૦.૧૮.૨૧)** ૨૧૬/૧૯૯૬ના કામે આંક–૪૪૦ વાળા પત્રથી એસ.બી.પટેલે કાગળો મોકલવા જણાવેલ. આ સિવાય એસ.બી.પટેલ તથા માચાવંશીએ લખેલ પત્રનો ઉલ્લેખ કરવામાં આવેલ અને તારીખ ૨૭/૦૨/૨૦૦૦માં રોજ તપાસ પૂરી થયેલ

આંક–૪૩૮ વાળો 'અ' સમરી–ફાઈનલ રીપોર્ટ તે સમયના સરકારી વકીલશ્રીને

મળ્યા પછી કરવામાં આવેલ. જે 'અ' સમરીના કામે આખી તપાસની વિ ગત શ્રી મોથલીયા ધ્વારા દર્શાવવામાં આવેલ. જે સમરી રજુ થયલ તે કામમાં કોર્ટ સમક્ષ સરકારી વકીલશ્રી જગાણી હાજર થયેલા.

**(૧૦.૧૮.૨૨)** જે સમરીના કામે આઈ.બી.વ્યાસને નોટીસ કાઢવામાં આવેલ. વર્ષ–૨૦૦૦થી તા.૩૧/૧૨/૨૦૧૧ સુધી પ્રોસીડિંગસ ચાલુ હતા. તા.૦૮/૦૬/૨૦૧૭ના રોજ આ મેટર સાતમાં એડીશનલ ડીસ્ટ્રીકટ જજ સાહેબ સમક્ષ ટ્રાન્સફર થયેલ, જે મેટર પેન્ડીંગ હતી. વ્યાસ એક પણ મુદતે હાજર થયેલ ન હતા. જે સમરીમાં પણ કાઈ થયેલ નહી. વર્ષ–૨૦૧૮માં આ સમરીના કાગળો મંગાવવામાં આવેલ. નામદાર ગુજરાત હાઈકોર્ટનું જજમેન્ટ આવ્યું, પરંતુ કેસનું સંશોધન કરી કોઈ તપાસ કરેલ નથી.

**(૧૦.૧૯)** ફરિયાદપક્ષે તમામ કાગળો રજુ કરેલ નહિ. તેથી એવા કાગળો રજુ કરાવવા બચાવપક્ષે અરજીઓ આપેલ. જે અરજી ઉપર થયેલ હુકમ વિરુધ્ધ રીવીઝન કરેલ હતી. આંક–૭૫ થી તથા આંક–૧૫૩ થી આઈ.ઓ.એ કાગળો

રજુ કરેલ. આંક–૧૬૭, આંક–૧૬૮ થી લીસ્ટમાં નથી તેવા કાગળો રજુ થયેલ જે આંક–૧૬૭, આંક–૧૬૮ વાળા કાગળો પણ ક્રી.પ્રો.કોડ કલમ–૯૧ની અરજી આધારે રજુ થયેલ. આમ, આખરી તપાસના કાગળો રેકર્ડ ઉપર રજુ થયેલા અને આવી રીતે રજુ કરાયેલા કાગળો ન વંચાય તેનું કારણ નથી. આમ, બચાવપક્ષ આવા કાગળોનો આધાર ડીફેન્સ વર્ઝન માટે લઈ શકે.

**(૧૦.૨૦)** શ્રી ધગલની ઈન્કવાયરીના કાગળો અંગે બચાવપક્ષે આંક–૨૩૪ વાળી અરજી આપેલી અને ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૩૫ સાથે લીસ્ટ રજુ કરેલ જે આંક–૨૩૬ થી શ્રી ધગલની ઈન્કવાયરીના કાગળો રજુ થયેલ તેમાં ફાઈલ નં.–૧, ક્રમ–૨ ઉપર સીધ્ધેશ્વરપૂરી, પાલી બાર એસોસીએશનનાઓએ કરેલી અરજી તપાસના ફેરીસ્તની નકલ તથા અન્ય દસ્તાવેજો રજુ કર્યા હોવાનું ધ્યાન દોરેલ. વધુમાં, તેઓએ શ્રી ધગલે લીધેલ નિવેદનો તથા દસ્તાવેજ તરફ ધ્યાન દોરેલ. બબાભાઈએ ધગલ સમક્ષ રજુ કરેલ કાગળો ચાર્જશીટમાં રજુ થયા છે જેના આંક–૨૪૪, ૨૪૫ છે. આ ઈન્કવાયરીનો રીપોર્ટ ૧૯૯૭માં રજુ થયેલ અને આ કેસની સમરી ૨૦૦૦ના વર્ષમાં ભરાયેલ. પરંતુ તા.–૨૩/૦૯/ ૧૯૯૭ ના રોજ તપાસ એસ.બી.પટેલ પાસે આવેલ અને શ્રી મોથલીયાને તપાસ સોપી ત્યાં સુધી શ્રી ધગલના ઈન્કવાયરીના કાગળો કોઈ તપાસ કરનાર અમલદારે મેળવેલ નથી. માલાભાઈ કરમટીયાનું નિવેદન પાના નં.–૧, ૨ રજુ થયેલ પાછળના પાના રેકર્ડ ઉપર નથી. આ કેસની ફેર ઈન્વેસ્ટીગેશન માટે રાજસ્થાન કેસના કાગળો જે જોઈએ તે આ કેસના રેકર્ડ ઉપર લાવવામાં આવ્યા નથી. શ્રી ધગલનો ઈન્કવાયરીના સ્ટેટમેંન્ટ પ્રીવીયસ સ્ટેટમેંન્ટ કહેવાય.

**(૧૦.૨૧)** સુમેરસિંહની ફરિયાદ તથા તેના ચાર્જશીટ અંગેની–રાજસ્થાન કેસની રજૂઆત કરશે તેમ જણાવી સ્પેશિયલ સી.એ.૧૬૭૯/૧૯૯૬ની પીટીશનના અંશો વાંચવામાં આવ્યા. તે પીટીશન લીસ્ટ ૧૬૭ના લીસ્ટમાં છે. સુમેરસિંહે કરેલી ફરિયાદ

તા.–૧૭/૧૦/૧૯૯૬ વાળી તથા કોર્ટ હુકમ રજુ થયેલ છે. જયારે તા.–૦૪/૦૯/૨૦૧૮ના રોજ સુમેરસિંહનો શ્રી યાદવ રૂબરૂનો જવાબ થયો તે વખતે આરોપી તથા સાહેદો વિરુધ્ધનું રાજસ્થાન કેસનું ચાર્જશીટ રજુ થયું જે રેકર્ડ ઉપર લેવામાં આવેલું. ૨૦૧૮ના વર્ષના તપાસ બાદ આ કેસમાં ચાર્જશીટ રજુ થયું અને પુરાવો પણ લેવાયો. ત્યારે તહોમતદારના ડીફેન્સને મદદરૂપ તેવા કાગળો રજુ ન હતા. આ કેસમાં માત્ર એડવર્સ ઈન્ફરન્સની દલીલ કરવાથી ચાલે તેમ ન હતું માટે બચાવપક્ષે વિવિધ અરજીઓ, દસ્તાવેજો રેકર્ડ ઉપર લાવવા આપેલ અને ઉલટ કરેલ જેથી નામદાર કોર્ટે ડીફેન્સનું વર્ઝન પ્રોબેબલ છે કે કેમ તે જોવાનું છે.

**(૧૦.૨૨)** આ કેસમાં તહોમતદાર નં.–૧ નાઓએ એપ્રુવર થવા અરજી આપેલ તેઓને એપ્રુવર બનાવવામાં આવેલ જે અપ્રુવરનો પુરાવો લેવામાં આવેલ, જે અંગે ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૬ લાગુ પડતી નથી. પરંતુ અમુક શબ્દો માટે કલમ–૩૦૬ વાંચી શકાય, પરંતુ હાલના કેસમાં ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૭ લાગુ પડે તેમ કહી તેઓએ ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૭ની જોગવાઈ વાંચી બતાવેલ અને એવી દલીલ પણ કરેલ કે ભારતીય પુરાવા ધારાની કલમ–૧૩૩ કે જે એકોમ્પ્લીસ અંગેની છે તેની સાથે કલમ–૧૧૪(બી) પણ જોવી જરૂરી છે. તેઓએ વધુ એવી દલીલ કરેલ કે એપ્રુવર એકલાની જુબાની ઉપર સજા ન થઈ શકે તેવું નથી, પરંતુ તેની જુબાની ઉપર આધાર રાખતા બહુ જ વિચાર કરવો જોઈએ અને તેના પુરાવાનું ગંભીરતા પૂર્વક મૂલ્યાંકન કરવું જોઈએ. એપ્રુવરે કરેલ ખુલાસા તથા તેમનું કંડકટ ધ્યાને લેવું જોઈએ. વધુમાં, એપ્રુવરને ફરિયાદપક્ષ શરૂથી કેવી રીતે ટ્રીટ કરે છે તે પણ ધ્યાને લેવું જોઈએ.

**(૧૦.૨૩)** સુમેરસિંહ અંગે જોઇએ તો તેઓને તારીખ–૦૮/૦૫/૧૯૯૬ના રોજ પર્સનલ બોન્ડ ઉપર છોડવામાં આવ્યા હતા. તેઓ તા.૦૯/૦૫/૧૯૯૬ના રોજ પાલી ગયા, વકીલ મંડળે તેમની પાસે વિગતો લીધી, તેઓએ કેસની સહી સિક્કાવાળી નકલો લીધી, ત્યારબાદ પાલી બારે

જુદી–જુદી જગ્યાએ રજુઆતો કરી, આ ઈસ્યુ તેથી વકીલ મંડણનો તથા પોલીટીકલ થયો. પાલી બારે કરેલી અરજી આધારે ધગલ ઈન્કવાયરી થઈ. સુમેરસિંહે રાજસ્થાન ખાતે ૪૦૩/૧૯૯૬ વાળી ફરિયાદ દાખલ કરી. તારીખ– ૧૭/૧૦/૧૯૯૬ના રોજ અગર તે સમયગાળામાં સુમેરસિંહે જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસને અરજી આપેલ, જે કામે કલમ–૧૨૦(બી), ૧૯૫, ૧૯૬, ૩૪૨, ૩૪૭, ૩૫૭, ૩૫૮, ૩૬૮ તથા એન.ડી.પી.એસ. એક્ટ ક.–૧૭, ૫૮(૧) તથા ૫૮(૨)ના ગુના સારું ચાર્જશીટ રજુ થયેલ. જે ગુનો તા.૧૬/૧૧/૧૯૯૬ના રોજ રજીસ્ટર થયેલો. નામદાર હાઈકોર્ટે રીપોર્ટ કરવા હુકમ કરેલો, જેમાં કૂટરમલ વિરુધ્ધ ચાર્જશીટ રજુ થયેલ. જે કેસના કાગળો આંક–૬૪૬ વાળા લીસ્ટથી રજુ કરેલ છે. બચાવપક્ષે વધુમાં આંક–૬૮૬ વાળો દસ્તાવેજ કે જે બચાવપક્ષે રજુ કરેલ તે વાંચી બતાવેલ. જેમાં તેઓએ ચાર્જ મુજબ પાલીથી અફીણ લઈ જઈ હોટલ લાજવંતીમાં રૂમ નં.–૩૦૫ માં મુકાવ્યું તેવો ચાર્જ છે તે બતાવેલ અને દલીલ કરેલ કે, આ ચાર્જ આ કેસના પુરાવાના એપ્રીસીએશન માટે જરૂરી છે. જો પાલીથી અફીણ લાવ્યા હોય તો, આ કેસ મુજબ આ કેસમાં તે પુરાવાના મૂળમાં ઘા કરે છે. વધુમાં, તે કેસના ચાર્જ મુજબ શાંતિલાલ પાસે ખોટી એન્ટ્રી કૂટરમલે કરાવેલ તેવો રાજસ્થાનનો કેસ છે અને આનું એપ્રીસીએશન કરવામાં આવે તો આ કેસમાં તહોમતદારે હોટલ રજીસ્ટરમાં ખોટી એન્ટ્રી કરાવ્યાનો ચાર્જ ખોટો કહેવાય. તે કેસ તા.૦૩/૧૨/૧૯૯૮ સુધી જોધપુર ચાલ્યો હતો. વધુમાં, બચાવપક્ષે આંક–૬૬૯ શાંતિલાલની અરજીનો હુકમ તથા આંક–૬૭૦ આરોપી સંજીવ ભટ્ટની આગોતરા જામીન અરજી પરત્વે ધ્યાન દોરી એવી રજૂઆત કરેલ કે, તેમાં તે કેસની વિગત લખેલ છે. વધુમાં, આંક–૬૭૧ કે જે જુદી જુદી અરજી, આગોતરા જામીન અરજીનો હુકમ હોવાનું જણાવીને તે પરત્વે એવી દલીલ કરવામાં આવેલ કે, તેમાં જેને આગોતરા જામીન મળેલ તેનો ઉલ્લેખ છે અને શ્રી વ્યાસ, પ્રવીણભાઈ, શ્રી યાજ્ઞીક તથા તેમના ડ્રાઈવરની અરજી નામંજૂર થયેલ. ત્યારબાદ પ્રવીણભાઈએ સ્પેશિયલ ક્રિમીનલ અરજી નં.–૯૨૬/૧૯૯૮

દાખલ કરેલ જે આંક–૬૭૨ છે. તેમાં એફીડેવીટ ઉપર કેસની વિગત દર્શાવેલ હોવાનું જણાવેલ છે. રાજેન્દ્ર યાજ્ઞીક નાઓએ સ્પેશિયલ ક્રિમીનલ અરજી નં.–૯૮૮/૧૯૯૮ દાખલ કરેલ હતી, જે આંક–૬૭૩ થી રજુ છે. તેઓએ આંક–૬૭૪ થી રજુ પીટીશન ક્રિમીનલ મીસેલીનીયસ એપ્લીકેશન નં.–૧૦૮/૧૯૯૯ ગુજરાત સરકારે દાખલ કરેલ તે તથા આઈ.બી.વ્યાસે એસ.બી. ક્રિમીનલ મીસેલીનીયસ એપ્લીકેશન નં.–૨૦૪/૧૯૯૯, આંક–૬૭૫ તરફ ધ્યાન દોરેલ છે.

રાજસ્થાન કેસનું રેકર્ડ આ કેસમાં નથી તેથી અમોએ ધ્યાન દોરેલ સહી સિક્કાવાળી નકલો રજુ કરેલ અને તે કેસ કેવી રીતે ચાલ્યો અને પેન્ડીંગ છે તે બતાવવાના હેતુથી આ નકલો રજુ કરેલ છે, બીજો કોઈ હેતુ નથી. વધુમાં, આંક–૬૭૬, જોધપુર કેસના પ્રોસીડીંગ્સની નકલ છે. જે કેસ પેન્ડીંગ છે તેનું છેલ્લું પ્રોસીડીંગ્સ તા.૩૦/૦૩/૨૦૨૧નું છે. વધુમાં કૂટરમલ વિરુધ્ધ રાજસ્થાનનો જે કેસ ચાલ્યો હતો તે કૂટરમલ ગુજરી જતા એબેટ થયેલ. ડીફેન્સ વિટનેસ તપાસવા માટે અમોએ જે અરજી આપેલ, તે રદ થયેલ તથા તેમાં થયેલ હુકમ મુજબ દસ્તાવેજો રજુ થયા નથી. બચાવપક્ષે આ અરજી જે રદ થયેલ, તે હુકમ નામદાર સુપ્રીમ કોર્ટમાં ચેલેન્જ કરતા તે નામંજૂર થયેલ. શ્રી ધગલનો રેકર્ડ જે રજુ થયેલ નથી, જે મંગાવવા હજુ પણ નામદાર કોર્ટને પાવર્સ છે. અમોએ મુદ્દામાલ મંગાવવાની વાત કરેલ. શાંતિલાલના ઓપીનીયનનું શું? જે ગુજરી ગયેલ છે કૂટરમલ વિરુધ તહોમત છે તે અહિયાં નથી અને નામદાર કોર્ટે આવા રેકર્ડથી પુરાવાનું મૂલ્યાંકન કરવાનું છે તે કેસના ચાર્જથી વિપરીત ચાર્જ હાલના તહોમતદાર વિરુધ્ધ છે.

૨૦૧૮ના ચાર્જશીટ સાથેના કાગળો સાથે રજુ થયેલ ફેરીસ્ત જોતા, આ કેસમાં રાજસ્થાન કેસનું રેકર્ડ રજુ થયેલ નથી. આ કેસમાં આંક–૨૫ થી જે દસ્તાવેજો રજુ થયા તેમાં જે દસ્તાવેજોની નકલ હતી તેની અસલ આંક–૭૫ થી રજુ થયેલ. આંક–૭૫ માં ૧ થી ૧૪૨ અનુક્રમ વાળા દસ્તાવેજોમાં તમામ

નિવેદનો રજુ થયેલ. નામદાર સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ, આધાર રાખતા ના હોય તેવા દસ્તાવેજો રજુ કરવા તેવો આદેશ છે જે રજુ કર્યા નથી. આંક–૬૪૮ વાળી અરજી રેકર્ડ ઉપર છે. જેમાં નામદાર કોર્ટે હુકમ કરેલ તે મુજબના દસ્તાવેજો રજુ કરેલ નથી. પ્રવીણભાઈને સમન્સ બજાવેલો કે તેઓને ઉપાડીને લઈ ગયેલ છે. તે દસ્તાવેજો રજુ કરેલ નથી અને જે દસ્તાવેજો રજુ થયેલ નથી તે અંગે વિરુધ્ધમાં અનુમાન કરવું જોઈએ.

આ કેસની હકીકતો અંગે રજુઆતો જે કરી તે જુદા જુદા જજમેન્ટમાં છે અને જજમેન્ટમાની હકીકત વાંચી શકાય. તે જજમેન્ટના નંબરની વિગત આપેલ છે જે ૧૯૯૮(૧) જી.એલ.એચ. ૪૦૫ (સ્પેશિયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.–૧૩૦૨/૧૯૯૭ તથા ૧૩૦૯/૧૯૯૭), નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પેશિયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.–૬/૧૯૯૮ તથા તેમાંથી ઉદ્ભવેલ એલપીએ નં.–૯૦૬/૧૯૯૮ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પેશિયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.–૨૪/૧૯૯૮ તથા તેમાંથી ઉદ્ભવેલ એલપીએ નં.–૯૩૦/૧૯૯૮.

આ તપાસનો હુકમ તારીખ–૦૩/૦૪/૨૦૧૮ના રોજ જે થયો તે સ્પેશિયલ ક્રિમીનલ અરજી નં.–૧૦૭૯/૧૯૯૮ તથા ૬૮૦/૧૯૯૯ પરત્વે તથા હાલના કેસમાં શ્રી વ્યાસ તથા સંજીવ ભટ્ટની જે રિમાન્ડ અરજી નામંજૂર થયેલ તે વિરુધ્ધ થયેલ રીવીઝન અરજી નં.–૧૦૮૮/૨૦૧૮ થયેલ.

ફરિયાદપક્ષે રાજસ્થાન કેસ તથા હાલની તપાસના કાગળો રજુ કરેલ નહિ જેથી અમોએ રજુ કરાવેલ તથા રજુ કરેલ, હાલ તહોમતદાર વિરુધ્ધ જે આક્ષેપ છે તેના ખરાપણામાં નામદાર કોર્ટે ઉતરવું જોઈએ. સાહેદોએ કોઈ હકીકત છુપાવેલ છે કે નહિ કે તેઓએ સત્ય બતાવેલ છે કે નહી તેનું એપ્રીસીએશન કરવાનું છે. જે થયું તેમાં આ કેસમાં શું છે તે જોવાનું છે અને જે પુરાવો રજુ થયો તેવા સાહેદો મનાય તેવા છે કે નહિ તે નામદાર કોર્ટે જોવાનું છે.

**(૧૦.૨૪)** તા.–૧૪/૦૫/૧૯૯૬ના રોજ સુમેરસિંહનો ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૯નો રીપોર્ટ સ્વીકારવામાં આવ્યો અને બેઈલ બોન્ડ ડીસ્ચાર્જ કર્યા તેવો હુકમ થયો. પહેલી અરજી તા.૧૧/૦૬/૧૯૯૬ના રોજ સરકારને મોકલી ફરિયાદ દાખલ કરી. તારીખ–૧૭/૧૦/૧૯૯૬ના રોજ ૧૫૬(૩)નો હુકમ જોધપુર હાઈકોર્ટમાં ગયા પછી ફરિયાદ રજીસ્ટર કરવા હુકમ થયો હતો. ધગલ ઈન્કવાયરી ૧૧, ૧૨ માસમાં પૂરી થઈ. કૂટરમલના જોધપુરવાળા કેસમાં તા.૦૫/૦૯/૧૯૯૭ના રોજ પુરાવાની તારીખ ફિક્સ થયેલ તમામ સાહેદોને બોલાવેલા, તે કેસ દિલ્હી ટ્રાન્સફર થયો. ચાર્જશીટ રજૂ થયું તે પછી કુટરમલે જામીન અરજી કરેલી, શાંતિલાલને એરેસ્ટ કરેલા તેમના રિમાન્ડ માગેલા જે આંક–૬૬૯ છે. ૨૦૦૦ના વર્ષમાં ચાર્જશીટ થયું તેમાં આર.આર.જૈન તહોમતદાર છે. રાજસ્થાનનો રેકોર્ડ જોતા વ્યાસ હાજર થયા હોય તેવું નથી. આઈ.બી. વ્યાસે જામીન અરજી કરેલ. જેનું જજમેન્ટ ૧૯૯૮(૧) જી.સી.એચ ૪૦૫ વાળું છે જે અરજી રદ કરવામાં આવેલ. રાજસ્થાન કેસમાં વ્યાસને એરેસ્ટ કરવા પ્રયત્ન કરેલ નથી જે ઉપાડી લાવ્યા હતા છતાં તારીખ ૦૩/૦૪/૨૦૧૮ના રોજ જજમેન્ટ આવ્યું. તા.૦૪/૦૯/૨૦૧૮ના રોજ એરેસ્ટ કર્યા વચ્ચેના ગાળામાં પ્રતિબંધ ન હતો છતાં એરેસ્ટ કરેલ ન હતા.

આંક–૬૬૫, ૬૫૧ની અરજી આંક પાડવાની અરજીઓ છે. આંક–૬૪૬નું લિસ્ટ છે જેમાં આંક–૬૬૭ થી ૬૮૬ પડેલ જેમાં અનુક્રમ નં.–૧૯, ૨૧, ૨૬ માર્ક પડેલ, બીજા દસ્તાવેજને આંક આપ્યા જેનું મુલ્ય પુરાવાની તુલના સમયે નક્કી કરવા હુકમ થયેલ. આઈ.બી.વ્યાસે રાજસ્થાનમાં કરેલ અરજી આંક–૬૭૫ નામંજૂર થયેલ જે મેઈન આરોપી હતા તેથી નામંજૂર થયેલ. પ્રોસિડિંગ્સ અગાઉ અધૂરું હતું પાછળથી આંક–૬૮૭ પડેલ. તારીખ–૦૬/૦૪/૨૦૨૩ સુધી આ પ્રોસેડિંગ કાગળ રજુ કરેલ, જે કેસ કોર્ટમાં પેન્ડિંગ છે જે નીકળી ગયો નથી. સુમેરસિંહને તે બાબતે પૂછતાં તેમણે અજ્ઞાનતા બતાવેલ છે.

આઈ.બી.વ્યાસે ૬૮૦/૧૯૯૯ વાળી પીટીશન નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરી ૧૦૭૯/૯૮ની સાથે આ પીટીશન વાંચીએ તો તે જજમેન્ટ ૨૦૧૮માં આવ્યું તે પિટિશનમાં ઓરીજનલ જુના કેસની મૂળ વાત કરવામાં આવેલી હતી. સુમેરસિંહે ખોટો કેસ કરેલ તે જણાવ્યું આવી હકીકત જણાવી છતાં તે કહે છે કે મને ભટ્ટે ધમકી આપેલ, મેટર પડી રહેલ તે તહોમતદારને કારણે પડી રહેલ ન હતી. ડીલે તહોમતદારે કરેલ ન હતી. જે કેસનું તહોમતનામુ આંક-૧ વાંચી બતાવ્યું.

**(૧૦.૨૫)** સંજીવ ભટ્ટનું બેડ કેરેક્ટર ચાર્જશીટમાં બતાવ્યું આરોપી નં.-(૧)નું બેડ કેરેક્ટર દર્શાવ્યું નથી. શા માટે કે સંજીવ ભટ્ટને સજા થઈ છે. તા.૨૦/૦૬/૨૦૧૯ના રોજ સજા થયેલ આતો ભેદભાવ કર્યો છે તે એપ્રુવરના સંબંધિત દર્શાવ્યું છે. કોલમ નંબર-૧૨માં દર્શાવેલ માલાભાઈ જોઇતાભાઇ કરમઠીયા અંગે ચાર્જશીટમાં દર્શાવેલ, દેવાભાઈ જોઈતાભાઈ કરમટીયાનો જવાબ તારીખ-૧૪/૧૦/૨૦૧૮ના રોજ લીધો. માલાભાઈ તા.-૨૦/૦૨/૧૮ના રોજ ગુજરી ગયેલા તેમના ભાઈને દસ્તાવેજ સાથે તપાસેલ નથી. માલાભાઈને કેમ પકડ્યા ન હતા? અફીણ ખરીદવા માટે, અફીણ ખરીદવા વાળો, કબાટમાં મૂક્યો માલાભાઈએ તો તે તેમની તપાસમાં ફરિયાદપક્ષે શું પ્રયત્ન કર્યા? જે મહત્વનું છે. તપાસ કરી હોય તેવું, અગાઉ મળી ન આવ્યો હોય તેવું, આ મરણ જનાર આરોપી માટેનું નથી. ચાર્જશીટ રજૂ કર્યાના ત્રણ દિવસ અગાઉ પુરાવો આવ્યો. આપણે મરણની ઝેરોક્ષ માની લેવાની? મેં અફીણ પ્રોક્યોર કર્યું તેવો કેસ છે, અફીણ લાવવાવાળાની તપાસ કરવી પડે. ચાર્જશીટના પાના નં.-૧૫, પેરા નં.-૨ તપાસનું વિવરણ છે વ્યાસે કરેલ પીટીશનનો હુકમ તથા તપાસના મુદ્દા વાંચી બતાવ્યા. પહેલા સમરીનું રેકોર્ડ લીધું પાલીથી ખોટા નામે હોટેલ લાજવંતી વાળી વર્ધી નોંધાવી જેની તપાસ નથી. લાજવંતીની એન્ટ્રી કોણે કરાવી, ખોટી સહી કર્યાનું કહ્યું, નામ લખેલ એન્ટ્રી કોણે કરી? તે તપાસ નથી.

(૧૦.૨૬) વર્ધીની તપાસ કરી પણ રજીસ્ટરના હસ્તાક્ષર લીધા નહીં. શાંતિલાલના એન્ટ્રીના નમુના લીધા નથી, રાજસ્થાન કેસમાં તેમના હસ્તાક્ષર લીધેલા કારણે કે ત્યાં આક્ષેપ હતો કે તેમણે એન્ટ્રી કરેલ. સુમેરસિંહનું જ્યારે નિવેદન લીધેલ ત્યારે તેમણે ૪૦૩/૯૬નું ચાર્જશીટ રજૂ કર્યું. સુમેરસિંહની સહી રજીસ્ટરની એન્ટ્રી નં.–૬૪૦માં ન હતી તેમછતાં ૨૦૧૮ની તપાસમાં સહી કોણે કરી તે અંગે તપાસ કરી નથી. સહી કોની પાસે કરાવી. વર્ધીનો ટેલીફોન વ્યાસની તપાસમાં પીસીઓ ઉપર ફરેલા છે પરંતુ વ્યાસે પૂછેલ નથી. તેની ૨૦૧૮ની તપાસમાં તપાસ થઈ નથી. વ્યાસ વિશ્રામ ગૃહમાં રહેતા હતા પરંતુ વ્યાસને પૂછેલ નથી. વિશ્રામ ગૃહમાં ટેલીફોનની ડિટેલ અગાઉની તપાસમાં તથા ૨૦૧૮ ની તપાસમાં કઢાવી નથી. ચાર્જ મુજબ આરોપીએ એન્ટ્રી કરી/કરાવી, ટેલીફોન કર્યો/કરાવ્યો તેવો કેસ છે, પણ પુરાવો નથી.

(૧૦.૨૭) આંક–૪૨ની પાછળ હાઈકોર્ટનું જજમેન્ટ છે. આંક–૪૨ના અનુક્રમ નં.–૩થી તારીખ–૦૩/૦૪/૨૦૧૮નો હાઈકોર્ટનો હુકમ રજુ છે. વ્યાસે તપાસ કોના હુકમથી સંભાળેલ તે જોવું જરૂરી છે. સમરીનું રેકોર્ડ જોઈએ તો વર્ધી મળી, રનરે આપી, એરોમા સર્કલથી પંચો લીધા, રવાના થયા પહેલા જિલ્લા પોલીસ અધિકારીને જાણ કરી, તોલાટ બોલાવ્યા, પંચનામું થયું, એફ.એસ.એલ. ટીમ માટે મોકલેલ, તપાસ કોના કહેવાથી સંભાળેલ, પી.એસ.ઓ.ને રિપોર્ટ કર્યો, પછી વ્યાસ રાધનપુર એસ.ડી.એમ. કોર્ટમાં રવાના થયા, ભાભર ગયા પછી પોલીસ સ્ટેશન આવ્યા એટલ કોના કહેવાથી તપાસ કરેલ તે સંશોધનનો વિષય ન હતો, પરંતુ કેસ અહીથી ટવીસ્ટ થયો.

વ્યાસને ૨૯મીએ બોલાવ્યા વ્યાસને સંજીવ ભટ્ટે કહ્યું તે વાત સાચી છે, કે ઉપજાવી કાઢેલ છે? મારું કહેવું છે કે તે ઉપજાવી કાઢેલ હકીકત છે. સ્ટાફને વ્યાસે કહ્યું એસ.પી. સાહેબ તરફથી બાતમી છે, સવારે તૈયાર રહેજો પરંતુ ક્યારે કહ્યું ચોક્કસ સમય આપ્યો નથી. ૨૯ તારીખે કહેલાનું કહે છે તે નિશંકપણે પુરવાર કરવું પડે જેમાં ડાઉટ ન હોવો જોઈએ. વર્ધી આવી એટલે ફોન

કર્યો, મૂળ કેસ મુજબ વર્ધી આવી એટલે બધા સાથે નીકળેલ પરંતુ જગ્યાએ નવા કેસ મુજબ નવી વાત કરી રનરને બબાભાઈએ વર્ધી આપી તેની તકરાર નથી, તેની જગ્યાએ રનર રસ્તામાં મળ્યા અને આપી તેવો આ કેસ છે આ વાતને સમર્થન લેવા બબાભાઈને અડધી જુબાની આપવા પ્રેશર કરેલ અને કહેલ કે, આ વર્ધી મને મળેલ તે નથી, નીચે એક લાઈન આવી વ્યાસને તપાસ આપો તે ઉમેરાયું, માટે સાયબાભાઈમાં એક બે લાઈન પૂરતું વધારો થયો કે એસ.પી. સાહેબના કહેવાથી વ્યાસને તપાસ સોંપી. આરોપી નં.–(૨)ના કહેવાથી શેરપુરા ગયા તે ઊભું કર્યું, માની શકાય નહીં.

પી.આઇ.ને સત્તા છે તપાસ કરવાની ખરેખર બધું પતી ગયા પછી વ્યાસે આરોપી નં.–(૨)ને રિપોર્ટ મોકલ્યો હતો. તા.૩ થી ૬ વચ્ચે શું પુરાવો આવેલ? બાતમી હતી, નામજોગ એન્ટ્રી હતી. વ્યાસ ૩૦મીએ ન હતા. ત્રીજી તારીખે રાજસ્થાન રવાના થયા, સુમેરસિંહનું નામ હતું એટલે નમૂનાની સહિઓ લીધી, છ (૬)–તારીખે ઓળખ કરાવી, તમામના નિવેદનો વ્યાસે લીધા, વ્યાસને સુમેરસિંહને અટક કરવા જેવો પુરાવો લાગ્યો તેથી તેમણે અટક કરેલ જે અગાઉના કેસ મુજબ. ૨૦૧૮ના કેસ મુજબ સંજીવ ભટ્ટના કહેવાથી અટક કરેલ. સુમેરસિંહની હાજરી અંગે કોઈ તપાસ કરી નથી. ડ્રાઈવરના નિવેદન લીધેલ નથી. પાલી ચોકીદારનું નિવેદન દીધેલ નથી, દુકાન નં.–૬ના બતાવનાર ભરોસેમંદ બાતમીદારનું નિવેદન લીધેલ નથી. ૨૦૧૮માં પણ લીધા નથી વર્ણન તથા ઉંમરની વિસંગતતા બાબતે નિવેદન લીધેલ નથી.

બીજું પંચનામું કેમ કરવું પડ્યું, સુમેરસિંહના નામે રૂમ બુક કોણે કરાવી તેની તપાસ થઈ નથી. અફીણ મૂકવા આવનારની કોઈ તપાસ કરેલ નથી. અફીણ ક્યાંથી લાવ્યા, કોણે પ્લાન્ટ કરેલ, તે તપાસ ચાર્જશીટ મુજબ તપાસ કરેલ ન હતી એટલે આ કેસમાં આરોપી નં.–(૧) વ્યાસને ૨૯ તારીખે બોલાવ્યા, આવું કામ કરવાનું છે, માલાભાઈને શેરપુરા ઢાણી જાવ તેવું કહ્યું, માલાભાઈ શેરપુરા ઢાંણી ગયા, ત્યાંથી નીકળી માલાભાઈ ક્યાં ગયા તેનો કોઈ

પુરાવો આ કેસમાં નથી. અફીણ ક્યાંથી લાવ્યા તે પુરાવો નથી. પુરાવો એટલો કે વ્યાસની ચેમ્બરમાં વ્યાસની હાજરીમાં માલાભાઇએ પેકેટ મૂક્યું, સાંજે લઈ જવાનું કીધું. પુરાવો આવ્યો કે માલાભાઈ સાંજે આર.પી.પટેલની રાહ જોતા હતા. આર.પી. પટેલ આવ્યા પછી માલાભાઈ આવ્યા પરંતુ કેટલા વાગે મૂક્યું, લીધું પુરાવો નથી. આ તમામ હકીકત ઉપજાવી કાઢેલ અને બનાવટી છે. આરોપીને સંડોવવા સિવાય બીજો હેતુ નથી.

સહઆરોપીઓના નિવેદનો કન્ફેશનલ સ્ટેટમેન્ટ નિવેદનો છે તથા ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪ના નિવેદનો સિવાય બીજા પુરાવા નથી. માલાભાઈ અફીણ લઈ આવ્યા હોય તેવા કોઈ પુરાવા નથી. ફરિયાદપક્ષનો કેસ છે કે સુમેરસિંહને નાર્કોટિકના કેસમાં સંડાવવાનો કેસ હોય તે હેતુ છે. તપાસ ફેર(યોગ્ય) નથી. સંજીવ ભટ્ટનો હેતુ હતો, તો કરાર લેવામાં વાર શું થાય કેમકે દુકાનનો કબજો લીધો ન હતો. દસ્તાવેજી પુરાવામાં તે કાગળ ન હતો તેમણે દસ્તાવેજ છુપાવ્યા કેમ? મોટીવ આધારિત કેસ હોય તો મોટીવ કાવતરામાં દર્શાવવો જોઈએ. ચાર્જશીટમાં મોટીવ નથી પછી લેકચુના પુરવામાં આવી છે તે કાગળ માત્ર સુમેરસિંહ પાસેથી જ રજૂ થયો.

બાતમી મળી તે પણ એડિશન છે ચાર્જશીટમાં માથા વગરની વાત છે આરોપી સંજીવ ભટ્ટે રચેલ કાવતરાના ભાગરૂપે વ્યાસને વાત કરી. પરંતુ મિટિંગ ઓફ માઈન્ડ નથી પુરાવો ચાર્જશીટમાં નથી. કયા હેતુ માટે, કોની સાથે મિટિંગ ઓફ માઈન્ડ તે નથી. ભટ્ટે રચેલ કાવતરું પાર પાડવા મદદગારી કરી. કાવતરાનો પુરાવો નથી રચેલ કાવતરાના ભાગરૂપે વર્ધી ૬.૧૦ વાગે ફોન આવ્યો, વર્ધીનો કેસ તેમના કેસથી જ વિરોધાભાસી છે. બબાભાઈની સરતપાસમાં તે આવતું નથી. બચાવપક્ષે ચાર્જશીટના જુદાજુદા પેરા વાંચેલ. વર્ધીના હસ્તાક્ષરો પોલીસ કર્મચારીઓના નથી, માની લો કે આરોપી નં.–(૧) એ હુકમ કર્યો તો ગેરકાયદેસર કરવાનું હતું? કર્યું. શેના આધારે લખ્યું.

કન્ફેશનલ સ્ટેટમેન્ટ હતા. જવાબ છે કે તેવું કહ્યું ભટ્ટે હમણાંને હમણાં કરવા કહ્યું છે, તેઓ પુરાવો નથી. કહેવું તો તેમનું ફંકશન છે રેકોર્ડ ઉપર બતાવીશ, મનુ કોદરવીની હાજરી છે, આરોપી નં.-(૧) એ તેમની જગ્યાએ માણસને મોકલ્યો તદ્દન ખોટું છે જેનો પુરાવો નથી. આંક-૬૮૬ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટનો પત્ર છે. જે રાજસ્થાનના કાગળોમાંથી રજૂ કરેલ છે પુરાવો રજૂ કર્યો નથી.

**(૧૦.૨૮)** કેસ ડાયરી ફાડી નાખી. આંક-૨૭૨, આંક-૨૭૩માં તારીખ ૩૦.૦૪ થી ૦૪.૦૫ રિમાન્ડ સુધીની, જે કેસ ડાયરી નામદાર કોર્ટમાં રજૂ થઈ અને જે નવી બનાવી તેમાં કઈ સૂચનામાં ભિન્નતા છે, તો બતાવવું પડે. સાર એટલો કે કોર્ટમાં ખોટી રજૂ કરી તો કેમ ફાડી નાખી? વધારે ૬ (છ) તારીખ પછીની સૂચનાની વાત આવે તે અગાઉની નહીં એનો અર્થ એવો થાય કે, પ્રવીણભાઈના હસ્તે અગાઉ લખાયેલ હતી, પરંતુ કઈ સૂચના, તેવું રેકોર્ડ ઉપર નથી. પ્રથમ વાર આ વાત આ તપાસમાં કહી, ફાડી નાખ્યા પછી શું કર્યું? તો ફાડી નાખી જે ઉલટતપાસમાં આવ્યું છે વાત મનાય તેમ નથી, ઉપજાવી કાઢેલ છે. ભટ્ટની કાવતરું કરવામાં ભૂમિકા, ચૌધરી, ગોહિલ, વ્યાસના ઉપરથી ફલિત થાય. ચૌધરીને ન તપાસ્યા, ગોહિલ ગુજરી ગયા તેવું છે. પ્રથમથી કાવતરું રચ્યું તેનું અનુમાન થઈ શકે તેમ નથી. અફીણ એક જ પ્રકારનું હોય, પોઇન્ટમાં ફેર હોય.

**(૧૦.૨૯)** ૨૦૧૮ના ચાર્જશીટમાં સાહેદ દર્શાવ્યા તેમાં રાજસ્થાનના સુમેરસિંહ તથા પ્રવીણભાઈ તથા અન્ય મહત્વના સાહેદો દર્શાવેલ છે, તેમાં બ્રહ્મભટ્ટ સાહેબ કે જેમણે બીજું સેમ્પલ લીધેલ અને પંચનામું કરેલ તેમને દર્શાવેલ નથી. રાજસ્થાનના, દુકાન ખાલી કરાવ્યા અંગેના સાહેદો ચાર્જશીટમાં દર્શાવ્યા છે પરંતુ તેમને તપાસેલ નથી. કરાર તથા અન્ય રાજસ્થાનના દસ્તાવેજો રજૂ કરેલ નહીં દુકાન ખાલી કરાવવાનો હેતુ હતો અને રિપોર્ટ કર્યો હતો છતાં રાજસ્થાન દુકાન ખાલી કરાવ્યા સંબંધીત દસ્તાવેજ રજૂ થયા નથી.

આંક–૧૯ના લીસ્ટથી રજૂ થયેલ હુકમ ક્રિમિનલ પરચુરણ અરજી નં.૨૩૩૬૮/૨૦૧૮માં સુમેરસિંહની એફિડેવીટનો ઉલ્લેખ છે આ સાહેદ બીજાને સંડોવવા કે પોતાની જાતને બચાવવા ઈન્ટરેસ્ટ લેતો હોઈ શકે. સુમેરસિંહ કોઈપણ રીતે આરોપી નં.–(૨)ની પાછળ પડી ગયા છે તે તેમણે કરેલ અરજીઓ, એફિડેવીટથી જણાય છે, આ તપાસમાં એસઆઈટી રચાઈ તપાસ હુકમ પછી કેમ થઈ નથી હાઈકોર્ટે લખેલ સાચી બાબતે તપાસ થઈ નથી. તપાસ કરનારે આ કેસમાં ભવરસિંહ, ઉજવલસિંહ અંગે કરી નથી. તા.૦૪/૦૯/૨૦૧૮ના રોજ સુમેરસિંહનું નિવેદન લીધું પછી તા.૨૦/૦૯/૨૦૧૮ના રોજ નિવેદન લીધું. તેમનું ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪નું નિવેદન લીધું નથી.

(૧૦.૩૦) પ્રવીણભાઈ, અબ્બાસખાન, રમણભાઈ, મોહમ્મદ જુબેર પંચ છે તેમને પણ ગાંધીનગર બોલાવ્યા, અમારા કેસ મુજબ બધાને પકડી ગાંધીનગર લઈ ગયેલા. વ્યાસને અગાઉના દિવસે લઈ આવ્યા ઓફિસરની ઓફિસમાં રાખવામાં આવ્યા કોઈ પોલીસ કર્મીને સાથે રાખી ઈન્ટરોગેશન કરવામાં આવેલ નહીં એપૃવર બન્યા ત્યાં સુધી એપ્રુવરને અલગ રાખેલા. પહેલેથી જ આશ્વાસન આપેલ તેને નકારી શકાય તેમ નથી. સર્ચ પછી મુદ્દામાલ કબજે લીધો તે પાલનપુર શહેર પોલીસ સ્ટેશનનો પ્રોહીનો ગુનો હતો તેથી ગુનો નોંધવા રિપોર્ટ રજૂ કર્યો પછી તપાસ વ્યાસે સંભાળી લીધી તપાસ આગળ વધારવા રાજસ્થાન ગયા અને તપાસ થવી જોઈતી હતી તેની જગ્યાએ સુમેરસિંહને લાવ્યા, તે પછી પ્રોસિજર મુજબ કાર્યવાહી કરી પછી કલબ–૧૫૯નો રિપોર્ટ કર્યો, ગુનો બનેલ ગુનો કરવાવાળો કોણ છે તે ન મળતા 'અ'સમરી રિપોર્ટ કરેલ. તહોમતદારને નં.–૨ ને દીપાંકર ત્રિવેદી લાવ્યા તે હકીકત છે જેમ સુમીરસિંહનું નિવેદન લેવાયું તેમ આરોપી નં.–(૨)ને સમન્સ બજાવી પૂછપરછ કરી હોય તેવું નથી. બાયસ અને એકતરફી તપાસ કરી આંક–૫૫૧ની સાથે આંક–૫૫૨, ૫૫૩ બે પ્રોડક્શન રિપોર્ટ છે જેમાં કારણો નથી, કોઈ કાગળ નથી.

**(૧૦.૩૧)** ટ્રાયલમાં સિલેક્ટેડ સાક્ષીઓને જ તપાસ્યા છે જે સાક્ષીઓના નિવેદનો લેવાયા તે સાંકળિયામાં છે જે પૈકી પ્રવીણભાઈ પરમારનું નિવેદન છે. જેમને તપાસ્યા છે વધુમાં રેડમાં સાથે હતા તે અબ્બાસ મિયાને તપાસ્યા નથી. વધુમાં આર.પી.પટેલને તપાસ્યા છે. પ્રવીણભાઈને કલમ–૧૬૪ના નિવેદન માટે જેમને રજૂ કર્યા તેમને કન્ફેશન માટે રજૂ કર્યા સાહેદનું કલમ–૧૬૪નું નિવેદન લેવાની જરૂર ન હતી. આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં હતા. સાહેદોએ મેજિસ્ટ્રેટ રૂબરૂ સ્ટેટમેન્ટ આપવાની ઈચ્છા દર્શાવી નથી, તેઓ પોલીસના માણસો છે તેમને દરેકને ભય ન હતો. કયા સંજોગોમાં આ સ્ટેટમેન્ટ લેવાયુ સાહેદને દબાણ કરવા માટે આ નિવેદન લેવાયું જેમાં કન્ફેશનલ સ્ટેટમેન્ટની પદ્ધતિ અપનાવેલ છે. નિવેદન લેવા પત્ર પાઠવ્યો, મેજિસ્ટ્રેટે સમય આપ્યો, સર્ટીફીકેટ આપ્યું તે કલમ–૧૬૪ની જોગવાઈ જોતા કબુલાતની પ્રથા છે નહીં કે નિવેદનની. આ નિવેદન સબસેન્સીવ પીસ ઓફ એવિડન્સ નથી. કોરોબરેશન માટે વપરાય.

પ્રવીણભાઈનું બીજું કલમ–૧૬૪નું નિવેદન લેવાની શું જરૂર પડી. ક્ષતિપુરતી કરવા? આંક–૪૨૭માં પણ કબુલાત શબ્દ છે. ફરિયાદપક્ષનો કેસ જેમ ડેવલોપ થતો ગયો તેમ જુદી–જુદી હકીકતો રેકર્ડ ઉપર આવી. બીજા સાહેદો જેમને તપાસ્યા નથી તેમના પણ કલમ–૧૬૪ના નિવેદનો લેવામાં આવેલા હતા. સાહેદ રમણભાઈનું કલમ–૧૬૪નું નિવેદન જોવામાં આવે તેમાં પણ કબુલાત નિવેદન તેવો શબ્દ લખેલ છે. સાયબાભાઈ અને અબ્બાસખાનના નિવેદન કન્ફેશનલ સ્ટેટમેંટ નથી, પરંતુ નિવેદન છે. સાક્ષીઓ માનવાપાત્ર નથી. ક્રિમીનલ મેન્યુઅલ રુલ–૩૩ કન્ફેશનલ સ્ટેટમેંટ રેકોર્ડ કરવાની પ્રોસીઝર આપેલ છે તથા પોલીસ મેંન્યુઅલ રુલ–૧૭૪, રેકોર્ડીંગ ઓફ કન્ફેશનલ સ્ટેટમેંટ અંગે છે. જે સોગંધ ઉપર લેવું જોઈએ, તે પુરાવા તરીકે ઉપયોગમાં ન લેવાય, કેમ કે તે આરોપીની ગેરહાજરીમાં લેવાયેલ છે. તહોમતદારના મિત્ર હોય, બીજા સાહેદ ન હોય ત્યારે લેવડાવવા જોઈએ. રેર સંજોગોમાં જ આવા નિવેદન લેવડાવવા જોઈએ. નિવેદન લેવડાવવા માટે યાદવ ગયા નથી. તપાસ કરનારે

સાહેદોને જાણ કરવી જોઈએ કે, આવું સ્ટેટમેંટ આપવા તેઓ બંધાયેલ નથી. આવું કાઈ કર્યાનું રેકર્ડ ઉપર નથી. આઈઓની યાદી કોર્ટમાં રીસીવ કર્યાનો શેરો નથી, આ યાદીઓ કોર્ટમાંથી આવી છે જે આંક-૬૩૨ની સાથે સામેલ છે. તપાસ કરનાર અમલદારે કલમ-૧૬૪ની પ્રક્રિયા બતાવવી પડે. પ્રવીણભાઈ અને આર.પી.પટેલના આપેલ નિવેદનો ફ્રી ફ્રોમ ડાઉટ નથી. આવા સાહેદો માની શકાય નહી.

સાહેદોને ડ્રોપ કરેલ છે તેથી એવું અનુમાન થઇ શકે કે, સાહેદોને ખોટું બોલવાનું કારણ નથી. રેકર્ડ રજુ કરાવવાનું કહ્યું જે રજુ થયું નથી. બીજા પોલીસ સાહેદોને ડ્રોપ કર્યા, જેને તપાસવા અમે પુરશીશ આપેલ.

**(૧૦.૩૨)** સીટની રચના અંગે આંક-૫૪૨નો હુકમ રજુ છે. જે હુકમ પીટીશન નં.-૬૮૦/૧૯૯૯ વાળો, જેની છેલ્લી લાઈન ઈન્વેસ્ટીગેશન નોટ બીલો ધ રેન્ક ઓફ આઈ.જી.પી. છે. આંક-૧ રજુ આઈ.ઓ. યાદવે કરેલ છે જે છેલ્લે પાને લખેલ છે તે મુજબ, પો.ઈન્સ. મારફત રવાના છે. આ રીપોર્ટ સીટના ત્રણેય અધિકારીઓને એપ્રુવલ માટે મુક્યો તેવું નથી. આંક-૫૪૨ પોલીસ મહાનિરીક્ષકની કચેરી, સીઆઇડી ક્રાઈમ અને રેલવેઝનો સંદર્ભ-૩ મુજબ તારીખ-૧૩/૦૭/૨૦૧૮ અનુસાર વિગતવારનો રીપોર્ટ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રજુ કરવા કરેલ હતો. આમ, રીપોર્ટ હાઇકોર્ટમાં કરવાનો હતો તો જેમાં સુપરવિઝન તોમરનું હતું. રીપોર્ટ સરકારને કરવાનો હતો. સરકારે નામદાર હાઈકોર્ટને રીપોર્ટ કરવાનો હતો. તેમાંનું કશું કર્યું નથી. રાજસ્થાનના કાગળો પણ સામેલ રાખી. હાઈકોર્ટમાં મોકલવા જોઈતા હતા જે કરેલ નથી.

રાજસ્થાનની મેટર પેન્ડિંગ છે તે કેસ માટે પેન્ડિંગ પડ્યો છે કે, સુમેરસિંહે પોતાની જાતને બચાવવા ખોટું કર્યું છે તેમાંથી નીકળવા, પોતાની વગ અગર બંને રાજ્યની વગ, અંગત વગ, બાર એસોસિએશનની વગને કારણે કેસ પેન્ડિંગ રહ્યા છે. અગાઉ સુપ્રીમ કોર્ટે જે તે સમયે ચાર્જશીટ થઈ ન હોવાથી પિટિશનમાં હુકમ કરેલ પરંતુ પછી તમામ સાક્ષીએ પોતાની જાતને બચાવેલ છે.

રાજસ્થાન કેસમાં ગુનેગાર અહીંયા સાક્ષીઓ પીટીશન નં.–૬૮૦/૧૯૯૯, તારીખ–03/૦૪/૨૦૧૮ વાળું જજમેન્ટ પેરા નં.–૪૦ તથા અન્ય પેરામાં નામદાર કોર્ટે એવું નોંધ્યું નથી કે 'એ' સમરી ફાઈલ થઈ છે અને પેન્ડિંગ છે એટલે પેરા નં.–પ૩ આગળ કોઈ તપાસ થઈ નથી તેવો ઉલ્લેખ કર્યો. આંક–પ૪૨નો પત્ર મહત્વનો છે જેમાં હવાલા બે, ત્રણ, રજૂ થયા નથી.

**(૧૦.33)** રેકર્ડ જોઈએ તો તા.–૦૪/૦૯/૨૦૧૮ના રોજ યાદવના કહેવા મુજબ તેઓ પાલી ગયા, મોડી રાત્રે આવ્યા, પ્રવીણભાઈ અને સાહેદોને લેવા બીજા પોલીસવાળા ગયેલ, સાહેદો પાંચ વાગ્યે આવ્યા, તે સાહેદોમાં પ્રવીણભાઈને તપાસ્યા, મહમદ જુબેર આર.પી પટેલને તપાસ્યા તે લોકોને યાદવ સાહેબ લાવ્યા નથી પ્રવીણને કલમ–૧૬૪ કરવા યાદવ લઈ ગયા નથી સૈયદ ગયેલા તેઓ પુરાવા આવેલ છે પરંતુ સૈયદ સાક્ષી નથી. સાહેદોને ધમકી આપી થી તે બતાવવા આ મહત્વના સાહેદ છે, દીપાંકર ત્રિવેદી આરોપીને પકડી લાવ્યા તેઓને સાહેદ તરીકે દર્શાવેલ નથી. ફેરીસ્તમાં આરોપીનું નિવેદન રજૂ થયું નથી. અટકાયત મેમો રિમાન્ડ રિપોર્ટ કોર્ટનું પ્રોસેડિંગ્સ છે સ્થળપ્રથ રજૂ થઈ નથી કેસ ડાયરીમાં આ વિગત હોય પ્રથમ દિવસના કેસ ડાયરીમાં હોય એટલે કેસ ડાયરી રજૂ કરાવેલ સમન્સ રજૂ કરાવવા અંગે જણાવેલ નામદાર કોર્ટે હુકમ કરેલ હુકમ વાંચેલ હોય સમન્સ રજૂ કરેલ નથી. તટસ્થ તપાસ ન હોય તો ફેર ટ્રાયલ ના કહેવાય,

**(૧૦.3૪)** આંક–પ૪પ વાળો તારીખ ૦૬/૦૯/૨૦૧૮નો રિપોર્ટ કલમો વધારવાનો રિપોર્ટ રજૂ થયો છે. આંક–પ૪૮–એફ.એસ.એલ.ને લખેલ પત્ર તારીખ ૧૨/૧૦/૨૦૧૮નો ચાર્જશીટ પહેલાનો પત્ર જે સંદર્ભ લખ્યા છે તે ચાર્જશીટમાં નથી. જેમાં બે એફએસએલ રિપોર્ટ છે. આ કેસના બે તથા આગથળાના બે રિપોર્ટ જે કઈ રીતે આ કેસમાં આવ્યા તેનો ઉલ્લેખ નથી. આ આગથળાની ઊભી કરેલ વાર્તાને સમર્થન આપવા એક જ પ્રકારનું અફીણ બતાવવા તથા પ્રવીણભાઈને અને આર.પી.પટેલના પુરાવાને તેવી જ સાઈઝના

અફીણના પેકેટ હતા તે દર્શાવવા આ કેસમાં તે રિપોર્ટ લાવવામાં આવ્યા. સાક્ષી નં.−૫૯ થી સાક્ષી નં.−૬૩ સાક્ષી મુજબ એફએસએલ સાહેદો દર્શાવ્યા. જેમાં એમ.પી. ચૌધરી સાહેદ તરીકે દર્શાવ્યા જેમાં મુદ્દામાલ તપાસણી કરી સર્ટી આપનાર તેવું દર્શાવ્યું. મુદ્દામાલ પહોંચ્યો નથી. મુદ્દામાલ મોકલ્યો ન હોય તો કલમ−૨૯૩ માં ન પડે. આંક−૫૪૯ વાંચ્યો જે અહેવાલ નથી. જે સાહેદની ઉલટ કરવાનો ચાન્સ મળ્યો નથી. જે રિપોર્ટમાં અફીણ કુદરતી છે. લાજવંતીનું અને બીજા અફીણ એક જ છે તેવો અભિપ્રાય નથી. પૈસાથી ખરીદ્યું તે ચાર્જ પુરવાર કરવા બિનજરૂરી પ્રક્રિયા હાથ ધરાઈ અને પુરાવા બતાવવા પ્રયત્ન કર્યો પછી કલમ ઉમેરવા રિપોર્ટ કરાયો છે. કલમ વધારવા રિપોર્ટ આંક−૨૨ આપ્યો જે રદ કર્યો. ચાર્જ સમયે કન્સીડર કરવા હુકમ થયેલો.

આંક−૫૪૨ પિટિશન નં.−૧૦૭૯ પેરા−૧૪ ચાર્જશીટ દરેક તપાસ પેરા ૩૪, ૩૮માં તપાસ પછી ચાર્જશીટ કરવાનો હુકમ નથી. તપાસ કરવાનો હુકમ હતો એટલા માટે જ પેરા છેલ્લે તમામ રેકોર્ડ મેળવી રિપોર્ટ કરવાનો હતો. ઓપીયમ કોણે મૂક્યું તે તપાસ કરો તેવો હાઇકોર્ટના હુકમની ઉપરવટ જઈ ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ જજમેન્ટ અને પિટિશન સહી સિક્કાવાળી નકલ રજૂ થઈ છે જેમાં આઈ.બી.વ્યાસ વર્સિસ સ્ટેટ ઓફ ગુજરાત, સેક્રેટરી રાજસ્થાન આંક−૫૦૫(૧) વ્યાસની પિટિશન જોતા પ્રેયર સીબીઆઇને મોકલવાની પેન્ડિંગ હતી. તે તપાસ સીબીઆઈને કરવાની માટે આરોપી વ્યાસે જવાબ આપ્યો. આરોપી નં.−(૨)ની સુચનાથી આ પિટિશન દાખલ કરી, તેવો પુરાવો વ્યાસે જુબાનીમાં આપ્યો છે. આ પીટીશનમાં જે જણાવ્યું તેના આધારે એપ્રુવરના પુરાવાનું મૂલ્યાંકન કરવાનું છે આ પીટીશનમાં જણાવેલ તમામ બાબતો એસઆઇટીના ધ્યાનમાં હતી. આ જૂની તપાસ, પિટિશન ઈન્કવાયરીની હકીકતો એસઆઇટીના ધ્યાનમાં હતી.

જ્યારે નામદાર ગુજરાત હાઈકોર્ટનું જજમેન્ટ આવ્યું તે પહેલા તેમના વકીલની દલીલ થયેલ ક્યાંય એવું કહ્યું નથી કે, સુમેરસિંહ આરોપી નથી.

સુમેરસિંહની પ્લી ઓફ એલીબી હતી આ તમામ રેકોર્ડ એસઆઇટીએ ભેગો કરેલ નથી. આ કાગળો રજૂ કર્યા નથી કે ઇન્કવાયરીના કાગળો રજૂ કર્યા નથી. કલમ–૯૧ની અરજી આપી પછી રજૂ થયા, રાજ્ય સરકારને ધગલનો રિપોર્ટ કર્યો, સમરી ઇન્કવાયરીના કાગળો મેળવ્યા હશે કોઈ કાગળો રજૂ કર્યા નથી. એટલા માટે એક જ અનુમાન કરવાનું રહે કે આરોપીઓને મદદરૂપ થાય તેવા કાગળો રેકોર્ડ ઉપર લાવ્યા ન હતા. મોટીવની વાત રાજસ્થાન કેસમાં છે. ઇન્કવાયરીના કાગળોને આંક પડે જે કલમ–૧૬૨ના સ્ટેટમેન્ટ નથી. ફરિયાદપક્ષની વિરુદ્ધ જાય જેથી કાગળો રજૂ થયેલ નથી.

**(૧૦.૩૫)** ચાર્જ વાંચીને એવું જણાવેલ કે, તા.–૨૯/૦૪/૧૯૯૬ના રોજ અગાઉ તહોમતદાર ક્યારે મળ્યા કઈ તારીખે કયા સમયે તે જરૂરી છે સીધો પુરાવો ન હોય તો તે હું સમજુ છું પરંતુ સંજોગ તો હોવો જોઈએ વ્યાસ ૨૯ તારીખ પહેલા ક્યાં મળ્યા કેવી રીતે મળ્યા તેનો પુરાવો નથી.

અગાઉના દિવસનો પણ કોઈ પુરાવો નથી આ અંગે કોઈ તપાસ પણ નથી તપાસમાં નથી કે રેકોર્ડ ઉપર પુરાવો નથી. તારીખ–૨૯ ના અગાઉના સમયે કાવતરું રચ્યું તે અંગેનો કોઈ પુરાવો નથી તેથી આ ચાર્જ માનવા લાયક નથી. વર્ધી જે રેકોર્ડ ઉપર છે તે બબાભાઈના હસ્તાક્ષરની છે ફરિયાદપક્ષનો કેસ એવો છે. વર્ધી રજૂ થઈ, વર્ધી ક્યાંથી મોકલી, કોણે આપી, તેની કોઈ તપાસ નથી. હસ્તાક્ષર ભટ્ટના નથી કે વ્યાસના નથી. ફરિયાદપક્ષનો કેસ એવો નથી કે બબાભાઈ પાસે લખાવી. ચાર્જના મુજબ ઊભી કરેલ/કરાવેલ. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧ની જુબાની વખતે ૨૪ કાગળો સહીના નમુના રજૂ કર્યા પરંતુ સુમેરસિંહના નેચરલ રાઈટીંગ કબજે નહીં કરેલા. તારીખ ૦૪/૦૯/૨૦૧૮ના રોજ સુમેરસિંહએ જે કહ્યું, સાચું માન્યું. યાદવે તપાસમાં તેમના નમુના લીધેલ નથી અને કલમ–૧૬૯નો રિપોર્ટ અગાઉ થયેલ પરંતુ ક્લિનચીટ ન હતી અને તેઓ તહોમતદાર ખરેખર છે કે નહીં અગાઉ પોલીસે સાચા જવા દીધા કે ખોટા તેની તપાસ નથી. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯, શ્રી યાદવ ધ્વારા સુમેરસિંહનો

જવાબ લીધેલ ત્યારે એગ્રીમેન્ટ લખાણ મળેલ તેની રજુ થયેલ પ્રમાણિત નકલ છે. તેઓને મળેલ લખાણ રજૂ કરેલ નથી રાજસ્થાનના કાગળો આઈ.ઓ સમક્ષના દસ્તાવેજોમાં નથી.

**(૧૦.૩૬)** શાંતિલાલનો અગાઉ જવાબ લીધેલ હતો. રાજસ્થાન કેસમાં શાંતિલાલ ઉપર આક્ષેપ છતાં આ કેસમાં શાંતિલાલની સહિઓ લીધી નથી. રજીસ્ટર અંગે સંજીવ ભટ્ટ કે વ્યાસના હસ્તાક્ષરમાં લીધા નથી કે નોકરોના કે અશોકભાઈના નમુના લીધા નથી રજીસ્ટરના ચાર્જ અંગે અમારી સામે પુરાવો નથી. ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૫ માં આંક-૫૦૧માં હોટલ લાજવંતીના રજીસ્ટરની સર્ટિફાઇડ નકલ રજૂ થઈ તે એન્ટ્રીના હસ્તાક્ષર અંગે તપાસ થઈ નહીં એસઆઈટી દ્વારા યોગ્ય તપાસ ન થઈ હાઈકોર્ટ દ્વારા એસ.આઇ.ટી.ની તપાસ આપેલ છતાં આ એન્ટ્રીનું રેકોર્ડ રજૂ થયું નહીં. અમે એન્ટ્રી કરાવેલ તે આક્ષેપ પુરવાર થયેલ નથી. કુટરમલ જૈન શાંતિલાલે કર્યું હશે, તહોમતદાર સંજીવ ભટ્ટે એન્ટ્રી કરી/કરાવી તે નિશંક પણે સાબિત થતું નથી. સાથે ફરિયાદપક્ષના કેસ મુજબ તા.૨૯/૦૪/૧૯૯૬ માલાભાઈ અફીણ લઈને આવ્યા આર.પી. પટેલ, માલાભાઈ આરોપીને મળ્યા પેકેટ આપ્યું આર.પી.પટેલના જ્ઞાનમાં હતુ. પછી વ્યાસ આવ્યા સવારે ૭:૩૦ વાગે આરોપી નં.-(૨)નો ફોન આવ્યો પછી કયો પુરાવો હતો કે કલાક ૧૦:૪૦ પહેલા હોટલમાં મૂક્યું ? તહોમતદાર સંજીવ ભટ્ટે મુકાવ્યું તેનો સીધો કે સાંયોગિક પુરાવો નથી. આ અંગે કોઈ તપાસ નથી. કન્ફેશનલ સ્ટેટમેન્ટ છે. પરંતુ મૂક્યું કોણે તે પુરાવો નથી. ચાર્જ મુજબ ખોટા દસ્તાવેજ તૈયાર કર્યા કરાવ્યા તેવો પુરાવા નથી. બબાભાઈએ પાછળથી જે ફેરફાર કર્યા સાચબાભાઈએ પાછળથી પુરાવામાં ફેરફાર કર્યો છે. કંટ્રોલરૂમને વર્ધી મળી તેવા શબ્દ છે બબાભાઈએ મોકલી તેવું કહ્યું નથી એપ્રુવરે આંક-૬૭ની અરજી આપી આંક-૮૦ મુજબ નિવેદન આપ્યુ. તેમના અગાઉના નિવેદનમાં પણ કોઈ કોન્ટ્રાડિકશન નથી જે દર્શાવે છે કે અગાઉથી નક્કી કર્યા

મુજબ તેમણે પુરાવા આપ્યા છે. તેમના નિવેદનો આંક–૨૩૪ની અરજીથી માગ્યા, તે નિવેદનો આંક–૨૫૧ થી રજૂ થયેલ.

(૧૦.૩૭) કલમ–૧૨૦(બી)ના ચાર્જ મુજબ દુકાન ખાલી કરાવવા દબાણ કરેલ. તા.–૩૦/૦૪/૧૯૯૬નું રેકોર્ડ અને સંબંધિત રજુ પુરાવો ધ્યાને લેવામાં આવે તો આખી હકીકત ઉપજાવી કાઢેલ. તા.૨૯/૦૪/૧૯૯૬ના આગળના દિવસે કાવતરું રચ્યું પરંતુ કોઈ વાત થઈ, તહોમતદાર સંજીવ ભટ્ટ મળ્યા હોય અને કાવતરાની વાર્તા મુજબ ગોઠવાયું હોય તે ચાર્જમાં નથી. તા.–૨૯/૦૪/૧૯૯૬ ના રાત્રે વ્યાસ સંજીવ ભટ્ટને મળ્યા હોય કેટલા વાગે મળ્યા તેની વિગત ચાર્જમાં નથી. આરોપી નં.–(૧), આરોપી નં.–( ૨ ) મળ્યા હોય તેવો પુરાવો ન હતો. સાહેદોના નિવેદનમાં પુરાવો ન હતો. વ્યાસને બોલાવ્યા ટેલીફોન કરી વ્યાસે આંક–૮૦ માં કહ્યું તેમના નિવેદનોમાં કોન્ટ્રાડીકશન નથી વિશ્રામગૃહનું રજીસ્ટર ફોન આવ્યો તે અંગેનો કોઈ પુરાવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ નથી. તહોમતદાર નં.–(૨)નાએ કાવતરું રચેલ હોય તો તાત્કાલિક અટક કરવા મોકલેલ નહીં. બે દિવસ રાહ જોયેલ. તહોમતદાર સંજીવ ભટ્ટની આ કંડકટ ઉપરથી એવું કહેવાય કે તેણે ખોટો કેસ ઉભો કરાવેલ નહીં. પરવાનગી લીધેલ નહીં તેનાથી પ્લાન્ટેશન પુરવાર ન થાય. સરનામુ

સંજીવ ભટ્ટે આપ્યું તો ચોકીદારને પૂછવાની શું જરૂર? સુમેરસિંહનું રહેણાંકનું સરનામું સંજીવ ભટ્ટને કેવી રીતે મળ્યું તેનો પુરાવો નથી.

પ્રવીણભાઈ ઈન્ટરેસ્ટેડ વીટનેસ કારણ કે તેમણે ગુનો આચરેલ. વ્યાસ ઈન્ટરેસ્ટેડ વિટનેસ કારણ તેમણે ગુનો આચારેલ. સુમેરસિંહ ઈન્ટરેસ્ટ કારણ કે તેમણે ગુનો આચરેલ. રાજસ્થાનના સાહેદોને તપાસ્યા નથી. રાજસ્થાન કેસનું કાવતરું દુકાન ખાલી કરાવવાનો હેતુ. આ કેસનો પણ હેતુ દુકાન ખાલી કરવાનો.

**(૧૦.૩૮)** કલમ–૫૮(૨)ના રિપોર્ટમાં જણાવ્યું તે કાવતરાના ભાગરૂપે કર્યું તેવો ચાર્જ છે. ચાર્જમાં કલમ–૧૨૦(બી) ગુનાહિત કાવતરું કર્યું તેવું છે તેમાં હેતુ દર્શાવ્યો નથી. વિકલ્પે કરેલ ચાર્જ જોતા તેવો પુરાવો નથી. આરોપી નં.–(૧)નો પુરાવો જોતા તેમનું જ્ઞાન અફીણ હોવાનું આવ્યું નથી. જે ખરીદવામાં આવ્યું તે અફીણ છે તેનો પુરાવો નથી. યાદવે લખ્યું છે એફ.એસ.એલ. વાન કેમ બોલાવેલ નથી. પકડાયું છે તે અફીણ છે તે પુરવાર કરવું પડે આવ્યું તે અફીણ છે તે અફીણ હતું તે પુરવાર કરવું પડે રૂમ નં.–૩૦૫માં કોણ મૂકી આવ્યું તે પુરાવો નથી. એનડીપીએસ એક્ટ કલમ–૫૮(૨)ના ગુના અંગે ઇન્ફોર્મેશન બબાભાઈને કોણે આપી તેની તપાસ થઈ નથી તેથી પુરાવો નથી એનડીપીએસમાં જે પ્રિઝમશનની છે તે એપ્લાઈ થવા સ્ટ્રીક પ્રૂફ ફરિયાદપક્ષે પહેલા આપવું પડે. દુકાન ખાલી કરવા અફીણ મૂક્યું કે દસ્તાવેજ કરાવવા અફીણ મૂક્યું ફરિયાદપક્ષે પુરવાર કરવું પડે.

સુમેરસિંહને વ્યાસે મારકૂટ કરેલ તેમાંથી બચવા માટે વ્યાસ પ્રમોશન મળેલ ત્યાં સુધી વર્ષો પછી જુબાની આપે છે આવા એક સાહેદ ઉપર આધાર રાખી શકાય નહી.

સુમેરસિંહને દુકાન સાથે લેવાદેવા નથી મોહનલાલનો કબજો હતો ઉલટ જોતા પુરાવા ઉપરથી સુમેરસિંહને દુકાન ખાલી કરાવવા ફસાયો તે શંકા પ્રેરે છે.

પાલી કોર્ટમાં ફરિયાદ કરી. તેના ક્ષેત્ર અધિકાર પાલીના છે. પોતે એડવોકેટ છે. તેમના પુરાવાનું મૂલ્યાંકન કરવાનું છે તેમના પુરાવામાં સત્ય નથી સાહેદને જરૂરી છે તેટલું યાદ છે જે સુપ્રીમ કોર્ટ સુધી લડેલ છે તેવો જ્યારે કેસ અંગે પૂછવામાં આવે ત્યારે યાદ નથી તેમ કહે છે.

**(૧૦.૩૯)** આંક–૪૯૯ બનાવવાવાળાને ફરિયાદપક્ષ સાક્ષી તરીકે તપાસેલ નથી જેથી એગ્રીમેન્ટની હકીકત પુરવાર ન થાય. પુરાવો મનાય નહીં, મોટીવ સાબિત થતો નથી. આ સાહેદ તહોમતદાર નં.–(૨)ને એક જ વાર મળ્યા,

ધમકી આપી તેવું કહે છે પરંતુ ત્યારબાદ કદાપી આ સાહેદ ભટ્ટને મળ્યા હોય તેવું નથી. ઊલટાનું જૈન સાહેબે જ છોડી દો તેવું કહેલ. જે જજ સાહેબે ના પાડી તે છોડી દેશે તેવું જૈન સાહેબે કહેલું. સરતપાસ જોતા કઈ વાત માનવી જે જૈન સાહેબે ફૂટરમલ તથા શાંતિલાલ સાથે કાવતરું કર્યું તે કે ભટ્ટે સંડાવવા કાવતરું કર્યું તે ? સાહેદ મનાય તેવા નથી. મોટીવ પુરવાર થયેલ નથી.

પાલી કેસના કાગળો તપાસ કરનારને મળેલા હતા મોટીવના કાગળોમાં એક્ઝિબિટ–૪૯૯ રજૂ કરાવ્યા જે પુરવાર કરેલ નથી. તે તપાસમાં રજૂ થયેલ નથી. કલમ–૯૧ મુજબ પણ દસ્તાવેજો મંગાવેલ નથી. તા.૨૯ના અગાઉના સમયે કાવતરું રચ્યું તેવો ચાર્જ છે પરંતુ પુરાવો નથી. વ્યાસના પુરાવા મુજબ ૨૯મી તારીખે વાત કરી. ૨૯ તારીખ પહેલાની કોઈ વાત નથી. સ્ટાફને તૈયાર રાખવા જે કહ્યું તે કાવતરાનો પુરાવો ગણાય. ૨૯ મી તારીખના સાંજ અંગે કહે છે હાજરી કઈ જગ્યાએ હતી તે અંગે તેમની વિકલી ડાયરી જોવામાં આવે તો ૨૯ મી તારીખે ઈદ હતી, સ્ટેન્ડ ટુ હતા, સવારથી રાત્રે ૧૧:૩૦ સુધી નોકરી ઉપર હતા. સાંજે ડીએસપીએ તેમને બોલાવ્યા તે વાત ડાયરીમાં નથી.

(૧૦.૪૦) સુમેરસિંહ સામે વેરભાવ દુશ્મનાવટ હોય તેવો કેસ નથી કોઈ કારણ વગર નાર્કોટિક્સના કેસમાં ફસાવવાનું આરોપી નં.–(૨)ને કોઈ કારણ ન હતું જૈન સાહેબના કહેવાથી મેં કાવતરું રચ્યું હોય, ફોન ઉપર વાત થઈ હોય, તે અંગેનો સંજોગ હોય તે બતાવવું પડે પરંતુ પુરાવો નથી. આરોપી નં.–(૨)ને સાંકળતો સંજોગ કે વાત નથી એટલે મોટીવ મનાઈ તેમ નથી. તે સંજોગોમાં પ્રોક્યોરમેન્ટ, પ્લાન્ટેશન, ફરિયાદપક્ષ શંકા રહિત પુરવાર કરી શકેલ નથી. આટલા વર્ષ પછી કેસ કરવામાં આવે તે શરૂઆત પણ શંકા પ્રેરે છે.

આઇ.બી.વ્યાસની જુબાની ઉપર આધાર રાખવાનો હોય પરંતુ એવીડન્સ એક્ટની કલમ–૧૩૩ સાથે એવિડન્સ એક્ટ કલમ–૧૪૪ પણ ધ્યાને રાખવાની હોય તે તહોમતદારને વર્ષો પછી પસ્તાવો થાય તે આ જ રીતે માની ન શકાય. પોતાના ગુનાહિત કૃત્યથી બચવા પુરાવો આપે છે.

૬૮૦/૧૯૯૯નો હુકમ થયો ત્યાં સુધી જૂની હકીકત સાથે ચાલ્યા પછી પસ્તાવો ૨૦૧૯ થાય તે માની ન શકાય. વ્યાસને રાજસ્થાનના કેસમાં પકડી લીધા નથી તે તેમની તથા સુમેરસિંહ વિરુદ્ધનું છે. મોટીવ સિવાયનો પુરાવો માની શકાય તેવો પુરાવો નથી. ફરિયાદપક્ષે પોતાના પગે ઉભા રહી ચાર્જ સાબિત કરવો પડે. કડી તુટે તેનો લાભ આરોપીને મળે. ગંભીર કેસ હોય પરંતુ પુરાવો ન આવતો હોય તો પણ તેનો લાભ તો તહોમતદારને મળે.

**(૧૦.૪૧)** ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪, ૧૫, ૧૯ તથા બચાવપક્ષ સાહેદ નં.–૧ની જુબાનીમાં ડાયરીઓ, વિકલી ડાયરીઓ રજૂ થઈ. આંક–૬૭૮ જે છે તે સંજીવ ભટ્ટની ડાયરી છે જે ટ્રુ કોપી છે બે માસની ડાયરી છે એપ્રિલ, મેં માસની ડાયરી જોતા વ્યાસની જુબાની માનવા લાયક નથી કારણ કે વ્યાસને ૦૨/૦૫/૧૯૯૬ના રોજ બોલાવ્યા, સુમેરસિંહને પકડી લાવવા કહ્યું, તે માની ન શકાય. વ્યાસ જે કહે છે તે દિવસોએ હું તેમને મળી શકું તેમ ન હતો અને તેથી મળેલ તે કહી શકાય નહીં. આંક–૬૭૯, વ્યાસની વિકલી ડાયરી જોતા તારીખ–૨૮/૦૪/૧૯૯૬ના રોજ અમીરગઢ પોલીસ સ્ટેશન પ્રોહિ મુદ્દામાલની તપાસના કામે કામ કર્યું હતું. આગળના દિવસે સંજીવ ભટ્ટને મળ્યાનું કહેવામાં આવે છે તે સાચું નથી મળ્યાનો સંજોગ નથી. તારીખ ૨૯/૦૪/૧૯૯૬ના રોજ બકરી ઈદ હતી, બંદોબસ્તમાં સ્ટેન્ડ ટુ રહેલા, વચ્ચે અમીરગઢના ગુનાની તપાસ કરેલ. તારીખ–૨૯/૦૪/૧૯૯૬ના રોજ મને વ્યાસ મળ્યા હોય તે આ ડાયરીથી વિરોધાભાસી છે.

ડાયરી જોતા વ્યાસનો પુરાવો વિરોધાભાસી હોઈ માની ન શકાય. ડાયરી વાંચીને વ્યાસે કરેલ કામગીરી બતાવી, ડાયરી જોતા જિલ્લા પોલીસ અધિકારીના કહેવાથી જે કામ કર્યાનું કહે છે, તે શંકા પ્રેરે છે. ડાયરીમાં સૂચનાઓનો ઉલ્લેખ નથી. આંક–૪૫૨ પ્રવીણભાઈ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ની નોટબુક તરફ ધ્યાન દોરેલ. મોટીવ અંગે લાગુ પડે છે ત્યાં સુધી તહોમતદાર નં.–૨ની હાજરી ન હતી. મોટીવ સાબિત થતો નથી. ખોટી હકીકતવાળો કેસ તહોમતદારના

કહેવા મુજબ ઊભો કર્યો છે, ખોટો મોટીવનો પુરાવો રેકર્ડ ઉપર બતાવવા પ્રયત્ન કરેલ છે. તપાસ કરનારે તારીખ–૨૯ તારીખ–૩૦નું કોઈ રેકોર્ડ મેળવ્યું નથી. ફરિયાદપક્ષે સાહેદ નં.–૯, ફરીયાદપક્ષ સાહેદ નં.–૧ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫નો પુરાવો જોતા હસ્તાક્ષરનો પુરાવો માનવા જેવો નથી. પુરાવા જોતા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ની ફક્ત સહીઓ છે. રજીસ્ટરમાં સહી કરી/કરાવી તેવો ચાર્જ છે, પરંતુ તહોમતદાર કે શાંતિલાલ કે અન્યના સહીઓના નમુના લીધા નથી. આમ આ તહોમત પણ પુરવાર થતું નથી. વધુમાં રજીસ્ટર તપાસમાં કબજે લીધું નથી, જેનો ઉતારો આંક–૩૦૦ ઊલટતપાસમાં પડ્યો છે. અસલ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આંક–૩૬૦માં વ્યાસને મોકલી આપેલ છે, તેવું છે જે એડિશનલ છે, આમ, તહોમતદારને સંડોવવા માટે આ ખોટી નોંધ થયેલ છે. વ્યાસને આપવાની નોંધથી એવું ન મનાય કે કાવતરું હતું. આ ચાર્જ અંગે માનવા લાયક પુરાવો નથી. બબાભાઈએ તૈયાર કાગળમાં સહી કરેલ એવી શક્યતા નકારી ન શકાય, હોદ્દો લખેલ, તારીખ લખેલ, આ વર્ધી અંગે પુરાવાથી નિશંક પુરવાર થાય કે વર્ધી ઉપજાવી કાઢેલ છે. આ વર્ધીનો કાગળ તે વખતે ઉપજાવી કાઢેલ તેવો કેસ છે, આ બંને કાગળ ઉભા કરેલ/કરાવેલ નિશંક પણે સાબિત થતું નથી. ફોન ઉપર ફક્ત સાહેબ સુતા છે તેવું જણાવેલ, બીજી જુબાની કોન્ટ્રાડીકટરી છે જે સાહેદ નં.–૮ની સરતપાસ તથા ઉલટતપાસથી જાણ્ય છે. સદરી વર્ધી વ્યાસને આપવી જે જોતા સંજીવ ભટ્ટે ૨૯ તારીખે કે ૩૦ તારીખે જણાવ્યા મુજબની નથી ભટ્ટે કહ્યું તે મુજબની નથી માર્ક એ આંક–૩૦૪માં વિગતમાં આંક–૨૪૬માં જે છેલ્લી લાઈન છે તે નથી આંક–૨૪૬માં સદરી વર્ધી વ્યાસને આપવી લખ્યું છે તે પણ ૩૦૪માં નથી, વ્યાસે પંચનામાં અંગેની કામગીરી કરેલ તેનો પુરાવો આપેલ નહીં.

**(૧૦.૪૨)** વ્યાસના કહેવાથી ધગલને જવાબ લખાવ્યા તે સાચુ નથી. કારણ વ્યાસ હતા નહીં, વ્યાસ કહેતા નથી કે ઈન્કવાયરીના નિવેદન લખાવેલ. જે ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ–૧૬૨નું નિવેદન નથી. ઈન્કવાયરીનું નિવેદન સ્ટેટમેન્ટ છે. ધગલ રૂબરૂ સાહેદની સહી છે સ્વતંત્ર ઈન્કવાયરી, ઓફિસરે

ઈન્કવાયરી કરી રિપોર્ટ ગવર્મેન્ટને કરેલ છે, સાહેદો કોર્ટમાં જે વધારાના ખુલાસા કરી જુબાની આપે છે.

(૧૦.૪૩) દસ્તાવેજો હેન્ડરાઈટિંગ એક્સપર્ટને ફોરવર્ડિંગ પત્રથી મોકલ્યા છે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૧ વાસુદેવ ભલાભાઈ ભરવાડ, ફોરવર્ડિંગ લેટર રજુ કર્યો, જેની સાથે એક લિસ્ટ છે, શીલ બંધ કવર છે, જેને આંક પડેલા છે. જે ને માયાવંશીની સહીથી પત્રથી મોકલેલ. આવેલ બબાભાઈનો પુરાવો જોતા બબાભાઈની સહિઓ તથા હસ્તાક્ષર લીધા. પંચનામાના કન્ટેન્ટ અંગે પૂરાવો નથી. બીજી વખત બોલાવ્યો તેટલું કહે છે. સાહેદ બબાભાઈનો તથા પંચોનો પુરાવો તથા દસ્તાવેજો જોતા પુરાવો દસ્તાવેજથી વિરોધાભાસી છે. પંચોનો પુરાવો જોતા પંચોને બબાભાઈના ઓળખના કાગળ બતાવ્યા નથી. કન્ટેન્ટ પુરવાર થયા નથી. ઊલટતપાસ જોતા જણાય છે કે પંચ સ્વતંત્ર નથી. ફરિયાદપક્ષ સાહેદ નં.–૬ આંક–૨૨૩, ૨૨૪ કાગળમાં મારી તથા બબાભાઈની સહી લીધેલ જુના કાગળો ટેબલ ઉપર પડેલ, તેમાં બબાભાઈની સહી લીધેલ તેવો પુરાવો, પરંતુ તેમાં બબાભાઈની સહી નથી, પંચો કહે છે તે રીતે નમુના લીધા તે શંકા પ્રેરે છે. બબાભાઈના તાજા સહીવાળા દસ્તાવેજો કબજે લીધા નથી, કુદરતી હસ્તાક્ષર હતા રજીસ્ટરવાળા જે કબજે લઈ હસ્તાક્ષર નિષ્ણાંતને મોકલેલ નહીં. બબાભાઈના હસ્તાક્ષર માટે હેન્ડરાઈટિંગ એક્સપર્ટની જરૂર ન હતી, હેન્ડરાઈટિંગ એક્સપર્ટ નેચરલ રાઈટીંગનો ઉપયોગ કર્યો નથી. નેચરલ સહિ તપાસી છે, હસ્તાક્ષર નહીં, વર્ધી બબાભાઈને લખી નથી, તે મનાય તેમ નથી. પંચો અંગે પોલીસ મેન્યુઅલ રુલનું પાલન થયું નથી. એક્સપર્ટનો અભિપ્રાય છે, સ્વતંત્ર પંચો નથી દૂરના વિસ્તારના પંચો છે. સિલેકટેડ પંચો લીધેલા છે, પંચનામુ પંચોએ લખાવ્યું નથી, એફ.એસ.એલ.માં મોકલવાના રૂલ મુજબ કાર્યવાહી થઈ નથી, એક્સપર્ટનો ઓપીનીયન કોરોબરેટિવ પીસ ઓફ એવિડન્સ છે. સમર્થન વગર માની શકાય નહી

**(૧૦.૪૪)** આંક–૫૯૬ અરજી આપેલ તેનો હુકમ થયેલ. કન્ફેશનલ સ્ટેટમેન્ટ અંગે આંક–૫૯૭ આપેલ જે નામંજૂર થયેલ, પરંતુ પુરાવાનું મૂલ્યાંકન કરવા જણાવ્યું છે. બીજી અરજી આંક–૭૯૮ વાળી આપેલી આંક–૮૦૦થી પુરશીશ નોટ પ્રેસ કરી છે. જે મુદ્ધામાલ અંગે આંક–૮૦૦ની દલીલ કરી. પરંતુ નોટ પ્રેસ કરેલ. આંક–૬૨૯, ૬૩૦, ૬૨૩ થી ઓથોરિટી રજૂ કરેલ છે. સાહેદ વ્યાસ, આર.પી.પટેલ, પ્રવીણનો પુરાવો છે. જેમાં કન્ફેશનલ સ્ટેટમેન્ટ છે, આંક–૬૧૧ પ્રોશીક્યુશનનો જવાબ છે, જેને ધ્યાને લઈ શકાય નહીં. આંક–૬૩૧, આંક–૫૯૭, આંક–૭૯૭ ઉપરનો હુકમ, આંક–૭૯૭ વાળી અરજી, વાંધા દલીલ પહેલા ડીસાઈડ કરવા આપેલ હતી.

**(૧૦.૪૫)** પ્રવીણભાઈ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ગુનાની બાતમી મળી ત્યારથી સમરી ભરાઈ ત્યાં સુધી તથા ત્યારબાદ પણ એલસીબીમાં ફરજ બજાવતા હતા. માલાભાઈ ફિલ્ડ વર્કનું કામ કરતા, તે સંબંધી કોઈ પુરાવો રજૂ થયો નથી, પ્રવીણભાઈ, વ્યાસના રાઈટર હતા જે અંગે તકરાર નથી. તેમણે કયા કાગળો તૈયાર કર્યા તે જણાવ્યું નથી, એવિડન્સ અધૂરો છે તારીખ ૬ પછીની કોઈ હકીકત કહેતા નથી, સમન્સ મળ્યાનું કહે છે, પરંતુ કોઈ સમન્સ રજૂ થયો નથી. તારીખ.૨૯/૦૪/૧૯૯૬ના રોજ આઈ.બી.વ્યાસે વાત કરી, કરણસિંહને વિશ્રામ ગૃહ જવા જણાવ્યું પરંતુ કરણસિંહને કોણે સમાચાર આપ્યા તેવો પુરાવો નથી. વ્યાસ સાહેબને મળતા તેઓએ કહેલ કે એસપી સાહેબ તરફથી બાતમી મળેલ છે કે હોટલના રૂમ નં.–૩૦૫ના ગાદલા નીચે અફીણ છે, રજીસ્ટરની એન્ટ્રી જોયાની કોઈ વાત કરતા નથી, રૂમમાં ગયા, અફીણ કબજે લીધું, તે કોમન કેસ છે, રૂમના ગાદલા નીચેથી એક કિલો–૧૫ ગ્રામ અફીણ મળ્યું, પરંતુ તેમણે પૂરી વાત કરી નથી, તેઓને કઈ રીતે ખબર પડી એક કિલો ૧૫ ગ્રામ અફીણ હતું? વ્યાસે અફીણ સીલ કરાવેલ તેટલું કહે છે પૂરી પ્રક્રિયા કહેતા નથી, પંચોના નામ આઈ.બી.વ્યાસે લખાવ્યા તેમ કહ્યું, પરંતુ આવીને વ્યાસ પંચોને મળ્યા હોય તેવો પુરાવો નથી, પંચો પણ તેવું કહેતા નથી, હોટલ રજીસ્ટરની એન્ટ્રીની વિગત સાહેબે જોઈ નથી, વ્યાસે લખાવતા લખી, મુદ્ધામાલ મળ્યા,

સીલ કરાવ્યું, તેટલો જ પુરાવો આપ્યા તે સિવાય બીજો કોઈ પુરાવો નથી. એપ્રુવરની જુબાનીનો પ્રવીણભાઈની જુબાનીથી સમર્થન નથી. માનવા લાયક જુબાની નથી. વ્યાસ વાતચીત ઉપરથી ચિંતામાં રહેતા તેવું લાગેલ, પરંતુ કઈ વાતચીત? શું વાતચીત? તેનો પુરાવો નથી. તપાસ ધીમી કરી તે ખોટું સ્ટેટમેન્ટ છે.

**(૧૦.૪૬)** આઈ.બી.વ્યાસ સંજીવ ભટ્ટની ચેમ્બરમાં ગયા પરત આવી કહેલ સંજીવ ભટ્ટે પાલી રાજસ્થાન તાત્કાલિક જવા સૂચના કરેલ તે છે. ગેરકાયદેસર હુકમ કરેલ તે અનનેચરલ એવિડન્સ છે. સાહેદની કંડક્ટ છતી કરે છે, વ્યાસ સાહેબ પાસે પૂરું સરનામું હોય ગાડીમાંથી નીચે ઉતરી ચાની કીટલી વાળાને સરનામું પૂછ્યું, દુકાન જોઈ તે વ્યાસથી વિરોધાભાસી છે. સાહેદ વ્યાસની સાથે હતા છતાં પોતાની જાતને બચાવવા વ્યાસથી દૂર હતા, તેવો પુરાવો આપેલ છે.

**(૧૦.૪૭)** સાહેદના પુરાવામા તોહમતદારનું નિવેદન છે જે પોલીસ રૂબરૂનું નિવેદન છે કલમ-૨૫નો બાધ નડે છે, પુરાવામાં ન વંચાય. તહોમતદારે જે સૂચના આપી તે ઓફિસિયલ એક્ટ છે, આ સાક્ષીઓનો પુરાવો પોતાને બચાવવા માટેનો છે. સાક્ષીનો પુરાવો માની શકાય તેમ નથી.

**(૧૦.૪૮)** ક્રી.પ્રો.કોડ કલમ-૧૬૯ના રિપોર્ટમાં બે માણસોએ ઓળખ્યા નથી. પરંતુ તહોમતદાર સંજીવ ભટ્ટના કહેવાથી કર્યું. દુકાન ખાલી થઈ ગઈ, પરંતુ પુરાવો નથી, બીજુ પંચનામું ઊભું કર્યું. મહત્વના દસ્તાવેજ અંગે જુબાની આપી નથી. કેસ ડાયરીમાં સૂચના હતી પરંતુ કઈ સૂચનાઓ એનો કોઈ ઉલ્લેખ નથી. તા.૩૦/૦૪/૧૯૯૬થી ૧૫ દિવસ સુધીની સુચના હતી, તેનો નાશ કરેલ તેવું કહે છે, એક પોલીસ અધિકારીએ ફાડી તેને નાશ પોતે કરે છે કેવી રીતે નાશ તેમની તેનો કોઈ પુરાવો નથી. સાહેદનો પુરાવો નવી સ્ટોરી મુજબનો છે, જે માનવા લાયક નથી. પુરાવો ઉભો કર્યો છે, કોન્ટ્રાક્ટરી પુરાવો માની શકાય તેવો નથી. જે વ્યાસના પુરાવાથી ભિન્નતા છે. વિકલી ડાયરી મુજબ સ્ટેન્ડ ટુ હતા,

દસ્તાવેજ જોતા ખોટું બોલે છે. જાંબુડી કલરનું પેકેટ જોયું, કંઈક વસ્તુ હતી તેવું કહે છે, આ પુરાવો એપ્રુવરને નહીં માનવાનું કારણ છે.

**(૧૦.૪૯)** ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ નાઓ પોલીસ કોન્સ્ટેબલ હતા. તેઓને ઈન્દ્રવદન વ્યાસનાઓએ જે કહ્યું તથા તહોમતદાર નં.–(૨) નાઓએ જે કહ્યું તે પુરાવામાં ગ્રાહ્ય નથી, જે ઈન્ક્રીમીનેટીંગ ભાગ કન્ફેશનલ સ્ટેટમેંટ કહેવાય. કારણ કે તહોમતદાર નં.–(૧) હાલ એપ્રુવર છે, પરંતુ તે તહોમતદાર હતા. જે પુરાવામાં ન વંચાય. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ પીએસઆઈ હતા તેમની રૂબરૂના આરોપી નં.–(૨)ના નિવેદનો પુરાવામા ગ્રાહ્ય નથી. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહની જુબાનીમાં, વ્યાસે જે કહ્યું તથા તહોમતદાર નં.–(૨) નાએ જે કહ્યું તે કન્ફેશનલ સ્ટેટમેંટ કહેવાય જે પુરાવામાં ગ્રાહ્ય નથી. ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ નાઓને તહોમતદાર નં.–(૨) નાઓએ જે કહ્યું તે પણ કન્ફેશનલ સ્ટેટમેંટ કહેવાય. તેવા ઈન્કરીમીનેટીંગ ભાગને પુરાવામાં વંચાય નહી. જે અંગે ઓથોરીટી રજુ કરેલ છે.

સુમેરસિંહને તહોમતદાર સંજીવ ભટ્ટે કહ્યું તેવું માનીએ તો એક્સ્ટ્રા જ્યુડીશિયલ કન્ફેશન કહેવાય તે પણ વિક પીસ ઓફ એવીડન્સ છે. જે અંગે બચાવપક્ષે ઓથોરીટી રજુ કરેલ છે.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૯નો પુરાવો અનનેચરલ છે. પુરાવો જે પેકેટ મારા કબાટમાં માંલાભાઈએ મુકેલ તે પેકેટ સંજીવ ભટ્ટે માલાભાઈ પાસે હોટેલ લાજવંતીમાં મુકાવેલ હતું. તે સાહેદે કેવી રીતે કહ્યું, મુકાવેલ તે પુરાવો નથી. ફરિયાદપક્ષના રેકર્ડથી વિપરીત ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪, ૧૬ની જુબાની છે. ત્રણેય સાહેદોએ સત્ય છુપાવેલ છે–આ અધિકારી આટલા વર્ષ પછી કહે અને એપ્રુવર તરીકે કહે છે. પુરાવામાં દુકાન ખાલી કરવાની વાત પહેલી વખત આવી.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૦નાએ ધગલ સાહેબે જવાબ લીધેલો કહેલ છે. સાહેદ

નં.–૧૦ના પુરાવામાં સંજીવ ભટ્ટે કહ્યું તે ઇન્ક્રીમીનેટિંગ છે તથા વધારાનું છે એટલે કે કોન્ટ્રાક્ટરી છે. જેમને બતાવેલ પર્સનલ રજીસ્ટર નિભાવી ન શકાય તેવું નથી, પરંતુ રજીસ્ટર બોગસ છે તેવું ન કહેવાય. મારા વિરુદ્ધની એન્ટ્રીઓ હતી તો રજીસ્ટર કેમ કબજે લીધેલ નથી? રજીસ્ટર રજૂ કર્યા પછી રીએક્ઝામિનેશન કરેલ નથી, ધગલની ઇન્કવાયરીના નિવેદનો પ્રીવીયસ સ્ટેટમેન્ટ કહેવાય તેથી કોન્ટ્રાડિક્શન માટે ઉપયોગ થાય તે રેકોર્ડ ઉપર આવેલ કોન્ટ્રોડક્શન જેને લઇ શકાય. રજીસ્ટરની કોપી રજૂ કરેલ જેમાં તારીખ ૨૯ ની એન્ટ્રી છે. તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ ફોન કર્યો તે એન્ટ્રી એક્ઝિબિટ–૬૧૮, એક્ઝિબીટ–૬૧૯ એન્ટ્રીથી વધારાની હકીકત જણાવે છે. આઈ.બી.વ્યાસને તપાસ સોંપવાની વાત કરી, તે મનાય તેવું નથી. બબાભાઈ અને સંજીવ ભટ્ટને વાત થઈ તેઓ પુરાવો નથી. સાહેદે પુરાવા ઊભો કર્યો છે. આ વ્યક્તિ સાચુ બોલે છે તે માનવાને કારણ નથી.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૪, તોલાટ છે. આ તોલાટની જુબાની પ્રવીણભાઈ, આર.પી પટેલ અને વ્યાસની જુબાની તથા પુરા કેસને ખોટો પાડે છે. સાહેદ કહે છે કે પોલીસે જવાબ લીધેલ નહીં. સાહેદની જુબાની જોતા તેમણે કેસની મૂળ વાતને પડતી મૂકી છે. મૂળ કેસથી જુદી હકીકત જણાવે છે તેથી કોન્ટ્રાડીકટરી જુબાની છે. સર્ટિફિકેટ આંક–૨૧૦, વાંચીએ તો તેમની જુબાનીને સમર્થન આપે છે.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ ની જુબાની જોતા વર્ધીમાં વ્યાસને તપાસ આપવી તે છે. આરોપી ભટ્ટે, વ્યાસને તારીખ ૨૯ તથા તારીખ ૩૦ મીએ વર્ધી બાબતે જે વાત કરી તે આંક–૨૪૬ની વર્ધીમાં નથી. સંજીવ ભટ્ટે નિવેદનો ઊભા કરાવેલ તે અંગે કહ્યું, પરંતુ કયા? કેવી રીતે? તે નથી. પુરાવો વર્ષો પછી એપ્રુવર તરીકે આપેલ છે. રજીસ્ટર કબજે કરી પી.એસ.ઓને સોંપેલ હતો. એસ.બી.પટેલ

નાઓએ મારું નિવેદન લીધેલું તેવું કહ્યું છે. મુદ્દામાલ પાવતી એક્ઝીબીટ–૨૮૮, જેની પોલીસ દફતરની પાવતી એક્ઝીબીટ–૨૯૦ છે. મુદ્દામાલમાં આર્ટીકલ નં.–૧ જ રજૂ થયો છે બીજો મુદ્દામાલ રજૂ થયો નથી.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ જવાબ આપેલ કે, દસ્તાવેજો આરોપી નં.–(૨) સાથેના મેળાપીપણામાં ભટ્ટની સૂચના મુજબ, દબાણ મુજબ કરાવવા પડેલ. ડાયરીઓ ધ્યાને લઈ પુરાવો આપ્યો–૧૫ દિવસ પછી ફાડી નાખી. ભવરસિંહ, ઉજવલસિંહની વાત ડાયરીમાં હતી. બીજા કેસની ડાયરીઓનો ઉપયોગ થઈ શકે, ડાયરી પણ દસ્તાવેજ છે, જે નિવેદન કહેવાય પુરાવા અધિનિયમ કલમ–૧૬૯ પણ લાગુ પડે, મેમરી રિફ્રેશ કરવા માટે થઈ શકે. ફોર્મર સ્ટેટમેન્ટનો પણ ઉપયોગ વિરોધાભાસ માટે થઈ શકે. કલમ–૧૪૫ સાથે વાંચીએ તો ડાયરીમાં જણાવેલ બાબતોનો ઉપયોગ વિરોધાભાસ પુરવાર કરવા થઈ શકે. પુરાવામાં સંજીવ ભટ્ટના કહેવાથી તદ્દન ખોટો ખુલાસો કે, ડાયરી ફાડી નાખી, પછી બાળી નાખી. પરંતુ તેવો પુરાવો નથી. આ બંને નામ વાળા વ્યક્તિ અંગે પી જે.ચૌધરી દ્વારા તપાસ કરવામાં આવેલ જે એક્ઝીબીટ–૩૧૦ છે. આ રિપોર્ટથી એક્ઝીબીટ–૩૧૧ વાળો રિપોર્ટ મળેલ. આ બંને વ્યક્તિઓની તમામ તપાસ, તપાસ કરનારે કરેલ નહીં અને તે લાઈન છોડી દીધેલ. ફરિયાદપક્ષ સાહેદ નં.–૫, ગુના વાળી જગ્યાના પંચનામા સહી કરનાર છે. વ્યાસ કહે છે, મારી ઓફિસમાં પંચનામું કરેલ છે જયારે સાહેદ કહે છે સહી બુથ ઉપર કરી છે. વ્યાસની જુબાનીને સમર્થન આપતા નથી.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ નાઓ તથા અન્ય રાજસ્થાન કેસમાં આરોપીઓ હતા. સુમેરસિંહ પાલનપુરમાં ન હતા, પાલી હતા તે માની લીધેલ. પુરાવા રેકોર્ડ ઉપર લીધા નથી. દસ્તાવેજી પુરાવાની સહી સિક્કાવાળી નકલ લીધી નથી. કેસ ડાયરી ફાડી નાખી તે અંગેની સરતપાસ સંદર્ભે ઉલટતપાસ તથા કેસ ડાયરી જોઈએ તો બાદમીદારે માહિતી આપી, સંજીવ ભટ્ટે સરનામું આપ્યું તેવું નથી. જે હકીકત નવી કેસ ડાયરીમાં પણ છે. ડાયરી ફાડી નાખી તે કહેવું સરળ છે. પરંતુ

મારી સંડોવણીની કોઈ વિગત જણાતી નથી, ફોટોગ્રાફ રેખા ચિત્રો તૈયાર કરાવ્યા ફેરીસ્ટમાં ઉલ્લેખ છે. સાચી જુબાની આપતા નથી, માલાભાઈ મળ્યા તે અંગેની ઉલટતપાસ જોતા શેરપુરાના કેસોની જુબાની તથા રેકર્ડથી વિપરીત જુબાની છે. રેકર્ડ જોતા દસ્તાવેજો સાચા ? પંચનામા સાચા ? ડાયરીઓ સાચી ? બીજા કેસનો પુરાવો સાચો કે નવી ઊભી કરેલ સ્ટોરી સાચી ? સાહેદ નં.–૯, દસ્તાવેજોથી વિરોધાભાસી જુબાની આપી છે. ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ આ કેસમાં નવા કેસ મુજબની જુબાની આપી છે, એપ્રુવરના તહોમતદાર તરીકેના નિવેદનના કોન્ટ્રાડિક્શન નથી, એના ઉપરથી જ કહી શકાય કે ૨૦૧૮ માં અટક થઈ ત્યારથી જ એપૃવર થવાનું નક્કી કરેલ, આંક–૬૭, ૭૯, ૮૦ જેના હસ્તાક્ષર નિવેદનમાં છે તેને બોલાવી દસ્તાવેજ પુરવાર કર્યા નથી. સરતપાસમાં ફક્ત સહી પુરવાર કરી છે, હસ્તાક્ષર પુરવાર કર્યા નથી ડિફરન્ટ વર્ઝન મુજબ એપ્રુવરનો વાયદો પૂરો કરવા આ અરજી ઉભી કરાવેલ.

**(૧૦.૫૦)** મુદ્દામાલ ૨૦૨૨માં રજૂ થયો, જાંબુડી કલરની થેલીનો કેસ દર્શાવવા, જાંબુડી કલરની થેલીમાં મુદ્દામાલ રજૂ થયો મુદ્દામાલ નીશંક પણે સાબિત કરવો પડે. પાના નં.–૨૧નો પુરાવો જોવામાં આવે તો સરતપાસમાં પણ ખોટો પુરાવો આપ્યો, એન.ડી.પી.એસ.માંની સ્થિતિ બતાવવી જોઈએ આખી મુદ્દામાલ થેલીનું વર્ણન સરતપાસમાં પૂછેલ ન હતું. જેથી ઉલટમાં પૂછ્યું છે. મુદ્દામાલ સેમ્પલો રજૂ થયા નથી. શેરપુરાની ચાર જુબાનીને આંક–૩૬૨ થી ૩૬૫ પડેલ છે. આગથળાનું રેકોર્ડ જોતા સાહેદ અહીં જે જુબાની આપે છે તેનાથી વિરોધાભાસી જુબાની આપે છે.

**(૧૦.૫૧)** એસ.બી.પટેલનું ઇન્વેસ્ટીગેશન હતું. એસબી.પટેલનાઓએ લીધેલ નિવેદન કોન્ટ્રાડીકરી છે. જુબાની વિકલી ડાયરીથી કોન્ટ્રાડીકરી છે, સાહેદે કરેલ રિપોર્ટ અંગેના કોન્ટ્રાડીકશન છે, કોતવાલી પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં.૪૦૩/૧૯૯૬ના કામે મોકલેલ પ્રશ્નાવલીના જવાબથી કોન્ટ્રાડીકટરી છે, આંક–૨૭૨, ૨૭૩ની કેસ ડાયરીથી કોન્ટ્રાડીક્ટરી છે. જુબાની તથા

એક્ઝીબીટ–૨૭૧ની ફરિયાદ કોન્ટ્રાડીક્ટરી છે. ધગલ રૂબરૂ આપેલ નિવેદનથી કોન્ટ્રાડીકટરી છે, આગથળાના કેસમાં આપેલ જુબાનીથી કોન્ટ્રાડીકટરી છે. સાહેદે હાઈકોર્ટમાં ૬૮૦/૧૯૯૯ વાળી અરજી કરેલ, જેમાં સોગંદનામુ કરેલ, કોન્ટ્રાડીકશન પૂછતા સાહેદે ખોટા ખોટા ખુલાસા કરેલ છે.

**(૧૦.૫૨)** એપ્રુવર થવા તૈયાર નિવેદન ઉપર સહી કરી, મોકલી આપેલ એક્ઝીબીટ–૮૦ ઉપર તારીખ.૧૦/૧૦ હતી, જેમાં ફેરફાર કરેલ છે. વચગાળાના જામીન ઉપર છુંટેલ ત્યારબાદ એપ્રુવર બનેલા. સાહેદે આ નિવેદન તૈયાર કરેલ નથી, ઉભા કરેલ નિવેદનમાં સહી કરી મોકલી આપ્યું છે. ફરિયાદપક્ષ સાહેદ નં.–૪ સ્વતંત્ર છે. ફરિયાદપક્ષે આંક–૨૫ થી દસ્તાવેજ રજૂ કર્યા છે, પરંતુ સહી જ બતાવી છે, જે આંક–૨૫ માં કબુલ કરવા કે ન કરવા માટે છે, જે આંક–૨૯૪નું ફોર્મેટ છે, પરંતુ દસ્તાવેજ અંગે કોઈ પ્રક્રિયા કરેલ નથી. દસ્તાવેજો અંગે પુરાવો લીડ કર્યો નથી, ઓરીજનલ કેસ મૂકીને પછી કાગળો ઉભા કર્યા તેવી રીતે કેસ પુરવાર કરવો જોઈએ, એક્ઝીબીટ પડાવ્યા તે દસ્તાવેજના કન્ટેન્ટ પુરવાર કરેલ નથી. આર.પી.પટેલ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ સાહેદ વધારાની વાત પોતાની જાતને ચોખ્ખી બતાવવા જણાવે છે. આ સાહેદે જુબાનીમાં સંજીવ ભટ્ટે તેમને જે કહ્યું તે કન્ફેશનલ સ્ટેટમેન્ટ છે. આગથળાની બધી તપાસ આ સાહેદે કરેલી. એલસીબીના રાઈટર હેડ કોણ તે તેમને યાદ નથી. મુદ્દામાલ ક્યાં મુકતા વિગેરે તેમને યાદ નથી. આ માનવા લાયક નથી. માલાભાઈને તમે સંજીવ ભટ્ટના બંગલે કેવી રીતે બોલાવેલ? ફોન કરીને, તેવો જવાબ આપે છે પરંતુ એવિડન્સ નથી. માલાભાઈ અગાઉ સેમ્પલ લઈ આવેલ તેવું બનેલ નથી. માલાભાઈને સેમ્પલ માટે પ્રથમવાર બોલાવ્યા, જે મનાય નહીં. પોતે સાંજે અન્ય તપાસના કામે ગયેલા કહે છે પરંતુ શું તપાસ કરી? તે યાદ નથી. તેઓ કહે છે માલાભાઈ સાહેબના બંગલેથી ક્યાં ગયા તે ખબર નથી. જે દર્શાવે છે માલાભાઈ શેરપુરા ગયેલા તે તેમને ખબર નથી. આ સફેદ પેકેટમાં અંદર શું હતું? તે જોયેલું નથી. તે ઉલટતપાસથી જણાય છે. સંજીવ ભટ્ટને પેકેટ આપ્યું તે કપડાની થેલીમાંથી જાંબુડીયા કલરની થેલી

આપેલ જેના ઉપર પ્લાસ્ટિક હતું તેવું કહે છે. કબાટમાં જાંબુડિયા કલરની થેલી જોવે છે, સંજીવ ભટ્ટને ત્યાં કપડાની થેલી જોવે છે. જે કોન્ટ્રાડીકટરી છે. જાંબુડી કલરની થેલી પંચનામા નથી, અન્ય દસ્તાવેજમાં નથી, જાંબુડી કલરની થેલી અંગે જુદો જુદો પુરાવો છે.

**(૧૦.૫૩)** શેરપુરા જવા ડીસા જવાની હકીકત અંગે તે કેસના દસ્તાવેજો જોતા તથા જુબાની જોતા વ્યાસના પુરાવાથી વિરોધભાસી છે. તેમના જવાબ અનુમાન આધારિત છે એટલે શેરપુરાથી અફીણ ખરીદીને લાવ્યા તે પુરવાર થતું નથી. અફીણ ક્યાંથી લાવ્યા તે સાહેદને ખબર નથી, અફીણ શેરપુરાથી લાવ્યા તે કબાટમાં મૂક્યું, તે જાંબુડી કલરની થેલીમાં હતું, તેવું કહ્યું તે માનવા લાયક નથી, ઉપજાવી કાઢેલ હોવાનું કહી શકાય તેમ છે. ૨૦૧૮ માં પ્રથમવાર કહ્યું છે સાહેદની ઉલટતપાસ જોતા પુરવાર થયેલ વિરોધાભાસ કે ઓમીશન છે. સાહેદે મહત્વની બાબતો ૨૦૧૮ના પ્રથમ નિવેદનમાં જણાવેલ નથી. મહત્વના ઈમ્પ્રુવમેન્ટ છે. પ્રથમ દિવસે ૨૦,૦૦૦/– આપવાની વાતથી બીજી મહત્વની વાત જણાવી નથી. કેસ ડાયરી ફાડી નાખ્યાનું વ્યાસે જણાવ્યું તેવું કહે છે, પરંતુ વ્યાસ કહેતા નથી કે મેં આર.પી.પટેલને કહેલ.

સાહેદે તારીખ ૦૫/૦૯/૨૦૧૮ના રોજ ગાંધીનગર કેવી રીતે ગયા તે પુરાવો નથી. પ્રથમ નિવેદનમાં સંજીવ ભટ્ટને સંડોવણીની વાત નથી. બીજા કેસના ચાર્જશીટમાં દર્શાવેલ મહત્વની વાતો એડમિનિસિબલ છે. શેરપુરા ધાણીના કેસોથી વિરોધાભાસી પુરાવા આપ્યો છે. આ સાહેદ વિરુદ્ધ તેઓએ જુદા–જુદા કેસોમાં તહોમતદારને ખોટા સંડોવેલ હોવાના આક્ષેપો થયેલ હોવાનું ઉલટતપાસથી રેકોર્ડ ઉપર આવેલ છે. તેમના વિરુદ્ધ અન્ય કેસો થયેલા ધગલે નિવેદન લખેલ હતું તેવું કહે છે. તેમના કલમ–૧૬૪ના નિવેદનો કબુલાતના નિવેદનો છે સાહેદ કરપ્શન કેસમાં તથા મર્ડર કેસમાં સસ્પેન્ડ થયેલા સાહેદ છે. આગથળાની ફરિયાદમાં લખાવેલ નહીં. સાહેદની વીકલી ડાયરીથી પુરાવો વિરોધાભાસ છે. શેરપુરાના એફ.એસ.એલ રિપોર્ટ રજૂ થયેલા. પરંતુ શેરપુરાના

કેસના અન્ય દસ્તાવેજ અંગે વાંધા લેવાયેલ અને કેસ અલગ છે તેવું દર્શાવેલ. ડીસા જવા નીકળ્યા તે અંગે ત્રણેય સાહેદોના પુરાવા ભિન્ન આવે છે. આ અંગે આગથળાના રજૂ કરેલ દસ્તાવેજો ધ્યાને લેવા જોઈએ.

**(૧૦.૫૪)** સાહેદ નં.–૧૪ પ્રવીણભાઈ વિરુધ્ધ પણ કેસો થયેલા છે. આ સાહેદને મોકલેલ સમન્સ રજૂ થયો નથી. જુબાનીમાં કોન્ટ્રાડિકશન છે. ધગલ રૂબરૂના નિવેદન તથા અન્ય નિવેદનના વિરોધાભાસ છે. સાહેદના કલમ–૧૬૪ના નિવેદન નથી. કબુલાતના નિવેદન છે. કલમ–૧૬૪ના આરોપીના કબુલાતના નિવેદન લેવા અંગેની પ્રોસિજર થઈ છે, તેથી તે નિવેદન નથી. સર્ટિફિકેટ પણ નિવેદનનું નથી. પરંતુ કન્ફેશનલ સ્ટેટમેન્ટ છે. પુરાવા અધિનિયમ કલમ–૮૦ તથા કલમ–૧૧૪ મુજબ આગથળાની જુબાની પણ વંચાય તપાસ કરનારે તેમની ફરજ નિભાવી નથી. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૮ મફતલાલ હાલાભાઈની જુબાની તથા ઉલટતપાસ જોતા તેઓ પીએસઓ હતા. મુદ્દામાલ રજૂ થયો નથી. કલમ–૫૨(એ) એન.ડી.પી.એસ. એક્ટ અન્વયે કાર્યવાહી થઈ નથી. મુદ્દામાલ રાઈટર હેડને સોપ્યાનો પુરાવો નથી. કાગળો બતાવતા પુરાવા આપ્યો છે. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૭, કનુભાઈની જુબાની તથા ઊલટતપાસ વાંચવામાં આવેલ. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૩, કલાજી સ્વરૂપજી મકવાણા, બીજી વખતનું સેમ્પલ મોકલવામાં આવ્યું તે અંગેના છે જેનો રિપોર્ટ છે, તે સિવાય કોઈ કાગળો રેકર્ડ ઉપર નથી. આ સાહેદ બીજા સેમ્પલના પંચ છે. ક્યાંથી સેમ્પલ આવ્યું? કયા વર્ણનનું હતું? તેવો કોઈ પુરાવો આપ્યો નથી. સીલ અંગેનો કોઈ પુરાવો આવ્યો નથી, કવર શેનું હતું? તેનો પૂરો પુરાવો આવ્યો નથી. મુદ્દામાલમાંથી સ્લીપો નીકળેલ નથી. તેથી તેવું કહી શકાય કે આ મુદ્દામાલ નથી. બીજા પંચને તપાસ્યા નથી. આ પંચનામું કરનારને તપાસેલ નથી. શ્રી બ્રહ્મભટ્ટને તપાસેલ નથી. મુદ્દામાલ બતાવેલ નથી કે સેમ્પલ બતાવેલ નથી. બીજીવાર મુદ્દામાલ સેમ્પલ લીધેલ તે નાર્કોટિકના મુદ્દામાલ અંગે પ્રક્રિયા કરવી પડે, તે કરેલ નથી. સેમ્પલ ક્યાં ગયા? કશું નથી. નિશંક પણે સાબિત કરેલ નથી.

**(૧૦.૫૫)** નિશાની–૨૫/૨૪ વિભાગીય પોલીસ અધિકારીએ મોકલેલ રવાનગીને આંક પડેલ નથી. પાના નં.–૬૭થી પાના નં.–૭૦ ઉલટતપાસ જોતા વિભાગીય પોલીસ અધિકારીએ લીધેલ સેમ્પલની વિગત નથી, પાવતી રજૂ નથી. ચાર્જશીટમાં સેમ્પલની વિગત નથી. કેસ ડાયરીમાં પણ પાવતી કે એફએસએલના પત્રનો ઉલ્લેખ નથી.

આંક–૫૫૮, તપાસ કરનાર અધિકારીએ લખેલ પત્ર, મુદ્દામાલ અંગે લખેલ પત્ર, એક્ઝિબિટ–૫૫૯, એક્ઝિબિટ–૩૬૫ વાળું પંચનામું જે મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાંથી રજૂ થયો તે પંચો, પીએસઓ રાઈટર હેડ, પીઆઇને તપાસેલ નથી, આ લેકુના છે. હાઇકોર્ટે એવું કહ્યું નથી સમરીને ટચ ન કરો, હાઇકોર્ટે અગાઉના કેસને ટચ ન કરશો તેવું કહ્યું નથી, ધગલ સાહેબની ઇન્કવાયરી અંગે કંઈ કહ્યું નથી, તપાસ એક તરફીછે, તટસ્થ તપાસ થઈ નથી, તટસ્થ અધિકારી તમામ રેકોર્ડ ભેગું કરે. સંજીવ ભટ્ટને નોટિસ આપેલ હોય, તેઓ પુરાવો નથી, ફેરીસ્તમાં આવી નોટિસ નથી, અરજી આપેલ પરંતુ સમન્સ/નોટિસ તપાસ કરનારે રજૂ કરેલ નથી. કોર્ટ હુકમ કરેલ છતાં સમન્સ રજૂ થયા નથી.

તપાસ કરનાર અધિકારી કહે છે, નોટિસ લેવાની ના પાડી, સ્વેચ્છાએ કહ્યું સીઆઈડી  ક્રાઈમ આવું છું. તેવું જણાવ્યું. વ્યાસ પણ તેમની તારીખ.૦૫/૦૯/૨૦૧૮ની તપાસ કરનાર અધિકારી સમક્ષની હાજરી અંગે તથા તપાસ કરનાર અધિકારીની હાજરી અંગે વિરોધાભાસ છે. ઊલટ ઉપરથી તહોમતદારની ખોટી અટક, વગર પુરાવાએ કરેલ તે બચાવના કથનોને સમર્થન મળે છે. જુબાની જોતા વ્યાસ ઓફિસમાં હતા તેવો પુરાવો નથી. રેકોર્ડ એવું નથી. ડાયરી જોતા સ્ટેન્ડ ટુ હતા. આંક–૩૦૪, વર્ધી રજીસ્ટરનો ઉતારો, એક્ઝીબીટ–૨૪૪, ૨૪૫ના અસલ રજીસ્ટર મેળવ્યા નથી, જે દસ્તાવેજો તપાસના રેકોર્ડ ઉપર લેવા જોઈએ તે લીધા નથી. શાંતિલાલ ગુજરી ગયેલ તેથી નમૂના લીધેલ નહીં તેવું કહે છે. દસ્તાવેજો જે આકે પડેલ તે પુરાવાની તુલના

સમયે ધ્યાને રાખવાનો હુકમ છે. આંક–૫૯૯ થી ૬૦૧ તથા મહત્વના દસ્તાવેજ તથા મુદ્દામાલ રેકોર્ડ ઉપર ન આવે તેવા પ્રયત્ન થયેલ છે. કોલ ડીટેલ મેળવી નથી. ચોકીદારનો જવાબ લીધો નથી. યોગ્ય તપાસ કરેલ નથી. સુમેરસિંહની ઉંમર અંગે તપાસ કરી નથી.ઉલટમાં જવાબ સાચો આપતા નથી. ઉલટ જોતા યોગ્ય તપાસ થયેલ ન હતી, તે કહી શકાય તેમ છે. ભવરસિંહ, ઉજવલસિંહ અંગે કોઈ તપાસ કરી નથી.

**(૧૦.૫૬)** અફીણનું પેકેટ ક્યાંથી લાવ્યા તે પુરાવો નથી, માલાભાઈ લાવ્યા તે માની લઈએ તો અફીણ હતું તે પુરાવો નથી, તેટલા માટે એફ.એસ.એલ વાળાને જગ્યા ઉપર બોલાવ્યા ન હોવાથી આઈ.ઓ.ને પ્રશ્ન પુછેલ. રૂમ નં.–૩૦૫ માં મુકવા ગયા તેનો પુરાવો નથી તે યાદવ તથા વ્યાસની જુબાનીનો પુરાવો ન હોવાનું જણાય છે તમામની સરતપાસ જોઈએ તો એક માત્ર કે લેસ માત્ર પુરાવો એવો નથી કે આરોપી નં.–(૨) નાએ કોઈને અફીણઆપ્યું હોય અને તે મૂકી આવ્યો હોય તે પુરાવો નથી, સર્ચ કરવા માટે સીલીંગ, સેમ્પલિંગ, ગાઈડલાઈન મુજબ નથી સીલીંગ, સેમ્પલિંગની વાત આધાર વિહીન છે. લીંક એસ્ટાબ્લિસ્ટ થઈ નથી. માનવા લાયક પુરાવો નથી. પંચ હોસ્ટાઈલ થયા છે. પંચનામાની હકીકત એસ્ટાબ્લિસ્ટ કરવા પ્રશ્ન પૂછેલ નથી. આઇબી.વ્યાસની જુબાની જોતા વ્યાસની હાજરીમાં તોલાટ દીપકભાઈ આવ્યા હોય તેવું નથી. ફરિયાદને માત્ર આંક પડ્યો છે. સેમ્પલ ટેમ્પરરીંગ થયું નથી તેવો પુરાવો નથી. સેમ્પલ વ્યાસે પીએસઓને સોંપ્યું નથી સીલ અંગે વિસંગતતા છે. પંચ સ્લીપ નથી. મુદ્દામાલ અંગે પ્રવીણભાઈના ખુલાસા માનવા પાત્ર નથી.

**(૧૦.૫૭) <u>વધુમાં, આરોપી સંજીવ ભટ્ટ તથા વકીલશ્રી એસ.બી. ઠાકોર ધ્વારા કરવામાં આવેલ દલીલો એવી છે કે,</u>**

**(૧૦.૫૭.૧)** (૧) યાદવ ધ્વારા એફ.એસ.એલ.માં ૨૧૬/૯૬ વાળા બે(૨) રીપોર્ટ અને આગથળા વાળા બે(૨) રીપોર્ટ અમુક પ્રશ્નો પૂછી અભિપ્રાય માટે મોકલેલા. જેના જવાબમાં એફ.એસ.એલ.ના અધિકારીશ્રી ચૌધરી ધ્વારા સ્પષ્ટ

અભિપ્રાય આપવામાં આવેલ કે, તપાસણી કરાયેલ અફીણ"કુદરતી અફીણ" છે. તેથી સીઝ થયેલ અફીણ કોઈ જાતની પ્રેપરેશન નથી તેથી કલમ–૨૧ લાગુ પડે નહી.

**(૧૦.૫૭.૨)** ડી.વાય.એસ.પી. બ્રહ્મભટ્ટ દ્વારા બીજી વારનું સેમ્પલ, એફ.એસ.એલ. તરફ મોકલ્યું તેની રવાનગી નોંધમાં ઉલ્લેખ કરાયેલ છે કે, આરોપીની વિનંતીથી ડી.આઈ.જી., બોર્ડર રેંજનાઓ બીજીવાર એફ.એસ.એલ. પરીક્ષણ કરાવવાનો હુકમ કરેલ છે (આરોપી એટલે જે તે વખતે (સુમેરસિંહ રાજપુરોહિત).

સદર રવાનગી નોધની પાછળ બે(૨) પ્રશ્નો પૂછવામાં આવેલ હતા. જે પૈકીના પહેલા પ્રશ્નનો જવાબ એફ.એસ.એલ. દ્વારા આપવામાં આવેલ છે. પરંતુ બીજા પ્રશ્નનો જવાબ આપવામાં આવેલ નથી. બીજો પ્રશ્ન એ હતો કે, આ બંને અફીણ એક પ્રકારના કહેવાય કે નહિ? જેનો જવાબ નથી આવ્યો. જેથી એવું કહી શકાય નહી કે, શ્રી બ્રહ્મભટ્ટ દ્વારા ખોલીને મોકલવા આવેલ સેમ્પલ લાજવંતીમાંથી કબજે કરાયેલ અફીણ પૈકીનું હતું કે કેમ?

**(૧૦.૫૭.૩)** તા.૩૦/૦૪/૧૯૯૬નું પહેલું પંચનામું(લાજવંતી હોટલનું) જોતા તથા ૧૯/૦૮/૧૯૯૬નું બીજું પંચનામું (શ્રી બ્રહ્મભટ્ટ રબરુંનું ) જોતા વિરોધાભાસી છે. બંને પંચનામાં સંયુક્ત રીતે વાંચતા મુદ્દામાલના અફીણ ઉપર ઓછામાં ઓછી ત્રણ પ્લાસ્ટિકની થેલી અને બે કપડાની થેલી હોવી જોઈએ તો આ પેકિંગમાંથી પ્લાસ્ટિકની ત્રણ–ત્રણ કોથળીઓમાંથી અફીણ બહાર નીકળવું શક્ય નથી)

**(૧૦.૫૭.૪)** ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૭ જોતા ફક્ત કમીટલ કેસીસમાં નામદાર કોર્ટને આરોપીને માફી આપવાની સત્તા આપે છે. અત્રેની એનડીપીએસ કોર્ટમાં કેસ કમીટ થઈને આવેલ ન હોય આ કોર્ટને કલમ–૩૦૭ હેઠળની સત્તા ઉપલબ્ધ નથી. જે સંજોગોમાં આ નામદાર કોર્ટ દ્વારા આંક–૬૭ હેઠળ કરવામાં

આવેલ સત્તાવિહોણો છે. જેન કારણે આરોપી નં.–(૨)ને અન્યાય થવાની શક્યતા છે.

**(૧૦.૫૭.૫)** પોલીસ મેન્યુઅલ જોતા, ત.ક. અધિકારી કેસ ડાયરી પોતાના અક્ષરમાં જ લખવાની હોય, પો.ઈ., આઈ.બી વ્યાસ ધ્વારા પોતાના અક્ષરમાં લખેલી ડાયરી જ અસલ કેસ ડાયરી છે. વધુમાં, કેસ ડાયરીની ફેર કોપી રોજે રોજ એસડીપીઓ (ડીવાયએસપી)ને અને અન્ય ગંભીર ગુન્હાઓમાં એસ.પીને મોકલવાની હોય, રાઈટર પ્રવીણ પરમાર દ્વારા સારા અક્ષરમાં કાર્બન પેપર મૂકીને કેસ ડાયરીની ફેર કોપી કરવામાં આવતી હતી. જરૂર મુજબ અન્ય કાર્બન કોપી નામદાર અદાલતને કે ગંભીર ગુનાઓમાં એસપીને મોકલવામાં આવતી. આમ હાલના કેસમાં રજૂ કરવામાં આવેલ પ્રવીણભાઈ પરમારના અક્ષરવાળી તા.૩૦/૦૪/૧૯૯૬ થી તા.૦૪/૦૫/૧૯૯૬ની ડાયરીઓ રાઈટર પ્રવીણભાઈ દ્વારા આઈ.બી. વ્યાસના હસ્તાક્ષરમાં લખાયેલ અસલ કેસ ડાયરી ઉપરથી તૈયાર કરવામાં આવેલ ફેર કોપીસ પૈકીની કાર્બન કોપી છે, કારણ કે પ્રવીણના અક્ષરવાળી ફેર કોપીની પહેલી પ્રત, તપાસ કરનાર અધિકારી દ્વારા ઉપરી અધિકારી તરફ મોકલેલ. આમ, સંજીવ ભટ્ટ દ્વારા ડાયરી ફાડી નાખેલ હોવા વિગેરે બાબતો માનવા લાયક નથી. વધુમાં પહેલી પાંચ ડાયરીમાં પણ કોઈ આક્ષેપ નથી.

**(૧૦.૫૭.૬)** વિકલી ડાયરીમાં પો.ઇ.ની તમામ જીણવટ ભરી વિગતો દર્શાવવાની હોય છે જેથી પો.ઇ., શ્રી વ્યાસની વિકલી ડાયરીની વિગતો તથા પો.સ.ઇ.

શ્રી આર.પી.પટેલની વીકલી ડાયરીની વિગતોને જ સંપૂર્ણપણે માનવાની રહે અને જે–તે વિકલી ડાયરીમાં લખેલ ન હોય તેવી કથિત વાતો અને અનુમાનો ને કોઈપણ રીતે માનવા લાયક નથી.

**(૧૧)** વધુમાં, આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ તરફે વિ.વકીલ શ્રી બી.એ.તુવરે આંક–૮૨૭થી લેખિત દલીલો, તેમની વિસ્તૃત મૌખિક દલીલ પૂર્ણ થયા બાદ

રજુ કરેલ છે. જે જોતા મુખ્યત્વે તેમની મૌખિક દલીલ અનુસારની છે. જે લેખિત દલીલને આંક આપવામાં આવેલ હોવાથી તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી.

વધુમાં, આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટ તરફે વિ.વકીલ શ્રી બી.એ.તુવરે તેમની આંક-૮૨૭ વાળી લેખિત દલીલોની સાથે દલીલો અનુસંધાને ઓથોરીટીઝ-જજમેન્ટ લીસ્ટથી રજુ કરેલ છે. જે ઓથોરીટીઝની સીધી ચર્ચા હવે પછી ચુકાદામાં કરવી યોગ્ય જણાય છે.

વધુમાં, બચાવપક્ષે આંક-૮૨૪થી પુરસીસ આપી માર્ક-૨૫/૨૪ વાળી રવાનગી નોંધને આંકે પાડવા જાહેરાત કરેલ. જેને આધારે આ દસ્તાવેજને આંક-૮૨૮ રેકર્ડ ઉપર આપવામાં આવેલ છે. તે જ રીતે બચાવપક્ષે આંક-૮૨૫ વાળી અરજી આપી માર્ક-૬૯૮/૧ થી ૬૯૮/૩ વાળી ત્રણ લોગબુક તથા ફોર્મ-B ને આંકે પાડવા તથા આર.આર.જૈનની સારવારના કાગળો માર્ક-૭૫/૩૧ને આંકે પાડવા અરજ કરેલ જેથી તે દસ્તાવેજોને અનુક્રમે આંક-૮૨૯ થી આંક-૮૩૨ આપવામાં આવેલ છે.

(૧૨) બચાવપક્ષની દલીલ પૂર્ણ થયા બાદ તથા બચાવપક્ષે લેખિત દલીલો તથા જજમેનટસ રજુ કર્યા પછી ફરિયાદપક્ષ, બચાવપક્ષની દલીલમાં કેટલીક રેકર્ડ ઉપરની હકીકતોને જુદી રીતે રજુ કરવામાં આવેલ હોવાથી તથા રજુ કરેલ જજમેન્ટ અંગે જરૂરી જવાબ આપવા માંગે છે તેવી રજૂઆત કરતા તથા બચાવપક્ષનો વિશેષ કોઈ વાંધો ન હોવાથી ન્યાયના હિતમાં ફરિયાદપક્ષને તેમની રજૂઆત મુજબ બચાવપક્ષની લેખિત તથા મૌખિક દલીલના તથા બચાવપક્ષે રજુ કરેલ ઓથોરીટીઝ અંગે જરૂરી જવાબ આપવાની પરવાનગી આપવામાં આવેલ અને ફરીયાદપક્ષે બચાવપક્ષની મૌખિક તથા લેખિત દલીલના જવાબ આપેલ. જેનું પુનરાવર્તન નહી કરતા ચુકાદામાં ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૩) ફરિયાદપક્ષે બચાવપક્ષ ધ્વારા આધાર રાખવામાં આવેલ ઓથોરીટીઝ અંગે જરૂરી જવાબ આપેલ અને બચાવપક્ષે રજુ કરેલ લીસ્ટવાળી ઓથોરીટીઝ હાલના કેસની હકીકતો જોતા બચાવપક્ષને મદદરૂપ ન હોવા અંગે દલીલ કરેલ છે. પરંતુ તેની વિગતવાર ચર્ચા કરવાનું અત્રે ટાળેલ છે. જેની ચર્ચા ચુકાદામાં આગળ કરેલ છે.

જયારે ફરિયાદપક્ષે પણ (૧) ૨૦૧૧(૦) AIJEL S.C.–૪૯૪૬૮ જરનૈલસિંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ (૨) ૧૯૫૫(૦)AIJEL S.C.–૨૫૯૬ બાલાદિન વિરુધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ (૩) નામદાર સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ ૧૯૯૧(૧)૪ સુપ્રીમ કોર્ટ–૪૦૬ (૪) ૨૦૧૩(૦)AIJEL S.C.૫૪૦૦– ચરણજીત વિરુધ સ્ટેટ ઓફ પંજાબ તથા ૨૦૨૧(૦)AIJEL S.C.૬૮૨૧૨– કલ્લુખાન વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન  ઉપર આધાર રાખી ફરિયાદપક્ષના કેસના પુરાવાની સાથે આ જજમેન્ટ ધ્યાને રાખવા દલીલ કરેલ છે. જે ઓથોરીટીઝની વિગતવાર ચર્ચા પણ ચુકાદામાં આગળ કરવાનું યોગ્ય જણાય છે. આમ ફરિયાદપક્ષે તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો તથા દસ્તાવેજી પુરાવા જોતા ફરિયાદપક્ષે તેઓનો કેસ નિશંકપણે સાબિત થયેલ હોવાનું અને આરોપી નં.–(૨) નાએ એપ્રુવર તથા મરણજનાર આરોપીની સાથે કાવતરાના ભાગરૂપે તહોમતનામા મુજબના ગુના કરેલ હોવાનું ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે તેથી આરોપીને સજા કરવા રજૂઆત કરેલ છે.

(૧૪) ફરિયાદપક્ષ ધ્વારા બચાવપક્ષની દલીલો પૂર્ણ થયા બાદ તથા બચાવપક્ષની લેખિત દલીલો રજુ થયા બાદ જે જવાબ તેમજ કાયદાકીય મુદ્દે જે દલીલો કરેલ છે તેનો બચાવપક્ષે જવાબ આપવાનું જણાવતા ન્યાયના હિતમાં તેઓને સાંભળવામાં આવેલ છે જે દરમ્યાન તેઓએ મુખ્યત્વે પોતાની દલીલોનું પુનરાવર્તન કરેલ હોવાથી તે દલીલો ચુકાદામાં ટાંકવામાં આવેલ નથી. જે દરમ્યાન બચાવપક્ષે આંક–૮૩૩ થી વધુ ઓથોરીટીઝ રજુ કરેલ છે જેની ચર્ચા પણ ચુકાદામાં આગળ કરેલ છે. બચાવપક્ષે એવી રજૂઆત કરેલ છે કે,

ફરિયાદપક્ષ તહોમતનામા મુજબનો આરોપી નં.-(૨) વિરુધ્ધનો કેસ નિશંકપણે સાબિત કરી શકેલ નહી હોવાથી તહોમતદારને છોડી મુકવા જોઈએ.

(૧૫) ઉપરોક્ત ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા, સરકાર તરફે ખાસ સરકારી વકીલોશ્રીઓની દલીલો તથા બચાવપક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને તથા વંચાણે લેતા તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમા લેતા, ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ-૩૫૪(૧)(બી) મુજબ આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આરોપી નં.(૨) સંજીવ ભટ્ટ કે જેઓ બનાવના અરસામાં સને-૧૯૯૬ની સાલમાં તા.૧૮/૦૬/૧૯૯૬ સુધી બનાસકાંઠા જીલ્લાના પોલીસ અધીક્ષક તરીકે કાર્યરત હતા ત્યારે તેમના તાબાના લોકલ ક્રાઈમ બ્રાંચમાં તાબાના અધિકારી એપ્રુવરશ્રી ઈન્દ્રવદન વ્યાસ તથા મરણજનાર આરોપી માલાભાઈ રબારી કે જેઓ પણ લોકલ ક્રાઈમ બ્રાંચમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજવતા હતા ત્યારે આરોપી નં.-(૨) તથા એપ્રુવર તથા મરણજનાર આરોપી માલાભાઈ રબારીએ તેમની ફરજના સમયગાળામાં સાહેદ સુમેરસિંહ રાજપુરોહિત કે જેઓ એડવોકેટ તરીકે વ્યવસાય કરતા હતા તેઓને નારકોટીક્સના ગુનામાં સંડોવવાનું રચેલ ગુનાહીત કાવતરુ પાર પાડવા સારૂ આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટનાએ તા.૨૯/૦૪/૧૯૯૬ ના રોજ મરણજનાર આરોપી માલાભાઈ રબારીને રૂ.૨૦,૦૦૦/- આપી શેરપુરા ઢાણી મુકામેથી માદક પદાર્થ અફીણની ખરીદી કરવા સુચના આપી અફીણ લઈ આવવા જણાવેલ. જેથી માદક પદાર્થ અફીણ મરણજનાર આરોપી માલાભાઈ રબારીએ આરોપી નં.-(૨)ની સુચના મુજબ શેરપુરા ઢાંણીથી ખરીદ કરી લાવી, તા.૨૯/૦૪/૧૯૯૬ ના સાંજના અરસામાં આરોપી નં.(૨) સંજીવ ભટ્ટના બંગલે જઈ અફીણનું પેકેટ આરોપી નં.-(૨)ને આપેલ અને તે

અફીણ આરોપી નં.–(૨)નાએ હોટલમાં પ્લાન્ટ કરી નારકોટીક્સનો ખોટો કેસ સુમેરસિંહ રાજપુરોહિત વિરુધ્ધ કાવતરાના ભાગરૂપે ઉભો કરવા પોતાના કબજામાં રાખેલ અને તે જ તારીખે સાંજના અરસામાં એપ્રુવર વ્યાસને બોલાવી આરોપી નં.(૨) ભટ્ટે એપ્રુવરને, અફીણ માલો લઇ આવેલ છે અને તે હોટેલમાં મુકી દેશે તમારે ફકત સવારે કંટ્રોલની વર્ધી પ્રમાણે કાયદેસરની કાર્યવાહી કરવાની છે તેવી સુચના આપેલ અને માલાભાઈને અફીણ મુકવા કહેલ ?

(૨) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આરોપી નં.(૨) ભટ્ટે સાહેદ સુમેરસિંહ રાજપુરોહીતની વકીલાત માટે ઉપયોગમાં લેવાતી, પાલી મુકામે આવેલ વર્ધમાન માર્કેટની દુકાન નં.૬ ખાલી કરાવવાના ઈરાદે, ગુનાહીત કાવતરાના ભાગરૂપે સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતને નાર્કોટીકસના ખોટા કેસમાં સંડોવવા, તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ વહેલી સવારના અરસામાં ફોન કરી એપ્રુવર વ્યાસને આરોપી નં.(૨) ભટ્ટે, હોટલ લાંજવતીના રૂમ નં.૩૦૫ માં પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે થોડીવારમાં તમને વર્ધી મળશે સ્ટાફને બોલાવી હોટલ લાજવંતીમાં જઈને રેઈડ કરો. જે મુજબની કંટ્રોલ રૂમમાંથી વર્ધી આપેલ કે, પાલીથી એક નનામી વ્યકિતએ વર્ધી આપેલ છે કે, સુમેરસિંહ રાજપુરોહીત અફીણનો ધંધો કરે છે, ગઈકાલે ૫ કીલો અફીણ લઈને હોટલ લાંજવતીમાં રોકાયેલ છે, અફીણની ડીલીવરી પાલનપુરમાં આપવાની છે. જે ઉભી કરેલ વર્ધીને આધારે આરોપી નં.(૨) ભટ્ટની સુચનાથી એપ્રુવર વ્યાસે અન્ય

પોલીસ કર્મચારીઓ સાથે લા જ વંતી હોટલમાં જઇ રજીસ્ટર ચેક કરી, રૂમ નં.૩૦૫માં જઇ કોઇ વ્યકિત રોકાયેલ ન હોવાનુ જણાયેલ તેમછતા આરોપી

નં.(૨) ભટ્ટની સુચનાને આધારે રૂમ નં.–૩૦૫ના પલંગના ગાદલા નીચેથી આરોપી નં.–(૨) નાએ મુકેલ કે મુકાવેલ અફીણ કે જે મીણીયાની જાંબુડી કલરની થેલીમાં કાપડના બગલ થેલા તથા લુંગીમાં

વિટાળેલ હતું તે આશરે એક કીલો અફીણ મળેલ જેનું વજન એક કિલો પંદર ગ્રામ હતું જેમાંથી આશરે વીસ ગ્રામ અફીણનું સેમ્પલ લઈ તેને સીલ કરી કબજે લેવામાં આવેલ. જે અન્વયે એપ્રુવર વ્યાસે કેટલીક ખોટી હકીકત વાળું ખોટું પંચનામુ ઉભું કરેલ અને પંચોની સહીઓ કરાવેલ. આમ કરવાનો આરોપી નં.–(૨) તથા એપ્રુવરનો ઈરાદો રૂમ નં.–૩૦૫માં સુમેરસિંહ રાજપુરોહિતે અફીણ મુકેલ હોવા તરીકે દર્શાવી તેને કબજે કરી ખોટો કેસ કરવાનો હતો અને જે કાવતરું બહાર ના આવે તેવા ઈરાદે એપ્રુવર વ્યાસે આરોપી નં.(૨)ની સુચના મુજબ કાવતરાના ભાગરૂપે ખોટી ફરિયાદ, નિવેદનો તથા અન્ય ખોટા દસ્તાવેજો ઉભા કરી પોતાની ફરજનો ભાગ ન હોય તેવા કૃત્યો જાણે પોતે ફરજ બજાવતા હોય તેવી રીતે કરેલા ?

(૩) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આરોપી નં.–(૨)નાઓ ધ્વારા આપવામાં આવેલ પુરા સરનામાં તથા તાત્કાલિક પકડી લાવવાની સુચના આધારે સાહેદ સુમેરસિંહના પાલી મુકામેના ધરે એપ્રુવરે તથા અન્ય પોલીસ કર્મચારીઓએ તા.૦૨/૦૫/૧૯૯૬ તથા તા.૦૩/૦૫/૧૯૯૬ની મધ્ય રાત્રીના અરસામાં જઈ સાહેદ સુમેરસિંહને ખોટી હકીકતોવાળી ઉભી કરેલ ફરીયાદના કામે ગેરકાયદેસર અટકાયત કરેલ અને કોતવાલી પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવેલા જ્યાથી આરોપી નં.–(૨)ની થાણા ઇન્ચાર્જ સાથે વાત કરાવી આરોપી નં.–(૨)ની સુચના મુજબ પૂછપરછ કરવા પાલનપુર લઈ જવાના છે તેવો ખોટો રીપોર્ટ એપ્રુવર વ્યાસે આપી સાહેદ સુમેરસિંહને તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ એલ.સી.બી. કચેરી, પાલનપુર ખાતે લઈ આવી, જયાં આરોપી નં.(૨) એ સાહેદ સુમેરસિંહને પોતાની ઓફીસમાં બોલાવી વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરી દેવાની ધમકી આપેલ અને જો તેમ નહી કરે તો હાઇકોર્ટ સુધી જામીન નહી મળે તેવો કેસ બનાવીશુ. તેમ કહી રચેલ કાવતરું પાર પાડવા નારકોટીક્સના ગંભીર ગુનામાં

ગેરકાયદેસર રીતે તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ કલાક.−૧૩/૩૦ વાગે ખોટા ઉભા કરેલ પુરાવાઓના આધારે એપ્રુવર વ્યાસે આરોપી નં.−(૨) ભટ્ટની સુચના મુજબ સાહેદ સુમેરસિંહની અટક કર્યાનું દર્શાવેલ અને તા.૦૪/૦૫/૧૯૯૬ના રોજ કોર્ટમાં રજુ કરી તા.૧૦/૦૫/૧૯૯૬ સુધીના રીમાન્ડ મેળવેલ. દરમ્યાન આરોપી નં.(૨) ભટ્ટની ધમકીથી ગભરાઈને સાહેદ સુમેરસિંહે તા.૦૫/૦૫/૧૯૯૬ના રોજ તેમના સગા તથા વકીલશ્રીને જણાવી દુકાન ખાલી કરવાનો એગ્રીમેન્ટ કરાવતા તે એગ્રીમેન્ટ થઇ જતા તેની જાણ કરતા આરોપી નં.−(૨)નાએ એપ્રુવર વ્યાસને ક્રિ.પ્રો.કોડની કલમ−૧૬૯નો રીપોર્ટ તૈયાર કરવા જણાવેલ અને આરોપી નં.−(૨)નાએ લાજવંતીના નોકરની જગ્યાએ બીજા માણસની વ્યવસ્થા કરતા તેને લઈ જઈ, એપ્રુવર વ્યાસે તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ મામલતદારશ્રી રૂબરૂ સાહેદ સુમેરસિંહની ઓળખ પરેડ કરાવેલ અને બાદ તેની નકલ મળેલ ન હતી તેથી આરોપી નં.−(૨)ની સુચના મુજબ એપ્રુવરે પોતાની રૂબરૂ પણ ઓળખ પરેડનુ પંચનામુ તૈયાર કરી તેવા દસ્તાવેજોને આધારે તથા અગાઉથી તૈયાર કરેલ નિવેદનોને આધારે આરોપી નં.−(૨)ની સુચના મુજબ સાહેદ સુમેરસિંહને છોડી મુકવા કોર્ટમાં ક્રિ.પ્રો.કોડની કલમ−૧૬૯નો રીપોર્ટ ફાઇલ કરેલ. તેમજ આરોપી નં.−(૨)એ પોતાની જાતને સુરક્ષીત કરવા એપ્રુવર મારફતે એન.ડી. પી.એસ. એકટની કલમ ૫૮(૨) મુજબનો રીપોર્ટ ફાઇલ કરાવેલ અને તપાસને ગેરમાર્ગે દોરેલ. વધુમાં, એપ્રુવરને આરોપી નં.(૨) ધ્વારા જે જે સુચનાઓ આપવામાં આવેલી તે એપ્રુવરે તેમની કેસ ડાયરીમાં નોંધી લીધેલ. જે આરોપી નં.−(૨)ના ધ્યાને આવતા તેવી કેસ ડાયરી ફાડી નાખી એપ્રુવરને તેમના હસ્તાક્ષરમાં નવેસરથી તેમની સુચનાઓ વગરની કેસ ડાયરી બનાવવા હુકમ કરેલ. આમ કરી આરોપી નં.−(૨), એપ્રુવર તથા મરણજનાર આરોપીનાઓએ એકબીજા સાથે સહમતી સાધી ગુનાહિત કાવતરું રચી કે ગુનાહિત કાવતરામાં સામેલ થઈ,

કાવતરું પાર પાડી ઉપરોક્ત તારીખોએ, સમયે અને સ્થળે ઈ.પી.કો. કલમ–૧૨૦(બી) મુજબનો ગુનો કરેલ અને ગુનાહીત કાવતરાના ભાગરૂપે કાવતરું પાર પાડવા સાહેદ સુમેરસિંહ રાજપુરોહીત વિરુધ્ધ અફીણનો ખોટો કેસ ઉભો કરી, દબાણ લાવી વર્ધમાન માર્કેટમાં આવેલ દુકાન ખાલી કરાવેલ ?

(૪) ઉપરોકત તમામ હકીકતે શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગુનાહીત કાવતરુ પાર પાડવા ગુનાહીત કૃત્યો કરી તહોમતનામાં મુજબના નાર્કોટીકસ ડ્રગ્સ સાયકોટ્રોપીકસ સબસ્ટન્સીસ એકટ ૧૯૮૫ની કલમ–૧૭, વિકલ્પે કલમ–૧૮ વિકલ્પે, કલમ–૨૧ તથા કલમ–૨૭(એ) તથા કલમ–૨૯ તથા કલમ–૫૮(૧) તથા કલમ–૫૮(૨) તથા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૧૬ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) વિકલ્પે કલમ–૧૧૬ સાથે વાંચતા કલમ–૩૪, કલમ–૧૬૭ સાથે વાંચતા કલમ–૧૨૦(બી), કલમ–૨૦૪ સાથે વાંચતા કલમ–૧૨૦(બી), કલમ–૩૪૩ સાથે વાંચતા કલમ–૩૪, સાથે વાંચતા કલમ–૧૦૯, કલમ–૪૬૫ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) સાથે વાંચતા કલમ–૩૪ સાથે વાંચતા કલમ–૧૦૯, કલમ–૪૭૧ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) સાથે વાંચતા કલમ–૩૪ સાથે વાંચતા કલમ–૧૧૯ મુજબના ગુના કરેલ છે ?

(૫) શું આખરી હુકમ?

(૧૬) ઉપરોક્ત મુદ્દા પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) હકારમાં. આખરી હુકમમાં ઠરાવ્યા મુજબ.

(૫) આખરી હુકમ મુજબ.

<u>બીજા એડીશનલ સેશન્સ જજ, પાલનપુર</u>

## –// કારણો //–

**મુદ્દા નં.(૧) થી (૪) :–**

ફોજદારી કાર્યવાહીના પાયાના, મૂળભૂત અને પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો મુજબ આરોપીએ ગુનો કરેલ નથી અને તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું છે. તેથી ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાઓથી પર રહિને સાબિત કરવાનો રહે છે. આમ પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર છે જયારે બચાવપક્ષે પોતાનો સંભવિત બચાવ રજુ કરવાનો હોય છે. હાલના કિસ્સામાં આરોપી સામે ભારતીય ફોજદારી ધારાના તહોમતનામા મુજબના ગુનાની સાથે સાથે ધી નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક્સ સબસ્ટેન્સીઝ એક્ટ–૧૯૮૫ની જોગવાઈઓના ભંગ બદલના ગુનાનું તહોમત પણ છે. વધુમાં કાયદાની આદેશાત્મક જોગવાઈનો ભંગ હોય તો તે કારણ આરોપીના બચાવને વિપરીત અસર થાય તેવું માનવામાં આવે છે. જયારે આરોપીના કબજામાંથી કાયદા અન્વયેના પ્રતિબંધિત પદાર્થ મળી આવ્યા હોય તેવા કિસ્સાઓમાં ફરિયાદપક્ષે તે સબળ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. પરંતુ હાલના કેસની હકીકતો જોવામાં આવે તો ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતને હોટલ લાજવંતી, પાલનપુરમાં પલંગના ગાદલા નીચે અફીણ પ્લાન્ટ કરી તે એક કિલ્લો પંદર ગ્રામ અફીણમાંથી સેમ્પલ લઈ તે સેમ્પલ તથા વધેલ અફીણવાળો મુદ્દામાલ સીલ કરી તે તથા અન્ય મુદ્દામાલ તારીખ.૨૯/૦૪/૧૯૯૬ના કબજે કરેલ. ધી નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક્સ સબસ્ટેન્સીઝ એક્ટ ૧૯૮૫ની કલમ–૧૭ ના ગુનામાં સંડોવી તેઓ વિરુધ્ધ પાલનપુર શહેર પોલીસ સ્ટેશન, પ્રોહી ગુના રજીસ્ટર નં.–૨૧૬/૧૯૯૬થી ગુનો નોધવામાં આવેલ અને તેઓને પાલી, રાજસ્થાન મુકામેથી અટકાયત કરી પાલનપુર ખાતે લાવી તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ અટક કરી, તા.૧૦/૦૫/૧૯૯૬ સુધીના રિમાન્ડ મેળવવામાં આવેલ અને ગુનાહિત કાવતરાનો હેતુ પૂર્ણ થતા તેમને છોડી મુકવા ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૧૬૯ મુજબનો રીપોર્ટ કરવામાં આવેલ અને ત્યાર બાદ ધી નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક્સ સબસ્ટેન્સીઝ એક્ટ ૧૯૮૫ની કલમ–૫૮(૨)નો ઉમેરો કરવાનો રીપોર્ટ કરવામાં આવેલ હતો. જે પ્લાન્ટ કરેલ અફીણનું કબજે લીધેલ સેમ્પલ એફ.એસ.એલમાં મોકલી આપેલ જેનો અભિપ્રાય આવેલ. આ હકીકતે અદાલતે કાયદાકીય જોગવાઈઓને ધ્યાને રાખી ફરિયાદપક્ષના કેસનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

ફરિયાદપક્ષે ઉપરોક્ત હકીકત પુરવાર કરવા માટે કુલ–૧૯ સાહેદો તપાસેલ છે તે તથા બચાવપક્ષે જે બે સાહેદો તપાસેલ છે તેમના પુરાવામાંથી ઉપસ્થિત થયેલ મુદ્દા એકબીજા સાથે સંકળાયેલ છે. આ કેસમાં રજુ થયેલ સાહેદોના પુરાવા જેવા કે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તથા પક્ષકારોની દલીલો લક્ષમાં રાખી સૌપ્રથમ બન્ને પક્ષે રજુ થયેલ કેસની હકિકતોને સ્પર્શતો પુરાવો ક્રમશ: નોંધી ત્યારબાદ પુરાવાની ચર્ચા તથા મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

(એ) **આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૧) તરીકે આંક–૧૭૦થી સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહીતના સહીઓના લીધેલ નમુનાના પંચસાહેદ મહંમદયુનુસ રહેમાન વોરા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** તેઓ પહેલા રીક્ષા ચલાવતા હતા. તેમને પાલનપુર પોલીસે તા.૪/૫/૧૯૯૬ના રોજ પંચમાં રહેવા માટે બોલાવેલ હતા. તે વખતે આશરે સવારના અગ્યાર વાગ્યાનો સમય હતો. તેઓ એલ.સી.બી. ઓફીસમાં પંચ માટે ગયેલા. ત્યાં તેમના જેવા બીજા એક વ્યકિત નીચે બેસેલ હતા, જેનું નામ સુમીત પુરોહીત હતુ. તેઓ ત્યાં પહોચતા તેમને પુછવામાં આવેલ કે, ''તમારે પંચનામામાં સહીઓ કરશો'', જેથી તેમણે હા પાડતા તેમની જોડે એક બીજા ઠાકોર ભાઈ હતા, મજકુર પંચસાહેદે સહી કરેલી, જે સહી તેમને બતાવેથી તેઓ ઓળખી શકે, તેમ જણાવતા તેમને ની.૨૫/૧૪ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચ નં.(૧) તરીકે તેમણે પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેમની સાથેના ઠાકોરભાઈએ તેમની હાજરીમાંજ સહી કરેલી. મજકુર પંચસાહેદને તેમની સહી બતાવેથી તેઓ ઓળખી શકે નહી. લખાણ તેમની સામે લખેલુ પણ તેમણે વાંચેલુ નહી. વધુમાં પંચસાહેદ જણાવે છે કે, તેમને અગ્યાર વાગે બોલાવેલા, સવા બાર વાગ્યા સુધી લખાણ કરેલુ અને સહી કરીને જવા દીધેલા. તેઓને સહીના નમુનાવાળા કાગળો અંગે દસ્તાવેજી લીસ્ટ રજુ થતા

સદર લીસ્ટને આંક–૧૭૧ આપવામાં આવેલ છે. તેમજ તેમને માર્ક–૧૭૧/૧ થી ૧૭૧/૨૪ બતાવતા, જે તમામમાં તેમણે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. વધુમાં સદર પંચસાહેદ જણાવે છે કે, તેમની સાથેના ઠાકોરભાઈ હતા, તેમણે પણ તે તમામમાં તેમની સાથે સહી કરેલી હતી. જે રાજપુરોહીતભાઈ હતા, તેમણે તેમની હાજરીમાં સહીઓ કરેલી. તેમણે જમણા તથા ડાબા હાથે તેમ બન્ને હાથોથી સહીઓ કરેલી, જે સહીઓ તેમને બતાવવામાં આવેથી તેઓ ઓળખી શકે નહી. વધુમાં સદર પંચસાહેદ જણાવે છે કે, તેમણે જે લખાણમાં સહી ઓળખી બતાવી તે લખાણ અત્રેની કોર્ટ ધ્વારા હમણા તેમનેજે વાંચી સંભળાવેલુ છે, તે લખાણ પર તેમણે સહી કરેલી. તેમણે તથા તેમની સાથેના ઠાકોરભાઈએ સહી કરેલી. વધુમાં સદર પંચસાહેદ જણાવે છે કે, તેમણે ની.૨૫/૧૪ વાળા પંચનામામાં કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા જે આઈ.બી.વ્યાસ, પો. ઈન્સ્પે., એલ.સી.બી. પાલનપુર નાઓએ, હોટલ લાજવંતીના રજીસ્ટરની તા.૨૯/૪/૯૬ના રોજની એન્ટ્રી નં.૬૪૦, નામ:–સુમેરસિંહ રાજપુરોહીતવાળા લખાણમાંની સહી મુજબના, ભોગબનનાર સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહીતના સહીઓના લીધેલ નમુનાનુ પંચનામુ આંક–૧૭૨થી રજુ થયેલ છે. તેમજ સદર પંચસાહેદની જુબાની દરમ્યાન માર્ક–B1થી B5 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૭૩થી, તેમજ માર્ક–B6થી B11 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૭૪થી, તેમજ માર્ક–B12થી B17 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૭૫થી, તેમજ માર્ક–B18થી B23 વાળા દસ્તાવેજમાં

તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૭૬થી, તેમજ માર્ક–B24થી B27 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૭૭થી, તેમજ માર્ક–ખઘડથી ખઘપ વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આં ક–૧૭૮થી, તેમજ માર્ક–C1YL C5 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૭૯થી, તેમજ માર્ક–C6થી C11 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૮૦થી, તેમજ માર્ક–C12થી C17 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૮૧થી, તેમજ માર્ક–C18થી C23 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૮૨થી, તેમજ માર્ક–C24થી C29 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૮૩થી, તેમજ માર્ક–C30થી C35 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૮૪થી, તેમજ માર્ક–D1થી D5 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૮૫થી, તેમજ માર્ક–D6થી D11 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૮૬થી,

તેમજ માર્કે–D12થી D17 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૮૭થી, તેમજ માર્કે–D18થી D23 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૮૮થી, તેમજ માર્કે–D24થી D29 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૮૯થી, તેમજ માર્કે–D30થી D35 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૯૦થી, તેમજ માર્કે–E1થી E5 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૯૧થી, તેમજ માર્કે–E6 થી E11 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૯૨થી, તેમજ માર્કે–E12થી E17 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૯૩થી, તેમજ માર્કે–E18થી E23 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૯૪થી, તેમજ માર્કે–E24થી E29 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૯૫થી, તેમજ માર્કે–E30થી E35 વાળા દસ્તાવેજમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ્તાવેજ આંક–૧૯૬થી રજુ થયેલ છે.

**સદર પંચસાહેદની આરોપી સંજીવ ભટ્ટ તર્ફે વિ.વ.શ્રી બી.એ.તુંવર દ્વારા લીધેલ ઉલટતપાસમાં તેમણે જણાવેલ છે કે,** જે–તે સમયે તેઓ કમાલપુરા વિસ્તારમાં આવેલ મહંમદપુરા વોરવાસમાં રહેતા હતા. તેમને શહેરના પોલીસ સ્ટેશનમાં નહી, પરંતુ જોરાવર પેલેસમાં આવેલ એલ.સી.બી. પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. એલ.સી.બી. ઓફીસમાં પાછળના ભાગે જે ઓફીસ હતી ત્યાં તેમને લઈ ગયેલા. તેમને પંચમાં રહેવા કીધેલું અને તેમણે હા પાડેલી એટલે તેમને લઈ ગયેલા અને પછી સહીઓ કરવાનું કહેતા તેમણે સહીઓ કરેલી. તેમણે ૨૪–૨૫ પાનામાં સહીઓ કરેલી. વધુમાં તેઓ જણાવે છે કે, તેમને કોર્ટમાં જે પંચનામુ વાંચી સંભળાવવામાં આવ્યુ તે રીતે પોલીસવાળાએ કોઈ પંચનામુ વાંચી સંભળાવેલ નહી. વધુમાં તેમણે એ વાત સ્વિકૃત રાખેલ છે કે, તેમની હાજરીમાં તેમની સાથેના ઠાકોરને પણ પંચનામુ વાંચી સંભળાવેલુ નહી. ત્રણ–ચાર પોલીસના માણસો ત્યાં હતા. સહીઓ કરીને તેમને જવા દીધેલા. આ સહીઓ સીવાય બીજી કોઈ કાર્યવાહી કરેલી નહી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસના માણસો હતા અને તેઓ બે પંચો હતા, તે સીવાય બીજા માણસો પણ અંદર આવતા–જતા હતા. તેમજ તેમણે એ વાત સ્વિકૃત રાખેલ છે કે, પોલીસના માણસો અને તેઓ બે પંચો સીવાય તેમણે નીચે બેઠેલ એક માણસ સીવાય બીજા કોઈને જોયેલ નહી. જે ભાઈ હાજર હતા તેમનુ નામ સુમીતભાઈ છે, તેવી તેમને એવી રીતે ખબર પડેલ કે, પોલીસે તેમની સામે પુરોહીતની ડાબા અને જમણા હાથથી સહીઓ કરાવેલી અને તેની નીચે તેમની અને ઠાકોરની સહીઓ કરાવેલી. લાજવંતીમાંથી ગુલાબી કલરનુ એક રજીસ્ટર લાવેલા. વધુમાં તેમણે એ વાત સ્વિકૃત રાખેલ છે કે, તેઓ તે દિવસે કુંદમીરબાવા સૈયદ વકીલને નાનીબજારમાંથી રીક્ષામાં લઈને આવેલા હતા.

તેમની જે સહીઓ લીધી તે પોલીસ જમાદારનુ નામ તેમને ખબર નથી. તેમજ વધુમાં તેમણે એ વાત સ્વિકૃત રાખેલ છે કે, તેમની રૂબરૂ કોઈ પોલીસવાળાએ એકપણ કાગળમાં સહી કરેલ નહી. તેમજ સુમીતભાઈનુ નામ તેમને પોલીસવાળાએ કહેલ હોવાની વાતનો તેમણે ઈન્કાર કરેલ છે. બાદમાં તેમણે જણાવેલ છે કે, કાગળ લાવેલા, બાદમાં તેઓ વધુમાં જણાવે છે કે, જે ફાઈલ લાવેલા તેમાં નામ લખેલુ હતુ. વધુમાં તેમણે એ વાત સ્વિકૃત રાખેલ છે કે, જયારે પોલીસવાળાને જરૂર પડે ત્યારે રીક્ષાવાળાને સહીઓ માટે બોલાવે છે.

(બી) **આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૨) તરીકે આંક–૨૦૩થી ઓળખપરેડના પંચસાહેદ અમરતભાઈ અમથાલાલ જોષી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** સને–૧૯૯૬ના મે મહિનાનામાં તેઓ ગલબાભાઈને ત્યાં નોકરી કરતા હતા. તે વખતે મામલતદાર ઓફિસ દ્વારા તેમનુ વાહન રીક્વીજીટ કરવામાં આવેલુ હતુ. જેથી તે પાલનપુર મામલતદાર ઓફિસ આવેલા હતા અને ત્યાં તેમના વાહનની જેમ બીજા વાહનો પણ રીક્વીજીટ કરવામાં આવેલા હતા. મામલતદાર ઓફિસમાં તે વખતે તેમની જોડે ગલબાભાઈ હતા, જેઓ મગરવાડા ગામના વતની છે. મામલતદાર ઓફિસમાં ગલબાભાઈના ગામના અને કુટુંબના માણસો કામ કરતા હતા. મામલતદાર ઓફિસમાં કામ કરતા તે કર્મચારી ભાઈનું નામ કામરાજભાઈ છે. તેઓ મામલતદાર ઓફિસમાં હતા, તે દિવસે તેમને કામરાજભાઈને મળવાનું થયેલુ અને કામરાજભાઈને મળ્યા તે વખતે તેમની જોડે ગલબાભાઈ હતા. તે અને ગલબાભાઈ ગાડીમાં બેઠેલા અને તે વખતે કામરાજભાઈ અંદર ઓફિસમાંથી આવેલા અને તેઓને અંદર ઓફિસમાં બોલાવતા તેઓ કચેરીમાં ગયા ત્યારે તેમને સહી કરવાનુ કહેતા તેમણે સહી

કરેલી. સહી કર્યા બાદ તેમને ગાડીમાં જઈને બેસવાનું કીધેલુ. તેમણે જે કાગળ ઉપર સહી કરેલી તે કાગળા તેમણે વાંચેલુ નહી કે તેમને કોઈએ વાંચી સંભળાવેલુ નહી. તેમના સિવાય ગલબાભાઈએ તેમાં સહી કરેલી. તેમણે જે સહી કરેલી તે લખાણ તેમને બતાવેથી તેઓ તેમની સહી ઓળખી શકે, તેમ જણાવી તેમણે ની.૨૫/૧૮ વાળા પંચનામામાં પંચ નં.(૧) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા જે ઓળખપરેડનુ પંચનામુ આંક–૨૦૪થી રજુ થયેલ છે.વધુમાં તેમણે જણાવેલ છે કે, તેમણે ઉકત જણાવ્યા મુજબના અનુસંધાને સી.આઈ.ડી. ક્રાંઈમ બ્રાન્ચવાળાએ સને–૨૦૧૮ના દસમાં મહિનામાં તેમની પુછપરછ કરેલી અને જવાબ લખેલો.

**સદર પંચસાહેદની આરોપી સંજીવ ભટ્ટ તર્ફે વિ.વ.શ્રી બી.એ.તુંવર ધ્વારા લીધેલ ઉલટતપાસમાં સાહેદે એ વાતનોસ્વિકાર કરેલ છે કે,** તેમણે સહી કરેલ આંક–૨૦૪ વાળા કાગળમાં તા.૬/૫/૧૯૯૬ની તારીખ લખેલ છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે વખતે સમય લખેલો. તેમના જણાવ્યા પ્રમાણે બપોરના ૧૧.૩૦ થી ૧૨.૦૦ વાગ્યાનો સમય હતો. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૨૦૪ વાળું કાગળ તેમને બતાવતા તેમા તેમની સહીની સામે તા.૬/૫/૧૯૯૬ની નીચે કલાક–૧૭:૦૦ લખેલુ છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તા.૬/૫/૧૯૯૬ના રોજ તેમને કામરાજભાઈ મામલતદાર સાહેબની ઓફિસમાં લઈ ગયેલા. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ત્યાં તેમને ઓળખ પરેડના પંચનામામાં પંચ તરીકે રહેવા મામલતદાર ડોડીયા સાહેબે કીધેલુ. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમને મામલતદાર સાહેબે પ્રો.ગુ.ર. નં.૨૧૬/૯૬ના કામે આરોપીની

ઓળખ પરેડ કરવા માટે પંચમાં રહેવા સમજ આપેલી. તેમને એ વાતની ખબર નથી કે, તે વખતે આરોપી મામલતદાર સાહેબની ચેમ્બરમાં હતા. તેમને એ વાતની ખબર નથી કે, સાક્ષીઓની ઓળખ પરેડ કરવાની હતી તેઓને સામે મધ્યાહ્ન ભોજનની ઓફિસમાં બેસાડવામાં આવેલા હતા. વધુમાં તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમની હાજરીમાં આરોપીના નામઠામ પુછેલા. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે વ્યક્તિએ પોતે સુમિત રાજપુત હોવાનું જણાવેલુ. તેમજ એ વાતનો પણ તેમણે ઈન્કાર કરેલ છે કે, તેમની હાજરીમાં બહારથી બીજા આઠ માણસોને બોલાવવામાં આવેલા અને લાઈનસર ઉભા રાખેલા અને તે લોકોને કપડા બદલવા હોય તો બદલો તેવી સમજ પણ તેમની હાજરીમાં કરવામાં આવેલી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ''આરોપીને પણ બોલાવી તમારે પણ કપડાં બદલવા હોય તો બદલી શકો છો તેવી સમજ આપેલી અને તેઓએ ના પાડતાં લાઈનમાં ક્રમમાં ઉભા રહેવાનું કહ્યું એટલે તેઓ ૪ થી ૫ ક્રમ વચ્ચે ઉભા રહેલાં ત્યારબાદ પટાવાળાએ સામેના રૂમમાંથી શાન્તીલાલ અને બીજા ભાઈને ત્યાં બોલાવેલા''. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ બન્ને જણાઓને વારાફરતી બોલાવેલા. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, ''શાન્તીભાઈએ કોઈ આરોપીને ઓળખેલા નહિ અને ત્યારબાદ મનુભાઈ કોદરવીને બહારથી બોલાવેલા અને તેને પણ આરોપીને ઓળખવાનું કહેલું અને મારી હાજરી હાજરમાં તેઓએ કોઈ આરોપી ઉભેલ નથી તેવું જણાવેલુ'', તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, ત્યારબાદ બધાને બહાર મોકલી દીધેલા અને સુમિતભાઈ રાજપુત નામના માણસને પોલીસને સોંપી દીધેલા. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, આ કાર્યવાહી થતી હતી તેમ–તેમ મામલતદાર સાહેબની હાજરીમાં તેમના

લખાવ્યા મુજબ પંચનામુ લખેલુ અને બાદમાં તે પંચનામુ તેમને વાંચી સંભળાવેલું અને પછી તેમણે કબુલ કરતા પહેલીતેમની સહી લીધેલી અને પછી ગલબાભાઈની સહી લીધેલી. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, આંક–૨૦૪ વાળા કાગળમાં એકલીતેમની સહી લીધેલાનું તેઓ ખોટુ જણાવે છે. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, પંચનામુ વાંચીને તેમણે સહી કરેલી હતી. તેમને પંચનામુ ક્યારેય કોઈએ પણ વાંચી સંભળાવેલું કે સમજાવેલું નથી.વધુમાં સદર પંચસાહેદ તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, તા.૯/૧૦/૨૦૧૮ના રોજ સી.આઈ.ડી. ક્રાંઈમની ઓફિસ પાલનપુરમાં તેમનો જવાબ લેવાયેલો. તેમનો જવાબ ક્રાંઈમ બ્રાન્ચના કોઈ સાહેબે લીધેલો. તેઓ એકપણ વાર ગાંધીનગર ગયેલ નથી. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, સી.આઈ.ડી. ક્રાંઈમ બ્રાન્ચના દબાણના કારણે તેમણે ખોટો જવાબ લખાવેલો છે. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, તા.૬/૫/૧૯૯૬ના રોજ તેમને બતાવવામાં આવેલ આંક–૨૦૪ વાળું પંચનામુ તેમના લખાવ્યા પ્રમાણે લખવામાં આવેલું છે અને તેમને તે પંચનામુ વાંચી સંભળવાની સમજાવવામાં આવેલુ તે પછી જ તેમણે તેમની સહી કરેલી છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમને સરતપાસમાં જે લખાણ બતાવવામાં આવ્યું તે વાંચી સંભળાવવામાં આવેલુ નથી. વધુમાં તેઓ જણાવે છે કે, તેઓ આજરોજ સવારે અગીયાર વાગ્યેથી કોર્ટમાં આવેલ અને ક્રાંઈમ બ્રાન્ચની ઓફિસમાં ગયેલ ત્યાં તેમણે કીધેલું કે''હું આવી ગયેલો છું તો પોલીસ કર્મચારીએ બેસો'', તેમ કહેતા તેમણેકહેલું કે,''અમો બહાર બેસીએ છીએ'', તેમ કહી ક્રાંઈમ બ્રાન્ચની ઓફિસની બહાર બેઠેલા. આ કોર્ટનો તેમને સમંસ

મળેલો અને ગલબાભાઈને પણ મળેલો. વધુમાં તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ બન્ને સાથે આવેલા અને એજ રીતે સાથે બેઠેલા. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ ક્રાઈમ બ્રાન્ચની ઓફીસે હાજરી પુરાવવા ગયા તે વખતે તેમને ત્યાં બેસાડીને તા.૯/૧૦/૨૦૧૮ના રોજનું નિવેદન વાંચી સંભળાવેલુ અને દબાણ પૂર્વક તે મુજબ જુબાની આપવાનુ કહેલુ. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે વખતે આ પંચનામુ પણ તેમને વાંચી બતાવેલું અને તે પંચનામામાં માત્ર સહી કરી છે તેવું કહેવાનું દબાણ પૂર્વક શીખવાડેલુ. હાલ તેઓ ગાડી ચલાવે છે પણ બીજાની છુટક ગાડી ચલાવે છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, રેલ્વે સ્ટેશને ભાડાની ગાડીઓ હોય છે ત્યાં તેઓ રોજ સવારે આવી જાય છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસ અવાર–નવાર તેમને મેમા પણ આપે છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમનો ધંધો સારી રીતે ચાલે એટલા માટે પોલીસના કહેવાથી ખોટી જુબાની આપે છે અને ખોટો જવાબ લખાવેલો છે.

(સી) **આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૩) તરીકે આંક–૨૦૫થી લાજવંતીના રૂમ નં.૩૦૫ના સર્ચ સીઝરના પંચસાહેદ મહંમદજુબેર અબ્દુલભાઈ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** તે ચડોતર ગામમાં તેમના જન્મ સમયથી જ રહે છે. તેમની હોટલનું નામ નેશનલ છે. જે એરોમા સર્કલ ઉપર આવેલ છે. આશરે પચાસેક વર્ષથી તેમના પિતાના સમયથી હોટલ ત્યાં ચાલે છે. તેમની હોટલમાં ત્રણથી ચાર માણસો અને ત્રણથી ચાર માણસો રાત્રે હોય છે. અત્યારે તેઓ તેમની હોટલ ઉપર તબિયતના કારણે ઓછા આવે છે. સને–૧૯૯૬ની સાલમાં તેમની હોટલ ઉપર અત્યાર કરતા ઓછા માણસો કામ કરતા હતા. તેમની હોટલની આજુબાજુમાં બીજી હોટલ લાજવંતી, હોટલ વેવેઈટ, હોટલ કેપલ,

હોટલ સન ઓફ ઈન્ડીયા અને અન્ય બીજી હોટલો પણ આજુબાજુ આવેલી છે. સને–૧૯૯૬ના એપ્રિલ મહિનામાં તેઓ સવારના ટાઈમે હોટલ ઉપર હતા. તે વખતે તેમની હોટલ ઉપર બે પોલીસવાળા આવેલા જેમાં એક અબ્બાસભાઈ હતા તેમને તેઓ ઓળખે છે અને બીજાનુ નામ તેમને ખબર નથી. તેઓ તેમના સ્ટાફના માણસને લાજવંતી હોટલ ઉપર સહી કરવા લઈ જતા હતા,જેથી તેમણે તેઓને ના પાડેલી. તેમણે તેઓને કહેલુ કે, ''હું તમારી જોડે આવુ છુ'', તેમ કહી તે બન્ને જણા જોડે તેઓ લાજવંતી હોટલ ઉપર ગયેલ. લાજવંતી હોટલમાં બહાર બગીચામાં તેઓ પહોચેલાં. ત્યાં તેમની સહીઓ લીધેલી. ચોક્કસ કેટલી સંખ્યામાં સહીઓ લીધેલી તે હાલ યાદ નથી. ત્યાં કેટલો સમય રોકાવવાનું થયું તે ચોક્કસ સમય યાદ નથી પરંતુ સહીઓ થઈ રહી ત્યાં સુધી તે રોકાયેલા હતા. તે દિવસે તેમની હાજરીમાં કોઈ બીજાએ સહી કરેલી નહી. વધુમાં સદર પંચસાહેદ જણાવે છે કે, સપ્ટેમ્બર–૨૦૧૮ના સમયમાં સી.આઈ.ડી. ક્રાંઈમે તેમની પુછપરછ કરેલી અને નિવેદન લીધેલુ. તેના થોડા દિવસ પછી તેમને મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ નિવેદન આપવા જવાનું થયેલુ. તે નિવેદનમાં પણ તેમને સહી કરવાની થયેલી. લાજવંતી હોટલના બગીચામાં તેમણે જે સહી કરી તે સહી તેમને બતાવવામાં આવેથી તેઓ ઓળખી શકે. તેમને નીશાની–૨૫/૨ બતાવતા તે પંચનામામાં પ્રથમ પાને નીચેના ભાગે હાંસીયામાં અને છેલ્લા પાને અંત ભાગે તેમણે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ સહી કરેલુ લખાણ તેમણે વાંચેલુ નહી. લખાણ તેમની હાજરીમાં કોઈ લખતુ હતુ કે કેમ? તે તેમને યાદ નથી, પરંતુ તેમણે ખાલી સહી કરેલી, તેમ જણાવી તેમણે ની.૨૫/૨ વાળા પંચનામામાં કરેલ સહી ઓળખી બતાવતા જે પંચનામુ

આંક–૨૦૬થી રજુ થયેલ છે. આ સહી કરી તે વખતે કોઈ વસ્તુઓ ત્યાં હતી કે કેમ? તે હાલ યાદ નથી.

**સદર પંચસાહેદની આરોપી સંજીવ ભટ્ટ તર્ફે વિ.વ.શ્રી બી.એ.તુંવર ધ્વારા લીધેલ ઉલટતપાસમાં તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે,** જે–તે સમયે તેમની હોટલની બાજુમાં પોલીસ ચોકી આવેલી હતી. તેમજ ઉત્તરે આવેલ કોલેજથી પશ્ચિમ અને દક્ષીણ ખુણા ઉપર પોલીસ ચોકી આવેલી હતી. જોકે તે સિવાય પૂર્વ તરફ ગેરેજો આવેલાનુ સ્વિકાર કરેલ છે. સાહેદે જે–તે સમયે મોમીન સમાજના એક ભાઈની હોટલમાં સમાજના લોકો નમાજ પઢવા જતા હોવાની વાતનો સ્વિકાર કરેલ છે. જયારે ગુલાબ રસુલઅબ્દુલ રહેમાન પઠાણ, ધાનેરાવાળાને ઓળખતા નથી તેવુ જણાવેલ છે. બચાવપક્ષના સુચનાત્મક પ્રશ્નના જવાબમાં સાહેદે આંક–૨૦૬વાળા પંચનામામાં બન્ને પાના ઉપર તેમની સહીઓ હોવાનુ કબુલ રાખેલ છે. સાહેદે અન્ય સુચનાત્મક પ્રશ્નના જવાબમાં એવુ જણાવેલ છે કે, તેઓને યાદ નથી કે, આંક–૨૦૬ વાળુ કાગળ લખેલો હતો કે કોરો હતો અને તેઓને કોરા કાગળમાં સહી કરવાનુ કીધેલુ. સાહેદે અબ્બાસભાઈ પોલીસવાળાને અંગત રીતે ઓળખતા હોવાનો ઈન્કાર કરેલ છે, પરંતુ પોલીસમાં નોકરી કરતા હોઈ તેમના નામની ખબર હોવાનુ જણાવેલ છે. આ સિવાય બચાવપક્ષે સાહેદે કયા કામમાં સહી કરેલી, તેઓએ સહી કરી તે વખતે બીજા કોઈની સહી કરેલી હતી કે કેમ? તેનો ખ્યાલ નહી હોવાનુ જણાવેલ છે. બચાવપક્ષના સુચનાત્મક પ્રશ્નના જવાબમાં તેમણે તેઓ અને ગુલામભાઈ નમાજ પઢીને આવતા હતા અને તે વખતે તેઓ અને ગુલામભાઈને લાજવંતી હોટલ પાસે અબ્બાસભાઈ અને બીજા પોલીસના માણસોએ ઉભા રાખેલા અને અંદર લઈ ગયેલા તેનો સ્વિકાર કરેલો છે.

જયારે લાજવંતી હોટલનુ કાઉન્ટર પગથીયા ચઢતા ભોયતળીયે એકબાજુ હોવા અંગે યાદ નહી હોવાનુ જણાવેલ છે અને લાજવંતી હોટલમાં ઉપર ગેસ્ટહાઉસ હોવાનુ કબુલેલ છે. સાહેદે એવુ જણાવેલ છે કે, તેઓને તે અગાઉ કયારેય લાજવંતી હોટલ, કેપલ હોટલ કે વેવેઈટ હોટલમાં જવાનુ થયુ નથી. જોકે કેપલ હોટલના માલિક અલીભાઈ પલાસરા અને લાજવંતી હોટલના માલિક કોઈ ગુપ્તા હતા તેવુ જણાવેલ છે. સાહેદને તા.૫/૯/૧૮ના રોજ જવાબ લખાવવા માટે કોણ બોલાવવા આવેલુ તેવા સુચનાત્મક પ્રશ્નના જવાબમાં સાહેદે એવો પુરાવો આપેલ છે કે, જવાબ લખાવવા માટે સમન્સ આવેલો હતો પરંતુ સમન્સ કયો પોલીસનો માણસ અને કેટલા દિવસ પહેલા લઈને આવેલાનુ યાદ નથી. તેઓ એકલા ગાંધીનગર ગયેલા. ત્યાં બીજા કોઈ લોકો આવેલ હતા કે કેમ તેની ખબર નથી. બચાવપક્ષના સુચનાત્મક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ જવાબ લખાવવા માટે ગયેલા ત્યારે ત્યાં તેઓને પંચનામાની સહીઓ બતાવેલી પરંતુ તે સિવાય બીજી કોઈ સહી બતાવેલી કે કેમ તે યાદ નથી. આ ઉપરાંત લાજવંતીના બગીચામાં બે સહીઓ કરી તે સિવાય બીજી સહીઓ કરેલી કે કેમ તે પણ યાદ નહી હોવાનુ જણાવેલ છે. બચાવપક્ષે આ સાહેદને તા.૫/૯/૧૮ના રોજનો જવાબ વંચાવી તેમાં એક કોરા કાગળમાં ચાર–પાંચ સહીઓ લીધેલી હતી તેવુ લખેલાનો સ્વિકાર કરેલ છે અને તે વાકય તેમના લખાવ્યા મુજબ લખેલાનુ જણાવેલ છે. બચાવપક્ષના સુચનાત્મક પ્રશ્નના જવાબમાં સાહેદે એવુ જણાવેલ છે કે, તેઓ ગાંધીનગર ગયા ત્યારે પોલીસવાળા વ્યાસ સાહેબે તેમનો કોઈ અગાઉનો જવાબ લીધેલો હોય અને બતાવ્યો હોય કે વાંચી સંભળાવ્યો હોય તેવુ બનેલુ નથી. સાહેદે બચાવપક્ષના સુચનાત્મક પ્રશ્નોના જવાબમાં લાજવંતી હોટલમાં તેઓની અને ગુલામભાઈને પંચ તરીકે લઈ ગયેલ હોવાનુ અને ત્યાં

પોલીસ ઓફીસર ચોધરી સાહેબ અને વ્યાસ સાહેબ તથા બીજા પોલીસના માણસો હાજર હોવાનુ, કાઉન્ટર ઉપર હોટલના માલિક બેઠેલ હોવાનુ અને તેઓને સાથે લઈ રૂમ નં.૩૦૫માં ગયેલ હોવાનુ તથા રૂમ ખોલ્યો ત્યારે તેઓ પંચો, વ્યાસ સાહેબ અને પોલીસ કર્મચારીઓ સાથે અંદર ગયેલ હોવાની વાતો ઈન્કાર કરેલ છે. સાહેદે તે રૂમમાં જોતા કોઈ માણસ રૂમમાં નહી રોકાયેલ હોવાનુ અને તે માણસ રૂમમાંથી બહાર ગયેલ હોવાનુ રૂમની સ્થિતિ ઉપરથી જણાયેલાનુ તેમજ તેઓની હાજરીમાં વ્યાસ સાહેબ અને પોલીસના માણસોએ ગાદલા નીચેથી એક પ્લાસ્ટીકનુ પેકેટ હાથમાં લઈ તે પેકેટ એક કોથળીમાં મુકી વ્યાસ સાહેબે કબજે લીધેલાની વાતનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. આ ઉપરાંત ત્યારપછી તેઓને રૂમમાં બેસાડી પોલીસવાળાઓએ લખાણ લખેલ હોવાનુ અને કોરા ચાર-પાંચ કાગળોમાં સહીઓ લીધેલ હોવાનો તથા પંચોને વંચાવ્યા વગર પંચ તરીકે સહીઓ લઈ તેઓને જવા દીધેલાની વાતનો પણ ઈન્કાર કરેલો છે. બચાવપક્ષના સુચનાત્મક પ્રશ્નના જવાબમાં સાહેદે સમગ્ર કાર્યવાહી દરમ્યાન ગુલામરસુલ અબ્દુલરહેમાન પઠાણ, ધાનેરાવાળા પંચ નં.(૧) તરીકે હાજર હોવાનુ અને જે રીતે તેઓની સહીઓ લીધી તેજ પ્રમાણે તેમની પણ સહીઓ લીધેલ હોવાની વાતનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે અને છેલ્લે ટ્રાફીક અને અન્ય પોલીસાવાળ સને-૧૯૯૬ની સાલ પહેલાથી તેમના પિતાના વખતથી ચા-પાણી કરવા આવતા જતા રહેતા હોઈ પહેલાથી તેમના કુટુંબને નજીકના સબંધો હોવાની વાતનો ઈન્કાર કરી તેઓની મરજી વિરૂધ્ધ ગાંધીનગર લઈ જઈ તેમના મરજી વિરૂધ્ધ જવાબ આપવા માટે દબાણ કરવામાં આવેલ હોવાની વાતનો અને સને-૧૯૯૬ના બનાવની ઘટના

છુપાવી ઈન્કાર કરી સને–૨૦૧૮ના જવાબ મુજબ ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે.

(ડી) **આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૪) તરીકે આંક–૨૦૯થી તોલાટ દિપકકુમાર અમરતલાલ ગામીતેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** બનાવના અરસામાં તેઓ અભ્યાસ કરતા હતા. ગામી પ્રોવીઝન સ્ટોર નામની દુકાન તેમના પિતા શ્રી ગુરૂનાનકચોક વિસ્તારમાં ચલાવતા હતા. તેઓ તેમના પિતાની દુકાને ઉભા હતા, તે વખતે એક પોલીસવાળા ભાઈએ તેમને બોલાવેલ અને કહેલું કે, ''કાંટો અને બાટ લઈને તેમની સાથે ચાલો'', તેમ કહી તેમનેગાડીમાં બેસાડીને લાજવંતી હોટલે લઈ ગયેલાતે તેમને ખબર નથી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેમને લાજવંતી હોટલના એક રૂમમાં લઈ જઈ કોઈ કાળા પદાર્થનું વજન કરાવડાવેલું. તેમણે વજન કરી આપેલુ. પછી તેમને એક કાગળમાં પોલીસવાળાએ લખાવડાવેલુ જેમાં પોલીસવાળા બોલતા હતા અને તેઓ લખતા હતા. પછી તેમણે સહી કરેલી. તેમને લખેલુ લખાણ બતાવેથી તેઓ ઓળખી શકે તેમ જણાવતા તેમણે ની.–૨૫/૭ વાળા પ્રમાણપત્રમાં કરેલ સહી ઓળખી બતાવતા, જે તેમના ધ્વારા તા.૩૦/૪/૯૬ના રોજ લાજવંતી હોટલના રૂમ નં.૩૦૫માંથી મળેલ હોય તેવા અફીણના વજન અંગે આપેલ પ્રમાણપત્ર આંક–૨૧૦થી રજુ થયેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, પોલીસે તેમનો કોઈ જવાબ લીધેલ નથી. બાદમાં સને–૨૦૧૮માં તેમને ગાંધીનગર પોલીસે બોલાવેલ ત્યાં તેમની પુછપરછ કરી અને જવાબ લીધેલો.

**સદર સાહેદની આરોપી સંજીવ ભટ્ટ તર્ફે વિ.વ.શ્રી બી.એ.તુંવર ધ્વારા લીધેલ ઉલટતપાસમાં તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે,** ગણેશપુરા શાળાની

બાજુમાં તેમનુ રહેઠાણ હતુ. તે વખતે તેમનુ રહેઠાણ ગણેપુરા શાળાથી થોડે દુર હતુ. તેમ ને લખાણ લખાવતા હતા તે પોલીસવાળાનું નામ તેમ ને ખબર નથી. તેમણે તેમાં તેમનુ નામ, ઉંમર, સરનામુ, ધંધો, દુકાનનું નામ વિગેરે લખાવેલુ. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમણે તેમનો ટેલીફોન નં.52384 લખાવેલો અને દુકાન ગામી પ્રોવીઝન સ્ટોર, ગુરુનાનક ચોક એવું પણ લખાવેલુ. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમની જ્ઞાતિ પટેલ છે અને પેટા જ્ઞાતિ ગામી છે એટલે તેમણે પટેલ ગામી લખાવેલુ. ધંધામાં તેમણે વેપાર લખાવેલુ.તેબી.કોમ.ના બીજા વર્ષ સુધી ભણેલા છે. તેમણે એ વાતનો પણ સ્વિકાર કરેલ છે કે, તેમણે ધો.–બાર સુધીનો અભ્યાસ સને–૧૯૯૧/૯૨માં એમ.બી.કર્ણાવત હાઈસ્કુલમાં કરેલો. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''બનાવના અરસામાં હું અભ્યાસ કરતો હતો તેવું જે સરતપાસમાં જણાવેલ છે તેવા બનાવનો અરસો તમોએ આ પ્રમાણપત્ર આપ્યું તે દિવસના અરસાસબંધે કહેલ છે?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે,''બનાવનો અરસો મને ખબર નથી. બનાવ શું હતો તેની પણ મને ખબર નથી''. આ પ્રમાણપત્ર તેમણે સને–૧૯૯૬ની સાલમાં આપેલુ. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમના પ્રમાણપત્રમાં આજ તા.૩૦/૪/૧૯૯૬ છે, તેવુ લખેલ છે. તેમને કયા રૂમમાં લઈ ગયા હતા તેની તેમને ખબર નથી જેથી રૂમ નં.૩૦૫માં લઈ ગયેલાં કે કેમ? તે તેઓ કહી શકે નહી. તેમને જે રૂમમાં લઈ ગયેલા તેમાં પોલીસના ૩–૪ માણસો હતા. તેમાં કોઈ અધિકારી સાહેબ હતા કે કેમ? તેની તેમ ને ખબર નથી. તેમને ગાંધીનગર બોલાવેલ ત્યારે જવાબ વંચાવેલો. તે વખતે તેમણે હાથમાં લઈને જવાબ વાંચેલો. તેમજ તેમણે એ વાતનો પણ સ્વિકાર કરેલ છે કે, તે જવાબ તેમને તા.૫/૫/૧૯૯૬નો

વંચાવેલો. તેમને એક જ જવાબ વંચાવેલો. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે,તેમને ગાંધીનગર આંક–૨૧૦ વાળુ તેમના હસ્તાક્ષરનું વંચાવેલુ નહિ. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમને તા.૫/૫/૧૯૯૬ નો જવાબ વંચાવેલો તેનો જવાબ તેમણે લખાવેલ ન હતો તેવુ પુરછપરછ દરમ્યાન તેમણે કહેલુ. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે,તેમને પ્રમાણપત્ર સને–૨૦૧૮માં વંચાવેલુ તે વખતે તેમણેએવું કહેલુનહી કે, આ પ્રમાણપત્ર પોલીસે લખાવેલુ અને તેમણે લખેલુ. આંક–૨૧૦ વાળા તેમના લખાણ બાબતે પોલીસે સને–૨૦૧૮માં તેમનો જવાબ લીધો તે વખતે તેમને પુછપરછ કરેલી તે પુછપરછના શબ્દો પોલીસે જવાબમાં લખેલા કે કેમ? તેની તેમને ખબર નથી. સને–૨૦૧૮માં તેમજ તેમને પુછપરછ કરતા હતા.તે વખતે એક બીજા પોલીસવાળા તેઓ જે જવાબો આપે તે જવાબ બાજુમાં બેસી ટાઈપ કરીને લખી રહેલા હતા. જવાબ લખ્યા પછી જવાબ તેમને વાંચી સંભળાવેલો નહી. તે સવારે કોર્ટમાં ૧૦:૩૦ થી ૧૦:૪૫ આસપાસ આવેલા. તે આટલીવાર બહાર બેઠેલા હતા. કોર્ટમાં આવ્યા પહેલા તેમણે તેમનો જવાબ જોયેલો નથી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, કોર્ટ રૂમની બહારના ભાગે પક્ષકારોની બેસવાની જગ્યાએ સી.આઈ.ડી.ક્રાંઈમ બ્રાંન્ચના માણસો તેમને સાથે લઈને બેઠેલા હતા.તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમને તે પોલીસના માણસોએ કોર્ટમાં આવતા પહેલા કેવી રીતે બોલવું અને શું બોલવું તે શીખવાડવામાં આવેલુ છે.તેઓ સને–૧૯૯૧/૯૨માં કર્ણાવત સ્કુલમાં અભ્યાસ કરતા હતા કે કેમ? તેની તેમને ખબર નથી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમનુ પ્રોવીઝન સ્ટોર પહેલાતેમના કાકાઓની ભાગીદારીમાં હતા. તેમજ

તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસ બોલાવવા આવી ત્યારે તે ભણતા ન હતા અને દુકાને બેસતા હતા. પોલીસવાળા ચોકકસ કેટલા વાગે બોલાવવા આવેલા તે યાદ નથી, પરંતુ સવારે આવેલા. તેઓ તે વખતે તેમના પિતાની દુકાનમાં કાઉન્ટર પાસે ઉભેલા હતા. કાંટો એટલે વજન કાંટો લઈને બોલાવેલ. પોલીસવાળા કયા માળ ઉપર લઈ ગયેલા તે ખબર નથી,પરંતુ ઉપરના માળે પગથિયા ચડીને ગયેલા. તેઓ રૂમમાં ગયા ત્યારે તેમને વજન કાંટાથી તોલવાનું જે પોલીસવાળાએ કીધેલુ તે પોલીસવાળાનું નામ તેમને ખબર નથી. તેમને વજન કેટલુ હતુ તે યાદ નથી. કેટલીવાર વજન કરેલુ તે પણ યાદ નથી. વજન કર્યુ તે ખુલ્લો કાળો પદાર્થ હતો કે કેમ? તે પણ ખબર નથી. વજન કરીને તેઓ નીકળી ગયેલા. તેમના હાજરીમાં સેમ્પલ જેવુ કંઈક લેતા હતા. તેમણે વજન કરેલું તેમાંથી પોલીસવાળાએ સેમ્પલ કાઢેલુપછી ત્યાં બેસીને તેમનો જવાબ લખેલો તે પછી તેઓ જતા રહેલા. તે વખતે તેઓ નીકળી ગયા પછી તેમને જવાબ લેવા બોલાવેલ નહી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, રાજસ્થાનની પોલીસ આવેલી અને તેમનો જવાબ લીધેલો. ઉપરાંત એવો પુરાવો આપેલ છે કે, એવુ બનેલું નહી કે તેમને પોલીસ પાલી લઈ ગયેલા હોય અને તેમનો જવાબ લખેલો હોય. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આજે સરતપાસ અને ઉલટતપાસમાં તેમણે જણાવ્યા મુજબ તે દુકાન પાસે ઉભા હતા અને એક પોલીસવાળા વજન કાંટો–બાટ લઈને બોલાવી ગયેલા અને લાજવંતી હોટલના ઉપરના માળે લઈ ગયેલા અને ત્યાં તેમણે કાળા પદાર્થનું વજન કરેલુ અને પછી પોલીસે તે પદાર્થમાંથી સેમ્પલ લીધેલુઅને તેમનો જવાબ લીધેલો તેવા કથનો તેમણે પાલી પોલીસને રાજસ્થાન મુકામે લખાવેલા.તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ઉપરોક્ત હકિકતો તેમણે સને–૨૦૧૮ના જવાબ વખતે જાણીબુઝીને છુપાવેલી

છે. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, સાચી હકિકતો છુપાવવા માટે તેમની ઉપર પોલીસનુ દબાણ હતુ. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આજે પણ તેમના ઉપર પોલીસનુ દબાણ છે તેથી તે ખોટી જુબાની આપે છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમણે ગાંધીનગર ખાતે તા.૮/૯/૨૦૧૮ના રોજ જે જવાબ લખાવેલો તેમાં એવુ લખાવેલ નથી કે, ''હું મારા પિતાની દુકાને ઉભો હતો. તે વખતે એક પોલીસવાળા ભાઈએ તેમને બોલાવેલ અને કહેલુ કે, "હું મારા પિતાની દુકાને ઉભો હતો તે વખતે એક પોલીસવાળા ભાઈએ મને બોલાવેલ અને કહેલું કે, કાંટો અને બાટ લઈને મારી સાથે ચાલો,તેમ કહી મને ગાડીમાં બેસાડીને લાજવંતી હોટલે લઈ ગયેલાં, હોટલ ઉપર લઈ ગયેલાં કયા માળ ઉપર લઈ ગયેલાં તે મને ખબર નથી, ત્યાં એક રૂમમાં લઈ જઈ કોઈ કાળા પદાર્થનું વજન કરાવડાવેલું, મે વજન કરી આપેલું,પછી મને એક કાગળમાં પોલીસવાળાએ લખાવડાવેલું જેમાં પોલીસવાળા બોલતા હતા અને હું લખતો હતો."તેમજ તેમને તા.૮/૯/૧૮ના રોજ ગાંધીનગર ખાતેનો તેમનો જવાબ વંચાવવામાં આવેલો છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમાં એવું લખેલું છે કે, “મને એકવાર હોટલ લાજવંતીમાં કોઈ પોલીસના માણસ બોલાવવા આવતાં હું ત્યાં ગયેલો અને પોલીસવાળા સાહેબએ કોઈ વસ્તુનું વજન કરવાનું કહેતાં મે વજન કરી આપેલ હતો તે શુ હતું અને કેટલું વજન હતું તે મને હાલ કંઈ યાદ નથી”. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ સબંધે તેમણે જે સરતપાસમાં જણાવેલ છે તે ખોટી જુબાની આપેલી છે. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમને શિખવાડવામાં આવેલ છે તેથી તેમણે તેવુ કહેલ છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે ખોટી જુબાની આપે છે.

(ઈ) **આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૫) તરીકે આંક–૨૧૬થી ઓળખપરેડના પંચસાહેદ કનુભાઈ રામલાલ મિશ્રા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** અમદાવાદમાં નોકરી કરવા ગયા તે પહેલા તેઓ પાલનપુરમાં બેચરપુરા વિસ્તારમાં કૈલાશ મંદિરની સામેની ગલીમાં રહેતા હતા. તે વખતે તેઓ હોટલ લાજવંતીમાં સાંજના ૭ થી ૧૨ના સમયગાળા માટે પાર્ટ ટાઈમ નોકરી કરતા હતા, તે નોકરી આશરે સને–૧૯૯૪થી ૨૦૦૦ સુધી તેમણે કરેલી હતી. તેમની નોકરીના પ્રકારમાં હોટલની બહાર એસ.ટી.ડી. બુથ હતુ તે બુથ ઉપર તેઓ બેસતા હતા. તેમની નોકરી સબંધેનો પગાર તેમને અશોકભાઈ શાંતિલાલ ગુપ્તા આપતા હતા. તેઓ હોટલ લાજવંતીના માલિક હતા. વધુમાં સદર પંચસાહેદની જુબાની દરમ્યાન તેમણે પોતાની સહી ઓળખી શકતા હોવાનુ જણાવી તેમણે ની.–૨૫/૧૯ વાળા પંચનામામાં પંચ નં.(૨) તરીકે કરેલ સહી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, જે પો.ઈન્સ્પે. એલ.સી.બી. પાલનપુરનાઓએ ભોગબનનાર સુમેરસિંહ રાજપુરોહીતનાઓની હોટલ લાજવંતીના માલિક કાંતીલાલ ગુપ્તાને હાજર રાખી ફરીથી ઓળખપરેડ કરેલ તે બાબતેનુ ઓળખપરેડ પંચનામુ આંક–૨૧૭થી રજુ થયેલ છે. તે લખાણ શી બાબતનુ હતુ તેની તેમને ખબર નથી. તેમને માલિક અશોકભાઈ ગુપ્તાએ ગાર્ડનમાં બોલાવેલા અને એવુ કહેલુ કે'' પંચનામુ છે સહી કરી દો'', જેથી તેમણે સહી કરી આપેલી. ની. ૨૫/૧૯ને માત્ર સહી પુરતો આંક–૨૧૭ આપવામાં આવેલ છે. તેમણે સહી કરી તે સબંધે ઓકટોબર–૨૦૧૮માં સી.આઈ.ડી.ક્રાઈમ બ્રાન્ચે તેમની પુછપરછ કરેલી. તે વખતે તે અમદાવાદ જીવરાજ પાર્કમાં રહેતા હતા. પોલીસે બોલાવી તેમની પુછપરછ કરેલી અને જવાબ લીધેલો.

**સદર પંચસાહેદની આરોપી સંજીવ ભટ્ટ તર્ફે વિ.વ.શ્રી બી.એ.તુંવર દ્વારા લીધેલ ઉલટતપાસમાં તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે,** શાંન્તિકાકા, અશોકભાઈ અને મહેન્દ્રભાઈ ત્રણેય જણાવારા–ફરતી કાઉન્ટર ઉપર બેસતા હતા. તેમણે એ વાતનો હકિકતનો સ્વિકાર કરેલ છે કે, હોટલ લાજવંતીની સ્થળ–સ્થિતિથી તે વાકેફ હતા. તેમજ હાલમાં પણ તે જ સ્થળે લાજવંતી હોટલ આવેલી છે અને તે ચાર માળની હોટલ છે અને ગેસ્ટ હાઉસ છે. ગેસ્ટ હાઉસના કેટલા રૂમ હશે તેની તેમને ખબર નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, રહેવા માટેના જુદા–જુદા રૂમો દરેક માળે આવેલા છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, જે ગ્રાહક આવે તેના માટે કાઉન્ટર ઉપર રજીસ્ટર નિભાવવામાં આવે છે. રજીસ્ટરમાં શું–શું નોંધ કરવામાં આવે તેની તેમને ખબર નથી. તે બુથ ઉપર બેસતા જેથી ગ્રાહકને પૈસાની પાવતી આપવામાં આવતી હતી કે કેમ? અને પાવતી બુક નિભાવવામાં આવતી હતી કે કેમ? તેની તેમને ખબર નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, એસ.ટી.ડી. P.C.O. બુથ અશોકભાઈની માલિકીનું હતુ. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, બુથમાંથી કોઈ વ્યક્તિ ફોન કરે તો તે વ્યક્તિએ કરેલ ફોનની અને તેમના બુથના ફોનની, પૈસાની, સમય અને તારીખની વિગતની સ્લીપ નીકળે અને તે સ્લીપ નિકળે તે પૈસા લઈને ગ્રાહકને આપી દેવામાં આવે છે અને તેનો હિસાબ દરરોજ હોટલ ઉપર તેમને આપવો પડતો હતો. હિસાબના આધાર માટે જે ટોટલ બિલ નિકળતુ તે તેઓ આપતા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે સ્લીપ સિવાય રોલની અંદર આખો હિસાબ નિકળે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ચોવીસ કલાક દરમ્યાન જે–જે માણસો બુથ ઉપર બેઠા હોય તેઓ પાસેથી તે પ્રકારનો હિસાબ લેવામાં આવતો હતો. સમંસ આવ્યો ત્યારે તેમણે મહેન્દ્રભાઈને ફોન

કરી શેનો સમંસ છે તેવું પુછતા તેઓએ તેમને કીધેલું કે, ''આપણે પ્રોબ્લેમ થયેલો તેના પંચનામાંનો સમંસ હશે તું આવી જજે''. શુ પ્રોબ્લેમ થયેલો તેની તેમને ખબર નથી. તે નોકરી કરતા હતા, તે દરમ્યાન તેમણે પંચનામામાં સહી કરેલી. શું ઘટના બનેલી તે તેમની જાણમાં આવેલુનહી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સી.આઈ.ડી.ક્રાંઈમ બ્રાંન્ચની પુછપરછમાં તેમણે કયા સમયથી કયા સમય દરમ્યાન નોકરી કરેલી તે સમયગાળો લખાવેલો હતો. તેમણે એ વાતનો પણ સ્વિકાર કરેલ છે કે, સને-૨૦૧૮માં પોલીસે તેમનો જવાબ લીધો ત્યારે તેમણે નોકરીનો સમયગાળો સને-૧૯૯૪થી ૧૯૯૮ લખાવેલો અને નોકરીની ફરજનો સમયગાળો સાંજના આઠથી રાત્રીના બાર સુધીનો લખાવેલો. તેમને ચોક્કસ યાદ ન હતુ તેની તેમણે સને-૧૯૯૪ થી ૨૦૦૦ સુધીનો સમયગાળો તેવુ લખાવેલુ છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ઘટના બની તે તા.૩૦/૪/૧૯૯૬ તથા સહી લીધી તે તા.૬/૫/૧૯૯૬ બન્ને તારીખ તેમને યાદ હોવાછતાં પણ તે જાણીબુઝીને ઈરાદાપૂર્વક છુપાવી રહયા છે અને ખોટી જુબાની આપી છે. તેમને યાદ નથી કે, તા.૬/૫/૧૯૯૬ વાળું પંચનામુ તથા તેમાંની તેમની સહી સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાન્ચવાળાએ તેમની પુછપરછ વખતે બતાવેલુ. તેમને આંક-૨૧૭ વાળો કાગળ બતાવેલો અને તેમાં તેમની સહી બતાવેલી. મજકુર આંક-૨૧૭ વાળા કાગળમાં તા.૬/૫/૧૯૯૬ લખેલી છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમણે સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાન્ચની પુછપરછમાં તા.૬/૫/૧૯૯૬નો ઉલ્લેખ કરેલો. એલ.સી.બી.ના પી.આઈ.શ્રી વ્યાસ સાહેબે સને-૧૯૯૬માં તેમની પાસે તા.૨૯/૪/૧૯૯૬થી તા.૬/૫/૧૯૯૬ કે ત્યારબાદના કોલ ડીટેઈલની કોઈ

માહિતી માંગેલી નહી. પી. આઈ.શ્રી વ્યાસ સાહેબે કોઈ પુછપરછ કરેલી નહી. અશોકભાઈએ કેટલા વાગે સહી કરાવેલી તે તેમને યાદ નથી. સી.આઈ.ડી.ક્રાંઈમ બ્રાંન્ચવાળાએ તેમની પુછપરછ કરેલી તે વખતે તેમણે કેટલા વાગ્યે સહી કરેલી તેવો સમય પુછેલો નહી. આંક–૨૧૭ વાળા કાગળમાં તેબુથ ઉપર તે વખતે બેઠેલ હતા અને ત્યાં આ વીને તેમની સહી લીધેલી. તેમણે કાગળ વાંચેલો નહી અને પુછેલુ નહી. તેમના શેઠે કહેલુ જેથી સહી કરી આપેલી.તેમના શેઠના કહેવાથી કેટલી સહીઓ કરેલી હશે તે યાદ નથી. આ સહી કરી તે સિવાય બીજા કેટલા કાગળોમાં શેઠના કહેવાથી તેમણે સહીઓ કરેલી તે યાદ નથી. આંક–૨૧૭માં સહી કરી તે અગાઉ ક્યારેય તેમણે શેઠના કહેવાથી કોઈ સહી કરેલી નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૨૧૭માં સહી કરી તે સિવાય શાંન્તિકાકા કે તેમના બંને દિકરાઓ તેમની પાસે બીજા કોઈ કાગળમાં સહી કરાવવા આવેલા નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે વખતે શાન્તીકાકા હયાત હતા. તેમણે સહી કરી તે વખતે શાન્તીકાકા કાઉન્ટર ઉપર બેઠેલા હતા. તેમણે પાલનપુર એલ.સી.બી.ઓફિસ ક્યારેય જોયેલી નથી. એ વાત તેમને યાદ નથી કે, તા.૬/૫/૧૯૯૬ના રોજ બપોરના સમયથી સાત વાગ્યા સુધીમાં પાલનપુર એલ.સી.બી. ઓફિસમાં તેમને બોલાવેલ. તેમજ તેમને પુછવામાં આવેલ સુચનાત્મક સવાલના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''શાન્તિકાકાને મે આજદિન સુધી લાજવંતીના કાઉન્ટર ઉપર જ જોયેલા છે તે સિવાય કોઈ રોડ ઉપર કે બહાર બીજે ક્યાંય જોયેલા નથી.'' તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તા.૬/૫/૧૯૯૬ના રોજ તેમને તથા કમલેશભાઈ રશીકલાલ શાહને એલ.સી.બી.ઓફિસમાં પંચ તરીકે બોલાવવામાં આવેલાં હતાં અને ત્યાં પી.આઈ.શ્રી વ્યાસ સાહેબ અને તેમના રાઈટર પ્રવિણભાઈ હાજર

હતા. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે પહેલાંથી શાન્તિભાઈ અને અશોકભાઈ ત્યાં હાજર હતા. ચોવીસ–પચીસ વર્ષ પહેલાનું હાલ તેમને કશુ યાદ નથી. સુમેરસિંહ ચિમનસિંહ રાજપુરોહિત, રહે.પાલીવાળા ત્યાં હાજર હતા કે કેમ? તે તેઓ કહી શકે નહી. તેમને ખ્યાલ નથી કે, તે વખતે શાંન્તિકાકાએ આ સુમેરસિંહ રાજપુરોહિત લાજવંતીના રૂમ નં.૩૦૫માં રોકાયેલા હતા તેવું કહેલુ અને ઓળખી બતાવેલા. તેમને યાદ નથી કે, આ સુમેરસિંહએ તે વખતે પોતે સુમેરસિંહ ચિમનસિંહ રાજપુરોહિત, ઉ.વ.૨૯, રહે.પાલી, ૪૬૮ બાપુનગર, લોઢા બાલ સ્કૂલની નજીક, સોજત રોડ પાલી, રાજસ્થાન હોવાનું અને વકીલાતનો વ્યવસાય કરતા હોવાનું જણાવેલુ. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમને એલ.સી.બી. ઓફિસમાં બોલાવ્યા તે વખતે પંચનામુ તેમના લખાવ્યા મુજબ લખી, વાંચી સંભળાવી, સમજાવી પંચ તરીકે તેમની સહીઓ લેવામાં આવેલી. આંક–૨૧૭માં તે દિવસે તેમની નોકરી દરમ્યાન ચોક્કસ કેટલા વાગ્યે તેમની સહી કરાવેલી તે તેમને યાદ નથી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમના શેઠને બચાવવા માટે આંક–૨૧૭ વાળા પંચનામામાં તેમણે રાત્રે ખોટી સહી કરેલી છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સને–૨૦૧૮ની સાલમાં સી.આઈ.ડી.ક્રાંઈમ બ્રાંન્ચ તરફથી તેમની પુછપરછ કરવામાં આવેલી અને જવાબ લખવામાં આવેલો. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે જવાબ મુજબ કોર્ટમાં જુબાની આપવા માટે તેમની ઉપર આજદિન સુધી દબાણ કરવામાં આવેલુ છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેથી તે સાચી હકિકતો છુપાવી ઈરાદાપૂર્વક ખોટી જુબાની આપી રહેલ છે.

**(એફ) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૬) તરીકે આંક–૨૨૨ થી કુદરતી સહીઓ ધરાવતા લખાણો અંગેના પંચસાહેદ ઓમપ્રકાશ ઉત્તમદાસ આચાર્ય તેમની**

**સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** તેમને ૨૦૧૮ની સાલમાં દસમાં મહીનામાં પોલીસ ભવન ગાંધીનગર ખાતે બોલાવવામાં આવેલા, તેમની જેમ જગુભાઈને પણ બોલાવેલા. તેમને ત્યાં પંચનામામાં સહી કરવા માટે બોલાવેલ. ત્યાં બીજા ચાર–પાંચ જણા અને બીજા એક યાદવ સાહેબ, પોલીસવાળા હતા. તે વખતે બબાજી હતા, તેમની પાસે ટેલીફોન વર્ધીનુ એક લખાણ હતુ, તે છત્રીસ કાગળ તેમની રૂબરૂમાં લખાવવામાં આવેલ. બીજી બાજુ લખાણનુ ટાઈપીંગ થતુ હતુ. તે કાગળમાં તેમની અને બબાજીની પણ સહી લીધેલી. તેમની જોડે જુના પાંચ કાગળો હતા એટલે કે બબાજી પાસે અન્ય પાંચ કાગળો હતા, તે ટેબલ ઉપર પડેલા હતા. જેમાં પંચ તરીકે તેમની અને બબાજીની પણ સહી લીધેલી. જગુભાઈની પણ સહી લીધેલી.તેમને નિ.–૨૫/૩૧ વાળુ પંચનામુ બતાવતા જેમાં પ્રથમ પાના ઉપર તથા પંચનામાના અંત ભાગે પંચ નં.(૨) તરીકે તેમણે કરેલ સહી અને પંચ નં.(૧) તરીકે તેમની સાથેના જગુભાઈએ કરેલ સહી ઓળખી બતાવેલ છે તથા મજકુર પંચનામાના તમામ કથનો વાંચી સંભળાવવામાં આવતા જે અંગે તેમણે તે તમામ કથનો સાચા અને ખરા હોવાનુ જણાવતા મજકુર પોલીસ અધિક્ષક (વહીવટ) સી.આઈ.ડી. ક્રાઈમ, વિરેન્દ્ર યાદવ ત.ક.અધિકારીશ્રીનાઓએ તત્કાલિન સમયે પાલનપુર કંટ્રોલરૂમમાં ફરજ બજાવતા સાહેદ બબાભાઈ સવાભાઈનાઓના તા.૩૦/૪/૯૬ના વર્ધી મુજબના ૩૬ કોરા કાગળમાં હસ્તાક્ષરના નમુના તથા સહીના નમુના લીધેલ તે, તથા કુદરતી સહીઅઓ ધરાવતા લખાણો પંચો રૂબરૂ કબજે લેવામાં આવેલ તે અંગેનુ પંચનામુ આંક–૨૨૩થી રજુ થયેલ છે. તેમને આંક–૭૪ તથા તેની સાથેનુ કાગળોનુ ફેરીસ્ત આંક–૭૫ અન્વયે તપાસ દરમ્યાન વધુ કાગળો રજુ કરેલ જેના અસલ કાગળોની અનુક્રમણીકા કે જે અનુ. નં.(૧) થી (૧૮) છે, તે પૈકીના

અનુક્રમ નં.(૧૮)માં જણાવેલ દસ્તાવેજો કુલ–૩૬ પાના તેમને બતાવતા, જે બબાભાઈએ ટેલીફોન વર્ધીના લખેલ લખાણના કાગળો હોવાનુ જણાવી અને જે દરેકમાં તેમણે કરેલ સહી અને જગુભાઈએ કરેલ સહી ઓળખી બતાવેલ છે અને પોલીસવાળા સાહેબે રૂબરૂપણામાં તેમની પણ સહીઓ કરેલ છે, જે સંયુકત રીતે આંક–૨૨૪થી રજુ થયેલ છે. વધુમાં તેમને આંક–૭૪ તથા તેની સાથેનુ કાગળોનુ ફેરીસ્ત આંક–૭૫ અન્વયે તપાસ દરમ્યાન વધુ કાગળો રજુ કરેલ જેના અસલ કાગળોની અનુક્રમણીકા કે જે અનુ. નં.(૧) થી (૧૮) છે, તે પૈકીના અનુક્રમ નં.(૧૮)માં જણાવેલ તારીખ–૧૩/૩/૨૦૦૯, ૧૨/૪/૨૦૦૩, ૬/૧૨/૨૦૦૪, ૧૪/૮/૨૦૦૩, ૧૧/૮/૨૦૦૩ વાળા પાંચ કાગળો બતાવતા જે જોઈને કહેલ છે કે, જે બબાજીના ટેલીફોન વર્ધીના લખાણવાળા પાંચ જુના કાગળો છે જેમાં તેમની તથા બીજા જગુભાઈની સહી છે જે તેઓ ઓળખી બતાવતા હોઈ જે સંયુકત આંક–૨૨૫થી રજુ થયેલ છે.

**સદર પંચસાહેદની આરોપી સંજીવ ભટ્ટ તર્ફે વિ.વ.શ્રી બી.એ.તુંવર ધ્વારા લીધેલ ઉલટતપાસમાં** સાહેદે બબાજીની ઓળખાણ યાદવ સાહેબે આપેલી, પોલીસાવાળા પાંચ–છ મીનીટ પછી બબાજીને છત્રીસ કાગળો આપેલા, ટેબલ ઉપર ટેલીફોન વર્ધીના જુના લખાણના પાંચ કાગળો હતા. ટેલીફોન વર્ધીના જે પાંચ કાગળો હતા તે તેમણે નજરે જોયેલા. તેમણે કાગળો ઉપર ટેલીફોન વર્ધી લખેલુ હતુ તેટલુ વાંચેલુ હતુ. તે સિવાયનુ લખાણ તેમણે વાંચેલ નહી. એ સિવાયના બીજા કોઈ કાગળો તેમણે વાંચેલા નહીં કે તેમને વંચાવેલા નહી. ટાઈપ કરનાર ભાઈ કોણ હતા તેની તેમને ખબર નથી. યાદવ સાહેબ ટાઈપ કરાવતા હતા. તેમને ૨૦૧૮માં પોલીસ ભવનમાં બોલાવેલા તે

પહેલા ૧૦–૧૫ વર્ષ અગાઉ એકાદવાર પોલીસવાળા રોડ ઉપર બીજા કોઈ કામમાં સહી લઈ ગયેલા. તેમણે જે સર–તપાસમાં સહીઓ ઓળખી બતાવી તે કાગળોમાં યાદવ સાહેબે સહી સિવાય બીજુ કોઈ લખાણ તેમની હાજરીમાં લખેલુ નહી. તેમજ તેમણે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તેમને આંક–૨૨૫ વાળા પાંચ જે જુના કાગળો બતાવાયા અને તેની જે તારીખો લખાયેલી તે તારીખો પહેલા તેમને યાદ ન હતી. તે તારીખો બતાવવાથી તેમણે લખાવેલી છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે પોલીસના કહેવાથી માત્ર તૈયાર લખેલ કાગળોમાં સહી કરી આપેલી છે અને તેઓ જણાવે છે તે રીતે કોઈ પંચમાં રહેલ ન હોવાછતાં ખોટી જુબાની આપે છે. તેમજ તે રીતે કોઈ પંચમાં રહેલો ન હોવા છતાં ખોટી જુબાની આપેલ હોવાની, તેમજ બબાજી નામના કોઈ વ્યકિત ત્યાં હાજર ન હતા કે તેની ઓળખાણ તેમને કરાવવામાં આવેલ ન હોવા છતાં ખોટી જુબાની આપતા હોવાની, તથા તેમની હાજરીમાં તે જણાવે છે તેવુ કોઈ લખાણ કરવામાં આવેલ ન હોવાની, તથા પોલીસના દબાણના કારણે તે ખોટી જુબાની આપતા હોવાની હકિકતોનો પણ સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.

(જી) **આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૭) તરીકે આંક–૨૩૧થી ટેલીફોન વર્ધી મુજબના હસ્તાક્ષરના નમુનાના પંચસાહેદ રાજુભાઈ ઈશ્વરભાઈ રાવળ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** સને–૨૦૧૮ની સાલમાં નવમાં મહિનામાં સેક્ટર–૨૮ ગાંધીનગરમાં તેઓ કલરકામ કરતા હતા. તેમને બોલાવવા માટે એક પોલીસવાળા આવેલા અને પોલીસ ભવન પાંચમાં માળે બોલાવેલા. જ્યાં પોલીસ ભવનમાં કરશનભાઈ નામના વ્યક્તિ, યાદવ સાહેબ અને બે–ત્રણ પોલીસવાળા, બબાભાઈ હતા. ત્યાં દસ કોરા કાગળ બતાવેલા અને એક કાગળ

લખાણવાળુ હતુ તે બતાવેલુ. જે કાગળ ટેલીફોન વર્ધીનું હતું તેવી વાત ચાલતી હતી. યાદવ સાહેબે તેમને કહેલુ કે, ''બબાભાઈનું લખાણ અને સહી લેવાની છે''. સાહેબે તેમને વંચાવેલુ. તે કાગળોમાં બે વાર બબાભાઈનું લખાણ લીધેલુ અને છ સહીઓ કરાવેલી. તે લખાણ કરેલા કાગળોમાં પંચ તરીકે તેમણે સહીઓ કરેલી. તેમજ તેમણે ની.૨૫/૩૦ વાળા પંચનામામાં પ્રથમ અને બીજા પાના ઉપર પંચ નં.(૨) તરીકે તેમણે કરેલ સહી અને પંચ નં.(૧) તરીકે કરશનભાઈએ કરેલ સહી ઓળખી બતાવતા, તેમજ મજકુર પંચનામાના તમામ કથનો મોટેથી બોલી વાંચી સંભળાવતા, તેમજ તેમાં લખાણ મુજબની કાર્યવાહી તેમની અને અન્ય પંચની હાજરીમાં થયેલ હોવાનુ જણાવી, તેમજ તેમાં યાદવ સાહેબે પણ સહી કરેલ હોવાનુ જણાવી જે પોલીસ અધિક્ષક (વહીવટ) સી.આઈ.ડી. ક્રાઈમ શ્રી વિરેન્દ્ર યાદવ ત.ક. અધિકારીનાઓએ તત્કાલિન સમયે પાલનપુર કંટ્રોલરૂમમાં ફરજ બજાવતા સાહેદ બબાભાઈ સવાભાઈનાઓના તા.૩૦/૪/૯૬ના વર્ધી મુજબના હસ્તાક્ષરના નમુના તથા સહીના નમુના પંચો રૂબરૂ લઈ તે કબજે લીધા અંગેનુ પંચનામુ આંક-૨૩૨થી રજુ થયેલ છે. તેમજ તેમને આંક-૭૪ તથા તેની સાથેનુ કાગળોનુ ફેરીસ્ત આંક-૭૫ અન્વયે તપાસ દરમ્યાન વધુ કાગળો રજુ કરેલ જેના અસલ કાગળોની અનુક્રમણીકા કે જે અનુ. નં.(૧) થી (૧૮) છે, તે પૈકીના અનુક્રમ નં.(૧૮)માં જણાવેલ દસ્તાવેજો પૈકીના તેમની સહીઓવાળા પ્રથમ ચાર પાના તેમને બતાવતા જેમાં પંચ નં.(૨) તરીકે તેમણે કરેલ સહીઓ અને પંચ નં.(૧) તરીકે કરશનભાઈની સહીઓ છે. જે લખાણ તેઓ પંચો રૂબરૂ બબાભાઈએ કરલુ તેજ લખાણ હોવાનુ જણાવેલ છે. તેમને ત્યારબાદના છ કાગળો બતાવતા જેમાં પંચ નં.(૨) તરીકે તેમણે

કરેલ સહીઓ અને પંચ નં.(૧) તરીકે કરશનભાઈએ કરેલ સહીઓ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા, મજકુર દસ પાના સંયુકત રીતે આંક–૨૩૩થી રજુ થયેલ છે.

**વધુમાં સદર પંચસાહેદની આરોપી સંજીવ ભટ્ટ તર્ફે વિ.વ.શ્રી બી.એ. તુંવર દ્વારા લીધેલ ઉલટતપાસમાં પુછેલ સુચક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવેલ છે કે,** ''પહેલા બબાભાઈ પાસે કાગળોમાં વર્ધીવાળું લખાણ લખાવવાની કાર્યવાહી થયેલી હતી.બાદમાં કાગળોમાં બબાભાઈની સહીઓ લીધેલી અને પછી અમારી સહીઓ લીધેલી. એના પછી બીજી કોઈ કામગીરી થયેલી નહિ. સાહેદને વિ.વકીલ શ્રીએ આંક–૨૩૨ વાળા પંચનામાનો છેલ્લો પેરગ્રાફ જે "આ ઉપરાંત આપ સાહેબ  તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સાહેબે તત્કાલિન નાયબ મુખ્ય પોલીસ અધિકારી, સરહદી વિભાગ ભુજનાઓની કચેરી તરફથી આ ગુનાના કામે કરવામાં આવેલ ઈન્કવાયરી સંદર્ભે સાહેદ બબાભાઈ સવાભાઈનાઓને તા.૫/૮/૧૯૯૬ના રોજ લખાવેલ નિવેદન સાથે રજુ કરેલ કંટ્રોલ રૂમના અસલ ટેલીફોન વર્ધી રજીસ્ટરની વર્ધી નં.૩૬૦, ૩૬૧ તથા ૩૬૨ની ઝેરોક્ષ સાહેદને બતાવી તેમાં કરવામાં આવેલ લખાણ બાબતે પુછતા વર્ધી નં.૩૬૦, તા.૩૦/૪/૧૯૯૬, કલાક–૬:૧૦ તથા વર્ધી નં.૩૬૧, તા.૩૦/૪/૧૯૯૬ના રોજ લખેલ વર્ધીમાં કોલમ વાઈઝ જે લખાણ કરવામાં આવેલ છે તે લખાણ તેમના હસ્તાંક્ષરમાં હોવાનું અને તે વર્ધીમાં કંટ્રોલ ઈન્ચાર્જ તરીકે તેમણે પોતે અંગ્રેજીમાં સહી કરેલ હોવાનું અમો પંચો રૂબરૂ જણાવે છે.” તે વાંચી સંભળાવી વિ.વકીલ શ્રીએ એવો પ્રશ્ન પુછેલ છે કે, આવી કાર્યવાહી તમારી હાજરીમાં થયેલી? તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, તેવી કાર્યવાહી  તેમની હાજરીમાં થયેલી હતી. સાહેદે એવુ જણાવેલુ છે કે, સહીઓના કાગળો પછી કોની પાસે રહ્યાં તેની તેમને ખબર નથી. તેમને સંયુક્ત

આંક–૨૩૩ વાળા કુલ દસ પાના બતાવતા જેમાં ભુરી પેનથી કરેલ ચોખંડા અને લાલ પેનથી SI–1 થીSI–44 વાળા અક્ષરો કોણે લખ્યા તેની તેમને ખબર નથી. પોલીસ ભવન સિવાય બીજી કોઈ જગ્યાએ પોલીસવાળાએ તેમને બોલાવેલ નથી. તે આજે પ્રથમવાર કોર્ટમાં આવેલ છે. તે સવારે છ વાગ્યે નિકળેલ અને અડાલજ આવેલ અને બાદમાં પ્રાઈવેટ વાહનમાં પાલનપુર આવેલા છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે પોલીસભવનમાં ગયેલા જ નથી અને ત્યાં પચ નં.(૧) કરશનભાઈ તેમની સાથે હાજર હતા જ નહી અને તેમની સરતપાસમાં જણાવ્યા મુજબ બબાભાઈએ કોઈ કાગળોમાં લખાણ કે સહીઓ તેમની રૂબરૂ કરેલી નથી.તેમજ તેઓ અને કરશનભાઈએ પોલીસ જમાદારના કહેવાથી કોરા કાગળોમાં સહીઓ કરેલ હતી તેમજ એક ટાઈપથી લખેલાં તૈયાર પંચનામામાં સહી કરી આપેલી.તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે ગાંધીનગરથી પોલીસ સાથે આવેલા છે અને પોલીસના શીખડાવવાથી તેઓ આજરોજ જુબાની આપી રહેલ છે.

(એચ) **આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૮) તરીકે આંક–૨૪૩થી સાહેદ બબાભાઈ સવાભાઈ રોજીયા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** તેઓ તા.૩૦/૪/૯૬ના રોજ પાલનપુર ડી.એસ.પી. ઓફીસમાં પોતાની કંટ્રોલ ઈન્ચાર્જ તરીકેની ફરજ ઉપર હતા અને તે સમય દરમ્યાન આરોપી સંજીવ ભટ્ટ એસ.પી. તરીકે કાર્યરત હતા. તા.૨૯/૪/૯૬ના રોજ તે ક.૧૬:૦૦ વાગે ડ્યુટી ઉપર ચડેલા અને તા.૩૦/૪/૯૬ના સવારના ૮:૦૦ વાગ્યા સુધીની નોકરી હતી. તે તેમની કંટ્રોલ ઈન્ચાર્જ તરીકેની ફરજ ઉપર હતા તે દરમ્યાન તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ સવારના ૬:૧૦ કલાકે એક અનામી વ્યકિત ધ્વારા ફોન ઉપર જણાવેલ કે, સુમેરસિંહ રાજપુરોહિતનાઓ લાજવંતી હોટલમાં રોકાયેલા

છે અને જે અફિણનો ધંધો કરે છે તે તેની સાથે પાંચ કિલો અફિણ લાવેલ છે, અને જે અફિણની ડીલીવરી પાલનપુરમાં આપવાની છે. તેમણે સદર વ્યકિતને નામઠામ પુછેલુ પરંતુ તેણે આપેલ નહી. ભારે ગુનાની વરધી મળેલી હોઈ અને કન્ટ્રોલ ઈન્ચાર્જની ફરજ ડી.એસ.પી.ને સીરયસ ગુના અંગે રીપોર્ટ કરવાની હોઈ તેમણે ડી.એસ.પી. સાહેબના બંગલાના નંબર ૨૫૨૭૦૧૪ ઉપર ફોન કરેલો. તે વખતે સાહેબના બંગલે પોલીસ કોન્સ્ટેબલ સાચબાભાઈ નોકરી ઉપર હોઈ સાચબાભાઈએ ફોન ઉપાડેલો. જેમણે તેમને ફોન ઉપર જણાવેલું કે, ''સાહેબ સુતા છે'', જેથી તેમણે સાચબાભાઈને એવું જણાવેલુ કે, ''સાહેબને ઉઠાડો, અફિણ બાબતનો કેસ છે, જેથી તેમને કોને વરધી આપવી અને શું કરવુ તે બાબતે વાત કરવી છે''. જેથી ડી.એસ.પી. સાહેબે જાતે તેમને કશુય કિધેલુ નહી, પરંતુ ફોન ચાલુ હતો તે વખતે સાચબાભાઈને તેમણે જણાવેલ કે, ''એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબને તમે જાણ કરો''. જે પછી સાચબાભાઈએ તેમને એવું કીધેલ કે, ''વ્યાસ સાહેબને તપાસ આપો''. જેથી તેમણે તાત્કાલીક ટપાલ કરી રામજીભાઈ રાઈડર સાથે વ્યાસ સાહેબ જયાં રહેતા હતા ત્યાં મોકલી આપેલ. તેમને જે વરધી મળેલ હતી, તે વરધી તેમણે ટેલીફોન વરધી રજીસ્ટરમાં તેમની જાતે નોંધ કરેલી. બીજુ શું તેમણે નોંધેલુ તે તેમને હાલ યાદ નથી. તેમને કાગળ બતાવે તો તેઓ કહી શકે. તેમને આંક-૭૫ વાળી ફેરીસ્તનો અનુક્રમ નં.(૮૯) વાળો દસ્તાવેજ બતાવવામાં આવતા, જે જોઇને જણાવેલ છે કે, તે ૩૬૦ નંબરની એન્ટ્રી છે જે તેમણે કરેલી છે. તેમણે તેમાં આ વરધી બાબતે ૫૭૦૧૪ ઉપર સાચબાભાઈ સાથે વાત કર્યા બાદ તે બાબતની અને એલ.સી.બી. પી.આઈ. વ્યાસને મોકલી આપવા અંગેની નોંધ કરેલી. જેમાં નીચે તેમની કન્ટ્રોલ ઈન્ચાર્જ તરીકેની સહી છે જે તેઓ ઓળખી બતાવી સદરહુ

દસ્તાવેજ ઝેરોક્ષ નકલ હોઈ આંક–૨૪૪થી રજૂ થયેલ છે. વધુમાં તેમને આંક–૭૫ વાળી ફેરીસ્તનો અનુક્રમ નં.(૯૧) વાળો દસ્તાવેજ બતાવવામાં આવેલ છે, જે જોઈને તેમણે જણાવેલ છે કે, તે કન્ટ્રોલ રૂમ પાલનપુરનો ચાર્જ રજીસ્ટરનો ઝેરોક્ષ ઉતારો છે. જેમાં તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ તેમની ડયુટી શરૂ થઈ અને તા.૩૦/૪/૧૯૯૬ના રોજ પુરી થયેલી, તે અંગેની નોંધ કરવામાં આવેલ છે, જેમાં તેમની સહી છે, જે તેમણે ઓળખી બતાવતા આંક–૨૪૫થી રજૂ થયેલ છે. તેમને આંક–૭૫ વાળી ફેરીસ્તનો અનુક્રમ નં.(૯૦) વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે, જે જોઈને જણાવે છે કે, તે ટેલીફોન વરઘી છે, જેમાં તેમની સહી છે, તેની નીચે કન્ટ્રોલ ઈન્ચાર્જ હોદ્દો લખેલો છે તે તેમણે લખેલ છે. તેજ રીતે તા.૩૦/૦૪/૯૬ પણ તેમણેજ લખેલી છે, બીજા અક્ષરો કોના છે તેની તેમને ખબર નથી. તે તેમના અક્ષર નથી. જે અસલ વરઘી આંક–૨૪૬થી રજુ થયેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ૨૦૧૮માં ગાંધિનગરના એસ.પી. યાદવ સાહેબે તેમની ચાર વખત પુછપરછ કરેલી. તે વખતે તેમના હસ્તાક્ષર માટે લખાણ કરાવેલુ. ટેલીફોન વરઘીનું પહેલા પાંચ વખત અને કુલ દસ વખત લખાણ કરાવેલુ. તેમને બીજી વખત બોલાવેલા ત્યારે તેમની પોતાની સહીના ૩૬ નમુના લીધેલા. જે વખતે પંચોહાજર હતા અને પંચોની હાજરીમાં તેમણે તે નમુનાની સહીઓ કરી આપેલી. તેમજ તેમને આંક–૨૩૩ બતાવવામાં આવે છે, તે તમામ કાગળોમાં ટેલીફોન વરઘીના અક્ષરો તેમણે પંચોની હાજરીમાં લખેલા છે અને તે જ રીતે સહીઓ પણ તેમણે પંચોની હાજરીમાં કરેલી છે, તે કાગળોમાં સહીઓ પણ તેમની જ છે.તેમને આંક–૨૨૪ વાળા ૩૬ પાના બતાવવામાં આવે છે તે તમામ પાનાઓમાં તેમણે પંચોની હાજરીમાં ટેલીફોન વરઘીનું લખાણ લખેલુ અને તેમની સહીઓ કરેલી છે તથા તારીખ અને હોદ્દો

લખેલો છે, જે તમામ તેમના હસ્તાક્ષરમાં છે જે તેઓ ઓળખી બતાવેલ છે. તેજ રીતે તેમને આંક–૨૨૫ વાળા કુલ–પાંચ પાના બતાવવામાં આવે છે જે તેમની પર્સનલ ફાઈલમાંથી સાહેબે માંગતા તેમણે આપેલ હતા તેમાં તેઓ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. તેમને આંક–૨૨૪ વાળા ૩૬ પાના બતાવવામાં આવે છે, તે તમામ પાનાઓમાં તેમણે પંચોની હાજરીમાં ટેલીફોન વર્ધીનું લખાણ લખેલુ અને તેમની સહીઓ કરેલી છે તથા તારીખ અને હોદ્દો લખેલો છે, જે તમામ તેમના હસ્તાક્ષરમાં છે, જે તેઓ ઓળખી બતાવેલ છે.તેજ રીતે તેમને આંક–૨૨૫ વાળા કુલ–પાંચ પાના બતાવવામાં આવે છે, જે તેમની પર્સનલ ફાઈલમાંથી સાહેબે માંગતા તેમણે આપેલ હતા, તેમાં તેઓ પોતાની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં તેમને આંક–૭૫નો અનુક્રમ નંબર–૧૧૭ પૈકી પાલનપુર કન્ટ્રોલ રૂમ વરધી રજીસ્ટરની ૩૬૦ નંબરની એન્ટ્રીનો ઉતારો બતાવવામાં આવે છે, તે તેમણે માર્ક–(એ)થી રજૂ ટેલીફોન વરધીની એન્ટ્રી કરેલી તેનો ઉતારો છે.

**સદર સાહેદની આરોપી સંજીવ ભટ્ટ તર્ફે વિ.વ.શ્રી બી.એ.તુંવર ધ્વારા લીધેલ ઉલટતપાસમાં તેમણે જણાવેલ છે કે,** તેમણે કન્ટોલ ઈન્ચાર્જ તરીકે લગભગ પાંચ–છ વર્ષ જેટલી ફરજ બજાવેલી હશે. કન્ટ્રોલ ઈન્ચાર્જ તરીકે એ.એસ.આઈ., હેડ કોન્સ્ટેબલને ફરજ સોંપવામાં આવે છે. કન્ટ્રોલ ઈન્ચાર્જના તાબામાં રાઈડર તરીકે એક કર્મચારી હોય છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ચાર્જ ઉપર ચડતા સમયે અને ઉતરતા સમયે ચાર્જ રજીસ્ટરમાં નોંધ કરવી પડે. તેમણે એ વાતનો પણ સ્વિકાર કરેલ છે કે, કન્ટ્રોલ ઈન્ચાર્જ પાસે ટેલીફોન વરધી રજીસ્ટર હોય છે. માત્ર ટેલીફોન આવક–જાવકની વિગત નોંધવાનું અલગ રજીસ્ટર હોતુ નથી. વરધી રજીસ્ટરના ચાર્જ વાળા પોલીસ કર્મચારી ત્રણેય

શીફટમાં જુદા જુદા હોય છે. એ જ રીતે રાઈડર પણ જુદા જુદા હોય છે. અમારા કન્ટ્રોલ રૂમમાં ૧૦૦ નંબરની ટેલીફોન સુવિધા હોય છે. આ બનાવ બન્યો ત્યારે કન્ટ્રોલ રૂમની ઓફીસ જોરાવર પેલેસ, ડી.એસ.પી. ઓફીસમાં હતી, અને એલ.સી.બી કચેરી તે જ બીલ્ડીંગમાં પાછળના ભાગે નીચે હતી, તેવુ તેમણે જણાવેલુ છે. વધુમાં તે દિવસે તે ફરજ ઉપર હતા તે વખતે રામજીભાઈ નામના રાઈડર તેમની સાથે હતા. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ચોવીસ કલાકમાં આઠ–આઠ કલાકની ત્રણ ભાગે જુદા–જુદા કર્મચારીની ફરજ સોંપવામાં આવે છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ડી.એસ.પી. સાહેબના હુકમથી કન્ટ્રોલ ઈન્ચાર્જ અને રાઈડરની નામજોગ ફરજ સોંપણી કરવામાં આવે છે. ડી.એસ.પી સાહેબ હુકમ કરે પરંતુ કોઈ કારણસર કોઈ રજા ઉપર હોય તો તેવા કર્મચારીની જગ્યાએ બીજા કર્મચારી પણ કન્ટ્રોલમાં ફરજ બજાવવા આવતા હોય છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કોઈ ખાસ કારણસર હુકમમાં જણાવ્યા મુજબના કર્મચારી રજા ઉપર ન હોય તો બીજો હુકમ થાય ત્યાં સુધી તેની જે જે દિવસની ફરજનો હુકમ થયો હોય તે હુકમ ચાલુ રહે છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પ્રથમ શીફટ ૧૨:૦૦ થી સવારે ૮:૦૦ પછી ૮:૦૦ થી ૧૬:૦૦ અને ત્યારબાદ ૧૬:૦૦ થી ૧૨:૦૦ સુધી શીફટ હોય છે.તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે દિવસે તેમની અને રામજીભાઈની ડયુટી ૧૨:૦૦થી સવારે ૮:૦૦ સુધીની હતી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે,ડી.એસ.પી. સાહેબે જે હુકમ કરેલો હતો, તેમાં તેમના અને રામજીભાઈ સીવાય કન્ટ્રોલ ઈન્ચાર્જ તરીકે હીરજીભાઈ ચેલાભાઈ અને બચુભાઈ ખેમરાજભાઈ તથા રાઈડર તરીકે હરીભાઈ વિરચંદભાઈનો જુદી–જુદી શીફટનો જુદી–જુદી તારીખોનો હુકમ થયેલો હતો.

તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, બીજા રાઈડર તરીકે જમશેરખાન ગુલાબખાનનો હુકમ હતો. વધુમાં સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, શબ્બીર મહંમદ ગુલાબખાનનો હુકમ થયેલો હતો. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે જમશેરખાનની જગ્યાએ શબ્બીર મહંમદ ગુલાબખાનનુ નામ આજે તેઓ ખોટુ જણાવે છે. તેઓને આંક–૨જ્જની એન્ટ્રી નં.૩૬૦ બતાવવામાં આવેલી અને તે બતાવી એવું પુછવામાં આવેલ છે કે, તેમને જે–તે સમયે ટેલીફોનીક માહિતી મળેલી તે માહિતીની વિગત તેમણે તેમાં લખેલી છે તે જ છે અને તમામ હસ્તાક્ષર તેમના છે, જેના જવાબમાં જણાવે છે કે, મજકુર તેમને મળેલ ટેલીફોનીક માહિતીના તાદૃશ કથનો તેમણે જાતે તેમના હસ્તાક્ષરમાં લખેલા છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ટેલીફોન નંબર ૫૨૬૦૦ અને ૧૦૦ નંબર વાળા અક્ષર તેમના છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ૧૦૦ નંબર લખેલો છે તેની ઉપર લીટી મારેલી છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, લીટી મારેલાનું સ્પષ્ટ દેખાતુ હોવાછતાં તે ખોટુ બોલી રહેલા છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ખરી નકલનો જે શેરો વંચાય છે તે તેમના હસ્તાક્ષરે છે અને તે તેમણે પાછળથી કરેલ છે અને તેમાં તેમની સહી છે હોદ્દો અને તારીખ તેમણે નાખેલી છે. તારીખના આંકડા વાંચવાનું જણાવતા સાહેદે એવુ કહેલ છે કે, ''મારી સહી નીચે તા.૫/૮ વંચાય છે તેના પછીનું વંચાતુ નથી''. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, માત્ર ૫/૮ લખેલું છે તે સીવાય બીજો કોઈ આંકડો તેની પાછળ લખેલો નથી અને પાંચની આગળ પણ કોઈ આંકડો લખેલ નથી. તેમજ આંક–૨જ્જમાં વરધી નં.૩૬૦ના લખાણની નીચે વરધી નં.૩૬૧નું સંપુર્ણ લખાણ તથા સહી અને હોદ્દો તેમના હસ્તાક્ષરે છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ વરધી આપનાર પી.સી. સાયબાભાઈએ

ટેલીફોન નં.૫૭૦૧૪ ઉપરથી આવેલ માહિતી લખાવેલ છે અને તેમાં કન્ટ્રોલના ફોન નં.૧૦૦નો અંક લખેલો છે, તેના ઉપર કોઈ લાઈન દેખાતી નથી. બચાવપક્ષે રીફર કરેલ સદર વરધી નં.૩૬૧ના લખાણને આંક–૨૫૨ આપવામાં આવેલો છે. સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ત્યારબાદની એન્ટ્રી નં.૩૬૨ના અક્ષરો બચુભાઈના છે. તેમજ તેમણે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ સાથે નોકરી કરતા જેથી તેમના અક્ષરો અને સહી ઓળખે છે. ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રીએ મજકુર એન્ટ્રી નં.૩૬૨ના અક્ષરો અને સહી સાહેદે ઓળખી બતાવેલ હોઈ તેને આંક આપવા વિનંતી કરતા મજકુર વરધી નં.૩૬૨ના લખાણને આંક–૨૫૩ આપવામાં આવેલ છે. સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, વર્ધી નં.૩૬૧માં છેલ્લા કોલમમાં રાઈડર રામજીભાઈ મારફત મોકલી આપેલ તેવુ લખેલ છે, પરંતુ રામજીભાઈને કોને પહોંચાડવા મોકલી આપેલ તેવું લખેલ નથી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પહેલા તેમણે ટેલીફોન નં.૫૩૭૧૪ અથવા ૫૪ ઉપર રીંગ કરી પ્રયત્ન કરેલો, પરંતુ સંપર્ક ન થતા તેમણે રામજીભાઈને મોકલી આપેલા અને તે અંગેનો ઉલ્લેખ તેમાં લખેલો છે. આ નંબર કોનો હતો તેની ચોકકસ ખબર નથી, પરંતુ તે નંબર વિશ્રામ ગૃહનો હોય તેવું તેમને લાગેલ હતુ. વિશ્રામગૃહનો હોય તો તેમણે વ્યાસ સાહેબ માટે કરેલ હોઈ શકે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે વરધી કેટલા વાગે મળી તેનો સમય લખેલો નથી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમણે ૮:૦૦ વાગે ચાર્જ છોડી દીધેલો હતો. તેમને ચોકકસ યાદ નથી, પરંતુ રાઈડરને વરધી લખીને મોકલી હશે તેવુ જણાવેલ છે. બાદમાં આ વરધી તેમણે રાઈડરને મોકલેલી તેવુ જણાવેલુ છે. તેમણે વર્ધી નં.૩૬૦ લખીને મોકલી આપેલી. વર્ધી લખવામાં આવેત્યારે કાગળમાં તેઓ લખે છે. તેમજ તેમણે એ વાતનો

સ્વિકાર કરેલ છે કે, કોઈપણ ગુનાહીત બાબતે વર્ધી મળી હોય અને તે અધિકારીને મોકલવાની હોય તો લખીને મોકલવી પડે અને રાઈડર વરધી આપીને પાછા આવે તો એવું કહે ખરા કે, આપી આવેલો છું, પણ જો રાઈડર ત્યાંથી બીજા કામે ગયા હોય તો તે અંગેની ખબર આપે નહી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ આવી કોઈ વર્ધી નોંધે અને જે–તે જગ્યાએ મોકલી આપે તો તેમને એવી ખબર પડી જાય કે, તે ગુનાની તપાસ શરૂ થઈ ગયેલી છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, રાઈડર વર્ધી પહોચાડીને પાછા આવે તેની કોઈ નોંધ કોઈ જગ્યાએ કરવામાં આવતી નથી અને તેથી તે સબંધેની નોંધ આ રજીસ્ટરમાં કરેલી નથી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, રાઈડરને વર્ધી આપવા માટેની અલગથી ડીસ્પેચ બુક આપવામા આવે છે અને તે ડીસ્પેચબુકમાં જેને વર્ધી મળી હોય તેની સહી મળ્યાનો શેરો, તારીખ અને સમય લખવામાં આવે છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, રાઈડરે પાછા આવીને તેમને આ બધી હકીકત ડીસ્પેચબુક બતાવીને જણાવવાની હોય છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ડીસ્પેચ બુક રેકર્ડમાં રાખવામાં આવે છે. તેમણે એન્ટ્રી નં.૩૬૦થી ૩૬૨ વાળા પાના ખરી નકલ કરીને તેમણે કોને આપેલા તે હાલ યાદ નથી. એલ.સી.બી વાળા લેવા માટે આવ્યા હોય તો કદાચ તેમણે તેમને આપેલ હોઈ શકે. તેમણે ખરી નકલ કરી તે વખતે તે રજીસ્ટર તેમની પાસે હતુ. ઝેરોક્ષ તેમની કચેરીમાં મશીન હોય તેમાં કરાવેલી. જે રાઈડર કરી લાવેલા. ઝેરોક્ષ લેવા કોણ આવેલું તે યાદ નથી. તેમને હાલ યાદ નથી કે, પોલીસવાળા આવેલા કે તેમના કોઈ અધિકારી લેવા આવેલા. તેમણે નકલ આપી તે વખતે તેઓ કંટ્રોલમાં ઈન્ચાર્જ હતા કે કેમ તે હાલ યાદ નથી. નકલ આપી ત્યારે રાઈડર કોણ હતુ તે પણ યાદ નથી. તેમણે સેઈફ કસ્ટડીમાં રજીસ્ટર હોય તેમાંથી

રજીસ્ટર લીધેલુ. ખરી નકલ લેવા આવનારાએ ખરી નકલ માટે કોઈ રીપોર્ટ કે લખાણ આપેલુ નહી. તેમણે પણ માંગેલુ નહી. તેમને માંગવાની જરૂર ન હતી તેથી માંગેલુ નહી. સેઈફ કસ્ટડીના ચાર્જમાં તે વખતે કોણ હતું તે યાદ નથી. સેઈફ કસ્ટડીમાંથી રજીસ્ટર લેવા તેમણે કોઈ રીપોર્ટ આપેલો નહી. તે લેવા ગયેલા કે બીજા લેવા ગયેલા, તે હાલ યાદ નથી તેવુ જણાવેલ છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કંટ્રોલ રૂમ અને સેઈફ કસ્ટડી રૂમ ડી.એસ.પી. કચેરીમાં જ છે. તેઓ તા.૩૦/૦૬/૨૦૧૦ના રોજ નિવૃત્ત થયેલ છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તા.૫/૫/૯૬ના રોજ પો.ઈ.શ્રી વ્યાસ સાહેબે તેમનો જવાબ લીધેલો. તે પ્રવિણભાઈને ઓળખે છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે,તે પ્રવિણભાઈ એલ.સી.બી. પી.આઈ.ના રાઈટર હતા અને આ વર્ધી મળી તે અરસામાં શ્રી વ્યાસ સાહેબ બનાસકાંઠા એલ.સી.બી. પાલનપુરમાં પો.ઈ. હતા. વધુમાં તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમના તાબામાં પી.એસ.આઈ. શ્રી પી.જે.ચૌધરી અને આર.પી. પટેલ હતા. સાહેદે એવુ જણાવેલ છે કે, પ્રવિણભાઈ પો.ઈ.શ્રી વ્યાસ સાહેબના રાઈટર હતા તેની તેમને જાણ નથી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પ્રવિણભાઈને લગભગ ઘણા સમય સુધી એલ.સી.બી.માં જ રાખવામાં આવેલા હતા. તેમણે ખરી નકલ કર્યા બાદ સેઈફ કસ્ટડીમાં રજીસ્ટર મુકાવેલુ જે તેમણે જાતે મુકેલુ કે રાઈડર મારફત મુકાવેલુ તે હાલ ચોકકસ યાદ નથી. જે કર્મચારી કે અધિકારી ખરી નકલ લેવા આવેલા તેમને તેઓએ રજીસ્ટર આપેલુ નહી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે,આંક–૨૪૫ ચાર્જ લેવડદેવડના રજીસ્ટરની ખરી નકલ છે અને તેમણે એન્ટ્રીઓની ખરી નકલ આપી તે જ દિવસે સદર આંક–૨૪૫ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ આપેલી છે.તેમજ તેમણે એ વાતનો સ્વિકાર

કરેલ છે કે, તેમાં તેમની સહીની નીચે તા.૫/૮ સ્પષ્ટ વંચાય છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે,તેમાં સહી અને તારીખવાળા અક્ષરો ઘાટા દેખાય છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે,આંક–૨૪૪ અને ૨૪૫માં તેમની સહી તથા તારીખ ૫/૮ વાળા આંકડા કાળા અને ઘાટા દેખાય છે અને અસલ ઉપરથી ખરી નકલ અને હોદ્દો લખેલાની વિગતના અક્ષરો આછા કાળા છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ નકલો તેમણેતા.૫/૦૮/૧૯૯૬ના રોજ આપેલી છે અને તેજ તારીખે નાયબ મુખ્ય પોલીસ અધિકારી બોર્ડર રેન્જ ભુજ શ્રી ધગલ સાહેબે પાલનપુર ડી.એસ.પી. ઓફીસ બોલાવેલા. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમણે તેઓનુ સ્ટેટમેન્ટ લીધેલુ. તેમને એ ખબર નથી કે, રાજસ્થાનના વકીલ મંડળની અરજીની ઈન્કવાયરીના કામે તેઓ પાલનપુર આવેલા હતા. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ તથા અન્ય કર્મચારીઓના તેઓશ્રીએ જવાબો લીધેલા. તેઓને ૨૩૬ (ફાઈલ નં.–૨) વાળા દસ્તાવેજી લીસ્ટના કાગળો પૈકી અનુક્રમ નં.૧૨૯થી રજુ પાના નંબર–૪૫૧ અને ૪૫૨ તેમને બતાવવામાં આવતા જે બન્નેમાં તેમણે કરેલ સહી અને રૂબરૂપણા તરીકે શ્રી ધગલ સાહેબે સહી કરેલાનુ કબુલ રાખેલ છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ધગલ સાહેબે તેમની પુછપરછ કરી તે વખતે તેમ ને કલાક ૮ થી ૧૨ અને ૧૨ થી ૨૦ બીજા દિવસના કલાક ૮ સુધી કંટ્રોલરૂમમાં અનાર્મ હે.કો. તરીકે ફરજ બજાવનાર અને રાઈડર તરીકે ફરજ બજાવનારનાઓના નામો પુછેલા. એ વાતનો તેમણે સ્વિકાર કરેલ છે કે, તે ત્રણેય શીફટમાં ફરજ પર રહેલા પોલીસ કર્મચારીઓના તેમણે ત્રણ નામો લખાવેલા અને તેમની સાથે રાઈડર તરીકે રામજીભાઈ હતા અને વીરજીભાઈ ચેલાભાઈ સાથે હરીભાઈ વીરચંદભાઈ હતા અને બચુભાઈ ખેમરાજભાઈ સાથે

જમશેરખાન ગુલાબખાન હતા. ઉકત જવાબ અનુસંધાને સાહેદે એવુ જણાવેલ છે કે, ધગલસાહેબે તેમનો કોઈ જવાબ લીધેલો જ નથી અને તેઓએ વ્યાસ સાહેબના કહેવાથી સહી કરી આપેલી. સાહેદને તા.૫/૮/૧૯૯૬નુ તેઓના નામ–જોગ લખાયેલ આખુ નિવેદન તેમ ને બતાવતા જેના જવાબમા તેઓએ જણાવેલુ છે કે, સદર કોઈ કથનો તેમણે લખાવેલા નથી અને અગાઉ જણાવ્યુ તે મુજબ વ્યાસ સાહેબના કહેવાથી માત્ર સહી કરી આપેલી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તા.૫/૮/૧૯૯૬ના રોજના નિવેદનમાં વ્યાસ સાહેબના કહેવાથી તેમણે માત્ર સહી જ કરેલી છે, તેવો ખુલાસો તેઓ વિચારવિમર્શ કર્યા બાદ કરી રહેલા છે અને જે ખોટો ખુલાસો છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ધગલ સાહેબે તેમનો કોઈ જવાબ લીધો નથી. તે વાત તે પાછળથી વિચાર વિમર્શ કરીને જણાવી રહેલ છે અને એ રીતે ખોટુ બોલી રહેલ છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, "જેથી મે સાયબાભાઈને એવુ જણાવેલુ કે, સાહેબને ઉઠાડો, અફીણ બાબતનો કેસ છે જેથી મારે કોને વર્ધી આપવી અને શુ કરવુ તે બાબતે વાત કરવી છે.", તેમજ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેવી હકીકત તેઓ સૌપ્રથમ વખત અત્રે અદાલતમાં જણાવી રહેલા છે અને તે પહેલા કોઈને પણ કે પોલીસ અધિકારીને તેમણે જણાવેલી નથી. સાહેદે સદર અનુસંધાને એવુ જણાવેલ છે કે, તેમણે આવી વાત ટેલીફોન ઉપર સાયબાભાઈને કરેલી હતી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ધગલ સાહેબે તેમના લખાવ્યા મુજબ તેમનો જવાબ લખી લીધેલો. બચાવપક્ષે પુછેલા પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, તા.૭/૯/૧૮ના રોજ ગાંધીનગર ખાતે તેમનો જવાબ થયેલો. તેઓને હાલ યાદ નથી કે, તે જવાબમાં તેમણે ''જેથી મે સાયબાભાઈને એવુ જણાવેલુ કે, સાહેબને ઉઠાડો, અફીણ બાબતનો કેસ છે

જેથી મારે કોને વર્ધી આપવી અને શુ કરવુ તે બાબતે વાત કરવી છે."લખાવેલુ હતુ કે કેમ? તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સદર નિવેદનમાં એવુ લખેલુ છે કે "જેને અમોએ અફીણની વાત છે એટલે તાત્કાલીક ફોન એસ.પી. સાહેબને આપવા માટે જણાવેલ". તેવુ લખેલુ છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમા ઉપર જણાવ્યુ તેવા "જેથી મે સાયબાભાઈને એવુ જણાવેલુ કે, સાહેબને ઉઠાડો, અફીણ બાબતનો કેસ છે જેથી મારે કોને વર્ધી આપવી અને શુ કરવુ તે બાબતે વાત કરવી છે."તેવા શબ્દો લખેલા નથી. બચાવપક્ષે ગાંધીનગર ખાતેની કાર્યવાહી અંગે પુછેલ પ્રશ્નોના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, યાદવ સાહેબે તેમને આશરે ચારેક વખત ગાંધીનગર જવાબ લેવા બોલાવેલ.ત્યાં દરેક વખતે પુછપરછ કરેલી અને તેઓ જવાબ આપતા એ પ્રમાણે હાજરીમાં ટાઈપનુ લખાણ થતુ હતુ. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, વ્યાસ સાહેબ તે વખતે ગામમાં પુલથી નીચેવાળા વિશ્રામગૃહમાં રહેતા હતા. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમની ઓફીસથી રાઈડર તે વિશ્રામગૃહમાં માત્ર બે મિનિટમાં મો.સાઈકલ ઉપર પહોચી શકે. સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તા.૧૩/૯/૧૮, ૨૭/૧૦/૧૮ અને ૨૯/૧૦/૧૮ વાળા નિવેદનોમાં પણ "જેને અમોએ અફીણની વાત છે એટલે તાત્કાલીક ફોન એસ.પી. સાહેબને આપવા માટે જણાવેલ", તેવા શબ્દો લખેલા નથી. તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, કોઈ હકીકત અંગે ડીએસપી સાહેબ સાથે તેમના બંગલે ફોન ઉપર જેટલી વાર વાતચીત થાય તે વાતચીતની નોંધ દરેક વખતે કરવી પડે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમણે સાયબાભાઈને એકજ વાર ફોન કરેલો હતો. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સાયબાભાઈએ તેઓને ફોનમાં માત્ર એટલુ જ કીધેલુ કે, સાહેબ સુતા છે. તેમજ

તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, "જેને અમોએ અફીણની વાત છે એટલે તાત્કાલીક ફોન એસ.પી. સાહેબને આપવા માટે જણાવેલ". તેવી હકીકત તેઓ પ્રથમવાર અદાલતમાં જણાવી રહેલ છે અને અગાઉ તેમણે કયારેય કોઈ પોલીસ અધિકારીને તેવુ જણાવેલુ નથી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પો.ઈ. શ્રી વ્યાસ સાહેબે તા.૫/૫/૧૯૯૬ના રોજ તેમનો જવાબ લીધેલો અને તેમણે તે લખાવેલો, તથા તેઓ બોલાતા ગયા તે મુજબ પ્રવિણભાઈએ તેમના હસ્તાક્ષરમાં વ્યાસ સાહેબની હાજરીમાં લખી લીધેલો. સાહેદે જણાવેલ છે કે, પ્રવિણભાઈના હસ્તાક્ષર તેઓ ઓળખતા નથી અને વ્યાસ સાહેબની તપાસમાં તેમનો કોઈ જવાબ લેવાયેલો નથી. સાહેદે જણાવેલ છે કે, તે તપાસમાં તેઓએ વર્ધી રજીસ્ટર ઉતારા રજુ કરેલા. ત્યારબાદ તેમણે જણાવેલુ છે કે, વ્યાસ સાહેબની તપાસમાં તેમણેકોઈ વર્ધી રજીસ્ટર ઉતારો રજુ કરેલ નથી અને વ્યાસ સાહેબે રેકર્ડમાંથી લીધો હશે4 રેકર્ડ કંટ્રોલરૂમમાં જ હોય છે. તેઓને ચાર્જશીટ સાથે પાના નં.૩૬૨ ઉપરનુ રજુ નિવેદન શ્રી વ્યાસસાહેબની તપાસના તા.૫/૫/૧૯૯૬ના રોજ તેમના નામ જોગનો એક જવાબ બચાવપક્ષ ધ્વારા બતાવવામાં આવેલ છે, તે જવાબમાં વ્યાસ સાહેબની સહી તેમણે ઓળખી બતાવેલ છે.

વધુમાં તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ વ્યાસ સાહેબને એવુ જણાવેલ હતુ કે .....ગઈ તા.૩૦/૪/૧૯૯૬ના ક.૦/૦૦થી ૮/૦૦ સુધી તે પોલીસ કંટ્રોલ રૂમ, પાલનપુરના ઈન્ચાર્જ તરીકે તેમની ફરજ ઉપર હાજર હતો. દરમ્યાન ક.૬/૧૦. વાગ્યે કંટ્રોલરૂમમાં એક અજાણ્યા ઈસમે ફોનથી તેમને જણાવેલ કે, પોતે પાલી (રાજસ્થાન)થી બોલે છે અને જણાવેલ કે, સુમેરસિંહ

રાજપુરોહીત અફીણનો ધંધો કરે છે. ગઈ કાલે પાંચ (૫) કિલો અફીણ લઈ પાલનપુર હોટલ લાજવંતીમાં રોકાયેલ છે. અફીણની ડીલીવરી પાલનપુરમાં આપવાની છે. તેવુ કહી આ ફોન કરનાર વ્યક્તિએ ફોન મુકી દીધેલ હતો અને આ અનામી વ્યક્તિએ ફોનથી જણાવેલ હકીકત તેઓએ પાલનપુર પોલીસ કંટ્રોલરૂમ વર્ધીરજીસ્ટરમાં એન્ટ્રી નં.૩૬૦થી નોંધ કરી હતી અને આ અંગે મે.જીલ્લા પોલીસ અધિકારી સા.બ.કાંઠા પાલનપુરના બંગલે ફોન નં.૫૭૦૧૪ ઉપર ફોન કરતા પી.સી.સાયબાભાઈએ ફોન ઉપાડેલ અને જણાવેલ કે,'' મે.જી.પો.અધિ.સા. સુતા છે જેથી તેમણે આ ટેલિફોન વર્ધી એક અડધા કાગળ ઉપર લખી લઈ કંટ્રોલરૂમના રાઈડર રામજીભાઈ સાથે આ ટેલિફોન વર્ધી આપ સા. તરફ મોકલી આપેલ હતી.'' સાહેદે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમણે કંટ્રોલરૂમ વર્ધી રજીસ્ટરનો ઉતારો વ્યાસ સાહેબને રજુ કરેલો હતો. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ઉપર જણાવેલી હકીકત જ બનેલી હતી તેમછતા પણ તેઓએ ઈરાદાપૂર્વક વધારાની હકીકત સરતપાસમાં જણાવેલી છે. વધુમાં સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, વ્યાસ સાહેબને તપાસ સોંપેલાનુ ડી.એસ.પી. સાહેબે જણાવેલ હોવાની વિગતો દર્શાવવા માટે તેઓ વધારાની જુબાની આપે છે તથા વ્યાસસાહેબ સમક્ષ નિવેદન નહી લખાવેલ હોવાનુ તેઓ ખોટુ જણાવે છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ કેસની તપાસ દરમ્યાન વ્યાસ સાહેબ સમક્ષ જણાવેલ હકીકતો તેઓ ઈરાદાપૂર્વક ઉપરી અધિકારીઓના કહેવાથી છુપાવી રહયા છે અને એ રીતે ખોટી જુબાની આપે છે. તેમજ સાહેદને બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ પુછેલ સવાલ કે, '' તમે સરતપાસમાં જે જણાવ્યુ છે કે સાયબાભાઈએ એવુ જણાવેલુ કે, એલ.સી.બી.પી.આઈ. વ્યાસ સાહેબને તમે જાણ કરો જે પછી સાયબાભાઈએ મને એવુ કીધેલુ કે, વ્યાસ સાહેબને તપાસ આપો જેથી મે તાત્કાલીક ટપાલ કરી રામજીભાઈ રાઈડર સાથે

વ્યાસ સાહેબ જ્યા રહેતા હતા ત્યા મોકલી આપેલ તે ટપાલમાં મોકલેલ લખાણ તમને અત્યાર સુધીની જુબાનીમાં બતાવવામાં આવેલ છે? '' તેના જવાબમાં તેમણે તે લખાણ તેમને અત્યાસુધી બતાવવામાં આવેલ ન હોવાનુ જણાવેલ છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમને બતાવવામાં આવેલ આંક-૨૪૬માં લખાણની નીચે તા.૩૦/૪/૯૬ લખેલુ છે તે લખાણવાળા અક્ષરો કરતા જુદા પડતા થોડાક ઉદા(બ્લ્યુ) કલરવાળી સહીનું લખાણ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે તારીખ, તેમની સહી અને તેમનો હોદ્દો તેમણે એકજ પેનથી લખેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ડાબી તરફ તારીખની નીચે વ્યાસ સાહેબની સહી અને હોદ્ધો છે. તે એ બાબત કહી શકે નહી કે, ટેલીફોન વર્ધી તેવા શબ્દોથી જે હેડીંગ મારેલ છે તે શબ્દો અને તેની નીચે લખાણવાળા શબ્દોની શાહી જુદીજુદી છે. સાહેદે તેમા બગડા ઉપર તગડો ઘુંટીને કરેલો છે. તેવા સજેશન અંગે તેઓને ખબર પડતી નથી તેવો જવાબ આપેલ છે. સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, લાલ કલરથી કુંડાળુ કરેલુ છે તે અને તેની બાજુમા લખેલા નંબરો કોણે લખેલા છે અથવા માર્ક કરેલા છે તેની તેઓ ને ખબર નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તા.૭/૯/૨૦૧૮ના રોજ ગાંધીનગર ખાતે લેવાયેલ તેમના નિવેદનમાં સાયબાભાઈએ તેમને એવુ કીધેલુ કે, વ્યાસસાહેબને "તપાસ"આપો એવુ લખાવેલ નથી પરંતુ વ્યાસ સાહેબને "વર્ધી"આપો તેવુ લખેલુ છે". તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, વર્ધી અને તપાસ બન્નેમાં ફેર છે. અનુસંધાને સાહેદે એવુ જણાવેલ છે કે, જે તે સમયે તપાસ લખાવ્યુ હશે તે અંગે તેમને કંઈ કહેવુ નથી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ કેસમાં આરોપી નં.૨ શ્રી સંજીવભટ્ટ સાહેબે પીઆઈશ્રી વ્યાસને ખોટી તપાસ કરવા માટે અને ખોટો કેસ કરવા માટે જણાવી પીઆઈશ્રી

વ્યાસ સાહેબે તે કારણે ખોટી તપાસ કરેલ હતી. તેઓ કાવતરાનો આક્ષેપ છે. તેથી સરતપાસમાં તેઓએ વર્ધીની જગ્યાએ તપાસ શબ્દ ઈરાદાપૂર્વક લખાવેલ છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આવુ તેઓએ આ કેસના તપાસ કરનાર ઉપરી અધિકારીઓના કહેવાથી અને દબાણથી કરેલુ છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, વ્યાસસાહેબે તા.૫/૫/૧૯૯૬ના અરસામાં પુછપરછથી વિપરિત આ કેસની તપાસમાં આ કેસના તપાસ કરનાર અધિકારી વિગેરેના દબાણથી અવારનવાર ખોટા જવાબો લખાવેલ છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે જવાબો અનુસાર તેઓને જુબાની આપવા દબાણ કરતા તેઓ નામ.કોર્ટમાં ખરી હકીકતો છુપાવીને ખોટી જુબાની આપી રહેલા છે. તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, એ જ કારણસર તેઓ ઉલટતપાસમાં બચાવપક્ષના કથન મુજબ સત્ય હકીકત કહેવાનો ઈન્કાર કરેલ છે અને વિરોધાભાસી જુબાની આપે છે.

તેમજ સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, દિલ્લી ખાતે પટીયાલા કોર્ટમાં તેઓ ગયેલા હતા અને દીલ્હી ખાતે પટિયાલા કોર્ટમાં તેમણે જુબાની આપેલી છે. સાહેદે અનુસંધાને એવુ જણાવેલ છે કે, તેઓને કોર્ટમાં એટલુ પુછવામાં આવેલ કે ગુજરાતથી આવેલા અને પછી તે લોકોએ ચાલુ કરી દીધેલ અને અંગ્રેજીમાં લખી લીધેલ. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ શુ લખી લીધેલ તેની તેમને ખબર નથી, તેમજ લખી લીધા પછી કોપી કાઢી તેમને સમજાવેલ હોય તેવુ પણ બનેલુ નથી.

વધુમાં રાજસ્થાનમાં સુમેરસિંહ પુરોહીતે ફરીયાદ આપી હોય અને તે ફરીયાદના તપાસ અધિકારી અહીયા આવેલા કે કેમ? તેની તેઓને ખબર નથી.

તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે ૧૯૯૬વાળા કેસથી વિપરિત હકીકતો સુમેરસિંહવાળા રાજસ્થાનવાળા કેસના જવાબમાં લખાવેલ હોઈ તેઓ જાણીબુઝીને તે કેસમાં જવાબ લીધેલાની હકીકતનો ઈન્કાર કરી રહેલ છે.

સાહેદને ગાંધીનગર હસ્તાક્ષર માટે બોલાવ્યા સબંધેના બચાવપક્ષના પ્રશ્નોના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ સબીરખાન ગુલાબખાન ચૌહાણને ઓળખે છે. તે વડગામ તાલુકાના વણસોલ ગામના છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, જમશેદખાન ગુલાબખાન કોટડાના છે અને તેઓ બંને પોલીસ વિભાગમાં તેમની પાસે કંટ્રોલરૂમમાં ફરજ બજાવેલ છેઅને તેઓ રાઈડર તરીકે હતા. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સબીરખાન ગુલાબખાન પોલીસ કોન્સ્ટેબલે પીઆઈશ્રી ચાજ્ઞીક સાહેબ સાથે નોકરી કરેલી છે. સાહેદે એ બાબતે અજ્ઞાન દર્શાવેલ છે કે, સબીરભાઈ તે વખતે રાઈડર તરીકે નહોતા પરંતુ ટ્રાફિકમાં નોકરી કરતા હતા. તેમને હસ્તાક્ષર માટે બોલાવેલ ત્યારે જમસેદખાન હતા પરંતુ સબીરખાન ન હતા. તે વખતે જમસેદખાનનો જવાબ લીધેલો કે કેમ ? તેની તેમને ખબર નથી. ત્યારબાદ તે જણાવે છે કે, ગાંધીનગર ખાતે જમસેદભાઈનો પણ જવાબ લેવાયેલો. તેમને ચાર વખત જવાબ લેવા બોલાવ્યા ત્યારે જમસેદભાઈ એક જ વખત તેમની સાથે હતા. એવુ બનેલ નથી કે તેમની પુછપરછમાં પોલીસ ઓફીસરે તેમને એવુ પુછેલ હોચ કે વર્ધી સંદર્ભે સબીરખાનના ડાબા હાથના હસ્તાક્ષર છે કે કેમ? ટેલિફોન વર્ધી અંગે તેમના હસ્તાક્ષરના નમુના તેઓ ચાર વખત ગયા તેમાંથી કઈ વખતે પોલીસે લીધેલા તે હાલ યાદ નથી. પહેલી વખત ગયા ત્યારે લીધેલા કે કેમ? તે તેઓ કહી શકે નહી. તે ચાર વખત ગયા તે પૈકી એકજ વખત તેમના હસ્તાક્ષરના નમુના લેવામાં

આવેલા. બીજી વખત સહીઓના છત્રીસ નમુના લીધેલા. નમુના લેતા પહેલા તેમને આંક–૨૭૪, આંક–૨૭૫, આંક–૨૭૬ તથા માર્ક–એ વાળા દસ્તાવેજો બતાવવામાં આવેલા. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, માર્ક–એ વાળા દસ્તાવેજમાં તેમની સહી કે હસ્તાક્ષર નથી, સહી વ્યાસ સાહેબની છે અને હસ્તાક્ષર કદાચ પ્રવિણભાઈના છે. પ્રવિણભાઈ વ્યાસ સાહેબ સાથે એલ.સી.બી.માં નોકરી કરતા હતા. તેમજ તેઓ ગાંધીનગર ગયા તે વખતે ઉપર જણાવેલા દસ્તાવેજો પોલીસ ઓફીસરે તેમને બતાવેલા. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓને પોતાના કુદરતી લખાણવાળા કાગળો લઈને ગાંધીનગર બોલાવેલા હતા અને રેકર્ડમાં સામેલ આંક–૨૨૫ વાળા કાગળો લઈને તેઓ ગયેલા હતા અને જે કાગળો તેમની પર્સનલ ફાઈલમાંથી લઈ ગયેલા. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમને હાજરી, વર્ધી, ટપાલબુક વિગેરે રજીસ્ટરો ફાળવવામાં આવે તે તમામ રજીસ્ટરોમાં ડીએસપી ઓફીસના સિક્કા દરેક પાને મારેલા હોય છે અને પાછળના છેલ્લા પાને સર્ટિફીકેટ હોય છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કંટ્રોલરૂમ સિવાય પોલીસ સ્ટેશનોમાં પણ તેમણે ફરજ બજાવેલી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પોલીસ મેન્યુઅલ મુજબ કચેરીઓ કે પો.સ્ટે.માં જે કંઈ રજીસ્ટર રાખવામાં આવે છે તેમાં તે રીતે ડીએસપી ઓફીસના સિક્કા અને સર્ટિફીકેટ હોય છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, જે કંઈ રજીસ્ટર પુરા થાય તો માંગણી કરીને નવા લેવામાં આવે છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ડીએસપી સાહેબના બંગલે જે કંઈ ટેલિફોન આવે તે બધાજ ટેલિફોન કંટ્રોલ મારફતે જાય તેવુ હોતુ નથી, ડાયરેક્ટ પણ જાય છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ડીએસપી સાહેબના બંગલે તમામ પ્રકારના વ્યક્તિઓના

ફોન આવતા હોય છે અને તેમના બંગલે પોલીસનો સ્ટાફ ઘરની કામગીરી માટે ફાળવવામાં આવે છે. તેમને એ વાતની ખબર નથી કે, કેટલો સ્ટાફ ફાળવવામાં આવે છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સાયબાભાઈ માત્ર ટેલિફોન રજીસ્ટરની નહી પરંતુ બીજી પણ કામગીરી કરતા હતા. તેમણે ડીએસપી સાહેબના બંગલે હેડક્વાર્ટર ઉપરથી નાઈટ ડ્યુટીમાં જાપ્તાની ફરજ સોંપવામાં આવે તેવી નોકરી કરેલી છે. તેમણે આવી ફરજ દરમ્યાન ક્યારેય ટેલિફોન એટેન્ડ કરેલ નથી, તેમજ આવી ફરજ દરમ્યાન ડીએસપી સાહેબના બંગલે રાખવામાં આવતુ રજીસ્ટર તેમણે ક્યારેય જોયેલ નથી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, અત્રે જે એન્ટ્રી રજુ થયેલ છે તે એન્ટ્રીઓ પહેલા પણ અને પછી પણ આવેલ વર્ધીઓ તેમણે તેમની ફરજ દરમ્યાન નોંધેલી છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ડીએસપી સાહેબના બંગલેથી જે સુચના આવેલ હોય તેનો સાર તેમને રજીસ્ટરમાં નોંધવો પડે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કોઈ અધિકારીને તપાસ આપવાની સુચના હોય તો તે સ્પષ્ટ લખવી પડે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, રાઈડરને પણ ટપાલબુક જે આપીએ એ વર્ધીની વિગત, જેને પહોચાડવાનુ હોય તેનુ નામ લખવુ પડે. ટપાલબુકમાં જે મેસેજ આપવાનો હોય તેનુ નામ, મેસેજ લેનારની સહીની પાવતી બનાવી બુકમાં લગાવી મોકલવામાં આવે છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમા ક્રમ નંબર હોય છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, વર્ધી સોપવામાં આવે ત્યારે તેના કોલમમાં સમય, સહી અને તારીખ લખવામાં આવે છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ કેસ સંદર્ભની ટપાલબુક ડાયરી રાઈડરે પાછા આવી તેઓને બતાવેલી. સાહેદ જણાવે છે કે, રાઈડરે તેમને મૌખિકમાં કીધેલુ કે સાહેબને આપી દીધેલી છે. તેમજ

તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૨૪૪ વાળી વર્ધી પછી તુરંતજ આંક–૨૫૨ વાળી વર્ધી આવેલી હતી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે વર્ધી પણ રાઈડર રામજીભાઈ મારફત ટપાલ મોકલી આપેલી અને પાછળથી તુરંતજ આવેલ આંક–૨૫૨ વાળી એન્ટ્રી–નં.૩૬૧ની ટપાલ લઈને રામજીભાઈને મોકલ્યા તે વખતે તેઓએ ટપાલબુક જોયેલી નહી. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ટપાલ બુક હંમેશા કંટ્રોલરૂમના ઈન્ચાર્જના જ હવાલામાં હોય છે અને તેઓએ કંટ્રોલ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવી તે સમય બાદ બીજી વાર ઉપર ઉલ્લેખ કરેલ રજીસ્ટર કે ટપાલબુક ક્યારેય જોયેલ નથી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પુરા થઈ ગયેલા રજીસ્ટરો ડીએસપી કચેરીમાં જમા કરાવવામાં આવે છે. સાહેદને રજીસ્ટરો અને ટપાલબુકો તેઓ રજુ કરી શકે તેમ છે ? તેવુ પુછવામાં આવતા આવા કોઈ રજીસ્ટરો કે ટપાલબુકો તે રીટાયર્ડ થઈ ગયેલ હોઈ રજુ કરી શકે તેમ નથી, તેઓ અ શક્તિમાન છે, જેથી રિપોર્ટ કરીને પણ માંગી શકે તેવી હાલ તેમની તબિયત નથી. અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, આ કેસમાં સંકળાયેલ વર્ધીની હકીકતને લગતી બીજી કોઈ વર્ધી તેમના હસ્તક નોંધાયેલી નથી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ઉપર જણાવેલ જવાબ તે જાણીબુજીને સાચી હકીકતો ઈરાદાપુર્વક છુપાવવા માટે આપી રહેલ છે.

**સાહેદને પુછેલા સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે,** એન્ટ્રી નં. ૩૬૧, જે આંક–૨૫૨ થી રજુ છે તે ટપાલ બુકમાં તેમણે રાઈડર સાથે ૫૩૭૫૪ વાળા નંબરની રીંગો વાગતી હોય અને ઉપડતો ન હોઈ વિશ્રામગૃહ વ્યાસ સાહેબને મોકલી આપેલ. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, દરેક

પોલીસ કર્મચારીએ પોતાની રોજનીશી મેઈન્ટેન કરવાની હોય છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે પોલીસ કર્મચારીએ તેણે કરેલી કામગીરીનો તેમાં ઉલ્લેખ કરવાનો હોય છે અને રોજનીશીમાં કેટલા વાગ્યે નોકરી પર હાજર થયા અને કેટલા વાગે નોકરી પરથી છુટા થયા તેટલુ નોંધવાનુ હોય છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, નોકરી દરમ્યાન તેઓને કોઈ ઈન્કવાયરીના કામે અથવા તો કોઈ તપાસના કામે કોઈ પોલીસ ઓફીસરે બહારગામ કે અન્ય ઓફીસમાં બોલાવેલા હોય તેની પણ નોંધ તેઓને તેમની રોજનીશીમાં કરવી પડે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમની રોજનીશીમાં કોર્ટમાં જુબાની આપવા ગયા હોય તેની પણ નોંધ કરવી પડે. સાહેદને પુછેલ સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે એવુ જણાવેલ છે કે, તેઓની રોજનીશી તેઓએ કયારેય રજુ કરેલ નથી અને તેઓ પાસે કોઈ અધિકારીએ માંગેલી પણ નથી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ફરીયાદપક્ષના હાલના કેસને મદદ કરવા માટે ઉપરી અધિકારીઓના દબાણથી તે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**(આઈ)આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૯) તરીકે આંક-૨૭૦થી તાજના સાક્ષી સાહેદ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** તેમણે સને-૧૯૯૬માં આશરે એક વર્ષ સુધી એલ.સી.બી. શાખાના પો.ઈસ્પે. તરીકે પાલનપુર બનાસકાંઠા ખાતે ફરજ બજાવેલી. આ એલ.સી.બી. શાખા જિલ્લા પો.અધિ. શ્રીના સીધા સુપરવીઝન હેઠળ આવે છે. તે સમયે એલ.સી.બી. શાખામાં બે પી.એસ.આઈ. તથા અન્ય માણસો ફરજ બજાવતા હતા. પાલનપુર શહેરપો.સ્ટે.પ્રોહી.ગુ.રજી.નં.૨૧૬/૯૬ના કામે અગાઉ તેમણે સુમેરસિંહ રાજપુરોહીત સામે ફરીયાદ આપેલી. આ તપાસ તેઓ પાસે તા.૩૦/૪/૧૯૯૬

થી તા.૬/૭/૧૯૯૬ સુધી રહેલી. આ તમામ તપાસ અને તપાસના કાગળો તેમણે એસ.પી.ના કહેવા પ્રમાણે અને સુચના મુજબ તૈયાર કરેલ હતા. એ વખતે એસ.પી. તરીકે સંજીવ ભટ્ટ સાહેબ હતા. તા.૨૯/૪/૧૯૯૬ના રોજ સાંજના જિલ્લા પો.અધિ. સંજીવ ભટ્ટે તેમને પોતાની ચેમ્બરમાં બોલાવેલ હતા અને તેઓ તેમની ચેમ્બરમાં ગયેલા ત્યારે સંજીવ ભટ્ટે તેમને કહેલ કે, ''આવતી કાલે સવારે એન.ડી.પી.એસ.ને લગતી હકિકત મળી શકે છે, તમે તમારા સ્ટાફને તૈયાર રાખજો'', તેવી સુચના તેમને કરેલી અને રાત્રે આશરે આઠ વાગે તેમને સંજીવ ભટ્ટેપોતાના બંગલે બોલાવેલ હતા અને તેઓ તેમના બંગલે ગયેલ ત્યારે પોલીસ કોન્સ્ટેબલ માલાભાઈ પણ હાજર હતા.સંજીવ ભટ્ટે તેમને કહેલ કે, ''એક માણસ બદમાશ છે, તેને સીધો કરવાનો છે, તેઓએ તેમને એલ.સી.બી.માં રાખ્યા છે એટલે તમારે તેમનું કામ કરવાનુ છે અને તેના ઉપર અફીણનો કેસ કરવાનો છે'', જેથી તેમણે સંજીવ ભટ્ટને કહેલ કે, ''સાહેબ અફીણ તો હું કયાં થી લાવુ અને આવુ હું કેવી રીતે કરી શકુ''. જેથી સંજીવ ભટ્ટે તેમને કહેલ કે, ''અફીણ તો માલાભાઈ લઈને આવેલ છે, તે અફીણ માલાભાઈ હોટલમાં મુકી દેશે, તમારે તો ફકત કાલે સવારે કંટ્રોલરૂમની વર્ધી આધારે કાયદેસર કાર્યવાહી કરવાની છે અને તેમની હાજરીમાં સંજીવ ભટ્ટે માલાભાઈને અફીણ મુકવા માટે કહેલુ હતુ. તા.૩૦/૪/૧૯૯૬ના રોજ તેઓ વિશ્રામ ગૃહ ખાતે હતા ત્યારે વહેલી સવારે આશરે ૫:૩૦ કલાકે વિશ્રામગૃહના લેન્ડલાઈન ફોન ઉપર સંજીવ ભટ્ટનો ફોન આવેલ હતો અને સંજીવ ભટ્ટે તેમને કહેલુ કે, ''હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫માં પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે થોડીવારમાં તમને કંટ્રોલરૂમ તરફથી વર્ધી મળશે, તમે તમારા સ્ટાફને તાત્કાલિક બોલાવી દો અને હોટલ લાજવંતીમાં જઈને રેડ કરો અને કાયદેસરની કાર્યવાહી કરો'', તેવુ તેમને

સંજીવ ભટ્ટે કહેલ હતુ. તા.૩૦/૪/૧૯૯૬ના રોજ સંજીવ ભટ્ટની સુચનાથી વહેલી સવારમાં તેમણે પોલીસ હેડકવાટરે ફોન કરી એલ.સી.બી. શાખાના પોલીસ અધિકારીના કર્મચારીઓને વિશ્રામગૃહ ખાતે મોકલી આપવા જણાવેલ હતુ.વહેલી સવારમાં તેમની શાખાના કેટલાક કર્મચારી સરકારી વાહનમાં વિશ્રામગૃહ ખાતે આવેલ હતા. વિશ્રામગૃહ ખાતે આવેલ પોલીસના માણસોને તેમણે જણાવેલ કે, ''એસ.પી. સાહેબ તરફથી બાતમી મળી છે કે, હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫ના પલંગના ગાદલા નીચે અફીણ છે અને એસ.પી. સાહેબે તાત્કાલિક રેડ કરવા સુચના આપેલ છે'', તેવી વાત તેમણે કરેલ હતી. તે દરમ્યાન પોલીસ કંટ્રોલરૂમ પાલનપુર ખાતેથી કોઈ પોલીસ કર્મચારી કંટ્રોલરૂમની વર્ધી લઈને તેમને આપવા માટે વિશ્રામગૃહ ખાતે આવેલ હતો. કંટ્રોલરૂમ તરફથી આવેલ વર્ધી તેમણે વાંચતા વર્ધીમાં લખેલ હતુ કે ''પાલી રાજસ્થાનથી એક નનામી વ્યકિતએ વર્ધી આપેલ છે કે, સુમેરસીંહ રાજપુરોહીત અફીણનો ધંધો કરે છે. ગઈકાલે તે પાંચ કીલો અફીણલઈ પાલનપુર હોટલ લાજવંતીમાં રોકાયેલ છે અને અફીણની ડીલીવરી પાલનપુરમાં આપવાની છે'', તેવી વર્ધી હતી. જેથી તેમણે આ વર્ધી પોતાની સાથે લઈ લીધેલ અને એસ.પી.સંજીવ ભટ્ટના હુકમથી હોટલ લાજવંતીમાં તાત્કાલિક રેડ કરવા માટે તેઓ તેમની સાથેના હાજર પોલીસ માણસો સરકારી વાહનમાં હોટલ લાજવંતી રેડ કરવા જવા માટે રવાના થયેલા. તા.૩૦/૪/૧૯૯૬ના રોજ તેમને સંજીવ ભટ્ટે સુચના આપેલ અને પોલીસ કંટ્રોલરૂમ તરફથી આવેલ વર્ધીમાં પણ વ્યકિતના નામનો ઉલ્લેખ હોય તેઓ સાથેના પોલીસ અધિકારી કર્મચારીઓ તથા હોટલ લાજવંતીના માણસોને સાથે લઈ રૂમ નં.૩૦૫માં ગયેલા અને રૂમ નં.૩૦૫નો દરવાજો ખખડાવતા દરવાજો કોઈએ ખોલેલ નહી. જેથી દરવાજાને ધકકો મારતા ખુલી ગયેલ. અંદર પ્રવેશ

કરતા કોઈ માણસ હાજર મળી આવેલ નહી. સાથેના સ્ટાફના તથા પોલીસના માણસો મારફતે રૂમમાં તપાસ કરાવતા કોઈ હાજર હતુ નહી.તેમને સંજીવ ભટ્ટે આપેલ બાતમી મુજબ તેમણે રૂમ નં.૩૦૫ના પલંગનુ ગાદલુ ઉંચુ કરી જોતા ગાદલા નીચેથી એક કપડાનો બગલ થેલો મળી આવેલ જે વજનદાર હતો. તેમાં જોતા એક લુંગીમાં કંઈક વીંટાળેલ હતુ. તે ખોલી જોતા તેમાંથી મીણીયાની જાંબુડી કલરની થેલી મળી આવેલ. તે થેલી ખોલી જોતા તેમાં કાળો પદાર્થ હતો અને તેમાંથી અફીણની વાસ આવતી હતી. આ પદાર્થ અફીણ હતુ, જે તેમણે સુંઘેલ હતો અને તેમણે ખાત્રી કરેલ હતી.તે સમયે સાથેના પોલીસ અધિકારી, કર્મચારીઓએ તેમને કહેલ કે, ''સાહેબ રૂમમાં કોઈ માણસ રોકાયેલ હોય તેવા ચિન્હો જણાતા નથી, કંઈ ખોટુ થતુ હોય તેવુ લાગે છે, તમે હકિકતથી એસ.પી. સાહેબને વાકેફ કરો'', જેથી તેઓ હોટલના કાઉન્ટર ઉપર ગયેલા અને એસ.પી.સંજીવ ભટ્ટના નિવાસસ્થાને લેન્ડલાઈન ફોન કરી તેમણે જણાવેલ કે, ''સાહેબ આપની સુચના મુજબ મે હોટલ લાજવંતીમાં રૂમ નં.૩૦૫માં રેડ કરેલ છે અને આપની બાતમી મુજબ રૂમ નં.૩૦૫ના પલંગના ગાદલા નીચેથી અફીણ મળેલ છે પણ રૂમમાં કોઈ વ્યકિત રોકાયેલ હોય તેવુ જણાતુ નથી અને સાથેના પોલીસ અધિકારી, કર્મચારીઓ મને કહે છે કે, કંઈક ખોટુ થઈ રહેલ છે, સાહેબ થોડી તકલીફ તો છે''. જેથી સંજીવ ભટ્ટે તેમને કહેલ કે, ''તમારે ચીંન્તા કરવાની નહી, તમે પોલીસ કંટ્રોલરૂમની વર્ધી આધારે કાયદેસર કાર્યવાહી કરો અને તપાસ પણ તમે સંભાળી લો'', તેવો હુકમ કરેલો. તા.૨૯/૪/૧૯૯૬ના રોજ તેઓ બપોરના એલ.સી.બી.વાળી તેમની ઓફીસમાં તેઓ હાજર હતા. આ વખતે પોલીસ કોન્સ્ટેબલ માલાભાઈ એક પેકેટ લઈને આવેલા અને તે પેકેટ તેમના લાકડાના કબાટમાં મુકેલુ તે સમયે તેમણે માલાભાઈને કબાટમાં પેકેટ

મુકતા જોયેલા. આ લાકડાના કબાટમાં તેઓ તેમના તપાસના કેસ કાગળો રાખતો હોઈ તેમણે કબાટ ખોલેલુ અને માલાભાઈએ મુકેલ પેકેટ જોયેલુ તો મીણીયાની જાંબુડી કલરની એક થેલીમાં કંઈક વસ્તુ હતી. આ પેકેટ તેમણે ખોલેલ ન હતુ પણ મીણીયાની જાંબુડી કલરની થેલી તેમણે જોયેલી. માલાભાઈએ મુકેલ આ પેકેટ બાબતે તેમના રાઈટર પ્રવીણચંદ્રને તેમણે પુછતા પ્રવીણચંદ્રએ તેમને જણાવેલ કે પી.એસ.આઈ. આર.પી.પટેલના સ્કોર્ડના માણસ માલાભાઈએ પેકેટ મુકેલ છે કારણ કે આર.પી.પટેલ પાસે કબાટ નથી એટલે માલાભાઈએ પેકેટ મુકેલ છે. આ પેકેટ બાબતે તેમણે તેમના રાઈટર પ્રવીણચંદ્રને પુછેલુ તો તેઓએ કહેલ કે પેકેટમાં શું છે તેની તેમને ખબર નથી, તેવુ તેમને કહેલુ. રેઈડના દિવસે રેઈડ થયા પછી તેમણે તેમનુ આ લાકડાનુ કબાટ કોઈ કામ માટે ખોલેલુ તો માલાભાઈએ મુકેલ પેકેટ હતુ નહી. જેથી પ્રવીણચંદ્રને પુછતા તેઓએ તેમને જણાવેલ કે માલાભાઈ તેજ દિવસે સાંજે પેકેટ લઈ ગયેલ છે. માલાભાઈએ રેઈડના આગળના દિવસે કબાટમાં મુકેલ અને હોટલ લાજવંતીમાંથી મળી આવેલ પેકેટ એકસરખા હતા. જે પેકેટ તેમના કબાટમાં માલાભાઈએ મુકેલ હતુ તે પેકેટ સંજીવ ભટ્ટે માલાભાઈ પાસે હોટલ લાજવંતીમાં મુકાવેલ હતુ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તા.૩૦/૪/૧૯૯૬ના રોજ સંજીવ ભટ્ટે રાત્રે તેમને પોતાના બંગલે બોલાવી અને જણાવેલ કે, ''ડીસા જઈને તમે પી.એસ.આઈ. આર.પી.પટેલને મળો'' જેથી તેઓ ડીસા ખાતે જઈ આર.પી.પટેલને મળેલા, તો આર.પી.પટેલે તેમને કહેલ કે, ''એસ.પી.સંજીવ ભટ્ટની બાતમી છે અને આપણે બધાએ શેરપુરા ઢાણી ગામમાં રેઈડ કરવાની છે'', તેઓ બધાએ શેરપુરા ઢાણીમાં કુલ ચાર જગ્યાએ રેઈડ કરી અફીણનો મોટો જથ્થો પકડેલ હતો. તેમની સાથે રેઈડમાં આવેલ

પોલીસ અધિકારી, કર્મચારીઓએ તે સમયે ચર્ચા કરેલ અને કહેલ કે હોટલ લાજવંતીમાંથી મળી આવેલ પેકેટ અને આ પેકેટ એકજ જેવા લાગે છે. સંજીવ ભટ્ટે માલાભાઈ પાસે હોટલ લાજવંતીમાં મુકાવેલ અફીણનુ પેકેટ તે અને શેરપુરા ઢાણીમાંથી મળી આવેલા અફીણના પેકેટ એકસરખા હતા. તા.૨/૫/૧૯૯૬ના રોજ એસ.પી. સંજીવ ભટ્ટે તેમને પોતાની ઓફીસમાં બોલાવેલ હતા અને કહેલ હતુ કે ''તમે પાલી રાજસ્થાન જઈ તાત્કાલિક સુમેરસિંહ રાજપુરોહીતની ધરપકડ કરો'', તેવો મૌખિક હુકમ કરેલ હતો. જેથી તેમણે સંજીવ ભટ્ટને  કહેલ કે, ''સાહેબ હાલમાં સુમેરસિંહને પકડવા માટેના પુરતા પુરાવા નથી અને ચુંટણી પછી પકડવા માટેની તેઓ કાર્યવાહી કરશે'', પરંતુ સંજીવ ભટ્ટે તેમને જણાવેલ કે, ''સુમેરસિંહ પહેલા પણ એ.ટી.એસ.માં પકડાયેલ છે અને તે પહેલાથી અફીણનો ધંધો કરે છે, તેવી માહિતી મારી પાસે છે'', તેવુ તેમને કહેલુ અને સંજીવ ભટ્ટે સુમેરસિંહનુ પુરેપુરૂ નામ અને પુરેપુરૂ સરનામુ તેમને આપેલા. તે જોઈ તેમણે સંજીવ ભટ્ટને જણાવેલ કે, ''સાહેબ આપે આપેલ સુમેરસિંહના રહેણાંકનુ સરનામુ અને હોટલ લાજવંતીના રજીસ્ટરમાં લખેલ સરનામુ અલગ છે. હોટલ લાજવંતીના રજીસ્ટરમાં પાલી વર્ધમાન માર્કેટ લખેલ છે''. સંજીવ ભટ્ટે તેમને જણાવેલ કે, ''વર્ધમાન માર્કેટમાં સુમેરસિંહની દુકાન આવેલ છે, તે પણ તમે જોતા આવજો'' તેમ જણાવી સંજીવ ભટ્ટે તેમને હુકમ કરેલ કે ''તમે પાલી જઈ સુમેરસિંહને પકડી લાવો'', પરંતુ તેમણે આરોપી સંજીવ ભટ્ટને જણાવેલ કે, તેઓ રાજસ્થાનના વિસ્તારથી પરિચીત નથી. જેથી સંજીવ ભટ્ટે તાત્કાલિક ટ્રાફીક પી.એસ.આઈ. આર.બી.યાજ્ઞીકને બોલાવેલા અને થોડીવારમાં પી.એસ.આઈ. યાજ્ઞીક સંજીવ ભટ્ટની ઓફીસમાં આવેલ હતા અને સંજીવ ભટ્ટે તેમને કહેલ કે, ''સુમેરસિંહને પકડવા માટે તમારી સાથે તેઓ પી.એસ.આઈ. યાજ્ઞીકને મોકલે

છે તેઓ રાજસ્થાનના વિસ્તારથી વાકેફ છે'', તેમ કહી યાજ્ઞીકને તેમની મદદમાં તાત્કાલિક જવા સુચના કરેલી. જેથી તેઓ સંજીવ ભટ્ટના હુકમથી એલ.સી.બી. શાખાના સ્ટાફના માણસો સાથે સરકારી ગાડીમાં પાલનપુરથી પાલી જવા નીકળેલ હતા અને રસ્તામાં પી.એસ.આઈ. યાજ્ઞીકનો સંપર્ક કરી તેઓએ તેમની સરકારી ગાડી સાથે તેમના ટ્રાફીકના માણસો લીધેલા. તેઓ બધા મોડી રાત્રે આશરે સાડા બાર વાગે પાલી પહોંચેલા. તેમણે રસ્તામાં બેથી ત્રણ જગ્યાએ સુમેરસિંહનુ પુરૂ નામ સરનામુ જે સંજીવ ભટ્ટે તેમને આપેલ હોય તે નામ સરનામા આધારે પુછતાપુછતા સુમેરસિંહના ઘરે પહોંચેલા અને સુમેરસિંહને પકડી લઈ માથાકુટ થતા તેને લઈને તેઓ પાલી કોતવાલી પો.સ્ટેશન લઈને આવેલા. આ દરમ્યાન પાલીના વકીલ તથા સુમેરસિંહના સગાસબંધીઓ પાલી કોતવાલી પો.સ્ટે.માં આવી ગયેલા. તેમણે સુમેરસિંહને જણાવેલ કે, ''તમને અફીણના ગુનામાં પકડવાના છે'' તો તેણે કહેલ કે તેઓ તો વકીલ છે અને અફીણનો ધંધો કરતો નથી. તે દરમ્યાન પાલી કોતવાલી પો.સ્ટે.ના ઈન્ચાર્જ અધિકારી આવી ગયેલા અને તેઓએ તેમને કહેલ કે,''તમે સવારે સુમેરસિંહને લઈને જજો અત્યારે નહી''. જેથી તેમણે પાલી કોતવાલી પો.સ્ટે.થી ફોન કરી એસ.પી.સંજીવ ભટ્ટને જણાવેલ કે, ''સુમેરસિંહ તો વકીલ છે અને લોકલ પોલીસ તેને સવારે લઈ જવાનુ કહે છે''. જેથી સંજીવ ભટ્ટે પાલી કોતવાલી પો.સ્ટે.ના ઈન્ચાર્જ અધિકારી સાથે ટેલીફોનથી વાત કરેલી અને ત્યારબાદ તેઓ સુમેરસિંહને આ ગુનાની પુછપરછ કરવા લઈ જાય છે, તેવી યાદી પાલી કોતવાલી પો.સ્ટે.માં આપી સુમેરસિંહને લઈને પાલી કોતવાલી પો.સ્ટે.થી રવાના થયેલા. રસ્તામાં તેમણે સુમેરસિંહને વર્ધમાન માર્કેટવાળી દુકાન બતાવવા જણાવેલુ તો સુમેરસિંહે રસ્તામાં તેમને દુરથી દુકાન બતાવી તેમને જણાવેલ કે ''આ દુકાન બાબતેનો

દાવો કોર્ટમાં ચાલે છે''. તા.૩/૫/૧૯૯૬ના રોજ તેઓ વહેલી સવારે સુમેરસિંહને લઈને પાલનપુર આવેલા અને ટેલીફોનથી સંજીવ ભટ્ટને જાણ કરેલ કે તેઓ સુમેરસિંહને લઈને આવી ગયેલ છે. તેઓ ફ્રેશ થઈને એલ.સી.બી. ઓફીસમાં આવેલા અને થોડીવારમાં સંજીવ ભટ્ટે સુમેરસિંહને લઈને તેમને તેમની ઓફીસમાં બોલાવેલ હતા. જેથી તેઓ એકલા તેમની ઓફીસમાં ગયેલા અને તેમણે કહેલ કે ''સાહેબ આતો વકીલ છે અને પાલીમાં રાત્રે ઘણી માથાકુટ થયેલ છે,આપે કહેલ તે દુકાન તેઓ જોઈને આવેલ છે પણ સુમેરસિહે તેમને કહેલ કે આ દુકાન બાબતેનો દાવો કોર્ટમાં ચાલે છે'', તેમ કહેતા સંજીવ ભટ્ટે તેમને કહેલ કે ''સારૂ તમે સુમેરસિંહને લઈને અંદર આવો''. જેથી તેઓ ઓફીસમાંથી બહાર ગયેલા અને સુમેરસિંહને લઈને સંજીવ ભટ્ટની ઓફીસમાં આવેલા. આ વખતે તેમના રાઈટર પ્રવીણભાઈ પણ ઓફીસમાં અંદર આવેલ હતા. સંજીવ ભટ્ટે સુમેરસિંહને કહેલ કે, ''તમારે દુકાન બાબતેનો શુ વિવાદ છે, વર્ધમાન માર્કેટવાળી દુકાન તમે કેમ ખાલી કરતા નથી, જો દુકાન ખાલી નહી કરો તો આ કેસમાં ફીટ કરી દઈશ. પાંચ કીલો અફીણનો કેસ કરેલ છે. એક કીલો અફીણ કબજે કરેલાનુ બતાવેલ છે અને ચાર કીલો અફીણ શોધવાનુ બાકી છે, જે તમારી પાસેથી રીકવર બતાવીશુ, તમને જામીન પણ નહી મળે, જો તમારે આ કેસમાંથી બહાર નીકળવુ હોય તો તાત્કાલિક દુકાન ખાલી કરો'', તેવી ધમકી આપેલ હતી.સંજીવ ભટ્ટે તેમને કહેલ કે, ''તાત્કાલિક સુમેરસિંહને અટક કરી કોર્ટમાં રજુ કરીને રીમાન્ડ માંગો''. જેથી તેમણે સુમેરસિંહને આ ગુનામાં અટક કરી કોર્ટમાં રજુ કરી રીમાન્ડ માંગતા સાત દિવસના રીમાન્ડ મળેલ હતા. તા.૫/૫/૧૯૯૬ના રોજ સુમેરસિંહના વકીલ તથા તેમના સબંધીઓ તેમની ઓફીસમાં આવેલ હતા અને તેમને દુકાન ખાલી કરવાનો એગ્રીમેન્ટ બતાવેલ હતો અને તેમને કહેલ કે

''હવે સુમેરસિંહને છોડી દો''. જેથી તેમણે તેઓને ના કહેલી અને તેમણે તેઓને જણાવેલ કે ''હવે બહુ મોડુ થઈ ગયુ, તેમણે તો સુમેરસિંહની આ કેસમાં ધરપકડ કરી લીધેલ છે અને કોર્ટમાંથી સાત દિવસના રીમાન્ડ લાવેલ છુ જેથી હવે તેઓ ના છોડી શકે તમે સંજીવ ભટ્ટ સાહેબને જઈને મળો''. જેથી આ લોકો સંજીવ ભટ્ટને મળવા માટે ગયેલ હતા અને સાંજના સંજીવ ભટ્ટે તેમને તેઓની ઓફીસમાં બોલાવેલા અને કહેલુ કે તેમણે સુમેરસિંહ રાજપુરોહીતની દુકાન ખાલી કરાવવા માટે તેમણે જે પ્લાન બનાવેલ તે મુજબ હવે તે દુકાન ખાલી કરવા રાજી થઈ ગયેલ છે અને પાર્ટીને લખાણ કરી આપેલ છે, જેથી ''હવે તમારે તેને છોડી મુકવાની કાર્યવાહી કરવી પડશે''. તેમણે સંજીવ ભટ્ટને જણાવેલ કે, ''સાહેબ આપની સુચના મુજબ તેમણે સુમેરસિંહને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ માંગતા સાત દિવસના રીમાન્ડ મળેલ છે, જેથી રીમાન્ડ પુરા થાય ત્યારે તેઓ તેને કોર્ટમાં રજુ કરશે'', તેમ કહેતા તમો આરોપી સંજીવ ભટ્ટ તેમના ઉપર ગુસ્સે થઈ ગયેલ અને તેમને કહેલ કે ''મીસ્ટર તમને તપાસ કરતા આવડતુ હોય એવુ મને લાગતુ નથી, આ કેસમાં થોડા જવાબો લઈ લો કે સુમેરસિંહ તો વકીલ છે તે અફીણનો ધંધો કરતો નથી અને બનાવના દિવસે તે અહીયા પાલીમાંજ હતો અને પછી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ તમે હોટલ લાજવંતીના માલિક અને નોકર મારફતે સુમેરસિંહની ઓળખપરેડ કરાવો અને સી.આર.પી.સી.માં એવી જોગવાઈ છે કે, જો કોઈ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોય તો તેને સી.આર.પી.સી. ક.–૧૬૯ મુજબના રીપોર્ટ સાથે કોર્ટમાં રજુ કરવો. જેથી તમે આજે જ સુમેરસિં હને છોડી દેવા તાત્કાલિક સી.આર.પી.સી.ક.–૧૬૯ મુજબનો રીપોર્ટ તૈયાર કરો અને બીજા જે કાંઈ જવાબો લેવાના હોય તે લઈ લો અને ઓળખ પરેડનો રીપોર્ટ તથા બીજા જે કંઈ કાગળો બનાવવાના હોય તે પહેલાથીજ બનાવી લો અને

સુમેરસિંહને કોર્ટમાં રજુ કરો''. તેમણે સંજીવ ભટ્ટને કહેલ કે, ''આજે બહુ મોડુ થઈ ગયુ છે અને કોર્ટ પણ બંધ થઈ ગઈ ગઈ છે જેથી આવતીકાલે કાર્યવાહી કરીશ'', તો સંજીવ ભટ્ટે તેમને કહેલ કે, ''અત્યારે તાત્કાલિક તમામ કાગળો પહેલાથી જ બનાવી લો અને આવતી કાલે ઓળખ પરેડ કરાવવાની અને સુમેરસિંહને છોડી દેવા સી.આર.પી.સી. ક.–૧૬૯નો રીપોર્ટ તૈયાર કરી કોર્ટમાં રજુ કરવો'', તેવો હુકમ કરેલ હતો. તેમણે તા.૬/૫/૧૯૯૬ના રોજ એકઝી. મેજી.શ્રી પાલનપુરને ઓળખ પરેડ કરાવવા માટે રીપોર્ટ આપેલો, તો તેઓએ ઓળખ પરેડ ચુંટણી પછી કરવા જણાવેલ. જેથી તેમણે સંજીવ ભટ્ટને વાત કરતા ટેલીફોનથી એકઝી. મેજી.ને તાત્કાલિક ઓળખ પરેડ કરી આપવા માટે કહેલુ''. ઓળખ પરેડ કરાવવા માટે તેઓ હોટલ લાજવંતી આવેલા અને હોટલના માલિકને કહેલ કે તેઓ અને તેમના નોકર સાથે ઓળખ પરેડ કરવા માટે આવવા જણાવેલુ તો હોટલના માલિકે તેમને કહેલ કે ''તેમનો નોકર તો રેઈડ થઈ તેના બીજા દિવસથી હોટલમાંથી જતો રહેલ છે''. જેથી તેમણે તાત્કાલિક હોટલ ઉપરથી સંજીવ ભટ્ટને ટેલીફોન કરી જણાવેલ કે ''હોટલમાં કામ કરતો નોકર રેઈડ થઈ તેના બીજા દિવસથી હોટલ છોડી જતો રહેલ છે હવે શું કરુ સાહેબ'', જેથી સંજીવ ભટ્ટે કહેલ કે, ''આ તો ગંભીર બાબત છે તમે હોટલના માલિકને લાવી તમારી ઓફીસમાં બેસાડો અને તમે મારી ઓફીસમાં આવો''. જેથી તેઓ સંજીવ ભટ્ટની ઓફીસમાં ગયેલા ત્યારે સંજીવ ભટ્ટે તેમને કહેલ કે, ''મનુ કોદરવી તરીકે ઓળખ પરેડ માટે મે બીજા માણસની વ્યવસ્થા કરેલ છે તેને મનુ કોદરવી તરીકે ઉભો રાખી ઓળખ પરેડ કરાવો તો તેને તથા ગુપ્તાને લઈને તમે જાઓ'', જેથી તેઓ આ બન્ને જણાને લઈને એકઝી.મેજી.શ્રીની ઓફીસમાં ગયેલ અને તેઓ બન્નેને ઓફીસમાં મુકી તેઓ બહાર આવેલ હતા. ત્યારબાદ સુમેરસિંહની

ઓળખપરેડ થઈ ગયા પછી એકઝી.મેજી. શ્રીએ ઓળખપરેડ પંચનામાની નકલ આપેલ નહી હોય આ બાબતે તેમણેસંજીવ ભટ્ટને જણાવેલ કે ''આજે સી.આર. પી.સી. ક.–૧૬૯ મુજબનો રીપોર્ટ નહી થાય''. જેથી તમો આરોપીએ તેમને કહેલ કે ''કેમ નહી થાય ?'' જેથી તેમણે જણાવેલ કે ઓળખ પરેડ પંચનામાની નકલ મળેલ નથી, તો સંજીવ ભટ્ટે કહેલ કે, ''તમારી રૂબરૂનુ ઓળખ પરેડ પંચનામુ કરી સુમેરસિંહને છોડી મુકવા સી.આર.પી.સી.ક.–૧૬૯ના રીપોર્ટ સાથે તેઓને કોર્ટમાં લઈને જાઓ''. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, આરોપી સંજીવ ભટ્ટના હુકમથી તેમણે મનુ કોદરવી હાજર ના હોય તેમણે પોતાની રૂબરૂ ઓળખપરેડ પંચનામુ કરેલુ અને સંજીવ ભટ્ટના હુકમથી સુમેરસિંહને છોડી મુકવા માટે પહેલાથીજ સી.આર.પી.સી. ક.–૧૬૯નો રીપોર્ટ તથા કસ્ટડી રીપોર્ટ અને બીજા નિવેદનો પહેલાથી જ લખાવેલ હતા. વધુમાં સંજીવ ભટ્ટે તેમને પોતાની ઓફીસમાં બોલાવીને સુચના કરેલ કે ''આ ગુનાના કામે આપણ તે ભવિષ્યમાં તકલીફ નહી પડે એટલા માટે એન.ડી.પી.એસ. કલમ–૫૮(૨)નો ઉમેરો કરવા તમે કોર્ટમાં રીપોર્ટ આપો''. જેથી તેમણે સંજીવ ભટ્ટની સુચના મુજબ એન.ડી.પી.એસ. ક.–૫૮(૨)નો ઉમેરો કરવા કોર્ટમાં રીપોર્ટ આપેલો હતો. આ કેસની કેસ ડાયરી તેમના રાઈટર પ્રવીણચંદ્ર પાસે તેમણે તેઓના હસ્તાક્ષરમાં તેમના લખાવ્યા મુજબ લખેલ હતી. સુમેરસિંહના રીમાન્ડ મળ્યા બાદ આશરે પંદર દિવસ પછી તેમને તથા તેમના રાઈટર પ્રવિણચંદ્રને સંજીવ ભટ્ટે આ કેસના કાગળો તથા અસલ કેસ ડાયરી લઈને પોતાની ઓફીસમાં બોલાવેલ હતા. સંજીવ ભટ્ટ આ કેસમાં તેમની ઉપર દબાણ કરી ખોટુ કરાવતા હોય તેમણે કેસ ડાયરીમાં સંજીવ ભટ્ટની સુચનાથી તથા સીધા સુપરવીઝન હેઠળ તેઓએ આ ગુનાની તપાસ અંગે આપેલ વિગતવારની સુચનાઓ કેસ ડાયરીમાં લખેલ હતી.

જેમાં સુમેરસિંહને ઓળખપરેડ એકઝી.મેજી. રૂબરૂ થઈ ગયા પછી ફરીથી પોલીસ રૂબરૂ ઓળખ પરેડ પંચનામુ કરવા તેમને સુચના કરેલી. તેમજ સુમેરસિંહને તાત્કાલિક છોડી દેવા સી.આર.પી.સી.ક.–૧૬૯નો રીપોર્ટ કરવા કારણ કે સુમેરસિંહ રાજપુરોહીતે વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરવા કરાર કરેલ હોય તેને તાત્કાલિક છોડી દેવા સી.આર.પી.સી. કલમ–૧૬૯નો રીપોર્ટ તૈયાર કરવાની સુચના આપેલી તેનો ઉલ્લેખ તેમણે કેસ ડાયરીમાં કરેલો તથા રેઈડ કરતા પહેલા સંજીવ ભટ્ટે તેમને ફોન કરી આગોતરી જાણ કરેલ કે ''હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫માં પલંગના ગાદલા નીચે અફીણ છે તમને થોડીવારમાં કંટ્રોલરૂમ તરફથી વર્ધી મળશે'' તેની તથા હોટલ લાજવંતીમાંથી મળી આવેલ અફીણનુ પેકેટ અને શેરપુરા ઢાણી ગામમાંથી મળી આવેલ અફીણનુ પેકેટ એકજ પ્રકારની મીણીયાની જાંબુડી કલરની થેલીમાં પેકીંગ કરેલ હતુ. વિગેરે મતલબની વિગતો વિગતવારની તેમણે કેસ ડાયરીમાં પાછળ તારીખોમાં નોંધો કરેલી હતી. ઉકત પ્રમાણેની વિગતો સંજીવ ભટ્ટે વાંચતા તેઓ તેમના ઉપર ગુસ્સે થઈ ગયેલ અને કહેલ કે, ''મીસ્ટર હું તમને સસ્પેન્ડ કરી દઈશ અને સંજીવ ભટ્ટે પ્રવિણભાઈને કહેલ કે, ''હું તમને માવસરી મુકી દઈશ'', એમ કહી અસલ કેસ ડાયરી સંજીવ ભટ્ટે ફાડી નાંખેલ અને સંજીવ ભટ્ટે તેમને કહેલ કે ''મીસ્ટર તમે તમારા અક્ષરમાં બીજી નવી કેસ ડાયરી બનાવો અને કેસ ડાયરીમાં મારા વિરૂઘ્ધ જે નોંધો કરેલ છે તે તમામ કાઢી નાંખો, તો હું તમને ગમે તે કેસમાં ફીટ કરી દઈશ અને સસ્પેન્ડ કરી દઈશ'', તેવુ સંજીવ ભટ્ટે તેમને કહેલુ હતુ. ફાટેલ કેસ ડાયરી લઈને તેઓ પોતાની ઓફીસમાં આવેલા અને ફાટેલ કેસ ડાયરીમાંથી રીમાન્ડ સુધીની કેસ ડાયરી કોર્ટમાં ગયેલ હોય તે ડાયરીમાં જણાવેલ વિગત તેમણે પોતાના અક્ષરમાં જોઈ જોઈને લખેલી અને ત્યાર પછીની કેસ ડાયરીમાં સંજીવ ભટ્ટ વિરૂઘ્ધ જે નોંધો

કરેલ તે તમામ કાઢી નાંખી તેમના અક્ષરમાં બીજી નવી કેસ ડાયરી બનાવેલ હતી. અગાઉ તેમણે કેસ ડાયરી ફાડી નાંખ્યાનુ જે જણાવેલુ છે તેમાં લખેલી સુચનાઓ સંજીવ ભટ્ટે આપેલી. આ કેસમાં તેમની તા.૫/૯/૨૦૦૦ના રોજ ધરપકડ થયેલ છે અને ત્યારથી તેઓ જેલમાં છે અને નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૨૩/૯/૨૦૧૯ના હુકમથી તેમને ગઈ તા.૨૪/૯/૨૦૧૯ના રોજ હંગામી જામીન મળેલા અને તેઓ બીમાર હોવાથી સારવાર હેઠળ હતા. આ ગુના સબંધે સુમેરસિંહ જામીન ઉપર છુટયા પછી લેખિતમાં જુદીજુદી જગ્યાએ તેણે અરજીઓ કરેલી. જે અરજીની તપાસ ઈન્કવાયરી થયેલી. તે વખતે તેમને તથા આ કેસ સાથે સંકળાયેલ તમામ પોલીસ અધિકારી, કર્મચારીઓને સંજીવ ભટ્ટે બોલાવેલ હતા અને ફરીયાદને અનુરૂપ નિવેદનો આપવા જણાવેલુ અને ''જો તે મુજબ નિવેદન નહી આપો તો હું તમને જોઈ લઈશ'', તેવી ધમકીઓ આપેલ હતી. જેથી આ ગુના સબંધે ઉપરી અધિકારીઓ તરફથી જે તપાસ ઈન્કવાયરી થયેલ તેમાં તેમણે તથા તેમની સાથેના તમામ પોલીસ અધિકારીઓએ ફરીયાદને અનુરૂપ નિવેદનો આપેલ હતા. તેઓ સારવાર માટે ઘરે આવેલા ત્યારે તેમના ઘરના સભ્યો સાથે આ કેસ અંગે ચર્ચા થતા તેઓએ પણ તેમને જે સત્ય હકિકત છે તે જણાવવાનું કહેલુ અને તેમને પણ પશ્ચાત્તાપ થયેલ અને મનમાં ખુબ રંજ થયેલ કે તેમણે આજદિન સુધી સાચી હકિકત જણાવેલ નથી. જેથી પ્રાયશ્ચીત કરવા મનોમન મનમંથન કરી વિચારી આ ગુનામાં બનેલ સાચી ઘટના તેઓ અદાલતને જણાવવા માંગતા હતા જેથી તેમણે અદાલતમાં અરજી કરેલી હતી. આ અરજી તેમણે પોતાની રાજીખુશીથી અરજીમાં જે જણાવ્યુ છે તે જણાવવા માટે તેમના ઉપર કોઈનુ કોઈપણ પ્રકારે દાબ-દબાણ નથી અને તેમણે આવુજ કહેવુ તેવી પણ તેમને કોઈની ધાક-ધમકીઓ નથી. તેઓ આથી નામદાર

કોર્ટને જણાવે છે કે, તેમણે જણાવેલ હકિકતો તેમની જાણકારીમાં છે કારણ કે તેઓ પાલનપુર પો.સ્ટે.પ્રોહી.ગુ.રજી.નં.૨૧૬/૧૯૯૬ની ઘટનામાં પ્રત્યક્ષ રીતે અને કેટલીક હકિકતો બાબતે પરોક્ષ રીતે સંકળાયેલ છે અને ઘટનાથી જોડાયેલ પણ છે, જેથી આ ઘટનાની સાચી હકિકતો તેમની અંગત જાણકારીમાં છે, જે તેઓ એવુ જણાવે છે કે, તેમને માફ કરવા અરજી કરેલી હતી. તેમને આંક–૬૭થી રજુ થયેલ અરજી બતાવવામાં આવેલ છે. તે અરજીમાં તેમની સહી છે, આ અરજી તેમણે તાજના સાક્ષી બનવા માટે કરેલી હતી, જે અરજી સાથે બંધ કવરમાં તેમણે લેખિતમાં હકિકતો જણાવેલી હતી, જે પણ આ અરજી સાથે રજુ કરેલી હતી. તેમને આંક–૮૦થી રજુ થયેલ આરોપી નં.(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓનુ નિવેદન/કબુલાત બતાવવામાં આવેલ છે, જેમાં દરેક પાનાના પાછળના ભાગે હાંસીયામાં તથા છેલ્લા પાના ઉપર તેમની સહીઓ છે જે સહીઓ તેઓ ઓળખી બતાવે છે. તેમનેઆંક–૭૯ થી રજુ થયેલ વેરીફિકેશન બતાવવામાં આવે છે, જેમાં નામ.કોર્ટે તેમને જે પ્રશ્નો પુછેલા અને તેના તેમણે જે સોગંદ ઉપર જવાબો આપેલા તે છે, જેમાં પાના નં.(૩) ઉપર નામ.કોર્ટ રૂબરૂ તેમની સહી છે, જે સહી પણ તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક–૧૪૩ થી રજુ થયેલ આરોપી નં.(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ તર્ફે તેઓની આંક–૬૭ની અરજીમાં જણાવેલ તમામ હકિકતો પુરેપુરી અને સાચી રીતે જણાવશે તે બદલની ખાત્રી આપતી પુરશીશ બતાવવામાં આવેલ છે, જે નામ.કોર્ટમાં આપેલી, જેમાં તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે, જેમાં તેમના એડવોકેટે સહી કરેલી છે. જે પુરશીશમાં તેમણે તમામ હકિકતો પુરેપુરી અને સાચી રીતે જણાવીશ તેવી ખાતરી આપી અને માફીનો સ્વિકાર કરેલો છે. તેમને આંક–૨૪૬ થી રજુ થયેલ આંક–૭૫ વાળા દ.પુ.લીસ્ટના અનુ.નં.૯૦ વાળો દસ્તાવેજ જે અસલ છે તે

બતાવવામાં આવે છે, જે વર્ધી તા.૨૯/૪/૯૬ અને તા.૩૦/૪/૯૬ના રોજ સંજીવ ભટ્ટ તરફથી જે સુચના આપવામાં આવેલી તે મુજબની હતી. તે અનુસંધાને તેમને રેડ કરવા માટે મોકલવામાં આવેલ. જેમા તેમની મળ્યા બાબતે સહી છે જેની નીચે પી.આઈ. એલ.સી.બી. તા.૩૦ / ૪ / ૯૬ લખેલ છે. તેમને આંક–૨૦૬ થી રજુ થયેલ આરોપી નં.(૧) આઈ.બી.વ્યાસ, પો.ઈન્સ્પે. એલ.સી.બી., પાલનપુરનાઓ ધ્વારા કરવામાં આવેલ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે. જેમા\અંત ભાગે તથા પાના નં.૨ ના પાછળના ભાગે હાંસિયામાં રૂબરૂ તરીકે જે સહી છે તે સહી તેમની છે એન.ડી.પી.એસ.નો ખોટો કેસ ઉભો કરવામાં આવેલ જે ગુનો બન્યો છે તેવુ બતાવવા પંચનામુ ઉભુ કરવામાં આવેલુ જેમાં પાછળથી પંચોની સહીઓ મેળવેલી. તેમને નિ.–૨૫/૩ થી રજુ થયેલ આરોપી નં.(૧) આઈ.બી.વ્યાસ પો.ઈન્સ્પે., એલ.સી.બી., પાલનપુરનાઓ ધ્વારા આપેલ ફરીયાદ અસલ બતાવતા જે તા.૩૦/૪/૯૬ની ફરિયાદ છે જેમાં પ્રથમ પાનાના પાછળના ભાગે હાંસિયામાં તેમની સહી છે તથા અંત ભાગે તેમની રૂબરૂ તરીકેની સહી છે. પ્લાન્ટ કરેલ અફીણ સુમેરસિંહ રોકાયેલ હતો તેવુ ખોટુ દર્શાવવા અને આ અફીણ રૂમમાંથી મળી આવેલ તેવી ખોટી ફરિયાદ સંજીવભટ્ટની સુચના અને દબાણના કારણે બનાવવામાં આવેલ અને તે આધારે ગુનો નોંધાયેલ. તેમને નિશાની–૨૫/૫ વાળો જીલ્લા પોલીસ અધિ.સાહેબ, બ.કાંઠા, પાલનપુરનાઓને ઉદ્દેશેલ પત્ર બતાવતા જેમાં તેમની સહી હોવાનુ જણાવેલ છે. તેમનેનિશાની–૨૫/૪ થી રજુ થયેલ આરોપી નં.(૧) આઈ.બી.વ્યાસ, પો.ઈન્સ્પે., એલ.સી.બી., પાલનપુર નાઓએ પોલીસ સ્ટેશન ચાર્જ અમલદાર શ્રી, પાલનપુરનાઓને ઉદૃેશીને કરેલ રીપોર્ટ બતાવતા જેમા તેમની સહી છે. તેમનેનિશાની–૭૫/૯૩ બતાવતા જે મુદ્દામાલ પાવતી કે

જેની અસલ ચાર્જશીટ સાથે છે તે બતાવતા જે મુદ્દામાલ પાવતી પી.એસ.ઓ.એ તૈયાર કરેલ છે. તેમને નિશાની–૨૫/૮ બતાવતા જે ડીસ્પોલ પાલનપુરને વાયરલેસ મેસેજથી જાણ કરેલ તે છે તેમાં તેમની સહી છે. તેમને નિશાની–૨૫/૯ બતાવતા જે જીલ્લા પો.અધિ.બનાસકાંઠાને ઉદ્દેશેલ છે જેમાં તેમણે કરેલ સહી ઓળખી બતાવેલ છે. તેમજ તેમનેનિશાની–૨૫/૧૦ બતાવતા જે પોલીસ નિરિક્ષક પાલી, કોતવાલી થાણાને ઉદ્દેશેલ છે જેમા તેમણે કરેલ સહી ઓળખી બતાવેલ છે. જેમાં પાલી કોતવાલી પો.સ્ટે.ના ઈન્ચાર્જની મળ્યા બદલની સહી છે. તેમનેનિશાની–૨૫/૧૧ બતાવતા જે સુમેરસિંહને અટક કરવામાં આવેલ તે વખતનુ ચહેરાનિશાન પત્ર છે જેમાં તેમની સહી છે. તેમનેનિશાની–૨૫/૧૨ બતાવતા જે જીલ્લા પો.અધિ.ને ઉદ્દેશેલ છે જેમાં પણ તેમની સહી છે. તેમનેનિશાની–૭૫/૧૧૧ તથા નિશાની–૭૫/૧૧૨ બતાવતા જે અનુક્રમે સુમેરસિહ ચીમનસિંહ રાજપુરોહીતને નામ.કોર્ટની કસ્ટડીમાં લેવા માટે ચીફ.જ્યુ.મેજી.ને આપેલ રિપોર્ટ છે જેમા તેમની સહી છે જ્યારે નિશાની–૭૫/૧૧૨વાળો કાગળ ચીફ.જ્યુ.મેજી.ને આપેલ રિમાન્ડ બાબતનો રિપોર્ટ છે. જેમા તેમની સહી છે. તે વખતે તેમણેકેસ ડાયરી પણ રજુ કરેલી હતી. તમામ અસલ રિપોર્ટો તેમણે નામ.ચીફ.જ્યુ. મેજી.કોર્ટમાં રજુ કરેલા હતા. તેમને નિશાની–૭૫/૧૧૭ પૈકી માર્ક–એ (૭૫/૧૧૭) બતાવતા જે કંટ્રોલરૂમ વર્ધી રજીસ્ટર એન્ટ્રી નં.૩૬૦નો ઉતારો છે જેમાં નીચે પી.આઈ.એલ.સી.બી. લખેલ તેની ઉપરની સહી તેમની છે. જે હસ્તાક્ષર તેમના રાઈટર પ્રવિણભાઈના છે. જેઓ એલ.સી.બી.માં આશરે એકાદ વર્ષ સુધી તેઓ રહયા ત્યાં સુધી રાઈટર તરીકે તેમની સાથે જ હતા જેથી તેઓ તેઓના હસ્તાક્ષર ઓળખે છે, આ દસ્તાવેજો અફીણ પ્લાન્ટેશનની કેસની

કાયદેસરની કાર્યવાહી સાચી દર્શાવવાના ભાગ રૂપે સંજીવભટ્ટની સુચના અને દબાણના કારણે તથા નક્કી થયા મુજબ તૈયાર કરવા પડેલા અને જરૂર પડે આપેલા. તેમનેઆંક–૧૭૨ થી રજુ થયેલ આઈ.બી.વ્યાસ, (આરોપી નં.૧) પો. ઈન્સ્પે., એલ.સી.બી. પાલનપુરનાઓએ, હોટલ લાજવંતીના રજીસ્ટરની તા.૨૯/૪/૯૬ના રોજની એન્ટ્રી નં.૬૪૦, નામ:સુમેરસિંહ રાજપુરોહીત વાળા લખાણમાંની સહી મુજબના, ભોગબનનાર સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહીતના સહીઓના લીધેલ નમુનાનુ પંચનામુ તેમને બતાવતા જે પંચનામામાં તેમનીસહી છે અને જે હોટલ રજીસ્ટરમાં સહી હતી તે અંગે સુમેરસિંહના હસ્તાક્ષરની ચકાસણી માટે લેવામાં આવેલ હસ્તાક્ષરના નમુના જે લેવામાં આવેલ તે અંગેનુ છે જેમાં તેમનીસહી છે. તેમને નિશાની–૨૫/૬ તેમતે બતાવતા જે હોટલ લાજવંતીના હોટલ રજીસ્ટરના પાનાની ઝેરોક્ષ છે. જેમાં ૬૪૦ નંબરની જે એન્ટ્રી તેના અનુસંધાને આ રજીસ્ટર કબજે કરવામાં આવેલુ હતુ. જેમા તા.૨૯/૪/૯૬ના રોજની સુમેરસિહ રાજપુરોહીતના નામની એન્ટ્રી છે જે અનુસંધાને હસ્તાક્ષરના નમુનાનુ તેમણે પંચનામુ કરેલુ. વધુમાં તેમને નિશાની–૨૫/૧૭ બતાવતા જેમાં તેમનીસહી છે. જેની અસલ એક્ઝિ.મેજી.ને આપેલ હતી. તેમને આંક–૨૧૭થી રજુ થયેલ પંચનામુ બતાવતા જેમાં રૂબરૂમાં તેમનીસહી છે. જે તેમનારાઈટર પ્રવિણચંદ્રના હસ્તાક્ષર છે. જે સુમેરસિહની ઓળખ પરેડ બાબતેનુ છે. તેમને નિ.–૨૫/૨૦ વાળો દસ્તાવેજ બતાવતા જેનુ પ્રથમ પાનુ ફાટેલુ છે જેના બીજા પાના ઉપર તેમનીસહી છે જે તેમણે નામ.કોર્ટમાં કરેલ સી.આર.પી.સી. કલમ–૧૬૯ના રિપોર્ટની ઓફીસ કોપી છે. જે અસલ રિપોર્ટ તેમણેજે તે સમયે સ્પે. કોર્ટમાં રજુ કરેલો છે. રિમાન્ડ પુર્ણ થયા બાદ તેમણેઆરોપી સુમેરસિહને અદાલતમાં રજુ કરેલા તે વખતે તેમનીસહીથી

જરૂરી કાર્યવાહીના રિપોર્ટો આપેલા. તેમને નિશાની–૭૫/૧૨૩ બતાવતા જે આ ગુનાની પ્રગતિ બાબતેનો અહેવાલ છે. જેમાં તેમની સહી છે અને જેની અસલ જીલ્લા પોલીસ અધિ. બ.કાંઠાનાઓને મોકલેલ, તે અહેવાલની આ ઓફીસ કોપી હોવાનુ જણાવેલ છે. તેમને નિ.–૨૫/૨૨ બતાવતા જે તેમણે મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાત શ્રી હેન્ડરાઈટીંગ અને ફોટોગ્રાફી બ્યુરોનાઓને આ ગુના રજીસ્ટર નંબરના કામે હસ્તાક્ષરની તપાસણી કરી અભિપ્રાય બાબતે લખેલ ફોર્વર્ડિંગ પત્રની ઓફીસ કોપી છે જેને તેમણે જીલ્લા પોલીસ અધિ. સાહેબ મારફતે રવાના કરેલ જેમા તેમની સહી છે તથા તેની સાથે ચેકલીસ્ટ છે જેમાં પણ તેમની સહી છે. જે પત્રમાં જણાવેલા દસ્તાવેજો જેવા કે હોટલ લાજવંતીનુ હોટલ રજીસ્ટર તથા હસ્તાક્ષરના નમુના વિગેરે મોકલી આપેલા હતા. આ તમામ દસ્તાવેજો સંજીવભટ્ટનો દુકાન ખાલી કરાવવાનો હેતુ પુર્ણ થયેલ, જેથી સુમેરસિંહને છોડી મુકવાનુ સંજીવભટ્ટે નક્કી કરી તેમણેતેઓને આપેલ સુચના મુજબ તૈયાર કરેલા એટલે કે, તૈયાર કરવા પડેલા. તેમનેનિશાની–૨૫/૨૧ બતાવતા જે મે.સેશન્સ જજ સાહેબ નાઓને મોકલી આપેલ એન.ડી.પી.એસ. એક્ટની કલમ–૫૮(૨) અનુસારના રિપોર્ટની સ્થળપ્રત છે જેમાં તેમની સહી છે. તેમને નિશાની–૨૫/૧૫ બતાવતા જે તેમણે પાલનપુર શહેર પો.સ્ટે.ગુના રજી. નં.૨૧૬/૯૬ના કામે મુદ્દામાલ અફીણના સેમ્પલ જે એફ.એસ.એલ.માં અભિપ્રાય માટે મોકલી આપેલ તેની રવાનગી નોંધની સ્થળપ્રત છે જેમા તેમની સહી છે. જેમાં પાછળના ભાગે સત્તા અંગેનુ પ્રમાણપત્ર છે. જેમાં સેમ્પલ ઉપર સીલ કરવાનુ હોય તે તેમની કચેરી પી.આઈ.એલ.સી.બી.નો અસલ સીલનો સિક્કો છે. તેમા સત્તા અંગેના પ્રમાણપત્ર નીચે જે–તે વખતના વિભાગીય પો.અધિ. શ્રીની સહી છે. તેમજ હોદ્દાનો સીલ છે. જે તેઓ ઓળખી બતાવે છે, જે રવાનગી સાથે તેમણે કબજે થયેલ મુદ્દામાલ અફીણનો નમુનો

મોકલી આપેલો. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, લાજવંતી હોટલના રૂમ નં.૩૦૫ના પલંગના ગાદલા નીચેથી અફીણ મળી આવેલ જે અફીણના પેકેટમાંથી વજનકાંટાવાળાને બોલાવી પ્રથમ કુલ વજન કરાવતા ૧ કીલો ૧૫ ગ્રામ થયેલ અને આ અફીણમાંથી ચારેયબાજુથી થોડુથોડુ અફીણ લઈ ૨૦ ગ્રામ અફીણનુ સેમ્પલ અલગ કાઢી લઈ તે મીણીયાની થેલીમાં મુકી અને આ થેલી સીવી લઈ તેના ઉપર પંચોની તથા તેમની સહીઓવાળી સ્લીપો મોકલી આ મીણીયાની થેલી એક સફેદ કપડાની થેલીમાં મુકી તેને સીવી લઈ તેના ઉપર તેમની તથા પંચોની સહીવાળી સ્લીપ મુકી લાખથી પી.આઈ.એલ. સી.બી. બી.કે.ના માર્કાનુ સીલ કરવામાં આવેલુ અને આ સેમ્પલ એફ.એસ.એલ.માં અભિપ્રાય માટે મોકલેલુ. તેમજ બાકીના મુદ્દામાલનુ અફીણ જે–તે થેલીમાં રહેવા દઈ તેને સીવી લઈ તેના ઉપર તેમની તથા પંચોની સહીવાળી સ્લીપ મુકી આ થેલીને બીજી થેલીમાં મુકી તે થેલી સીવી લઈ તેના ઉપર પંચો તથા તેમની સહીવાળી સ્લીપ મુકી લાખથી પી.આઈ.એલ.સી.બી., બી.કે.ના માર્કાનુ શીલ કરવામાં આવેલુ અને આ મુદ્દામાલને કબજે લેવામાં આવેલો. જે મુદ્દામાલ ૯૯૫ ગ્રામ હતો. અભિપ્રાય માટે મોકલેલ મુદ્દામાલ સેમ્પલ તેમણેપાલનપુર શહેર પોલીસ સ્ટેશન મારફત મોકલી આપેલો. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેમને પાલનપુર સીટી. પ્રોહી.ગુ.રજી. નં.૨૧૬/૯૬ના કામે ઉપસ્થિત થયેલ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૩૩૧/૯૬ (જામીન અરજી)ના કામે નામ.ગુજરાત હાઈકોર્ટના ખાનગી પત્ર નં.એ/૧૯૦૭/૯૬, તા.૧૭/૩/૯૯ના રેફરન્સથી સેઈફ કસ્ટડી નં.૧૪/૯૯થી રાખવામાં આવેલા કાગળોનુ કવર કે જેમાં કુલ (૧) થી (૨૧) ગુના અંગેના કાગળો અને પાના નં.(૧)થી (૧૦) ક્રિ.પરચુરણ અરજી નં.૩૩૧/૯૬ના કાગળો અદાલત સમક્ષ કવર ખોલીને કાઢીને બતાવવામાં આવે છે. જેમાં કાગળો સાથે એક લીલા કલરનું બંધ કવર પણ છે જે બંધ કવર

ખોલતા તેમાંથી એક સફેદ કવર નીકળેલ છે જે ખોલતા તેમાં ફાટેલુ એક ખાખી કવર નીકળેલુ છે અને સાથે ગુના નં.૨૧૬/૯૬ના કેસની કેસ ડાયરીની નકલ તા.૩૦/૪/૯૬થી તા.૪/૫/૯૬ ના રોજ સુધીની છે. જેમા દરેક તારીખની નીચે તેમની સહીઓ છે. જે તેમણે રિમાન્ડ રિપોર્ટની સાથે રજુ કરેલ તે જ છે. જેમા તેમના રાઈટર પ્રવિણચંદ્રના હસ્તાક્ષર છે, જે આંક-૨૭૨ રજુ છે. વધુમાં તેમને નિશાની-૭૫/૧૪૨ વાળો દસ્તાવેજ બતાવતા તે કેસ ડાયરી છે અને તે ફરીથી નવી બનાવવામાટે તેમનેસંજીવ ભટ્ટ સાહેબે સુચના આપેલી જેમાં તા.૩૦/૪/૯૬ થી ૬/૭/૯૬ સુધીની તેમના હસ્તાક્ષરમાં લખાયેલ ડાયરી છે જેમાં ડાયરી નં.(૧)થી (૧૮)ની નીચેના ભાગે જે ટુંકી સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. નિશાની-૭૫/૧૪૨ને સાહેદે ઓળખી બતાવી હકીકતના કથનોવાળી જુબાની આપેલ હોઈ મજકુર નિશાની-૭૫/૧૪૨ કેસ ડાયરી પૈકી સાહેદે જણાવેલ તા.૩૦ / ૪ / ૯૬ થી તા.૬ / ૭ / ૯૬ સુધીની તેઓના હસ્તાક્ષરવાળી અને ટુંકી સહીવાળી ડાયરીને આંક-૨૭૩ આપવામાં આવે છે. તેમનેસેઈફ કસ્ટડી નં.૧૪/૯૯ના કામમાથી તેમણેઅગાઉ જે રિપોર્ટ નામ.કોર્ટમાં આપ્યાનુ જણાવ્યુ, તે બતાવવામાં આવે છે જેમાં તેમણે તા.૪ /૫/૯૬ના રોજ નામ. કોર્ટમાં આરોપીની કોર્ટ કસ્ટડીમાં સંભાળવા માટે આપેલ રિપોર્ટ, તેની રિમાન્ડ અરજી, ક્રિ.પ્રો.કોડની કલમ-૧૬૯નો રિપોર્ટ તથા એન.ડી.પી.એસ.એક્ટની કલમ-૫૮(૨) મુજબનો રિપોર્ટ છે જે તેમણે નામ.કોર્ટમાં આપેલ અસલ રિપોર્ટો છે જેમાં તેમની સહી છે. જેના ઉપર નામ.કોર્ટે જરૂરી આદેશ કરેલા છે. તેમનેઆંક-૮૦ અગાઉ બતાવવામાં આવેલ જેમાં તેમણે તેમની સહીઓ હોવાનુ જણાવેલ. જે આંક-૮૦માં લખેલી હકીકત સાચી છે તેમની જાણમાં છે અને ઘટનામાં જોડાયેલી છે. આંક-૨૦૬ તેમનેબતાવવામાં

આવે છે તે જાઈને કહે છે કે, જેતેમના રાઈટર પ્રવિણચંદ્ર હરીલાલ પરમારના હસ્તાક્ષરમાં છે. તેમનેઆંક–૨૭૧ વાળી ફરિયાદ બતાવવામાં આવેલી હતી. જેમાં તેમના રાઈટર પ્રવિણચંદ્ર હરિલાલના હસ્તાક્ષર છે. તેમને નિ.૨૫/૧૦ વાળો દસ્તાવેજ બતાવતા જેમાં તેમના રાઈટર પ્રવિણચંદ્ર હરિલાલના હસ્તાક્ષર છે. તેમનેઆંક–૨૭૭,આંક–૨૭૮ અને આંક–૨૭૯ બતાવતા જે બન્નેમાં તેમના રાઈટર પ્રવિણચંદ્રના હસ્તાક્ષર છે અને જે એક ચહેરાનીશાન પત્રક છે, જે તેમની હાજરીમાં ભરવામાં આવેલ. વધુમાં આંક–૨૭૯થી રજુ થયેલ આઈ.બી. વ્યાસ (આરોપી નં.૧) પો.ઈન્સ્પે., એલ.સી.બી., પાલનપુરનાઓએ ભોગબનનાર સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહીતને આ ગુનામાં અટક કર્યા અંગે જિલ્લા પોલીસ અધિ., સંજીવ ભટ્ટનાઓને કરેલ રીપોર્ટની ઓફીસ કોપી પણ તેમની હાજરીમાં પ્રવિણચંદ્રએ તેમના લખાવ્યા મુજબ લખેલો તે છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેમને આંક–૧૭૨ થી રજુ થયેલ આઈ.બી. વ્યાસ, (આરોપી નં.૧) પો. ઈન્સ્પે., એલ.સી.બી. પાલનપુર નાઓએ, હોટલ લાજવંતીના રજીસ્ટરની તા.૨૯/૪/૯૬ના રોજની એન્ટ્રી નં.૬૪૦, નામ:સુમેરસિંહ રાજપુરોહીતવાળા લખાણમાંની સહી મુજબના, ભોગબનનાર સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહીતના સહીઓના લીધેલ નમુનાનુ પંચનામુ બતાવતા જે તેમના રાઈટર પ્રવિણચંદ્રના હસ્તાક્ષરમાં છે, જે તેમણે લખાવેલ છે. તેમનેસેફ કસ્ટડીના કાગળોમાંથી સી.આર.પી.સી.કલમ–૧૬૯નો રિપોર્ટ આરોપીને છોડી મુકવા બાબતેનો છે. જે આંક–૨૮૦ તેમને બતાવતા જે જોઈને તેમણે જણાવેલ છે કે, તેમાંના હસ્તાક્ષર તેમના રાઈટર પ્રવિણચંદ્રના છે. જેમાં તેમની સહી છે અને જે તેમણેલખાવેલ છે. જેની નીચે નામ.કોર્ટનો હુકમ

તથા અન્ય શેરા છે. તેમને નિશાની–૨૫/૧૫ બતાવતા જે મુદ્દામાલ રવાનગી નોંધ છે. જેમાં હસ્તાક્ષર રાઈટર અબ્બાસભાઈના હસ્તાક્ષર છે. તેમની ફરિયાદ સાથે મુદ્દામાલ કબજે લીધલો હતો, તે રવાનગી નોંધ સાથે પો.સ્ટે.ઓફીસરને ગુનો દાખલ કરતી વખતે સોંપવામાં આવેલો. આ મુદ્દામાલ પો.સ્ટે. ઓફીસરે પો.સ્ટે. રાઈટર હેડ કોન્સ્ટે. ગણપતલાલ ખેમશંકર હે.કો.ને સોંપેલો તેઓએ આંક–૨૮૧ વાળી રવાનગી નોંધ સાથે સેમ્પલ એફ.એસ.એલ.માં ચકાસણી માટે પાલનપુર પો.સ્ટે.ના કોન્સ્ટેબલ કનુભાઈ આંબાભાઈ સાથે એફ.એસ.એલ.માં મોકલેલો. મજકુર કનુભાઈ આંબાભાઈ સાથે મોકલેલાની નોંધ તેમાં કરવામાં આવેલી છે. વધુમાં તેમનેઆંક–૨૮૨બતાવતા જે ગુનો દાખલ કરવા માટેનો ફોર્વર્ડીંગ લેટર છે જેમાં મુદ્દામાલ બાબતેની નોંધ કરેલી છે જેમાં અબ્બાસભાઈના હસ્તાક્ષર છે. સહી તેમની છે. જે લેટર પો.સ્ટે. ઓફીસરને આપેલો અને તેમને મળેલ તે બાબતની તેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક–૨૮૩ બતાવતા જે એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યા બાબતની પહોંચ છે. જે તા.૧/૫/૯૬ના રોજની છે, જેમાં મદદનીશ નિયામક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગુજરાત રાજ્ય અમદાવાદની સહી છે. જે આ પાલનપુર પ્રો.હી. ગુના રજી. નં.૨૧૬/૯૬ના કામનો મુદ્દામાલ પાર્સલ મળ્યા બાબતેની છે જેતેમણે ઓળખી બતાવેલ છે. વધુમાં તેમને સેફ કસ્ટડી નં.૧૪/૯૯ના કામમાંથી અગાઉ તેમણેજુબાનીમાં વર્ણન કરેલા દસ્તાવેજો પૈકી પ્રથમ તા.૪/૫/૯૬ના રોજનો મહે. ચીફ. જ્યુ.મેજી સાહેબને ઉદ્દેશેલ, સુમેરસિંહ રાજપુરોહીતને કોર્ટ કસ્ટડીમાં સંભાળવા માટે આપવામાં આવેલ રિપોર્ટ બતાવતા જેમાં તેમના રાઈટર પ્રવિણચંદ્રના હસ્તાક્ષર છે જેમાં સહી તેમની છે. જે રિપોર્ટ તેમણે લખાવેલ જે તેમણેનામ. કોર્ટમાં આપેલ તેમા નામ. કોર્ટે કરેલ જરૂરી હુકમ છે. જે આંક–૨૮૪થી રજુ થયેલ છે. તેમને

તા.૪/૫/૯૬ના રોજનો તેમણે મહે. ચીફ.જ્યુ.મેજી સાહેબને ઉદ્દેશેલ, સુમેરસિંહ રાજપુરોહીતનાઓના રિમાન્ડ મેળવવા માટે આપવામાં આવેલ રિમાન્ડ રિપોર્ટ બતાવતા જેમાં તેમના રાઈટર પ્રવિણચંદ્રના હસ્તાક્ષર છે, જેમાં તેમની સહી છે. જે રિપોર્ટ આંક–૨૮૫ વાળો તેમણે લખાવેલ જે તેમણેનામ. કોર્ટમાં આપેલ તેમા નામ. કોર્ટે કરેલ જરૂરી હુકમ હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને તા.૬/૫/૯૬ના રોજનો મે.સ્પે. જજ સાહેબ પાલનપુરનાઓને ઉદ્દેશીને આપેલ આરોપીને કોર્ટ કસ્ટડીમાં સંભાળી લેવા બાબતે આપેલ આંક–૨૮૬ વાળો રિપોર્ટ બતાવતા જે તેમના રાઈટર પ્રવિણચંદ્રના હસ્તાક્ષર છે જે તેમણેલખાવેલ અને તેમાં તેમની સહી છે અને ના.કોર્ટનો જરૂરી હુકમ છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને તા.૯/૫/૯૬ના રોજનો સ્પે. જજ સાહેબ નાઓને તેમણે આપેલ એન.ડી.પી.એસ. એક્ટ કલમ–૫૮(૨)નો ઉમેરો કરવા માટે આપેલ રિપોર્ટ બતાવવામાં આવે છે જેમાં તેમના રાઈટર અબ્બાસભાઈના હસ્તાક્ષર છે જે તેમણેલખાવેલ છે જેમાં તેમની સહી છે અને ના.કોર્ટનો જરૂરી હુકમ છે. તેમણે જે તેઓ ઓળખી બતાવી આંક–૨૮૭થી રજૂ થયેલ છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે, તેમને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ડિ.કોર્ટ પાલનપુરના રજીસ્ટ્રારશ્રીએ તા.૧૯/૩/૨૦૨૨ના રોજ રિસીવ કરેલ પાલનપુર શહેર પુર્વ પો.સ્ટે.ના જાવક નં.૮૧૫/૨૨ વાળા પત્રમાં દર્શાવેલ મુદ્દામાલ કે જે રિસીવ થયા બાબતે સ્પે.એન.ડી.પી.એસ. કેસ.નં.૩/૨૦૧૮ના કામે તે પત્ર સાથે રજુ થયેલ અન્ય દસ્તાવેજો પૈકી મુદ્દામાલના વર્ણનવાળો એક દસ્તાવેજ કે જેના ઉપર મુદ્દામાલ આર્ટિકલ નં.(૧) તેમ નાઝરશ્રીએ એન્ડોર્સમેન્ટ કરેલ છે તે જનરલ મુદ્દામાલ રજી. નં.૧૬/૨૨થી નોંધવામાં આવેલ છે. જે મુદ્દામાલ પાવતી આંક–૨૮૮થી

તેઓ રજુ કરે છે. તેમા દર્શાવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.(૧) તેમને અદાલત રૂબરૂ એક પ્લાસ્ટિકના બોક્સમાં એક પ્લાસ્ટિકની ટ્રાન્સપરન્ટ બેગમાં જાંબલી કલરની થેલીમાં પેક કરેલ મુદ્દામાલ કે જેની સફેદ કલરની ટ્રાન્સપરન્ટ થેલી ખોલી અંદર જાંબલી કલરની થેલી ઉપર ચિપકાવેલ ચિઠ્ઠી બતાવતા જેની ઉપર પ્રોહી.ગુ.ર.નં.-૨૧૬/૯૬, તા.૩૦/૪/૯૬, પ્રોહી.મુ.પા.નં.૧૮૨/૯૬, તા.૩૦/૪/૯૬ ફરી પો.ઈન્સ.શ્રી આઈ.બી.વ્યાસ આરોપી સુમેરસિંહ રાજપુરોહીત આર્ટીકલ નં.(૧) લખેલુ છે. જે જાંબુડીયા કલરની થેલીમાંથી કાળો પદાર્થ બહાર આવેલ છે અને સફેદ કલરની ટ્રાન્સપરન્ટ થેલી ઉપર ચીપકી ગયેલ હાલતમાં પણ છે જાંબુડીયા કલરની થેલીમાં પણ મુદ્દામાલ ચીપકી ગયેલ હાલતમાં છે અને ખોલતા ફાટી જાય તેવી પરિસ્થિતિ છે. તેમાં જેટલુ દેખાય છે તે જોઈ જણાવેલ છે કે, તે કાળા પદાર્થવાળો અફીણ છે. તેમણેજે-તે સમયે કબજે કરેલ તે જ મુદ્દામાલ છે. તેમણે જે-તે સમયે સેમ્પલ પુરતો ૨૦ ગ્રામ મુદ્દામાલ કબજે લીધેલો અને તે એફ.એસ.એલ.માં મોકલી આપવામાં આવેલો, જે સેમ્પલવાળો મુદ્દામાલ પરિક્ષણ થયા બાદ તેમની તથા પંચોની કાપલી સાથે જો પરત આવેલ હોય તો તેમને બતાવવાથી તેઓ ઓળખી શકતા હોવાનુ જણાવેલ છે.

**બચાવપક્ષે ફરીયાદપક્ષના તાજના સાક્ષી એવા આ સાહેદની સુચક તથા તાર્કિક પ્રશ્નોથી જે ઉલટ કરી છે તેમાં તેમણે સ્વિકાર કરેલ છે કે,** તેમના સમયમાં એલ.સી.બી.માં પી.આઈ.ની એક જ પોસ્ટ હતી. તેમના તાબામાં બે પી.એસ.આઈ.હતા. તેમા શ્રી પી.જી.ચૌધરી અને આર.પી.પટેલ હતા. તેમના તથા પી.એસ.આઈ.ના રાઈટર અલગ-અલગ હતા. તેમના રાઈટર પ્રવિણભાઈ હતા અને અબ્બાસભાઈ પી.જી.ચૌધરીના રાઈટર હતા. જ્યારે ગોવિંદભાઈ

આર.પી.પટેલના રાઈટર હતા. તેઓના તાબાના પોલીસ કર્મચારી તેમની સુચના અને માર્ગદર્શન મુજબ કામગીરી કરે. અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, કોઈ ઉપરી અધિકારીએ સુચના આપી હોય તો તેમના જણાવ્યા મુજબ પણ કામગીરી કરે. ઘણી વખત ઉપર અધિકારી સીધેસીધી સુચના પણ તેઓને આપે છે. ઘણીવખત ઉપરી અધિકારીએ જે કામગીરી સોંપી હોય તે કામગીરી અંગે તેઓને જાણ કરવાની ના પાડી હોય અને સીધેસીધી સુચના આપી કામ કરવા કીધેલુ હોય તો તેઓ તેમનેજાણ કર્યા વગર તેવી સુચના પ્રમાણે કામ કરતા હોય છે.જો ઉપરી અધિકારીએ જાણ કરવાની ના પાડી ન હોય તો તેમને જાણ કરે.જો કોઈ ગુનો શોધી લાવે અને રજીસ્ટર કરવાનો હોય તો તેમને જાણ કરે પણ કોઈ ખાનગી બાતમી શોધી લાવે કે ખાતરી કરી આવે તો તેવી કામગીરીની તેઓને જાણ કરે નહી. સાહેદે સ્વિકાર કરેલ છે કે, સામાન્ય રીતે તેવી કોઈ ખાનગી માહીતી કે બાતમીની કામગીરી ઉપરી અધિકારીએ સોંપી હોય તો તેની નોંધ જે તે તાબાના કર્મચારી કે ઓફીસરે તેમની ડાયરીમાં નોંધ કરવી પડે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ઘણીવાર ઉપરી અધિકારી તેમના તાબાના કર્મચારી કે ઓફીસરને બારોબાર સીધેસીધી કામગીરી સોંપી દે તેની તેઓને જાણ કરતા નથી, તેવુ તે જણાવી રહેલ છે તે સત્ય હકિકત છુપાવવા માટે ઈરાદા પૂર્વક ખોટો ખુલાસો કરે છે.

વધુમાં સાહેદને અદાલત સમક્ષ મંગાવેલ મુદ્દામાલ સફેદ કલરના પ્લાસ્ટિકના બોક્સમાંથી સફેદ કલરની ટ્રાન્સપરન્ટ સફેદ થેલીમાં મુકેલ જાંબુડીયા કલરની થેલીમાં કાળા કલરનો પદાર્થવાળો રહેલ મુદ્ધામાલ બતાવતા જે અંગે સાહેદે જણાવ્યુ છે કે, સરતપાસમાં ઓળખી બતાવેલ છે તે જ છે. તેમણે સ્વિકાર કરેલ છે કે, તેમા જે કાપલી છે તે કાપલીના અક્ષર તેઓના નથી.

તેમણે એવુ સ્વિકારેલ છે કે, જાંબુડીયા કલરની થેલીના બહારના બંને ભાગે પણ કાળો પદાર્થ હાથમાં ચીપકે તે રીતે નીકળેલો છે. એ પણ સ્વિકારેલ છે કે, જાબુડીયા કલરનીથેલીમાં જે કાળો પદાર્થ છે તે હાલ જોતા કાગળમાં વીંટાળીને અંદર મુકેલો જણાય છે. સાહેદે જણાવેલ છે કે, આ મુદ્દામાલ તેઓએ જે સ્થિતિમાં સીલ કરીને આપેલ તે સ્થિતિમાં નથી અને તેમા તેમની સહીવાળી કાપલી નથી. એ વાત સ્વિકારી છે કે, અફીણવાળો મુદ્દામાલ આર્ટિકલ નં.૧ છે. જે ફોર્વડીંગ લેટરમાં આર્ટીકલ નં.૧ તરીકે જે બતાવેલો છે તે જ મુદ્દામાલ છે. સાહેદને એવો સવાલ પુછવામાં આવેલો છે કે શાના ઉપરથી તેઓ તેજ મુદ્દામાલ છે તેવુ કહી રહયા છે ? તેના જવાબમાં સાહેદ કહે છે કે, તેમાંથી તીવ્ર વાસ આવે છે અને કાળા કલર ઉપરથી તેઓ કહી રહયા છે. તેઓને અદાલત સમક્ષ મુદ્દામાલ સુંઘાડવામાં આવેલ છે. તે સુંઘીને તેઓએ કહેલ છે કે, તેમાં કડવાશ જેવી તીવ્ર વાસ આવે છે અને જે ટ્રીપીકલ પ્રકારની છે. સાહેદે જણાવ્યુ છે કે, કપડાની થેલી મોઢીયાના ભાગેથી ખુલ્લી સીવેલી તૈયાર હતી તેમા તેઓએ જણાવ્યુ તે પ્રમાણે મુદ્દામાલ મુકી સીલની કાર્યવાહી કરેલી. તેઓએ મુદ્દામાલ કબજે લીધો અને આ જે કોઈ કાર્યવાહી કરી તે વખતે મુદ્દામાલ સુંઘેલો હતો. આજે જે વાસ આવે છે તેવી જ વાસ તે વખતે આવતી હતી. સાહેદને **નિશાની– ૨૫/૫** બતાવેલ છે એ અંગે સાહેદે સ્વિકારેલ છે કે, તેમાં તેમની સહી છે અને તે લખાણ જીલ્લા પો.અધિક્ષકશ્રીને ઉલ્લેખીને કરવામાં આવેલુ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે મળેલી વર્ધી અંગે રેડ કરવા રવાના થયા તેની જાણ કરતા પત્ર છે. તેમણે સ્વિકારેલ છે કે, તે ગુપ્ત રિપોર્ટ છે. તે પત્ર તેમણે તેમની કચેરીના તેમના તાબાના પોલીસ કર્મચારી મારફત જીલ્લા પો.અધિક્ષકશ્રીને ઉલ્લેખીને મોકલેલ હતો તે કર્મચારી કોણ હતો તેનુ નામ હાલ

તેઓને યાદ નથી. એ વાતનો તેમણે સ્વિકાર કરેલ છે કે, તેમાં સહી સિવાય તેમના રાઈટર પ્રવિણચંદ્રના હસ્તાક્ષર છે. એ વાત સ્વિકારી છે કે, તેમાં જે વર્ધી મળેલી તેનુ લખાણ તેમણે તેમાં લખાવેલ છે. બચાવપક્ષના વિ.વ.શ્રીની વિનંતીથી **નિશાની ૨૫/૫**ને **આંક–૨૯૩** આપવામાં આવેલ છે. સાહેદે આ પત્ર સંદર્ભે જણાવેલ છે કે, વર્ધી મળ્યા પહેલા તેઓને સંજીવભટ્ટ તરફથી વિશ્રામગૃહ ખાતે લેન્ડ લાઈન ફોન ઉપર બાતમી આપેલ કે હોટલ લાજવંતીના રૂમનં.૩૦૫ ના પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે થોડીવારમાં તમને કંટ્રોલરૂમ તરફથી વર્ધી મળશે તમે તમારા સ્ટાફને તાત્કાલીક બોલાવી લો અને હોટલ લાજવંતીમાં જઈ રેડ કરો અને કાયદેસર કાર્યવાહી કરો એવુ સંજીવભટ્ટે મને કહેલુ. ત્યારબાદ તેઓને આ વર્ધી મળેલી. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, **આંક–૨૯૩** વાળો પત્ર તાજના સાક્ષી તરીકેના પુરાવા વિરુધ્ધ જતો હોઈ તેમજ હાલના ચાર્જશીટના કેસના ફરિયાદપક્ષના કેસના વિરુધ્ધ જતો હોઈ ઈરાદાપુર્વક એ દસ્તાવેજોના કથનોને સરતપાસમાં દર્શાવેલ નથી. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સહીના નમુના લેવાની વાત આવી તે વખતે બધાએ ભેગા થઈ તેઓ પાસે સુમીતભાઈના સહીના નમુના લેવડાવેલા. તેઓએ એ વાત સ્વિકારી છે કે, આરોપી સુમેરસિંહ સહીત તેમની સાથે આવેલા સંબંધીઓ અને વકીલ મંડળના વકીલોએ તેઓને એવુ જણાવેલુ હતુ કે કુટરમલ જૈને પોતાની દુકાન ખાલી કરાવવા માટે આ ખોટો કેસ ઉભો કરેલો છે. સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવ્યુ છે કે, તે સમયે કુટરમલ જૈનના સહીના નમુના લેવાનુ તેઓને વ્યાજબી લાગેલુ નહી. સાહેદને એવો સવાલ પુછવામાં આવેલ કે શા માટે કુટરમલ જૈનના સહીના નમુના લેવાનુ તેઓને વ્યાજબી લાગેલુ નહી તેના જવાબમાં જણાવેલ છે કે, સંજીવભટ્ટ દ્વારા પ્લાન્ટેશન કરી આ અફીણનો કેસ ઉભો કરવામાં આવેલ હોય જેની તમામ કાર્યવાહી સાચી હોવાનુ દર્શાવવાના

ભાગેરૂપે આ તમામ કાર્યવાહી સંજીવભટ્ટની સુચના મુજબ અને દબાણ હેઠળ નક્કી થયા મુજબ તપાસના તમામ કાગળો તેમના કહેવા પ્રમાણે અને સુચના મુજબ તૈયાર કરવામાં આવેલ હતા. એ વાતનો સાહેદે ઈન્કાર કરેલ છે કે, સવાલનો સાચો જવાબ આપવાનુ ઈરાદાપુર્વક ટાળી તેઓ ખોટો ખુલાસો કરી રહેલ છે. તેઓ સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવ્યુ છે કે, તે વખતે એવુ લાગેલુ કે સુમેરસિંહ પુરોહીત ગુનામાં સંડોવાયેલા નથી. સાહેદે એવુ જણાવ્યુ છે કે, તેઓએ કાર્યવાહી સાચી છે તેવુ દર્શાવવાના ભાગરૂપે સુમેરસિંહ પુરોહીતના સહીના નમુના લીધેલા. એ વાત સ્વિકારી છે કે, તેઓએ લીધેલ નમુના તા.૮–૫–૯૬ના રોજ હસ્તાક્ષરની ચકાસણી માટે નિષ્ણાતની કચેરી તરફ મોકલી આપેલા હતા. તેઓને **નિશાની–૨૫/૨૨** બતાવવામાં આવતા સ્વિકારેલ છે કે, તે યાદી પ્રવિણભાઈના હસ્તાક્ષરમાં છે અને મોકલનાર તરીકે તેઓની સહી છે, અને સાથે ચેક લીસ્ટ છે. બચાવપક્ષના વિ.વ.શ્રીની વિનંતીથી સદરને રજુ દાખલ **આંક–૨૯૬** આપવામાં આવેલ છે. એ વાત સ્વિકારી છે કે, તકરારી દસ્તાવેજ માટે શકમંદ વ્યક્તિના હસ્તાક્ષરના નમુના લેવાના હોય ત્યારે તે વ્યક્તિના કુદરતી લખાણ મેળવવુ જરૂરી હોય છે જયારે એ વાત નકારી છે કે, તેજ રીતે તે વ્યકિતએ કુદરતી રીતે કરેલ સહીવાળુ લખાણ પણ મેળવવુ પડે. એ વાત સ્વિકારી છે કે, સામાન્ય રીતે ચેકલીસ્ટમાં આવુ લખાણ મેળવેલુ હોય તો તેનો ઉલ્લેખ કરવો પડે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ આરોપી સુમેરસિંહને અટક કર્યા અને ત્યારબાદ અદાલત સમક્ષ જે કઈ કાર્યવાહી કરી તે દરમ્યાન તેઓના ધ્યાનમાં સુમેરસિંહની કુદરતી સહીઓ થયેલી હોવાનુ આવેલુ હતુ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સુમીતભાઈના નામના માણસે સહીઓ કરેલી હતી તેથી તેઓએ સુમેરસિંહના કુદરતી સહીઓવાળા દસ્તાવેજો મળી શકે

તેમ હોવાછતા પણ મેળવેલા નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, **આંક–૧૭૩ થી આંક–૧૯૬** વાળી સહીઓ સુમેરસિંહે પંચોની હાજરીમાં કરેલી જ નથી. એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, **આંક–૧૭૨** વાળુ પંચનામુ તથા **આંક–૧૭૩ થી આંક–૧૯૬** વાળા સહીના નમુનાઓમાં નીચે પાછળથી પંચોની સહીઓ લીધેલી છે અને પોલીસ ડીપાર્ટમેન્ટ સાથે સતત સંપર્ક માં રહેતા ઈસમોને પંચ તરીકે તેમા રાખેલા છે. એ વાત સ્વિકારી છે કે, **આંક–૨૦૬** વાળા પંચનામામાં લખાણના હસ્તાક્ષરો પ્રવિણભાઈના છે. એ વાત સાહેદે સ્વિકારી છે કે, તેઓને કંટ્રોલ ઈન્ચાર્જે રાઈડર મારફતે વર્ધી મોકલેલી. રાઈડરની બુકમાં મળ્યા બદલની તેઓએ કોઈ સહી કરેલી નથી, કે તારીખ, સમય નાંખેલ નથી. તેઓને આપેલી વર્ધી તેમની પાસે હતી. એ વાત સ્વિકારી છે કે, ગુનાના કામનો પ્રથમ લેખિત દસ્તાવેજ સદર વર્ધી ગણાય. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, સદર વર્ધી મળી તે પહેલા આગાઉથી સંજીવભટ્ટ સાહેબે તેઓને ટેલિફોન ઉપર વર્ધીવાળી હકીકત જણાવી દીધેલી હતી. સાહેદને **આંક–૨૮૨** બતાવવામાં આવેલ છે જેમાં સ્વિકારેલ છે કે, તેમાં રાઈડરે આપેલી લેખિત વર્ધીનો ઉલ્લેખ નથી. અનુસંધાને સાહેદે એવુ જણાવેલ છે કે, પંચનામામાં તેનો ઉલ્લેખ કરેલો હતો જેથી **આંક–૨૮૨** સાથે અલગથી મોકલવાની હોતી નથી અને સંજીવભટ્ટ સાહેબે અગાઉથી તેઓને વર્ધીની હકીકત ટેલિફોન ઉપર જણાવેલી હતી તેવુ જે જણાવી રહયા છે તે અંગે તેઓએ સંજીવભટ્ટ સાહેબે જણાવેલી હકીકત કોઈ કાગળ ઉપર કે અન્ય કોઈ જગ્યાએ લખી લીધેલ નહી. એ વાત સ્વિકારી છે કે, એન.ડી.પી. એસ.એકટની જોગવાઈ અનુસાર માદક પદ્રાર્થ સંબંધેની કોઈપણ બાતમી કે હકીકત જણાવવામાં આવે તો તે લખી લેવી પડે. એ વાત સ્વિકારી છે કે, **આંક–૨૭૧** વાળી ફરિયાદ પ્રવિણભાઈના અક્ષરોથી લખાયેલી છે. આ

ફરિયાદ તેઓના લખાવ્યા મુજબ પ્રવિણભાઇએ લખેલી છે અનુસંધાને સાહેદે એવુ જણાવ્યુ છે કે, પ્લાન્ટ કરેલ અફીણ સુમેરસિંહ રોકાયેલ હતો તેવુ દર્શાવવા અને રૂમમાંથી અફીણ મળી આવેલ હોય તેવુ બતાવવા સંજીવભટ્ટની સુચના અને દબાણ હેઠળ આ ખોટી ફરિયાદ બનાવવામાં આવેલ અને તેના આધારે ગુનો નોંધાવેલ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ તાજના સાક્ષી બનેલા હોઈ જેથી આ ખોટો ખુલાસો કરી રહયા છે. આ સાહેદની ઉલટતપાસ દરમ્યાન ફેરીસ્તના અનુક્રમ નં.–૪ હોટલ લાજવંતીના મુસાફર ઉતર્યાની ઝેરોક્ષ નકલ ની.૨૫/૬ રીફર કરવામા આવેલ હોઈ જેને રજુ દાખલ આંક–૩૦૦ આપવામાં આવેલ છે. બચાવપક્ષે સાહેદની નીચે મુજબ પ્રશ્નોત્તરીથી ઉલટતપાસ થયેલ છે જેમાં ...

**સવાલઃ**– આરોપી નં.૨ સાથેના મેળાપીપણામાં લાજવંતી હોટલના રજીસ્ટરમાં ૬૪૦ નંબરની એન્ટ્રી કરેલ,કરાવેલ હોવાનો તમારી ઉપર આક્ષેપ છે?

**જવાબઃ**– આવો જો આક્ષેપ હોય તો આવા તમામ ડોક્યુમેન્ટ અગાઉ જણાવ્યા પ્રમાણે સંજીવભટ્ટની સુચના અને દબાણ મુજબ કરાવવા પડેલા.

**સવાલઃ**–તમને આંક–૨૮૦ બતાવવામાં આવે છે જે સી.આર.પી.સી.કલમ–૧૬૯ મુજબનો આરોપીને છોડી મુકવા અંગેનો રિપોર્ટ છે તે તમારા લખાવ્યા મુજબ લખાયેલો છે અને પ્રવિણભાઈના અક્ષરોમાં છે અને તમારી સહી છે.

**જવાબઃ**– અગાઉ મે સરતપાસમાં જણાવ્યા મુજબ સી.આર.પી.સી.૧૬૯નો રિપોર્ટ મે તૈયાર કરાવેલો જેમાં પ્રવિણભાઈના સ્વ–હસ્તાક્ષરમાં તે રિપોર્ટ લખેલ છે અને તેમા મારી સહી છે.

સાહેદને પુછાયેલ સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવ્યુ છે કે, ફરિયાદ લખવાની કામગીરી હોટલ લાજવંતીના ગાર્ડનમાં બેસીને કરેલી હતી. ગુનો

રજીસ્ટર કરવા માટેની યાદી વિગેરેની કાર્યવાહી પણ ત્યાં બેસીને જ કરવામાં આવેલી હતી. એ વાત સ્વિકારી છે કે, તે વખતે તેમની કચેરીમાં પી.એસ.આઈ. શ્રી ચૌધરી તથા પી.એસ.આઈ.શ્રી આર.પી. પટેલ ઉપરાંત અનાર્મ હેડ કોન્સ્ટે. તરીકે અન્જારીભાઈ મોતીભાઈ, રાજાભાઈ વીરાભાઈ,નાથાભાઈ પુંજાભાઈ, અબ્બાસખાન ઠાકરમીયાં, રમેશપ્રકાશ રામપ્રસાદ, અને મહંમદઅલી વલીમહંમદ ફરજ બજાવતા હતા. અને અનાર્મ પોલીસ કોન્સ્ટે.તરીકે ગોવિંદભાઈ શીવાભાઈ, બેચરભાઈ મેઘાભાઈ, માલાભાઈ જોઈતાભાઈ, આબાદખાન દાદામીયાં અને પ્રવિણચંદ્ર હરીલાલનાઓ ફરજ બજાવતા હતા. એ વાત સ્વિકારી છે કે, તેઓ પાસે ગાડીનં. GJ 8 G 1119–PV60 હતી. અને તે વખતે ડ્રાઈવર કાન્તીભાઈ ગણેશભાઈ હતા. વધુમાં ચૌધરી સાહેબ અને આર.પી.પટેલ સાહેબ પાસે પોલીસ ગાડીઓ હતી પણ તેના નંબર તેઓને ખબર નથી. એ વાત સ્વિકારી છે કે, બંને સાહેબોને અલગ અલગ ડ્રાઈવર ફાળવેલા હતા. એ વાત સ્વિકારી છે કે, તા.૩૦–૪–૯૬ના રોજ ગુનો રજીસ્ટર થયા પછી તેઓ તેમની ગાડી લઈને તડીપાર આરોપીના કેસમાં એસ.ડી.એમ.કચેરી રાધનપુર ગયેલો હતો અને ત્યાં જુબાની આપેલી હતી. તેઓને એવો સવાલ પુછવામાં આવેલ છે કે, તા.૧/૫/૯૬ના રોજ તમે ક્યાં ગયેલા હતા ? તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, તા.૩૦/૪/૯૬ના રોજ રાત્રે તેઓને સંજીવભટ્ટે તેઓના બંગલે બોલાવીને કહેલુ કે તમો પી.એસ.આઈ. આર.પી. પટેલને ડીસા જઈને મળો જેથી તેઓ ડીસા ખાતે ગયેલ અને પી.એસ.આઈ. આર.પી.પટેલને મળતા પી.એસ.આઈ. આર.પી.પટેલે જણાવેલ કે એસ.પી. સંજીવભટ્ટ સાહેબની બાતમી છે અને આપણે બધાએ શેરપુરા ઢાણી ગામમાં રેડ કરવાની છે. જેથી તા.૧/૫/૯૬ના રોજ તેઓ પી.એસ.આઈ. આર.પી.પટેલ સાથે તથા બીજા પોલીસના માણસો સાથે શેરપુરા ઢાણી ગામમાં રેડ કરવા ગયેલ હતા.

પાલનપુરથી રાત્રીના મોડા નીકળેલા ચોક્કસ સમય યાદ નથી. આર.પી.પટેલને ડીસા ખાતે આગળ જતા પેટ્રોલપંપ પાસે તેઓ મળેલ હતા તે પેટ્રોલપંપનુ નામ યાદ નથી. ડીસાથી પેટ્રોલપંપ કેટલો દુર હતો તે અંદાજે તેઓ કહી શકે નહી. આર.પી.પટેલ ત્યાં ઉભેલા હતા, તેઓ આ કામ માટે તેમની રાહ જોઈને ઉભેલા હતા. તે પહેલા તેઓને તેમની જોડે ફોન ઉપર કોઈ વાતચીત થયેલી નહી. આર.પી.પટેલ પેટ્રોલપંપ ઉપર ઉભા છે તેવી હકીકત તેઓને સંજીવભટ્ટ સાહેબના કહેવાથી જાણવા મળેલ. સને.૧૯૯૬ની સાલમા તે વખતે ડીસાથી આગળ જતા કેટલા પેટ્રોલપંપ હતા તે તેઓ કહી શકે નહી. પેટ્રોલપંપની વિગત તેઓને સંજીવભટ્ટ સાહેબે આપેલી. આ સંદર્ભે સાહેદને શેરપુરા ઢાણી ગામે કરેલ રેસડ અંગેની હકિકતો પુછતા સાહેદે તેના વિગતે લંબાણપૂર્વકના જવાબો આપી જે–તે હકિકત બયાન કરી છે. બાદ સાહેદને બચાવપક્ષે સુમેરસિંહની અટક કર્યા અંગેની કાર્યવાહીની હકિકતો પુછતા સાહેદે તે અંગે વિગતે જણાવેલ છે. સાહેદને સુમેરસિંહની અટક બાદ કરેલ કાર્યવાહી અંગે પુછતા સાહેદે જણાવેલ છે કે, રાજસ્થાનથી આવેલા વકીલો અને સંબંધીઓના તેઓએ જવાબો લીધેલા. બચાવપક્ષે પુછેલ સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવ્યુ છે કે, એ વાત ખરી છે કે તે પુછપરછમાં એવુ નીકળી આવેલુ કે સુમેરસિંહ રાજપુરોહીત વકીલ અને પ્રતિષ્ઠીત માણસ છે તથા તા.૨૯/૪/૯૬ અને તા.૩૦/૪/૯૬ના રોજ સુમેરસિંહની હાજરી કોર્ટમાં હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સુમેરસિંહ ચિમનસિહ રાજપુરોહીતની અટક બાબતે સીટી. પો.સ્ટે.પાલનપુરમાં પકડ્યા રજીસ્ટરે નોંધ કરવા માટે કોઈ તજવીજ કરેલી નહી. બચાવપક્ષે પુછેલ સુચક પ્રશ્નોના જવાબોમાં સાહેદે જણાવ્યુ છે કે, એ વાત ખરી છે કે **આંક–૨૦૬** વાળુ પંચનામુ, **આંક–૨૭૧** વાળી ફરીયાદ અને **આંક–૨૭૩**નો રિપોર્ટ ઉપરી

અધિકારીને મોકલેલ રિપોર્ટ વિગેરેમાં તેમણે સરતપાસમા જણાવ્યુ તે પ્રમાણેની વર્ધીની હકીકત લખેલી છે. તેઓએ **આંક–૨૭૪**ની બબાભાઈના હસ્તાક્ષરે નોંધાયેલી અનુક્રમ નં.૩૬૦ વાળી વર્ધી ઉતારો મેળવ્યો ત્યારે વાંચેલી. એ વર્ધીમાં છેલ્લી લાઈનમાં, ".... ડીલીવરી પાલનપુરમાં આપવાની છે " તે લખાણ પાછળ બીજુ કોઈ લખાણ નથી. તે વર્ધીના છેલ્લા કોલમમાં " ઉપરોક્ત વર્ધી બાબતે તે નંબર ૫૭૦૧૪ ઉપર તુરંત જ સાચબાને જાણ કરવામાં આવેલ છે, LCB પી.આઈ. વ્યાસને મોકલી આપેલ છે." અને તેના નીચે બબાભાઈની સહી છે અને તે બબાભાઈએ આપેલી ખરી નકલ છે. એ વાત ખરી છે કે, માર્ક–૭૫/૧૧૭ કે જેને માર્ક –(એ) આપેલ છે તે ઉપરોક્ત વર્ધી રજીસ્ટરની નોંધ નં.૩૬૦ ની નકલ છે. એ વાત ખરી છે કે તેમા સહી સિવાયના તમામ હસ્તાક્ષરો બબાભાઈના છે. બચાવપક્ષના વિ.વ.શ્રીની વિનંતીથી સદરહું નિશાની–૭૫/૧૧૭ જેને તા.૧૫/૩/૨૨ના રોજની સરતપાસમાં માર્ક–(એ) તરીકે રિફર કરવામાં આવેલ છે તે નિશાની–૭૫/૧૧૭ને આજરોજ રજુ દાખલ **આંક–૩૦૪** આપવામાં આવે છે. તેઓને **આંક–૨૪૬** ટેલિફોન વર્ધી બતાવી સાથે સાથે **આંક–૨૭૪** ટેલિફોન વર્ધી રજીસ્ટરનો ઉતારાની ઝેરોક્ષ બતાવી એવુ પુછવામાં આવેલ છે કે સદર **આંક–૨૪૬** માં "સદર વર્ધી વ્યાસ સા.નાઓને આપવી" તે કથન **આંક–૨૭૪** વાળા ઉતારામાં છેલ્લી લાઈનમાં લખેલ નથી. તે જ રીતે **આંક–૩૦૧** માં છેલ્લી લાઈનમાં લખેલ નથી જેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, છેલ્લી લાઈનમાં નથી પરંતુ બંનેમાં સાઈડમાં છેલ્લા કોલમમાં તેવુ કથન લખેલુ છે. એ વાતનો સાહેદે ઈન્કાર કરેલ છે કે, તેઓ છેલ્લા કોલમમાં તેવુ લખેલાનુ ખોટુ જણાવી રહયા છે. **આંક–૨૪૬** વાળા ટેલિફોન વર્ધી રજીસ્ટરમાં કોના અક્ષરો છે તે તેઓ કહી શકે નહી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓને જે વર્ધી મળેલી હતી તે આ વર્ધી નથી. એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, આરોપી નં.૨ (સંજીવભટ્ટ) એ કેસ પ્લાન્ટ કર્યાનો ખોટો આક્ષેપ કરેલ

હોઈ તેમણે તેઓને તપાસ સોંપવાનુ બતાવવા છેલ્લી લાઈન સહીતનુ લખાણ વધારાનુ અને પાછળથી ઉભુ કરવામાં આવેલ છે. સાહેદે જણાવેલ છે કે, હોટલ લાજવંતીનુ અસલ રજીસ્ટર આજની તારીખે ક્યાં છે તે જાણવાની તેઓએ કોશીષ કે પ્રયત્ન કરેલ નથી. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સુમેરસિંહ રાજપુરોહીતને બચાવવા માટે તેઓએ નિયમોનુસાર હસ્તાક્ષરના નમુના લીધેલા નથી. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, હોટલના માલિક શાંતીલાલ આ ગુનામાં સંડોવાયેલ હોવા છતા ઈરાદાપુર્વક તેઓએ તેઓના સહીના નમુના લીધેલા નથી. બચાવપક્ષે પુછેલ સુચક પશ્નોના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હોટલ લાજવંતીના રજીસ્ટરમાં રહેલી એન્ટ્રી નં.૬૪૦ના સહી સિવાયના અક્ષરો હોટલના માલિક શાંતીલાલ ગુપ્તાના હોવાનુ તેઓની તપાસ દરમ્યાન નિકળેલુ હતુ. એ વાત ખરી નથી કે તેઓએ ઈરાદાપુર્વક શાંતીલાલ ગુપ્તા અને તેમના હોટલના કર્મચારીઓના સહીના નમુના લેવાનુ ઈરાદાપુર્વક ટાળેલ છે. એ વાત ખરી છે કે તેઓએ તા.૮/૫/૯૬ના રોજના પત્રથી અગાઉ લીધેલા નમુના હસ્તાક્ષર નિષ્ણાતની કચેરીમાં ડી.એસ.પી. ઓફીસ મારફત મોકલાવેલ. એ વાત ખરી છે કે હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય આવે તે પહેલા તેઓએ સી.આર.પી.સી.૧૬૯નો રિપોર્ટ અદાલતમાં રજુ કરવા તૈયાર કરી દીધેલો. અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, આ તમામ તપાસના કાગળો સરતપાસમાં જણાવ્યા મુજબ તેઓને એસ.પી.સાહેબે કહ્યા પ્રમાણે અને સુચના મુજબ તૈયાર કરેલા અને એસ.પી.સાહેબનો દુકાન ખાલી કરાવવાનો હેતુ પુર્ણ થયેલ હોય સુમેરસિંહને છોડી મુકવાનો એસ.પી.સાહેબે નક્કી કર્યુ હતુ અને જે રીતે તેઓને સુચના આપેલ તે પ્રમાણે સી.આર.પી.સી.૧૬૯ નો રિપોર્ટ તૈયાર કરવો પડેલો. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ એસ.પી.સાહેબના

કહ્યાથી તેવો રિપોર્ટ તૈયાર કરેલા ઉપરોક્ત ખોટો ખુલાસો કરી રહેલા છે. એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેઓ આ કેસમાં તાજના સાક્ષી થયેલા હોઈ અવારનવાર આવા ખોટા ખુલાસા કરી રહેલા છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સુમેરસિંહને બચાવવાનુ તેઓએ ખુદે નક્કી કરેલુ હતુ, અને તેથી તેઓએ હસ્તાક્ષર નિષ્ણાતના અભિપ્રાયની રાહ જોયા વગર સી.આર.પી.સી.૧૬૯નો રિપોર્ટ કરી દીધેલો હતો. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તા. ૪/૫/૯૬ ના રોજ નમુના લીધા હોવાછતા વિચારવિમર્શ કરીને સુમેરસિંહને બચાવવા સારુ પાછળ થી તા.૮/૫/૯૬ના રોજ વિલંબથી નમુના નિષ્ણાતી અભિપ્રાય માટે મોકલી આપેલા.

બચાવપક્ષે પુછેલ સુચક પ્રશ્નોના જવાબમાં સાહેદે જણાવ્યુ છે કે, એ વાત ખરી છે કે તેઓ પાલનપુરથી પાલી જવા નીકળ્યા તે વખતે વર્ધમાન કોમ્પ્લેક્ષવાળી દુકાનનુ સરનામુ તેમને ખબર હતી. અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, લાજવંતી હોટલના રજીસ્ટરમાં તે એડ્રેસ લખેલ હતુ જેથી તેઓને યાદ હતુ. તેઓએ અગાઉ જણાવ્યા મુજબ સુમેરસિંહના ઘરના એડ્રેસ ઉપર ગયેલ હતા. અગાઉ જણાવ્યુ તે મુજબ તેઓને એસ.પી.સાહેબે સુમેરસિંહનુ પુરેપુરુ નામ સરનામુ આપેલ હતુ જેથી જાણમાં હતુ. તેઓએ જણાવેલ સરનામુ યાદ રાખેલુ લખી લીધેલ નહી. તેઓને હાલ તે સરનામુ યાદ છે જે ૪૬૮, બાપુનગર લોઢા બાલ સ્કુલ પાસે સોજત રોડ,પાલી–રાજસ્થાન છે. સાહેદને બચાવપક્ષે એવો સવાલ પુછવામા આવેલ છે કે કોતવાલી પો.સ્ટે. કેટલો સમય રોકાયેલા હશો? તેના જવાબમાં સાહેદે એવુ જણાવેલ છે કે, અગાઉ સરતપાસમાં તેઓએ જણાવેલ છે તે મુજબ પાલી કોતવાલી પોસ્ટેના ઈન્ચાર્જ અધિકારી આવી જતા તેઓએ સુમેરસિંહને સવારે લઈને જવાનુ કહેતા તેઓએ પાલી કોતવાલી

પો.સ્ટે.થી એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબને ફોન કરી જણાવેલુ કે સુમેરસિંહ વકીલ છે અને લોકલ પોલીસ સવારે લઈ જવાનુ કહે છે જેથી સંજીવભટ્ટે પાલી કોતવાલી પો.સ્ટેના ઈન્ચાર્જ અધિકારી સાથે ટેલિફોનથી વાત કરેલી અને ત્યારપછી સુમેરસિંહને આ ગુના માટે પુછપરછ કરવા માટે લઈ જાઉ છુ તેવી યાદી પાલી કોતવાલી પો.સ્ટે.માં આપી અને સુમેરસિંહને લઈને પાલી કોતવાલી પો.સ્ટે.થી અમે રવાના થયેલા ત્યાં સુધીનો સમય પાલી કોતવાલી પો.સ્ટે. રોકાયેલા.

બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ સાહેદને સુચક પ્રશ્નો કરવામાં આવેલા તેમાં સાહેદે નીચે મુજબ જુબાની આપેલ છે.

**સવાલઃ–** સુમેરસિંહની ઈન્ટ્રોગેશન આપે કરી તે દરમ્યાન એમણે પાલીના રહીશ માદક દ્રવ્યોના વેપારી ભવરસિંહ તથા ઉજ્જવળસિંહ માદક દ્રવ્યોનો વેપાર કરે છે તેવી તેમજ આવો ધંધો કરવાવાળી મોટી ગેંગો છે તેવી માહીતી આપેલી ?

**જવાબઃ** ''મે સુમેરસિંહને આવુ કોઈ ઈન્ટ્રોગેશન કરેલુ નથી કે કોઈ આવી પુછપરછ કરેલી નથી. પરંતુ અફિણનો ખોટો કેસ ઉભો કરેલ હોય જેના સમર્થનના ભાગરુપે એસ.પી.સંજીવ ભટ્ટના કહેવા પ્રમાણે અને સુચના મુજબ આવા ધંધા કરવાવાળા નામો લખી આ કેસમાં સંજીવભટ્ટની તથા અમારી સંડોવણી હોવાનુ બહાર ન આવે તે માટે એન.ડી.પી.એસ કલમ એક્ટ ૫૮(૨)નો રિપોર્ટ કરી શકાય તે મુજબ સુમેરસિંહનુ નિવેદન તથા અન્ય સાહેદોના નિવેદનો લખી લેવામાં આવેલા.'' સુમેરસિંહના નિવેદનો કઈ કઈ તારીખે લખેલા તે ચોક્કસ તારીખો હાલ તેઓને યાદ નથી. સાહેદને **આંક–૨૭૨** અને **આંક–૨૭૩** વાંચવા માટે આપવામાં આવેલ, જે કેસ ડાયરીની નોંધો વાંચીને સાહેદે જણાવેલ છે કે, સદર અનુસાર તા.૩/૫/૯૬, તા.૪/૫/૯૬, તા.૫/૫/૯૬ અને તા.૬/૫/૯૬ના રોજ લખેલાની નોંધ છે. એ વાત સ્વિકારી છે કે,

તા.૬/૫/૯૬ના રોજની ડાયરીમાં કરવામાં આવેલ નોંધ મુજબ સદર લખેલ નિવેદનમાં મજકુર ભવરસિંહ અને ઉજ્જવળસિંહ નામની ગેંગ માદક પદાર્થનો ધંધો કરે છે તેવુ લખેલુ છે. એ વાત સ્વિકારી છે કે, તા.૭/૫/૯૬ના રોજ આ ઉપરોક્ત જણાવેલ નામો ભવરસિંહ અને ઉજ્જવળસિંહના પુર્વ ઈતિહાસ બાબતે તપાસ કરવા તપાસના ભાગ રુપે પી.એસ.આઈ.પી.જે.ચૌધરીને યાદી લખેલી. એ વાત સ્વિકારી છે કે, સદર યાદીમાં તેઓએ એવુ જણાવેલુ હતુ કે પાલી ક્રાઈમ બ્રાન્ચમાંથી ઉક્ત વ્યક્તિઓના ફોટા મેળવવા અને ઉંડાણપુર્વક તપાસ કરી રિપોર્ટ કરવો. શ્રી ચૌધરી તપાસ કરવા ગયેલા કે કેમ? તેનો તેમને ખ્યાલ નથી. તેઓને અદાલતના રેકર્ડમાં થી **આંક–૧૬૭** વાળી પુરસીસ અન્વયે રજુ થયેલ કાગળો પૈકી એક ઝેરોક્ષ કાગળ પાન નં.૧૦૮ કે જે હીન્દીમાં પોલીસ અધિ.પાલી રાજસ્થાનને ઉદ્ધેશીને શ્રી પી.જે.ચૌધરીએ લખેલો છે તે બતાવાયેલ છે. જે પત્ર વાંચતા સાહેદે જણાવ્યુ છે કે, તેઓએ તેમની અન્વયે અને સુચના અન્વયે જરૂરી માહીતી માંગતો પત્ર તેઓની સહીથી લખેલ હોવાનુ જણાઈ આવે છે. એ વાત સ્વિકારી છે કે, તે પત્ર ડીસ્પેચ ક્લાર્કને તા.૧૯/૬/૯૬ના રોજ પહોંચેલ હોવાનુ તેની ઉપર શેરો છે. એ વાત સ્વિકારી છે કે, તે સ્થળપ્રતની ઝેરોક્ષ છે. બચાવ પક્ષની વિનંતીથી સદરને રજુ દાખલ **આંક–૩૦૯** આપવામાં આવેલ છે. એ વાત સ્વિકારી છે કે, ત્યારબાદનુ પાન નં.૧૦૯ જોતા તે પી.આઈ. શ્રી ચૌધરીને આપેલ અસલ પત્રની ઝેરોક્ષ મારી સહીથી મે અગાઉ જણાવ્યુ તે મુજબ શ્રી ચૌધરીને શંકાસ્પદ વ્યક્તિઓની તપાસ કરવા માટે તા.૭/૫/૯૬ના રોજ લખેલ પત્રની ઝેરોક્ષ નકલ છે અને તેની પાછળના ભાગે શ્રી ચૌધરીએ તા.૨૬/૬/૯૬ના રોજ તેઓને જે લેખિત રિપોર્ટ આપેલો તેનો ઉલ્લેખ છે અને તેમની સહી અને સિક્કાનુ નિશાન છે અને તે રિપોર્ટ તેઓને તા.૨૯/૬/૯૬ના રોજ મળ્યા બદલની તેઓની સહીનુ નિશાન તેમા જણાઈ

આવે છે. બચાવ પક્ષની વિનંતીથી સદરને રજુ દાખલ **આંક–૩૧૦** આપવામાં આવે છે. એ વાત સ્વિકારી છે કે, **આંક–૩૧૦**ના પત્રના જવાબમાં ડીએસપી કચેરી પાલી રાજસ્થાન તરફથી વાયરલેસ મેસેજ મારફત શ્રી ચૌધરીને તા.૨૯/૬/૯૬ના રોજ મળેલ જવાબ આધારે ઉપરોક્ત રિપોર્ટ કરેલ હોવાનુ જણાઈ આવે છે. જે ૧૧૦ નંબરના પાનથી રજુ છે અને સદર વાયરલેસ મેસેજની નકલ તા.૨૯/૬/૯૬ના રોજ મને મળ્યા બદલની તેમની સહીનુ નિશાન તેમાં છે. બચાવપક્ષની વિનંતીથી સદરને રજુ દાખલ **આંક–૩૧૧**આપવામાં આવેલ છે. એ વાત સ્વિકારી છે કે, **આંક–૩૧૧** વંચાણે લેતા એવુ જણાઈ આવે છે કે તેમાં ભવરસિંહ અને ઉજ્જવળસિંહ નામના વ્યક્તિઓ પાલીમાં રહેતા નથી જેથી તેમના પુરા નામ સરનામા મોકલી આપવા તેવુ જણાવાયેલુ છે. તેઓને **આંક–૩૧૦** વાળો શ્રી ચૌધરીનો તપાસ અંગેનો રિપોર્ટ મળ્યો ત્યારબાદ તેઓએ આપેલ સુચના મુજબ વધુ વિગતે તપાસ કરવા માટે ફરીથી મે કોઈ આદેશ કરેલો નહી. **આંક–૩૧૧** વાળા મેસેજ આધારે પણ નામ સરનામા મેળવવા આ અનુસંધાને સાહેદને બચાવપક્ષે આગળની વધુ તપાસ અંગે કેસ ડાયરી અન્વયે પુછવામાં આવતા સાહેદે જણાવેલ છે કે, સાહેદે જણાવેલ છે કે, આ કેસની તમામ તપાસ અને તપાસના કાગળો અગાઉ જણાવ્યા પ્રમાણે તત્કાલિન એસ.પી. ભટ્ટ સાહેબના કહેવા પ્રમાણે તૈયાર કરવામાં આવેલ હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ઉપરોક્ત ખુલાસો બદઈરાદાપુર્વક સાચો જવાબ ટાળવા માટે કરેલો છે.

બચાવપક્ષે પુછેલ સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે **આંક–૨૮૭** તા.૯/૫/૯૬ વાળા એન.ડી.પી.એસ. કલમ–૫૮(૨) ઉમેરવાના રિપોર્ટમાં મજકુર શકમંદ ઈસમો અંગેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી. એ વાત ખરી છે કે સી.આર.પી.સી.૧૬૯નો જે રિપોર્ટ કરવામાં આવેલ છે

તેમા પણ એવો કોઈ ઉલ્લેખ નથી. સાહેદને એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે સદર બંનેમાં કેમ ઉલ્લેખ કરવામાં આવેલ ન હતો તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, અગાઉ તેમની સરતપાસમાં જણાવ્યા મુજબ એન.ડી.પી.એસ. એક્ટ–૫૮(૨)ના ઉમેરો કરવાના રિપોર્ટ બાબત તથા સી.આર.પી.સી. કલમ–૧૬૯નો રિપોર્ટ તૈયાર કરવા માટે તેઓને તત્કાલીન એસ.પી.ભટ્ટ સાહેબે આપેલ સુચના મુજબ આ રિપોર્ટો તૈયાર કરવામાં આવેલા, જેથી ઉલ્લેખ કરેલો નહી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ઉપરનો ખુલાસો તેઓ ઈરાદાપુર્વક ખોટો કરી રહેલ છે. સાહેદને સુમેરસિંહની ઓળખ પરેડ અંગે પુછેલ પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, ઓળખ પરેડ થયા પછી તુરત જ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટે તેઓને પંચનામાની નકલ આપેલી નહી. તે નકલ બાદમાં ક્યારે અને કેટલા દિવસ પછી આપેલ તે હાલ તેઓને યાદ નથી. ઓળખ પરેડ થઈ અને સી.આર.પી.સી. ૧૬૯નો રિપોર્ટ કર્યો તે દરમ્યાન તેઓએ એક્ઝી.મેજીસ્ટ્રેટ તરફથી ઓળખ પરેડ પચંનામાની નકલ મળેલ નહી હોય જે બાબતે એસ.પી.સંજીવભટ્ટને કહેતા તેઓએ સાહેદને તેઓની રૂબરૂનુ ઓળખ પરેડ પંચનામુ કરી સુમેરસિંહને સી.આર.પી.સી.૧૬૯ના રિપોર્ટ સાથે કોર્ટમાં રજુ કરવા હુકમ કરેલો. જેથી તેઓએ તેમની રૂબરૂનુ ઓળખ પરેડ પંચનામુ કરેલુ. એ વાત સ્વિકારી છે કે, એક્ઝી.મેજી. સમક્ષનુ ઓળખ પરેડનુ પંચનામુ તા. ૬/૫/૯૬ના રોજ સાંજના ૧૭/૦૦કલાકે પુરુ થયેલુ છે. એ વાત ખરી છે કે મારી રૂબરૂનુ ઓળખ પરેડનુ પંચનામુ તા.૬/૫/૯૬ના રોજનુ કલાક ૧૭/૧૫ થી ૧૭/૪૦ સુધીનુ થયેલુ છે. એ વાત સ્વિકારી છે કે, તેઓ રૂબરૂનુ ઓળખ પરેડનુ પંચનામુ તા.૬/૫/૯૬ના રોજનુ કલાક–૧૭:૧૫થી ૧૭:૪૦ સુધીનુ થયેલુ છે. સાહેદે જણાવ્યુ છે કે, મામલતદાર કચેરીમાં ઓળખ પરેડનુ પંચનામુ પુર્ણ થયા બાદ સીધા તેઓ તેમની ઓફીસમાં ગયેલા. ઓફીસ પહોચ્યા બાદ પાંચ દશ મિનીટમાં

તેમણે તેમની રૂબરૂનુ ઓળખ પરેડનુ પંચનામુ કરવા કાર્યવાહી કરેલી. એ વાત સ્વિકારી છે કે, તેમની રૂબરૂના પંચનામાના પંચ શ્રી કમલેશભાઈ રસીકલાલ શાહનાઓ શાંતી નિકેતન સોસાયટી,પાલનપુરના રહીશ છે અને તેમને તેમનુ મુળ વતન પેટલાદ લખાવેલુ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, શ્રી કમલેશભાઈ રસીકલાલ શાહ તે વખતે લાજવંતી હોટલમાં એસ.ટી.ડી. પી.સી.ઓ. ચલાવતા હતા. એ વાત સ્વિકારી છે કે, તેમને પંચનામામાં પોતાનો ધંધો ખાનગી નોકરી લખાવેલ છે. એ વાત સ્વિકારી છે કે, બીજા પંચ કનુભાઈ રામલાલ મિશ્રા નાઓએ પોતાનુ રહેઠાણ એમ્પલોયમેન્ટ ઓફીસની બાજુમાં બેચરપુરા જણાવેલુ છે. સાહેદે જણાવ્યુ છે કે, સદર પંચોને કોણ લઈ આવેલુ તે હાલ તેઓને યાદ નથી. એ વાત સ્વિકારી છે કે, તે પંચોને તેઓએ પોતે જાતે બોલાવેલા નહી પરંતુ ઓફીસ સ્ટાફના માણસોએ બોલાવેલ હશે, અને તેઓ ક્યાંથી બોલાવી લાવેલા તેની તેમને ખબર નથી.

બચાવપક્ષે પોતાના બચાવ સંદર્ભે સાહેદને પુછેલ સુચક પ્રશ્નો અને મુકેલ બચાવની સાહેદે નીચે મુજબ જુબાની આપેલ છે.

''મે કરેલા પંચનામાનો ઉલ્લેખ સી.આર.પી.સી.૧૬૯ના રિપોર્ટમાં એટલા માટે કરેલ નથી કે મે કરેલુ પંચનામુ ઊભો કરાવેલો દસ્તાવેજ હતો. પંચનામુ કર્યા પહેલાથી મે સી.આર.પી.સી.કલમ ૧૬૯નો રિપોર્ટ તૈયાર કરી દીધેલો હતો. સાહેદ જણાવે છે કે મને શ્રી સંજીવભટ્ટની મળેલ સુચના અનુસાર મે સી.આર.પી.સી.૧૬૯નો રિપોર્ટ તૈયાર કરી રાખેલો હતો. સદરહુ રિપોર્ટ એક્ઝી. મેજીસ્ટ્રેટશ્રીના પંચનામા અને મારા પંચનામા બંને પંચનામાઓ થયા પહેલા તૈયાર કરાવેલો હતો. મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂનુ પંચનામુ કરાવ્યુ તે પહેલા સુમેરસિંહ સવારથી LCB ઓફીસમાં હતા.''

**સવાલઃ**–પંચનામુ કરવા ગયા તે પહેલા આપે કોઈ તપાસ કરેલી કે કેમ?

**જવાબઃ**–કેટલાક ઉભા કરેલા જવાબો મે પંચનામા પહેલા લખી લીધેલા.

**સવાલઃ**–ઉભા કરેલા જવાબો સિવાય કોઈ જવાબો લીધેલા?

**જવાબઃ**– હાલ મને યાદ નથી.

**સવાલઃ**– ઉભા કરેલા જવાબો કયા કયા તે હાલ તમે કહી શકો?

**જવાબઃ**– હાલ મને નામ યાદ નથી.

**સવાલઃ**–ઉભા નહી કરેલા કોના કોના જવાબો લીધેલા તે કહી શકો?

**જવાબઃ**– તેના નામો યાદ નથી.

**સવાલઃ**– તે ઈસમો ક્યાના હતા તે કહી શકો?

**જવાબઃ**– તે ક્યાના હતા તે મને યાદ નથી.

મને **આંક–૭૫**ના દસ્તાવેજલીસ્ટ માંના તા.૬/૫/૯૬ના રોજ થયેલા જવાબો બતાવવામાં આવે છે, જેમાં ગંગાસિંહ શિવલાલસિંહ, શાંતીલાલ રામચંદ ગુપ્તા, મનુભાઈ કોદરવીના છે.

**પ્રશ્નઃ**– તેમાંથી કોના જવાબો ઉભા કરવામાં આવેલા છે?

**જવાબઃ**–ઉપરોક્ત તમામ જવાબો પ્રાથમિક પુછપરછ કરી ઉભા કરેલી વિગતો તેમાં લખી લેવામાં આવી છે.

**પ્રશ્નઃ**–આ જવાબો સાહેદોને વંચાવેલા કે નહી?

**જવાબઃ**–સાહેદોને વંચાવેલા નહી.

**પ્રશ્નઃ**– આ જવાબો વંચાવ્યા વગર આપે સહી કરી દીધેલી?

**જવાબઃ**– હા, વંચાવ્યા વગર સહીઓ કરી દીધેલી.

**પ્રશ્નઃ**– આપની પાસે તા.૬/૭/૯૬ સુધી તપાસ રહી તે દરમ્યાન જે કોઈ સાહેદોના જવાબો લેવાયા તે તમામ જવાબો સાહેદોને વંચાવ્યા વગર સહીઓ કરી દીધેલી?

**જવાબઃ**– હા, તે રીતે સહીઓ કરી દીધેલ. મારુ કહેવુ છે કે આ અફીણનો ખોટો કેસ ઉભો કરેલો કેસ  હોવાથી તમામ સાહેદોના જવાબો સુચના મુજબ લખી લઈ સાહેદોને વંચાવ્યા વગર મારી સહી કરેલી.

**પ્રશ્નઃ**–ગંગાસિહની આપે પુછપરછ કરી તેમા તમને જાણવા મળેલુ કે તેઓ એડવોકેટ હતા?

**જવાબઃ**–હા, તેઓ એડવોકેટ હતા તેવુ જાણવા મળેલુ.

**પ્રશ્નઃ**– પહેલા દિવસથી જ તેઓ સુમેરસિંહની સાથે પાલનપુર આવેલા?

**જવાબઃ**– હું તે કહી શકુ નહી.

**પ્રશ્નઃ**–ગંગાસિહ સહીતના જે સાહેદોના જવાબ લખ્યા એ શબ્દશઃ આપે લખેલા?

**જવાબઃ**–ના,

**પ્રશ્નઃ**–કેવી રીતે લખી લીધેલા ?

**જવાબઃ**–આ કેસને અનુરુપ લખી લીધેલા.

**પ્રશ્નઃ**–ગંગાસિંહ તથા બીજાઓના જવાબો આપે ક્યારે તૈયાર કરેલા હતા?

**જવાબઃ**– બંને ઓળખ પરેડના પંચનામા પહેલા તૈયાર કરી દીધેલા હતા.

મને માર્ક ૨૫/૨૦ બતાવવામાં આવે છે જે જોતા સદર સી.આર.પી.સી.૧૬૯ના રિપોર્ટની સ્થળ પ્રત કોપી જણાઈ  આવે છે પરંતુ તે ફાટેલી છે અને રિપોર્ટના તમામ કથનો લીટી ટુ લીટી વાંચી શકાય તેમ નથી. એ વાત  ખરી છે કે તેમાં છેલ્લા પાને મારો હોદ્દો બાંધી મારી સહી છે. અને અદાલતે તા.૬/૫/૯૬ના રોજ તે રિપોર્ટ સ્વીકાર્યા અંગેનો શેરો છે. એ વાત ખરી છે કે સદર અસલ રિપોર્ટ મે અદાલતમાં જાતે રજુ કરેલો હતો. એ વાત ખરી છે કે નિશાની–૨૫/૨૦કે જે

સી.આર.પી.સી.કલમ–૧૬૯ના અસલ રિપોર્ટની કાર્બન કોપી છે જેની સાથે સર્ટિફાઈડ ઝેરોક્ષ નકલ અદાલતના હુકમ સાથેની સામેલ છે. બચાવપક્ષની વિનંતીથી સદર નિશાની–૨૫/૨૦ને રજુ દાખલ **આંક–૩૧૨** આપવામાં આવેલ છે.

સાહેદે એ વાત સ્વિકારેલ છે કે, **આંક–૨૮૦** ના સી.આર.પી.સી.૧૬૯ અન્વયેના રિપોર્ટ વખતે રિમાન્ડની મુદત પુરી થતા પહેલા **આંક–૨૮૬**ના પ્રોડક્શન રિપોર્ટ સાથે આરોપીને કોર્ટમાં કલાક ૧૭/૪૫ વાગે રજુ કરેલા. અને જેલમાં સોંપવા ૧૮/૦૦ કલાકે કસ્ટડી મેળવેલી. તેઓને માર્ક–૨૫/૨૧ બતાવવામાં આવતા એ વાત સ્વિકારી છે કે, તે એન.ડી.પી.એસ. કલમ ૫૮(૨) વધારા અંગેના રિપોર્ટની સ્થળપ્રત કાર્બન કોપી નકલ છે અને તે તા.૯/૫/૯૬ના રોજ અદાલતમાં રજુ થયેલ છે. એ વાત સ્વિકારી છે કે, તેમા જે જાવક નંબર–૧૪૨ લખવામાં આવ્યો છે તે અક્ષરો જુદા પડે છે અને ૯ અંકની ઉપર ૬ અંક તેવુ લખેલુ છે. અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, હાલ તેઓ કહી શકે નહી કે જાવક નંબર ૧૪૨ તા.૬/૫/૯૬ના રોજનો છે અને જેથી ૯ અંકની ઉપર ૬ અંક લખેલ છે. તથા ૯ અંક પહેલા ખાલી જગ્યા હતી અને પાછળથી ૯ લખવામાં આવેલ છે.બચાવપક્ષની વિનંતીથી સદર નિશાની ૨૫/૨૧ ને રજુ દાખલ **આંક–૩૧૩** આપવામાં આવેલ છે. એ વાત સ્વિકારી છે કે, સદરની અસલ અગાઉ સરતપાસમાં **આંક–૨૮૭** થી રેકર્ડ ઉપર રજુ થયેલ છે. સાહેદે એવુ જણાવેલ છે કે, તેઓ ચકકસ કહી શકે નહી કે **આંક–૨૮૭**ના મથાળે "જા.નં.૧૪૨/૯૬" તથા તારીખનો અંક ૯ એ આ રિપોર્ટના બીજા અક્ષરો થી અલગ શાહીની પેનથી લખેલાનુ જણાય છે. એ વાત સ્વિકારી છે કે, આંક–૨૮૭ના હાંસિયામાં રિસીવનો શેરો છે અને તેમાં સમય ૧૧/૦૦ અને તા.૧૦/૫/૯૬ લખેલુ છે પરંતુ સહી કોની છે તે તેઓ કહી શકે નહી. તેઓને

**આંક–૨૦૪** બતાવવામાં આવતા જે જોઈ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે તે એક્ઝી.મેજી.સાહેબશ્રી રૂબરૂના ઓળખ પરેડ પંચનામાની તેમણે જાતે કરેલી એટેસ્ટેડ કોપી છે અને જેની નકલ તા.૬/૫/૯૬ના રોજ મળ્યા બદલ તેઓની તેમાં સહી છે, નીચે પી.આઈ.એલ.સી.બી. લખેલુ છે.

એ વાતનો સાહેદે ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમના રૂબરૂનુ તેમની ઓફીસમાં ઓળખ પરેડનુ પંચનામુ કરેલુ છે તેવુ સરતપાસમાં જે જણાવેલ છે તે હકીકત તેઓ ખોટી જણાવે છે. એ વાત પણ ઈન્કારી છે કે, એ જ કારણસર તેઓએ સી.આર.પી.સી.૧૬૯ના રિપોર્ટમાં તેમજ કલમ ઉમેરાના રિપોર્ટમાં અને પો.અધિ.શ્રીને મોકલેલ અહેવાલમાં સદર પંચનામાનો કોઈ ઉલ્લેખ કરેલો નથી.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, **આંક–૨૭૨**માં જે ૧૨–૦૦ અંક સિવાયના સમયના આંકડા વાળા અક્ષરો જુદા જુદા છે. બચાવપક્ષે વિ.વ.શ્રીએ ડાયરી ફાડી નાંખ્યા અંગેની સરતપાસ અંગે ઉલટતપાસ કરવામાં આવતા સાહેદે નીચે મુજબ પુરાવો આપેલ છે.

''સંજીવભટ્ટે મને પંદર દિવસ પછી બોલાવેલા તેવુ મે સરતપાસમાં જણાવ્યુ છે તે પંદર દિવસ પછી કઈ તારીખે બોલાવેલા તે હાલ ચોક્કસ યાદ નથી. શ્રી સંજીવભટ્ટે કેસ ડાયરીના કેટલા પત્તા અને કઈ તારીખોના ફાડી નાંખેલા તે હાલ ચોક્કસ યાદ નથી. શ્રી સંજીવભટ્ટે ગુસ્સે થઈને પત્તા ફાડી નાંખેલા તે નાશ કરેલા નહી પરંતુ ફાડેલા પત્તા મને પાછા આપેલા. તે પત્તામાં જોઈ અને રિમાન્ડ સુધીની કેસ ડાયરી કોર્ટમાં ગયેલ હોય તે ડાયરીમાં દર્શાવેલ વિગત જોઈ જોઈને ભટ્ટ સાહેબની સુચના મુજબ નવી કેસ ડાયરી બનાવવામાટે મારા સ્વ હસ્તાક્ષરમાં લખેલા અને ત્યારપછી કેસ ડાયરીમાં ભટ્ટ સાહેબ વિરુધ્ધ લખેલ વિગતો ભટ્ટ સાહેબની સુચનાથી કાઢી નાંખી ફરીથી નવી કેસ ડાયરી બાકીની

મારા હસ્તાક્ષરમાં નવી બનાવેલી અને જુની કેસ ડાયરી જે ફાડી નાંખેલી તેનો સળગાવીને નાશ કરેલો.

**પ્રશ્નઃ**– આપના હીત માટે તે પુરાવો કેમ રેકર્ડે રાખ્યો નહી ?

**જવાબઃ**– કારણ કે તે સમયે ભટ્ટ સાહેબ અમારો બચાવ કરશે અને તેઓનો બચાવ કરશે તેવુ ધ્યાને રાખી આ કેસ ડાયરી સળગાવી નાંખેલી અને નાશ કરેલો.

**પ્રશ્નઃ**– **આંક–૨૭૨** ની કેસ ડાયરીમાં ભટ્ટ સાહેબના વિરુધ્ધના કયા લખાણો જોઈને ભટ્ટ સાહેબ ગુસ્સે થયેલા ?

**જવાબઃ**–આ કેસ ડાયરી શરુઆતની ડાયરીનં.૧ થી ૪ ની નામ.કોર્ટમાં ગયેલ હોય તેની કાર્બન કોપી(નકલ) મને બતાવવામાં આવે છે અને ત્યારપછી પંદર દીવસ સુધીની લખેલ કેસ ડાયરીઓમાં સંજીવભટ્ટ સાહેબ વિરુધ્ધના તેઓએ તપાસ અંગે ગુનાના કામે આપેલ સુચનાઓ વિગતવારની લખેલ હતી તે વાંચી ગુસ્સે થયેલ અને અસલ કેસ ડાયરી ગુસ્સામાં ફાડી નાંખેલ.''

સાહેદને બચાવપક્ષે કેસ ડાયરીઓ અંગે પુછવામાં આવેલ સવાલો અંગે સાહેદે નીચે મુજબ જવાબો આપેલ છે.

**પ્રશ્નઃ** તમને **આંક–૨૭૨ તથા આંક–૨૭૩** વાળી ડાયરીઓ બતાવવામાં આવેલી છે તેમાથી જોઈને જણાવો કે કયા પેજનં અને કઈ તારીખની નોંધોમાં સંજીવભટ્ટ વિરુધ્ધની હકીકત લખેલી છે ?

**જવાબઃ**–આ આંક વાળી ડાયરીઓ પૈકી ૨૭૩ આંક વાળી ડાયરી જે નવી મારા હસ્તાક્ષરમાં છે જે ડાયરીઓ પહેલા પ્રવિણભાઈના સ્વહસ્તાક્ષરમાં લખેલ હતી તે ડાયરીઓમાં સંજીવભટ્ટ સાહેબ વિરુધ્ધના આક્ષેપોવાળી હકીકત લખેલ હતી જે કેસ ડાયરી પ્રવિણભાઈના હસ્તાક્ષરમાં હતી તે ફાડી નાખેલ અને ૨૭૩ આંકવાળી કેસ ડાયરી સંજીવભટ્ટની સુચનામુજબ ફરીથી મારા હસ્તાક્ષરમાં લખી નવી બનાવવામાં આવેલ અને તેમાં સંજીવભટ્ટના વિરુધ્ધની આક્ષેપોવાળી

વિગતો કાઢી નાંખવા મને સુચના આપેલ હોય **આંક–૨૭૩** વાળી કેસ ડાયરીમાં તેઓના વિરુધ્ધના કોઈ આક્ષેપો જણાવેલા નથી.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સવાલનો સાચો જવાબ આપવાનુ તેઓ ટાળે છે અને અવાર નવાર ખોટા જવાબો આપી રહેલ છે. એ વાત સ્વિકારે છે કે, આંક–૨૭૨ વાળી કેસ ડાયરીના પેજ નં.૩ના છેલ્લા પેરેગ્રાફમાં નીચેથી ચોથી લાઈનમાં "તેઓ સા.ની સુચના અને માર્ગદર્શન મેળવ્યા" તેટલુ લખેલુ છે. એ વાત સ્વિકારી છે કે, તેની ઉપરની(આગળની) જે કોઈ નોંધો છે તેમાં સંજીવભટ્ટ વિરુધ્ધ આક્ષેપવાળી કોઈ હકીકત લખવામાં આવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ત્યારબાદની ડાયરી નં.૪ સુધીની નોંધોમાં સંજીવભટ્ટની સુચના આધારે કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તેવુ લખેલુ નથી. અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, ''મને ડાયરી સુધારીને નવી બનાવવાનુ તેઓએ કીધેલુ જે મે નવી બનાવ્યા બાદ તેઓને બતાવેલી''. એ વાત સ્વિકારી છે કે, **આંક–૨૭૩** વાળી ડાયરીના તા.૨/૫/૯૬ ના રોજની કેસ ડાયરીનં.૨ શરુ થાય છે તેની ઉપરના પ્રથમ પેરામાં લાઈનનં.૩ અને ૪ માં "અને તેઓ સાહેબની સુચના અને માર્ગદર્શન મેળવ્યા" તેવા શબ્દો લખેલા છે. એ વાત સ્વિકારી છે કે, આંક–૨૭૨ વાળી ડાયરી નં–૨ તા.૨/૫/૯૬ના રોજ લખાયેલા જે કંઈ કથનો છે તેવા જ અક્ષરશઃ કથનોવાળી આંક–૨૭૩વાળી ડાયરીમાં તા.૨/૫/૯૬ના રોજની ડાયરી નં.૨ માં લખાયેલા છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પંદર દિવસની ડાયરીમાં સંજીવભટ્ટ વિરુધ્ધના આક્ષેપો લખેલા હતા તેથી તેઓ ગુસ્સે થઈ ગયેલા અને તેમણે ડાયરી ફાડી નાંખેલી અને તે ફાટેલા કાગળો તેઓને પાછા આપી દીધેલા, બાદ તેમની સુચના મુજબ તેઓએ તેમના અક્ષરોમાં નવી ડાયરી લખેલી અને પછી ફાડેલા કાગળો તેમની સુચના મુજબ નાશ કરી નાંખેલાનુ તેઓ ખોટુ જણાવી રહેલા છે. એ વાત પણ ઈન્કારી છે કે, તાજના

સાક્ષી થવા માટે તેઓએ ફરીયાદપક્ષના કહ્યા મુજબ પાછળથી ખોટી હકીકતો દર્શાવી છે અને એ મુજબ ખોટી જુબાની આપી છે.

સુમેરસિંહની પુછપરછ અગાઉ ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ કરવામાં આવેલી. સુમેરસિંહની પુછપરછ અંગે બચાવપક્ષે સાહેદને એવો સવાલ પુછવામાં આવેલ છે કે પુછપરછ પાલીમાં કરવામાં આવેલી કે પાલનપુરમાં તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, અગાઉ ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ કરવામાં આવેલી. સાહેદને તા.૩/૫/૯૬ના રોજની કેસ ડાયરી નં.૩ વાંચીને જણાવવાનું કહેતા સાહેદ જણાવે છે કે, સુમેરસિંહને પાલનપુર આવીને પુછપરછ કરેલી. એ વાત સ્વિકારી છે કે, તેઓ વકીલ તરીકે ઓફીસ ચલાવે છે તેવુ પુછપરછમાં કીધેલુ અને ડાયરીમાં નોંધેલુ છે તે આધારે તેઓ કહે છે. એ વાત સ્વિકારી છે કે, વર્ધમાન માર્કેટની દુકાન નં.૬ અંગે સુમેરસિંહે જે કોઈ હકીકતો પુછપરછમાં જણાવેલ તે તેઓએ ડાયરીમાં નોંધેલી. એ વાત સ્વિકારી છે કે, સુમેરસિંહની પુછપરછમાં કુટરમલે દાવો કરી મનાઈ હુકમ લીધેલાની હકીકત નીકળેલી. અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, સુમેરસિંહ દુકાનમાં વકીલ તરીકે ઓફીસ ચલાવે છે તેનો કોઈ દસ્તાવેજી આધાર તેઓએ સુમેરસિંહ પાસે માંગેલો નહી. વધુમાં સુમેરસિંહના ભાઈ રઘુનાથ સાથે કુટરમલ તેમની કચેરીએ આવેલા પરંતુ તેઓ તા.૫/૫/૯૬ના રોજ આવેલા હતા કે કેમ તે ચોક્કસ કહી શકે નહી. એ વાત સ્વિકારી છે કે, સી.આર.પી.સી.૧૬૯નો રિપોર્ટ કર્યો તે પહેલા આવેલા હતા. એ વાત સ્વિકારી છે કે, તેઓએ તે બંનેની પુછપરછ કરેલી અને જવાબ લખી લીધેલા. સાહેદે જણાવેલ છે કે, કુટરમલ પાસે દુકાન અંગેની હકીકતો સારુ કોઈ દસ્તાવેજી આધાર જેવા કે ભાડાચિઠ્ઠી, ભાડાની પાવતીઓ કે કુલમુખત્યારનામુ કે કોર્ટમાં કરાયેલા દાવાનુ રેકર્ડ માંગેલુ નહી. અનુસંધાને

સાહેદે જણાવેલ છે કે, એટલા માટે માંગેલુ નહી કે આ ખોટો અફીણનો ઉભો કરેલો કેસ હોવાથી જેથી એસ.પી.સાહેબ સાથે ચર્ચા અને નક્કી થયા મુજબ તપાસના તમામ કાગળો તેમના કહેવા પ્રમાણે લખી લેવામાં આવેલા.

એ વાત નો ઈન્કાર કરેલ છે કે, સવાલનો સાચો જવાબ આપવાનુ ઈરાદાપુર્વક ટાળી તેઓ ખોટો જવાબ આપી રહ્યા છે. તેઓ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, બનાવના ચાર વર્ષ પહેલાથી સદર દુકાનના ભાડુઆત રમેશકુમાર રાણીવાલ અને મોહનલાલ રુપચંદ હતા તેવુ તેમની તપાસમાં ખુલેલુ. એ વાત સ્વિકારેલ છે કે, કુટરમલે સુમેરસિંહ સામે કોઈ દાવો કરેલ નથી તેવી હકીકત તેમની તપાસમાં ખુલેલી.

મુદ્દામાલ અફીણ પેકેટના આક્ષેપીત પ્લાન્ટેશનના બચાવ અંગે જે ઉલટતપાસ પ્રશ્નોત્તરી થયેલ તે નીચે મુજબ રેકર્ડ ઉપર આવેલ છે.

**પ્રશ્નઃ**– શેરપુરા ઢાણીની રેડ બાદ માલાભાઈને આ પેકેટ શાનુ હતુ? કેમ મુક્યુ હતુ? અને ક્યા લઈ ગયેલા? કેમ લઈ ગયેલા ? અને ક્યાં રાખેલુ ?તે બાબતે પુછપરછ કરેલી ?

**જવાબઃ**– સરતપાસમાં મે જણાવ્યા પ્રમાણે માલાભાઈ પાસે સંજીવભટ્ટે હોટલ લાજવંતીમાં આ અફીણનુ પેકેટ મુકાવેલ હતુ તેમ જણાવેલ હોઈ મે માલાભાઈને આ બાબતે બીજી કોઈ પુછપરછ કરેલી નહી.

**પ્રશ્નઃ**– આ પેકેટ સંજીવભટ્ટે રેડ પહેલા માલાભાઈ પાસે મુકાવ્યુ તે રેડ પહેલા આપને ખબર હતી તેવુ આપનુ કહેવુ છે ?

**જવાબઃ**–હા, તા.૨૯/૪/૯૬ના રોજ રાત્રે સંજીવભટ્ટે મને તેઓના બંગલે બોલાવેલ ત્યારે મને કહેલ કે અફીણ માલાભાઈ લઈ આવેલ છે તે અફીણ માલાભાઈ હોટલમાં મુકી દેશે, તમારે ફ્કત કંટ્રોલ રૂમની વર્ધી આધારે કાયદેસરની કાર્યવાહી

કરવાની છે. તેવુ કહી મારી હાજરીમાં સંજીવભટ્ટે માલાભાઈને અફીણ મુકવાનુ કહેલુ હતુ.

એ વાતનો સાહેદે ઈન્કાર કરેલ છે કે, પ્રશ્નના જવાબમાં તેઓ વધારાનો ખોટો ખુલાસો કરે છે. તા.૨૯/૪/૯૬ની રાત્રે સંજીવભટ્ટે તેઓને આ કહયુ ત્યારપછી તેઓએ ઓફીસમાં જઈને તેમનુ કબાટ જોયેલ નહી.

**પ્રશ્નઃ**– તમોને રેડ પહેલા આ બધી હકીકતની ખબર હોવા છતાં રેડ પછી તમોએ કબાટ ખોલી આ પેકેટ અંગે કેમ ખાત્રી કરવી પડી ?

**જવાબઃ**–તા.૩૦/૪/૯૬ના રોજ રેડ થયા બાદ મે મારુ કબાટ ખોલેલુ ત્યારે માલાભાઈએ મુકેલ પેકેટ હતુ નહી અને તા.૩૦/૪/૯૬ના રોજ હોટલ લાજવંતીમાંથી રેડ કરી ત્યારે માલાભાઈએ મુકેલ મારા કબાટમાં પેકેટ હતુ તેવુ જ પેકેટ હોટલ લાજવંતીમાંથી રેડ દરમ્યાન મળી આવેલ હોય જેથી કબાટ ખોલી જોયેલ હતુ.

**પ્રશ્નઃ**– આપને ઉપર જણાવ્યા મુજબ પેકેટની ખબર હતી તો પ્રવિણભાઈને કેમ પુછીને ખાત્રી કરેલી કે પેકેટ ક્યાં ગયુ ?

**જવાબઃ**– કારણ કે પ્રવિણભાઈ પાસે કબાટની ચાવી રહેતી હોય પેકેટ કબાટમાં નહી મળતા પ્રવિણચંન્દ્રને પુછેલુ ત્યારે તેઓએ જણાવેલ કે તે પેકેટ રેડના આગળના દિવસે સાંજના ટાઈમે માલાભાઈ લઈ ગયેલ છે. તેવુ જણાવેલુ જેથી મારે પ્રવિણભાઈને પેકેટ બાબતે પુછવુ પડેલુ.

**પ્રશ્નઃ**– તમારા કહેવા મુજબ તા.૨૯/૪/૯૬ના રોજ રાત્રે માલાભાઈની હાજરીમાં અફીણનુ પેકેટ બદમાશ માણસને સીધો કરવા માલાભાઈ હોટલમાં મુકશે તેવુ સંજીવભટ્ટે કહેલ હોવાનુ આપ જાણતા હોવાછતા કબાટમાંના મુકાયેલા પેકેટ અંગે શા માટે ઉપરોક્ત ખાત્રીઓ કરવી પડી ?

**જવાબઃ**–તા.૨૯/૪/૯૬ના રોજ માલાભાઈ હોટલમાં અફીણ મુકી દેશે તેવુ સંજીવભટ્ટે જણાવેલ પરંતુ મારા કબાટમાં મુકેલ તે પેકેટ લઈ આવેલ છે તેવી વાત મને કરેલ ન હતી અને હોટલ લાજવંતીમાંથી મળી આવેલ અફીણનુ પેકેટ અને માલાભાઈએ મારા કબાટમાં મુકેલ અફીણનુ પેકેટ એકસરખા જણાતા ખાત્રી કરવી પડેલી.

**પ્રશ્નઃ**– આપે માલાભાઈને પુછ્યુ કે આ અફીણનુ પેકેટ મારા કબાટમાં કેમ તમે મુકયુ હતુ?

**જવાબઃ**–માલાભાઈને મે પુછેલ નહી પરંતુ મારા રાઈટર પ્રવિણચંન્દ્રને પુછતા તેઓએ મને જણાવેલ કે આર.પી.પટેલ સાહેબના સ્કવોડના માણસ માલાભાઈએ પેકેટ મુકેલ છે. કારણ કે આર.પી.પટેલ સાહેબ પાસે કબાટ નહી હોવાથી માલાભાઈએ તે પકેટ મુકેલ હતુ.

**પ્રશ્નઃ**– આપની ઓફીસના લોક એન્ડ કી વાળા કબાટમાં રેકર્ડ સહીત અન્ય ગુનાહીત અફીણ કે બીજી ચીજવસ્તુ મુકવામાં આવે તો તે આપનુ પઝેશન ગણાય ?

**જવાબઃ**–પી.એસ.આઈ. પટેલ પાસે કબાટ કે પેટી નહી હોવાથી તેઓ તેમના અગત્યના કાગળો તથા તેઓએ લાવેલ કોઈ ચીજવસ્તુ કબાટમાં મુકતા હોય આ વસ્તુ તેઓએ મુકેલ હોઈ તેમની ગણાય.

**પ્રશ્નઃ**– આપના કહેવા મુજબ આ કબાટ આપની ચેમ્બરમાં હતુ એટલે તમારુ અને પટેલ સાહેબનુ જોઈન્ટ પઝેશન ગણાય તેવુ મારુ કહેવુ છે ?

**જવાબઃ**–એ વાત ખરી નથી કે જોઈન્ટ પઝેશન ગણાય.

**પ્રશ્નઃ**– આપને ખબર પડી ગઈ કે આ પેકેટ અફીણનુ હતુ તો તમે માલાભાઈ સામે કાયદેસરની કાર્યવાહી કેમ ના કરી ?

**જવાબઃ**– તે પેકેટ જ્યારે મુક્યુ ત્યારે મને ખબર હતી નહી કે તેમાં અફીણ હતુ.અને પેકેટ લઈ ગયા પછી હોટલ લાજવંતીમાંથી મળી આવેલ પેકેટ બંને એકસરખા દેખાતા હોય જેથી મારા કબાટમાં લઈ ગયા પછી પઝેશનનો સવાલ રહેતો નથી.

**પ્રશ્નઃ**– અફીણ લાવવુ, રાખવુ અને મુકવુ તે નાર્કોટીક્ટસ એક્ટ મુજબ ગંભીર ગુનો ગણાય ?

**જવાબઃ**– હા, તે ગંભીર ગુનો ગણાય.

**પ્રશ્નઃ**– એ કામગીરીમાં આ અફીણ છે તેવુ કોઈ જવાબદાર વ્યક્તિની જાણમાં આવે અને તે જાહેર ન કરે તો એ પણ ગંભીર ગુનો ગણાય ?

**જવાબઃ** હા, જાહેર ના કરે તો તે ગંભીર ગુનો ગણાય.

**પ્રશ્નઃ**– અફીણનો કબજો ધરાવવો અને તેમજ કોઈ જગ્યાએ મુકાવવો અને ખોટો કેસ કરાવવો એ ભારે સજાની જોગવાઈના ગુના કહેવાય તેની આપને જાણ હતી?

**જવાબઃ**–હા,

**પ્રશ્નઃ**– પ્રવિણભાઈ સામે કેમ કોઈ કાર્યવાહી ના કરી ?

**જવાબઃ**–કારણ કે જે તે સમયે પ્રવિણભાઈને પણ પેકેટ માં શુ છે તે ખબર ન હતી અને પેકેટ પેકીંગ કરેલી હાલતમાં હોય તેઓએ ખોલીને જોયેલ ન હતુ કે મે પણ ખોલીને જોયેલુ ન હતુ.

**પ્રશ્નઃ**– પ્રવિણભાઈ કે માલાભાઈ સામે ડી.એસ.પી.(સંજીવભટ્ટ)સિવાય અન્ય કોઈ ઉપરી અધિકારીને આ ગુનાહીત કૃત્યની કેમ જાણ ના કરી ?

**જવાબઃ**– કારણ કે ડી.એસ.પી.સંજીવભટ્ટ સાહેબે જાતે જ વસ્તુ મંગાવી હોય અને ડી.એસ.પી. સાહેબની જાણકારીમાં આ કાર્ય થયુ હોય તો ડી.એસ.પી. અમારા ઉપરી અધિકારી હોય અને અમે તેઓના તાબામાં કામ કરતા હોઈ, અમારી

વિરુધ્ધ તેઓ કોઈપણ ખોટી કાર્યવાહી કરી શકે જેથી અમોએ સંજીવભટ્ટ સિવાય અન્ય અધિકારીઓને આવી હકીકતની જાણ કરેલી ન હતી.

**પ્રશ્નઃ**– તમારા નીમણુક અધિકારી કોણ હતા ?

**જવાબઃ**–ડી.જી.પી.સાહેબ અમારા નીમણુક અધિકારી હતા.

**પ્રશ્નઃ**– નોકરીમાંથી બરતરફ કરવાની સત્તા કોને છે ?

**જવાબઃ**–ડી.એસ.પી. સાહેબ અમારા વિરુધ્ધનો ખોટો રિપોર્ટ કરે તો ડી.જી.પી. સાહેબ અમારા વિરુધ્ધ નોકરીમાંથી બરતરફ કરવા માટે પગલા લઈ શકે.

**પ્રશ્નઃ**– ડી.એસ.પી.ના એડવર્શ રિપોર્ટ વગર બરતરફ કરી શકે કે કેમ?

**જવાબઃ**– અમારા વિરુધ્ધનો કોઈ રિપોર્ટ ડી.એસ.પી. સાહેબે કે તેઓથી ઉપરી અધીકારીએ કર્યો ન હોય તો બરતરફ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

એ વાતનો સાહેદે ઈન્કાર કરેલ છે કે, ડી.એસ.પી. સાહેબનો વિરૂધ્ધનો રીપોર્ટ ન હોય તેમછતાં પણ બીજા કારણસર ડી.જી.પી. સાહેબનો વિરૂધ્ધનો રીપોર્ટ ન હોય તેમછતાં પણ બીજા કારણસર ડી.જી.પી.સાહેબ બરતરફ કરી શકે.

સાહેદની એલ.સી.બી. પી.આઈ. તરીકની નિમણુંક અંગે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સાહેદે નીચે મુજબ હકિકતો જણાવેલી છે.

''એ વાત ખરી છે કે મને જે તે સમયે પાલનપુરમાં એલ.સી.બીના પી.આઈ તરીકે શ્રી સંજીવભટ્ટે નીમણુક આપેલ હતી. એ વાત ખરી છે કે મારી નીમણુક માટે ડી.આઈ.જી. બોર્ડર રેન્જ, ભુજની બહાલી મેળવવા રિપોર્ટ કરેલ હતો. એ વાતની મને ખબર નથી કે ડી.આઈ.જી સાહેબ તરફથી બહાલી આવી ગયેલ. એ વાત ખરી છે કે જિલ્લા પો.અધિકારીએ કોઈ પોલીસ કર્મચારીને જે તે પો.સ્ટેમાં પી.આઈ.તરીકે નીમણુક આપી હોય તો તે અંગે ડી.આઈ.જી. સાહેબની બહાલી મેળવવી પડે. મારી પાલનપુર ખાતે પી.આઈ. તરીકે બદલી થઈ તે વખતે બીજા

એક અધિકારી ઓ.પી.શર્મા નામના અધિકારીની પી.આઈ. તરીકે બદલી થયેલી હતી.તેઓને એલ.આઈ.બી.માં મુકવામાં આવેલા. મને એ વાત ની ખબર નથી કે એલ.સી.બી. પી.આઈ.તરીકે પોસ્ટીંગ આપવુ હોય તો ત્રણ જણના નામ રેન્જ ડી.આઈ.જી. સાહેબને મોકલવા પડે. એ વાત ખરી છે કે હુ હાજર થયો ત્યારે લીવ રિઝર્વમાં મુકવામાં આવેલ અને બાદમાં મને એલ.સી.બી.ના પી.આઈ.તરીકે મુકેલ. એ વાત ખરી નથી કે હુ લીવ રિઝર્વ માં હતો અને મને એલ.સી.બી.પી.આઈ તરીકે વધારાનો ચાર્જ આપવામાં આવેલ હતો. એ વાત ખરી છે કે પી.આઈ.ની પોસ્ટ બદલી પાત્ર છે અને બદલી ડી.જી.પી. સાહેબ કરે છે.''

સાહેદે નીચે જણાવ્યા પ્રમાણે બચાવપક્ષની તકરારો ઈન્કારી જુબાની ઉલટતપાસ દરમ્યાન આપેલ છે જે જોતા...

''એ વાત ખરી નથી કે સંજીવભટ્ટ સાહેબનો તા.૩૦/૪/૯૬ના રોજ સવારે સાડા પાંચ વાગે વિશ્રામગૃહના લેન્ડ લાઈન ફોન ઉપર મને ફોન આવેલો તેવું હું ખોટુ જણાવી રહેલો છું. એ વાત ખરી નથી કે સંજીવભટ્ટ સાહેબે મને હોટલ લાજવંતીના રૂમનં.૩૦૫ માં પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ હોવાની હકીકત તેમજ થોડીવારમાં કંટ્રોલરૂમ તરફથી વર્ધી મળશે તેવી હકીકત તેમજ તમારા સ્ટાફને તાત્કાલીક બોલાવી લાજવંતી જઈને રેઈડ કરવાનુ કહ્યાની હકીકત ફોન ઉપર જણાવેલ હોવાનુ હું ખોટુ જણાવી રહેલો છું. એ વાત ખરી નથી કે મે એપ્રુવર તરીકે જુબાની આપવા માટે આ બધી હકીકતો ઈરાદાપુર્વક ઊભી કરેલી છે. એ વાત ખરી નથી કે આ કેસના કામે મને આરોપીનં.૧ તરીકે દર્શાવતા પહેલા અને અટક કરતા પહેલા તપાસ કરનાર અમલદાર તથા તેમના ઉપરી અધિકારીઓએ મળીને સંજીવભટ્ટ વિરુધ્ધ જવાબ આપવા અને ભવિષ્યમાં એપ્રુવર તરીકે જુબાની આપવા અગાઉથી સમજાવી રાખેલુ હતુ. એ વાત ખરી નથી કે તેથી જ મે તપાસ દરમ્યાન શરુથી જ મારી પુછપરછ વખતે

તપાસ કરનાર અમલદાર સમક્ષ મારી એપ્રુવરની અરજીમાં દર્શાવેલ વિગતોની હકીકતો મારા જવાબમાં લખાવેલ હતી. એ વાત ખરી નથી કે સરકારશ્રીના આરોપી નં.(૨) વિરુધ્ધના પક્ષપાતી વલણના કારણે તપાસ કરનાર અમલદારશ્રીઓના મેળાપીપણામાં મે શરુથી જ આરોપી તરીકે રહેવાનુ સ્વીકારેલુ. એ વાત ખરી નથી કે હુ મુખ્ય આરોપી હોવા છતા ઉપરોક્ત કારણોસર ખોટી રીતે એપ્રુવર તરીકે રહેલ છું. એ વાત ખરી નથી કે મે આ કેસની કાર્યવાહી દરમ્યાન તપાસ કરનાર અમલદાર સહીત અધિકારીઓના મેળાપીપણામાં **આંક–૮૦** વાળી એપ્રુવર તરીકેની તૈયાર અરજીમાં મે સહી કરી છે. એ વાત ખરી નથી કે તે જ રીતે મેળાપીપણામાં એપ્રુવર બનવા માટે અદાલત સમક્ષ નિવેદન લખાવેલુ છે.''

સાહેદે હોટલ ઉપર કરેલ રેઈડ અંગે આપેલ સરતપાસની જુબાનીના બચાવમાં વિ.વકીલ શ્રીએ બચાવપક્ષે જે પ્રશ્નો પુછેલ તે પ્રશ્નોત્તરી નીચે જણાવ્યા પ્રમાણે રેકર્ડ ઉપર આવી છે.

**સવાલઃ**– રૂમની જડતી કરવાનુ રૂમમાં જતા પહેલેથી જ નક્કી કરેલ હતુ ?

**જવાબઃ**–હા, પહેલેથી જ નક્કી કરેલુ હતુ.

**સવાલઃ**–જડતી કરતા પહેલા હોટલના માલિકને રૂમ નં.૩૦૫ની જડતી કરવી છે તેવુ કોઈ લખાણ આપેલુ ?

**જવાબઃ**– ના.

**સવાલઃ**– કેમ નહી આપેલુ ?

**જવાબઃ**–હોટલમાલિકને સાથે રાખેલ હતા એટલે.

**સવાલઃ**– હોટલમાલિકને લેખિતમાં સમજ કરેલી કે તમારી હોટલના રૂમ નં.૩૦૫ની જડતી કરવી છે?

**જવાબઃ**– મૌખિક સમજ કરેલી લેખિત કરેલી નહી.

**સવાલઃ**– કેમ લેખિત સમજ કરેલી નહી.

**જવાબઃ**– મૌખિક કરી એટલે લેખિત બરાબર જ છે જેથી લેખિત સમજ કરેલી નહી.

**સવાલઃ**– કોઈ હોટલમાં અથવા મકાનમાં કે ઘરમાં જડતી કરવી હોય તો તેનો કબજો ધરાવનારને લેખિતમાં જાણ કરવી જોઈએ તેવી કાયદામાં જોગવાઈ છે.

**જવાબઃ**– ખાનગી રહેઠાણ હોય તો જાણ કરવી પડે પબ્લીક પ્લેસમાં જરૂર નથી.

**સવાલઃ**– હોટલને પબ્લીક પ્લેસ ગણો છો?

**જવાબઃ**– મારા જાણવા મુજબ પબ્લીક પ્લેસ ગણાય.

**સવાલઃ**– પબ્લીકના માણસો હોટલમાં જમવા માટે કે રહેવા માટે આવે એટલે પબ્લીક પ્લેસ કહો છો ?

**જવાબઃ**–હાજી.

એ વાત સ્વિકારેલ છે કે, લાજવંતી એ ગેસ્ટ હાઉસ છે. અમે રૂમ નં.૩૦૫ ઉપર ગયા ત્યારે દરવાજો બંધ હાલતમાં હતો. બહાર કોઈ છુટુ લોક (તાળુ) મારેલુ ન હતુ. સાહેદ જણાવે છે કે તાળુ મારવાનો આંકડો જ ન હતો અને બારણામાં અંદર ઈન્ટરલોક વાળુ લોક હતુ.

**પ્રશ્નઃ–** આપે લોક જોયુ દરવાજા આગળ ?

**જવાબઃ**– ના

**પ્રશ્નઃ**– તા.૨૯/૪/૯૬ના રોજ રાત્રે રજીસ્ટરમાં દર્શાવેલ સુમેરસિંહના ઈસમને રૂમ નં.૩૦૫નુ લોક કોણે ખોલી આપેલુ તેવુ આપની તપાસમાં ખુલેલુ?

**જવાબ**– ના એવુ કંઈ ખુલેલુ નહી.

**સવાલઃ**– હોટલમાં કોઈ ગ્રાહક રૂમ ખાલી કરીને જાય ત્યારે હોટલના કર્મચારી તે રૂમ સફાઈ કરી બંધ કરી દે અને બીજો કોઈ ગ્રાહક આવે ત્યારે તે રૂમ ખોલીને ગ્રાહકને અંદર પ્રવેશ આપે તેવુ તમારી તપાસમાં ખુલેલુ ?

**જવાબઃ**–નાજી

**સવાલઃ**– મનુભાઈ કોદરવીએ રૂમ નં.૩૦૫ ખોલી આપેલ અને્ પંખો ચાલુ કરી આપેલ તે આપની તપાસમાં જાણવા મળેલુ ?

**જવાબઃ**– ના એવુ કંઈ જાણવા મળેલ નહી.

**સવાલઃ**– ગેસ્ટ હાઉસમાં સામાન્ય રીતે રૂમોના લોક બંધ હોય છે.

**જવાબઃ**–બરાબર છે.

**સવાલઃ**– રૂમનં.૩૦૫ ખુલ્લો છે કે લોક મારેલ છે કે કેમ તેની આપ કાઉન્ટર ઉપર ગયા તે પહેલા તમને ખબર હતી ?

**જવાબઃ**– ના ન હતી.

**સવાલઃ**– તો પછી આ રૂમની સર્ચ કરવી છે તેવો ઠરાવ આપે કેમ ન કર્યો ?

**જવાબઃ**– હોટલ માલિકને રૂબરૂમાં જાણ કરેલી એટલે ઠરાવ કરેલો નહી.

**સવાલઃ**–હોટલ માલિકને મળ્યા તે પહેલા ઠરાવ કેમ ના કર્યો ?

**જવાબઃ**– હોટલની જગ્યા જાહેર જગ્યામાં આવતી હોવાથી કરેલો નહી.

**સવાલઃ**– હોટલના માલિક, કોઈ વ્યક્તિ હોટલનો રૂમ બુક ન કરાવે, તેમજ તે આવનાર વ્યક્તિ તેની પુરતી વિગતો ન આપે તેમજ હોટલના રૂમનુ ભાડુ ન ચુકવે ત્યાંસુધી કસ્ટમરને રૂમમાં પ્રવેશ આપવાનો ઈનકાર માલિક કરી શકે.

**જવાબઃ**– કરી શકે.

**સવાલઃ**– આપ જાણતા હોવાછતા કેમ કોઈ ઠરાવ ન કર્યો ?

**જવાબઃ**–અગાઉ જણાવ્યા મુજબ હોટલ જાહેર જગ્યાની વ્યાખ્યામાં આવતી હોય તેનો સમાવેશ નહોતો કર્યો.

**સવાલઃ**–આપે હોટલના માલિકને કાઉન્ટર ઉપર મળતા પહેલા તેને સમજ આપવાનુ લખાણ કેમ તૈયાર નહી કરેલુ ?

**જવાબઃ**–હોટલ જાહેર જગ્યાના સ્થળની વ્યાખ્યામાં આવતી હોવાથી ઠરાવ કે લખાણ નહી કરેલુ.

એ વાત નો ઈન્કાર કરેલ છે કે, જાહેર જનતા મુક્ત પણે હરી–ફરી શકે તેવી જગ્યા હોટલ કે ગેસ્ટ હાઉસ નથી હોતી તેવુ  તેઓ જાણતા હોવાછતા ખોટો જવાબ આપી રહેલ છે.

**સવાલઃ**– રૂમ નં.૩૦૫ માં સુમેરસિંહ અફીણ સાથે રોકાયેલા છે તેવી બાતમી મળી તે બાતમી લખી કેમ ના લીધી ?

**જવાબઃ**– પોલીસ કંટ્રોલ રૂમની લેખિત વર્ધીમાં જણાવેલ હતુ એટલે લખી લીધેલ નહી.

**સવાલઃ**–ડી.એસ.પી. સાહેબ સંજીવ ભટ્ટ સાહેબે આ વર્ધી આપી તેવુ તમે જણાવ્યુ છે તો લખી કેમ ના લીધી ?

**જવાબઃ**–તેવુ જણાવ્યા પછી તરત  જ પોલીસ કંટ્રોલરૂમની વર્ધી મળેલી જેથી મે લખી લીધેલ નહી.

**સવાલઃ**– પોલીસ કંટ્રોલરૂમની વર્ધી આપને સવાર ના સવા છ ના અરસા બાદ મળેલી.

**જવાબઃ**–હા જી

**સવાલઃ**– તો આટલો બધો સમય વચ્ચે હતો તો તમે તે  દરમ્યાનમાં કેમ લખી ના લીધી ?

**જવાબઃ**– પોલીસ કર્મચારીઓને બોલાવવાની વ્યવસ્થા કરી અને તેઓ આવી જતા એસ.પી.સાહેબે આપેલ વર્ધી ની સમજ કરી તે દરમ્યાન પોલીસ કંટ્રોલરૂમથી વર્ધી મળેલ હોવાથી વર્ધીની બીજી કોઈ લેખિત નોંધ કરેલ નહી.

**સવાલઃ**– જો આ વર્ધી આપને મળી એ પહેલા સાડા પાંચ પછી માત્ર પોલીસ હેડ ક્વાર્ટરમાં ફોન કરવા સિવાય કોઈ કામગીરી તમે કરેલ નહી.

**જવાબઃ**– હાજી.

**સવાલઃ**– આ વિશ્રામગૃહથી હેડ ક્વાર્ટર બે કી.મી. દુર છે તે વાત ખરી કે ખોટી ?

**જવાબઃ**– ચોક્કસ કહી ના શકુ પરંતુ દોઢ થી બે કી.મી. હશે.

**સવાલઃ**–આ વિશ્રામગૃહ માં જે કર્મચારીઓ આવ્યા તેમને આવતા ચોક્કસ કેટલો સમય થયેલો હશે ?

**જવાબઃ**– ચોક્કસ કેટલો સમય થયો હશે તે હું કહી શકુ નહી.

**સવાલઃ**– ૨૦૦૧ ના સુધારા પહેલા અને પછી કલમ ૪૨ અન્વયે નાર્કોટીક્સ સંબંધીત જે માહીતી મળે તે લખી લેવી પડે તેવી આદેશાત્મક જોગવાઈ હતી અને છે.

**જવાબઃ**– ૨૦૦૧ પહેલા આવી કોઈ જોગવાઈ ન હતી.

**સવાલઃ**– NDPS એક્ટ ની કલમ ૪૨માં ૨૦૦૧ ના સુધારા પહેલા શુ જોગવાઈ હતી અને પાછળથી ૨૦૦૧ પછી શુ જોગવાઈ છે તે આપ કહી શકો ?

**જવાબઃ**– હાલ મને યાદ નથી.

**સવાલઃ**– આપને તે જુની અને નવી બંને જોગવાઈ બતાવુ તો વાંચીને તમે કહી શકો ?

**જવાબઃ**–અંગ્રેજીનો મને તેટલો અનુભવ નથી તેથી કહી શકુ નહી.

**સવાલઃ**– આપને ગુજરાતી વાંચતા લખતા આવડે છે ?

**જવાબઃ**–હા આવડે છે.

**સવાલઃ**– આપને ઉપરોક્ત બંને જોગવાઈઓ ગુજરાતીમાં વાંચવા માટે આપુ તો કહી શકો?

**જવાબઃ**–હા કહી શકુ.

તેઓ ને સદર ૨૦૦૧ પહેલાની ગુજરાતી ચોપડીની કલમ–૪૨ અંગે લખેલ વર્ણન વંચાવવામાં આવેલુ છે તેમા એવુ લખેલુ છે કે " કોઈપણ અધિકારીન પોતીની અંગત જાણ ઉપરથી અથવા કોઈ વ્યક્તિએ આપેલી અને લખી લીધેલી માહીતી ઉપરથી"તેવો ઉલ્લેખ છે.

**સવાલઃ**– જે બાતમી મળે તે લખી લેવી જરૂરી છે તેવુ તેમા જણાવાયેલુ છે.

**જવાબઃ**– હા, તેમા લખ્યા મુજબ તેવુ કહી શકાય.

**સવાલઃ**–આ બાતમીની કોઈ માહીતી આપે કોઈ ઉપરી અધિકરીને મોકલેલ નથી ?

**જવાબઃ**–એ વાત ખરી નથી. હું જણાવુ છુ કે મે રેઈડ કરતા પહેલા જિલ્લા પોલીસ અધિકારીને ગુપ્ત પત્ર લખીને જાણ કરેલી.

''એ વાત ખરી નથી કે, મે જે ગુપ્ત પત્રથી જાણ કરેલી તે રનરે આપેલી લેખિત વર્ધી અંગે જ કરેલી. એ વાત ખરી નથી કે તા.૩૦/૪/૯૬ના રોજ સંજીવ ભટ્ટ સાહેબે હુ વિશ્રામગૃહ ખાતે હતો ત્યારે વહેલી સવારે આશરે ૫/૩૦ કલાકે વિશ્રામગૃહના લેન્ડ લાઈન ફોન ઉપર સંજીવભટ્ટનો ફોન આવેલાનુ અને તેમણે લાજવંતીના રૂમ નં.૩૦૫માં પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે તેવુ જણાવેલાન તેમજ થોડી વારમાં કંટ્રોલરૂમ તરફથી વર્ધી મળશે તેવુ જણાવ્યાનુ તેમજ તમે તમારા સ્ટાફને તાત્કાલિક બોલાવી લેવાનુ કહેલ હોવાનુ તથા હોટલ લાજવંતીમાં રેઈડ કરી કાયદેસરની કાર્યવાહી કરવી વિગેરે મને જણાવેલાનુ હું ખોટુ જણાવી રહેલો છું.''

**સવાલઃ**– રૂમ નં.૩૦૫માં જઈ તમે જડતીની શું કાર્યવાહી કરેલી ?

**જવાબઃ**– રૂમમાં પલંગનુ ગાદલુ ઉંચુ કરી જોતા ગાદલા નીચેથી કપડાનો બગલથેલો મળી આવતા તે વજનદાર હોય તેમા જોતા એક લુંગીમાં કંઈક વીંટાળેલ હતુ તે ખોલી જોતા તેમાથી જાંબુડી કલરની મીણીયાની થેલી મળી આવેલ જે ખોલી જોતા તેમાં કાળો પદાર્થ હતો અને તેમાંથી અફીણની વાસ આવતી હતી જે પદાર્થ અફીણ હતો તે અંગેની કાર્યવાહી કરેલી. જે કાર્યવાહીમાં મે અફીણનો વજન કરાવેલ અને તેમાંથી સેમ્પલ માટે અફીણ જુદુ પાડી લેવા માટે વજન કાંટા વાળાને બોલાવીને વજન કરાવી પંચનામાની વિગતથી પંચનામુ કરેલુ અને તે અંગે ફરીયાદ લખેલી.

**સવાલઃ**– તે રૂમમાં સર્ચ કરવા કેટલા વાગે પ્રવેશ્યા અને કેટલા વાગે બહાર નીકળ્યા ?

**જવાબઃ**– રૂમમાં તો સવારે ૭/૨૫ ના ટાઈમે પ્રવેશેલા અને રૂમની બહાર આઠ સાડા આઠની આસપાસ નીકળ્યા હોઈશુ.

**સવાલઃ**–સીલ કીટ કોની પાસે હતી ?

**જવાબઃ**– રાઈટર પ્રવિણભાઈ પાસે હતી.

**સવાલઃ**– સીલ કરવાની કામગીરી કોણ કરતુ હતુ?

**જવાબઃ**– સીલ કરવાની કામગીરી રાઈટર પ્રવિણભાઈએ કરેલી.

**સવાલઃ**– લાજવંતીમાંથી મળેલુ અફીણ તમારા કબાટમાં મુકવામાં આવેલ પેકેટવાળુ જ અફીણ છે તેવુ તમને કોની મારફત ખબર પડેલી ?

**જવાબઃ**– સરતપાસમાં મે જણાવ્યા પ્રમાણે લાજવંતી હોટલમાંથી મળી આવેલ અફીણનુ પેકેટ અને મારા કબાટમાં મુકવામાં આવેલુ પેકેટ એક સરખા હતા જેથી તા.૩૦/૪/૯૬ના રોજ રેઈડ થયા પછી મે કબાટ ખોલી જોતા માલાભાઈએ મુકેલ પેકેટ હતુ નહી અને મારી હાજરીમાં તા.૨૯/૪/૯૬ના રોજ સંજીવભટ્ટે માલાભાઈ અફીણ હોટલમાં મુકી દેશે તેમ કહી મારી હાજરીમાં માલાભાઈને

અફીણ મુકવાનુ કહેલુ જેથી હું કહુ છુ કે મારા કબાટમાં મુકેલુ પેકેટ જ લાજવંતી હોટલમાં મુકાવેલ હતુ.

**સવાલઃ**–લાજવંતી હોટલમાંથી કે જ્યાથી પેકેટ મળ્યુ ત્યાં માલાભાઈને કોઈએ મુકતા જોયા નથી.

**જવાબઃ**– હુ કહી શકુ નહી.

**સવાલઃ**–કોઈ પુરાવો આપની તપાસમાં માલાભાઈએ રૂમનં.૩૦૫ માં જઈને મુક્યા અંગેનો મળેલ નથી.

**જવાબઃ–** આ તપાસ ખોટો અફીણનો કેસ ઉભો કરેલ હોય જેથી તમામ તપાસ ઉભી કરવામાં આવેલ હોય અને સુચના મુજબ તપાસના કાગળો તૈયાર કરવામાં આવેલ હોવાથી આવો કોઈ પુરાવો મળેલાનુ તપાસમાં જણાવેલ નથી.

**સવાલઃ**– શુ પુરાવો આપને મળેલ જે તપાસમાં જણાવાયેલ નથી?

**જવાબઃ**– હવે હુ કહુ છુ કે માલાભાઈને રૂમ નં.૩૦૫માં પેકેટ મુકતા જોયેલાનો કોઈ પુરાવો મળેલો નથી.

**સવાલઃ**– કેમ એવુ કહ્યુ કે આ ખોટા કેસના કારણે જણાવેલ નથી.

**જવાબઃ**–એ વખતે લખાવવામાં સમજફેર થઈ ગયેલી.

**સવાલઃ**–જો આ કેસ થયા પછી અને એપ્રુવર તરીકે આરોપી નં–૨ વિરુધ્ધ ખોટો પુરાવો ઉભો કરવા તમે બદલીને ખોટા જવાબો આપો છો.

**જવાબઃ**– એ વાત ખરી નથી.

**સવાલઃ**–શેરપુરા ઢાણીથી જે અફીણ કબજે લીધુ એ પેકેટ અને આ લાજવંતીમાંથી મળી આવેલ પેકેટ તે એક જ જેવા છે એવી ક્યારે ખબર પડી ?

**જવાબઃ**– શેરપુરા ઢાણીમાં રેઈડ કરી અને પકડાયેલ અફીણ ના પેકેટનુ પેકીંગ અને હોટલ લાજવંતીના મળી આવેલ અફીણ પેકેટનુ પેકીંગ એક સરખુ હતુ તેવી ચર્ચા

સાથેના પો.અધિકારી કર્મચારીઓએ જે તે વખતે કરેલી અને તેઓએ જણાવેલુ કે આ બંને અફીણના પેકેટો એક સરખા લાગે છે.

**સવાલઃ**– પછી તેમની વાત આપે માની લીધેલી ?

**જવાબઃ**–માની લીધેલી.

**સવાલઃ**– આપે શેરપુરા ઢાણીમાં પેકેટ જોયેલા કે નહી ?

**જવાબઃ**– જોયેલા.

**સવાલઃ**– આપે જોયા પછી આપને એવુ લાગેલુ તે વખતે કે આ તે જ પેકેટ છે ?

**જવાબઃ**– મને પણ તે લોકોના કહેવા પ્રમાણે લાગેલુ.

**સવાલઃ**– એક જ જેવુ પેકીંગ એટલે અમારે શુ સમજવુ.

**જવાબઃ**–જાંબુડીયા કલરની મીણીયાની થેલીમાં અફીણ પેક કરેલુ હતુ અને ઉપરથી સીવેલુ એક સરખુ હતુ.

**સવાલઃ**–શેરપુરા ઢાણીવાળા પેકેટો ખોલ્યા ત્યારે તે કાગળથી વીંટાળેલા હતા ?

**જવાબઃ**–ના જી

**સવાલઃ**– અત્રે અદાલતમાં આપે જે મુદ્દામાલ જોયો તે કાગળમાં વીંટાળેલ હતો.

**જવાબઃ**– હા તે કાગળમાં વીંટાળેલ હતો.

**સવાલઃ**–શેરપુરા ઢાણીવાળા પેકેટો ઉપર જે કાગળો ન હતા તેનુ વર્ણન આપે પંચનામામાં કરેલુ ?

**જવાબઃ**– સાહેબ શેરપુરા ઢાણી વાળા પેકેટોની જે સ્થિતિ હતી તેનુ વર્ણન પંચનામામાં કરેલુ.

**સવાલઃ**– અદાલતમાં જે કાગળમાં વીંટાળેલ મુદ્દામાલ જોયો તેનુ વર્ણન પંચનામામાં કરેલુ ?

**જવાબઃ** એ મુદ્ધામાલ મે જે સ્થિતિમાં આપેલો તે સ્થિતિમાં નથી અને મારી સહીવાળી કાપલી પણ તેમાં નથી.

**સવાલઃ**– આપે લાજવંતીમાંથી જપ્ત કર્યો ત્યારે કાગળ વીંટાળેલ ન હતો ?

**જવાબઃ**– હા, તે વખતે અફીણ ઉપર કાગળ વીંટાળેલ ન હતુ.

**સવાલઃ**– લાજવંતીમાંથી કબજે કરેલ મુદ્ધામાલ ઉપર તમે કોઈ માર્ક આપેલા ?

**જવાબઃ**– નહી આપેલા.

**સવાલઃ**–શેરપુરા ઢાણીમાંથી કબજે લીધેલ મુદ્ધામાલ અને આ કેસનો મુદ્ધામાલ અફીણ એકજેવા છે તેવુ જાંબુડી કલરની થેલી અને સીલાઈ એક જેવી હતી એ સિવાય એકજેવુ અફીણ હતુ તેવુ કહેવાનુ અન્ય કોઈ કારણ ખરુ ?

**જવાબઃ**–અફીણના શેરપુરા ઢાણીના પેકેટ અને લાજવંતી હોટલમાંથી પકડાયેલ અફીણનુ પેકેટ ખોલી સુંઘી જોતા અફીણની એકસરખી તીવ્ર વાંસ આવતી હતી જેથી બંને અફીણના પેકેટ એકસરખા હતા તે કારણ હતુ.

**સવાલઃ**– કોઈપણ અફીણ સુંઘતા તીવ્ર વાસના કારણે ખબર પડે કે તે અફીણ છે.

**જવાબઃ**– કોઈપણ અફીણ વાસના કારણે ખબર પડે કે તે અફીણ છે.

એ વાત ખરી છે કે રૂમ નં.૩૦૫માં અમે ગયા ત્યારે તેમાં સીલીંગ ફેન,ડબલ બેડનો પલંગ, લાકડાની ટેબલ, ખુરશી, લાકડાની ટીપાઈ અને બીજી બે ખુરશીઓ તેમજ ટી.વી. વિગેરે જોવા મળેલ હતી. પંખો ચાલુ હતો કે કેમ તે હાલ મને યાદ નથી.

**સવાલઃ**–પંચનામામાં પંખો ચાલુ હતો કે કેમ ? તેની નોંધ કરેલી ?

**જવાબઃ**– આ પંચનામુ ખોટો અફીણનો કેસ ઉભો કરેલ હોવાથી તે ગુનો બન્યો છે તે સાચો ગુનો બન્યો છે તેવુ બતાવવાના ભાગ રૂપે પંચનામાનો દસ્તાવેજ ઉભો કરવામાં આવેલો.

**સવાલઃ**–ઉભા કરેલા પંચનામામાં આ પંખો ચાલુ છે કે કેમ ? તે દર્શાવેલુ ?

**જવાબઃ**– હું પંચનામુ વાંચી ને જવાબ આપી શકુ. **આંક–૨૦૬**વાળુ પંચનામુ વાંચીને હુ જણાવુ છુ કે સીલીંગ ફેન ચાલુ હાલતમાં છે તેવુ તેમાં લખેલુ છે.

**સવાલઃ**– બેડ,સીટ અને તકીયા અસ્તવ્યસ્ત હતા કે સ્વસ્થ સ્થિતિમાં બીછાવેલા હતા તેવુ તમે પંચનામામાં દર્શાવેલુ હતુ?

**જવાબઃ**– સદર **આંક–૨૦૬**વાળુ પંચનામુ વાંચીને જણાવુ છુ કે બેડ, સીટ અને તકીયાની સ્થિતિ અંગે લખેલુ નથી. માત્ર લાકડાના બે પલંગો, પથારી પાથરેલ હાલતમાં છે તેવુ લખેલુ છે.

**સવાલઃ**– શકમંદ માણસની તપાસ કરેલી કે નહી?

**જવાબઃ**– શકમંદ માણસની રૂમમાં તપાસ કરેલી.

**સવાલઃ**– તે રૂમમાં એટેચ બાથરૂમ હતુ ?

**જવાબઃ**–હતુ.

**સવાલઃ**–આ રૂમ આપે જાતે તપાસેલ ?

**જવાબઃ**– હા, મે જાતે તપાસેલ.

**સવાલઃ**– આપ બાથરૂમમાં ગયેલા ?

**જવાબઃ**– મારા માણસો ગયેલા હુ ગયેલ નહી.

**સવાલઃ**–બાથરૂમમાં કોઈ શકમંદ વ્યક્તિ છે કે નહી તે જોવા માટે તમારા માણસો ગયેલા?

**જવાબઃ**– હા જી

એ વાત ખરી છે કે મારા માણસોએ બાથરૂમમાં કોઈ શકમંદ નથી તેટલુ જ કહેલુ બાથરૂમની બીજી કોઈ સ્થિતિ અંગે કંઈ જણાવેલુ નહી.

**સવાલઃ**– બાથરૂમમાં સાબુ પડેલ હતો કે કેમ, બાથરૂમનો કોઈએ ન્હાવા,ધોવા માટે ઉપયોગ કરેલ હતો કે કેમ તેવી કોઈ સ્થિતિ જોવા મળી હોય એની કોઈ વિગત આપના સ્ટાફે કહેલી ?

**જવાબઃ**–ના જી

**સવાલઃ**–વ્યક્તિ રૂમમાં રહેલો હતો કે રહેલો જ નથી તેવુ નક્કી કરવા સ્થળસ્થિતિની નોંધ કરવી અત્યંત જરૂરી હોય છે.

**જવાબઃ**–હાજી, તેવી નોંધ કરવી જરૂરી છે.

એ વાત ખરી છે કે, રૂમમાં જતા વેત નરી આંખે સીધુ જોઈ શકાય તે રીતે પેકેટ મુકેલુ ન હતુ.

**સવાલઃ**– ગાદલુ આપે ઉંચુ કરેલુ ?

**જવાબઃ**– હા મે ઉંચુ કરેલુ.

એ વાત ખરી છે કે ગાદલુ ઉંચુ કર્યુ એટલે થેલી મળી આવેલી.

**સવાલઃ**– ગાદલુ ઉંચુ કરતા તમારા કબાટમાં તમોએ જે પેકેટ જોયેલુ તે પેકેટ એકલુ જોવા મળેલુ નહી.

**જવાબઃ**–સીધેસીધુ પેકેટ જોવા મળેલ નહી પરંતુ હું વધુમાં જણાવુ છુ કે બગલથેલો ખોલી જોતા લુંગીમાં વીંટાળેલ વસ્તુ હોય જે ખોલી જોતા આ પેકેટ જોવા મળેલુ.

**સવાલઃ**– થેલી અને લુંગી ક્યાથી આવી તે તપાસ કરી હતી ?

**જવાબઃ**–નાજી

**સવાલઃ**–ત્રણ થેલીઓ બીજી વધારાની પ્લાસ્ટીકની હતી તે ક્યાથી આવી તેની કોઈ તપાસ કરેલી ?

**જવાબઃ**– નાજી.

''એ વાત ખરી છે કે બગલથેલો ડીઝાઈનવાળો હતો તેનુ વર્ણન લખેલુ છે પરંતુ શુ ડીઝાઈન હતી તેવુ લખેલ નથી. તેમજ લુંગી ચોકડી ભાતની હતી તેવુ અને તે લીલા કલરની હતી તેવુ લખેલુ છે.તથા થેલો ગુલાબી, ઉદા અને પીળા રંગનો હતો તેવુ લખેલ છે. એ વાત ખરી નથી કે જાંબુડી કલરની થેલી હતી તેની અંદર ત્રણ મીણીયાની થેલી હતી. એ વાત ખરી છે કે બીજી ત્રણ થેલીઓ હતી તે લુંગીમાં જોવા મળેલી.''

**સવાલઃ**–તે ત્રણ થેલી સફેદ, પોપટી અને આછા જાંબલી કલરની હતી ?

**જવાબઃ**– સફેદ અને આછા જાંબુડી કલરની હતી તે મને યાદ છે ત્રીજો કલર હાલ યાદ નથી.

**સવાલઃ**– તે રેકર્ડ જોઈને કહી શકો ?

**જવાબઃ**–હા જી હું પંચનામુ જોઈને કહી શકુ.

મને આંક–૨૦૬વાળુ પંચનામુ વંચાવવામાં આવેલ છે જે જોઈને જણાવુ છુ કે તેમા ત્રીજી થેલી પોપટી કલરની હતી તેવુ લખાયેલ છે.

**સવાલઃ**–લુંગીમાં તમે આછા જાંબુડી કલરની થેલી જોઈ તે મોઢીયેથી ખુલ્લી હતી.

**જવાબઃ**–હા જી મોઢીયેથી ખુલ્લી હતી.

એ વાત ખરી નથી કે, એમાં એક ગાંઠ મારેલી બીજી એક મીણીયાની થેલી હતી.

**સવાલઃ**– આછા જાંબુડી કલરની થેલી જોઈ તે મોઢિયેથી ખુલ્લી હતી તેમા બીજી કોઈ મીણીયાની થેલી હતી કે કેમ?

**જવાબઃ**–ના જી, ન હતી.

**સવાલઃ**– મુદ્દામાલ કબજે લીધો અને તેની વિગત વર્ણન પોલીસ તપાસના પેપર્સમાં દર્શાવેલી તેમાં આછા જાંબુડી કલરની મોઢીયાથી ખુલ્લી થેલીમાં બીજી ગાંઠ

મારેલી મીણીયાની થેલી હોવાનુ દર્શાવેલ હોય તો તે વર્ણન અંગે આપનુ શુ કહેવુ છે ?

**જવાબઃ**– હાજી, પોલીસ તપાસના પેપર્સમાં તેવુ લખેલુ છે, કારણ કે મુદ્દામાલ કબજે લેતી વખતે સીલ કરવામાં આવેલ ત્યારે આ વર્ણન વાળી થેલીમાં અલગ થી પેક કરી સીલ કરવામાં આવેલ જેથી તેવુ લખાયેલુ છે.

**સવાલઃ**– ગાંઠ મારેલી મીણીયાની થેલી તે લુંગીમાંથી મળેલ મુદ્દામાલની થેલી અંગે જણાવો છો કે સેમ્પલ જે થેલીમાં લીધુ તે અંગે જણાવો છો?

**જવાબઃ**– સેમ્પલ બાદ જે મુદ્દામાલ વધેલ હતો અને જે કબજે લીધો તે અંગે મે ઉપરોક્ત જવાબ આપેલ છે.

**સવાલઃ–** લુંગીમાંથી જે આછા જાંબુડી કલરની ખુલ્લા મોઢીયાની થેલી મળી તેમાં ગાંઠ મારેલ થેલી હતી તેવુ તપાસના કાગળોમાં દર્શાવેલ હોય તો તે અંગે તમારુ શુ કહેવુ છે?

**જવાબઃ**–તે અંગે મારુ કહેવુ એવુ છે કે હું પંચનામુ જોઈને કહી શકુ. મને આપ સાહેબે આંક–૨૦૬વાળુ પંચનામુ વાંચી જવાબ આપવાનુ કહેતા સદર વાંચીને જણાવુ છુ કે..."એક મીણીયાની આછા જાંબુડીયા કલરની થેલીની અંદર તેવી બીજી મીણીયાની થેલીને ગાંઠ મારેલ હાલતમાં અંદર કાળો પદાર્થ હોઈ તે થેલીની ગાંઠ ખોલી....."તેવુ લખેલ છે.

એ વાત ખરી છે કે રૂમ નં.૩૦૫માં ગાદલા નીચેથી બગલથેલો મળ્યા બાદ મે જોયેલ લુંગી તથા તેમાની મીણીયાની ત્રણ થેલીઓ તેમજ ખુલ્લા મોઢીયાવાળી આછા જાંબુડીયા કલરની થેલી તેમજ ગાંઠ વાળેલી બીજી મીણીયાની થેલીજોયેલી તેમજ તે ગાંઠ ખોલી સૂંઘવાની પ્રક્રીયા વિગેરે તમામ કાર્યવાહી રૂમ નં.૩૦૫ માં જ કરેલી.

એ વાતનો સાહેદે ઈન્કાર કરેલ છે કે, અગાઉ પુછાયેલ પ્રશ્નો અનુસાર એલ.સી.બી.ઓફીસમાં તા.૧૮/૧૦/૨૧ પહેલા તપાસ કરનાર અમલદાર તથા તેમના તાબાના અધિકારીઓને તા.૫/૯/૧૮ તથા રિમાન્ડ દરમ્યાનના લેવાયેલ જવાબો તેમને વાંચી સંભળાવેલા હતા. એ વાત ઈન્કારી છે કે, તે જવાબો તેઓ વાંચી સંભળાવેલા તેથી તેઓને તે વખતે એવુ લાગેલુ કે આરોપી નં.૨ને આ કેસમાં સંડોવવા સારુ સાક્ષી બનાવવાના આશયથી કેસને અનુરુપ ખોટા જવાબો લખી લેવામાં આવેલ છે. એ વાતનો પણ સાહેદે ઈન્કાર કરેલ છે કે, તે વખતે તેઓને એવુ પણ લાગેલુ કે તે જવાબો અનુસાર જ આંક-૮૦ વાળી અરજી તૈયાર કરવામાં આવેલી છે. એ વાતો ઈન્કાર કરેલ છે કે, તે વખતે તેઓને એવી પણ ખાતરી થયેલી હતી કે અગાઉના કેસમાં તેઓ તપાસ કરનાર અમલદાર હતા જેથી આ કેસમાં તેમને માત્ર આરોપી તરીકે બતાવવા પુરતુ જ લેવામાં આવેલ છે. તેઓ એ વાત ઈન્કારી રહેલ છે કે, તેમને તા.૫/૯/૧૮ પહેલાના દિવસોમાં તેઓના વડોદરાના ઘરેથી ગાંધીનગર લઈ આવવામાં આવેલ હતા. એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેઓને અટક કરવામાં આવ્યા તેના આગલા દિવસોમાં સુમેરસિંહ પણ તેમના માણસો સાથે સી.આઈ.ડી. ક્રાઈમની ઓફીસમાં હાજર હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે વખતે પોલીસ અમલદાર તેમજ સુમેરસિંહ અને તેમના માણસોએ તેમને એવી ખાતરી આપેલી હતી કે સુમેરસિંહએ રાજસ્થાન પાલી ખાતે તેમના વિરુધ્ધ કરેલ ફરીયાદમાં કોઈ પુરાવો આપવામાં આવશે નહી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે વખતે તેઓ તેમની વાત જોડે સંમત થયેલ નહી અને તેમણે એવુ જણાવેલુ કે તે તેમની મુળ તપાસે એ પ્રમાણે જ કરીશ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તપાસ કરનાર અમલદાર અને સુમેરસિંહ તેમજ તેમના માણસોએ સમજાવ્યા મુજબ તેઓ વર્તન કરવા

તૈયાર થયેલ નહી તેથી જ તેમને આરોપી તરીકે લેવામાં આવેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેટલા માટે જ કોઈ જ કારણો બતાવ્યા વગર તેમને અટક કરી દેવામાં આવેલ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, એટલા માટે જ તેમની અટકનુ શરીરસ્થિતિનુ પંચનામુ કરવામાં આવેલુ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી નં.૨ને અટક કરતી વખતે તેમની શરીરસ્થિતિનુ પંચનામુ કરાયેલાનુ તેમજ તે કારણસર રેકર્ડે બતાવવા સારુ તેમના શરીરસ્થિતિનુ પંચનામુ કરેલ હોવાનુ તેમને જાણવા મળેલુ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ રીતેના પંચનામાની હકીકત તેઓ જાણતા હોવાછતાં ખોટી રીતે ઈન્કાર કરે છે.

બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ ફરીયાદ, શ્રી ઘગલની ઈન્કવાયરીના નિવેદનો, સને-૨૦૧૮માં થયેલ તપાસ કાર્યવાહી નિવેદનો, શ્રી શંભુભાઈની તપાસ દરમ્યાનના સાહેદના નિવેદનો વિગેરે સંદર્ભે કોન્ટ્રાડીકશન, ઓમીશન અને ડીનાઈલ સ્વરૂપની લંબાણપૂર્વકની ઉલટતપાસ કરી છે, જેમાં સાહેદે પોતાની સરતપાસની જુબાનીના કથનોને વળગી રહી બચાવપક્ષની તકરારોનો ઈન્કાર કરેલ છે.

(જે) **આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૦) તરીકે આંક-૩૭૮થી સાયબાભાઈ નાથાભાઈ ગમાર તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** તેમને ૨૦૧૨ના વર્ષમાં એક્સીડન્ટ થયેલો જેમાં તેમનુ મોટર સાઇકલ પલટી ખાઇ ગયેલુ અને જેમાં તેમને માથાના ભાગે ઈજા થયેલ અને પગ ભાગી ગયેલો જેની અસરના કારણે વધારે તે બોલી શકતા નથી, ઉતાળે બોલી શકતા નથી અને દવાની ગોળીઓ અમુક-અમુક ટાઇમે તે લે છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમને શુ તકલીફ છે ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મને અમુક

ટાઈમે મગજની તકલીફના કારણે યાદશકિત ઓછી છે અને હુ ભુલી જઉ છું.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ ફાઈલ શાની લાવેલા છો?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મને મહેસાણા એડમીટ કરેલો તેની ફાઈલ લાવેલો છું.'' તેમજ વધુમાં સદર સાહેદ તેમની જુબાનીમાં જણાવે છે કે, તે હાલ નિવૃત્ત થયેલા છે. તે અગાઉ પોલીસ હેડક્વાર્ટરમાં પોલીસની નોકરી કરતા હતા. તમને બદલી થરાદ પણ થયેલી હતી તેના પછી પાલનપુર હેડ ક્વાર્ટરમાં તેમની બદલી થયેલી. તેમને પછી એમ.ટી. શાખામાં ડ્રાઈવર તરીકે અને કેદી પાર્ટીમાં પણ મુકેલા હતા. તેઓ જયારે ડ્રાઈવર ન હતા ત્યારે તેમણે એસ.પી. સાહેબના બંગલે ટેલીફોન અને વાયરલેસની ડ્યુટી કરતા હતા. તે વખતે એસ.પી. સાહેબ સંજીવ ભટ્ટ સાહેબ હતા. તેમનો જવાબ ભુજના સાહેબે, રાજસ્થાનના પોલીસ સાહેબે તેમજ ગાંધીનગરના વિરેન્દ્રસીંહ યાદવ સાહેબે લીધેલો. પછી મેજીસ્ટ્રેટ સાહેબે પણ જવાબ લીધેલો. તેમની ફરજ સાહેબના બંગલે રાત્રીના ક.–૦:૦૦ થી સવારના ક.–૮:૦૦ વાગ્યાના સુધીની હતી. આ પ્રશ્ન તા.૩૦/૪/૧૯૯૬ ના રોજ ઉભો થયેલો છે અને તે દિવસે સાહેબના બંગલે રાત્રીના ક.૦:૦૦થી સવારના ક.૮:૦૦ સુધી તેમની નોકરી હતી. કંટ્રોલ ઈન્ચાર્જ બબાભાઈ સવાભાઈનો સવારે ક.–૬:૦૦ વાગે ફોન આવેલ કે, કોઈ અફીણ બાબતે એસ.પી. સાહેબ જોડે વાત કરવી છે તેથી ફોન કર્યો છે. જેથી તેમણે રીંગ મારીને બબાભાઈ જોડેથી સાહેબ જોડે વાત કરેલી પછી સાહેબે એવી વાત કરી કે એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબને આ બાબતની ખબર છે, જેથી કંટ્રોલ ઈન્ચાર્જને જાણ કર કે વ્યાસ સાહેબને આ બાબતની તપાસ કરવા જાણ કરે. પછી તેમણે કંટ્રોલમાં તેવી જાણ કરેલ અને ફોન કાપી નાખેલ. તેમને

ચાર્જશિટના સાંકળીયા સાથે સામેલ કાગળો પૈકી પાના નં.૨૦૮ બતાવતા જેમાં દરેક પાના ઉપરની સહીઓ તેમની હોવાનુ અને મેજીસ્ટ્રેટ સાહેબ રૂબરૂની હોવાનુ જણાવેલ છે અને મેજીસ્ટ્રેટ સાહેબે તેમનો જવાબ લીધેલો તેજ હોવાનુ જણાવેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમને વાંચી સંભળાવામાં આવેલ તે જવાબના કથનો તેમણે લખાવેલા છે અને સાહેબે તેમને તેની પુરતી સમજ આપેલી હતી અને બાદમાં તેમણે સાહેબની હાજરીમાં સહી કરેલી. તે મજકુર ચાર્જશીટ સાથેના કાગળો પૈકી પાના નં.૨૦૮થી ૨૧૦ ની.૩૭૮/(એ) આપવામાં આવેલ છે. તેમણે જે વાત કરેલી તે સંજીવ ભટ્ટ સાહેબ જોડે વાત કરેલી. રજીસ્ટર કોણ લઇ ગયેલુ તેની ખબર નથી, પરંતુ રજીસ્ટર સાહેબના બંગલે હતુ અને સાહેબની બદલી થઇ તે પછી મળતુ ન હતુ.

**સદર સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી બી.એ.તુવર નાઓ ધ્વારા લીધેલ ઉલટતપાસમાં તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે,** સંજીવ ભટ્ટ સાહેબ એસ.પી. તરીકે બદલી થઇ અહી આવ્યા તે પછી તેમના બંગલે ટેલીફોન ઉપર તેમની નોકરીમાં બદલી થયેલી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ટેલીફોન ઉપર નોકરી ત્રણ શીફટ હોય છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે વખતે તેમની સાથે સેસકરણ ગઢવી પણ શીફટમાં કામ કરતા હતા, તે સીવાય બીજા મોટામીયા પણ હતા મોટામીયાના પિતાનુ નામ ખબર નથી. તેઓ પણ હતા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મોટામીયા ગુજરી ગયેલા છે અને તે ડાંગીયા ગામના હતા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમની ઘાસુરા અટક હતી. ગઢવી ચોકકસ કયા ગામના હતા તેની ખબર નથી. ગઢવી અવસાન પામેલા છે. તે તા.૩૦/૬/૨૦૨૧ના રોજ રીટાયર્ડ થયેલ છે ત્યાં સુધી તે ફરજ

બજાવતા હતા. છેલ્લે તેઓ ડીસા ઉત્તર પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા. તેઓ હે.કો.માંથી નિવૃત્ત થયેલા. તે નિવૃત્ત થયા ત્યારે ડીસા ઉત્તર પો.સ્ટે.માં પી.આઇ. તરીકે જે.વાય.ચૌહાણ સાહેબ હતા. ડી.વાય એસ.પી. સાહેબ કોણ હતુ તેમનુ નામ તેમને યાદ નથી. તે નિવૃત્ત થયા તે વખતે પાલનપુર એસ.પી. સાહેબ કોણ હતા તેની ખબર નથી. તેમને હાલ ૧૮,૫૦૦ રૂ.નુ પેન્શન મળે છે. પેન્શન લેવા તેમનો છોકરો જાય છે. આ કેસનો સમન્સ તેમના વોટ્સઅપ ઉપર આવેલો. તેમના વોટ્સઅપ ઉપર કઇ તારીખે સમન્સ આવેલો તે યાદ નથી. તેમને વોટ્સઅપ ઉપરથી ખબર પડેલી નહી કે આજની તારીખ છે પણ તેમને પોલીસવાળાનો ફોન ગઇકાલે આવેલો અને આજની તારીખનું જણાવેલ. પાલનપુર શહેર પોલીસ સ્ટેશન થી આવેલો. ફોન કરનાર પો.કો હતા. તેમણે નામ આપેલુ નહી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ડી.એસ.પી. સાહેબના બંગલે ટેલીફોનનુ આવક રજીસ્ટર નિભાવવામાં આવતુ હતુ. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ જ્યા બેઠા હોય ત્યા ટેલીફોનની પહેલી રીંગવાગે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે વખતે લેનલાઇન ફોન હતો. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મોબાઇલ કોઇની પાસે ન હતા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ અરસામાં કદી કોઇના મોબાઇલ ઉપરથી ફોન આવેલ હોય તેવુ બનેલ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, જેનો ફોન આવેલ હોય તેનુ નામ ઠામ પહેલા જાણવુ પડે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, નામ કહે તો નામ જોગ વિગત રજીસ્ટરમાં લખવી પડે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે વ્યકિતને પુછતા ફોન નંબર જણાવે તો તેઓ તે લખતા અને ના જણાવે તો જણાવેલ નથી તેવુ લખતા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે,

ફોન કરનાર વ્યકિત નામ ઠામ પણ ન જણાવે તો જણાવેલ નથી તેવુ લખવુ પડે અને જણાવે તો નામ–ઠામ લખવુ પડે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, જિલ્લાના ડી.એસ.પી. તાબાના કોઈપણ પોલીસ અધિકારી કે કર્મચારી ફોન કરે તો તેમના નામ અને હોદ્દો તથા કર્મચારી હોય તો બ.નં. અને નામ લખવા પડે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, એસ.પી.સાહેબના બંગલામાં તે વખતે ટેલિફોન નં.૨૫૭૦૧૪ વાળો હતો. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે વખતે તે નંબર ૫૭૦૧૪ હતો પાછળથી બગડો લાગેલો. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ગાંધીનગર ખાતે તેમની પુછપરછ કરવામાં આવેલી હતી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પુછપરછમાં તેમ ને બંગલાનો ટેલિફોન નંબર પુછવામાં આવેલો. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પુછપરછમાં તેમણે બંગલાનો ટેલિફોન નંબર ૨૫૭૦૧૪નો હતો તેવુ લખાવેલુ. તેમજ એ વાતનો પણ તેમણે ઈન્કાર કરેલ છે કે, તેમણે તેમની સરતપાસમાં આ નંબર જણાવવાનુ ઈરાદા પુર્વક ટાળેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ભુજના સાહેબે જવાબ લીધો તે ધગલ સાહેબ હતા. રાજસ્થાનની પોલીસે જવાબ લીધો, તે જવાબ લેનાર એસ.પી.સાહેબ હતા. ગાંધીનગર યાદવ સાહેબે જવાબ લીધેલો તે તા.૭/૯/૧૮ના રોજ લીધેલો. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેના પછી બીજી વખત જવાબ લેવા માટે બોલાવેલ. તે તારીખ ૧૯/૯/૧૮ હતી. મેજીસ્ટ્રેટ સાહેબે જવાબ લીધો તે ગાંધીનગરના મેજીસ્ટ્રેટ સાહેબ હતા. જે જવાબ તા.૨૫/૧૦/૧૮ના રોજ લીધેલો. તા.૭/૯/૧૮ના રોજ ગાંધીનગર જવાબ માટે શ્રી યાદવ સાહેબે બોલાવેલ. તેમણે ડીસા ઉત્તર પો.સ્ટે.માં મેસેજ કરેલો અને સમન્સ મોકલેલો. તેમણે એ

વાતનો સ્વિકાર કરેલ છે કે, તે વખતે તેમણે તેમનુ નામ–ઠામ રહેઠાણ વિગેરે લખાવેલુ. તે વખતે તેઓ ડીસા પોલીસ લાઈનમાં બ્લોક નં.૨, રૂમ નં.૭ માં રહેતા હતા તે લખાવેલ. તેમણે તેમનો મોબાઈલ નંબર ૯૫૮૬૭૨૦૦૮૭ લખાવેલો. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તા.૧/૧૦/૮૬ના રોજ પોલીસમાં તેમની ભરતી થયેલી. થરાદ પો.સ્ટે.માં તેમની બદલી આશરે ૧૯૯૧/૯૨માં થયેલી. ૧૯૯૯ની સાલમાં તેમણે ડ્રાઈવરની પરીક્ષા પાસ કરેલી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે પહેલા ડી.એસ.પી. સાહેબના બંગલે તા.૩૦/૧૦/૯૫થી તા.૨૪/૭/૯૬ સુધી ફરજ ઉપર હતા. તેમણે ત્યારબાદ અંબાજી પો.સ્ટે. છાપી પો.સ્ટે., શિહોરી પો.સ્ટે., એમ.ટી.શાખા ડીસા ઉત્તર પો.સ્ટે.માં ફરજ બજાવેલી. તેમનો બક્કલ નંબર ૫૪૫ હતો. તેમનુ ૨૦૧૭માં પ્રમોશન હેડ કોન્સ્ટેબલ તરીકે થયેલુ. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, બંગલાના ટેલિફોન રજીસ્ટર બાબતે યાદવ સાહેબે તેમની પુછપરછ કરેલી. હેડ ક્વોર્ટરની પોલીસને તેમણે તે રજીસ્ટર માટે પુછેલુ ત્યારે પોલીસે તેમને જણાવેલ કે સાહેબની બે મહીના પછી બદલી થયેલ હોઈ સામાન સાથે રજીસ્ટર પણ તેમની સાથે લઈ ગયેલ છે તેવુ જણાવેલુ. ઉપર તેમણે બે મહીના પછી લખાવ્યુ એટલે કે બનાવના બે મહીના પછી સાહેબની બદલી થયેલી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તા.૩૦/૪/૯૬ના રોજ ફોન આવ્યો તેના પછીના બે મહીના બાદ બદલી થયેલી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સંજીવભટ્ટ સાહેબ બંગલે રહેવા આવ્યા ત્યારથી ટેલીફોન રજીસ્ટર રાખવાનુ શરૂ કરેલુ. તે ચોકકસ કહી શકે નહી, પરંતુ એક પુરૂ થયુ હોય અને બીજુ લાવ્યા હોય. તેમને ફાઈલ–બી (૨)ના પાના નં.૪૫૬થી ૪૫૭ બતાવવામાં આવેલ છે.

તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તા.૨૫/૭/૯૬થી હેડ ક્વાર્ટરમાં જનરલ ગાર્ડ ડ્યુટીમાં તેઓ ગયેલા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મોટામીયાં ગુજરી ગયાં તેમ ના બાપનુ નામ મલ્લુખાન હતુ. ધગલ સાહેબે તેમને જવાબ લેવા એરોમા સર્કલવાળુ વિશ્રામ ગૃહ પાલનપુર ખાતે બોલાવેલ. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે વખતે તેઓ હેડક્વાર્ટરમાં જનરલ ગાર્ડ ડ્યુટીમાં ફરજ પર હતા. તેમને હેડક્વાર્ટરના આરએસઆઈએ કહેલુ કે ધગલ સાહેબ વિશ્રામગૃહ ઉપર આવેલા છે જેથી તમે જવાબ લખાવવા જાવ. તેમ ને તે કઈ તારીખ હતી તે ચોક્કસ યાદ નથી. તે જવાબ લખાવવા ગયા ત્યારે આરએસઆઈ સાહેબે તેમની જોડે આવેલા નહી. તેમ ને એ વાતની ખબર નથી કે ધગલ સાહેબ અફીણના કેસમાં સુમેરસિંહની અરજીની તપાસ બાબતે આવેલા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમની જેમ બીજા પોલીસ કર્મચારીઓને પણ બોલાવેલા અને તેમના જવાબો લીધેલા. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમને પુછીને જવાબ લખેલો. તેમજ સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, એ લોકોએ એમની રીતે લખી લીધેલ અને તેમની સહી કરાવી લીધેલ. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમને સને ૧૯૯૬ની સાલ લખેલ તેમજ ટેલીફોન આવક રજીસ્ટર લખેલ પુંઠાથી બાઈન્ડીંગ કરેલ એક રજીસ્ટર હું બતાવું છું જેમાં તા.૩૦/૪/૯૬ ના રોજની એન્ટ્રીમાં ૦૦:૦૫ થી ૭:૫૦ સુધીની એન્ટ્રી નં.૧ થી ૬ની એન્ટ્રીઓ તમારા હસ્તાક્ષરે લખાયેલ છે?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''એ વાત ખરી છે''. વધુમાં તેમણે જણાવેલ છે કે, જે લખાયેલ છે તે સાહેબના કહેવાથી લખેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમોને તે પૈકીની એન્ટ્રી નં.૩ બતાવું છું જેમાં કલાક ૬:૧૦ હેડ કોન્સ્ટેબલ, બબાભાઈએ પાલનપુર કંટ્રોલ રુમ

ઉપરથી ફોન ઉપર તમને જે વાત કરેલી તેની નોંધ તમોએ તમારા હસ્તાક્ષરે કરેલી છે.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''જયારે કંટ્રોલથી ફોન આવેલો કાપલીમાં મેં લખેલો અને સાહેબને રીંગ મારી ફોનથી વાત કરી કે બબાભાઈ અફીણ બાબતે કોઈ વાત કરવા માંગે છે પછી સાહેબે મને ફરીથી રીંગ મારી કહયું કે એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબને અફીણ બાબતની ખબર છે જેથી તુ કંટ્રોલને ફરીથી ફોન કર અને વ્યાસ સાહેબને તપાસની વર્ધી આપ પછી મે ફોન કટ કરી નાખેલો.'' તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ''પુછેલ ઉપરોકત પ્રશ્નનો જવાબ આપવાનું ટાળીને તેઓ સરતપાસમાં અગાઉ જણાવેલ છે, તે હકીકતને જવાબમાં ખોટી રીતે દોહરાવે છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''રજીસ્ટરમાંથી તમને બતાવાયેલ એન્ટ્રીમાં ઉપર તમે જવાબ આપ્યો તેવુ કોઈ લખાણ તમારા હસ્તાક્ષરે લખેલ નથી.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''તમે બતાવો છો તે એન્ટ્રીમાં લખેલ નથી. મેં તેવું કાપલીમાં લખેલુ હતું. મારુ કહેવુ છે કે રજીસ્ટરમાં સાહેબ કહે તેવુ જ લખાતું હતુ.'' તેમને બતાવાયેલ એન્ટ્રી નં.(૩) સાહેબના કીધા પ્રમાણે લખેલી. તેમજ બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ તેમને બતાવેલ એન્ટ્રી નં.૧ થી ૬ અંગે પુછતા તેમણે જણાવેલ છે કે, તેઓ જે–તે મેસેજ પહેલા કાપલીમાં લખી લેતા અને તે સાહેબને બતાવતા પછી સાહેબ જે પ્રમાણે રજીસ્ટરમાં લખવાનું કહે તે મુજબ તે લખતા અને તે મુજબ તેમણે એન્ટ્રી નં.(૧) થી (૬) લખેલી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે સાચી વાત છુપાવીને ખોટા જવાબો આપી રહયા છે. તેમજ સદર ની.૬૧૭/૧ વાળા એન્ટ્રી રજીસ્ટરને આંક–૬૧૮ આપવામાં આવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમે તમારી સરતપાસના પાના નં.૪ ઉપર '' કંટ્રોલ ઈન્ચાર્જ બબાભાઇ સવાભાઈનો સવારે ૬.૦૦ વાગે ફોન આવેલ કે, કોઇ અફીણ બાબતે એસ.પી.

સાહેબ જોડે વાત કરવી છે તેથી ફોન કર્યો છે. જેથી તેમણે રીંગ મારીને બબાભાઇ જોડેથી સાહેબ જોડે વાત કરેલી પછી સાહેબે એવી વાત કરી કે એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબને આ બાબતની ખબર છે, જેથી કંટ્રોલ ઈન્ચાર્જને જાણ કર કે વ્યાસ સાહેબને આ બાબતની તપાસ કરવા જાણ કરે. પછી તેમણે કંટ્રોલમાં તેવી જાણ કરેલ અને ફોન કાપી નાખેલ.'' તેવું જે જણાવેલ છે તેવા કથનો શ્રી ધગલ સાહેબ સમક્ષ તા.૧૪/૮/૯૬ના રોજના નિવેદનમાં તેમણે જણાવેલા નથી. તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''શ્રી ધગલ સાહેબે માત્ર મારી સહી કરાવેલી શુ લખેલું તે મને જણાવેલુ કે બતાવેલુ નહી.'' તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ''ધગલ સાહેબે મને જે પુછયું તે મેં કહેલું અને મારા કહેવા પ્રમાણે તેઓએ શબ્દશહ લખી લીધેલ.'' તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે ખોટી રીતે ઈન્કાર કરે છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમને ધગલ સાહેબ રુબરુના નિવેદન તરફે ઘ્યાન દોરી એવુ જણાવવામાં આવે છે કે તેમાં તમે એવું લખાવેલ કે '' તે દિવસે સવારમાં પોલીસ કંટ્રોલ રુમના ઈન્ચાર્જ હે.કો. બબાભાઈનો ડીએસપી સાહેબના બંગલે ફોન આવેલો તેમણે ડીએસપી સાહેબને આપવા કહેલ મેં તેમને ડીએસપી સાહેબ સુતા હોઈ તેઓ સાહેબ સુતા છે તેમ જણાવેલ'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મે ધગલ સાહેબને કશુ લખાવેલ નથી. મારી માત્ર સહી કરાવેલી. મને કંઈ વંચાવેલ નહી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ગાંધીનગરના મેજી.સાહેબ રુબરુ તેમણે સ્વેચ્છાથી કોઈ નિવેદન લખાવેલ નથી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સીઆઈડી ક્રાઈમના અધિકારીઓના સમજાવ્યા મુજબ તેમણે આ કેસને અનુરુપ તેમની મરજી વિરુઘ્ધ ખોટુ નિવેદન લખાવેલ છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે સાચી હકીકતો છુપાવી હાલના

કેસને અનુરુપ ખોટી જુબાની આપેલ છે અને ઉલટ તપાસમાં સાચા જવાબો આપવાનું ઈરાદા પુર્વક ટાળેલ છે. ત્યારબાદ સદર સાહેદની ફરીયાદપક્ષે વિ.સ્પે.પી.પી.શ્રી એ.એમ.પટેલ ધ્વારા લીધેલ સરતપાસમાં તેમને માર્ક–૩૮૮/૯ વાળા કવરની સાથેનું સાયબાભાઈ નાથાભાઈ ગમારના નામનું અસલ મેજી. રુબરુનું નિવેદન બતાવતા જેના દરેક પાના ઉપર તેમની સહી હોવાનુ જણાવી તે ઓળખી બતાવેલ છે જે સોગંદ આપીને લેવામાં આવેલ તેમનુ નીવેદન હોવાનુ જણાવી ની.૩૮૮/૯ને આંક–૬૧૯ આપવામાં આવેલ છે. ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી તુંવરનાઓ ધ્વારા લીધેલ ઉલટતપાસમાં તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સીઆઈડી ક્રાઈમના અધિકારી તેમજ પોલીસ કર્મચારીઓના સમજાવ્યા મુજબ તેમની ઈચ્છા વિરુધ્ધ સદર નિવેદન લખાવેલ હતુ.

(કે) **આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૧) તરીકે આંક–૩૯૧થી સાહેદ વાસુદેવભાઈ ભલાભાઈ ભરવાડ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** હાલમાં તેઓ નાયબ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાત તરીકે રાજ્ય સરકારની ગાંધીનગર ખાતે આવેલ કચેરી ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સમાં ફરજ બજાવે છે. તેઓ તા.૨/૨/૧૯૯૦ના રોજ તે સમયે અમદાવાદ ખાતે આવેલી કચેરી હેન્ડ રાઈટીંગ એન્ડ ફોટોગ્રાફીક બ્યુરોમાં મદદનીશ હસ્તાક્ષર નિષ્ણાત તરીકે જોડાયેલ અને તા.૧૯/૧૧/૧૯૯૦ થી તા.૧૮/૫/૧૯૯૨ સુધી નવી દીલ્હી ખાતેની નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ક્રીમીનોલોજી એન્ડ ફોરેન્સીક સાયન્સમાં હસ્તાક્ષરોની ઓળખ અને તેને લગતા વિષયો બાબતેની દોઢ વર્ષની તાલીમ સફળતાપુર્વક પુર્ણ કરેલ. ત્યારબાદ અમદાવાદ ખાતેની કચેરીમાં આવતા દસ્તાવેજોના પરિક્ષણ કરવાની

અને તે ઉપર અભિપ્રાય આપવાની તાલીમ મેળવીને તેમણે તેમને સોંપવામાં આવતા કેસોના દસ્તાવેજોનું પરિક્ષણ કરી અભિપ્રાય આપવાનુ શરૂ કરેલુ અને આજસુધીમાં તેમણે ઘણી સંખ્યામાં દસ્તાવેજોનુ પરિક્ષણ કરી તે ઉપર અભિપ્રાય આપેલ છે અને નામ. અદાલતોમાથી તેમને સમન્સ મળેથી તે માટે જુબાનીઓ પણ આપેલી છે. તેમને આજદિન સુધી પાલનપુર શહેર પો.સ્ટે. ગુ.રજી નં.૨૧૬/૯૬ના કામે તપાસણી અર્થે બે જુદા-જુદા ફોરવર્ડીંગ પત્રોમાં જણાવેલ દસ્તાવેજો સાથે તપાસ અર્થે મળેલા. જેમાં તા.૨૧/૫/૯૬ના રોજ જિલ્લા પોલીસ અધિકારી બનાસકાંઠા વતી ડી.વાય.એસ.પી. નાઓએ મોકલેલ રવાનગી પત્ર સાથે જાવકનં.૭/૯૬, તા.૮/૫/૯૬નો પોલીસ ઈન્સ્પે. એલ.સી.બી. પાલનપુરનાઓના પ્રશ્નોત્તરી પ્રમાણે તપાસણી કરી અભિપ્રાય આપવા અંગેનો વિનંતી રિપોર્ટ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાત તરફ જે મોકલવામાં આવેલ અને તે પત્ર તેઓએ તેમની તરફ મોકલી આપેલ. જે પત્રો સાથે ચેકલીસ્ટ તથા ફોર્વર્ડીંગ પત્રમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો સામેલ હતા. તેઓ આજરોજ તેમની સાથે લાવેલ ફાઈલમાંથી તેમને મળેલ. તેમણે ઉપર જણાવેલ ફોર્વર્ડીંગ પત્રો તથા તેની સાથેનુ ચેકલીસ્ટ રજુ કરેલ છે. જે અસલ તેમને મળેલ તેજ હોવાનુ જણાવેલ છે. તેમને આંક-૨૯૬ બતાવતા જેમાં પોલીસ ઈન્સ.એલ.સી.બી., પાલનપુરનાઓનો ફોર્વર્ડીંગ પત્ર તથા ચેકલીસ્ટ હોવાનુ જણાવી જેની અસલ તેમને મળેલી. તે ત મામ કુલ પાના પાંચ તેઓ રજુ કરે છે. જે રજુ અસલ પાંચ પાનાને સંયુકત પણે આંક-૩૯૨ આપવામાં આવેલ છે. તેમજ તેમનને તપાસણી અર્થે જે દસ્તાવેજો મળેલા તેમાં એક હોટલ રજીસ્ટર હતુ જેમાં પેજ નં.૧૮ ઉપર સીરીયલ નં.૬૪૦ની લાઈનમાં અંગ્રેજીમાં સહી કરેલી

હતી જેને તકરારી સહી તરીકે માર્ક–(એ) આપેલ હતા. તેની સાથે સરખામણી અર્થે જે દસ્તાવેજો મળેલા તેમાં કુલ–૨૪ કાગળો હતા જેમાં અલગ અલગ પ્રકારે સહીઓ કરેલી હતી તેઓને કુલ ચાર વિભાગમાં વહેચેલ હતા અને તે દસ્તાવેજોને અનુક્રમે B, B–1 થી B–35, C, C–1 થી C–35, D, D–1 થી D–35, E, E–1 થી E–35 સુધીના માર્ક આપેલા હતા. આ તમામ દસ્તાવેજોને તેમણે શરૂઆતમાં પ્રાથમિક પરિક્ષણ કરેલુ અને તે તમામ દસ્તાવેજોને તેમણે તેમની કચેરીનો કેસ ક્રમાંક AB–110/96 દરેક ઉપર નોંધી અને તે દરેકને ત.ક.અમલદાર તરફથી જે માર્ક આપેલા હતા તે જ માર્ક તેમણે પણ આપેલા અને તે તમામ દસ્તાવેજો ઉપર તેમણે તેમની ટુંકી સહી કરેલી. આ તમામ દસ્તાવેજોને તેમણે તેમની પાસેના ઉપલબ્ધ વૈજ્ઞાનિક સાધનોની મદદથી ગહન પરિક્ષણ કરેલુ અને તકરારી દસ્તાવેજ તથા સરખામણી માટે આવેલા નમુનાના દસ્તાવેજોમાની સહીઓ વચ્ચે જોવા મળેલ સામ્યતાઓ તથા તફાવતોનું ઝીણવટ પુર્વક અવલોકન કરેલુ અને તેની તેમણે નોંધ કરેલી. ત્યારબાદ આ તમામ દસ્તાવેજોનુ તેમની સુચનાથી તેમની કચેરીમાં રહેલા ફોટોગ્રાફી વિભાગમાં સદર દસ્તાવેજોની ફોટોગ્રાફી કરાવેલી. આ ફોટોગ્રાફી દસ્તાવેજોના રેકર્ડ પર્પઝ માટે કરાવેલી. તેમજ તેમણે નોંધેલા અવલોકનના આધારે તેમણે તેમનો  અભિપ્રાય તૈયાર કરેલો. તેમણે કરેલા અવલોકન બાદ તેઓ અભિપ્રાય ઉપર આવેલા જે મુજબ ..."લાલ ઘેરાવામાં રહેલ તકરારી સહી માર્ક " A" ની નમુનાની સહીઓ માર્ક– B, B–1 થી B–35, C, C–1 થી C–35, D, D–1 થી D–35 , E અને E–1 થી E–35 ની સાથે સરખામણી કરતાં  કોઈ ચોક્કસ અભિપ્રાય આપી શકાયેલ નથી. "તેમજ તેઓ જે અભિપ્રાય ઉપર આવેલ તેના અવલોકનોની નોંધ કારણો સ્વરુપે  તેમણે ટાઈપ કરીને આ

સાથે લાવેલ છે. વધુમાં તેમણે જે અવલોકનોની નોંધ તૈયાર કરેલી જે તેમના સ્વહસ્તાક્ષરમાં છે તે તેઓઓ તેમની ફાઈલમાં લાવેલ છે, તે અસલ તેઓ રજુ કરતા હોઈ તેને આંક–૩૯૩ આપવામાં આવેલ છે. તેમનો અભિપ્રાય આપવા માટે તેમણે જે અવલોકનોની નોંધ તૈયાર કરેલી હતી તેના ઉપરથી તેમણે વ્યવસ્થિત રીતે વાંચી શકાય તે માટે તેમણે તેમની જાતે ટાઈપ કરીને કારણો સ્વરુપે તૈયાર કરેલ તે તેમણે રજુ કરતા તેમાં તેમણે કરેલ સહી ઓળખી બતાવતા જે આંક–૩૯૪થી રજુ થયેલ છે. તેમજ તેમને આંક–૩૦૦ વાળી સીરીયલ નં.૬૪૦ વાળી એન્ટ્રીના બન્ને પાના બતાવતા જેમાં પાના નં. ૧૮ જે પ્રિન્ટ કરેલ છે તે પાના ઉપર ૧૩ નંબરના કોલમમાંની પાંચમાં ક્રમાંકની સહી અસલ સ્વરુપે તેમણે તપાસેલ. તેનો તેમણે તેમની સુચના મુજબ તેમની કચેરીમાંના ફોટોગ્રાફી વિભાગમાં ફોટોગ્રાફી કરાવેલ અને તેની પ્રિન્ટ તેમણે મેળવેલ તે માર્ક (એ) વાળી સહીનો ફોટોગ્રાફ તેઓ તેમના રેકર્ડમાંથી સાથે લાવી રજુ કરતા જેને આંક–૩૯૫ આપવામાં આવેલ છે. જેની નેગેટીવ તેમની ફાઈલમાં છે તે નેગેટીવ તેઓ તેમની પાસે રેકર્ડ હેતુ માટે રાખે છે. જે પણ તેઓ સાથે લાવેલ છે. તેમની પાસેની નેગેટીવમાં આ સિવાય અન્ય પણ ફોટાની નેગેટીવ છે. જેમાંની પ્રથમ બે નેગેટીવ એક્સપોઝર તકરારી સહી માર્ક (એ)ના લીધેલા છે તેજ છે. જે નેગેટીવ આખા રોલ સહીત રજુ જેને આંક–૩૯૬ આપવામાં આવેલ છે. તેમજ તેમને આંક–૧૭૩ થી આંક–૧૯૬ વાળા કુલ–ચોવીસ દસ્તાવેજો બતાવતા જેમાં દરેક પાના ઉપર તે દસ્તાવેજનો માર્ક તથા તેમની કચેરીનો કેસ ક્રમાંક AB110/96 જે લખેલ છે તે તેમના હસ્તાક્ષરમાં છે તથા તે તમામ ઉપર તેમની ટુંકી સહી છે. જે તેમના હસ્તાક્ષરો તથા તેમની સહી તેઓ ઓળખી બતાવે છે. તેમને નિશાની–૨૫/૨૬ વાળો

દસ્તાવેજ બતાવતા તે તેમણે AB110/96 માં આપેલ તેમનો અભિપ્રાય હોવાનુ જણાવી તેમાં તેમણે કરેલ સહી ઓળખી બતાવેલ છે. ની.૨૫/૨૬ વાળા અભિપ્રાયને આંક–૩૯૭ આપવામાં આવેલ છે. વધુમાં પોલીસ અધિક્ષક (વહીવટ) સી.આઈ. ડી.ક્રાઈમ ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.૨૯/૧૦/૧૮ના પત્ર ક્રમાંક CID/SP(વ)/પ્રો.૨૧૬–૯૬/૧૭૦/૧૮ના ફોર્વર્ડીંગ પત્ર તેમની કચેરીમાં તપાસણી અર્થે મોકલવામાં આવેલ જે રવાનગી પત્રની સાથે હસ્તાક્ષર ચકાસણી કરી યોગ્ય અભિપ્રાય આપવા બાબતનો પ્રશ્નોત્તરી સહીતનો અન્ય પત્ર સામેલ હતો. જેની સાથે પોલીસ અધિક્ષક વહીવટ વિરેન્દ્ર યાદવનુ પ્રમાણપત્ર તથા ચેકલીસ્ટ પણ સામેલ હતુ. આ રવાનગી પત્ર તથા તેની સાથેના જણાવેલ પત્ર અને ચેકલીસ્ટની સાથે પત્રમાં જણાવ્યા મુજબના તકરારી દસ્તાવેજ, નમુનાના દસ્તાવેજ તથા કુદરતી દસ્તાવેજો સામેલ હતા. તેમને આ તમામ પત્રો તથા તેની સાથેના દસ્તાવેજો મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાત શ્રી દ્વારા તપાસણી અર્થે  સોંપવામાં આવેલા. તેમને તપાસણી અર્થે દસ્તાવેજો સોપવામાં આવેલા તેમાં ગુજરાતીમાં લખાણ લખેલ હતુ તેવો એક કાગળ જેના ઉપર મથાળે ટેલિફોન વર્ધી લખેલ હતુ તથા નીચેના ડાબી બાજુના ભાગે તારીખ  તથા જમણી બાજુના ભાગે અંગ્રેજીમાં સહી તથા તેની નીચે ગુજરાતીમાં લખાણ હતુ જે તકરારી દસ્તાવેજ તરીકે તપાસણી અર્થે આવેલુ. જેમાં ઉપરના ગુજરાતી લખાણવાળા ભાગને માર્ક–D.1–1, સહીને D.1–2, સહીની નીચેના લખાણને D.1–3 અને તારીખવાળા લખાણને D.1–4 આપેલા હતા. આ માર્ક ત.ક.શ્રી દ્વારા લખીને મોકલવામાં આવેલા હતા. જે તેમને મળતા તેમણે ઉપરના ગુજરાતી લખાણ વાળા ભાગ માર્ક–D.1–1 વાળાને D.1, સહી D.1–2 વાળાને D.2 તથા સહીની નીચેના લખાણ D.1–3 વાળાને D.3 આપેલ અને તારીખવાળા લખાણ D.1–4 વાળાને D.4 માર્ક આપેલા તથા તેની સાથે તેમણે તેમની કચેરીનો કેસ ક્રમાંક AB–500/18

આપેલો અને તે દસ્તાવેજ ઉપર તેમણે તેમની ટુંકી સહી કરેલી. તેમને આંક–૨૪૬ વાળો દસ્તાવેજ બતાવતા આ તેજ દસ્તાવેજ છે જેને તકરારી તરીકે તેમ ને અભિપ્રાય અર્થે મોકલવામાં આવેલ જેમા તેમણે ઉપર જણાવ્યા મુજબના જે માર્ક આપેલ તે તથા કેસ નંબરવાળા તેમના હસ્તાક્ષર તેઓ ઓળખી બતાવે છે અને તેમાં તેમણે તેમની કરેલ ટુંકી સહી પણ ઓળખી બતાવેલ છે. તેમને જે ફોર્વર્ડીંગ પત્રો સાથે દસ્તાવેજો અભિપ્રાય માટે મોકલવામાં આવેલ તે ફોર્વર્ડીંગ પત્રો તથા તે સાથેનુ ચેકલીસ્ટ તેઓ તેમની ફાઈલમાંથી રજુ કરતા હોઈ જે ફોર્વર્ડીંગ પત્રમાં તેમની તરફ મોકલવા બાબતેનો એ સમયના તેમના ડીવીજન હેડ શ્રી બી.એસ.શાહનો શેરો હોવાનો અને તેમની સહી હોવાનુ જણાવી તેમણે ઓળખી બતાવેલ છે તથા તે ફોર્વર્ડીંગ પત્રમાં પોલીસ અધિક્ષક વહીવટની સહી હોવાનુ જણાવી તથા તેની સાથેના પ્રશ્નોત્તરીવાળા પત્રમાં તથા તેની સાથેના પ્રમાણપત્રમાં તેમજ તેની સાથેના ચેકલીસ્ટમાં પણ પોલીસ અધિક્ષક વહીવટ સી.આઈ.ડી. ક્રાઈમ વિરેન્દ્ર યાદવની સહીઓ હોવાનુ જણાવી જેને આં ક–૩૯૮ આપવામાં આવેલ છે. તકરારી દસ્તાવેજના પરિક્ષણ માટે જરૂરી એવા નમુનાના દસ્તાવેજો આ ઉપર જણાવેલ પત્રો સાથે મળેલા તેમાં ત.ક.શ્રી દ્વારા S 1–1 થી S 1–8 વાળા દસ્તાવેજો કે જેમાં તકરારી દસ્તાવેજના પ્રકારના લખાણની જેમ (લાઈક વાઈઝ) નમુનાઓ, અંગ્રેજીમાં સહીઓના નમુના કે જેને S 1–9 થી S 1–44 કુલ–છ પાનામાં તથા લખાણ તથા સહીઓવાળા લાઈક વાઈઝ નમુનાના દસ્તાવેજો જેને S 1 –45 થી S 1–80 સુધીના માર્ક આપેલા હતા. આ તમામ દસ્તાવેજોનુ તેમણે પ્રાથમિક પરિક્ષણ કરી જે S 1–1 થી S 1–8 વાળા દસ્તાવેજ હતા તેને તેમણે ક્રમશઃ S 1 થી S 8 માર્ક આપેલા તથા અંગ્રેજીમાં સહીઓના નમુના કે જેને S 1–9 થી S 1–44 માર્ક આપેલા હતા તેને તેમણે ક્રમશ: S 9 થી S 44 માર્ક આપેલા અને લખાણ તથા

સહીઓવાળા લાઈક વાઈઝ નમુનાના દસ્તાવેજો જેને S 1 –45 થી S 1–80 સુધી આપેલા હતા તેને તેમણે ક્રમશઃ S 45 થી S 80 માર્ક આપેલા. આ તમામ દસ્તાવેજો ઉપર તેમણે આપેલા માર્કની સાથે તેમની કચેરીનો કેસ ક્રમાંક AB 500/ 18 પણ તેમણે લખેલો તથા તેની બાજુમા તેમની ટુંકી સહી કરેલી. તેમને આંક–૨૩૩ બતાવતા જેમાં તેમણે આપેલ માર્ક S 1 થી S 8 તથા S 9 થી S 44 વાળા દસ્તાવેજો છે જે માર્કનુ તથા તેની બાજુનુ કેસ નંબરનુ લખાણ તેમણે લખેલુ છે તથા તેમની ટુંકી હોવાનુ જણાવી તેમણે ઓળખી બતાવેલ છે. તેમને આંક–૨૨૪ તેમને બતાવતા જેમાં તેમણે આપેલ માર્ક S 45 થી S 80 વાળા દસ્તાવેજો હોવાનુ જણાવી જે માર્કનુ તથા તેની બાજુનુ કેસ નંબરનુ લખાણ તેમણે લખેલુ છે તથા તેમની ટુંકી સહી તેમણે ઓળખી બતાવેલ છે. તપાસણી અર્થે જે કુદરતી દસ્તાવેજો આવેલા તેમાંની સહીઓને ત.ક.શ્રી દ્ધારા N1–1 થી N1–5 માર્ક આપેલ હતા. આ માર્કને તેમણે ક્રમશઃ N1 થીN 5 માર્ક આપેલા તથા તેની સાથે તેમની કચેરીનો કેસ ક્રમાંક AB–500/ 18 નોંધી તેની બાજુમાં તેમણે તેમની ટુંકી સહી કરેલી. તેમને આંક–૨૨૫ વાળા દસ્તાવેજો બતાવેલ છે. તેમાં N1 થીN 5 માર્કનુ તથા તેની બાજુનુ કેસ નંબરનુ લખાણ તેમણે લખેલુ છે તથા તેમની ટુંકી સહી હોવાનુ જણાવી જે તેમણે ઓળખી બતાવેલ છે. ઉપર જણાવેલા આ તમામ દસ્તાવેજોને તેમણે તેમની પાસેના ઉપલબ્ધ વૈજ્ઞાનિક સાધનોની મદદથી ગહન અને તલસ્પર્શી પરિક્ષણ કરેલુ અને તકરારી દસ્તાવેજોમાંના લખાણ તથા સહી અને તેની સરખામણી અર્થે આવેલા નમુના તથા કુદરતી લખાણ અને સહીઓવાળા દસ્તાવેજો વચ્ચે જોવા મળેલ સામ્યતાઓ તેમજ તફાવતોનુ સઘન રીતે અવલોકન કરી તેની તેમણે નોંધ કરેલી. તેમણે કરેલ પરિક્ષણ અને તે આધારે નોધેલ અવલોકનો

ઉપરથી તેમણે તેમનો અભિપ્રાય તૈયાર કરેલો. ત્યારબાદ આ તમામ દસ્તાવેજો તે સમયના તેમના પેનલ એક્સપર્ટ શ્રી પી.કે.વસાવા, નાયબ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાતનાઓને પરિક્ષણ અર્થે સોંપેલા અને તેઓએ આ તમામ દસ્તાવેજોનુ પરિક્ષણ કરી તેમણે આપેલા અભિપ્રાય સાથે સહમત થયેલા અને તેમણે જે ફાઈનલ અભિપ્રાય તૈયાર કરેલો તેમાં તેમણે તથા તેમના તે સમયના પેનલ એક્સપર્ટ શ્રી પી.કે.વસાવાનાઓએ સહીઓ કરેલી. તેમણે તેમનો એવો અભિપ્ર ાય જણાવેલ છે કે, (૧) જે વ્યક્તિએ નમુના તથા કુદરતી લખાણ અને સહીઓ માર્ક S 1 થી S 80 અને N 1 થી N 5 લખેલ છે તે જ વ્યક્તિ દ્ધારા લાલ ઘેરાવામાં રહેલ તકરારી લખાણ અને સહી માર્ક D2 થી D 4 લખેલ છે. (૨) જે વ્યક્તિએ નમુના તથા કુદરતી લખાણ અને સહીઓ માર્ક S 1 થી S 80 અને N 1 થી N 5 લખેલ છે તે વ્યક્તિ દ્ધારા લાલ ઘેરાવામાં રહેલ તકરારી લખાણ માર્ક D1 લખેલુ નથી. તેમને આંક–૭૫ વાળા લીસ્ટના વધુ પુરાવા અસલ કાગળો અનુક્રમણીકા અનુક્રમ નંબર–૧૭ વાળો તેમનો અસલ અભિપ્રાય કે બે પાનાનો તેમને બતાવેલ છે. જેમાં તેમના અભિપ્રાયની નીચે તેમણે કરેલ સહી અને શ્રી પી.કે.વસાવાની સહી ઓળખી બતાવેલ છે. તેમાં લખેલી વિગત સાચી હોવાનુ જણાવી જેને આંક–૩૯૯ આપવામાં આવેલ છે. આ અભિપ્રાય સદર કેસમાં આવેલા તમામ દસ્તાવેજો સાથે પોલીસ અધિક્ષકશ્રી (વહીવટ) સી.આઈ.ડી. ક્રાઈમ, ગુજરાત રાજ્ય ગાંધીનગરને તેમની કચેરીના અધિક નિયામક અને નાયબ નિયામકની સહીવાળા તા.૧૮/૬/૧૯ના રવાનગી પત્રથી હેડ કોન્સ.રાજેશકુમાર મંગાભાઈ, સી.આઈ.સેલ. સી.આઈ.ડી.ક્રાઈમ ગુજરાત રાજ્ય ગાંધીનગર બકલ નં.૩૬૯ નાઓ દ્ધારા સીલ બંધ કવરમાં હાથોહાથ સોપીને મોકલી આપવામાં આવેલા. તેમણે તેમના અવલોકનોની જે નોધ તૈયાર કરેલી તેના ઉપરથી તેમણે અભિપ્રાય આપેલો, તે અવલોકનોની

નોધને તેમણે તેમની જાતે ટાઈપ કરેલ અને તે અવલોકનોની નોધ જે ટાઈપ કરેલ છે તે કુલ–ચાર પાનામાં હોવાનુ જણાવી તેમણે તેમની ફાઈલમાંથી રજુ કરતા અને જેના દરેક પાના ઉપર તેમની સહી હોવાનુ જણાવી અને જેના પ્રથમ ત્રણ પાનામાં તથા અંત ભાગે તેમણે કરેલ સહીઓ ઓળખી બતાવતા અને જેમાં લખેલી વાતો સાચી હોવાનુ જણાવતા તેને આંક–૪૦૦ આપવમાં આવેલ છે.

**સદર સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી બી.એ.તુંવર ઘ્વારા લીધેલ ઉલટતપાસમાં તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે,** આંક–૩૯૨ વાળો ફોર્વર્ડીંગ લેટર ડી.વાય.એસ.પી.શ્રી આઈ.ડી.માચવંશીની સહીથી આવેલો હતો. તે પત્ર સાથેના કાગળો જોડે ત્રણ સીલબંધ કવરો મેસેન્જર મારફત આવેલા. જે સીલવાળા ખાલી કવરો તેમની ફાઈલમાં સાથે લાવી રજુ કરતા અને તેને બચાવપક્ષની વિનંતીથી રેકર્ડ ઉપર લઈ આંકે પાડવાની રજુઆત થતા જેને ક્રમશ: આંક–૪૦૧થી ૪૦૩ આપવામાં આવેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૩૯૨ વાળા પત્રમાં બિડાણ લખીને ત્રણ સીલબંધ કવર PI LCB પાલનપુરનાઓની તેવુ લખેલુ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ ત્રણે કવરો મોકલનાર તરીકે from લખી પોલીસ ઈન્સ. લોકલ ક્રાઈમ બ્રાન્ચ પાલનપુર ડિસ્ટ્રિક્ટ બી.કે. ગુજરાત સ્ટેટના રબ્બર સ્ટેમ્પનો ઉદા(બ્લ્યુ) કલરનો સ્ટેમ્પ મારેલો છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સદર ત્રણે કવરો તેમની ઓફીસના ઈન્વર્ડ શાખામાં મળેલા છે. તેમ ને આંક–૪૦૧ વાળુ મોટુ ખાખી કવર બતાવતા એની પાછળના ભાગે કુલ–સાત લાખના સીલ હોવાનુ અને તેજ રીતે આંક–૪૦૨ તથા આંક–૪૦૩ વાળા સફેદ કલરના કવરની પાછળના ભાગે લાખના સાત–સાત સીલ હોવાનુ અને તે અને તે સીલ LCB ઓફીસ

પાલનપુરના હોવાનુ જણાવેલ છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૩૯૨માં માયાવંશી સાહેબની જે સહી હોવાનુ અને તેવી સહી મજકુર ત્રણે કવરો ઉપર મોકલનાર તરીકે જે સહી કરવામાં આવેલ તેવી સહી ન હોવાનુ જણાવેલ છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કવર ઉપર મોકલનાર તરીકે કોની સહીઓ છે તે તેઓ કહી શકે નહી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, **આંક–૪૦૧ થી આંક–૪૦૩** વાળા કવરો તથા તેની સાથેના દસ્તાવેજો મુખ્ય હસ્તાક્ષર નિષણાતની ઓફીસેથી તેમને મળ્યા તે વખતે મુખ્ય હસ્તાક્ષર નિષણાત દ્વારા તે કવર ખોલવામાં આવેલા હતા અને બાદમાં તેમાં રહેલા ડોક્યુમેન્ટો અંગે પરિક્ષણ કરવા સારુ તેમના તરફ મોકલી આપવામા આવેલ. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મુખ્ય હસ્તાક્ષર નિષણાત અને તેમની ચેમ્બર અલગ અલગ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કોઈપણ ટપાલ આવે તે પહેલા ડીસ્પેચ ટેબલ પર જાય. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મુખ્ય હસ્તાક્ષર નિષણાતની કચેરીમાં તેમના તાબાના કર્મચારીઓ હોય છે અને જે કાગળો આવેલા હોય તે સાહેબ પાસે રજુ કરે અને સાહેબની સુચના મુજબ આગળ જે તે વિભાગને મોકલી આપતા હોય છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, મુખ્ય હસ્તાક્ષર નિષણાતની કચેરીનો અને તેમની કચેરીનો આવક જાવક રજીસ્ટર અલગ અલગ હોય છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમની બન્ને ઓફીસમાં અલગ અલગ તેવા રજીસ્ટર નિભાવવામાં આવે છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મુખ્ય હસ્તાક્ષર નિષણાતની કચેરીમાં જે કંઈ ટપાલ આવે તે પહેલા તેમના રજીસ્ટરમાં ચઢાવવામાં આવે છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ૧૯૯૬ની સાલમાં મુખ્ય હસ્તાક્ષર નિષણાત તેઓ ન હતા. એ સમયે મુખ્ય હસ્તાક્ષર નિષણાત શ્રીના હાથ હેઠળ ફરજ બજાવતા

તેમના સિવાયના હસ્તાક્ષર નિષ્ણાતોમાં શ્રી એસ.કે.પ્રજાપતિ નાયબ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાત, શ્રી જે.જે.પટેલ આસીસ્ટન્ટ એક્ઝામીનર, શ્રી આર.એન. ગુણા આસીસ્ટન્ટ એક્ઝામીનર ત્યારબાદ શ્રી એમ.એમ.તાહીલીયાણી આસીસ્ટન્ટ એક્ઝામીનર, શ્રી કે.પી.વ્યાસ આસીસ્ટન્ટ એક્ઝામીનર, શ્રી ડી. એમ.પટેલ, આસીસ્ટન્ટ એક્ઝામીનર, શ્રી એચ.એમ.બોઘાણી આસીસ્ટન્ટ એક્ઝામીનર, શ્રી બી.એસ.શાહ આસીસ્ટન્ટ એક્ઝામીનર અને શ્રી પી.કે. વસાવા, આસીસ્ટન્ટ એક્ઝામીનર હતા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાત તેમને મળેલા અભિપ્રાય માટેના કાગળો જુદા જુદા આસીસ્ટન્ટ એક્ઝામીનરને મોકલી આપવા નોંધ કરતા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે નોધના આધારે તેમની ઓફીસનો સ્ટાફ ટપાલબુક સાથે જે તે એક્ઝામીનરને તે દસ્તાવેજો મોકલી આપતા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમની સહી તે જે–તે આસીસ્ટન્ટ એક્ઝામીનરની ઓફીસમાં આવા દસ્તાવેજો આવે ત્યારે સંબંધિત કર્મચારી તે મળ્યા અંગેની નોધ કરી દસ્તાવેજો ચેક કરે રજીસ્ટરમાં નોધી તેમની તરફ મોકલી આપતા. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આંક–૩૯૨ વાળા દસ્તાવેજો ઉપર તેમની ઓફીસનો ક્રમાંક લખેલો નથી. તે નંબર AB 110/96 છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મજકુર AB 110/96 તેમની ઓફીસમાં ડોક્યુમેન્ટ મોકલવામાં આવ્યા તેનો આવક નંબર નથી. મજકુર AB 110/96 વાળો નંબર એ તેમની કચેરીમાં તપાસણી માટે જે દસ્તાવેજો આવે છે તેના જે કેસનુ રજીસ્ટ્રેશન થાય છે તેનો આ નંબર છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે નંબરવાળી કેસની ફાઈલ બને છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમની કચેરીનો આવક ક્રમાંક નંબર તેમા લખેલો નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાતની કચેરીમાંથી તેમ ને જે દસ્તાવેજો તપાસણી માટે મોકલવામાં આવ્યા

તે અંગે કોઈ અલગથી ફોર્વર્ડીંગ લેટર સાથે મોકલવામાં આવેલ ન હતા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમ ને ડોક્યુમેન્ટસ મળ્યા તે પહેલા તે કવરોના સીલ કોણે ખોલ્યા તેની તેમ ને જાત માહીતી નથી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમને મળેલ ફોર્વર્ડીંગ લેટર **આંક–૩૯૨** સાથે એક લીસ્ટ સિવાય બીજા કોઈ દસ્તાવેજો મળેલા ન હતા. ચેકલીસ્ટ સીલબંધ કવરમાં હતુ કે કેમ ? તે તેઓ કહી શકે નહી. તેમને ચેકલીસ્ટ સાથે જે દસ્તાવેજો મળેલા હતા તેમાં તકરારી દસ્તાવેજ તરીકે એક હોટલ રજીસ્ટર હતુ અને નમુનાના દસ્તાવેજો તરીકે કુલ–૨૪ દસ્તાવેજો હતા. જે અલગ અલગ કવરમાં હતા અને તે કવરો આંક–૪૦૧થી ૪૦૩ હોવાનુ જણાવેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૪૦૧ વાળા કવરમાં અસલ હોટલ રજીસ્ટર હતુ. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમ ને બતાવવામાં આવેલ આંક–૩૦૦ કે જે હોટલ રજીસ્ટરની ઝે. નકલ છે તેમાં અનુક્રમ નં.૬૪૦ની કોલમ નં.(૧)થી (૧૪) સુધીની તમામ એન્ટ્રીઓ બતાવ તા તેમાં અનુક્રમ નં.૬૪૦ વાળી એન્ટ્રીના તમામ કોલમની વિગત જોઈને તેઓ જણાવે છે કે, કોલમ નં.૧૩માં દેખાતી સહી સહીતના કોઈપણ લખાણ ઉપર બ્લ્યુ કે લાલ પેન્સિલથી રાઉન્ડ કરેલુ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તકરારી દસ્તાવેજ ઉપર લાલ પેન્સિલથી રાઉન્ડ કરવુ ફરજિયાત છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, હસ્તાક્ષર નિષ્ણાતના અભિપ્રાય માટે તકરારી દસ્તાવેજ તરીકે અભિપ્રાય માંગેલો તે કોલમ નં.૧૩માંની સહી બાબતે હતો. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેની ઉપર માર્ક આપવો પડે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કોલમનં.૧૩માં દેખાતી સહી ઉપર કોઈ માર્ક આપેલાનુ જણાતુ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ૩૯૫ વાળા ફોટોગ્રાફમાં સહીની નીચે અંગ્રેજીમાં A લખેલુ છે. તેમણે

એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સહી ઉપર ચોરસ રાઉન્ડ કરેલ છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સામાન્ય રીતે જે રાઉન્ડ કરવામાં આવે તે ગોળ અથવા લંબગોળ રાઉન્ડ જ કરવામાં આવે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ચેકલીસ્ટના કોલમ નં.૧માં લંબગોળ તેવુ લખેલુ છે જેથી તે ખોટી રીતે ઈન્કાર કરે છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ચેકલીસ્ટના કોલમ નં.૧ના ત્રીજા કોલમમાનુ લખાણમાં "હા . લાલ પેન્સિલથી ગોળ કુંડાળુ કરેલ છે.", એવુ પ્રાથમિક લખાણ છે અને (લંબ(ચોરસ)એ નાના અક્ષરે બ્રેકેટમાં લખાયેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ચેકલીસ્ટમાં "તકરારી ભાગ લખાણ કે સર્ટી. જે તપાસવાનુ છે તેની આસપાસ લાલ કે ભુરી પેન્સિલથી ગોળ કુંડાળુ કરેલ છે કે નહી. મુંબઈ પોલીસ મેન્યુઅલ ભાગ-૩ નિયમ-૬૫:૫:૬૧ ઉ" હોવાનુ લખેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૭૫ના નિયમોમાં નિયમ નં.૧૬૭ હસ્તાક્ષર દસ્તાવેજના પરિક્ષણ માટેની ગાઈડ લાઈન આપવામાં આવેલી છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મજકુર ગાઈડ લાઈન પ્રમાણે તકરારી લખાણ કે સહીની ફરતે રાઉન્ડ કરવુ તેવી જોગવાઈ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક-૩૯૨ના ફોર્વર્ડીંગ પત્રમાં બિડાણમાં ત્રણ સીલબંધ કવર નો ઉલ્લેખ છે પરંતુ તે પત્ર સાથેના તા.૮/૫/૯૬ના ફોર્વર્ડીંગ પત્ર તથા ચેકલીસ્ટમાં કોઈ બિડાણ સાથે હોવાનો ઉલ્લેખ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પંચનામાની નકલ મોકલી હોય તેવો કોઈ કાગળમાં ઉલ્લેખ નથી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમને પરિક્ષણ માટે ડોક્યુમેન્ટ મોકલવામાં આવે તે વખતે પંચનામુ સાથે હોવુ જરૂરી છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ઉપરોક્ત ઉલ્લેખ કરેલ પોલીસ મેન્યુઅલમાં પંચનામુ મોકલવુ જોઈએ તેવી જોગવાઈ કરેલ છે. હાલ

તેમને યાદ નથી કે, સદર પોલીસ મેન્યુઅલમાં એવી જોગવાઈ છે કે. તકરારી દસ્તાવેજ અગર તકરારી સહી અગર તકરારી તારીખના હસ્તાક્ષર વિગેરેનો અભિપ્રાય માંગવાના પત્રમાં કેસની વિગતો નહી દર્શાવવી તેવી જોગવાઈ છે. તેમણે આંક–૩૯૨ના પાંચેય કાગળો તેમણે વાંચેલા છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમાં આ કેસની પૂરી વિગતો દર્શાવેલી છે. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, તે વંચાણે લેતા અભિપ્રાય અધિકારીને પ્રેજ્યુડાઈસ થાય તેવુ લખાણ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આર્ટીકલ નં.૧નુ કવર તથા આર્ટીકલ નં.૨નુ કવર તથા આર્ટીકલ નં.૩નુ કવરના જે ઉલ્લેખ છે તેમાં મજકુર કવરો ઉપર કુલ કેટલા સીલ અને કઈ કઈ જગ્યાઓ ઉપર મારવામાં આવેલા છે તેનુ વિવરણ કરવામાં આવેલુ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૩૯૨ના કાગળોમાં ત.ક.શ્રી એ કઈ તારીખે પંચનામુ કરી ડોક્યુમેન્ટ કબજે લીધેલા તેવુ તેમાં લખેલુ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમાં સીલ કઈ તારીખે કર્યા તેવુ પણ લખેલુ નથી. તેમજ તેમને પુછેલ સવાલ કે, '' તકરારી દસ્તાવેજના ચોક્કસ અભિપ્રાય ઉપર આવવા માટે તકરારી દસ્તાવેજ સાથે નમુનાના લખાણ તથા સહીના દસ્તાવેજો તેમજ કુદરતી લખાણ તથા સહીના દસ્તાવેજો પણ મેળવીને મોકલવા જરૂરી છે?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મેળવીને મોકલવા જરૂરી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે દરેક કેસમાં તકરારી લખાણ કે સહીના પરિક્ષણ માટે ચોક્કસ અભિપ્રાય આપવા માટે નમુનાના લખાણ તથા સહીઓના દસ્તાવેજો તેમજ કુદરતી લખાણ તથા સહીના દસ્તાવેજો હોવા જ જોઈએ તેવું જરૂરી નથી.'' તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, નમુનાના હસ્તાક્ષર અગર સહી તેમજ કુદરતી લખાણ તથા સહી સિવાય અભિપ્રાય આપવો શક્ય નથી. તેમજ

તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૩૯૨ના ચેકલીસ્ટના પ્રથમ પાના ક્રમાંક–૪ અને ૫માં સવાલના જવાબમાં એવુ લખેલુ છે કે કુદરતી લખાણ મળેલ નથી એવો ઉલ્લેખ કરેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, નિયમોમાં જોગવાઈ છે એટલા માટે ચેકલીસ્ટમાં તેવો ઉલ્લેખ કરેલો છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ઉપરોક્ત નિયમોમાં જોગવાઈ છે કે તેવા દસ્તાવેજો મોકલવા જોઈએ. વધુમાં સાહેદે જણાવેલ છે કે, નિયમોની જોગવાઈ મુજબ એડવાઈઝેબલ છે. એટલે કે ફરજિયાત મોકલવા તેવા નિયમો નથી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, કુદરતી સહીના નમુના આ કિસ્સામાં મોકલવામાં આવેલ ન હતા જેથી તેઓ ઉપરોકત ખોટા ખુલાસા કરે છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૩૯૨ અન્વયે ત.ક.શ્રી દ્વારા મોકલવામાં આવેલ રિપોર્ટમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે વ્યક્તિના રોજિંદા વપરાશમાં વપરાતી સહીના નમુના મેળવીને લીધેલાનો ઉલ્લેખ છે અને મોકલેલાનો ઉલ્લેખ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''લાજવંતી હોટલના રજીસ્ટરના તકરારી દસ્તાવેજ પ્રમાણેના સુમેરસિંહના જમણા તથા ડાબા હાથના છ–છ કાગળોમાં કુલ–છત્રીસ–છત્રીસ સહીઓના નમુના તેમજ સુમેરસિંહના લાજવંતી હોટલના રજીસ્ટરે તકરારી સહી અંગે તેમના જમણા તથા ડાબા હાથેથી લખેલ છત્રીસ–છત્રીસ સહીના નમુના કોરા કાગળો ઉપર એક જ ફોર્મેટમાં લઈ મોકલવામાં આવેલ હતા ?'' તેમજ તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''લાજવંતી હોટલના રજીસ્ટરમાની તકરારી સહી પ્રમાણેના ત.ક.શ્રીના રિપોર્ટમાં જણાવ્યા મુજબ સુમેરસિંહના જમણા તથા ડાબા હાથે લખાયેલા હોય તેવા લાઈક વાઈઝ એટલે કે તે પ્રમાણેના છ–છ કોરા કાગળો ઉપર છત્રીસ–છત્રીસ સહીઓના નમુનાઓ અનુક્રમે મેળવીને તે ઉપર બે પંચોની તથા ત.ક.શ્રી પોલીસ ઈન્સ.એલ.સી.બી.પાલનપુરની અને આ દરેક કાગળો ઉપર ઉપરના મથાળે સુમેરસિંહ સ/ઓ ચિમનસિંહ રાજપુરોહીત, રહે.

પાલી(રાજ.)ની સહીનો નમુનો (તકરારી દસ્તાવેજ પ્રમાણેનો) (હોટલ લાજવંતીના રજિસ્ટર પ્રમાણે જમણા હાથેથી તેમજ (ડાબા હાથે) મથાળુ બાંધીને તેઓને એટલેકે આ નમુનાના સહીઓવાળા દસ્તાવેજોને માર્ક આપીને મોકલી આપેલા. જેમાં માર્ક B, B1 થી B 35 અને C, C 1 થી C 35 ક્રમશઃ માર્ક આપેલા. અને આ સિવાયના અન્ય સહીના નમૂના આવેલા તેમાં કોરા કાગળો ઉપર સહીઓના નમુના લીધેલા હતા જેમાં ઉપરના મથાળે સુમેરસિહ સ/ઓ ચિમનસિંહ રાજપુરોહીત, રહે.પાલી (રાજસ્થાન)ની સહીનો નમુનો (જમણા હાથેથી) અને તે રીતે અન્ય છ કાગળો ઉપર ઉપર પ્રમાણેનુ મથાળુ જેમાં (ડાબા હાથેથી) લખેલ હતુ. નમુનાની સહીઓ નીચે તારીખ તેમજ બે સાક્ષીઓની અને ત.ક.શ્રી પોલીસ ઈન્સ.એલ.સી.બી. પાલનપુરનાઓની સહીઓ હતી. આ જે કુલ છત્રીસ-છત્રીસ સહીઓના નમુનાઓ હતા તે તકરારી સહી પ્રમાણેના લાઈક વાઈઝ સહીઓના નમુના ન હતા.'' તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ ઉપરોક્ત જવાબ આંક-૧૭૩થી આંક-૧૯૬ના દસ્તાવેજો જોઈને આપેલ હોવાનુ જણાવેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ સહીના નમુના આંક-૩૦૦ વાળા રજીસ્ટરના કાગળ જેવા કાગળ ઉપર લેવાયેલ નથી એટલે કે આડી-ઊભી લાઈનોવાળા કાગળ ઉપર લેવાયેલ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પોલીસ મેન્યુઅલ મુજબ તકરારી દસ્તાવેજ જેવો જ કાગળ સહીના નમુના માટે વાપરવો જોઈએ. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૭૫ ભાગ-૩ના નિયમ-૧૬૭વાળા નિયમમા તકરારી દસ્તાવેજો એફ.એસ.એલ.માં મોકલવા માટે શુ પ્રોસેસ કરવી જોઈએ તે અંગેની પોલીસ તપાસની ગાઈડ લાઈન તેમાં આપવામાં આવેલી છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ નિયમ-૧૬૭ વાળી ગાઈડ લાઈન તેમના વિભાગમાં પણ પ્રોવાઈડ કરવામાં આવેલી છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમણે તે વાંચેલી છે. તેમને એવી કોઈ

જાણકારી નથી કે બોમ્બે પોલીસ મેન્યુઅલ ભાગ–૩માં પણ તેવી જ જોગવાઈ રૂલ–૧૬૫માં કરવામાં આવેલી છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ જાણતા હોવાછતાં ખોટી રીતે તેઓ ઈન્કાર કરે છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૩૯૨ અન્વયે ચેકલીસ્ટમાં બોમ્બે પોલીસ મેન્યુઅલની મજકુર જોગવાઈનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સામાન્ય રીતે મજકુર જોગવાઈઓ પ્રમાણે ત.ક.અ.શ્રીએ કાર્યવાહી કરી મોકલવા જરૂરી છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તકરારી લખાણ બોલપેન કે ઈન્કપેનનુ હોય તો તેના માટેના નમુના લેવાના હોય તો તે નમુના તેવી બોલપેન કે ઈન્કપેનથી લેવામાં આવે તે ઈચ્છનીય છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ઉપરોક્ત નિયમ–૧૬૫ અગર ૧૬૭ મુજબના ચેકલીસ્ટની વિગતે તકરારી દસ્તાવેજ સાથે નમુનાના તથા કુદરતી દસ્તાવેજો મોકલવામાં આવે તો ચોક્કસ અભિપ્રાય ઉપર આવવા માટે સરળતા રહે ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''જો નમુનાની સહીઓના દસ્તાવેજો પુરતા પ્રમાણમાં અને ડીસ્ગાઈસ કર્યા વિના એટલે કે લખનાર વ્યક્તિએ પોતાની લખવાની લાક્ષણિક ટેવ છુપાવીને લખ્યા ન હોય તેવા જો મેળવવામાં આવેલ હોય તો પણ તકરારી સહીની સાથે તેની સરખામણી કરવા માટે સરળતા રહે અને અભિપ્રાય આપવા માટે પણ સરળતા રહે.'' તેમને તેમને પુછેલ સવાલ કે, ''તેની પોતાની લાક્ષણીક ટેવ છુપાવીને નમુનાના હસ્તાક્ષર લખ્યા હોય તો અભિપ્રાય સરળ રીતે ચોક્કસ આવી ના શકે.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''લખનારે લાક્ષણિક ટેવ છુપાવીને નમુનાના હસ્તાક્ષર લખેલા હોય તો કેટલાક કીસ્સામાં ચોક્કસ અભિપ્રાય આવી ના શકે.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ કીસ્સામાં આંક–૩૯૭ના અભિપ્રાય મુજબ તકરારી માર્ક એ ની સાથે

તેમાં દર્શાવેલ સ્પેશીમેન સિગ્નેચરનુ કમ્પેરીશન કરતાં ચોક્કસ અભિપ્રાય આપી શકાયેલ નથી ?'' તેના જવાબમાં તેમણે એ વાત સાચી હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''શુ કારણ સર સાચી છે ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મારો આ અભિપ્રાય આપવા માટેનુ કારણ એ છે કે જે વ્યક્તિના નમુનાની સહીઓ મને તપાસણી અર્થે મળેલ હતી તેમાં લાઈક વાઈઝ સહીઓના નમુના કુલ–૩૬–૩૬ એટલે કે ત.ક.શ્રીના જણાવ્યા મુજબ જમણા હાથથી લખાયેલ ૩૬ સહીના નમૂના તેમજ ડાબા હાથેથી લખાયેલ ૩૬ સહીઓના નમુના હતા. જેમાં આ બધી જ સહીઓ સ્લો તેમજ મીડીયમ સ્પીડ, લાઈન કવોલીટી પણ મીડીયમ હતી અને તકરારી સહી અને નમુનાની આ સહીઓ વચ્ચે મે આ સાથે રજુ કરેલા મારા રિઝન્સમાં જણાવ્યા પ્રમાણે કેટલીક સામ્યતાઓ જોવા મળેલ પરંતુ તેની સાથે અન્ય સામ્યતાઓ જોવા મળેલ ન હતી એટલે કે પરિક્ષણ દરમ્યાન તે પ્રમાણેનુ અવલોકન હોવાથી અને આ ઉપરોક્ત જણાવેલ નમુનાઓની સાથે ત.ક.શ્રીના જણાવ્યા મુજબ તે જ વ્યક્તિના રોજિંદા વ્યવહારમાં થતી સહીઓના બન્ને હાથોથી લખાયેલ હોય તેવા ૩૬–૩૬ સહીઓના નમુના પરિક્ષણ અર્થે મોકલેલા અને તે નમુનાઓ લાઈક વાઈઝ ન હોવાથી તેમાંથી પણ સામ્યતાઓ તેમજ તફાવતો પુરેપુરા પ્રમાણમાં નહી મળી આવવાના કારણે મે મારો ઉપરોક્ત અભિપ્રાય આપેલ હતો.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''જુઓ તમને **આંક–૭૫** પૈકી અનુક્રમનં.૧૩૮ની વિગતવાળા પાના નં.૪૦૬ બતાવવામાં આવે છે જે ડી.એસ.પી.સાહેબને ચીફ સ્ટેટ એક્ઝમીનર ઓફ ક્વેશ્ચન ડોક્યુમેન્ટ નાઓએ લખેલ પત્ર બતાવવામાં આવે છે. તે પત્ર સાથે અભિપ્રાય માટે મળેલા દસ્તાવેજો તથા નમુનાના દસ્તાવેજો, તેમજ રજીસ્ટર વિગેરે તેની સાથે ડી.એસ.પી.શ્રીને મોકલી આપવામાં આવેલા તેવુ લખેલુ છે ? '' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, એ જોઈને કહુ છુ કે તે વાત ખરી છે.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''જો તેની સાથે આંક–૩૯૩ તથા

આંક–૩૯૪ વાળા લેખિત તથા ટાઈપ કરેલા રિઝન્સ મોકલેલા નથી. તેના જવાબમાં તેમણે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ પત્ર કોની સહીથી મોકલેલો છે ? '' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''આ પત્ર તે સમયના તેમના ઈન્ચાર્જ ચીફ સ્ટેટ એક્ઝામીનર ઓફ ક્વેશ્ચન ડોક્યુમેન્ટ શ્રી જે.જે.પટેલની સહીથી મોકલેલો હતો.'' ઉક્ત સવાલ જવાબ અન્વયે રિફર કરેલ આંક–૭૫ના અનુક્રમણિકા નંબર–૧૩૮ પૈકીના પાના નંબર ૪૦૬ વાળા પત્રને બચાવપક્ષની વિનંતીથી આંક–૪૦૫ આપવામાં આવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આંક–૩૯૭ વાળો અભિપ્રાય આપે જે આપેલ છે તે તા.૭–૧૧–૧૯૯૬ નો છે.'' તેના જવાબમાં તેમણે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આંક–૪૦૫ વાળા પત્રમાં જે ઉલ્લેખ કરેલ છે તે ડોક્યુમેન્ટ ચીફ સ્ટેટ એક્ઝામીનરને મોકલ્યાનો કોઈ ફોર્વર્ડીંગ પત્ર લખેલ નથી.'' તેના જવાબમાં તેમણે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''જો એમા ઉલ્લેખેલ કરેલ દસ્તાવેજો સીલ બંધ મોકલેલા નથી'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''એ વાત ખરી નથી કે ઉલ્લેખ કરેલા દસ્તાવેજો સીલ બંધ મોકલવામાં આવેલા નથી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ડેવલપ કરેલા ફોટોગ્રાફ પણ આપે સદર પત્ર સાથે મોકલેલા નથી.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મે સદર પત્ર સાથે ડેવલપ કરેલા ફોટોગ્રાફ મોકલેલા નથી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તકરારી દસ્તાવેજ અને સ્પેસીમેન (નમુનાના) દસ્તાવેજોના ફોટોગ્રાફ ડેવલપ કરવા પડે. અને તે ધ્યાને લીધા પછી જ અભિપ્રાય આપી શકાય ? '' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''પરિક્ષણ કરવા માટે ફોટોગ્રાફ લેવાની કે ડેવલપ કરવાની આવશ્યકતા નથી. અસલ

તકરારી દસ્તાવેજ તેમજ નમુનાના દસ્તાવેજોનુ વૈજ્ઞાનિક સાધનો જેવા કે મેગ્નીફાઈન લેન્સીસ, માઈક્રોસ્કોપની મદદથી પરિક્ષણ કરવાનુ હોવાથી આ દસ્તાવેજોના ફોટોગ્રાફ્ ઉપરથી પરિક્ષણ કરવાની કોઈ જરૂરત રહેતી નથી.પરંતુ આ જે ફોટો ગ્રાફ અમે લઈએ છીએ તે માત્ર રેકર્ડ પર્પજ માટે લઈએ છીએ.'' તેમજ એ વાતનો તેમણે ઈન્કાર કરેલ છે કે, ઉપરોકત જવાબમાં તેઓ ખોટો અને વધારાનો ખુલાસો કરે છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આપ અભિપ્રાય મોકલો ત્યારે રિઝન્સ અને ફોટોગ્રાફ્સ બંન્ને સાથે જ મોકલવા પડે ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''એ બાબતને હુ જરૂરી માનતો નથી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આપે કોઈ ફોટોગ્રાફ્સ લીધા નથી કે ડેવલપ કરેલા નથી અને એટલે જ ખોટા જવાબ આપો છો ?'' તેના જવાબમાં તેમણે એ વાત ખરી ન હોવાનુ જણાવેલ છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, કુદરતી દસ્તાવેજો મોકલવા જરૂરી નહી હોવાનુ તે જાણીબુજીને ખોટી રીતે ઈન્કાર કરે છે. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, જોગવાઈ મુજબ માત્ર એડવાઈઝેબલ જ છે તેવુ તેઓ ખોટુ જણાવી રહેલા છે. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમણે ફરીયાદપક્ષના કેસને અનુરૂપ અભિપ્રાય અંગે સરતપાસમાં ખોટો પુરાવો આપેલો છે. તેમને આંક–૩૯૨ સાથેના તા.૮–૫–૯૬નો ફોર્વર્ડીંગ પત્ર બતાવવામાં આવે છે જેના મથાળે ગુપ્ત લખેલ છે તે જોઈને જણાવુ છુ કે ગુ.જા.નં.૭/૯૬ માં "૭" નો અંક બ્લ્યુ પેનથી લખાયેલ છે અને બાકીનુ લખાણ કાળી પેનથી લખાયેલ છે. તેમજ તા.૮–૫–૯૬માં "૮" નો અંક માસ અને વર્ષના અંકો કરતા બીજી પેનથી લખાયેલ હોવાનુ પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે જ પાના ઉપર નીચેના ભાગે અંતે તેમજ પાછળના ભાગે મથાળા ઉપર એમ કુલ–૧૪ કોલમની રજીસ્ટરની નોંધ નં.૬૪૦ની વિગત લખેલ છે તે લખાણના હાથથી

લખેલ અક્ષરો, સદરહુ ફોર્વર્ડીંગ પત્રના લખાણના હાથથી લખેલ અક્ષરો કરતા નાના અને જુદી પેનથી લખાયેલા છે તેવુ પ્રાથમિક દ્રષ્ટએ જણાય છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, કોલમનં.૧૩ ના લખાણની નીચે લખેલ નમુનાની સહી તેમજ "આ પ્રમાણેની સહી છે" તે લખાણ અલગ પેનથી લખાયેલ છે તેવુ પ્રાથમિક દ્રષ્ટએ જણાય છે. તેમણે અભિપ્રાય આપતી વખતે આ પત્રની વિગતો તથા તે સાથેના ચેકલીસ્ટમાં લખેલી વિગતો વંચાણે લીધેલી હતી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમણે જે-તે સમયે આંક-૩૯૨ના પત્રમાં લખાયેલ દસ્તાવેજોની વિગતો સાથે તકરારી દસ્તાવેજ તથા નમુનાના દસ્તાવેજોની વિગતો ચેકલીસ્ટની સાથે મેળવણી કરેલી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે તે દસ્તાવેજોમાં કોઈ ક્ષતિ હોવા બાબતે તેમણે કોઈ ડી.એસ.પી.કચેરી, પાલનપુર મારફત કોઈ પુછપરછ કે પત્રવ્યવહાર કરેલ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમ ને આંક-૩૯૨ સાથેના ફોર્વર્ડીંગ પત્રમાંના ઉપરોક્ત લખાણ તથા આંકડાઓ બાબતે પુછાયેલ સવાલો અંગે તેમણે કોઈ સ્પષ્ટતા જે-તે વખતે માંગેલી નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમની સરતપાસ વખતે આજરોજ તેમ ને ઉપરોક્ત લખાણ તથા આંકડાઓ બાબતે જે વિગતો પુછવામાં આવી તેવી સરતપાસમાં સ્પષ્ટતા માટે પુછાયેલ નથી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ફોર્વર્ડીંગ પત્રમાં પ્રશ્ન-૧ અને પ્રશ્ન-૨ જે પુછાયેલા છે તેના અલગ અલગ અભિપ્રાયો તેમણે આપેલા નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ફોટોગ્રાફ પ્રિન્ટ તેમજ નેગેટીવ જોઈને તકરારી સહીની ફરતે જે લંબચોરસ ઘેરાવો કરેલ છે તે લાલ કે ભુરી કે કાળી પેન્સિલથી કરેલ છે કે કેમ? તે કહી શકાય તેમ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમના રિઝન્સ કે અભિપ્રાયમાં પણ તેમણે એવુ કોઈ નોટીંગ કરેલુ નથી કે ફોટોગ્રાફ પ્રિન્ટ તેમજ નેગેટીવ જોઈને

તકરારી સહીની ફરતે જે લંબચોરસ ઘેરાવો કરેલ છે તે લાલ, ભુરી કે કાળી પેન્સિલથી કરેલ છે કે કેમ ? તે જાણી શકાય તેમ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક-૧૭૩ થી આંક-૧૯૬ જોઈને તેમણે જણાવેલ છે કે, તેમાં સહીઓને તપાસ કરનાર અમલદાર તરફથી જે માર્ક અપાયેલાનુ કહેવાય છે તે તમામ માર્ક પેન્સિલથી અપાયેલા છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક-૧૭૩, આંક-૧૭૯, આંક-૧૮૫, આંક-૧૯૧,આંક-૧૯૨ દરેકમાં પેન્સિલના માર્કની આગળ કાળી શાહીની બોલપેનથી જે માર્ક આપેલા છે તે તેમના હસ્તાક્ષરમાં છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક-૧૮૬થી આંક-૧૯૬માં સુમેરસિંહના નમુનાની સહીઓ દર્શાવેલ છે તે દરેક સહીની નીચે "Adv" એવુ લખેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સદર "Adv"ના અક્ષરો અંગે અભિપ્રાય માંગેલ નથી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે અક્ષરો તેમણે પરિક્ષણ વખતે ધ્યાનમાં લીધેલા નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમણે તે અક્ષરો અંગે અભિપ્રાયમાં કે તેમના રિઝન્સમાં કોઈ ઉલ્લેખ કરેલો નથી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે ધ્યાને લીધા નથી જેથી ઉલ્લેખ કરેલ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક-૧૭૩ થી આંક-૧૮૪માં જે નમુનાની સહીઓ છે, તેમજ આંક-૧૮૫ થી આંક-૧૯૬ માં જે પેન વપરાયેલ છે તે એક જ પેનથી નમુના લેવાયેલા નથી અને ઉપરોક્ત બન્નેમાં જુદી જુદી બોલપેનો વપરાયેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક-૩૦૦ના કોલમ નં.૧૩માં અંગ્રેજીમાં "Adv" તેવા અક્ષર લખાયેલ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેજ રીતે મે રજુ કરેલ તકરારી સહીની પ્રીન્ટ તથા ફોટોગ્રાફમાં "Adv" અક્ષરો જણાઈ આવતા નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક-૩૯૫ની પ્રિન્ટમાં

અંગ્રેજીમાં "A" લખેલ છે તેની નીચે જે ટુંકી સહી છે તે તેમની ટુંકી સહીની પ્રિન્ટ છે. તેમજ આંક–૩૯૮ વાળા પત્ર સાથેનો ફોર્વર્ડીંગ પત્ર, ચેકલીસ્ટ તથા પ્રમાણપત્ર તેમજ તે સાથેના બિડાણાવાળા દસ્તાવેજો તેમની ઓફીસે મેસેન્જર દ્વારા હાથોહાથ પહોચાડવામાં આવેલા હતા. તે સ્વીકારનાર તરીકે શ્રી બી.એસ. શાહ નાયબ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાતની સહી છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓની મારફત તેમ ને ટોપ પ્રાયોરીટીના શેરા સાથે તપાસ માટે મળેલા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૩૯૮ વાળા ફોર્વર્ડીંગ પત્ર તથા પ્રમાણપત્ર તથા ચેકલીસ્ટમાં તારીખમાં નવ અંક ઓવર રાઈટીંગ કરેલાનુ પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. તેમને આંક–૨૩૩ના S1–1 થી S1–8, ના ટેલિફોન વર્ધીના નમુનાના લખાણ તેમજ સહી, તારીખ અને હોદ્દાના નમુનાના લખાણવાળા દસ્તાવેજો બતાવેલ છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમાં દરેકમાં "ટેલિફોન વર્ધી " તેવા શબ્દો તેમજ "તા.૩૦/૪/૯૬" તથા સહીની બોલપેન વર્ધીના લખાણથી અલગ પેનથી લખાયેલ છે. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, સદર નરી આંખે સ્પષ્ટ ભિન્નતા દેખાતી હોવા છતાં તેઓ ઈરાદાપુર્વક ઈન્કાર કરી રહયા છે. તેમજ તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, ઉપરોક્ત વર્ધીના લખાણ સાથે તેમાં દર્શાવેલ "ટેલિફોન વર્ધી" તેવા શબ્દો તેમજ "તા.૩૦/૪/૯૬"વાળા આંકડા તથા સહી ઉપરોક્ત આઠ નમુનાના મોકલાયેલ દસ્તાવેજોમાં એક જ સાથે લખાયેલ નથી તેવુ સ્પષ્ટ દેખાય છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૨૩૩ના નમુનામાં નીચે પંચોની તથા અધિકારીની સહીઓ દર્શાવેલ છે તેમાં તેમજ એ પત્રમાં કઈ તારીખે આ નમુના લેવાયેલ છે તેવી તારીખ દર્શાવેલ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેની સાથે આવેલ નમુનાની સહીઓવાળા દસ્તાવેજોમાં પણ કઈ તારીખે આ નમુના લેવાયા તેની તારીખ દર્શાવેલી નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ

છે કે, આંક–૨૨૪ ના S1–45 થી S1–80 ના વર્ધીના નમુનાના દસ્તાવેજો તેમને બતાવેલ છે તેમાં પણ કઈ તારીખે નમુનાઓ લેવામાં આવ્યા તે તારીખ દર્શાવેલી નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૨૨૫ના કુદરતી સહીના નમુનાના દસ્તાવેજ માર્ક–N1–1 થી N1–5 ના દસ્તાવેજો બતાવેલ છે, તેમાં માર્જીનમાં પંચોની તથા અધિકારીની સહી તથા હોદ્દાની વિગત દર્શાવેલ છે તે પૈકી N1–4 એમાં ૧૮–૮ લખી ઉપર ટુંકી સહી કરેલી છે. એ સિવાય અન્ય કુદરતી સહીવાળા દસ્તાવેજોમાં તેવી તારીખ કે ટુંકી સહી દર્શાવેલી નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે N1–4માં ૧૮–૮ તારીખ લખેલી છે તે સિવાય આ નમુના કઈ તારીખે મેળવવામાં આવ્યા તેવુ લખેલુ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સદર કુદરતી લખાણવાળા દસ્તાવેજો પૈકી N1–4 વાળો દસ્તાવેજ કે જે કાર્બન કોપીવાળુ લખાણ છે તે લખાણ કાળા કાર્બન મુકી લખાયેલાનુ જણાય છે જ્યારે તે સિવાયના સદર કુદરતી લખાણવાળા દસ્તાવેજો બ્લ્યુ કાર્બન મુકી લખાયેલ હોવાનુ જણાઈ આવે છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, N1–1 થી N1–5 વાળા દસ્તાવેજોમાં માત્ર જે અસલ સહીઓ છે તે કુદરતી સહીઓ તરીકે લેવા માટેનો ઉલ્લેખ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૨૨૫ માં સહી સિવાયના કાર્બન કોપીવાળા લખાણને કુદરતી દસ્તાવેજ તરીકે ચકાસણી માટે મોકલેલ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૨૨૪ના નમુનાના લખાણોમાં તમામ લખાણોની ફરતે આંક–૨૪૬માં જે રીતે D1–1 થી D1–4 લાલ પેન્સિથી અલગ અલગ રાઉન્ડ દર્શાવેલ છે તે રીતે ઉપરોક્ત સમગ્ર લખાણોમાં બ્લ્યુ પેન્સિલથી અલગ અલગ રાઉન્ડ કરેલ નથી. તેમને આંક–૨૪૬ બતાવવામાં આવેલ છે તેમાં "તા.૩૦–૪–૯૬", "સહી", "કંટ્રોલ ઈન્ચાર્જ" એ ત્રણ લખાણ ટેલિફોન વર્ધીના D1–1 ના લખાણની સહીથી જુદી સહીવાળી

પેનથી લખાયેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, નીચેના ડાબી તરફના ભાગે પી.આઈ.એલ.સી.બી. ૩૦–૪–૯૬ તેમજ ઉપરની સહી ઉપરોક્ત ચારેય લખાણની સહીથી જુદી બોલપેનથી લખાયેલ હોવાનુ સ્પષ્ટ જણાય છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, દસ્તાવેજ ચકાસણી માટે દસ્તાવેજોની સાથે કોઈ પંચનામા ત.ક.શ્રીએ મોકલાવેલા ન હતા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, જુદી જુદી તારીખે નમુના લેવાયા છે તેવુ પણ કોઈ સ્પષ્ટતા કરતો પત્ર કે લખાણ ત.ક.શ્રીએ મોકલી આપેલુ નહી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આ તકરારી તથા અન્ય દસ્તાવેજો વર્ધી સહીતના અલગ અલગ કવરમાં મોકલાયેલા નથી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સીલબંધ કવરમાં મોકલાયેલા ન હતા. તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, એક્ઝામીનેશન વખતે તેમણે કોઈ ફોટોગ્રાફ લીધેલા નથી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, એટલા માટે તેમણે ત.ક.અમલદારને અભિપ્રાય સાથે ફોટોગ્રાફ મોકલી આપેલ નથી અને એટલા માટે તેમણે અભિપ્રાયમાં ફોટોગ્રાફનો ઉલ્લેખ કરેલ નથી અને ફોટોગ્રાફથી મેળવણી કરીને જે અભિપ્રાય આપી શકાય તેવો અભિપ્રાય મેગ્નીફાય ગ્લાસ કે અન્ય સાઈન્ટીફીક સાધનોથી મેળવણી કરીને આપી શકાય નહી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમના અભિપ્રાયમાં કઈ તારીખે એક્ઝામીનેશન શરુ કર્યુ અને કઈ તારીખે પુર્ણ કર્યુ તે દર્શાવેલુ નથી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે દર્શાવવુ અત્યંત જરૂરી છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, જે એક્સપર્ટની મદદ લેવાયેલ હોય તેનો પણ ઉલ્લેખ કરવો જરૂરી છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આંક–૨૪૬ બતાવી તમને પુછવામાં આવે છે કે તે તકરારી ટેલિફોન વર્ધીનુ લખાણને લાલ પેનથી D1–1 આપેલ છે.'' તેના જવાબમાં તેમણે એ વાત ખરી હોવાનુ

જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''સદર આંક–૨૪૬માંના વર્ધીના માર્ક D1–1ના લખાણના અભિપ્રાય માટે માર્ક–N1–1 થી N1–5 ના કુદરતી સહીઓનુ લખાણ પર્યાપ્ત નથી.'' તેના જવાબમાં તેમણે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, N1–1થી N1–5વાળી સહીઓ અંગ્રેજીમાં છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે તટસ્થ અભિપ્રાય આપેલ નથી. તેમની ઓફીસે ઉપરોક્ત તકરારી દસ્તાવેજો અંગે માંગેલ અભિપ્રાય તા.૧૮ / ૬ / ૧૯ના રોજ મોકલેલ છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ ખોટી જુબાની આપે છે.

**(એલ) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૨) તરીકે આંક–૪૦૯થી પંચસાહેદ ભાલચંદ્ર લક્ષ્મણભાઈ પંડયા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** સને–૨૦૧૮ના વર્ષમાં અગીયારમાં માસમાં તેમને ડી.એસ.પી. ઓફીસની નીચે એલ.સી.બી. ઓફીસ બોલાવેલ. તે તારીખ સત્યાવીસમી હતી. તેઓ હતા તેવી રીતે બીજા એક પંચ હતા. તેમને બોલાવ્યા ત્યારે ગાંધીનગરના એક સાહેબ હતા જે યાદવ સાહેબ હતા. તેમને બોલાવ્યા ત્યારે કહેલુ કે ઓફીસમાં જગ્યાનુ પંચનામુ કરવાનુ છે. જેથી તેઓ પંચમાં રહેલા. બીજા કુલ ચાર–પાંચ માણસો હતા. એક પોલીસવાળા ભાઈ હતા જેમનુ નામ પ્રવિણભાઈ હતુ તેઓએ ઓફીસ બતાવેલી. તેઓએ એલ.સી.બી.ની ઓફીસ બતાવેલી. આ એલ.સી.બી. ઓફીસ ડી.એસ.પી. ઓફીસની નીચે આવેલી હતી. આ ઓફીસમાં સાહેબો બેઠા હતા ત્યાં ટેબલ અને ખુરશીઓ પડેલી હતી અને આ બધુ બતાવ્યા પછી તે બાબતનુ પંચનામુ કરવામાં આવેલુ. તેમને ની.૨૫/૩૬ વાળુ પંચનામુ બતાવતા જેમાં તેમણે પંચ નં.(૧) તરીકે કરેલ સહી ઓળખી બતાવતા જે પંચનામાને

આંક–૪૧૦ આપવામાં આવેલ છે. તેમને આશરે દોઢ વાગ્યાની આસપાસ બોલાવેલા હતા.

**સદર પંચસાહેદની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં સુચક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવેલ છે કે,** તેમનુ રહેઠાણ પ્રકાશનગર સોસાયટી જોરાવર પેલેસથી સામેના ભાગે મુખ્ય પ્રવેશદ્વારથી રોડ હાઈવે છોડી પાલનપુર શહેરમાં જતો રસ્તો છોડી કોઝી ટાવર થઈ પછી આગળ જજીશ બંગલા થઈ સરસ્વતી હાઈસ્કુલ થઈ ઓડવાસ થઈ જુબીલી ગંજ થઈ વચમાં બે સોસાયટીઓ છોડી રેલ્વેના કોર્ટર છોડી આગળ રાધાસ્વામી સતસંગ હોલની બાજુમાં આશરે અહીથી એકાદ કી.મી. દુર  આવેલ છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમના ઘરથી હાઈવે નજીક છે. તે ફોટોગ્રાફીનો ધંધો કરે છે. તેમજ એ વાતનો પણ તેમણે સ્વિકાર કરેલ છે કે, હેડ ક્વાર્ટર ડી.એસ.પી. સાહેબ બોલાવે ત્યારે તે ફોટોગ્રાફી કરવા જતા હતા. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસ વિભાગના દરેક પ્રસંગોમાં તેઓજ ફોટોગ્રાફી કરવા જતા હતા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, બીજા લોકો પણ ફોટોગ્રાફી કરવા જતા હતા. તેઓ આશરે ત્રીસેક વર્ષથી ફોટોગ્રાફીનો ધંધો કરે છે. ૨૦૧૮ની સાલ પહેલા તેઓ આશરે ચાર–પાંચ વખત તેઓ પોલીસ વિભાગમાં ફોટોગ્રાફી કરવા ગયા હશે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, બીલનુ ચુકવણૂ ડી.એસ.પી. કચેરીથી થાય છે. તે દિવસે તેઓ ત્યાં હાજર પણ ન હતા પણ તેમને રસ્તામાં જતા હતા ત્યારે બોલાવવામાં આવેલ હતા. તેમને કોઝી રોડ ઉપરથી બોલાવેલ. તેમને પ્રવિણભાઈ બોલાવવા આવેલા. તેમને એલ.સી.બી. ઓફીસમાં લઈ ગયેલા. બીજા પંચ તેમની સાથે કામ કરતા ન હતા તેઓ ક્યાંથી આવેલા તેની તેમ ને ખબર નથી. તેઓ તેમના પહેલા આવેલા હતા કે કેમ ? તેનો ખ્યાલ નથી.

તેઓને કોણ બોલાવી લાવ્યુ તેની ખબર નથી. તેમજ ક્યાંથી બોલાવી લાવ્યા તેની પણ ખબર નથી. પંચનામામાં સહીઓ એલ.સી.બી. ઓફીસમાં લીધેલ. ટાઈપ કયાં કરેલુ તેની ખબર નથી. પ્રવિણભાઈ કોપી લઈને આવેલા તેમાં તેમની સહીઓ લીધેલી.

**(એમ) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૩) તરીકે આંક–૪૧૩થી પંચસાહેદ કલાજી સ્વરૂપજી મકવાણા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** સને.–૧૯૯૬ના વર્ષમાં તેમને તેમના સાહેબે બોલાવેલ અને કહેલુ કે, ''આપણા પાલનપુર શહેરમાં પાલનપુર સીટી પો.સ્ટે. જાઓ અને ડી.વાય.એસ.પી. સાહેબને મળો''. જેથી તેઓ પાલનપુર શહેર પો.સ્ટે. ગયા. ત્યાં ડી.વાય.એસ.પી. સાહેબ હતા. તેમની જેમ બીજા પંચ પણ ત્યાં હતા. સાહેબે કહેલુ કે પો.સ્ટે.માં એન.ડી.પી.એસ.નો કેસ છે જેમાં રિચેકીંગ માટે મુદ્દામાલ કાઢવાનો છે અને તે બાબતે પંચનામુ કરવાનુ છે જેથી તેમણે હા પાડી અને બીજા પંચ પણ પંચનામામા રહેવા સંમત થયેલા. પછી એક મુદ્દામાલ એક સીલ કરેલ કવર હતુ. જેને ખોલવામાં આવેલુ. જેમાંથી એક કીલો જેટલા વજનવાળી થેલી નીકળેલી. જે કાળો પદાર્થ હતો. તેમાંથી ત્રીસેક ગ્રામ જેટલુ બહાર કાઢવામાં આવેલુ. જે તોલવા માટે આવેલ હતો તેઓ ધ્વારા તોલવામાં આવેલ તેને સીલ કરવામાં આવેલુ. બાકી હતુ તેને પણ બીજી કોથળીમાં પેક કરવામાં આવેલુ. પેક કરીને સીલ કરવામાં આવેલુ. સીલ કર્યા બાદ પંચનામામાં તેમની સહી કરવામાં આવેલી અને તેઓ નીકળી ગયેલા. ફરી સીલ કરતી વખતે પણ તેમની સહીઓ લેવામાં આવેલી હતી. તેમને ની.૨૫/૨૩ વાળુ પંચનામુ બતાવતા જેમાં પ્રથમ પાનાની પાછળના ભાગે પ્રથમ કરેલ સહી અને બીજી સહી બીજા પંચની હોવાનુ જણાવી તેમને ઓળખી બતાવેલ છે. તેમજ તેમની જયાં

જયાં સહીછે તેની બાજુમાં વિભાગીય પોલીસ અધિકારીની સહીઓ તેમણે ઓળખી બતાવતા જે પંચનામાને આંક–૪૧૪ આપવામાં આવેલ છે. તેમજ તેમને મુદ્દામાલ બતાવેથી ઘણો લાંબો સમય થયેલ હોઈ તેઓ ઓળખી શકે નહી પરંતુ તેમની સહીઓ સાથે હોય તો તેઓ ઓળખી શકે તેમ જણાવેલુ છે.

**સદર પંચસાહેદની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં પુછેલ સુચક પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે,** તેમની ઓફીસ તે સમયે જોરાવર પેલેસ કેમ્પસમાં કલેક્ટર ઓફીસની નીચેના ગ્રાઉન્ડ ફ્લોર પર હતી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પાલનપુર શહેરમાંથી એરોમા સર્કલ તરફ જતા રોડથી દક્ષિણ તરફ કલેક્ટર કચેરી આવેલી હતી અને હાલ પણ ત્યાંજ છે અને રોડથી અંદર પ્રવેશવાના પૂર્વ–પશ્ચિમ બે મોટા ગેટ છે, તેમજ રોડ અને કલેક્ટર કચેરીની વચ્ચે જિલ્લા પંચાયતનુ વિશ્રામગૃહ આવેલુ છે. તેમજ તેમણે એ વાતનો પણ સ્વિકાર કરેલ છે કે, પાલનપુર શહેર તરફ જતા પૂર્વે વચ્ચે બ્રીજ આવે છે અને બ્રીજ પૂરો થતા ડાબી તરફ પી.ડબલ્યુ.ડી.નુ સરકારી ગેસ્ટ હાઉસ આવેલુ છે. તે કેટલા માળનુ છે તેની તેમ ને ખબર નથી. તેમજ તેમણે એ વાતનો પણ સ્વિકાર કરેલ છે કે, પૂલ ઉતર્યા પછી ગુરુનાનક ચોક થઈ આગળ અમીરરોડ થઈ ઉત્તર તરફ સીમલા ગેટ તરફ રોડ જાય છે અને સીમલાગેટના ચાર રસ્તે સીવીલ હોસ્પિટલ આવેલ છે તથા તે ચાર રસ્તાથી પૂર્વ તરફ દીલ્લી ગેટ રસ્તો અને પશ્ચિમ તરફ રેલ્વે સ્ટેશન રસ્તો છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, જે તે સમયે સીવીલ હોસ્પિટલ પૂરી થાય તે પછી પાલનપુર સીટી પો.સ્ટે. હતુ. સીટી. પો.સ્ટે પછી ઉગમણી તરફ સળંગ દુકાનો આવલી હતી કે કેમ તે હાલ ચોક્કસ તેઓ કહી શકે નહી. તેમને યાદ નથી કે, સીવીલ હોસ્પિ.થી પૂર્વે દુકાનો છોડી સ્ત્રીઓનુ દવાખાનુ પછી તાલેમહંમદખાનજી ટાઉન હોલ તથા વિક્ટોરીયા

લાયબ્રેરી આવેલી હતી કે કેમ? તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સીમલા ગેટ ઉપર ચાર રસ્તા પડે છે તથા સીમલા ગેટથી ઉત્તર તરફ જતા શાક માર્કેટ છે અને ત્યાં નગરપાલિકા છે, દક્ષિણ તરફ અમીરરોડ સુધી છેક બન્ને બાજુ સળંગ દુકાનો છે તથા તે સમયે સીમલા ગેટ ચાર રસ્તા ઉપર આજુબાજુમાં ઘણી બધી દુકાનો આવેલી હતી અને સીવીલ હોસ્પિ. અને સીટી પો.સ્ટે.ના સામેના ભાગે ઘણી બધી દુકાનો હતી. તેઓ ૧૯૮૯થી તે વખતે પ્રાન્ત કચેરીમાં નોકરી કરતા હતો તેમના ડેપ્યુટી કલેક્ટર શ્રી એમ.એસ.પટેલ હતા. જેઓએ તેમને બોલાવેલ અને સીટી પો.સ્ટે.માં જવાની સુચના આપેલી. તેમને પંચ તરીકે રહેવાનુ છે તેમ જણાવી જવાનુ કીધેલુ. કોઈ લેખિત હુકમ આપેલો નહી. પંચનામુ લગભગ બે કલાક ચાલેલુ પરંતુ ૧૨/૧૫ થી ૧૩/૪૫ નો ચોક્કસ સમય હતો કે કેમ તે તેઓ કહી શકે નહી. તેઓ પંચનામુ જોઈને કહી શકે. તેમજ તેમણે એ વાતો સ્વિકાર કરેલ છે કે, આંક–૪૧૪ વાળા પંચનામામાં નીચે ૧૨:૧૫થી ૧૩:૪૫નો સમય લખેલો છે. તેમને ઓફીસ શરૂ થયાના અડધા કલાક પછી પટેલ સાહેબે સુચના આપેલી. પટેલ સાહેબને વિભાગીય પોલીસ અધિકારીએ કોઈ લેખિત હુકમ આપેલો કે કેમ ? તેની તેમને ખબર નથી. તે તેમની મોટર સાયકલ ઉપર એકલા ગયેલા, બીજા પંચ તેમની સાથે આવેલા નહી. પટેલ સાહેબે તેમને જયારે જણાવ્યુ ત્યારે બીજા પંચને ત્યાં બોલાવેલા નહી. તે ગયા ત્યારે બીજા પંચ ત્યાં હતા. તેઓ ૧૯૯૬માં પો.સ્ટે. ગયા તે પહેલા કયારેય સીટી પો.સ્ટે. ગયેલા ન હતા. તેમજ પો.સ્ટે. ગયા ત્યારે એક ડી.વાય.એસ.પી. સાહેબ હતા તેમનુ નામ તેમને ખબર નથી. તે વખતે પણ નામ ખબર ન હતી. તેમજ એ વાતનો તેમણે ઈન્કાર કરેલ છે કે, તેમને ઓફીસમાં થી ત્યાં જઈ ડી.વાય.એસ.પી.ને મળવાનુ કીધેલુ જેથી ત્યાં બેઠેલા પોલીસ

અધિકારી ડી.વાય.એસ.પી. છે તેવુ તેમણે માની લીધેલુ. ડી.વાય.એસ.પી. સાહેબ અને બીજો પોલીસ સ્ટાફ હતો. ખાખી કપડા પહેરેલા હતા તેથી તે પોલીસ સ્ટાફ કહે છે. કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ કે પી.એસ.આઈ. કોને કહેવાય તેની તેમને ખબર છે. પી.એસ.આઈ.ને બે સ્ટાર હોય છે અને કોન્સ્ટેબલને બી.કે. લખેલ બીલ્લો હોય છે. હેડ કોન્સ્ટેબલને લાલ પટ્ટી હોય છે અને ડી.વાય.એસ.પી.ને ત્રણ સ્ટાર હોય છે. તેમણે ઓફીસમાં જઈને પુછેલુ કે ડી.વાય.એસ.પી. ક્યાં છે જેથી તેમને ઓફીસમાં બેઠેલાએ બતાવેલા અને તેઓ તેમને જઈ મારેલા. તેઓ જે અધિકારીને મળ્યા તેમની નેમપ્લેટ લગાવેલી હતી. તેમણે નામ વાંચેલુ નહી. એ દિવસનો વર્કીંગ ડે હતો તેમણે રજા મુકેલી નહી. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ઓફીસમાં કોઈ નોંધ કરેલી?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''અમારી ઓફીસમાં નોંધ રાખવામાં આવતી ન હતી.'' તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ''ઓફીસમાં હાજરી પત્રક હોય છે અને હાજર થઈએ તે વખતે સહી કરી સમય નાંખવાનો હોય છે.'' તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, નોકરીનો સમય પુરો થાય તે વખતે જતી વખતે પણ સહી કરવાની હોય છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ૧૯૯૬માં પણ હાજરી પત્રક હતુ અને કલાર્ક અને હેડ કલાર્કના હેડ તરીકે સીરસ્તેદારનો હોદ્દો હતો. તેમણે સીરસ્તેદારને ઓફીસમાંથી ગયા અને પછા આવ્યા તે અંગેની કોઈ નોંધ કરાવેલી નહી. તેમને ડેઈલી ડાયરીની નોંધ રાખવાની ન હતી. તે ત્યાં ગયા ત્યારે સીલવાળુ કવર સાહેબે તેમના ટેબલ ઉપર મંગાવેલુ. કીલો જેટલુ કવર હતુ. અત્યારે યાદ નથી કે કવર કાગળનુ હતુ કે કેમ? સીલ કેટલા હતા તે યાદ નથી. હાલ તેમને યાદ નથી કે તે કવરના સીલ કોણે ખોલેલા. સીલ ખોલ્યા તેમાં બીજુ કવર નીકળેલુ. કવરમાં ઘટ્ટ પદાર્થ હતો. કવર

કાગળનુ હતુ કે ક્યા પદાર્થનુ હતુ તે યાદ નથી. કવર આખા ખોલેલા નહી. ત્યારબાદ તેમણે જણાવેલ છે કે, હાલ ચોક્કસ યાદ નથી. અંદરથી કાળો પદાર્થ કોણે કાઢેલો તે હાલ યાદ નથી. પોલીસે કાઢીને તોલવા માટે કોઈ તોલવાવાળો હતો તેને આપેલો. તેમની હાજરીમાં તે તોલેલુ. કાળો પદાર્થ તેમણે સૂંઘેલો નહી. તોલ્યા પછી બીજા કવરમાં સીલ માટે ડી.વાય.એસ.પી. સાહેબને આપેલુ. ડી.વાય.એસ.પી. સાહેબે કવરમાં મુકીને સીલ કરેલુ. કવર પ્લાસ્ટીક ટાઈપનુ હતુ. તે કવરને પછી સીલ કરેલુ. કવર લંબચોરસ ટપાલ કરીએ તેવુ હતુ. કવરના ચારેય ખુણે સીલ કરેલુ હતુ. કવરના ઢાંકણા ઉપર મારેલ કે કેમ તે હાલ યાદ નથી. પછી બાકીનાને ખાદીના કપડાની થેલીમાં મુકીને પેક કરેલુ. વધેલો માલ થેલીમાં મુકેલો પછી કપડાની થેલીમાં મુકેલો અને પછી સીલ કરેલો. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''જે પદાર્થ બે કવરોમાં મળેલો તે કવરો સાથે પદાર્થ થેલીમાં મુક્યો?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''વધેલો માલ અને કવર કાપડની થેલીમાં મુકવામાં આવેલો.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''વધેલા માલ સાથે એક કવર મુકેલુ કે બે ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''વધેલા માલ સાથે એક જ કવર મુકવામાં આવેલુ'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''પદાર્થ ઉપર બીજુ કવર ક્યાં ગયુ ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''પદાર્થ ઉપર એક જ કવર હતુ.'' તેમજ તેમને સવાલ કે, ''કપડાની થેલી ઉપર કેટલા સીલ કરેલા હતા.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''કપડાની થેલી ઉપર ચારેય ખૂણેથી સીલ કરેલા હતા.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''સીલ કોણે કરેલા ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''કોઈ માણસ હતો તેણે લાખ લઈને સીલ કરેલા.'' તેમજ તેમને યાદ નથી કે તેમની હાજરીમા કપડાની થેલીઓ ઉપર કોઈ લખાણ લખવામાં આવેલુ કે કેમ? પદાર્થનુ વજન એક જ વખત કરેલુ. તેમણે પંચનામામાં ત્યાંજ તે વખતે

સહી કરેલી. પંચનામુ કોણે લખેલુ તે નામ યાદ નથી. પંચનામુ તેઓ પંચોએ લખાવેલુ. પંચનામુ તેમણે લખાવેલુ નહી. પંચનામુ તેમ ને વંચાવેલુ. તેમણે વાંચેલુ. તેમને આંક–૪૧૪ વાળુ પંચનામુ બતાવતા તેના બન્ને પાના ઉપર તથા બીજા પંચની સહી તેમણે ઓળખી બતાવેલ છે અને આ સિવાય તેમા બન્ને પાના ઉપર તેમની તથા બીજા પંચની સહીઓ તેમણે ઓળખી બતાવેલછે. આ સિવાય કાપલીઓમાં તેઓ પંચોએ સહી કરેલી. તેમને આંક–૪૧૪ વાળુ પંચનામુ બતાવી તેમને વંચાવતા જે વાંચીને જણાવેલ છે કે, તેમણે વાંચેલુ તેજ પંચનામુ હોવાનુ જણાવેલ છે. તેમજ કવર જે ફીટ કરેલુ તે સાથે કાપલીઓ મુકેલી. એક કાપલી કવર સાથે અને બીજી કાપલી જે વધેલો મુદ્દામાલ હતો તેની સાથે મુકેલી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, હાલ તેમને તે પંચનામુ આરોપીપક્ષે વાંચવા માટે આપ્યુ તે પહેલા સરતપાસ વખતે કે તે પહેલા પંચનામુ તેમને કોઈએ વાંચવા આપેલુ હોય તેવુ બનેલુ નથી. તેમજ તેમણે એ વાતનો પણ સ્વિકાર કરેલ છે કે, તેમની સરતપાસ વખતે સરકારી વકીલ શ્રીએ તેમને પંચનામુ વાંચી સંભળાવેલુ નથી. તેમજ સેમ્પલનો પદાર્થ ૩૦ ગ્રામ હતો. તેમજ તેમણે એ વાતનો પણ સ્વિકાર કરેલ છે કે, ૩૦ ગ્રામ વાળુ સેમ્પલ તેમને તેમની જુબાનીમાં બતાવવામાં આવેલુ નથી. ઘણો સમય થયો હોઈ બાકીનો મુદ્દામાલ બતાવેથી તેઓ ઓળખી પણ શકે નહી. તેમજ હાલ તેઓ કશુ કહી શકે નહી કે તે પકડાની કોથળીમાં હશે કે કેમ? તેમજ તેમને એક ઝલક ડ્રીમ છાપેલી જાંબુડીયા કલરની પ્લાસ્ટીકની થેલીમા રહેલ કાળો પદાર્થ બતાવવામાં આવેલ છે. તેમજ તેમણે એ વાતનો પણ સ્વિકાર કરેલ છે કે, તે કોથળીની અંદર કે તે કોથળીની ઉપર કપડાની કોઈ થેલી નથી અને દેખાતો કાળો પદાર્થ પણ કપડાની થેલીમાં નથી. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમને

જુબાની તા.૪/૮/૨૨ના રોજ જુબાની આપવા આવ્યા તે પહેલા તેમણે સરતપાસમાં જે જુબાની આપી તેટલી જ જુબાની આપવા માટે જણાવવામાં આવેલુ હતુ. તેમજ તેમને પંચનામુ વંચાવેલ હોવાની, તેમજ પંચનામામાં લખેલ વિગતોની વિગતવાર જુબાની આપવાની નથી તેવુ જણાવેલ હોવાની, તથા આરોપીપક્ષે ઉલટતપાસ કરવામાં આવે તો ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવા જવાબો આપવા અગાઉથી સુચના આપવામાં આવેલ હોવાની વાતોનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ હાલ નાયબ મામલતદારના હોદ્ધા ઉપર આયોજન કચેરી પાલનપુરમાં  ફરજ બજાવે છે. તેમજ તેમની નોકરીમાં વિરૂધ્ધ અસરન થાય તે માટે તેમણે ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી અને તેટલીજ જુબાની આપેલ હોવાની, તથા તેમને ડેપ્યુટી કલેકટર સાહેબે પંચમાં રહેવા માટે જવા જણાવેલ ન હોવાની, તથા તેઓ તથા બીજા પંચ પોલીસના બોલાવવાથી પો.સ્ટેશનમાં ગયેલ હોવાની અને ત્યાં પંચનામામાં સહીઓ કરેલ હોવાની અને તેઓ ખોટી રીતે ખોટી જુબાની આપતા હોવાની વાતનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.

(એન) **આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૪) તરીકે આંક–૪૨૦થી સાહેદ પ્રવિણચંદ્ર હરીલાલ પરમાર તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** તેઓ સને–૧૯૯૫થી સને–૨૦૦૪ સુધી બનાસકાંઠા જિલ્લાની પાલનપુર એલ.સી.બી. શાખામાં પો.કો.તરીકે ફરજ બજાવતા હતા. સને–૧૯૯૬ના અરસામાં એલ.સી.બી. પી.આઈ.તરીકે આઈ.બી.વ્યાસ સાહેબ હતા. એલ. સી.બી.માં બે સ્કવોડ હતા. એક સ્કવોડમાં પી.એસ.આઈ. પી.જે. ચૌધરી તથા તેમના રાઈટર તરીકે હેડ કો.અબ્બાસભાઈ તથા બીજા માણસ બેચરભાઈ હતા. બીજા સ્કવોડમાં પી.એસ.આઈ. આર.પી.પટેલ હતા અને તેમના રાઈટર તરીકે

ગોવિંદભાઈ હતા અને બીજા માણસ માલાભાઈ રબારી હતા. માલાભાઈ રબારી ફિલ્ડ વર્કનુ કામ કરતા હતા. એલ.સી.બી. શાખા સીધી પોલીસ અધિક્ષક સાહેબના સુપરવિઝન હેઠળ કામ કરતી શાખા હતી. તે સમયે જીલ્લા પો. અધિકારી તરીકે આરોપી સંજીવભટ્ટ હતા. તા.૩૦/૪/૧૯૯૬ના રોજ હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫માં એલ.સી.બી. પી.આઈ. આઈ.બી. વ્યાસ સાહેબ તથા એલ.સી.બી.ના પોલીસ અધિકારી કર્મચારીઓ સાથે રેઈડ કરેલી. રૂમ નં.૩૦૫ના ગાદલા નીચેથી કઠણ આછો પોચો કાળો પદાર્થ જે આશરે એક કીલો ગ્રામ અફીણ મળી આવેલ હતુ. આ અંગે પી.આઈ. વ્યાસના લખાવ્યા મુજબ પંચનામુ તથા ફરિયાદ તેમના સ્વહસ્તાક્ષરમાં લખેલ હતી. પી.આઈ. વ્યાસના લખાવ્યા મુજબ જરૂરી કાગળો તથા નિવેદનો તેમણે લખેલ હતા. આ અંગે પાલનપુર શહેર પો.સ્ટેમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળનો ગુનો દાખલ થયેલ હતો. આ ગુનાના કામે સુમેરસિંહ રાજપુરોહીતને પાલી રાજસ્થાનથી પકડી લાવી અટક કરવામાં આવેલ. ત્યારબાદ તેને મુક્ત કરવા સી.આર.પી.સી. ક.–૧૬૯નો રિપોર્ટ કરવામાં આવેલ હતો. સને.૨૦૧૮ના વર્ષમાં તેમને સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગર તરફથી સમન્સ મળેલો. જેથી તેઓ સી.આઈ.ડી.ક્રાઈમ ગાંધીનગરની કચેરીએ ગયેલ. ત્યાં આગળ તેમને જાણવા મળેલ કે આ ગુનામાં ખરેખર કોણ સંડોવાયેલ છે તેની તપાસ નામદાર ગુજરાત હાઈકોર્ટે સી.આઈ.ડી. ક્રાઈમને સોપેલ છે અને તેની તપાસ પોલીસ અધિક્ષક શ્રી વિરેન્દ્ર યાદવ સાહેબ કરે છે. યાદવ સાહેબે આ ગુનાના કામે તેમની જુદી જુદી તારીખોએ પુછપરછ કરી નિવેદનો નોધેલા. સી.આર.પી.સી.૧૬૪ હેઠળના નિવેદનો તેમણે નામદાર જ્યુ. મેજી.ફર્સ્ટ કલાસ સમક્ષ ગુનાની સત્ય હકીકત અંગેના નિવેદનો નોધાવેલ હતા. તા.૨૯/૪/૯૬ના એટલે કે તા.૩૦/૪/૯૬ની રેઈડના આગલા દિવસે તેઓ હાજર એલ. સી.બી. સ્ટાફના માણસોને પી.આઈ.આઈ.બી. વ્યાસે કહેલ કે,''આવતી કાલે આપણને

એસ.પી.સાહેબ તરફથી એન.ડી.પી.એસ.ની એક બાતમી મળી શકે છે, તમે તૈયાર રહેજો''. તા.૩૦/૪/૯૬ના વહેલી સવારના તેઓ તેમના પોલીસ હેડ ક્વાર્ટર ખાતેના રૂમ ઉપર હાજર હતા તે વખતે સવારના આશરે છ એક વાગ્યે એલ.સી.બી.ના ડ્રાઈવર કરણસિંહ પોલીસ લાઈનમાં તેમના ક્વાર્ટર પાસે આવી હોર્ન વગાડતા તેઓ બહાર આવેલા કરણસિંહે તેમને પાલનપુર વિશ્રામગૃહ ખાતે જવા માટે આવવાનુ જણાવતા તેઓ તૈયાર થઈને તે જ ગાડીમાં હેડ કો. હંજારીભાઈ તથા તેઓ પાલનપુર વિશ્રામગૃહ ખાતે આશરે સાડા છ એક વાગે પહોચેલા. વિશ્રામગૃહ ખાતે પી.આઈ.વ્યાસ તથા હેડ.કો. મહંમદ હનીફ હાજર હતા. તેઓ વ્યાસ સાહેબને મળતા તેઓ સાહેબે કહેલ કે એસ.પી.સાહેબ તરફથી બાતમી મળેલ છે કે હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫ના ગાદલા નીચે અફીણ છે. તેમ કહી રેઈડ માટેની ઉતાવળ કરતા હતા અને તેઓને સરકારી ગાડીમાં લઈ લાજવંતી હોટલ ખાતે ગયેલા. ત્યાં આગળ પી.એસ.આઈ. પી.જે. ચૌધરી, પી.એસ.આઈ. આર.પી.પટેલ તથા પો.કો. ગોવિંદભાઈ તથા બેચરભાઈ નાઓ આવી ગયેલ હતા. તેઓ બધા ગાડીમાંથી નીચે ઉતરી હોટલ લાજવંતીના કાઉન્ટર ઉપર બેઠેલ હોટલ માલિક અશોકભાઈ ગુપ્તાને વ્યાસ સાહેબ મળેલા અને તેમને સાથે લઈ રૂમ નં.૩૦૫માં જવા નિકળેલ ત્યારે તેમના અધિકારીઓની પાછળ તેઓ તથા અન્ય કર્મચારીઓ હતા. કોઈ પંચોના માણસો ન હતા. આ કાર્યવાહી દરમ્યાન રૂમ નં.૩૦૫નો દરવાજો ખોલતા ખુલી ગયેલો. રૂમ નં.૩૦૫મા અન્ય કોઈ વ્યક્તિ હાજર ન હતી અને રૂમમાં કોઈ મુસાફર ઉતરી રોકાયેલ હોવાના કોઈ ચિહ્નો જણાયેલા નહી. રેઈડ દરમ્યાન રૂમ નં.૩૦૫ના પલંગના ગાદલા નીચેથી એક બગલથેલો મળી આવેલો તેમાંથી કઠણ આછો પોચો કાળો પદાર્થ મળી આવેલ. આ રૂમ નં.૩૦૫ માથી ગાદલા નીચેથી આશરે એક કીલો પંદર ગ્રામ જેટલુ અફીણ મળી આવેલ હતુ. જેથી

તેમણે તેમના પી.આઈ. વ્યાસ સાહેબને કંઈક ખોટુ થઈ રહ્યુ છે તેવી ટકોર કરતા તેઓ સાહેબે તેમને કહેલ કે ''એસ.પી. સાહેબની સુચના છે. તમારે તેઓ લખાવુ તે લખવાનુ છે. તમારે વધારે મગજ વાપરવાનુ નથી. જેથી તેઓ કોન્સ્ટેબલ કક્ષાના કર્મચારી હોઈ વધારે કંઈ કહેલ નહી''. પી.આઈ. આઈ.બી. વ્યાસે હોટલ લાજવંતીમાંથી મળેલ અફીણ સીલ કરાવેલ હતુ. પી.આઈ. આઈ.બી.વ્યાસે તેમને પંચનામુ લખાવતા તેમણે પંચનામુ લખેલ હતુ. પંચોના નામ પણ તેમણે જ લખાવેલ હતા. ફરિયાદ અને પંચનામુ હોટલ લાજવંતીના બગીચામાં બેસીને લખેલુ હતુ. હોટલ લાજવંતીના રજીસ્ટરની એન્ટ્રી નં.૬૪૦માં સુમેરસિંહ રાજપુરોહીત, રહે.પાલી વર્ધમાનની વિગતો પી.આઈ. વ્યાસ સાહેબે પંચનામામાં અને ફરિયાદમાં લખાવતા લખેલ હતી. આ રેઈડ કાર્યવાહી સબબ પાલનપુર શહેર પો.સ્ટે. માં પ્રોહી.ગુના નં.૨૧૬/૯૬ એન.ડી.પી. એસ. એકટ કલમ-૧૭ મુજબનો ગુનો દાખલ થતા ગુનાની તપાસ શ્રી આઈ.બી. વ્યાસ સાહેબે સંભાળેલી અને તેમણે રાઈટર તરીકે તેઓ સાહેબના લખાવ્યા મુજબ જરૂરી કાગળો, નિવેદનો અને કેસ ડાયરી વિગેરે તેમના હસ્તાક્ષરમાં લખેલ હતી. શ્રી આઈ.બી. વ્યાસ સાહેબે તેમને કહેલ કે તેઓ રેડીંગ પાર્ટીના માણસોના નિવેદનો લખાવે તેમ લખી લેવા અને તેઓ સાહેબે રેઈડીંગ પાર્ટીના માણસોના નિવેદનો લખાવતા તેમણે લખેલ હતા. આ રેઈડ કાર્યવાહી પછી વ્યાસ સાહેબ ચિંતામાં રહેતા હતા કે કંઈક ખોટુ થઈ રહ્યુ છે તેવુ તેમને તેમની વાતચીત ઉપરથી લાગેલ હતુ અને તેમણે બે દિવસ સુધી તપાસ પણ ધીમી કરી દીધેલ હતી. તા.૨/૫/૯૬ના રોજ તેઓ એલ.સી.બી. કચેરીમાં હાજર હતા તે દરમ્યાન સાંજના વખતે પી.આઈ. આઈ.બી.વ્યાસને આરોપી એસ.પી.સંજીવ ભટ્ટે બોલાવતા આઈ.બી. વ્યાસ આરોપી એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબની ઓફીસમાં ગયેલ હતા. થોડીવાર પછી પરત આવી તેમને તથા હેડ કો. હંજારીભાઈને કહેલ

કે ''એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબે આપણને પાલી રાજસ્થાન તાત્કાલિક જવાની સુચના કરેલ છે અને સુમેરસિંહને પકડી લાવવાનુ જણાવેલ છે''. જેથી તેમણે પી.આઈ.વ્યાસ સાહેબને કહેલ કે, ''સુમેરસિંહને અટક કરાય એટલા પુરતા પુરાવા નથી અને સુમેરસિંહનુ પાલીનુ આખુ નામ સરનામુ આપણી પાસે નથી''. શ્રી વ્યાસ સાહેબે તેમને કહેલ કે, ''એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબે સુમેરસિંહનુ આખુ નામ સરનામુ તેમને આપેલ છે અને અત્યારે જ નીકળવાનુ કહેલ છે, આપણી મદદમાં ટ્રાફીક પી.એસ. આઈ. યાજ્ઞિકને આવવા હુકમ કરેલ છે. તમે કાગળો લઈ લો આપણે થોડીવારમાં નીકળીએ''. થોડીવાર પછી વ્યાસ સાહેબ તથા તેઓ અને હેડ કો. હંજારીભાઈ તેમની એલ.સી.બી.ની સરકારી ગાડીમાં ડ્રાઈવર કાન્તીલાલ સાથે રવાના થયેલ અને રસ્તામાં ટ્રાફીક પી.એસ.આઈ. યાજ્ઞિક સાહેબ તેમની સરકારી ગાડી લઈ તેમની સાથે આવેલ. શ્રી આઈ.બી. વ્યાસ સાહેબે રાજસ્થાન રાજ્યમાં સરકારી વાહન સાથે જવાની મંજુરી માંગેલ ન હતી. તેમછતા આરોપી સંજીવ ભટ્ટ સાહેબે ગેરકાયદેસર રીતે મૌખિક હુકમ કરી વ્યાસ સાહેબ તથા યાજ્ઞિક સાહેબ અને તેઓને રવાના કરેલ હતા. સરકારી વાહન સાથે રાજ્ય બહાર તપાસમાં જવાની મંજુરી રેન્જ ડી.આઈ.જી. પાસેથી મેળવવાની હોય છે, જે મંજુરી મેળવેલ ન હતી. તેઓ બધા રાત્રે આશરે સાડા બારેક વાગે પાલી પહોચેલ હતા. પી.આઈ.આઈ.બી.વ્યાસ સાહેબ પાસે સુમેરસિંહનુ આખુ નામ સરનામુ હોઈ તેઓ ગાડીમાંથી નીચે ઉતરી એક ચાની કીટલી વાળાને સુમેરસિ્હનુ સરનામુ પુછેલુ અને ગાડીમાં બેસી કહેલ કે બાપુનગર જવાનુ છે.તેમ કહી તેમના જણાવ્યા પ્રમાણે ડ્રાઈવરે ગાડી હંકારેલી અને આગળ જતા બે-ત્રણ સર્કલ ઉપર બાપુનગર ક્યાંથી જવાય તેમ પુછેલુ અને બાપુનગર પહોચી સુમેરસિંહની સોસાયટી શોધેલી. સુમેરસિંહની સોસાયટી નજીક પહોચી પી.આઈ.વ્યાસ સાહેબે એલ.સી.બી.ની ગાડી દુર મુકાવેલ અને

યાજ્ઞિક સાહેબની ગાડીમાં બેસી સુમેરસિંહના ઘરે પહોચેલ હતા. ''વ્યાસ સાહેબે સુમેરસિંહ બહાર આવો '' તેવી બૂમ પાડતા સુમેરસિંહ બહાર આવેલા. વ્યાસ સાહેબે સુમેરસિંહને ગાડીમાં બેસવાનુ કહેતા ત્યાં આગળ બૂમાબૂમ થયેલ અને ઘણાં માણસો ભેગા થઈ ગયેલ. જેથી સુમેરસિંહને પકડીને ગાડીમાં બેસાડી બંને ગાડીઓ લઈ રોડ ઉપર આવી ગાડીઓ હંકારી આગળ જતા રાજસ્થાન પોલીસની ગાડીએ તેમની ગાડીઓનો પીછો કરી ગાડીઓ રોકાવેલ અને પો.સ્ટે. આવવાનુ જણાવેલુ. જેથી તેઓ બધા પાલી કોટવાલી પો.સ્ટે. ગયેલા. ત્યાં આગળ સુમેરસિંહના વકીલ અને બીજા ઘણાં માણસો ભેગા થઈ ગયેલ હતા. પી.આઈ.વ્યાસ સાહેબ સુમેરસિહને પાલનપુર લઈ જવાની વાત કરતા પાલી પોલીસે સવાર સુધી રોકાવાનુ કહેતા પી.આઈ.વ્યાસ સાહેબે આરોપી એસ.પી. સંજીવ ભટ્ટ સાહેબને ફોન કરી વાત કરેલી અને આરોપી સંજીવ ભટ્ટ સાહેબે પાલી કોટવાલી પી.આઈ. સાહેબ જોડે વાત કરેલી. તે પછી વ્યાસ સાહેબે સુમેરસિંહને પુછપરછ માટે પાલનપુર લઈ જવાની યાદી આપતા તેઓ સુમેરસિંહને લઈ પાલનપુર આવવા રવાના થયેલ. રસ્તામાં વ્યાસ સાહેબે સુમેરસિંહને પાલી વર્ધમાન માર્કેટની દુકાન બાબતે પુછપરછ કરેલી અને દુકાન ખાલી કરી દેવાનુ કહેલ. તા.૩/૫/૯૬ના સવારના આશરે દશેક વાગે સુમેરસિંહને લઈ પાલનપુર પરત આવેલા. સુમેરસિંહને એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબે તેમની ઓફીસમાં બોલાવતા સુમેરસિંહને લઈ તેઓ તથા વ્યાસ સાહેબ આરોપી એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબની ચેમ્બરમાં ગયેલ હતા. આરોપી એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબે સુમેરસિંહને પાલી વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરી દેવાની ધમકીઓ આપેલી અને કહેલ કે '' તમારી વર્ધમાન માર્કેટની દુકાનનો શુ વિવાદ છે ? દુકાન કેમ ખાલી કરતા નથી ? તમારી ઉપર હાલમાં એક કીલો અફિણનો કેસ કરેલ છે. દુકાન ખાલી નહી કરો તો આ કેસમાં બચેલ ચાર કીલો અફીણ તમારી પાસેથી રિકવર કરવામાં આવશે અને તમને હાઈકોર્ટ સુધી જામીન

નહી મળે. દુકાન ખાલી નહી થાય તો તમો વધારે મુશ્કેલીમાં મુકાઈ જશો''. તેજ દિવસે કલાક–૧૩/૩૦ વાગે સુમેરસિંહ રાજપુરોહીતને આ ગુનાના કામે અટક કરવામાં આવેલો અને તેની પુછપરછમાં તે ગુનાનો આરોપી નહી હોવાનુ અને તેને મલિન ઈરાદાથી એન.ડી.પી.એસના ગુનામાં સંડોવવાનુ કાવતરુ રચેલ હોવાનુ તેમને શંકા જતા આ હકીકત તેમણે વ્યાસ સાહેબના ધ્યાન ઉપર મુકતા તેમણે કહેલ કે ''એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબની સુચના છે તે મુજબ કાર્યવાહી કરવાની છે''. સુમેરસિંહ રિમાન્ડ ઉપર હતા, તે દરમ્યાન તા.૫/૫/૯૬ના એક કુટરમલ જૈન એસ.પી. ઓસરીમાં આવેલ અને આરોપી એસ.પી. સંજીવ ભટ્ટ સાહેબને મળી એલ.સી.બી. ઓફીસમાં આવી વ્યાસ સાહેબને મળતા તેઓનુ વ્યાસ સાહેબના લખાવ્યા મુજબનુ તેમણે નિવેદન લખેલ હતુ. સુમેરસિંહ રિમાન્ડ ઉપર હતા તે દરમ્યાન ગંગાસિંહ એલ.સી.બી. ઓફીસે આવેલ અને તેમની પાસે આરોપી સંજીવ ભટ્ટ સાહેબનો ફેક્સ નંબર માંગતા તેમણે તેમને કંટ્રોલ રૂમમાંથી લેવાનુ કહેલ જેથી તેઓ બહાર જઈ કોઈ એસ.ટી.ડી. પી.સી.ઓ. ઉપર દુકાન બાબતે કરાર થયેલ હોઈ તેની કોપી ફેક્સથી મંગાવેલ અને તે કરારની કોપી લઈ આરોપી એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબ પાસે ગયેલ હતા. આ ગુનાનુ સીધુ સુપરવિઝન આરોપી સંજીવ ભટ્ટ સાહેબ કરતા હતા અને તેઓ જે સુચના આપે તે પ્રમાણેની તપાસ વ્યાસ સાહેબ કરતા હતા. પી.આઈ. આઈ.બી.વ્યાસ સાહેબને આરોપી સંજીવ ભટ્ટ સાહેબે તેમની ઓફીસમાં બોલાવી સુમેરસિંહની ઓળખ પરેડ કરવાની સુચના કરેલ, તે આધારે તા.૫/૫/૯૬ના રોજ પી.આઈ. આઈ.બી. વ્યાસ સાહેબે સુમેરસિંહની ઓળખ પરેડ કરવાનો એક્ઝીક્યુટીવ મેજી.નો રિપોર્ટ તેમની પાસે લખાવેલ હતો, તે આધારે તા.૬/૫/૯૬ના રોજ સુમેરસિંહની ઓળખ પરેડ એક્ઝીક્યુટીવ મેજી. સમક્ષ કલાક ૧૭/૦૦ વાગે પુરી થયેલ હતી. તે પહેલા પી.આઈ., આઈ.બી.

વ્યાસ સાહેબે બપોરના તેમને બોલાવી કહેલ કે આરોપી એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબે સુમેરસિંહે વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરવાનો કરાર કરેલ હોઈ સુમેરસિંહને છોડી મુકવા માટે સી.આર.પી.સી. ૧૬૯ નો રિપોર્ટ કરવાની સુચના કરેલ છે જેથી તમો તેઓ લખાવે તેમ રિપોર્ટ લખો તેમ કહી તેમને બપોરના સમયે સુમેરસિંહને છોડી મુકવા અંગેનો રિપોર્ટ લખાવેલ હતો. તે જ વખતે વ્યાસ સાહેબે કસ્ટડી યાદી લખાવેલ હતી અને સાહેદોના નિવેદનો પણ લખાવેલ હતા. કલાક–૧૭/૦૦ વાગે સુમેરસિંહની ઓળખ પરેડ પુરી થયેલ, પરંતુ ઓળખ પરેડ પંચનામાની નકલ મળેલ ન હોઈ પી.આઈ. વ્યાસને આરોપી એસ.પી. સંજીવ ભટ્ટ સાહેબે બોલાવી પોલીસ રૂબરૂની ઓળખ પરેડ કરવાની સુચના કરતા પી.આઈ વ્યાસ રૂબરૂનુ  પી.આઈ. વ્યાસ સાહેબે સુમેરસિંહની ઓળખ પરેડનુ પંચનામુ કલાક–૧૭/૧૫ થી ૧૭/૪૦ સુધીનુ તેમને લખાવેલ હતુ. આ પંચનામા દરમ્યાન શાંતીલાલ ગુપ્તા હાજર હતા. મનુ કોદરવી હાજર હતો નહી. કલાક–૧૭/૪૦ વાગે વ્યાસ સાહેબ રૂબરૂનુ ઓળખ પરેડ પંચનામુ પુરુ થયેલ અને વ્યાસ સાહેબે અગાઉથી તૈયાર કરી રાખેલ સી.આર.પી.સી.૧૬૯નો રિપોર્ટ તથા કોર્ટ કસ્ટડી યાદી સાથે સુમેરસિંહને નામદાર કોર્ટ સમક્ષ લઈ જઈ રજુ કરેલ હતો. આરોપી એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબની સુચનાથી એકવાર ઓળખ પરેડ થઈ ગયા પછી બીજીવાર પોલીસ રૂબરૂની ઓળખ પરેડ કરવા માટે વ્યાસ સાહેબને આરોપી સંજીવ ભટ્ટ સાહેબે જણાવેલ હતુ. તેમને આંક–૨૭૨ બતાવવામાં આવે છે. જે આ ગુનાની અસલ કેસ ડાયરીની કાર્બન નકલ છે. આ કેસ ડાયરી તેમના સ્વહસ્તાક્ષરમાં પી.આઈ. વ્યાસ સાહેબના લખાવ્યા મુજબ લખવામાં આવેલી તે છે. આ કેસ ડાયરી તા.૩૦/૪/૯૬થી તા.૪/૫/૯૬ સુધીની છે. આ કેસ ડાયરી સુમેરસિંહના રિમાન્ડ માંગવામાં આવેલ તે સમયે નામદાર કોર્ટમાં રિમાન્ડ રિપોર્ટ સાથે રજુ કરવામાં આવેલ હતી. જેમા દરેક તારીખની વિગતની નીચે પી.આઈ.શ્રી વ્યાસ સાહેબની સહી છે. તેમને

આંક–૨૭૩ બતાવવામાં આવે છે. જે કેસ ડાયરી છે. જે તા.૩૦/૪/૯૬થી તા.૬/૭/૯૬ સુધીની શ્રી વ્યાસના હસ્તાક્ષરમાં લખાયેલી છે. આ ગુનાની શરુઆતની કેસ ડાયરી તેમના હસ્તાક્ષરમાં પી.આઈ.શ્રી આઈ.બી.વ્યાસ સાહેબના લખાવ્યા મુજબ પંદર દિવસ સુધી લખાયેલ હતી. આ કેસ ડાયરીમાં પી.આઈ.શ્રી આઈ.બી. વ્યાસે આરોપી સંજીવ ભટ્ટ સાહેબે તપાસ અંગે આપેલ સુચનાઓ લખાવેલી હતી. સુમેરસિંહ રાજપુરોહીતના રિમાન્ડ બાદ આશરે પંદર દિવસ પછી આરોપી સંજીવ ભટ્ટ સાહેબે તેમને તથા પી.આઈ.શ્રી આઈ.બી. વ્યાસને આ ગુનાના અસલ કેસ કાગળો તથા કેસ ડાયરી સાથે તેમની ચેમ્બરમાં બોલાવેલ હતા. આ ગુનાની શરુઆતથી પંદર દિવસ સુધીની કેસ ડાયરી તેમના હસ્તાક્ષરમાં વ્યાસ સાહેબના લખાવ્યા મુજબ લખેલ હતી. આ કેસ ડાયરીમાં આરોપી સંજીવ ભટ્ટ સાહેબની સુચનાથી તેમના સીધા સુપરવિઝન હેઠળ આપવામા આવેલ સુચનાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો. જેમાં સુમેરસિંહની એક્ઝી. મેજી. સમક્ષની ઓળખ પરેડ પછી તાત્કાલિક પોલીસ રૂબરૂની ઓળખ પરેડ કરવાની કરેલ સુચના તથા સુમેરસિંહને સી.આર.પી.સી.૧૬૯ મુજબનો રિપોર્ટ કરવાની કરેલ સુચના કારણ કે સુમેરસિંહે પાલી વર્ધમાન માર્કેટની દુકાન નં.૬ ખાલી કરવાનો કરાર કરેલ હોઈ તેને તાત્કાલિક છોડી મુકવા માટે નામદાર કોર્ટને રિપોર્ટ કરવાની કરેલ સુચનાઓનો ઉલ્લેખ તથા અન્ય સુચનાઓનો ઉલ્લેખ કરેલ હતો. જે વિગતો આરોપી સંજીવ ભટ્ટ સાહેબે વાંચતા આરોપી, વ્યાસ સાહેબ ઉપર ગુસ્સે થઈ ગયેલ અને તેમને કહેલ કે, ''હું તને માવસરી મુકી દઈશ'', અને ગરમ થઈ કેસ ડાયરીના બે ટુકડા કરી ફાડી નાંખેલ હતી. આરોપી સંજીવ ભટ્ટે વ્યાસ સાહેબને કહેલ કે, ''આ વિગતો કાઢી નાંખી તમારા સ્વહસ્તાક્ષરમાં નવેસરથી કેસ ડાયરી બનાવી તૈયાર કરો''. જેથી તેઓ તથા વ્યાસ સાહેબ બે ટુકડા કરેલ કેસ ડાયરી લઈ એલ.સી.બી. ઓફીસ આવેલા અને

વ્યાસ સાહેબે આ ગુનાની તેમના હસ્તાક્ષરમાં લખાયેલી તા.૩૦/૪/૯૬થી તા.૪/૫/૯૬ સુધીની રિમાન્ડ સુધીની કેસ ડાયરીમાંની વિગતો જોઈ જોઈને નવી કેસ ડાયરી લખેલ હતી અને તે પછી આરોપી સંજીવ ભટ્ટ વિરુધ્ધની વિગતો કાઢી નાખી કેસ ડાયરી તૈયાર કરેલ હતી અને બે ટુકડા કરેલ કેસ ડાયરી વ્યાસ સાહેબે નાશ કરેલ હતો. નામદાર જ્યુ.મેજી.ફર્સ્ટ ક્લાસ સાહેબ ગાંધીનગરની કોર્ટમાં તા.૬/૯/૧૮ના રોજ હાજર રહેવાની તેમને જાણ થતા તેઓ નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબ ગાંધીનગરની કોર્ટમાં ગયેલા અને કારકુનને મળેલા અને કારકુને મેજીસ્ટ્રેટ સાહેબને વાત કરેલી અને કારકુને તેમને બેસવાનુ કહેલ અને થોડીવાર બાદ તેમને નામદાર મેજીસ્ટ્રેટ સાહેબે બોલાવેલ અને જરૂરી વિગતો પુછેલી અને તેમને સોગંદ આપેલા અને તેમણે તેઓ સાહેબને તેમનું નિવેદન લખાવેલુ. નિવેદન લખાવ્યા બાદ નામદાર મેજિસ્ટ્રેટ સાહેબે તેમની સહીઓ લીધેલી. નામદાર જ્યુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ ગાંધીનગરની કોર્ટમાં તેમને તારીખ ૯/૧૦/૧૮ના રોજ હાજર રહેવાની જાણ થયેલી. જેથી તેઓ ગાંધીનગર નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં ગયેલ. મેજીસ્ટ્રેટ સાહેબે તેમને સોગંદ આપેલા અને તેઓ સાહેબશ્રી સમક્ષ તેઓએ તેમનું નિવેદન લખાવેલ અને મેજીસ્ટ્રેટ સાહેબે તેમના નિવેદનમાં તેમની સહીઓ લીધેલી. ત્યારબાદ તા.૨૭/૧૧/૧૮ના રોજ એલ. સી.બી. ઓફીસમાં ૧૯૯૬ના વર્ષમાં વ્યાસ સાહેબ જે ચેમ્બરમાં બેસતા હતા તે ચેમ્બર તથા ચેમ્બરમાં જે જગ્યાએ લાકડાનુ કબાટ હતુ, તે જગ્યા તેમણે પંચો રૂબરૂ પોલીસ અધિક્ષક શ્રી વિરેન્દ્ર યાદવ સાહેબને બતાવેલ હતી અને પોલીસ અધિક્ષક શ્રી વિરેન્દ્ર સાહેબે આ અંગે તેમનું નિવેદન લીધેલુ. સને ૧૯૯૬ની સાલમાં એલ.સી.બી. પી.આઈ. તરીકે શ્રી આઈ.બી. વ્યાસ સાહેબ

હતા, તેમની ચેમ્બરમાં એક લાકડાનુ કબાટ હતુ. તે કબાટમાં વ્યાસ સાહેબ તપાસના કાગળો રાખતા હતા અને એલ.સી.બી.ના ગુપ્ત રજીસ્ટરો તથા સ્ટેશનરી કબાટમાં રહેતી હતી. એલ.સી.બીના પી.એસ.આઈ. શ્રી પી.જે.ચૌધરી પાસે એક પેટી હતી તેમાં તેઓ તેઓની તપાસના અસલ કેસ કાગળો વિગેરે રાખતા હતા. એલ.સી. બી.ના પી.એસ.આઈ. શ્રી આર.પી.પટેલ પાસે કોઈ કબાટ કે પેટી ન હોઈ તેઓ પી.આઈ.શ્રી વ્યાસ સાહેબની ચેમ્બરમાં રહેલ લાકડાના કબાટમાં ક્યારેક તેમની પાસેના તપાસના કાગળો તથા કોઈ ગુનાની કીંમતી ચીજ વસ્તુઓ રાખતા હતા અને તેઓ શ્રી પી.જે.ચૌધરી સાહેબની પેટીનો પણ ઉપયોગ કરતા હતા. તા.૩૦/૪/૯૬ની રેઈડના આગલા દિવસે આર.પી.પટેલ સાહેબના સ્કવોડના માલાભાઈ રબારી બપોરના વખતે એક પેકેટ લઈ આવેલા અને તેઓએ કબાટમાં પેકેટ મુકેલ હતુ. આ પેકેટ જાંબુડી રંગની મીણીયા થેલીનુ હતુ. માલાભાઈએ પેકેટ મુક્યા પછી પી.આઈ.શ્રી આઈ.બી. વ્યાસ સાહેબે ''મને પેકેટ બાબતે પુછતા આર.પી.પટેલ સાહેબના સ્કવોડના માણસ માલાભાઈ રબારી આ પેકેટ મુકી ગયેલ છે તેમ તેમણે વ્યાસ સાહેબને કહેલ હતુ ''. તા.૩૦/૪/૯૬ની રેઈડ પછી પી.આઈ. શ્રી આઈ.બી. વ્યાસ સાહેબે કબાટમાં પેકેટ જોતા નહી જણાતા વ્યાસ સાહેબે તેમને પેકેટ બાબતે પુછતા તેમણે કહેલ કે તે જ દિવસે સાંજના પેકેટ માલાભાઈ રબારી લઈ ગયેલ હતા. તા.૩૦/૪/૯૬ની રાત્રીના એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબને આરોપી એસ.પી. સંજીવ ભટ્ટ સાહેબે બોલાવી વ્યાસ સાહેબને તાત્કાલિક જરૂરી પોલીસ લઈ આર.પી.પટેલનો સંપર્ક કરી તે કહે તે જગ્યાએ રેઈડ કરવાનુ જણાવેલુ હોઈ પી.આઈ.વ્યાસ સાહેબ સાથે તેઓ તથા એલ.સી.બી. સ્ટાફના માણસો મોડી રાત્રીના ડીસા તરફ ગયેલ અને પી.આઈ. શ્રી આઈ.બી. વ્યાસે પી.એસ.આઈ. શ્રી આર.પી. પટેલનો સંપર્ક કરેલ. શ્રી આર.પી.પટેલે પી.આઈ. શ્રી વ્યાસ સાહેબને જણાવેલ કે આરોપી એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબની બાતમી આધારે

શેરપુરા ઢાણી ગામે અફીણની રેઈડ કરવાની છે અને આરોપી એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબે અફીણનો ધંધો ચાલુ હોવાની ખાતરી પણ કરાવેલ છે. જેથી પી.આઈ.શ્રી આઈ.બી.વ્યાસ તથા તેઓ સ્ટાફના માણસો પી.એસ.આઈ.શ્રી આર.પી.પટેલ અને માલાભાઈ રબારીના બતાવ્યા પ્રમાણે મોડી રાત્રીના શેરપુરા ઢાણી ગામે ગયેલા અને વહેલી સવાર પહેલા એક સાધુના ત્યાં રેઈડ કરતા આશરે પાંચ કીલો જેટલુ અફીણ મળેલ અને ત્યાથી બીજી જગ્યાએ રેઈડ કરતા તે જગ્યાએ દસ કીલો જેટલુ અફીણ મળેલ અને વધુ વિગતો મળતા બીજી બે જગ્યાએ રેઈડ કરતા બે જગ્યાએથી આશરે વીસેક કીલો જેટલુ અફીણ મળેલ હતુ. આ અંગે વિગતવારના પંચનામા તથા ફરીયાદો તૈયાર કરી આગથળા પોલીસ સ્ટે.માં આ અંગેના જુદા–જુદા ચાર ગુનાઓ દાખલ કરાવવામાં આવેલ હતા. ઉપરોક્ત જગ્યાએ રેઈડ દરમ્યાન દરેક જગ્યાએથી મેણીયા થેલીમાં પેક કરેલ અફીણના પેકેટો હતા. જે દરેક પેકેટ આશરે એક કીલો વજનના હતા અને દરેક જગ્યાએથી એક જ સાઈઝના પેકેટો મળેલા હતા. જેથી તેમણે ચાલુ રેઈડ દરમ્યાન પી.આઈ. શ્રી વ્યાસને તથા પી.એસ.આઈ.શ્રી આર. પી. પટેલને કહેલ કે આ મળી આવેલ પેકેટો અને હોટલ લાજવંતીમાંથી પકડાયેલ અફીણનુ પેકેટ એક જ સાઈઝનુ હતુ અને માલાભાઈ રબારીએ લાકડાના કબાટમાં મુકેલ જાંબુડી કલરના પેકેટની સાઈઝના આ પેકેટો હતા. જેથી તેમને વધારે શંકા જતા તેમણે વ્યાસ સાહેબને કહેલ કે આ મુદ્દામાલનુ અફીણ તથા  હોટલ લાજવંતીમાંથી મળેલ મુદ્દામાલના અફીણ એક જ હોવાનુ જણાય છે તેનુ પરિક્ષણ થાય ત્યારે સાહેબ તમે સરખાવી જોજો. આરોપી સંજીવ ભટ્ટ સાહેબની ઓફીસ જોરાવર પેલેસ ખાતે હતી અને નિવાસસ્થાન સોનારિયા બંગલા ખાતે હતુ. આરોપી સંજીવ ભટ્ટ સાહેબ મોટા ભાગે તેમના બંગલેથી જ કામ કરતા હતા અને પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓને બંગલે બોલાવતા હતા. આરોપી સંજીવ ભટ્ટ સાહેબના બંગલે માલાભાઈ રબારી અવાર નવાર જતા હતા અને માલાભાઈ

રબારીને આરોપી સંજીવ ભટ્ટ સાહેબ બાતમીઓની ખરાઈ કરવા માટે જીલ્લામાં જુદી જુદી જગ્યાએ મોકલતા હતા અને માલાભાઈ રબારી આરોપી સંજીવ ભટ્ટ સાહેબના બંગલે ઘી આપવા પણ જતા હતા. ઉપરોક્ત તપાસ દરમ્યાન તેમને સુમેરસિંહના ભાઈ રઘુનાથ તથા સુમેરસિંહના સંબંધી ગંગાસિંહ વિગેરેથી તથા સુમેરસિંહથી જાણવા મળેલ કે સુમેરસિંહની પાલી વર્ધમાન માર્કેટમાં આવેલ દુકાન ખાલી કરવાનુ તે સમયના નામદાર ગુજરાત હાઈકોર્ટના જજ સાહેબ શ્રી આર.આર.જૈન સાહેબના ધર્મની બહેન અમરીબાઈના નામે આ દુકાનનો વહીવટ જૈન સાહેબના કાકા કુટરમલ હીરાચંદ કરતા હતા. જે દુકાન ખાલી કરવા માટે સુમેરસિંહને અફીણના ગુનામાં ફસાવવાનુ કાવતરુ આરોપી સંજીવ ભટ્ટ સાહેબે રચી તેને પાર પાડી સુમેરસિંહ વિરુધ્ધ આ નાર્કોટીક્સનો ગુના દાખલ કરાવેલ હતો અને તે ગુનામાં સુમેરસિંહને અટક કરાવવામાં આવેલ હતો. વધુમાં જણાવુ છુ કે આ ઘટના દરમ્યાન સુમેરસિંહે તેના કબજા હેઠળની દુકાન ખાલી કરી તેનો કબજો શ્રી આર.આર. જૈન સાહેબના કાકા કુટરમલને સુપ્રત કરેલ હોવાનુ તેમણે જાણેલુ હતુ. સદર સાહેદે આરોપી નં.(૨) સંજીવભટ્ટને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે. તેઓની જુબાનીમાં આંક–૩૮૮ અન્વયે  કવરમાંથી નીકળેલ દસ દસ્તાવેજી પુરાવાઓ કોર્ટ રૂબરૂ ખોલતા તેમાંથી નીકળેલ સદર દસ્તાવેજોને માર્ક–૩૮૮/૬/૧ થી માર્ક–૩૮૮/૬/૪ થી રજુ છે. તેમને માર્ક–૩૮૮/૩/૪ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે. જેમાં નીચે તેમની સહી છે જેમાં નીચે નામ લખેલ છે તેમ પણ તેમના હસ્તાક્ષરમાં છે. નામ.જ્યુડી. મેજી.ફ.ક સાહેબની કોર્ટ ગાંધીનગર ખાતે તેઓ ગયેલ ત્યારે કોર્ટમાં તેમને મેજીસ્ટ્રેટ સાહેબે તેઓ નિવેદન લખાવવા માંગે છે તે બાબતે પ્રશ્નો પુછેલા અને તેમણે તેના જવાબો આપેલા અને મેજીસ્ટ્રેટ સાહેબે તેમને વિચારણા માટેનો ચોવીસ કલાકનો સમય આપેલ હતો તે અંગે નીચે તેમણે પોતાની સહી કરેલ

હતી. આ સહી તેમણે તા.૫/૯/૨૦૧૮ના રોજ કરેલી. તેમને માર્ક–૩૮૮/૩/૫ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે. જેમાં નિવેદન કરનારની સહી તેવુ ટાઇપ થયેલ છે તેની બાજુમાં તેમની સહી છે. તા.૬/૯/૧૮ના રોજ તેઓ નામ.જ્યુ.મેજી. ફ.ક. સાહેબ ગાંધીનગરની કોર્ટમાં ગયેલ ત્યારે મેજી.સાહેબે તેમને વિચારણા માટે વધુ સમય જોઈએ છે ? તેવુ પુછેલુ તેમણે ના પાડતા અને તેઓ સ્વેચ્છાએ લાલચ, પ્રલોભન, ધમકી વગર તેમનુ નિવેદન લખાવવા માંગે છે તેવુ જણાવેલ હતુ તેના નીચે તેમણે પોતાની સહી કરેલી. તેમને માર્ક–૩૮૮/૩/૫ સાથેનુ નિવેદન બતાવવામાં આવે છે. જેમાં પાના નં.(૧)થી (૩)ના હાસીયામાં જે સહીઓ છે તે તેમની સહીઓ છે તથા નિવેદન કરનારની સહી તેવુ લખાવેલ છે તેની ઉપર પાના નં.(૪) ના અંત ભાગે જે સહી છે તે તેમની સહી છે. તેમને તેમનું નિવેદન વાંચી બતાવવામાં આવે છે. તેમાં લખેલી હકીકતો સાચી છે. સદર સાહેદની જુબાની દરમ્યાન માર્ક–૩૮૮/૩/૪ અને ૩૮૮/૩/૫ જે અગાઉ રીફર કરવામાં આવેલ હોય મજકુર બન્ને દસ્તાવેજો ક્રમશ: આંક–૪૨૧ અને આંક–૪૨૨થી રજુ થયેલ છે. આ કામે આંક–૪૨૩થી તેમનું ગાંધીનગર ખાતે મહે.ચીફ જ્યુ.મેજિસ્ટ્રેટશ્રી દ્વારા નીયમ અનુસારની કાર્યવાહી કરી મજકુર નિવેદન નોધેલ છે તે બાબતનુ પ્રમાણપત્ર છે અને તેમા તેમની સહી છે આ પ્રમાણપત્ર તેમજ સાથેના ચર્ચા કર્યા મુજબના દસ્તાવેજો અત્રેની અદાલત દ્બારા ગાંધીનગર ખાતેની મહે.ચીફ.જ્યુ.મેજી.કોર્ટ પાસેથી મંગાવામાં આવેલા છે અને નીયત કરવામાં આવેલ કાર્યવાહી અનુસાર સીલબંધ પ્રક્રિયામાં અત્રેની અદાલતમાં રજુ થયેલ છે. જે આ કામે આંક–૪૨૪, ૪૨૫ અને ૪૨૬થી રજૂ થયલ છે. તેમને માર્ક–૩૮૮/૬/૨ બતાવવામાં આવે છે. જેમાં અંત ભાગે તેમની સહી છે, તેમનુ નામ

તેમના અક્ષરમાં લખેલ છે. તા.૮/૧૦/૨૦૧૮ના રોજ તેઓ નામ.જ્યુ.મેજીસ્ટ્રેટ.ફસ્ટ.ક્લાસ સાહેબ, ગાંધીનગરની કોર્ટમાં ગયેલ. મેજીસ્ટ્રેટ સાહેબે તેમને નિવેદન લખાવવા માટેના પ્રશ્નો પુછેલા અને તેના તેમણે જવાબ આપેલા અને તેઓ તેમનું નિવેદન સ્વેચ્છાએ આપવા માંગે છે, તેવુ જણાવતા મેજીસ્ટ્રેટ સાહેબે તેમને વિચારણા કરવા માટેનો ચોવીસ કલાકનો સમય આપેલ હતો, જેમાં તેમણે કરેલ સહી ઓળખી બતાવતા, જે દસ્તાવેજ આંક–૪૨૭થી રજુ થયેલ છે. માર્ક–૩૮૮/૬/૩ બતાવવામાં આવે છે. તેમાં નિવેદન કરનારની સહી તેવુ જે ટાઈપ કરેલ છે તેની ઉપર તેમની સહી છે. તા.૯/૧૦/૨૦૧૮ના રોજ તેઓ નામ.જ્યુડી.મેજી.ફસ્ટ. ક્લાસ સાહેબ, ગાંધીનગરની કોર્ટમાં ગયેલા ત્યારે મેજીસ્ટ્રેટ સાહેબે તેમને વિચારણા માટે વધુ સમયની જરૂર છે કે કેમ તેવુ પુછેલુ જેથી તેમણે ના પાડેલી અને મેજીસ્ટ્રેટ સાહેબે તેમને કહેલ કે તમે નિવેદન તમારી સ્વેચ્છાએ લાલચ, પ્રલોભન, ધમકી સીવાય આપો છો ? તેવુ પુછતા તેમણે હા પાડેલી અને જેથી મેજીસ્ટ્રેટ સાહેબે તે પ્રશ્નોતરી ટાઈપ કરી તેમા તેમની સહી લીધેલી અને જે તેમણે કરેલ સહી ઓળખી બતાવતા, તે દસ્તાવેજ આંક–૪૨૮થી રજુ થયેલ છે. તેમને માર્ક–૩૮૮/૬/૪ બતાવવામાં આવે છે જે તેમનું નિવેદન છે. જે મેજી.સાહેબે લીધેલ તે જ છે જેના પાના નં.(૧)થી (૪) ના હાસીયામાં તથા નિવેદનના અંત ભાગે તેમની સહી છે. તેમને નિવેદન વાંચી બતાવવામાં આવે છે. તેમા લખેલી હકીકતો સાચી છે. આ નિવેદનની સાથે મેજીસ્ટ્રેટ સાહેબનુ સર્ટીફિકેટ હોવાનુ જણાવતા આ દસ્તાવેજ આંક–૪૨૯થી રજુ થયેલ છે. સાહેદ પ્રવિણચંદ્રએ તેમના પુરાવા દરમ્યાન આ કામેનો મુદ્દામાલ જોઈ જણાવેલ છે કે, જાંબલી કલરની કોથળી ખોલવા જતા અંદરના પદાર્થ સાથે ચીપકી ગયેલ છે અને અંદર રહેલ પદાર્થ જે જે કપડાની

થેલીમાં સીલ કરેલ છે, તે થેલીમાંથી બહાર આવેલો છે અને પ્લાસ્ટીકની થેલી ચીપકાઈ ગયેલ છે અને તે કાપડની થેલીમાંથી અફીણ બહાર નીકળી ગયેલ હોઈ તેના કારણે પદાર્થ વધારે બહાર નીકળી ન જાય તેથી પ્લાસ્ટીકની કોથળી ઉપર ચઢાવેલ હોવાનુ તેમનુ જણાવવુ છે. આ સાહેદે તેમના પુરાવા દરમ્યાન એવુ જણાવેલ છે કે, કપડાની થેલીમાં ચારેય ખુણા ઉપર લાખના સીલ છે, પરંતુ તે સીલ હાલ વાંચી શકાય તેમ નથી. સફેદ પાવડર લગાવવાથી વાંચી શકાય. ચીપકાઈ ગયેલી પ્લાસ્ટીકની થેલી ઝલકડ્રીમ પ્રિન્ટ થયેલી જાંબુડીયા કલરની હોવાનું જણાવેલ છે. અંદર જે કપડાની થેલી છે તેમાં પદાર્થ છે તે કપડાની થેલીનો કલર પણ પદાર્થ જેવો થઈ ગયેલ છે. કપડાની થેલી અને જે જાંબુડીયાની થેલી છે તેની વચ્ચે ન્યુઝપેપર લપેટેલ હાલતમાં હોવાનુ અને હાલમાં તે ચોટી ગયેલી અને ફાટી ગયેલી હાલતમાં હોવાનુ જણાવેલ છે. સદર પ્લાસ્ટીકની થેલી આખી ખોલીને જોતા તેમાં કોઈ સ્લીપો જણાઈ આવેલ નથી. બહાર કાઢયા પછી મુદ્દામાલ જે કાપડની કોથળીમાં સીલ કરેલ તે કોથળીની ચારેય ખુણા ઉપર લાખના સીલ હોવાનુ જણાવેલ છે. મુદ્દામાલના અફીણનું અને સેમ્પલના અફીણનું તેમણે તેમની જાતે સીલ કરેલ હોઈ અફીણવાળો મુદ્દામાલ જોયેલો અને બીજા ત્રણ આર્ટીકલવાળા મુદ્દામાલ પણ જોયેલા.

**સદર સાહેદની બચાવપક્ષે આરોપી સંજીવ ભટ્ટ તર્ફે વિ.વ.શ્રી બી. એ.તુંવરનાઓ ધ્વારા લીધેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વિકાર કરેલ છે કે,** તેઓએ મોટા ભાગની નોકરી એલ.સી.બી. કચેરીમાં કરેલી છે અને તે દરમ્યાન તેઓને હે.કો.નુ પ્રમોશન મળેલ અને બાદમાં રીડર શાખામા હતા ત્યારે એ.એસ.આઈ.નુ પ્રમોશન મળેલુ. બચાવપક્ષના સુચક પ્રશ્ન અંગે તેઓએ એવી

વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ જયારે જયારે એલ.સી.બી. શાખામા ફરજ ઉપર આવ્યા ત્યારે ત્યારે દરેક વખતે અબ્બાસખાન અને અંજારીભાઈ પણ તેઓની સાથે એલ.સી.બી. શાખામાં ફરજ ઉપર હતા. સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેમની ફરજ દરમ્યાન તેમણે મોટાભાગની નોકરી એલ.સી.બી. કચેરીમાં કરેલી છે. તે એલ.સી.બી.માં હતા, તે દરમ્યાન તેમને હે.કોન્સ.નુ પ્રમોશન મળેલુ અને જ્યારે રીડરશાખામાં હતા ત્યારે એ.એસ.આઇ.નુ પ્રમોશન મળેલુ.સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, જ્યારે જ્યારે તેઓ એલ.સી.બી. શાખામાં ફરજ માટે આવ્યા ત્યારે ત્યારે દરેક વખતે અબ્બાસખાન અને હંજારીભાઇ પણ તેમની સાથે એલ.સી.શાખામાં ફરજ ઉપર હતા. સાહેદે એવુ જણાવેલ છે કે, તેમની નોકરી દરમ્યાન તેમણે કોઇ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.તરીકે ફરજ બજાવેલી નથી. તેજ રીતે રાઇટરહેડ તરીકે પણ ફરજ બજાવેલ નથી. તેમણેપોલીસ અધિકારીઓના રાઇટર તરીકે ફરજ બજાવેલ છે. તેઓ એલ.સી.બી.કચેરીમાં ફરજ બજાવતા હતા, તે દરમ્યાન તેમણે અધિકારીઓના રાઇટર તરીકેની નોકરી કરેલી છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પી.આઇશ્રી આઇ.બી.વ્યાસ સાહેબના રાઇટર તરીકે તેઓ કામ કરતા હતા તથા તેઓ ફરજ ઉપર આવ્યા ત્યારથી માંડી તેઓની બદલી થઇ ત્યા સુધી તેમણે તેઓના રાઇટર તરીકે કામ કરેલુ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પી.આઇ.શ્રી આઇ.બી.વ્યાસ એલ.સી.બી.શાખામાં આવ્યા તે વખતે પ્રથમવાર પી.આઇ.ની પોસ્ટ એલ.સી.બી.શાખામાં આવેલી.સાહેદને બચાવપક્ષે પુછેલ સુચક પ્રશ્ન કે ...''બાતમીદારે બાતમી અધીકારીને સીધી આપેલ હોય અગર પોલીસ કર્મચારી મારફત આપેલ હોય તો બાતમીદારનાતેમજ કર્મચારીના નામ વગર નોંધી દેવાની હોય છે?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે,

''બાતમી જે અધિકારીને મળી હોય તે અધિકારીને મુનાસીફ જણાય તે રીતે તેમની રીતે નોધતા હોય છે.'' સાહેદે એવુ પણ જણાવેલ છે કે, બનાવના અરસામાં એલસીબી શાખામાં કોઈ બાતમી રજીસ્ટર રાખવામાં આવતુ ન હતુ અને હાલ સુધી તેવુ રજીસ્ટર તેમણે જોયેલ નથી. સુચક પ્રશ્ન કે, '' નોધવી ફરજિયાત નથી?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''જે તે કાયદો હોય અને તે કાયદાની જોગવાઈઓ પ્રમાણેની બાતમી હોય તો કોરા કાગળ ઉપર નોધી લેવાની હોય છે.'' તેમજ તેમને પુછેલ સવાલ કે,'' કોઈપણ ભારે ગુનાની બાતમી વિગતવાર હોય તો તેમા વિગત ભુલાઈ ના જાય તે માટે લખી લેવી પડે ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''ભારે ગુનામાં ધાડલુટ, ખુન, ખુનની કોશીશ,જેવા ગુનાઓ આવે છે આવી કોઈ બાતમીઓ આપવામાં આવતી નથી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''માદક પદાર્થની હોય તો?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''માદક પદાર્થની હોય તો એન.ડી.પી.એસ.એકટની કલમ-૪૧ અને ૪૨માં તે અંગેનીવિગતવાર જોગવાઈઓ કરવામાં આવેલ છે.તેમણે એલ.સી.બી.માં ફરજ બજાવી તે દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં નાર્કોટીકના ગુનાની આશરે સાતેક જેટલી રેઈડમાં રાઈટર તરીકે કામગીરી કરેલી છે.પી.એસ.આઈ.શ્રી ચૌધરી સાહેબ તથા પી.એસ.આઈ.શ્રી પટેલ સાહેબ સાથે રેઈડમાં ગયા હોય અને કામગીરી કરી હોય તેવા બે-ત્રણ કેસ બન્યા હશે.તેમને કોઈના પણ મારફત સીધેસીધી બાતમી મળી હોય તેવુ ક્યારેય બનેલુ નથી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ''નાર્કોટીક એક્ટ આવ્યા બાદ તેમાં જણાવાયેલ ફરજિયાત જોગવાઈઓ મુજબ રેઈડની કાર્યવાહી કરવી તે આદેશાત્મક છે અને તે જ રીતે પરિપત્રો મુજબ પણ જે સુચનાઓ આપેલ હોય તે પ્રમાણે કાર્યવાહી કરવી ફરજિયાત છે''. તેમને

એક્ટની કલમ–૭૧ અને ૭૨ની જોગવાઈઓ સિવાયની કલમોનુ જ્ઞાન છે.તેમને ૧૯૯૬ના અરસામાં એટલુ બધુ જ્ઞાન ન હતુ. તા.૩૦/૪/૯૬ પહેલા તેમણે નાર્કોટીક અંગેની એકાદ રેઈડમાં ભાગ લીધેલો હતો. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે અમીરગઢ પ્રોહી.ગુના રજી.નં.૮૭/૯૬ના ગુનાની રેઈડ હતી અને તેમાં તેમણે શ્રી વ્યાસ સાહેબ સાથે શરુઆતથી કામગીરી કરેલી.તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, શેરપુરા ઢાણી ગામે જે ચાર કેસો થયા તે ગુનાઓ અંગેની રેઈડમાં પણ તેમણે શરુઆતથી કામગીરી કરેલી હતી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તા.૩૦–૪–૯૬ પહેલા તેમણે ગઢ પોલીસ સ્ટે.પ્રોહી ગુના રજી.નં.૧૦૮/૯૬ તથા પાલનપુર સીટી પો.સ્ટે. પ્રોહી ગુના રજી.નં.૨૫૦/૯૬ વાળા ગુનાઓના કામેની રેઈડમાં શરુઆતથી વ્યાસ સાહેબ સાથે કામગીરી કરેલી હતી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તા.૬/૭/૯૬ના રોજ તેઓ એલ.સી.બી.માં ફરજ ઉપર હતા. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, શ્રી આઈ.બી.વ્યાસ સાહેબ પાસે રહેલ તમામ નાર્કોટીકના ગુનાઓની તપાસ તા.૬/૭/૯૬ના અરસામાં વિભાગીય પોલીસ અધિકારી પાલનપુર શ્રી બ્રહ્મભટ્ટ સાહેબને સોંપવાનો હુકમ થયેલો હતો.તેમજ તેઓ જણાવે છે કે, પાલનપુર શહેર પો.સ્ટે.પ્રોહી. ગુના નં.૨૧૬/૯૬ના ગુનાની તપાસ જીલ્લા પોલીસ અધિકારી બનાસકાંઠા પાલનપુરના હુકમથી પી.આઈ.શ્રી વ્યાસ સાહેબે વિભાગીય પોલીસ અધિકારીશ્રી આર.બી.બ્રહ્મભટ્ટ સાહેબને સોપેલ હતી.તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, '' શેરપુરા ઢાણી ગામે થયેલ રેઈડ અન્વયે દાખલ થયેલ ચાર ગુનાઓ પૈકી એક ગુનાની તપાસ શ્રી આઈ.બી.વ્યાસ સાહેબ સંભાળતા હતા.આગથળા પો.સ્ટે. પ્રોહી.ગુના નં.૫૨/૯૬ ના ગુનાના ફરિયાદી પી.આઈ.શ્રી આઈ.બી. વ્યાસ સાહેબ હતા. આ ચારેય ગુનાના કામે અમુક ગુનાઓમાં મારા હસ્તાક્ષરમાં પંચનામા તથા

ફરીયાદ લખાયેલાનુ મને યાદ છે.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''સન સેટ અને સન રાઈઝસુધી વોરંટની જરૂરીયાત નથી.?'' તેના જવાબમાં તેમણે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, '' દિવસ આથમ્યા પછી દિવસ ઉગે તે દરમ્યાન મુદ્દામાલનો નાશ થવાની અથવા સંતાડી દેવાની શક્યતાને ટાળવા માટે વોરંટ વગર કાર્યવાહી કરવાની સત્તા આપેલ છે.'' તેના જવાબમાં તેમણે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''સામાન્ય સંજોગોમાં રાત્રે રેઈડ કરવી હોય તો મેજિસ્ટ્રેટશ્રીનુ વોરંટ મેળવવુ પડે?'' તેના જવાબમાં તેમણે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે, પરંતુ પોલીસ ઈન્સ્પેક્ટર રાજ્ય પત્રિત અધિકારી હોઈ તે રાત્રે કે દિવસે ગમે તે સમયે રેઈડ કરવાને અધિકૃત હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''રાત્રીના સમયે જો કાર્યવાહી કરવાની હોય તો રાજ્ય પત્રિત અધિકારીએ વોરંટ મેળવવુ ન પડે ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''એન.ડી.પી.એસ. એક્ટ કલમ–૪૧ મુજબ રાજ્ય પત્રિત અધિકારીને પોતાની અંગત જાણકારી મુજબ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળની રેઈડ કાર્યવાહી રાત્રે વોરંટ વગર કરી શકે''. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''રાજ્ય પત્રિત અધિકારી સિવાય કોન્સ્ટેબલથી ઉપલા દરજ્જાના પોલીસ કર્મચારીને રાત્રે રેઈડ કરવી હોય તો વોરંટ મેળવવુ પડે કે નહિ ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''એન.ડી.પી.એસ. એક્ટ કલમ–૪૨ મુજબની કાર્યવાહી કરવી પડે છે.વોરંટ મેળવવુ પડે કે કેમ ? તે મને હાલ ચોક્કસ યાદ આવતુ નથી. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ કેસની બાતમીની કોઈ લેખિત નોધ વ્યાસ સાહેબે કરી લીધી હોય તે તમે જોયેલી ?'' તેનો જવાબ તેમણે નકારમાં આપેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''કંટ્રોલ રૂમમાં આવેલી બબાભાઈ મારફત રાઈડર સાથે મોકલેલી લેખિત વર્ધી તમને વ્યાસ સાહેબે બતાવેલી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''રેઈડ

વખતે બતાવેલી નહી, પરંતુ ગુનો દાખલ થયા અંગેના કાગળો આવતા તે કાગળોમાં વ્યાસ સાહેબે વર્ધી રાખેલી ત્યારે મે આ વર્ધી જોયેલી હતી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ગુનો દાખલ થયા પછી પાલનપુર સીટી પો.સ્ટે.પ્રોહી ગુના રજી. નં. ૨૧૬/૯૬ની તપાસના તમામ કાગળો તમારી પાસે રહેતા હતા ?''તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''આ ગુનાની તપાસના કાગળો તથા કેસ ડાયરી પી.આઈ.શ્રી વ્યાસ સાહેબ સતત તેમની ફાઈલમાં સાથે રાખતા હતા અને કંઈ લખાવવાનુ હોય ત્યારે કાગળો બતાવતા હતા.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''કાગળોમાં રાખી તે વખતે વર્ધી તમે જોઈ તે પછી તમે તે વર્ધી જોઈ નથી.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''પી.આઈ.શ્રી આઈ.બી. વ્યાસ સાહેબ ગુના લગત કોઈપણ જવાબો લખાવે તે જવાબો મને કાગળોમાં ફીટ કરવા આપે ત્યારે જોતો હતો.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''પી.આઈ.શ્રી વ્યાસ સાહેબે આ તપાસના કાગળો બ્રહ્મભટ્ટ સાહેબને સોંપ્યા તેના પછી વર્ધી જોયેલી?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, '' વિભાગીય પોલીસ અધિકારી પાલનપુર પાસે આ ગુનાની તપાસ હતી ત્યારે મને તેઓ સાહેબ આ ગુનાના કામે કોઈ નિવેદન કે મેસેજ લખવા માટે બોલાવતા ત્યારે મે આ વર્ધી જોયેલી હતી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''એક જ વખત જોયેલી કે અવાર નવાર જોવામાં આવેલી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''આ ગુનાની તપાસના કામે મને રાઈટર તરીકે જ્યારે જ્યારે બોલાવતા ત્યારે ત્યારે મે જોયેલી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''કઈ તારીખ સુધી રાઈટર તરીકે તમે આ ગુનામાં કામ કરેલુ ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''ચોક્કસ યાદ નથી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''છેલ્લે આ ગુનાની વર્ધી કઈ તારીખે જોયેલી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હાલ મને તારીખ ચોકકસ યાદ નથી , હુ કહી

શકુ નહી'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''છેલ્લે કયા અધિકારીના તાબામાં તમે આ ગુનાનુ કામ કરેલુ ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''છેલ્લે વિભાગીય પોલીસ અધિકારી શ્રી જે.આર. મોથલીયા સાહેબ હતા ત્યારે ગુનાની તપાસના કામે રાઈટર તરીકે કામ કરેલુ.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''મોથલીયા સાહેબ પછી આ ગુનાની તપાસ બીજા કોઈ અધિકારીએ કરેલી ?'' તેનો જવાબ તેમણે નકારમાં આપેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''મોથલીયા સાહેબે તપાસ પૂરી કરી તેના પછી આપે વર્ધી આજદિન સુધી જોયેલી નથી.'' તેના જવાબમાં તેઓ જણાવેલ છે કે, ''આ વર્ધીનો કાગળ મે જોયેલ નથી.વર્ધીનો ઉતારો યાદવ સાહેબ પાસે મે જોયેલો હતો.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ કેસનો મુદ્દામાલ ગુનો રજીસ્ટર કર્યો અને પી.એસ.ઓ.ને સોંપ્યો ત્યાં સુધી કોની પાસે રહેલો?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''પી.આઈ.શ્રી આઈ.બી.વ્યાસે જાતેથી કે કોઈના દ્વારા પી.એસ.ઓને સોંપેલ હતો કે કેમ? તેની હાલ મને ચોક્કસ જાણકારી નથી.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ ગુનાની રેઈડ પછી મુદ્દામાલ તમારી પાસે રહેલ નથી.'' તેના જવાબમાં તેમણે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ ગુનો રજીસ્ટર કરવા માટેની ફરીયાદ અને પી.એસ.ઓ.ને ગુનો રજીસ્ટર કરવા કરેલો રિપોર્ટ એ બંને આપના હસ્તાક્ષરમાં છે.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''આ ગુનાની ફરિયાદ વ્યાસ સાહેબના લખાવ્યા મુજબ મારા હસ્તાક્ષરમાં લખવામાં આવેલ હતી. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ફરિયાદ ગુનો રજીસ્ટર કરવાનો રિપોર્ટ અને મુદ્દામાલ તમારી હાજરીમાં અન્ય કોઈ કર્મચારી અથવા તો અધિકારીને તમારી હાજરીમાં સોંપ્યો હોય તેવુ કઈ બનેલુ ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હાલ મને

ચોક્કસ યાદ નથી.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''રેઈડની કાર્યવાહી હોટલ લાજવંતીમાં પુરી થઈ પછી આપ ક્યા ગયેલા ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, '' હોટલ લાજવંતીમાં રેઈડની કાર્યવાહી પૂરી થયા બાદ હું વ્યાસ સાહેબ સાથે એલ.સી.બી. ઓફીસમાં આવેલ હતો.''તેમજ તેમને પુછેલ સવાલ કે, '' તે દિવસે તમો એલ.સી.બી.ઓફીસમાં પાછા આવ્યા તે પછી કેટલા સમય સુધી ત્યાં રોકાયેલા હતા?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''એલ.સી.બી.ઓફીસમાં હું તથા વ્યાસ સાહેબ પાછા આવેલ તે પછી આશરે દોઢેક વાગ્યા સુધી અમો બંને એલ.સી.બી. કચેરીમાં હતા.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ ગુનો રજીસ્ટર થયો છે એનો સુચિપત્ર તે વખતે મળેલો ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, '' ઉપરોક્ત સમય દરમ્યાન મે વ્યાસ સાહેબ પાસે આ ગુનો દાખલ થયેલ અંગેનો સુચિપત્ર સાથેના કાગળો જોયેલ હતા.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''સાહેબની પાસે ચેમ્બરમાં ગુનો રજીસ્ટર થયા ના સુચિપત્ર અને કાગળો જોયા તે વખતે તમોએ ગુનો રજીસ્ટર કરવા જનાર અંગેની બાબતે પી.આઈ.શ્રી વ્યાસ સાહેબને પુછીને જાણ મેળવવાની કોશિષ કરેલી ? શ્રી વ્યાસ સાહેબે તમોને જણાવેલુ ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મે કોશિષ કરેલી નહી, કારણ કે હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫ ની રેઈડ કાર્યવાહી દરમ્યાન પલંગના ગાદલા નીચેથી બગલથેલા માથી કઠણ આછો, પોચો કાળો પદાર્થ અફીણ મળી આવેલ અને આ રૂમમાં અન્ય કોઈ વ્યક્તિ હાજર ન હતી અને કોઈ વ્યક્તિ મુસાફર તરીકે રૂમમાં ઉતરી રોકાયેલ હોય તેવા કોઈ નિશાન જણાયેલ નહી જેથી મે વ્યાસ સાહેબને કંઈક ખોટુ થાય છે તેવી ટકોર કરતા તેઓ સાહેબે કહેલ કે એસ.પી.સાહેબની સુચના છે તમારે હુ લખાવુ તે લખવાનુ છે તમારે વધારે મગજ વાપરવાનુ નથી. જેથી મે વ્યાસ સાહેબને આ બાબતે કંઈ પુછેલુ નહી અને તે જ

કારણ સર કોઈ કોશિષ કરેલી નહી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''રાત્રે દસ વાગે તમે આવ્યા ત્યારે સાહેબને વિશ્રામગૃહ ઉતારીને તમો તમારા ઘરે ગાડી સાથે ગયેલા ? કે તમને ઉતારીને ગાડી એમને ઉતારવા ગયેલી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલુ છે કે, ''રાધનપુરથી પરત આવીને હુ તથા વ્યાસ સાહેબ પહેલા એલ.સી.બી. ઓફીસે ગયેલા જ્યાં રાત્રીના બારેક વાગ્યા સુધી રોકાયેલા. પછી વ્યાસ સાહેબે કહેલ કે તેમને એસ.પી.સાહેબે કહેલ છે કે તમે તાત્કાલિક આર.પી.પટેલનો સંપર્ક કરી તેઓ કહે તે જગ્યાએ રેઈડ કરવાનુ જણાવેલ હોઈ વ્યાસ સાહેબ સાથે હુ તથા એલ.સી.બી.સ્ટાફના હંજારી ભાઈ તથા મહંમદ હનીફ વિગેરે ડીસા તરફ ગયેલ અને વ્યાસ સાહેબે આર.પી.પટેલનો સંપર્ક કરતા આર.પી.પટેલે વ્યાસ સાહેબને કહેલ કે એસ.પી.સંજીવભટ્ટ સાહેબની બાતમી આધારે શેરપુરા ઢાણી ખાતે અફીણની રેઈડ કરવાની છે અને એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબે અફીણનો ધંધો ચાલુ હોવાની ખાતરી કરાવેલ છે જેથી તે રેઈડ કાર્યવાહી કરેલ હતી. જેથી રાત્રે અમો ઘરે ગયેલા નહી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આર.પી.પટેલ સાહેબનો સંપર્ક કરવા એલ.સી.બી. ઓફીસેથી કેટલા વાગે નીકળ્યા હશો ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''આશરે રાત્રે સાડા બારેક વાગે.''તેમજ તા.૩૦/૪/૯૬ના રાત્રીના ક.૧૨:૩૦ વાગ્યાના સુમારેતેઓ તથા શ્રી વ્યાસ સાહેબ અને પોલીસના માણસો શ્રી આર. પી.પટેલ સાહેબને મળવા માટે એલ.સી.બી.ઓફીસ પાલનપુરથી નીકળેલા હતા. આ સમયે તેમની સાથે હેડ.કોન્સ્ટેબલ હંજારીભાઈ, હેડ. કોન્સ્ટેબલ અબ્બાસભાઈ, તથા હેડ કોન્સ્ટેબલ મહંમદ હનીફ અને કોન્સ્ટેબલ આબાદખાન એ રીતે વ્યાસ સાહેબની ગાડીમાં પાલનપુરથી નીકળેલ. શ્રી વ્યાસ સાહેબ પાસે સવારથી જે ગાડી હતી તે જ ગાડી લઈને તેઓ ગયેલા હતા. તેઓ પહેલા ડીસા ગયેલા. ડીસાથી આગળ એક પેટ્રોલપંપ નજીક શ્રી વ્યાસ સાહેબ સાથે ગાડી લઈને ગયેલ. પેટ્રોલપંપ ઉપર આર.પી.પટેલ સાહેબ હતા.ત્યાં તેમની સાથે

માલાભાઈ રબારી હતા. તેમની રાહ જોતા હતા કે કેમ? તેનો ખ્યાલ નથી પણ તેઓ ત્યાં ઉભેલા હતા. તેઓ પેટ્રોલપંપ પર છે તેવી ખબર વ્યાસ સાહેબને હશે તેમને ન હતી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓ એટલે કે શ્રી આર.પી.પટેલ સાહેબ અને માલાભાઈ કેટલા સમયથી ત્યાં હતા તેની પણ તેમને ખબર નથી. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''એન.ડી.પી.એસ. એક્ટના ગુનાની તપાસ કરનાર અધિ્કારી તેની તપાસની કેસ ડાયરીની નકલ ઉપરી અધિકારીને મોકલતા હોય તો તેની તમને ખબર નથી.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''સને ૧૯૯૬ના અરસામાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના ગુનાની તપાસની કેસ ડાયરીની નકલ ઉપરી અધિકારીને મોકલવાની કોઈ જોગવાઈ કે નિયમો અગર સુચનાઓ થયેલ ન હતી.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''નામદાર કોર્ટ સમક્ષ આરોપીના રિમાન્ડ માંગવામાં આવે તો સાથે કેસ ડાયરીની નકલ સીલબંધ કવરમાં મુકવામાં આવે.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, તે સાચી વાત છે.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ કેસમાં મુકેલી.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, તે સાચી વાત છે.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ કેસમાં સુમેરસિહ રાજપુરોહીતના રિમાન્ડની માંગણી કરવામાં આવેલી તે રિમાન્ડ રિપોર્ટ આપના હસ્તાક્ષરે લખાયેલ.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા,મારા હસ્તાક્ષરમાં રિમાન્ડ રિપોર્ટ લખાયેલ.'' તેમજ તેમણે જણાવેલ છે કે, ''તે રિપોર્ટ વ્યાસ સાહેબે તેમને લખાવેલ અને તેમણે લખેલો. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તે દિવસની ડાયરી પણ આપના હસ્તાક્ષરમાં લખાયેલી.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, મારા હસ્તાક્ષરમાં લખવામાં આવેલ હતીઅનેતે કેસ ડાયરી વ્યાસ સાહેબે લખાવતા લખેલી. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ

કેસની તપાસ થઈ તા.૩૦/૪/૯૬ના કે તે અરસાની આપે નિયમિત પણે નોટબુક નિભાવેલી.'' તેના જવાબમાં પણ તેમણે નિભાવેલાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''રિટાયર થયા પછી તે નોટબુકો આપે આપના ઉપરી અધિકારીને કે જિલ્લા કે વિભાગીય પોલીસ અધિકારીની કચેરીમાં આ નોટબુકો જમા કરાવેલી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''નોટબુકો જમા કરાવવાની કોઈ સુચના કે જોગવાઈ ન હોઈ તે એક પુરી થયા બાદ એક વર્ષ સુધી રાખવામાં આવતી હતી. તે પછી નાશ કરી નાખવામાં આવતી.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''શુ તમે એ બધી જ નાશ કરેલી?''તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, મે તમામ નોટબુકો નાશ કરેલી.'' તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સરકારી વિશ્રામગૃહમાં પ્રથમ માળે રૂમનં.૮માં વ્યાસ સાહેબ રહેતા હતા. તેઓ ત્યાં ગયા ત્યારે મહંમદ હનીફ વલીમહંમદને મળેલા પરંતુ તેમને કોઈ વાતચીત થયેલી નહી. પછી શ્રી વ્યાસ સાહેબ બહાર આવેલા.તેઓ ગયા ત્યારે રૂમ ખુલ્લો હતો જેથી તેમને સાહેબે જોયેલા અને તેઓ બહાર આવેલા. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તા.૩૦/૪/૯૬ના રોજ ડી.એસ.પી.ઓફીસ પોલીસ કંટ્રોલરૂમના ઈન્ચાર્જમાં શ્રી બબાભાઈ હતા. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''પાલનપુર સીટી પો.સ્ટે. ગુ.રજી.નં.૨૧૬/૯૬ ના કામે બબાભાઈ તથા રામજીભાઈના જવાબો લેવાયેલા.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''બબાભાઈ તથા રામજીભાઈના જવાબો તેમની હાજરી વગર વ્યાસ સાહેબે મને લખાવેલ હતા.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''શ્રી વ્યાસ સાહેબે લખાવેલા જવાબોમાં તમારી હાજરીમાં શ્રી વ્યાસ સાહેબે સહીઓ કરેલી કે નહી કરેલી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''શ્રી વ્યાસ સાહેબે સહીઓ કરેલી.'' તેમજ

તેમને પુછેલ સવાલ કે, ''આ કેસની તપાસ દરમ્યાન બબાભાઈ પાસે કોઈ કામગીરી માટે તેમના ટેબલે જવાનુ થયેલુ ?તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, શ્રી વ્યાસ સાહેબ સાથે જવાનુ થયેલુ.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તા.૩૦–૪–૯૬ ના રોજ વિશ્રમગૃહથી શ્રી વ્યાસ સાહેબ સાથે તમે રવાના થયા તેના પહેલા બબાભાઈએ આપેલી વર્ધી રામજીભાઈએ શ્રી વ્યાસ સાહેબને આપેલી?''તેના જવાબમાં તેમણે જોયેલુ ન હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમે વિશ્રામગૃહના રૂમનં–૮ પાસે પહોચ્યા અને ત્યાંથી શ્રી વ્યાસ સાહેબ સાથે રવાના થયા તે દરમ્યાન રામજીભાઈએ કે કોઈ બીજા રાઈડરે વ્યાસ સાહેબને વર્ધી આપી હોય તેવુ બનેલુ ?'' તેના જવાબમાં તેમની હાજરીમાં આવુ બનેલુ ન હોવાનુ જણાવેલુ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમે વિશ્રામગૃહ ગયા તે પહેલા વ્યાસ સાહેબને રામજીભાઈ રાઈડર કે બીજા કોઈ રાઈડર વર્ધી આપી ગયેલા તેવુ કંઈ શ્રી વ્યાસ સાહેબ પાસેથી જાણવા મળેલુ?'' તેનો જવાબ તેમણે નકારમાં આપેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''બબાભાઈએ રામજીભાઈ રાઈડર કે બીજા કોઈ રાઈડર મારફત કોઈ લેખિત વર્ધી શ્રી વ્યાસ સાહેબને આપેલી છે તેવુ લાજવંતીના રૂમનં.૩૦૫માં પહોચ્યા તે દરમ્યાન તમને શ્રી વ્યાસ સાહેબે કહેલુ કે આવી વર્ધી મળેલી છે.'' તેનો જવાબ તેમણે નકારમાં આપેલો છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''વિશ્રામગૃહથી રવાના થયા તે વખતે પી.એસ.આઈ. શ્રી પી.જે. ચૌધરી સાહેબ , શ્રી આર. પી.પટેલ સાહેબ,પો.કો.ગોવિંદભાઈ તથા બેચરભાઈ ત્યાં વિશ્રામગૃહ મળેલા ? '' તેનો જવાબ તેમણે નકારમાં આપેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''પહેલા વહેલા તમે તે લોકોને ક્યાં જોયા ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''તેઓ ચારે જણાઓને હોટલ લાજવંતીના બહારના ભાગે જોયેલા હતા.'' તેમજ

તેમને પુછેલ સવાલ કે, ''હોટલ લાજવંતીના કાઉન્ટર ઉપર અશોકભાઈ પાસેથી લાજવંતી હોટલમાં રહેવા વાળા ઈસમોની નોંધનુ રજીસ્ટર ત્યાં જોયેલુ ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, વ્યાસ સાહેબે ખોલીને જોયેલુ .'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''વ્યાસ સાહેબે તેમાં લખેલી નામ સહીતની વિગત તમોને તે વખતે વાંચી સંભળાવેલી?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''લાજવંતીના કાઉન્ટર ઉપર આવી કોઈ વિગત વાંચી સંભળાવેલ ન હતી.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''પછી તમે એન્ટ્રી ક્યારે વાંચી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''શ્રી આઈ.બી.વ્યાસ સાહેબે હોટલ લાજવંતીની રેઈડનુ પંચનામુ અને ફરિયાદ લખાવતા તે સમયે રજીસ્ટરની એન્ટ્રી નં.૬૪૦ની વિગત સુમેરસિંહ રાજપુરોહીત,રહે.પાલી વર્ધમાનનુ લખાવેલ હતુ. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ કેસના મુદ્દામાલ તરીકે તે રજીસ્ટર લીધેલુ ? '' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''આ કેસ શ્રી આઈ.બી.વ્યાસ સાહેબે રેઈડની કાર્યવાહીના પંચનામા દરમ્યાન આ રજીસ્ટર તપાસ અર્થે કબજે લીધેલ હતુ.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''પંચનામુ લખાવ્યુ ત્યાં સુધી તે રજીસ્ટર કોની પાસે હતુ ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''શ્રી વ્યાસ સાહેબ પાસે હતુ.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''અશોકભાઈ ગુપ્તાને એ લાજવંતી હોટલનુ રજીસ્ટર કબજે લીધેલાની કોઈ પાવતી તમારી હાજરીમાં અશોકભાઈને આપી?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''તેની મને ખબર નથી.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમારી પાસે લખાવી પાવતી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મારી પાસે એવી કોઈ પાવતી લખાવેલ નહી.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તપાસના કાગળામાં અશોકભાઈને આપેલી પાવતીની સ્થળપ્રત તમે જોયેલી ?'' તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, તપાસના

કાગળમાં તેવી કોઈ પાવતી કે સ્થળપ્રત તેમણે જોયેલી નથી. તેમજ તેમને પુછેલ સવાલ કે,''રજીસ્ટર કબજે લીધા પછી નોધનં.૬૪૦ની એન્ટ્રીના પાન ઉપર અથવા તેની સામેના ભાગે અથવા રજીસ્ટરના કોઈપણ ભાગે કોઈ સહી કે નોંધ શ્રી વ્યાસ સાહેબે તમારી હાજરીમા કરેલી ?'' તેના જવાબમાં સાહેદે આંક–૨૦૬ વાળુ પંચનામુ વાંચી એવો જવાબ આપેલો છે કે, વ્યાસ સાહેબે તેવી કોઈ સહીઓ કે નોંધ કરેલી નથી. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમે તપાસના કાગળોમાં હોટલ રજીસ્ટરની નકલ જોયેલી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મે તપાસના કાગળોમાં તે નકલ જોયેલી હતી. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''રૂમની અંદર કોઈ માણસ રોકાયેલ હોવાના ચિહ્નો જણાયેલા નહી તેવુ તમે સર તપાસમાં જણાવ્યુ છે તો કેવા ચિહ્નોની ચકાસણી કરેલી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''પલંગ ઉપર પાથરેલ ચાદર તથા બ્લેન્કેટ વિગેરેનો વપરાશ ઉપયોગ થયેલાનુ જણાયેલ ન હતુ. તેમજ બાથરૂમની સ્થિતિ પણ કોઈએ ઉપયોગ કરેલ હોય તેવા ચિહ્નો જણાયેલ ન હતા.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ ચકાસણી આપે કરેલી, વ્યાસ સાહેબે કરેલી કે બીજા કોઈએ કરેલી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છેકે, ''આ ચકાસણી વ્યાસ સાહેબ તથા સાથેના અધિકારીઓએ કરેલી હતી.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આપે કરેલી નહી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''ના મે કરેલી નહી. મે દૂરથી જોયેલી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ડબલ બેડ હતો કે સિંગલ બેડ હતો ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''ડબલ બેડ હતો.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ઓશિંકા બે હતા ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, બે ઓશિંકા હતા.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''દુરથી જોતા બ્લેન્કેટો હતા કે નહી તે કહી

શકો ?'' તેના જવાબમાં તેમણે બ્લેન્કેટો જોયેલ હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''પંખો ચાલુ હતો ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, પંખો ચાલુ હતો.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''બાથરૂમમાં આપ જાતે ગયેલા નહી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હુ જાતે બાથરૂમમાં ગયેલો.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''બાથરૂમમાં ચિહ્નો જોવા ગયેલા કે કોઈ માણસ છુપાયેલ છે કે કેમ તે જોવા ગયેલા ?''તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''ચિહ્નો જોવા ગયેલો. કારણ કે રૂમની પી.આઈ.શ્રી વ્યાસ અને બંને અધિકારીઓએ તપાસ કરતા બાથરૂમમાં કોઈ વ્યક્તિ હાજર ન હતી તેની તપાસણી તેઓએ કરેલ હતી.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમને કીધુ હતુ કે ચિહ્નો જોતા આવો ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મને કોઈએ કહેલુ નહી પણ હુ મારી જાતે બાથરૂમમાં ચિહ્નો જોવા ગયેલો.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ત્યાં શુ ચિહ્નો તમને મળેલા ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''પાણીનો વપરાશ થયેલ નહી હોવાનુ અને બાથરૂમ સ્વચ્છ હાલતમાં હતુ.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''પાલનપુર સીટી પો.સ્ટે. પ્રોહી ગુ.રજી. નં.૨૧૬/૧૯૯૬ની તપાસના કામે ત.ક.અ. શ્રી આઈ.બી. વ્યાસ સાહેબે તા.૨/૫/૧૯૯૬ના રોજ તેમની રુબરુનો આપનો જવાબ નોંધેલો.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''પી.આઈ.વ્યાસ સાહેબે મારી પુછપરછ કરી ને જવાબ નોંધેલો નહી.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તા.૨/૫/૧૯૯૬ ના રોજ પી.આઈ.વ્યાસ સાહેબ રુબરુ આપે જવાબ લખાવેલો અને તે આપના હસ્તાક્ષરે જવાબ લખાવામા આવેલો ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે,''મે જવાબ લખાવેલો નહી પરંતુ વ્યાસ સાહેબે લખાવ્યા મુજબ મારા હસ્તાક્ષરમા લખેલો.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આપને

વાંચી સંભળાવી ખરુ હોવાનુ જણાવતા વ્યાસ સાહેબે તેમા સહી કરેલી.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મને વાંચી સંભળાવેલો નહી અને વ્યાસ સાહેબે મારા જવાબ મા સહી કરેલી.''તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમે સાહેબને કહેલ નહી કે મે તો આવુ કાંઈ લખાવેલ નથી પણ કેમ મારા પાસે આવો મારો જવાબ લખાવડાવો છો'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મે આગઉ જણાવ્યા મુજબ વ્યાસ સાહેબે મને કહેલ કે હુ લખાવુ તે તમારે લખવાનુ છે. તમારે વધારે મગજ વાપરવાનુ નથી.જેથી પી.આઈ.વ્યાસ સાહેબ ઉપરી અધીકારી હોઈ તેમના ફરમાન મુજબ કામ કરેલુ.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ જવાબ લખાવ્યા પછી તમે સાહેબ ને કયારેય પણ કહેલ કે સાહેબ મારો આવો કેમ જવાબ લખ્યો ?'' તેના જવાબમાં જણાવેલ છે કે, ''આ ગુનાની તપાસ દરમ્યાન વ્યાસ સાહેબે જાતે કહેલ કે આ કાગળો એસ.પી.સંજીવ ભટટ સાહેબની સીધી સુચના મુજબ તૈયાર કરવામા આવેલ છે.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ વ્યાસ સાહેબને સુચના આપી છે સંજીવભટટ સાહેબે તેવી તમને કેવી રીતે ખબર પડી ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''આ ગુનાની ચાલુ તપાસ દરમ્યાન વ્યાસ સાહેબ મને તથા સ્ટાફના દરેક અધીકારી અને માણસોને પણ કહેતા હતા કે એસ.પી.સંજીવભટટ સાહેબની સુચના અને આદેશ મુજબ આ કેસ ની તપાસ કાર્યવાહી કરવામાં આવેલ છે.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''બે પી.એસ.આઈ. પછી તમો અને બન્ને પી.એસ.આઈ.ના સ્ટાફના માણસોના જવાબો પણ આપના હસ્તાક્ષરે લખાયેલા છે?''. તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, આ નીવેદનો મારા હસ્તાક્ષરમા વ્યાસ સાહેબના લખાવ્યા મુજબ લખવામા આવેલ હતા.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ કેસમાં (એ) સમરી ભરાયેલી તે કયા અધીકારીએ ભરેલી તેની તમને ખબર છે?'' તેના

જવાબમાં જણાવેલ છે કે, હા,શ્રી જે.આર.મોથલીયા ના.પો.અધીક્ષક પાલનપુર ના ઓએ ભરેલી. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમે જુબાની પાાના નંબર–૩ ઉપર એક કીલો પંદર ગ્રામ વજનનુ અફીણ મળી આવેલ છે તેવુ જણાવેલ છે તે વજન શેના આધારે જણાવેલ છે?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મળી આવેલ અફીણનુ વજન વ્યાસ સાહેબે કરાવેલ હોઈ અને મને ફરીયાદ અને પંચનામામા લખાવતા તે આધારે જણાવેલ છે.'' સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તા.૨/૫/૯૬ના રોજ પાલનપુર સીટી પો.સ્ટે. પ્રોહી ગુના રજી. નં.૨૧૬/૯૬ની તપાસ થયેલી.તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે દિવસે તપાસ દરમ્યાન વ્યાસ સાહેબે જવાબો લખાવેલા હતા. તેમને હાલ યાદ નથી કે ઉપરોકત તપાસ થયા બાદ તેઓ વ્યાસ સાહેબ સાથે નાસતા ફરતા આરોપીની તપાસ કરવા માટે ડીસા મુકામે ગયેલા હતા કે કેમ?તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમે સરતપાસમા એવુ લખાવેલુ છે કે, તા.૨/૫/૯૬ના રોજ હુ એલ.સી.બી. કચેરી હાજર હતો તે દરમ્યાન સાંજના વખતે પી.આઈ.શ્રી વ્યાસ સાહેબને એસ.પી. સંજીવભટટ સાહેબે બોલાવતા આઈ.બી.વ્યાસ સાહેબ ભટટ સાહેબની ઓફીસમાં ગયેલા.તો જણાવી શકશો કે કોણ શ્રી વ્યાસ સાહેબને બોલાવા આવેલુ ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''તા.૨/૫/૯૬ના રોજ સાં જના વખતે કોઈ બોલાવા આવેલુ નહી.મારુ કહેવુ છે કે ઈન્ટરકોમથી ફોન આવતા ફોન થી બોલાવેલા.'' તેમજ તેમને પુછેલ સવાલ કે,''તમે તે વખતે કયાં બેસેલા હતા ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે,''હુ તેવખતે વ્યાસ સાહેબ પાસે બેઠેલો હતો.'' તેમજ તેમને પુછેલ સવાલ કે,''વ્યાસ સાહેબે અને સંજીવ ભટટ સાહેબ વચ્ચે ઈન્ટર કોમ ઉપર થયેલી વાતચીત તમે સાંભળેલી ?'' તેના

જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''ના,મારા કહેવા મુજબ વ્યાસ સાહેબે મને કહેલ કે એસ.પી.સાહેબ બોલાવેછે હુ જાઉ છુ.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તા.૨/૫/૯૬ના રોજ વ્યાસ સાહેબ સંજીવભટટ સાહેબને સાંજે મળવા ગયા પછી કેટલા સમયમા તેઓ પરત આવેલા?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''આશરે દસેક મીનીટ બાદ.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તેઓ ગયા અને પાછા આવ્યા ત્યાં સુધી તમે ચેમ્બરમા બેસેલા હતા?'' તેના જવાબમાં તેમણે તે સમય દરમ્યાન તેઓ ચેમ્બરમાં બેઠેલા હતા તેવુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''વ્યાસ સાહેબે જઈને આવ્યા પછી આપને કોઈ વાત કરેલી?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે,''હા મને કરેલી તથા હંજારીભાઈને બોલાવીને પણ કરેલી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, 'હંજારીભાઈને કોણે બોલાવેલા?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''સાહેબે બુમ પાડીને તેઓને બોલાવેલા''. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમને તથા હંજારીભાઈને વ્યાસ સાહેબે રાજસ્થાન જવાની સુચના શ્રી સંજીવભટટ સાહેબે આપેલી છે તેવુ કેટલા વાગે જણાવેલુ.તે આશરે કહી શકશો?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''આશરે પોણા સાતેક વાગે જણાવેલુ હશે.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ગુજરાત બહાર તપાસ કરવા જવુ હોય તો રેંન્જ ડી.આઈ.જી.ની મંજુરી કોણ મેળવે?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ગુજરાત બહાર તપાસમાં જવાનુ થાય ત્યારે તપાસનીશ અધીકારી રેન્જ ડી.આઈ.જી.ની મંજુરી મેળવવા માટે જીલ્લા પોલીસ અધીકારી સાહેબને લેખીત રીપોર્ટ મોકલે અને જીલ્લા પોલીસ અધીકારી સાહેબ રેન્જ ડી.આઈ.જી. સાહેબને ફેકસ મેસેજથી મંજુરી મેળવવા માટેની કાર્યવાહી કરે.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''મંજુરી આવે તોજ રવાના થઈ શકાય ?''

તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે,''હા, મંજુરી આવે તોજ રવાના થઈ શકાય.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ના આવે તો મંજુરી આવવાની રાહ જોવી પડે?'' તેના જવાબમાં મંજુરીની રાહ જોવી પડે તેવુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''મંજુરી આવેલ હોય તે ડી.એસ.પી. સાહેબ તમોને લેખીતમા મોકલી આપે?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા લેખીતમાં મોકલી આપે.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''લેખીતમાં મંજુરી આવી જાય પછી તપાસ કરનાર અમલદાર કંન્ટ્રોલને જાણ કરે?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે,''લેખીતમા મંજુરી આવ્યા બાદ રવાના થતા પહેલા જીલ્લા પોલીસ અધીકારીને તપાસનીશ અમલદાર ધ્વારા લેખીત મેસેજથી જાણ કરીને નીકળવાનુ હોય છે.તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ કીસ્સામા કંન્ટ્રોલ રુમને જાણ કરીને તમે નીકળેલા?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''આ કીસ્સામા વ્યાસ સાહેબે કંન્ટ્રોલ રુમમા તેમની સરકારી ગાડીમાં જે વાયરલેસ હોય તે મારફતે જાણ કરેલી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ત્યાં તમો બધાએ યાજ્ઞીક સાહેબ અને વ્યાસ સાહેબના કહેવાથી ચેક પોસ્ટ ઉપર પડેલ રાજસ્થાનના વાહનોની નંબર પ્લેટ કાઢેલી.'' તેનો જવાબ તેમણે નકારમાં આપેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તે નંબર પ્લેટ યાજ્ઞીક સાહેબની ગાડી આગળ બન્ને અધીકારીઓના કહેવાથી લગાડેલી હતી?'' તેનો જવાબ તેમણે નકારમાં આપેલ છે. તેમજ તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ''નંબર પ્લેટ બદલ્યા પછી બંને વાહનો લઈને પાલી જવા રવાના થયેલા અને રસ્તામા શીરોહી હોટલ ઉપર રોકાયેલા હતા અને ત્યાંથી પાલીમા વર્ધમાન માર્કેટ ગયેલા હતા અને વર્ધમાન માર્કેટ આગળ તપાસ કરતા ચોકીદાર મળેલો અને ત્યાં સુમેરસીંહના રહેઠાણ વીસ્તારની હકીકત મેળવેલી હતી''. તેમજ તેમને પુછેલ

સવાલ કે, ''સુમેરસીંહને ઘરમાંથી કોણે અને કેવી રીતે બોલાવેલા હતા?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''વ્યાસ સાહેબે બુમો પાડી સુમેરસીંહ બહાર આવો તેમ જણાવતા થોડી વાર પછી સુમેરસીંહ બહાર આવેલા હતા.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''સુમેરસીંહ વ્યાસ સાહેબ અને યાજ્ઞીક સાહેબ પાસે આવેલા?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''સુમેરસીંહ વ્યાસ સાહેબ પાસે આવેલા.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''કઈ ગાડીમાં સુમેરસીંહને બેસાડેલા?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, સુમેરસીંહને યાજ્ઞીક સાહેબની જીપ્સી ગાડીમાં બેસાડેલ હતા. તેમજ તેમને પુછેલ સવાલ કે, ''સુમેરસીંહને પકડયા તે વખતે સ્થળ ઉપર પોલીસ સ્ટાફ સીવાયના કેટલા માણસો ભેગા થઈ ગયેલા હતા? તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''આશરે પંદરથી વીસ માણસો ભેગા થઈ ગયેલા હતા.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''વકીલો પણ હતા.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''કોણ હતા તેની મને ખબર નથી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''સુમેરસીંહને ગાડીમાં બેસાડયા તે વખતે તમે તથા સાથેનો સ્ટાફ કયાં હતા?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''સુમેરસીંહને ગાડીમા બેસાડયા તે વખતે ટ્રાફીકના માણસો જીપસી ગાડી ની નજીક જ હતા અને હુ તથા હંજારી ભાઈ આશરે ત્રીસેક ફુટ દુર ઉભેલ હતા.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''આ બધી પ્રકીયા થઈ ત્યાં સુધી તમે જયાં ઉભેલા ત્યાંજ ઉભા રહેલા હતા અને ગાડી પાસે ગયેલા નહી?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, હુ ગાડી પાસે ગયેલો નહી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમે તથા હંજારીભાઈ શરુથી ભેગા ઉભેલા હતા?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા અમો બન્ને જણા શરુથી જ ભેગા ઉભેલા હતા.'' તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ

છે કે, ''મે તથા હંજારીભાઈએ સુમેરસીંહ સાથે કોઈ વાતચીત કરેલી નથી અને ગાડીમા બેસાડયા ત્યારે પણ અમો જોડે ન હતા.'' તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ''ગાડી રવાના થઈ ત્યાં સુધી અમો જીપસી ગાડી પાસે ગયેલા નહી.'' તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, વ્યાસ સાહેબે સુમેરસીંહને પકડયા તે વખતે યાજ્ઞીક સાહેબના ટ્રાફીકના માણસો તેમની પાસે પહોંચી ગયેલા તથા સુમેરસીંહને જીપસી લઈને રવાના થઈ તેના પછી તેઓ બેઠેલા તે ગાડી લઈને પાછળને પાછળ નીકળેલા. સાહેદે સુમેરસીંહને ગાડીમા બેસાડયા પછી તેમના મોઢા ઉપર કપડુ નાંખવામા આવેલુ હતુ અને સુમેરસીંહને ગાડીમાં બેસાડીને તુરતજ હાથકડી પહેરાવી દેવામા આવેલી હતી તેવી વાતનો ઈન્કાર કરેલ છે. તેમજ બચાવપક્ષે પુછેલ સુચક સવાલના જવાબમાં સાહેદે સ્વિકાર કરેલ છે કે, રાજસ્થાનના પોલીસવાળા સાથે સુમેરસીંહને ગુજરાત ખાતે પાલનપુર લઈ જાય છે તેવી કોઈ વાત થયેલી અને રાજસ્થાન પોલીસ રાત્રે પાલનપુર લઈ જવા માટે ઈન્કાર કરતી હતી. ઉપરાંત રાજસ્થાન પોલીસ પાલનપુર શ્રી સુમેરસીંહને લઈ જવા દેતી ન હતી જેથી વ્યાસ સાહેબે કોટવાલી પો.સ્ટે.ના અધીકારી રાકેશપુરીની શ્રી સંજીવભટટ સાહેબ સાથે ફોન ઉપર વાતચીત કરાવડાવેલી. તેમજ તેમણે એવુ સ્વિકારેલ છે કે, કોટવાલી પો.સ્ટે.માં તેમના સ્વહસ્તે લખેલી યાદી આપવામા આવેલી હતી તથા તેમને બતાવેલ આંક –૨૭૭ વાળી કોટવાલી પો.સ્ટે. ને ઉદ્દેશીને લખાયેલ યાદી તેમના હસ્તાક્ષરમાં લખેલી અને તે યાદી તેમને શ્રી વ્યાસ સાહેબે લખાવેલી જેમાં વ્યાસ સાહેબે રબર સ્ટેમ્પ મારી પોતાની સહી કરેલી, તેમજ તે યાદીમાં કોટવાલી પો.સ્ટે. યાદી મળ્યા બદલની તા.૩/૫/૯૬ના રોજની સહી છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે યાદીમાં ''પુછપરછ માટે લઈ જઈએ છીએ''

તેવુ લખેલુ હોવાનો તથા આ ઉપરોકત યાદી કોટવાલી પો.સ્ટે.માં આપતા તેઓએ તેમને સુમેરસીંહને લઈને પાલનપુર જવા દીધેલા. તેમજ તેમને પુછેલ સવાલ કે, '' તમે લોકો પાલનપુર પહોંચી ગયા તેવી સંજીવભટટ સાહેબ ને કેવી રીતે ખબર પડી તેની તમને ખબર છે?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''હા, અમે પાલનપુર પરત આવ્યા બાદ વ્યાસ સાહેબે સુમેરસીંહને લઈને પાલનપુર પરત આવેલ છીએ તેવી સંજીવભટટ સાહેબને ટેલીફોન થી જાણ કરેલી હતી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''એન.ડી.પી.એસ.ના ગુનામા સંડોવાયેલ નહી હોવાનુ તમોને લાગતા અને શંકા જતા એ હકીકત અંગે સાહેબને આપે ધ્યાન દોરેલુ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''એન.ડી.પી.એસ.ના ગુનામા સંડોવવામા આવેલ હોવાનુ મને લાગતા મે વ્યાસ સાહેબનુ ધ્યાન દોરેલ હતુ.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''તમને શુ શંકા લાગેલી એટલે ધ્યાન દોરેલુ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''મને લાગેલ કે મલીન ઈરાદાથી સુમેરસીંહ ને એન.ડી.પી.એસ ના ગુના મા સંડોવવાનુ કાવતરુ રચાયેલ હોવાનુ જણાતા મે વ્યાસ સાહેબનુ ધ્યાન દોરેલુ.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''અટક કરતી વખતે આવુ લાગેલુ કે પહેલેથી લાગેલુ હતુ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે,''અટક કર્યા પછી લાગેલુ હતુ.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''સુમેરસીંહને પાલીથી પાલનપુર આવતી વખત વ્યાસ સાહેબે પુછતા સુમેરસીંહે દુકાન ખાલી કરાવાની તકરારનો ઉલ્લેખ કરેલો.'' તેના જવાબમા તેમણે જણાવેલ છે કે, ''મને ચોકકસ યાદ નથી.'' તેમજ તેમને પુછેલ સુચક સવાલના જવાબમાં સાહેદે પાલીથી પાલનપુર પરત આવતી વખતે સુમેરસીંહને વ્યાસ સાહેબ સાથે કોઈ વાતચીત થયેલી હોવાનુ જણાવેલ છે અને તે વાતચીતમાં વ્યાસ સાહેબે સુમેરસીંહને પાલી વર્ધમાન માર્કેટ ની દુકાન

બતાવવાનુ કહેલ હતુ અને વર્ધમાન માર્કેટની દુકાન બાબતે પુછપરછ કરેલી હતી અને દુકાન ખાલી કરી નાખવાની વાત કરેલી હતી, તેવુ જણાવેલ છે. જયારે સુમેરસિંહે કોર્ટમાં કેસ ચાલે છે તેવુ જણાવેલ નહી, તેવો જવાબ આપેલ છે. તેમજ સાહેદને એવો સુચક પ્રશ્ન કરવામાં આવેલ કે, ''તમારા જવાબ દરમ્યાન ઉપર જણાવ્યુ તેવુ તમે લખાવેલુ હતુ. તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''પોલીસ અધીક્ષક શ્રી વીરેન્દ્ર યાદવ સાહેબ સમક્ષ મે ઉપર જણાવ્યુ તે મુજબની હકીકત લખાવેલી હતી. જેમા મે એવુ લખાવેલુ કે સુમેરસીંહને વ્યાસ સાહેબે પાલી વર્ધમાન માર્કેટની દુકાન બાબતે પુછપરછ કરેલી હતી અને દુકાન ખાલી કરી નાખવાની વાત કરેલ હતી.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''ગુ.રજી નંબર ૨૧૬/૯૬ વાળા કેસ અંગે વ્યાસ સાહેબે તમારી પુછપરછ કરેલી તે વખતે તમે આવુ તેમને જણાવેલુ હતુ ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''વ્યાસ સાહેબે મારી કોઈ પુછપરછ કરેલી નથી.

બચાવપક્ષની તકરાર સબંધિત પુછાયેલા સુચક પ્રશ્નોના જવાબમાં સાહેદે એવુ જણાવેલ છે કે,''મે એલ.સી.બી.ઓફીસમા કુટરમલને મારી હાજરીમા શ્રી વ્યાસ સાહેબ ને મળતા જોયલા છે. વકીલ શ્રી ગંગાસીહને પણ મળતા જોયલા છે'' તથા તેમજ તેમને પુછેલ સવાલ કે, ''કુટરમલ અને ગંગાસીંહ શ્રી સંજીવભટટ સાહેબને મળવા ગયેલાની અને તેઓ બન્ને જણા ભટટ સાહેબને મળીને પાછા આવ્યા બાદ શ્રી વ્યાસ સાહેબને એકવાર મળેલા. તેમજ તેઓ બન્ને જણા વ્યાસ સાહેબની ચેમ્બરમા આવતા વ્યાસ સાહેબે તેઓને ચેમ્બર બહાર બેસવાનુ કહેલુ. તેથી તેમની વચ્ચે શુ વાતચીત થયેલી તેની તેઓને ખબર નથી, તેવુ જણાવેલુ છે. આ ઉપરાંત સબંધિત સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલુ

છે કે, તેઓ વીસ મીનીટ સ્ટાફરૂમમાં બેસી રહયા બાદ વ્યાસ સાહેબે ચેમ્બરમાં બોલાવતા તેઓ ગયેલા ત્યારે તે વખતે વ્યાસ સાહેબ પાસે કુટરમલ એકજ બેઠેલા હતા અને તેમની હાજરીમાં આશરે દસેક મીનીટ કુટરમલ વ્યાસ સાહેબ સાથે ચેમ્બરમાં બેઠેલા હતા અને કુટુરમલ બહાર નીકળયા પછી તેઓ વ્યાસ સાહેબની ચેમ્બરમાં જતા અને જે સમયે આશરે રાત્રીના આઠેક વાગ્યાનો હતો. તેમજ તે સમગ્ર સમય દરમ્યાન સુમેરસીંહ વ્યાસ સાહેબની ચેમ્બરમાં નહી પરંતુ ટી.પી.રૂમમાં હતા તેવા જવાબો આપેલા છે. તેમજ મામલતદાર કચેરીમા થયેલ ઓળખ પરેડના પંચનામાની નકલ વ્યાસ સાહેબે તપાસના કાગળોમા મુકવા માટે તા.૬/૫/૯૬ના રોજ તેઓને આપેલી અને તે નકલની સાથે સ્થળપ્રત પણ આપેલી અને જે સાંજના સાત વાગે આપેલી તેવુ જણાવેલુ છે. સાહેદને પુછેલ સવાલ કે, ''તા. ૬/૫/૯૬ ના રોજ સુમેરસીંહને જેલ ઉપર મોકલી આપ્યા બાદ તમે ઓફીસમા સદર ગુના સબંધે શુ કામગીરી કરેલી?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે,''તા.૬/૫/૯૬ ના રોજ સુમેરસીંહ ને જેલ ઉપર મોકલી આપ્યા બાદ વ્યાસ સાહેબ તથા હુ ઓફીસમા આવેલ હતા અને વ્યાસ સાહેબે સદર ગુના સબંધે મને સુમેરસીંહનો જવાબ લખાવેલ હતો'' અને આવી હકિકત તેઓ ખોટી જણાવતા હોવાનો ઈન્કાર કરે છે. સાહેદને પુછેલ સુચક પ્રશ્ન કે, ''આપે વ્યાસ સાહેબનુ ઘ્યાન દોરેલુ કે સુમેરસીંહ હાજર નથી તો તેમનો જવાબ કેમ લખાવો છો?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, તેઓએ ઘ્યાન દોરેલુ નહી અને જે બાબતેની સ્પષ્ટતા કરતા એવુ જણાવેલ છે કે, ''વ્યાસ સાહેબે જાતે કહેલ કે એસ.પી. સંજીવભટટ સાહેબના જણાવ્યા મુજબ આ નિવેદન લખાવુ છુ.'' તેમજ તેમને પુછેલ સવાલ કે, ''સદરે તપાસ દરમ્યાન સુમેરસિંહે ભવંરસીંહ તથા ઉજજવલ સીંહ, બંને રહે.પાલીવાળા મોટી ગેંગો રાખી માદક

દ્રવ્યોની હેરાફેરી કરે છે તેવુ જાહેર થયેલુ.'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, સુમેરસીંહે આવુ કોઈ જણાવેલુ નહી પરંતુ સુમેરસીંહને તા.૬/૫/૯૬ના રોજ નામદાર કોર્ટમા રજુ કર્યા બાદ હુ તથા પી.આઈ.શ્રી વ્યાસ સાહેબ એલ.સી.બી ઓફીસે આવેલા અને વ્યાસ સાહેબે મારી પાસે સુમેરસીંહનો જવાબ લખાવેલો જેમા ઉપરોકત હકીકત લખાવેલી હતી.સુમેરસીંહે તેના નીવેદનમા આવી કોઈ હકીકત જણાવેલી ન હતી અને આજ હકીકત વ્યાસ સાહેબે મને ગુનાની તપાસ ની કેસ ડાયરી મા પણ લખાવેલી હતી અને સવાલનો સાચો જવાબ ઈરાદાપુર્વક ટાળી રહેલ હોવાનુ અને સવાલના જવાબ ઉપરાંત મનસ્વીપણે વધારાની હકીકતો લખાવતા હોવાની વાતનો ઈન્કાર કરેલ છે. બચાવપક્ષે સાહેદને પુછેલ સુચક પ્રશ્ન કે, ''પાલીના શકમંદો ભવરસીંહ અને ઉજજવલસીંહ બાબતે આગળ કોઈ તપાસ થયેલી હોય તેવુ તમે કાંઈ જાણો છો?'' તેના જવાબમાં તે અંગે કોઈ તપાસ થયેલી જ ન હોવાનુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સવાલ કે, '' હસ્તાક્ષર ચકાસણી માટે કુદરતી સહી તથા હસ્તાક્ષર વાળા દસ્તાવેજો મોકલવા જરુરી છે ?'' તેના જવાબમાં તેમણે જણાવેલ છે કે, ''કુદરતી દસ્તાવેજો મોકલવા ફરજીયાત નથી. કુદરતી ક્રમના હસ્તાક્ષર અને નમુનાના હસ્તાક્ષર મોકલવા જરુરી છે.'' તે સંદર્ભે આ કિસ્સામાં સુમેરસીંહની કુદરતી સહી મોકલવામાં આવેલી નથી તેવા સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, આ કિસ્સામાં સુમેરસીંહની કુદરતી સહી મોકલવામા આવેલી નથી. તેમજ તેમને બચાવપક્ષે પોતાની તકરાર સબંધે સુચક રીતે પુછેલ પ્રશ્ન કે, ''તમારી સરતપાસમાં જણાવ્યા મુજબ લાજવંતી હોટલ ના રુમ નંબર ૩૦૫ માં ગાદલા નીચેથી અફીણ મળેલુ ત્યારે વ્યાસ સાહેબ ને તમોએ ખોટુ થઈ રહેલા ની ટકોર કરેલી તેમજ તેમણે તે વખતે એસ.પી.સાહેબ ની સુચના

હોવાનુ અને વધારે મગજ નહી વાપરવાનુ જણાવેલા નુ તેમજ બગીચા માં બેસી ફરીયાદ અને પંચનામુ લખાવરાવેલા નું અને તમોએ લખેલા નુ તેમજ જવાબો અને કાગળો ભટટ સાહેબ ના કહેવા મુજબ લખી લેવાનુ વ્યાસ સાહેબે જણાવેલાનુ તેમજ સુમેરસીંહનુ સરનામુ ભટટ સાહેબે આપેલ હોવાનુ વ્યાસ સાહેબે જણાવેલા નુ તેમજ તા.૩૦/૪/૯૬ના રોજ ગુનો રજીસ્ટર કરાવ્યો ત્યારે વ્યાસ સાહેબ ખોટુ થઈ રહયુ છે તેવી ચીન્તા મા હોવાનુ તેમની વાતચીત ઉપર થી તમને લાગેલાનુ પછી વ્યાસ સાહેબ ને તા.૨/૫/૯૬ના રોજ સુમેરસીંહને અટક કરાય એટલા પુરતા પુરાવા નથી તેમજ સરનામુ નથી તેવુ તમોએ કહેતા સંજીવ ભટટ સાહેબે સરનામુ આપેલાનુ જણાવેલાનુ તમારા પુરાવા મા જણાવેલ છે તે ઉપર થી આપને એવુ લાગેલુ કે ખરેખર શરુથી જ આ તદદન ખોટો કેસ કરવામા આવેલો છે અને તમારી પાસે ખોટા કાગળો તૈયાર કરાવવામા આવી રહયા છે ?'' તેના જવાબમાં સાહેદે એવુ જણાવે છે કે, તે વખતે તેઓને શંકા ગયેલી હતી. આ ઉપરાંત તેવોજ બીજો પ્રશ્ન કે ''સુમેરસીંહને તા.૩/૫/૯૬ના રોજ કલાક ૧૩:૩૦ વાગે અટક કર્યા તેમજ પુછપરછ કરી તે વખતે સંજીવભટટ સાહેબે મલીન ઈરાદાથી એન.ડી.પી.એસ.ના ગુનામા સુમેરસીંહને સંડોવવાનુ કાવતરુ રચેલા નુ આપને લાગેલુ?'' તેના જવાબમાં ''સુમેરસીંહ ને તા.૩/૫/૯૬ ના કલાક ૧૩:૩૦ વાગ્યે આ ગુના ના કામે અટક કરવામા આવેલ અને તેની પુછપરછમા તે ગુનાનો આરોપી નહી હોવાનુ અને તેને મલીન ઈરાદાથી એન.ડી.પી.એસ.ના ગુનામા સંડોવવાનુ કાવતરુ રચેલ હોવાનુ મને શંકા ગયેલી.'', તેવુ સાહેદે જણાવેલુ છે. સાથેસાથે અન્ય પ્રશ્ન કે , ''સુમેરસીંહની પુછપરછના જવાબ ઉપરથી તમે નકકી કરેલુ કે તેઓને ગુના મા ખોટી રીતે સંડોવી દીધેલ છે?'' તેના

જવાબમાં ''સુમેરસીંહને એસ.પી.સંજીવભટટ સાહેબ પાસે રજુ કરેલ તે વખતે સંજીવ ભટટ સાહેબે પાલી વર્ધમાન માર્કેટ ની દુકાન ખાલી કરી દેવાની ધમકીઓ આપેલી હતી અને તે પછી સુમેરસીંહે તેની પુછપરછમા પાલી વર્ધમાન માર્કેટની દુકાન નંબર–૬ ખાલી કરવા માટે કુટરમલ અને સંજીવભટટ સાહેબે તેમજ તત્કાલીન હાઈકોર્ટ જજ શ્રી આર.આર. જૈન સાહેબે મળી તેને નાર્કોટીકસના ગુનામા જેલમા ધકેલવાનુ કાવતરુ કરેલ હોવાનુ જણાતા તેઓને તે વખતે સુમેરસીંહને ખોટી રીતે નાર્કોટીકસના ગુનામા સંડોવી દીધેલ હોવાનુ જણાયેલ હતુ.'', તેવુ જણાવેલ છે. તેમજ તેમને પુછેલ સુચક પ્રશ્ન કે , ''તમે સરતપાસમાં જણાવ્યા મુજબ સંજીવભટટે દુકાન ખાલી કરાવવા માટે જૈન સાહેબ તથા કુટરમલ સાથે મળીને અફીણ ના ગુના મા સુમેરસીંહ ને ફસાવવાનુ કાવતરુ રચેલાનુ તેમજ પાર પાડેલા નુ અને નાર્કોટીકસ નો ગુનો દાખલ કરાવેલાનુ અને એ ગુના મા અટક કરેલા નુ નુ જણાવેલ છે એ હકીકતે આપ પણ આ ગુનાહીત કાવતરાના ભાગીદાર છો એવુ આપને લાગેલુ કે નહી?'' તેના જવાબમાં તેમણે એવુ જણાવેલ છે કે, ''ના, મને એવુ લાગેલુ નહી કારણ કે ગુનો એ લોકોએ કરેલ હતો મે કોન્સ્ટેબલ તરીકે ઉપરી અધીકારીઓના આદેશ મુજબ લખાણ કાર્યવાહીનુ કાર્ય તેમના લખાવ્યા મુજબ ફરજના ભાગ રુપે કામ કરેલ હતુ.'' તેમજ બચાવપક્ષે કેસ ડાયરી અંગેના બચાવ સંદર્ભે સાહેદને પુછેલ પ્રશ્નોના જવાબો નીચે જણાવ્યા મુજબ સાહેદે આપેલા છે. ....

**પ્રશ્ન** ''તા.૪/૫/૯૬ પછીની કેટલા દિવસ સુધીની કેસ ડાયરી તમારા હસ્તાક્ષરમાં લખાયેલી હતી.

**જવાબ:** તા.૪/૫/૯૬ પછી આશરે દસ દિવસ દરમ્યાન સુધીની કેસ ડાયરી મારા હસ્તાક્ષર મા લખાયેલી હતી.

**પ્રશ્ન:** તમો તથા વ્યાસ સાહેબને સંજીવભટ્ટ સાહેબે કેસ ડાયરી લઈને કઈ તારીખે બોલાવેલા હતા?

**જવાબ:** ચોકકસ તારીખ યાદ નથી.પરંતુ સુમેરસીંહના રીમાન્ડ પછી આશરે પંદર દિવસ દરમ્યાન બોલાવેલા હતા.

**પ્રશ્ન:** ચોકકસ તારીખ કહી શકશો?

**જવાબ:** ચોકકસ તારીખ હુ કહી શકીશ નહી.

**પ્રશ્ન:** આંક –૨૭૩ વાળી નવી કેસ ડાયરી લખી તે ડાયરી વ્યાસ સાહેબની ચેમ્બરમા તમારી હાજરીમા લખાયેલી.?

**જવાબ:** હાજી.

**પ્રશ્ન:** ભટ્ટ સાહેબે જે સુચનાઓ ડાયરીમાંથી કાઢી નાખવાનુ કહયુ તેની પેન્સીલથી કે પેનથી વ્યાસ સાહેબની હાજરીમા તમે કે વ્યાસ સાહેબે તેટલા લખાણ કાઢી નાખવા તે અંગે તમારા હસ્તાક્ષરમા લખાયેલ કેસ ડાયરીમા પેન્સીલ કે પેનથી કોઈ માર્કીંગ કરેલુ?

**જવાબ:** નાજી.

**પ્રશ્ન:** આપને અને વ્યાસ સાહેબને શ્રી ભટ્ટ સાહેબે ડાયરી માટે કેટલા વાગે બોલાવેલા ?

**જવાબ:** બપોરના આશરે દોઢથી બેના વચ્ચે બોલાવેલા હતા.

**પ્રશ્ન:** ભટટ સાહેબે કાઢી નાખવાની જે સુચનાઓ આપી તે પ્રમાણે વ્યાસ સાહેબે તમારી હાજરીમા તે કાઢી નાખેલ?

**જવાબ:** મારી હાજરીમા કેસ ડાયરી નવી બનાવેલ એ વખતે આ સુચનાઓ ની વીગતો વ્યાસ સાહેબે કાઢી નાખેલ હતી.

**પ્રશ્ન:** કઈ કઈ વિગતો કાઢી નાખવાની સુચના આપેલી તે તમે હાલ કહી શકો?

**જવાબ:** કેસ ડાયરીમા સંજીવભટટ સાહેબ ની સુચનાથી અને તેમના સુપરવીઝન હેઠળ ગુનાની તપાસના કામે આપવામા આવેલ સુચનાઓ જેમા સુમેરસીંહની એકઝીકયુટીવ મેજીસ્ટ્રટ સમક્ષ થયેલ ઓળખ પરેડ પછી તાત્કાલીક પોલીસ રુબરુની ઓળખ પરેડ કરવા આપેલ સુચના તથા સુમેરસીંહને તાત્કાલિક સી.આર.પી.સી. કલમ–૧૬૯ હેઠળ છોડી મુકવાનો રીપોર્ટ નામદાર કોર્ટમા તાત્કાલીક કરવા આપેલ સુચના કારણ કે સુમેરસીંહે પાલી વર્ધમાન માર્કેટની દુકાન નંબર–૬ ખાલી કરવાનો કરાર કરેલ હોવાનો ઉલ્લેખ અને બીજી ઘણી સુચનાઓ લખેલ હતી.

**પ્રશ્ન:** કેસ ડાયરી કેવી રીતે નાશ કરેલો?બાળી ને કે ફાડી ને ?

**જવાબ:** કેસ ડાયરીના નાના–નાના ટુકડા કરી કચરા ટોપલીમા નાખેલા અને રાત્રીના વખતે વ્યાસ સાહેબે મહંમદ હનીફ ને કહેલ કે આ કચરો સળગાવી નાખો જેથી મહં મદ હનીફે એલ.સી.બી.ના કમ્પાઉન્ડના છેડે તે કચરો સળગાવી નાખેલ હતો અને તે હકીકત મે નજરે જોયેલી હતી.

**પ્રશ્ન:** તમે તે વખતે શ્રી વ્યાસ સાહેબ ને એવુ કહેલુ નહી કે સાહેબ આ પુરાવો ભવીષ્યમા આપણને કામ મા આવે રાખી મુકો?

**જવાબ:** કહેલુ નહી, મે એટલા માટે કહેલુ નહી કે,સંજીવભટટ સાહેબ વ્યાસ સાહેબને કહેલ કે આ કેસ ડાયરી મા મારા વિરુઘ્ધની વીગતો કાઢી નાખો નહીતો કોઈ ગુનામા તમને ફીટ કરી દઈશ અને સસ્પેન્ડ કરી દઈશ એવુ કહેલ હોઈ મે આ કહેલુ નહી.

**પ્રશ્ન:** તમે જે જણાવો છો કે અગાઉ લખાયેલી કેસ ડાયરી ફાડી નાખી નાશ કરવામા આવેલ તે કેસ ડાયરી મા ડાયરી નંબર –૧ તા.૩૦/૪/૯૬ થી ડાયરી નંબર –૪ તા.૪/૫/૯૬ કલાક ૧૦:૦૦ થી ૧૩:૦૦ સુધી નો સમાવેશ થતો હતો.?

**જવાબ:** હાજી સાહેબ જે ફાડી નાખી નાશ કર્યો તેમા તે ડાયરી નો સમાવેશ થતો હતો.

**પ્રશ્ન:** તમે જણાવ્યા મુજબની ફાડી નાખેલી તમારા હસ્તાક્ષરની કેસ ડાયરી ઉપરથી આંક–૨૭૩ વાળી કેસ ડાયરી શ્રી વ્યાસ સાહેબે તમારા લખાવ્યા મુજબ લખેલી કે તેમણે તે મુળ કેસ ડાયરી જાતે જોઈ ને લખેલી.?

**જવાબ:** મારા અક્ષરોમા લખાયેલી કેસ ડાયરી તા.૩૦/૪/૯૬ થી તા. ૪/૫/૯૬ના કલાક ૧૩:૦૦ સુધીની કેસ ડાયરી જોઈને વ્યાસ સાહેબે નવી કેસ ડાયરી લખેલી.

**પ્રશ્ન:** તે સીવાયની ડાયરી કોણે લખેલી?

**જવાબ:** વ્યાસ સાહેબે.

**પ્રશ્ન:** તમારા બે સીવાય કોઈ હાજર હતુ નવી કેસ ડાયરી બનાવી તે વખતે ચેમ્બર મા?

**જવાબ:** ના.

**પ્રશ્ન:** તા.૪/૫/૯૬ના કલાક ૧૦:૦૦ થી કલાક ૧૩:૦૦ સુધી ની કેસ ડાયરી વ્યાસ સાહેબે તૈયાર કર્યા બાદ તમે વાંચેલી કે તેમા કોઈ ભુલ છે કે કેમ?

**જવાબ:** ના, મે વાંચેલી નહી.

**પ્રશ્ન:** એના પછીની જે જે ઘટનાઓ ઘટતી ગઈ તેની કેસ ડાયરી વ્યાસ સાહેબ લખતા કે બીજા કોઈની મદદ લેતા હતા તમારા સીવાય?

**જવાબ:** મારા અક્ષરોમા લખાયેલ કેસ ડાયરી વ્યાસ સાહેબે જાતે લખેલી અને તે પછી કેસ ડાયરી વ્યાસ સાહેબ જાતે લખતા હતા.

બચાવપક્ષે સાહેદે એવુ પુછેલુ છે કે, ''સુમેરસીંહને અદાલતે ડીસ્ચાર્જ કર્યા બાદ શાંન્તીલાલ ગુપ્તા તથા મનુભાઈ કોદરવીને બોલાવીને વ્યાસ સાહેબ ધ્વારા શકમંદોની તપાસ કરવાની કાર્યવાહી કરવામા આવેલી ?'' તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, ''આ બન્નેને વડોદરા ખાતે તબકકાવાર લઈ જઈ રેખા ચીત્રોની કાર્યવાહી કરેલી હતી''. આ ઉપરાંત ક્રાઈમબ્રાન્ચ પાલનપુર તથા પાટણ અને મહેસાણાના રીઢા આરોપીઓના ફોટોગ્રાફ મંગાવીને શાં ન્તીભાઈ તથા મનુભાઈ કોદરવીને અવાર નવાર તમારી ઓફીસમા બોલાવીને શકમંદોની ઓળખ માટે ફોટોગ્રાફ બતાવીને તપાસની કાર્યવાહી કરેલી?'' તેવા પ્રશ્નના જવાબમાં સાહેદે તેવી કોઈ કાર્યવાહી નહી કરવામાં આવેલ હોવાનુ જણાવેલ છે. તેજ રીતે વ્યાસ સાહેબે રેખાચીત્રો વિગેરે કાર્યવાહી ઉપરાંત તમારી સાથે રહી ને પાલનપુર ,ડીસા તથા બનાસકાંઠાના અન્ય તાલુકાઓમા તેમજ એસ.ટી.ડી., પી.સી.ઓ.મા વીગત મેળવી શકમંદોની તપાસ કાર્યવાહી સતત ચાલુ રાખેલી હતી તેવા પ્રશ્નના જવાબમાં આવુ બનેલુ નહી હોવાનુ જણાવેલ છે.

બચાવપક્ષે હોટલમાં થયેલ રેડ અને પંચનામા વિગેરે કાર્યવાહી અંગે પુછેલા સુચક પ્રશ્નોના જવાબમાં બગલથેલામાંથી કઠણ, આછો, પોચો, કાળો પદાર્થ મળી આવેલ તે પદાર્થ મે મારા હાથમા લઈ જોયેલો નહી. તેમજ સુંઘેલો પણ નહી તથા વ્યાસ સાહેબે જણાવ્યુ તે આધારે તે પદાર્થ અફીણ છે તેવી તેમને ખબર પડેલી ? તેમજ તે પદાર્થને હોટલ લાજવંતીના બગીચામા બેસીને સીલ કરવામા આવેલ હતો. તેવુ જણાવેલુ છે. બચાવપક્ષે મુદ્દામાલની ઓળખ અંગે પુછેલ પ્રશ્નોના જવાબમાં સાહેદે જે–તે સમયે જોયેલ તે સ્થિતિમાં હાલ તે પદાર્થ નથી તેવુ જણાવી મુદ્દામાલની સ્થિતિ અંગે પુછેલા પ્રશ્નના જવાબમાં જાંબુડીયા કલરની થેલી ખોલતા તેમાં અંદર એક કપડાની સીલબંધ થેલી છે. તેમા મુદ્દામાલ મુકેલ હોવાનુ જણાય છે અને તે કપડાની થેલી એક મીણીયાની થેલીમા મુકેલ હોવાનુ અને આજુબાજુ છાપાના તુટેલા કાગળ હોવાનુ જણાઈ આવે છે. આ ઉપરાંત સંદર્ભે પુછેલી પ્રશ્નોત્તરી નીચે મુજબ છે.

પ્રશ્ન: શેરપુરા ઢાણીમા મળેલી જાંબુડી કલરની થેલીઓ જેવી આ થેલી છે.

જવાબ: ના, શેરપુરા ઢાણીની રેડ વખતે પકડાયેલ મુદ્દામાલમા જે જાંબુડી કલરની થેલી હતી તેવી આ થેલી નથી.

પ્રશ્ન: માલાભાઈને કબાટ મા જાંબુડી કલર ની થેલી મુકતા તમે જોયેલા તે થેલી અત્યારે તમે અદાલત મા જોઈ તેવી થેલી હતી?

જવાબ: ના જી.

તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓને અદાલતમા બતાવાયેલ મુદ્દામાલવાળી જાંબુડી કલરની થેલી ઉપર ઝલક ડ્રીમ તેવુ છાપેલુ છે તથા

મોબાઈલ નંબર પણ છાપેલ છે અને દુકાનનુ સરનામુ છપાયેલુ છે તે પાલનપુરનુ છે તથા તે સ્પષ્ટ વંચાય છે.

આ સાહેદને સને–૨૦૧૮ની સાલમાં તપાસ દરમ્યાન તેઓના જ્યુડી.મેજી.ફ.ક. સા.ની રૂબરૂની લેવાયેલ નિવેદન અંગે કેજેમાં બચાવપક્ષની તકરાર એવી છે કે, સદર નિવેદન નહી પરંતુ કબુલાત તરીકે નોંધાયેલ છે તે બચાવ સારૂ વિ.વકીલ શ્રીએ ઉલટતપાસમાં જે પ્રશ્નો પુછયા છે તે પ્રશ્નોત્તરી નીચે મુજબ રેકર્ડ ઉપર જુબાનીથી આવેલ છે.

**પ્રશ્ન:**–ગાંધીનગર ખાતે કઈ કોર્ટમા તમને લઈ ગયેલા તે કહી શકશો?

**જવાબ:**–મને નામદાર જ્યુ.મેજી.ફર્સ્ટ કલાસ શ્રી એ.પી.પટેલ સાહેબની કોર્ટમા લઈ ગયેલ હતા.

**પ્રશ્ન:**–તમને કોર્ટમા શ્રી એ.પી.પટેલ સાહેબ પાસે લઈ ગયેલા તે વખતે તમારી સાથે કયા પોલીસ અધીકારી હતા ?

**જવાબ:**–શ્રી સૈયદ સાહેબ હતા.તેમના હોદાની મને ખબર નથી.

**પ્રશ્ન:**–તમારી હાજરીમા શ્રી સૈયદે નીવેદન નોંધવા માટે જજ સાહેબને કોઈ લેખીત રીપોર્ટ આપેલ હતો ?

**જવાબ:**–નાજી.

**પ્રશ્ન:**–તમે તા.૫/૯/૧૮ના રોજ જજ સાહેબની ચેમ્બરમા કેટલા સમય સુધી રોકાયેલા ?

**જવાબ:**–હુ તા.૫/૯/૧૮ના રોજ નામદાર જયુ.મેજી.ફ.ક. સાહેબની ખુલ્લી કોર્ટમા આશરે દસ પંદર મીનીટ સુધી રોકાયેલો.

**પ્રશ્ન:**–તે સમય દરમ્યાન શુ કાર્યવાહી થયેલી ત્યાં?

**જવાબ:**–નામદાર જજ સાહેબની કોર્ટમા મને રજુ કરતા નામદાર જજ સાહેબે કોર્ટમા હાજર પોલીસ તથા પક્ષકારો , વ.શ્રીઓને કોર્ટની બહાર જવાનુ કહેલુ અને તેઓ બધા બહાર ગયા બાદ નામદાર જજ સાહેબે મારુ નામ ઠામ પુછેલુ અને નિવેદન લખાવવા બાબતે પ્રશ્નો પુછેલા અને તેના મે જવાબો આપેલા તેથી જજ સાહેબે મને નીવેદન લખાવવા માટે ચોવીસ કલાક નો ટાઇમ તા.૬/૯/૧૮ના કલાક–૧૨:૦૦ સુધીનો આપેલો અને નામદાર જજ સાહેબ ના પ્રશ્નો અને મારા જવાબની પ્રીન્ટ કોમ્પુટર ઉપર કઢાવી મને વાંચવા આપેલી અને તેના નીચે મે મારી સહી કરેલી અને તે પછી જજ સાહેબે સહી કરેલી હતી.

**પ્રશ્ન:**–તમને આંક–૪૨૧ બતાવામા આવે છે તે જોઈ જણાવશો કે તે તેજ નીવેદન હતુ?

**જવાબ:**–હાજી.

**પ્રશ્ન:**–તા.૫/૯/૧૮ના રોજ જજ સાહેબે તમને જે પ્રશ્નોતરી પુછી તે કબુલાત ના નીવેદન બાબતે પુછેલી હતી.

**જવાબ:**–નામદાર જજ સાહેબે નીવેદન કબુલાત લખાવવા માગો છો? તેમ પુછેલ હતુ.

**પ્રશ્ન:**–જેથી તમે હા પાડેલી હતી.

**જવાબ:**–હા જી.

**પ્રશ્ન:**–તમે કબુલાત કરવા બંધાયેલા નથી તેવુ પણ તમને પુછેલુ અને તમે હા પડેલી?

**જવાબ:**–નામદાર જજ સાહેબે મને પ્રશ્ન પુછેલ કે તમે આવુ કોઈ નીવેદન કબુલાત કરવા બંધાયેલા નથી જેથી મે હા પાડેલી.

**પ્રશ્ન:**–તમને ગાંધીનગરના જજ સાહેબે એવુ પણ પુછેલુ કે તમે જે કથનો કરો તે તમારી વિરુધ્ધમા પણ જઈ શકે છે.

**જવાબ:**–હા

**પ્રશ્ન:**–તે જજ સાહેબે તમને પહેલો એવો સવાલ પુછેલો કે કબુલાતના નીવેદન માટે તમને તેઓની સમક્ષ રજુ કરવામા આવેલા છે.

**જવાબ:**–નામદાર જજ સાહેબે મને પહેલો પ્રશ્ન પુછેલો કે, તમે જાણો છો કે તમને કોની સમક્ષ રજુ કરવામા આવેલ છે.મે હા પાડેલી.

**પ્રશ્ન:**–કબુલાતનુ નીવેદન નોધવા માટે રજુ કરવામા આવેલા હતા.

**જવાબ:**–મને નીવેદન લખાવવા માટે રજુ કરવામા આવેલ છે તેવુ જજ સાહેબ જણાવેલ હતુ.

**પ્રશ્ન:**–ગાંધીનગર જજ સાહેબે તમોને એવુ પુછેલુકે પોલીસ તમને ધાક, ધમકી કે પ્રલોભન આપેલુ છે?

**જવાબ:**–નામદાર જજ સાહેબે મને એવુ પુછેલુ અને મે જણાવેલુ કે આવી કોઈ ધાક, ધમકી કે પ્રલોભન પોલીસ ધ્વારા મને આપવામા આવેલ નથી.

**પ્રશ્ન:**–વિચાર કરવા માટે તમને ૨૪ કલાક નો સમય આપેલો?

**જવાબ:**–હાજી.

**પ્રશ્ન:**–જજ સાહેબે તમને મૌખીકમા એવી સુચના આપેલી કે તમે પોલીસ કસ્ટડીમા નથી આવતી કાલે બપોર ના બાર વાગ્યાના સુમારે અહીંયા આવજો અને આવુ લેખીતમા પણ તમને તે જવાબ મા કહેલુ.

**જવાબ:**–હાજી.

**પ્રશ્ન:**– તા.૬/૯/૧૮ના રોજ તમે ગાંધીનગરના જજ સાહેબ પાસે કેટલા વાગે હાજર થયેલા ?

**જવાબ:**–હુ બપોરના બાર વાગ્યે હાજર થયેલો.

**પ્રશ્ન:**–જજ સાહેબ પાસે ગયા તે વખતે કોર્ટ રુમ મા ગયેલા કે બહાર બેઠેલા?

**જવાબ:**–કોર્ટ રુમ મા ગયેલો.

**પ્રશ્ન:**–કોર્ટ રુમમા પોલીસ કર્મચારીઓ તમારી સાથે હતા.

**જવાબ:**–નાજી.

**પ્રશ્ન:**–તમને પુછપરછ કરી તે પહેલા પોલીસ કર્મચારીઓને જજ સાહેબે બહાર કાઢેલા.

**જવાબ:**–મે પોલીસ કર્મચારી જોયેલા નહી.

**પ્રશ્ન:**–અન્ય વ્યકતીઓ જે કોર્ટમા હતા તેમને બહાર નીકળી જવા જજ સાહેબે આદેશ કરેલો.

**જવાબ:**–હાજી.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે વખતે તેમની સાથે પોલીસ કર્મચારીઓ કોર્ટ રુમમા આવેલ હોવા છતા પણ તેઓ ખોટી રીતે ઈન્કાર કરે છે. એ

વાતનો પણ તેમણે ઈન્કાર કરેલ છે કે, પોલીસ કર્મચારીઓને તેઓની હાજરીમા કોર્ટ રુમમાંથી બહાર જવાનુ જજ સાહેબે કીધેલ હોવાછતા પણ તેઓ ખોટી રીતે ઈન્કાર કરે છે.

**પ્રશ્નઃ**–તે વખતે જજ સાહેબે તમને એવુ કહેલુ કે તમારે વિચારવા માટે હજુ વધુ સમય જોઈતો હોય તો આપુ પરંતુ તમે ના પાડેલી.

**જવાબઃ**–હાજી.

**પ્રશ્નઃ**–તમે તા.૫/૯/૧૮ તથા તા.૬/૯/૧૮ના રોજ જજ સાહેબને જે કાંઈ જવાબો આપેલા તે વિચારીને આપેલા ને?

**જવાબઃ**–હાજી.

**પ્રશ્નઃ**–જજ સાહેબ સમક્ષ તા.૬/૯/૧૮ના રોજ તમારુ નીવેદન લેવાઈ ગયુ તે પછી તમે કયાં ગયેલા?

**જવાબઃ**–પાલનપુર આવેલો.

સાહેદને તા.૮/૧૦/૧૮ તથા ૯/૧૦/૧૮ના રોજના નિવેદનો કે જે બચાવપક્ષની તકરાર પ્રમાણે કબુલાત કહેવાય તે અંગે વિ.વકીલ શ્રીએ ઉલટતપાસમાં પુછેલ પ્રશ્નોત્તરી નીચે મુજબ રેકર્ડ ઉપર નોંધાયેલ છે.

**પ્રશ્નઃ**– જજ સાહેબે તમને કોર્ટ રુમમા બોલાવેલા કે તેમની ચેમ્બરમા બોલાવેલા?

**જવાબઃ**– ખુલ્લી કોર્ટ રુમમા બોલાવેલા.

**પ્રશ્નઃ**– જજ સાહેબે તમને કબુલાતના નિવેદન માટે બોલાવેલા છે તેવુ જણાવેલુ.

**જવાબઃ–** જજ સાહેબે મને તમે કોઈ નિવદેન કબુલાત લખાવવા માગો છો? તેવુ પુછેલુ જેથી મે હા પાડેલી.

**પ્રશ્નઃ–** જજ સાહેબે તે દિવસે પણ તમને સમજાવેલ કે કબુલાત નિવેદન આપવા તમે બંધાયેલા નથી.

**જવાબઃ–** જજ સાહેબે મને એવો પ્રશ્ન કરેલ કે તમે જાણો છો કે તમો આવુ કોઈ નીવેદન કે કબુલાત કરવા બંધાયેલા નથી જેથી મે હા હુ જાણુ છુ તેવુ કહેલુ.

**પ્રશ્નઃ–** જજ સાહેબે તમને એવુ પણ જણાવેલ કે તમે જે કાંઈ કથન કરશો તે તમારી વિરુધ્ધમા ઉપયોગમા લેવાઈ શકે છે ?

**જવાબઃ–** હાજી.

**પ્રશ્નઃ–** તમને એવુ પણ જણાવેલુ કે તમને કોઈએ દબાણ, ધાક, ધમકી કે પ્રલોભન લાલચમા આપેલ છે?

**જવાબઃ–** હાજી તેવુ પુછેલુ.

**પ્રશ્નઃ–** આ બધા પ્રશ્નો પુછી જજ સાહેબે તમને ફરીથી કયારે આવવાનુ કહેલું ?

**જવાબ–** જજ સાહેબે મને ચોવીસ કલાક વીચારણા કરવા માટે સમય આપેલો અને પછી બીજા દીવસે ૩:૪૫ વાગ્યે બોલાવેલો.

**પ્રશ્નઃ–** તા.૮/૧૦/૧૮ ના રોજ જજ સાહેબ પાસે પ્રશ્નો તરી નીવેદન લખાવી તમે બહાર આવ્યા તે વખતે વિપુલ ભાઈ પોલીસ કર્મચારી તમારી સાથે હતા ?

**જવાબઃ–** નાજી.

**પ્રશ્નઃ–** તા.૯/૧૦/૧૮ ના રોજ તમે કોર્ટ મા કેટલા વાગે પહોંચી ગયેલા?

**જવાબઃ–** હુ ત્રણ વાગે ગાંધીનગર કોર્ટમા પહોંચી ગયેલો હતો.

**પ્રશ્નઃ–** તા.૮/૧૦/૧૮ના રોજ તમે ગાંધીનગર કોર્ટ મા ગયા તે જજ સાહેબનુ નામ તમને ખબર છે?

**જવાબઃ–** તે વખતે માનનીય જજ સાહેબશ્રી એ.પી.પટેલ સાહેબ હતા.

**પ્રશ્નઃ–** તા.૯/૧૦/૧૮ના રોજ કયા જજ સાહેબ હતા?

**જવાબઃ–** તે દિવસે પણ માનનીય જજ સાહેબ શ્રી એ.પી.પટેલ સાહેબ હતા.

**પ્રશ્નઃ–** તા.૯/૧૦/૧૮ના રોજ તમો જજ સાહેબ પાસે ગયા ત્યારે જજ સાહેબે અગાઉ  તમને તા.૬/૯/૧૮ના રોજ નીવેદન અંગે જે પ્રશ્નો પુછેલા તેવા જ પ્રશ્નોા પુછેલા.

**જવાબઃ–** એ વાત ખરી છે.

**પ્રશ્નઃ–** તમે તા.૯/૧૦/૧૮ના રોજ જજ સાહેબ પાસે ગયા તે વખતે તમારે સાથે પોલીસના માણસો હતા અને તે સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગરના અધિકારીઓ હતા.

**જવાબઃ–** નાજી, તેવા કોઈ મારી સાથે ન હતા.

**પ્રશ્નઃ–** તા.૮/૧૦/૧૮ ના રોજ પણ સી.આઈ.ડી. ક્રાઈમના વિપુલભાઈ નહી, પરંતુ પી.આઈ. શ્રી સૈયદ સાહેબ તમને કોર્ટમા જજ સાહેબ પાસે લઈ ગયેલા.

**જવાબ:–** તે વાત ખોટી છે.

**પ્રશ્ન:–** તા.૮/૧૦/૧૮ના રોજ શ્રી વિરેન્દ્ર યાદવ સાહેબની કચેરીના અધીકારીઓ તમને પાલનપુર થી જ તેમની ગાડીમા ગાંધીનગર લઈ ગયેલા હતા.

**જવાબ:–** તે વાત ખરી નથી.

**પ્રશ્ન:–** તમે કોર્ટમા જવા રવાના થયા ત્યાં સુધી તમોને શ્રી યાદવ સાહેબની ચેમ્બરમાજ બેસાડી રાખવામા આવેલા.

**જવાબ:–** તે વાત ખરી નથી.

**પ્રશ્ન:–** તા.૬/૯/૧૮ તથા તા.૯/૧૦/૧૮ના નીવેદનોની નકલો જે તે દિવસે કોર્ટમાથી અગર સી.આઈ.ડી. ક્રાઈમની ઓફીસમાંથી તમને આપવામા આવેલી ?

**જવાબ:–** નાજી.

**પ્રશ્ન:–** બીજા દીવસે સંજીવ ભટટ સાહેબ ઉપર આક્ષેપ વાળા નીવેદનો લખવા માટે તમો ત્રણેય જણા સંમત થયેલા.

**જવાબ:–** એ વાત ખરી નથી.

**પ્રશ્ન:–** કોર્ટે આગલા દિવસે કબુલાતના નીવેદનો લેવા માટે બોલાવેલા હતા તેથી કોર્ટે જે પ્રશ્નો તરી કરેલ તે મુજબના જવાબો આપેલા.

**જવાબ:–** મે નીવેદનો બાબતેના જવાબો આપેલા.

ઉપરોકત નિવેદનો સબંધિત જવાબો અનુસંધાને બચાવપક્ષના વિ.વકીલ શ્રીએ જુબાનીના કથનો અને જજ સાહેબ રૂબરૂના નિવેદનોના કથનો અંગે લંબાણપૂર્વક કોન્ટ્રાડીકશન અને ઓમીશન તથા સુચક અને તાર્કિક પ્રશ્નો આધારે ઉલટ કરેલી છે જેમાં સાહેદે બચાવપક્ષની તમામ તકરારોનો ઈન્કાર કરીને તેઓએ સરતપાસમાં જે કંઈ હકિકત જણાવી છે તેમાં અને જજ સાહેબ રૂબરૂના નિવેદનોમાં માત્ર શાબ્દીક ફેરફાર અને સામાન્ય ભીન્નતા છે તેવા જવાબો આપી અનુસંધાને એવી પણ જુબાની આપેલ છે કે, તે નિવેદનો સમયે તેમના મનમાં સંજીવ ભટ્ટ સાહેબનો ડર હોઈ તે કારણે અમુક હકિકતો રહી જવા પામેલ છે.

આ સાહેદને સને–૨૦૧૮ની સાલમાં થયેલ તપાસના કામે શ્રી યાદવ ધ્વારા લેવાયેલ નિવેદનોના કોન્ટ્રાડીકશન અને ઓમીશન તથા ડીનાઈલ સ્વરૂપના તેમજ સુચક અને તાર્કિક સવાલો બચાવપક્ષે પુછવામાં આવેલા છે જેમાં સાહેદે બચાવપક્ષે મુકેલી તમામ તકરારોનો ઈન્કાર કરેલો છે અને તેઓએ તેમની સરતપાસમાં સબંધિત જે કંઈ હકિકતોનો પુરાવો આપ્યો છે તેના કથનોને વળી રહેલા છે અને તેવી જુબાની રેકર્ડ ઉપર આવેલી છે. આ ઉપરાંત તેજ રીતે પાલનપુર સીટી પ્રોહી.ગુ.રજી.નં.૨૧૬/૯૬ના કામે શ્રી વ્યાસે કરેલી તપાસ તેમજ શ્રી ધગલની ઈન્કવાયરી દરમ્યાનના નિવેદનો અને તપાસની અન્ય હકિકતો સંદર્ભે કોન્ટ્રાડીકશન અને ઓમીશન તથા ડીનાઈલ સ્વરૂપના તેમજ સુચક અને તાર્કિક સવાલો બચાવપક્ષે પુછવામાં આવેલા છે જેમાં સાહેદે બચાવપક્ષે મુકેલી તમામ તકરારોનો ઈન્કાર કરેલો છે અને તેઓએ તેમની

સરતપાસમાં સબંધિત જે કંઈ હકિકતોનો પુરાવો આપ્યો છે તેના કથનોને વળી રહેલા છે અને તેવી જુબાની રેકર્ડ ઉપર આવેલી છે.

આ સાહેદને તેઓની રજુ કરાવવામાં આવેલ નોટબુક બતાવીને બચાવપક્ષે પોતાની તકરાર સબંધિત કોન્ટ્રાડીકશન પુછેલ છે અને તેનો સાહેદે જે જવાબ આપેલ છે તે નીચે મુજબ રેકર્ડ ઉપર જુબાની સ્વરૂપે આવેલ છે.

**પ્રશ્નઃ**– તમને બતાવામા આવેલ નોટબુકમા એવી નોંધ છે કે આંક–૪૫ર મા એવી નોંધ છે કે ''તા.૩૦/૪/૯૬ ના મંગળવાર – ૬:૫૫ વાગ્યે મે પો.ઈન્સ .સા ની વર્ધી મળતા વિશ્રામગૃહ મા આવેલ જયાં પો.સ.ઈ શ્રી આર.પી.પટેલ તથા પો.સ.ઈશ્રી પી.જે.ચૌધરી સા.તથા એલ.સી.બી. સ્ટાફના માણસો વિગેરેને મે પો.ઈન્સ સા. એ પાલનપુર પોલીસ કંન્ટ્રોલ રુમ ને મળેલ ટેલીફોન લેખીત વર્ધી થી વાકેફ માહીતગાર કરી પાલી રાજસ્થાન થી નનામી વ્યકતી એ ટેલીફોન થી આપેલ બાતમી પ્રમાણે રેડમા હોટલ લાજવંતી મા પંચો તથા અમો પોલીસ સ્ટાફ,પંચો તથા અધીકારીઓ મે.પો.ઈન્સ. સા. સાથે જતા હોટલ લાજવંતીના રુમ નંબર–૩૦૫ મા બાતમીવાળો ઈસમ ઉતરેલ હોવાનુ હોટલ ના રજીસ્ટર ઉપર થી જણાઈ આવતા અને રુમ નંબર–૩૦૫મા અફીણ અંગે પંચો રુબરુ મે.પો.ઈન્સ સા એ ઝડતી કરતા રુમ મા કોઈ હાજર મળેલ નહી.પરંતુ આ રુમની પથારી નીચે એક કીલો પંદર ગ્રામ અફીણ કીંમત રુપીયા આઠહજાર એકસો વીસના બગલથેલામા મળી આવતા મે.પો.ઈન્સ સાહેબે આ હોટલના કબજે દાર ઈસમ સુમેરસીંહ રાજપુરોહીત, રહે.વર્ધમાન માર્કેટ પાલી (રાજ.) વાળા વિરુધ્ધ રજીસ્ટરની એન્ટ્રી તથા મળેલ બાતમી હકીકત આધારે ગુનો રજીસ્ટર કરાવવા ફરીયાદ આપી કાયદેસર કરેલ જે સીટી.પ્રોહી.ગુ.રજી.નં.૨૧૬/૯૬, એન.ડી.પી.એસ. એકટ કલમ–૧૭ મુજબનો ગુનો રજી થતા ક.૧૨:૦૦ થી ક .૧૩:૧૫ તથા ક.૧૨:૩૦

થી ક.૨૪/૦૦ સુધી આ ગુના લગત મે પો.ઈન્સ સા સાથે રહી સુચના મુજબ કામ કર્યુ ''તેવુ તમારા હસ્તાક્ષરમા નોંધાયેલ છે. પરંતુ તમે તમારી સરતપાસમા ''તા.૨૯–૪–૯૬ના એટલે કે તા.૩૦–૪–૯૬ ની રેઈડના આગલા દિવસે અમો હાજર એલ.સી.બી. સ્ટાફના માણસોને પી.આઈ. આઈ.બી. વ્યાસે કહેલ કે આવતી કાલે આપણને એસ.પી.સાહેબ તરફથી એન.ડી.પી.એસ.ની એક બાતમી મળી શકે છે. તમે તૈયાર રહેજો. તા.૩૦–૪–૯૬ના વહેલી સવારના હુ મારા પોલીસ હેડ ક્વાર્ટર ખાતેના રૂમ ઉપર હાજર હતો તે વખતે સવારના આશરે છ એક વાગ્યે એલ.સી.બી.ના ડ્રાઈવર કરણસિંહ પોલીસ લાઈનમાં મારા ક્વાર્ટર પાસે આવી હોર્ન વગાડતા હુ બહાર આવેલો. કરણસિહે મને પાલનપુર વિશ્રામગૃહ ખાતે જવા માટે આવવાનુ જણાવતા હું તૈયાર થઈને તે જ ગાડીમાં હેડ કો. હંજારીભાઈ તથા હુ પાલનપુર વિશ્રામગૃહ ખાતે આશરે સાડા છ એક વાગે પહોચેલા. વિશ્રામગૃહ ખાતે પી.આઈ.વ્યાસ તથા હેડ.કો. મહંમદ હનીફ હાજર હતા. અમો વ્યાસ સાહેબને મળતા તેઓ સાહેબે કહેલ કે એસ.પી.સાહેબ તરફથી બાતમી મળેલ છેકે હોટલ લાજવંતીના રૂમનં.૩૦૫ના ગાદલા નીચે અફીણ છે. તે મ કહી રેઈડ માટેની ઉતાવળ કરતા હતા. અને અમોને સરકારી ગાડીમાં લઈ લાજવંતી હોટલ ખાતે ગયેલા. ત્યાં આગળ પી.એસ.આઈ. પી.જે. ચૌધરી , પી.એસ.આઈ. આર.પી.પટેલ તથા પો.કો. ગોવિંદભાઈ તથા બેચરભાઈનાઓ આવી ગયેલ હતા. અમો બધા ગાડીમાંથી નીચે ઉતરી હોટલ લાજવંતીના કાઉન્ટર ઉપર બેઠેલ હોટલ માલિક અશોકભાઈ ગુપ્તાને વ્યાસ સાહેબ મળેલા. અને તેમને સાથે લઈ રૂમ નં.૩૦૫માં જવા નિકળેલ ત્યારે અમારા અધિકારીઓ ની પાછળ હુ તથા અન્ય કર્મચારીઓ હતા. કોઈ પંચોના માણસો ન હતા. આ કાર્યવાહી દરમ્યાન રૂમનં.૩૦૫નો દરવાજો ખોલતા ખુલી ગયેલો. રૂમનં.૩૦૫મા અન્ય કોઈ વ્યક્તિ હાજર ન હતી અને રૂમમાં કોઈ મુસાફર ઉતરી રોકાયેલ હોવાના કોઈ ચિહ્નો જણાયેલા નહી. રેઈડ દરમ્યાન રૂમનં.૩૦૫ ના પલંગના ગાદલા નીચેથી એક બગલથેલો મળી આવેલો તેમાંથી કઠણ આછો પોચો કાળો

પદાર્થ મળી આવેલ. આ રૂમનં.૩૦૫ માથી ગાદલા નીચેથી આશરે એક કીલો પંદર ગ્રામ જેટલુ અફીણ મળી આવેલ હતુ. જેથી મે અમારા પી.આઈ. વ્યાસ સાહેબને કંઈક ખોટુ થઈ રહ્યુ છે તેવી ટકોર કરતા તેઓ સાહેબે મને કહેલ કે એસ.પી. સાહેબની સુચના છે. તમારે હુ લખાવુ તે લખવાનુ છે. તમારે વધારે મગજ વાપરવાનુ નથી. જેથી હુ કોન્સ્ટેબલ કક્ષાનો કર્મચારી હોઈ વધારે કંઈ કહેલ નહી. તેમજપી.આઈ. આઈ.બી. વ્યાસે હોટલ લાજવંતીમાંથી મળેલ અફીણ સીલ કરાવેલ હતુ. પી.આઈ. આઈ.બી. વ્યાસે મને પંચનામુ લખાવતા મે પંચનામુ લખેલ હતુ. પંચોના નામ પણ તેમણે જ લખાવેલ હતા. ફરિયાદ અને પંચનામુ હોટલ લાજવંતીના બગીચામાં બેસીને લખેલુ હતુ. હોટલ લાજવંતીના રજીસ્ટરની એન્ટ્રી નં.૬૪૦માં સુમેરસિંહ રાજપુરોહીત, રહે.પાલી વર્ધમાનની વિગતો પી.આઈ.વ્યાસ સાહેબે પંચનામામાં અને ફરિયાદમાં લખાવતા લખેલ હતી. આ રેઈડ કાર્યવાહી સબબ પાલનપુર શહેર પો.સ્ટે.માં પ્રોહી. ગુના નં.૨૧૬/૯૬ એન.ડી.પી.એસ. એકટ કલમ-૧૭ મુજબનો ગુનો દાખલ થતા ગુનાની તપાસ શ્રી આઈ.બી. વ્યાસ સાહેબે સંભાળેલી."તેવુ જણાવેલ છે. આ વિરોધાભાસ અંગે શુ કહેવુ છે.

**જવાબ:**-આ રેડ પછી વ્યાસ સાહેબે મને કહેલ કે તમારી નોટબુકમા આ રેડ અંગેની અને તપાસ અંગેની જે હકીકત હુ મારી વીકલી ડાયરીમા લખુ તે પ્રમાણે તમને લખાવીશ જેથી આ રેડ પછી એક અઠવાડીયા બાદ મારી નોટબુકમા તા.૩૦/૪/૯૬ની ઉપરની વીગતો શ્રી વ્યાસ સાહેબે મને લખાવેલ હતી. નોટબુકમા આ રીતે વીગતવારની નોંધ કરવામા આવતી નથી તેમછતા વ્યાસ સાહેબે પુરી વીગતો સાથેની નોંધ મને નોટબુકમા લખાવેલી હતી.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ઉપરોકત ખુલાશો તેઓ મનઘડત અને ખોટો કરી રહયા છે.

ત્યારબાદ બચાવપક્ષના વિ.વકીલ શ્રીએ વિસ્તૃત રીતે આ સાહેદને વિરોધાભાસો અંગે પ્રશ્નો પુછી તેમની તકરારો મુકેલી છે, પરંતુ સાહેદે પોતાની સરતપાસમાં જણાવેલી હકિકતોને વળગી રહી બચાવપક્ષની તેવી તકરારોનો ઈન્કાર કરેલ છે.

(ઓ) **આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૫) તરીકે આંક–૪૯૮થી સાહેદ સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહીત તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** તેઓ ગુજરાતી ભાષા સમજી જવાબ આપી શકે છે. તેઓ સને–૧૯૯૦ની સાલથી રાજસ્થાન પાલી શહેરમાં વકીલાતનો વ્યવસાય કરી રહયા છે. તેમણે બી.કોમ.એલ.એલ.બી. સુધી અભ્યાસ કરેલો છે. તેઓ દિવાની તેમજ ફોજદારી વકીલાતની પ્રેકટીસ કરે છે અને જણાવેલ સરનામે તેઓ સને–૨૦૦૭થી રહે છે. તે પહેલા તેઓ મકાન નં.૪૬૮ બાપુનગર વિસ્તાર, પાલીમાં રહેતા હતા. સને–૨૦૦૭થી તેમની વકીલાતની ઓફીસ મકાન નં.૧ પંચવટી બાપુનગર વિસ્તાર પાલી ખાતે આવેલ છે. વર્ષ ૧૯૯૬માં જાન્યુઆરી–ફેબ્રુઆરીના અરસામાં તેમની વકીલાતની ઓફીસ દુકાન નં.૬ વર્ધમાન માર્કેટ, પાલીમાં હતી. જે દુકાન નં.૬ વર્ધમાન માર્કેટવાળી જગ્યાના માલીક–અમરીબાઇ વા./ઓ. જાવતરાજજૈન, બીજાપુર ગામ રાજસ્થાનવાળાની હતી. આ દુકાન અમરીબાઇએ મોહનલાલને ભાડેથી આપેલી હતી. મોહનલાલ સાથે તેમનો ભાઇ નરસીંહ રાજપુરોહીત દિપક ટેક્ષટાઇલના નામે વ્યવસાય કરતા હતા. દુકાનમાં જગ્યા વધારે હતી જેથી મોહનલાલની સંમતિથી તેમને ઓફીસ ચલાવવા માટે જગ્યા આપેલી હતી. જે જગ્યામાં તેઓ ટેબલ, ખુરશી અને તેમના પુસ્તક રાખી વકીલાતની ઓફીસ ચલાવતા હતા. અમરીબાઇજસ્ટીસઆર.આર.જૈન(રમણકુમાર રાજમલ જૈન)ના

બહેન હતા તેવી વાત તેમને કુટરમલે જણાવેલી. કુટરમલ શ્રી આર.આર.જૈન ના કાકા હતા. આ કુટરમલ હાલ ગુજરી ગયેલ છે. તેમને ખબર પડેલી કે, અમરીબાઇ આર.આર.જૈનના સગા બહેન થતા ન હતા, પરંતુ તેમની સગી બહેન મુલીબાઇ હતા જેમના લગ્ન જાવતરાજ સાથે નક્કી થયેલ હતા. પરંતુ લગ્નના થોડા દિવસ પહેલા મુલીબાઇનુ અવસાન થયેલુ હતુ. જેથી આર.આર.જૈનના પિતાશ્રી અમરીબાઇના લગ્ન દિકરી માનીને જાવતરાજ સાથે કરાવેલા. ત્યારબાદથી આર.આર.જૈનનાપરિવારવાળા અમરીબાઇને દિકરી તરીકે માનતા હતા અને આર.આર.જૈન અમરીબાઇને બહેન તરીકે રાખતા હતા. તા.૨–૩/૫/૧૯૯૬ના રોજ તારીખ બીજી અને તારીખ ત્રીજીની વચ્ચે મીડનાઇટના સમયે તેઓ તેમના ઘરે મકાન નં.૪૬૮, બાપુનગર વિસ્તાર પાલીમાં બંડ્ડી, પાયજામા પહેરીને સુતા હતા ત્યારે રાત્રીના ૧૨ થી ૧ વાગ્યાની વચ્ચે તેમના ઘરનો ડોરબેલ વાગેલો અને વકીલ સાહેબ, વકીલ સાહેબ તેવો અવાજ આવેલો, જેથી તેઓ ઉઠેલ અને તેમના ડ્રોઇંગરૂમનો તેમણે દરવાજો ખોલેલો જ્યા સામે બે વ્યકિત ઉભા હતા. ''તેઓએ મને કહેલુ કે મારા પિતાજીને અટક કરેલા છે, જેથી તમારે પોલીસ સ્ટેશન આવવાનું છે''. તેમણે રાત્રીનો સમય હોઇ પોલીસ સ્ટેશન જવાની ના પાડેલી. તો તે લોકોએ તેમને કહેલુ કે '' તમે પોલીસ સ્ટેશનમાં ફોન કરીલો''. તેમણે તેઓને ના પાડેલી તો તે બંન્ને વ્યકિત તેમના ઘરમાં ઘુસી આવેલા અને તેમને પકડીને બહાર લઇ જવા લાગેલા. તે સમયે તેમના મકાનની ઉત્તર તરફ એક નાના દરવાજામાંથી ચારથી પાંચ વ્યકિતઓ આવી ગયેલા જે બધાએ ભેગા થઇ તેમને પકડી લઇ ઉઠાવી લઇ બહાર ઉભેલી જીપ્સીગાડીમાં નાખી દીધેલ. તેમણે જોરજોરથી બુમો પાડેલી તે વખતે તે બધાએ તેમની સાથે મારપીટ કરી દીધેલી અને તેમનાં મોમાં કપડાનો ડુચો મારી દીધેલો. તે લોકો ગાડી લઇને

તેમના ઘરથી નીકળેલા થોડાક આગળ જતા તેમની ગાડી પાછળ બીજી એક ગાડી જીજે.૦૮.જી.૧૧૧૯ જોડાઇ ગયેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, દરમ્યાનમાં સામેથી પાલીની પેટ્રોલીંગ પોલીસ ગાડી આવેલી તેમાએક એ.એસ.આઇ. ગોમારામ હતા તેમને જોતા તેમણે બચાવો બચાવોની બુમો પાડેલી. જેથી પાલી પોલીસની પેટ્રોલીંગ ગાડીએ તેમની બંન્ને ગાડીઓને પીછો કરી(ઇન્ટરસેપ્ટકરી) મરુધર હોટલ પાસે રોકી દીધેલી. એ દરમ્યાન તેમના હાથે હથકડી પહેરાવવામાં આવેલી. પાલી પોલીસની પેટ્રોલીંગ ગાડીના એ.એસ.આઇ.એ પુછેલુકે'' તમે કોણ છો અને આમને ક્યા લઇ જાવ છો?''તો એ લોકોએ એવુ કહેલુ કે, તેઓ પાલનપુર પોલીસના અધિકારી છે અને તેમને પાલનપુર એન.ડી.પી.એસ. કેસ માટે લઇ જાય છે. પાલી પોલીસે કહેલુ કે'' થાણા ઉપર જાણ કર્યા વગર તમે કેવી રીતે લઇ જઇ શકો માટે કોતવાલી થાણા ઉપર ચલો'', આથી બધા કોતવાલી થાણા ઉપર ગયેલા. ત્યા પહોચ્યા બાદ તેમના ભાઇનરસિંહ, પડોશી સુરેશશર્મા, કાનસીંહ, માંગીલાલ, વકીલ ગંગાસીંહ, વકીલ સોહનરાજમહેતા, નોતામલ પોલીસ સ્ટેશન આવી ગયેલા. ત્યા પોલીસ સ્ટેશનમાં સર્કલ ઇન્સપેક્ટર રાકેશપુરી આવેલા. ત્યા હાજર વકીલ સોહનરાજમહેતા તેમના હાથમાં પહેરાવેલ હથકડી અંગે વાધો લેતા તેમની હથકડી ખોલવામાં આવેલી. ત્યારબાદ તેમના ઘરમાં સૌપ્રથમ જે બે વ્યકિતઓ આવેલા હતા તેમણે તેમનો પરીચયઆઇ.બી. વ્યાસ અને યાજ્ઞીક તરીકેનો આપેલો. તેમણેએવુકહેલુકેતેમની સામેપાલનપુરમાંતા.૨૯મીએપ્રિલ ૧૯૯૬ના રાત્રે હોટલ લાજવંતીમાં રૂમ નં.૩૦૫માં તેઓ રોકાયેલા હતા તેવું બતાવેલુ અને બીજા દિવસે સવારે ૬.૦૦ વાગે તેઓ ઉપર ખાનગી ફોન આવેલો હોવાનુ જણાવેલુ અને તેમા તેઓ પાંચકિગ્રા અફીણ લઇને હોટલલાજવંતીમાં રોકાયેલો

છે અને બીજા દિવસે સવારે ડીલીવરી આપવાના છે. તેમણે એવુ પણ જણાવેલુ કે તેઓએ હોટલ ઉપર રેડ કરેલી ત્યા કોઇવ્યકિત મળેલ નહી. રૂમમાંથી એક કીલો પંદર ગ્રામ અફીણ મળી આવેલુ છે તેવુ જણાવેલુ તે મામલામાં તેમને પાલનપુર લઇ જવા માટે આવેલા છે તેવુ જણાવેલુ. જેથી કોતવાલી થાણામાં આવેલ સર્કલ ઇન્સ. શ્રી રાકેશપુરીએ પાલીના એડીશનલ એસ.પી. જોડે વાત કરેલી અને એવુ કહેલુ કે ''સવારે તપાસ કર્યા પછી મોકલીશુ અત્યારે નહી મોકલીએ'' જેથી આઇ.બી.વ્યાસે કોતવાલી પોલીસ થાણાના ફોન ઉપરથી આરોપી સંજીવભટ્ટ ડી.એસ.પી.પાલનપુર સાથે વાત કરવા માટે ફોન બુક કરાવેલો. ફોન લાગ્યો ત્યારે આરોપી સંજીવ ભટ્ટે આઇ.બી. વ્યાસ સાથે વાત કરેલી અને રાકેશપુરી સાથે વાત કરેલી તથા રાકેશપુરીને કહેલુ કે ''અત્યારે રાત્રેજ તરતજ રવાનો કરો, મેટર મારા જાણમાં છે તેવુ સંજીવભટ્ટે રાકેશપુરીને કહેલુ''. રાકેશપુરી એ ફરી એડી.એસ.પી. પાલી જોડે વાત કરેલી અનેઆરોપી સંજીવભટ્ટ સાથે થયેલી વાત તેમને કહેલી જેથી તેમને રાત્રેજ રવાના કરવા રાકેશપુરીએ હા પાડેલી. તે વખતે પાલી પોલીસે લેખિતમાં આપવાનુ કહેતા તેઓએ લેખિત આપેલુ અને કેસ ડાયરી બાબતે પુછતા તે લોકોએ એવુ કહેલુ કે કેસડાયરી સહઆરોપી અંગે કોર્ટમાં ગયેલી છે. બાદમાં ત્યાથી તેમને લઇને પાલનપુર આવવા નીકળેલા. કોટવાલી થાણાથી આગળ જતા તરત જ પાલીનુ જુનુ બસસ્ટેન્ડ આવે છે તે બસસ્ટેન્ડ પાસે પહોચતા આઇ.બી. વ્યાસે તેમને પુછેલુ કે વર્ધમાન માર્કેટની દુકાનનુ લોકેશન શુ છે. જેથી તેમણે લોકેશન બતાવતા તેમની બંન્ને ગાડીઓ વર્ધમાન માર્કેટ ગયેલી. વર્ધમાન માર્કેટ પાસે પહોચતા ત્યા બહારથી તેમને પુછેલુ કે''તમારી ઓફીસ છે તે દુકાન કઇ છે'', જેથી તેમણે બહારથી જ દુકાન બતાવેલી તે પછી તેઓ ત્યાથી પાલનપુર આવવા નીકળેલા. પાલીમાં જ બાન્ડી નદી પાસે આવેલ પેટ્રોલપંપ ઉપરથી બંન્ને

ગાડીઓમાં ઇંધણ પુરાવેલુ. ત્યારબાદ તેમને પાલનપુર એલ.સી.બી. ઓફીસમાં લઇ આવેલા. જીપ્સી ગાડીનો નંબર આર.જે.૨૭/૩૯૮ હતો. તેમને પાલીથી પાલનપુર લઇ આવવા નીકળ્યા તે વખતે તેમની ગાડીઓની પાછળ પાછળ તેમના ભાઇ નરસીંહ તેમના સાથે મહેન્દ્ર કાકરીયા, વકીલ ગંગાસીંહજી, હરીસીંહ, પુનમસીંહ અને અમરસીંહ પણ ગાડીમાં આવેલા હતા. તેમને પાલનપુર એલ.સી.બી. ઓફીસ લઇ આવ્યા પછી તા.૩/૫/૯૬ના રોજ બપોર બાદ તેમને શ્રીઆઇ.બી.વ્યાસ, આરોપી ડી.એસ.પી. શ્રી સંજીવ ભટ્ટની ઓફીસમાં લઇ ગયેલા. ઓફીસમાં આરોપી ડી.એસ.પી. શ્રી સંજીવ ભટ્ટ સાહેબ બેઠેલા હતા, તેમણે તેમને કહેલુ કે''તમારા પાલીમાં વર્ધમાન માર્કેટની તે દુકાનનો શુ વિવાદ છે ? તમે દુકાન ખાલી કરી નાખો''. તેમણે જણાવેલુ કે''દુકાનના ભાડુઆત મોહનલાલ છે. તેઓ ખાલી કરવાની પોઝીશનમાં નથી. ભાડુઆત મોહનલાલ છે''. જેથી ડી.એસ.પી. સાહેબે તેમને ધમકીભર્યા શબ્દોમાં કહેલુ કે,''તમારા વિરુધ પાંચ કિલો અફીણનો કેસ કરેલ છે. અત્યારે તો અમે એક કિલો અફીણ મળ્યુ તેવુ બતાવેલુ છે ચાર કિલોની રીકવરી બાકી છે જે રીકવરી તમારી પાસેથી કરેલાનું બતાવીશું'' અને એવુ પણ કહેલુ કે, ''હોટલ માલીક અને વેઇટરથી તમારી ઓળખાણ કરાવીશું અને આ મામલામાં તમારા જામીન થશે નહી કારણકે, હાઇકોર્ટ જજ આર.આર.જૈન સાહેબ ઇન્ટરેસ્ટેડ છે''. ડી.એસ.પી. સાહેબે એવુ પણ કહેલ છે કે, ''તમારી સાથે સગાઓ આવેલા હોય તો તેમની સાથે વાત કરી પાલીની દુકાન ખાલી કરવાની વાત કરો''. તેમને આઇ.બી.વ્યાસ, એલ.સી.બી.ઓફીસમાંપાછાલાવેલા. તેમણે આ બધી વાત તેમની સાથે આવેલ તેમના ભાઇ નરસીંહને કરેલી અને તેમણે તેમને કહેલુ કે

''તમે દુકાન ખાલી કરવાનુ કામ કરાવો તોજ તેઓ છૂટશે''. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેમને જે ડી.એસ.પી. સાહેબની ઓફીસમાં લઇ ગયેલા હતા તે ડી.એસ.પી. સાહેબ તરીકે આરોપી સંજીવ ભટ્ટને તેમણે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તે દિવસે તેમના ભાઇ નરસીંહે તેમના મોટા ભાઇ રઘુનાથસીંહને ફોન ઉપર બધી વાત જણાવી. જેથી તેમના ભાઇ રઘુનાથસીંહે શ્રી આર.આર. જૈનના કાકા કુટરમલ જે પાલીમાં રહેતા હતા અને દુકાન માલીક અમરીબાઇના પાવર ઓફ એટર્ની હોલ્ડર હતા, તેમને વાત કરેલી. તા.૪/૫/૯૬ના રોજ બપોરના આશરે દોઢ વાગે તેમને મેજી.કોર્ટમાં રજુ કરેલા અને દસ દિવસના પોલીસ રીમાન્ડ માગેલા. તેમના વકીલ બી.એસ. પરમારે રીમાન્ડ એપ્લીકેશનનો જવાબ આપેલો અને તેમની સાથે આવેલ વકીલ ગંગાસીંહજીનુ એફીડેવીટ રજુ કરેલુ. રીમાન્ડ અરજીના જવાબમાં એવુ જણાવેલુ કે, ''પાલીની વર્ધમાનની દુકાન ખાલી કરાવવા દુકાન માલીક અને પોલીસવાળાએ મળી જઇ આ ખોટો કેસ તેમની સામે કરવામાં આવેલો છે''. તા.૨૯/૪/૯૬ના રોજ તેઓ પાલીમાં હતા અને પાલનપુરમાં ન હતા. તેમને પોલીસ પાલનપુર લઈ આવી તે પહેલા તેઓ કયારેય પાલનપુર આવેલ ન હતા અને તેઓ તે સમયે વકીલાત કરતા હતા. તેમને ત્યાં સવારની કોર્ટ તે વખતે હતી અને તેઓ તા.૩૦/૪/૯૬ના રોજ સવારે ૭:૩૦ વાગ્યાથી કોર્ટમાં હતા. તેમને કોર્ટમાં રીમાન્ડ માટે કોર્ટમાં રજુ કરેલ તે વખતે કોર્ટે તેમને સાત દિવસના પોલીસ રીમાન્ડ ઉપર સોપવાનો હુકમ કરેલો હતો. તા.૩/૫/૯૬થી તા.૬/૫/૯૬ એમ ચાર દિવસ આઇ.બી.વ્યાસે તેમની પુછપરછ કરેલી. તેમણે પુછપરછમાં જણાવેલુ કે તેઓ વકીલાતનો વ્યવસાય કરે છે અને અફીણનો ધંધો કરતા નથી. દુકાન માટે તેમને ખોટા ફસાવી દેવામાં આવેલા છે. તા.૫/૫/૯૬ના રોજ

સાંજના ક.૮:૦૦ વાગ્યાના સુમારે તેમના મોટા ભાઈ રઘુનાથસીંહ, કુટરમલ, સોહનજી, તથા નારણસીંહજી પાલીથી પાલનપુર એલ.સી.બી. ઓફીસ આવેલા. તેમની સામે કુટરમલે, આઇ.બી. વ્યાસને કહેલ કે ''દુકાન ખાલી થઇ ગઇ છે. દુકાન ખાલી કરવાનો એગ્રીમેન્ટ થઇ ગયેલ છે. દુકાનનો એગ્રીમેન્ટ અને ચાવી સાથે આવેલા મીડીએટરની પાસે છે તેથી સુમેરસીંહને છોડી મુકો ''તેમણે એવુ પણ કહેલુ કે તેમણે આરોપી સંજીવભટ્ટ અને જસ્ટીસ આર. આર. જૈન સાહેબ જોડે વાત કરી લીધેલી છે. આઇ.બી. વ્યાસે કહેલુ કે''આ કામ ગઇકાલે થઇ ગયેલ હોત તો તેમને કોર્ટમાં રજૂ કરવા પડત નહી''. પછી આઇ.બી. વ્યાસે કહેલુ કે કશો વાધો નહી આવતીકાલે તેમને (છુડવાદેંગે) છોડાવી દેશે. આઇ.બી. વ્યાસના કહેવાથી કુટરમલ, સોહનજી, અને નારણસીંહના નિવેદનો પ્રવિણભાઇએ લખેલા. તા.૬/૫/૯૬ના રોજ બપોર બાદ આશરે ક.–૪:૩૦ વાગ્યાના સુમારે તેમને એકઝી.મેજીસ્ટ્રેટ પાસે લઇ ગયેલા ત્યા ત્રણ–ચાર માણસો ઉભેલા હતા તેમને ત્યા તે ઉભા કરી દીધેલા, થોડા સમય પછી તેમને એલ.સી.બી. વાળા કહેલ કે'' હોટલ માલીક અને વેઇટરે તમારી ઓળખાણ કરેલી નથી''. એકઝી. મેજીસ્ટ્રેટ પાસે બે માણસો હતા જે લખવાનુ કામ કરતા હતા. તા.૬/૫/૯૬ના રોજ સવારે તેમના બંન્ને હાથોની નમુનાની સહીઓ લેવામાં આવેલી હતી. વધુમાં સાહેદ જણાવે છે કે, તા.૬/૫/૯૬ના રોજ સાંજે લગભગ પાંચ વાગે તેમને સ્પે.કોર્ટમાં રજુ કરેલા અને સી.આર.પી.સી. ક.– ૧૬૯નો રીપોર્ટ રજુ કરેલો, સ્પે.કોર્ટના જજ સાહેબ રજા ઉપર હતા, તેમને લીંકજજ (જેની પાસે ચાર્જ હતો) પાસે રજુ કરેલા, ત્યા તેમના વકીલ સાહેબે તેમની જામીન અરજી રજુ કરેલી, તે જામીન અરજીમાં પણ તેમને દુકાનના કારણે ખોટા કેસમાં ફસાવી દીધેલાની હકીકત જણાવેલી.

તે જજ સાહેબે એવુ કહીને હીઅરીંગ કરવાની ના પાડી કે આ સ્પે.કોર્ટનો મામલો છે તેઓ સાંભળશે નહી અને તા.૮/૫/૯૬ની મુદત આપેલી. તા.૭/૫/૯૬ના રોજ લોકસભાના ઈલેકશનના કારણે રજા હતી. તેમના ભાઈ રઘુનાથસીંહ અને વકીલ ગંગાસીંહે કુટરમલને કહેલુ કે ''આપના કહેવા પ્રમાણે દુકાન ખાલી કરવાનો એગ્રીમેન્ટ કરેલ છે અને દુકાન ખાલી કરી દીધી છે તો પણ સુમેરસીંહને જેલમાં મોકલી દીધા?''કુટરમલે તે દિવસે જસ્ટીશ આર.આર. જૈન સાથે ફોન ઉપર વાત કરેલી અને બધી વાત કહેલી, વાત કર્યા બાદ કુટરમલે કહેલુ કે જજ સાહેબ આર.આર.જૈન સાહેબે એવુ કહેલુ છે કે''તા.૮/૫/૯૬ના રોજ જે જજ સાહેબે જામીન માટેના પાડેલી તે જજ સાહેબ છોડી દેશે''. તા.૮/૫/૯૬ના રોજ સવારે ક.૧૧:૦૦થી ૨:૦૦ની વચ્ચે તે જજ સાહેબે તેમને રૂપીયા દસ હજારના પર્સનલ બોન્ડ ઉપર જામીન મુક્ત કરેલા. તા.૭/૫/૯૬ના રોજ જેલમાં તેમને વકીલ ગંગાસીંહ અને વકીલ બી.એસ. પરમાર મળવા આવેલા અને તેઓએ તેમને કહેલ કે કુટરમલે આર.આર. જૈન જજ સાહેબ સાથે વાત કરેલી છે અને આર.આર. જૈન જજ સાહેબે કહેલુ છે કે,''કાલે તા.૮/૫/૯૬ના રોજ સુમેરસિંહને જામીન ઉપર છોડી દેશે''. તા.૮/૫/૯૬ના રોજ બપોરના બાર વાગ્યા બાદ તેમને જેલથી છોડવામાં આવેલ. જેલથી છુટીને તેઓ વીજય ગેસ્ટહાઉસ ગયેલા જ્યાકુટરમલ, સોહનજી, નારણસીંહ, તેમના મોટા ભાઇ રઘુનાથસીંહ અને પાલીથી આવેલા વકીલ ત્યા રોકાયેલા હતા પછી તેઓ પાલીથી જે એડવોકેટ આવેલા તેમની સાથે તેઓ પાલનપુર કોર્ટમાં આવેલા અને તેમના વકીલ બી.એસ.પરમારને મળેલા પછી એલ.સી.બી.ઓફીસ ગયેલા જ્યા આઇ.બી.વ્યાસે તેમની સાથે આવેલા સગાઓ તથા વકીલોના નિવેદનો લીધેલા. વધુમાં સાહેદ જણાવે છે કે, તા.૮/૫/૯૬ના

રોજ સાંજે કુટરમલે તેમના ભાઈ રઘુનાથસીંહ અને વકીલ ગંગાસીંહને કહેલ કે''દુકાનની ચાવી અને એગ્રીમેન્ટ મીડીએટર પાસેથી તેમને અપાવો કારણ કે સુમેરસીંહ છુટી ગયા છે'' તે વખતે ગંગાસીંહજીએ એવુ કહેલુ કે''હજુ જામીન ઉપર છુટ્યા છે કેસ પુરો થયો નથી ત્યારે કુટરમલે ગંગાસીંહને કહેલુ કે આર.આર.જૈન સાથે વાત કરો''. કુટરમલ તથા ગંગાસીહ વીજય ગેસ્ટ હાઉસની નીચે એસ.ટી.ડી. પીસીઓ હતુ ત્યા ગયેલા કુટરમલે બતાવેલા નંબર ઉપર ગંગાસીંહે ફોન લગાવીને વાત કરેલી જેમા જજ સાહેબે આર.આર. જૈનને કહેલુ કે''કેસ હજુ પુરો થયો નથી જેથી એગ્રીમેન્ટ અને ચાવી આપીશુ નહી''. આ વાત તેમને ગેસ્ટહાઉસમાં પાછા ઉપર આવીને ગંગાસીંહે કરેલી. ગંગાસીંહ તથા કુટરમલ ફોન ઉપર વાત કરવા ગયા તે વખતે તેમની સાથે તેમના ભાઈ રઘુનાથસીંહ પણ સાથે હતા. જસ્ટીસ આર.આર. જૈન સાથે ફોન ઉપર વાત કરવામાં આવેલી તે ફોન નં.૦૭૯૭૮૬૫૫૬૮ હતો. બીજા દિવસે તા.૯/૫/૯૬ના રોજ સવારે પાલી કોર્ટમાં પાલી બાર એસોસીયનની મીટીંગમાં તેમની પાસેથી અને ગંગાસીંહજી પાસેથી વકીલ સાહેબોએ બધી વાત પુછીને જાણેલી અને તેમના મોટા ભાઈ રઘુનાથસીંહને પણ બોલાવેલા અને તેમને પણ બધી વાત પુછીને હકીકત જાણેલી. તા. ૫/૫/૯૬ના રોજ સાંજના સમયે ગંગાસીંહે ફોન કરીને તેમને તેમના ઘરે બોલાવેલ ત્યા નારાયણસીંહ બેઠેલા હતા નારાયણસિંહે જણાવેલ કે જસ્ટીસ આર.આર. જૈન સાહેબનો ફોન આવેલો છેકે સુમેરસીંહના વિરુધ કે ખતમ કરી દેવામાં આવેલ છે, જેથી કુટરમલ એગ્રીમેન્ટ અને ચાવી મીડીએટર નારાયણસીંહ પાસેથી માગી રહેલ છે જેથી તેમણે ગંગાસીંહને કહેલુ કે આર.આર.જૈન સાહેબથી વાત કરીલો જેથી નારાયણસીંહ તથા ગંગાસીંહજી બીજા મીડીએટર સોહનલાલના ઘરે ગયેલા જ્યા કુટરમલ પણ બેઠેલા હતા ત્યાથી તેમને ગંગાસીંહની આર.આર. જૈન સાહેબ સાથે વાત

કરાવડાવેલી. ગંગાસીંહજીએ પાછા આવીને તેમને જણાવેલુ કે આર.આર. જૈન સાહેબે ફોન ઉપર આખો હુકમ વાંચીને સંભળાવેલ છે જે હુકમ તા.૧૪/૫/૯૬ના રોજ થયેલો છે અને કેસ પુરો થઇ ગયેલો છે. આવુ તેમને કહેતા તેમણે ગંગાસીંહજી અને નારાયણસીંહજીને કહેલુ કે કેસ પુરો થઇ ગયો છે તો એગ્રીમેન્ટ અને ચાવી કુટરમલને આપી દો, તેઓએ દુકાન નં.૬વર્ધમાન માર્કેટની ચાવી તથા દુકાન ખાલી કરવા બાબતનો એગ્રીમેન્ટ કુટરમલને આપી દીધેલો. જે **આંક–૪૯૯**થી રજુ થયેલ છે. આ કેસ દુકાન નં.૬ વર્ધમાન માર્કેટ પાલી તેમની પાસેથી અને મોહનલાલ પાસેથી ખાલી કરાવવા માટે દુકાન માલિકના મુખત્યાર કુટરમલ જૈન અને આર.આર.જૈન તથાઆરોપી સંજીવ ભટ્ટ અને આરોપીના સહયોગીઓએ મળીને તેમના વિરુધ ખોટો કેસ કરેલો હતો. સી.આઇ.ડી. ક્રાઇમ ગાંધીનગર દ્વારા તેમનું બે વાર નિવેદન લેવામાં આવેલુ હતુ. તેમને છોડ્યા બાદ તેમણે પાલી બાર એસોશીસેસનમાં બધી ઘટના જણાવેલી, પાલી બાર એસોસીયેશન તથા રાજસ્થાન બારકોઉન્સીલે આ મામલાને તેમના હાથમાં લઇ જુદી–જુદી જગ્યાએ તેઓએ આરોપી સંજીવ ભટ્ટ વિરુધ કાર્યવાહી કરવા માટે રીપ્રેઝન્ટેશન કરેલા હતા અને તેમણે રાજસ્થાન કોર્ટમાં ફરીયાદ કરેલી. તેમણે રાજસ્થાન કોર્ટમાં કરેલ કેસ તથા આ કેસ અલગઅલગ છે. દિલ્હીમાં પટીયાલા હાઉસ કોર્ટમાં કુટરમલ વિરૂધ્ધ ચાલેલ કેસમાં તેમણે જુબાની આપેલી. સી.આઇ.ડી. ક્રાઇમ ગાંધીનગર દ્વારા તેમનું બીજુ જે નિવેદન લેવામાં આવેલ હતુ તે પાલનપુર ખાતે તેમના વિરૂધ્ધ જે ખોટો કેસ દુકાન ખાલી કરવા માટે કરવામાં આવેલો હતો તે અંગે લેવામાં આવેલુ હતુ. તેમણે રાજસ્થાનમાં જે ફરિયાદ દાખલ કરેલી હતી તે તેમની ફરિયાદમાં ફરીયાદપક્ષે સરકાર શ્રી તર્ફે સ્પે.પી.પી.શ્રી કરણસીંહજી રાઠોડ કેસ ચલાવતા

હતા. શ્રી કરણસીંહજી રાઠોડને તેમના કેસમાંથી હટી જવા માટે આરોપી સંજીવ ભટ્ટે જાનથી મારી નાખવાની ધમકી આપેલી, જેથી કરણસીંહજીને પોલીસ પ્રોટેકશન પુરુ પાડવામાં આવેલુ હતુ. સી.આઇ.ડી. ક્રાઇમ ગાંધીનગરના અધિકારી શ્રી વીરેન્દ્રસીંહ યાદવ દ્વારા તેમના નિવેદનો ગુજરાતીમાં લખેલા અને પછી તેમને હિન્દીમાં તે સમજાવવામાં આવેલ. તેમને **આંક–૪૯૯** બતાવવામાં આવેલ છે. જેનુ પ્રથમ પાનુ એગ્રીમેન્ટ/એકરારનામુ છે. જેમા મોહનલાલ અને કુટરમલની સહીઓ છે. આ એગ્રીમેન્ટ/એકરારનામુ અમરીબાઈના મુખત્યાર કુટરમલના પક્ષમા મોહનલાલે દુકાન નંબર–૬ વર્ધમાન માર્કેટ પાલીને ખાલી કરવા અને તેમનો સામાન તેમાંથી ખસેડવા બાબતે કરવામા આવેલ હતો. નીચેના ભાગે કુટરમલે લખેલુ છે કે દુકાનનો કબજો તેમણે મેળવી લીધેલો છે. તેઓને આ **આંક–૪૯૯**નુ બીજુ પાનુ બતાવવામાં આવેલ છે તેમા કુટરમલ તેમજ મોહનલાલની સહીઓ છે. મોહનલાલે જયારે કુટરમલને એવુ કહેલુ કે તેઓ દુકાન ખાલી કરી રહયા છે એગ્રીમેન્ટ કરી રહયા છે તો સુમેરસિંહના છુટે તો તેની ગેરંટી શુ છે. ત્યારે કુટરમલે તેમના દીકરા રોહીત પાસે લખાણ લખાવેલુ કે ''મોહનલાલે એવી શરત ઉપર દુકાન ખાલી કરેલી છે કે કુટરમલ સુમેરસિંહને છોડાવવામા મદદ કરશે અને મદદ સફળ ના થાય તો મોહનલાલે જે એગ્રીમેન્ટ કરેલો છે, તે રદ્દબાતલ ગણાશે અને દુકાનની ચાવી અને મુળ એગ્રીમેન્ટ મધ્યસ્થી નારાણસીંહ પરત મોહનલાલને સુપ્રત કરશે'', આવુ આ આંક–૪૯૯ વાળા લખાણના બીજા પાના ઉપર લખાણ કરેલુ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેમને આંક–૧૭૩ થી આંક–૧૯૬ બતાવામા આવે છે જે દરેક પાના ઉપર તેમના ડાબા તથા જમણા એમ બન્ને હાથોથી કરાવવામાં આવેલ સહીઓના નમુના છે. આ સહીઓ આઈ.બી.વ્યાસની રૂબરૂમા

બે વ્યકતીઓ તથા તેમની સમક્ષ કરેલી. તેમને આંક–૩૦૦ બતાવવામાં આવે છે, તે જોઈને કહે છે કે, તે હોટલ લાજવંતીનુ રજીસ્ટર છે જેમા એન્ટ્રી નંબર–૬૪૦માં તેમના નામની ખોટી એન્ટ્રી કોઈક માણસે કરાવેલી છે અને કોઈએ તેમની બનાવટી સહી કરેલી છે. તેમને બતાવવામાં આવેલ છે તે લાજવંતી હોટલના રજીસ્ટરની સદર એન્ટ્રી અંગેની સહી સીકકાવાળી નકલ તેમની પાસે છે. જે તેમણે દિલ્હી સેશન્સ કોર્ટમાંથી મેળવેલી છે. જે તેઓ આજ રોજ સાથે લાવી રજુ કરતા, જે **આંક–૫૦૧**થી રજુ થયેલ છે.

**બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ આ સાહેદની ઉલટતપાસ દરમ્યાન** આ સાહેદને તેઓના પરિવારજનો, કુટુંબીઓના વસવાટ અંગે, વ્યવસાય કે નોકરી અંગે, સાહેદના રહેઠાણ અંગે, વતન અંગે, તેમના મકાનની સ્થિતિ (ભુગોળ) અંગે, સાહેદના વકીલાતના વ્યવસાય અંગે, તેમના સીનીયર અંગે, વર્ધમાન માર્કેટની દુકાન, તેના માલિક ભાડુઆત વિગેરે અંગે પ્રશ્નો પુછયા છે જેના સાહેદે વિગતે જવાબો આપેલ છે. ત્યારબાદ તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, રાકેશપુરીએ વાસુદેવ ભટ્ટ સાહેબને બધી વાત કરેલી. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે બંને જણ વચ્ચે શુ વાતચીત થઈ તેની તેઓને ખબર નથી.

બચાવપક્ષે શ્રી વ્યાસ તથા અન્યો સાહેદને પાલી મુકામેથી અટક કરી અત્રે લાવ્યા તે દરમ્યાનનો ઘટનાક્રમ પુછતા સાહેદે તે જણાવેલ છે. સાહેદે જયારે એવુ જણાવેલ કે રાકેશ પુરીએ વાસુદેવ ભટ્ટ સાહેબને વાત કરેલી તે વાતની તેમને જાણકારી છે ત્યારે બચાવપક્ષે સુચક પ્રશ્નનો નીચે મુજબ જવાબ આપેલ છે.

**પ્રશ્નઃ**–શુ ખબર છે?

**જવાબ:**–રાકેશપુરીએ વાસુદેવ ભટ્ટ સાહેબને કહેલુ કે ગુજરાત પાલનપુરથી પોલીસ વાળા સુમેરસીંહ વકીલને કોઈ પણ જાત ની જાણ કર્યા વગર ઘરેથી બળજબરી પુર્વક ઉપાડીને લઈ જઈ રહયા હતા જેને પેટ્રોલીંગ પોલીસે ઈન્ટરસેપટ કરીને કોતવાલી થાણા ઉપર લાવવામા આવેલા છે અને પાલનપુર પોલીસવાળા સુમેરસીંહને તરત જ લઈ જવા માગે છે.વાસુદેવ ભટટ સાહેબે રાકેશપુરી ને ફોન મા શુ કીધેલુ તે મે સાંભળેલુ નહી પરંતુ રાકેશપુરીએ જણાવેલુ કે વાસુદેવ ભટટ સાહેબે એવુ કહેલુ છે કે સવાર સુધી તેઓને થાણા મા જ રાખો અને ભટટ સાહેબ સવારે આવશે અને બધીજ હકીકત વેરીફાય કરશે અને પછી શુ કરવુ તે નકકી કરશે.

**પ્રશ્ન:**–રાકેશપુરી એ પાલનપુર એસ.પી.શ્રી સંજીવભટટ સાહેબ સાથે કોઈ વાત કરેલી?

**જવાબ:**– હા કરેલી.

સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે સ્વિકારેલ છે કે, રાકેશપુરીએ સંજીવટ ભટ્ટ સાહેબ સાથે વાત કર્યા બાદ ફરી વાસુદેવ ભટટ સાહેર સાથે વાત કરેલી. એ વાત ખરી છે કે તે વાતચીત થયા બાદ રાકેશપુરી એ પાલનપુર પોલીસ ને કહેલુ કે સુમેરસીંહ ને ઈન્ટ્રોગેશન માટે લઈ જઈ રહયા છો તેવુ લેખીત મા આપો.એ વાત ખરી છે કે તે વખતે મારી હાજરી મા શ્રી આઈ.બી.વ્યાસ ના કહેવાથી પ્રવિણભાઈ એ લખાણ લખી આપેલુ.

આ સાહેદને બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ તેઓની અટક કર્યા બાદ બનેલ હકિકતો અંગે સુચક પ્રશ્નો પુછતા સાહેદે નીચે મુજબ જવાબ અને પુરાવો આપેલ છે જે રેકર્ડ ઉપર આવેલ છે.

**પ્રશ્નઃ**–ઉપરોકત સમય દરમ્યાન તમારી પુછપરછ કરી તે સિવાય કોઈ એ પણ તમને ડરાવ્યા, ધમકાવ્યા હોય તેવુ બનેલુ નથી.

**જવાબઃ**–તા.૩/૫/૯૬ ના રોજ બપોર ના બાર વાગ્યા બાદ મને ડી.એસ.પી ઓફીસ મા સંજીવ ભટૃ સાહેબ સમક્ષ રજુ કરવામા આવેલો અને તેમણે મને ધમકી આપેલી કે પાલી વર્ધમાન માર્કેટ ની દુકાન ખાલી કરી નાખો જો તેમ નહી કરો તો ચાર કીલો અફીણની મારાથી ખોટી રીકવરી બતાવવામા આવશે અને હોટલ માલીક થી ખોટી ઓળખાણ કરાવવામા આવશે અને હાઈકોર્ટ સુધી જામીન નહી મળે તેવી પણ ધમકી આપેલી.

**પ્રશ્નઃ**–તમને ચીફ જયુ.મેજી.સાહેબની કોર્ટ સમક્ષ રજુ કરવામા આવ્યા તે વખતે તમે તે સાહેબ સમક્ષ પોલીસ વિરુધ્ધ કોઈ ફરીયાદ કરેલી નહી.

**જવાબઃ**–એ વાત ખરી નથી મને તા.૩/૫/૯૬ના રોજ સંજીવભટૃ સાહેબે જે ધમકી આપેલી તે સમગ્ર હકીકત મે ,મારા વકીલ બી.એસ.પરમાર અને વકીલ ગંગાસીંહ ને જણાવેલીઅને રીમાન્ડ અરજી નો જે જવાબ રજુ કરવાનો હતો તેમા તેવુ લખવા માટે કહેલુ.ત્યારે બંને વકીલોએ કહેલુ કે સીધી પુરે પુરી વાત એમજ લખી લઈશુ તો પોલીસ વાળા ખોટી રીકવરી બતાવી દેશે ,હોટલ વાળા થી ઓળખાણ કરાવી દેશે જેથી જવાબ મા આડકતરી રીતે વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરાવવા માટે કુટરમલ ધ્વારા પોલીસ સાથે મળી જઈ ને ખોટો કેસ કરેલ હોવાની વાત લખેલી. ત્યારબાદ બચાવપક્ષે આ સાહેદને તેમની અટક અંગે તાર્કીક અને સુચક પ્રશ્ન પુછવામાં આવતા સાહેદે આપેલ જવાબ/પ્રશ્નોત્તરી નીચે મુજબ છે.

**પ્રશ્ન:**– તા.૩/૫/૯૬ના રોજ એલ.સી.બી. કચેરી લઈને આવ્યા અને પછી પુછપરછ કરી બાદમા પો.સ્ટે.મા લોકઅપમા રાખ્યા અને બીજા દીવસે અદાલતમા રજુ કર્યા તે દરમ્યાન તમોને સદર એન.ડી.પી.એસ.ના ગુનામા અટક કરવાના છે તેવી ખબર પડેલી નહી ?

**જવાબ:**–મને તા.૩/૫/૯૬ના રોજ ડી.એસ.પી. સાહેબની ઓફીસમા બોલાવેલ હતા અને ત્યાં ડી.એસ.પી. સાહેબે દુકાન ખાલી કરી નાખો નહીતો ખોટા કેસમા ફસાવી દેવામા આવશે અને અફીણની રીકવરી બતાવામા આવશે તેવુ કહેલુ તેથી મને ખ્યાલ આવી ગયેલો કે મને એન.ડી.પી.એસ.ના ખોટા કેસમા ફસાવવામા આવી રહેલો છે.

મને સંજીવ ભટ્ટ સાહેબે તેમની ચેમ્બરમા જે વાત કરેલી તે વખતે વ્યાસ સાહેબ ત્યાં ચેમ્બરમા સાથે હાજર હતા. સંજીવભટટ સાહેબે તે વખતે મારી હાજરીમા વ્યાસ સાહેબને કહેલુ નહી કે આમને અટક કરી લો. સંજીવભટટ સાહેબની ચેમ્બરમાંથી મને એલ.સી.બી. કચેરીમા લઈ ગયેલા. મને ત્યાં લઈ ગયા પછી તરત જ પહેલા વ્યાસ સાહેબની ચેમ્બરમા લઈ ગયેલા કે કેમ? તે હાલ ચોકકસ યાદ નથી. તેમજ કેટલા સમય પછી વ્યાસ સાહેબની ચેમ્બરમા લઈ ગયેલા. તે પણ યાદ નથી. પરંતુ મને એક વખત લઈ ગયેલા. એ વખતે મને અટક કરવાના છે તેવુ વ્યાસ સાહેબે કહેલુ નહી. તે વખતે મને ચેમ્બરમા અડધાની પોણો કલાક રાખેલો હતો. બાદમા કચેરીમા સ્ટાફ રુમમા મને બેસાડેલો. સ્ટાફ રુમમા મને પો.સ્ટે. લોકઅપમા મુકવા લઈ ગયા ત્યાં સુધી બેસાડેલો. ત્યાં પો.સ્ટે. મા લોકઅપમા મુકતા પહેલા કોઈ રજીસ્ટરમા મારી સહી કરાવેલી હતી કે કેમ તે હાલ કશુ યાદ નથી. મારી હાજરીમા કોઈ પોલીસવાળાએ તેવી લોકઅપ

એન્ટ્રીની નોંધ કરેલી હતી કે કેમ ? તે પણ મને હાલ યાદ નથી. મને કોઈ પો.સ્ટે. અધીકારી પાસે તે વખતે લઈ ગયા હતા કે કેમ? તે પણ હાલ યાદ નથી. મારી હાજરીમા પો.સ્ટે. ઓફીસરે કોઈ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલી કે કેમ? તે પણ યાદ નથી. મને એલ.સી.બી. ઓફીસથી પો.સ્ટે. લોકઅપમા મુકવા લઈ ગયા. તે વખતે પોલીસની ગાડીમા બે કે ત્રણ પોલીસવાળા હતા અને કદાચ આઈ.બી. વ્યાસ સાહેબ પણ હતા. મારી હાજરીમા શ્રી વ્યાસ સાહેબ અગર કોઈ પોલીસ વાળાએ ગુના નંબર–૨૧૬/૯૬ના કામે મને લાવવામા આવેલ છે તેવુ કાંઈ લેખીત તે પો.સ્ટે.મા આપેલુ કે કેમ તે પણ હાલ યાદ નથી. તે વખતે તે પો.સ્ટે.મા મારુ ચહેરા નીશાન પત્રક અને અટક રજીસ્ટર નોંધવામા આવેલુ હોય તેવુ મારી હાજરીમા કરવામા આવેલ હોય તેવુ મને યાદ આવતુ નથી. મને તે પો.સ્ટે.થી એલ.સી.બી. ઓફીસ તા.૪/૫/૯૬ના રોજ સવારે લઈને આવ્યા તે વખતે પોલીસની ગાડી હતી અને કોણ પોલીસ વાળા હતા તેની મને ખબર નથી. તેમા પ્રવિણભાઈ અને હંજારીભાઈ હતા કે કેમ તે મને હાલ યાદ આવતુ નથી. તે વખતે પીચોડ ગાડી હતી પણ તેનો નંબર કયો હતો તે હુ કહી શકુ નહી. મારી ફીન્ગરપ્રિન્ટ લીધી તે વખતે મને અટક કરવાની પ્રક્રિયા કરી રહયા છે તેવુ લાગેલુ કે નહી તે મને હાલ યાદ નથી.

**પ્રશ્ન:**– તમને કોર્ટ સમક્ષરજુ કરવામા આવ્યા તે સમયે તમે જજ સાહેબ ને મૌખીક મા એવુ જણાવેલુ કે તમને ખોટા કેસ મા અટક કરી દેવામા આવેલ છે?

**જવાબ:**–મને કોર્ટમા લઈ ગયા તેના એક દીવસ પહેલા જ ડી.એસ.પી. સંજીવ ભટ્ટ સાહેબે મને ચેમ્બરમા બોલાવી ને કહી દીધેલુ હતુ કે તમારા પાલી ના વર્ધમાન માર્કેટની દુકાનનુ શુ વિવાદ છે દુકાન ખાલી કરી દો, મે કહેલુ કે દુકાન ભાડુઆત

મોહનલાલ પાસે છે હુ તો તેમની અનુમતીથી ઓફીસ બનાવી ત્યાં વકીલાતનુ કામ કરુ છુ તે વખતે તેમણે ધમકી ભર્યા અંદાજમા મને કહેલુ કે દુકાન ખાલી કર દો નહી તો અફીણ કા ચારથી પાંચ કીલો કા મુકદમા કીયા હે એક કીલો હોટલ સે રીકવર બતાયા હે ચાર કીલો કી રીકરવી તુમ્હારેસે ખોટી બતાયી જાયેગી, હોટલ માલીક સે ખોટી પહેચાન કરાદી જાયેગી તુમ્હારી જમાનત હાઈકોર્ટ તક બી નહી હોગી કયુકી ઈસ મામલે મે જસ્ટીસ આર.આર.જૈન ઈન્ટરેસ્ટેડ હે, એવુ પણ કહેલુ કે તમારા પરીવાર સાથે આવેલા છો તો તેમની જોડે વાત કરીને દુકાન ખાલી કરવાની કાર્યવાહી કરાવો. આ સમગ્ર હકીકત તે વખતે મે મારા વકીલ શ્રી બી. એસ.પરમાર તેમજ શ્રી ગંગાસીહને જણાવેલી અને કહેલુ કે રીમાન્ડ રીપ્લાયમા આ બધી હકીકત લખો. તે વખતે બંને વકીલ સાહેબોએ કહેલુ કે જો બધી વાત સ્પષ્ટ લખીશુ તો તમને પોલીસવાળા આ મુકદમામા ખોટી રીકવરી બતાવી , ખોટી ઓળખાણ કરવી દેશે જેથી આડકતરી રીતે આ બધી હકીકત રીપ્લાયમાં લખી લઈશુ. જો તમે મૌખીકમા બોલશો તો પોલીસવાળા સાંભળી લેશે જેથી તમને તકલીફ પડી જશે. જેથી વકીલ સાહેબના કહેવા પ્રમાણે મે કરેલુ.

મને કોર્ટમા અંદર રજુ કર્યા તે પહેલા કોર્ટ રુમની બહાર મારે ઉપરોકત વાતચીત વકીલ સાહેબ સાથે થયેલી. વકીલ સાહેબે રીપ્લાય કોર્ટ રુમમા બેસીને તૈયાર કરેલો. હુ કોર્ટમા ઉભેલો હતો ત્યારે વકીલ સાહેબ લખતા હતા. સરકારી વકીલ આવેલા હશે મને ચોકકસ ખબર નથી. મારી હાજરીમા રીમાન્ડ માટે દલીલો થયેલી. દલીલ વ્યાસ સાહેબે કરેલી કે તેમના વકીલે કરેલી તે હાલ યાદ નથી.

બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ આ સાહેદને પુછેલ તાર્કીક અને સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવ્યુ છે કે, મે મારી સરતપાસના પેરા નંબર–૫મા જે જણાવેલુ છે કે તા.૨૯ / ૪ / ૯૬ના રોજ હુ પાલીમાં હતો અને પાલનપુરમાં ન હતો. મને પોલીસ પાલનપુર લઈ આવી તે પહેલા ક્યારેય હુ પાલનપુર આવેલો ન હતો. હુ તે સમયે વકીલાત કરતો હતો. અમારે ત્યાં સવારની કોર્ટ તે વખતે હતી અને હુ તા.૩૦ / ૦૪ / ૯૬ના રોજ સવારે ૭.૩૦થી હુ કોર્ટમાં હતો. તે હકીકત મે વ્યાસ સાહેબને જણાવેલી હતી. એ વાત ખરી છે કે, મે તા.૫/૫/૯૬ના રોજ આ હકીકત વ્યાસ સાહેબની પુછપરછ વખતે જણાવેલી હતી. સાહેદ જણાવે છે કે મે તા.૩/૫/૯૬, તા.૪/૫/૯૬ તથા તા.૫/૫/૯૬ તેમજ તા.૬/૫/૯૬ના રોજ થયેલી પુછપરછમા આજ હકીકત વ્યાસ સાહેબને જણાવેલી હતી. મે આ જે હકીકત દરેક સમયે જણાવેલી તે વખતે મારી હાજરી મા કોઈ જવાબ તેઓએ લખેલો નહી. મે વ્યાસ સાહેબે તા.૩/૫/૯૬થી તા.૬/૫/૯૬ સુધી મારી જે પુછપરછ કરેલી તેના જે નીવેદનો લખાયેલા હોય તેની કોઈ કોપી મે માગેલી કે મેળવેલી નથી. તા.૬/૫/૯૬ના રોજ એકઝી.મેજી સાહેબ સમક્ષ મને શ્રી વ્યાસ સાહેબ લઈ ગયેલા. મારી સાથે જે પોલીસવાળા હતા તેમણે મને કહેલુ હતુ કે માલીક અને નોકરે તમારી ઓળખાણ કરી નથી.મને ઓફીસ ના કમ્પાઉન્ડ મા દીવાલ પાસે ઉભો રાખેલો.લીંક કોર્ટ જજ સાહેબ પાસે મને લઈ જવાયો ત્યારે વ્યાસ સાહેબ પણ હતા અને સાથે બીજા બે–ત્રણ પોલીસવાળા પણ હતા. મને પ્રથમ તા.૪/૫/૯૬ના રોજ રજુ કરેલો તે કોર્ટ ન હતી પણ બીજી કોર્ટ હતી. તે સાહેબ વાઘેલા સાહેબ હતા કે કેમ તેની મને ખબર નથી. જામીનનો ઓર્ડર મે પાલી ગયા બાદ વાંચેલો. અત્યારે યાદ નથી કે તેમા કયા સાહેબ નુ નામ લખેલુ હતુ. હાલ પણ યાદ નથી કે તેમા કયા

સાહેબનુ નામ લખેલુ હતુ. તા.૬/૫/૯૬ના રોજ મને રજુ કરવામા આવ્યો તે અદાલત એડી.ડી.જજ સાહેબની હતી તેનો મને ખ્યાલ છે. તે સાહેબે મને પોલીસ વિરુધ્ધ કોઈ ફરીયાદ છે કે કેમ તેવુ પુછેલુ નહી. એ વાત ખરી છે કે, મારી હાજરીમા ગંગાસીહ, કુટરમલ કે બીજા કોઈએ પણ સંજીવભટટ સાહેબ તથા આર.આર.જૈન સાહેબ સાથે ટેલીફોન ઉપર વાતચીત કરેલ હોય તેવુ બનેલ નથી.

આ સાહેદને બચાવપક્ષે તેમની તકરારો અને બચાવ અંગે જે તાર્કીક પ્રશ્ન પુછેલ છે તેના જવાબમાં સાહેદે નીચે મુજબ જવાબ આપેલ છે.

**પ્રશ્ન–** આર.આર.જૈન સાહેબ અને કુટરમલે શ્રી વ્યાસ સાથે ભેગામળીને વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરાવવા માટે આપસમાં વાતચીત કરી હોય કે ચર્ચા કરી હોય તેવુ આપની અંગત જાણમા નથી ?

આ સાહેદને બચાવપક્ષે તેમની તકરારો અને બચાવ અંગે જે તાર્કીક પ્રશ્ન પુછેલ છે તેના જવાબમાં સાહેદે નીચે મુજબ જવાબ આપેલ છે.

**પ્રશ્ન–** તમે તમારી સરતપાસના પેરા–૧૩ માં એવુ જણાવેલ છે કે, "આ કેસ દુકાન નં.૬ વર્ધમાન માર્કેટ પાલી મારી પાસેથી અને મોહનલાલ પાસેથી ખાલી કરાવવા માટે દુકાન માલિક ના મુખ્યત્યાર કુટરમલ જૈન અને આર.આર.જૈન તથા ડી.એસ.પી.શ્રી સંજીવ ભટ્ટ અને તેમના સહયોગીઓએ મળીને મારા વિરુધ ખોટો કેસ કરેલો હતો." તો કુટરમલ જૈન, આર.આર.જૈન તથા ડી.એસ.પી. શ્રી સંજીવ ભટ્ટ તથા તેમના સહયોગીઓ કઈ તારીખે, ક્યા , કયા સ્થળે અગર કેવી રીતે મળેલા અને ખોટો કેસ કરવાનુ નક્કી કરેલુ તેની તમોને અંગત જાણ નથી.

**જવાબ–**મે તે લોકોને વ્યકિત ગત રીતે આપસમાં કાવતરુ કરતા જોયેલા નથી. સાહેદ જણાવે છે કે, જે વર્તન સંજીવ ભટ્ટ સાહેબનુ, કુટમલ જૈન, આર.આર.જૈન

સાહેબનુ રહેલુ હતુ તેથી સ્પષ્ટ હતુ કે તે દુકાન ખાલી કરાવવા માટે મારી વિરુધ ગુનાહીત કાવતરુ કરીને ખોટો કેસ કરેલો. સાહેદ જણાવે છે કે, સંજીવ ભટ્ટ સાહેબે તા.૩.૫.૯૬ ના રોજ તેમની ચેમ્બરમાં વ્યાસ સાહેબ અને પ્રવિણભાઈની સામે મને એવુ કહેલુ કે પાલીમાં વર્ધમાન માર્કેટની દુકાનનો શુ લફરુ છે. દુકાન ખાલી કરી નાખો મે કહેલુ કે દુકાન મહોનલાલ પાસે ભાડેથી છે ત્યારે તેમણે ધમકી ભર્યા અંદાજમાં કહેલુ કે પાંચ કિલો અફીણનો કેસ અમે તમારી વિરુધ કરેલો છે તેમાંથી એક કીલો હોટલથી રીકવર બતાવેલો છે ચાર કિલોની રીકવરી તમારાથી ખોટી બતાવી દેવામાં આવશે હોટલ માલિકથી તમારી ઓળખાણ કરાવવામાં આવશે હાઈકોર્ટ સુધી તમારી જામીન થશે નહી કેમ કે ત્યા આર.આર.જૈન સાહેબ છે અને આમા તેમનો પુરો ઈન્ટરેસ્ટ છે.

આ ઉપરાંત સાહદે જણાવ્યુ છે કે, આંક–499 મા મારજીનમા વચ્ચેના ભાગે જે સિક્કો છે તે નોટરી સમક્ષ ઓળખાણ આપવામા આવે તે અંગે નોટરી દ્વારા લગાવવામા આવતુ સીલ છે. તે સીલ મા જે વિગતો ભરવામા આવેલી છે તે વિગતો જે વ્યકતી એ ઓળખાણ આપી હોય તેના દ્વારા ભરવામા આવે છે બે સીલ પૈકી એક સીલમા ઓળખાણ આપતા જયસિંહે ભરેલી છે જ્યારે બીજા સીલમા રોહીતે ભરેલ છે. એ વાત ખરી છે કે તે વખતે મારી હાજરી ન હતી. એ વાત પણ ખરી છે કે ડોક્યુમેન્ટ મારી હાજરીમા તૈયાર થયેલ નહી. એ વાત ખરી નથી કે તે ડોક્યુમેન્ટમા નીચે 5/5/96 તારીખ લખેલી છે તે સિવાય અન્ય કોઈ જગ્યાએ તા.5/5/96 લખાયાનુ જણાતુ નથી.

**પ્રશ્ન–** આંક–499 મા ઉપરના ભાગે સ્ટેપ વેન્ડરનો જે સિક્કો છે અને ગોળ રાઉન્ડ કરેલ છે તે રાઉન્ડની અંદર તારીખ લખેલી નથી.

**જવાબ–** એ વાત ખરી નથી, ગોળ રાઉન્ડની અંદર તારીખ લખેલી છે.

**પ્રશ્ન–** ગોળ રાઉન્ડની અંદર તારીખ ક્યા લખેલી છે?

જવાબ–પાલી લખેલ છે તેની નીચે 4–5–96 લખેલી છે આ નકલ ફોટો કોપીની ફોટો કોપી હોવાના કારણે એકદમ સાફ વંચાતુ નથી.

''એ વાત ખરી નથી કે 4–5–96 ની તારીખ જોઈ શકાતી નથી. એ વાત ખરી નથી કે હુ જાણી જોઈને ઉપરોક્ત ખોટો ખુલાસો કરૂ છુ.

તે સિક્કામા જે નીચે જે સહી છે તે મોહનલાલ વતી સ્ટેમ્પ ખરીદનાર ચંપાલાલની સહી છે.

એ વાત ખરી છે કે B ની નીચે તા–4–5–96 લખેલી દેખાય છે. એ વાત ખરી છે કે , મારજીનમા જે સિક્કો મારેલ છે ત્યા તારીખ વંચાતી નથી. જે ચોરસ સિક્કો છે તે ટ્રેઝરીનો સિક્કો છે. એ વાત ખરી છે કે ટાઈપ કરેલ લખાણ છે જેની નીચે થી બે લાઈના ઉપર પેન થી હાથથી લખાણ કરેલુ જણાય છે. અને તે લખાણ "સુમેરસિંહજી કા સામાન હટા દીયા હૈ "તેવુ હિંન્દી મા લખેલુ છે. સદરહુ લખાણ ના અંત્તે દિનાકની સામે પેન થી હાથ થી "5–5–96"લખેલુ છે. એ વાત ખરી નથી કે તારીખમા પ્રથમ 5 લખેલ છે ત્યા ઓવર રાઈટીંગ દેખાય છે. તે વાત ખરી નથી કે દેખાતો 5 અંક પાછળથી લખાયેલો હોય તેવુ સ્પષ્ટ જણાય છે. એ વાત ખરી નથી કે "સુમેરસિંહજી કા સામાન હટા દીયા હૈ "તેવુ પાછળથી ઉમેરવામા આવેલુ છે. એ વાત ખરી નથી કે પાલનપુરથી પાલી ગયા પછી તે લખાણ વધારાનુ લખવામા આવેલુ છે.

પ્રશ્ર્ન– આંક– 499 વાળો અસલ દસ્તાવેજ નોટરાઈઝ થયેલો નથી.

જવાબ– એ વાત ખરી છે કે આ દસ્તાવેજ નોટરાઈઝ થયેલ ન હતો. બચાવ પક્ષના વાધા સાથે સાહેદ જે ખુલાસો કરવા માગે છે તે નોંધવામા આવેલ છે......

મારૂ જણાવવુ છે કે નોટરીની સામે પહેલા પાનાનુ દસ્તાવેજ બંન્ને પક્ષો કુટરમલ અને મોહનલાલે સહીઓ કરીને ઓળખાણ આપીને એક્ઝીક્યુટ કરેલો છે નોટરીના રજીસ્ટ્રરમા પણ બંન્નેએ તેમના હસ્તાક્ષર અને અંગુઠાના નિશાન કરેલા, નોટરીએ તેમના રજીસ્ટ્રરમા એન્ટ્રી કરેલ ત્યાર પછી મોહનલાલે વાધો

લેતા કુટરમલે પાના નં–2 વાળુ લખાણ કરાવડાવેલુ અને બંન્ને પાનામા લખેલા કથનો એકબીજાથી વિપરીત હતા જેથી નોટરીએ તેને એટેસ્ટ કરવા માટેની ના પાડેલી હતી.

એ વાત ખરી છે કે ઉપર મુજબ મે જે કઈ જણાવ્યુ છે તે તમામ મારી હાજરીમા બનેલુ નહી.

ઉપરોક્ત જવાબ સાથે સાહેદે એવો ખુલાસો કરેલો છે કે તે હકીકત તેઓને તેમના ભાઈ પાસેથી જાણવા મળેલી.

એ વાત ખરી છે કે સદર ડોક્યુમેન્ટ ઉપર રાઉન્ડ કરીને માર્ક k, માર્ક– H માર્ક–Q/3 તેમજ બીજા પાના ઉપર માર્ક–K, તેમજ માર્ક–Q/6 તથા B ના જણાઈ આવે છે તે આ દસ્તાવેજ એફ.એસ.એલ. માં મોકલવા માટે જે તે તપાસ કરનાર અધિકારીએ કરેલા હશે.

મને એ વાતની જાણ નથી કે દસ્તાવેજ હસ્તાક્ષર નિષ્ણાતની કચેરીમા મોકલવામા આવેલ અને તેનો પુથ્થકરણ રીપોર્ટ આવેલો. છે.

આમ સદર ડોકયુમેન્ટસના કન્ટેન્ટ અંગેનો ઉપર મુજબનો પુરાવો બચાવપક્ષેની ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ છે.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સરતપાસમા મે પાલીથી પાલનપુર અમારી પાછળ પાછળ મારા ભાઈ નરસિંહભાઈ વિગેરે આવેલાનુ જણાવેલ છે તેમા અમરસિંહ હતા તેવુ જણાવેલ છે તે અમરસિહનુ બીજુ નામ અમરીતસિંહ છે. એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, આંક–173 વાળી તેમની નમુનાની સહી બે વ્યક્તીઓ અને વ્યાસ સાહેબની રૂબરૂમા લેવામા આવેલી હતી તેવુ જે તેમણે સરતપાસમા જણાવેલ છે તે તેઓ ખોટુ જણાવી રહયા છે. એનો ઈન્કાર કરેલ છે કે, લાજવંતી હોટલના રજીસ્ટ્રરના કોલમ નં.–13 મા જે સહી દર્શાવવામા

આવેલી તે અંગે વ્યાસ સાહેબે તેમની સહીઓના જમણા તથા ડાબા હાથના કોઈ નમુના લીધેલાજ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આંક–173 થી 196 વાળી નમુનાની સહીઓ અમરીતસિંહ પાસે કરાવી ખોટું રેકર્ડ બનાવાયુ છે. એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, પ્રવિણભાઈએ અમરીતસિંહની સહીઓ એલ.સી.બી. ઓફીસમા લીધેલી હતી અને તેની તેઓને જાણકારી છે.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, હોટલ લાજવંતીમાં ઉજજવલસિંહ અને ભવરસિંહે તેમના નામની ખોટી એન્ટ્રી કરીને અફીણ મુકાવી કેસ કરાવ્યો હોય તેવી તેમણે શંકા વ્યક્ત કરેલી હતી. એનો પણ ઈન્કાર કરેલો છે કે, એવીજ શંકા તેમણે તેમના ભાઈ નરસિંહભાઈ તથા ગંગાસિંહ વિગેરેને જણાવેલી હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આવી શંકા તેમણે વ્યાસ સાહેબને પણ તેમની પુછપરછ દરમ્યાન જણાવેલી હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તા.6–5–96 ના રોજની પુછપરછમા તેઓએ તેવુ વ્યાસ સાહેબને જણાવેલ હતુ અને પ્રવિણભાઈએ તેમના હસ્તાઅક્ષરમા નિવેદનમા લખી લીધેલુ હતુ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમને તે નિવેદન વાંચી સંભળાવ્યા બાદ તેમણે તે ખરુ હોવાનુ કહેતા વ્યાસ સાહેબે તે નિવેદનમા સહી કરેલી.

બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ આ સાહેદને બનાવના દિવસેની તેમની હાજરી બાબતે સુચક અને તાર્કીક જે પ્રશ્નો પુછેલા છે તેના જવાબોમાં સાહેદે નીચે મુજબ પુરાવો આપેલ છે.

**પ્રશ્ન–** 29/4/96 ની રાત્રે અને 30/4/96 ના રોજ સવારે તમે પાલી મુકામે હતા અને કોર્ટમા હતા તે બતાવવા માટે તમે તે વખતે વ્યાસ સાહેબ કે બીજા કોઈ અધિકારીને કોઈ દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલા ?

જવાબ– 30/4/96 ના રોજની કોર્ટ રૂબરૂની મારી હાજરીના દસ્તાવેજ પાલી ગયા પછી મે એલ.સી.બી. ઓફીસ પાલનપુર પોસ્ટ મારફત મોકલી આપેલા.

આર.પી.એ.ડી.થી મોકલેલ કે સાદી પોસ્ટથી મોકલેલ તે હાલ યાદ નથી. ફોરવડીગ લેટર સાથે મોકલેલ કે કેમ તે હાલ ચોક્કસ યાદ નથી. મે મોકલેલા ડોક્યુમેન્ટ અંગે તે વખતે પાલી ખાતે મારી પુછપરછ માટે કોઈ આવેલ નહી. પાલનપુર ખાતે બોલાવેલ કે કેમ તે હાલ ચોક્કસ યાદ નથી. પાલી પોહચ્યા પછી 10–5–96 કે 11–5–96 ના રોજ મે તે દસ્તાવેજો મોકલી આપેલા. તે દસ્તાવેજમા મને જેટલુ યાદ છે તે મુજબ કોર્ટમા જે કેસમા મારૂ એપીરીન્સ થયેલુ હતુ તે નોંધ ની નકલ, વકીલપત્ર, આરોપીના બેલ બોન્ડ, આરોપીની હાજરી માફી અરજી વિ.. રેકર્ડની સર્ટીફાઈડ કોપી મોકલી આપેલ.

'' મે બનાવ અંગે પાલી વકીલ મંડળ મા તથા તેમના સહયોગથી જ્યા જયા લેખીત રજુઆત કરેલ હતીતેની કોઈ નકલો ગુ.રજી નં– 216/96 ના ત.ક શ્રી વ્યાસ સાહેબને કે ત્યાર બાદના બીજા કોઈ ત.કશ્રી ને આપેલી નહી કે પોસ્ટ મારફત પણ મોકલેલ નહી. પાલી વકીલ મંડળના સિધ્ધેશ્વરપુરીજીએ અહી પાલનપુર આવીને તેવી નકલો આપેલી કે કેમ તેની મને ખબર નથી. ''

બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ સને–૨૦૧૮માં થયેલ તપાસ અંગે પુછેલ પ્રશ્નોના જવાબમાં સાહેદે નીચે મુજબ પુરાવો આપેલ છે.

તા.૪/૯/૧૮ ના રોજ મારો જવાબ લેવા પાલી મુકામે ત.ક.અમલદાર શ્રી યાદવ સાહેબ તથા તેમની સાથેના અન્ય અધીકારીઓ, સ્ટાફના બીજા પોલીસના કર્મચારીઓ વીગેરે તેઓના ઘરે આવેલા. તે વખતે તેઓને ગુના નંબર–૨૧૬/૯૬ના તપાસના કોઈ કાગળો બતાવેલા નહી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ તેમને તેમની સાથે લઈ ગયેલા હતા. એ વાત ઈન્કારી છે કે,

શ્રી યાદવ સાહેબની તપાસમા તેઓને ગાંધીનગર બોલાવામા આવેલ હતા. શ્રી યાદવ સાહેબે ના.ગુજરાત હાઈકોર્ટના હુકમ આધારે તપાસ શરુ કરેલી તેવુ તેમને જાણવા મળેલુ. તેમને તા.૪/૯/૧૮ના રોજ શ્રી યાદવ સાહેબે જાણકારી આપેલી નહી પરંતુ તે પહેલા તેમને જાણકારી મળી ગયેલી હતી. તેમને જુન–જુલાઈ–૨૦૧૮ મા ના.ગુજરાત હાઈકોર્ટના હુકમની જાણકારી મળેલી હતી. એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સ્પે.ક્રિ.એપ્લી.મા તે આદેશ થયેલો હતો. તેમની જાણકારી મુજબ બે પીટીશન થયેલી હતી. તેમાં એક શ્રી આઈ.બી.વ્યાસ સાહેબની હતી અને બીજી કોની હતી તેની તેમને જાણ નથી. બંને પીટીશનના નંબર તેમને હાલ યાદ નથી. શ્રી આઈ.બી.વ્યાસની પીટીશનના કામે તેઓ એડવોકેટ મારફતે હાજર થયા હશે.

સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, યાદવ સાહેબની તપાસ દરમ્યાન હોટલ લાજવંતીના રજીસ્ટરની એન્ટ્રી નંબર–૬૪૦ના લખાણ કે તેમાંની કોલમ નંબર–૧૩મા કહેવાતી તેમના નામની સહીના નમુના હસ્તાક્ષર નીષ્ણાંતના અભીપ્રાય સારુ મોકલવા અગર તો મેળવણી કરવા સારુ તેમના જમણા કે ડાબા હાથના સહીના નમુના લખાવીને લેવામા આવેલ નહી. તેમને શ્રી યાદવ સાહેબે કયારેય રજીસ્ટર બતાવેલુ નહી. યાદવ સાહેબે તેમને રજીસ્ટરની સર્ટીફાઈડ કોપી કે સાદી કોપી પણ બતાવેલી નહી. યાદવ સાહેબે તેમના જવાબો લીધા તે દરમ્યાન અને ત્યારબાદ ગુ.રજી. નંબર–૨૧૬/૯૬ના તપાસના કાગળો કે સમરીના કાગળો તેમને બતાવેલા કે કેમ ? તે હાલ ચોકકસ યાદ નથી. તેઓએ તેમની તપાસ દરમ્યાન કુટરમલ સામે થયેલ ચાર્જશીટ અને તેના કાગળો તેમને બતાવેલા નહી. તેમણે યાદવ સાહેબની તપાસ દરમ્યાન ગુ.રજી.

નંબર–૨૧૬/૯૬ના કામેથી મેળવેલ સર્ટીફાઈડ નકલો તેમજ કુટરમલની વીરુધ્ધ થયેલ ચાર્જશીટના કાગળોની કોઈ નકલો યાદવ સાહેબની તપાસ દરમ્યાન તેમણે તેમને રુબરુ અગર ટપાલમા મોકલેલ છે કે કેમ ? તે યાદ નથી. તેમણે યાદવ સાહેબની તપાસ દરમ્યાન કોતવાલી પો.સ્ટે.ગુ.રજી.નંબર–૪૦૩/૯૬ના શ્રી આર.આર.જૈન વિ.વીરુધ્ધ રજુ થયેલ તપાસ ના પુરવણી ચાર્જશીટ કાગળો રજુ કરેલા કે કેમ ? તે યાદ નથી. અનુસંધાને જણાવેલ છે કે, તેમને કુટરમલ વિરુધ્ધ થયેલ ચાર્જશીટની જાણ છે ત્યારબાદ થયેલ પુરવણી ચાર્જશીટની તેમને જાણ નથી તેથી રજુ કરવાનો પ્રશ્ન નથી. એ વાત ઈન્કારી છે કે, તેઓએ પુરવણી ચાર્જશીટની નકલ મેળવેલી અને તે શ્રી યાદવ સાહેબ સમક્ષ તપાસ દરમ્યાન રજુ કરેલી.

બચાવપક્ષે વર્ધમાન માર્કેટની દુકાનના તકરારી ઈસ્યુ અંગે પુછેલ પ્રશ્નોના જવાબમાં સાહેદે નીચે મુજબ જવાબો આપેલ છે.

''એ વાત ખરી નથી કે વ્યાસ સાહેબે મારુ તા.૩/૫/૯૬ના રોજનુ નીવેદન લીધેલુ છે. રેકર્ડ ઉપરના નીવેદન તરફ મારુ ધ્યાન દોરવામા આવે છે.એ વાત ખરી નથી કે, મે તેમા એવુ લખાવેલ છે કે ''જે દુકાન મે છ માસ પહેલા ભાડેથી લીધેલ છે આ દુકાન નંબર–૬ ની મોહનલાલ રુપચંદ જૈન રહે.સમેગીયા પાર્ટી,વાળા પાસેથી મે માસીક રુપીયા ૧૦૦૦ના ભાડેથી રાખેલી છે, તેમજ એ વાત પણ ખરી નથી કે, મે શ્રી વ્યાસજી ધ્વારા કરવામા આવેલ તપાસ મા એવુ જણાવેલ નહી. તેમજ લખાવેલ નહી કે, ''દુકાનમા જગ્યા વધારે હતી જેથી મોહનલાલની સંમતીથી મને ઓફીસ ચલાવવા માટે જગ્યા આપેલી હતી. જે જગ્યામા હુ ટેબલ ખુરશી અને મારા પુસ્તક રાખી વકીલાતની

ઓફીસ ચલાવતો હતો.'' એ વાત પણ ખરી નથી કે, શ્રી વ્યાસ સાહેબ દ્વારા કરવામા આવેલી તપાસમા મે વ્યાસ સાહેબને એવુ જણાવેલુ નથી કે એવુ પણ લખાવેલ નથી કે ''મોહનલાલ સાથે મારો ભાઈ નરસીંહ રાજપુરોહીત દિપક ટેક્ષટાઈલ ના નામે વ્યવસાય કરતો હતો. ''એ વાત ખરી નથી કે '' મારી પુછપરછ દરમ્યાન શ્રી વ્યાસ સાહેબે મારો તા.૩/૫/૯૬ના રોજ જવાબ લખેલો અને તે મને વંચાવી મે ખરુ હોવાનુ કબુલ કરતા તેમણે સહી કરેલી હતી.''

શ્રી વ્યાસ સાહેબ રુબરુના તા.૫/૫/૯૬ના નીવેદન તરફ સાહેદનું ધ્યાન દોરવામાં આવતા સાહેદે જણાવ્યુ છે કે, એ વાત ખરી નથી કે વ્યાસ સાહેબે તપાસ દરમ્યાન તેમની જે પુછપરછ કરી તે તા.૫/૫/૯૬મા તેઓએ એવુ જણાવેલ છે કે ''......કુટરમલ જૈને આ દુકાન રાણીવાલ રમેશકુમાર રાજકુમાર, રહે.પાલીવાળાને ભાડેથી આપેલી હતી અને આ રમેશકુમારના મુનીમ મોહનલાલ રુપચંદ જૈન પાસે છેલ્લા ચાર વર્ષથી ભાડે આ દુકાન હતી જે મને છ માસથી મોહનલાલે આ દુકાન ભાડે આપેલ છે અમો દર માસે રુપીયા ૧૦૦૦/– ભાડુ મોહનલાલને આપીએ છીએ '', પરંતુ એવુ લખાવેલ નથી કે ''આ દુકાન અમરીબાઈએ મોહનલાલને ભાડેથી આપેલી ''.

સાહેદે એ વાત ઈન્કારી છે કે, વ્યાસ સાહેબે તેમની પુછપરછ કર્યા બાદ તા.૫/૫/૯૬ના રોજ તેમનુ નીવેદન લખી લીધેલુ હતુ અને ઉપરોકત હકીકત તેઓએ લખાવેલી હતી. એ વાત ઈન્કારી છે કે, તેઓએ નિવેદન લખાવેલ નથી તે ખોટુ જણાવે છે.

સાહેદને બચાવપક્ષે તા.૪/૯/૧૮ના રોજ શ્રી યાદવ સાહેબે તેમનુ નીવેદન લીધેલ હતુ, તે લખાણ તરફ સાહેદનુ ધ્યાન દોરવામાં આવતા સાહેદે

જણાવ્યુ છે કે, ''એ વાત ખરી છેકે તેમા મે એવુ લખાવેલ હતુ કે''બસ સ્ટેન્ડ પાસે આવેલ તે વખતે આઈ.બી.વ્યાસે મને કહેલ કે વર્ધમાન માર્કેટ કયાં છે જેથી મે વર્ધમાન માર્કેટ બતાવેલી મને દુકાનની બાબતે પુછપરછ કરેલી ''

એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમની સરતપાસમાં તેઓને દુકાનની બાબતે પુછપરછ કરેલ તે વિગત તેઓની સરતપાસમાં ઈરાદાપૂવર્ક જણાવેલ નથી. એ વાત પણ ઈન્કારી છે કે, તા.૪/૯/૧૮ના રોજના યાદવ સાહેબ સમક્ષના તે નીવેદનમા તેમણે એવુ લખાવેલ કે''................તા.૩/૫/૯૬ તા.૪/૫/૯૬,તા.૫/૫/૯૬ના અને તા.૬/૫/૯૬ના રોજના આઈ.બી. વ્યાસ પો.ઈન્સ. એલ.સી.બી. પાલનપુર રુબરુના મારા નીવેદનો હીન્દીમા ભાષાંતર કરી મને વાંચી સંભળાવેલ તે સબંધે પુછતા લખાવુ છુ કે ઉપરોકત તમામ નીવેદનો લખાવ્યા મુજબ ના બરાબર અને ખરા છે .........''

તેમજ એ વાત સ્વિકારેલ છે કે, ''મે મારી સરતપાસ મા એવુ લખાવેલ છે કે ''.........તા.૩/૫/૯૬ થી તા.૬/૫/૯૬ સુધી ચાર દિવસ આઈ.બી. વ્યાસે મારી પુછપરછ કરેલી.......... ''તેવુ લખાવેલ છે.મારુ કહેવુ છે કે તે સદર શબ્દસહ તા.૪/૯/૧૮ ના નીવેદન મા લખેલુ નથી.'' એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ''ઉપરની હકીકતો મારી વિરુધ્ધમા જતી હોઈ મે જુબાનીમા ઉપરોકત નીવેદનની તે હકીકતો જણાવવાનુ જાણીબુજીને ટાળેલ છે.'' સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે, ''યાદવ સાહેબે ગુજરાતીમા લખેલુ હતુ અને મે હીન્દીમા બોલી જણાવેલુ હતુ જેથી હીન્દી અને ગુજરાતી શબ્દોના કારણથી તેમણે જે લખેલુ તે મને સમજમા આવેલુ નહી.'' તેઓએ ઈન્કાર કરેલ છે કે, ઉપરોકત ખુલાસો તેઓ ખોટો કરી રહયા છે.

આ બાદ બચાવપક્ષે તેમના બચાવ અને તકરારો અંગેની હકિકતો સાહેદે સરતપાસમાં જણાવેલ પુરાવા અંગે સાહેદ સમક્ષ મુકતા સાહેદે જે ડીનાઈલ કરેલ છે તે નોંધાયેલ છે જેથી વિગતે સદર નોંધનુ પૂનરાવર્તન ટાળેલ છે.

(પી) **ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૬) તરીકે રમણભાઈ પરસોત્તમભાઈ પટેલને આંક–૫૦૮થી તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,** સને–૧૯૯૬માં તેઓ પાલનપુર ખાતે એલ.સી.બી. ઓફીસમાં સેકન્ડ પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા. પાલનપુર પો.સ્ટે. પ્રોહી ગુના નં.–૨૧૬/૯૬ના કામે જણાવે છે કે, તે વખતે તેમના સ્કોડમાં રાઈટર તરીકે ગોવીંદભાઈ હતા તથા માલાભાઈ રબારીનાઓ હતા. તારીખ–૩૦/૪/૯૬ના રોજ કેસ થયેલ જે લાજવંતી હોટલમા આ કેસ થયેલ તેના એક દિવસ પહેલા તેમને તે વખતના એસ.પી. આરોપી સંજીવભટ્ટે પોતાના બંગલે સવારે આઠથી સાડા આઠ વાગ્યે બોલાવેલા અને કહેલ કે, ''મને બાતમી મળેલ છે કે શેરપુરા ઢાણી ડીસા અફીણ વેચાય છે અને તમારે ત્યાં જઈ બાતમી વેરીફાઈ કરી અફીણનુ સેમ્પલ ખરીદ કરીને લાવવાનુ છે''. જેથી તેમણે આરોપી સંજીવભટ્ટને કહેલ કે આજે તેઓ તપાસમા જવાના છે જેથી આવતી કાલે જઈને બાતમી વેરીફાઈ કરશે. તેથી આરોપી સંજીવ ભટ્ટે જણાવેલ કે, ''તમારે આજે જ જઈને બાતમી વેરીફાઈ કરવાની છે તે અગત્યનુ છે''. જેથી તેમણે આરોપી સંજીવ ભટ્ટને કહેલ કે તેઓ અગત્યની તપાસમાં છે, જેથી તેમના સ્કોડના રાઈટર ગોવીંદભાઈ તથા માલાભાઈ રબારીનાઓમાંથી તમે કહો તેને મોકલી શકાય. જેથી આરોપી સંજીવ ભટ્ટે કહેલ કે, ''તમો માલાભાઈ રબારીને તાત્કાલીક બોલાવીલો''. જેથી

માલાભાઈ રબારીને આરોપી સંજીવ ભટ્ટ સાહેબના બંગલે બોલાવી લીધેલા અને તેઓ બન્ને જણા આરોપી સંજીવભટ્ટને મળેલા. તે વખતે આરોપી સંજીવ ભટ્ટે માલાભાઈને કહેલ કે ''શેરપુરા ઢાણી ડીસા ખાતે અફીણ વેચાય છે ત્યાં જઈને તમારે બાતમીની ખરાઈ કરી અફીણનુ સેમ્પલ ખરીદ કરીને લાવવાનુ છે''. આરોપી સંજીવ ભટ્ટે માલાભાઈને રૂપીયા વીસ હજાર આપેલા અને આરોપી સંજીવ ભટ્ટે સાંજે મળવા જણાવેલ તથા રબારીના કપડા પહેરીને જવા જણાવેલ, જેથી કોઈને શક જાય નહી અને બાતમીની ચોકકસ ખરાઈ થઈ જાય. તેઓ તથા માલાભાઈ રબારીનાઓ તેમના બંગેલેથી નીકળી ગયેલા અને તેઓ એલ. સી.બી. કચેરીએ ગયેલા. ત્યાં પહોંચ્યા તેના આશરે દસેક મીનીટ બાદ માલાભાઈ રબારીના કપડા પહેરીને એલ.સી.બી. ઓફીસે આવતા તેમણે માલાભાઈ રબારીને કહેલ કે, ''તમે કેમ ઓફીસે આવેલ છો''. જેથી તેઓએ તેમને કહેલ કે કામ છે જેથી આવેલ છે અને થોડીવારમાં નીકળી જવાના છે જેથી તેમણે માલાભાઈને કહેલ કે કામ થઈ જાય પછી તેમને જાણ કરજો. ત્યારબાદ તેઓ તેમની તપાસમાં રવાના થયેલા. તેઓ આશરે છ વાગ્યાના સમયે તપાસમાં થી એલ.સી.બી. કચેરીએ પરત આવેલા, તે વખતે ત્યાં માલાભાઈ રબારી પણ આવી ગયેલ હતા અને તેઓએ તેમને જણાવેલ કે, ''એસ.પી. સાહેબે જે બાતમી મને આપેલ હતી ત્યાં જઈને હું અફીણ સેમ્પલ ખરીદીને લાવેલ છુ, આપણે પંદર વીસ મીનીટ બાદ એસ.પી. સાહેબના બંગલે જઈએ''.માલાભાઈ અને તેઓ આશરે સાડા છ વાગ્યાના સુમારે આરોપી સંજીવભટ્ટના બંગલે ગયેલા અને માલાભાઈ રબારીએ તેમની હાજરીમાં આરોપી સંજીવભટ્ટને એક અફીણનુ પેકેટ આપેલ, જે પેકેટ આશરે એક કીલો વજનનુ હશે, જે જાંબુડીયા કલરની મીણીયાની થેલીમાં હતુ. આરોપી સંજીવભટ્ટે માલાભાઈને વેરીગુડ માલાભાઈ

કહેલ અને કહેલ કે,''આ પેકેટ એક જગ્યાએ મુકવાનુ છે''. જેથી તેમણે કહેલ કે, માલાભાઈ આ પેકેટ મુકે તે બરાબર નથી, આ ગેરકાયદેસર છે. જેથી આરોપી સંજીવભટ્ટે તેમને કહેલ કે ''તમારે મને અને માલાને સલાહ આપવાની જરૂર નથી, તમે તમારી તપાસો કરો અને જાઓ'', જેથી તેઓ નીકળી ગયેલ અને માલાભાઈ રબારી ત્યાં રોકાયેલા. તેમને ''તમારી તપાસ કરો'' તેવુ કહેલુ અને આરોપી સંજીવભટ્ટે તેઓ નીકળતા હતા તે વખતે જણાવેલ કે, ''બાતમી વેરીફાઈ થઈ ગયેલ છે, તેની ગુપ્તતા પુરેપુરી જાળવવાની છે જયાં સુધી હું હુકમ ન કરૂ ત્યાં સુધી શેરપુરા ઢાણી ગામે રેડ કરવાની નથી''. માલાભાઈએ શેરપુરા ઢાણી ગામેથી અફીણનુ પેકેટ ખરીદ કરીને લઈને આવેલા હતા. બીજે દીવસે સવારે તેઓ તેમના ઘેર સુતા હતા, તે વખતે ડ્રાઈવર ગાડી લઈને આવેલા અને કહેલ કે ''તમને પી.આઈ. વ્યાસ સાહેબ લાજવંતી હોટલમાં રેડમાં બોલાવે છે'', જેથી તેઓ ત્યાં ગયેલા. તેઓ ત્યાં ગયેલા, તે વખતે એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબ તથા એલ.સી.બી.ના માણસો તથા પી.એસ.આઈ. પી.જે.ચૌધરી અને તેમની સ્કોડના માણસો લાજવંતી હોટલ ઉપર હાજર હતા. તેમના પહોંચ્યા પછી એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબ, પી.જે.ચોધરી સાહેબ, તેઓ તથા એલ.સી.બી.ના માણસો લાજવંતી હોટલના રજીસ્ટર રાખવામાં આવતુ હતુ ત્યાં ગયેલા અને તે વખતે એલ.સી.બી. પી.આઈ.એ રજીસ્ટર ચેક કરેલ અને લાજવંતી હોટલના માલીકને સાથે લઈ રૂમ નંબર–૩૦૫માં બધા ગયેલા. ત્યાં જઈ પી.આઈ. વ્યાસ સાહેબે તથા હોટલના માલીકે દરવાજાને ધકકો મારતા દરવાજો ખુલતા તેઓએ જોયેલ કે, રૂમની અંદર કોઈ માણસના અવર–જવરના નીશાનો જણાયેલ નહી અને એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબે પલંગના ગાદલા નીચેથી એક કાપડમાં વીટાળેલ પેકેટ કાઢી કપડુ દુર કરી જોતા તેમા એક

જાંબુડીયા કલરની થેલીમાં આશરે એક કીલો વજનનુ અફીણ જોવા મળેલ અને એલ.સી.બી. પી.આઈ. શ્રી વ્યાસ સાહેબ તે પેકેટ લઈ નીચે જઈ અને કાયદેસરની કાર્યવાહી કરેલી અને ફરીયાદ આપેલી. આ પેકેટ તેમણે જોયેલ તો તેમને શંકા ગયેલ કે, ગઈ કાલે માલાભાઈએ જે અફીણની બાતમી શેરપુરા ઢાણી ખાતે વેરીફાઈ કરી સેમ્પલ ખરીદ કરી લાવેલ, તે સેમ્પલ અને લાજવંતીમાં થી મળી આવેલ અફીણનુ પેકેટ એક સરખા જણાયેલા. ત્યારબાદ થોડા સમય પછી તેઓ એલ.સી. બી. ઓફીસે ગયેલ તો માલાભાઈ ત્યાં આવેલા અને તેઓ આવતા તેમણે માલાભાઈને પુછેલ કે, ''એલ.સી.બી.ના માણસો લાજવંતી હોટલમાં રેડમાં આવેલા અને તમે કેમ આવેલ નથી ?'', જેથી માલાભાઈએ તેમને જણાવેલ કે, ''એસ.પી. સાહેબે તેમને રેડમા આવવાની ના પાડેલી અને હું એસ.પી. શ્રી સંજીવભટ્ટ સાહેબના કામથી બહાર હતો''. સાંજના સમય બાદ તેમને આરોપી સંજીવભટ્ટે પોતાના બંગલે બોલાવેલ અને કહેલ કે, ''તમારે શેરપુરા ઢાણી ડીસા જઈ માલાભાઈ રબારી બતાવે તે જગ્યાએ તેઓએ જે બાતમી વેરીફાઈ કરી સેમ્પલ મેળવેલ છે ત્યાં રેડ કરવાની છે'' જેથી તેમણે કહેલ કે તેમને વધારે પોલીસના માણસો અને પોલીસ અધીકારીની જરૂર પડશે, જેથી આરોપી સંજીવ ભટ્ટે કહેલ કે, ''તમે ડીસા પહોંચો પાછળ હું એલ.સી.બી. પી.આઈ તથા પોલીસના માણસો મોકલી આપુ છુ''. તેઓ તથા તેમના સ્કોડના એલ.સી.બી.ના માણસો લઈ ડીસા પહોંચેલ અને થોડીવાર પછી એલ.સી.બી. પી.આઈ.વ્યાસ સાહેબ તથા એલ.સી.બી.ના માણસો આવી તેમને મળેલા. તે વખતે તેમણે એલ.સી.બી. પી.આઈ શ્રી વ્યાસ સાહેબને કહેલ કે ''આ બાતમી શ્રી સંજીવભટ્ટ સાહેબની છે અને તેઓ તથા માલાભાઈ રબારી જે જગ્યાએથી માલાભાઈ રબારીએ અફીણનુ સેમ્પલ ખરીદ કરી મેળવેલ

છે તે જગ્યાએ જઈ જગ્યા વેરીફાઈ કરી પાછા આવીએ છીએ'', જેથી તેઓએ હા કહેતા તેઓ તથા માલાભાઈ શેરપુરા ઢાણી ગામે જઈ જગ્યા જોઈ અને પરત આવેલા.ત્યારબાદ સવારના સમયમાં એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબ સાથે શેરપુરા ઢાણી ગામે ચોતરામાં આવેલ શંકરના મંદીરમાં બાવાને ત્યાં તથા બીજી ત્રણ જગ્યાએ રેડ કરેલ અને અફીણનો મોટા પ્રમાણમાં જથ્થો આશરે ત્રીસથી પાં ત્રીસ કીલો મળી આવેલ અને તેમા મળી આવેલ અફીણની થેલીઓ આશરે એકથી દોઢ કીલોની હશે. જેની વીગતવાર ફરીયાદો એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબની રૂબરૂમાં તેમના હુકમ મુજબ આપેલી અને તેની તપાસ સંભાળેલી. શેરપુરા ઢાણી ગામેથી જે અફીણ મળી આવેલ, તે અફીણની થેલીઓ અને લાજવંતી હોટલમાંથી મળી આવેલ સેમ્પલ એક સરખા જેવા તેમને જણાયેલ, જે બાબતે તેમણે એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબ તથા તેમના રાઈટર પ્રવિણભાઈ સાથે વાત કરેલી જેથી પ્રવિણભાઈએ એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબને કહેલ કે, ''મળી આવેલ અફીણ અને લાજવંતી હોટલમાંથી મળી આવેલ સેમ્પલ સરખાવી જોવામા આવે તો એક જેવા જણાશે''. તારીખ–૨/૫/૯૬ના રોજ તેમને આરોપી સંજીવ ભટ્ટે પોતાની ચેમ્બરમાં બોલાવેલા અને કહેલ કે, ''તમારે એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાથે પાલી રાજસ્થાન તપાસમાં જવાનુ છે''. જેથી તેમણે કહેલ કે, ''તેમની પાસે શેરપુરા ઢાણીના ચાર કેસની તપાસ છે અને આરોપી અટક કરેલા છે. તેમજ આ ગુનાઓના કામે તેમના રીમાન્ડ મેળવવાના હોવાથી તેઓ પાલી રાજસ્થાન જઈ શકે તેમ નથી''. જેથી આરોપી સંજીવ ભટ્ટ નારાજ થયેલા અને કહેલ કે, ''જાઓ તમે તમારી તપાસો કરો. તમને કામ બતાવામાં આવે એટલે તમે તમારી તપાસોના બહાના આગળ કરો છો''. ત્યારબાદ પંદરથી વીસ દીવસ પછી

એલ.સી.બી. પી.આઈ. વ્યાસ સાહેબે તેમને કહેલ કે, આરોપી સંજીવ ભટ્ટે તેમને અફીણની રેડ બાબતે અને આ ગુનાની તપાસ બાબતે જે સુચનાઓ આપેલી. તે સુચનાઓ તેમણે કેસ ડાયરીમાં લખેલી હતી. જે કેસ ડાયરી આરોપી સંજીવ ભટ્ટે વાંચેલી અને તે કેસ ડાયરી વાંચતા જ આરોપી સંજીવ ભટ્ટે ફાડી નાખી બે ટુકડા કરેલા, જેથી તેમણે આરોપી સંજીવ ભટ્ટના કહેવા પ્રમાણે નવી કેસ ડાયરી બનાવેલ. સી.આઈ.ડી. ક્રાઈમે તેમના બે નિવેદનો લીધેલા. જેમા સી.આઈ.ડી. ક્રાઈમના યાદવ સાહેબ રૂબરૂમાં નીવેદન તેમણે આપેલ છે. તેમજ તેમને સી.આઈ.ડી. ક્રાઈમે જણાવેલ કે, ''તમે જે નિવેદનો કરો છો તે સત્ય હકીકત હોય તો તમે નામદાર કોર્ટ રૂબરૂમાં જઈ તમારુ નીવેદન નોંધાવો'', જેથી તેમણે નામદાર કોર્ટ રૂબરૂમાં સી.આર.પી.સી.ક.–૧૬૪ પ્રમાણે નીવેદન લખાવેલુ. આ નીવેદન લખાવવા માટે તેઓ બે વખત ગાંધીનગર કોર્ટમાં ગયેલ. તેમને **નીશાની–૩૮૮/૭/૨** વાળો દસ્તાવેજ બતાવામાં આવે છે, તેમાં નીચે તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે અને તેમાં તેમને જજ સાહેબે જે પુછપરછ કરેલી, તેના તેમણે જવાબો આપેલા અને તેમને જે હકીકત લખાવાની હતી તે હકીકત તેમણે તેમા તેમની સ્વેચ્છાએ લખાવેલી છે. સદર હકીકત તેમને વાંચી સંભળાવતા જણાવે છે કે, તે તમામ પ્રશ્નોના જવાબો તેમણે આપેલા છે તે પ્રમાણે નોંધાચેલા છે. જે વાંચી તેમણે જજ સાહેબ રૂબરૂ પોતે કરેલ સહી તેઓ ઓળખી બતાવે છે. તે પ્રશ્નોતરી બાદ જજ સાહેબે તેમને વિચારણાનો સમય આપેલો અને બીજા દીવસે હાજર રહેવા જણાવેલુ તે છે. તેમને **નીશાની–૩૮૮/૭/3** બતાવામાં આવે છે, જે તેઓ તા.૯/૧૦/૧૮ના રોજ ગયેલ ત્યારે મેજી.સાહેબે સૌપ્રથમ તેમને પ્રશ્ન પુછેલ તે છે અને તેના તેમણે જવાબો આપેલા અને નીવેદન તેમની સ્વેચ્છાએ લાલચ, પ્રલોભન

કે ધમકી વગર આપવા માગે છે તે સાચુ હોવાનુ તેમણે જણાવેલ અને ત્યારબાદ તેમની સહી લેવામાં આવેલી જે તેમની સહી તેઓ ઓળખી બતાવે છે અને પ્રશ્નો અને જવાબ તેમને વાંચી સંભળાવવામા આવે છે તે તેમણે આપેલા તે જવાબો છે. તેમને **નીશાની–૩૮૮/૭/૪** વાળુ મેજી.સમક્ષનુ નીવેદન બતાવામાં આવે છે, જે નીવેદન તેમણે મેજી.સાહેબને લખાવેલુ તેજ છે. જેના દરેક પાના ઉપર હાંસીયાના ભાગે તથા નીવેદનના અંત ભાગે તેમની સહીઓ છે જે સહીઓ જે તેઓ ઓળખી બતાવે છે અને જે નીવેદન તેમને વાંચી સંભળાવવામાં આવે છે. તેમા લખેલી હકીકત ખરી હોવાનું જણાવે છે. **નીશાની–૩૮૮/૭/૪**ની સાથે **નીશાની–૩૮૮/૭/૫**થી ચોથા એડી.જયુ.મેજી.ફ.ક.સાહેબ, ગાંધીનગર નાઓનુ સર્ટીફીકેટ છે. સદર સાહેદની જુબાની આધારે ઉકત હકિકતે **માર્ક–૩૮૮/૭/૨** વાળો દસ્તાવેજ રીફર કરવામાં આવેલ હોઈ મજકુર સાહેદ રમણભાઈ પરસોત્તમભાઈ પટેલનુ ગાંધીનગરના ચોથા એડી.જયુ.મેજી. ફ.ક.શ્રી સમક્ષનુ તા.૮/૧૦/૨૦૧૮ના રોજનુ નિવેદન **આંક–૫૦૯**થી રજુ થયેલ છે. સદર સાહેદની જુબાની આધારે ઉકત હકિકતે **માર્ક–૩૮૮/૭/૩** વાળો દસ્તાવેજ રીફર કરવામાં આવેલ હોઈ મજકુર સાહેદ રમણભાઈ પરસોત્તમભાઈ પટેલનુ ગાંધીનગરના ચોથા એડી.જયુ.મેજી.ફ.ક.શ્રી સમક્ષનુ તા.૯/૧૦/૨૦૧૮ના રોજનુ નિવેદન **આંક–૫૧૦**થી રજુ થયેલ છે. સદર સાહેદની જુબાની આધારે ઉકત હકિકતે **માર્ક–૩૮૮/૭/૪** વાળો દસ્તાવેજ રીફર કરવામાં આવેલ હોઈ મજકુર સાહેદ રમણભાઈ પરસોત્તમભાઈ પટેલનુ ગાંધીનગરના ચોથા એડી.જયુ.મેજી.ફ.ક.શ્રી સમક્ષનુ તા.૯/૧૦/૨૦૧૮ના રોજનુ નિવેદન **આંક–૫૦૯**થી રજુ થયેલ છે. તેમજ **માર્ક–૩૮૮/૭/૫** કેજેજે–તે મેજીસ્ટ્રેટશ્રી દ્વારા તેઓએ નીયમ અનુસારની કાર્યવાહી કરી મજકુર નિવેદન

નોંધેલ છે તે બાબતનુ પ્રમાણપત્ર છે અને તેમા તેમની સહી છે આ પ્રમાણપત્ર તેમજ સાથેના ચર્ચા કર્યા મુજબના દસ્તાવેજો અત્રેની અદાલત દ્વારા ગાંધીનગર ખાતેની મહે.ચીફ.જ્યુ. મેજી.કોર્ટ પાસેથી મંગાવામાં આવેલા છે અને નીચત કરવામાં આવેલ કાર્યવાહી અનુસાર સીલબંધ પ્રક્રિયામાં અત્રેની અદાલતમાં રજુ થયેલ છે. તે **આંક–૫૧૨**થી રજુ છે.

**આ સાહેદની બચાવપક્ષે વિ.વ.શ્રી તુંવર ધ્વારા વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. બચાવપક્ષની આ કેસના કામેની મહત્વની તકરારો અને બચાવ સબંધિત ઉલટતપાસ જોતા નીચે મુજબ રેકર્ડ ઉપર પુરાવો આવેલ છે.**

આ સાહેદને વિ.વકીલ શ્રીએ તા.૩૦/૪/૯૬ પહેલા અને તા.૩૦/૪/૯૬ બાદથી કેટલા સમય સુધી એલ.સી.બી. કચેરીમા ફરજ બજાવેલી, તે તેઓને હાલ યાદ નથી. તેઓને એલ.સી.બી. કચેરીમા તેમની ફરજને લગત ગુનાઓની તપાસ કરવા સારુ બનાસકાંઠા જીલ્લાનો કોઈ ચોકકસ એરીયા સોંપેલ ન હતો. એલ.સી.બી.માંથી તેઓની બદલી જીલ્લા બહાર થયેલી, પરંતુ તા.૩૦/૪/૯૬ બાદ કેટલા સમય પછી અને કયાં થયેલી તે તેઓને હાલ યાદ નથી તથા એવુ જણાવેલ છે કે, તેઓની બદલી થઈ તે પહેલા સંજીવ ભટ્ટ સાહેબની બદલી થયેલી કે તેઓ એલ.સી.બી.મા હતા તે પછી સંજીવ ભટ્ટ સાહેબની બદલી થયેલી તે યાદ નથી. તેમજ તેઓની બદલી કયાં થયેલી તેની તેઓને જાણ નથી. બાદ સાહેદને ફરજ દરમ્યાન એન.ડી.પી.એસ.ના ગુનાની કેટલી રેડો કરી તે પુછતા તે પણ ચોકકસ યાદ નથી તથા શેરપુરા ઢાણીના કેસની ચાર્જશિટ તેઓએ કરેલી કે કેમ તે પણ યાદ નથી તેવુ જણાવેલુ

છે. બચાવપક્ષે આ સાહેદને તા.૨૯/૪/૯૬ના અરસામાં તેઓ કયાં રહેતા હતા તેવુ પુછતા સાહેદે મકાન ભાડે રાખીને જયાં રહેતા હતા તે જગ્યા જણાવેલી છે. સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, એસ.પી. સાહેબના બંગલે સરકારી ટેલીફોન હતો અને સાહેદના રહેઠાણના ઉપર ટેલીફોન ન હતો. તેમજ તે સમયે મોબાઈલ ફોનની સર્વિસ ન હતી. આ સાહેદને બચાવપક્ષે સંજીવ ભટ્ટ સાહેબે તેમના બંગલે કયારે અને કેવી રીતે બોલાવેલા તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ એલ.સી.બી. કચેરીમાં હતા તે વખતે કંટ્રોલ રૂમમાં ફોન આવેલો હતો અને સાહેબના બંગલે જવા માટે કોઈ પોલીસવાળાએ જાણ કરેલી હતી.

સાહેદે કબુલ રાખેલ છે કે, તે સમયે જીલ્લા પોલીસ વડાના લેખીત હુકમથી એલ.સી.બી.ઓફીસમા પોલીસ કર્મચારીઓની ફાળવણીનો હુકમ થતો હતો તેમજ જીલ્લામા પોલીસ કર્મચારીઓની ફાળવણી અને બદલીનો હુકમ જીલ્લા પોલીસ વડા કરતા હતા તથા ડ્રાઈવરોની ફાળવણીના હુકમો પણ જીલ્લા પોલીસ વડા કરતા હતા. અનુસંધાને પુછેલ પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, માલાભાઈ રબારી તેઓના સ્કોડમા હતા અને માલાભાઈ રબારી ઘણી વખતે તેમના વતનના ઘરેથી અપડાઉન કરીને પણ પાલનપુર આવતા અને કામનુ ભારણ હોય અને વહેલા બહાર જવાનુ હોય તો હેડ કવાર્ટરમા રુમ ઉપર રોકાઈને પણ આવતા સાહેદે માલાભાઈને હેડકાવર્ટરમા કોનો રુમ ફાળવેલ હતો તે તેઓને ચોકકસ યાદ નથી, તેવુ જણાવેલ છે. એજ રીતે માલાભાઈ રબાઢ રીનુ વતન કયુ ગામ હતુ અને કયો તાલુકો હતો? તે યાદ નથી તેમ જણાવેલ છે.

આ સાહેદે સરતપાસમાં શ્રી સંજીવ ભટ્ટના બંગલે તેઓ તથા માલાભાઈ તા.૨૯/૪/૯૬ના રોજ ગયેલા અને ત્યાં જે કંઈ હકિકત બન્યાનો પુરાવો

સરતપાસમાં આપેલ છે તે અંગે બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ સાહેદને પુછેલ તાર્કિક અને સુચક પ્રશ્નોના જવાબમાં સાહેદે નીચે મુજબની હકિકતો જણાવી છે કે,.......''તા.૨૯/૪/૯૬ના રોજ માલાભાઈને સાહેબના બંગલેથી ફોન કર્યા પછી માલાભાઈ આશરે પંદરેક મીનીટમા ત્યાં આવી ગયેલા હતા. મે ફોન કર્યો તે ફોન કોણે ઉપાડેલો અને માલાભાઈ ને કોણે મારો મેસેજ આપ્યો તે હાલ ચોકકસ યાદ નથી.માલાભાઈ સાહેબના બંગલે આવેલા અને ત્યાં મને મળેલા. માલાભાઈ આવીને મને મળ્યા. તે વખતે મે માલાભાઈને કશુ કહેલુ નહી. માલાભાઈ જેવા બંગલે આવ્યા પછી તરત માલાભાઈએ મને એવુ પુછેલ નહી કે, મે તેમને અહી કેમ બોલાવેલા છે. મે તેઓને એવુ કહેલુ નહી કે, શેરપુરા ઢાણી ગામે અફીણની સાહેબને બાતમી મળેલી છે અને સેમ્પલ લેવા જવાનુ છે.

**પ્રશ્નઃ**– વેરીફાય કરવા જવાનુ કહેલુ એટલે કે શેરપુરાઢાણી ગામે અફીણ વેચાય છે તેવી બાતમી ખરી છેકે કેમ તેવુ વેરીફાય કરવા જવાનુ કીધેલુ.

**જવાબઃ**– જે જગ્યાએ અફીણ વેચાય છે ત્યાં જઈ બાતમીની ચકાસણી કરવાની અને વેચાણ થતુ હોય તો અફીણનુ સેમ્પલ ખરીદીને લાવવાનુ તેને વેરીફાય કહેવાય.

**પ્રશ્નઃ**– જયારે પણ બાતમી આવે કે અમુક જગ્યા એ અફીણ વેચાય છે ત્યારે સેમ્પલ ખરીદીને બાતમી ની ખરાઈ કરવાની હોય છે?

**જવાબઃ**– તે હકીકત જે તે અધીકારીને બાતમી મળી હોય તે અધીકારીએ તેની સમજ પ્રમાણે અને ઈરાદા પ્રમાણે ખરાઈ કરવાની હોય અને ઉપરી અધીકારી હોય તો તેમને પોતાની ફરજ કાયદેસર બજાવવી પડે.

મને કયારેય કોઈ ડ્રગ્સ અંગે બાતમી મળી હોય ત્યારે મે સેમ્પલ મંગાવીને બાતમીની ખાત્રી કરેલી નથી. ડી.એસ.પી. સાહેબે મજકુર સેમ્પલ વેરીફાય કરવા ખરીદીને મંગાવેલુ તેવુ તેમણે અગાઉ કયારેય કરેલુ હોય તેવુ મારા ધ્યાનમા નથી. સંજીવભટ્ટ સાહેબે માલાભાઈને સાંજે બંગલે મળવા આવવાનુ કહેલુ. માલાભાઈ બંગલે આવ્યા પછી હુ અને માલાભાઈ બંને સાથે સાહેબ પાસે ગયેલા. સેમ્પલ કેટલુ લાવવુ અગર કેટલા વજનનુ લાવવુ તેવુ સાહેબે કહેલુ નહી. અમે બહાર આવ્યા ત્યારે મે માલાભાઈને એવુ કહેલુ નહી કે સાહેબે આવુ સેમ્પલ ખરીદીને લાવવાનુ કીધુ છે તેવુ કામ આપડાથી થઈ શકે નહી. માલાભાઈ તે અગાઉ કયારેય પણ બાતમી આધારે સેમ્પલ લઈને આવ્યા હોય તેવુ બનેલુ નથી. એ વાત ખરી છે કે, માલાભાઈ મારા તાબામા કામ કરતા હતા. માલાભાઈએ મને એવુ કહેલુ નહી કે, ભટ્ટ સાહેબે આ કામ સોપ્યુ છે, પરંતુ તે મારાથી થાય નહી.''

આ સાહેદને બચાવપક્ષે બંગલેથી તેઓ તથા માલાભાઈ છુટા પડયા પછી  કયાં ગયેલા તેવુ પુછતા સાહેદે બાદમાં તેઓ કચેરીએથી તપાસમાં ગયેલા અને માલાભાઈને અફીણ ખરીદી લાવવાનુ શ્રી સંજીવ ભટ્ટે કહેલાની અગર બંગલે બનેલી હકિકતની વાતચીત કરેલી કે નહી તેવુ પુછતા સાહેદે તેવી વાતચીત કરેલ નહી તેવુ જણાવેલ છે અને સબંધિત તેઓ જે તપાસમાં નીકળેલા તે અંગેના પ્રશ્નો પુછતા સાહેદે વિગતે જવાબો આપેલા છે. બચાવપક્ષે આ સાહેદને ઉલટતપાસના પેરા (૨૦)માં સાહેદે સરતપાસમાં તેઓ તથા માલાભાઈ તેમની સરકારી ગાડીમાં ભટ્ટ સાહેબના ત્યાં ગયેલ હોવાનો અને ત્યાં જે કંઈ હકિકત બનેલ હોવાનો પુરાવો આપેલ છે તેના બચાવમાં પ્રશ્નો પુછતા આ સાહેદે

જણાવ્યુ છે કે, ''હુ તથા માલાભાઈ મારી સરકારી ગાડીમા ભટ્ટ સાહેબના બંગલે ગયેલા. માલાભાઈએ પેકેટ કાઢીને સાહેબને આપ્યુ તે વખતે મે જોયેલુ તો તે પેકેટ આશરે એક કીલો વજનના અરસાનુ હશે. પેકેટમા શુ હતુ તે મે જોયેલ નહી. હુ તથા માલાભાઈ તે વખતે સાહેબના બંગલે જવા નીકળ્યા ત્યારે માલાભાઈએ મને કહેલુ કે તેઓ અફીણનુ પેકેટ લઈને આવેલા છે. માલાભાઈ મારી સાથે ગાડીમા બેઠા તે વખતે તેમની પાસે એક થેલી હતી તેમા અંદર શુ હતુ તે મે જોયેલુ નહી.''

સને–૨૦૧૮માં ત.ક.અ.શ્રી યાદવે આ સાહેદને તપાસ માટે સમન્સથી બોલાવેલા હતા કે કેમ ? તે અંગે બચાવપક્ષે પુછતા સાહેદે આંક–૫૧૩ થી અસલ નામદાર કોર્ટના સિકકાવાળો સમંસ રજુ કરેલ છે. બાદ સાહેદને કોણ બજાવવા આવેલુ અને કેવી રીતે બજવણી થઈ તેવુ પુછતા જે–તે જવાબો આપેલા છે અને તપાસ દરમ્યાનની પુછપરછ અંગે પુછતા સાહેદે શ્રી યાદવે પુછપરછ કરીને નિવેદન લીધેલાનુ જણાવેલુ છે અને સાહેદે કોઈ હકિકત જણાવી હોય, પરંતુ યાદવ સાહેબે લખી ન હોય તેવુ બનેલ નથી તેવો જવાબ આપેલ છે અને તા.૫/૯/૧૮ પછી આજદિન સુધી તે નિવેદન કોઈએ પણ તેઓને વંચાવેલ નથી તેવુ જણાવેલ છે. ત્યારબાદ બચાવપક્ષે સાહેદનો બીજો જવાબ લેવાયો તે અંગેની હકિકતો પુછતા વિગતે સાહેદે જવાબો આપેલા છે. તેજ રીતે બચાવપક્ષે શેરપુરા ઢાણીની રેડ અને થયેલ કેસો અને જુબાનીઓ અંગે વિસ્તૃત અને લંબાણપૂર્વક પ્રશ્નો પુછતા સાહેદે તેના જવાબો આપેલા છે અને અનુસંધાને મજકુર કેસોની જુબાનીઓ આંક–૫૧૪ થી ૫૧૭ અન્વયે રજુ થયેલ છે. એજ રીતે કેસોના એફ.એસ.એલ.ના રીપોર્ટો આંક–૫૧૮થી ૫૨૦ અન્વયે રજુ થયેલ છે. સાહેદે રેકર્ડ ઉપર રજુ આંક–૪૬૬થી ૪૭૭ વાળા આગથળા

પોલીસ સ્ટેશનના ગુનાની કેસ ડાયરીઓ, પાલનપુર સીટી પો.સ્ટે.પ્રોહી. ગુ.રજી.નં. ૨૫૦/૯૬ના કામેની ચાર્જશિટ, ફેરીસ્ત, મુદ્દામાલ પાવતીની નકલ, ફરીયાદ, પંચનામુ, કલમ–પરનો રીપોર્ટ, મેસેજ, જી.પો.અધિ.ને કરેલ રીપોર્ટ, પ્ર ોડકશન, કેસ ડાયરી વિગેરેની પ્ર.નકલો ઓળખી બતાવેલી છે. મજકુર પાલનપુર સીટી પો.સ્ટે.પ્રોહી ગુ.રજી. નં.૨૫૦/૯૬ના કામે આવેલ એફ.એસ.એલ. રીપોર્ટ સાહેદે ઓળખી બતાવતા આંક–પ૨૧થી રેકર્ડ ઉપર રજુ થયેલ છે.

બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ આ સાહેદના ચારીત્ર્ય અને વિશ્વસનીયતા અંગે તેઓ ઉપર થયેલા વિવિધ પ્રકારના કેસો, ચાલેલી કાર્યવાહીઓ, તે કાર્યવાહીઓના આવેલ નિર્ણયો, પોલીસ અમલદાર તરીકેની કાર્યવાહીમાં થયેલ ઈન્કવાયરીઓ, તેમની વિરૂધ્ધના જુદા–જુદા આક્ષેપો વિગેરે વિગેરે અંગે વિસ્તૃત રીતે સુચક પ્રશ્નો મુકી સવાલો પુછવામાં આવેલા છે અને સાહેદે તેના જે–તે હકિકતના જવાબો આપેલા છે, જે ખુબજ લંબાણપૂર્વક રેકર્ડ ઉપર નોંધાયેલ છે. અમુક સવાલોમાં વાંધા આવતા તે વાંધાના પણ રેકર્ડ ઉપર નીર્ણયો નોંધાયેલા છે. જેથી વિશેષ નોંધ અત્રે ટાળેલ છે અને ચુકાદાના તારણોમાં મૂલ્યાંકનના ભાગે નોંધે લીધેલ છે.

આ સાહેદને તા.૫/૯/૨૦૧૮ તથા તા.૧૬/૯/૨૦૧૮ના રોજ તપાસ કરનાર અમલદાર ધ્વારા પુછપરછ માટે બોલાવવામાં આવેલ હોવા અંગેના વિવિધ પ્રશ્નો બચાવપક્ષે પુછેલા છે તેમાં તેઓની સાથે જે–તે વખતે બીજા કયા પોલીસ કર્મચારીઓ કે અમલદારો હતો, કેવી રીતે તેમને પુછપરછ માટે બોલાવવામાં આવેલા, તેઓ કેવી રીતે ગયેલા, તેઓ તથા અન્ય લોકોની અલગ–અલગ

અને સંયુકત રીતે કરવામાં આવેલ પુછપરછ અંગેના સવાલો અને ખાસ કરીને બચાવપક્ષે પોતાનો બચાવ કે આ સાહેદ તેમજ અન્ય સાહેદોને સંજીવ ભટ્ટ વિરૂઘ્ધ જવાબ લખાવવા માટે દબાણ કરવામાં આવેલુ હતુ અને બળજબરીથી તેઓને ગાંધીનગર લઈ જવામાં આવેલા હતા. શરૂઆતમાં આ સાહેદ તેમજ અન્યો સંમત ન હતા, પરંતુ આ ગુનામાં સંડોવવામાં આવશે નહી તેવી લાલચ અને દબાણ પ્રેશરના કારણે આ સાહેદ તેમજ અન્ય સાહેદોએ શ્રી યાદવને જવાબો લખાવેલા છે, તેવા અને તેજ પ્રમાણે જજ સાહેબ રૂબરૂ નિવેદનો લખાવવામાં આવેલા છે અને મરજી વિરૂઘ્ધ તમામે સાક્ષી તરીકે પુરાવાઓ આપેલા છે, તેવી તમામ બચાવપક્ષે મુકેલી તકરારો અને બચાવના આ સાહેદે ઈન્કાર કરેલા છે.

આ સાહેદને બચાવપક્ષે તા.૩૦/૪/૯૬ના રોજની રેડ વખતે તેઓ તથા તેમના અન્ય પોલીસ કર્મચારીઓ કેવી રીતે કઈ ગાડીમાં, કયાથી, કયા રસ્તે રેડવાળી જગ્યાએ ગયેલા અને સાથે કયા પોલીસ કર્મચારીઓ હતા તે અંગેના પ્રશ્નો પુછેલા છે તેના સાહેદે જે–તે જવાબો આપેલા છે. સાહેદને તા.૩૦/૪/૯૬ના રોજના બનાવ અંગે શ્રી વ્યાસે તા.૪/૫/૯૬ના રોજ તેમનો જવાબ લીધેલો અને તેઓએ લખાવેલો તેવો સુચક પ્રશ્ન પુછતા સાહેદે જણાવેલ છે કે, તેમનો કોઈ જવાબ લેવાયેલો નથી કે તેમણે શ્રી વ્યાસને કોઈ જવાબ લખાવેલો નથી કે તેવો જવાબ આજદિન સુધી તેમના જોવામાં કે વાંચવામાં આવેલો નથી અને કહેવાતો જવાબ કોણે લખેલો છે તેવુ પણ તેમની જાણમાં મુકવામાં આવેલુ નથી, જે હકિકતે બચાવપક્ષે સાહેદના નિવેદનો તર્ફે ઘ્યાન દોરી પ્રશ્નો પુછવાની શરૂઆત કરતા ફરીયાદપક્ષે વાંધો લેવામાં આવતા

તે વાંધાનો અદાલત ધ્વારા નિર્ણય આપવામાં આવેલો છે અને ફરીયાદપક્ષે લેવામાં આવેલ વાંધો ગ્રાહય રાખી બચાવપક્ષે વિ.વકીલ શ્રીને ઘ્યાન દોરવામાં આવેલુ છે, જે રેકર્ડ ઉપર નોંધાયેલ હકિકત છે. જેથી પૂનરાવર્તન નોંધેલુ નથી. બાદ બચાવપક્ષના વિ.વકીલ શ્રી ધ્વારા આ સાહેદના રેકર્ડ ઉપર રજુ શ્રી વ્યાસની તપાસ તથા શ્રી ઘગલ સમક્ષની ઈન્કવાયરીના નિવેદનો તર્ફે ઘ્યાન દોરીને સાહેદે સરતપાસમાં આપેલ પુરાવા અનુસંધાને જે કંઈ કોન્ટ્રાડીકશન અને ઓમીશન હોય તેની વિગતવાર લંબાણપૂર્વકની ઉલટ કરેલી છે અને તે સમગ્ર અંગે સાહેદે એવો જવાબ આપેલ છે કે, તેઓએ શ્રી વ્યાસ કે શ્રી ઘગલને તેવા કોઈ નિવેદનો લખાવેલાજ નથી તેઓએ તે નિવેદન તેમની રીતે ઉભા કરી લખી લીધેલા છે અને શ્રી ઘગલે તૈયાર કરેલા નિવેદનોમાં તેમની સહી લઈ લીધેલી અને વંચાવેલ નહી તેવા જવાબો આપેલા છે, જે વિસ્તૃત ઉલટતપાસ જે–તે હકિકતે રેકર્ડ ઉપર નોંધાયેલી છે. એજ રીતે આ સાહેદને શેરપુરા ઢાણીના કેસોની કાર્યવાહી, તે કેસોની જુબાની, ફરીયાદ, પંચનામા વિગેરે અનુસંધાને કોન્ટ્રાડીકશન અને ઓમીશનના પ્રશ્નો પુછેલા છે અને જે અંગે ફરીયાદપક્ષે વાંધો રજુ થતા અદાલતે અન્ય ગુનાના તેવા નિવેદનો, જુબાનીઓ કે થયેલ કોઈપણ કાર્યવાહી પ્રિવીયસ સ્ટેટમેન્ટ ગણી શકાય નહી તેવુ તારણ આપેલુ છે, જે વિગતે રેકર્ડ ઉપર નોંધાયેલ છે.

આ સાહેદે તેમની સરતપાસમાં શ્રી સંજીવ ભટ્ટે ડાયરી ફાડી નાંખવાનુ કહેતા શ્રી વ્યાસે તે ફાડી નાંખેલી તેવો જે પુરાવો આપેલો છે તે અંગે બચાવપક્ષે શ્રી વ્યાસે તેઓને તેવી વાત કયારે અને કયાં કરેલી તેવો પ્રશ્ન પુછતા સાહેદે તારીખ યાદ નથી, પરંતુ આગથળાના કેસોના આરોપીઓને રીમાન્ડ પર મેળવેલા

હતા. તે વખતે એલ.સી.બી. કચેરીમાં આશરે પંદરથી વીસ દિવસ બાદ શ્રી વ્યાસે તેઓને જણાવેલ હતુ, તેવો જવાબ આપેલો છે. આ સાહેદને બચાવપક્ષે એવો પ્રશ્નો પુછેલો છે કે વ્યાસ સિવાય અન્ય કર્મચારીઓ મહંમદહનીફ કે અંજારીભાઈ, ચૌધરી સાહેબ, માલાભાઈ અને ગોવિંદભાઈ વિગેરે કોઈએ ડાયરી ફાડી નાંખેલાની વાત કરેલી કે કેમ તેના જવાબમાં સાહેદે ના પાડેલી છે અને ખરેખર ડાયરી ફાડી નાંખવામાં આવેલી છે કે કેમ તેની તેઓએ કોઈ જાત તપાસ કરેલી નહી, તેવા જવાબો આપેલા છે.

આ સાહેદને સાહેદે સરતપાસમાં સને–૨૦૧૮માં શ્રી યાદવની તપાસ દરમ્યાન તેઓએ આપેલા નિવેદનો અને થયેલ કાર્યવાહી અંગે જે પુરાવો આપેલો છે તેના બચાવમાં બચાવપક્ષના વિ.વકીલ શ્રીએ સાહેદના શ્રી યાદવ રૂબરૂના નિવેદનો, કોતવાલી પો.સ્ટે.ગુ.રજી.નં.૪૦૩/૯૬ના ત.ક.અ.શ્રી સમક્ષ રજુ કરેલી વિકલી ડાયરી વિગેરે સંદર્ભે કોન્ટ્રાડીકશન અને ઓમીશનના પ્રશ્નો પુછેલા છે જેમાં સાહેદે કોઈ વિરોધાભાસ નથી અને માત્ર શબ્દોના ફેરફાર છે તેવા જવાબો આપેલા છે અને સદર ઉલટતપાસ અન્વયે વિકલી ડાયરીઓ આંક–૫૩૦ અને ૫૩૧થી રજુ થયેલ છે. એજ રીતે આગળ ઉપર સાહેદે અન્ય ગુનાઓમાં આક્ષેપિત બનાવ સમયગાળામાં જે કંઈ કાર્યવાહીઓ કરેલી તેના પ્રશ્નો પુછેલા છે અને સાહેદે જે–તે યોગ્ય જવાબો આપી બચાવપક્ષની તકરારોનો ઈન્કાર કરેલો છે. સાહેદને તાર્કીક એવો પ્રશ્ન પુછવામાં આવેલો છે કે, તેઓએ ઉલટતપાસમાં સંજીવ ભટ્ટ સાહેબની બીક લાગતી હોવાનુ જણાવેલુ છે તો કયા પ્રકારની બીક લાગતી હતી અને તેવી બીક અંગે તેઓએ ઉપરી અધિકારીને કોઈ રજુઆત કરેલી હતી કે કેમ? તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, ''સંજીવભટ્ટ સાહેબ

ગમે ત્યાં બદલી કરી નાખે તથા સસ્પેન્ડ કરીને તેમજ અમારુ ડીમોરલાઈજેશન થઈ જાય તેની અમને બીક લાગતી અને તેમની સાંઠગાંઠ રાજકીય તેમજ ઉપરી અધીકારીઓ સાથે પણ હતી જેના કારણે અમો નાના માણસો તેમના તમામ હુકમો આધીન કામ કરતા.''

ત્યારબાદ આ સાહેદને સરતપાસમાં સાહેદે જે કંઈ જુબાની સ્વરૂપે પુરાવાઢ કીય કથનો કરેલા છે તેના ડીનાઈલ સબંધિત વિગતે બચાવપક્ષે પ્રશ્નો પુછેલા છે, જે બચાવપક્ષની તમામ તકરારો અને બચાવનો સાહેદે ઈન્કાર કરી જવાબો આપેલા છે અને પોતે ખોટી જુબાની આપતા હોવાનો અને ખોટા ખુલાસા કરતા હોવાનો ઈન્કાર કરેલ છે.

**(ક્યુ) ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૭) તરીકે કનુભાઈ આંબાભાઈ પરમારને આંક–૫૩૬થી તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,** હાલમાં તેઓ શીહોરી પો.સ્ટે ખાતે અ.હે.કોન્સ તરીકે નોકરી કરે છે અને ૧૯૯૬ના વર્ષમા તેઓ પાલનપુર શહેર પો.સ્ટે. ખાતે પોલીસ કોન્સ્ટેબલના હોદ્દા ઉપર નોકરી કરતા હતા અને જે–તે સમયે તેમનો બકલ નંબર–૯૩૦ હતો. તેમને **આંક–૨૯૧** બતાવવામા આવે છે. જેમા ૨૧૬/૯૬ એન.ડી.પી.એસ. ૧૭ મુજબ જે લખેલ છે તેની એન્ટ્રી નંબર–૧૫૯માં અનુક્રમ નંબર–(૨)ની સામેના ભાગમાં લાલ પેનથી જણાઈ આવતા અક્ષરો કે જેમા અનુ. નંબર–(૨)નો મુદ્દામાલ એફ.એસ.એલ.માં લઈ જવા સીલ બંધ હાલતમાં રવાનગી ફોર્મ સાથે મળેલ છે, તેવુ લખેલ છે તેની નીચે તા.૧/૫/૯૬ લખેલ છે. જે મુદ્દામાલ મળ્યા બાબતે તેમની સહી છે. જેની નીચે પો.કો કનુભાઈ આંબાભાઈ, બકલ નંબર–૯૩૦ સાથે તેવુ લખેલ છે. તેમને આ મુદ્દામાલ

તા.૧/૫/૯૬ના રોજ મળેલો. તેની સાથે બે પ્રતમાં રવાનગી નોંધ મળેલી. જે લઈને તેમને જે–તે સમયના એકાઉન્ટ રાઈટર હેડે એફ.એસ.એલ., અમદાવાદમાં જવાનુ જણાવતા તેઓ આ મુદ્દામાલ કે જે સીલબંધ હાલતમાં હતો તે તથા રવાનગી નોંધો લઈને અમદાવાદ એફ.એસ.એલ. કચેરીએ ગયેલા અને ત્યાં જઈને તેમણે આ મુદ્દામાલ સોંપેલો. તેમને આંક–૨૮૩ બતાવામાં આવે છે. જે જોઈ જણાવે છે કે, તે એફ.એસ.એલ. તરફથી તેઓને મુદ્દામાલ પૃથ્થકરણ માટે મળ્યા અંગેની તેમને આપેલ પહોંચ છે અને આ પહોંચ તેમણે અત્રે આવી રાઈટર હેડને જમા કરાવેલી. તેમને આંક–૨૮૧ બતાવવામા આવે છે જેમા હાંસીયાના ભાગે તેમનું નામ છે તથા તેમનો બકલ નંબર છે અને સાથે તેવુ લખેલુ છે. તેમને જે રવાનગી સોંપવામાં આવેલી તેની સ્થળપ્રત છે. તેમને આંક–૨૮૧ બતાવામાં આવે છે. જેમા ઉપર જાવક નંબર–૧૧૪૯/૯૬ લખેલુ છે. તેમને આંક–૨૮૩ બતાવામાં આવે છે. જેમા પણ જાવક નંબર–૧૧૪૯/૯૬ લખેલુ છે. આંક–૨૯૧ મુદ્દામાલ રજીસ્ટરના એન્ટ્રી નંબર–૧૫૯ ધરાવતા પાનાની ખરી નકલ છે. તેમને આજરોજ નામદાર કોર્ટમાં રજુ થયેલ **આંક–૫૩૫** સાથેના મુદ્દામાલ રજીસ્ટરના એન્ટ્રી નંબર–૧૫૯ ધરાવતા પાનાની ખરી નકલ બતાવામાં આવે છે. જે આજરોજ આંક–૫૩૫નો રીપોર્ટ રજુ કરનાર જે અસલ મુદ્દામાલ રજીસ્ટર લઈને હાજર છે તે રજીસ્ટરની એન્ટ્રી નંબર–૧૫૯ વાળા પાનાની ખરી નકલ છે. જે એન્ટ્રીના અનુક્રમ નંબર–(૨) ની સામે શેરાની નીચે જે સહી છે જે તેમની સહી છે.

**સદર સાહેદની બચાવપક્ષે વિ.વકીલ શ્રી બી.એ.તુંવરનાઓ ઘ્વારા લીધેલ ઉલટતપાસમાં તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે,** પો.સ્ટે.થી આવેલ

સંદર્ભવાળુ મુદ્દામાલ રજીસ્ટર અસલ હાલ તેમની પાસે છે અને સદરહુ રજીસ્ટરની એન્ટ્રી નંબર–૧૫૯ વાળા પાના ઉપર જોતા કુલ સાત કોલમ છે. તેમા તેમના કોઈ હસ્તાક્ષર નથી, પરંતુ તા.૧/૫/૯૬ના રોજ એફ.એસ.એલ.મા મુદૃમાલ સેમ્પલ આપવા તેમને મળેલ છે તેવા જે શબ્દો લખેલ છે તે શેરા નીચે તેમની સહી છે. તેમા નીચે કયા પોલીસ ઈન્સ્પેકટરની સહી અને સિકકો છે તે તેઓ હાલ કહી શકે નહી. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સદરહુ એન્ટ્રીના તમામ કોલમોમા જે નોંધ લખેલી છે તેની નીચે કોઈ પણ જગ્યાએ રાઈટર હેડ ની સહી નથી. ગણપતભાઈ આશરે દસ વર્ષ પહેલા ગુજરી ગયા તેવુ તેમને જાણવા મળેલુ છે. એન્ટ્રી નંબર–૧૫૯માં લખેલા તમામ શેરા રાઈટર હેડ ગણપતભાઈના અક્ષરોમા છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ''તા.૧૯/૩/૨૨ના રોજ મુદ્દામાલ પંચનામાની વીગતે જે–તે સ્થીતીમા નામદાર કોર્ટમા જમા કરાવેલ છે''. તે અક્ષરો ગણતપભાઈના નથી. તેઓ તા.૧૯/૩/૨૨ના અરસામા શીહોરી પો.સ્ટે.મા ફરજ ઉપર હતા. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તે અરસામા તેઓ પાલનપુર શહેર પુર્વ કે પશ્ચીમ પો.સ્ટે મા ફરજ ઉપર ન હતા. એન્ટ્રી નંબર–૧૫૯ની સામે છઠઠા કોલમમાં કયા પો.ઈન્સ.ની સહી છે તે તેઓ કહી શકે નહી. તેમની સહી ઉપર જે શેરો કરેલ છે તા.૧/૫/૯૬નો તે શેરો ગણપતભાઈએ તેમની હાજરીમાં કરેલો. એ સિવાય સદરહુ એન્ટ્રીમાંના કોઈ લખાણ કે શેરા ગણપતભાઈએ તેમની હાજરીમા લખેલ નથી. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, સદરહુ રજીસ્ટરની એન્ટ્રી નંબર–૧૫૯ના કોલમ નંબર–૩, જના લખાણની નીચે લાલ પેનથી આર/મુ રજીસ્ટર/૪૬/ ૯૭, ૧૦–૧૩/૧/૯૭ થી રજીસ્ટર તા.૧૮/૧/૯૭ના રોજ પરત મળેલ છે'' તેવો શેરો છે. અંગ્રેજીમા લખેલ આરની આગળ લખેલુ છે તે પત્ર

જેવુ વંચાય છે અને તે ગણપતભાઈના અક્ષરો છે તથા તે રજીસ્ટરના કોલમ નંબર–૪મા લાલ શાહીથી ''તપાસ અધીકારી પાસે છે અત્રે રજુ કરેલ નથી'' તેવુ લખેલ છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, રજીસ્ટરના કોલમ નં.–૬મા લાલ શાહીથી પી.સી. નટુભાઈએ પરત લાવી રજુ કરેલ/આ નં.–૨નુ સેમ્પલ માર્ક–એ અને એસ.ડી.પીઓ સા પાલનપુરે લીધેલ સેમ્પલ માર્ક–બી નુ એફ.એસ.એલ.માંથી પરત આવ્યુ તા.૩૦/૩/૯૭ તેવુ જે લખેલ છે તે ગણપતભાઈના અક્ષરો છે. તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મુદ્દામાલ રજીસ્ટરની એન્ટ્રી નંબર–૧૫૯ જે કોલમ નંબર–૧માં લખેલ છે તેની બરોબર નીચે લાલ શાહીથી લખેલ અક્ષરોમા ''પરત આવ્યુ'' તેના ઉપર તા.૨૧/૮/૯૬ લખેલ છે અને રજીસ્ટરના એન્ટ્રી નં.–૧૫૯ની સામેના છેલ્લા કોલમમા એટલે કે છઠ્ઠા કોલમમા સેમ્પલ માર્ક–એ અને સેમ્પલ માર્ક–બી લખેલુ છે તેવુ અન્ય કોઈ લખાણમા લખેલુ નથી. તેઓ તા.૩૦/૩/૯૭ના રોજ પાલનપુર સીટીમા ફરજ ઉપર હતા. તેઓ નટુભાઈ પો.કો.ને ઓળખતા હતા. તેઓ સેમ્પલો લઈને કયારે ગયેલા તેની તેમને ખબર નથી અને તેઓ પરત લાવેલા હોય તેની પણ તેમને જાત માહીતી નથી. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમને ગણપતભાઈએ તા.૩૦/૪/૯૬ના રોજ આ સેમ્પલ એફ.એસ.એલ.મા મોકલવા આપેલુ તથા આંક–૨૮૧મા જોતા પાના નંબર તથા જાવક નંબર અને તપાસ અધીકારીની સહી તેમજ કોર્ટના લખાણ સીવાયના અક્ષરો બ્લુ કાર્બન વાળા સ્થળપ્રત્ર કોપીવાળા જણાય છે તથા તેમા લાલ શાહીથી કોલમ નંબર–૧મા પો.કોન્સ. કનુભાઈ અંબાભાઈ, બ.નં.૯૩૦ સાથે એવુ લખાણ છે તે ગણપતભાઈના હસ્તાક્ષર છે. તેમજ તેમણે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પાછળના ભાગે પો.ઈન્સ. વતી

પી.એસ.ઓ.એ સહી કરેલી છે અને તેના ઉપર જાવક કે તારીખ નથી. નીચે સત્તાના પ્રમાણપત્રમા કયા વિભાગીય અધીકારીની સહી છે તે તેઓ હાલ કહી શકે નહી. સદરહુ આંક–૨૮૧ના પાછળના ભાગે નમુનાના સીલ તરીકે પાલનપુર સીટી પો.સ્ટે.ના પી.આઈ.નુ નમુનાનુ સીલ નથી. પરંતુ પી.આઈ. એલ.સી.બી. બી.કે. પાલનપુરનુ નમુનાનુ સીલ છે. આંક–૨૮૧ની રવાનગી નોંધનુ લખાણ કયારે, કોણે તૈયાર કર્યુ, તેમજ તેમાની સહીઓ વિગેરે લખાણો કયારે લખાયા તેની તેમને કોઈ જાત માહીતી નથી. આંક–૨૮૧ વાળી મુદ્દામાલ રવાનગીમા વિશેષ નોંધમા જે લખેલુ છે તેમા અંગ્રેજીમા લખેલ–(એ) ઘાટો દેખાય છે. રવાનગી નોંધ કોણે ભરેલી તેની તેમને ખબર નથી. તેજ રીતે માર્ક–(એ) કોણે લખેલ તેની તેમને ખબર નથી. વધુમાં તેમના કથન મુજબ રવાનગી નોંધ લખનારે કરેલ હશે. તા.૧/૫/૯૬ના રોજ એફ.એસ.એલ.મા મુદ્દામાલ તેઓ આપી આવેલા પરંતુ પરત લેવા માટે તેઓ ગયેલા નથી. તેમજ તેમને પુછેલ સુચક સવાલના જવાબમાં જણાવેલ છે કે, તેઓ તા.૧/૫/૯૬ના રોજ મુદ્દામાલ આપી આવ્યા તે મુદ્દામાલ પરત આવ્યા અંગે અંગ્રેજીમા (એ) લખેલો કોઈ શેરો નહી હોવાની વાત ખરી ન હોવાનુ જણાવી અને તેવો શેરો લખેલ હોવાનુ જણાવેલ દર્શાવેલ છે. અનુસંધાને સાહેદ આંક–૨૯૧ અને રજુ થયેલ આંક–૫૩૫થી રજુ મુદ્દામાલ રજીસ્ટરની એન્ટ્રીવાળી નકલ તથા અસલ મુદ્દામાલ રજીસ્ટર જોઈ જણાવેલ છે કે, કોલમ નંબર–૬મા છેક નીચે /આ નં–૨ નુ સેમ્પલ માર્ક–એ અને એસ.ડી.પી.ઓ. સા. પાલનપુરે લીધેલ સેમ્પલ માર્ક–બી નુ એફ.એસ.એલ.માંથી પરત આવ્યુ તા.૩૦/૩/૯૭ તેવુ લખેલુ છે. તેમણે એ વાત સ્વિકારેલ છે કે, માત્ર માર્ક–એ વાળુ સેમ્પલ પરત આવ્યુ તેવો અલગથી કોઈ શેરો નથી.

(આર) **ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૮) તરીકે મફતલાલ હાલાભાઈ સોલંકીને આંક–૫૩૯થી તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે,** હાલ તેઓ નિવૃત્ત છે. તા.૩૦/૪/૯૬ના રોજ તેઓ પાલનપુર શહેર પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા. તેમને–૨૧૬/૯૬ વાળા ગુના રજીસ્ટર નંબરના કામે પી.આઈ. એલ.સી.બી. પાલનપુર તરફથી એન.ડી.પી.એસ.નો ગુનો દાખલ કરવા તેઓ તરફ રીપોર્ટ મોકલેલો. જે રીપોર્ટ આધારે તેમણે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરેલી અને ગુનો નોંધેલો. સદર રીપોર્ટની સાથે ફરીયાદ હતી, પંચનામુ હતુ, એફ.એસ.એલ.ને મુદ્દામાલ મોકલવા માટેની રવાનગી નોંધ હતી અને મુદ્દામાલ હતો. તેમને આંક–૨૮૨ બતાવામાં આવે છે. જે આઈ.બી.વ્યાસ પો.ઈન્સ એલ.સી.બી. પાલનપુરનાઓએ તેઓ તરફ મોકલેલ રીપોર્ટ છે. જેમાં ફરીયાદી આઈ.બી.વ્યાસ તથા તહોમતદાર તરીકે સુમેરસિંહ રાજપુરોહીત, ગુનો બન્યા તારીખ–૩૦/૪/૯૬ સમય–કલાક ૧૦:૪૦ દર્શાવેલ છે. ગુનાની જગ્યા પાલનપુર હોટલ લાજવંતીના રૂમ નંબર–૩૦૫ દર્શાવેલ છે. ગુનો એન.ડી.પી. એસ. કલમ–૧૭ મુજબનો દર્શાવેલ છે અને મુદ્દામાલમા ૯૯૫ ગ્રામ બચતનુ અફીણ, ૨૦ ગ્રામ અફીણ સીલ બંધ, અફીણ કુલ્લે એક કીલો પંદર ગ્રામ તથા કપડાનો બગલ થેલો, રજીસ્ટર , પ્લાસ્ટીક થેલી, દર્શાવેલુ છે. આ રીપોર્ટ મળ્યા બાદ ગુનો દાખલ કર્યા પછી તેમણે મુદ્દામાલ પાવતી તૈયાર કરેલી. ત્યારબાદ આગળની તપાસ સારુ મોકલેલ તથા સદર મુદ્દામાલ તેની પાવતી સાથે મુદ્દામાલ રાઈટર હેડને સોંપેલો. તેમને બતાવવામા આવેલ **આંક–૨૮૨**માં પો.ઈન્સ. એલ.સી.બી. પાલનપુર શ્રી આઈ.બી. વ્યાસની સહી છે તથા તેમા નીચે જે શેરો છે તેમા પો.સ્ટે. ઓફીસર પાલનપુર શહેર પોલીસ સ્ટેશન તરીકે તેમની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે. તેમને **આંક–૨૮૯** બતાવામાં આવે છે તે આ ગુના

રજીસ્ટર નંબર–પ્રોહી મુ.મા પાવતી નંબર–૧૮૨/૯૬ તા.૩૦/૪/૯૬ તથા પાલનપુર સીટી પ્રોહી ગુના રજી. નંબર–૨૧૬/૯૬ લખેલ છે. આ પાવતી તેમણે તેમના સ્વહસ્તે તૈયાર કરેલી અને નીચે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને જે મુદ્દામાલ મળ્યો તેની સાથે એફ.એસ.એલ.માં મોકલવાની ત્રણ પ્રતમાં યાદી હતી. જે પણ તેમણે રાઈટર હેડને સોંપેલી.

સદર સાહેદની બચાવપક્ષે વિ.વકીલ શ્રી બી.એ.તુવરનાઓ ધ્વારા લીધેલ ઉલટતપાસમાં પુછેલ સુચક પ્રશ્નના જવાબમાં જણાવે છે કે, તેઓ તે દિવસે પી.એસ.ઓ.ની ફરજ ઉપર હતા ત્યારે બપોરના બાર વાગેલા હતા. તેમની પાસે તે વખતે શ્રી આઈ.બી.વ્યાસ સાહેબ પોતે ગુનો રજીસ્ટર કરવા માટે રીપોર્ટ લઈને આવેલા હતા. તેમને સરતપાસમા બતાવેલ આંક–૨૮૨ વાળો રીપોર્ટ વ્યાસ સાહેબે રજુ કરેલ હતો. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આંક–૨૮૨મા સદરહુ રીપોર્ટ મળ્યા બાબતે તેમણે કોઈ સમય નાંખેલ નથી. અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, તેમણે આંક–૨૮૨ના કોલમ નંબર–૪મા ૧૨/૦૦ સમય તથા તા.૩૦/૪/૯૬ એવુ લખેલ છે. તેમણે એવુ સ્વિકારેલ છે કે, તે રીપોર્ટમા રીપોર્ટ તેઓને મળ્યા બદલનો અલગથી શેરો કરેલ નથી અને સમય અને તારીખ નાખી નીચે તેઓની સહી કરેલ હોય તેવુ નથી. તેમણે એવુ સ્વિકારેલ છે કે, સદરહુ રીપોર્ટના અંતે ગુના રજીસ્ટર નં.–૨૧૬ના આંકડા તેઓના હસ્તાક્ષરે લખાયેલ છે તથા આંક–૨૮૨મા ગુનો રજીસ્ટર થયા બાદ તપાસના કાગળો પી.આઈ. વ્યાસ સાહેબને સોંપેલ હોવા બાબતે વ્યાસ સાહેબને કે તેમની સાથેના કોઈ કર્મચારીને સોંપેલ હોવા બાબતે કે તેઓએ તપાસના કાગળો સંભાળેલ હોવા બાબતે પી.આઈ. વ્યાસ સાહેબ કે તેમના કર્મચારી પૈકી કોઈનો શેરો લેવાયેલ

નથી. તેમણે એવુ સ્વિકારેલ છે કે, **આંક–૨૮૯** વાળી જે મુદ્દામાલ પાવતી છે તે કોર્ટને મોકલવાની પ્રતવાળી પાવતી છે અને તે પાવતીમા તેમણે રાઈટર હેડને મુદ્દામાલ સોંપ્યો હોય તેવો કોઈ શેરો નથી. અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, બીજી સ્થળપ્રતમાં કદાચ શેરો હોય. સાહેદે એવુ સ્વિકારેલ છે કે, તેવા શેરા વાળી પ્રત પોલીસ દફતરની કહેવાય. તેમણે ઈન્કારેલ છે કે, પ્રથમ નંબરની પ્રત મુદ્દામાલ સાથે રાઈટર હેડને સોંપવામા આવતી હોય છે. તેમને આંક–૨૯૦ની પોલીસ દફતરની પાવતી બતાવતા તેમા મુદ્દામાલ રાઈટર હેડ ગણપતભાઈએ સ્વીકાર્યાનુ કે તેઓશ્રીને સોપ્યાનો તેઓના હસ્તાક્ષરનો કે ગણપતભાઈના હસ્તાક્ષરનો કોઈ શેરો સહી સમય નથી અને આંક–૨૮૨ના કોલમ નંબર–૭માં મુદ્દામાલની વિગતમા ૧ અને ૧૫ ના આંકડા કોઈ લખાણ ઉપર ઘુંટેલા દેખાય છે. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, રુપીયાના આંકડાઓમા ૮ નો અંક પાછળ થી લખેલ હોવાનુ અથવા તો ઘુંટેલ હોવાનુ જણાય છે. તા.૩૦/૪/૯૬ના અરસામાં પાલનપુર સીટી પો.સ્ટે.મા ચહેરા નીશાન પત્રક નીભાવવામા આવતુ હતુ. તેમજ એવુ સ્વિકારેલ છે કે, આંક–૨૮૧ વાળી રવાનગી નોંધમા પો.ઈન્સ.ના હોદ્દાના સિકકા ઉપર વતી લખીને તેઓએ સહી કરેલી છે. સદરહુ ત્રણેય રવાનગી નોંધો તેઓએ રાઈટર હેડને સોંપેલી હતી અને સદરહુ રવાનગી નોંધમા પી.આઈ. શ્રી પાલનપુર શહેર પો.સ્ટે.ના હોદ્દાના નમુનાનુ સીલ મારેલ નથી. અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, તેમા પી.આઈ. એલ.સી.બી. બી.કે. પાલનપુરનુ સીલ છે. તેઓને મળેલ સીલબંધ મુદ્દામાલ ઉપર અલગથી તે વખતનુ સીટી પો.સ્ટે.ના પી.આઈ.ના હોદ્દાના કોઈ સીલ કરેલા ન હતા. તેમણે સ્વિકારેલ છે કે, મુદ્દામાલ સોંપ્યો પછી તેઓએ જોયેલો નથી અને તેઓએ મે જણાવ્યુ તેવી ગુનો નોંધવાની અને વિગેરે કાર્યવાહી કરી તે સીવાય આ ગુના

અંગે બીજી કોઈ કાર્યવાહી તેમણે કરેલી નથી. તેમણે ઈન્કાર કરેલ છે કે, વ્યાસ સાહેબે તેઓનો જવાબ નહી લીધેલાનુ તેઓ ખોટુ જણાવે છે અને તેઓ નોટબુક નીભાવતા ન હતા. તેમણે એ વાત સ્વિકારેલ છે કે, પોલીસ કર્મચારીએ પોતાની નોટબુક નીભાવવાની હોય છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમનો જવાબ વ્યાસ સાહેબે લીધેલો તે હકીકતને છુપાવવા માટે તેઓ નોટબુક નીભાવતા ન હતા તેવુ ખોટુ જણાવી રહેલ છે. તેમણે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમને શીખવાડવામા આવેલુ હોઈ વ્યાસ સાહેબે તેમનો જવાબ લીધેલ નથી તેવુ તેઓ ખોટુ જણાવી રહેલ છે. તેમણે એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, આંક–૨૮૨મા ગુનો જાહેરનો સમય–૧૨:૦૦ તથા તારીખ–૩૦/૪/૯૬ તેમણે લખેલ હોવાનુ તેઓ ઉલટતપાસમાં ખોટુ જણાવી રહેલ છે. તેમણે સ્વિકારેલ છે કે, પાલનપુર સીટી પો.સ્ટે.માંથી દીલ્હી ખાતેની પટીયાલા હાઉસ કોર્ટમા આ કેસની સ્ટેશન ડાયરી, એફ.આઈ.આર.બુક, તથા લાજવંતી હોટલનુ રજીસ્ટર તથા અન્ય કોઈ રેકર્ડ કયારે અને કોના મારફતે પહોંચાડવામા આવ્યુ તેની તેમને જાત માહીતી નથી. તેઓ પાલનપુર સીટી પો.સ્ટે.મા ફરજ ઉપર હતા તે સમય દરમ્યાન એફ.એસ.એલ.નો રીપોર્ટ આવેલ હતો કે કેમ? તે હાલ તેમને યાદ નથી. તેમને બતાવવામા આવેલ આંક–૨૯૨મા નીચેના ભાગે પો.તા.૧૮/૭/૯૬ પી.એસ.ઓ. પાલન એવુ લખેલ છે તે અક્ષર તથા સહી કોની છે તે તેઓ કહી શકે નહી. એવુ સ્વિકારેલ છે કે, તે વખતે સીટી પો.સ્ટે.મા આવક જાવક રજીસ્ટર નીભાવવામા આવતુ હતુ. તેમણે ઈન્કારેલ છે કે, શ્રી વ્યાસ સાહેબ આંક–૨૮૨ વાળો રીપોર્ટ અને મુદ્દામાલ તથા તેમા દર્શાવેલા કાગળો જાતે લઈને આવેલાનુ તેઓ ખોટુ જણાવી રહેલ છે અને આંક–૨૭૧ મા તે ફરીયાદ તેઓને મળ્યા બદલ તેમના હસ્તાક્ષરે કોઈ શેરો કે સહી કરેલ નથી. તેમજ

તેમણે ગુનો રજીસ્ટર કરી વ્યાસ સાહેબને રુબરુમા તપાસ સોંપેલી ન હોવાનો, તેમજ તેઓએ મુદ્દામાલ જોયેલ નથી કે રાઈટર હેડને તેઓએ જાતે આ મુદ્દામાલ સોંપેલ નહી હોવાનો અને હાલના કેસને અનુરૂપ તેઓ અધુરો અને ખોટો પુરાવો આપતા હોવાની વાતનો ઈન્કાર કરેલ છે.

**(એસ) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૯) તરીકે આંક-૫૪૧થી ત.ક.અ. શ્રી વિરેન્દ્રસીંગ હનુમાનસહાય યાદવ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,** તા.૨૭/૭/૧૮ થી તા.૨/૮/૨૦ સુધી તેઓ પોલીસ અધીક્ષક, વહીવટ, સી.આઈ.ડી. ક્રાઈમ, ગુજરાત રાજય તરીકે ફરજ બજાવતા હતા. તા.૩૦/૭/૨૦૧૮ના રોજ તેમને પોલીસ મહાનિર્દેષક શ્રી સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ ગુજરાત રાજયનાઓની કચેરી તરફથી એક પત્ર મળેલ, તેની સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટનાઓનો ખાસ ફોજદારી અરજી નંબર -૧૦૭૯/૯૮ અને ખાસ ફોજદારી અરજી નંબર-૬૮૦/૯૯ના કામે તા.૩/૪/૧૮ના રોજ થયેલ હુકમ સામેલ હતો. તેઓએ ઉપરોકત પત્ર વંચાણે લીધેલ. ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે પાલનપુર શહેર પો.સ્ટે. પ્રોહી ગુના નંબર-૨૧૬/૯૬ની તપાસ કરવા માટે ખાસ તપાસ દળની રચના કરવામાં આવેલ અને તપાસ કરવા માટે તેઓની તપાસ કરનાર અધીકારી તરીકે નિમણુંક કરવામાં આવેલી. તેઓએ પત્ર સાથે મળેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ પણ વંચાણે લીધેલ. તેમને **નીશાની-૨૫/૨૭** વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે. જે તેઓને પ્રતિ ઉદ્દેશાયેલ છે. જે તેમને મળેલ તે છે, જેમાં પોલીસ મહાનિર્દેષક શ્રી સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલ્વે ગુજરાત રાજય ગાંધીનગર શ્રી આશીષ ભાટીયાની સહી છે. જે પાલનપુર સીટી પોલીસ સ્ટેશન

ગુના રજીસ્ટર નંબર–૨૧૬/૯૬ના ગુનાની તપાસ સંભાળવા બાબતેનો છે. જેમાં ત.ક.અ તરીકે તેમનું નામ છે. જેમા બીડાણમાં હવાલાના પત્રો બીડાણસહ હતા, જે **આંક–૫૪૨**થી રજુ છે. ઉપરોકત ગુનાની તપાસ કરવા અંગે તેઓએ પોલીસ અધીક્ષકશ્રી, બનાસકાઠાનાઓને પાલનપુર શહેર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુ.રજી નંબર–૨૧૬/૯૬ના અસલ કેસ કાગળો, કેસ ડાયરી અને સબંધીત કાગળો, તેમજ તે દિવસ સુધી થયેલ તપાસ અંગેની માહીતી મેળવવા માટે જુદા–જુદા પત્રો લખેલા. તેમને **નિશાની– ૨૫/૨૮** બતાવામાં આવે છે.જે તેમણે પોલીસ અધીક્ષકશ્રી, પાલનપુરને લખેલા પત્રો પૈકીના પત્રની ઓફીસ કોપિ છે.જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે, જે **આંક–૫૪૩**થી તેઓએ રજૂ કરેલ છે. ત્યારબાદ પોલીસ અધીક્ષકશ્રી,બનાસકાંઠા તરફથી તેમને તેમના પત્રોમા જણાવ્યા મુજબનો પાલનપુર શહેર પો.સ્ટે.પ્રોહી. ગુ.રજી નબંર–૨૧૬/૯૬ના તપાસના કાગળો અને કેસ ડાયરી તેમને મળેલ, તે તેમણે તપાસી વંચાણે લીધેલ. તેમને **નીશાની–૨૫/૨૯** વાળો દસ્તાવેજ તેઓને બતાવતા જે જે–તે સમયના પોલીસ અધીક્ષક, બનાસકાંઠા, પાલનપુરનાઓએ તેમને પત્રમાં જણાવેલ કેસ કાગળો અને કેસ ડાયરી મોકલી આપેલ તે અંગેનો છે. જેમાં પોલીસ અધીક્ષક પ્રદિપ સેજુળનાઓની સહી હોવાનુ સાહેદે જણાવતાજે **આંક–૫૪૪**થી રજૂ થયેલ છે. ઉપરોકત ગુનાના કેસ કાગળો અને કેસ ડાયરીનો અભ્યાસ કરવામાં આવેલ અને ઉપરોકત ગુનાની તપાસ ચાલુ કરેલી સાથેસાથે નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમને લક્ષમાં રાખી ઉપરોકત કાગળોનો અભ્યાસ ચાલુ રાખેલ અને તે અન્વયે તેમના ધ્યાન ઉપર આવેલ મુદ્દાઓની નોંધ લીધેલી. ઉપરોકત તપાસના કાગળોનો અભ્યાસ કરતા તેમને પોલીસ અધીકારી કર્મચારીઓની પુછપરછ કરવા જરૂરી લાગેલી જેથી તેમણે સબંધીત પોલીસ અધીકારીઓ/

કર્મચારીઓના સરનામા અને નોકરીની વિગત મેળવવા માટે પોલીસ અધીક્ષક શ્રી, બનાસકાંઠા અને વહીવટી અધીકારી પોલીસ મહાનિર્દેષક ગુજરાત રાજય નાઓની કચેરીને પત્રો લખેલા. ઉપરોકત ગુનાની તપાસમાં મદદ માટે જરૂરી પોલીસ અધીકારીઓ/કર્મચારીઓની ઉપરી અધીકારી શ્રી પાસેથી માંગણી કરેલી અને ઉપરોકત સબંધે માહીતી આવતા તપાસના કામે સામેલ રાખેલ. તેમની માગણી કર્યા પ્રમાણે પોલીસ અધીકારીઓ/કર્મચારીઓની મદદ આપવામાં આવેલી. વધુમાં તેઓએ તપાસના કાગળોનો અભ્યાસ ચાલુ રાખેલ અને તેમની તપાસ દરમ્યાન તત્કાલીન એલ.સી.બી. પી.આઈ., જીલ્લો–બનાસકાંઠા અને તા.૩૦/૪/૯૬ના રોજ તેમની સાથે ઉપરોકત ગુનાના કામે રેડમાં ગયેલ એલ.સી.બી.ના અધીકારીઓ/કર્મચારીઓની પુછપરછ કરવી જરૂરી લાગેલ હોવાથી સાહેદોને હાજર રાખવા જરુરી તજવીજ કરેલી અને ઉપરોકત તપાસની મદદ માટે વધારાના પોલીસ અધીકારીઓ કર્મચારીઓની જરૂરીયાત હોવાથી ઉપરી અધીકારીશ્રી પાસેથી માંગણી કરેલી. તેમજ ઉપરોકત ગુનાના કામે રચિત એસ.આઈ.ટી.ના સભ્યો અને મદદ માટે મળેલ ડી.વાય.એસ.પી.શ્રીઓ પી.આઈ.શ્રીઓના સંકલનમાં રહી કામગીરી કરેલ તથા કરાવેલી. વધુમાં તેમની તપાસ દરમ્યાન જે–જે સાહેદોની પુછપરછ કરવી જરૂરી લાગેલ અને જે–જે સાહેદોના નીવેદનો લેવાનુ જરૂરી લાગેલ તેવા સાહેદોના નીવેદનો, વિશેષ નિવેદનો સાહેદોના લખાવ્યા મુજબના લખી લીધેલા. જેમાં સાહેદ સુમેરસિંહ રાજપુરોહીત, સાહેદ પ્રવિણભાઈ પરમાર, સાહેદ મહંમદ ઝુબેર, સાહેદ બબાભાઈ સવાભાઈ, સાહેદ રમણભાઈ પરષોત્તમભાઈ પટેલ, સાહેદ સાયબાભાઈ, સાહેદ અમરતલાલ અમથાલાલ જોષી, સાહેદ કાંન્તીભાઈ અમરતલાલ, સાહેદ કનુભાઈ મિશ્રા, સાહેદ ગંગાસીંહ શીવલાલસીંહ વિગેરે

નાઓનો નીવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા. વધુમાં તપાસના કામે તત્કાલીન એલ.સી.બી., પી.આઈ. ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ અને તત્કાલીન પોલીસ અધીક્ષક, બનાસકાઠા સંજીવ રાજેન્દ્રભાઈ ભટ્ટ (આરોપી) નાઓને નોટીસ/સમંસની બજવણી કરી, બન્નેની પ્રાથમીક પુછપરછ પણ કરવામાં આવેલી. તત્કાલીન એલ.સી.બી. પી.આઈ. શ્રી આઈ.બી. વ્યાસ તથા તત્કાલીન પોલીસ અધીક્ષક બનાસકાંઠા શ્રી સંજીવ ભટ્ટ (આરોપી)નાઓ વિરૂધ્ધ અટક કરવા જેટલા પુરતા પુરાવા મળેલ હોવાથી પ્રથમ તત્કાલીન એલ.સી.બી. પી.આઈ. શ્રી ઈન્દ્રવદન વ્યાસનાઓની અટક કરવા માટે બે પંચોને હાજર રાખવામાં આવેલ, તે અંગેની સમજ પંચોને કરવામાં આવેલી અને તારીખ–૫/૯/૧૮ના રોજ તેઓની શરીરસ્થીતીનુ પંચનામુ કરીને પંચો રૂબરૂ અટક કરવામાં આવેલ. તત્કાલીન પોલીસ અધીક્ષક શ્રી, બનાસકાંઠા સંજીવભટ્ટ (આરોપી)નાઓને અટક કરવાના હોવાથી તે જ તારીખે બે પંચોને બોલાવી અટક કરવા અંગેની સમજ કરી શરીરસ્થીતીનુ પંચનામુ કરી અટક કરવામા આવેલ અને બન્ને આરોપીઓના ચહેરા નીશાન પત્રકો ભરવામાં આવેલા તેમજ અટક કર્યા અંગેની જાણ બન્ને આરોપીઓના સગા સબંધીને કરવામાં આવેલી. વધુમાં બન્ને આરોપીઓ ગુનાની તપાસના કામે સહકાર આપતા ન હોઈ અને પુછપરછમાં કોઈ ફળદાયક હકીકત જણાવતા ન હોઈ, બન્ને આરોપીઓની અટક કર્યેથી ચોવીસ કલાકનો સમય પુર્ણ થાય તે પહેલા મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ પાલનપુરનાઓ સમક્ષ રજુ કરવામા આવેલ. વધુમાં તે અંગેની આરોપીઓના પ્રોડકશન રીપોર્ટ અને રીમાન્ડ રીપોર્ટ તૈયાર કરવામાં આવેલા. ગુના અંગે ઈ.પી.કો. કલમો અને એન.ડી.પી.એસ. એકટની કલમો ઉમેરાનો રીપોર્ટ કરવામાં આવેલ. તેમજ આરોપીઓની ગુનાના કામે પોલીસ કસ્ટડીની

જરૂરીયાત હોવાથી મહેરબાન કોર્ટમાં રીમાન્ડ અરજી કરવામાં આવેલી. જે અરજી નામંજુર થતા આરોપીઓને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલવા માટે તજવીજ કરેલ. તેમને નામદાર કોર્ટના રેકર્ડમાંથી જે–તે સમયે જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ પાલનપુરની કોર્ટમાંથી આવેલ પ્રોડકશનના કાગળો પૈકી આંક–૨ લખેલ કલમ ઉમેરાનો રીપોર્ટ બતાવવામાં આવેલ છે. જે તેમણે તા.૬/૯/૧૮ના રોજ કરેલ રિપોર્ટ છે જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે, જેની સાથે નામદાર કોર્ટે રીપોર્ટને એફ.આઈ.આર. સાથે રાખવાનો હુકમ કરેલ છે, જે રીપોર્ટ તેઓ **આંક–૫૪૫** થી રજૂ થયેલ છે. વધુમાં ઉપરોકત નામંજુર રીમાન્ડ અરજીની સામે થયેલ રીવીજન અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા મંજુર થતા આરોપીઓને પોલીસ કસ્ટડીમાં લેવા માટે જરૂરી તજવીજ કરેલી અને બન્ને આરોપીઓને સદર રીવીજનમાં થયેલ હુકમ આધારે તા.૧૨/૯/૧૮થી તા.૨૧/૯/૧૮ સુધી પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવેલ અને બન્ને આરોપીઓને ગુના અંગે જરૂરી પુછપરછ કરવામાં આવેલ. પોલીસ કસ્ટડી દરમ્યાન બન્ને આરોપીઓના સમયાંતરે મેડીકલ તપાસણી કરવા સારૂ જરૂરી તજવીજ કરેલી અને તે અંગેની મેડીકલ તપાસણીના પેપર્સ મળતા તેઓએ વંચાણે લીધેલ અને તપાસના કામે સામેલ રાખેલ. વધુમાં તેમની તપાસ દરમ્યાન સાહેદો પ્રવિણભાઈ પરમાર, રમણભાઈ પરષોત્તમભાઈ પટેલ, મહંમદ જુબેર માંકણોજીયા, સાયબાભાઈ વિગેરેનાઓના સી.આર. પી.સી.કલમ–૧૬૪ મુજબના નીવેદનો લેવડાવવા સારૂના રીપોર્ટો જુદી–જુદી તારીખોમાં મહેરબાન ચીફ જયુડીશીયલ ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સાહેબ, ગાંધીનગર કોર્ટનાઓને મોકલી આપેલ. તે નિવેદનો લેવા માટે હુકમ થયેલ, જે હુકમને ધ્યાને રાખી સાહેદોના સીઆર.પી.સી. કલમ–૧૬૪ મુજબના નીવેદનો લેવડાવવા સારૂ મહેરબાન ચીફ

જયુડીશીયલ ફર્સ્ટ કલાસ, ગાંધીનગર કોર્ટ સમક્ષ હાજર રાખવા જરૂરી તજવીજ કરેલી. ઉપરોકત સી.આર.પી. સી.કલમ–૧૬૪ મુજબના નીવેદનો મુજબના લીધેલ નીવેદનોની સહી સીકકાવાળી નકલો મળતા તે તેઓએ વંચાણે લીધેલી અને તપાસના કામે સામેલ રાખેલી. તેમની તપાસ દરમ્યાન નીચેની વિગત મુજબના પંચનામા કરવામાં આવેલ. તપાસ દરમ્યાન સાહેદ બબાભાઈ સવાભાઈ નાઓ કે જે તત્કાલીન જીલ્લા પોલીસ કંન્ટ્રોલ રૂમ બનાસકાંઠાના ઈન્ચાર્જ હતા તેઓની તપાસ દરમ્યાન પુછપરછ કરવામાં આવેલી. જેમાં તેઓએ કન્ટ્રોલરૂમની ટેલીફોન વર્ધીમાં તેમના હસ્તાક્ષર ન હોવાનુ જણાવતા અને સહી તેમની હોવાનુ જણાવતા ટેલીફોન વર્ધી મુજબના નમુના લેવાના હોવાથી બે પંચોને હાજર રાખવામા આવેલ તે અંગેની પંચોને સમજ કરવામા આવેલી અને પંચો રૂબરૂ સાહેદ બબાભાઈ સવાભાઈના ટેલીફોન વર્ધી મુજબના હસ્તાક્ષર અને સહીના નમુના લેવામાં આવેલ અને તે મુજબનુ પંચો રૂબરૂ વિગતવારનુ પંચનામુ તા.૧૩/૯/૧૮ના રોજ કરવામાં આવેલ. તેમને પંચનામુ **આંક–૨૩૨** બતાવામાં આવે છે. જે તે જ પંચનામુ છે, જેમા બન્ને પાના ઉપર બે પંચોની સહીઓ છે તથા રૂબરૂમાં તેમની સહીઓ છે. જે તેઓ ઓળખી બતાવે છે. તેમને પંચનામુ **આંક–૨૩૩** બતાવામાં આવે છે. જેના દરેક પાના ઉપર (કુલ દસ પાના) બે પંચોની તથા રૂબરૂમાં તેમની સહીઓ છે. આ નમુનાનુ લખાણ તથા સહીઓ જે બબાભાઈ ધ્વારા પંચો તથા તેઓ રૂબરૂમાં કરવામાં આવેલ તે જ છે. ઉપરોકત થયેલ પંચનામા મુજબના નમુનાના હસ્તાક્ષર અને સહી પરીક્ષણ અર્થે હસ્તાક્ષર નિષ્ણાંત શ્રીને મોકલવામાં આવેલ, પરંતુ એફ.એસ.એલ. તરફથી સાહેદ બબાભાઈનાઓના કુદરતી લખાણ અને સહીના નમુના મેળવીને મોકલી આપવા માટે સુચના કરવામાં આવેલી. જેથી સાહેદ બબાભાઈનાઓના કુદરતી લખાણ

અને કુદરતી સહીના નમુના અને ટેલીફોન વર્ધી મુજબના હસ્તાક્ષર અને સહીના નમુના ફરીથી લઈને એફ.એસ.એલ.માં મોકલવાના હોઈ જે અંગેનુ પંચનામુ કરવાનુ હોઈ તે માટે સાહેદ બબાભાઈનાઓને તા.૨૭/૧૦/૧૮ના રોજ સી.આઈ.ડી. ક્રાઈમ કચેરી ગાંધીનગર હાજર રાખવા જરૂરી તજવીજ કરેલી. સાહેદ બબાભાઈ તેમની કચેરીએ આવતા આ કામે બે પંચોને હાજર રાખવામાં આવેલ અને પંચનામા અંગેની જરૂરી સમજ કરવામાં આવેલી પંચો રૂબરૂ સાહેદ બબાભાઈનાઓના ટેલીફોન વર્ધી મુજબના હસ્તાક્ષર અને સહીના નમુના પંચનામુ કરીને લેવામાં આવેલ. તેમજ સાહેદ બબાભાઈ દ્વારા પંચો રૂબરૂ કુદરતી લખાણ અને કુદરતી સહીના પાંચ રીપોર્ટો રજુ કરેલ જે બબાભાઈની કુદરતી સહીઓ તરીકે હતી. તે પંચનામા દરમ્યાન પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ અને તે અંગેનુ પંચો રૂબરૂ વિગતવારનુ પંચનામુ કરવામાં આવેલ. તેમને પંચનામુ **આંક–૨૨૩** બતાવવામાં આવે છે. આ તે જ પંચનામુ છે જે દરમ્યાન તેમણે બબાભાઈના ટેલીફોન વર્ધી મુજબના લખાણ તથા તેમાંની તારીખ સહી તથા અન્ય લખાણો કુલ–૩૬ વાર લખાણ સહીઓ મેળવેલી તથા આ પંચનામા દરમ્યાન બબાભાઈની સહી ધરાવતા પાંચ લખાણ કબજે કરેલા. આ પંચનામામા બન્ને પાના ઉપર બે પંચોની તથા રૂબરૂમાં તેમની સહીઓ છે. જે તેઓ ઓળખી બતાવે છે. તેમને કુલ–૩૬ પેજ ધરાવતો સંયુકત **આંક–૨૨૪** બતાવામાં આવે છે. જે બબાભાઈ સવાભાઈના ટેલીફોન વર્ધી મુજબના બે પંચો રૂબરૂ લેવામાં આવેલ હસ્તાક્ષર તથા સહીના નમુના છે. જે તમામમાં બે પંચોની તથા રૂબરૂમાં તેમની સહીઓ છે, જે તેઓ ઓળખી બતાવે છે. તેમને કુલ પાંચ પેજ ધરાવતો સંયુકત **આંક–૨૨૫** વાળા પાંચ કાગળો બતાવામા આવે છે. આ તે જ છે. જે દરેક પાના ઉપર બે પંચોની તથા રૂબરૂમાં તેમની  સહીઓ છે. જે તેઓ ઓળખી

બતાવે છે, આ તે કાગળો છે, જે ઉપરોકત પંચનામા દરમ્યાન બબાભાઈએ તેમની કુદરતી સહીઓ અંગે રજુ કરેલા. તેમને અંક–૨૪૬ વાળી ટેલીફોન વર્ધી બતાવામાં આવે છે. જે અગાઉ તપાસના કાગળોમાં સામેલ હતી. જેના આધારે તેમણે ઉપરોકત જણાવેલ બન્ને પંચનામા દરમ્યાન બબાભાઈ સવાભાઈનાઓના હસ્તાક્ષર તથા સહીના નમુના ઉપર જણાવ્યા મુજબ લીધેલા. ઉપરોકત બન્ને પંચનામામાં જણાવેલ તકરારી દસ્તાવેજ ટેલીફોન વર્ધી અને સાહેદ બબાભાઈ સવાભાઈના ટેલીફોન વર્ધી મુજબના હસ્તાક્ષર અને સહીના નમુના તથા બબાભાઈ સવાભાઈના કુદરતી સહીના લખાણ હસ્તાક્ષર નીષ્ણાંત અધીકારીનાઓને પરીક્ષણ અર્થે મોકલવા રવાનગી નોંધ તૈયાર કરેલી અને ઉપરોકત દસ્તાવેજો રવાનગી નોંધમાં જણાવ્યા મુજબના મુદ્દામ માણસ સાથે ચેક લીસ્ટ તથા તે દસ્તાવેજો સીલબંધ કવરમાં મોકલી આપેલ. હસ્તાક્ષર નિષ્ણાંત અધીકારી તરફથી આ સબંધે આવેલ અભિપ્રાય વંચાણે લીધેલ અને તપાસના કામે સામેલ રાખેલ. તેમને **આંક–૩૯૮** બતાવવામાં આવે છે. તે જોઈને કહે છે કે, તે તેનુ પ્રથમ પાનુ તેમનો પત્ર છે. તેની સાથે રવાનગી છે. જેમાં પ્રશ્નોતરી છે. જેની સાથે પ્રમાણપત્ર તથા સીલના નમુનાની છાપ છે અને ચેક લીસ્ટ છે જે તમામ તેમની સહીઓ છે, જે તેઓ ઓળખી બતાવી જે તેઓએ નીયામકશ્રી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા તરફ તથા મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી તરફ મોકલી આપેલ તે જ હોવાનુ જણાવેલ છે. તેમને **આંક–૩૯૯** બતાવતા આ હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય તેમને તપાસ દરમ્યાન મળેલ તે છે. તેમની તપાસ દરમ્યાન તા.૨૭/૧૧/૧૮ના રોજ પાલનપુર મુકામે પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી. પાલનપુરનાઓના ચેમ્બરની સ્થળસ્થીતીનુ પંચનામુ કરવાનુ હોવાથી બે પંચોને હાજર રાખવામાં આવેલા અને સાહેદ પ્રવિણભાઈ

પરમારનાઓને હાજર રાખેલા ઉપરોકત પંચોને પંચનામા અંગેની જરૂરી સમજ કરવામાં આવેલી અને સાહેદ પ્રવિણભાઈ પરમાર આગળ ચાલીને એલ.સી.બી. કચેરી બતાવતા અને ચેમ્બર બતાવતા તેમના જણાવ્યા મુજબનુ પંચો રૂબરૂ પંચનામુ કરવામાં આવેલુ. તેમને **આંક–૪૧૦** વાળુ પંચનામુ બતાવામાં આવે છે. જેમા બે પંચોની તથા રૂબરૂમાં તેમની સહી છે આ તે જ પંચનામુ છે કે જે તેમણે ઉપર જણાવ્યા મુજબ કરેલુ. ઉપરોકત જણાવેલ તમામ પંચનામાની હકિકતો સાચી હોવાનુ જણાવેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેમની તપાસ દરમ્યાન અગાઉની તપાસમાં અફીણ અંગેના એફ.એસ.એલ. તરફથી આવેલ પરીક્ષણના અહેવાલો તથા અન્ય અહેવાલોમાં મોરફીનની માત્રા અંગે સ્પષ્ટતા બાબતે તેઓએ એફ. એસ.એલ. અધિકારી નાઓને પત્ર લખી મોકલી આપેલ અને તે અંગેનો એફ. એસ.એલ. તરફથી આવેલ અભિપ્રાય વંચાણે લીધેલ અને તપાસના કામે સામેલ રાખેલ. તેમને **નીશાની–૨૫/૩૨** વાળો મદદનીશ નીયામકશ્રી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ગુજરાત રાજયનાઓને તેમણે લખેલ વિનંતી રીપોર્ટ તેઓને બતાવવામાં આવેલ છે. જેમાં તેમની સહી છે, જેની સાથે સંદર્ભમાં જણાવેલ એફ. એસ.એલ. અહેવાલની નકલો સામેલ છે. જે પણ ઉપરોકત વિનંતી પત્ર સાથે તેમણે એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ. જે **આંક–૫૪૮** વાળો તેમનો રીપોર્ટ કે જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવેલ છે. તેમજ તેમને **આંક–૫૪૯** બતાવવામાં આવેલ છે, જે શ્રી એમ.પી. ચૌધરી આસીસ્ટન્ટ ડાયરેકટર, ડાયરોકટરેટ ફોરેન્સીક સાયન્સ કમ આસીસ્ટન્ટ કેમીકલ એકઝામીનર ટુ ગવર્મેન્ટ ઓફ ગુજરાત ધ્વારા ઉપરોકત સંદર્ભે આપવામાં આવેલ અભિપ્રાય છે. જે તેમને મળેલ તે જ છે, જેમાં શ્રી એમ.પી. ચૌધરીનાઓની સહી છે તથા હોદ્દાનો સીકકો છે. તેમને **નીશાની–૨૫/૨૪** વાળો દસ્તાવેજ

બતાવામાં આવે છે જે જોઈને કહે છે કે, તે રવાનગી નોંધ તેમને આગળની તપાસના જે કાગળો મળેલા તેમા સામેલ હતી અને તે વિભાગીય પોલીસ અધીકારી ધ્વારા એફ.એસ.એલ.ને તેમાં જણાવેલ મુદ્દામાલ સેમ્પલ બાબતે લખેલ હોવાનુ જણાતુ હતુ અને જેમા વિભાગીય પોલીસ અધીકારીની સહીઓ તથા તેમના હોદ્દાનુ સીલ છે. આ ગુનાના કામે શ્રી આર.આર. જૈનનાઓ બાબતે પણ તેમણે તપાસ કરેલી. જેઓ શાહીબાગ ખાતે રહેતા હોવાનુ જણાયેલ તેમણે રૂબરૂમાં જઈ તપાસ કરેલી અને જાણવા મળેલ કે તેઓ ઘણા વર્ષોથી ગંભીર બીમારીથી પીડાતા હોઈ, બોલીચાલી શકતા ન હોઈ, કોઈને ઓળખી શકતા નથી, જેથી તેઓના પત્ની શ્રીમતી સુશીલાબેન જૈનનાઓનુ નીવેદન લેવામાં આવેલ અને તેઓ ધ્વારા શ્રી આર.આર.જૈનનાઓની બીમારી અંગે મેડીકલ પેપર્સ રજુ કરતા, તે તેમની તપાસના કામે સામેલ રાખેલ તથા શ્રી આર. આર.જૈનનાઓની બીમારી સબબ ઈલાજ કરતા ડોકટર શ્રી રવિન્દ્રલોઢાનાઓનુ પણ નિવેદન લીધેલ. તેમની તપાસ દરમ્યાન જે તહોમતદાર અને જે–જે સાહેદો મરણ ગયેલ હોવાનુ માલુમ પડેલ તે બાબતે તેઓના મરણના દાખલાના રીપોર્ટ વિગેરે કાગળો મળતા તપાસના કામે સામેલ રાખેલ. જેમા તહોમતદાર માલાભાઈ જોઈતાભાઈ રબારી, સાહેદ મોહંમદ હનીફ, સાહેદ ગુલામ રસુલ પઠાણ વિગેરે નાઓના મરણના દાખલાના કાગળો સામેલ હતા. તેમની તપાસના કામે ડીટેકટીવ પોલીસ ઈન્સ્પેકટર શ્રી વિ.એલ.બોડાણા અને શ્રી ટી.જે.સોલંકી નાઓએ તેમની સુચના મુજબ જે સાહેદોના નીવેદનો લીધેલા અને સબંધીત કાગળો તેઓની તપાસમાં આવેલા, તે તેમને તેઓએ રીપોર્ટ સાથે સોંપતા તેમણે વંચાણે લીધેલ અને તપાસના કામે સામેલ રાખેલ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તપાસ દરમ્યાન તેમણે કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ. તેમને નામદાર

કોર્ટના રેકર્ડમાંથી પ્રોડકશનનુ રોજકામ હેડીંગ સાથે રજુ થયેલ કાગળોમાંથી તેમણે નામદાર કોર્ટમાં કરેલ તા.૧૬/૧૦/૧૮ વાળો સદર રિપોર્ટ બતાવામાં આવે છે, જેમાં તેમની સહી છે. જે તેમણે એન.ડી.પી.એસ.ની કલમ–૧૮, ૨૯નો એફ.આઈ.આર.માં ઉમેરો કરવા કરેલ રીપોર્ટ છે, જેમાં તેની સહી છે જેમાં નામદાર કોર્ટે એફ.આઈ.આર. સાથે સામેલ રાખવાનો હુકમ કરેલ છે. જે ઓળખી બતાવે છે અને સદર કલમ વધારા રિપોર્ટ **આંક–૫૫૦**થી રજુ કરેલ છે. તેમને સદર કાગળો પૈકી બન્ને આરોપીઓને મુદૃત અંદર રજુ કરી સંભાળી લેવા અંગે તા.૬/૯/૧૮ના રોજ તેમણે આપેલ રિપોર્ટ બતાવામાં આવે છે, જેમાં તેમની સહી છે જેના ઉપર નામદાર કોર્ટનો આરોપીઓને રજુ કર્યા બાબતેનો હુકમ છે. જેની સાથેનો આરોપી સંજીવ રાજેન્દ્રભટૃનાઓનો એરેસ્ટ મેમો તેમને બતાવામાં આવે છે જેમાં તેમની સહી છે. અટકાયતી શ્રી સંજીવ ભટૃનુ નામ છે. તેમની સહી છે તથા તેમના સબંધીને જાણ કર્યા બાબતેની પણ સહી છે. ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનો એરેસ્ટ મેમો તેમને બતાવામાં આવે છે, જેમાં પણ તેમનુ નામ છે. તેમના સબંધીને જાણ કર્યા બાબતેની વિગત છે તથા તેમની સહી છે. ફરીયાદપક્ષની વિનંતીથી રજુ થયેલ તા.૬/૯/૧૮ના રોજના પ્રોડકશન રીપોર્ટ તથા સાથેના આરોપીઓના એરેસ્ટ મેમોને અનુક્રમે રીપોર્ટ **આંક–૫૫૧**થી, આરોપી સંજીવ ભટૃનો એરેસ્ટ મેમો આંક–૫૫૨થી તથા આરોપી આઈ.બી. વ્યાસનો એરેસ્ટમેમો **આંક–૫૫૩**થી રજુ થયેલ છે. વધુમાં તપાસ દરમ્યાન તહોમતદાર ઈન્દ્રવદન બાલકૃષ્ણવ્યાસ તથા તહોમતદાર સંજીવ રાજેન્દ્રભાઈ ભટૃ વિરુઘ્ધ પુરતા પુરાવા મળતા તહોમતદારો વિરૂઘ્ધ ચાર્જશીટમાં જણાવેલ ગુનાઓનુ ચાર્જશીટ તૈયાર કરી તેની સાથે સાંકળીયા મુજબના પુરાવા સામેલ કરી, અસલ ચાર્જશીટ તથા આરોપીઓની નકલો, ચહેરા નીશાન પત્રકો તથા

મુદ્દામાલ પાવતી સામેલ રાખી બન્ને તહોમતદારો વિરૂધ્ધ તા.૨/૧૧/૧૮ના રોજ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ. તહોમતદાર માલાભાઈ જોઈતાભાઈ રબારી મરણ ગયેલ હોઈ જેથી તેઓ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં અલાયદી એબેટેડ સમરી તૈયાર કરી રજુ કરેલી. તેમને આંક–૧ વાળુ ચાર્જશીટ બતાવામાં આવેલ છે જેના પ્રથમ પાના ઉપર ત.ક.અમલદાર તરીકે તેમની સહી છે તથા ચાર્જશીટના છેલ્લા પાના ઉપર તેમની ત.ક. અમલદાર તરીકેની સહીઓ છે, જે સહીઓ તેઓ ઓળખી બતાવે છે જેની સાથે આરોપીઓના ફોટા છે તથા તે ફોટાવાળા પાના ઉપર પણ તેમની સહીઓ છે. આ બન્ને આરોપીઓ વિરૂધ્ધ તેમણે કરેલ તેજ ચાર્જશીટ છે, તેની સાથેના બન્ને આરોપીઓના ચહેરા નીશાન પત્રકમાં પણ તેમની સહીઓ છે અને તેમા ગુના રજીસ્ટર નંબર, આરોપીઓના નામ સરનામા, કલમો વિગેરે વિગતો છે, જે ચાર્જશીટ સાથે તેમણે રજુ કરેલ કાગળોના ફેરીસ્તમાં પણ તેમની સહીઓ છે. જે તેઓ ઓળખી બતાવે છે. તેઓ આરોપીને ઓળખી શકે. તેમજ તેમણે કોર્ટ રૂબરૂ હાજર આરોપી સંજીવ ભટ્ટને ઓળખી બતાવેલ છે. ચાર્જશીટ થયા પછી તેમણે આ ગુનાના કામે એન.ડી.પી.એસ. એકટની કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ. તેમને **આંક–૨૨** વાળો રીપોર્ટ બતાવામાં આવેલ છે જે તેમણે કરેલો જેમા તેમની સહી છે. જેના ઉપર નામદાર કોર્ટે કરેલ હુકમ છે જે સાથે સામેલ છે. તહોમતદાર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓએ નામદાર કોર્ટમાં અપ્રુવર થવા અંગે આપેલ વિગતવારની અરજીના કામે તેમને નોટીસ કાઢવામાં આવતા તેઓએ તે અંગે જરૂરી જવાબ રજુ કરેલ. તેમને **આંક–૮૧** વાળા કવરની સાથે બીડાયેલ રજુ તેમને લેખીત રજુઆત/જવાબ બતાવામાં આવેલ છે, જે તેમણે તહોમતદાર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓએ માફી મેળવવા સબંધે આપેલ અરજી સબંધે અને તેમની રજુઆત સબંધે અને તેઓના

નીવેદન સબંધે રજુ કરેલ તે જ છે, તેમાં તેમની સહી છે. **આંક–૮૧** વાળુ લખેલ કવર ઉપર પ્રતિ, એડીશનલ સેસન્સજજ સાહેબ તથા બાબતમાં આરોપી નંબર–(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસે માફી મેળવવા સબંધે આપેલ નીવેદનની નકલ સબંધે તપાસ અધીકારીની રજુઆત તેવુ લખેલુ છે. મજકુર રીફર કરેલ જવાબ અંગે વિ.સ્પે.પી.પી. શ્રી ધ્વારા રેકર્ડનુ રોજકામ જોતા જે–તે સમયે ફકત કવરને આંક–૮૧ પડેલો હોઈ હાલના આ સાહેદ સાથેના જવાબની હકીકતો સ્વીકારતા હોઈ સદર જવાબને આંક–૫૫જથી રજૂ કરેલ છે અને આંક–૮૧થી સાથે આંક–૫૫જ રાખવામાં આવેલ છે. તેમને આંક–૧ સાથે રજુ કાગળોની વિગતવાળુ ફેરીસ્ત બતાવામાં આવે છે, જેમાં તેમની સહી છે. જે ફેરીસ્તમાં દર્શાવેલ વિગતવાળા કાગળોમાં તેમની તપાસ દરમ્યાન આવેલ પુરાવા તથા અગાઉની તપાસ દરમ્યાનના કાગળો છે. જે ફેરીસ્ત મુજબના કાગળો ચાર્જશિટ સાથે રજુ કરેલા. જે દસ્તાવેજોની વીગતવાળુ ફેરીસ્ત **આંક–૫૫ક**થી રજુ કરેલ છે. સુમેરસિંહ ચીમનસીંહ રાજપુરોહીતના રીમાન્ડના સમયે અગાઉની તપાસ દરમ્યાન નામદાર કોર્ટમાં રજુ થયેલ સબંધીત કાગળો અને કેસ ડાયરીની સહી સીકકાવાળી પ્રમાણિત નકલો નામદાર કોર્ટમાંથી તેઓએ તેમની તપાસ દરમ્યાન મેળવવા માટે તજવીજ કરેલી અને તે અન્વયે નામદાર કોર્ટમાંથી કેસ ડાયરીની સાદી નકલ અને અન્ય કાગળોની પ્રમાણિત નકલો મળેલ અને તે અંગે નામદાર કોર્ટનો થયેલ હુકમ મેળવવા માટે પણ તજવીજ કરેલ જે તેઓએ મળેલ કેસ ડાયરીની સાદી નકલ, અન્ય સબંધીત કાગળોની પ્રમાણીત નકલો અને ઉપરોકત હુકમ તપાસના કામે સામેલ રાખેલ. તેમને આંક–૭૬ બતાવામાં આવે છે, જે દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ તેમણે નામદાર કોર્ટમાં રજુ કરેલ, જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે, જેની સાથે તેમણે નામદાર કોર્ટમાં

સર્ટીફાઈડ નકલ મેળવવા આપેલ રીપોર્ટ **આંક–૫૫૭**થી રજુ છે તે તેજ છે. જે સર્ટીફાઈડ નકલ છે તથા તેના ઉપર થયેલ હુકમ પણ સામેલ છે. જે તેઓએ ઓળખી બતાવે છે. તેમને **આંક–૨૭૨** બતાવામાં આવે છે, જે કેસ ડાયરી તા.૩૦/૪/૯૬ થી તા.૪/૫/૯૬ સુધીની છે. જેની સર્ટીફાઈડ નકલ તેમણે ઉપર જણાવ્યુ તે રીતે માંગેલી, પરંતુ તેની સાદી નકલ તેઓને જણાવ્યા મુજબ મળેલી. તેમને **આંક–૨૭૩** બતાવામાં આવે છે, જે તા.૩૦/૪/૯૬થી તા.૨૭/૨/૨૦૦૦ સુધીની કેસ ડાયરી છે. જે તપાસ દરમ્યાન તેમને તપાસના કાગળોમાં તેમની માંગણી બાદ મળેલી. જેમાં તા.૩૦/૪/૯૬થી તા.૬/૭/૯૬ સુધીની કેસ ડાયરી તત્કાલીન આઈ.ઓ. ઈન્દ્રવદન વ્યાસનાઓ દ્વારા પાછળથી નવી બનાવેલી છે, તેવુ તપાસમાં બહાર આવેલુ છે. તેમની તપાસ દરમ્યાન તેઓએ આ ગુનાના કામના મુદ્દામાલ પાવતી નં.–૧૮૨/૯૬ સબંધે પોલીસ અધીક્ષકશ્રી બનાસકાંઠાનાઓને પત્ર લખેલ, જે સબંધે રીડર પોલીસ સબ ઈન્સ્પેકટર બનાસકાંઠાનાઓએ પોલીસ અધીક્ષક શ્રી બનાસકાંઠા વતી તેમને પત્ર લખી તેમને જાણ કરેલ કે, મુદ્દામાલનુ આર્ટીકલ નંબર–(૧) પોલીસ સ્ટેશન ખાતે જમા છે તથા આર્ટીકલ નંબર–(૪) લાજવંતી હોટલનુ રજીસ્ટર પટીયાલા કોર્ટ ખાતે છે. ત્યારબાદ તેઓએ પોલીસ ઈન્સ્પેકટર શ્રી પાલનપુર શહેર પુર્વનાઓને આ ગુનાનો મુદ્દામાલ નામદાર કોર્ટમાં જમા કરાવવા માટે પત્ર લખેલ અને ત્યારબાદ તેમની સુચના મુજબ ડી.વાય.એસ.પી. શ્રી, સી.આઈ.ડી.ક્રાઈમ નાઓએ પણ પોલીસ ઈન્સ્પેકટરશ્રી પાલનપુર શહેર પુર્વ નાઓને ઉપરોકત મુદ્દામાલ નામદાર કોર્ટમાં જમા કરાવવા માટે પત્ર લખેલો. ત્યારબાદ પોલીસ ઈન્સપેકટર શ્રી પાલનપુર શહેર પૂર્વનાઓએ મુદ્દામાલ સ્થીતીનુ પંચનામુ કરી ઉપરોકત ગુનાનો મુદ્દામાલ નામદાર કોર્ટમાં જરૂરી

દસ્તાવેજો સાથે જમા કરાવેલ, તે અંગેની જાણ તેમને પત્રની નકલ મોકલી આપીને કરેલી. તેમને **આંક–૨૮૮** સાથેના પાના નંબર–(૨) બતાવામાં આવે છે. જે તેમણે પોલીસ  અધીક્ષક બનાસકાંઠાને તારીખ–૩૧/૧૦/૧૮ના રોજ જે પત્ર લખેલ તેની રજુ થયેલ અસલ ઉપરથી ખરી નકલ છે.જે પત્ર તેમણે ઉપરોકત જણાવ્યુ તે રીતે મુદ્દામાલની માહીતી મોકલી આપવા સબંધે લખેલો તેજ હોવાનુ જણાવેલ છે. તેમને **આંક–૨૮૮** સાથેના પાના નંબર–(૩) બતાવામાં આવે છે, જે જોઈને જણાવે છે કે, જે પોલીસ ઈન્સ્પેકટર પાલનપુર પુર્વનાઓએ પોલીસ અધીક્ષક બનાસકાંઠાને મુદ્દામાલ પાવતી નંબર–૧૮૨/૯૬માં જણાવેલ મુદ્દામાલ આર્ટીકલ નંબર–(૧) જમા હોવા બાબતે તથા આર્ટીકલ નંબર–(૨) અને (૩) બાબતે તપાસ કરતા મળી આવેલ નથી, તે બાબતે અને આર્ટીકલ નંબર–(૪) હોટલ લાજવંતીનુ રજીસ્ટર એન.ડી.પી.એસ. પટીયાલા કોર્ટ ખાતે જમા હોવા બાબતે લખેલ પત્રની ખરી નકલ છે. તેમને આંક–૨૮૮ સાથેના પાના નંબર–(૫) બતાવામાં આવે છે જે જોઈ જણાવે છે કે, જે તેમણે પોલીસ ઈન્સપેકટર, પાલનપુર પુર્વ પોલીસ સ્ટેશનને તા.૧૮/૯/૧૯ના રોજ લખેલ પત્રની ખરી નકલ છે, જેની નકલ પોલીસ અધીક્ષકશ્રી પાલનપુરનાઓને પણ રવાના કરેલ જે પત્રથી તેમણે જે–તે સમયે મુદ્દામાલ નામદાર એડીશનલ સેશન્સ કોર્ટ પાલનપુરમાં જમા કરાવવા જાણ કરેલી, જેમાં તેમની સહી છે. તેમને આંક–૨૮૮ સાથેના પાના નંબર–(૧૦) બતાવામાં આવે છે જે જોઈ જણાવે છે કે, જે પોલીસ ઈન્સ્પેકટર, પાલનપુરનાઓનો નામદાર કોર્ટને ઉદ્દેશેલ તા.૧૭/૩/૨૨નો રિપોર્ટ છે, જેની નકલ તેમને મળેલ. જે મુદ્દામાલ સંભાળવા બાબતેનો છે, જેની સાથે તેમાં જણાવેલ બીડાણના કાગળો સામેલ છે, જે તેમને ઉપર જણાવ્યુ છે, તે રીતે બતાવવામાં આવેલ છે તે જ છે. આ રીપોર્ટની સાથે

મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાંથી પંચો રૂબરૂ જે–તે સ્થીતિમાં લઈને નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવેલ હોવાનુ જણાઈ આવે છે. તેમને **આંક–૨૮૮** સાથેના પાના નંબર–(૯) બતાવામાં આવે છે, જે જોઈ જણાવે છે કે, જે પંચનામાનો ઉલ્લેખ તેમને મળેલ આંક–૨૮૮ સાથેના પાના નંબર–(૧૦)માં કરવામાં આવેલ છે તે છે, જે પંચનામુ પણ અસલ ઉપરથી ખરી નકલ છે. મુદ્દામાલ રજુ કરવા બાબતે તેમણે જણાવ્યુ તેમ ડી.વાય.એસ.પી. સી.આઈ.ડી. ક્રાઈમનાઓએ તા.૧૫/૩/૨૨ના રોજ પોલીસ ઈન્સ્પેકટ, પાલનપુર પુર્વનાઓને જે પત્ર લખેલ તે આંક–૨૮૮ સાથેના પાના નંબર–(૮) ઉપરનો છે, જે તેમને બતાવવામાં આવે છે, જે અસલ ઉપરથી ખરી નકલ છે, જેમાં ડી.વાય.એસ.પી. સી.આઈ.ડી. ક્રાઈમના શ્રી અશ્વીન પટેલની સહી હોવાનુ જણાવેલ છે. તેમને આંક–૨૮૮ સાથેના પાના નંબર–(૧૦)માં જણાવવામાં આવેલ અન્ય દસ્તાવેજો પણ આંક–૨૮૮ સાથે પાના નંબર–(૧), (૪), (૬), (૭) ઉપર સામેલ છે, જે પણ અસલ ઉપરથી ખરી નકલો છે, જે પાના નંબર–(૨)થી (૧૦) **આંક–૫૫૮**થી **આંક–૫૬૬** સુધીમાં રજૂ કરેલ છે. વધુમાં તેમની તપાસ દરમ્યાન સાહેદ સુમેરસિંહ રાજપુરોહીતનુ નીવેદન લીધુ, તે સમયે તેઓએ જે દસ્તાવેજો રજુ કરેલ, તે પૈકી વર્ધમાન માર્કેટ, પાલીની દુકાન ખાલી કરાવવા બાબતે એગ્રીમેન્ટ અને લખાણ તેમને મળેલ. તેમને **આંક–૪૯૯** બતાવવામાં આવે છે, તે જોઈને કહે છે કે, તેમને જે તેમણે ઉપર જણાવ્યુ તે લખાણ મળેલ તેની આ પ્રમાણિત નકલ છે. તેમની જુબાનીમાં **નીશાની–૨૫/૩૨ને આંક–૫૪૮** આપવામાં આવેલ છે, જેની સાથે તેમાં જણાવ્યા મુજબના અલગ અલગ એફ.એસ.એલ. રીપોર્ટ સામેલ કરેલ છે. તેમને આંક–૨૯૨ બતાવામાં આવે છે, જે અહેવાલ નંબર–ફસલ/તપણ/૯૬/એન.સી./૭૫ વાળા અહેવાલની

નકલ તેમણે તેમના ઉપરોકત જણાવેલ રીપોર્ટ સાથે સામેલ કરેલ તે જ છે, આ અહેવાલ આ ગુનાના કામે આઈ.બી.વ્યાસે જે અફીણનુ સેમ્પલ એફ.એસ. એલ.ને મોકલેલુ તેનો રીપોર્ટ છે. તેમને **આંક–૫૪૦** બતાવામાં આવે છે, જે અહેવાલ નંબર–ફસલ/તપણ/૯૬/એન.સી./૧૪૧ વાળા અહેવાલની નકલ તેમણે તેમના ઉપરોકત જણાવેલ રીપોર્ટ સાથે સામેલ કરેલ તે જ છે. આ અહેવાલ આ ગુનાના કામે વિભાગીય પોલીસ અધીકારી, પાલનપુરનાઓએ જે અફીણનું સેમ્પલ એફ.એસ.એલ.ને મોકલેલુ તેનો રીપોર્ટ છે. તેમને **આંક–૫૨૦** બતાવામાં આવે છે, જે અહેવાલ નંબર ફસલ/તપણ/૯૬/એન.સી./૮૦ વાળા અહેવાલની નકલ, તેમણે તેમના ઉપરોકત જણાવેલ રીપોર્ટ સાથે સામેલ કરેલ તથા આંક–૫૦૨ જે તેમણે અહેવાલની નકલ તેમના **આંક–૫૪૮** વાળા રિપોર્ટમાં સંદર્ભ અનુક્રમ નંબર–(૩) તરીકે દર્શાવેલ તે રિપોર્ટની સર્ટિફાઈડવાળી નકલ ઓળખી બતાવેલ છે. તેમને **આંક–૫૪૮**ની સાથેના સંદર્ભ–(૪)માં દર્શાવેલ અહેવાલ નંબર–ફસલ/તપણ/૯૬/એન.સી/૭૭ની **આંક–૫૪૮** સાથે સામેલ નકલ બતાવતા જેની એક નકલ તેમણે એફ.એસ.એલમાં મોકલેલ હતી તે તેમણે ઓળખી બતાવેલ છે. ઉપરોકત ચારેય રીપોર્ટની નકલોને તેમણે આંક–૫૪૮ વાળા તેમના વિનંતી પત્ર સાથે એફ.એસ.એલ.ને મોરફીનની માત્રા અંગે મોકલી આપેલ તે તેઓએ ઓળખી બતાવેલ છે. તેમને **માર્ક–૨૫/૧૩** બતાવવામાં આવે છે, જે સુમેરસિંહ રાજપુરોહીતને આ ગુનાના કામે નામદાર ચીફ. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબે કેદમાં પાછા મોકલ્યા અંગેનુ વોરંટ છે, જે તેમને તપાસના કાગળમાં મળેલ તે જ હોવાનુ જણાવેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેમને આંક–૨૩ બતાવામાં આવે છે. જેમાં તેમની સહી હોવાનુ જણાવી જે રીપોર્ટ સાથે તેમને તેમની વધુ તપાસ દરમ્યાન મળી આવેલ પુરાવા

તેઓએ સાથેના ફેરીસ્ત મુજબ નામદાર કોર્ટમાં નકલોના સેટ સાથે રજુ કરેલ તે અંગેના હોવાનુ જણાવેલ છે. તેમને આંક–૭૪ બતાવવામાં આવેલ છે, જે તેમણે નામદાર કોર્ટમાં રજુ કરેલ જેની સાથે તેમણે આ ગુનાના કામે તેમની પાસેના અસલ કાગળો તથા અન્ય કાગળો આંક–૭૫ વાળા ફેરીસ્ત મુજબના નામદાર કોર્ટમાં રજુ કરેલા, જે આંક–૭૪ તથા આંક–૭૫માં તેમની સહી છે જે ઓળખી બતાવેલ છે અને આંક–૭૫ના કાગળોનુ વર્ણન તારીખ જેવી વીગતો હોવાનુ જણાવેલ છે. તેમને આંક–૧૬૭ બતાવતા જે તેઓએ રજુ કરેલ પુરશીશ તથા તેની સાથેના આંક–૧૬૮માં જણાવેલ કાગળો તેઓએ રજુ કરેલ હતા. જેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, તેમને આંક–૧૫૩ બતાવામાં આવે છે, જેમાં તેમની સહી છે. જે તેમણે નામદાર કોર્ટમાં રજુ કરેલ કાગળો બાબતેની હોવાનુ જણાવેલ છે. તેમજ તેઓને આંક–૭૪ સાથેના આંક–૭૫ વાળા અસલ કાગળોના ફેરીસ્ત અનુક્રમ નંબર–(૫૯)ની વિગતવાળો દસ્તાવેજ બતાવામાં આવે છે. જે તેમણે જુબેર અબ્દુલભાઈ માંકણોજીયાના ક્રિ.પો. કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનની સહી સીકકાવાળી નકલ માંગેલ, તે સહી સીકકાવાળી નકલ તેઓએ ઓળખી બતાવેલ છે. તેમજ તેમને **નીશાની–૩૮૮/૪/૪** વાળો દસ્તાવેજ બતાવતા તેમણે જે જુબેર અબ્દુલભાઈ માંકણોજીયાનુ ક્રિ.પો.કોડ ક.–૧૬૪ મુજબના નિવેદનના સહી સીકકાવાળી નકલ મેળવેલ હતી તેની અસલ હોવાનુ જણાવેલ છે. વધુમાં સદર સાહેદની જુબાની દરમ્યાન રીફર થયેલ સર્ટીફાઈડ નકલો **નિશાની–૩૮૮/૪/૪**ને **આંક–૫૭૧**થી રજૂ કરેલ છે અને આંક–૭૫ વાળી ફેરીસ્તને આંક–૫૭૧થી રજૂ કરેલ છે. તપાસ દરમ્યાન તા.૬/૫/૯૬ના રોજનો એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીના રૂબરૂ સુમેરસિંહ રાજપુરોહીતનાઓની ઓળખ

અંગેનો દસ્તાવેજ તથા તેજ દિવસે ત્યારબાદ ઈન્દ્રવદન વ્યાસના રૂબરૂમાં થયેલ બીજો ઓળખ અંગેનો દસ્તાવેજ અગાઉની તપાસના કાગળોમાં તેઓને મળેલા, જે બાબતે પણ તેઓએ તપાસ કરેલી.

**સદર સાહેદ શ્રી વિરેન્દ્રસિંહ યાદવ કે જેઓ ફરીયાદપક્ષે આ કેસની ચાર્જશિટ કરનાર અને તપાસ કરનાર અમલદાર છે તેમની બચાવપક્ષે મુદ્દામાલ સબંધે બચાવમાં પુછેલ પ્રશ્નોત્તરી નીચે મુજબ રેકર્ડ ઉપર આવી છે.**

**પ્રશ્ન:**–એન.ડી.પી.એસ.ના કેસમા માદક પદાર્થ ચકાસણીનો એફ.એસ. એલ.નો રીપોર્ટ મેળવવો અને નામદાર કોર્ટના રેકર્ડે રજુ કરવો જરુરી છે?

**જવાબ:**–આ વાત ખરી છે અને ઉપરોકત ગુનાની ચાર્જશીટ સાથે માદક પદાર્થ ચકાસણીનો એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરેલો છે.

**પ્રશ્ન:**–એન.ડી.પી.એસ.ના કેસમા કબજે લેવાયેલ માદક પદાર્થ તેમજ અન્ય મુદ્દામાલની વિગત ચાર્જશીટમા દર્શાવવી જરુરી છે અને તેથી તમે કોલમ નં.–૧૦ મા તે વિગત દર્શાવેલી છે ?

**જવાબ:**–આ ગુનાના કામે મુદામાલ કબજે થયેલો હોય તેથી અમોએ કોલમ નંબર–૧૦ મા વિગત દર્શાવેલ છે.

**પ્રશ્ન:**–આ ચાર્જશીટ સાથે કોઈ મુદામાલ રજુ કરેલ ન હતો ?

**જવાબ:**–આ વાત ખરી છે. મારુ કહેવુ છે કે, મુદ્દામાલ અંગેની માહીતી મેળવવા માટે અમોએ પોલીસ અધીક્ષકશ્રી બનાસકાંઠા ના ઓને પત્ર લખી અને ત્યારબાદ નામદાર કોર્ટમા મુદ્દામાલ જમા કરાવવા માટે પણ પાલનપુર શહેર પો.ઈન્સ.

નાઓને પણ પત્રો લખેલા અને તેઓ ધ્વારા નામદાર કોર્ટમાં મુદ્દામાલ પાવતીનુ આર્ટીકલ નંબર–૧ તેઓ ધ્વારા નામદાર કોર્ટમા જમા કરાવવામા આવેલ છે.

એ વાત ખરી છેકે ઉપરોકત મે જે જણાવ્યુ છે તે ઉલ્લેખ ચાર્જશીટ ના ટીપમા કરેલો નથી.

સુચક પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે ચાર્જશીટના કોલમ નંબર–૧૦મા દર્શાવેલ મુદ્દામાલ કયારે રજુ કરવામા આવશે અગર તો હાલ કોની પાસે કઈ સ્થીતી મા છે તેનો કોઈ ઉલ્લેખ ચાર્જશીટના ટીપમા કરેલ નથી.જીલ્લા પોલીસ અધીક્ષક સાહેબની કચેરી તરફથી મને તેની સ્થીતી અંગેની જાણ થયેલી. પત્ર મળ્યો ત્યારે મને કોલમ નંબર–૧૦ મા દર્શાવેલ મુદ્દામાલ કયા છે તે અંગેની માહીતી પત્રથી મળેલી. એ વાત ખરી છે કે, સદર પત્રથી જાણ મળી તે પહેલા મે મુદ્દામાલ અંગે નામદાર કોર્ટમા કોઈ લેખીત જાણ કરેલી નથી. હાલ મને અત્યારે યાદ નથી કે મુદ્દામાલ અંગે મે જીલ્લા પોલીસ અધીકારીને પત્ર લખેલો તેની નકલ અદાલત તરફ રવાના કરેલી હતી કે કેમ? એ વાત ખરી છે કે, જીલ્લા પોલીસ અધીકારી શ્રીએ મુદ્દામાલ અંગે મારા પત્રના જવાબમા પત્ર લખી જાણ કરી અને મને જાણ મળી તે પછી તુરત જ મે અદાલતમા તે અંગેની કોઈ જાણકારી પત્ર લખી મોકલી હોય તેવુ બનેલ નથી. સાહેદ જણાવે છે કે, સદરહુ મુદ્દામાલ નામદાર કોર્ટમા જમા કરાવવા માટે સબંધીત પો.સ્ટે. અધીકારીનાઓને પત્ર લખી જણાવવામા આવેલ છે. એ વાત ખરી છે કે, આ કેસના કામે સરકારી વ.શ્રી હાજર થયા બાદ તેઓએ મુદ્દામાલ અદાલતમા રજુ થવા અંગે મને કોઈ પત્ર લખી જાણ કરેલ નથી. હાલ હુ ચોકકસ કહી શકુ નહી કે તેઓએ મને ટેલીફોનથી કે રુબરુમા તેવી સુચના

કરેલી હતી કે કેમ? એ વાત ખરી છેકે ચાર્જશીટ રજુ કર્યા બાદ જીલ્લા પોલીસ અધીકારીશ્રીને મે મુદ્દામાલ અંગે જે પત્ર મોકલેલો તેની નકલ સરકારી વ. શ્રીને મોકલેલી નહી.''

બચાવપક્ષે પોતાના બચાવ અર્થે તાર્કીક અને સજેસ્ટીવ પ્રશ્નો પુછતા સાહેદે નીચે પ્રમાણેના જવાબોથી પુરાવો આપેલ છે તેમણે જણાવેલ છે કે, ....

ચાર્જશીટ રજુ કરતી સમયે હુ પોલીસ અધીક્ષક (વહીવટ) સી.આઈ.ડી. ક્રાઈમ તરીકેના હોદ્દા ઉપર હતો અને ત્યારબાદ તે હોદ્દા ઉપર તા.૨/૮/૨૦ સુધી ફરજ ઉપર હતો અને બાદમા મારી બદલી પોલીસ અધીક્ષક અમદાવાદ ગ્રામ્યમા થયેલી. ચાર્જશીટ રજુ કર્યા બાદ અને તા.૨/૮/૨૦મા મારી બદલી થઈ તે સમયે દરમ્યાન હુ અદાલતમાં આ કેસના કામે આવેલો હતો.

મે મારી નોકરી દરમ્યાન–૨૦૧૩ પહેલા ઘણા બધા ગુનાઓની તપાસ કરેલી છે.

**પ્રશ્ન:**–આરોપીનુ ખરાબ ચારિત્ર્ય એ આરોપી સામેના તહોમતમા તેના વિરૂધ્ધનો પુરાવો નથી તેવી કાયદાની જોગવાઈ છે તેની આપને જાણ છે?

**જવાબ:**–હાલ મને ચોકકસ ખબર નથી અને જે પણ કાયદાની જોગવાઈ મા છે તે છે.

એ વાત ખરી નથી કે, આરોપી શ્રી સંજીવભટ્ટ વિરુધ્ધ પુર્વગ્રહના કારણે મે ચાર્જશીટના કોલમ નંબર–૧૧ (૨)મા આરોપીના ગુનાહીત ઈતીહાસની વિગતો ખોટી રીતે દર્શાવેલ છે.

**પ્રશ્ન**:–ચાર્જશીટ કર્યુ તે પહેલા આરોપી નંબર–ર વિરુધ્ધ પાલી કોતવાલી પો.સ્ટે. ગુ.રજી નંબર–૪૦૩/૯૬ ના ગુનાની વિગત કોલમ નં.–૫ મા દર્શાવેલ છે.

**જવાબ**:–એ વાત ખરી છે.

**પ્રશ્ન**:–મજકુર પાલી કોતવાલી પો.સ્ટે ગુ.રજી નંબર–૪૦૩/૯૬ વાળા ગુનાના કામે શ્રી સંજીવભટ્ટ ઉપરાંત શ્રી આઈ.બી.વ્યાસ ,શ્રી આર.આર. જૈન, શ્રી કુટરમલ, શ્રી આર.પી.પટેલ એલ.સી.બી. પી.એસ.આઈ. પાલનુપર, શ્રી પી.જે.ચૌધરી પી.એસ.આઈ, શ્રી આર.બી.યાજ્ઞીક પી.એસ.આઈ, પો.કોન્સ શ્રી પ્રવિણભાઈ પરમાર, હે.કોન્સ હંજારીભાઈ વિગેરે આરોપી તરીકે દર્શાવેલ હતા.

**જવાબ**:–એ વાત ખરી છે.

**પ્રશ્ન**:–ઉપરોકત તમામ ઈસમો વિરુધ્ધ મજકુર ગુનામા તેઓ સામે હકુમત ધરાવતી સ્પે.એન.ડી.પી.એસ. કોર્ટમા ચાર્જશીટ થયેલુ છે.

**જવાબ**:–ઉપરોકત ઈસમો પૈકી કુટરમલ જૈન વિરુધ્ધ ચાર્જશીટ થયેલુ છે પરંતુ અન્યની વિરુધ્ધમા કોઈ ચાર્જશીટ જે તે નામદાર કોર્ટમા સબમીટ થયેલી હોય તેવી મારા પાસે ઉપલબ્ધ કાગળો મા એવો કોઈ રેકોર્ડ /માહીતી નથી જેથી મને ઉપરોકત બાબતે ખબર નથી.

એ વાત ખરી નથી કે મારી શરુની તપાસ થીજ મજકુર ગુના મા સદરહુ તમામ ઈસમો વિરુધ્ધ રાજસ્થાન ની જે તે નામદાર કોર્ટ મા ચાર્જશીટ થયેલાની મને જાણ હતી અને છે.

એ વાત ખરી છે કે, મે ચાર્જશીટના કોલમ નંબર–૧૧(૧) મા શ્રી ઈન્દ્રવદન વ્યાસ અંગે ગુનાહીત ઈતીહાસની કોઈ વીગત લખેલી નથી. હાલ

મને ચોકકસ યાદ નથી કે મે શ્રી આઈ.બી.વ્યાસ અંગે ગુનાહીત ઈતીહાસની તપાસ માહીતીની કાર્યવાહી કરેલી હતી કે કેમ? મે મારી તપાસ દરમ્યાન શ્રી સંજીવભટ્ટ વિરુધ્ધના ગુનાઓ અંગેની માહીતી મેળવવા માટે અમારા પોલીસ ખાતાની જુદી જુદી પોલીસ કચેરીઓમાંથી માહીતી માગી અને મેળવેલ હતી.અલગ અલગ યુનીટોમાંથી મેસેજ અથવા પત્રો લખીને માહીતી માંગેલી અને મને મેસેજ અગર પત્રો ધ્વારા તેવી માહીતી મળેલી. મને હાલ ચોકકસ યાદ નથી કે શ્રી આઈ.બી.વ્યાસ અંગે આવી માહીતી મેળવવા અંગે મે પત્રો અગર મેસેજ કરેલા હતા કે કેમ?

**પ્રશ્નઃ**–પાલી કોતવાલી પો.સ્ટે ગુ.રજી નંબર–૪૦૩/૯૬ના ગુના ઉપરાંત શ્રી આઈ.બી.વ્યાસ વિરુધ્ધના બીજા પણ ગુનાઓ નોંધાયેલ હતા તેવી વીગત તમારી પાસે આવેલી હતી અને તમે મેળવેલી હતી.

**જવાબઃ–**એ વાત ખરી નથી.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, શરુઆતથી જ શ્રી આઈ.બી.વ્યાસનો બચાવ કરવાના ઈરાદાથી તેમના વિરુધ્ધના પાલી કોતવાલી પો.સ્ટે. ગુ.રજી નંબર–૪૦૩/૯૬ તેમજ અન્ય ગુનાઓની માહીતી મારી પાસે ઉપલબ્ધ હતી તે છતા ચાર્જશીટના કોલમ નંબર–૧૧(૧)મા તેમના ગુનાના ઈતીહાસના કોલમમા ઈરાદા પુર્વક તે હકીકતો લખેલ નથી.

આ ઉપરાંત સાહેદને ચાર્જશિટ સાથે રજુ કરેલ અને નહી રજુ કરેલા તથા કોર્ટના રેકર્ડમાં ઉપલબ્ધ દસ્તાવેજો અંગે બચાવપક્ષે પ્રશ્નો પુછાયેલા છે જેનો

સાહેદે યોગ્ય તે જવાબ આપેલ છે, તે રેકર્ડ ઉપર નોંધાયેલ હોઈ અને જનરલ જાણકારી અર્થેના પ્રશ્નો હોઈ તેનુ પૂનરાવર્તન અત્રે કરેલ નથી.

બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ ત.ક.અ.શ્રી હાલના આ સાહેદને તપાસ અને તપાસ દરમ્યાન તેમણે કરેલ કાર્યવાહી અર્થે બચાવ ને તકરારો અંગે જે તાર્કીક તથા સુચક પ્રશ્નો કરેલા છે તેમાં સાહેદે નીચે મુજબનો પુરાવો જુબાનીમાં આપેલ છે.

**પ્રશ્ન**:– તમને ચાર્જશીટ કોલમ નં.૧૬(૩) માં બતાવી પુછવામાં આવે છે કે તે કોલમમાં તમે નામળ. ગુજરાત હાઈકોર્ટના હુકમના પેરા–૨૧, ૨૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬ નું વિવરણ દર્શાવેલ છે તેમાં જજમેન્ટના પેરા–૨૩ નું વિવરણ દર્શાવેલ નથી ?

**જવાબ**:– મારૂ કહેવું છે કે નામ. હાઈકોર્ટ ધ્વારા તા.૩/૪/૨૦૧૮ના રોજ આ ગુનાની તપાસ માટે એસ.આઈ.ટી.ની રચના કરીને તપાસ કરવા માટે આદેશ કરેલો જે ઓર્ડર નામ. હાઈકોર્ટનો છે જ અને ચાર્જશીટના કોલમ નં.૧૬(૩) માં મને ઉપરોકત નામ. હાઈકોર્ટના ઓર્ડર ના જે પેરા જરૂરી લાગેલા તે દર્શાવેલા છે.

સાહેદને આંક–૨૭૨ લખેલ એક કેસ ડાયરી બતાવેલ છે, જે જોઈ સાહેદે જણાવેલ છે કે, તે કેસ ડાયરી અંગે તેઓએ અદાલતમાં સર્ટીફાઈડ નકલની માંગણી કરેલી પરંતુ તેઓને તેની કાચી નકલ મળેલી, જયારે આંક–૨૭૩ લખેલ બીજી એક ડાયરી બતાવાયેલ છે તે જોતાં તે ડાયરી તેઓને તપાસના કાગળોમાં મળેલી હતી તે છે. સદર બંને વાંચી સાહેદને બચાવપક્ષે પુછેલ પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, તે કેસ ડાયરીમાં શ્રી આઈ.બી. વ્યાસ, શ્રી આર.બી. બ્રહમભટ્ટ, શ્રી કે.સી. બાવા, શ્રી સી.કે. પારઘી, શ્રી એસ.

બી. પટેલ, શ્રી મોથલીયાનાઓએ તપાસ કરેલાનો ઉલ્લેખ છે. એ વાત સ્વિકારી છે કે, તેઓએ વંચાણે લીધેલ કેસ ડાયરીમાં શ્રી મોથલીયાએ (એ) સમરી ભર્યાનો ઉલ્લેખ છે.

એ વાત સ્વિકારી છે કે, તેઓને વાંચવા માટે આપવામાં આવેલ આંક–૨૭૩ વાળી ડાયરીમાં તા.૮/૩/૧૯૯૭ થી શ્રી એસ.બી.પટેલનાઓએ શ્રી સી.કે. પારઘી પાસેથી ગુ.ર.નં.૨૧૬/૯૬ના ગુનાની તપાસ સંભાળેલી તેવું ડાયરી નોંધ નં.૨૫ ઉપરથી જણાઈ આવે છે. ઉપરાંત તા. ૮/૩/૧૯૯૭ થી તા.૨૨/૫/૯૯ સુધી સતત આ ગુનાની તપાસ શ્રી એસ.બી. પટેલ પાસે હતી તેમજ તે દિવસે તેમની બદલી થતાં શ્રી જે.આર. મોથલીયા, ડી.વાય.એસ.પી. શ્રીને આગળની તપાસ કાગળો તથા અસલ ડાયરી સાથે સોંપેલી હતી તેવું નોંધોમાંથી જણાઈ આવે છે. સાથે સાથે તા.૨૨/૫/૯૯ થી શ્રી મોથલીયાએ શ્રી એસ.બી. પટેલ પાસેથી તપાસ સંભાળી તા.૨૭/૨/૨૦૦૦ સુધી તપાસ કરેલી અને તે દિવસે પાલનપુર શહેર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુ.ર.નં.૨૧૬/૯૬ના કામે 'અ' પડત સમરી ભરેલી અને તે સમરી સાથે આ કેસના તમામ અસલ કાગળો હકુમત ધરાવતી કોર્ટમાં સોંપેલા તેવી પણ નોંધ જણાઈ આવે છે.

બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ ઉલટતપાસમાં આ સાહેદ ત.ક.અ.શ્રીને પાલી કોતવાલી પો.સ્ટે.માં નોંધાયેલ ગુના અંગે સુચક પ્રશ્નો પુછવામાં આવતા સાહેદે નીચ મુજબ જુબાનીથી પુરાવો આપેલ છે.

**પ્રશ્ન:**–તમને તા.૨૮/૧૨/૧૯૯૭ નો શ્રી એસ.બી.પટેલએ કલ્યાણમલ શર્મા ને પાલી કોતવાલી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૪૦૩/૧૯૯૬ ના તપાસના કાગળો મોકલી આપવા

સંબંધે સ્મૃતિપત્ર પાઠવેલ તે પત્ર કે જે આ કામે ટેન્ટેટીવ આંક–૪૩૯ થી રજુ છે. તે બતાવી એવુ પુછવામાં આવે છે કે તે પત્ર આપે ચાર્જશીટમાં રજુ કરેલ નથી.

**જવાબઃ–** તે વાત ખરી છે. મારુ કહેવુ છે કે ઉપરોકત જણાવેલ પત્ર પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૧૯૯૬ના ગુનાની તપાસ સાથે સબંધના હોઈ અને પાલી કોતવાલી ગુના નં.૪૦૩/૯૬ અને પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૯૬ આ બંને ગુનાઓ એકબીજાથી સેપરેટ અને ડીસ્ટીંકટ ગુનાઓ હોઈ જેથી ઉપરોકત જણાવેલ પત્ર અમારી તપાસની ચાર્જશીટમાં જણાવવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

**પ્રશ્ન**:–તમને તા.૦૩/૧૧/૧૯૯૭ નો શ્રી એસ.બી.પટેલ એ કલ્યાણમલ શર્મા ત.ક.અધિ.પાલી કોતવાલી પો.સ્ટે.ફ. ગુ.ર.નં.૪૦૩/૧૯૯૬ નાઓને તેમણે કરેલી તપાસ અંગે કુલ–૧૭ કાગળો અત્રે મોકલી આપવા સંબંધે પત્ર પાઠવેલ તે પત્ર કે જે આ કામે ટેન્ટેટીવ આંક–૪૪૦ થી રજુ છે. તે બતાવી એવુ પુછવામાં આવે છે કે તે પત્ર આપે ચાર્જશીટમાં રજુ કરેલ નથી.

**જવાબ**:– તે વાત ખરી છે. મારુ કહેવુ છે કે ઉપરોકત જણાવેલ પત્ર પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૧૯૯૬ ના ગુનાની તપાસ સાથે સબંધના હોઈ અને પાલી કોતવાલી ગુના નં.૪૦૩/૯૬ અને પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૯૬ આ બંને ગુનાઓ એકબીજાથી સેપરેટ અને ડીસ્ટીંકટ ગુનાઓ હોઈ જેથી ઉપરોકત જણાવેલ પત્ર અમારી તપાસની ચાર્જશીટમાં રજૂ કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી અને ઉપરોકત જણાવેલ પત્ર પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૯૬ અંગેની ગેરકાયદેસર રીતે અફીણ ખરીદવાનું, ગેરકાયદેસર રીતે રાખવાનું, ગેરકાયદેસર રીતે મુકવાનું અને ગેરકાયદેસર રીતે ઉપયોગ કરવા અંગેની તપાસનું નથી.

**પ્રશ્નઃ**–તમને તા.૧૮/૧૧/૧૯૯૭ નો શ્રી એસ.બી.પટેલ એ કલ્યાણમલ શર્મા ત.ક.અધિ.પાલી કોતવાલી પો.સ્ટે. ફ.ગુ.ર. નં.૪૦૩/૧૯૯૬ નાઓને તેમણે કરેલી તપાસ અંગે કાગળો અત્રે મોકલી આપવા સંબંધે સ્મૃતિપત્ર પાઠવેલ તે પત્ર કે જે આ કામે ટેન્ટેટીવ આંક–૪૪૧ થી રજુ છે. તેમજ તે જ સંદર્ભેનો તા.૧૪/૪/૯૮ના રોજનો પત્ર કે જે આ કામે ટેન્ટેટીવ આંક–૪૪૨ થી રજુ છે. તે બતાવી એવુ પુછવામાં આવે છે કે તે બંને પત્રો આપે ચાર્જશીટમાં રજુ કરેલ નથી.

**જવાબઃ**– મારુ કહેવું છે કે તા.૩/૪/૨૦૧૮ના નામ.હાઈકોર્ટના હુકમ આધારે પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૯૬ ની તપાસ અમોએ કરેલી જેમાં ગેરકાયદેસર રીતે અફીણ પ્લાન્ટ કરવાનું, ખરીદવાનું અને ગેરકાયદેસર રીતે ઉપયોગ કરવા અંગેની તપાસ કરવામાં આવેલ અને ઉપરોકત જણાવેલ પત્રો અમારી તપાસ સાથે સંબંધ ન હોઈ અને ઉપરોકત જણાવેલ પત્રો પાલી કોતવાલી ગુ.ર. નં.૪૦૩/૯૬ ના કાગળોની બાબત અંગેના હોઈ અને પાલી કોતવાલી ગુ.ર. નં.૪૦૩/૯૬ તથા અમારી તપાસનો પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૯૬ બંને ગુનાઓ એકબીજાથી ડીસ્ટીંકટ અને સેપરેટ હોઈ જેથી અમારી તપાસની ચાર્જશીટમાં સદરહુ પત્રો રજુ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

**પ્રશ્નઃ**– તમને તા.૮/૧૧/૧૯૯૯નો બી.કે.ગોડીકા આઈ.પી.એસ.ને ઉપરોકત પાલી કોતવાલી પો.સ્ટે.ગુ.ર.નં.૪૦૩/૯૬ના કાગળોની નકલો મોકલી આપવા શ્રી જે.આર.મોથલીયાએ લખેલો પત્ર પણ કે જે આ કામે ટેન્ટેટીવ આંક–૪૪૩ થી રજુ છે. તે બતાવી એવુ પુછવામાં આવે છે કે તે પત્ર આપે ચાર્જશીટમાં રજુ કરેલ નથી.

**જવાબ:–** મારુ કહેવું છે કે તા.૩/૪/૨૦૧૮ના નામ.હાઈકોર્ટના હુકમ આધારે પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૯૬ ની તપાસ અમોએ કરેલી જેમાં ગેરકાયદેસર રીતે અફીણ પ્લાન્ટ કરવાનું, ખરીદવાનું અને ગેરકાયદેસર રીતે ઉપયોગ કરવા અંગેની તપાસ કરવામાં આવેલ અને ઉપરોકત જણાવેલ પત્ર અમારી તપાસ સાથે સંબંધ ન હોઈ અને ઉપરોકત જણાવેલ પત્ર પાલી કોતવાલી ગુ.ર.નં.૪૦૩/૯૬ ના કાગળોની બાબત અંગેના હોઈ અને પાલી કોતવાલી ગુ.ર.નં.૪૦૩/૯૬ તથા અમારી તપાસનો પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૯૬ બંને ગુનાઓ એકબીજાથી ડીસ્ટીંકટ અને સેપરેટ હોઈ જેથી અમારી તપાસની ચાર્જશિટમાં સદરહુ પત્ર રજુ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

**પ્રશ્ન**:– શ્રી એસ.બી.પટેલે તા.૧૪/૨/૯૮ના રોજ જીલ્લા પોલીસ અધિકારીને ગુજરાત સરકાર ગૃહ વિભાગ તરફથી આવેલ સૂચના અન્વયે જીલ્લા પોલીસ અધિકારીને પાઠવેલ પત્ર કે જે ટેન્ટેટીવ આંક–૪૪૯ થી રજુ છે તે તમોને બતાવી પુછવામાં આવે છે કે તે અહેવાલ તમોએ ચાર્જશિટ સાથે સાથે દર્શાવેલ નથી.

**જવાબ:–** ઉપરોકત જણાવેલ પત્ર પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં. ૨૧૬/૯૬ ની તપાસ ન હોઈ ચાર્જશીટમાં દર્શાવવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી તેઓ ધ્વારા પાલનપુર શહેર પ્રોહી ગુરનં.૨૧૬/૯૬ અંગેની અફીણના પ્લાન્ટેશન, ગેરકાયદેસર ખરીદી અને ગેરકાયદેસર રીતે ઉપયોગની કોઈ તપાસ કરવામાં આવેલી હોય તેવુ જણાતું નથી.

**પ્રશ્ન**:– તમને આ કામે ટેન્ટેટીવ આંક–૪૫૦ થી રજુ એક પત્ર કે જે શ્રી એ.કે.પંડયા, જીલ્લા પોલીસ અધિકારીનાએ શ્રી જે.એમ.પ્રજાપતિ, સેકશન અધિકારી, ગૃહ

વિભાગ ગાંધીનગરને લખેલ છે તે બતાવી એવુ પુછવામાં આવે છે કે સદરહુ પત્ર તમે ચાર્જશીટમાં દર્શાવેલ નથી.

**જવાબ:–** ઉપરોકત પત્ર મારી તપાસ સાથે સંબંધ ધરાવતો ન હોઈ મે ચાર્જશીટમાં દર્શાવેલ નથી.

**પ્રશ્ન**:– સાહેદશ્રી શાંતીલાલ ગુપ્તાએ તેમજ સાહેદ મનુભાઈ કોદરવીએ આપેલ વર્ણન અનુસાર બનાવરાવેલ રેખા ચિત્રો કે જે સંયુકત ટેન્ટેટીવ આંક–૪૫૧ થી રજુ કરેલ છે જે તમને બતાવી એવુ પુછવામાં આવે છે કે સદરહુ રેખાચિત્રો તમે ચાર્જશીટમાં દર્શાવેલા નથી.

**જવાબ:**– અમારી તપાસમાં તહોમતદારોએ ખોટા કાગળો ઉભા કરીને ખોટો કેસ કરેલ હોઈ તેવા પુરાવા મળેલ હોઈ, ઉપરોકત રેખાચિત્રો ચાર્જશીટમાં દર્શાવવાનું જરુરીયાત રહેતી નથી અને ખોટા કાગળો આધારે ખોટો કેસ કરવામાં આવેલ હોઈ તેવા રેખાચિત્રોના કાગળો દર્શાવવા જરુરી નહી લાગેલ.

**પ્રશ્ન**:–ગુના રજીસ્ટર નંબર–૨૧૬/૯૬ના કામે તપાસનીસ અધીકારીઓએ તપાસ કરેલી છે અને નીવેદનો લીધેલા છે અને બાદમા (એ)સમરી ભરેલી છે અને તે તપાસના કાગળો પણ સમરી સાથે રજુ કરેલા છે.

**જવાબ:**–આ વાત ખરી છે કે અગાઉ ની તપાસ ના કાગળો સમરી ભરેલ રજુ કરેલ છે.પરંતુ મારુ કહેવુ છે કે અમારી તપાસમા પુરાવા મળેલા કે તહોમતદારો ખોટા કાગળો બનાવીને ખોટો કેસ કરેલ છે અને તહોમતદારો એ ડીપ રુટેડ કોન્સ્પીરસીની તહત ગેરકાયદેસર રીતે અફીણ ખરીદવાનુ ,રાખવાનુ , અને પ્લાન્ટ કરવાનુ ગુનાહીત કૃત્ય કરેલ છે અને તે ખોટો કેસ સાચો દર્શાવવાના ભાગરુપે ખોટા કાગળો તૈયાર

કરવામા આવેલા અને તે આધારે તહોમતદાર આઈ.બી.વ્યાસ પછીની તપાસ તે કાગળો ના આધારે કરવામા આવેલી છે.

એ વાત ખરી છે કે, ઉપરોકત મે જે જણાવ્યુ છે તે હકીકત મારી તપાસ દરમ્યયાન નીકળી આવેલી હતી.

**પ્રશ્ન**:–આપે ઉપર જે જવાબ આપ્યો છે તેવા કોઈ તારણો કે કારણો નામદાર ગુજરાત હાઈકોર્ટે પોતાના હુકમ મા આપેલા નથી.

**જવાબ**:–મારુ કહેવુ છે કે, તા.૩/૪/૨૦૧૮ના રોજનો નામદાર હાઈકોર્ટ ધ્વારા આ ગુનાની તપાસ કરવા માટે એસ.આઈ.ટી ની રચના કરવા અંગે હુકમ કરેલ અને ગુના નંબર–૨૧૬/૯૬ ની તપાસ માટે જ ઉપરોકત આદેશ થયેલ હોઈ અને આ આદેશ મુજબ અમારી તપાસ કરનાર અધીકારી તરીકે નીમણુક થયેલ હોઈ ઉપરોકત આદેશ પછી અમોએ તપાસ શુરુ કરેલી.

**પ્રશ્ન**:–તમે તમારી તપાસ દરમ્યાન ગુ.રજી નંબર–૨૧૬/૯૬ના કામે બ્રહમભટ્ટ સાહેબનો જવાબ લીધેલો ત્યાર બાદના (એ)સમરી રજુ કરી ત્યાં સુધીમા આ ગુનાની તપાસ કરનાર અધીકારીઓની પુછપરછ કરેલી નહી અને તેમના જવાબો પણ લીધેલા નહી.

**જવાબ**:–બ્રહમભટ્ટ સાહેબે સદર મુદ્દામાલનુ બીજી વાર સેમ્પલ લેવા માટે પંચનામુ કરેલ હોય અને સદર સેમ્પલ અંગેનુ એફ.એસ.એલ.માંથી રીપોર્ટ મંગાવવા માટે કાર્યવાહી કરેલ હોય જેથી તેઓનુ નીવેદન અમારી તપાસ દરમ્યાન લેવામા આવેલ અને બ્રહમભટ્ટ સાહેબે પણ ઉપરોકત કામગીરી સિવાય કોઈ બીજી કામગીરી તેઓની તપાસ દરમ્યાન કરેલ હોય તેવુ જણાતુ ન હોઈ અને તેના

પછીના તપાસ કરનારા અધીકારીઓ ઘ્વારા પણ અફીણ અંગેના ગેરકાયદેસર ખરીદ, ગેરકાયદેસર પઝેશન, ગેરકાયદેસર ઉપયોગ અને ગેરકાયદેસર રીતે પ્લાન્ટેશન કરવાના ગુનાહીત કૃત્ય અંગેની કોઈ તપાસ કરવામા આવેલી હોય તેવુ જણાતુ ન હોઈ તેમજ ઉપરોકત તપાસ અધીકારીઓ એ જે કોઈ તપાસ કરેલ તે ખોટો કેસ સાચો લાગે એવા કાગળો તહોમતદારો ઘ્વારા ઉભા કરવામા આવેલા હોઈ અને તે સાચા દર્શાવવાના ભાગ રુપે જે કાગળો તૈયાર કરવામા આવેલ તેના આધારે આગળની તપાસ કરેલી હોય તથા ઉપરોકત જણાવેલ તપાસ કરનાર અધીકારીઓની ઉપરોકત ગુના અંગે અફીણની ખરીદ અને પ્લાન્ટેશન અંગે તે અધીકારીઓ ની કોઈ સંડોવણી જણાતી ન હોઈ જેથી તેઓની પુછપરછ કરવાની મને જરુરી નહી લાગેલી.

સાહેદે અનુસંધાને એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પુછવામા આવેલ સવાલનો ટુંકમા જવાબ આપવાનુ ટાળીને તેઓ વધારાની હકીકતો સહીતનો જવાબ ખોટી રીતે આપી રહયા છે.

એ વાતનો સાહેદે સ્વિકાર કરેલ છે કે, (એ) સમરી ભરાઈ ત્યાં સુધી કેસ ડાયરી તેઓએ વાંચેલી. એ વાત સ્વિકારી છે કે, તેઓએ કેસ ડાયરીની નોંધો સાથે પાલનપુર સીટી પ્રોહી ગુ.રજી નંબર–૨૧૬/૯૬ ની તપાસ અને (એ) સમરી સુધીના તપાસના કાગળો વાંચેલા. એ વાતનો સ્વિકાર કરેલ છે કે, તેઓએ વાંચેલી કેસ ડાયરી તથા વાંચેલા તપાસના કાગળોમા પાલી કોતવાલી પો.સ્ટે. ગુ.રજી નં.–૪૦૩/૯૬ ના ગુનાના કામેની તપાસના કાગળો તેમજ નકલો આ ગુનાના કામે મોકલી આપવા સદર ગુ.રજી નંબર–૪૦૩/૯૬ પાલી

કોતવાલી પો.સ્ટે.ના ત.ક.અધીકારીઓ ને અત્રે મોકલી આપવા અવાર નવાર પત્ર વ્યાવહાર કરવામા આવેલાનુ જાણમા આવેલુ.

બચાવપક્ષે પોતાની તકરાર અન્વયે ત.ક.અ.શ્રી એવા આ સાહેદને જે સુચક તથા તાર્કીક પ્રશ્નો પુછેલા છે તે અન્વયે નીચે મુજબ પુરાવો તેઓ આપેલ છે.

**પ્રશ્ન**:–તમે મજકુર પાલી કોતવાલી પો.સ્ટે. ગુ.રજી. નંબર–૪૦૩/૯૬ના ગુનાના કામે થયેલ તપાસના કાગળો મેળવવા માટે કોઈ કાર્યવાહી કરેલી નથી.

**જવાબ**:–તા.૩/૪/૧૮ના રોજ થયેલ નામદાર હાઈકોર્ટના આદેશ આધારે અમોએ પાલનપુર શહેર પ્રોહી–૨૧૬/૯૬ની તપાસ સંભાળેલી અને નામદાર હાઈકોર્ટના આદેશ આધારે પાલનપુર શહેર પ્રોહી. –૨૧૬/૯૬ના ગુનાની તપાસ કરવા માટે આદેશ થયેલ નહી કે પાલી કોતવાલી પો.સ્ટે ગુ.રજી. નંબર–૪૦૩/૯૬ના ગુનાની તપાસ કરવા માટે ઉપરાંત પાલી કોતવાલી પો.સ્ટે.નો ગુનો અને પાલનપુર શહેર પ્રોહી ગુ.રજી નંબર–૨૧૬/૯૬ બંને ગુનાઓ એક બીજાથી સેપરેટ એન્ડ ડીસ્ટીંકટ ગુનાઓ છે અને અમારે પાલી કોતવાલી ગુના નંબર–૪૦૩/૯૬ની તપાસ કરવાની ન હતી એટલેસદર ગુનાના કાગળો મંગાવવાનો કોઈ પ્રશ્ન રહેતો ન હોઈ જેથી આપ જણાવો છો તે રીતેના કાગળો મે મંગાવેલા નથી.

**પ્રશ્ન**:–નામદાર હાઈકોર્ટના હુકમમા પાલનપુર શહેર પો.સ્ટે. પ્રોહી ગુના રજીસ્ટર નંબર–૨૧૬/૯૬ની તપાસના હુકમમા ૪૦૩/૯૬ પાલી કોતવાલી પો.સ્ટે. ૪૦૩/૯૬ના તપાસના કાગળો નહી મંગાવવાનો કે વંચાણે નહી લેવાનો કોઈ હુકમ કરેલો ન હતો.

**જવાબ:–**એ વાત ખરી છે, તે હુકમમા પાલનપુર શહેર ૨૧૬/૯૬ની તપાસનો હુકમ કરેલો અને અમારી ઉલટ તપાસમા ઉપર જણાવ્યા પ્રમાણે પાલી કોતવાલી પો.સ્ટે. ગુના નંબર–૪૦૩/૯૬ની તપાસ કરવાની અમારે જરુરીયાત ન હતી.

**પ્રશ્ન**:–આપે પાલનપુર શહેર પ્રોહી–૨૧૬/૯૬ના ગુનાના કામેની તપાસમા શ્રી સુમેરસીંહ ચીમનસીંહ રાજપુરોહીત તેમજ પાલી કોતવાલી પો.સ્ટે. ૪૦૩/૯૬ના ગુનાના કામેના સાહેદો પૈકી પાલીના તથા રાજસ્થાનના અન્ય સાહેદોના જવાબ આ કામે લીધેલા.

**જવાબ:**–અમોએ પાલનપુર શહેર પ્રેહી ૨૧૬/૯૬ના કામે નીવેદનો લીધેલા, પાલનપુર પ્રોહી ગુના નંબર–૨૧૬/૯૬ના જે તહોમતદારો ધ્વારા ગેરકાયદેસર અફીણ પ્લાન્ટ કરવામા આવેલ હોઈ તે અંગેનો મોટીવ વર્ધમાન માર્કેટ પાલીની દુકાન ખાલી કરાવવાનો તપાસ દરમ્યાન પુરાવા મળેલા હોઈ જેથી તે મોટીવ અંગે અમોએ પાલી, (રાજસ્થાન) ના રહેવાસી સાહેદોના નીવેદનો અમારી તપાસ દરમ્યાન લીધેલા.

**પ્રશ્ન**:–તમોએ ઉપરોકત જે જવાબ આપ્યો તે અનુસંધાને મારુ કહેવુ છે કે તમે પાલી રાજસ્થાનના પ્રોપર રહેવાસી તેમજ પાલી જીલ્લાના ગામડાના લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા.

**જવાબ:**–એ વાત ખરી છે મે જે સાહેદોના નીવેદનો લીધેલા અને તેઓને ચાર્જશીટમા દર્શાવેલા છે.

એ વાત સ્વિકારી છેકે શ્રી બોડાણા મારફતે જે સાહેદોના નીવેદનો લેવામા આવેલા તે નિવેદનો તેઓએ વંચાણે લીધેલા હતા.

**પ્રશ્નઃ**–તમે ઉપર જણાવ્યા મુજબ જે જવાબો લીધા અને શ્રી બોડાણાના નીવેદનો વંચાણે લીધા ત્યાર બાદ પાલી કોતવાલી પો.સ્ટે. ૪૦૩/૯૬ના કામે શ્રી કુટરમલ સિવાયના અન્ય આરોપીઓ સામે ચાર્જશીટ થયેલા ની હકીકત મેળવેલી હતી?

**જવાબઃ**–મારી તપાસ દરમ્યાન મને એવુ કોઈ રેકોર્ડ મળેલુ નહી કે જેના ઉપરથી હુ કહી શકુ કે પાલી કોતવાલી પો.સ્ટે. ૪૦૩/૯૬ના ગુનાના કામે કુટરમલ સીવાય અન્ય આરોપીઓ વિરુધ્ધમા ચાર્જશીટ કોર્ટમા સબમીટ થયેલી હોય અને તેની ઉપર કોઈ કાર્યવાહી થયેલીકે કેમ.મારુ કહેવુ છે કે, તહોમતદાર નંબર–૨ શ્રી સંજીવભટ્ટ તરફથી નામદાર હાઈકોર્ટ મા અરજી કરવામા આવેલી તે કામે તેઓ ધ્વારા પાલી કોતવાલી પો.સ્ટે.ના કાગળો મેળવવા માટે કોર્ટમા દાદ માંગવામા આવેલ હોઈ જેથી અમોએ પાલી કોતવાલી પો.સ્ટે.ના કાગળો મંગાવવા માટે તજવીજ કરેલી અને તે ગુનાનુ જે કોઈ રેકોર્ડ મને મળેલ તે આધારે જણાવુ છુ કે,પાલી કોતવાલી પો.સ્ટે.૪૦૩/૯૬ના કામે આરોપી કુટરમલ સીવાય અન્ય આરોપીઓ વિરુધ્ધમા કોઈ ચાર્જશીટ સબમીટ થયેલી હોય અને તેના ઉપર કાર્યવાહી થયેલી હોય તેવુ જણાયેલ નહી.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓને હાઈકોર્ટના કાગળો મળ્યા ત્યારે કુટરમલ સીવાય શ્રી આર.આર.જૈન, લાજવંતી હોટલના માલીક શાંન્તીલા ગુપ્તા આ કામના આરોપી નંબર–૧ તથા ૨ પો.કોન્સ્ટેબલ પ્રવિણભાઈ, હંજારીભાઈ તેમજ પી.એસ.આઈ. શ્રી આર.પી.પટેલ, શ્રી પી.જે. ચોધરી, શ્રી યાજ્ઞીક વિગેરે તેમજ એલ.સી. બી. પાલનપુર પો.સ્ટે.ના તે વખતના અન્ય પોલીસ કર્મચારીઓ તેમજ પાલનપુર ટ્રાફીક પો.સ્ટે.ના અન્ય

પોલીસ કર્મચારીઓ આરોપી તરીકે લેવાયલ છે તેમજ તેમના તમામ વિરુધ્ધ નામદાર કોર્ટમા ચાર્જશીટ રજુ થયેલ છે તેમજ તેમના વિરુધ્ધ કોગ્નીજન્સ પણ લેવાયેલ છે તેવી સ્પષ્ટ વિગતો તેમના જાણવામાં આવેલી હતી અને છે .

એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આ ગુનાના કામે સંજીવ ભટ્ટ વિરુધ્ધ એકતરફી તપાસ કરવાના હેતુસર તેમજ ઉપરોકત પાલનપુરના પી.એસ.આઈ. શ્રીઓ તથા પોલીસ કર્મચારીઓને આ કેસમા સાક્ષી બનાવવાના એક માત્ર હેતુથી તેઓએ પાલી પો.સ્ટે. ગુ.રજી નંબર–૪૦૩/૯૬ની તપાસની ચાર્જશીટ બાબતે અને કોગ્નીજન્સ લેવાયાની હકીકત બાબતે સાચો જવાબ આપવાનુ ટાળે છે.

સાહેદને મુદ્દામાલ અંગે બચાવપક્ષે પુછેલ પ્રશ્નોના જવાબમાં નીચે મુજબ પુરાવો આવેલ છે.

**પ્રશ્ન**:–ગુના રજીસ્ટર નંબર–૨૧૬/૯૬ પાલનપુર શહેર પો.સ્ટે.નો મુદામાલ કે જે મુદ્દામાલ પાવતી નંબર–૧૮૨/૯૬ તેમજ બ્રહમભટ્ટ સાહેબે લીધેલ સેમ્પલવાળો મુદ્દામાલ જોધપુરના સ્પે.જજ સાહેબ ની કોર્ટ મા કે પટીયાલા હાઉસ દિલ્હીની સેશન્સ કોર્ટના કામે રજુ કરવા ત્યાંના ત.ક.અ શ્રી એ પાલનપુર શહેર પો.સ્ટે.માં થી કે ૨૧૬/૯૬ની તપાસ કરનાર અમલદારો પાસેથી મંગાવેલ હતુ કે કેમ? તેની તમે કોઈ તપાસ કરેલી ?

**જવાબ**:–મારી તપાસ દરમ્યાન મુદ્દામાલ પાવતી નંબર–૧૮૨/૯૬મા જણાવ્યા પ્રમાણેના મુદ્દામાલ અંગે તપાસ કરેલી અને તે મુદ્દામાલ અંગેની માહીતી સબંધે અમોએ પો.અધીક્ષકશ્રી બ.કા.નાઓને પત્ર લખી અને તે પત્ર સબંધે

અમોને તેઓની કચેરી તરફથી જાણ કરવામા આવતો પત્ર મળેલ જેમા આર્ટીકલ નંબર–૧ પાલનપુર શહેર પુર્વ પો.સ્ટે.મા જમા છે તેવુ જણાવવામા આવેલ અને આર્ટીકલ નંબર–૨ અને –૩ હાલ મળતા નથી તેવુ જણાવવામા આવેલ, તેમજ આર્ટીકલ નંબર–૪ જે લાજવંતી હોટલનુ રજીસ્ટર હતુ તે અંગે જણાવવામા આવેલ કે સદર રજીસ્ટર પટીયાલા કોર્ટ દીલ્હી ખાતે જમા છે.

**પ્રશ્ન:**–તમોએ પત્ર વ્યવહાર કર્યો તે સીવાય મુદામાલ સબંધે જોધપુરની એન.ડી.પી.એસ. કોર્ટ કે કુટરમલ વિરુધ્ધ ચાલેલ પટીયાલા કોર્ટના કેસ કે પાલી કોતવાલી પો.સ્ટે. ગુ.રજી નંબર–૪૦૩/૯૬ના કેસના તપાસ કરનાર અમલદારના તપાસના રેકર્ડથી આ મુદ્દામાલ કઈ જગ્યાએ કયારે રજુ થયો તેનો કોઈ એ ત્રણેય જગ્યાએથી તપાસમા રેકર્ડ મેળવેલ.

**જવાબ:**–પાલનપુર શહેર પ્રોહી ૨૧૬/૯૬નો મુદ્દામાલ પાલનપુર શહેર પુર્વ પો.સ્ટે મા જમા હતો જેથી તે મુદ્દામાલ અંગે જોધપુરની એન.ડી.પી.એસ. કોર્ટ અને પાલી કોતવાલી પો.સ્ટે.ના ગુનાના તપાસ કરનાર અમલદાર પાસેથી તપાસ કરવાની કોઈ જરુરીયાત ન હતી અને મુદામાલ પાવતી–૧૮૨/૯૬ના આર્ટીકલ નંબર–૪ બાબતે પટીયાલા કોર્ટ મા જમા હોવાનુ માહીતી મળતા તે મુદામાલ કેવી રીતે જમા થયેલ તે અંગેની તપાસ પણ પટીયાલા કોર્ટ થી કરવાની કોઈ જરુરીયાત મને લાગેલી નહી.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ મુદ્દામાલ સબંધે ઉપર પ્રશ્નમા પુછયુ તે અંગેની તપાસ કરવાની મહત્વની હતી તેમ છતા પણ તેઓએ ટાળેલુ છે.

બચાવપક્ષે વિ.વ.શ્રીએ આરોપી સંજીવભટ્ટની તપાસ અંગે પુછેલ તાર્કીક તેમજ સુચક પ્રશ્નોના જવાબમાં સાહેદે નીચે મુજબ રેકર્ડ ઉપર પુરાવો આપેલ છે.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, શ્રી સંજીવભટ્ટને નોટીસ કે સમંસ બજાવેલાનુ તેઓ ખોટુ જણાવે છે.

**પ્રશ્નઃ**–તમે શ્રી સંજીવભટ્ટ ને નોટીસ કે સમંસ બજાવેલ નથી તેથી જ રેકર્ડ ઉપર તેવી કોઈ નોટીસ કે સમંસ અને બજવણી રજુ કરેલી નથી.

**જવાબઃ**–એ વાત ખરી નથી.

એ વાત સ્વિકારી છે કે, શ્રી સંજીવ ભટ્ટને તેઓએ તારીખ–૫/૯/૧૮ ના રોજ અટક કરેલા.

**પ્રશ્નઃ**–નોટીસ આપે ઈશ્યુ કરેલી?

**જવાબઃ**–હા મે ઈશ્યુ કરેલી.

**પ્રશ્નઃ**–તા.૫/૯/૧૮ ના રોજ આવવા માટે જણાવેલુ?

**જવાબઃ**–તા.૫/૯/૧૮ ના રોજ નોટીસ બજવણી કરવા માટે જણાવેલુ અને તા.૫/૯/૧૮ની મુદત આપવામા આવેલી.

**પ્રશ્નઃ**–કેટલા વાગે નોટીસ બજાવેલી?

**જવાબઃ**–અમારી તપાસ ની મદદમા રહેલા અધીકારી ધ્વારા સવારે આશરે આઠ થી સાડા આઠ વાગ્યા ની આજુ બાજુ નોટીસ ની બજવણી કરવા તજવીજ કરેલી.

**પ્રશ્નઃ**–આશરે કેટલા વાગે શ્રી સંજીવ ભટ્ટ આવ્યા અને કેવી રીતે આવેલા?

**જવાબઃ**–સી.આઈ.ડી ક્રાઈમ ની કચેરી એ શ્રી સંજીવ ભટ્ટ આશરે દસ વાગ્યાની આજુબાજુ આવેલા.

**પ્રશ્નઃ**–પોતે જાતે સ્વેચ્છાએ આવેલા?

**જવાબઃ**–નોટીસ મા જણાવવામા આવેલુ હતુ અને નોટીસ અમારી તપાસ મા મદદ મા રહેલ અધીકારી ધ્વારા શ્રી સંજીવભટ્ટ ના ઓને નોટીસ ની બજવણી કરવા તજવીજ કરેલી અને તે અધીકારી એ અમોને જાણ કરેલી કે, શ્રી સંજીવ ભટ્ટે નોટીસ લેવાની ના પાડે છે અને તેઓ ધ્વારા કહેવામા આવે છે કે, આ શુ પ્રકારની નોટીસ છે અને મને એવી નોટીસ કેમ આપવામા આવી શકાય જેથી હુ નોટીસ નહી લઉ અને જે બાબત છે તે અંગે હુ જ સી.આઈ.ડી. ક્રાઈમમા આવુ છુ એવુ અમારા અધીકારી એ અમોને જણાવેલુ.

**પ્રશ્નઃ**–તે વખતે સંજીવભટ્ટ તે અધીકારી સાથે આવેલા નહી?

**જવાબઃ**–એ મને ખબર નથી.

**પ્રશ્નઃ**–કોણ અધીકારી સાહેબ હતા?

**જવાબઃ**–મદદમા રહેલા ડી.વાય.એસ.પી શ્રી વાઘેલા અને પો.ઈન્સ શ્રી પુરોહીત હતા.

**પ્રશ્નઃ**–શ્રી સંજીવભટ્ટે નોટીસ લેવાનો ઈનકાર કર્યા નુ જણાવ્યુ તે હકીકત તમને સદર બે અધીકારી માંથી કોણે તમને જણાવેલી?

**જવાબઃ**–બંને અધીકારીઓ એ જણાવેલી.

**પ્રશ્નઃ**–અધીકારીઓ પરત આવ્યા પછી સંજીવ ભટ્ટ કેટલા સમય પછી આવેલા?

**જવાબ**:–હાલ મને ચોકકસ યાદ નથી.

**પ્રશ્ન**:–શ્રી સંજીવભટ્ટ તેમના ઘરેથી સી.આઈ.ડી. ક્રાઈમ કચેરી તરફ આવવા માટે નીકળી ગયા છે તેવી શ્રી સંજીવ ભટ્ટ તરફથી તમને કોઈ જાણકારી આપવામા આવેલી?

**જવાબ**:–ના, સંજીવ ભટ્ટ તરફથી કોઈ જાણકારી આપવામા આવેલી નહી.

**પ્રશ્ન**:–તમને અધીકારીઓએ સંજીવભટ્ટ નોટીસ લેવાની ના પાડે છે તેવુ જણાવ્યા પછી તમે સંજીવ ભટ્ટ જોડે ફોન ઉપર વાત કરવાનો પ્રયત્ન કરેલો?

**જવાબ**:–નાજી.

**પ્રશ્ન**:–શ્રી સંજીવભટ્ટે નોટીસ લેવાનો ઈનકાર કરતા તે નોટીસ /સમંસ તેમના રહેઠાણ ઉપર ચીપકાવી દેવા ની કોઈ કાર્યવાહી તમારા અધીકારીઓએ કરેલી ?

**જવાબ**:–હાલ મને ચોકકસ યાદ નથી.

**પ્રશ્ન**:–સમંસ અસલ અને સ્થળ પ્રત એમ બે કોપી મા બજવા મોકલવાનો હોય છે.

**જવાબ**:–હાજી.

એ વાત સ્વિકારી છે કે, એક કોપી જેને બજાવવાની હોય તેને આપવાની હોય અને બીજી કોપી ઉપર જો સમંસ/નોટીસ લઈ લેતો સહી લેવાની હોય અને ના લે તો શેરો કરવાનો હોય છે.

બચાવપક્ષે શ્રી વ્યાસની તપાસ અંગે પુછેલ પ્રશ્નોના જવાબ નીચે મુજબ પુરાવામાં આપેલ છે.

**પ્રશ્ન**:–શ્રી વ્યાસ સાહેબને કયારે સમંસ કઈ તારીખ ના રોજ નો ઈશ્યુ કરેલો હતો?

**જવાબ**:–તા.૫/૯/૧૮ ના રોજ નો ઈશ્યુ કરેલો હતો.

**પ્રશ્ન**:–તે દિવસે શ્રી વ્યાસ ને સમંસ બજાવવા કોણ ગયેલુ?આપ ગયેલા?

**જવાબ**:–હુ ગયેલો નહી.મારી તપાસ ની મદદ મા રહેલ અધીકારી ગયેલા.

**પ્રશ્ન**:–કયા અધીકારી ગયેલા?

**જવાબ**:–હાલ મને ચોકકસ યાદ નથી.

**પ્રશ્ન**:–શ્રી વ્યાસે સમંસ લઈ લીધેલો કે ઈનકાર કરેલો?

**જવાબ**:–મને જયાં સુધી ઘ્યાન છે ત્યાં સુધી તે અધીકારીએ મને જણાવેલુ કે વ્યાસ સાહેબ ઘરે છે અને તેઓને સી.આઈ.ડી ક્રાઈમ કચેરી ખાતે આવવા માટે જણાવી દેવામા આવેલ છે.

એ વાત સ્વિકારી છે કે, શ્રી સંજીવ ભટ્ટ તા.૫/૯/૧૮ના અરસામા ચાર્જશીટ મા જણાવ્યા મુજબના સરનામે રહેતા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સી.આઈ.ડી. ક્રાઈમની ઓફીસથી ડ્રાઈવીન રોડ જવુ હોય તો અડધોથી પોણો કલાક થાય. સાહેદ જણાવે છે કે, સી.આઈ.ડી. ક્રાઈમની ઓફીસથી ડ્રાઈવ ઈન રોડ ઉપર જવાનો સમય ટ્રાફીક અને કેવા સમય ઉપર સવારે/સાંજે એવા સમય ઉપર આધાર રાખે છે અને સવારના સમયમા સી.આઈ.ડી. ક્રાઈમની ઓફીસથી ડ્રાઈવીન રોડ ઉપર જવા માટે મારા મંતવ્ય પ્રમાણે વીસથી પચ્ચીસ મીનીટ લાગી શકે.

**પ્રશ્ન**:–સી.આઈ.ડી ક્રાઈમની કચેરીથી બરોડા કેટલા કી.મી. છે.

**જવાબ:**–હુ ચોકકસના કહી શકુ. પરંતુ વડોદરા જવા માટે દોઢથી બે કલાકનો ટાઈમ લાગે.

**પ્રશ્ન:**–અધીકારીઓએ આપને સંજીવભટ્ટ સમંસ લેવાનો ઈન્કાર કરે છે તેવુ તમને જણાવ્યા પછી તમે જાતે કેમ ગયેલા નહી ?

**જવાબ:**–અમારા અધીકારીઓએ અમને જણાવેલ કે શ્રી સંજીવભટ્ટ સમંસ લેવાની ના પાડે છે પરંતુ કહે છે કે તેઓ પોતે જ સી.આઈ.ડી. ક્રાઈમની ઓફીસે આવે છે અને આવો સમંસ કેવી રીતે આપી શકાય જેથી શ્રી સંજીવ ભટ્ટ પોતે જ આવતા હોઈ અમારી જવાની કોઈ જરુરીયાત ન હતી.

**પ્રશ્ન:**–આપની તપાસમા મદદગાર તરીકે કયા અધીકારીઓ હતા તેની લેખીત યાદી તમારી પાસે છે?

**જવાબ:**–હાજી, અને ઉપરી અધીકારી ઘ્વારા અમોને મૌખીક મંજુરી આધારે જરુરીયાત પ્રમાણેના વધારાના અધીકારીઓ/કર્મચારીઓ આપેલા.

અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, હુ એ કહી શકુ નહી કે, મારી તપાસમા મદદગાર તરીકે રહેલા અધીકારીઓ/કર્મચારીઓ તપાસના કામે કયારે કયારે સરકારી ગાડી લઈ ને કોઈ કામ માટે ગયેલા હતા.એ વાત ખરી છે કે પી.એસ.આઈ, પી.આઈ.નાઓએ વીકલી ડાયરી મેઈન્ટેન કરવાની હોય છે જયારે આઈ.પી.એસ અધીકારી એ મંથલી રીપોર્ટ મેઈન્ટેન કરવાનો હોય છે. ડી.વાય.એસ.પી.શ્રીએ વીકલી ડાયરી મેઈન્ટેન કરવાની હોય છે કે મંથલી ડાયરી મેઈન્ટેન કરવાની હોય છે તે હાલ ચોકકસ ખબર નથી.

એ વાત સ્વિકારી છે કે, આવી મેઈન્ટેન કરેલી ડાયરી અને રીપોર્ટ જે તે ઉપરી અધીકારી ને મોકલવાનો હોય છે. એ વાત સ્વિકારી છે કે, સરકારી વાહન શાખામા ઉપયોગ થાય તેનુ રેકર્ડ એમ.ટી. શાખામા મેઈન્ટેન કરવામા આવે છે.

**પ્રશ્ન:**–સંજીવભટ્ટ સાહેબની પુછપરછ આપે કરેલી?

**જવાબ:**–હાજી મે કરેલી.

**પ્રશ્ન:**–આવ્યા ત્યારે સીધા આપની ચેમ્બરમા આવેલા?

**જવાબ:**–હુ આ કહી શકુ નહી કે સીધા આવેલા પરંતુ મારી ચેમ્બર મા આવેલા.

**પ્રશ્ન:**–શ્રી સંજીવ ભટ્ટ ની કેટલા કલાક પુછપરછ કરેલી હશે આપે?

**જવાબ:**–હાલ ચોકકસ કલાકનો સમય યાદ નથી. પરંતુ અમોએ તહોમતદાર શ્રી સંજીવભટ્ટની તા.૫/૯/૧૮ના રોજ પુછપરછ કરેલી અને રીમાન્ડ દરમ્યાન ના સમયમા પણ પુછપરછ કરેલી.

**પ્રશ્ન:**–શ્રી સંજીવ ભટ્ટ આપની ચેમ્બરમા આવ્યા અને તેઓને એરેસ્ટ કર્યા તે પહેલા કેટલા કલાક પુછપરછ કરેલી ?

**જવાબ:**–આશરે ત્રીસથી ચાલીસ મીનીટ જેટલી.

**પ્રશ્ન:**–શ્રી સંજીવભટ્ટની પુછપરછ દરમ્યાન દિપાંકર સાહેબ હતા ?

**જવાબ:**–આ ગુનાની તપાસ અંગે એસ.આઈ.ટી.ની રચના થયલી તેમા શ્રી દિપાંકર ત્રીવેદી સાહેબ પણ એસ.આઈ.ટી.ના મેમ્બર હતા જેથી તેઓએ પણ કોઈ પુછપરછ કરેલી હોઈ શકે.

**પ્રશ્ન**:–આપની હાજરીમા આપની ચેમ્બરમા શ્રી સંજીવભટ્ટને એરેસ્ટ કર્યા પહેલા તા.૫/૯/૧૮ના રોજ શ્રી દિપાંકર ત્રીવેદી સાહેબે કોઈ પુછપરછ કરેલી?

**જવાબ**:–મે આ તપાસ અંગે શ્રી સંજીવભટ્ટ ની સ્વતંત્ર પુછપરછ કરેલી, શ્રી દિપાંકર ત્રિવેદી સાહેબે ઉપર જણાવ્યા પ્રમાણે કોઈ પુછપરછ કરેલી હોય તે મને ખબર નથી.

**પ્રશ્ન**:–તા.૫/૯/૧૮ના રોજ આપે શ્રી સંજીવ ભટ્ટટ નુ નીવેદન લખી લીધેલુ?

**જવાબ**:–હાજી તા.૫/૯/૧૮ના રોજ શ્રી સંજીવ ભટ્ટનુ ઈન્ટ્રોગેશન કરવામા આવેલુ અને નીવેદન પણ લેવામા આવેલુ.

**પ્રશ્ન**:–તમે શ્રી સંજીવભટ્ટની પુછપરછ કરી તે વખતે તેમની એકલાની કરેલી કે વ્યાસ સાહેબને સાથે રાખીને કરેલી?

**જવાબ**:–શ્રી સંજીવ ભટ્ટ અને શ્રી વ્યાસ સાહેબનાઓને એક બીજા સાથે રાખીને પુછપરછ કરેલી નહી પરંતુ શ્રી વ્યાસની પણ પુછપરછ કરવામા આવેલી.

**પ્રશ્ન**:–શ્રી વ્યાસની પુછપરછ કરી ત્યારે શ્રી સંજીવ ભટ્ટ આપની ચેમ્બરમા હતા?

**જવાબ**:–મને ચોકકસ યાદ નથી.

**પ્રશ્ન**:–સંજીવ ભટ્ટની એરેસ્ટ કરતા પહેલા તેઓને વ્યાસની સાથે બેસાડીને બંનેની સઘન પુછપરછ કરવાની જરુર લાગેલી નહી?

**જવાબ**:–બંનેને સાથે બેસાડીને પુછપરછ કરવાની જરુરીયાત લાગેલી નહી.

**પ્રશ્ન**:–શ્રી સંજીવ ભટ્ટની પુછપરછ કરી નીવેદન લીધુ બાદ એરેસ્ટ કર્યા પછી તેઓને તમે કોના હવાલામા સોંપેલા?

**જવાબ:**–હાલ મને ચોકકસ યાદ નથી. પરંતુ તેઓને એરેસ્ટ કરીને સી.આઈ.ડી. ક્રાઈમમા જાપ્તામા રાખેલા.

**પ્રશ્ન:**–શ્રી દીપાંકર ત્રીવેદી સાહેબે શ્રી સંજીવભટ્ટ ની પુછપરછ કરી ને તેમનુ કોઈ નીવેદન લીધેલુ હોય તેવુ રેકર્ડ ઉપર તમારા ધ્યાન ઉપર આવેલુ?

**જવાબ:**–નાજી.

**પ્રશ્ન:**–શ્રી સંજીવ ભટ્ટને એરેસ્ટ કર્યા તે વખતે તેમની સાથે તેમના પરીવારજનો હતા.

**જવાબ:**–હાજી તેમના કોઈ સબંધી હતા.

**પ્રશ્ન:**–આપની ચેમ્બરમા આવ્યા અને પુછપરછ કરી નીવેદન લઈ એરેસ્ટ કર્યા તે દરમ્ઢયાન હતા ?

**જવાબ:**–શ્રી સંજીવ ભટ્ટની પુછપરછ કરી ત્યારે ન હતા પરંતુ જયારે શ્રી સંજીવભટ્ટને એરેસ્ટ કરવામા આવેલ ત્યારે તેમના સબંધીને એરેસ્ટની જાણ કરવા માટે તેઓને બોલાવામા આવેલા કેમ કે શ્રી સંજીવ ભટ્ટ નાઓને તેઓના સબંધી અંગે પુછતા તેઓએ જણાવેલુ કે તેમના સબંધી તેમની સાથે આવેલા છે.

**પ્રશ્ન:**–શ્રી સંજીવ ભટ્ટને આપની પાસેથી શ્રી ત્રીવેદી સાહેબ પાસે લઈ જવામા આવ્યા હોય અને તેઓએ પુછપરછ કરી હોય તેવુ તમારા ધ્યાનમા આવેલુ?

**જવાબ:**–નાજી મારી જાણમા નથી.

**પ્રશ્ન:**–આપે શ્રી સંજીવ ભટ્ટને તા.૫/૯/૧૮ના રોજ આપની કચેરીમા આવવા માટે કોઈ સમંસ પાઠવેલો જ નથી.

**જવાબ:**–એ વાત ખરી નથી.

**પ્રશ્નઃ**–દિપાંકર ત્રીવેદી સાહેબ મોટા પોલીસ કાફલા સાથે તા.૫/૯/૧૮ના રોજ શ્રી સં જીવભટ્ટ ના બંગેલ ગયલા હતા?

**જવાબઃ**–હાલ મને ચોકકસ ખબર નથી.

એ વાતનો ઈન્કાર કરેલ છે કે, દિપાંકર સાહેબ તથા તેમની સાથેના પોલીસના માણસોએ સંજીવભટ્ટને કોઈપણ જાતની સુચના આપ્યા વગર કે સમંસ બજાવ્યા વગર તેમના ઘર માંથી બળજબરીથી ઉપાડી લેવામા આવેલા તેવુ તેઓ જાણે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તે વખતે તેમના ઘરની આજુબાજુ મોટો હંગામો થઈ ગયેલો અને ઘણા માણસો ભેગા થઈ ગયેલા તેવુ તેઓ જાણે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સી.આઈ.ડી. ક્રાઈમની ઓફીસમા લાવ્યા બાદ તેમની ઓફીસમા શ્રી દીપાંકર સાહેબની હાજરીમા સંજીવભટ્ટની કોઈ પુછપરછ કર્યા વગર કે ખુલાસાની તક આપ્યા વગર આ ગુનામા આરોપી તરીકે એરેસ્ટ કરી લેવામા આવેલા. એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, પુછપરછ અંગેના રેકર્ડે કાગળો બનાવી નીવેદન તથા એરેસ્ટ મેમો વિગેરે કાગળો તૈયાર કરવામા આવેલા. એ વાત ઈન્કારી છે કે, દિપાંકર ત્રીવેદી સાહેબ સંજીવ ભટ્ટને લઈને નીકળ્યા બાદ તરત જ તેમની પાછળ તેમના પત્ની, તેમના સાળા, તથા સબંધીઓ અને આજુબાજુના રહીશો સી.આઈ.ડી. ક્રાઈમની કચેરીએ મોટી સંખ્યામા ભેગા થઈ ગયેલા તે તેઓ જાણે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, એરેસ્ટ મેમો વીગેરે તૈયાર કરાવીને સંજીવ ભટ્ટના સાળાને નીચેથી બોલાવીને રેકર્ડ બતાવવા તેમની સહી લીધેલી હતી. એ વાત ઈન્કારી છે કે, સંજીવ ભટ્ટને આ ગુનામા ખોટી રીતે ઉપાડી લાવી ખોટી રીતે અટક કરેલ છે . એ વાત ઈન્કારી છે કે, તા.૫/૯/૨૦૧૮ની આ કાર્યવાહી દરમ્યાન શ્રી સંજીવભટ્ટ ઉપર શ્રી દીપાંકર

ત્રીવેદી સાહેબ તથા સાથેના પોલીસ અધીકારીઓએ ઘણો જ માનસીક ત્રાસ આપેલો. અનુસંધાને સાહેદે જણાવ્યુ છે કે, શ્રી સંજીવ ભટ્ટને એરેસ્ટ કર્યા બાદ તે દિવસે તેમની કચેરીના જાપ્તામા સોંપ્યા પછી શ્રી સંજીવ ભટ્ટને મળવાનુ થયેલુ પરંતુ કયા સમયે મળવાનુ થયેલુ તે ચોકકસ યાદ નથી.

**પ્રશ્ન**:–આપે શ્રી સંજીવભટ્ટ તથા શ્રી વ્યાસને ગાંધીનગરની કોર્ટમા નજીક હોવાછતા કેમ રજુ કરેલા નહી?

**જવાબ**:–આ ગુનાનુ અધીકાર ક્ષેત્ર પાલનપુર કોર્ટનુ હતુ એટલા માટે પાલનપુર કોર્ટમા કાર્યવાહી કરવામા આવેલી.

બચાવપક્ષના વિ.વ.શ્રીએ આ સાહેદ ત.ક.અ.શ્રીને શ્રી વ્યાસ તથા શ્રી સંજીવ ભટ્ટની કરેલ પુછપરછ તા.૨૮/૪/૯૬ અને તા.૨૯/૪/૯૬ના રોજની શ્રી વ્યાસની હાજરી, શ્રી વ્યાસની વીકલી ડાયરી, વિશ્રમગૃહનુ ટેલીફોન રજીસ્ટર તથા રૂમ રજીસ્ટર, શ્રી સંજીવ ભટ્ટની ઓફીસના ટેલીફોન રજીસ્ટર, કન્ટ્રોલ રૂમ, ટેલીફોન રજીસ્ટર, કન્ટ્રોલરૂમ કર્મચારી હાજરી રજીસ્ટર, તથા રનરની ટપાલ બુધ વર્ધી રજીસ્ટર વિગેરે તપાસ દરમ્યાન મેળવેલ  કે કેમ? અને સબંધે શું શું કાર્યવાહી કરી તેના સુચક અને તાર્કીક પ્રશ્નો પુછેલા છે જેના સાહેદે વિગતે જવાબો આપેલા છે અને બચાવપક્ષે મુકેલ તકરારોનો ઈન્કાર કરેલ છે.

બચાવપક્ષે વિ.વ.શ્રીએ તકરારી એન્ટ્રીઓ અંગે હાલના સાહેદને પુછેલ પ્રશ્નોત્તરીમાં નીચ મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે.

**પ્રશ્ન**:–આંક–૨૪૬ની છેલ્લી લાઈનમાં '' સદરી વર્ધી વ્યાસ.સા.નાઓને આપવી'' તેવી એક લાઈનનું લખાણ આંક–૨૪૪ની વર્ધી નં.૩૬૦ના ત્રીજા કોલમમાં છેલ્લે શરુઆતથી છ લાઈન છોડીને ''સદર વર્ધી વ્યાસ.સા.નાઓને આપવી'' એવુ લખાણ નથી.

**જવાબ**:–આપ સાહેબ ધ્વારા આંક–૨૪૪ અને આંક–૨૪૬ બંને બતાવવામાં આવેલ છે તે જોઈને હું જણાવું છું કે આંક–૨૪૬ ની છેલ્લી લાઈનમાં '' સદરી વર્ધી વ્યાસ.સા.નાઓને આપવી'' તે આંક–૨૪૪ ની વર્ધી નં.૩૬૦ ના ત્રીજા કોલમમાં છેલ્લે લખેલુ નથી પરંતુ કોલમ–૪ અને ૫ માં લખેલું છે કે '' એલ.સી.બી. પી.આઈ.વ્યાસને મોકલી આપેલ છે''

**પ્રશ્ન**:–આંક–૨૪૬ ના લખાણની નીચે '' ૩૦/૪/૯૬'' તેમજ અંગ્રેજીમાં બીએસઆર જેવી સહી અને તેની નીચે '' કંટ્રોલ ઈન્ચાર્જ'' એવા આંકડા કે તેવુ લખાણ આંક–૨૪૪ ની એન્ટ્રી નંબર ૩૬૦ ના લખાણ નીચે નથી.

**જવાબ**:–આંક–૨૪૬ અને આંક–૨૪૪ આપ સાહેબ જે મને બતાવો છો તે જોઈને હું જણાવું છું કે આંક–૨૪૬ની ટેલીફોન વર્ધીના નીચે કંટ્રોલ ઈન્ચાર્જ લખેલુ લખાણ અને તેના ઉપર અંગ્રેજીમાં બીએસઆર જેવી સહી કરેલ છે તેવુ લખાણ અને સહી આંક–૨૪૪ના એન્ટ્રી નં.૩૬૦ના કોલમ નં.પમાં લખાણ અને સહી બંને કરેલી છે અને '' ૩૦/૪/૯૬''ની તારીખ આંક–૨૪૪ની ટેલીફોન વર્ધીમાં એન્ટ્રી નં.૩૬૦ ના પ્રથમ કોલમમાં ઉપરના ભાગે લખેલી છે.

**પ્રશ્ન**:–આંક–૨૪૬ના બબાભાઈના હસ્તાક્ષરના નમુના લીધા તે વખતે તમારી પાસે આંક–૨૪૪ તથા આંક–૨૪પની નકલો રેકર્ડમાં હતી.

**જવાબ:**–હાજી, હતી.

**પ્રશ્ન:**–આંક–૨૪૪ વાળી વર્ધી રજીસ્ટરની એન્ટ્રી નં.૩૬૦ વાળી નકલ બબાભાઈના હસ્તાક્ષર વાળુ લખાણ તેમજ અંગ્રેજીમાં સહી તેમજ તા.૩૦/૪/૯૬ની તારીખ કુદરતી લખાણ તરીકે તેઓના નમુના લીધા તે વખતે આપની પાસે હતા.

**જવાબ:**–એ વાત ખરી છે.

**પ્રશ્ન:**–આપે એન્ટ્રી નં.૩૬૦ વાળુ લખાણ કે જે આંક–૨૪૪ માં છે તે લખાણનો બબાભાઈના કુદરતી હસ્તાક્ષર લખાણ અને સહી તરીકે કેમ ઉપયોગ કરેલો નહી?

**જવાબ:**–ઉપરોકત એન્ટ્રીવાળુ લખાણ અમારી તપાસના કાગળોમાં હતું અને તે અંગેની પણ તપાસ ચાલતી હતી જેથી મેં બબાભાઈની કુદરતી સહી અંગે સ્વતંત્ર રજુ થયેલ રીપોર્ટનો ઉપયોગ કરેલો હતો.

**પ્રશ્ન:**–તમે જે જણાવ્યુ તે આંક–૨૪૪ વાળી એન્ટ્રી અંગેની તપાસ ચાલુ હતી તો શુ તપાસ ચાલુ હતી?

**જવાબ:**–આંક–૨૪૪ માં એન્ટ્રી નં.૩૬૦ના લખાણ સાહેદ બબાભાઈના જણાઈ આવેલા પરંતુ જે ટેલીફોન વર્ધી આંક–૨૪૬ વાળી કાગળોમાં મળી તેમાં બબાભાઈના હસ્તાક્ષરના લખાણ નહી હોવાનું જણાઈ આવતાં ઉપરોકત અંગેની ટેલીફોન વર્ધી ઉભી કરાયેલી છે અને શંકાસ્પદ રીતે ટેલીફોન વર્ધીના લખાણ કેમ અલગ છે અને ટેલીફોન વર્ધી રજીસ્ટરના લખાણ કેમ અલગ છે તે અંગેની તપાસ ચાલતી હતી.

**પ્રશ્ન:**–આંક–૨૪૪ ની એન્ટ્રી નં.૩૬૦ માંના લખાણ બબાભાઈના હસ્તાક્ષરે છે કે કેમ તે માટે તે એન્ટ્રીના સમગ્ર લખાણના હસ્તાક્ષરની ચકાસણી માટે હસ્તાક્ષર નિષ્ણાતના અભિપ્રાય સારુ મોકલી આપેલ?

**જવાબઃ**–અમારી તપાસમાં આંક–૨૪૪ની એન્ટ્રી નં.૩૬૦ની એન્ટ્રી બબાભાઈ દ્વારા કરવામાં આવેલી હોય તેવા પુરાવા મળેલ પરંતુ આંક–૨૪૬માં બબાભાઈના હસ્તાક્ષર ન હતા જે ઉભી કરવામાં આવેલ હોય તેવું તપાસમાં જણાઈ આવતા આંક–૨૪૬ની ટેલીફોન વર્ધીને તકરારી દસ્તાવેજ તરીકે મોકલેલા અને આંક–૨૪૪ની એન્ટ્રી નં.૩૬૦ ના લખાણને મોકલવાની જરુરીયાત પણ ન હતી અને આંક–૨૪૪ ની એન્ટ્રી નં.૩૬૦નું લખાણ અમને તપાસમાં જે મળેલ તે ઝેરોક્ષ નકલ હતી.

**પ્રશ્નઃ**–કુદરતી લખાણ ઝેરોક્ષ નકલ હોય તો તેને કુદરતી લખાણ તરીકે હસ્તાક્ષર નિષ્ણાતમાં મોકલી ન શકાય?

**જવાબઃ**–મેં મારી ઉલટ તપાસમાં અગાઉ જણાવેલુ છે કે કુદરતી લખાણ અને સહીના સ્વતંત્ર રીપોર્ટો લેવાના હોય અને આપ જે જણાવો છો તે એન્ટ્રી અંગેની તપાસ પણ ચાલતી હોય અને તે ઝેરોક્ષ નકલ હોય જેથી ઝેરોક્ષ નકલને કુદરતી લખાણ તરીકે ના મોકલી શકાય.

**પ્રશ્નઃ**–આંક–૨૪૬ વાળી ટેલીફોન એન્ટ્રી ઉભી કરવામાં આવેલ હોવાનું કોની પુછપરછમાં અગર કેવી રીતે જણાઈ આવેલું?

**જવાબઃ**–આંક–૨૪૬ વાળી ટેલીફોન વર્ધી ઉભી કરવામાં આવેલ છે તે અમારી તપાસમાં સાહેદોના નિવેદનથી ફલિત થયેલ અને તે લખાણો બબાભાઈના હસ્તાક્ષર નહી હોવાનું તપાસમાં રેકોર્ડ ઉપર આવેલ. અમારી તપાસમાં સાહેદ બબાભાઈ અને અન્ય સાહેદોના નિવેદનથી ફલિત થયેલ. અન્ય સાહેદોના નામ હાલ મને ચોકકસ યાદ નથી.

**પ્રશ્ન:**–વર્ધીમાંના હોદ્દાના લખાણના નમુના લીધેલા?

**જવાબ:**–હાજી.

બાદ બચાવપક્ષે સાહેદ બબાભાઈના સહી અને હસ્તાક્ષરના લીધેલ નમુના અને તે અંગેની કાર્યવાહીના પ્રશ્નો પુછતા સાહેદે વિગતવાર સદરના જવાબો આપેલ છે જેથી રેકર્ડ ઉપર સમગ્ર કાર્યવાહીનો વિસ્તૃત પુરાવો આવેલ છે. તેજ રીતે એફ.એસ.એલ. હસ્તાક્ષર નીષ્ણાંતનો અભિપ્રાય, સુમેરસિંહ તથા અન્ય સબંધિત વ્યકિતઓના સહીઓના નમુના, પુછપરછ, ઓળખપરેડ પંચનામુ વિગેરે અંગે સુચક તથા તાર્કીક પ્રશ્નો પુછેલા છે જેમાં સાહેદે સરતપાસમાં જણાવેલ હકિકતો સાથે સદર હકિકતો વધુ સ્પષ્ટ થાય તેવી જુબાની આપી બચાવપક્ષની તકરારોનો ઈન્કાર કરેલ છે.

**પ્રશ્ન:**–લાજવંતીનું અસલ રજીસ્ટર હસ્તાક્ષર નિષ્ણાતની કચેરીએથી પરત આવેલાનું રેકર્ડ ઉપરથી આપને જાણવામાં આવેલુ.

**જવાબ:**–હાજી.

**પ્રશ્ન:**–તે રજીસ્ટર પાલી કોતવાલી પો.સ્ટે. ગુરનં.૪૦૩/૯૬ ના કામે ત.ક.અમલદાર શ્રીએ તે તપાસના કામે માંગેલા, પાલનપુર પો.સ્ટે. પ્રોહી ગુરનં.૨૧૬/૯૬ના તપાસના કાગળોમાંની નકલો સાથે મજકુર ગુરનં.૪૦૩/૯૬ના તપાસના કામે મોકલી આપેલાનું આપને મળેલ કાગળો પરથી જાણવા મળેલ.

**જવાબ:**–હું ચોકકસ ના કહી શકુ.

**પ્રશ્ન:**–આપને આ કેસની તપાસ દરમીયાન એવુ પણ જાણવા મળેલ કે શાંતીલાલ ગુપ્તાના લાજવંતી હોટલ રજીસ્ટરની એન્ટ્રી નં.૬૪૦

તા.૨૯/૪/૯૬ ના લખાણ અને સહીના હસ્તાક્ષરના નમુના કોતવાલી પો.સ્ટે.ગુરનં.૪૦૩/૯૬ ના કામે તપાસ કરનાર અમલદારે લીધેલા.

**જવાબ:**–મને ચોકકસ ખબર નથી.

તકરારી હોટલ રજીસ્ટર અસલ અંગે બચાવપક્ષે આંક–૫૯૮ વાળો પત્ર બતાવી સાહેદને પુછતા સદર જોઈ સાહેદે સ્વિકારેલ છે કે, અસલ રજીસ્ટર દીલ્હી પતિયાલા હાઉસ કોર્ટમાં તેમાં લખેલ તારીખે પહોંચાડવામાં આવેલ છે.

વિ.વકીલ શ્રીએ લીધેલ તકરાર સબંધે સાહેદને મજકુર રજીસ્ટર અંગે નીચે મુજબ પુછવામાં આવતા સાહેદે સરતપાસમાં જણાવ્યા અનુસારની હકિકત દોહરાવી જે જવાબ આપેલ છે, તે રેકર્ડ ઉપર આવેલ છે.

**પ્રશ્ન:**–લાજવંતી હોટલના રજીસ્ટરની એન્ટ્રી નં.૬૪૦ વાળી એન્ટ્રીમાં છેલ્લે સુમેરસીહની પોતાની સહી હોવાનું બહાર આવે તેમ હોઈ તે રજીસ્ટર આ તપાસના કામે મંગાવવાનું તમોએ ટાળેલ છે.

**જવાબ:**–મારુ કહેવું છે કે અમારી તપાસ દરમ્યાન તહોમતદારો ધ્વારા સુમેરસીહ રાજપુરોઢ હીતને ખોટા કેસમાં ખોટી રીતે ફસાવવા માટેનું કાવતરુ રચી ગુનો આચરેલ છે તે મુજબના પુરાવા મળેલ છે જેથી હું કહું છું કે પ્રશ્નમાં આપ જે પુછો છો તે ખોટી વાત છે.

આ સાહેદને બચાવપક્ષે જે–તે સમયે શ્રી વ્યાસે સ્થાનિક એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર બોલાવેલા કે નહી તે અંગે તપાસ કાગળોમાં જણાવા મળેલ કે કેમ ? તેના જવાબમાં સાહેદે તેવી કોઈ હકિકત કે રેકર્ડ પ્રાપ્ત થયેલ નહી તેવુ જણાવ્યુ છે. બાદ સાહેદને તા.૨૯/૪/૯૬ તેમજ

તા.૩૦/૪/૯૬ના રોજ સુમેરસિંહની હાજરી અંગે તપાસ કરેલ કે કેમ? તેવુ પુછતા સાહેદે પાલીના રેહવાસીઓની પુછપરછ કરેલ તથા નિવેદનો લીધેલ અને તેમાં સુમેરસિંહ તે દિવસો પાલી ખાતે હતા અને કોર્ટમાં પણ હાજરી આપેલ તેવો પુરાવો આપેલ છે. કન્ટ્રોલ રૂમના ટેલીફોનની કોલડીટેઈલ અંગે પુછતા જે–તે સમયેના સર્વિસ પ્રોવાઈડર પાસેથી મળેલી નહી તેવુ જણાવેલ છે.

આ સાહેદ ત.ક.અધિ.શ્રીને આરોપી શ્રી સંજીવ ભટ્ટ સામે મુકાયેલા તહોમતના બચાવ અર્થે નીચે મુજબ સચક અને તાર્કીક પ્રશ્નો પુછાયેલ છે તે જે પ્રશ્તોત્તરી પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે જે જોતા....

**પ્રશ્ન:**–તા.૩૦/૪/૯૬ તથા તા.૩/૫/૯૬ની તપાસમાં ઉમરની ભિન્નતા અંગે તપાસ થયેલ ન હતી તેવો આપની તપાસનો મુદ્દો હતો.

**જવાબ:**–મારી તપાસના મુદ્દાઓ અફીણ કોણ લઈને આવ્યુ અને પ્લાન્ટ કોણે કર્યો, કોન્સ્પેરેસીમાંના મુખ્ય ભાગ કોણે ભજવેલો તે અંગેની તપાસ કરવાની હતી, આપ જે ઉપર પ્રશ્નમાં ઉમરની ભિન્નતા અંગે પુછો છો તે અગાઉની તપાસના કાગળોમાં વિસંગતતા હતી તે બાબતનો મુદ્દો અમારી તપાસમાં ધ્યાને આવેલ કેમ કે અગાઉની તપાસમાં સુમેરસીહ રાજપુરોહીતને ખોટી રીતે ફસાવવામાં આવેલ હતા.

**પ્રશ્ન:**–આપની આખી તપાસ દરમ્યાન લાજવંતી હોટલના રુમ નં.૩૦૫ના ગાદલા નીચે એક કિલો પંદર ગ્રામ અફીણ કઈ વ્યકિત જઈને મુકી આવી હતી તેનો કોઈ પુરાવો આપની તપાસમાં મળી આવેલ નથી.

**જવાબ:**–અમારી તપાસમાં આરોપી નં.૨ શ્રી સંજીવ ભટ ધ્વારા હોટલ લાજવંતીમાં રુમ નં.૩૦૫ના ગાદલા નીચે અફીણ મુકાવવામાં આવેલ તેના સીધા અને સાંયોગીક પુરાવા મળેલા.

**પ્રશ્ન:**–સીધા પુરાવા કયા હતા?

**જવાબ:**–અમારી તપાસ દરમ્યાન આરોપી નં.૨ ધ્વારા રેડની પહેલા અફીણ હોટલ લાજવંતીના રુમ નં.૩૦૫ના ગાદલા નીચે છે તે જણાવવામાં આવેલ તે અંગેના પુરાવા અને આરોપી સંજીવ ભટ્ટ ધ્વારા સદર અફીણ પૈસા આપીને ખરીદ કરાવવામાં આવેલ તે અંગેના સીધા પુરાવા મળેલ અને આરોપી શ્રી સંજીવ ભટ્ટ ધ્વારા અન્ય આરોપીને સદર હોટલમાં મંગાવેલ અફીણ મુકવા માટે કહેલ તે અંગેના સીધા પુરાવા મળેલ.

**પ્રશ્ન:**–લાજવંતી હોટલના રુમ નં.૩૦૫ માં ગાદલા નીચે કોઈ વ્યકિતને આ અફીણ મુકતો જોયેલાનો કોઈ નજરે જોયેલાનો પુરાવો આપની તપાસમાં મળેલ નથી.

**જવાબ:**–અફીણ મુકતા નજરે જોયેલાનો નહી પરંતુ લાજવંતી હોટલ રુમ નં.૩૦૫ માં અફીણ મુકવા માટે કહેવાનું, સુમેરસીહ રાજપુરોહીતને ફસાવવા અંગેના પુરાવા અમારી તપાસ દરમ્યાન મળેલા તે ચાર્જશીટમાં દર્શાવેલા છે.

આ ગુનાની તપાસ અંગે સાહેદને જે સુચક પ્રશ્ન બચાવપક્ષે પુછેલ છે તેનો સાહેદે જવાબ આપતા નીચે મુજબ પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે.

**પ્રશ્ન:**–મારુ કહેવુ છે કે, નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમ અનુસાર પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૯૬ની "**એ**" પડત સમરી અન્વયે આગળની તપાસ કરવાની હતી.

**જવાબ:**—નામ.ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર આ ગુનાની અગાઉ કોઈ તપાસ થયેલ ન હોઈ, અને આ ગુના અંગે જે અફીણ પ્લાન્ટ થયેલ, અફીણ ખરીદ થયેલ, અફીણ કયાંથી આવેલ, કોણ લાવેલ તે અંગેની તપાસ કરવાની હતી અને તે આદેશ અનુસાર પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.૨૧૬/૯૬ ના કેસ કાગળો મેળવીને તપાસ કરવામાં આવેલ. ઉપરોકત ગુના અંગે અમારી તપાસ પહેલાં '' એ '' સમરી ભરવામાં આવેલી હતી.

આ સાહેદે તેમની તપાસ દરમ્યાન શ્રી વ્યાસની પુછપરછ કરી નિવેદનો લીધેલ તે અંગે બચાવપક્ષ ધ્વારા સાહેદને તાર્કીક તેમજ સુચક પ્રશ્નો પુછતા સાહેદે જે પુરાવો આપેલ છે તે પ્રશ્નોત્તરી નીચે મુજબ છે.

**પ્રશ્ન:**—શ્રી વ્યાસનું આપે તા.૫/૯/૧૮ ના રોજ પુછપરછ કરી તેમાં તેઓએ પાલનપુર શહેર પો.સ્ટે પ્રોહી ગુરનં.૨૧૬/૯૬ની ફરીયાદ તથા કેસની હકીકતોથી વિપરીત હકીકતો જણાવેલી.

**જવાબ:**—અમારી તપાસ દરમીયાન તા.૫/૯/૧૮ ના રોજ શ્રી વ્યાસનાઓની પુછપરછમાં તેઓએ જણાવેલું કે આ કેસના આરોપી નં.૨ શ્રી સંજીવ ભટટ નાઓને ઉપરોકત કેસ અંગેના અફીણની બાતમી અંગે જયારે રેડ થઈ તે દિવસથી પહેલા દિવસે એટલે તા.૨૯/૪/૯૬ના રોજ આગોતરી ખબર હતી અને આરોપી નં.૨ સંજીવ ભટટનાઓએ આગલા દિવસે રેડ કરવા માટે શ્રી વ્યાસ નાઓને તેઓના એલસીબી સ્ટાફને તૈયાર રાખવા માટે સુચના આપેલી અને તા.૨/૫/૯૬ના રોજ પણ શ્રી સંજીવ ભટટનાઓએ પુરાવા ના હોવા છતાં સુમેરસીહને પકડી લાવવા માટે શ્રી વ્યાસનાઓને આદેશ કરેલ અને શ્રી વ્યાસનાઓએ ઉપરોકત કેસ અંગેની રેડ કરી ફરીયાદ આપેલી.

**પ્રશ્નઃ**–શ્રી વ્યાસને આપે અટક કર્યા તે વખતે સુમેરસીહના તા.૪/૯/૧૮ ના લીધેલ નિવેદન સીવાય બીજો કોઈ પુરાવો ન હતો.

**જવાબઃ**–એ વાત ખરી નથી.

**પ્રશ્નઃ**–શ્રી આઈ.બી.વ્યાસનાઓએ આપની સમક્ષ ગુનાની કબુલાત સ્વરુપની કોઈ હકીકતો જણાવેલ?

**જવાબઃ**–અમારી તપાસમાં તહોમતદાર શ્રી આઈ.બી.વ્યાસનાઓનું ગુના અંગે ઈન્ટ્રોગેશન કરવામાં આવેલ અને પુછપરછ કરી નિવેદન લીધેલું અને તેઓએ એવુ પણ જણાવેલ કે આરોપી નં.૨ સંજીવ ભટ્ટ ધ્વારા ગુનાના કાવતરા અને ગુના કરવા અંગે શું ભાગ ભજવેલો અને તેઓ શ્રી વ્યાસ ધ્વારા આ ગુના અંગે શ્રી સંજીવ ભટટનાઓની સુચના અને આદેશ આધારે જે કૃત્ય કરવામાં આવેલું હોઈ તેવું પણ જણાવેલું.

**પ્રશ્નઃ**–આરોપી માલાભાઈને આરોપી નં.૨ એ રૂપિયા વીસ હજાર આપી શેરપુરા ઢાણીથી અફીણ લાવેલ અને શ્રી વ્યાસ ની ચેમ્બરમાં ના કબાટમાં માલાભાઈએ પેકેટ મુકેલ અને પછી લઈ ગયેલ એવી કોઈ હકીકત પુછપરછમાં શ્રી વ્યાસ સાહેબે જણાવેલી?

**જવાબઃ**–શ્રી વ્યાસનાઓની પુછપરછ કરી લખેલ નિવેદનમાં જે છે તે છે.

**પ્રશ્નઃ**–હું શ્રી વ્યાસના નિવેદનોના લખાણો સંબંધે પ્રશ્ન પુછતો નથી પરંતું તેઓશ્રીની પુછપરછ કરી ઈન્ટ્રોગેશન કરેલ ત્યારે ઉપરોકત હકીકતો તેઓએ જણાવેલી? તેવો મારો પ્રશ્ન છે.

**જવાબ:**–મારું કહેવું છે કે પુછપરછ કરીને જ નિવેદન લેવામાં આવે છે અને આપે ઉપર મુજબના વારંવાર જે પ્રશ્નો પુછેલા છે તે અંગે જણાવું છું કે આરોપી માલાભાઈ રબારી નાઓએ અફીણનું પેકેટ તહોમતદાર નં.૧ શ્રી વ્યાસનાઓના ચેમ્બરના કબાટમાં મુકેલું હતું અને તે પેકેટ માલાભાઈ રબારીએ તા.૨૯/૪/૯૬ના રોજ કબાટમાંથી લઈને ગયેલો હતો તેવી હકીકત શ્રી વ્યાસનાઓએ અમારી તપાસ દરમીયાન જણાવેલી અને તહોમતદાર શ્રી સંજીવ ભટટનાઓએ હોટલ લાજવંતીમાં અફીણનું પેકેટ મુકવા માટે તહોમતદાર માલાભાઈ રબારીને અફીણ ખરીદ કરવા અંગે રૂપિયા વીસ હજાર આપેલા તે હકીકત પણ અમારી તપાસ દરમીયાન અન્ય સાહેદથી ફલીત થયેલ.

**પ્રશ્ન:**–તહોમતદાર શ્રી સંજીવ ભટટનાઓએ હોટલ લાજવંતીમાં અફીણનું પેકેટ મુકવા માટે તહોમતદાર માલાભાઈ રબારીને અફીણ ખરીદ કરવા અંગે રૂપિયા વીસ હજાર આપેલા તે હકીકત પણ તમારી તપાસ દરમીયાન અન્ય સાહેદથી ફલીત થયેલ તેવું તમે જે જણાવ્યુ તો મારુ પુછવાનું એવું છે કે શ્રી વ્યાસના ઈન્ટ્રોગેશન દરમીયાન શ્રી વ્યાસે તેવી હકીકત તમોને જણાવેલી?

**જવાબ:**–હાલ હું ચોકકસ ના કહી શકું.

આ સાહેદને મુદ્દામાલ પરિક્ષણ અંગે બચાવપક્ષે તેમની તકરાર અનુસંધાને જે પ્રશ્નો પુછવામાં આવેલ તેનો સાહેદે જે જવાબ ।પેલ તે પુરાવો નીચે મુજબ આવેલ છે.

**પ્રશ્ન:**–એફ.એસ.એલ.ના અભિપ્રાય માટે આપે શ્રી વ્યાસે મોકલેલ સેમ્પલનો રીપોર્ટ, શ્રી બ્રહમભટે મોકલેલ સેમ્પલનો એફ.એસ.એલ.નો રીપોર્ટ તથા

આગથળા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.–૫૧/૯૬ તથા ૫૪/૯૬ના ચાર રીપોર્ટ મોર્ફીનની માત્રા અને સ્પષ્ટતા બાબતે આંક–૫૪૮ના પત્ર સાથે મોકલી આપેલ હતા તે સાથે આગથળા પો.સ્ટે.ગુ.ર.નં.પર/૯૬ તથા ૫૩/૯૬ના એફ.એસ.એલ.ના રીપોર્ટ કેમ મોકલેલ ન હતા ?

**જવાબ:**–પાલનપુર શહેર પ્રોહી ગુરનં.૨૧૬/૯૬ના ગુનાના કામે મુદ્દામાલને બે વાર એફએસએલથી જે રીપોર્ટો આવેલ તે અહેવાલોમાં મોર્ફીનની માત્રાનું પ્રમાણ અને આગથળા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૫૧/૯૬ અને ૫૪/૯૬ના મુદ્દામાલના એફ.એસ.એલ.ના રીપોર્ટોમાં મોર્ફીનની માત્રાનું પમાણ સરખું જણાઈ આવતું હતુ, જેથી ઉપરોકત ચારેય રીપોર્ટોમાં મોર્ફીનની માત્રાની સ્પષ્ટતા અંગે એફ.એસ.એલ.ને રીપોર્ટ કરેલો અને અમારી તપાસના ગુનાનો મુદ્દામાલ આગથળા પો.સ્ટે.ના વિસ્તાર શેરપુરા ઢાણીથી લઈ આવવાનું અમારી તપાસમાં જણાઈ આવતાં મોકલી આપેલ.

**પ્રશ્ન:**–આગથળાના મજકુર ગુનાના રીપોર્ટો આપે કયાંથી મેળવેલા?

**જવાબ:**–પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠાનાઓને પત્ર લખી મેળવેલા.

**પ્રશ્ન:**–આ કેસમાં શું જરુરીયાત પડેલી?

**જવાબ:**–આ કેસની અમારી તપાસ દરમ્યાન ફલીત થયેલું કે આ ગુનાનો અફીણ શેરપુરા ઢાણીથી ખરીદ કરીને લાવવામાં આવેલું હતું અને તપાસ દરમ્યાન ફલીત થયેલ કે તા.૧/૫/૯૬ના રોજ આગથળા પો.સ્ટે. વિસ્તારમાં બનાસકાંઠા પોલીસ ધ્વારા રેડ કરી અફીણના કેસો કરવામાં આવેલા હતા અને તે ગુનાઓ આગથળા પો.સ્ટે.ના ગુનાઓ અંગે અફીણના પેકેટો મળેલા હતા તેની સાઈઝ અને

પાલનપુર શહેર પ્રોહી ગુના નં.૨૧૬/૯૬ના કામે કબજે થયેલ મુદ્દામાલ સરખા જેવા લાગતા હતા તેવો પુરાવો અમારી તપાસ દરમ્યાન મળેલો. જેથી આગથળા પો.સ્ટે.ના ઉપરોકત ગુનાઓ અંગેના રીપોર્ટો મેળવેલા.

**પ્રશ્ન:**–આગથળામાં ચાર જુદી જુદી જગ્યાએથી માદક પદાર્થ અફીણનો જથ્થો મળેલો તે પૈકી આપે જણાવ્યું તેમ આ કેસનુંઅફીણ ચાર માંથી કઈ જગ્યાએથી ખરીઢ દવામાં આવેલ હતો તેનો કોઈ પુરાવો આપે મેળવેલ નથી.

**જવાબ:**–અમારી તપાસના ગુનાના કામે જે અફીણ કબજે થયેલુ તે આરોપી માલાભાઈ જોઈતાભાઈ રબારી ધ્વારા ખરીદ કરીને લાવવામાં આવેલું હતું તે ફલિત થયેલું, પરંતુ ખરીદ કરીને અફીણ લાવનાર આરોપી મરણ ગયેલ હોઈ જેથી કઈ ચોકકસ જગ્યાએથી તેઓએ ખરીદ કરીને લાવેલ તે નકકી થઈ શકેલ નહી.

**પ્રશ્ન:**–આપને આંક–૫૧૮નો આગથળા પો.સ્ટે. ગુરનં.પર/૯૬ તા.૧/૫/૯૬નો એફએસએલ ચકાસણીનો રીપોર્ટ બતાવવામાં આવે છે જેમાં પૃથકકરણના પરીણામમાં મોર્ફીનનું પ્રતિશત પ્રમાણ **૦.૬ ટકા** દર્શાવેલ છે.

**જવાબ:**–હાજી.

**પ્રશ્ન:**–આપને આંક–પર૧નો પાલનપુર શહેર પો.સ્ટે.ગુ.ર.નં.૨૫૦/૯૬, તા.૩/૬/૯૬નો એફ.એસ.એલ. ચકાસણીનો તા.૨૬/૭/૯૬નો રીપોર્ટ બતાવવામાં આવે છે તેમાં પૃથકકરણના પરીણામમાં મોર્ફીનનું પ્રતિશત પ્રમાણ **૫.૮ ટકા** દર્શાવેલ છે.

**જવાબ:**–જે એફએસએલ રીપોર્ટ આપ મને બતાવો છો તે જોઈને જણાવું છુંકે તેમાં મોર્ફીન પ્રતિશત પ્રમાણ ૫.૮ ટકા લખેલું છે.

**પ્રશ્નઃ**–તમોએ આંક–૫૪૮ વાળા રીપોર્ટથી કોલમ નં.૪ માં સંદર્ભ નં.૧, ૩, ૪ વાળા અહેવાલો ઉપરથી ત્રણેય ગુનાના અફીણ એક જ પ્રકારના છે કે કેમ તેમજ તેવુ કહી શકાય કે કેમ તેવો અભિપ્રાય માંગેલ હતો પરંતુ આંક–૫૪૯ વાળા અભિપ્રાયના કોલમ નં.૪ વાળા એક જ પ્રકારનું અફીણ છે તેમ કહી શકાય તેવો અભિપ્રાય આપેલ છે પરંતુ એક જ પ્રકારનું છે તેવો ચોકકસ અભિપ્રાય આપેલ નથી.

**જવાબઃ**–આંક–૫૪૮ વાળા રીપોર્ટથી અમોએ ઉપરોકત ત્રણેય અહેવાલોમાં ઉલ્લેખિત મોર્ફીનની માત્રા આધારે એફ.એસ.એલ. નાઓને ત્રણેય ગુનાઓમાં અફીણ એક જ પ્રકારનું છે કે કેમ? તેવું કહી શકાય કે કેમ? તે અંગે અભિપ્રાય પુછેલ છે અને સંબંધિત એફ.એસ.એલ. અધિકારી તરફથી મળેલ રીપોર્ટના પેરા–૪માં લખેલું છે કે ત્રણેય પ્રકારનો અફીણ એક જ પ્રકારનું છે તેમ કહી શકાય.

**પ્રશ્નઃ**–એક જ પ્રકારનું અફીણ હોવાનો સ્પષ્ટ અભિપ્રાય આવેલ નથી.

**જવાબઃ**–ઉપરોકત અંગે એફ.એસ.એલ. અધિકારીનો જે રીપોર્ટ આવેલ છે તેમાં સ્પષ્ટ રીતે જણાવાયું છે કે ત્રણેય પ્રકારનું અફીણ એક જ પ્રકારનું છે તેમ કહી શકાય.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ આ ગુનાના કામે નામ.કોર્ટે તહોમતનામુ ફરમાવ્યુ તે પહેલાં નાર્કોટીકસ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સીસ એકટ ૧૯૮૫ ના કાયદા હેઠળ જે જે ગુનાઓ સંબંધિત ગુના બનતા હોવાના રીપોર્ટ રજુ કરી વધારાના ગુનાઓનું તહોમત મુકવામાં આવેલ છે તેવા પ્રાથમિક દૃષ્ટિએ કોઈ ગુના બનતા નહોતા તેમછતાં ભારે ગુના બતાવવા માટે ખોટા રીપોર્ટ કરેલા છે. બાદમાં બચાવપક્ષે એન.ડી.પી.એસ. એકટ

કલમ–૫૯(૨)બી અંગેના સાહેદને પ્રશ્નો પુછતા સદર મારફત સદરનો અસલ મંજુરી પત્ર ની.૨૫/૪ દાખલ આંક–૬૨૦થી રેકર્ડ ઉપર પુરાવામાં રજુ થયેલ છે.

બાદમાં આ સાહેદને બચાવપક્ષે વિ.વ.શ્રીએ ત.ક.અ.શ્રી તરીકે લીધેલ સાહેદી નિવેદનો અંગે કોન્ટ્રાડીકશન અને ઓમીશન વિગતે લંબાણપૂર્વક પુછવામાં આવેલ છે અને તેના જે–તે જવાબો રેકર્ડે નોંધાયેલ છે. તેજ રીતે બચાવપક્ષે મુકેલ તેમનો બચાવ અને તકરારોનુ સાહેદે જે ડીનાઈલ કરેલ છે તે નોંધાયેલ છે.

આમ સર્વાંશે ત.ક.અ.શ્રીએ પોતાની સરતપાસના કથનોને વળગી રહી જે–તે જવાબો આપેલા છે.

(ટી) **બચાવપક્ષે પોતાની બચાવની જે કઈ તકરારો આ કેસમાં લીધેલ છે તે અંગે તેઓ ધ્વારા તપાસાયેલ સાહેદ નં.(૧) તરીકે સાહેદ શંભુભાઈ બેચરદાસ પટેલને આંક–૬૬૬ થી તપાસવામાં આવેલા છે, જેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,** તા.૮/૩/૧૯૯૭ના રોજ તેઓની રાજકોટથી પાલનપુર વિભાગીય પોલીસ અધિકારી તરીકે બદલી થતાં તેઓએ એસસી એસટી સેલ ડી.વાય.એસ.પી. શ્રી પારઘી પાસેથી તેઓએ પાલનપુર શહેર પો.સ્ટે. પ્રોહી ગુ.ર. નં.૨૧૬/૯૬ના ગુનાની તપાસ સંભાળેલી. તેઓનો પોલીસ મહાનિર્દેશક મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજયના હુકમ નં.ક/૧/૮/૯૭/૮૬૦, તા.૩/૩/૯૭ થી વિભાગીય પોલીસ અધિકારી, પાલનપુર તરીકે બદલી થયેલી હતી. તેઓને આ ગુનાની તપાસમાં આ ગુનાની કેસ ડાયરી તથા તપાસના કાગળો મળેલા. તેઓએ કાગળો વંચાણે લીધેલા અને કેસ ડાયરીમાં જે બતાવેલુ હતુતે મુજબ તેઓએ તપાસ ચાલુ કરેલી.

તેમણે આ કેસની તપાસ તા.૮/૩/૯૭ થી તા.૨૨/૫/૯૯ સુધી કરેલી. તેમની ધારી મુકામે બદલી થતાં આ ગુનાની તપાસ તેઓએ તા.૨૨/૫/૯૯ના રોજ શ્રી જે.આર.મોથલીયા, ડી.વાય.એસ.પી. પાલનપુરનાઓને સોંપેલી. તેઓએ તેમની તપાસ દરમ્યાન જે તપાસ કરેલી. તેની તેઓએ કેસ ડાયરી નિભાવેલ. મને તપાસ સંભાળી તે સમયે જે કેસ ડાયરી મળેલી હતી તેના અનુસંધાને તેઓએ કેસ ડાયરી આગળ નીભાવેલી. તેમજ તેઓને બચાવપક્ષે વિ.વ.શ્રીએ સુચક અને તાર્કીક પ્રશ્નોત્તરી નીચે મુજબ કરેલ છે.

**પ્રશ્ન:**–તમને અદાલતના રેકર્ડમાંથી આંક–૨૭૩ વાળી કેસ ડાયરી બતાવી એવું પુછવામાં આવે છે કે તે જોઈ જણાવો કે કઈ તારીખે અને કઈ કેસ ડાયરી નંબરથી આપે તપાસ શરુ કરેલી ?

**જવાબ:**–તા.૮/૩/૯૭ના રોજની કેસ ડાયરી નંબર–૨૫ જોઈને જણાવું છું કે તે દિવસે કલાક–૧૨:૧૦ વાગે કેસ કાગળો અને કેસ ડાયરી તેઓએ સંભાળેલી અને વંચાણે લીધેલ. બાદ તે દિવસે બીજી કોઈ તપાસ કરેલી નહી.

**પ્રશ્ન:**–તમે કેસ ડાયરી જોયા વગર કરેલ તપાસની હકીકત અંગે મોંઢે કહી શકો?

**જવાબ:**–આશરે પચ્ચીસ છવ્વીસ વર્ષ થયા જેથી યાદ ન હોય અને મોંઢેથી કહી શકુ નહી.

**પ્રશ્ન:**–આપે તપાસ સંભાળી તેના પછી કઈ તારીખે આ કેસની તપાસ હાથ ધરેલી?

**જવાબ:**–તેઓએ તા.૧૬/૧૦/૯૭ એ ક.૭:૦૦ થી ૨૧:૦૦ સુધી તપાસ હાથ ધરેલી.

**પ્રશ્ન:**– એ દિવસે શું કરેલું?

**જવાબ:**–અમદાવાદ હાઈકોર્ટમાં સરકારી વકીલ શ્રી ડી.એન.પટેલના તારીખ તા.૧૩/૧૦/૯૭ના ફેકસ મેસેજથી રુબરુ આવવા જણાવતાં હું કેસ પેપર્સ અને કેસ ડાયરી સાથે સદર સરકારી વકીલ સાહેબને મળેલો.

**પ્રશ્ન:**– કયા કેસના બાબતે મળવાનું હતું?

**જવાબ:**– એન.ડી.પી.એસ.ના આ કેસ માટે મળવાનું હતું.

**પ્રશ્ન:**–આ કેસની કઈ બાબતે મળવા બોલાવેલા?

**જવાબ:**–આ કેસની ચર્ચા માટે બોલાવેલો. મને આ કેસની તથા પાલી કોતવાલી પો.સ્ટે. આ ગુનામા અટક કરેલ આરોપીએ સંજીવ ભટ્ટ, શ્રી વ્યાસ વિ.વિરુધ્ધ નોંધાવેલ ફરીયાદ ની તપાસ અંગે સ્પે.ક્રિમી.અરજી નં.૧૬૭૯/૯૬ દાખલ થયેલ હતી તે કેસની ચર્ચા કરવા માટે બોલાવેલ.

**પ્રશ્ન:**–શું ચર્ચા કરેલી તે આપ કહી શકો?

**જવાબ:**–ચર્ચા શુ કરેલી તે હાલ હું કહી શકુ નહી.

**પ્રશ્ન:**–તમને સરકારી વકીલ શ્રીએ આગળ કોઈ સુચના આપેલી?

**જવાબ:**–હાલ મોંઢે યાદ નથી. ડાયરીમાં અંદર લખ્યુ હશે તે પ્રમાણે હશે. સદર આંક–૨૭૩ વાળી તે દિવસની ડાયરી વાંચીને જણાવું છું કે મને પાલીના ગુનાની તપાસ સંબંધે તેમજ સુમેરસીગને પકડવા માટે ગુનાના પ્રથમ તપાસ કરનાર અમલદાર આઈ.બી.વ્યાસ વિગેરે પાલી મુકામે આરોપીને પકડવા માટે ગયેલા તેમજ સુમેરસીંગની વિરુધ્ધ થયેલ કેસના કામે ક.–૧૬૯ હેઠળ સુમેરસીહ

ચીમનસીહ રાજપુરોહીતને મુકત કરેલા તેની તપાસ કરી પુછપરછ કરવા અને નિવેદનો લેવા તેમજ તે પીટીશન અંગે જણાવતાં તેઓએ નોંધ લીધેલી.

**પ્રશ્નઃ**–આ પીટીશનની અંગ્રેજીમાં કોપી તમને મળેલી ?

**જવાબઃ**–મને ખ્યાલ નથી.

આ ચર્ચા કરી રાત્રે હું પાલનપુર પરત આવેલો અને તે દિવસે મને શ્રી જીલ્લા પોલીસ અધિકારીને મળેલ પત્ર અનુસાર પાલી કોતવાલી ગુ.ર.નં.૪૦૩/૯૬ની તપાસ ટ્રાન્સફર કરવા સુપ્રિમ કોર્ટમાં પીટીશન દાખલ કરવા અંગેનીદરખાસ્ત અંગે એફીડેવીટ કરવા પાલનપુર શહેર ગુ.ર.નં.૨૧૬/૯૬ના કાગળો સાથે સુપ્રિમ કોર્ટના, નામ.ગુજરાત સરકારના વકીલ શ્રીમતી હેમંતીકા વાહીને મળવા કાગળો સાથે જવા જણાવેલુ.

તેમજ આ સાહેદ જણાવે છે કે,તેઓને જીલ્લા પોલીસ વડા મારફત નામ.સુપ્રિમ કોર્ટના ગુજરાત સરકારશ્રીના વકીલશ્રીમતી હેમંતીકા વાહીને મળવા જવાનું છે તેવો જે પત્રની ઝેરોક્ષ મળેલી તે તેઓએ કામમાં સામેલ રાખેલી. આંક–૨૭૩ વાળી ડાયરીની નોંધ જોઈને જણાવું છું કે તેઓએ તેઓ સાથે ફોન ઉપર વાત કરેલી અને તેઓએ મને એવુ જણાવેલું કે હાઈકોર્ટમાં પીટીશન પેન્ડીંગ છે જેથી પછી બોલાવીશ. ત્યારબાદ તેઓએતા.૨૬/૧૦/૯૭ના રોજ આ કેસની તપાસ હાથ ધરી આ ગુનાની પ્રથમ તપાસ કરનાર આઈ.બી.વ્યાસનું નીવેદન લેવાતા.૨૦/૧૦/૯૭ના રોજ ફેકસ મેસેજથી બોલાવેલા અને તા.૨૬/૧૦/૯૭ ના રોજ આવવા જણાવેલું. તેઓ શ્રીતા.૨૬/૧૦/૯૭ના રોજ આવેલા.

શ્રી વ્યાસ તે વખતે સીવીલ ડીફેન્સમાં બરોડા મુકામે ફરજ બજાવતા હતા. તેઓએ તેમની પુછપરછ કરીને તેમનો જવાબ લીધેલો.

**પ્રશ્ન:**–તમે શ્રી વ્યાસને શી બાબતેની પુછપરછ કરેલી?

**જવાબ:**–પાલીના ગુના નંબર ૪૦૩/૯૬ના કેસ બાબતે તેઓએ વ્યાસની પુછપરછ કરેલી.

**પ્રશ્ન:**–તે સિવાય બીજા ગુનાની પુછપરછ કરેલી ?

**જવાબ:**–ડાયરી જોઈને જણાવું છું કે તેઓએ પાલનપુર સીટી પો.સ્ટે. પ્રોહી ગુ.ર. નં.૨૧૬/૯૬ના ગુના સંબેધે પણ પુછપરછ કરેલી.

**પ્રશ્ન:**–તમે શ્રી વ્યાસની પુછપરછ કરેલી તે વખતે તમે શ્રી વ્યાસને કોઈ કાગળો બતાવેલા?

**જવાબ:**– કાગળો મારા ટેબલ ઉપર પડેલા શ્રી વ્યાસે જોયેલા કે કેમ તેની મને ખબર નથી.

**પ્રશ્ન:**–આપ કેસ ડાયરી જોઈને કહી શકો?

**જવાબ:**–આંક–૨૭૩ વાળી કેસ ડાયરી જોઈને જણાવું છું કે શ્રી વ્યાસે તપાસના કોઈ કાગળો જોયેલા જ નથી અને તેમને જોવા મળેલા નથી.

**પ્રશ્ન:**– શ્રી વ્યાસે એમની તપાસની તમને વિગત કહેલી?

**જવાબ:**–વ્યાસે કીધેલુ કે અમે શ્રી સુમેરસીહને આ ગુનામાં છોડી દીધા પછી શ્રી સુમેરસીહે પાલી કોર્ટમાં અમારા વિરુધ્ધ કેસ દાખલ કરાવેલો છે.

**પ્રશ્ન:**–તમે શ્રી વ્યાસનો જવાબ લખી લીધેલો?

**જવાબ:**–ડાયરીની નોંધ જોઈને કહું છું કે શ્રી વ્યાસનો જવાબ લીધેલો.

**પ્રશ્ન:**–જવાબ લીધા પછી તમે આગળ શુ કરેલ?

**જવાબ:**– જવાબ લીધા પછી કેસ પેપર્સમાં સામેલ રાખેલ.

**પ્રશ્ન:**–પછી કઈ તારીખે આ કેસની કઈ તારીખે તપાસ કરેલી અને શું તપાસ કરેલી?

**જવાબ:**–તા.૩/૧૧/૯૭ના રોજ હે.કો.કલંદરખાન કાળુમીયાં તથા પો.કો. પ્રકાશચંદ્ર કનૈયાલાલ ની પુછપરછ કરી જવાબો લીધેલા.

**પ્રશ્ન:**–તેમની કેમ પુછપરછ કરેલી?

**જવાબ:**–તેઓ સુમેરસીહ રાજપુરોહીતને પકડવા સાથે ગયેલા હતા તેથી.

**પ્રશ્ન:**–તે દિવસે ઉપરોકત બંને જણા સિવાય બીજા કોઈના જવાબો આપે લીધેલા?

**જવાબ:**–તે સિવાય પકડવા ગયેલા બીજાના પણ જવાબો લીધેલા.

**પ્રશ્ન:**–તે દિવસે આપે કોઈ કેસના કાગળો કોઈ જગ્યાએ આપેલા?

**જવાબ:**–કોઈને આપ્યા હોય તેવા મારા ખ્યાલમાં આવતું નથી. કેસ ડાયરી જોઈને જણાવુ છું કે રાજસ્થાનની પોલીસને તેઓના પાલી કોતવાલી પો.સ્ટે. ગુ.ર. નં.૪૦૩/૯૬ના કામેના ગુના અંગેની તપાસ માટે તેઓની પાસેના તપાસના કાગળોમાંથી ઝેરોક્ષ નકલો કોઈ અધિકારીએ આવીને માંગતા તેઓએ આપેલી.

**પ્રશ્ન:**–તમે તેઓની તપાસ માટે પાલી કોતવાલી પો.સ્ટે. ગુ.ર.નં.૪૦૩/૯૬ના કામેના તપાસના કાગળોની નકલો તેઓ પાસે માંગેલી ?

**જવાબ:**–ડાયરી જોઈને જણાવુ છું કે તેઓએ તેઓએ તપાસના કામે લીધેલા જવાબોની નકલો અને રેકર્ડ માંગેલું અને હીન્દી ભાષામાં રીપોર્ટતૈયાર કરીને મારા રીડર પીએસઆઈ શ્રી બારડને રીપોર્ટ સાથે જયપુર મોકલી આપેલા અને તેની સ્થળપ્રત કેસ પેપર્સ માં સામેલ રાખેલી.

**પ્રશ્ન:**–તેના પછી કઈ તારીખે તપાસ કરેલી, કયા થી કયા સમય સુધી તપાસ કરેલી અને શું તપાસ કરેલી?

**જવાબ:**–ડાયરી જોઈને જણાવુ છું કે ત્યારબાદ તેઓએ તા.૬/૧૧/૯૭ના રોજ ક.૧૭:૦૦ થી ૧૯:૦૦ ની તપાસ દરમ્યાન શ્રી બારડ જયપુરથી તેઓએ પાઠવેલ રીપોર્ટ આધારે પો.અધિ.શ્રી જયપુર, રાજસ્થાનનો પત્ર લઈ આવેલા અને તેમાં જણાવેલુ હતુ કે તેઓએ માગેલી નકલો આપવા અસમર્થ છે તેથી તે પત્રની તેઓએ નોંધ ડાયરીમાં કરેલી અને તે પત્ર તપાસમાં સામેલ રાખેલો. તે દિવસે તેઓએ શ્રી યાજ્ઞીકની પુછપરછ કરી જવાબ લીધેલો. તેમજ અગાઉના ત.ક.શ્રીએ તૈયાર કરાયેલ રેખાચિત્રો આધારે બાતમીદારોથી તપાસ કરાવેલ. ત્યારબાદ તા.૭/૧૧/૯૭ના રોજ જામતાજી હેદુજીનો તેઓએ જવાબ લીધેલો અને કામમાં સામેલ રાખી ત્યારબાદ તેઓએ પાલી કોતવાલી પો.સ્ટે.ના ત.ક.અ.શ્રી પાસેથી તેમને ત્યાં દાખલ થયેલ ગુના રજી.નં.૪૦૩/૯૬ની તપાસના કાગળો નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકારી વકીલ સાહેબની સુચના અનુસાર મંગાવવા માટે જે કાર્યવાહી કરેલી તે વિગતે વર્ણવી તૈયાર કરાવેલ યથાચિત્રો આધારે શું શું કાર્યવાહી કરી તે જણાવેલ છે. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ અરજીઓ અંગે શું કાર્યવાહી કરેલ તે જણાવી સદર કાર્યવાહીની નોંધો કેસ ડાયરીમાં કરેલાનુ જણાવી સાથેસાથે પાલી કોતવાલી

પો.સ્ટેશનમાં દાખલ થયેલ ગુના રજી.નં.૪૦૩/૯૬ વાળાના ગુનામાં ચાર્જશિટ દાખલ કરવાની કાર્યવાહી જે–તે ત.ક.અ.શ્રીએ હાથ ધરેલ હોઈ તેની પણ નોંધ કરેલાનુ જણાવી તેઓ જયાં સુધી તપાસમાં રહયા ત્યાં સુધી તેમણે કરેલ કાર્યવાહીની હકિકતો સરતપાસમાં જણાવી તા.૧૭/૫/૯૯ના રોજ તેમની બદલી થયેલ હોઈ આ કેસની તપાસ તા.૨૨/૫/૯૯ના રોજ ડી.વાય.એસ.પી. શ્રી જે.આર.મોથલીયાને સોંપેલી અને ગુનાની હકિકતથી વાકેફ કરી કેસ ડાયરી અને કેસ કાગળો તેઓને સોંપેલા હોવાનુ જણાવી બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ તેમના સમય દરમ્યાનની કેસ ડાયરી આંક–૨૭૩ વંચાણે લેવા આપતા તેમના સમયેની ડાયરીના અક્ષરો જે–તે સમયના તેમના રાઈટરના હોવાનુ અને તેઓના લખાવ્યા મુજબ રાઈટરે લખેલ હોવાનુ તથા બાદમાં તેઓએ સહી કરેલ હોવાનુ જણાવેલ છે.

આગળ ઉપર બચાવપક્ષના વિ.વકીલ શ્રી આ સાહેદે તા.૨૬/૧૦/૯૭ના રોજ શ્રી આઈ.બી.વ્યાસનો જે જવાબ લીધેલો, તે જવાબ શ્રી વ્યાસના લખાવ્યા પ્રમાણે લખી લીધેલો અને જે ચાર્જશિટના પાના નં.૪૩૧ ઉપર રજુ થયેલ હોઈ તે વાંચી પુછવામાં આવેલ પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, તે જવાબમાં વ્યાસે તેઓને ''મને સંજીવ ભટ્ટે આપેલ બાતમી મુજબ'' તેવા શબ્દો લખાવેલા નથી, તેવુ જણાવેલુ છે. એ રીતે બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ આ સાહેદને શ્રી વ્યાસે લખાવેલા નિવેદનો અને વ્યાસે અત્રે અદાલતમાં આપેલ જુબાનીના કથનોમાં આવેલ વિરોધાભાસ અને ઓમીશન પુછતા સાહેદે જે–તે કોન્ટ્રાડીકશન કે ઓમીશન હોવા કે નહી હોવા અંગેના જવાબો આપેલા છે જે રેકર્ડ ઉપર નોંધાયેલા છે. એ રીતે બચાવપક્ષે સદર વિરોધાભાસો રેકર્ડ ઉપર લાવવા

અને એ રીતે તેમની બચાવની હકિકતો આ સાહેદ મારફત સરતપાસમાં પુરાવા સ્વરૂપે રજુ કરેલ છે. બાદ સાહેદે તેમના સમય દરમ્યાન કરેલ કાર્યવાહીના કાગળો સાહેદને બતાવતા સાહેદે ઓળખી બતાવતા સદર આંક–૬૮૮થી ૬૯૨ અન્વયે રેકર્ડ ઉપર રજુ થયેલા છે.

**આ સાહેદની ફરીયાદપક્ષે વિ.સ્પે.પી.પી.શ્રી દ્વારા વિગતે ઉલટતપાસ થયેલી છે,** જેમાં તેમણે એવુ કબુલ રાખેલ છે કે, આ ગુના અંગે જે કંઈ તપાસ કાર્યવાહી કે કામગીરી તેઓએ કરી તેની નોંધ તેમણે કેસ ડાયરીમાં કરેલી છે અને જે કામગીરી કે તપાસ તેઓએ કરેલી નહી તેની નોંધ તેઓએ કેસ ડાયરીમાં કરેલી નથી. એવુ કબુલ રાખેલ છેકે, આંક–૨૭૩ વાળી ડાયરીમાં તા.૮/૩/૯૭થી તા.૨૨/૫/૯૯ સુધીની લખેલ ડાયરીની વિગતમાં તેઓએ સમય લખેલો છે, તેવુ જણાવેલ છે. તેમજ જયારે તેઓને તપાસ મળેલી ત્યારે તેઓને બતાવવામાં આવેલા આંક–૩૧૭માં દર્શાવેલ અનુ.નં.(૧)થી (૮૮)વાળા કાગળો હતા અને સદર ફેરીસ્ત હતુ તથા તે તમામ કાગળો બાબતની તેઓએ કોઈ ખરાઈ કરેલી નહી અને તેઓની અગાઉના ત.ક.અ. શ્રીઓએ કરેલ કામગીરીની પણ તેમણે કોઈ ખરાઈ કરેલ નહી તથા આ કેસમાં જે વર્ધી મોકલવામાં આવેલી હતી તે વર્ધી મોકલનાર કોણ છે ?, કયા સ્થળેથી મોકલવામાં આવેલ ? અને કયા ટેલીફોન નંબરથી મોકલવામાં આવેલ ? તે અં ગે તેમણે કોઈ તપાસ કરેલી નહી. સાથેસાથે અફીણ કયા સ્થળેથી મેળવવામાં આવેલ, અફીણ કોણે ખરીદ્યુ અને કોણે પોતાની પાસે રાખ્યુ તથા હોટલ લાજવં તીના રૂમ નં.૩૦૫માં અફીણ કોણે મુકયુ હતુ તે અંગેની સ્વતંત્ર તપાસ તેમણે કરેલી નથી. વધુમાં તેઓ અત્રે પાલનપુર ફરજ ઉપર આવ્યા તે પહેલા

રાજકોટ શહેર મદદનીશ પોલીસ કમીશનર તરીકે ફરજ બજાવતા હતા અને તે વખતે તેમના ઉપરી અધિકારી તરીકે ડેપ્યુટી કમીશનર તરીકે શ્રી સંજીવ ભટ્ટ હતા અને પોલીસ કમીશનર તરીકે ચીત્તરંજનસિંહ હતા. સાહેદે એવુ જણાવેલ છે કે, શ્રી સંજીવ ભટ્ટ સાથે આશરે ચારથી પાંચ માસ જેટલી ફરજ બજાવેલી હતી અને રાજકોટથી રૂટીનમાં તેમની બદલી થયેલી. સાહેદે એવુ જણાવેલ છે કે, તેમની બદલી થઈ તે પહેલા શ્રી સંજીવ ભટ્ટ અને પોલીસ કમીશનર બન્નેની એકજ દિવસે બદલી થયેલી.

સાહેદને સુચક એવો પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, ....

**સવાલ:**–શ્રી સંજીવ ભટ્ટની બદલી કયા કારણોસર થયેલી?

જેનો જવાબ નીચે મુજબ પુરાવા સ્વરૂપે રેકર્ડ ઉપર આવેલ છે.

**જવાબ:**–રાજકોટ શહેરમાં સોજીત્રા નગર નામનો એક વિસ્તાર આવેલ છે. આ વિસ્તારમાં રાજકોટના ધનાઢ્ય પાર્ટી કીરીટભાઈ જયંતીલાલ કુંડલીયાનો મોટો પ્લોટ ખુલ્લો હતો તેમાં કોઈ પેશકદમી ન કરે તે સારુ એક ચોકીદાર રાખવામાં આવેલ. આ ચોકીદાર ને તેનો માસિક પગાર આપવાનું બંધ થતાં અને પ્લોટ ખાલી કરાવવા માટે કીરીટ કુડલીયા તરફથી દબાણ કરવામાં આવેલું, પરંતુ આ પ્લોટ આ ચોકીદારે ખાલી નહીં કરતાં મને યાદ છે ત્યાં સુધી તે પ્લોટની બાજુમાં ટેલીફોનના થાંભલા પાસે વીલાયતી દારુની પેટી હોવાની પોલીસ કંટ્રોલ રુમમાં નનામો ફોન આવતાં કંટ્રોલ રુમ તરફથીપ્રદ્યુમનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરી કાયદેસરની કાર્યવાહી કરવા જણાવતાં પોલીસ સબ ઈન્સ્પેકટર પાંડેની ચોકી વિસ્તાર હોઈ તેઓ ત્યાં ગયેલા અને ઉપરોકત બતાવેલ જગ્યા તેમજ ચોકીદારનુ ઝુંપડું તથા

આજુબાજુ પંચો રુબરુ ચેક કરતાં કઈ મળી આવેલ નહીં જે બાબતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલી અને કંટ્રોલ રુમને જાણ કરવામાં આવેલી તે પછી આ હકીકત શ્રી સંજીવ ભટ્ટ સાહેબના ધ્યાને દોરાવતાં તેઓ તેમના વિશ્વાસુ પીએસઆઈ ધર્મેન્દ્રસીંહ ચૌહાણ ને મોકલેલ અને ફરીથી આ જગ્યા ચેક કરેલી પણ કંઈ મળેલ નહીં અને છાપરું ચેક કરેલ ત્યારે ચોકીદાર અને તેના ત્યાં આવેલ તેનો એક મહેમાનની પુછપરછ કરતાં તેના મહેમાનને ધર્મેન્દ્રસીહ જાડેજાએ માર મારતાં તેનો દાંત પડી ગયેલો તે બાબતે બીજા દિવસે સવારના પોલીસ કમિશ્નર કચેરીએ ભોગ બનનાર અને ચોકીદાર તેના કુટુંબ સાથે આવી રજુઆત કરેલી. પોલીસ કમિશ્નર સાહેબે મને રુબરુ બોલાવી ભોગ બનનારની ફરીયાદ લેવા માટે હુકમ કરતાં હું તેમને લઈ તેઓની ઓફીસમાં જતો હતો ત્યાં સંજીવ ભટ્ટ સાહેબે મને અને ભોગ બનનાર તથા તેના કુટુંબને તેમની ઓફીસમાં બોલાવી જે ફરીયાદ લેવાની છે તે તેઓની હાજરીમાં લો જેથી તેઓએ તેઓ સાહેબને જણાવેલ કે આપના અને ધર્મેન્દ્રસીહ ચૌહાણ વિરુધ્ધ આક્ષેપો કરી રહયા છે તો આવી ફરીયાદ આપની હાજરીમાં લઈ શકાય નહી. તે પછી તેઓએ તેઓની ઓફીસમાં જઈ ભોગ બનનારની ફરીયાદ ઈ.પી.કો. ક.–૩૨૫,૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની ક.–૩(૧)(૧૦) મુજબ દાખલ કરેલી અને આ ગુનાની તપાસ પ્રધ્યુમ નગર પોલીસ સ્ટેશનના તે વખતના પો.ઈન્સ્પે.શ્રી નાગર કરતા હતા. તપાસના અંતે આ તપાસમાં શ્રી સંજીવ ભટ્ટ તપાસમાં અડચણરુપ થઈ ધર્મેન્દ્રસીહ ચૌહાણ વિરુધ્ધ પુરતા પુરાવા હોવાછતાં પોલીસ કમિશ્નર સાથે બેહુદુ વર્તન કરી તહોમતદારને આ ગુનાના કામે અટક થવા દીધેલ નહીં. સમગ્ર બાબતની જાણ રાજકોટના પત્રકારો અને રાજકીય માણસોને થતાં તેવખતના રાજયના પોલીસ વડા સુધી રજુઆત થયેલી

અને શ્રી સંજીવ ભટ્ટસાહેબ અને પો.કમિશ્નર શ્રી ચીત્તરંજન સાહેબની બીજે જ દિવસે રાજકોટથી બદલી થયેલી. હું બનાસકાંઠામાં બદલી થઈને નોકરી ઉપર આવેલ તે વખતે મારા એસ.પી. શ્રી એ.કે.પંડયા અને બાદમાં શ્રી રાહુલ શર્મા હતા.

વધુમાં તેમણે એવુ સ્વિકારેલ છે કે, તેમને બતાવવામાં આવેલ આંક–૬૯૦ કે જે તેઓને ઉદ્દેશીને જીલ્લા પોલીસ અધિકારી વતી જે પત્ર લખવામાં આવેલો તેમાં ગુનાનો જેમ બને તેમ વહેલી તકે નિકાલ કરવા વિનંતી તેવું જણાવવામાં આવેલુ હતુ. તેમજ એવુ પણ સ્વિકારેલ છે કે, તેમને આંક–૨૭૩ વાળી કેસ ડાયરી નં.૨૬ બતાવવામાં આવેલી છે તે તેઓએ ચાર્જ લીધા બાદની પ્રથમ તેઓની ડાયરી છે. તેઓએ એવુ પણ સ્વિકારેલ છે કે, તેમાં તેઓએ તેઓની ચૌદ કલાકની કામગીરી બતાવેલી છે તેમાં તેઓ અમદાવાદ ગયેલા તથા સુપ્રિમ કોર્ટ નવી દીલ્હી ખાતે દાખલ કરવાની દરખાસ્ત અંગે એફીડેવીટ કરવાનો જે તેમને પત્ર મળેલ જે સંદર્ભે તેઓએ સુપ્રિમ કોર્ટ એડવોકેટનો ફોનથી સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ થયેલ હોય તો પીટીશનના નિકાલ પછી બોલાવીશ. જેથી તેઓએ તે અંગે નોંધ લીધેલી. તેમજ એવુ પણ સ્વિકારેલ છે કે, તેઓ ત્યારબાદ દીલ્હી ગયેલા નથી કે તેમને બોલાવેલ નથી તથા તેમને બતાવાયેલ ત્યારબાદની ડાયરી નં.૨૭ મુજબ તેઓએ ચાર કલાક કામગીરી કરેલી જેમાં તેઓએ ફકત શ્રી આઈ.બી.વ્યાસનું નિવેદન લીધેલુ. તે સિવાય બીજીકોઈ કામગીરી કરેલી નહી. તેમજ તેમણે એવુ પણ સ્વિકારેલ છે કે, ત્યારબાદની ડાયરી નં.૨૮ મુજબ તેઓએ તારીખ–૭/૧૧/૯૭ના રોજ ચાર કલાક કામગીરી કરેલી અને તે વખતે

તેઓએ રાજસ્થાન ગયેલા બે પોલીસ કર્મી કલંદરખાન તથા પ્રકાશચંદ્રના નીવેદન લીધેલા અને પાલી કોતવાલી પો.સ્ટે. ગુ.ર.નં.૪૦૩/૯૬નું રેકર્ડ માંગેલું અને કલ્યાણમલ શર્માને આ કેસના કાગળો આપેલા. તેમજ તેઓએ એવુ પણ સ્વિકારેલ છે કે, ડાયરી મુજબ તા.૬/૧૧/૯૭ના રોજ તેઓએ બે કલાક કામગીરી કરેલી અને ત્યારબાદ તા.૭/૧૧/૯૭ના રોજ દોઢ કલાક કામગીરી કરેલી અને એજ રીતે તા.૧૮/૧૧/૯૭ના રોજ પાંચ કલાક કામગીરી કરેલી. ત્યારબાદ તા.૨૧/૧૧/૯૭ના રોજ ચૌદ કલાક કામગીરી કરેલી, જેમાં તેઓ અમદાવાદ ગયેલા, તે સિવાય બીજીકોઈ કામગીરી કરેલી નહી. તેમજ તેઓએ એવુ પણ સ્વિકારેલ છે કે, ત્યારબાદ તા.૨૮/૧૧/૯૭ના રોજ ચૌદ કલાક કામગીરી કરેલી અને અમદાવાદ ગયેલા. તે સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નહી. ત્યારબાદ તા.૨૫/૧૨/૯૭ના રોજ તેઓએ ચાર કલાક અને તા.૨૮/૧૨/૯૭ના રોજ ચાર કલાક અને તા.૧૪/૧/૯૮ના રોજ એક કલાક અને તા.૬/૮/૯૮ના રોજ એક કલાક કામગીરી કરેલી અને તા.૨૨/૫/૯૯ના રોજ તેઓની બદલી થતાં તેઓએ આગળના અધિકારીને તપાસ સોંપી દીધેલી. તેમજ તેઓએ એવુ પણ સ્વિકારેલ છે કે, તેઓને જે સ્કેચ તપાસના કાગળોમાં મળેલા તે તેઓએ સાચા માની તે બતાવવા અંગેની તજવીજ કરેલી અને સ્કેચ બતાવવાની તજવીજ કર્યા સિવાય તે બાબતે તેઓએ બીજીકોઈ કામગીરી કરેલી નહી.

**(યુ) બચાવપક્ષે પોતાની બચાવની જે કઈ તકરારો આ કેસમાં લીધેલ છે તે અંગે તેઓ ધ્વારા તપાસાયેલ સાહેદ નં.(૨) તરીકે સાહેદ દેવરાજ કાનાભાઈ ઘગલને આંક-૭૧૮થી તપાસવામાં આવેલા છે, જેઓએ તેમની સોગંદ ઉપરની**

**જુબાનીમાં જણાવેલ છે કે,** તેઓ સને–1996 અને 1997માં નાયબ મુખ્ય પોલીસ અધિકારી, સરહદી વિભાગ, ભુજ તરીકે ફરજ બજાવતા હતા. તેમને સેક્રેટરી સિધ્ધેશ્વરી પુરી, બાર એસોશીએશન પાલી દ્વારા કરવામાં આવેલ અરજી અંગેની તપાસ ગુજરાત સરકાર દ્વારા સોંપવામાં આવેલી હતી. તેમને સિધ્ધેશ્વરી પુરી બાર એસોશીએસનની અરજી અન્વયે તે અરજીમાં જણાવેલ પોલીસ તથા ગુજરાત હોઇકોર્ટના માનનીય જજ વિરૂદ્ધ આક્ષેપોની વિસ્તૃત તપાસ કરવા આ ઇન્કવાયરી સોપાયેલ હતી. તેઓએ આ ઇન્કવાયરીના કામે પાલનપુર એલ.સી.બી. પોલીસ સ્ટેશનના પી.આઇ. તથા પી.એસ.આઇ.ઓ તથા તેમના તાબાના પોલીસ કર્મચારીઓ તેમજ પાલીના સુમેરસીંહ ચીમનસીંહ રાજપુરોહીતની પાલી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.403/96 વાળી ફરીયાદના ફરીયાદી તથા અન્ય સાહેદોના જવાબો લીધેલા. તેમજ તેઓએ ઉપરોકત ગુના સબંધીત જરૂરી રેકર્ડની નકલો જે મળેલી તે કામમાં સામેલ રાખેલ હતી. તેમજઆ તપાસમાં પાલનપુર એલ.સી.બી.કચેરી તથા જીલ્લા પોલીસ અધિકારીની કચેરી તથા પાલનપુર પોલીસ જીલ્લા હેડ કવાર્ટર તથા તે સમયના જીલ્લા પોલીસ અધિકારીશ્રી સંજીવ ભટ્ટના બંગલે ફરજ બજાવનાર પોલીસ કર્મચારીઓના તેમજ અન્ય જરૂરી સાહેદોના ઇન્કવાયરીના કામે તેઓએ જવાબ લીધેલા. તેમણે તેમની ઇન્કવાયરીનો રીપોર્ટ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજયને તા.23/9/97 ના રોજ રીપોર્ટની ફાઇલ સાથે જવાબો તથા રજુ થયેલ જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે ત્રણ ફાઇલોમાં મોકલી આપેલ હતો. તેઓને માર્ક–707/128 બતાવતા તે જવાબ તા.5/8/96ના રોજ અનાર્મ હેડ.કોન્સ્ટેબલ, બ.નં.1627, કંટ્રોલ રૂમ પાલનપુરમાં જે–તે સમયે ફરજ બજાવનાર બબાભાઇ સવાભાઇ દેસાઇનો જવાબ લીધેલ.તેઓએ તેમની પુછપરછ કરી લખાવ્યા મુજબ જવાબ લખી લીધેલ. તેઓએ સદરહૂ જવાબ વંચાવી, સંભળાવ્યા બાદ તેમની તે જવાબમાં તેઓની

રૂબરૂની સહીઓ લીધેલી. તેઓને બતાવેલ જવાબની અસલની સ્થળપ્રત તરીકેની ઝેરોક્ષ નકલ હોવાનુ જણાવી અને તેમાં દેખાતી સહીઓ નાયબ મુખ્ય પોલીસ અધિકારી તરીકે તેઓની અને બબાભાઈની સહીઓ હોવાનુ જણાવેલ છે. એ રીતે બચાવપક્ષે વિ.વકીલ શ્રીએ આ સાહેદને શ્રી બબાભાઈના નિવેદનો અને શ્રી બબાભાઈએ અત્રે અદાલતમાં આપેલ જુબાનીના કથનોમાં આવેલ વિરોધાભાસ અને ઓમીશન અંગે વિગતે પુછવામાં આવેલ છે. તેજ રીતે શ્રી વ્યાસ, શ્રી પ્રવિણભાઈ પરમાર, શ્રી સુમેરસિંહ રાજપુરોહીત, શ્રી આર.પી. પટેલ તથા શ્રી સાયબાભાઈનાઓના નિવેદનો અને સદર ઉકત તમામ સાહેદોએ અત્રેની અદાલતમાં આપેલ જુબાનીના કથનો અંગે વિરોધાભાસ અને ઓમીશન અંગે પુછવામાં આવેલ છે. સદરહુના સાહેદે જે–તે કોન્ટ્રાડીકશન કે ઓમીશન હોવા કે નહી હોવા અંગેના જવાબો આપેલા છે જે રેકર્ડ ઉપર નોંધાયેલા છે.

આમ ઉપર મુજબ બચાવપક્ષે આ સાહેદ મારફત પોતાનો કેસ મુકેલો છે અને સાહેદે એવુ જણાવેલ છે કે, ઉકત સાહેદોના તેમની રૂબરૂના જવાબરો તેમની હાજરીમાં તેમની સાથેના પો.ઈ.શ્રી અગ્રાવતના હસ્તાક્ષરે લખાયેલા હતા. અનુસંધાને સાહેદે જણાવેલ છે કે, મોટા ભાગના નિવેદનો તેમની ઈન્કવાયરી દરમ્યાન શ્રી અગ્રાવતના હસ્તાક્ષરે લખાયેલા હતા.

આ સાહેદની ફરીયાદપક્ષે વિ.સ્પે.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરેલી છે જેમાં સાહેદે કબુલ રાખેલ છે કે, પોલીસ મેન્યુઅલ મુજબ સીનીયર પોલીસ અધિકારી સામે ડીપાર્ટમેન્ટલ પનીશમેન્ટના ચેપ્ટર અન્વયે પ્રીલીમનરી ઈન્કવાયરી થાય, તે પ્રિલીમનરી ઈન્કવાયરી તેઓએ આ કિસ્સામાં

કરેલી. સાહેદે જણાવેલુ છે કે, સને–૧૯૬૮થી સને–૨૦૦૨ સુધી આશરે ૩૨ વર્ષ જેટલુ તેમણે પોલીસ ફોર્સમાં ફરજ બજાવેલી છે અને ૧૯૯૬થી ૧૯૯૯ સુધી બોર્ડર રેન્જના આઈ.જી. તરીકે હતા. સને–૧૯૯૯ પછી સને–૨૦૦૨માં નિવૃત્ત થયા ત્યાં સુધી તેઓ ડાયરેકટર વીજીલન્સ તરીકે ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડમાં ડેપ્યુટેશન ઉપર હતા.

સાહેદે સદર ઈન્કવાયરીના કામે તેઓએ જે કોઈ વ્યકિતઓને બોલાવેલા તેમને સમન્સ કાઢીને બોલાવેલા હતા કે કેમ ? તે હાલ ચોકકસ યાદ નહી હોવાનુ જણાવેલ છે જયારે એવુ કબુલ રાખેલ છે કે, જો તેઓએ સમન્સ કાઢીને બોલાવેલા હોય તો તેમના ઈન્કવાયરીના રેકર્ડમાં તેવા સમન્સનો તુમાર હોય. આગળ ઉપર સાહેદે એ વાત કબુલ રાખેલ છે કે, તેઓને ડી.જી. સાહેબની કચેરીએથી રાજસ્થન બાર એસોસીએશનની જે અરજી ઈન્કવાયરી કરવા સબંધે મળેલી તે અરજીનો તેમણે પુરતો અભ્યાસ કરેલો હતો અને તે અરજીના અભ્યાસની હકિકતો સબબ તેમણ ઈન્કવાયરી કરેલી હતી.

સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, શ્રી આઈ.બી.વ્યાસ, શ્રી બબાભાઈ સવાભાઈ દેસાઈ, શ્રી પ્રવિણભાઈ પરમાર, શ્રી સુમેરસિંહ રાજપુરોહીત અને શ્રી આર.પી.પટેલ તથા શ્રી સાયબાભાઈનાઓએ તેઓની રૂબરૂમાં નિવેદનોમાં સહી કરેલ છે તેવુ સરતપાસમાં ખોટુ જણાવી રહેલ છે. એ વાતનો પણ ઈન્કાર કરેલ છે કે, તે ઈસમોને તેમણે નિવેદનો વાંચી સંભળાવેલા તેવુ તેઓ સરતપાસમાં ખોટુ જણાવી રહેલા છે. એ વાત ઈન્કારી છે કે, સદર ઈસમો અને બીજા ઘણા બધા ઈસમોના તેમણે કોઈ નિવેદનો લીધેલાજ નથી અને તે નિવેદનો તેમના સહકર્મચારીએ તૈયાર કરેલા

છે તથા કાયદાકીય જોગવાઈ જાણતા હોવાછતાં અને નિવેદન ઉપર સહી લેવા પ્રતિબંધ હોવાછતાં પણ તેમણે નિવેદનોમાં સહીઓ લઈ લીધેલી છે. છેવટે તેમના સહકર્મચારીએ તૈયાર કરેલા નિવેદનો ઉપર સદરહુ ઈસમોની ફકત સહીઓ લઈ લીધેલાનો સાહેદે ઈન્કાર કરેલ છે.

**૧. ફરીયા દ પક્ષે પુરાવો આપતા સાહેદ નં.–૯–એપ્રુવર ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ તથા સાહેદ નં.–૧૪ પ્રવિણચંદ્ર હરીલાલ પરમાર તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ રમણભાઈ પરશોતમભાઈ પટેલ તેમજ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતના પુરાવાનું મૂલ્યાંકન**

**A) ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, એપ્રુવર–તાજના સાહેદ(આરોપી નં.–૧)ના પુરાવાનું મૂલ્યાંકન.**

ફરિયાદપક્ષે પોતાના પુરાવા દરમ્યાન એપ્રુવર–તાજના સાહેદ, ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ (આરોપી નં.–૧)નાઓને ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તરીકે તપાસેલ છે. આ ચુકાદામાં ઉપર આરોપી નં.–૧ એ માફી મેળવવા અંગેની આપેલ અરજી સંદર્ભે જે કઈ કાર્યવાહી આ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન થયેલ અને માફી આપતો હુકમ કરવામાં આવેલ તેની વિગતવાર ચર્ચા કરેલ છે. એપ્રુવર ધ્વારા માફીના હુકમની શરતો મુજબ અને બાહેધરી અનુસાર સોગંદ ઉપર જુબાની આપેલ છે અને તેઓ વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૦૮ મુજબ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

**A.૧)** એપ્રુવર–તાજના સાહેદ, ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ–આરોપી નં.–૧, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ની સરતપાસમાં આવેલ પુરાવો જોવામાં આવે તો તેઓ એલ.સી.બી.પોલીસ સ્ટેશન, બનાસકાંઠા ખાતે જાન્યુઆરી, ૧૯૯૬ના અરસાથી પ્રમોશન લઈ પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ ઉપર આવેલા એક વર્ષ સુધી એલ.સી.બી. પી.આઈ. તરીકે ફરજ બજાવેલી જે એલ.સી.બી શાખા જીલ્લા પોલીસ અધિકારીના સીધા સુપરવિઝનમાં આવતી હતી અને તે વખતે જીલ્લા

પોલીસ અધિકારી તરીકે આરોપી નં.–(૨) ભટ્ટ હતા. આ સાહેદના પુરાવા મુજબ તા.૨૯/૦૪/૧૯૯૬ના સાંજના સમયે આરોપી શ્રી ભટ્ટે તેમને ચેમ્બરમાં બોલાવેલ અને જણાવેલ કે, આવતી કાલે સવારે એન.ડી.પી.એસને લગતી હકીકત મળી શકે છે તમે તમારા સ્ટાફને તૈયાર રાખજો તેવી સુચના કરેલ અને બાદ રાત્રે ૮/૦૦ વાગે તેઓને શ્રી સંજીવ ભટ્ટે તેમના બંગલે બોલાવતા મળવા ગયેલ. જયાં પોલીસ કોન્સ્ટેબલ માલાભાઇ હાજર હતા. ત્યાં સંજીવ ભટ્ટે એપ્રુવર સાહેદને જણાવેલ કે, એક માણસ બદમાશ છે તેને સીધો કરવાનો છે, મે તમને એલ.સી.બી.માં રાખ્યા છે એટલે તમારે મારુ કામ કરવાનુ છે અને તેના ઉપર અફીણનો કેસ કરવાનો છે. આ સાહેદે શ્રી ભટ્ટને જણાવેલ કે, તેઓ કયાંથી અફીણ લાવે. જેથી શ્રી ભટ્ટે કહેલ કે, અફીણ તો માલાભાઇ લઇને આવેલ છે અને તે અફીણ માલાભાઇ હોટલમાં મુકી દેશે. તમારે ફકત કાલે સવારે કંટ્રોલ રૂમની વર્ધીને આધારે કાયદેસરની કાર્યવાહી કરવાની છે. આમ, આ સાહેદના પુરાવા મુજબ તેમની હાજરીમાં શ્રી ભટ્ટે મરણજનાર આરોપી માલાભાઇને અફીણ મુકવાનુ કહેલુ.

ફરીયાદપક્ષે એપ્રુવર સાહેદ નં.૯ શ્રી વ્યાસનો પુરાવો જોવામાં આવે તો તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ તેમને સવારે ૫/૩૦ વાગ્યાના અરસામાં લેન્ડલાઇન ઉપર આરોપીશ્રી ભટ્ટે ફોન કરેલ અને જણાવેલ કે, લાજવંતી હોટલના રૂમ નં.૩૦૫ના પલંગના ગાદલા નીચે અફીણ સંતાળેલ છે અને થોડીવારમાં તમોને કંટ્રોલ તરફથી વર્ધી મળશે અને સ્ટાફને તાત્કાલીક બોલાવી હોટલ લાજવંતીમાં જઇને રેઇડ કરો અને કાયદેસરની કાર્યવાહી કરો.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ની સરતપાસમાં આવેલ પુરાવો જોવામાં આવે તો તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ સંજીવ ભટ્ટની સુચનાથી વહેલી સવારમાં તેઓએ પોલીસ હેડકવાટરે ફોન કરી એલ.સી.બી. શાખાના પોલીસ અધિકારીના કર્મચારીઓને વિશ્રામગૃહ ખાતે મોકલી આપવા જણાવેલ. જેથી વહેલી સવારમાં કેટલાક કર્મચારી સરકારી વાહનમાં વિશ્રામગૃહ ખાતે આવેલ હતા. વિશ્રામગૃહ ખાતે આવેલ પોલીસના માણસોને તેઓએ જણાવેલ કે, એસ.પી. સાહેબ

તરફથી બાતમી મળી છે કે, હોટલ લાજવંતીના રૂમ નં.૩૦પના પલંગના ગાદલા નીચે અફીણ છે અને એસ.પી. સાહેબે તાત્કાલિક રેડ કરવા સુચના આપેલ છે. દરમ્યાન પોલીસ કંટ્રોલરૂમ પાલનપુર ખાતેથી કોઇ પોલીસ કર્મચારી કંટ્રોલરૂમની વર્ધી લઇને તેઓને આપવા માટે વિશ્રામગૃહ ખાતે આવેલ. કંટ્રોલરૂમ તરફથી આવેલ વર્ધી વાંચતા વર્ધીમાં લખેલ હતુ કે પાલી રાજસ્થાનથી એક નનામી વ્યકિતએ વર્ધી આપેલ છે કે, સુમેરસીંહ રાજપુરોહીત અફીણનો ધંધો કરે છે. ગઇકાલે તે પાંચ કીલો અફીણ લઇ પાલનપુર હોટલ લાજવંતીમાં રોકાયેલ છે અને અફીણની ડીલીવરી પાલનપુરમાં આપવાની છે, તેવી વર્ધી હતી. જેથી વર્ધી સાથે લઇને એસ.પી.સંજીવ ભટ્ટના હુકમથી તેઓ તથા હાજર પોલીસના માણસો સાથે હોટલ લાજવંતીમાં તાત્કાલિક રેડ કરવા સરકારી વાહનમાં રવાના થયેલા. સંજીવ ભટ્ટે આપેલ સુચના અને પોલીસ કંટ્રોલરૂમ તરફથી આવેલ વર્ધી મુજબ હોટલ લાજવંતીના માણસોને સાથે લઇ રૂમ નં.૩૦પમાં ગયેલા અને રૂમ નં.૩૦પનો દરવાજો ખખડાવતા દરવાજો કોઇએ નહી ખોલતા, દરવાજાને ધકકો મારતા ખુલી ગયેલ. અંદર પ્રવેશ કરતા કોઇ માણસ હાજર મળી આવેલ નહી. સાથેના સ્ટાફના તથા પોલીસના માણસો મારફતે રૂમમાં તપાસ કરાવતા કોઇ હાજર હતુ નહી. તેઓને સંજીવ ભટ્ટે આપેલ બાતમી મુજબ રૂમ નં.૩૦પના પલંગનુ ગાદલુ ઉંચુ કરતા ગાદલા નીચેથી એક કપડાનો બગલ થેલો મળી આવેલ. તેમાં જોતા એક લુંગીમાં વીંટાળેલ હતુ તે ખોલી જોતા તેમાંથી મીણીયાની જાંબુડી કલરની થેલી મળી આવેલ. તે થેલી ખોલી જોતા તેમાં કાળો પદાર્થ હતો અને તેમાંથી અફીણની વાસ આવતી હતી. આ પદાર્થ અફીણ હતુ, જે સુંઘેલને ખાત્રી કરેલ. તેઓની સાથેના પોલીસ અધિકારી, કર્મચારીઓએ કહેલ કે સાહેબ રૂમમાં કોઇ માણસ રોકાયેલ હોય તેવા ચિન્હો જણાતા નથી, કંઇ ખોટુ થતુ હોય તેવુ લાગે છે જેથી હોટલના કાઉન્ટર ઉપરથી એસ.પી. સંજીવ ભટ્ટને ફોન કરેલ પોલીસ કર્મચારીઓએ કહેલ તે બાબતે વાત કરેલ તેમજ જણાવેલ હોટલ લાજવંતીમાં રૂમ નં.૩૦પમાં રેડ કરેલ છે અને આપની બાતમી મુજબ રૂમ નં.૩૦પના પલંગના ગાદલા નીચેથી અફીણ મળેલ છે જેથી સંજીવ

ભટ્ટે તેઓને કહેલ કે તમારે ચિંતા કરવાની નહી, તમે પોલીસ કંટ્રોલરૂમની વર્ધી આધારે કાયદેસર કાર્યવાહી કરો અને તપાસ પણ તમે સંભાળી લો, તેવો હુકમ કરેલો.

વધુમાં સાહેદે તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ બપોરના એલ.સી.બી. વાળી ઓફીસમાં તેઓ હાજર હતા તે વખતે પોલીસ કોન્સ્ટે. માલાભાઇને એક પેકેટ લઇને આવતા અને તેમના લાકડાના કબાટમાં મુકતા જોયેલા. માલાભાઇએ મુકેલ પેકેટ જોયેલુ તો મીણીયાની જાંબુડી કલરની એક થેલીમાં કંઇક વસ્તુ હતી. તે બાબતે તેમના રાઇટર પ્રવીણચંદ્રને તેમણે વાત કરેલ.

રેઇડ થયા પછી સાહેદે તેમનું લાકડાનુ કબાટ કોઇ કામ માટે ખોલેલુ તો માલાભાઇએ મુકેલ પેકેટ હતુ નહી. જેથી તેમણે પ્રવીણચંદ્રને પુછતા તેઓએ સાહેદને જણાવેલ કે માલાભાઇ તેજ દિવસે સાંજે પેકેટ લઇ ગયેલ છે. સાહેદે એવો પણ પુરાવો આપેલ છે કે, માલાભાઇએ રેઇડના આગળના દિવસે કબાટમાં મુકેલ પેકેટ અને હોટલ લાજવંતીમાંથી મળી આવેલ પેકેટ એકસરખા હતા તથા જે પેકેટ તેઓના કબાટમાં માલાભાઇએ મુકેલ હતુ તે પેકેટ સંજીવ ભટ્ટ માલાભાઇ પાસે હોટલ લાજવંતીમાં મુકાવેલ હતુ.

તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ સંજીવ ભટ્ટે રાત્રે સાહેદને તેઓના બંગલે બોલાવી ડીસા જઇને પી.એસ.આઇ. આર.પી.પટેલને મળવા જણાવતા સાહેદ ડીસા ખાતે જઇ આર.પી.પટેલને મળેલા અને આર.પી.પટેલે સાહેદને કહેલ કે એસ.પી. સંજીવ ભટ્ટની બાતમી છે અને આપણે બધાએ શેરપુરા ઢાણી ગામમાં રેઇડ કરવાની છે. જેથી બધા શેરપુરા ઢાણીમાં કુલ ચાર જગ્યાએ રેઇડ કરી અફીણનો મોટો જથ્થો પકડેલ. તેઓની સાથે રેઇડમાં આવેલ પોલીસ અધિકારી, કર્મચારીઓએ તે સમયે ચર્ચા કરેલ અને કહેલ કે હોટલ લાજવંતીમાંથી મળી આવેલ પેકેટ અને આ પેકેટ એકજ જેવા લાગે છે. સંજીવ ભટ્ટે માલાભાઇ પાસે હોટલ લાજવંતીમાં મુકાવેલ અફીણનુ પેકેટ તે અને શેરપુરા ઢાણીમાંથી મળી આવેલા અફીણના પેકેટ એકસરખા હતા.

તા.૦૨/૦૫/૧૯૯૬ના રોજ એસ.પી.સંજીવ ભટ્ટે સાહેદને તેઓની ઓફીસમાં બોલાવી પાલી રાજસ્થાન જઇ તાત્કાલિક સુમેરસીંહ રાજપુરોહીતની ધરપકડ કરવા મૌખિક હુકમ કરેલ. જેથી સાહેદે સંજીવ ભટ્ટને કહેલ કે હાલમાં સુમેરસીંહને પકડવા માટેના પુરતા પુરાવા નથી અને ચુંટણી પછી પકડવા માટેની હું કાર્યવાહી કરવા જણાવેલ પરંતુ સંજીવ ભટ્ટે જણાવેલ કે, સુમેરસીંહ પહેલા પણ એ.ટી.એસ.માં પકડાયેલ છે અને તે પહેલાથી અફીણનો ધંધો કરે છે તેવી માહિતી મારી પાસે છે, તેવુ કહેલુ અને સંજીવ ભટ્ટે સુમેરસીંહનુ પુરેપુરૂ નામ અને પુરેપુરૂ સરનામુ સાહેદને આપેલા. તે જોઇ સાહેદે સંજીવ ભટ્ટને જણાવેલ કે, સાહેબ આપે આપેલ સુમેરસીંહના રહેણાંકનુ સરનામુ અને હોટલ લાજવંતીના રજીસ્ટરમાં લખેલ સરનામુ અલગ છે. હોટલ લાજવંતીના રજીસ્ટરમાં પાલી વર્ધમાન માર્કેટ લખેલ છે. સંજીવ ભટ્ટે સાહેદને સુચના આપેલ કે, વર્ધમાન માર્કેટમાં સુમેરસીંહની દુકાન આવેલ છે તે પણ તમે જોતા આવજો અને એવો પણ હુકમ કરેલ કે, તમે પાલી જઇ સુમેરસીંહને પકડી લાવો, સાહેદ રાજસ્થાનના વિસ્તારથી પરિચીત ન હોવાથી સંજીવ ભટ્ટે તાત્કાલિક ટ્રાફીક પી.એસ.આઇ. આર.બી.યાજ્ઞીકને બોલાવેલા અને યાજ્ઞીકને સાહેદની મદદમાં તાત્કાલિક જવા સુચના કરેલી. જેથી સંજીવ ભટ્ટના હુકમથી એલ.સી.બી. શાખાના સ્ટાફના માણસો સાથે સાહેદ સરકારી ગાડીમાં પાલનપુરથી પાલી ગયેલા. તેઓ બધા મોડી રાત્રે આશરે સાડા બાર વાગે પાલી પહોંચેલા. રસ્તામાં બેથી ત્રણ જગ્યાએ સુમેરસીંહનુ પુરૂ નામ સરનામુ જે સંજીવ ભટ્ટે આપેલ તે નામ સરનામા આધારે પુછતા પુછતા સુમેરસીંહના ઘરે પહોંચેલા અને સુમેરસીંહને પકડી લઇ માથાકુટ થતા તેને લઇને પાલી કોતવાલી પોલીસ સ્ટેશન લઇને આવેલા. દરમ્યાન પાલીના વકીલ તથા સુમેરસીંહના સગાસબંધીઓ પાલી કોતવાલી પોલીસ સ્ટેશનમાં આવી ગયેલા. સાહેદે સુમેરસીંહને જણાવેલ કે, તમને અફીણના ગુનામાં પકડવાના છે તો તેણે કહેલ કે હું તો વકીલ છુ અને અફીણનો ધંધો કરતો નથી. તે દરમ્યાન પાલી કોતવાલી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી આવી ગયેલા અને તેઓએ સાહેદને કહેલ કે તમે સવારે

સુમેરસીંહને લઈને જજો અત્યારે નહી. જેથી સાહેદે પાલી કોતવાલી પોલીસ સ્ટેશનથી ફોન કરી એસ.પી.સંજીવ ભટ્ટને જણાવેલ કે, સુમેરસીંહ તો વકીલ છે અને લોકલ પોલીસ તેને સવારે લઈ જવાનુ કહે છે. જેથી સંજીવ ભટ્ટે પાલી કોતવાલી પો.સ્ટેના ઈન્ચાર્જ અધિકારી સાથે ટેલીફોનથી વાત કરેલી અને સુમેરસીંહને આ ગુનાની પુછપરછ કરવા લઈ જવા ચાદી પાલી કોતવાલી પો.સ્ટેમાં આપી સુમેરસીંહને લઈને પાલી કોતવાલી પો.સ્ટેથી રવાના થયેલા. રસ્તામાં સાહેદે સુમેરસીંહને વર્ધમાન માર્કેટવાળી દુકાન બતાવવા જણાવેલુ તો સુમેરસીંહે રસ્તામાં દુરથી દુકાન બતાવી જણાવેલ કે આ દુકાન બાબતેનો દાવો કોર્ટમાં ચાલે છે તેવી વાત કરેલ હતી.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ની સરતપાસમાં આવેલ પુરાવો જોવામાં આવે તો તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ સાહેદ વહેલી સવારે સુમેરસીંહને લઈને પાલનપુર આવેલા અને ટેલીફોનથી સુમેરસિંહને લઈને આવ્યાની જાણ સંજીવ ભટ્ટને કરેલી. સાહેદ ફ્રેશ થઈને એલ.સી.બી. ઓફીસમાં આવીને થોડીવારમાં સંજીવ ભટ્ટે સુમેરસીંહને લઈને તેમની ઓફીસમાં બોલાવતા તેઓ એકલા તેમની ઓફીસમાં ગયેલા અને કહેલ કે સાહેબ આતો વકીલ છે અને પાલીમાં રાત્રે ઘણી માથાકુટ થયેલ છે, આપે કહેલ તે દુકાન જોઈને આવેલ છું પણ સુમેરસીંહે મને કહેલ કે આ દુકાન બાબતેનો દાવો કોર્ટમાં ચાલે છે તેમ કહેતા સંજીવ ભટે સાહેદને કહેલ કે સારૂ તમે સુમેરસીંહને લઈને અંદર આવો. જેથી સાહેદ ઓફીસમાંથી બહાર ગયેલ અને સુમેરસીંહને લઈને એસ.પી.સંજીવ ભટ્ટની ઓફીસમાં ગયેલા. જે વખતે સાહેદના રાઈટર પ્રવીણભાઈ પણ ઓફીસમાં અંદર ગયેલ હતા. સંજીવ ભટ્ટે સુમેરસીંહને કહેલ કે તમારે દુકાન બાબતેનો શુ વિવાદ છે, વર્ધમાન માર્કેટવાળી દુકાન તમે કેમ ખાલી કરતા નથી, જો દુકાન ખાલી નહી કરો તો આ કેસમાં ફીટ કરી દઈશ. પાંચ કીલો અફીણનો કેસ કરેલ છે. એક કીલો અફીણ કબજે કરેલાનુ બતાવેલ છે અને ચાર કીલો અફીણ શોધવાનુ બાકી છે, જે તમારી પાસેથી રીકવર બતાવીશુ, તમને જામીન પણ નહી મળે, જો તમારે આ કેસમાંથી બહાર નીકળવુ હોય તો તાત્કાલિક દુકાન ખાલી કરો, તેવી

ધમકી આપેલ હતી અને સાહેદને કહેલ કે તાત્કાલિક સુમેરસીંહને અટક કરી કોર્ટમાં રજુ કરીને રીમાન્ડ માંગો. જેથી સાહેદે સુમેરસીંહને આ ગુનામાં અટક કરી કોર્ટમાં રજુ કરી રીમાન્ડ માંગતા સાત દિવસના રીમાન્ડ મળેલ હતા. ત્યારબાદ તા.૦૫/૦૫/૧૯૯૬ના રોજ સુમેરસીંહના વકીલ તથા તેમના સબંધીઓ સાહેદની ઓફીસમાં આવેલ અને તેઓને દુકાન ખાલી કરવાનો એગ્રીમેન્ટ બતાવેલ અને સાહેદને કહેલ કે હવે સુમેરસીંહને છોડી દો. જેથી સાહેદે તેઓને ના કહેલી અને તેઓને જણાવેલ કે હવે બહુ મોડુ થઇ ગયુ, મે તો સુમેરસીંહની આ કેસમાં ધરપકડ કરી લીધેલ છે અને કોર્ટમાંથી સાત દિવસના રીમાન્ડ લાવેલ છુ જેથી હવે હું ના છોડી શકુ તમે સંજીવ ભટ્ટ સાહેબને જઇને મળો. જેથી આ લોકો સંજીવ ભટ્ટને મળવા માટે ગયેલ હતા અને સાંજના સંજીવ ભટ્ટે સાહેદને તેઓની ઓફીસમાં બોલાવેલા અને કહેલુ કે સુમેરસીંહ રાજપુરોહીતની દુકાન ખાલી કરાવવા માટે મે જે પ્લાન બનાવેલ તે મુજબ હવે તે દુકાન ખાલી કરવા રાજી થઇ ગયેલ છે અને પાર્ટીને લખાણ કરી આપેલ છે, જેથી હવે તમારે તેને છોડી મુકવાની કાર્યવાહી કરવી પડશે. જેથી સાહેદે સંજીવ ભટ્ટને જણાવેલ કે, સાહેબ આપની સુચના મુજબ મે સુમેરસીંહને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ માંગતા સાત દિવસના રીમાન્ડ મળેલ છે જેથી રીમાન્ડ પુરા થાય ત્યારે હું તેને કોર્ટમાં રજુ કરીશ. તેમ કહેતા સંજીવ ભટ્ટ સાહેદ ઉપર ગુસ્સે થઇ ગયેલ અને કહેલ કે મીસ્ટર તમને તપાસ કરતા આવડતુ હોય એવુ મને લાગતુ નથી, આ કેસમાં થોડા જવાબો લઇ લો કે સુમેરસીંહ તો વકીલ છે તે અફીણનો ધંધો કરતો નથી અને બનાવના દિવસે તે પાલીમાં જ હતો અને પછી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ તમે હોટલ લાજવંતીના માલિક અને નોકર મારફતે સુમેરસીંહની ઓળખપરેડ કરાવો અને સી.આર.પી.સીમાં એવી જોગવાઇ છે કે, જો કોઇ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોય તો તેને સી.આર.પી.સી.ક.–૧૬૯ મુજબના રીપોર્ટ સાથે કોર્ટમાં રજુ કરવો. જેથી તમે આજે જ સુમેરસીંહને છોડી દેવા તાત્કાલિક સી.આર.પી.સી. ક.–૧૬૯ મુજબનો રીપોર્ટ તૈયાર કરો અને બીજા જે કાંઇ જવાબો લેવાના હોય તે લઇ લો અને ઓળખ પરેડનો રીપોર્ટ તથા

બીજા જે કંઇ કાગળો બનાવવાના હોય તે પહેલાથી જ બનાવી લો અને સુમેરસીંહને કોર્ટમાં રજુ કરો. જેથી સાહેદે સંજીવ ભટ્ટને કહેલ કે આજે બહુ મોડુ થઇ ગયુ છે અને કોર્ટ પણ બંધ થઇ ગઇ છે જેથી આવતી કાલે કાર્યવાહી કરીશ. તેમ કહેતા સંજીવ ભટ્ટે સાહેદને કહેલ કે અત્યારે તાત્કાલિક તમામ કાગળો પહેલાથી જ બનાવી લો અને આવતી કાલે ઓળખ પરેડ કરાવવાની અને સુમેરસીંહને છોડી દેવા સી.આર.પી.સી. ક.–૧૬૯નો રીપોર્ટ તૈયાર કરી કોર્ટમાં રજુ કરવો, તેવો હુકમ કરેલ હતો.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ની સરતપાસમાં આવેલ પુરાવો જોવામાં આવે તો તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ સાહેદે એકઝીકયુટીવ મેજીસ્ટેટશ્રી પાલનપુરને ઓળખ પરેડ કરાવવા માટે રીપોર્ટ આપેલો, તો તેઓએ ઓળખ પરેડ ચુંટણી પછી કરવા જણાવેલ. જેથી સાહેદે સંજીવ ભટ્ટને વાત કરેલ અને સંજીવ ભટ્ટે ટેલીફોનથી એકઝીકયુટીવ મેજીસ્ટેટશ્રીને તાત્કાલિક ઓળખ પરેડ કરી આપવા માટે કહેલુ. ઓળખ પરેડ કરાવવા માટે સાહેદ હોટલ લાજવંતી ગયેલા અને હોટલના માલિકને કહેલ કે તેઓ અને તેમના નોકર સાથે ઓળખ પરેડ કરવા માટે આવો તો હોટલના માલિકે સાહેદને કહેલ કે મારો નોકર તો રેઇડ થઇ તેના બીજા દિવસથી હોટલમાંથી જતો રહેલ છે. જેથી સાહેદે તાત્કાલિક હોટલ ઉપરથી એસ.પી. સંજીવ ભટ્ટને ટેલીફોન કરી જણાવેલ કે હોટલમાં કામ કરતો નોકર રેઇડ થઇ તેના બીજા દિવસથી હોટલ છોડી જતો રહેલ છે હવે શું કરુ સાહેબ. જેથી સંજીવ ભટ્ટે સાહેદને કહેલ કે આ તો ગંભીર બાબત છે તમે હોટલના માલિકને લાવી તમારી ઓફીસમાં બેસાડો અને તમે મારી ઓફીસમાં આવો. જેથી સાહેદ સંજીવ ભટ્ટની ઓફીસમાં ગયેલા ત્યારે સંજીવ ભટ્ટે સાહેદને કહેલ કે મનુ કોદરવી તરીકે ઓળખ પરેડ માટે મે બીજા માણસની વ્યવસ્થા કરેલ છે તેને મનુ કોદરવી તરીકે ઉભો રાખી ઓળખ પરેડ કરાવો તો તેને તથા ગુપ્તાને લઇને તમે જાઓ. જેથી સાહેદ આ બન્ને જણાને લઇને એકઝીકયુટીવ મેજીસ્ટેટશ્રીની ઓફીસમાં ગયેલા અને તેઓ બન્નેને ઓફીસમાં મુકી તેઓ બહાર આવેલ. સુમેરસીંહની ઓળખ પરેડ થઇ ગયા પછી એકઝીકયુટીવ મેજીસ્ટેટશ્રી

એ ઓળખપરેડ પંચનામાની નકલ આપેલ ન હોવાથી સાહેદે સંજીવ ભટ્ટને જણાવેલ કે આજે સી.આર.પી.સી. ક.–૧૬૯ મુજબનો રીપોર્ટ નહી થાય. જેથી સંજીવ ભટ્ટે સાહેદને કહેલ કે કેમ નહી થાય ? જેથી સાહેદે જણાવેલ કે ઓળખ પરેડ પંચનામાની નકલ મળેલ નથી. તેથી સંજીવ ભટ્ટે કહેલ કે તમારી રૂબરૂનુ ઓળખ પરેડ પંચનામુ કરી સુમેરસીંહને છોડી મુકવા સી.આર.પી.સી.ક.–૧૬૯ ના રીપોર્ટ સાથે તેઓને કોર્ટમાં લઇને જાઓ, તેવો હુકમ કરેલો. જેથી સંજીવ ભટ્ટના હુકમથી સાહેદે મનુ કોદરવી હાજર ના હોય સાહેદે તેમની રૂબરૂ ઓળખપરેડ પંચનામુ કરેલુ અને સંજીવ ભટ્ટના હુકમથી સુમેરસીંહને છોડી મુકવા માટે પહેલાથી જ સી.આર.પી.સી. ક.–૧૬૯ નો રીપોર્ટ તથા કસ્ટડી રીપોર્ટ અને બીજા નિવેદનો લખાવેલ હતા. સંજીવ ભટ્ટે સાહેદને તેઓની ઓફીસમાં બોલાવીને સુચના કરેલ કે આ ગુનાના કામે આપણને ભવિષ્યમાં તકલીફ પડે નહી એટલા માટે એન.ડી.પી.એસ. કલમ–૫૮(૨)નો ઉમેરો કરવા કોર્ટમાં રીપોર્ટ આપો. જેથી સાહેદે સંજીવ ભટ્ટની સુચના મુજબ એન.ડી.પી.એસ. ક.–૫૮(૨)નો ઉમેરો કરવા કોર્ટમાં રીપોર્ટ આપેલો હતો.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ની સરતપાસમાં આવેલ પુરાવો જોવામાં આવે તો આ કેસની કેસ ડાયરી સાહેદના રાઇટર પ્રવીણચંદ્ર પાસે સાહેદે તેઓના હસ્તાક્ષરમાં સાહેદના લખાવ્યા મુજબ લખેલ હતી. સુમેરસીંહના રીમાન્ડ મળ્યા બાદ આશરે પંદર દિવસ પછી સાહેદને તથા તેઓના રાઇટર પ્રવિણચંદ્રને એસ.પી.સંજીવ ભટ્ટે કેસના કાગળો તથા અસલ કેસ ડાયરી લઇને તેઓની ઓફીસમાં બોલાવેલ હતા. સંજીવ ભટ્ટ આ કેસમાં સાહેદ ઉપર દબાણ કરી ખોટુ કરાવતા હોય સાહેદે કેસ ડાયરીમાં સંજીવ ભટ્ટની સુચનાથી તથા તેઓના સીધા સુપરવીઝન હેઠળ સંજીવ ભટ્ટે આ ગુનાની તપાસ અંગે આપેલ વિગતવારની સુચનાઓ કેસ ડાયરીમાં લખેલ હતી. જેમાં સુમેરસીંહને ઓળખપરેડ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ થઇ ગયા પછી ફરીથી પોલીસ રૂબરૂ ઓળખ પરેડ પંચનામુ કરવા સાહેદને સુચના કરેલી તેમજ સુમેરસીંહને તાત્કાલિક છોડી દેવા સી.આર.પી.સી.ક.–૧૬૯નો રીપોર્ટ કરવા કારણ કે સુમેરસીંહ રાજપુરોહીતે

વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરવા કરાર કરેલ હોય તેને તાત્કાલિક છોડી દેવા સી.આર.પી.સી. ક.–૧૬૯નો રીપોર્ટ તૈયાર કરવાની સુચના આપેલી તેનો ઉલ્લેખ સાહેદે કેસ ડાયરીમાં કરેલો તથા રેઈડ કરવા પહેલા સંજીવ ભટ્ટે સાહેદને ફોન કરી આગોતરી જાણ કરેલ કે હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫માં પલંગના ગાદલા નીચે અફીણ છે તમને થોડીવારમાં કંટ્રોલરૂમ તરફથી વર્ધી મળશે તેની તથા હોટલ લાજવંતીમાંથી મળી આવેલ અફીણનુ પેકેટ અને શેરપુરા ઢાણી ગામમાંથી મળી આવેલ અફીણનુ પેકેટ એકજ પ્રકારની મીણીયાની જાંબુડી કલરની થેલીમાં પેકીંગ કરેલ હતુ. વિગેરે મતલબની વિગતો વિગતવારની સાહેદે કેસ ડાયરીમાં પાછળની તારીખોમાં નોંધો કરેલી હતી. આ વિગતો સંજીવ ભટ્ટે વાંચતા તેઓ સાહેદ ઉપર ગુસ્સે થઇ ગયેલ અને કહેલ કે મીસ્ટર હું તમને સસ્પેન્ડ કરી દઇશ અને પ્રવિણભાઇને કહેલ કે હું તમને માવસરી મુકી દઇશ, એમ કહી અસલ કેસ ડાયરી સંજીવ ભટ્ટે ફાડી નાંખેલ અને તેઓએ સાહેદને કહેલ કે મીસ્ટર તમે તમારા અક્ષરમાં બીજી નવી કેસ ડાયરી બનાવો અને કેસ ડાયરીમાં મારા વિરૂધ્ધ જે નોંધો કરેલ છે તે તમામ કાઢી નાંખો નહી તો હું તમને ગમે તે કેસમાં ફીટ કરી દઇશ અને સસ્પેન્ડ કરી દઇશ. જેથી ફાટેલ કેસ ડાયરી લઇને સાહેદ પોતાની ઓફીસમાં આવેલા અને ફાટેલ કેસ ડાયરીમાંથી રીમાન્ડ સુધીની કેસ ડાયરી કોર્ટમાં ગયેલ હોય તે ડાયરીમાં જણાવેલ વિગત સાહેદે પોતાનાઅક્ષરમાં જોઇ જોઇને લખેલી અને ત્યાર પછીની કેસ ડાયરીમાં સંજીવ ભટ્ટ વિરૂધ્ધ જે નોંધો કરેલ તે તમામ કાઢી નાંખી સાહેદના અક્ષરમાં બીજી નવી કેસ ડાયરી બનાવેલ જે ફાડી નાખેલ ડાયરીમાં સંજીવ ભટ્ટે સાહેદને જે સૂચનાઓ આપેલ હતી તે લખેલ હતી.

સાહેદે એવો પણ પુરાવો આપેલ છે કે, પાલનપુર શહેર પો.સ્ટે. ગુ.ર. નં.૨૧૬/૯૬ના કામે મુદ્દામાલ અફીણના સેમ્પલ જે એફએસએલમાં અભિપ્રાય માટે મોકલી આપેલ તેની રવાનગી નોંધની સ્થળપ્રતમા તેમની સહી છે. જેમાં પાછળના ભાગે સત્તા અંગેનુ પ્રમાણપત્ર છે. જેમાં સેમ્પલ ઉપર સીલ કરવાનુ હોય તે કચેરી પીઆઇએલસીબીનો અસલ સીલનો સિક્કો છે. તેમા સત્તા અંગેના

પ્રમાણપત્ર નીચે જે તે વખતના વિભાગીય પો.અધિ.શ્રીની સહી છે. તેમજ હોદ્દાનો સીલ છે. જે સાહેદે ઓળખી બતાવેલ છે. જે રવાનગી સાથે સાહેદે કબજે થયેલ મુદ્દામાલ અફીણનો નમુનો મોકલી આપેલો. લાજવંતી હોટલના રૂમ નં.૩૦૫ના પલંગના ગાદલા નીચેથી અફીણ મળી આવેલ જે અફીણના પેકેટમાંથી વજનકાંટાવાળાને બોલાવી પ્રથમ કુલ વજન કરાવતા ૧ કીલો ૧૫ ગ્રામ થયેલ અને આ અફીણમાંથી ચારેય બાજુથી થોડુ થોડુ અફીણ લઈ ૨૦ ગ્રામ અફીણનુ સેમ્પલ અલગ કાઢી લઈ તે મીણીયાની થેલીમાં મુકી અને આ થેલી સીવી લઈ તેના ઉપર પંચોની તથા સાહેદની સહીઓ વાળી સ્લીપો મોકલી આ મીણીયાની થેલી એક સફેદ કપડાની થેલીમાં મુકી તેને સીવી લઈ તેના ઉપર સાહેદ તથા પંચોની સહીવાળી સ્લીપ મુકી લાખથી પી.આઈ.એલ.સી.બી. બી.કે.ના માર્કાનુ સીલ કરવામાં આવેલુ અને આ સેમ્પલ એફએસએલમાં અભિપ્રાય માટે મોકલેલુ તેમજ બાકીના મુદ્દામાલનુ અફીણ જે તે થેલીમાં રહેવા દઈ તેને સીવી લઈ તેના ઉપર સાહેદ તથા પંચોની સહીવાળી સ્લીપ મુકી આ થેલીને બીજી થેલીમાં મુકી તે થેલી સીવી લઈ તેના ઉપર પંચો તથા સાહેદની સહીવાળી સ્લીપ મુકી લાખથી પીઆઈએલસીબી બી.કે.ના માર્કાનુ સીલ કરવામાં આવેલુ અને આ મુદ્દામાલને કબજે લેવામાં આવેલો. જે મુદ્દામાલ ૯૯૫ ગ્રામ હતો. અભિપ્રાય માટે મોકલેલ મુદ્દામાલ સેમ્પલ સાહેદે પાલનપુર શહેર પોલીસ સ્ટેશન મારફત મોકલી આપેલો.

સાહેદે તેમની જુબાનીમાં જુદા–જુદા દસ્તાવેજો તથા દસ્તાવેજોની સહીઓ ઓળખી બતાવેલ અને એવુ જણાવેલ કે, દસ્તાવેજો અફીણ પ્લાન્ટેશનની કેસની કાયદેસરની કાર્યવાહી સાચી દર્શાવવાના ભાગરૂપે સંજીવભટ્ટની સુચના અને દબાણના કારણે નક્કી થયા મુજબ તૈયાર કરવા પડેલા અને જરૂર પડે આપેલા. સાહેદે હોટલ લાજવંતીનું હોટલ રજીસ્ટર તથા હસ્તાક્ષરના નમુના બાબતે તથા સી.આર.પી.સી. કલમ–૧૬૯ નો રીપોર્ટ તથા એન.ડી.પી.એસ. એકટ કલમ–૫૮(૨)નો રીપોર્ટ તથા અન્ય દસ્તાવેજો બાબતે પણ પુરાવો

આપેલ છે કે, સંજીવ ભટ્ટનો દુકાન ખાલી કરાવવાનો હેતુ પૂર્ણ થયેલ. જેથી સુમેરસિંહને છોડી મુકવા તેઓએ આપેલ સુચના મુજબ તૈયાર કરેલા.

સાહેદે પોતાને પશ્ચ્યાતાપ થયેલ અને મનના ખુબ રંજ થયેલ જેથી મનોમંથન કરી ગુનામાં બનેલ સાચી ઘટનાઓ અદાલતને અરજી કરીને જણાવેલ જે અંગે કોઈ પણ પ્રકારે દાબ દબાણ ન હોવાનું તથા તેઓએ આ ગુનાની ઘટનામાં તેમની જાણકારીમાં હતી તે તથા તેઓ પ્રત્યક્ષ રીતે અને પરોક્ષ રીતે ઘટના સાથે જોડાયેલ હતા તેથી હકીકતો જણાવેલી તેવો પુરાવો આપેલ છે અને પોતાની અરજી તથા આંક – ૮૦ વાળા નિવેદનની સહીઓ ઓળખી બતાવેલ છે તેમજ આંક – ૭૯ વાળા સોગંદ ઉપર આપેલ પ્રશ્નોના જવાબો અંગે પુરાવો આપી પોતાની સહી ઓળખી બતાવેલ છે.

સાહેદે આંક – ૨૪૬ વાળી વર્ધી સંજીવ ભટ્ટ તરફથી જે સુચના આપવામાં આવેલ તે મુજબની હતી તે બાબતે તથા આંક – ૨૦૬ વાળું પંચનામું એનડીપીએસનો કેસ ઉભો કરવા ગુનો બન્યો છે તે બતાવવા ઉભો કરેલ હોવાનું તથા ફરિયાદ પ્લાન્ટ કરેલ અફીણ સુમેરસિંહ રોકાયેલ હતા તેવું દર્શાવવા અને અફીણ રૂમમાંથી મળી આવેલ તેવી ખોટી ફરિયાદ એસપી સંજીવ ભટ્ટની સુચના અને દબાણના કારણે બનાવવામાં આવેલ અને તેને આધારે ગુનો નોધાયેલ હોવાનું તથા તેમના પુરાવામાં જણાવેલ કાગળો તપાસ દરમ્યાન ઉભા કરવામાં આવેલ હોવાનું અને અફીણ પ્લાન્ટેશનના કેસની કાયદેસરની કાર્યવાહી સાચી દર્શાવવાના ભાગરૂપે સંજીવ ભટ્ટની સુચના અને દબાણના કારણે નક્કી થયા મુજબ તૈયાર કરવામાં આવેલ હોવાનો પુરાવો આપેલ છે. વધુમાં સાહેદે કોર્ટ સમક્ષ મુદ્દામાલ કે જે ચીપકી ગયેલ હાલતમાં છે તે અંગે પણ પુરાવો આપેલ છે.

બચાવપક્ષ દ્વારા આ સાહેદ નં.–૯ની ખુબ જ ઊંડાણપૂર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેથી તે સંપૂર્ણ ઉલટતપાસ અહી વિગતે નહિ નોધતા રેકર્ડ ઉપર નોંધાયેલ સદર ઉલટતપાસ અને બચાવપક્ષની દલીલો આધારે સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

**A.૨)** ફરિયાદપક્ષની એવી દલીલ કરેલ કે, આરોપી નં.-૧ એપ્રુવર ધ્વારા તથા આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટ ધ્વારા વર્ષ ૨૦૧૮ સુધી તેઓએ કરેલ ગુના છુપાવી રાખવામાં આવેલ. નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અનુસાર તપાસ ટીમની રચના થતા તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસ દરમ્યાન આરોપી નં.-૧ તથા આરોપી સંજીવ ભટ્ટનાઓએ તથા મરણ જનાર તહોમતદાર માલાભાઈ જોઈતાભાઈ રબારીનાઓએ ગુનો કરેલ હોવાનું બહાર આવતા ચાર્જશીટ કરવામાં આવેલ. ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી નં.-૧ એ જે ગુનાની સત્ય હકીકત જણાવતુ લેખિત નિવેદન મોકલેલ. તેનાથી ગુનાની વધુ સત્ય હકીકતો બહાર આવે તે હેતુથી તપાસ કરનાર અમલદારે આરોપી નં.-૧ને એપ્રુવર બનાવવામાં વાંધો ન હોવા બાબતે સંમતિ આપેલ. બચાવપક્ષે ઉલટતપાસથી રજુ કરેલ કેસ જોતા એપ્રુવરને વિલંબે માફી આપેલ છે તથા એપ્રુવર સાથે શરુઆતથી જ તપાસ કરનાર અમલદારે નક્કી કર્યા મુજબ તેઓને એપ્રુવર બનાવવામાં આવેલ છે.

આરોપી નં.૧ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓએ આ અદાલતમાં ગુનાની સત્ય હકીકત જણાવવા માંગતા હોવાની તથા માફી મેળવવાની આંક-૬૭ વાળી અરજી આપેલ અને તેની સાથે આંક-૮૦ વાળું લેખિત નિવેદન બંધ કવરમાં મોકલી આપેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારને નોટીસ ઈસ્યુ કરવામાં આવતા તપાસ કરનાર અમલદારે આરોપી નં.-૧ની અરજી સબંધે આંક-૫૫જ વાળો જવાબ રજુ કરેલ. ત્યારબાદ અદાલતે આરોપી નં.-૧ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસનાઓનું તા.૧૩.૧૨.૨૦૧૯ના રોજ આંક-૭૯ વાળું વેરીફીકેશન સોગંદ ઉપર નોંધેલ અને તેઓએ સ્વેચ્છાએ કોઈ પણ જાતના દાબ-દબાણ વગર માફી મેળવવા અરજી કરેલ હોવાનું અને સત્ય હકીકત જણાવવા માંગતા હોવાનું જણાઈ આવેલ. તા.૧૮/03/૨૦૨૧ના રોજ આંક-૬૭ વાળી અરજી સાથે બંધ કવરમાં આરોપી નં.-૧નું જે નિવેદન (આંક-૮૦)રજુ થયેલ હતું તે ધ્યાને લઈ તથા તેઓએ સોગંદ ઉપર આપેલ જવાબો તથા તપાસ કરનાર અમલદારનાઓનો જવાબ ધ્યાને લઈ આ અદાલતે

આરોપી નં.–૧ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસને માફી આપવા અંગેનો હુકમ કરેલ અને આંક–૬૭ની અરજીમાં જણાવેલ તમામ હકીકતો પુરેપુરી અને સાચી રીતે જણાવીશ તેવી પણ ખાતરી એપ્રુવરે આપેલ અને માફીનો સ્વીકાર આંક–૧૪૩ વાળી બાહેધરી આપીને કરેલ. જે ક્રી.પ્રો.કોડ ક.–૩૦૭ની જોગવાઈ અનુસારનો હુકમ આરોપી નં.–(૨)નાઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રીમીનલ રીવીઝન અરજી નં.–૨૯૯/૨૦૨૧ વાળી દાખલ કરી પડકારેલ. જે રીવીઝન અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટે રદ કરેલ. આમ માફી આપવાનો હુકમ ફાઈનલ રહેલ. ત્યારબાદ ફરિયાદપક્ષે એપ્રુવર–ગુનાનો સાથીને ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તરીકે તપાસેલ છે. એપ્રુવરે હુકમની શરતો તથા આપેલ આંક–૧૪૩ વાળી બાહેંધરી અનુસાર સોગંદ ઉપર જુબાની આપેલ હોવાથી તેઓ વિરુધ ક્રી.પ્રો.કોડ ક.–૩૦૮ મુજબ ફર્રિયાદપક્ષ તરફથી કોઈ કાયવાહી કરવામાં આવેલ નહી. પરંતુ બચાવપક્ષે એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, એ માફીની શરતો ભંગ કર્યા હોવા બાબતે ક્રી.પ્રો. કોડ કલમ–૩૦૮ મુજબની કાર્યવાહી કરવા આંક–૭૮૨ વાળી અરજી આપેલ જે જે આ અદાલતે નામંજૂર કરતા તે હુકમ વિરુધ્ધ આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રી.રીવીઝન અરજી નં.–૧૨૧૫/૨૦૨૩ ની કરેલી હતી જે વિડ્રો કરવામાં આવેલી હતી. ક્રી.પ્રો.કોડ ક.–૩૦૭ની જોગવાઈ જોતા જજમેન્ટ પહેલાની કોઈ સમય મર્યાદા લાદવામાં આવેલ નથી અને ઈન્સાફી કાર્યવાહીના કોઈ પણ તબક્કે સજા માંથી માફી આપવાની સત્તા આ અદાલતને હોવાથી આરોપી નં.–૧ને શરતી સજા માફી આપવામાં આવેલી. આમ બચાવપક્ષનો વિલંબ થયાનો કેસ માની શકાય તેમ નથી અને એપ્રુવરે આપેલ જુબાની તેઓએ વિલંબે આપેલ છે તે કહી શકાય તેમ નથી.

**A.**૩) બચાવપક્ષની રજૂઆત મુજબ, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ નાઓને માફી ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૭ હેઠળ આપવામા આવેલ છે ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૭ ની કલમ કમીટલ પછી જ લાગુ પડે. આ કેસ કમીટ થયેલ નથી.

જેથી પારડનની કાર્યવાહી સ્પેશિયલ એક્ટની જોગવાઈ મુજબ થાય. આ અદાલતને ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૭ મુજબ પારડન આપવાની સત્તા નથી. નારકોટીક ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપીક સબસ્ટન્સ એક્ટ ૧૯૮૫ કે જે સ્પેશિયલ એક્ટ છે તે મુજબ પારડનની કાર્યવાહી આ એક્ટની કલમ–૬૪ મુજબ જ થાય. ફરિયાદપક્ષનું કહેવું છે કે, નારકોટીક ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપીક સબસ્ટન્સ એક્ટ ૧૯૮૫ની કલમ–૩૬(એ) સ્પેશિયલ કોર્ટ ધ્વારા ટ્રાયેબલ ગુનાઓ અંગેની છે અને આ એક્ટ નીચેના કલમમાં જણાવેલ ગુના ચલાવવાની સત્તા સ્પેશિયલ કોર્ટ–ખાસ અદાલતોને છે. કલમ–૩૬(સી)ની જોગવાઈ, વિશેષ અદાલત સમક્ષની કાર્યવાહી અને જોગવાઈઓના હેતુ માટે સ્પેશિયલ કોર્ટ–ખાસ અદાલતને સેશન્સ કોર્ટ માનવામાં આવશે તેવી છે. જેથી ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૬, ૩૦૭ નીચે ખાસ અદાલતને ગુનાના સાથીદારને માફી કરવાની સત્તા છે. આવી સત્તાનો ઉપયોગ ખાસ અદાલત ધ્વારા કલમમાં જે નિર્ધારિત શરતને આધીન આપવાની સત્તા છે અને ખાસ અદાલત આવી સત્તાનો કોઈ પણ તબક્કે ઉપયોગ કરી શકે છે.

આમ સ્પેશિયલ કોર્ટને ચાર્જશીટ રજુ થાય તે અગાઉ તથા ચાર્જશીટ રજુ થયા બાદ સ્પેશિયલ જજને માફી આપવાની સત્તા છે. આમ, ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૬ અને ૩૦૭ બંનેનું અધિકાર ક્ષેત્ર ખાસ અદાલતનું છે. જેથી બચાવપક્ષે કમીટલ કેસીસમાં જ ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૭ હેઠળ નામદાર કોર્ટને માફી આપવાની સત્તા છે અને અત્રેની અદાલતમાં કેસ કમીટ થઈને આવેલ ન હોય અદાલતને ક્રી.પ્રો.કોડ કલમ–૩૦૭ હેઠળની સત્તા ઉપલબ્ધ નથી તે જે દલીલ કરેલ છે તે માની શકાય તેમ નથી. આરોપી નં.–૧ ને માફી આપવાનો હુકમ આ અદાલતે કર્યો ત્યારબાદ આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમીનલ રીવીઝન અરજી નં.–૨૯૯/૨૦૨૧ની દાખલ કરીને પડકારેલ. જે જોતા આ અદાલતનો હુકમ કાયમ રહેલ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જે જે મુદ્દાઓ ઉપસ્થિત થયેલ તેમાં આ અદાલતની સત્તા અંગેનો તથા નારકોટીક ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપીક સબસ્ટન્સ એક્ટ ૧૯૮૫ ની કલમ–૬૪ નો જે મુદ્દો

પણ તથા અન્ય મુદ્ધા પણ હતા જેને નામદાર હુજરત હાઈકોર્ટે ઉચ્ચ અદાલતોના જજમેન્ટસનો આધાર લઈ આરોપીએ ઉપસ્થિત કરેલ મુદ્ધા માનેલ ન હતા.

**A.૪)** બચાવપક્ષની ઉલટતપાસ જોતા અને તેમની દલીલ જોતા એપ્રુવરે ગુનો કરેલ હોવાથી, આરોપી સંજીવ ભટ્ટને સંડોવવાનું એપ્રુવરની અટક સમયથી જ નક્કી થયેલ તથા તપાસ કરનાર અમલદારે પહેલેથી જ નક્કી કર્યા મુજબ એપ્રુવર ધ્વારા ખોટો પુરાવો ઉભો કરેલ છે. બચાવપક્ષે આ અંગે ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ ની બચાવપક્ષે જે ઉલટતપાસ કરેલ છે અને જે જોતા પહેલેથી જ આરોપી નં.–(૨) નાઓને સંડોવેલ હોવાનું માની શકાય તેમ નથી કારણ કે, આ બાબતેની ઉલટતપાસથી માત્ર સજેશન હોય તેવું જણાય છે. જે પુરવાર થયેલ નથી કે એવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે જેનાથી એવું કહી શકાય કે માની શકાય, વળી ફરિયાદપક્ષ સાહેદ નં.૯–એપ્રુવર કે જેઓ પણ ૨૦૧૮ના વર્ષથી કસ્ટડીમાં હતા આથી તેઓએ પહેલેથી જ તપાસ કરનાર અમલદાર સાથે ગોઠવણ કરેલ હતી, તે સ્વિકારી શકાય નહી.

બચાવપક્ષે સાહેદ નં.–૯ આઈ.બી. વ્યાસના તહોમતદાર તરીકેના ૧૧ નિવેદનો કે જે બચાવપક્ષની અરજી આધારે આંક–૨૫૧ સાથે રજુ કરવામાં આવેલા તેના આધારિત દલીલો કરેલ છે અને એવું જણાવેલ છે કે સાહેદનો પુરાવો તેમના તહોમતદાર તરીકેના નિવેદનોથી વિરોધાભાષી નથી અને તેના ઉપરથી પણ એવું કહી શકાય કે તહોમતદારે તપાસ કરનાર અમલદાર સાહેદ નં.–૧૯ રૂબરૂ જે નિવેદન આપેલા તે મુજબ તેમણે એપ્રુવર તરીકેન નિવેદન ગોઠવણ મુજબ મોકલી આપેલું અને તે જ મુજબ પુરાવો આપેલ છે. સદર આંક–૨૫૧ સાથે રજુ થયેલ નિવેદનો જોતા આરોપી નં.૧–એપ્રુવર આઈ.બી. વ્યાસના રિમાન્ડ દરમ્યાન પોલીસ રૂબરૂના નિવેદનો છે. જે તહોમતદાર નં.–૧ આઈ.બી.વ્યાસના પોલીસ કસ્ટડીમાં હતા તે દરમ્યાનના

નિવેદનો છે જેને અદાલત વંચાણે લઈ શકે નહી. જે ઇનએડમીશીબલ હોવાથી આધાર રાખી શકાય નહી કે વંચાણે લઈ શકાય નહી. જો બચાવપક્ષની દલીલ માનવામાં આવે કે, એપ્રુવરે તેમના પોલીસ રૂબરૂના નિવેદનોથી વિરોધાભાષી પુરાવો આપેલ નથી તો એવું કહી શકાય કે આરોપી નં.-૧ તરીકે એપ્રુવરે જે નિવેદન આપેલ તે મુજબ જ પુરાવો આપેલ છે અને તેઓએ શરૂઆતથી એપ્રુવર તરીકે પુરાવો આપ્યો ત્યાં સુધી તેઓએ એકધારી જ હકીકત જણાવેલ છે અને તે જ દર્શાવે છે કે આરોપી નં.-(૨)ને ખોટા સંડોવેલા નથી. વધુમાં, એપ્રુવરના તહોમતદાર તરીકે લેવાયેલા કોઈ પણ નિવેદનોને આધારે બચાવપક્ષ કોઈ કોન્ટ્રાડીકશન કે ઓમીશન રેકર્ડ ઉપર લાવેલ નથી અને તેવા સંજોગોમાં પણ બચાવપક્ષે નિવેદનો આધારે કરેલ દલીલો વંચાણે લઈ શકાય નહી.

**A.**૫) ફરિયાદપક્ષની દલીલ છે કે, એપ્રુવર અંગેની જોગવાઈઓ અને કાયદાનો હેતુ જોતા જો અદાલત ધ્વારા એવું માનવામાં આવે કે, એપ્રુવરે પોલીસને મદદ કરેલ છે અગર પોલીસે એપ્રુવરને કેસમાંથી બહાર કાઢવા મદદ કરેલ છે તો પણ તે એપ્રુવરનો પુરાવો કાઢી નાખી શકાય નહી કારણ કે કાયદાનો એપ્રુવર બનાવવાનો હેતુ જ પુરાવો મેળવવાનો અને આરોપી-એપ્રુવર સત્ય હકીકત જણાવે તો જ તેને માફી આપવા અંગેનો છે. એપ્રુવર બનાવવા માટે તપાસ કરનાર અમલદાર તરફથી આપવામા આવેલ કન્સેન્ટ અને આરોપી સત્ય હકીકત જણાવે તે શરતે માફી આપવામાં વાંધો નથી તેવું જે કહેલ છે તે કાયદાની જોગવાઈ અનુસાર જ છે. ગુનાની માફી શરતી છે અને શરત એવી કે, તે વ્યક્તિ ગુના અંગે તથા ગુનો આચરવામાં સંકળાયેલ હોય અને ગુના વિશે જે કઈ જાણતો હોય તેની પૂરી અને સાચી જાહેરાત કરશે. તેમાં એપ્રુવર અને રાજ્ય વતીના કરારનો સમાવેશ થાય છે. એપ્રુવર તેની જવાબદારીમાંથી મુક્ત થવા માટે પૂરેપૂરું ડીસ્કલોસર કરવા માટે બંધાય છે અને જે કઈ જાણતો હોય તે જણાવે તેના અવેજમાં તેની મુક્તિ એવી શરતી માફી છે. માફીના સ્વીકાર પછી

શરતો આધીન તે આરોપી મટીને સાહેદ થાય છે. જો તે માફીની શરતો તોડે તો કરાર તૂટે છે અને રાજ્ય તેની સામે કાર્યવાહી ચલાવવા હકદાર બને છે.

ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૦૬, ૩૦૭ની જોગવાઈઓ તથા એવીડન્સ એક્ટની જોગવાઈઓ જોતા અને સંદર્ભે કાયદાની પ્રસ્થાપિત જોગવાઈઓ જોતા ગુનામાં જે કોઈ ગુનેગારે ભાગ લીધેલો હોય ગુનો કરવામાં મદદગારી કરેલ હોય, ગુનો કરવામાં સામેલ હોય અને તે ગુનાની કડીબધ્ધ હકીકત જાણતો હોય તો તેવો ગુનામાં ભાગ લેનાર અને ગુનામાં સંડોવાયેલ વ્યક્તિનો પુરાવો મેળવી શકાય. ગંભીર ગુનામાં પુરાવાને અભાવે ગુનો કરનાર છટકી જાય નહિ તે માટે જયારે ગુના કરનાર વ્યક્તિ કે ગુનામાં સંડોવાયેલી વ્યક્તિ જો પુરાવો આપે તો તે એપ્રુવર–તાજનો સાક્ષી કહેવાય અને કાયદાની જોગવાઈ મુજબ આવી વ્યક્તિ જયારે ઈન્સાફી કાર્યવાહીમાં સક્ષમ સાક્ષી બને ત્યારે કાયદાના સિધ્ધાંત મુજબ જ સહઆરોપીનો પુરાવો અન્ય પુરાવાના સમર્થન વિના પણ સહઆરોપીને જયારે સજા કરવામાં આવે તે ગેરકાયદેસર નથી. એવીડન્સ એક્ટની કલમ–૧૩૩ની જોગવાઈ જોતા ગુનાનો સાથી, તહોમતદાર વિરુધ્ધ સક્ષમ સાક્ષી છે અને સજા ફક્ત ગુનાના સાક્ષીના અસમર્થીત પુરાવાથી ગેરકાયદેસર ઠરતી નથી. આમ એવીડન્સ એક્ટની **કલમ–૧૩૩ની જોગવાઈમાં ગુનાનો સાથી એપ્રુવર છે કે નથી તેવો કોઈ ભેદ નથી.** કાયદાનો હેતુ જોતા ગુનાના સાથીનો પુરાવો રેકર્ડ ઉપર લેવો ગંભીર ગુનાઓની જરૂરીયાત પણ છે. ગુનાનો સાથી સામાન્ય રીતે હિત ધરાવતો અને હમેશા અપકીર્તિ વાળો સાક્ષી છે જેનો પુરાવો હમેશા જરૂરીયાતથી જ સ્વીકારવામાં આવે છે અને જે ઘણીવાર ન્યાય મેળવવા મુખ્ય આરોપી વિરુધ્ધ આ રીતે મેળવવો અશક્ય હોય છે. આમ બચાવપક્ષની દલીલ જેવી કે, તાજના સાક્ષીની સાથે પહેલેથી ગોઠવણ કરી તેઓ ટેમ્પરરી જામીન પર હતા ત્યારે ગોઠવણ મુજબ તૈયાર નિવેદનમાં સહી કરી એપ્રુવર ધ્વારા નિવેદન મોકલવામાં આવેલ અને તેઓએ તેમના સાહેદ નં.–૧૯ પોલીસ રૂબરૂના નિવેદનો મુજબ નિવેદન તથા પુરાવો આપેલ છે અને

એપ્રુવરે કેસમાંથી છટકવા માટે પુરાવો આપેલ છે તે માની શકાય તેમ નથી કે સંમત થઈ શકાય નહી કારણ કે એપ્રુવરને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તાજેતરમાં જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યા ત્યાં સુધી અને પૂરી ટ્રાયલ એટલે કે આશરે પાંચ વર્ષ ઉપરાંત જેટલો સમય જ્યુડીશીયલ કસ્ટડીમાં રહેલ છે.

**A.૬)** ફરિયાદપક્ષની દલીલ છે કે, એપ્રુવરના પુરાવાને અન્ય સાહેદો તથા દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળે છે. એપ્રુવરના પુરાવાને તમામ મટીરિઅલ પર્ટીક્યુલરથી તથા રેકર્ડ ઉપરના સાંયોગિક પુરાવાથી સમર્થન મળે છે. એપ્રુવરના પુરાવાથી તથા રેકર્ડ ઉપરના અન્ય પુરાવાથી એવા તારણ ઉપર આવી શકાય તેવો કેસ છે કે ફરિયાદપક્ષે, ફરિયાદપક્ષના કેસ મુજબની હકીકતો આરોપી વિરુધ્ધ પુરવાર કરેલ છે. ઉલટતપાસથી પણ સાહેદ નં.-૯નો જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપે છે.

**A.૭)** બચાવપક્ષે દલીલ કરેલ છે કે, એપ્રુવર ધ્વારા મોકલવામાં આવેલ નિવેદન આંક-૮૦ની સહી સિવાય, પુરાવા અધીનીયમ અનુસાર હસ્તાક્ષર પુરવાર થયેલ નથી. પુરાવા અધિનિયમ કલમ-૬૭ અનુસાર હસ્તાક્ષર પુરવાર થયેલ ન હોય ત્યારે તેને સમર્થનમાં વાંચવા સામે વાંધો છે. જે અંગે ઉલ્લેખ કરવામાં આવેલ અને તેને આનુસંગીક દસ્તાવેજો જોતા આરોપી નં.-૧ તરીકે આઈ.બી.વ્યાસે આપેલ આંક-૬૭ની અરજી અનુસંધાને આંક-૭૯ થી અદાલતે જયારે સોગંદ ઉપર નિવેદન લીધું ત્યારે માર્ક-૬૭/૧ માંથી નીકળેલ નિવેદનના હસ્તાક્ષર તથા સહીઓ બાબતે, અદાલત ધ્વારા ધ્વારા પ્રશ્નો પૂછવામાં આવેલ જે નિવેદનના હસ્તાક્ષર તથા સહી એપ્રુવરે ઓળખી બતાવતા આંક-૬૭ ના પાના નં.-૨ ઉપર હુકમ કરી, આરોપી નં.-૧ના નિવેદનને

આંક–૮૦ આપવામા આવેલ. આમ, આ નિવેદનના હસ્તાક્ષર તથા સહીઓ પુરવાર થયેલ છે. વધુમાં આંક–૮૦ ના નિવેદનની સહી સાહેદ નં.–૯ના પુરાવા દરમ્યાન ફરીથી તેઓએ ઓળખી બતાવેલ અને આંક–૮૦ માં લખેલી હકીકતો સાચી છે અને મારી જાણમાં છે અને ઘટનામાં જોડાયેલી છે તેવો પુરાવો પેરા નં.–૨૧ ઉપર આપેલ છે. વધુમાં, આંક–૮૦ના નિવેદનના દરેક પાના ઉપરની સહીઓ સાહેદે ઓળખી બતાવેલ છે અને પેરા નં.–૧૩ ઉપર એવો પણ પુરાવો આપેલ છે કે, મને આંક–૭૯ બતાવવામાં આવે છે જેમાં નામદાર કોર્ટે મને જે પ્રશ્નો અને તેના મેં જે સોગંદ ઉપર જવાબો આપેલા છે જેમાં પાના નં.–૩ ઉપર નામદાર કોર્ટ રૂબરૂ મારી સહી છે જે સહી હું ઓળખી બતાવું છું તેમજ આંક–૬૭ વાળી અરજીની સાથે બંધ કવરમાં મેં લેખિતમાં હકીકતો જણાવેલી. આમ આંક–૮૦ના કન્ટેનટ્સ પુરવાર થયેલ છે. વધુમાં, આ દસ્તાવેજ સાહેદ ધ્વારા તૈયાર કરવામાં આવેલ હોવાનું અને તેમાં લખેલી હકીકત સાચી હોવાનું જયારે પુરવાર થયેલ હોય અને સાહેદ મારફ્ત દસ્તાવેજની સહી, હસ્તાક્ષર તથા કન્ટેનટ્સ સોગંદ ઉપર પુરવાર થયેલ હોવાથી તે કાનુની જોગવાઈ મુજબ પુરાવામાં ગ્રાહ્ય છે અને તેને સાહેદના પુરાવાના સમર્થન માટે વંચાણે લીધેલ છે અને તેનાથી સાહેદના પુરાવાને સમર્થન મળે છે.

**A.**૮) બચાવપક્ષે દલીલ તથા ઉલટતપાસથી એવું દર્શાવેલ છે કે, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૦૬ની શરત મુજબ એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ નાઓએ પૂરું અને સાચું ડીસકલોઝર કરેલ નથી. એપ્રુવરે અદાલતમાં જે પુરાવો આપેલ છે તે પુરાવો ખોટો છે. એપ્રુવરે પુરાવામાં સત્ય હકીકતો છુપાવેલ છે. વધુમાં એવી દલીલ કરેલ છે કે, એપ્રુવરે ઉલટતપાસમાં રજુ કરેલ દસ્તાવેજોથી વિરોધાભાષી પુરાવો આપેલ છે. બચાવપક્ષે આવી દલીલ શરૂઆતથી ચાલુ કાર્યવાહીએ જુદી જુદી અરજીઓ કરીને લીધેલ છે, તે અંગે બચાવપક્ષે શરુથી જ તકરાર લીધેલી છે, **આંક–૮૦ માં વધારાની નવી હકીકત રજુ થયેલાનુ જણાતુ નથી.**

અદાલતે સાહેદ નં.–૯નો પુરાવો વંચાણે લેતા તેમજ બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સાહેદે આપેલ જવાબો વંચાણે લેતા તથા સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતા બચાવપક્ષની સાહેદે ખોટો પુરાવો આપેલ છે તથા અન્ય દલીલ ઉપરોક્ત ચર્ચા કરી તે દલીલો માની શકાય તેવી નથી. ફરિયાદપક્ષ સાહેદ નં.–૯નો સમગ્ર પુરાવો જોવામાં આવે તો તેઓએ ખોટો પુરાવો આપેલ હોય એવું જણાતું નથી અને બચાવપક્ષની દલીલ સાહેદે ખોટો પુરાવો આપેલ છે તે તથા ખરું અને પૂરું ડીસક્લોઝર કરેલ નથી તે માનવાને કોઈ કારણ નથી. વધુમાં આ સાહેદ પુરાવાની ચર્ચા કર્યાનુસારના કારણોસર પણ માની શકાય તેમ છે અને તેમનો પુરાવો ભરોસાપાત્ર અને વિશ્વાસપાત્ર છે. આ સાહેદે મહત્વની હકીકત છુપાવેલ અને ખોટી હકીકત જણાવેલ હોવાની રજૂઆત કરતી આરોપી નં.–(૨) એ આંક–૭૮૨ વાળી આપેલ જે અરજી પણ આ અદાલતે નામંજૂર કરેલ હતી તથા જેની વિરુધ્ધ આરોપી નં.–(૨) નાએ કરેલ ક્રિમીનલ રીવીઝન અરજી નં.–૧૨૧૫/૨૦૨૩ દાખલ કરેલ જે તેઓએ પરત ખેચેલ હતી તે પણ ધ્યાને લેવાની મહત્વની હકીકત છે.

**A.૯)** ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ એપ્રુવરનો પુરાવો જોતા તેમણે મોકલી આપેલ લેખિત નિવેદન અને પુરાવામાં વિરોધાભાસ નથી અને મહત્વની કોઈ બાબતે તેમના પુરાવામાં સુધારો–ઈમ્પ્રુવમેંટ જોવા મળતા નથી. ઉપરથી બચાવપક્ષની દલીલ છે કે, સાહેદે તેમના અગાઉના નિવેદન મુજબ નક્કી થયા મુજબ પુરાવો આપેલ છે તે જોતા તથા પુરાવો જોતા બચાવપક્ષ આ સાહેદની ઉલટતપાસથી કોઈ મહત્વનો વિરોધાભાસ કે ઓમીશન રેકર્ડ ઉપર આવેલ નથી. આમ સાહેદના નિવેદનથી પુરાવો વિરોધાભાષી ન હોવાથી પણ આ સાહેદનો પુરાવો માની શકાય તેવો છે. વધુમાં કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો જોતા એપ્રુવરના પુરાવાને સમર્થન મળતું ન હોય તો પણ તેમનો પુરાવો પુરાવામાં ગ્રાહ્ય છે પરંતુ આ કિસ્સામાં તો અગાઉ જણાવ્યું તેમ પુરાવો જોતા આ

સાહેદના પુરાવાને તેમના આંક–૮૦ વાળા લેખિત નિવેદનથી પણ સમર્થન મળે છે. વધુમાં બચાવપક્ષે કરેલ દલીલ જોતા સાહેદના પુરાવાને તમામ હકીકતે સમર્થન મળતું નથી અને સાહેદ ગુનામાં સંકળાયેલ છે અને તેઓએ ગુનામાંથી છટકવા આરોપી નં.–(૨) ને સંડોવેલ છે પરંતુ સાહેદની ઉલટતપાસ જોતા, સાહેદના પુરાવામાં રજુ થયેલ દસ્તાવેજો જોતા તથા અન્ય પુરાવો જોતા સાહેદનાં પુરાવાને સમર્થન મળે છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો જોતા સાહેદના પુરેપુરા પુરાવાને પૂરેપૂરું સમર્થન મૌખિક પુરાવાથી જ મળતું હોય તેવું જરૂરી નથી. આ કેસમાં એપ્રુવરનાં પુરાવાને સંયોગિક પુરાવાથી તથા મૌખિક પુરાવાથી પણ સમર્થન મળે છે. આમ, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ૧૫, ૧૬ તથા સાહેદ નં.–૪ નાઓનો પુરાવો જોતા તથા રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવા તથા સાંયોગિક પુરાવા જોતા એપ્રુવર સાહેદ નં.–૯ ના પુરાવાને રેકર્ડ ઉપરના તમામ પુરાવાથી સમર્થન મળતું હોવાથી સાહેદનો પુરાવો માની શકાય તેવો છે.

**A.૧૦)** બચાવપક્ષે આ ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન અરજી આપી આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટે એપ્રુવરને જે કહ્યું કે જે સુચના આપી તે કન્ફેશન કહેવાય અને તેમના પુરાવામાં વંચાણે લઈ ન શકાય અને પુરાવાના તે ભાગો ઇનએડમીશીબલ છે તે ઠરાવવા અરજ કરેલ હતી તે મુજબની એક અન્ય અરજી આંક–૫૯૬ વાળી પુરાવો ગ્રાહ્ય ન હોવાથી બ્રેકેટ કરવા આપેલ હતી જેનો આંક–૭૯૭ વાળી અરજી અગાઉ નિર્ણય થયેલ હતો. આ આંક–૭૯૭ વાળી અરજી આ અદાલતે નામંજૂર કરેલ અને આવા વાંધાઓ સબંધે વિશેષ મૂલ્યાંકન જે સઘળા પુરાવાનું કાયદેસર રીતે થઈ શકે તે પ્રમાણે કરવાનું પણ ઠરાવેલ. આ આંક–૭૯૭ વાળી અરજી ઉપરનો હુકમ પણ પડકારવામાં આવેલ હોય તેવો કોઈ હુકમ બચાવપક્ષે રજુ કરેલ નથી. ફરિયાદપક્ષનું કહેવું છે કે, પુરાવો જોતા એપ્રુવર સમક્ષ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટે જે કહ્યું અને તે બાબતે એપ્રુવરે જે પુરાવો આપ્યો તે સીધો પુરાવો છે. જેને બીજા પુરાવાથી પણ સમર્થન મળે છે. વધુમાં ફરિયાદપક્ષનું કહેવું છે કે, એપ્રુવર સમક્ષ આરોપી નં.–(૨) નાઓએ જે

કહ્યું તે કન્ફેશન નથી કે એક્સ્ટ્રા જ્યુડીશીયલ કન્ફેશન નથી પરંતુ સીધો પુરાવો છે. જે કાવતરા દરમ્યાનનો પુરાવો છે જે ઈન્ડિયન એવીડન્સ એક્ટ કલમ–૧૦ અનુસાર પણ ગ્રાહ્ય છે.

આ સાહેદ નં.–૯ના **પુરાવાનું મૂલ્યાંકન કરવા ઈન્ડિયન એવીડન્સ એક્ટ કલમ–૧૦** જોવામાં આવે તો એક ગુનો કરવા માટે બે અથવા વધુ વ્યક્તિઓએ મળીને કાવતરું કર્યું છે તે માનવા માટે વ્યાજબી કારણ હોય ત્યારે કાવતરા દરમ્યાન સામાન્ય ઈરાદા અનુસંધાને કાવતરામાં સંડોવાયેલ હોય તે વ્યક્તિઓ પૈકી એકે તેમના સામાન્ય ઈરાદાને લગતી કોઈ પણ કહેલી, કરેલી કે લખેલી હકીકત કાવતરામાં સામેલ હોવાનું માનવા પ્રત્યેક વ્યક્તિ વિરુધ્ધ કાવતરાના અસ્તિત્વ સાબિત કરવા માટે અને આવી કોઈ વ્યક્તિઓ તેમાં પક્ષકાર હતી તેવું દર્શાવવા રેલેવંટ–પ્રસ્તૃત છે. આ કેસનો પુરાવો જોવામાં આવે તો એપ્રુવર, આરોપી નં.–(૨) તથા અન્યએ ગુનો કરવાનું કાવતરું ઘડેલ/રચેલ હતું અને આરોપીઓ તેવા કાવતરામાં સામેલ હતા. એપ્રુવરનો પુરાવો જોતા આરોપી નં.–(૨) નાએ જે કાઈ કહેલ તે કાવતરા દરમ્યાન અને કાવતરું ચાલુ હતું તે દરમ્યાન સામાન્ય હેતુ પાર પાડવા કહેલ અને કરેલ અને એપ્રુવરે તથા મરણજનાર આરોપીએ પણ કાવતરા દરમ્યાન જે કહેલ અને કરેલ તે ઈન્ડિયન એવીડન્સ એક્ટની કલમ–૧૦ પ્રમાણે પ્રસ્તુત (relevant) ગણાય અને તેથી પુરાવો જોતા એપ્રુવર સમક્ષ આરોપી નં.–(૨) નાંએ જે કહ્યું તે પ્રસ્તુત છે તથા કાવતરા દરમ્યાન આરોપીઓએ જે કાઈ કર્યું તેનો પુરાવો પણ પ્રસ્તુત છે જેથી બચાવપક્ષે આરોપી નં.–(૨) નાઓએ જે કહ્યું તે કન્ફેશન છે તેવો બચાવ પુરાવાનું મૂલ્યાંકન કરતા માની શકાય તેવો નથી અને આરોપી નં.–(૨) નાએ જે કહ્યું તે કન્ફેશન નહી પરંતુ સીધો પુરાવો છે અને કલમ–૧૦ અનુસાર પણ પ્રસ્તૃત છે તે બાબત અવગણી શકાય તેમ નથી.

વધુમાં, એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ નં.–૯નો પુરાવો જોતા આરોપી નં.–(૨) એ નાણા આપી અફીણ ખરીદ કરાવેલ, અફીણ હોટેલ લાજવંતીમાં મુકાવેલ, કંટ્રોલ રૂમની વર્ધી ઉભી કરાવેલ, હોટેલમાં રેઈડ કરવા સુચના આપેલ, તાત્કાલિક સાહેદ સુમેરસિંહની અફીણના કેસમાં અટક કરવા જણાવેલ, વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરવા સુમેરસિંહને ધમકી આપેલ, સુમેરસિંહના રિમાન્ડ મેળવવા જણાવેલ, દુકાન ખાલી થતા ક્રી.પ્રો.કોડ.કલમ–૧૬૯નો રીપોર્ટ તથા એન.ડી.પી.એક્ટ કલમ–૫૮(૨)નો રીપોર્ટ કરવા જણાવેલ, કેસ ડાયરી ફાડી નાખેલ, કેસને અનુરૂપ ખોટા કેસ કાગળો ઉભા કરવા જણાવેલ વિગેરે ગુનાહિત કૃત્યો કરેલા હોવાનો સીધો તથા કાવતરા અંગેનો એપ્રુવરે જે પુરાવા આપેલ છે તે માની શકાય તેવા પુરાવા છે તેવા ફરિયાદપક્ષના કથનને બચાવપક્ષની ઉલટતપાસથી ખંડન થતું નથી પરંતુ ઉલટતપાસ જોવામાં આવે તો પણ એપ્રુવરે કરેલ કૃત્ય આરોપી નં.–(૨) નાની સુચનાથી કરવામાં આવેલ અને અફીણનો સુમેરસિંહ વિરુધ્ધ કેસ કરવામાં આવેલ તેને સમર્થન મળે છે.

**A.૧૧)** બચાવપક્ષની દલીલ છે કે, આઈ.બી. વ્યાસના નામની નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરેલ સ્પેશિયલ ક્રિમીનલ અરજી નં.–૧૩૦૨/૧૯૯૭ તથા ૬૮૦/૧૯૯૮ તથા રાજસ્થાન કેસની જામીન અરજીથી ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, આઈ.બી.વ્યાસનાઓએ વિરોધાભાષી પુરાવો આપેલ છે ફરિયાદપક્ષની દલીલ છે કે, આ બાબતે સાહેદની જુબાનીના પાના નં.–૨૩૩, ૨૩૪ ઉપરના ઉલટતપાસના જવાબો જોવા જરૂરી છે. બચાવપક્ષ આ તમામ પીટીશનો અંગેનાં કોઈ વિરોધાભાસ કે કસુર રેકર્ડ ઉપર લાવેલ નથી કે તેના કન્ટેનટ્સ પૂરવાર કરવામાં આવેલ નથી અને તેવા સંજોગોમાં ફક્ત એફીડેવીટ તથા અરજીઓ વંચાણે લઈ શકાય નહી કારણ કે તે પ્રીવીયસ સ્ટેટમેંટ છે. આ સાહેદની પાના નં.–૨૩૩, ૨૩૪ ઉપરની ઉલટતપાસ જોવામાં આવે તો આવી અરજી સંજીવ ભટ્ટ સાહેબે તેમના વકીલ મારફત તૈયાર તથા દાખલ કરાવડાવેલી અને આરોપી

ભટ્ટે કહેલ કે આપણા બચાવ માટે કરવાની છે જેથી તેમાં સહીઓ કરેલી આવી કોઈ અરજીઓ મને વાંચવા આપેલ નહિ, નકલ મને મળેલ નહી આ અંગે જાતે કોઈ વકીલ રોકેલ નથી કે ફી ચૂકવેલ નથી. આમ જયારે આ કેસના રેકર્ડ ઉપર બચાવપક્ષ જણાવે છે તે અરજીઓના વિરોધાભાષ કે કસુર રેકર્ડ ઉપર આવેલ નથી અને તેવી અરજીઓ ફક્ત રેકર્ડ ઉપર રજુ કરવાથી તેના કન્ટેનટ્સ પુરાવામાં વાંચી શકાય નહી જેથી એવું કહી શકાય નહી કે, એપ્રુવરે આવી અરજીઓથી વિરોધાભાષી પુરાવો આપેલ છે. વધુમાં આવી અરજીઓ એપ્રુવરે ગુનો કરનાર વ્યક્તિ તરીકે કરેલી તે પણ નોધવું જરૂરી છે. સાહેદે રેકર્ડ ઉપર એવો પણ પુરાવો આપેલ છે કે, તેઓએ સંજીવ ભટ્ટની સુચના મુજબ ઉભા કરેલ કેસને અનુરૂપ પુરાવા ઉભા કરેલ તથા સત્ય હકીકતો છુપાવેલી. સાહેદે એપ્રુવર તરીકે નિવેદન મોકલી આપેલ ત્યારે સત્ય હકીકતો જણાવેલ. આમ આ સાહેદે જુદી જુદી અરજીઓમાં કે તેમના અગાઉના કોઈ નિવેદનમાં આ કેસમાં જણાવેલી હકીકત કેમ જણાવેલ ન હતી કે કેવા સંજોગોમાં સહીઓ કરેલ તેવો જયારે તેઓ એપ્રુવર તરીકે પુરાવો આપે છે ત્યારે કાનુની જોગવાઈ અનુસાર તેને કસુર ન ગણી શકાય.

**A.૧૨)** રેકર્ડ ઉપર આવેલ ફરિયાદપક્ષના આ સાહેદ તથા દસ્તાવેજી પુરાવા તથા બચાવપક્ષની ઉલટતપાસ જોતા એપ્રુવર ધ્વારા સુમેરસિંહ વિરુધ્ધના ગુનાની સંજીવ ભટ્ટની સુચના મુજબ જે તપાસ ઉભી કરવામાં આવેલ તે તપાસના કાગળો આધારે આગળ કેટલીક તપાસ બચાવપક્ષ સાહેદ નં.–૧ શંભુભાઈ બી. પટેલનાઓએ કરેલી જેઓએ કરેલ તપાસના કેટલાક કાગળો ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ નાઓને બતાવીને ઉલટ કરવામાં આવેલ તથા બચાવપક્ષ સાહેદ નં.–૧ નાઓને બચાવપક્ષે સરતપાસમાં બતાવેલ અને તે બાબતે દલીલ કરેલ છે જે નોધેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે તપાસ અંગે ૨૦૧૮ માં જે હુકમ કરેલ તે પણ આ અંગે ધ્યાન

ઉપર લીધેલ છે. ૧૯૯૬ની તપાસ દરમ્યાન ડી.વાય.એસ.પી., એસ.બી.પટેલનાઓએ ફરિયાદપક્ષ સાહેદ નં.−૯ શ્રી આઈ.બી. વ્યાસનું નિવેદન લીધું હોવા અંગે સાહેદ નં.−૯ ની ઉલટતપાસ કરેલ છે અને દલીલ પણ કરેલ છે. ફરિયાદપક્ષે તે અંગે દલીલ કરી જણાવેલ છે કે, આ ગુનો દાખલ થયા અગાઉથી લઈ સુમેરસિંહ રાજપુરોહિતની અટક કરી એન.ડી.પી.એસ. એક્ટ કલમ−૫૮(૨)નો રીપોર્ટ કરવા સુધીની તપાસ ફરિયાદપક્ષ સાહેદ નં.−૯ કે જેઓ એપ્રુવર છે તેઓએ કરેલ. એપ્રુવરને ફરિયાદપક્ષ સાહેદ નં.−૯ તરીકે તપાસવામાં આવ્યા ત્યારે તેઓએ ગુનો છુપાવવા માટે સાચા નિવેદનો આપેલ ન હોવા અંગેનો તથા આગળની તપાસના કાગળો ઉભા કરેલ તેવા પુરાવો આપેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે. ફરિયાદપક્ષ સાહેદ નં.−૯ નાઓને બચાવપક્ષે તેમના એસ.બી. પટેલ રૂબરૂના નિવેદન તરફ ધ્યાન દોરી જુદા જુદા કથનો તે નિવેદનમાં લખેલા ન હોવા બાબતે પ્રશ્ન પુછેલ ત્યારે આ એપ્રુવર ફરિયાદપક્ષ સાહેદ નં.−૯ નાઓએ, એસ.બી.પટેલ રુબરુનું નિવેદન સ્વેચ્છાએ લખેલ ન હોવાનો તથા આરોપી સંજીવ ભટ્ટના કહેવા મુજબ આ કેસમાં તેઓની પોતાની તથા અન્યોની સંડોવણી બહાર ન આવે તે મુજબના નિવેદનો લખી લેવામાં આવેલ હોવાના પુરાવો આપેલ છે. એપ્રુવરનો પુરાવો જોતા તથા રેકર્ડ ઉપર આવેલ અન્ય પુરાવો જોતા નિવેદનો લખી લેવામાં આવેલ હોવાનું માની શકાય તેવી હકિકતનો પુરાવો આવેલ છે. એપ્રુવરની ઉલટતપાસથી રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા એપ્રુવરે અગાઉની તપાસમાં ખોટા દસ્તાવેજો તથા નિવેદનો પણ ઉભા કરેલ તથા સત્ય હકીકતો છુપાવેલ અને સત્ય હકીકતો જણાવેલી ન હતી. આવા સંજોગોમાં એસ.બી.પટેલ રૂબરૂના નિવેદનમાં એપ્રુવરે ગુનો આચરનાર તરીકે સત્ય હકીકતો જણાવેલ ન હતી. આમ એસ.બી.પટેલ રૂબરૂના નિવેદનમાં વિરોધાભાસ કે કસુર છે તેવો બચાવપક્ષનો કેસ માની શકાય તેમ નથી. વધુમાં આવા કારણસર એપ્રુવરનો પુરાવો ક્રેડીટેબલ નથી તેવું બચાવપક્ષનું કહેવું માની શકાય તેમ નથી અને ફરિયાદપક્ષની દલીલ સ્વિકારવાપાત્ર જણાય છે. આમ ફરિયાદપક્ષ સાહેદ નં.−૯ ના અગાઉના કોઈ

પણ નિવેદનો તેમના સાહેદ તરીકેના નિવેદનો ન હોવાનું અને એક ગુનો આચરનાર વ્યક્તિ તરીકેના નિવેદનો હોવાનુ ન માનવાને કોઈ કારણ નથી અને તેવી ફરિયાદપક્ષની દલીલ ન ચાયોચિ ત જ ણાય છે અને સ ા હેદે બચાવપક્ષ સાહેદ નં.–૧ રૂબરૂ કોઈક હકીકત ન લખાવેલ હોવાના કારણે તેમનો પુરાવો માની શકાય નહી તે દલીલ સ્વિ ક ા ર વાપાત્ર જ ણ ા તી ન થી.

વધુમાં, બચાવપક્ષે બચાવપક્ષ સાહેદ નં.–૧ નાઓને, તેઓએ કરેલ તપાસ બાબતે તથા એપ્રુવરનાઓએ બચાવપક્ષ સાહેદ નં.–૧ સમક્ષ નિવેદન આપેલ હોવા અંગે તથા નિવેદનના વિરોધાભાસ કે કસુર પુરવાર કરવા બાબતે તપાસેલ હોવાનું બચાવપક્ષ સાહેદ નં.–૧ નાઓનો પુરાવો તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯નો પુરાવો તથા અન્ય પુરાવા જોતા જણાય છે. વધુમાં પુરાવો જોતા સુમેરસિંહ રાજપુરોહિતને છોડી મુકવા માટે ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૯નો રીપોર્ટ તેમજ ત્યારબાદ એનડીપીએસ એક્ટ કલમ–૫૮(૨)નો ઉમેરો કરવા માટે રીપોર્ટ આપવામાં આવ્યો ત્યારબાદ શ્રી જે.આર.મોથલીયા ધ્વારા વર્ગ ‘અ’ પડત સમરી ભરવામાં આવી ત્યાં સુધી જુદા જુદા પોલીસ અધિકારીઓએ તેમના ચાર્જમાં આવેલ તપાસ દરમ્યાન કોઈ નવી કે વધારાની તપાસ કરેલી ન હતી તેવું રેક ર્ડ ઉપ ર અ ાવેલ છે. બચાવપક્ષ સાહેદ નં.–૧ નો પાના નં.–૩૧ ઉપર પુરાવો જોવામાં આવે તો તેઓએ તેમને મળેલા કોઈ કાગળોની ખરાઈ કરેલ ન હતી કે, અગાઉના તપાસ કરનાર અધિકારીઓએ કરેલ કોઈ પણ કામગીરીની ખરાઈ કરેલ ન હતી. સાહેદનો પાના નં.–૩૩ નો પુરાવો જોવામાં આવે તો તેઓએ અફીણ કયા સ્થળેથી મેળવવામાં આવેલું, અફીણ કોણે ખરીદયું અને અફીણ કોણે પોતાની પાસે રાખ્યું તે બાબતે પણ કોઈ તપાસ કરેલ ન હતી. વધુમાં, તેઓએ હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ માં અફીણ કોણે મુક્યું તે અંગેની પણ કોઈ સ્વતંત્ર તપાસ કરેલ ન હતી. વધુમાં આ સાહેદની ઉલટતપાસ જોતા તેઓએ કઈ કામગીરી કરેલ અને કેટલા કલાક કામગીરી કરેલ તે હકીકત

પણ તેમની ઉલટતપાસના પાના નં.–૩૫ થી ૩૭ ઉપર કબુલ કરેલ છે. આમ, આ સાહેદનો પુરાવો જોતા અને તેમની જુબાનીમાં બચાવપક્ષે કેસ ડાયરી રીફર કરીને પુછેલ પ્રશ્નો તથા સાહેદની ઉલટતપાસ જોતા સાહેદે જે સ્કેચ તપાસના કાગળોમાં તેમને મળેલા તે સાચા માનીને તે બતાવવા અંગેની જ તજવીજ કરેલી અને સ્કેચ બતાવવાની તજવીજ કર્યા સિવાય તે બાબતે કોઈ કામગીરી કરેલી નહી. વધુમાં, સાહેદે પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.–૪૦૩/૧૯૯૬નું રેકર્ડ માંગેલું અને રાજસ્થાન ગયેલ બે પોલીસ કર્મી. કલંદરખાન તથા પ્રકાશચંદ્રના નિવેદન લીધેલા. આ બચાવપક્ષ સાહેદે તપાસને લગતી કોઈ મહત્વની કામગીરી કરેલ હોય તેવું તેમનો પુરાવો જોતા જણાતું ન હોવાથી આ સાહેદ બચાવપક્ષના કેસને સમર્થન આપતા નથી તેવું મારું માનવું છે અને જેથી પણ આ બચાવપક્ષ સાહેદ નં.–૧ નાએ એપ્રુવરનું નિવેદન લીધું હતું તે પણ શંકાસ્પદ છે અને તેથી આ સાહેદ થકી પુરવાર થયેલ વિરોધાભાસ કે કસુર ફરિયાદપક્ષના મૂળમાં જતા નથી કે મહત્વના નથી અને એપ્રુવરનો પુરાવો માની શકાય તેવો હોવા નુ રેકર્ડ ઉપર આવેલ છે.

**A.૧૩)** બચાવપક્ષે ચંદન વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાનનો જે ચુકાદો રજુ કરેલ છે તે જોતા ગુનાના સાથીનો પુરાવો કે જેને અન્ય પુરાવાથી સમર્થન મળતુ ન હોય તેવો પુરાવો હોય તો અગર ગુનાના સાથીનો કુદરતી ન હોય તેવો પુરાવો હોય તો આરોપીને દોષિત ઠરાવવા પુરતો નથી તેવું ઠરાવેલુ છે. આ કેસમાં ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ એપ્રુવરનો જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે માની શકાય તેવો અને વિશ્વાસપાત્ર ગણી શકાય તેવો રજુ થયો છે. આ સાહેદ– એપ્રુવરના પુરાવાને તમામ મટીરીયલ પર્ટીકયુલરથી રેકર્ડ ઉપરના અન્ય પુરાવાથી સમર્થન મળે છે. આ સંજોગોમાં જયારે એપ્રુવરનો રેકર્ડ ઉપરનો પુરાવો ન માનવાના કારણ ન હોવાથી બચાવપક્ષે રજુ કરેલ આ ચુકાદો હાલના કેસને લાગુ પડે છે તેમ કહી શકાય નહી. વધુમાં બચાવપક્ષે રજુ કરેલ બાબુભાઈ ભુરાભાઈ જેસડીયા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત તથા શેરસિંહ વિરુધ્ધ સ્ટેટ ઓફ

પંજાબ એન્ડ હરિયાણાના ચુકાદા જોવામાં આવે તો તે એપ્રુવરના પુરાવા અંગે છે પરંતુ આ કેસની હકીકતો અને પુરવાર થયેલ પુરાવા જોતા આ કેસમા લાગુ પડે તેમ નથી. બચાવપક્ષે પોલીસ ધ્વારા તપાસ દરમ્યાન એપ્રુવર બનાવવા અંગે કઈ કઈ બાબતો ધ્યાને રાખવી જોઈએ તે અંગેનો પોલીસ મેન્યુઅલ મુજબનો રુલ રજુ કરેલ છે. હાલના કેસમાં તપાસ દરમ્યાન એપ્રુવર બનાવવા અંગેની કોઈ કાર્યવાહી થયેલ નથી આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન એપ્રુવરે આપેલ અરજી તથા મોકલેલ નિવેદન આધારે આ અદાલતે માફી આપવાનો હુકમ કરેલ છે. એપ્રુવરને માફી આપતો આ હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં આરોપીએ પડકારેલ હતો જે કાયમ રહેલ છે. એપ્રુવરનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો પોલીસ મેન્યુઅલની જોગવાઈ લાગુ પડતી નથી.

**A**.૧૪) આમ એપ્રુવર ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ની જુબાની જોતા તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતા આ સાહેદનો પુરાવો ગ્રાહ્ય અને પ્રસ્તુત છે, વિશ્વાસપાત્ર છે તથા આ ગુનો આરોપી નં.–(૨) અને એપ્રુવર તથા અન્ય મરણજનાર આરોપીએ કાવતરાના ભાગરૂપે એકબીજાની મદદગારીથી કરેલો. આ સાહેદનો પુરાવો જોતા ગુનો કેવી રીતે બનેલ, કોની સુચનાથી બનેલ, કોણે ભાગ લીધેલો, ગુનામાં કોણ સીધી રીતે સામેલ હતું, કોની શું ભૂમિકા હતી, ૧૯૯૬ માં સુમેરસિંહ વિરુધ્ધ ખોટો કેસ કરવા અફીણ ખરીદ કરી હોટલમાં પ્લાન્ટ કરવામાં આવેલ, ખોટી વર્ધી ઉભી કરવામાં આવેલ અને ખોટો કેસ સાચો દેખાય તે માટે તપાસના કાગળો ઉભા કરવામાં આવેલ વિગેરે સંપૂર્ણ ગુનાની વિગતો જણાવેલ હોવાથી આ એપ્રુવરના પુરાવા ન માનવાના કોઈ કારણો નથી તેથી તેમનો સમગ્ર પુરાવો વિશ્વાસપાત્ર છે, તે નકારી શકાય તેમ નથી.

**B**) ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ની પ્રવિણચંદ્ર હરીલાલ પરમારની સરતપાસમાં આવેલ પુરાવો જોવામાં આવે તો તેઓ સને ૧૯૯૫ થી સને ૨૦૦૪ સુધી બનાસકાંઠા જિલ્લાની પાલનપુર એલસીબી શાખામાં પોલીસ કોન્સ્ટેબલ

તરીકે ફરજ બજાવતા હતા. સને ૧૯૯૬ના અરસામાં એલસીબી પીઆઈ તરીકે આઈ.બી.વ્યાસ સાહેબ હતા. એલસીબીમાં બે સ્કવોડ હતા. એક સ્કવોડમાં પીએસઆઈ પી.જે.ચૌધરી તથા તેમના રાઈટર તરીકે હેડ કોન્સ્ટેબલ અબ્બાસભાઈ તથા બીજા માણસ બેચરભાઈ હતા. બીજા સ્કવોડમાં પીએસઆઈ આર.પી.પટેલ હતા અને તેમના રાઈટર તરીકે ગોવિંદભાઈ હતા અને બીજા માણસ માલાભાઈ રબારી હતા. માલાભાઈ રબારી ફિલ્ડ વર્કનુ કામ કરતા હતા. એલસીબી શાખા સીધી પોલીસ અધિક્ષક સાહેબના સુપરવિઝન હેઠળ કામ કરતી શાખા હતી. તે સમયે જીલ્લા પો. અધિકારી તરીકે સંજીવ ભટ્ટ સાહેબ હતા.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ની સરતપાસમાં આવેલ પુરાવો જોવામાં આવે તો તા.૨૯/૪/૯૬ના એટલે કે તા.૩૦/૪/૯૬ની રેઈડના આગલા દિવસે સાહેદ તથા હાજર એલસીબી સ્ટાફના માણસોને પીઆઈ આઈ.બી. વ્યાસે કહેલ કે આવતીકાલે આપણને એસપી સાહેબ તરફથી એનડીપીએસની એક બાતમી મળી શકે છે. તમે તૈયાર રહેજો. તા.૩૦/૪/૯૬ના વહેલી સવારના સાહેદ તેમના પોલીસ હેડ ક્વાર્ટર ખાતેના રૂમ ઉપર હાજર હતા તે વખતે સવારના આશરે છ એક વાગ્યે એલસીબીના ડ્રાઈવર કરણસિંહએ પોલીસ લાઈનમાં ક્વાર્ટર પાસે આવી હોર્ન વગાડતા સાહેદ બહાર ગયેલ અને કરણસિહે પાલનપુર વિશ્રામગૃહ ખાતે જવા માટે આવવાનુ જણાવતા સાહેદ તૈયાર થઈને તે જ ગાડીમાં હેડ કો. હંજારીભાઈ તથા પાલનપુર વિશ્રામગૃહ ખાતે આશરે સાડા છ એક વાગે પહોચેલા. વિશ્રામગૃહ ખાતે પીઆઈ વ્યાસ તથા હેડ.કો. મહંમદ હનીફ હાજર હતા. સાહેદ વ્યાસને મળતા તેઓએ કહેલ કે એસપી સાહેબ તરફથી બાતમી મળેલ છે કે હોટલ લાજવંતીના રૂમ નં. ૩૦૫ના ગાદલા નીચે અફીણ છે, તેમ કહી રેઈડ માટેની ઉતાવળ કરતા સાહેદને સરકારી ગાડીમાં લઈ લાજવંતી હોટલ ખાતે ગયેલા. ત્યાં પી.એસ.આઈ. પી.જે.ચૌધરી, પી.એસ.આઈ. આર.પી.પટેલ તથા પો.કો. ગોવિંદભાઈ તથા બેચરભાઈનાઓ આવી ગયેલ હતા. બધા ગાડીમાંથી નીચે ઉતરી હોટલ લાજવંતીના કાઉન્ટર ઉપર બેઠેલ હોટલ માલિક અશોકભાઈ ગુપ્તાને વ્યાસ સાહેબ મળેલા અને તેમને સાથે લઈ

રૂમ નં. ૩૦૫માં જવા નિકળેલ ત્યારે અધિકારીઓની પાછળ સાહેદ તથા અન્ય કર્મચારીઓ હતા. કોઈ પંચોના માણસો ન હતા. આ કાર્યવાહી દરમ્યાન રૂમ નં. ૩૦૫નો દરવાજો ખોલતા ખુલી ગયેલો. રૂમ નં. ૩૦૫મા અન્ય કોઈ વ્યક્તિ હાજર ન હતી અને રૂમમાં કોઈ મુસાફર ઉતરી રોકાયેલ હોવાના કોઈ ચિહ્નો જણાયેલા નહી. રેઈડ દરમ્યાન રૂમ નં. ૩૦૫ના પલંગના ગાદલા નીચેથી એક બગલ થેલો મળી આવેલો તેમાંથી કઠણ આછો પોચો કાળો પદાર્થ મળી આવેલ. આ રૂમ નં. ૩૦૫ માથી ગાદલા નીચેથી આશરે એક કીલો પંદર ગ્રામ જેટલુ અફીણ મળી આવેલ હતુ. જેથી સાહેદે પીઆઈ વ્યાસને કંઈક ખોટુ થઈ રહ્યુ છે તેવી ટકોર કરતા તેઓએ સાહેદને કહેલ કે એસપી સાહેબની સુચના છે. તમારે હુ લખાવુ તે લખવાનુ છે. તમારે વધારે મગજ વાપરવાનુ નથી. જેથી સાહેદે વધારે કંઈ કહેલ નહી.

પી.આઈ. આઈ.બી.વ્યાસે હોટલ લાજવંતીમાંથી મળેલ અફીણ સીલ કરાવેલ હતુ. પી.આઈ. આઈ.બી. વ્યાસે સાહેદને પંચનામુ લખાવતા સહેદે પંચનામુ લખેલ હતુ. પંચોના નામ પણ પી.આઈ.વ્યાસે જ લખાવેલ હતા. ફરિયાદ અને પંચનામુ હોટલ લાજવંતીના બગીચામાં બેસીને લખેલુ હતુ. હોટલ લાજવંતીના રજીસ્ટરની એન્ટ્રી નં.૬૪૦માં સુમેરસિંહ રાજપુરોહીત રહે.પાલી વર્ધમાનની વિગતો પી.આઈ.વ્યાસે પંચનામામાં અને ફરિયાદમાં લખાવતા લખેલ હતી. આ રેઈડ કાર્યવાહી સબબ પાલનપુર શહેર પો.સ્ટેમાં પ્રોહી. ગુના નં.૨૧૬/૯૬ એન.ડી.પી.એસ. એકટ કલમ-૧૭ મુજબનો ગુનો દાખલ થતા ગુનાની તપાસ શ્રી આઈ.બી.વ્યાસે સંભાળેલી અને સાહેદે રાઈટર તરીકે સાહેબના લખાવ્યા મુજબ જરૂરી કાગળો, નિવેદનો અને કેસ ડાયરી વિગેરે તેમના હસ્તાક્ષરમાં લખેલ. વ્યાસે સાહેદને કહેલ કે હુ રેઈડીંગ પાર્ટીના માણસોના નિવેદનો લખાવુ તેમ લખી લો અને તેઓ સાહેબે રેઈડીંગ પાર્ટીના માણસોના નિવેદનો લખાવતા સાહેદે લખેલ હતા. આ રેઈડ કાર્યવાહી પછી વ્યાસ સાહેબ ચિંતામાં રહેતા હતા કે કંઈક ખોટુ થઈ રહ્યુ છે તેવુ સાહેદને તેમની વાતચીત

ઉપરથી લાગેલ હતુ અને તેમણે બે દિવસ સુધી તપાસ પણ ધીમી કરી દીધેલ હતી.

તા.૨/૫/૯૬ના રોજ સાહેદ એલ.સી.બી. કચેરીમાં હાજર હતા તે દરમ્યાન સાંજના વખતે પી.આઈ. આઈ.બી.વ્યાસને એસ.પી. સંજીવ ભટ્ટ સાહેબે બોલાવતા આઈ.બી. વ્યાસ એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબની ઓફીસમાં ગયેલ હતા અને થોડીવાર પછી પરત આવી સાહેદને તથા હેડ કોન્સ્ટેબલ હંજારીભાઈને કહેલ કે એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબે આપણને પાલી રાજસ્થાન તાત્કાલિક જવાની સુચના કરેલ છે અને સુમેરસિંહને પકડી લાવવાનુ જણાવેલ છે. જેથી સાહેદે પી.આઈ.વ્યાસ સાહેબને કહેલ કે સુમેરસિંહને અટક કરાય એટલા પુરતા પુરાવા નથી અને સુમેરસિંહનુ પાલીનુ આખુ નામ સરનામુ આપણી પાસે નથી. વ્યાસે સાહેદને કહેલ કે એસ.પી. સંજીવ ભટ્ટ સાહેબે સુમેરસિંહનુ આખુ નામ સરનામુ આપેલ છે અને અત્યારે જ નીકળવાનુ કહેલ છે આપણી મદદમાં ટ્રાફીક પી.એસ.આઈ. યાગ્નિકને આવવા હુકમ કરેલ છે. તમે કાગળો લઈ લો આપણે થોડીવારમાં નીકળીએ. થોડીવાર પછી વ્યાસ સાહેબ તથા સાહેદ અને હેડ. કો. હંજારીભાઈ એલ.સી.બી.ની સરકારી ગાડીમાં ડ્રાઈવર કાન્તીલાલ સાથે રવાના થયેલ અને રસ્તામાં ટ્રાફીક પી.એસ.આઈ. યાજ્ઞિક સાહેબ તેમની સરકારી ગાડી લઈ અમારી સાથે આવેલ.

આઈ.બી. વ્યાસે રાજસ્થાન રાજ્યમાં સરકારી વાહન સાથે જવાની મંજુરી માંગેલ ન હતી. તેમ છતા સંજીવ ભટ્ટે ગેરકાયદેસર રીતે મૌખિક હુકમ કરી વ્યાસ તથા યાજ્ઞિક સાહેબ અને સાહેદને રવાના કરેલ હતા. સરકારી વાહન સાથે રાજ્ય બહાર તપાસમાં જવાની મંજુરી રેન્જ ડી.આઈ.જી પાસેથી મેળવવાની હોય છે. જે મંજુરી મેળવેલ ન હતી.

સાહેદ તથા અન્ય રાત્રે આશરે સાડા બારેક વાગે પાલી પહોચેલ હતા. પી.આઈ. આઈ.બી. વ્યાસ પાસે સુમેરસિંહનુ આખુ નામ સરનામુ હોઈ તેઓ ગાડીમાંથી નીચે ઉતરી એક ચાની કીટલી વાળાને સુમેરસિ્હનુ સરનામુ પુછેલુ અને ગાડીમાં બેસી કહેલ કે બાપુનગર જવાનુ છે તેમ કહી તેમના

જણાવ્યા પ્રમાણે ડ્રાઈવરે ગાડી હંકારેલી અને આગળ જતા બે–ત્રણ સર્કલ ઉપર બાપુનગર ક્યાંથી જવાય તેમ પુછેલુ અને બાપુનગર પહોચી સુમેરસિંહની સોસાયટી શોધેલી. સુમેરસિંહની સોસાયટી નજીક પહોચી પી.આઈ.વ્યાસે એલ.સી.બીની ગાડી દુર મુકાવેલ અને યાજ્ઞિક સાહેબની ગાડીમાં બેસી સુમેરસિંહના ઘરે પહોચેલ હતા. વ્યાસે સુમેરસિંહ બહાર આવો તેવી બૂમ પાડતા સુમેરસિંહ બહાર આવેલા. વ્યાસે સુમેરસિંહને ગાડીમાં બેસવાનુ કહેતા ત્યાં આગળ બૂમાબૂમ થયેલ અને ઘણાં માણસો ભેગા થઈ ગયેલ. જેથી સુમેરસિંહને પકડીને ગાડીમાં બેસાડી બંને ગાડીઓ લઈ રોડ ઉપર આવી ગાડીઓ હંકારી આગળ જતા રાજસ્થાન પોલીસની ગાડીએ ગાડીઓનો પીછો કરી ગાડીઓ રોકાવેલ અને પોલીસ સ્ટેશન આવવાનુ જણાવેલુ. જેથી સાહેદ તથા અન્ય પાલી કોટવાલી પો.સ્ટે.ગયેલા. ત્યાં આગળ સુમેરસિંહના વકીલ અને બીજા ઘણાં માણસો ભેગા થઈ ગયેલ હતા. પી.આઈ. વ્યાસ સુમેરસિહને પાલનપુર લઈ જવાની વાત કરતા પાલી પોલીસે સવાર સુધી રોકાવાનુ કહેતા પી.આઈ.વ્યાસે એસ.પી.સંજીવ ભટ્ટને ફોન કરી વાત કરેલી અને સંજીવ ભટ્ટે પાલી કોટવાલી પી.આઈ. જોડે વાત કરેલી. તે પછી વ્યાસે સુમેરસિંહને પુછપરછ માટે પાલનપુર લઈ જવાની યાદી આપેલ. ત્યારબાદ સુમેરસિંહને લઈ પાલનપુર આવવા રવાના થયેલ.

તા.૩/૫/૯૬ના સવારના આશરે દશેક વાગે સુમેરસિંહને લઈ પાલનપુર પરત આવેલા. સુમેરસિંહને એસ.પી.સંજીવ ભટ્ટે તેમની ઓફીસમાં બોલાવતા સુમેરસિંહને લઈ સાહેદ તથા વ્યાસ એસ.પી.સંજીવ ભટ્ટની ચેમ્બરમાં ગયેલ હતા. એસ.પી. ભટ્ટે સુમેરસિંહને પાલી વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરી દેવાની ધમકીઓ આપેલી અને કહેલ કે તમારી વર્ધમાન માર્કેટની દુકાનનો શુ વિવાદ છે? દુકાન કેમ ખાલી કરતા નથી? તમારી ઉપર હાલમાં એક કીલો અફિણનો કેસ કરેલ છે. દુકાન ખાલી નહી કરો તો આ કેસમાં બચેલ ચાર કીલો અફીણ તમારી પાસેથી રિકવર કરવામાં આવશે અને તમને હાઈકોર્ટ સુધી

જામીન નહી મળે. દુકાન ખાલી નહી થાય તો તમો વધારે મુશ્કેલીમાં મુકાઈ જશો.

તે જ દિવસે કલાક ૧૩/૩૦ વાગે સુમેરસિંહ રાજપુરોહીતને આ ગુનાના કામે અટક કરવામાં આવેલો અને તેની પુછપરછમાં તે ગુનાનો આરોપી નહી હોવાનુ અને તેને મલિન ઈરાદાથી એન.ડી.પી.એસ.ના ગુનામાં સંડોવવાનુ કાવતરુ રચેલ હોવાની સાહેદને શંકા જતા આ હકીકત સાહેદે વ્યાસના ધ્યાન ઉપર મુકતા તેમણે કહેલ કે એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબની સુચના છે તે મુજબ કાર્યવાહી કરવાની છે.

સુમેરસિંહ રિમાન્ડ ઉપર હતો તે દરમ્યાન તા.૫/૫/૯૬ ના એક કુટરમલ જૈન એસ.પી. ઓફીસમાં આવેલ અને એસ.પી.ભટ્ટને મળી એલ.સી.બી. ઓફીસમાં આવી વ્યાસને મળતા તેઓનુ વ્યાસના લખાવ્યા મુજબનુ નિવેદન સાહેદે લખેલુ.

સુમેરસિંહ રિમાન્ડ ઉપર હતો તે દરમ્યાન ગંગાસિંહ એલ.સી.બી. ઓફીસે આવેલ અને સાહેદની પાસે એસ.પી.સંજીવ ભટ્ટનો ફેક્સ નં.બર માંગતા સાહેદે તેમને કંટ્રોલ રૂમમાંથી લેવાનુ કહેલ જેથી તેઓ બહાર જઈ કોઈ એસ.ટી.ડી. પી.સી.ઓ. ઉપર દુકાન બાબતે કરાર થયેલ હોઈ તેની કોપી ફેક્સથી મંગાવેલ અને તે કરારની કોપી લઈ એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબ પાસે ગયેલ હતા.

આ ગુનાનુ સીધુ સુપરવિઝન એસ.પી.સંજીવ ભટ્ટ કરતા હતા અને તેઓ જે સુચના આપે તે પ્રમાણેની તપાસ વ્યાસ કરતા હતા. પી.આઈ. આઈ.બી. વ્યાસને એસ.પી.સંજીવ ભટ્ટે તેમની ઓફીસમાં બોલાવી સુમેરસિંહની ઓળખ પરેડ કરવાની સુચના કરેલ તે આધારે તા.૫/૫/૯૬ના રોજ પી.આઈ.આઈ.બી. વ્યાસે સુમેરસિંહની ઓળખ પરેડ કરવાનો એક્ઝીક્યુટીવ મેજીનો રિપોર્ટ સાહેદ પાસે લખાવેલ હતો. તે આધારે તા.૬/૫/૯૬ ના રોજ સુમેરસિંહની ઓળખ પરેડ એક્ઝીક્યુટીવ મેજી. સમક્ષ કલાક ૧૭/૦૦ વાગે પુરી થયેલ હતી. તે પહેલા પી.આઈ. વ્યાસે બપોરના

સાહેદને બોલાવી કહેલ કે એસ.પી.સંજીવ ભટ્ટે સુમેરસિંહે વર્ધમાન માર્કેટની દુકાન ખાલી કરવાનો કરાર કરેલ હોઈ સુમેરસિંહને છોડી મુકવા માટે સી.આર.પી.સી. ક.–૧૬૯નો રિપોર્ટ કરવાની સુચના કરેલ છે જેથી તમો હુ લખાવુ તેમ રિપોર્ટ લખો તેમ કહી સાહેદને બપોરના સમયે સુમેરસિંહને છોડી મુકવા અંગેનો રિપોર્ટ લખાવેલ હતો અને તે જ વખતે વ્યાસે કસ્ટડી યાદી લખાવેલ હતી અને સાહેદોના નિવેદનો પણ લખાવેલ હતા. કલાક ૧૭/૦૦ વાગે સુમેરસિંહની ઓળખ પરેડ પુરી થયેલ પરંતુ ઓળખ પરેડ પંચનામાની નકલ મળેલ ન હોઈ પી.આઈ.વ્યાસને એસ.પી.સંજીવ ભટ્ટે બોલાવી પોલીસ રૂબરૂની ઓળખ પરેડ કરવાની સુચના કરતા પી.આઈ વ્યાસ રૂબરૂનુ પી.આઈ. વ્યાસે સુમેરસિંહની ઓળખ પરેડનુ પંચનામુ કલાક ૧૭/૧૫ થી ૧૭/૪૦ સુધીનુ સાહેદને લખાવેલ હતુ આ પંચનામા દરમ્યાન શાંતીલાલ ગુપ્તા હાજર હતા. મનુ કોદરવી હાજર હતો નહી. કલાક ૧૭/૪૦ વાગે વ્યાસ સાહેબ રૂબરૂનુ ઓળખ પરેડ પંચનામુ પુરુ થયેલ અને વ્યાસે અગાઉથી તૈયાર કરી રાખેલ સી.આર.પી.સી.૧૬૯ નો રિપોર્ટ તથા કોર્ટ કસ્ટડી યાદી સાથે સુમેરસિંહને નામદાર કોર્ટ સમક્ષ લઈ જઈ રજુ કરેલ હતો.

એસ.પી.સંજીવ ભટ્ટની સુચનાથી એકવાર ઓળખ પરેડ થઈ ગયા પછી બીજી વાર પોલીસ રૂબરૂની ઓળખ પરેડ કરવા માટે વ્યાસને એસ.પી.સંજીવ ભટ્ટે જણાવેલ હતુ.

સાહેદને **આંક–૨૭૨** બતાવવામાં આવતા સાહેદે તે ગુનાની અસલ કેસ ડાયરીની કાર્બન નકલ છે તેવું જણાવેલ તથા આ કેસ ડાયરી તેઓના સ્વ હસ્તાક્ષરમાં પી.આઈ વ્યાસ સાહેબના લખાવ્યા મુજબ લખવામાં આવેલી તે હોવાનું જણાવી આ કેસ ડાયરી તા.૩૦/૪/૯૬ થી તા.૪/૫/૯૬ સુધીની છે અને આ કેસ ડાયરી સુમેરસિંહના રિમાન્ડ માંગવામાં આવેલ તે સમયે નામદાર કોર્ટમાં રિમાન્ડ રિપોર્ટ સાથે રજુ કરવામાં આવેલ હતી તથા તેમા દરેક તારીખની વિગતની નીચે પી.આઈ.શ્રી વ્યાસની સહી હોવાનું જણાવેલ છે. સાહેદને **આંક–૨૭૩** બતાવવામાં આવતા તે કેસ ડાયરી હોવાનું તથા તે તા.૩૦/૪/૯૬ થી

તા.૬/૭/૯૬ સુધીની વ્યાસના હસ્તાક્ષરમાં લખાયેલી હોવાનું આ ગુનાની શરુઆતની કેસ ડાયરી સાહેદના હસ્તાક્ષરમાં પી.આઈ. આઈ.બી. વ્યાસના લખાવ્યા મુજબ પંદર દિવસ સુધી લખાયેલ હોવાનો, આ કેસ ડાયરીમાં પી.આઈ. આઈ.બી. વ્યાસે એસ.પી.સંજીવ ભટ્ટે તપાસ અંગે આપેલ સુચનાઓ લખાવેલી હતી. સુમેરસિંહ રાજપુરોહીતના રિમાન્ડ બાદ આશરે પંદર દિવસ પછી એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબે સાહેદ તથા પી.આઈ. આઈ. બી.વ્યાસને આ ગુનાના અસલ કેસ કાગળો તથા કેસ ડાયરી સાથે તેમની ચેમ્બરમાં બોલાવેલ હતા. આ ગુનાની શરુઆતથી પંદર દિવસ સુધીની કેસ ડાયરી સાહેદે તેમના હસ્તાક્ષરમાં વ્યાસ સાહેબના લખાવ્યા મુજબ લખેલ હતી. આ કેસ ડાયરીમાં એસ.પી. સંજીવ ભટ્ટની સુચનાથી તેમના સીધા સુપરવિઝન હેઠળ આપવામા આવેલ સુચનાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો. જેમાં સુમેરસિંહની એક્ઝી. મેજી. સમક્ષની ઓળખ પરેડ પછી તાત્કાલિક પોલીસ રૂબરૂની ઓળખ પરેડ કરવાની કરેલ સુચના તથા સુમેરસિંહને સી.આર.પી.સી.૧૬૯ મુજબનો રિપોર્ટ કરવાની કરેલ સુચના કારણ કે સુમેરસિંહે પાલી વર્ધમાન માર્કેટની દુકાન નં.૬ ખાલી કરવાનો કરાર કરેલ હોઈ તેને તાત્કાલિક છોડી મુકવા માટે નામદાર કોર્ટને રિપોર્ટ કરવાની કરેલ સુચનાઓનો તથા અન્ય સુચનાઓનો ઉલ્લેખ કરેલ હતો. જે વિગતો સંજીવ ભટ્ટે વાંચતા તેઓ વ્યાસ ઉપર ગુસ્સે થઈ ગયેલ અને સાહેદને કહેલ કે હુ તને માવસરી મુકી દઈશ અને ગરમ થઈ કેસ ડાયરીના બે ટુકડા કરી ફાડી નાંખેલ હતી. એસ.પી. સંજીવ ભટ્ટે વ્યાસને કહેલ કે આ વિગતો કાઢી નાંખી તમારા સ્વ હસ્તાક્ષરમાં નવેસરથી કેસ ડાયરી બનાવી તૈયાર કરો. જેથી સાહેદ તથા વ્યાસ બે ટુકડા કરેલ કેસ ડાયરી લઈ એલ.સી.બી. ઓફીસ ગયેલા અને વ્યાસે આ ગુનાની સાહેદના હસ્તાક્ષરમાં લખાયેલી તા.૩૦/૪/૯૬ થી તા.૪/૫/૯૬ સુધીની રિમાન્ડ સુધીની કેસ ડાયરીમાંની વિગતો જોઈ જોઈને નવી કેસ ડાયરી લખેલ હતી અને તે પછી એસ.પી. સંજીવ ભટ્ટ વિરુધ્ધની વિગતો કાઢી નાખી કેસ ડાયરી તૈયાર કરેલ હતી અને બે ટુકડા કરેલ કેસ ડાયરી વ્યાસે નાશ કરેલ હતો.

સાહેદે તેમના નામદાર જ્યુ.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબ ગાંધીનગરની કોર્ટમાં મેજીસ્ટ્રેટશ્રીએ તેમના નિવેદનો લીધા બાબતે પણ પુરાવો આપેલ છે.જે નિવેદનો આંકે પડેલ છે. વધુમાં સાહેદે, તા.૨૭/૧૧/૧૮ના રોજ એલ.સી.બી. ઓફીસમાં ૧૯૯૬ ના વર્ષમાં વ્યાસ સાહેબ જે ચેમ્બરમાં બેસતા હતા તે ચેમ્બર તથા ચેમ્બરમાં જે જગ્યાએ લાકડાનુ કબાટ હતુ તે જગ્યા મે પંચો રૂબરૂ પોલીસ અધિક્ષક શ્રી વિરેન્દ્ર યાદવ સાહેબને બતાવેલ.

સાહેદે એવો પણ પુરાવો આપેલ છે કે, ૧૯૯૬ ની સાલમાં એલ.સી.બી. પી.આઈ. વ્યાસની ચેમ્બરમાં એક લાકડાનુ કબાટ હતુ તે કબાટમાં વ્યાસ તપાસના કાગળો રાખતા હતા અને એલ.સી.બી.ના ગુપ્ત રજીસ્ટરો તથા સ્ટેશનરી કબાટમાં રહેતી હતી. એલ.સી.બી.ના પી.એસ.આઈ. પી.જે.ચૌધરી પાસે એક પેટી હતી તેમાં તેઓ તેઓની તપાસના અસલ કેસ કાગળો વિગેરે રાખતા હતા. એલ.સી.બી.ના પી.એસ.આઈ. આર.પી. પટેલ પાસે કોઈ કબાટ કે પેટી ન હોય તેઓ પી.આઈ. વ્યાસ સાહેબની ચેમ્બરમાં રહેલ લાકડાના કબાટમાં ક્યારેક તેમની પાસેના તપાસના કાગળો તથા કોઈ ગુનાની કીંમતી ચીજ વસ્તુઓ રાખતા હતા અને તેઓ પી.જે.ચૌધરીની પેટીનો પણ ઉપયોગ કરતા હતા.

તા.૩૦/૪/૯૬ની રેઈડના આગલા દિવસે આર.પી.પટેલ સાહેબના સ્કવોડના માલાભાઈ રબારી બપોરના વખતે એક પેકેટ લઈ આવેલા અને તેઓએ કબાટમાં પેકેટ મુકેલ હતુ. આ પેકેટ જાંબુડી રંગની મીણીયા થેલીનુ હતુ. માલાભાઈએ પેકેટ મુક્યા પછી પી.આઈ. શ્રી આઈ.બી. વ્યાસે સાહેદને પેકેટ બાબતે પુછતા આર.પી.પટેલ સ્કવોડના માણસ માલાભાઈ રબારી આ પેકેટ મુકી ગયેલ છે તેમ સાહેદે વ્યાસને કહેલ હતુ. તા.૩૦/૪/૯૬ ની રેઈડ પછી પી.આઈ. વ્યાસે કબાટમાં પેકેટ જોતા નહી જણાતા વ્યાસે સાહેદને પેકેટ બાબતે પુછતા સાહેદે કહેલ કે તે જ દિવસે સાંજના પેકેટ માલાભાઈ રબારી લઈ ગયેલ હતા.

સાહેદે એવો પણ પુરાવો આપેલ છે કે, તા.૩૦/૪/૯૬ ની રાત્રીના વ્યાસને એસ.પી.સંજીવ ભટ્ટે બોલાવી વ્યાસને તાત્કાલિક જરૂરી પોલીસ લઈ આર.પી. પટેલનો સંપર્ક કરી તે કહે તે જગ્યાએ રેઈડ કરવાનુ જણાવેલુ હોઈ પી.આઈ.વ્યાસ સાથે સાહેદ તથા એલ.સી.બી. સ્ટાફના માણસો મોડી રાત્રીના ડીસા તરફ ગયેલ અને પી.આઈ. વ્યાસે, પી.એસ.આઈ, આર.પી.પટેલનો સંપર્ક કરેલ. આર.પી.પટેલે વ્યાસને જણાવેલ કે એસ.પી.સંજીવ ભટ્ટની બાતમી આધારે શેરપુરા ઢાણી ગામે અફીણની રેઈડ કરવાની છે અને એસ.પી.સંજીવ ભટ્ટે અફીણનો ધંધો ચાલુ હોવાની ખાતરી પણ કરાવેલ છે. જેથી પી.આઈ.વ્યાસ તથા સાહેદ સ્ટાફના માણસો પી.એસ.આઈ. આર.પી.પટેલ અને માલાભાઈ રબારીના બતાવ્યા પ્રમાણે મોડી રાત્રીના શેરપુરા ઢાણી ગામે ગયેલા અને વહેલી સવાર પહેલા એક સાધુના ત્યાં રેઈડ કરતા આશરે પાંચ કીલો જેટલુ અફીણ મળેલ અને ત્યાથી બીજી જગ્યાએ રેઈડ કરતા તે જગ્યાએ દસ કીલો જેટલુ અફીણ મળેલ અને વધુ વિગતો મળતા બીજી બે જગ્યાએ રેઈડ કરતા બે જગ્યાએથી આશરે વીસેક કીલો જેટલુ અફીણ મળેલ હતુ. આ અંગે વિગતવારના પંચનામા તથા ફરીયાદો તૈયાર કરી આગથળા પોલીસ સ્ટે.માં આ અંગેના જુદાજુદા ચાર ગુનાઓ દાખલ કરાવવામાં આવેલ હતા.

ઉપરોક્ત જગ્યાએ રેઈડ દરમ્યાન દરેક જગ્યાએથી મેણીયા થેલીમાં પેક કરેલ અફીણના પેકેટો હતા. જે દરેક પેકેટ આશરે એક કીલો વજનના હતા. અને દરેક જગ્યાએથી એક જ સાઈઝના પેકેટો મળેલા હતા. જેથી સાહેદે ચાલુ રેઈડ દરમ્યાન પી.આઈ. વ્યાસને તથા પી.એસ.આઈ. આર.પી.પટેલને કહેલ કે આ મળી આવેલ પેકેટો અને હોટલ લાજવંતીમાંથી પકડાયેલ અફીણનુ પેકેટ એક જ સાઈઝનુ હતુ અને માલાભાઈ રબારીએ લાકડાના કબાટમાં મુકેલ જાંબુડી કલરના પેકેટની સાઈઝના આ પેકેટો હતા. જેથી સાહેદને વધારે શંકા જતા સાહેદે વ્યાસને કહેલ કે આ મુદ્દામાલનુ અફીણ તથા હોટલ લાજવંતીમાંથી મળેલ મુદ્દામાલના અફીણ એક જ હોવાનુ જણાય છે તેનુ પરિક્ષણ થાય ત્યારે તમે સરખાવી જોજો.

ભટ્ટની ઓફીસ જોરાવર પેલેસ ખાતે હતી એસ.પી.સંજીવ ભટ્ટનુ નિવાસસ્થાન સોનારિયા બંગલા ખાતે હતુ. એસ.પી.સંજીવ ભટ્ટ મોટા ભાગે તેમના બંગલેથી જ કામ કરતા હતા અને પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓને બંગલે બોલાવતા હતા. એસ.પી.સંજીવ ભટ્ટના બંગલે માલાભાઈ રબારી અવાર નવાર જતા હતા અને માલાભાઈ રબારીને સંજીવ ભટ્ટ બાતમીઓની ખરાઈ કરવા માટે જીલ્લામાં જુદી જુદી જગ્યાએ મોકલતા હતા અને માલાભાઈ રબારી સંજીવ ભટ્ટના બંગલે ઘી આપવા પણ જતા હતા. ઉપરોક્ત તપાસ દરમ્યાન સાહેદને સુમેરસિંહના ભાઈ રઘુનાથ તથા સુમેરસિંહના સંબંધી ગંગાસિંહ વિગેરેથી તથા સુમેરસિંહથી જાણવા મળેલ કે સુમેરસિંહની પાલી વર્ધમાન માર્કેટમાં આવેલ દુકાન ખાલી કરવાનુ તે સમયના નામદાર ગુજરાત હાઈકોર્ટના જજ સાહેબશ્રી આર.આર.જૈન સાહેબના ધર્મની બહેન અમરીબાઈના નામે આ દુકાનનો વહીવટ જૈન સાહેબના કાકા કુટરમલ હીરાચંદ કરતા હતા. જે દુકાન ખાલી કરવા માટે સુમેરસિંહને અફીણના ગુનામાં ફસાવવાનુ કાવતરુ એસ.પી.સંજીવ ભટ્ટ સાહેબે રચી તેને પાર પાડી સુમેરસિંહ વિરુધ્ધ આ નાર્કોટીક્સનો ગુના દાખલ કરાવેલ હતો અને તે ગુનામાં સુમેરસિંહને અટક કરાવવામાં આવેલ હતો.

સાહેદે વધુમાં જણાવલ કે આ ઘટના દરમ્યાન સુમેરસિંહે તેના કબજા હેઠળની દુકાન ખાલી કરી તેનો કબજો શ્રી આર.આર.જૈન સાહેબના કાકા કુટરમલને સુપરત કરેલ હોવાનુ સાહેદે જાણેલ.

**C**) ફરિયાદપક્ષ સાહેદ નં.૧૬ રમણભાઇ પરષોતમભાઇ પટેલની સરતપાસમાં આવેલ પુરાવો જોવામાં આવે તો તેઓ સને –૧૯૯૬ ના અરસામાં એલ.સી.બી. ઓફીસમાં સેકન્ડ પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા અને તેમના સ્કવોડમાં રાઇટર તરીકે ગોવિંદભાઇ તથા એક માલાભાઇ રબારી હતા. તેમના પુરાવા મુજબ તા.૩૦/૦૪/૧૯૯૬ ના એક દીવસ પહેલા એસ.પી. શ્રી સંજીવ ભટ્ટ સાહેબે તેમના બંગલે સવારે ૮/૦૦ થી ૮/૩૦ વાગે બોલાવેલ અને કહેલ કે તેમને બાતમી મળેલ છે કે, શેરપુરા ઢાણી મુકામે અફીણ વેચાય

છે. પરંતુ આ સાહેદ અગત્યની એક તપાસમાં રોકાયેલ હોય તેમણે ગોવિંદભાઇ અથવા તો માલાભાઈ રબારીને મોકલવા જણાવેલ. જેથી આરોપી સંજીવ ભટ્ટે માલાભાઈ રબારીને તાત્કાલીક બોલાવેલ. આમ, હાલના સાહેદ રમણભાઈ પટેલ તથા માલાભાઈ રબારી બંને આરોપી સંજીવ ભટ્ટને તેમના બંગલે મળેલ. તે વખતે આરોપી શ્રી સંજીવ ભટ્ટે માલાભાઈને કહેલ કે, શેરપુરા ઢાણી ખાતે અફીણ વેચાય છે, ત્યાં જઈ તમારે બાતમીની ખરાઈ કરી અફીણનુ સેમ્પલ ખરીદ કરીને લાવવાનુ છે. જે અફીણ ખરીદ કરવા શ્રી ભટ્ટે માલાભાઈને રૂ.૨૦,૦૦૦/- આપેલા અને શ્રી ભટ્ટે તેમને સાંજે મળવા જણાવેલ, તેમજ માલાભાઈ રબારીને રબારીના કપડા પહેરીને જવાનુ જણાવેલ જેથી કોઈને શક જાય નહી. જે મુજબ માલાભાઈ રબારી રબારીના કપડા પહેરીને નીકળેલા. આ સાહેદનો પુરાવો જોતા વધુમાં તેમણે જણાવેલ છે કે, સાંજના ૬/૦૦ વાગ્યાના સમયે તેઓ તપાસમાંથી એલ.સી.બી. કચેરીએ પરત આવેલા ત્યારે માલાભાઈ રબારી પણ આવી ગયેલ હતા અને તેમણે જણાવેલ કે, એસ.પી. સાહેબે જે બાતમી તેમને આપેલ ત્યાં જઈને તેઓ સેમ્પલ ખરીદીને લાવેલ છે. બાદ, સાહેદ રમણભાઈ પટેલ તથા મરણ જનાર આરોપી માલાભાઈ સાંજના ૬/૩૦ વાગ્યાના અરસામાં આરોપી શ્રી સંજીવ ભટ્ટના બંગલે ગયેલ. જયાં સાહેદ શ્રી રમણભાઈ પટેલની હાજરીમાં આરોપી માલાભાઈ રબારીએ એક અફીણનુ પેકેટ આશરે ૧ કીલોના વજનનુ જાંબુડીયા કલરની મીણીયા થેલીમાં હતુ તે આરોપીશ્રી ભટ્ટને આપેલ.

જેથી શ્રી ભટ્ટે માલાભાઈને વેરી ગુડ માલાભાઈ કહેલ અને જણાવેલ કે, આ પેકેટ એક જગ્યાએ મુકવાનુ છે. જેથી સાહેદે કહેલ કે, માલાભાઈ આ પેકેટ મુકે તે બરાબર નથી જે ગેરકાયદેસર છે જેથી આરોપી નં.-(૨) એ કહેલ કે, તમારે મને સલાહ આપવાની જરૂર નથી. ત્યારબાદ આ સાહેદ ત્યાંથી નીકળી ગયેલ પરંતુ માલાભાઈ રબારી ત્યાં જ રોકાયેલ.

સંજીવ ભટ્ટે તેમને તેમની તપાસ કરવા કહેલુ અને સાહેદ નીકળયા હતા ત્યારે સંજીવ ભટ્ટે તેમને જણાવેલ કે બાતમી વેરીફાય થઈ ગયેલ છે તેની

ગુપ્તતા પુરે પુરી જાળવવાની છે અને એવું પણ કહેલ કે, જયાં સુધી હુ હુકમ ન કરુ ત્યાં સુધી શેરપુરા ઢાણી ગામે રેડ કરવાની નથી. સાહેદે તેવો પણ પુરાવો આપેલ છે કે, માલાભાઇ શેરપુરા ઢાણી ગામેથી અફીણનુ પેકેટ ખરીદ કરીને લઇને આવેલા.

સાહેદે એવુ પણ જણાવેલ છે કે, આ પેકેટ તેઓએ જોયેલ તો તેઓને શંકા ગયેલ કે, ગઇ કાલે માલાભાઇએ જે અફીણની બાતમી શેરપુરા ઢાણી ખાતે વેરીફાય કરી સેમ્પલ ખરીદ કરી લાવેલ તે સેમ્પલ અને લાજવંતીમાંથી મળી આવેલ અફીણનુ પેકેટ એક સરખા જણાયેલા. ત્યારબાદ થોડા સમય પછી તેઓ એલ.સી.બી. ઓફીસે ગયેલ તો માલાભાઇ ત્યાં આવેલા અને તેઓ આવતા તેઓએ એમને પુછેલ કે, એલ.સી.બીના માણસો લાજવંતી હોટલમાં રેઇડમાં આવેલા તમો કેમ આવેલ નથી. જેથી તેઓએ જણાવેલ કે, એસ.પી.શ્રી સંજીવ ભટ્ટ સાહેબે મને આવવાની ના પાડેલી અને હું એસ.પી. શ્રી સંજીવ ભટ્ટ સાહેબના કામથી બહાર હતો. ત્યારબાદ સાંજના સમય બાદ સંજીવ ભટ્ટ સાહેબે સાહેદને તેમના બંગલે બોલાવેલો અને કહેલ કે, તમારે શેરપુરા ઢાણી ડીસા જઇ માલાભાઇ રબારી જે જગ્યા બતાવે તે જગ્યાએ તેઓએ જે બાતમી વેરીફાય કરી સેમ્પલો મેળવેલ છે ત્યાં રેઇડ કરવાની છે. જેથી સાહેદે કહેલ કે, તેઓને વધારે પોલીસના માણસો અને પોલીસ અધીકારીઓની જરૂર પડશે. જેથી સંજીવ ભટ્ટ સાહેબે કહેલ કે, હું એલ.સી.બી. પી.આઇ. તથા પોલીસના માણસો મોકલી આપુ છુ. જેથી સાહેદ તથા મારા સ્કવોડના એલ.સી.બીના માણસો લઇ ડીસા પહોચેલ અને થોડીવાર પછી એલ.સી.બી. પી.આઇ. વ્યાસ સાહેબ તથા એલ.સી.બી.ના માણસો આવી અમને મળેલા. તે વખતે સાહેદે એલ.સી.બી. પી.આઇ. શ્રી વ્યાસ સાહેબને કહેલ કે, આ બાતમી શ્રી સંજીવ ભટ્ટ સાહેબની છે અને હું તથા માલાભાઇ રબારી જે જગ્યાએથી માલાભાઇ રબારીએ અફીણનુ સેમ્પલ ખરીદ કરી મેળવેલ છે તે જગ્યાએ જઇ જગ્યા વેરીફાય કરી પાછા આવીએ છીએ. જેથી તેઓએ હા કહેતા હું તથા માલાભાઇ શેરપુરા ઢાણી ગામે જઇ જગ્યા જોઇ પરત આવેલા. ત્યારબાદ

સવારના સમયમાં એલ.સી.બી. પી.આઇ. વ્યાસ સાહેબ સાથે શેરપુરા ઢાણી ગામે ચોતરામાં આવેલ શંકરના મંદીરમાં બાવાને ત્યાં તથા બીજી ત્રણ જગ્યાએ રેઇડ કરેલી અને અફીણનો મોટા પ્રમાણમાં જથ્થો આશરે ૩૦ થી ૩૫ કીલો મળી આવેલ અને તેમાં મળી આવેલ અફીણની થેલીઓ એકથી દોઢ કીલોની હશે જેની વિગતવાર ફરીયાદો એલ.સી.બી. પી.આઇ. શ્રી વ્યાસ સાહેબના રૂબરૂમાં તેમના હુકમ મુજબ આપેલી અને તેની તપાસ સંભાળેલી. આ સાહેદે વધુમાં એવો પુરાવો આપેલ છે કે, શેરપુરા ઢાણી ગામેથી જે અફીણ મળી આવેલ તે અફીણની થેલીઓ અને લાજવંતી હોટલમાંથી મળી આવેલ સેમ્પલ એક સરખા જેવા જણાયેલ. જે બાબતે સાહેદે એલ.સી.બી. પી.આઇ. શ્રી વ્યાસ સાહેબ તથા તેમના રાઇટર પ્રવીણભાઇ સાથે વાત કરેલી. જેથી પ્રવીણભાઇએ એલ.સી.બી. પી.આઇ. સાહેબને કહેલ કે, મળી આવેલ અફીણ અને લાજવંતી હોટલમાંથી મળી આવેલ સેમ્પલ સરખાઇ જોવામાં આવે તો એક જેવા જણાશે.

વધુમાં સાહેદે એવુ પણ જણાવેલ છે કે, તા.૦૨/૦૫/૧૯૯૬ના રોજ સાહેદને આરોપી નં.–(૨) એ તેમની ચેમ્બરમાં બોલાવી રાજસ્થાન તપાસમાં જવાનું જણાવેલું પરંતુ સાહેદે શેરપુરા ઢાંણી કેસની તપાસ કરતા હોવાથી જઈ શકું તેમ નથી તેવું જણાવેલ. વધુમાં સાહેદે એવો પણ પુરાવો આપેલ છે કે એલ.એસ.બી.પી.વ્યાસ સાહેબે પંદર વીસ દીવસ પછી ગુનાની તપાસ બાબતેની સુચના વાળી કેસ ડાયરી સંજીવ ભટ્ટે વાંચતા ફાડી કાઢેલી અને વ્યાસે નવી ડાયરી બનાવેલ આ સાહેદે ૨૦૧૮ ના વર્ષમાં સી.આઈ.ડી.ક્રાઈમ સમક્ષ તથા મેજીસ્ટ્રેટ સમક્ષ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબ નિવેદન લખાવેલ.

સાહેદે એવુ પણ જણાવેલ છે કે, બીજે દીવસે સવારે તેઓ ઘરે હતા અને પી.આઇ. વ્યાસે લાજવંતી હોટલમા રેડમા બોલાવતા સાહેદ ગયેલા અને પી.આઇ. વ્યાસ તથા એલ.સી.બીના પોલીસ કર્મચારીઓ હાજર હતા. તમામ લાજવંતી હોટલના રજીસ્ટર રાખવામા આવતુ હતુ ત્યાં ગયેલા પી.આઇ એ રજીસ્ટર ચેક કરેલ અને લાજવંતી હોટલના માલીકને સાથે લઇ રુમ

નંબર–૩૦૫મા ગયેલા. રૂમનો દરવાજો ધકો મારતા દરવાજો ખુલતા જોતા રુમની અંદર કોઈ માણસના અવર જવરના નીશાનો જણાયેલ નહી અને પી.આઈ. વ્યાસે પલંગના ગાદલા નીચેથી એક કાપડમા વીટાળેલ પેકેટ કાઢી કપડુ દુર કરી જોતા તેમા એક જાબુંડીયા કલરની થેલીમા આશરે એક કીલો વજનનુ અફીણ જોવા મળેલ અને પી.આઈ. શ્રી વ્યાસે તે પેકેટ લઈ નીચે જઈ અને કાયદેસરની કાર્યવાહી કરેલી અને ફરીયાદ આપેલી.

બચાવપક્ષ ધ્વારા આ સાહેદ નં.–૧૬ની ખુબ જ ઊંડાણપૂર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેથી તે સંપૂર્ણ ઉલટતપાસ અહી વિગતે નહિ નોધતા રેકર્ડ ઉપરની સદર ઉલટતપાસ અને બચાવપક્ષની દલીલ આધારે સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષે સાહેદ નં.–૯,૧૪,૧૬નો જે ઉપરોક્ત જણાવેલ પેરા A,B અને C માં દર્શાવેલ પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે સંદર્ભે પક્ષકારોની દલીલ જોતા આ ત્રણેય સાહેદો માની શકાય તેવા સાહેદ ગણાય કે કેમ ? તે અંગે પુરાવાનું વિશેષ મૂલ્યાંકન નીચે મુજબ કરેલ છે.</u>**

**(ABC–૧)** આ કેસની હકીકતો જોવામાં આવે તો, પાલનપુર શહેર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૧૯૯૬ના સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં આર/સ્પેશિયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૧૦૭૯/૧૯૯૮ તથા આર/સ્પેશિયલ ક્રિમીનલ એપ્લીકેશન નં.૬૮૦/૧૯૯૯ દાખલ કરવામાં આવેલી હતી. જે બન્ને અરજીઓમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૦૩/૦૪/૨૦૧૮ના રોજ હુકમ કરેલો. ફરીયાદપક્ષની રજૂઆત છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે તપાસ અંગેની જુદી જુદી હકીકતો નોંધ્યા બાદ જુદા જુદા અવલોકન કરેલ જેમાં કેસની હકીકતો આઘાતજનક હોવા તથા આ ગુનાની તપાસમાં નિર્ણાયક તપાસ થયેલ ન હતી તેવું નોધેલ છે.બચાવપક્ષની દલીલ છે

કે, નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ પ્રોપર ઈન્વેસ્ટીગેશન કરવાનો હતો અને જે ઓબ્ઝર્વેશન ધ્યાને લેવા જોઈએ. તપાસના આદેશ મુજબ કોણ પ્લાન્ટર હતું તેની તપાસ કરવાની હતી સુમેરસિંહ સંડોવાયેલા ન હતા તે તરફ તપાસ ન કરવા આદેશ ન હતો.

નામદાર ગુજરાત હાઈકોર્ટનો આદેશ તા.૦૩/૦૪/૨૦૧૮ ના રોજ થયેલ. આ ગુનાની તપાસ સીઆઈડી ક્રાઈમ, ગુજરાતને સોપવામા આવેલ. નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અનુસાર એક ખાસ તપાસદળની રચના થયેલ અને ખાસ તપાસદળમાં નિમણુક થયેલ તપાસ કરનાર અમલદાર ધ્વારા આ ગુનાની તપાસ કરવામા આવેલ અને તા.૦૨/૧૧/૨૦૧૮ના રોજ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ. ફરિયાદપક્ષનું કહેવું છે કે નામદાર હાઈકોર્ટનો હુકમ જોતા તથા આ કેસના રેકર્ડ ઉપર આવેલ પુરાવા જોવામાં આવે તો એવું જણાશે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ થયો તે અગાઉ આ કેસમાં ગુનાની ખરેખર સાચી, જેવી કે અફીણ મેળવવા, રાખવા તથા પ્લાન્ટ કરવા અંગે તપાસ થયેલ ન હતી.

ફરિયાદપક્ષ તથા બચાવપક્ષ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટે કરેલ અન્ય હુકમ કે જે ચુકાદો ૧૯૯૮(૧)જીએલએચ-૪૦૫ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તેમાં થયેલ અવલોકન તરફ આ અદાલતનું ધ્યાન દોરેલ છે. જેમાં પણ આ ગુનાની તપાસ અંગે કેટલાક અવલોકન કરવામાં આવેલ અને એવું નોધેલ કે, ઈન્વેસ્ટીગેશન હિડીંગ ટોવર્ડ્સ અનફોલ્ડીંગ અ વર્શ ટાઈપ ઓફ કોન્સ્પીરિસી. સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન કરતા સમયે આ બંને ચુકાદા ધ્યાને લેવામાં આવેલ છે.

રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા આ ગુનામાં એપ્રુવરે કરેલ તપાસના પુરાવા આરોપી નં.-(૨) ની સુચના મુજબ ઉભા કરેલ હતા. ફરિયાદપક્ષની દલીલ છે કે નામદાર હાઈકોર્ટનો હુકમ જોતા એપ્રુવરે કરેલ તપાસ તથા તેના આધારે થયેલ આગળની તપાસનું કોઈ મુલ્ય રહેતું નથી. જયારે બચાવપક્ષે આગળની તપાસ ઉપર આધાર રાખી એપ્રુવરની ઉલટતપાસ કરવામાં આ વેલ છે. તે પુરાવા આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટની સુચના મુજબ ઉભા કરવામાં

આવેલ હોવાનું સાહેદની ઉલટતપાસ દરમયાનના પુરાવામાં નીકળી આવેલ છે. આમ રેકર્ડ ઉપર આવેલ પુરાવા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ જોતા અને પુરાવાનું મૂલ્યાંકન કરતા ફરિયાદપક્ષની દલીલ નહી માનવાને કોઈ કારણ રહેતું નથી.

વધુમાં, ઉપરોક્ત સાહેદોનો રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ, બનાસકાંઠા પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ શ્રી પરમાર, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ રમણભાઈ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ એપ્રુવર તથા અન્ય પોલીસ કર્મચારીઓ તેમના હાથ નીચે કામ કરતા પોલીસ કર્મચારીઓ હતા. આ સાહેદોનો પુરાવો જોતા સાહેદોને જુદી જુદી રીતે ધમકીઓ આપવામાં આવેલ હોવાનું, સાહેદોને આરોપી કે જેઓ ઉચ્ચ પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા તેઓનો ડર હોવાનું તથા આરોપી સંજીવ ભટ્ટનાઓને ઉચ્ચ પોલીસ અધિકારીઓ તથા રાજકારણી વ્યક્તિઓ સાથે સારા સબંધ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં, એવો પણ પુરાવો રેકર્ડ ઉપર છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતનાઓએ રાજસ્થાન મુકામે આરોપી સંજીવ ભટ્ટ તથા એપ્રુવર તથા અન્ય સાહેદો વિરુધ્ધ ફરિયાદ દાખલ કરેલ હતી તે પેન્ડીંગ પણ હતી. આવા સંજોગોમાં સાહેદોએ ૨૦૧૮ ના વર્ષ સુધી તેઓ જાણતા હોય તે હકીકતો છુપાવેલ હોય અને કોઈને જણાવેલી ન હોય તેનાથી તેઓ ખોટું બોલે છે તેવું કહી શકાય નહી કે માની શકાય નહી.

પુરાવો જોતા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ નાઓએ ૨૦૧૮ ના વર્ષમાં સી.આઈ.ડી.ના તપાસ કરનાર અમલદાર સાહેદ નં.–૧૯ સમક્ષ જે નિવેદન આપેલ અને તેને આધારે જે પુરાવો આપેલ છે. વધુમાં આ બંને સાહેદોએ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪ અન્વયે નિવેદનો આપેલ છે. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ એપ્રુવર નાઓની ઉલટ તપાસ જોવામાં આવે તો

ફરિયાદપક્ષના આ સાહેદોના પુરાવાનું ખંડન થતું નથી પરંતુ ફરિયાદપક્ષના આ સાહેદોના પુરાવાને તથા ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે છે. આ અંગે બચાવપક્ષે સાહેદોએ ૨૦૧૮ ના વર્ષ સુધી નિવેદન તથા પુરાવામાં જણાવેલ તે હકીકતો છુપાવેલ હોવાની અને ખોટો પુરાવો આપેલ હોવાની કરેલ દલીલ માનવા યોગ્ય જણાતી નથી અને ફરીયાદપક્ષની દલીલનો ઈનકાર કરી શકાય તેમ નથી. આમ ઉપરોક્ત સાહેદોનો પુરાવો જોતા તેઓએ આપેલ પુરાવો અવગણી શકાય તેમ નથી.

વધુમાં બચાવપક્ષની ઉલટતપાસ તથા તેમનો બચાવ જોતા એવો છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪ તથા ૧૬ નાઓએ તેઓના ૧૯૯૬ ના વર્ષના નિવેદનમાં જે કોઈ હકીકત જણાવેલ કે નહી જણાવેલ તે હકીકતો પુરાવામાં જણાવેલ નથી તેમજ પુરાવામાં જે જણાવ્યું તે ૧૯૯૬ ના વર્ષના તેઓના નિવેદનમાં જણાવેલ નથી. આ સાહેદોનો પુરાવો વિરોધાભાષી છે. એપ્રુવર–સાહેદ નં.–૯ નાઓનો પુરાવો જોવામાં આવે તો ૧૯૯૬ ના વર્ષમાં આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટની સુચના મુજબ સુમેરસિંહ રાજપુરોહિત ઉપર એન.ડી.પી.એસનો સમગ્ર કેસ ખોટો ઉભો કરેલ. એપ્રુવર–સાહેદનો એવો પણ પુરાવો છે કે, આ ઉભા કરેલ કેસને અનુરૂપ ૧૯૯૬ ના વર્ષની તપાસના કાગળો જેવા કે સાહેદોના નિવેદનો ઉભા કરેલા અને દસ્તાવેજો પણ ઉભા કરેલા.

પુરાવો જોતા સાહેદોએ ૨૦૧૮ના વર્ષમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ થયેલ તપાસના કામે નિવેદનો આપેલા. ફરિયાદપક્ષનું કહેવું છે કે, આવા સંજોગોમાં સાહેદોએ તેઓના સાહેદ નં.–૯ નાઓએ ઉભા કરેલ નિવેદનોથી વિરોધાભાસી પુરાવો આપેલ છે તેવું કહી શકાય નહી. પુરાવો જોતા જણાય છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે આ કેસની તપાસ એસ.આઈ.ટીને સોપેલ અને અગાઉ અફીણ મેળવ્યા, રાખ્યા, ઉપયોગ કર્યો કે મુક્યા અંગે તપાસ થયેલ ન હતી તે ધ્યાને લઈ ૨૦૧૮ ના વર્ષમાં હુકમ કરેલ. રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી ફરિયાદપક્ષે દલીલ કરેલ છે કે, અગાઉની એટલે કે ૧૯૯૬ના

વર્ષની તપાસ કલંકિત, ટાર્ગેટિડ અને ફિક્ષ હોવાનું ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે. તેથી તે તપાસમાં તૈયાર કરવામાં આવેલ કે ઉભા કરવામાં આવેલ નિવેદનોનો આધાર લઈ શકાય નહિ કે, પુરાવો વિરોધાભાષી છે કે પુરાવામાં મટીરીયલ ઓમીશન છે તેવો બચાવ માની શકાય નહી. ફરિયાદપક્ષની એવી પણ દલીલ છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ પ્રવિણચંદ્ર હરીલાલ પરમારનો સાહેદ નં.–૯ ઇન્દ્રવદન વ્યાસ–એપ્રુવરનો પુરાવો જોવામાં આવે તો એપ્રુવર ધ્વારા ૧૯૯૬ના વર્ષની તપાસના નિવેદનો લખાવવામાં આવેલ.

વધુમાં ફરિયાદપક્ષની દલીલ છે કે, સાહેદ નં.–૧૬નો પુરાવો જોતા તેમનું ૧૯૯૬ના વર્ષનું નિવેદન એપ્રુવર વ્યાસ ધ્વારા લખી લેવામાં આવેલ અને તે નિવેદન પોતે લખાવેલ ન હતુ. આ કેસના સંજોગો તથા રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો એપ્રુવર આઈ.બી. વ્યાસ ધ્વારા આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ કાવતરાના ભાગ રૂપે તપાસના તમામ કાગળો તથા સાહેદોના નિવેદનો ઉભા કરવામાં આવેલ તેવો પુરાવો આઈ.બી.વ્યાસ–એપ્રુવર કે જેઓએ અગાઉ સુમેરસિંહ વિરુધ્ધ કહેવાતી તપાસ કરેલ તેઓનો રેકર્ડ ઉપર આવેલ હોવાથી તથા સાહેદોએ પણ આઈ.બી. વ્યાસ ધ્વારા નિવેદનો લખી લીધેલ હોવા અંગે અને પોતે નિવેદન નહિ આપ્યા અંગેનો જે પુરાવો આવેલ છે. આમ અગાઉની તપાસના કાગળો ઉભા કરવામાં આવેલા હોવાનું ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે તેવુ નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી અને મજકુર પુરાવાઓથી અગાઉની તપાસ ટેઈન્ટેડ તપાસ હોવાનું જયારે રેકર્ડ ઉપર આવેલુ છે ત્યારે સાહેદોના ૧૯૯૬ના નિવેદનો કે જેને આધારે બચાવપક્ષ ધ્વારા જે કોન્ટ્રાડીકશન કે ઓમીશન રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તે સાહેદોની ક્રેડીબીલીટીને ઈમ્પીચ કરી શકે નહી. વર્ષ ૧૯૯૬ના કેસના તપાસના કાગળો તથા ફરિયાદપક્ષના સાક્ષીઓના કહેવાતા નિવેદનો કે જે ખરેખર આપવામાં આવેલા નથી અવિશ્વનીય છે તેવા નિવેદનો તેની પુરાવાકીય વેલ્યુ ગુમાવે છે અને આવા કલંકિત રેકોર્ડની કોઈ વેલ્યુ નથી. જેથી સાહેદોએ નામદાર કોર્ટ સમક્ષ જે પુરાવો આપ્યો તે જ ધ્યાન ઉપર લેવો જોઈએ તેવી દલીલને નહી

માનવાને કોઇ કારણ જણાઇ આવતું નથી. આમ ઉપરોક્ત સાહેદોએ આપેલ પુરાવો વિરોધાભાસી નથી અને તેઓએ ૨૦૧૮ના વર્ષમાં જે નિવેદનો આપ્યા તે મુજબ જ પુરાવો આપેલ હોવાથી બચાવપક્ષની ઉલટતપાસ આધારિત દલીલ માની શકાય તેવી નથી.

**(ABC-૨)** બચાવપક્ષે ફરિયાદપક્ષ સાહેદ નં.-૯, ૧૪ અને ૧૬ નાઓને તેઓ વિરુધ્ધ જુદા જુદા કેસો થયેલ હોવાની બાબતોની ઉલટતપાસ કરેલ છે અને સાહેદો વિરુધ્ધ જુદા જુદા કેસ થયેલા હતા તે રેકર્ડ ઉપર લાવેલ છે ફરિયાદપક્ષની આ અંગેની રજૂઆત છે કે, બચાવપક્ષ ધ્વારા ફરિયાદપક્ષ સાહેદ નં.-૯,૧૪,૧૬ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનું બતાવવાનો એક પ્રયત્ન કરેલ છે પરંતુ સાહેદોની આ બાબતે કરવામાં આપે ઉલટતપાસ જોવામાં આવે તો એવું સ્પષ્ટ જણાય છે કે, સાહેદો કે જેઓ પોલીસ કર્મચારી/અધિકારીઓ તરીકે ફરજ બજાવતા હતા તેઓ વિરુધ જે તે સમયે કેટલાક ગુનાના આરોપીઓ અગર આરોપી સાથે સબંધ ધરાવતા કોઈક વ્યક્તિઓએ ખોટા આક્ષેપો કરેલા હતા. બચાવપક્ષે ઉલટમાં પુછેલ આક્ષેપો પુરવાર થયેલા હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી. બચાવપક્ષની ઉલટમા તથા રેકર્ડ ઉપર આક્ષેપોવાળી કાર્યવાહીઓ પેન્ડીંગ ન હોવાની હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં ફરિયાદપક્ષના આ સાહેદો તથા આરોપી નં.-(૨) વિરુધ્ધ પાલી, રાજસ્થાન ખાતે ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૫ સુમેરસિંહ ધ્વારા ફરિયાદ દાખલ કરેલ હતી તે પેન્ડીંગ છે તે રેકર્ડ ઉપર આવેલ છે. ફરિયાદપક્ષનું કહેવું છે કે, સાહેદ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવા માત્રથી તેના પુરાવાને ન માનવાનું કોઈ કારણ બનતું નથી.

ઉપરોક્ત સાહેદોનો પુરાવો જે રેકર્ડ ઉપર આવેલ છે તે જોતા સાહેદો વિરુધ્ધના જે કોઈ કેસો દાખલ થયેલ હતા તેમાં સજા થયેલ હોય તેવું બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ કેસ થયેલ હોય અને સજા થયેલ ન હોય ત્યારે વ્યક્તિ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તેવું કહેવું કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતની વિરુધ્ધમાં છે. આમ આ કેસના ઉપરોક્ત સાહેદો

ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, તેવી બચાવપક્ષની દલીલો કાનુની તથ્ય ધરાવતી નથી. વધુમાં કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો જોતા ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યક્તિ સક્ષમ સાક્ષી નથી તેવું કહી શકાય નહી. ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોય કે સજા થયેલ હોય તેવી વ્યક્તિનો પણ પુરાવો માની શકાય તેવો પુરાવો હોય ત્યારે તેને માનીને પણ સજા થઈ શકે. આવા સાહેદોનો પુરાવો મૂલ્યાંકનમાંથી બાકાત ન રાખી શકાય.

(**ABC–૩**) બચાવપક્ષે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ નાઓને તેમના ૨૦૧૮ ના વર્ષના પ્રથમ નિવેદનમાં કેટલીક હકીકત નહી લખાવેલ હોવા અંગે તથા જુદાજુદા નિવેદનમાં જુદી હકીકતો લખાવેલ હતી તે બાબતે ઉલટતપાસ કરેલ છે. સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો સાહેદે પાના નં.–૧૪૯ ઉપર એવું જણાવેલ છે કે, યાદવ સાહેબે જાણ કરી નિવેદન લેવા બોલાવીશું તેમ કહેતા પાછળના નિવેદનોમાં તથા ગાંધીનગર કોર્ટ સમક્ષના નિવેદનોમાં આ વીગતો જણાવેલી તેવો પુરાવો આપેલ છે. સાહેદના જુદી જુદી તારીખે નિવેદનો થયેલા તેવો પુરાવો ધ્યાને લેવામાં આવે તો સાહેદે જે પુરાવો આપેલ છે તે હકીકતો સાહેદ નં.–૧૯ રૂબરૂ લખાવેલ ન હતી તે માની શકાય તેમ નથી. પુરાવો જોતા સાહેદ નં.–૧૬ નાઓએ ૨૦૧૮ ના વર્ષમાં સાહેદ નં.–૧૯ રૂબરૂ તમામ હકીકત લખાવેલી હોવાનું ફલિત થાય છે. સાહેદે ફક્ત જુદા જુદા નિવેદનમાં હકીકત લખાવેલ હોવાના કારણસર તેમનો પુરાવો માનવો ના જોઈએ તેવો બચાવ માની શકાય તેમ નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતા પુરાવામાં નાના વિરોધાભાસ કે કસુર હોય તો પણ સાહેદોનો પુરાવો માની શકાય કારણ કે તેવા નાના વિરોધાભાસ કે કસુર મહત્વના વિરોધાભાસ કે કસુર ગણી શકાય નહી. આમ ફરિયાદપક્ષ સાહેદોના નાના કે મહત્વના ના હોય તેવા વિરોધાભાસ કે કસુરને કારણે તેમનો પુરાવો શંકા ઉપજાવે છે તેવું માની શકાય તેમ નથી અને આ સાહેદોને આવા કારણસર ન માનવાનું કારણ નથી.

**(ABC–૪)** બચાવપક્ષ ધ્વારા ડી.કે. ધગલની ઈન્કવાયરી દરમ્યાન સાહેદોના નિવેદનો લેવામાં આવેલ હોવાનું અને સાહેદોનો પુરાવો વિરોધાભાષી હોવા બાબતે ફરિયાદપક્ષ સાહેદોની ઉલટતપાસથી કેટલાક કસુર કે વિરોધાભાસ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. ફરિયાદપક્ષની દલીલ છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૮, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૦, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ પ્રવિણચંદ્ર તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ રમણભાઈની ઉલટતપાસથી બચાવપક્ષ ધ્વારા આ સાહેદોએશ્રી ડી.કે.ધગલની ઈન્કવાયરીના કામે કેટલીક હકીકતો લખાવેલ ન હોવા અંગેના જે વિરોધાભાસ કે કસુર રેકર્ડમાં લાવવામા આવેલ છે તે વિરોધાભાસ કે કસુર ગણી શકાય નહી. વધુમાં ફરિયાદપક્ષની દલીલ છે કે, આ ઈન્કવાયરી કરનાર શ્રી દેવરાજ કાનાભાઈ ધગલનાઓને બચાવપક્ષે સાહેદ નં.–૨ તરીકે કોર્ટે પરવાનગી આપેલ તે હેતુ માટે તપાસેલ છે. જે ઈન્કવાયરીના કામે લીધેલ હોય તેવા નિવેદનો આધારે બચાવપક્ષ સાહેદ નં.–૨ ની જુબાનીમાં ફરિયાદપક્ષના સાહેદોની જુબાનીના કહેવાતા કસુર કે વિરોધાભાસ બચાવપક્ષ ધ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે.

આ કેસનુ રેકર્ડ જોવામાં આવે તો શ્રી ડી.કે. ધગલની ઈન્કવાયરીના કાગળો રેકર્ડ રજુ કરાવવા બચાવપક્ષ ધ્વારા ક્રી.પ્રો.કોડ કલમ–૯૧ મુજબ આંક–૨૩૪ વાળી અરજી આપવામાં આવેલ હતી. જે અરજીને આધારે ફરીયાદપક્ષે તેવી ઈન્કવાયરીના કાગળો આંક–૨૩૬ વાળા ફેરીસ્તથી રજુ કરેલ. રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા એક સિદ્ધેસ્વરપૂરી બાર એસોસિઅશન, પાલી ધ્વારા એક અરજી આપવામાં આવેલ હતી. જે અરજીના કામે પોલીસ મહાનિર્દેશક, ગુજરાત ધ્વારા સામાવાળા કે જે પોલીસ કર્મચારીઓ હતા તેઓ વિરુધ્ધ શ્રી ડી.કે.ધગલ, બોર્ડર રેંજ આઈ.જી. નાઓને ઈન્કવાયરી સોપવામાં આવેલ. બચાવપક્ષ સાહેદ નં.–૨ નાઓનો પુરાવો તથા તેઓની ઉલટતપાસ જોતા શ્રી ડી.કે ધગલનાઓને સિદ્ધેસ્વરીપૂરી બાર એસોસીએશન, પાલીની અરજીની ઈન્કવાયરી શ્રી ધગલે કરેલી હતી. આ બચાવપક્ષ સાહેદનો પુરાવો

જોવામાં આવે તો આ તપાસ/ઈન્કવાયરી ગુનાની તપાસ કે ઈન્કવાયરી ન હતી. શ્રી ડી.કે ધગલ ધ્વારા પાલનપુર શહેર પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૧૯૯૬ ના કામે કોઈ ગુનાની તપાસ કરેલ ન હતી. શ્રી ડી.કે. ધગલની ઈન્કવાયરી ક્રી.પ્રો.કોડ ની જોગવાઈઓ અનુસાર સોપવામાં આવેલ તપાસ ન હતી. શ્રી ડી.કે. ધગલની ઈન્કવાયરીના નિવેદનોમાં ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૧ની જોગવાઈઓ વિરુધ્ધ સહીઓ પણ મેળવવામાં આવેલ હતી.

ફરિયાદપક્ષની દલીલ છે કે, પુરાવા મુજબ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ તથા અન્યના નિવેદનો આરોપી સંજીવ ભટ્ટની સુચના મુજબ નોંધવામાં આવેલ હતા. શ્રી ડી.કે. ધગલ બચાવપક્ષ સાહેદ નં.–૨ના પુરાવા મુજબ પણ આ ઈન્કવાયરી એક ખાતાકીય તપાસ પહેલાની પ્રિલીમીનરી ઈન્કવાયરી હતી. બચાવપક્ષે દલીલ કરેલ છે કે, ધ ગુજરાત પોલીસ મેન્યુઅલના ચેપ્ટર જોવામાં આવે તો તેમાં ડીપાર્ટમેન્ટલ પનીસમેંટસના રૂલ્સ ૩૭૧ મુજબ સીનીયર ઓફિસર વિરુધ ઈન્કવાયરીની જોગવાઈ છે. રૂલ્સ–૩૭૧ મુજબ (૧) પ્રિલીમીનરી ઈન્કવાયરી (૨) ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરીની જે જોગવાઈઓ છે તે મુજબ પ્રીલીમીનરી ઈન્કવાયરીનું પરિણામ સરકારશ્રીના ગૃહ વિભાગમા મોકલવાનું હોય છે. જેના આધારે અધિકારી વિરુધ્ધ ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી કરવાનું કારણ બને છે કે નહી તે જોવાનું હોય છે. આમ ધગલની ઈન્કવાયરી પ્રીલીમીનરી ઈન્કવાયરી છે જે ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરીની આગળની ઈન્કવાયરી છે. શ્રી ધગલ રૂબરૂના નિવેદનો ગુનાના પ્રીવીયસ સ્ટેટમેંટ નથી. જેથી તેવા નીવેદનો આધારિત કોઈ પણ વિરોધાભાસને, વિરોધાભાસ અગર ઓમીશન ગણી શકાય નહિ અને તેવા કારણોસર બચાવપક્ષના કહેવા મુજબ સાહેદોએ કેટલીક હકીકત શ્રી ડી.કે ધગલ રૂબરૂ જણાવેલ નથી તેવું માનવું ન જોઈએ. વધુમાં, ફરિયાદપક્ષ સાહેદ નં.–૮, ૯, ૧૦, ૧૪ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬નાઓએ ડી.કે.ધગલ રૂબરૂ હકીકતો જણાવેલ ન હોવાને કારણે માનવા લાયક નથી તેવો બચાવપક્ષનો બચાવ ખોટો અને કાયદાની જોગવાઈઓથી વિરુધ્ધનો છે. આમ બચાવ ન માની ફરિયાદપક્ષ સાહેદ નં.–૯,

ફરીયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ નો પુરાવો માની શકાય તેવો હોવાથી અને વિરોધાભાસ વગરનો હોવાથી માનવો જોઈએ.

**(ABC–૫)** બચાવપક્ષે તેમની લેખિત દલીલમા શ્રી ડી.કે. ધગલની ઈન્કવાયરીને બંને ગુનાઓ બાબતેની ઈન્કવાયરી તરીકે દર્શાવેલ હોવાથી ફરિયાદપક્ષે રજૂઆત કરેલ છે કે બચાવપક્ષની દલીલ બચાવપક્ષ સાહેદ નં.–૨ શ્રી ધગલના પુરાવાથી વિપરીત છે.

બચાવપક્ષે શ્રી ધગલની ઈન્કવાયરીના કામે લેવાયેલ નિવેદનોને આંકે પાડવા રજૂઆત કરેલ અને તે અંગે પુરાવા દરમ્યાન લેવાયેલ વાંધાના નિર્ણય માટે આંક–૭૯૭ વાળી અરજી આપેલ. શ્રી ધગલની ઈન્કવાયરી દરમ્યાન લેવાયેલ નિવેદનોને આંક આપવા ન અંગે તથા નિવેદનો ગુનાની તપાસ દરમ્યાનના નથી તે સબંધેના વાંધાનો નિર્ણય અદાલતે આપેલ અને ઠરાવેલ કે, શ્રી ધગલે લીધેલ નિવેદનોને/ઈન્કવાયરીના કાગળોને આંક પાડી ન શકાય.

ફરિયાદપક્ષે શ્રી ધગલની ઈન્કવાયરીના નિવેદનો તથા ઉપયોગીતા અંગે વધુ દલીલ કરેલ કે, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨(દ) તથા ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૬૧ તથા કલમ–૧૬૨નો જેમાં સમાવેશ થાય છે તે ચેપ્ટર–xii– પોલીસને ગુનાની ખબર આપવા બાબત અને તે અંગે પોલીસ તપાસ કરવાની તેમની સત્તામાં સમાતી કલમ–૧૫૪ થી ૧૭૩ જોવી જરૂરી છે તેમ જણાવી વધુમાં જણાવેલ છે કે, જો ગુનાની તપાસ ન હોય તો તેવી ઈન્કવાયરીના કામે લેવાયેલ નિવેદનો ક્રી.પ્રો.કોડની જોગવાઈ જો ત। કલમ–૧૬૧ મુજબના નિવેદનો ગણી શકાય નહી અને તેનો ઉપયોગ ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૨ અન્વયે થઈ શકે નહિ. આમ, પ્રીલીમીનરી ઈન્કવાયરી, ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરીની પહેલાની ઈન્કવાયરી કહેવાતી હોવાથી અને જયારે ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી અને ટ્રાયલ અલગ છે ત્યારે ડીપાર્ટમેન્ટલ

ઈન્કવાયરીને એવીડન્સ એક્ટના સ્ટ્રીકટ રુલ લાગુ પડે નહી ત્યારે ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરીની પહેલાની પ્રીલીમીનરી ઈન્કવાયરીમાં તો લાગુ પડે જ નહિ.

ફરિયાદપક્ષે વધુમાં દલીલ કરેલ કે, શ્રી ધગલ ધ્વારા ઈન્કવાયરીમાં સાહેદોના નિવેદનો લેવામાં આવેલ ન હોવાનો તથા તૈયાર નિવેદનોમાં સહીઓ લેવામાં આવેલ તેવો સાહેદોનો પુરાવો જોતા આ ઈન્કવાયરી કલંકિત ઈન્કવાયરી હતી. શ્રી ધગલ કે જેઓએ આ ઈન્કવાયરી કરેલ તેઓ ભૂતકાળમાં પણ પુરાવા ઉભા કરવામાં તથા અન્ય કૃત્યો કરવામાં સંકળાયેલ હોવાનું તથા તેઓએ કન્ટેમ્પટ ઓફ કોર્ટ કરેલ હોવાનું માનીને નામદાર સુપ્રીમ કોર્ટે તેઓને એક મહિનાની કેદની સજા તથા રૂપિયા ૧,૦૦૦ નો દંડ ફરમાવેલ અને દંડ ના ભરે તો ૧૫ દિવસની કેદની સાદી કેદની સજા ફરમાવેલ હતી. ફરિયાદપક્ષે આ દલીલ અનુસંધાને (૧૯૯૧)૪ સુપ્રીમ કોર્ટ કેસીસ ૪૦૬ ઉપર રીપોર્ટ થયેલ છે તે ઓથોરીટી રજુ કરેલ છે જે જોતા આ સાહેદે પુરાવા ઉભા કરી કન્ટેમ્પટ ઓફ કોર્ટ કરેલ હોવાનું નામદાર સુપ્રીમ કોર્ટે માનેલું. આમ એવું સ્પષ્ટ થાય છે કે, આ બચાવપક્ષ સાહેદ નં.–૨ ઉપર ભૂતકાળમાં પુરાવા ઉભા કરવાનું નામદાર સુપ્રીમ કોર્ટે માની સજા ફરમાવેલ. આમ ફરિયાદપક્ષની દલીલમાં તથ્ય હોવાનું જણાઈ આવે છે. જેથી ફરિયાદપક્ષના સાહેદોએ જે કહ્યું તે માનવાને કારણ બને છે.

ફરિયાદપક્ષની વધુ દલીલ છે કે, બચાવપક્ષ સાહેદ નં.–૨ ડી.કે. ધગલ મારફત બચાવપક્ષ એવો પુરાવો રેકર્ડ લાવેલ છે કે, આ ઈન્કવાયરીની તપાસનો અહેવાલ ગુજરાત સરકારને કરવામાં આવેલ. તે જ દર્શાવે છે કે તે ગુનાની તપાસ ન હતી ગુનાની તપાસનો અહેવાલ હોત તો મેજીસ્ટ્રેટશ્રીને કે સ્પે. જજશ્રીને કરેલ હોત.

આમ, ઈન્કવાયરીના કામે નિવેદનો લખી લેવામાં આવેલ હતા તેવો તથા સહીઓ મેળવવામાં આવેલ તેવો પુરાવો આ સાહેદોની ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ હોવાથી એવું કહી શકાય તેમ છે કે, શ્રી ધગલની ઈન્કવાયરી ટેઈન્ટેડ ઈન્વાયરી હતી. વધુમાં, સાહેદોએ જયારે તે નિવેદન આપ્યાનો ઈનકાર કર્યો છે ત્યારે ઈન્કવાયરીના આવા નિવેદનોને પ્રીવિયસ સ્ટેટમેંટ ગણવામાં આવે

તો પણ તે નિવેદનોથી આવેલ તેવા વિરોધાભાસ કે કસુરને કારણે ફરિયાદપક્ષના સાહેદોના માનવા લાયક પુરાવાને અસર થઈ શકે નહિ. આમ શ્રી ધગલની ઈન્કવાયરી એ આ ગુનાની તપાસ નથી તેવું રેકર્ડ ઉપર હોવાથી તથા તે પ્રીલીમીનરી ઈન્કવાયરી હોવાથી અને તે ઈન્કવાયરી આધારે કસુરવાર અધિકારી સામે ડીપાર્ટમેંન્ટલ ઈન્કવાયરી કરવી કે નહી તે નક્કી કરી શકાય તે હેતુની પ્રીલીમીનરી ઈન્કવાયરી હોવાથી તથા સાહેદોના નિવેદનો લખી લેવામાં આવેલ હોવાનો પુરાવો આવેલ હોવાથી આવી ઈન્કવાયરીમાં કોઈ હકીકત લખાવેલ છે કે નહી તેવા વિરોધાભાસ કે કસુર મહત્વના નથી અને ફરિયાદપક્ષના સાહેદોએ અદાલતમાં જે પુરાવો આપેલ છે તે આવા કારણોસર શંકાસ્પદ બનતો નથી. આ અંગે ફરિયાદપક્ષે ૨૦૧૩(૦)AIJEL S.C.–૫૪૦૦ ચરણજીત વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ઉપર આધાર રાખેલ છે. જે જોતા શ્રી ધગલની ઈન્કવાયરી કે જે દરમ્યાન આ કેસના ફરિયાદપક્ષના જે સાહેદોએ પોતાના નિવેદન આપેલાનો ઈનકાર કરેલ છે તેવા સાહેદ નં.–૯, ૧૦, ૧૪, ૧૬ના પુરાવામાં આવેલ વિરોધાભાસ કે કસુરને કારણે જે તે સાહેદોના માનવા લાયક પુરાવાને અસર થાય નહી અને સાહેદોએ અદાલતમાં આપેલ પુરાવાને જ ધ્યાનમાં લઈ શકાય.

**(ABC–૬)** બચાવપક્ષ ધ્વારા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪ અને નં.–૧૬ની ઉલટતપાસ કરવામાં આવેલ ત્યારે આ સાહેદોએ શેરપુરા ઢાણી, આગથળા પોલીસ સ્ટેશનના કેસોમાં આપેલ જુબાની તે કેસોની ફરિયાદ, પંચનામા વિગેરે રજુ કરેલ અને આ સાહેદોની આગથળા કેસની જુબાની કે અન્ય દસ્તાવેજો આધારે આ સાહેદોની ઉલટ કરેલ. બચાવપક્ષે આગથળા કેસ અને હાલના કેસના પુરાવામાની કસુર કે વિરોધાભાસ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ. આવા નિવેદનો અંગે બચાવપક્ષે સાહેદ નં.–૧૬ની જુબાનીમાં વિરોધાભાસ પૂછતાં, ફરિયાદપક્ષ ધ્વારા વાંધો લેવામાં આવેલ કે આગથળાના નિવેદન પ્રીવિયસ સ્ટેટમેંટ ન ગણાય વાંધો અદાલતે મંજુર કરેલ. જેથી બચાવપક્ષે આંક–૫૨૯ વાળી અરજી આપેલ અને આ સાહેદની સરતપાસથી આગથળા પોલીસ

સ્ટેશનના ગુના રજીસ્ટર નં.–૫૧/૧૯૯૬ થી ૫૪/૧૯૯૬ ના પુરાવા વિરોધાભાષી હોવાથી પુરાવા અધિનિયમની કલમ–૧૪૫ ના બીજા ભાગની જોગવાઈઓ મુજબ તે રેકર્ડ ઉપર લાવવા દેવા જોઈએ અને તે કારણસર સાહેદની ઉલટ મુલત્વી રાખવી જોઈએ. આરોપીની આ અરજી નામંજૂર કરવામાં આવેલી. જે અરજી ઉપરના હુકમ વિરુધ્ધ આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રીમીનલ રીવીઝન અરજી નં.–૩૩૩/૨૦૨૩ દાખલ કરેલ હતી. જે નામંજૂર થયેલ હતી. ફરિયાદપક્ષની દલીલ છે કે, આવા સંજોગોમાં પણ આગથળાની ફરિયાદ કે અન્ય દસ્તાવેજોના વિરોધાભાસ ધ્યાને લઈ શકાય નહી. ફરિયાદપક્ષનું કહેવું છે કે, શેરપુરા ઢાણી, આગથળા પો.સ્ટેના ગુનાની તપાસ અન્ય ગુનેગારો વિરુધ્ધની અને હાલના ગુનાની બાબતોને અનુરૂપ નહી પરંતુ એક અલગ તપાસ હોવાનું રેકર્ડ ઉપર આવેલ પુરાવાથી જણાય છે. ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, સાહેદ નં.–૧૪ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ નાઓએ ૨૦૦૦ના વર્ષ પહેલા નામદાર અદાલતોમાં શેરપુરા કેસના અન્ય ગુનેગારો વિરુધ્ધ તથા અલગ ગુનાઓના કામે જુબાની આપેલ હતી. જે જોતા તે અલગ આરોપીઓના અલગ ગુનાને સંલગ્ન જુબાનીઓ હતી. ફરિયાદપક્ષની દલીલ છે કે, આ કેસમાં મરણજનાર આરોપીએ, આગથળા મુકામેથી અફીણ ખરીદેલ હોવાનો પુરાવો છે જેનો મતલબ એવો થતો નથી કે, હાલના ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ નાઓએ હાલના ગુનાને લગતા નિવેદનો આગથળા કેસની તપાસ દરમ્યાન આપેલ હતા તથા આ કેસને લગતી જુબાની આપેલ હતી. આગથળા કેસમાં આપવામાં આવેલ નિવેદનો હાલના ગુનાના પ્રીવીયસ સ્ટેટમેંટ ન હોવાથી તે કેસોમાં આપવામાં આવેલ ફરિયાદ અગર જુબાનીમાં હાલના કેસની હકીકતો લખાવેલ નથી કે વિરોધાભાષી પુરાવો આપેલ છે તેવું બચાવનું કહેવું કાયદેસરનું નથી. સામાન્ય સંજોગોમાં કોઈ પણ તપાસ કરનાર અધિકારી કે કર્મચારી તેમની જુદી જુદી તપાસના કામે પુરાવો આપતા સમયે હોય છે. તેવા સમયે એટલે કે કોઈ પણ ગુનાના કામે પુરાવો આપતા સમયે તેઓએ કરેલ દરેક તપાસના ગુનાનો પુરાવો કે દરેક ગુના

અંગેનો પુરાવો દરેક કેસમાં આપવો જ જોઈએ તે કાયદાનો ઉદ્ધેશ નથી. આમ, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯,૧૪,૧૬ નાઓના પુરાવામાં આવા કારણે વિરોધાભાસ અગર મટીરીયલ ઓમીશન કે કોન્ટ્રાડીક્શન છે એવું પણ કહી શકાય નહી કે. જયારે બચાવપક્ષની દલીલ છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪ અને ૧૬ નાઓએ આગથળા પોલીસ સ્ટેશનના જુદા જુદા કેસોમાં આપેલ જુબાની અગર ફરીયાદ અગર કેસ ડાયરી વિગેરે પ્રીવીયસ સ્ટેટમેંટ ગણાય જેથી તેનો ઉપયોગ વિરોધાભાસ તરીકે થઇ શકે.

જે અંગે રેકર્ડની હકિકતો જોતા આ કેસમાં ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ની જુબાનીમાં પાના નં.–૧૨૨થી ૧૩૦ ઉપર રજુઆતો નોધીને આગથળા પોલીસ સ્ટેશનની ફરિયાદ હકીકતો સબંધે વિરોધાભાસ માટે પ્રશ્નો પૂછવા દેવા માટે પરવાનગી આપવી ઉચિત કે ન્યાયિક નથી તેવો નિર્ણય આપેલ હતો. વધુમાં તે અંગેની આંક–૫૨૯ વાળી અરજી ઉપર અદાલતે નિર્ણય કરેલ જે વિરુધ્ધ ક્રિમીનલ રીવીઝન અરજી નં.–૩૩૩/૨૦૨૩ નામદાર ગુજરાત હાઈકોર્ટે નામંજૂર કરેલી. બચાવપક્ષે પુરાવા દરમ્યાન આ સંદર્ભે લેવાયેલા વાંધાના નિર્ણય અંગે નામદાર કોર્ટમાં આંક–૭૯૭ વાળી અરજી આપેલ જેમાં નામદાર કોર્ટે નિર્ણય આપેલ છે. ઉપરોક્ત સાહેદોનો પુરાવો જોતા સ્પષ્ટ થાય છે કે, આગથળા પોલીસ સ્ટેશનના કામની ફરિયાદ અલગ આરોપીઓ વિરુધ્ધની ફરિયાદો હતી અને તે અલગ આરોપીઓ વિરુધ્ધની ઇન્સાફી કાર્યવાહીમાં જે કોઈ પુરાવો આપવામાં આવેલ તે, તે કેસની હકીકતે તે કેસના આરોપીઓ પાસેથી મળી આવેલ અફીણ અંગેનો હતો.આમ ઉપરોક્ત ત્રણેય સાહેદોએ આ ગુનાની હકીકતોના નિવેદનો તે ગુનામાં આપેલ હતા તેવું પુરાવો જોતા કહી શકાય તેમ નથી. આમ આગથળા કેસની ફરિયાદ, પંચનામા, કેસ ડાયરી કે પુરાવો, કે તપાસ દરમ્યાન આપેલ નિવેદનો હાલના ગુનાના પ્રીવિયસ સ્ટેટમેંટ કે સાહેદોના પ્રીવિયસ સ્ટેટમેટ કહી શકાય નહી અને આવા સંજોગોમાં સાહેદોના પુરાવામાં આગથળાના કેસોના કોઈ પણ દસ્તાવેજો આધારિત કે જુબાની આધારિત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ વિરોધાભાસ કે કસુર ધ્યાન ઉપર લઈ

શકાય નહી. આમ ઉપરોક્ત સાહેદોના કથનોમાં વિરોધાભાસ કે કસુર હોવાનો બચાવપક્ષનો કેસ માની શકાય તેમ નથી.

**(ABC–૭)** બચાવપક્ષે દલીલ કરેલ છે કે, સાહેદ નં.–૯, ૧૦, ૧૪ તથા ૧૬ના પુરાવામાં આરોપી નં.–(૨)ને સાંકળતો પુરાવો, પુરાવા અધિનયમ કલમ–૨૫ ની જોગવાઈ અનુસાર આરોપી નં.–(૨)ની કબુલાત ગણાય. બચાવપક્ષે તેમની દલીલમાં સાહેદ નં.–૯, ૧૪ તથા ૧૬ના પુરાવામાં તહોમતદાર નં.–૨ સંજીવ ભટ્ટ ધ્વારા અન્ય સાહેદો રૂબરૂ જે કાઈ હકીકત જણાવવામાં આવેલ તે પુરાવા અધિનયમ કલમ–૨૫ની જોગવાઈ અનુસાર કબુલાત ગણાય. વધુમાં તેઓએ કરેલ દલીલ ટૂંકમાં એવી છે કે, ઈન્ટરેસ્ટેડ વિટનેસ એવા પોલીસ ઓફિસર ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ રુબરુ ગુનાની કબુલાતના ઇન્કરીમીનેટરી કન્ફેશનલ સ્ટેટમેંટ પુરાવામાં ગ્રાહ્ય નથી. વધુમાં તેઓએ કરેલ દલીલ ટૂંકમાં એવી છે કે, સુમેરસિંહ રાજપુરોહિત સતત ૨૦ વર્ષ પૂર્વગ્રહિત ધ્વેશભાવથી પીડાતા સાહેદ છે જેથી સુમેરસિંહ સમક્ષ આરોપી નં.–(૨) નાએ જે કાઈ જણાવ્યું તે એક્સ્ટ્રા જ્યુડીશીયલ કન્ફેશન કહેવાય કે જે નબળા પ્રકારના બાહ્ય ન્યાયિક ગુનાની કબુલાતવાળા કથનો ઉપર માત્ર આધાર રાખી શકાય નહી.

બચાવપક્ષે આ સાહેદોના પુરાવા પૈકી આરોપીના કથનો હોવાનું જણાવી તેવા ભાગો વાંચી બતાવેલ છે તેને ગુનાની કબુલાત કહેવાય તેમ દલીલ કરીને જુદા જુદા જજમેન્ટ રજુ કરેલ છે જે રજુ કરેલ (૧)1965 (0) GLHEL-SC 588 AGHNOO NAGESIA VS. STATE OF BIHAR (PARA-9,11,13,15,17)(૨)1998 (0) AIJEL-HC 206177 Kantilal Kalidasbhai versus State of Gujarat(HEAD NOTE-A) (૩)1995 (0) AIJEL-HC 213713 Vijaysing Dharmdas Thakkar Versus State of Gujarat (PARA-5) (૪)1984 (0) AIJEL-HC 212632 Sukhabhai Alias Sukha Dhanjibhai

Chaudhary Versus State of Gujarat (PARA-4) (૫)1965 (0) AIJEL-SC 69944 Munikrishna @ Krishna Etc. Versus State By UIsor P.S. (HEAD NOTE) વંચાણે લેતા પુરાવા અધિનિયમની કલમ–૨૫ અનુસાર, પોલીસ અધિકારી સમક્ષ કરેલી કબુલાત સાબિત કરી શકાશે નહી તે અન્વયેના પણ છે. આ જજમેન્ટ વંચાણે લેતા તેમાં ઠરાવ્યા મુજબ પોલીસ અધિકારી વિરુધ્ધ રૂબરૂ આરોપીએ કરેલ કબુલાત ગ્રાહ્ય નથી. આમ આ નામદાર અદાલતોના જજમેન્ટ જોતા કન્ફેશનલ સ્ટેટમેંટ પુરાવામાં ગ્રાહ્ય નથી.

ફરિયાદપક્ષે એવી દલીલ કરેલ છે કે, એવીડન્સ એક્ટમાં કબુલાતની વ્યાખ્યા આપેલી નથી અને તે સંજોગોમાં આરોપીનું કોઈ પણ નિવેદન કન્ફેશન ગણાય કે નહિ તે કેસની હકીકત તથા તે નિવેદન આધારે કોર્ટ નક્કી કરી શકે અને આવા સંજોગોમાં, આ કેસની હકીકતને આધારે પુરાવાના મૂલ્યાંકન સમયે બચાવપક્ષ જણાવે છે તેવા આરોપીના નિવેદન કે આરોપીએ જે કહ્યું તે કન્ફેશન ગણાય કે નહી તે નક્કી કરવાનું રહે છે અને તે નક્કી કરતા સમયે આ કેસનો રેકર્ડ ઉપર આવેલ પુરાવો તથા કેસની હકીકત ધ્યાને લેવી જોઈએ. ફરિયાદપક્ષે દલીલ કરેલ છે કે, આરોપી સંજીવ ભટ્ટ ધ્વારા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ ને અગર ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ નાઓને જે કાઈ કહેવામાં આવ્યું તે ગુનાની તૈયારી સ્વરૂપના સ્ટેટમેંટ છે. આરોપી નં.–(૨) ધ્વારા જે સુચનાઓ આપવામાં આવી તે સમયે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ નાઓને કે મરણજનાર આરોપી માલાભાઈને અગર ફરિયાદપક્ષ સાહેદ નં.૯–એપ્રુવરને, આરોપી નં.–(૨) એ જે કહ્યું, તે સમયે તેઓ આરોપી ન હતા કે સંજીવ ભટ્ટનું આરોપી તરીકેનું સ્ટેટસ ન હતું. વધુમાં એપ્રુવર શ્રી વ્યાસ કેસની તપાસ કરતા ન હતા કે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ પ્રવીણભાઈ પરમાર કે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ આર.પી. પટેલ પણ ગુનાની કામગીરી કે તપાસ કરતા ન હતા. આમ બચાવપક્ષ જેને કન્ફેશન તરીકે દર્શાવે છે તે વાતચીત–સૂચનાઓ એફ.આઈ.આર. પહેલાના સમયની છે એટલે કે વાતચીત કે સૂચનાઓ ગુનો નોધાયો ન હતો તે સમયની વાતચીત છે. વધુમાં એક પોલીસ અધિકારી અને

બીજા પોલીસ અધિકારીના સંવાદનો તથા તે સમયે જે બનેલ હતું તે અંગે સાહેદ નં.–૯, ૧૪ અને ૧૬ નાઓએ પુરાવો આપેલ છે. આમ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ ધ્વારા જે કહેવામાં આવ્યું તે કન્ફેશનલ સ્ટેટમેંટના વ્યાપ (ambit) માં આવતું નથી. પુરાવો જોવામાં આવે તો ગુનો કરવાની વાતચીત કે ગુનો કરવાની તૈયારી સમયે આપેલ સુચનાઓ ગુનાની કબુલાત નથી પરંતુ ગુનો આચરવાની વાતચીત છે. આમ ગુનો પૂરો થયો હોય એટલે કે ગુનો કરી દીધો હોય ત્યારબાદ ગુનાની કબુલાત કરતુ નિવેદન હોય તો જ કબુલાત કહી શકાય. આમ, ગુનાની કબુલાત હોય/ગુનો કબુલ કરતા સ્ટેટમેંટ હોય તો કન્ફેશન કહેવાય. જયારે ગુનો કર્યા પછી ગુનો કર્યો હોવાના આરોપીના ગુનો આચરેલા હોવાના એડમીશન હોય, તેવા કિસ્સાઓમાં પણ તે ગુનાની કબુલાત છે કે નહી તે કેસની હકીકત/ફેકટસ આધારે અદાલતે નક્કી કરવાનું થાય. ફરિયાદપક્ષની વધુમાં દલીલ છે કે, બચાવપક્ષે રજુ કરેલ જજમેન્ટ જોતા “confession before police is inadmissible" , તેવો રેસીઓ laid down થયેલ છે જે બંધનકર્તા છે. પરંતુ આ રજુ થયેલ તમામ જજમેન્ટની ફેકટસ જોવામાં આવે તો તેમાં, ગુનો કરતા અગાઉ એક પોલીસ અધિકારીએ બીજા પોલીસ અધિકારીને, વાત કહેલ હોય કે સુચના આપી હોય કે ગુનો કરવાની તૈયારી કરી હોય ત્યારે કરેલ વાતચીત/સુચનાઓને, કન્ફેશન કહેવાય તેવું ઠરાવવામાં આવેલ હોય તેવું નથી. આ કેસના સંજોગો તથા કેસની હકીકત મુજબની હકીકત બચાવપક્ષે રજુ કરેલ ચુકાદામાં નથી. તેથી બચાવપક્ષે રજુ કરેલા ચુકાદા હાલના કેસને લાગુ પડે નહી.

આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન બચાવપક્ષ ધ્વારા પુરાવા કાયદાની કલમ–૨૫ અને ૨૬ની જોગવાઈઓ મુજબ સાહેદોનો પુરાવો ગ્રાહ્ય ન હોવાથી બ્રેકેટ કરવા આંક–૫૯૬ વાળી અરજી આપેલ હતી. જે વિરુધ્ધ ફરિયાદપક્ષે આંક–૬૧૧ થી જવાબ રજુ કરેલ. જે અરજી અદાલતે નામંજૂર કરેલ અને હુકમ કરેલ કે, ‘પુરાવાનું મૂલ્યાંકન આખરી તબક્કે કરવાનું રહે જેથી આંક–૫૯૬ ની અરજીમાં ટાંકેલ પુરાવાને રદ ન કરી શકાય કે બ્રેકેટ ન કરી શકાય.

બચાવપક્ષે પુરાવા દરમ્યાન આ સંદર્ભે લેવાયેલા વાંધાના નિર્ણય અંગે આંક–૭૯૭ વાળી અરજી આપેલ જેમાં અદાલતે નિર્ણય આપેલ છે. આ કેસનો રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ આરોપી નં.–(૨)ની તાબા હેઠળની એલ.સી.બી. શાખામાં ૧૯૯૬ના વર્ષમાં એપ્રિલ–મે ના સમયગાળા દરમ્યાન પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. જયારે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬નાઓ એલ.સી.બી. શાખામાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ એલ.સી.બી. શાખામાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ જે તે સમયે જીલ્લા પોલીસ વડા હતા. આમ આ તમામ પોલીસ ફોર્સમાં ફરજ ઉપર હતા. ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ એપ્રુવર, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ નાઓને આરોપી નં.–(૨) નાઓએ જીલ્લા પોલીસ વડા તરીકે જે સુચના આપી અગર સાહેદોને આરોપી નં.–(૨) એ જીલ્લા પોલીસ વડા તરીકે જે કાઈ કહ્યું તેનો જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે ગ્રાહ્ય પુરાવો ગણાય. સાહેદોના તેવા પુરાવાને, આરોપી નં.–(૨) ની પોલીસ રૂબરૂની કબુલાત કહી શકાય નહી અને આ સાહેદોના કોઈ પણ પુરાવાને કાયદાની કલમ–૨૫ અને ૨૬ની જોગવાઈઓનો કોઈ બાધ નડતો નથી અને આ સાહેદોનો પુરાવો સ્વીકાર્ય પુરાવો હોવાનુ નકારી શકાય તેમ નથી. વધુમાં પુરાવો જોતા આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટનાઓની ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪ તથા ૧૬ રૂબરૂ ગુનાની કોઈ કબુલાત કહી શકાય તેવા કોઈ નિવેદન નથી. આમ, પુરાવા અધિનિયમની કલમ–૨૫ અને ૨૬ ની જોગવાઈઓ હાલના કિસ્સામાં લાગુ પડતી નથી. સાહેદો તથા આરોપી નં.–(૨) પોલીસ કર્મચારીઓ/અધિકારીઓ હતા અને આમ ઉપરોક્ત સાહેદોએ જે પુરાવો આપેલ છે તે પુરાવો ગ્રાહ્ય–એડમીશીબલ છે તે બાબત અવગણી શકાય તેમ નથી. આ સંજોગોમા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, નં.–૧૪, નં.–૧૬ના ગ્રાહ્ય પુરાવાને

ન માનવાનું કોઈ યોગ્ય કારણ નથી. આ કેસની હકીકતો તથા પુરાવા જોતા બચાવપક્ષના કહેવા મુજબના જજમેન્ટ બચાવપક્ષના કેસને મદદ કરતા નથી.

**(ABC–૮)** બચાવપક્ષની દલીલ એવી છે કે, સાહેદ નં.–૧૪ તથા નં.–૧૬નાઓએ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ આપેલ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૧૬૪ના નિવેદનો જોતા તે નિવેદનો નથી પરંતુ કબુલાત નિવેદન છે. બચાવપક્ષે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ નાઓનું ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૧૬૪ નું લેવામાં આવેલ નિવેદન આંક–૪૨૨, આંક–૪૨૯ તથા સાહેદ નં.–૧૬ નાઓનું આંક–૫૧૧ વાળું નિવેદન, ક્રી.પ્રો કોડ કલમ–૧૬૪ ની જોગવાઈ જોતા ક્ન્ફેશનલ સ્ટેટમેંટ નથી તે મેજીસ્ટ્રેટશ્રીએ જે સમય આપેલ તથા સર્ટીફીકેટ આપેલ છે તે જોતા પણ જણાય છે આવો સમય આપવો કે સર્ટીફીકેટ આપવું કબુલાતની પ્રથા છે નહિ કે નિવેદનની પ્રથા. આંક–૪૨૧ જોતા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ પ્રવીણભાઈને કબુલાત નિવેદન નોધવા તેમની સમક્ષ લાવવામાં આવેલ હોય તે છે તે જ રીતે આંક–૪૨૭ માં પણ કબુલાતનો ઉલ્લેખ છે તેમજ આંક–૫૦૯ માં પણ સાહેદ નં.–૧૬ રમણભાઈ પટેલની કબુલાતનો ઉલ્લેખ છે. આમ, સાહેદોને તેમના કબુલાતના નિવેદનો લેવડાવી સાહેદ બનાવેલા. વધુમાં તપાસ કરનારે પોલીસ મેન્યુઅલના રુલ મુજબ નિવેદન રેકર્ડ કરાવેલ નથી. પોલીસ મેન્યુઅલની જોગવાઈ જોતા રેર સંજોગોમાં જ આવા નિવેદનો લેવડાવવા જોઈએ. જે મુજબ આરોપીના મિત્ર હોય કે બીજા સાહેદ ના હોય ત્યારે આવા નિવેદન લેવડાવવા જોઈએ પરંતુ તપાસ કરનાર અમલદારે તેમ કરેલ નથી.

જે અંગે ફરિયાદપક્ષે કરેલ દલીલ તથા પુરાવામાં રજુ થયેલ દસ્તાવેજો તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯ નો પુરાવો જોતા સાહેદોના તેઓએ ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪ના નિવેદન લેવડાવવા સારું જુદી જુદી તારીખે યાદીઓ આપેલ હતી. આંક–૬૩૨ તથા આંક–૬૩૬ સાથેની તપાસ કરનાર અમલદાર ધ્વારા લખવામાં આવેલ યાદીઓ જોવામાં આવે તો તેમાં નિવેદન લેવાનો જ ઉલ્લેખ છે જેના ઉપર ચીફ જ્યુંડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ કરેલ હુકમ જોતા પણ

સાહેદનું નિવેદન નોધવા અંગેનો છે. વધુમાં, આંક–૪૨૧ તથા આંક–૪૨૭ જોતા પણ મેજીસ્ટ્રેટશ્રીએ નિવેદન કરવા સારું પોલીસ કે અન્ય ધ્વારા લાલચ પ્રલોભન કે ધમકી આપવામાં આવેલ છે કે કેમ તથા કોઈના કહેવાથી નિવેદન આપો છો તેવા પ્રશ્નો પુછેલા હોવાનું તથા નિવેદન અંગે વિચારણા કરીને નીવેદન આપવા જેતે સાહેદોને જાણ કરવામાં આવેલ હોય તેવું સ્પષ્ટ થાય છે. વધુમાં આ બંને સાહેદોએ નિવેદન આપ્યા બાદ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ નિવેદનમાં સાહેદોએ સહીઓ કરેલ હોવાની નોધ છે. વધુમાં આ નિવેદનો ચીફ જ્યુંડીશિયલ મેજીસ્ટ્રેટશ્રીને મોકલી આપેલ છે તેવા પત્ર પણ લખેલ છે. વધુમાં, પુરાવો જોતા ઉપરોક્ત આ બંને સાહેદો કે જેઓએ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ નિવેદન આપેલા તેઓ પોલીસ કસ્ટડીમાંથી કે જ્યુડીશીયલ કસ્ટડીમાં ન હતા એટલે કે આરોપી ન હતા. ફરિયાદપક્ષની દલીલો મુજબ આ બંને સાહેદોના કન્ફેશનલ સ્ટેટમેંટ નથી તથા તે નિવેદનો લેતા સમયે મેજીસ્ટ્રેટશ્રીએ કબુલાતની કોઈ પ્રોસીઝર કરેલ હોય તેવું જણાતું હોય તે માત્રથી તે ગેરકાયદેસર ઠરતા નથી.

આમ આ બંને સાહેદોનો પુરાવો, બંને સાહેદોના મેજીસ્ટ્રેટશ્રીએ લીધેલ નિવેદન જોતા તે જ્યુડીશીયલ કાર્યવાહી દરમ્યાન લેવામાં આવેલ ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો છે જે સ્પષ્ટ થાય છે અને આ નિવેદન કન્ફેશનલ સ્ટેટમેંટ નથી. આમ ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪ના નિવેદન રેકોર્ડ કરવા અંગે કન્ફેશન રેકોર્ડ કરવા માટે જરૂરી પ્રક્રિયા, અપનાવી ના જોઈએ તેવી જોગવાઈ નથી કે તેવા કોઈ કારણે આ નિવેદનો ગેરકાયદેસરના ઠરતા નથી. બચાવપક્ષે ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪ ના નિવેદનો અંગે તેના ઉપયોગ બાબતે જુદાં જુદા જે જજમેન્ટ રજુ કરેલ છે તે પૈકીનો કુતુબુનિશા વિરુધ્ધ સ્ટેટ ઓફ ઉતરપ્રદેશનો ચુકાદો બચાવપક્ષની દલીલને સમર્થન આપતો હોય તેવું જણાતું નથી. વધુમાં બચાવપક્ષે રજુ કરેલ તહેસીલદાર સિંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશનો ચુકાદો જોતા તે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૧૬૨ તથા એવીડન્સ એક્ટ કલમ–૧૪૫ અન્વયેનો છે અને તે ચુકાદામા કોન્ટ્રાડીકશન કે ઓમીશન કેવી રીતે રેકર્ડ ઉપર લાવવા તથા પુરવાર કરવા તે અંગેનો રેસીઓ

લેઈડ ડાઉન થયેલ છે. બચાવપક્ષની ઉપરોક્ત દલીલને આ ચુકાદો મદદરૂપ થતો હોય તેવું હું નમ્રપણે માનતો નથી પરંતુ આ કેસમાં બચાવપક્ષે સાહેદોની કેટલીક ઉલટતપાસ કરી જે રીતે વિરોધાભાસ કે કસુર હોવાનું દર્શાવેલ છે તે ઉલટતપાસથી રેકર્ડ ઉપર બતાવવામાં આવેલ વિરોધાભાસ કે કસુર આ જજમેન્ટ અનુસાર પૂછવામાં આવેલ હોય તેવું જણાતું નથી. આવા સંજોગોમાં પણ જયારે તહેસીલદાર સિંગના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે જે ઠરાવેલ છે તે મુજબ તથા તે રીતે આ કેસમાં જે વિરોધાભાસ કે કસુર રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે પુરવાર થયેલ નથી તેથી તેને ધ્યાન ઉપર લઈ શકાય નહી. વધુમાં બચાવપક્ષે રજુ કરેલ રામકિશનસિંગ વિરુધ્ધ હરમીત કૌરનો ચુકાદો જોવામાં આવે તો ક્રી.પ્રો.કોડ કલમ– ૧૬૪ ના નિવેદન સબસ્ટેન્સીવ પીસ ઓફ એવીડન્સ નથી તેમ તથા તેનો ઉપયોગ સાહેદના પુરાવાના સમર્થન માટે થઈ શકે તેમ ઠરાવેલ છે. આ કેસમા ફરિયાદપક્ષે જે જે સાહેદના ક્રી.પ્રો.કોડ કલમ– ૧૬૪ ના નિવેદન રજુ કરેલ છે કે જેને આંક આપવામાં આવેલ છે તે નિવેદનોનો ઉપયોગ તે જેતે સાહેદના પુરાવાના સમર્થન માટે થાય તેમ હોવાથી અને સાહેદોના પુરાવાને આવા નિવેદનથી સમર્થન મળે છે તે હું માનું છું. વધુમાં બચાવપક્ષે રજુ કરેલ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ વિશેશભાઈ કાલીછગનભાઈનો ચુકાદો જોવામાં આવે તો ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪ ના નિવેદન સબસ્ટેન્સીવ પીસ ઓફ એવીડન્સ નથી. તેનો ઉપયોગ સાહેદના પુરાવાના સમર્થન માટે થઈ શકે તેમ ઠરાવેલ છે. વધુમાં, આ જજમેન્ટમાં એવીડન્સ એક્ટની કલમ–૮૦ ની જોગવાઈ જોતા, ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૪નું નિવેદન લેનાર મેજીસ્ટ્રેટને તપાસવાની જરૂરીયાત ન હોવાનું પણ ઠરાવેલ છે આ ચુકાદો પણ બચાવપક્ષને મદદરૂપ નથી પરંતુ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ છે તેવુ નામ માનવુ છે.

**(ABC–૯)** બચાવપક્ષની ઉલટતપાસ જોતા ફરિયાદપક્ષ સાહેદ નં.૯–એપ્રુવરને કેસ ડાયરીમાં લખેલ હકીકતો આધારે ઉલટ કરી કેસ ડાયરી આધારિત હકીકતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તે જ પ્રમાણે કેસ ડાયરીનો ઉપયોગ કરી સાહેદ નં.– ૧૪ની પણ ઉલટતપાસ કરવામા આવેલ છે અને ઉલટતપાસથી કેસ ડાયરીમાં

લખેલ હોય કે લખેલ ન હોય તેવી બાબતોને પુરાવામાં વિરોધાભાસ અગર કસુર છે તેમ બતાવેલ છે. ફરિયાદપક્ષના પ્રથમથી જ વાંધા રહેલ છે કે, ક્રી.પ્રો.કોડ કલમ–૧૭૨ની જોગવાઈઓ જોતા કેસ ડાયરી આધારિત બચાવપક્ષે ઉલટતપાસ કરેલ છે તે કરી શકે નહી અને કેસ ડાયરીનો બચાવપક્ષે જે રીતે ઉપયોગ કર્યો તે રીતે કાયદેસર ઉપયોગ કરી શકે નહી અને જેતે પુરાવો ઇનએડમીશીબલ અસ્વીકાર્ય છે. ફરિયાદપક્ષે એવી પણ દલીલ કરેલ છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તથા સાહેદ નં.–૧૪નો પુરાવો જોતા આંક–૨૭૨ તથા આંક–૨૭૩ સાહેદોને બતાવેલ અને કેસ ડાયરી જે આરોપી નં.–(૨) એ ફાડી નાખેલ અને નવી બનાવડાવેલ તે જ હેતુ માટે ફરિયાદપક્ષે રીફર કરી દસ્તાવેજ તરીકે રજુ કરેલ. ફરિયાદપક્ષે આ કેસ ડાયરીમાના વિધાનોનો અન્ય કોઈ ઉપયોગ કરેલ નથી. વધુમાં, કોર્ટ ધ્વારા આ બંને કેસ ડાયરીઓના કથનોનો અન્ય કોઈ ઉપયોગ કરેલ નથી. સાહેદ નં.–૯ ધ્વારા પોતે કેસ ડાયરીનો ઉપયોગ મેમરી રીફ્રેસ કરવા માંગે છે તેવું જણાવી ઉપયોગ કરેલ નથી. તેથી બચાવપક્ષ ફરિયાદપક્ષે આ ડાયરી રજુ કરેલ છે તેવા કારણસર ઉપયોગ કરી શકે નહી.

ક્રી.પ્રો.કોડ કલમ–૧૭૨(૩)ની જોગવાઈઓ જોવામાં આવે તો આરોપી કે તેના એજન્ટ આવી ડાયરીઓ મંગાવવા માટે હકદાર નથી, તેમજ અદાલતે તે જોઈ છે તેવા કારણસર પણ કેસ ડાયરી જોવાનો આરોપી કે તેના એજન્ટોને હક નથી. કેસ ડાયરીનો ઉપયોગ તે લખનાર પોલીસ અધિકારી પોતાની યાદદાસ્ત તાજી કરવા માટે કરે અથવા અદાલત આવા પોલીસ અધિકારીના પુરાવાને વિરોધાભાસ કરવાના હેતુથી ઉપયોગ કરે તો જ ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૧૬૧ કે કલમ–૧૪૫ની જોગવાઈઓ લાગુ પડે. બચાવપક્ષની આ અંગેની ઉલટતપાસ જોતા સાહેદ નં.–૯ ની કેસ ડાયરી હોવાથી તેઓને તથા આંક ૨૭૨ વાળી ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ના હસ્તાક્ષરમાં હોવાને કારણે તેમને, કેસ ડાયરીના સમાવિષ્ટોનો(contains) ઉપયોગ કરી આ બંને સાહેદોની કેસ ડાયરી આધારિત ઉલટતપાસ કરેલ છે.

ઉલટતપાસ જોતા બચાવપક્ષે કલમ–૧૭૨(૩) આધારિત ઉલટતપાસ કરેલ નથી. આમ ફરિયાદપક્ષના કહેવા મુજબ બચાવપક્ષે કાયદાની જોગવાઈઓ વિરુધ્ધ જે ઉલટતપાસ કરી જે પુરાવો કે જે વિરોધાભાસ કે કસુર રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તે અસ્વીકાર્ય (ઇનએડમીશીબલ) છે તે દલીલ માનવાને કારણ બને છે. આમ કેસ ડાયરી આધારિત જેજે ઉલટતપાસ રેકર્ડ ઉપર છે તે પુરાવો ઇનએડમીશીબલ–પુરાવામાં ગ્રાહ્ય નથી. તેથી આ બંને સાહેદોએ આપેલ પુરાવા મુજબની હકીકત કેસ ડાયરીમાં લખેલ નથી અને અન્ય હકીકત લખેલ છે તેવા કારણસર સાહેદ નં.–૯ તથા સાહેદ નં.–૧૪ માની શકાય તેવા નથી તેવી બચાવપક્ષની ઉલટને ધ્યાને લઈ શકાય નહી અને બચાવપક્ષની દલીલ સાથે સંમત થઈ શકાય નહી. વધુમાં પુરાવો જોવામાં આવે તો આં કેસ ડાયરી ખોટા ઉભા કરેલ પુરાવા આધારે લખવામાં આવેલ હોવા નો સાહેદોએ પુરાવો આપેલ છે. જે જોતા પણ આ કેસ ડાયરીના કન્ટેનટ્સ પણ ખોટા હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે અને તે કારણસર પણ તે કેસ ડાયરીને આધારે આવેલ પુરાવો આ બંને સાહેદોના પુરાવાને અવિશ્વસનીય બનાવતો નથી ઉલટાનું સાહેદોનો પુરાવો બચાવ અર્થે પુછેલા પ્રશ્નો તથા સુચક પ્રશ્નોથી વધુ વિશ્વસનીય રીતે રેકર્ડ ઉપર નીકળી આવેલ છે.

આરોપીએ જાતે તથા તેમના એડવોકેટ શ્રી ઠાકોરે દલીલ કરી જણાવેલ છે કે, રાઈટર પ્રવીણભાઈ ધ્વારા આઈ.બી.વ્યાસના હસ્તાક્ષરમાં લખાયેલ અસલ કેસ ડાયરી ઉપરથી તૈયાર કરવામાં આવેલ ફેર કોપી પૈકીની કાર્બન કોપી આંક–૨૭૨ છે. કેસ ડાયરી ફાડી નાખવામાં આવેલ હોવાનો કેસ માનવા લાયક નથી જે ડાયરીઓ સરખી છે. તેમજ પ્રવીણભાઈ પરમારના અક્ષર વાળી તા.૩૦/૦૪/૧૯૯૬ થી તા.૦૪/૦૫/૧૯૯૬ની ડાયરીઓ રાઈટર પ્રવીણભાઈ ધ્વારા આઈ.બી.વ્યાસના હસ્તાક્ષરમાં લખાયેલ અસલ કેસ ડાયરી ઉપરથી તૈયાર કરવામાં આવેલ ફેર કોપી પૈકીની કાર્બન કોપી છે.

જે અંગે ફરિયાદપક્ષે જવાબ આપેલ છે કે, રેકર્ડ ઉપરનો પુરાવો જોતા આંક–૨૭૨ વાળી કાર્બન કોપી અસલ કેસ ડાયરીની કાર્બન–નકલ છે જયારે અસલ કેસ ડાયરી ફાડી નાખવામાં આવેલ છે જે ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ના પુરાવાથી ફલિત થાય છે. અસલ ડાયરીની ઉપરથી ફેર કોપી બનાવવામાં આવતી હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આ દલીલ માનવી જોઈએ નહી. વધુમાં, આંક–૨૭૨ તથા આંક–૨૭૩ની સરખામણી કરવામાં આવે તો આંક–૨૭૨ અને આંક–૨૭૩ માં કોલમના કેટલાક લખાણોમાં ફેરફાર છે. આંક–૨૭૩માં સુમેરસિંહ રાજપુરોહિતનું પૂરું સરનામું, અટકની તારીખ, કલાક તથા અન્ય લખાણ છે જે આંક–૨૭૨ માં જણાતા નથી તેમજ લખાણોમાં પણ ફેરફાર જણાય છે જેના ઉપરથી પણ સાહેદોએ આરોપી નં.–(૨) ધ્વારા અસલ ડાયરી ફાડી નાખેલ અને તેના ઉપર થી નવી ડાયરી બનાવવામાં આવેલી તેવા પુરાવાને સમર્થન મળે છે.

આમ, આંક–૨૭૨, આંક–૨૭૩ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તથા સાહેદ નં.–૧૪ તેમજ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯ નો પુરાવો જોવામાં આવે તો તેટલું સ્પષ્ટ થાય છે કે આંક–૨૭૨ કે જે કાર્બન કોપી છે તે પ્રવીણભાઈના હસ્તાક્ષર ની છે જે જોતા તેની અસલ આંક–૨૭૩ નથી કે આંક–૨૭૨ અસલની ફેર કોપી નથી અને કેસ ડાયરી ફાડી નાખેલ છે તેવા પુરાવાને ન માનવાને કોઈ કારણ નથી કારણ કે આંક–૨૭૨ સુમેરસિંહના રિમાન્ડ સમયે કોર્ટમાં રજુ થયેલ છે અને તે કોર્ટ રેકર્ડમાંથી બતાવવામાં આવેલ છે અને આંક–૨૭૨ માં સમાતી કેસ ડાયરી એપ્રુવરના હસ્તાક્ષરે નવી બનાવવામાં આવેલ છે. આમ ફરિયાદપક્ષનો કેસ ડાયરી ફાડી નાખવામાં આવેલ હોવાનો પુરાવો પણ માની શકાય તેવો અને વિશ્વસનીય છે જે ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તથા સાહેદ નં.–૧૪ના પુરાવાને આંક–૨૭૨ તથા આંક–૨૭૩ થી પણ સમર્થન મળે છે.

**(ABC–૧૦)** ફરિયાદપક્ષ સાહેદ નં.–૯–એપ્રુવર ઈન્દ્રવદન વ્યાસને તેમની વીકલી ડાયરીની નકલ આંક–૩૩૫ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ રમણભાઈ પટેલનાઓને તેઓની વીકલી ડાયરી નકલ આંક–૫૩૧ આધારે તથા ફરિયાદપક્ષ

સાહેદ નં.–૧૪ પ્રવિણચંદ્ર પરમારનાઓને તેઓની નોટબુક નકલ આંક–૪૫૨ આધારે ઉલટતપાસ કરી પ્રશ્નો પુછેલ છે. આ સાહેદોની તેમની વીકલી ડાયરી કે નોટબુક આધારિત કરવામાં આવેલ ઉલટતપાસ જોતા સાહેદોએ આપેલ પુરાવો માની શકાય તેવો નથી તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આ વીકલી ડાયરી જોતા તે મુવમેન્ટ અને એકશન અંગે જાળવવામાં આવતી હોવાનું સ્પષ્ટ થાય છે જેમાં તેઓનો કેમ્પ ક્યાં હતો તેની વિગત છે. આ ત્રણેય સાહેદોએ જે પુરાવો આપ્યો તે મુજબ સાહેદો તા.૨૯/૦૪/૧૯૯૬, તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ પાલનપુર મુકામે તથા તા.૦૧/૦૫/૧૯૯૬ના રોજ પાલનપુર–ડીસા–શેરપુરા ઢાંણી મુકામે હતા અને તેમનો પુરાવો પણ તેવો જ છે. વધુમાં ઉલટતપાસ જોતા વીકલી ડાયરી કે નોટબુક આધારે સાહેદો અન્ય શહેર કે ગામે હતા તેવું જણાતું નથી. વીકલી ડાયરી કે નોટબુકમાં સાહેદોએ સંજીવ ભટ્ટના ઘરે કે એલ.સી.બી. ઓફિસે કે પાલનપુરની કોઈ ચોક્કસ જગ્યા લખેલ ન હોવાના કારણ માત્રથી સાહેદો પાલનપુરની પુરાવામાં જણાવેલ ચોક્કસ જગ્યાએ ગયેલ ન હતા કે હાજર ન હતા તેવું માની શકાય નહી. આ કારણે પણ ફરિયાદપક્ષના સાહેદ નં.–૯, ૧૪ તથા નં.–૧૬ને ન માનવાના કોઈ કારણો નથી.

બચાવપક્ષે તેમની દલીલોમાં જુદા જુદા દસ્તાવેજો જેવા કે, કેસ ડાયરી, વીકલી ડાયરી, નોટ બુક, લોગ બુક, પંચનામા, રાજસ્થાન કેસના દસ્તાવેજો વિગેરે વાંચીને દલીલ કરેલ તે અંગે ફરિયાદપક્ષનું કહેવું છે કે, આવા કોઈ પણ દસ્તાવેજ સબસ્ટેન્સીવ પીસ ઓફ એવીડન્સ નથી. રેકર્ડ ઉપર આવેલ સાહેદોનો પુરાવો, સાહેદોની ઉલટ તપાસમાં પુછાયેલા પ્રશ્નના સાહેદ ધ્વારા આપવામાં આવેલ જવાબને ધ્યાને રાખી સાહેદોના રેકર્ડ ઉપર આવેલ પુરાવાના સમર્થન માટે જ આવા દસ્તાવેજનો ઉપયોગ થઈ શકે. બચાવપક્ષે સંજીવ ભટ્ટની વીકલી ડાયરી આંક–૬૭૮ વાંચી, સાહેદ નં.–૯ આઈ બી. વ્યાસને ન માનવાના કારણો દર્શાવેલ. જે અંગે તેઓએ આંક–૬૭૮ની તા.–૨૯/૦૪/૧૯૯૬ તથા ૩૦/૦૪/૧૯૯૬ તથા ૦૨/૦૫/૧૯૯૬, ૧૫/૦૫/૧૯૯૬ વિગેરેની નોંધો વાંચેલ. આવી નોધો આધારે તારીખ.૨૯/૦૪/૧૯૯૬ અને ૩૦/૦૪/૧૯૯૬

તથા તારીખ.૦૨/૦૫/૧૯૯૬ના રોજ આરોપી સંજીવ ભટ્ટે, આઈ. બી. વ્યાસને કે અન્ય સાહેદને બોલાવેલ હતા તે માની શકાય તેમ નથી તેવી દલીલ કરેલ છે અને જણાવેલ છે કે, આ નોધો જોતા આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટ, સાહેદો જણાવે છે તે જગ્યાએ ન હતા. આ બાબતે ફરિયાદપક્ષે જવાબ આપેલ છે કે, કાયદાની સ્થિતિ જોતા આ દસ્તાવેજ પુરવાર થયેલ નથી ફક્ત ખરી નકલ હોવાથી તેને આંક પડેલ છે જેની પુરાવાકીય વેલ્યુ નક્કી કરવા કોર્ટે આંક-૬૪૬ ઉપર હુકમ કરેલ છે.આ દસ્તાવેજ અંગત ડોક્યુમેન્ટ છે, પબ્લિક ડોક્યુમેન્ટ નથી, આરોપીએ તેઓ અન્ય જગ્યાએ હતા તેવી એલીબી પુરવાર કરેલ નથી.

પુરાવો જોવામાં આવે તો આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટે પોતાની જાતને સોગંદ ઉપર તપાસીને ઉપર જણાવેલ દસ્તાવેજ પુરવાર કરેલ નથી. આ દસ્તાવેજ જોવામાં આવે તો એવું જણાય છે કે તે આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટની ડાયરી નથી પરંતુ આરોપીએ મોકલેલ હોય તેવું અપ્રિલ ૧૯૯૬ તથા મેં ૧૯૯૬ નું સ્ટેટમેંટ છે. જે જોતા તે રોજબરોજના ધોરણે મોકલવામાં આવતું હોય તેવું પણ નથી જે જોતા માસિક ટાઈપ કરેલું સ્ટેટમેંટ છે અને મહિનાના આખરમાં તૈયાર થયેલ હોય તેવા પ્રકારનું છે. જે પાછળથી તૈયાર થયેલ હોવાની શંકા પણ નિવારી શકાય તેવી નથી કારણ કે બચાવપક્ષે શરૂઆતથી આવો એલીબીનો બચાવ લીધેલ નથી અને તેઓએ એવું પુરવાર કરેલ નથી કે તેઓ સાહેદો જણાવે છે તે જગ્યાએ ન હતા. વધુમાં બચાવપક્ષે આધાર રાખેલ આ દસ્તાવેજ સબસ્ટેન્સીવ પીસ ઓફ એવીડન્સ ગણી શકાય નહી.

**(ABC-૧૧)** બચાવપક્ષ ધ્વારા ફરિયાદપક્ષ સાહેદ નં.-૯- તથા ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૬ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૪ ની લોગબુક આધારિત ઉલટતપાસ કરીને આવી અસલ લોગબુકો આંક-૬૯૮ થી રજુ કરાવેલ છે તથા તપાસ કરનાર અમલદાર ધ્વારા તેની ખરી નકલ પણ રજુ કરાવવામા આવેલ છે. લોગબુક જોવામા આવે તો તેમાં ટ્રીપ અંગેની વિગત છે અને તેનાથી આ સાહેદોનો આપેલ પુરાવો વિરોધાભાસી હોવાનું માલુમ પડતું નથી. લોગબુકો આધારિત

ઉપરોક્ત ત્રણેય સાહેદોની જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે જોતા તથા લોગબુક જોતા એવો પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી કે જેને કારણે ઉપરોક્ત ત્રણેય સાહેદોને ન મનાય.

બચાવપક્ષે સાહેદ નં.–૧૪ને ઉલટતપાસ કરી સાહેદો ધ્વારા આ ગુના સંદર્ભે ૧૯૯૬ માં કરવામાં આવેલી કામગીરી અંગે તેઓના ઇનામ પત્રક ભરવામાં આવેલા તે આંક–૪૫૩ વાળો દસ્તાવેજ ઉલટતપાસમાં રજુ કરવામાં આવેલ. જેનાથી સાહેદોએ કરેલી કામગીરી સાચી હતી તેવું બતાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આ અંગે ફરિયાદપક્ષે સાહેદ નં.–૧૪ની ઉલટતપાસ પણ જોવી જરૂરી છે. વધુમાં ફરિયાદપક્ષનું કહેવું છે કે, રેકર્ડ ઉપર આવેલ આંક–૪૫૩ જોતા આ ઇનામ પત્રકોનો જીલ્લા પોલીસ અધિકારી વતી તારીખ.૧૬/૦૬/૧૯૯૬ ના રોજ હુકમ કરવામાં આવેલ જે તારીખ. ૧૮/૦૬/૧૯૯૬ ના રોજ આરોપી નં.–(૨) નાઓ જીલ્લા પોલીસ અધિકારી તરીકે ફરજ ઉપર હતા. આમ, આરોપી નં.–(૨) નાઓએ સાહેદોને ઇનામ આપવાનો હુકમ કરી સાહેદોનું મો બંધ રાખવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાય છે તેવી દલીલ નકારી શકાય નહી. આમ આરોપી નં.–(૨) ધ્વારા ખોટો કેસ ઉભો કરી ત્યારબાદ સાહેદોને પ્રભાવિત કરવામાં આવેલાનું, ધમકી આપવામાં આવેલ હોવાનું અને ઇનામ આપવાનો હુકમ કરેલ હોવાનો પુરાવો છે. જેથી સાહેદોએ ૨૦૧૮ પછી જે જણાવ્યું અને જે પુરાવો આપ્યો તે માનવા લાયક છે, તેવી દલીલ પણ નકારી શકાય તેમ નથી. રેકર્ડ ઉપર સાહેદોનો પુરાવો જોવામાં આવે તો સુમેરસિંહ વિરુધ્ધ પ્લાન્ટ કરેલ અફીણ અંગેનો કેસ ઉભો કરવામાં આવેલો જે આરોપી નં.–(૨)ની સુચના મુજબ ઉભો કરીને પુરાવા ઉભા કરવામાં આવેલા અને તેવા કેસની કામગીરીમાં આરોપી નં.–(૨) ની જીલ્લા પોલીસ અધિકારી તરીકેની ફરજ દરમ્યાન જ ઇનામો આપવા અંગેનો હુકમ કરવામાં આવેલો. આમ આ પુરાવો જોવામાં આવે તો સાહેદોને પ્રભાવીત કરવાના પ્રયત્નો કરવામાં આવેલ હોવાનું માની શકાય તેમ છે અને સાહેદોએ આપેલ તેવો પુરાવો પણ માની શકાય તેમ છે. આમ ફરિયાદપક્ષ સાહેદ નં.૯–એપ્રુવર, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬

નાઓનો પુરાવો નહી માનવાના કોઈ કારણો નીકળી આવેલા નથી અને આ ત્રણેય સાહેદોનો પુરાવો વિશ્વાસપાત્ર હોવાનું રેકર્ડ ઉપર જણાઈ આવે છે. બચાવપક્ષની ઉલટતપાસ અન્વયેનો રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતાં સાવ સામાન્ય શબ્દોનો ફેરફાર અને બનેલ હકિકતોના ક્રમના ફેરફારવાળા કથનો સિવાય પુરાવો ખંડીત થયો હોય કે વિશુધ્ધ થયો હોય તેવી કોઈ હકિકત રેકર્ડ ઉપર લાવવા બચાવપક્ષ સફળ રહેલ નથી. કાનુની જોગવાઈ પ્રમાણે તેવા ક્ષુલ્લક વિરોધાભાસને અવગણી અદાલતે મુળ હકિકતના હાર્દના પુરાવાને મહત્વ આપવુ જોઈએ.

## D. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫, સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતનો પુરાવો તથા ગુનાના હેતુના પુરાવાનું મૂલ્યાંકન

**(D–૧)** ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫, સુમેરસિંહ ચીમનસિંહ રાજપુરોહિતનાઓની સરતપાસમાં આવેલ પુરાવો જોવામાં આવે તો સાહેદ સને–૧૯૯૦ની સાલથી રાજસ્થાન પાલી શહેરમાં વકીલાતનો વ્યવસાય કરી રહ્યા છે. સાહેદે બી.કોમ એલ.એલ.બી સુધી અભ્યાસ કરેલો છે. સાહેદ દિવાની તેમજ ફોજદારી વકીલાતની પ્રેક્ટીશ કરે છે અને જણાવેલ સરનામે સને–૨૦૦૭ થી રહે છે. તે પહેલા તેઓ મકાન નં.૪૬૮ બાપુનગર વિસ્તાર, પાલીમાં રહેતા હતા. સને–૨૦૦૭ થી સાહેદની વકીલાતની ઓફીસ મકાન નં.૧ પંચવટી બાપુનગર વિસ્તાર પાલી ખાતે આવેલ છે. વર્ષ ૧૯૯૬માં જાન્યુઆરી–ફેબ્રુઆરીના અરસામાં તેમની વકીલાતની ઓફીસ દુકાન નં.૬ વર્ધમાન માર્કેટ, પાલીમાં હતી. જે દુકાન નં.૬ વર્ધમાન માર્કેટ વાળી જગ્યાના માલીક– અમરીબાઈ વા/ઓ જાવતરાજ જૈન, બીજાપુર ગામ રાજસ્થાનવાળાની હતી. આ દુકાન અમરીબાઈએ મોહનલાલને ભાડેથી આપેલી હતી. મોહનલાલ સાથે સાહેદના ભાઈ નરસીંહ રાજપુરોહીત દિપક ટેક્ષટાઈલના નામે વ્યવસાય કરતો હતા. દુકાનમાં જગ્યા વધારે હતી જેથી મોહનલાલની સંમતિથી તેઓએ ઓફીસ ચલાવવા માટે જગ્યા આપેલી હતી. જે જગ્યામાં તેઓ ટેબલ, ખુરશી અને પુસ્તક રાખી વકીલાતની ઓફીસ ચલાવતા હતા. અમરીબાઈ જસ્ટીસ

આર.આર.જૈન (રમણકુમાર રાજમલ જૈન) ના બહેન હતા તેવી વાત તેઓને કુટરમલે જણાવેલી. કુટરમલ શ્રી આર.આર.જૈનના કાકા હતા. આ કુટરમલ હાલ ગુજરી ગયેલ છે. સાહેદને ખબર પડેલી કે, અમરીબાઇ આર.આર.જૈનના સગા બહેન થતા ન હતા પરંતુ તેમની સગી બહેન મુલીબાઇ હતા જેમના લગ્ન જાવતરાજ સાથે નક્કી થયેલ હતા. પરંતુ લગ્નના થોડા દિવસ પહેલા મુલીબાઇનુ અવશાન થયેલુ હતુ. જેથી આર.આર.જૈનના પિતાશ્રી અમરીબાઇના લગ્ન દિકરી માનીને જાવતરાજ સાથે કરાવેલા. ત્યાર બાદથી આર.આર.જૈનના પરિવારવાળા અમરીબાઇને દિકરી તરીકે માનતા હતા અને આર.આર.જૈન અમરીબાઇને બહેન તરીકે રાખતા હતા.

તા.૨–૩ મે–૧૯૯૬ના રોજ તારીખ બીજી અને તારીખ ત્રીજીની વચ્ચે મીડનાઇટના સમયે સાહેદ તેમના ઘરે મકાન નં.૪૬૮, બાપુનગર વિસ્તાર પાલીમાં બંડ્ડી, પાયજામા પહેરીને સુતો હતા ત્યારે રાત્રીના ૧૨ થી ૧ વાગ્યાની વચ્ચે તેમના ઘરનો ડોરબેલ વાગેલો અને વકીલ સાહેબ, વકીલ સાહેબ તેવો અવાજ આવેલો જેથી સાહેદ ઉઠેલા અને ડ્રોઇંગ રૂમનો દરવાજો ખોલેલો જ્યા સામે બે વ્યકિત ઉભા હતા. તેઓએ તેમને કહેલુ કે મારા પિતાજીને અટક કરેલા છે જેથી તમારે પોલીસ સ્ટેશન આવવાનુ છે. સાહેદે રાત્રીનો સમય હોઇ પોલીસ સ્ટેશન જવાની ના પાડેલી. તો તે લોકોએ કહેલુ કે તમે પોલીસ સ્ટેશનમાં ફોન કરીલો. સાહેદે તેઓને ના પાડેલી તો તે બંન્ને વ્યકિત ઘરમાં ઘુસી આવેલા અને સાહેદને પકડીને બહાર લઇ જવા લાગેલા. તે સમયે સાહેદના મકાનની ઉત્તર તરફ એક નાના દરવાજામાંથી ચાર થી પાંચ વ્યકિતઓ આવી ગયેલા જે બધાએ ભેગા થઇ સાહેદને પકડી લઇ ઉઠાવી લઇ બહાર ઉભેલી જીપ્સી ગાડીમાં નાખી દીધેલ. સાહેદે જોર જોરથી બુમો પાડેલી તે વખતે તે બધાએ તેઓ સાથે માર પીટ કરી દીધેલી અને મોમાં કપડાનો ડુચો મારી દીધેલો. તે લોકો ગાડી લઇને સાહેદના મારા ઘરથી નીકળેલા થોડાક આગળ જતા અમારી ગાડી પાછળ બીજી એક ગાડી જીજે.૦૮.જી.૧૧૧૯ જોડાઇ ગયેલી. દરમ્યાનમાં સામેથી પાલીની પેટ્રોલીંગ પોલીસ ગાડી આવેલી તેમા એક એ.એસ.આઇ ગોમારામ હતા તેમને

જોતા સાહેદે બચાવો બચાવોની બુમો પાડેલી. જેથી પાલી પોલીસની પેટ્રોલીંગ ગાડીએ બંન્ને ગાડીઓને પીછો કરી (ઇન્ટરસેપ્ટ કરી) મરુધર હોટલ પાસે રોકી દીધેલી. સાહેદનો પુરાવો છે કે, એ દરમ્યાન સાહેદના હાથે હથકડી પહેરાવવામાં આવેલી. પાલી પોલીસની પેટ્રોલીંગ ગાડીના એ.એસ.આઇએ પુછેલુ કે તમે કોણ છો અને આમને ક્યા લઇ જાવ છો ત્યારે એ લોકોએ એવુ કહેલુ કે તેઓ પાલનપુર પોલીસના અધિકારી છે અને પાલનપુર એન.ડી.પી.એસ. કેસ માટે લઇ જાય છે. પાલી પોલીસે કહેલુ કે થાણા ઉપર જાણ કર્યા વગર તમે કેવી રીતે લઇ જઇ શકો માટે કોતવાલી થાણા ઉપર ચલો. આથી બધા કોતવાલી થાણા ઉપર ગયેલા. ત્યા પહોચ્યા બાદ સાહેદના ભાઇ નરસિંહ, તથા વકીલ ગંગાસીંહ, વિગેરે પોલીસ સ્ટેશન આવી ગયેલા. વધુમાં ત્યા પોલીસ સ્ટેશનમાં સર્કલ ઇન્સપેક્ટર રાકેશપુરી આવેલા. ત્યા હાજર વકીલ સોહનરાજ મહેતા સાહેદના હાથમાં પહેરાવેલ હથકડી અંગે વાધો લેતા હથકડી ખોલવામાં આવેલી. ત્યાર બાદ સાહેદના ઘરમાં સૌપ્રથમ જે બે વ્યકિતઓ આવેલા હતા તેમણે તેમનો પરીચય આઇ.બી.વ્યાસ અને યાજ્ઞીક તરીકેનો આપેલો. તેમણે એવુ કહેલુ કે સાહેદની સામે પાલનપુરમાં તા.૨૯મી એપ્રિલ ૧૯૯૬ ના રાત્રે હોટલ લાજવંતીમાં રૂમનં.૩૦૫ માં તેઓ રોકાયેલા હતા તેવુ બતાવેલુ અને બીજા દિવસે સવારે ૬.૦૦ વાગે તેઓ ઉપર ખાનગી ફોન આવેલો હોવાનુ જણાવેલુ અને તેમા તેઓ પાંચ કિગ્રા અફીણ લઇને હોટલ લાજવંતીમાં રોકાયેલા છે અને બીજા દિવસે સવારે ડીલીવરી આપવાનાંછે. તેમણે એવુ પણ જણાવેલુ કે તેઓએ હોટલ ઉપર રેડ કરેલી ત્યા કોઇ વ્યકિત મળેલ નહી. રૂમમાંથી એક કીલો પંદર ગ્રામ અફીણ મળી આવેલુ છે તેવુ જણાવેલુ તે મામલામાં સાહેદને પાલનપુર લઇ જવા માટે આવેલા છે તેવુ જણાવેલુ. જેથી કોતવાલી થાણામાં આવેલ સર્કલ ઇન્સ.શ્રી રાકેશપુરીએ પાલીના એડીશનલ એસ.પી જોડે વાત કરેલી અને એવુ કહેલુ કે સવારે તપાસ કર્યા પછી મોકલીશુ અત્યારે નહી મોકલીએ. જેથી આઇ.બી. વ્યાસે કોતવાલી પોલીસ થાણાના ફોન ઉપર થી સંજીવ ભટ્ટ ડી.એસ.પી પાલનપુર સાથે વાત કરવા માટે ફોન બુક કરાવેલો. ફોન

લાગ્યો ત્યારે સંજીવ ભટ્ટે આઇ.બી.વ્યાસ સાથે વાત કરેલી અને રાકેશપુરી સાથે વાત કરેલી તથા રાકેશપુરીને કહેલુ કે અત્યારે રાત્રેજ તરત જ રવાનો કરો, મેટર મારા જાણમાં છે તેવુ સંજીવ ભટ્ટે રાકેશપુરીને કહેલુ. રાકેશપુરીએ ફરી એડી.એસ.પી.પાલી જોડે વાત કરેલી અને સંજીવ ભટ્ટે સાથે થયેલી વાત તેમને કહેલી જેથી તેઓને રાત્રેજ રવાના કરવા રાકેશપુરીએ હા પાડેલી. પાલી પોલીસે લેખિતમાં આપવાનુ કહેતા તેઓએ લેખિત આપેલુ અને કેસ ડાયરી બાબતે પુછતા તે લોકોએ એવુ કહેલુ કે કેસ ડાયરી સહ આરોપી અંગે કોર્ટમાં ગયેલી છે. બાદમાં ત્યાથી સાહેદને લઈને પાલનપુર આવવા નીકળેલા. કોટવાલી થાણાથી આગળ જતા તરત જ પાલીનુ જુનુ બસ સ્ટેન્ડ આવે છે તે બસ સ્ટેન્ડ પાસે પહોચતા આઇ.બી.વ્યાસે સાહેદને પુછેલુ કે વર્ધમાન માર્કેટની દુકાનનુ લોકેશન શુ છે. જેથી સાહેદે લોકેશન બતાવતા બંન્ને ગાડીઓ વર્ધમાન માર્કેટ ગયેલી. વર્ધમાન માર્કેટ પાસે પહોચતા ત્યા બહારથી સાહેદને પુછેલુ કે તમારી ઓફીસ છે તે દુકાન કઇ છે. જેથી સાહેદે બહારથી જ દુકાન બતાવેલી.

સાહેદને પાલીથી પાલનપુર લઇ આવવા નીકળ્યા તે વખતે ગાડીઓની પાછળ પાછળ તેમનાં ભાઇ નરસીંહ તેમના સાથે મહેન્દ્ર કાકરીયા, વકીલ ગંગાસીંહજી, હરીસીંહ, પુનમસીંહ અને અમરસીંહ પણ ગાડીમાં આવેલા હતા. સાહેદે એવો પણ પુરાવો આપેલ છે કે, તેઓને પાલનપુર એલ.સી.બી ઓફીસ લઇ આવ્યા પછી તા.૩.૫.૯૬ ના રોજ બપોર બાદ તેઓને શ્રી આઇ.બી.વ્યાસ, ડી.એસ.પી શ્રી સંજીવ ભટ્ટની ઓફીસમાં લઇ ગયેલા. ઓફીસમાં ડી.એસ.પી શ્રી સંજીવ ભટ્ટ સાહેબ બેઠેલા હતા, તેમણે સાહેદને કહેલુ કે તમારા પાલીમાં વર્ધમાન માર્કેટની દુકનનો શુ વિવાદ છે? તમે દુકાન ખાલી કરી નાખો. સાહેદે જણાવેલુ કે દુકાનના ભાડુઆત મોહનલાલ છે. તેઓ ખાલી કરવાની પોઝીશનમાં નથી. ભાડુઆત મોહનલાલ છે. જેથી ડી.એસ.પી. સાહેબે તેઓને ધમકી ભર્યા શબ્દોમાં કહેલુ કે, તમારા વિરુધ પાંચ કિલો અફીણનો કેસ કરેલ છે. અત્યારે તો અમે એક કિલો અફીણ મળ્યુ તેવુ બતાવેલુ છે ચાર કિલોની રીકવરી બાકી છે જે રીકવરી તમારી પાસેથી કરેલાનું બતાવીશું.

એવુ પણ કહેલુ કે હોટલ માલીક અને વેઇટરથી તમારી ઓળખાણ કરાવીશું અને આ મામલામાં તમારી જામીન થશે નહી કારણ કે, હાઇકોર્ટ જજ આર.આર.જૈન સાહેબ ઇન્ટરેસ્ટેડ છે. ડી.એસ.પી.સાહેબે એવુ પણ કહેલ છે કે તમારી સાથે સગાઓ આવેલા હોય તો તેમની સાથે વાત કરી પાલીની દુકાન ખાલી કરવાની વાત કરો. પછી તેઓને આઇ.બી.વ્યાસ એલ.સી.બી ઓફીસમાં પાછા લાવેલા તેઓએ આ બધી વાત સાથે આવેલ નરસીંહને કરેલી અને સાહેદે તેમને કહેલુ કે તમે દુકાન ખાલી કરવાનુ કામ કરાવો તો જ તેઓ છુટશે. સાહેદ આરોપી નં.–(૨)ને ઓળખી બતાવેલ છે.

સાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, તે દિવસે તેમનાં ભાઇ નરસીંહેએ મોટા ભાઈ રઘુનાથસીંહને ફોન ઉપર બધી વાત જણાવેલ જેથી રઘુનાથસીંહે શ્રી આર.આર.જૈનના કાકા કુટરમલ જે પાલીમાં રહેતા હતા અને દુકાન માલીક અમરીબાઇના પાવરઓફ એટરની હોલ્ડર હતા તેમને વાત કરેલી. તા.૪.૫.૯૬ના રોજ બપોરના આશરે દોઢ વાગે તેઓને મેજી.કોર્ટમાં રજુ કરેલા અને ૧૦ દિવસના પોલીસ રીમાન્ડ માગેલા. તેમના વકીલ બી.એસ.પરમારે રીમાન્ડ એપ્લીકેશનનો જવાબ આપેલો અને સાથે આવેલ વકીલ ગંગાસીંહજીનુ એફીડેવીટ રજુ કરેલુ. રીમાન્ડ અરજીના જવાબમાં એવુ જણાવેલુ કે, પાલીની વર્ધમાનની દુકાન ખાલી કરાવવા દુકાન માલીક અને પોલીસવાળાએ મળી જઇ આ ખોટો કેસ કરવામાં આવેલો છે.

તા.૨૯/૪/૯૬ના રોજ તેઓ પાલીમાં હતા અને પાલનપુરમાં ન હતા. તેઓને પોલીસ પાલનપુર લઇ આવી તે પહેલા ક્યારેય તેઓ પાલનપુર આવેલ ન હતા. તે સમયે તેઓ વકીલાત કરતા હતા. તેઓને ત્યાં સવારની કોર્ટ તે વખતે હતી અને તેઓ તા.૩૦/૦૪/૯૬ના રોજ સવારે ૭.૩૦થી કોર્ટમાં હતા.

સાહેદે એવો પણ પુરાવો આપેલ છે કે, કોર્ટમાં રીમાન્ડ માટે કોર્ટમાં તેઓને રજુ કરેલા તે વખતે કોર્ટે તેઓને ૭ દિવસના પોલીસ રીમાન્ડ ઉપર સોપવાનો હુકમ કરેલો હતો. તા.૩/૫/૯૬ થી તા.૬/૫/૯૬ એમ ચાર દિવસ આઇ.બી.વ્યાસે તેમની પુછપરછ કરેલી. તેઓએ પુછપરછમાં જણાવેલુ કે

વકીલાતનો વ્યવસાય કરે છે અફીણનો કોઇ ધંધો કરતા નથી. દુકાન માટે તેઓને ખોટા ફસાવી દેવામાં આવેલા છે.

તા.૫/૫/૯૬ના રોજ સાંજના ૮.૦૦ વાગ્યાના સુમારે સાહેદના મોટા ભાઇ રઘુનાથસીંહ, કુટરમલ, સોહનજી, તથા નારણસીંહજી પાલીથી પાલનપુર એલ.સી.બી ઓફીસ આવેલા. સાહેદની સામે કુટરમલે, આઇ.બી.વ્યાસને કહેલ કે દુકાન ખાલી થઇ ગઇ છે. દુકાન ખાલી કરવાનો એગ્રીમેન્ટ થઇ ગયેલ છે. દુકાનનો એગ્રીમેન્ટ અને ચાવી સાથે આવેલા મીડીએટરની પાસે છે તેથી સુમેરસીંહને છોડી મુકો તેમણે એવુ પણ કહેલુ કે તેમણે શ્રી સંજીવ ભટ્ટ સાહેબ જોડે અને જસ્ટીસ આર.આર.જૈન સાહેબ જોડે વાત કરી લીધેલી છે. ત્યારે આઇ.બી.વ્યાસે કહેલુ કે આ કામ ગઇ કાલે થઇ ગયેલ હોત તો તેઓને કોર્ટમા રજુ કરવો પડત નહી. પછી આઇ.બી.વ્યાસે કહેલુ કે કશો વાધો નહી આવતી કાલે તેઓને (છુડવા દેંગે) છોડાવી દેશે. આઇ.બી.વ્યાસના કહેવાથી કુટરમલ, સોહનજી, અને નારણસીંહના નિવેદનો પ્રવિણભાઇએ લખેલા.

તા.૬/૫/૯૬ના રોજ બપોર બાદ આશરે ૪.૩૦ના સુમારે તેઓને એક્જી.મેજીસ્ટેટ પાસે લઇ ગયેલા ત્યા ત્રણ ચાર માણસો ઉભેલા હતા તેઓને ત્યા ઉભા કરી દીધેલા. થોડા સમય પછી તેઓને એલ.સી.બી વાળા કહેલ કે હોટલ માલીક અને વેઇટરે તમારી ઓળખાણ કરેલી નથી. એક્જી.મેજીસ્ટેટ પાસે બે માણસો હતા જે લખવાનુ કામ કરતા હતા. તા.૬/૫/૯૬ના રોજ સવારે તેઓના બંન્ને હાથોની નમુનાની સહીઓ લેવામાં આવેલી હતી. તા.૬/૫/૯૬ના રોજ સાંજે લગભગ પાંચ વાગે તેઓને કોર્ટમાં રજુ કરેલા અને સી.આર.પી.સી.–૧૬૯નો રીપોર્ટ રજુ કરેલો, કોર્ટના જજ સાહેબ રજા ઉપર હતા તેઓને લીંક જજ (જેની પાસે ચાર્જ હતો) પાસે રજુ કરેલા, ત્યા તેઓના વકીલ સાહેબે તેમની જામીન અરજી રજુ કરેલી તે જામીન અરજીમાં પણ તેઓને દુકાનના કારણે ખોટા કેસમાં ફસાવી દીધેલાની હકીકત જણાવેલી. તે જજ સાહેબે એવુ કહીને હીયરીંગ કરવાની ના પાડી કે આ સ્પે.કોર્ટનો મામલો છે હુ

સાંભળીશ નહી અને તા.૮/૫/૯૬ની મુદત આપેલી. તા.૭.૫.૯૬ ના રોજ લોકશભાના ઈલેકશનના કારણે રજા હતી. સાહેદના ભાઈ રઘુનાથસીંહ અને વકીલ ગંગાસીંહે કુટરમલને કહેલુ કે આપના કહેવા પ્રમાણે દુકાન ખાલી કરવાનો એગ્રીમેન્ટ કરેલ છે અને દુકાન ખાલી કરી દીધી છે તો પણ તેઓને જેલમાં મોકલી દીધા, કુટરમલે તે દિવસે જસ્ટીશ આર.આર.જૈન સાથે ફોન ઉપર વાત કરેલી અને બધી વાત કહેલી, વાત કર્યા બાદ કુટરમલે કહેલુ કે જજ સાહેબ આર.આર.જૈન સાહેબે એવુ કહેલુ છે કે તા.૮/૫/૯૬ના રોજ જે જજ સાહેબે જામીન માટેના પાડેલી તે જ જજ સાહેબ છોડી દેશે. તા.૮/૫/૯૬ના રોજ સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ની વચ્ચે તે જ જજ સાહેબે તેઓને રૂ.દશ હજારના પર્સનલ બોન્ડ ઉપર જામીન મુક્ત કરેલા. તા.૭.૫.૯૬ના રોજ જેલમાં તેઓને વકીલ ગંગાસીંહ અને વકીલ બી.એસ.પરમાર મળવા આવેલા અને તેઓએ કહેલ કે કુટરમલે આર.આર.જૈન જજ સાહેબ સાથે વાત કરેલી છે અને આર.આર.જૈન જજ સાહેબે કહેલુ છે કે કાલે તા.૮/૫/૯૬ના રોજ સુમેરસીંહને જામીન ઉપર છોડી દેશે. તા.૮/૫/૯૬ના રોજ બપોરના બાર વાગ્યા બાદ તેઓને જેલથી છોડવામાં આવેલ. જેલથી છુટીને તેઓ વીજય ગેસ્ટહાઉસ ગયેલા જ્યા કુટરમલ, સોહનજી, નારણસીંહ, તેઓના મોટા ભાઈ રઘુનાથસીંહ અને પાલીથી આવેલા વકીલ ત્યા રોકાયેલા હતા. પછી પાલીથી જે એડવોકેટ આવેલા તેમની સાથે તેઓ પાલનપુર કોર્ટમાં આવેલો અને તેઓના વકીલ બી.એસ.પરમારને મળેલો પછી એલ.સી.બી ઓફીસ ગયેલો જ્યા આઇ.બી.વ્યાસે તેઓની સાથે આવેલા સગાઓ તથા વકીલોના નિવેદનો લીધેલા.

તા.૮/૫/૯૬ના રોજ સાંજે કુટરમલે સાહેદના ભાઈ રઘુનાથસીંહ અને વકીલગંગાસીંહને કહેલ કે દુકાનની ચાવી અને એગ્રીમેન્ટ મીડીએટર પાસેથી મને અપાવો કારણ કે સુમેરસીંહ છુટી ગયા છે તે વખતે ગંગાસીંહજીએ એવુ કહેલુ કે હજુ જામીન ઉપર છુટ્યા છે કેસ પુરો થયો નથી ત્યારે કુટરમલે ગંગાસીંહને કહેલુ કે આર.આર.જૈન સાથે વાત કરો. કુટરમલ તથા ગંગાસીહ વીજય ગેસ્ટ હાઉસની નીચે એસ.ટી.ડી. પીસીઓ હતુ ત્યા ગયેલા કુટરમલે

બતાવેલા નંબર ઉપર ગંગાસીંહે ફોન લગાવીને વાત કરેલી જેમા જજ સાહેબે આર.આર.જૈનને કહેલુ કે કેસ હજુ પુરો થયો નથી જેથી એગ્રીમેન્ટ અને ચાવી આપીશુ નહી. આ વાત તેઓને ગેસ્ટહાઉસમાં પાછા ઉપર આવીને ગંગાસીંહે કરેલી. ગંગાસીંહ તથા કુટરમલ ફોન ઉપર વાત કરવા ગયા તે વખતે તેમની સાથે સાહેદના ભાઈ રઘુનાથસીંહ પણ સાથે હતા. જસ્ટીસ આર.આર.જૈન સાથે ફોન ઉપર વાત કરવામાં આવેલી તે ફોન નં.૦૭૯ ૭૮૬૫૫૬૮ હતો.

બીજા દિવસે તા.૯/૫/૯૬ના રોજ સવારે પાલી કોર્ટમાં પાલી બાર એસોસીયનની મીટીંગમાં તેઓ પાસેથી અને ગંગાસીંહજી પાસેથી વકીલ સાહેબોએ બધી વાત પુછીને જાણેલી અને તેઓના મોટા ભાઈ રઘુનાથસીંહને પણ બોલાવેલા અને તેમને પણ બધી વાત પુછીને હકીકત જાણેલી.

તા.૧૫/૫/૯૬ના રોજ સાંજના સમયે ગંગાસીંહે ફોન કરીને તેઓને તેમના ઘરે બોલાવેલ ત્યા નારાયણસીંહ બેઠેલા હતા નારાયણસીંહએ જણાવેલ કે જસ્ટીસ આર.આર.જૈન સાહેબનો ફોન આવેલો છે કે સુમેરસીંહના વિરુધ્ધ કેસ ખતમ કરી દેવામાં આવેલ છે જેથી કુટરમલ એગ્રીમેન્ટ અને ચાવી મીડીએટર નારાયણસીંહ પાસેથી માગી રહેલ છે જેથી તેઓએ ગંગાસીંહને કહેલુ કે આર.આર.જૈન સાહેબથી વાત કરીલો જેથી નારાયણસીંહ ત થા ગંગાસીંહજી બીજા મીડીએટર સોહનલાલના ઘરે ગયેલા જ્યા કુટરમલ પણ બેઠેલા હતા ત્યાથી તેમને ગંગાસીંહની આર.આર.જૈન સાહેબ સાથે વાત કરાવડાવેલી, ગંગાસીંહજીએ પાછા આવીને તેઓને જણાવેલુ કે આર.આર.જૈન સાહેબે ફોન ઉપર આખો હુકમ વાંચીને સંભળાવેલ છે જે હુકમ તા.૧૪.૫.૯૬ ના રોજ થયેલો છે અને કેસ પુરો થઇ ગયેલો છે. આવુ તેઓને કહેતા તેઓએ ગંગાસીંહજી અને નારાયણસીંહજીને કહેલુ કે કેસ પુરો થઇ ગયો છે તો એગ્રીમેન્ટ અને ચાવી કુટરમલને આપી દો, તેઓએ દુકાન નં.૬ વર્ધમાન માર્કેટની ચાવી તથા દુકાન ખાલી કરવા બાબતનો એગ્રીમેન્ટ કુટરમલને આપી દીધેલો.

સાહેદે તેમની સરતપાસમાં તેઓને પ્રશ્નો પૂછતા સાહેદ તેમની પાસેથી ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ ન્યુ દિલ્હીની પ્રમાણિત નકલ કુલ બે પાના

જેમા પ્રથમ એગ્રીમેન્ટ તથા બીજુ લખાણ છે તે રજુ કરેલ. જે સંયુક્ત આંક–૪૯૯ થી રજુ થયેલ છે.

સાહેદે વધુમાં એવો પણ પુરાવો આપેલ છે કે, આ કેસ દુકાન નં.૬ વર્ધમાન માર્કેટ પાલી તેમની પાસેથી અને મોહનલાલ પાસેથી ખાલી કરાવવા માટે દુકાન માલિકના મુખ્યત્યાર કુટરમલ જૈન અને આર.આર.જૈન તથા ડી.એસ.પી.શ્રી સંજીવ ભટ્ટ અને તેમના સહયોગીઓએ મળીને તેઓના વિરુધ ખોટો કેસ કરેલો હતો. સાહેદે જણાવેલ છે કે, તેઓનું સી.આઇ.ડી ક્રાઇમ ગાંધીનગર દ્વારા બે વાર નિવેદન લેવામાં આવેલુ હતુ. તેમને છોડ્યા બાદ તેમણે પાલી બાર એસોશીસેસનમાં બધી ઘટના જણાવેલી, પાલી બાર એસોસીયેશન તથા રાજસ્થાન બાર કોઉન્સીલે આ મામલાને તેમના હાથમાં લઇ જુદી જુદી જગ્યાએ તેઓએ આરોપી વિરુધ કાર્યવાહી કરવા માટે રીપ્રેઝેનટેશન કરેલા હતા અને તેઓએ રાજસ્થાન કોર્ટમાં ફરિયાદ કરેલી.

સાહેદે એવો પણ પુરાવો આપેલ છે કે, રાજસ્થાન કોર્ટમાં કરેલ કેસ તથા આ કેસ અલગ અલગ છે. દિલ્હીમાં પટીયાલા હાઉસ કોર્ટમાં કુટરમલ વિરુધ ચાલેલ કેસમાં તેઓએ જુબાની આપેલી. સી.આઇ.ડી ક્રાઇમ ગાંધીનગર દ્વારા તેઓનું બીજુ જે નિવેદન લેવામાં આવેલ હતુ તે પાલનપુર ખાતે તેઓના વિરુધ જે ખોટો કેસ દુકાન ખાલી કરવા માટે કરવામાં આવેલો હતો તે અંગે લેવામાં આવેલુ હતુ. તેઓએ રાજસ્થાનમાં જે ફરિયાદ દાખલકરેલી હતી તે ફરિયાદમાં ફરિયાદપક્ષે સરકારશ્રી તરફે સ્પે.પી.પી.શ્રી કરણસીંહજી રાઠોડ કેસ ચલાવતા હતા. શ્રી કરણસીંહજી રાઠોડને તેઓના કેસમાંથી હટી જવા માટે શ્રી સંજીવ ભટ્ટ સાહેબે જાનથી મારી નાખવાની ધમકી આપેલી, જેથી કરણસીંહજીને પોલીસ પ્રોટેકશન પુરુ પાડવામાં આવેલુ હતુ. સી.આઇ.ડી.ક્રાઇમ ગાંધીનગરના અધિકારીશ્રી વીરેન્દ્રસીંહ યાદવ દ્વારા તેમના નિવેદનો ગુજરાતીમાં લખેલા અને પછી તેમને હિન્દીમાં તે સમજાવવામાં આવેલ.

સાહેદે આંક–૪૯૯ અંગે એવો પુરાવો આપેલ છે કે, તેનુ પ્રથમ પાનુ એગ્રીમેન્ટ/એકરાર નામુ છે. જેમા મોહનલાલ અને કુટરમલની સહીઓ

છે.આ એગી્રમેન્ટ/એકરાર નામુ અમરી બાઇના મુખત્યાર કુટરમલના પક્ષમા મોહનલાલે દુકાન નં.બર–૬ વર્ધમાન માર્કેટ પાલીને ખાલી કરવા અને સાહેદનો સામાન તેમાંથી ખસેડવા બાબતે કરવામા આવેલ હતો. નીચેના ભાગે કુટરમલે લખેલુ છે કે દુકાનનો કબજો તેમણે મેળવી લીધેલો છે. આકં–૪૯૯ ના બીજા પાના બાબતે સાહેદે પુરાવો આપેલ છે કે, તેમા કુટરમલ તેમજ મોહનલાલની સહીઓ છે. મોહનલાલે જયારે કુટરમલને એવુ કહેલુ કે હુ દુકાન ખાલી કરી રહયો છુ. એગ્રીમેન્ટ કરી રહયો છુ. તો સુમેરસીંહના છુટે તો તેની ગેરંટી શુ છે. ત્યારે કુટરમલે તેમના દીકરા રોહીત પાસે લખાણ લખાવેલુ કે મોહનલાલે એવી શરત ઉપર દુકાન ખાલી કરેલી છે કે કુટરમલ સુમેરસીંહને છોડાવવામા મદદ કરશે અને મદદ સફળ ના થાય તો મોહનલાલે જે એગ્રીમેન્ટ કરેલો છે તે રદબાતલ ગણાશે અને દુકાનની ચાવી અને મુળ એગ્રીમેન્ટ મધ્યસ્થી નારાણસીંહ પરત મોહનલાલને સુપરત કરશે.

સાહેદને આંક–૧૭૩થી આંક–૧૯૬ કે જે શ્રી વ્યાસ ધ્વારા લેવામાં આવેલ નમુનાની સહીઓ છે તે બતાવામા આવતા દરેક પાના ઉપરની પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે.

સાહેદને આંક–૩૦૦ કે જે હોટલ લાજવંતીના રજીસ્ટરની એન્ટ્રી નંબર –૬૪૦ બતાવતા તે તેઓના નામની છે તે એન્ટ્રી કોઇક માણસે કરાવેલી છે અને કોઇકે સાહેદની બનાવટી સહી કરેલી છે તેવો પુરાવો આપેલ છે. જે લાજવંતી હોટલના રજીસ્ટરની એન્ટ્રી અંગેની સહી સીકકાવાળી નકલ સાહેદે દિલ્હી કોર્ટમાથી મેળવેલ તે રજુ કરેલ છે જેનો આંક–૫૦૧ છે.

**(D–૨)** આ સાહેદ નં.–૧૫ના પુરાવા બાબતે ફરિયાદપક્ષ એવી દલીલ કરેલ છે કે, આ કેસના વિકટીમ સુમેરસિંહ રાજપુરોહિત કે જેઓને અફીણ પ્લાન્ટ કરીને એન.ડી.પી.એસ.ના ગંભીર ગુનામાં સંડોવવામાં આવેલ તેઓને ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ તરીકે તપાસેલ છે જેઓના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેમનો પુરાવો વિશ્વાસલાયક અને ભરોસાપાત્ર છે. આ સાહેદના પુરાવામાં

કોઈ મહત્વના વિરોધાભાસ નથી. આ સાહેદ ૧૯૯૬ના વર્ષમાં પાલી રાજસ્થાન મુકામે વકીલાતનો વ્યવસાય કરતા, સાહેદ અફીણનો ધંધો કરતા હોવાનું અને ૫ કિલો અફીણ લઈ હોટેલ લાજવંતીમાં રોકાયેલ હોવાનું તેમજ અફીણની ડીલીવરી પાલનપુરમાં આપવાની હોવાનું ખોટું દર્શાવીને ખોટી વર્ધી ઉભી કરી સાહેદને પુરાવા વગર અફીણના એન.ડી.પી.એસ એકટના ગંભીર ગુનામાં સંડોવવામાં આવેલ. આ સાહેદને પકડી લાવવા માટે આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટનાઓએ એપ્રુવરને સૂચનાઓ આપેલી. સાહેદને પાલીથી પકડીને પાલનપુર ખાતે લાવવામાં આવેલ. સાહેદને તા.૦૩.૦૫.૧૯૯૬ના રોજ આરોપી સંજીવ ભટ્ટે પોતાની ઓફિસમાં બોલાવી, વર્ધમાન માર્કેટની દુકાનનો શું વિવાદ છે તથા દુકાન તુરત ખાલી કરવા અને ૫ કિલો અફીણનો કેસ કરેલ છે ૧ કિલો અફીણ કબજે કરેલ છે, ૪ કિલો અફીણ શોધવાનું બાકી છે, તે તમારી પાસેથી રીકવરી બતાવીશું અને હોટેલ લાજવંતીના માલિક પાસે ખોટી ઓળખ કરાવીશું, હાઈકોર્ટ સુધી જામીન મળશે નહી તેવી ધમકી આપેલ.

ફરિયાદપક્ષે એવી પણ દલીલ કરેલ છે કે, સાહેદ નં.–૧૫ નાઓ ઉપર દુકાન ખાલી કરવા માટે અફીણનો કેસ ઉભો કરવા માટે આરોપી નં.–(૨) એ રૂપિયા ૨૦,૦૦૦/– આપી અફીણની ખરીદી કરાવેલ અને હોટેલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ માં પ્લાન્ટ કરાવેલ.

સાહેદ વર્ધમાન માર્કેટ વાળી જગ્યામાં વકીલાતની ઓફીસ ચલાવતા હતા તે ખાલી કરવા માટે સાહેદ ઉપર એન.ડી.પી.એસ એકટનો ખોટો કેસ કરવામાં આવેલ. આ ગુનામાં સાહેદની અટક કર્યા પછી કોર્ટમાં રજુ કરી રિમાન્ડ તારીખ ૧૦/૦૫/૧૯૯૬ સુધીની ખોટી રીતે પોલીસ કસ્ટડી મેળવી તા.૦૬/૦૫/૯૬ સુધી ગેરકાયદેસર કસ્ટડીમાં રાખવામાં આવેલ. આ સાહેદ નં.–૧૫ના તથા અન્ય સાહેદોના પુરાવાથી આરોપી નં.–(૨)ની ગુનામાં

સીધી સંડોવણી તથા હેતુ ફરિયાદપક્ષે સાબિત કરેલ હોવાનું ફરિયાદપક્ષે દલીલ કરેલ છે.

સાહેદ નં.–૧૫નો સીધો તથા વિરોધાભાસ વગરનો પુરાવો હોવાનુ રેકર્ડ ઉપર નીકળી આવેલ છે. સાહેદ નં.–૧૫ ના પુરાવાને સાહેદ નં.–૧૪, સાહેદ નં.–૧૬ તથા એપ્રુવર ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ ના પુરાવાથી તથા અન્ય સાહેદોના પુરાવાઓથી તથા પુરવાર થયેલ દસ્તાવેજી પુરાવાથી પણ સમર્થન મળે છે. આ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ નાઓએ ૧૯૯૬ની સાલમાં જ તાત્કાલિક જરૂરી કાયદાકીય કાર્યવાહી કરેલ હતી. સાહેદના પુરાવામાં કોઈ સામાન્ય અનીયમિતતા  કે નાનો વિરોધાભાસ હોવાથી સાહેદોનો પુરાવો અવિશ્વસનીય બનતો નથી, તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતો છે.

વધુમાં, ફરિયાદપક્ષે એવી પણ દલીલ કરેલ છે કે, પુરાવો જોતા આ સાહેદ નં.–૧૫ને આરોપી નં.–(૨) સાથે કોઈ દુશ્મનાવટ નથી કે જેના કારણે આ સાહેદે આરોપી તથા એપ્રુવરને ખોટા સંડોવેલ. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો આ સાહેદનો પુરાવો અવિશ્વસનીય નહી પરંતુ વધુ સ્પષ્ટ થાય તે રીતે ઉલટ તપાસ દરમયાન રેકર્ડ ઉપર આવેલ છે. ઉલટતપાસથી આવેલ પુરાવાઓથી આ સાહેદના પુરાવાને વધુ સમર્થન મળેલ છે. આ સાહેદની સરતપાસ તથા ઉલટતપાસ જોવામાં આવે તથા સાહેદની જુબાનીમાં રજુ થયેલ દસ્તાવેજોનું મૂલ્યાંકન–વિશ્લેષણ કરવામાં આવે તો એવું પુરવાર થયાનુ જણાઈ આવે છે કે, સાહેદ નં.–૧૫ને અફીણના જે ખોટા કેસમાં સંડોવવામાં આવેલ તે કેસમાંથી વર્ધમાન માર્કેટ વાળી જગ્યા ખાલી થઇ જવાથી આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટની સુચનાથી સાહેદને છોડી મુકવા તારીખ ૦૬/૦૫/૧૯૯૬ના રોજ

ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૯નો રીપોર્ટ કરવામાં આવેલ. વધુમાં કલમ ૫૮(૨) નો કરવામાં આવેલ રીપોર્ટ કે જે આરોપી નં.–(૨) ની સુચનાથી એપ્રુવરે કરેલ તે આંક–૨૮૭ વાળો જોવામાં આવે તો પણ સાહેદ નં.–૧૫ વિરુધ ખોટો એન.ડી.પી.એસ. એકટનો ગુનો દાખલ કરવામાં આવેલ હતો તે ફરિયાદપક્ષે રજુ સિધા અને આનુષાંગીક પુરાવાથી સાબિત થયેલ છે, તેવુ નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી.

રેકર્ડ ઉપરનો પુરાવો તથા દસ્તાવેજી પુરાવો જોતા આ કેસમાં સાહેદ સુમેરસિંહ રાજપુરોહિતને અફીણના ગુનામાં સંડોવવાનાં કાવતરામાં આરોપી નં.–(૨), એપ્રુવર તથા મરણજનાર આરોપી સામેલ હતા તે હકિકત ચર્ચા કર્યા અનુસારના સાહેદોના પુરાવાથી પુરવાર થયેલ છે. આ સાહેદ નં.–૧૫ નાઓને અફીણના ગુનામાં અટક કરવામાં આવેલ અને ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કલમ–૧૬૯નો રીપોર્ટ કરવામાં આવેલ તે પણ રેકર્ડ ઉપરની પુરવાર થયેલ હકીકત છે. આ સાહેદની ઉલટતપાસ જોતા આ સાહેદે તેઓને આ ગુનામાંથી મુકત કરવામાં આવ્યા ત્યારબાદ તાત્કાલિક આરોપી નં.–(૨) તથા અન્ય વિરુદધ ફરિયાદ દાખલ કરેલ. આમ આ સાહેદને ખોટું બોલવાનું કોઈ કારણ જણાતું નથી. સાહેદનો પુરાવો જોતા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ નાઓની ઉલટતપાસ જોવામાં આવે તો ફરિયાદપક્ષના આ સાહેદના પુરાવાનું ખંડન થતું હોવાનું જણાતું નથી પરંતુ ફરિયાદપક્ષના અન્ય સાહેદોના પુરાવાને આ સાહેદના પુરાવાથી સમર્થન મળે છે અને આ સાહેદને પણ રેકર્ડ ઉપરના અન્ય પુરાવાથી સમર્થન મળે છે.

**(D–૩)** બચાવપક્ષની દલીલ એવી છે કે, સુમેરસિંહે જે કાર્યવાહી કરી છે તે જોતા તેઓ હિત ધરાવતા સાક્ષી છે. સુમેરસિંહ વિકટીમ નથી તેઓ પ્રથમથી જ ગુના સાથે સંકળાયેલ હતા. આ અંગે ફરિયાદપક્ષની દલીલ એવી છે કે,

સુમેરસિંહ, હિત ધરાવતા સાહેદ નહી પરંતુ વિકટીમ છે તે તેમનો પુરાવો જોતા તથા રેકર્ડ ઉપરનો પુરાવો જોતા સ્પષ્ટ છે. ક્રી.પ્રો.કોડ કલમ–૨(wa) જોતા વિકટીમ–પીડિત એટલે એવા વ્યક્તિ કે જેણે કોઈ કૃત્યને કારણે નુકસાન અથવા ઈજા સહન કરી હોય, જેના માટે આરોપી ઉપર આરોપ મુકવામાં આવેલ હોય. ઈ.પી.કોની કલમ–૪૪ની ઈજાની વ્યાખ્યામાં “કોઈ વ્યક્તિના શરીરને, મનને કે પ્રતિષ્ઠાને ગેરકાયદેસર રીતે પહોચાડેલી કોઈ પણ હાનિનો” સમાવેશ થાય છે અને ઈજા પામનાર સાહેદને ન માનવાને કોઈ કારણ નથી આ કિસ્સામાં તો વિકટીમનો વિરોધાભાસ વગરનો પુરાવો છે જે પુરાવાને રેકર્ડ ઉપરના તમામ પુરાવાથી સમર્થન મળે છે. વધુમાં ફરિયાદપક્ષની એવી દલીલ છે કે, સાહેદ સુમેરસિંહને હિત ધરાવતા સાહેદ તરીકે બચાવપક્ષે દર્શાવેલ છે પરંતુ તેમનો પુરાવો ન માનવા અને તેઓ પ્રથમથી જ ગુના સાથે સંકળાયેલ હતા તેવી જે દલીલ કરેલ છે તે માનવાનું કોઈ કારણ નથી. વધુમાં, કોઈ સાહેદ હિત ધરાવતા સાહેદ હોય તો પણ, હિત ધરાવતા સાક્ષીનો પુરાવો માની ન શકાય તેવો કાયદો નથી. હિત ધરાવતા સાહેદ હોય તેવા કિસ્સામાં પણ હિત ધરાવતા સાહેદનો મહત્વના વિરોધાભાસ વગરનો પુરાવો હોય તો પણ તેવો પુરાવો માની શકાય તેવા ઉચ્ચ અદાલતના ચુકાદા છે.

સાહેદોનો પુરાવો, બચાવપક્ષની દલીલો તથા તે દલીલ સંદર્ભે વાંચવામાં આવેલ ઉલટતપાસ જોતા એવું સ્પષ્ટ થાય છે કે આ સાહેદ નં.–૧૫ ને અફીણના ખોટા ગુનામાં સંડોવવામા આવેલા અને તે બાબતે ૨૦૧૮ ના વર્ષ અગાઉ કોઈ યોગ્ય, સાચી તપાસ થયેલ ન હતી. એક એડવોકેટ તેવા આ સાહેદ કાવતરાનો ભોગ બનેલ અને તેઓ વકીલાતના વ્યવસાય માટે જે ઓફીસનો ઉપયોગ કરતા હતા તે ખાલી કરાવવા સારું અફીણ ખરીદી, અફીણ પ્લાન્ટ કરી તેઓ વિરુધ્ધ ખોટા દસ્તાવેજો ઉભા કરી અફીણનો ગંભીર ગુનો દાખલ કરી તેઓની અટક કરવામાં આવેલ અને ગુનાનો હેતુ પૂર્ણ થતા તેઓને અન્ય અફીણનો ગુનો કરવા વાળી ગેંગના સભ્યોએ સંડોવેલ હોવાની શંકા વ્યક્ત કરી મુક્ત કરવામાં આવેલ. આમ એક એડવોકેટ કે જે રાજસ્થાન, પાલી મુકામે

વકીલાતનો વ્યવસાય કરતા હતા તેમને આવા અફીણના ગંભીર ગુનામાં સંડોવી તેઓને પકડી, તેઓને કસ્ટડીમાં રાખી, તેમને કદાપી ન ચૂકવી શકાય તેવી હાની આરોપી નં.-(૨) તથા તેમની સુચનાથી એપ્રુવરે તથા મરણજનાર આરોપી ધ્વારા પહોચાડવામાં આવેલ હોવાનું પુરાવો જોતા પુરવાર થાય છે ત્યારે બચાવપક્ષની આ સાહેદ વિકટીમ નથી તેવી દલીલ સ્વીકારવા પાત્ર નથી.

**(D-૪)** બચાવપક્ષે દલીલમાં સુમેરસિંહ પાલી મુકામે હતા તે એલીબી પુરવાર કરેલ ન હોવા અંગે જણાવેલ છે જે અંગે ફરિયાદપક્ષે જવાબ આપેલ કે, સુમેરસિંહ રાજપુરોહિતને પાલનપુર શહેર પોલીસ સ્ટેશન પ્રોહી.ગુ.ર. નં.-૨૧૬/૧૯૯૬ના કેસમાં ખોટી રીતે અટક કરી તેઓને કેસમાં ખોટા સંડોવવામાં આવેલ હોવા અંગે એનડીપીએસ એક્ટ કલમ-૫૮(૨) નો રીપોર્ટ કરવામાં આવેલ, તેવા સંજોગોમાં સુમેરસિંહે પોતાની પ્લી ઓફ એલીબી પુરવાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ કેસમાં એ સમરી રીપોર્ટ રજુ થયેલ. સુમેરસિંહ હાલ આરોપી નથી જો વ્યક્તિએ ગુનો કર્યો હોય, તે આરોપી હોય, એલીબી કલેઈમ કરતા હોય તો તે પુરવાર કરવાનો બોજો તેના ઉપર છે અન્યથા નહી. પુરાવો જોતા તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા એવું સ્પષ્ટ જણાય છે કે સુમેરસિંહ હાલના કેસમાં આરોપી નથી કે ન હતા તેઓ વિરુધ્ધ અગાઉ તેઓને ગુનામાં ખોટા સંડોવવામાં આવેલ હોવાનું દર્શાવીને જયારે અદાલતમાં તેમની મુક્તિ માટે રીપોર્ટ કરવામાં આવેલ છે. ત્યારે તે સંજોગોમાં સાહેદે પોતે પોતાની એલીબી પુરવાર કરવાની રહેતી નથી.

**(D-૫)** બચાવપક્ષની દલીલ જોતા સુમેરસિંહએ તા-૦૬/૦૫/૧૯૯૬ના રોજ દર્શાવેલ શંકા મુજબના શકમંદ ભવરસિંહ તથા ઉજવલસિંહ માદક પદાર્થના ધંધામાં સંકળાયેલ ગેંગના કોઈ માણસોની સંડોવણી હોવા કે ન હોવા બાબતે, સુમેરસિંહની પુછપરછ કરેલ નથી તેમજ તે અંગે કોઈપણ જાતની સ્વતંત્ર તપાસ, તપાસ કરનાર અમલદાર ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૯ નાઓએ કરેલ નથી. વધુમાં, બચાવપક્ષે દલીલ એવી પણ છે કે, તા.૦૯/૦૫/૧૯૯૬ના રોજ એન.ડી.પી.એસ. એક્ટ કલમ-૫૮(૨)નો રીપોર્ટ કર્યો તે અગાઉ

તારીખ.૦૭/૦૫/૧૯૯૬ના રોજ આંક–૩૧૦નો આદેશ કે જે પી.એસ.આઈ. પી.જે. ચૌધરીને શ્રી વ્યાસે કરેલ હતો તે દસ્તાવેજ ફરિયાદપક્ષે આંક–૨૫ કે આંક–૭૫ સાથે રજુ કરેલ નથી પરંતુ બચાવપક્ષે અરજી આપી દસ્તાવેજ રજુ કરાવેલ. આ દસ્તાવેજો ચાર્જશીટ સાથે પણ રજુ કરેલ નહી જે રજુ ન કરવાનું કોઈ કારણ ન હતું. જે આદેશ પાલી મુકામે જઈ ભવરસિંહ અને ઉજવલસિંહ અંગે તપાસ કરવાનો હતો. સુમેરસિંહે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫નાઓએ નિવેદન આપેલ હતું કે, ભવરસિંહ અને ઉજવલસિંહનાઓએ તેમને ખોટા સંડોવ્યા હોય શકે. આ અંગેના દસ્તાવેજ આંક–૩૦૯, આંક–૩૧૦ અને આંક–૩૧૧ બચાવપક્ષે વાંચી બતાવેલ તથા આંક–૨૭૨ વાળી કેસ ડાયરી વાંચી દલીલ કરેલ. આ કેસ ડાયરીમાં પણ સુમેરસિંહના આવા નિવેદનનો ઉલ્લેખ છે તપાસ કરનાર અમલદારે આ લાઈન ઉપર કોઈ તપાસ કરેલ નથી પરંતુ સુમેરસિંહને બીજા કોઈએ સંડોવ્યા હોઈ શકે.

આ બાબતે પુરાવો જોવામાં આવે તો સાહેદ નં.–૯ની ઉલટતપાસ દરમ્યાન સાહેદે પાના નં.–૬૧ ઉપર એવું જણાવેલ છે કે, ભવરસિંહ, ઉજવળસિંહ માદક દ્રવ્યોના ધંધો કરવાવાળી મોટી ગેંગો હોવા સુમેરસિંહનું ઇન્ટ્રોગેશન કરેલ નથી કે પૂછપરછ કરેલ નથી. વધુમાં એવું પણ જણાવેલ છે કે, અફીણનો ખોટો કેસ ઉભો કરેલ હોય જેના સમર્થનના ભાગ રૂપે એસ.પી સંજીવ ભટ્ટના કહેવા પ્રમાણે અને સુચના મુજબ આવા ધંધા કરવા વાળાના નામો લખી કલમ–૫૮(૨)નો રીપોર્ટ કરી શકાય તે હેતુએ અને સંજીવ ભટ્ટની અને પોતાની સંડોવણી બહાર ન આવે તેથી સુમેરસિંહનું તથા અન્ય સાહેદોના નિવેદન લખી લેવામાં આવેલા. જે પુરાવાને સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતના પુરાવા પેરા નં.–૬૦, પાના નં.–૮૫ ઉપર આવેલ પુરાવાથી સમર્થન મળે છે. સાહેદ નં.–૧૫ નાઓએ આ પેરામાં ભવરસિંહ, ઉજવલસિંહ અંગે કોઈ જાણ ન હોવાનું જણાવેલ છે તથા આવા વ્યક્તિઓ તેમના સીનીયરના અસીલો હતા તે અંગે ઇનકાર કરેલ છે. સાહેદે આવી કોઈ વ્યક્તિ સાથે અણબનાવ બનેલ હોય અને બંનેથી જાનનું જોખમ હોવા અંગે ઇનકાર કરેલ છે. સાહેદે હોટલ લાજવંતીમાં

ઉજવળસિંહ અને ભવરસિંહે ખોટી એન્ટ્રી કરીને કેસ કરાવ્યો હોવાની પણ શંકા વ્યક્ત કર્યાનો ઈનકાર કરેલ છે. સાહેદે તેમનું તારીખ.૦૬/૦૫/૧૯૯૬ના રોજનું નિવેદન લખી લેવામાં આવેલ હોવાનું પણ જણાવેલ છે. સાહેદે નિવેદન વાંચી બતાવ્યું હોવાનું અને તે ખરું હોવાનું કહ્યું તેનો તથા વ્યાસ સાહેબે તે નિવેદનમાં સહી કરેલ હોવાનો પણ ઈનકાર કરેલ છે. પુરાવો જોતા સાહેદ નં.-૧૫ નાઓનું આવું કહેવાતું નિવેદન તારીખ ૦૬.૦૫.૧૯૯૬ એટલે કે તેઓ પોલીસ કસ્ટડીમાં હતા તે દરમ્યાનનું છે. આમ સાહેદે ઈનકાર કર્યો છે તેવા તથા તેમની પોલીસ કસ્ટડી દરમ્યાનના નિવેદનનો કોઈ ઉપયોગ થઈ શકે તેમ નથી કે તેને આધારે જે વિરોધાભાસ કે કસુર રેકર્ડ ઉપર લાવવામાં આવેલ તે વાંચી શકાય તેમ નથી. વધુમાં, સાહેદ નં.-૯ ની પાના નં.-૬૧ ઉપરની ઉલટતપાસ તથા સીધો ઉપયોગ કરી ન શકાય તેવી તારીખ.૦૬/૦૫/૧૯૯૬ના રોજની આંક-૨૭૩ માં સમાતી કેસ ડાયરી જોવામાં આવે તો પણ, તારીખ ૦૬/૦૫/૧૯૯૬ ના રોજના સાહેદના બે નિવેદન છે જે પૈકીનું ભવરસિંહ, ઉજવળસિંહની વાતોનો સમાવેશ થાય છે તે બીજું નિવેદન છે. બચાવપક્ષે ફક્ત તા.૦૬/૦૫/૧૯૯૬ ના રોજનું એક જ નિવેદન છે તેવી રીતે ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૫ તથા ફરિયાદપક્ષ સાહેદ નં.-૯ ની ઉલટતપાસ કરેલ છે. વધુમાં ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૪ પ્રવીણભાઈ હરીલાલ પરમારનો પાના નં.-૧૯૧ ઉપરનો પુરાવો જોવામાં આવે તો, સુમેરસિંહએ ભવરસિંહ અને ઉજવળસિંહ અંગે કાઈ જણાવેલ નથી અને સુમેરસિંહને તારીખ.૦૬/૦૫/૧૯૯૬ના રોજ કોર્ટમાં રજુ કર્યા બાદ પી.આઈ વ્યાસ સાથે એલસીબી ઓફિસે આવ્યા પછી વ્યાસ સાહેબે સુમેરસિંહનો જવાબ લખાવેલ જેમાં ભવરસિંહ, ઉજવળસિંહ બાબતેની હકીકતો લખાવેલ અને સુમેરસિંહે તેના નિવેદનમાં આવી કોઈ હકીકત લખાવેલ નહિ અને આ જ હકીકત વ્યાસ સાહેબે કેસ ડાયરીમાં પણ લખાવેલી.

વધુમાં, બચાવપક્ષે રજુ કરેલ કેસ મુજબ સાહેદ નં.-૯ની જુબાનીના પાના નં.-૬૨ ઉપર પુરાવો જોવામાં આવે તો સાહેદ નં.-૯નાઓએ તા.-૦૭/૦૫/૧૯૯૬ના રોજ ભવરસિંહ અને ઉજવળસિંહના ઈતિહાસ

મેળવવા બાબતે તા.૦૭/૦૫/૧૯૯૬ના રોજનો તૈયાર કરેલ આંક–૩૧૦ વાળો પત્ર આપેલો જે અંગે પી.એસ.આઈ. પી.જે.ચૌધરીએ આંક–૩૦૯ વાળો પત્ર તા.૦૮/૦૫/૧૯૯૬ વાળો, તા.૧૯/૦૬/૧૯૯૬ના રોજ ડીસ્પેચ કલાર્ક, પોલીસ અધિક્ષક, પાલી. રાજસ્થાનનાઓને પહોચાડેલ. જે અંગે આંક–૩૧૧ વાળો વાયરલેસ મેસેજ તા.૨૯/૦૬/૧૯૯૬ ના રોજ સાહેદ નં.–૯નાઓને મળેલ. જે આંક–૩૧૧ વાળો પત્ર તથા સાહેદ નં.–૯ની જુબાની પાના નં.–૬૨, ૬૩નો પુરાવો જોતા ભવરસિંહ અને ઉજવળસિંહ નામના વ્યક્તિઓ પાલીમાં રહેતા નથી તેવો જવાબ તથા પુરા સરનામાં મોકલવા જાણ કરવામાં આવેલ. તપાસ કરનાર અમલદાર ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯ નાઓને બચાવપક્ષે પુછેલ પ્રશ્ન કે જે પાના નં.–૨૦૧ ઉપર નોધાયેલ છે તેનો તપાસ કરનાર અમલદારનો જવાબ જોતા પણ તપાસ દરમ્યાન આરોપીઓ ધ્વારા ખોટો કેસ, સાચો જણાઈ આવે અને ભવિષ્યમાં તેમનો બચાવ રહે તે હેતુથી ઈસમો ભવરસિંહ તથા ઉજવળસિંહ જે ખરેખર હતા જ નહિ તે ઉભા કરવામાં આવેલ. આમ, પુરાવો જોવામાં આવે તો ભવરસિંહ અને ઉજવળસિંહનાઓએ સુમેરસિંહને સંડોવેલ છે તેવો બચાવ કરતા દસ્તાવેજો ફક્ત બચાવ માટે ઉભા કરવામાં આવેલા હતા અને આવી કાર્યવાહી બાદ પાલી પોલીસ અધિક્ષકને આંક–૩૦૯ વાળો પત્ર પહોચે તે પહેલા તથા તેનો કોઈ જવાબ આવે તે પહેલા એનડીપીએસ એક્ટની કલમ–૫૮(૨)નો તા.૦૯/૦૫/૧૯૯૬ના રોજનો આંક–૨૮૭ વાળો કલમ ઉમેરવાનો રીપોર્ટ આરોપી નં.–(૨)ની સુચના મુજબ ઉભો કરવામાં આવેલો તેવું સ્પષ્ટ થાય છે. આમ, આવા કાલ્પનિક પાત્રોની તપાસ થયેલ ન હોવાની જે દલીલ બચાવપક્ષે કરેલ છે તે રેકર્ડ ઉપરનો પુરાવો જોતા માની શકાય તેવી નથી. વધુમાં સુમેરસિંહને આરોપી નં.–(૨) નાઓએ નહી પરંતુ અન્ય વ્યક્તિઓએ સંડોવેલ હોઈ શકે તેવો તથા આરોપી વિરુધ્ધના કેસ અંગે શંકા ઉપજે છે તેવો બચાવ માની શકાય તેવો નથી. આમ રેકર્ડ ઉપર આવેલ આ સાહેદનો પુરાવો ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૮ ના વર્ષમાં આ ગુનાની તપાસ સીઆઈડી ક્રાઈમને

સોપવાનો હુકમ કર્યો તે અગાઉની ૧૯૯૬ના વર્ષની તપાસ કલંકિત હોવાનું ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે. તેથી તે તપાસમાં તૈયાર કરવામાં આવેલ કે નિવેદનોનો આધાર લઈ એવું કહી શકાય નહિ કે, આ સાહેદ નં.–૧૫નો પુરાવો તેમણે આરોપી તરીકે આપેલ નિવેદન કે નિવેદનોથી વિરોધાભાષી છે કે પુરાવામાં મટીરીયલ ઓમીશન છે.

વધુમાં, કલમ–૫૮(૨)ના રીપોર્ટ અંગેનો બચાવ એવો કે, સાહેદ નં.–૧૫ને અન્ય માદક પદાર્થનો ધંધો કરવા વાળી વ્યક્તિઓએ અફીણના ગુનામાં ફસાવ્યા હોઈ શકે તે માત્ર ખોટો અને ઉભો કરેલ બચાવ છે. જે અંગે જોતા આરોપી નં.–(૨) એ એપ્રુવર મારફત તપાસ દરમ્યાન ઉભો કરેલ બચાવ હતો તેવું પણ સાહેદ નં.–૧૫ તથા એપ્રુવર તથા સાહેદ નં.–૧૪ મારફત રજુ પુરાવાથી સાબિત થયેલ છે. વધુમાં, સાહેદ નં.–૧૫નાઓને ગુનામાં સંડોવવાના કાવતરામાં એપ્રુવર સામેલ થયેલ પરંતુ એપ્રુવર સાહેદ નં.–૯નો કદાપી કોઈ હેતુ હોય તેવું રેકર્ડ ઉપર પુરાવાથી આવેલ નથી કે સાહેદ નં.–૯નો કોઈ હેતુ હતો તેવો કોઈ જ પુરાવો બચાવપક્ષ પણ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**(D–૬)** ફરિયાદપક્ષે ગુનાનો હેતુ પુરવાર કરેલ હોવાનું જણાવી એવી દલીલ કરેલ છે કે, ઘટનાનો સીધો પુરાવો હોય ત્યારે હેતુ રેલેવંટ નથી. ઘટનાનો ઉદ્ભવ સાબિત થાય ત્યારે સાક્ષીઓની જુબાની, હેતુ પુરવાર ન થયો હોય તો પણ માનવા લાયક છે. જયારે ગુનાના સીધા પુરાવા ઉપલબ્ધ હોય ત્યારે પણ ગુનાનો હેતુ નજીવો બની જાય છે. આ કેસમા તો ગુનાનો ખુબ જ મજબુત પુરાવો પણ છે અને તેવા સંજોગોમાં આરોપી વિરુધનો કેસ વધુ મજબુત બનેલો છે. આ કેસમાં સાહેદોના સીધા પુરાવા પણ છે અને ગુનાનો મજબુત હેતુ પણ છે. આરોપીએ આચરેલ ગુનાનો હેતુ ફરિયાદપક્ષે શંકા રહિત પુરવાર કરેલ છે. તે રેકર્ડ ઉપર આવેલ

પુરાવા તથા કાવતરાના અન્ય સંજોગો તથા દસ્તાવેજી પુરાવા ઉપરથી પણ સ્પષ્ટ થાય છે. આ કેસમાં બચાવપક્ષ ઉલટતપાસથી એવું કાઈ પણ દર્શાવી શકેલ નથી કે, ગુનાનો હેતુ ન હતો ઉલટાનું બચાવપક્ષ ધ્વારા સાહેદ સુમેરસિંહ રાજપુરોહિત ધ્વારા કરવામાં આવેલ, તેઓને કેસમા સંડોવવામાં આવેલ હોવા બાબતેના પુરાવા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. આરોપી ધ્વારા ઉલટતપાસમા તેઓ વિરુધ સુમેરસિંહ રાજપુરોહિત ધ્વારા કરવામાં આવેલ અન્ય કાર્યવાહીના પુરાવા પણ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે જેના ઉપરથી પણ એવું સ્પષ્ટ જણાય છે કે સાહેદ સુમેરસિંહ રાજપુરોહીત ધ્વારા આરોપી વિરુધ્ધ પણ, આ ગુનામાં સાહેદ સુમેરસિંહની અટક બાદ તાત્કાલિક જુદીજુદી કાર્યવાહી કરવામાં આવેલ. દુકાન ખાલી કરાવવાના હેતુથી આરોપી સંજીવ ભટ્ટનાઓએ સુમેરસિંહ રાજપુરોહિતને અફીણના ગુનામાં સંડોવવાનું નક્કી કરેલ તે પણ ફરિયાદપક્ષે સાબિત કરેલ છે,તે રેકર્ડ ઉપર આવલ પુરાવાકીય હકિકતોથી નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી.

ફરિયાદપક્ષ સાહેદ–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતનો પુરાવો તથા તેમની જુબાનીમાં રજુ થયેલ દસ્તાવેજ આંક–૪૯૯ તેમજ અન્ય સાહેદોનો રેકર્ડ ઉપર આવેલ પુરાવો તથા સાહેદોની જુબાનીમાં રજુ થયેલ દસ્તાવેજોનું મૂલ્યાંકન કરતા ફરિયાદપક્ષે ગુનાનો હેતુ પુરવાર કરેલ છે. જયારે આરોપી નં.–૨ સંજીવ ભટ્ટ તરફે કરવામાં આવેલ ઉલટતપાસથી રજુ થયેલ બચાવ જોવામાં આવે તો ગુનાના હેતુના પુરાવાનું ખંડન થતું નથી. ઉલ્ટાનુ સાહેદે આપેલ જવાબોથી જણાવેલ હકિકતો વધુ સ્પષ્ટ થાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે.

**(D–૭)** વધુમાં ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિત તારીખ

૨૯/૦૪/૧૯૯૬, ૩૦/૦૪/૧૯૯૬ના રોજ હોટેલ લાજવંતી પાલનપુરમાં રોકાયેલ ન હતા અને તેઓ તે દિવસે પાલનપુર પણ આવેલ ન હતા તેમ છતાં, સુમેરસિંહ હોટેલ લાજવંતીમાં રોકાયેલ હોય તેવી એન્ટ્રી નં.–૬૪૦ હોટલ રજીસ્ટરમાં ઉભી કરવામાં આવેલ અને તે એન્ટ્રીમાની સુમેરસિંહની ન હોય તેવી ખોટી સહીનો આધાર લઈ સુમેરસિંહ રાજપુરોહિત વિરુધ્ધ અફીણનો ખોટો કેસ ઉભો કરવામાં આવેલ. આ હોટેલ લાજવંતીના વિઝીટરની વિગતો ધરાવતા રજીસ્ટરની એન્ટ્રી નં.–૬૪૦ વાળું પાનું આ કેસમાં આંક–૩૦૦ તથા આંક–૫૦૧ થી રજુ છે. સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતના પુરાવાના પેરા નં.–૧૮ વંચાણે લેતા તેઓએ એવો પુરાવો આપેલ છે કે ‘એન્ટ્રી નં.–૬૪૦માં મારા નામની ખોટી એન્ટ્રી કોઈક માણસે કરાવેલી છે અને કોઈએ મારી બનાવટી સહી કરેલી છે’. આમ, આ એન્ટ્રીની ખોટી સહી બાબતે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫નો સબસ્ટેન્ટીવ એવીડન્સ રેકર્ડ ઉપર આવેલ છે. જેને ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૧ વાસુદેવભાઈ ભલાભાઈ ભરવાડ હેન્ડ રાઈટીંગના પુરાવાથી સમર્થન મળે છે. સાહેદ નં.–૧૧ નો પુરાવો એવો નથી કે, એન્ટ્રી નં.–૬૪૦ ની સહી સુમેરસિંહની છે. આમ પુરાવા જોતા સુમેરસિંહના નામની સહી સુમેરસિંહની નથી તેવો જયારે સીધો પુરાવો છે અને હેન્ડ રાઈટીંગ એક્ષપર્ટના પુરાવાથી સમર્થન મળે છે ત્યારે સુમેરસિંહના પુરાવાને ન માનવાનું કોઈ કારણ રહેતું નથી. આમ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહને આરોપી નં.–(૨) ધ્વારા અફીણના ખોટા કેસમાં અફીણ ખરીદ કરીને તેને પ્લાન્ટ કરીને સંડોવવામાં આવેલ હોવાનું ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે, તેવી દલીલ નહી માનવાને કોઇ કારણ નથી.

**(D–૮)** બચાવપક્ષ ધ્વારા હેતુ અને સાંયોગીક પુરાવા સંબધે આરોપીપક્ષે રજુ થયેલ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ અંબાલાલ મગનલાલ શાહ ૧૦૬૫(૦)

એ.આઈ.જે.ઈ.એલ. નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૧૧૬૯૮ નો ચુકાદો જોવામાં આવે તો તેમાં કોર્ટમાં સમાધાન રજુ કરવામાં આવે તે પહેલા જે પક્ષકારોનુ કાર્ય હતુ તે એક ખાનગી દસ્તાવેજ કહેવાય અને તે પ્રમાણીત નકલ ધ્વારા સાબીત કરી શકાય નહી તેમ ઠરાવેલ છે. આરોપીપક્ષે હાલના કેસમાં રજુ થયેલ આંક – ૪૯૯ ને ખાનગી દસ્તાવેજ હોવા તરીકે અને તે પુરાવામાં પુરવાર થયેલ નહી હોવા અંગે દલીલ કરવામાં આવેલ છે અને તે સંદર્ભમાં આ ચુકાદો રજુ કરેલ છે. પરંતુ સાહેદ નં.૧૫ સુમેરસિંહના પુરાવામાં આંક–૪૯૯ કે જે કોર્ટની પ્રમાણીત સહી સીકકાવાળી નકલ છે તે રજુ થયેલ છે અને તે સંબધે આ સાહેદ સુમેરસિંહે પુરાવો પણ આપેલ છે. આ ઉપરાંત આરોપીપક્ષે થયેલ ઉલટતપાસ જોતા આ દસ્તાવેજ ઉપર આધાર રાખીને ઉલટતપાસ કરવામાં આવેલ છે. આમ આ સંજોગોમાં પણ આ દસ્તાવેજ પુરવાર થયેલ છે. આમ હાલના કેસની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો આ રજુ થયેલ ચુકાદામાં ઠરાવ્યુ તે આ કિસ્સામાં લાગુ પડી શકે તેમ નથી. વધુમાં આરોપીપક્ષે નં.દુસિહ વિરુધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ (હવે છતીસગઢ) ૨૦૨૨(૦) એ.આઈ.જે.ઈ.એલ. સુપ્રિમ કોર્ટ ૬૯૬૪૭ નો ચુકાદો જોવામાં આવે તો સાંયોગીક પુરાવાઓના કીસ્સામાં મોટીવની ગેરહાજરી તહોમતદારની તરફેણ કરે છે. મોટીવ ડાયરેકટ એવીડન્સના કેસમાં મહત્વનો નથી તેવુ ઠરાવેલ છે. હાલના કેસનો પુરાવો જોવામાં આવે તો તે ફકત સાંયોગીક પુરાવાનો કેસ નથી પરંતુ સીધા પુરાવાનો પણ કેસ છે. વધુમાં આ કેસમાં અગાઉ ચર્ચા કરી તે મુજબ મોટીવ પણ પુરવાર થયેલ છે અને તેથી હાલનો ચુકાદો આરોપીને મદદ કરતા રહેતો નથી. વધુમાં આરોપીપક્ષે રજુ કરેલ મુન્નીક્રિષ્ના ઉર્ફે ક્રિષ્ના વિગેરે વિરુધ્ધ સ્ટેટ બાય ઉલ્સુર પી.એસ. ૨૦૨૨(૦) એ.આઈ. જે.ઈ.એલ. સુપ્રિમ કોર્ટ ૬૯૯૪૪નો ચુકાદો જોવામાં આવે તો તે ખુનના કેસ અંગેનો છે જેમાં તહોમતદારનુ પોલીસ રૂબરૂનુ પોલીસ કસ્ટડી દરમ્યાનનુ નિવેદન પુરાવામાં ગ્રાહય નથી તથા સાંયોગીક પુરાવાના કેસમાં ફરીયાદપક્ષ ઉપર પોતાનો કેસ શંકારહીત પુરવાર કરવાનુ ભારણ છે તેવુ ઠરાવેલ છે. આરોપીપક્ષે પોતાની દલીલમાં આરોપી નં.૨ શ્રી ભટ્ટ નાઓએ સુમેરસિંહને

ધમકીઓ આપેલ તેવુ કન્ફેશન ગુનાની કબુલાત પ્રકારનો પુરાવો છે તથા દુકાન ખાલી કરાવવાના હેતુસર આરોપી નં.૧ શ્રી વ્યાસ અને આરોપી નં.૨ શ્રી ભટ્ટ નાઓએ ચર્ચા કરેલ હોય તેવો પુરાવો નથી વિગેરે સંબધની દલીલ કરેલ છે પરંતુ હાલનો કેસ સીધા પુરાવાનો કેસ છે તેમજ હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫ માં અફીણ માલાભાઈએ મુકયુ તે સીધા પુરાવા આધારીત સાંયોગીક પુરાવો છે. આમ આ ઓથોરીટઝ પણ બચાવપક્ષને મદદરૂપ થતી હોય તેવું હું માનતો નથી.

## (૨) <u>ગુનાહિત કાવતરું, ગુનાની મદદગારી–સહાય</u>

ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો જોતા આરોપી નં.–(૨), મરણજનાર આરોપી માલાભાઈ રબારી તથા એપ્રુવર ફરિયાદપક્ષ સાહેદ નં.–૯નાઓ વચ્ચે સહમતીથી કાવતરાના ભાગરૂપે ગુનાહિત કૃત્યો આચરવામાં આવેલા. વધુમાં પુરાવો જોતા નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સીઝ એક્ટ નીચે શિક્ષાપાત્ર ગુનો કરવા માટે મરણજનાર આરોપી તથા એપ્રુવરનાઓએ આરોપી નં.–(૨) નાઓને તે ગુના કરવામાં સહાય–મદદગારી કરેલ અને જેને પરિણામે તથા ગુનાહિત કાવતરાના ભાગરૂપે એન.ડી.પી.એસ એક્ટના તહોમતનામા મુજબના ગુના તથા ભારતીય ફોજદારી ધારાના તહોમતનામાં મુજબના ગુના આચરવામાં આવેલ. ફરિયાદપક્ષે દલીલ કરી, ગુનાહિત કાવતરાના પુરવાર થયેલ સંજોગો સાહેદોના પુરાવા આધારે કયા છે તે બતાવી કાવતરું પુરવાર થયેલ હોવાનું જણાવેલ છે. બચાવપક્ષે કાવતરાના તહોમતનામા આધારે દલીલ કરેલ છે કે, પુરાવો જોતા તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૬ આર.પી.પટેલ તથા મરણજનાર આરોપી માલાભાઈ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટને મળેલા તેવો તથા એપ્રુવર ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ તે જ દિવસે આરોપી નં.– ૨ને મળેલા તેવો પુરાવો છે પરંતુ અગાઉના દિવસે મળેલ તેનો પુરાવો નથી. વધુમાં બચાવપક્ષે તેવી દલીલ કરેલ છે કે, વર્ધી આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટે ઉભી કરેલ તેવો પુરાવો નથી. અફીણ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટે હોટલમાં પ્લાન્ટ

કરેલ તેવો પુરાવો નથી. વધુમાં બચાવપક્ષે દલીલ કરેલ કે, ફરિયાદપક્ષે ગુનાહિત કાવતરાના તત્વો નિશંકપણે સાબિત કરવા પડે આ કેસમાં તેમ સાબિત થતું નથી. વધુમાં તેઓએ દલીલ કરેલ કે આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટ એકલા આ ગુનામાં આરોપી છે અને કાવતરાની વ્યાખ્યા જોતા એકલો વ્યક્તિ કાવતરું રચી શકે નહી તથા જુદા જુદા જજમેન્ટ જોતા આરોપી નં.-(૨) સંજીવ ભટ્ટ એકલા કાવતરામાં સંડોવાયેલ હતા તે માની શકાય નહી. ફરીયાદપક્ષ ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, પુરાવો જોતા કાવતરૂ પુરવાર થયેલ છે. આ કેસમાં એકલા આરોપી નં.ર) સંજીવ ભટ્ટે ગુનો કરેલ નથી, પરંતુ કાવતરામાં મરણજનાર આરોપી તથા એપ્રુવર પણ સંડોવાયેલ. વધુમાં ફરીયાદપક્ષે દલીલ કરેલ છે કે, બચાવપક્ષે જે ઓથોરીટીજ રજુ કરેલ છે તે આ કેસમાં લાગુ પડે તેમ નથી.

સૌપ્રથમ ગુનાહિત કાવતરાની ભારતીય દંડ સંહિતાની કલમ-૧૨૦(બી)નીમાં તથા એન.ડી.પી.એસ. એક્ટની કલમ-૨૯માં પણ કાવતરા અંગે સજાની જોગવાઈ છે કલમ-૧૨૦(બી) જોતા સહમતી સાધનાર પ્રત્યેક કાવતરાખોર આ ગુના અંગે જવાબદાર ઠરે છે. ગુનાહિત કાવતરામાં સહમતી સૌથી અગત્યની છે. કોઈ નિશ્ચિત ધ્યેય પાર પાડવા સહમતી સધાય છે જે ધ્યેય ગેરકાનૂની છે. વધુમાં એન.ડી.પી.એસ.એક્ટની કલમ-૨૯માં પણ કાવતરા અંગેની જોગવાઈ છે. કાવતરાના કિસ્સાઓમાં મોટાભાગના કેસોમાં પ્રત્યક્ષ પુરાવો મળી શકતો નથી કારણ કે કાવતરામાં ભાગ લેનાર સભાન સ્થિતિમાં કાવતરું રચે છે અને તેથી કાવતરાનો પ્રત્યક્ષ પુરાવો નાં હોય ત્યારે પણ હકીકતોની કડીઓને આધારે ગુનાહિત કાવતરું રચવામાં આવેલું હતુ તેનું તારણ કાઢી શકાય છે અને જયારે કાવતરાના જે કૃત્યનો સીધો પુરાવો ન હોય ત્યારે અદાલત તે અંગેના સાંયોગિક પુરાવા ઉપર આધાર રાખી શકે છે. ગુનાહિત કાવતરાના કિસ્સામાં કાવતરાના ભાગરૂપે એક આરોપીએ કરેલું ગુનાહિત કૃત્ય

સહઆરોપી સામે પુરાવા તરીકે વાપરી શકાય છે. ગુનાહિત કાવતરામાં પ્રત્યેક આરોપી અલગ અલગ ભાગ ભજવે છે અને તેની સમગ્ર અસરથી કાવતરું પાર પડે છે ત્યારે ગુનાહિત કાવતરામાં સામેલ થનાર પ્રત્યેક વ્યક્તિ વિરુધ્ધ સીધો પુરાવો ન હોય તો પણ કાવતરામાં સંડોવાયેલ અન્ય આરોપીએ ગુનો કરેલ નથી તેમ કહી શકાય નહી. ફરિયાદપક્ષ સહેદોનો પુરાવો જોતા આ કેસમા કાવતરાના સીધા પુરાવા છે તથા હોટલ લાજવંતીમાં અફીણ આરોપી નં.–(૨)નાઓએ પ્લાન્ટ કરેલ/કરાવેલ તે અંગે તેમને સાંકળતો સીધો તથા સાંયોગીક પુરોવો પણ રેકર્ડ ઉપર આવેલ છે.ફરિયાદપક્ષ સાહેદોની સરતપાસ તથા ઉલટતપાસથી રેકર્ડ ઉપર આવેલ પુરવાર થયેલ કાવતરાનો પુરાવો નીચે મુજબ છે.

– આરોપી નં.–(૨) એપ્રિલ ૧૯૯૬માં બનાસકાંઠા જીલ્લામાં પોલીસ અધિક્ષક તરીકે, એપ્રુવર તેમના તાબાના લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ. તરીકે તથા મરણજનાર આરોપી તેમના તાબામાં હેડ કોન્સ્ટેબલ તરીકે હતા.

– સાહેદ નં.–૧૫ આ અરસામાં પાલી મુકામે ૬–વર્ધમાન માર્કેટથી વકીલાતની ઓફીસ ચલાવતા હતા જે એક અમરીબાઇએ મોહનલાલને ભાડે આપેલ. જસ્ટીસ આર.આર.જૈન આ અમરીબાઈને બહેન તરીકે રાખતા હતા.

– આર.આર. જૈનના કાકા કૂટરમાલ અમરીબાઈના પાવર ઓફ એટર્ની હોલ્ડર હતા.

– આરોપી નં.–(૨)નાઓ સાથે વર્ધમાન માર્કેટની દુકાન નં.–૬ ખાલી કરાવવાનું નક્કી થયેલ અને સાહેદ નં.–૧૫ વિરુધ્ધ અફીણનો ખોટો કેસ કરવા સહમતી સધાયેલ.

– અફીણનો ખોટો કેસ કરવા આરોપી નં.–(૨)નાએ મરણજનાર આરોપીને શેરપુરા ઢાંણીથી અફીણની ખરીદી કરવા સુચના આપેલ તથા રૂપિયા ૨૦,૦૦૦/– આપેલ.

– મરણજનાર આરોપીએ શેરપુરા ઢાંણીથી અફીણ ખરીદ કરેલ અને લાવીને એલ.સી.બી. ઓફીસના કબાટમાં મુકેલ અને સાંજે લઈ ગયેલ. જે જાંબુડિયા કલરની થેલીમાં હતું.

– જાંબુડિયા કલરની અફીણની થેલી મરણજનાર આરોપીએ આરોપી નં.–(૨) નાને આપેલ.

– આરોપી નં.–(૨)નાએ મરણજનાર આરોપીને આ પેકેટ એક જગ્યાએ મુકવાનું કહેલ.

– આરોપી નં.–(૨)નાએ એપ્રુવરને એન.ડી.પી.એસની હકીકત મળી શકે છે તેમ કહેલ અને સ્ટાફને તૈયાર રાખવા સુચના આપેલ તથા મરણજનાર આરોપીને બોલાવી તેમની રૂબરૂમાં એક માણસ ઉપર અફીણનો કેસ કરવાનું, અફીણ માલાભાઈ લઈને આવેલ છે તે હોટલમાં મૂકી દેશે તેમ કહી, મરણજનાર આરોપીને અફીણ મુકવાનું કહેલ.

– તા.૩૦.૦૪.૧૯૯૬ ના રોજ સવારે આરોપી નં.–(૨)નાએ અપ્રુવરને ફોન કરેલ અને હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ના ગાદલા નીચે અફીણ સંતાડેલ હોવાનું તથા કંટ્રોલ રૂમથી વર્ધી મળશે, સ્ટાફને બોલાવી કાયદેસર કરો તેવી સુચના આપેલ.

– આરોપી નં.–(૨)ની સુચના પછી તેમના કહ્યા મુજબની વર્ધી કંટ્રોલરૂમને મળેલ જેમાં સાહેદ નં.–૧૫ અફીણનો ધંધો કરે છે અને અફીણ લઈ હોટલમાં રોકાયેલ છે વિગેરે ઉલ્લેખ હતો.

– એપ્રુવરે સ્ટાફને બોલાવી હોટલ લાજવંતીમાં રેઈડ કરેલ.

– હોટલ લાજવંતીના ગેસ્ટ રજીસ્ટરમાં સુમેરસિંહના નામની એન્ટ્રી તથા સહી હતી જે ખોટી અને બનાવટી છે, તેવો એફ.એસ.એલ.નો રીપોર્ટ આવેલ છે એટલે કે સુમેરસિંહ રાજપુરોહીતની સહી નથી તેવો પુરાવો આવેલ છે.

– હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ ના પલંગના ગાદલા નીચેથી આરોપી નં.–(૨)ની સુચના મુજબ, જાંબુડી કલરની થેલીમાં વીંટાળેલ અફીણ હતું. તેમાંથી સેમ્પલ લઈ અફીણ અને સેમ્પલ સીલ થયેલ.

– આરોપી નં.–૨ની સુચના મુજબ કાયદેસર કાર્યવાહી દર્શાવવા પંચનામું તૈયાર કરવામાં આવેલ અને સુમેરસિંહ વિરુધ્ધ એન.ડી.પી.એસ એક્ટની કલમ–૧૭ મુજબની ફરિયાદ આપવામાં આવેલ.

– તે જ રાત્રીએ આરોપી નં.–(૨)ની સુચના મુજબ શેરપુરા ઢાંણી મુકામેથી જુદી જુદી જગ્યાએથી અફીણ કબજે કરવામાં આવેલ જે જગ્યા મરણજનાર આરોપીએ બતાવેલ. જ્યાંથી મળેલ અફીણના પેકેટ તથા હોટલ લાજવંતીમાંથી મળેલ અફીણના પેકેટ એક સરખા લાગતા હતા તેવો સાહેદોએ પુરાવો આપેલ છે.

– સુમેરસિંહ વિરુધ્ધ પુરાવો ન હોવાછતાં આરોપી નં.–૨ એ તેમને પકડવા સુચના આપેલ અને પાલી જવા મૌખિક હુકમ કરેલ અને કોઇ પ્રોસીજર અપનાવેલ નહી.

– આરોપી નં.–(૨)ના હુકમ મુજબ સુમેરસિંહને પાલી તેમના ઘરેથી પકડવામાં આવેલ.

– તેમ કરવા રાજ્ય બહાર જવા કોઈ પરવાનગી મેળવેલ નહી.

– આરોપી નં.–(૨)નાઓએ પાલી કોતવાલી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ સાથે વાત કરેલ,જે સ્વિકૃત પુરાવો છે.

– આરોપી નં.–(૨)ની સુચના મુજબ એપ્રુવરે વર્ધમાન માર્કેટ વાળી દુકાન જોયેલ.

– તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ સુમેરસિંહને પાલનપુર લાવવામાં આવેલ ત્યારબાદ આરોપી નં.–(૨) એ તેમને ઓફીસમાં બોલાવી વર્ધમાન માર્કેટની

દુકાનમાં હાઈકોર્ટ જજ ઈન્ટરેસ્ટેડ છે તેમ કહી દુકાન ખાલી કરવા બાબતેની ધમકી આપેલ જે ધમકીમાં અફીણ તથા અફીણના કેસનો ઉલ્લેખ કરેલ.

– સુમેરસિંહે દુકાન ખાલી કરવા તેમની સાથે આવેલ તેમના ભાઈ તથા અન્યને વાત કરેલ જેઓએ કૂટરમલ સાથે વાત કરેલ.

– સુમેરસિંહની અટક કરી રિમાન્ડ માંગવા આરોપી નં.–(૨) એ સુચના આપેલ જેથી તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ની અટક કરવામાં આવેલ અને રિમાન્ડ માગવામા આવેલ. જે સમયે પણ સાહેદ નં.–૧૫નાઓએ તેમને દુકાન માલિક અને પોલીસ વાળાઓએ ખોટા સંડોવેલ તેવી વાત કરેલ જે રેકર્ડ ઉપરની હકીકત છે અને સુમેરસિંહના વકીલે તેવી રજુઆત કરેલી હતી અને તેવુ ઉલટ તપાસ અનવયે પણ રેકર્ડ ઉપર આવેલુ છે.

– તા.૦૫/૦૫/૧૯૯૬ નાં રોજ દુકાન ખાલી થયાના એગ્રીમેન્ટ થયાની જાણ એપ્રુવરને કરવામાં આવતા એપ્રુવરે આરોપી નં.–(૨) ને મળવાનું કહેલ અને દુકાન ખાલી કરવાનો કરાર લઈ, સાહેદ નં.–૧૫ ના સગા આરોપી નં.–(૨) પાસે ગયેલ.

– આરોપી નં.–(૨) નાએ એપ્રુવરને પ્લાન મુજબ દુકાન ખાલી કરવા સુમેરસિંહ તૈયાર થયેલ હોવાનું અને લખાણ કરી આપેલ હોવાનું જણાવી તેને છોડી મુકવા કાર્યવાહી કરવા જણાવેલ અને થોડા જવાબ લઈ સાહેદ નં.–૧૫ સુમેરસિંહને છોડી મુકવા ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૧૬૯ નો રીપોર્ટ તૈયાર કરવા અને ઓળખ પરેડ કરાવી કોર્ટમાં રજુ કરવા સુચના આપેલ.

– ઓળખ પરેડ માટે લાજવંતી હોટલના નોકરની જગ્યાએ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટનાઓએ ઓળખ પરેડ માટે બીજા માણસની વ્યવસ્થા કરેલ અને ઓળખ પરેડ કરાવવામાં આવેલ તથા એપ્રુવર રૂબરૂનું ઓળખ પરેડનું બીજું પંચનામું ઉભું કરવામાં આવેલ, જે પણ પુરાવા અન્વયે રેકર્ડ ઉપર રજુ છે.

– આરોપી નં.–(૨)ની સુચનાથી ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૧૬૯ તથા અન્ય દસ્તાવેજો તથા નિવેદનો પહેલથી એપ્રુવર ધ્વારા તૈયાર કરાવવામાં આવેલ જે સમયની સાથે સરખાવતા ફરીયાદ પક્ષની દલીલો નકારી શકાય તેવી નથી.

– પોલીસ રિમાન્ડનો સમય પૂરો થાય તે પહેલા તા.૦૬/૦૫/૧૯૯૬ના રોજ સુમેરસિંહને કોર્ટમાં રજુ કરી ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૧૬૯નો રીપોર્ટ રજુ કરવામાં આવેલ, જે પણ રેકર્ડ ઉપરની નિર્વિવાદ હકિકત છે.

– ત્યારબાદ તા.૦૮/૦૫/૧૯૯૬ના રોજ સુમેરસિંહને જામીન મુક્ત કરવામાં આવેલ.

– તા.૦૯/૦૫/૧૯૯૬ના રોજ ખોટી હકીકત વાળો એન.ડી.પી.એસ. એક્ટ કલમ–૫૮(૨)નો રીપોર્ટ રજુ કરવામાં આવેલ,તેવુ સાહેદી પુરાવામાં નીકળી આવેલ છે.

– સુમેરસિંહ વિરુધ્ધનો કેસ પૂરો થયાની જાણ થયા બાદ તા.૧૫/૦૫/૧૯૯૬ ના રોજ દુકાન નં.–૬, વર્ધમાન માર્કેટવાળી દુકાન ખાલી કરવા અંગેનો એગ્રીમેન્ટ તથા ચાવી સોપી દેવામાં આવેલ, જે હકિકત પણ પુરાવાથી રેકર્ડ ઉપર રજુ થઈ છે.

– આરોપી નં.–(૨) ધ્વારા એપ્રુવરની કેસ ડાયરી કે જેમાં આરોપી નં.–(૨) નાએ આપેલ સૂચનાઓ હતી તે આરોપી નં.–૨ નાએ ફાડી નાખેલ અને નવી કેસ ડાયરી તૈયાર કરવા સુચના આપેલ.

– એન.ડી.પી.એસ.નો ઉભો કરવામાં આવેલો કેસ સાચો દેખાય તે માટે આરોપી નં.–૨ની સુચના અને દબાણના કારણે એપુવર ધ્વારા કેસ અનુરૂપ ખોટા કેસ કાગળો તથા નિવેદનો ખોટી ફરિયાદ અનુરૂપ તૈયાર કરવામાં આવેલ અને અદાલતમાં રજુ કરવામાં આવેલ.

– જે અફીણ આરોપી નં.–(૨)નાએ રૂપિયા ૨૦,૦૦૦ આપી ખરીદ કરાવેલ અને હોટલ લાજવંતીમાં પ્લાન્ટ કરાવેલ તે કબજે લેવામાં આવેલ તેમાંથી એપ્રુવરે

જે સેમ્પલ લીધેલ તે તથા વધેલ સીલબંધ અફીણ તથા અન્ય મુદ્દામાલ પોલીસ સ્ટેશન ઓફિસરને સોપવામાં આવેલ. જે સીલબંધ અફીણ તા.૦૧/૦૫/૧૯૯૬ ના રોજ એફ.એસ.એલમાં મોકલવામાં આવેલ જેનો અભિપ્રાય આવેલ.

બચાવપક્ષે ગુનાહિત કાવતરા અનુસંધાને, ગુનાહિત કાવતરાના તત્વો નિશંકપણે ફરિયાદપક્ષે પુરવાર કરવા પડે તેમ જણાવી જે ચુકાદાઓ રજુ કરેલ તે પૈકીનો ચુકાદો 2023(0) AIJEL–SC 72187, મનોજકુમાર સોની વિરુધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વાંચતા તેમાં એવું ઠરાવવામાં આવેલ છે કે, એકલા વ્યક્તિને ક્યારેય ગુનાહિત કાવતરા માટે દોષિત ઠેરવી શકાય નહી કારણ કે વ્યક્તિ પોતાની જાત સાથે કાવતરું રચી શક્તિ નથી. આરોપીને ગુનામાં સંડોવણી અંગેના ભ્રામક જ્ઞાન આધારે દોષિત ઠરાવી શકાય નહી. વધુમા બચાવપક્ષે રજુ કરેલ ચુકાદો 2009(0) GLHEL–SC 43753, બલદેવસિંહ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબના કેસમાં એવું ઠરાવવામાં આવેલ છે કે, અપીલ કર્તા એકલા ઉપર કાવતરાનો આરોપ લગાવી શકાય નહી. વધુમાં, આ જજમેન્ટમાં એક્સ્ટ્રા જ્યુડીશિયલ કન્ફેશન નબળા પ્રકારનો પુરાવો છે તેવું પણ ઠરાવેલ છે. વધુમાં બચાવપક્ષે રજુ કરેલ અન્ય ચુકાદો 2019(0) AIJEL–SC 65059, રાજેન્દ્ર ઉર્ફે રાજેશ ઉર્ફે રાજુ વિરુધ્ધ સ્ટેટ (NCT OF DELHI) વંચાણે લેતા કાવતરાના ત્રણ આવશ્યક તત્વો પૈકીનું એક તત્વ, બે કે તેથી વધુ વ્યક્તિઓ વચ્ચેની સમજુતીનું છે તેવું ઠરાવેલ છે. જયારે વધુમાં બચાવપક્ષે રજુ કરેલ અન્ય ચુકાદો 2018(0) AIJEL–SC–62917, બિલાલ હાજર ઉર્ફે અબ્દુલ હમીદ વિરુધ્ધ સ્ટેટ ઓફ રી.બાય ધી ઈન્સ્પેકટર ઓફ પોલીસનાનો વંચાણે લેતા ઈ.પી.કો.ની કલમ–૧૨૦–એ, કલમ–૧૨૦–બીની જોગવાઈ આધારે ઠરાવવામાં આવેલ છે કે, “ગુનાહિત કાવતરા અંગે બે પરિબળો હોવા જોઈએ. પ્રથમ એક કરતા વધુ વ્યક્તિઓની સંડોવણી અને બીજું આવી વ્યક્તિઓ વચ્ચે, વચ્ચેનો કરાર ગેરકાયદેસર કૃત્ય અથવા કૃત્ય જે ગેરકાયદેસર નથી પરંતુ ગેરકાયદેસર રીતે કરવામાં આવે છે અથવા કરવામા આવે છે તે છે.” વધુમાં, એવું પણ ઠરાવવામાં આવેલ છે કે, “કાવતરું રચવા માટે ગેરકાયદેસર કૃત્ય

અથવા ગેરકાયદેસર રીતે કૃત્ય કરવા માટે બે કે તેથી વધુ વ્યક્તિઓની મનની બેઠક આવશ્યક છે. જો કે એવું જરૂરી નથી કે તમામ કાવતરા ખોરોએ ષડયંત્રની દરેક વિગતો જાણવી જોઈએ જે, ઘડવામાં આવી રહ્યું છે અને આવી મીટીંગમાં તેમની સક્રિય ભાગ/ભૂમિકા સાબિત કરવી જરૂરી નથી." વધુમાં, એવું પણ ઠરાવવામાં આવેલ છે કે, "આવી મીટીંગમાં તેમની હાજરી અંને ભાગીદારી જ પુરતી છે. ગુનાહિત કાવતરું હમેશા ગુપ્તતામાં રચવામાં આવે છે અને ક્યારેય કોઈના માટે ખુલ્લું અફેર નથી."

ઉપરોક્ત તમામ ચુકાદાઓ જોવામાં આવે તો રેસીઓ એવો છે કે, "માત્ર એક આરોપી કાવતરાનો ગુનો કરતો નથી તે છે." આ તમામ ચુકાદા બચાવપક્ષના કેસને મદદરૂપ થઇ શકે તેવા નથી. હાલના કેસમાં પડેલ પુરાવા જોવામાં આવે તો આરોપી નં.–(૨) તથા આરોપી નં.–૧ કે જેઓને ગુનામાંથી માફી આપવામાં આવેલ છે તે એપ્રુવર તથા મરણજનાર આરોપી માલાભાઈ રબારીનાઓ કાવતરામા સંડોવાયેલા હતા. આ તમામે કાવતરાના ભાગરૂપે ગુના કરેલ છે તેઓ તમામને ગુનાની જાણકારી હતી એટલે કે તેઓ ગુના સાથે સંકળાયેલા હતા. વધુમાં, માલાભાઈ રબારીને પણ અફીણ ખરીદવા માટે આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટનાઓએ નાણા આપેલ જે નાણા લઈને માલાભાઈ ગયેલા અને અફીણ ખરીદ કરેલ તથા આરોપી નં.–(૨) નાઓને આપેલું. અફીણ માલાભાઈ મૂકી દેશે તેવો પણ પુરાવો રેકર્ડ ઉપર છે. આમ રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા ત્રણેય આરોપીઓ કાવતરામાં સંડોવાયેલ હતા અને ગુના કરેલ. ફરિયાદપક્ષે પુરાવાથી ત્રણેય આરોપીઓ કાવતરામાં સંડોવાયેલ હતા તે સાબિત પણ કરેલ છે.

આરોપી નં.–૧નાને ગુનામાંથી માફી આપેલ હોવાથી અગર કાવતરામાં સંડોવાયેલ અન્ય આરોપી મરણ ગયેલ હોવાથી, આ કેસમાં આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ એકલા જ કાવતરામાં સંડોવાયેલ હતા કે, તેઓએ એકલાએ કાવતરું કરેલ હતું તેવું કહી શકાય નહી. આ કેસમાં પુરવાર થયેલ

કાવતરાના પુરાવા તથા સંજોગ જોતા બચાવપક્ષની દલીલો માની શકાય તેમ નથી. વધુમાં ભારતીય પુરાવા કાયદાની કલમ–૧૦ ને ધ્યાને રાખી ઉપર જે ચર્ચા કરી તેને ધ્યાનમાં લેતા આરોપી નં.–(૨) તથા મરણજનાર આરોપી તથા એપ્રુવરનાઓએ કાવતરું રચી કાવતરામાં સામેલ થઈ એકબીજા સાથે સમજુતી કરી, એકબીજા સાથે મદદગારી કરી, અફીણ ખરીદી તેને પ્લાન્ટ કરી એન.ડી.પી.એસ એક્ટ કલમ–૧૭ મુજબનો ગુનાનો સુમેરસિંહ રાજપુરોહિત વિરુધ્ધ ખોટો કેસ ઉભો કરી તહોમતનામા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી) મુજબ તથા એનડીપીએસ એક્ટની કલમ–૨૯ મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ નીવડેલ છે તે હું માનું છું.

**(૩) ફરિયાદપક્ષ સાહેદ નં.–૬ ઓમપ્રકાશ ઉત્તમદાસ આચાર્ય, ફરિયાદપક્ષ સાહેદ નં.–૭ રાજુભાઈ ઈશ્વરભાઈ રાવળ, ફરિયાદપક્ષ સાહેદ નં.–૮ બબાભાઈ સવાભાઇ રોજીયા, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૦ સાયબાભાઈ નાથાભાઈ ગમાર તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૧ વાસુદેવભાઈ ભલાભાઈ ભરવાડ, હેન્ડ રાઈટીંગ એક્ષપર્ટના પુરાવાનું મૂલ્યાંકન.**

**(૩.i)** ફરિયાદપક્ષ સાહેદ નં.–૬ ઓમપ્રકાશ ઉત્તમદાસ આચાર્યનાઓનો પુરાવો જોવામાં આવે તો ૨૦૧૮ ની સાલમાં ૧૦ મા મહીનામાં તેઓને પોલીસ ભવન ગાંધીનગર ખાતે બોલાવવામાં આવેલ જે સમયે બીજા જગુભાઈ તથા યાદવ સાહેબ, પોલીસવાળા હતા અને બબાજી હતા. ત્યાં ટેલીફોન વર્ધીનુ એક લખાણ હતુ તે ૩૬ કાગળમાં તેઓની રુબરુમાં લખાવવામાં આવેલુ, ટાઈપીંગ થતુ હતુ, તે કાગળમાં તેઓની અને બબાજીની પણ સહી લીધેલી. બબાજી પાસે જુના પાંચ કાગળો હતા તે ટેબલ ઉપર પડેલા હતા જેમાં પંચ તરીકે તેઓની અને બબાજીની પણ સહી લીધેલી. જગુભાઈની પણ સહી લીધેલી. સાહેદે તે અંગેનું પંચનામાંની સહીઓ તથા અન્ય સહીઓ સાહેદે ઓળખી બતાવેલ જે અંગેનું પંચનામુ આંક– ૨૨૩ થી રજુ થયેલ છે. સાહેદની જુબાનીમાં બબાભાઈના હસ્તાક્ષર તથા સહીના નમુના આંક–૨૨૪ થી તથા બબાભાઈની કુદરતી સહી ધરાવતા લખાણ કુલ ૫ પાના આંક–૨૨૫ થી

રજુ થયેલ છે. જેઓને બચાવપક્ષે ઉલટતપાસ કરેલ છે તે બાબતેની દલીલો થયેલ છે આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન આગળ સંયુકત ચર્ચામાં કરેલ છે.

**(૩.ii)** વધુમાં ફરિયાદપક્ષ સાહેદ નં.-૭ રાજુભાઈ ઈશ્વરભાઈ રાવળનો પુરાવો જોતા તેઓને સને-૨૦૧૮ની સાલમાં નવમાં મહિનામાં સેક્ટર-૨૮ ગાંધીનગરમાં પોલીસ ભવન પાંચમાં માળે બોલાવેલાં. જ્યાં કરશનભાઈ નામના વ્યક્તિ, યાદવ સાહેબ અને બે-ત્રણ પોલીસવાળા હતા, બબાભાઈ હતાં. ત્યાં દસ કોરા કાગળ બતાવેલાં અને એક કાગળ લખાણવાળું હતું તે બતાવેલું. જે કાગળ ટેલીફોન વર્ધીનું હતું તેવી યાદવ સાહેબે બબાભાઈનું લખાણ અને સહી લેવાની છે તેમ કહેલું. તે કાગળોમાં બબાભાઈનું લખાણ લીધેલું અને સહીઓ તેઓની કરાવેલી અને લખાણ કરેલાં કાગળોમાં પંચ તરીકે તેમણે સહીઓ કરેલી. આ સાહેદે પંચનામાંની તથા બબાભાઈની સહી વાળા ૪ તથા લખાણના ૬ પાના ઉપર સહીઓ ઓળખી બતાવેલ. જે પંચનામાને આંક-૨૩૨ તથા અન્ય લખાણોને આંક-૨૩૩ આપવામાં આવેલ. ઉપરોક્ત બંને સાહેદોની બચાવપક્ષે ઉલટતપાસ કરેલ છે તે બાબતેની દલીલો થયેલ છે આ બંને સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન આગળ સંયુકત ચર્ચામાં કરેલ છે.

**(૩.iii)** વધુમાં ફરિયાદપક્ષ સાહેદ નં.-૮ બબાભાઈ સવાભાઈ રોજીયાનો પુરાવો જોતા તેઓ તા. ૦૨/૦૫/૧૯૭૨ ના રોજ પોલીસ ખાતામાં ભરતી થયેલ હતા તથા નિવૃત તા.૩૦/૦૬/૨૦૧૦ ના રોજ થયેલ. તેઓ પાલનપુર ડી.એસ.પી. ઓફીસમાં તા ૩૦/૦૪/૧૯૯૬ ના રોજ કન્ટ્રોલ ઈન્ચાર્જ તરીકે ફરજ ઉપર હતા. તે સમયગાળા દરમ્યાન એસ.પી. તરીકે, શ્રી સંજીવ ભટ્ટ સાહેબ હતા. તા.૨૯/૦૪/૧૯૯૬ ના રોજ તેઓ ૧૬/૦૦ વાગે ડયુટી ઉપર ચડેલા અને તા.૩૦/૦૪/૧૯૯૬ના સવારના ૦૮/૦૦ વાગ્યા સુધી નોકરી ઉપર હતા. તેઓ કન્ટ્રોલ ઈન્ચાર્જ તરીકેની ફરજ ઉપર હતા તે દરમ્યાન સવારના ૬/૧૦ કલાકે એક અનામી વ્યકિત ધ્વારા ફોન ઉપર જણાવેલ કે, સુમેરસીંહ રાજપુરોહિતનાઓ લાજવંતી હોટલમાં રોકાયેલા છે અને જે અફિણનો ધંધો કરે છે તે તેની સાથે ૫ કિલો અફિણ લાવેલ છે અને જે અફિણની ડીલીવરી

પાલનપુરમાં આપવાની છે. તેઓએ સદર વ્યકિતને નામઠામ પુછેલુ પરંતુ તેણે આપેલ નહી. ભારે ગુનાની વરધી મળેલી હોઇ અને કન્ટ્રોલ ઈન્ચાર્જની ફરજ ડી.એસ.પીને સીરીયસ ગુના અંગે રીપોર્ટ કરવાની હોઇ તેઓએ ડી.એસ.પી. સાહેબના બંગલાના નંબર ૨૫૨૭૦૧૪ ઉપર ફોન કરેલો. જે વખતે સાહેબના બંગલે પોલીસ કોન્સ્ટેબલ સાયબાભાઈ નોકરી ઉપર હોઇ સાયબાભાઈએ ફોન ઉપાડેલો. તેમણે સાહેદને  કહેલ કે, સાહેબ સુતા છે. જેથી તેમણે સાયબાભાઈને કહેલ કે, સાહેબને ઉઠાડો, અફિણ બાબતનો કેસ છે જેથી મારે કોને વરધી આપવી અને શું કરવુ તે બાબતે વાત કરવી છે. જેથી ડી.એસ.પી. સાહેબે જાતે તેમને કશુય કિધેલું નહી પરંતુ ફોન ચાલુ હતો તે વખતે સાયબાભાઈને તેમણે જણાવેલ કે, એલ.સી.બી. પી.આઇ. વ્યાસ સાહેબને તમે જાણ કરો. જે પછી સાયબાભાઈએ તેઓને કીધેલ કે વ્યાસ સાહેબને તપાસ આપો. જેથી તેઓએ તાત્કાલીક ટપાલ કરી રામજીભાઈ રાઈડર સાથે વ્યાસ સાહેબ જયાં રહેતા હતા ત્યાં મોકલી આપેલ. જે વરધી મળેલ હતી તેની ટેલીફોન વરધી રજીસ્ટરમાં તેમણે જાતે નોંધ કરેલી. સાહેદને તે વરધી રજીસ્ટરની ઝેરોક્ષ બતાવતા તેની એન્ટ્રી નં.-૩૬૦ તેમણે કરેલી તેવું તેમણે જણાવેલ જેમાં તેઓએ આ વરધી બાબતે ૫૭૦૧૪ ઉપર સાયબાભાઈ સાથે વાત કર્યા બાદ તે બાબતની અને એલ.સી.બી. પી.આઇ. વ્યાસને મોકલી આપવા અંગેની નોંધ કરેલી. જે આંક-૨૪૪થી રજુ છે. સાહેદને ચાર્જ રજીસ્ટરનો ઝેરોક્ષ ઉતારો બતાવવામાં આવતા તેમની ડયુટી બાબતની નોંધ અને સહી ઓળખી બતાવેલ. વધુમાં સાહેદને ટેલીફોન વરધી બતાવતા તેઓએ તેમાંની સહી તેની નીચે કન્ટ્રોલ ઈન્ચાર્જ લખેલ હોદ્દો તા.૩૦/૦૪/૧૯૯૬ તેઓએ લખેલ છે બીજા અક્ષરો કોના છે તેની તેમને ખબર નથી તથા તે અક્ષર તેમના નથી તેમ જણાવેલ. જે અસલ વરધી સાહેદની સહી અને તેમના અક્ષરો પુરતી આંક-૨૪૬ થી રજુ છે.

તેઓએ આંક-૨૩૩, આંક-૨૨૪ તથા આંક-૨૨૫ વાળા દસ્તાવેજોની પોતાની સહીઓ તથા લખાણના હસ્તાક્ષર ઓળખી બતાવી પુરાવો આપેલ છે.

**(૩.iv)** વધુમાં ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૦ સાયબાભાઈ નાથાભાઈ

ગમારનો પુરાવો જોતા તેઓ નિવૃત થયેલ અગાઉ તેઓ પોલીસ હેડક્વાર્ટરમાં પોલીસની નોકરી કરતા હતા. તેઓ એસ.પી સાહેબના બંગલે ટેલીફોન અને વાયરલેસની ડ્યુટી કરતા હતા. તે વખતે એસ.પી સાહેબ સંજીવ ભટ્ટ સાહેબ હતા. તેમની ફરજ સાહેબના બંગલે રાત્રીના ૦/૦૦ થી સાવારના ૮/૦૦ વાગ્યા સુધીની હતી. તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ સાહેબના બંગલે રાત્રીના ૦.૦૦ થી સવારના ૮.૦૦ સુધી તેમની નોકરી હતી. કંટ્રોલ ઇન્ચાર્જ બબાભાઇ સવાભાઈનો સવારે ૬.૦૦ વાગે ફોન આવેલ અને કહેલ કે, અફીણ બાબતે એસ.પી. સાહેબ જોડે વાત કરવી છે તેથી ફોન કર્યો છે. જેથી તેઓએ રીંગ મારીને બબાભાઇ જોડેથી સાહેબ જોડે વાત કરેલી પછી સાહેબે એવી વાત કરી કે એલ.સી.બી પી.આઇ વ્યાસ સાહેબને આ બાબતની ખબર છે જેથી કંટ્રોલ ઇન્ચાર્જને જાણ કર કે વ્યાસ સાહેબને આ બાબતની તપાસ કરવા જાણ કરે. પછી કંટ્રોલમાં તેવી જાણ કરેલ. સાહેદે તેમનું મેજીસ્ટ્રેટ સાહેબ રૂબરૂના નિવેદનની સહી ઓળખી બતાવેલી. તેઓએ સંજીવ ભટ્ટ સાહેબ સાથે વાત કરેલી. રજીસ્ટર કોણ લઇ ગયેલુ તેની ખબર ન હોવાનું પરંતુ રજીસ્ટર સાહેબના બંગલે હતુ અને સાહેબની બદલી થઇ તે પછી મળતુ ન હતુ તેવું તેમને જણાવેલ.

**(૩.v)** વધુમાં ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૧ વાસુદેવભાઈ ભલાભાઈ ભરવાડ હેન્ડ રાઈટીંગ એક્ષપર્ટનો પુરાવો જોતા તેઓ નાયબ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાત તરીકે રાજ્ય સરકારની ગાંધીનગર ખાતે આવેલ કચેરી ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સિક સાયન્સમાં ફરજ બજાવતા હતા. તેઓને પાલનપુર શહેર પો.સ્ટે. ગુ.રજી નં.૨૧૬/૯૬ ના કામે તપાસણી અર્થે બે જુદા જુદા ફોર્વર્ડીંગ પત્રોમાં જણાવેલ દસ્તાવેજો સાથે તપાસ અર્થે મળેલા. જેમા તા.૨૧/૫/૯૬ના જીલ્લા પોલીસ અધિકારી બનાસકાંઠા વતી ડી.વાય.એસ.પી નાઓએ મોકલેલ રવાનગી પત્ર સાથે જાવકનં.૭/૯૬ તા.૮/૫/૯૬નો પોલીસ ઈન્સ. એલ.સી.બી. પાલનપુરના ઓના પ્રશ્નોત્તરી પ્રમાણે તપાસણી કરી અભિપ્રાય આપવા તેમની તરફ મોકલી આપવામાં આવેલ. જે પત્રો સાથે ચેકલીસ્ટ તથા

ફોર્વર્ડીંગ પત્રમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો સામેલ હતા. એક હોટલ રજીસ્ટર હતુ જેમાં પેજ નં.૧૮ ઉપર સીરીયલનં.૬૪૦ ની લાઈનમાં અંગ્રેજીમાં સહી કરેલી હતી જેને તકરારી સહી તરીકે માર્ક-(એ) આપેલ હતો. તેની સાથે સરખામણી અર્થે જે દસ્તાવેજો મળેલા તેમાં કુલ-૨૪ કાગળો હતા જેમાં અલગ અલગ પ્રકારે સહીઓ કરેલી હતી તેઓને કુલ ચાર વિભાગમાં વહેચેલ હતા.અને તે દસ્તાવેજોને અનુક્રમે B,B-1 થી B-35, C,C-1 થી C-35, D, D-1 થી D-35, E, E-1 થી E-35 સુધીના માર્ક આપેલા હતા. આ તમામ દસ્તાવેજોની તેઓએ પ્રાથમિક પરિક્ષણ કરેલુ કચેરીનો કેસ ક્રમાંક AB-110/96 દરેક ઉપર નોંધી અને તે દરેક ને ત.ક.અમલદાર તરફથી જે માર્ક આપેલા હતા તે જ માર્ક આપેલા. તેઓએ આ તમામ દસ્તાવેજોને મે અમારી પાસેના ઉપલબ્ધ વૈજ્ઞાનિક સાધનોની મદદથી ગહન પરિક્ષણ કરેલુ અને તકરારી દસ્તાવેજ તથા સરખામણી માટે આવેલા નમુનાના દસ્તાવેજો માની સહીઓ વચ્ચે જોવા મળેલ સામ્યતાઓ તથા તફાવતોનું ઝીણવટ પુર્વક અવલોકન કરેલુ અને તેની તેઓએ નોંધ કરેલી દસ્તાવેજોની ફોટોગ્રાફી કરાવેલી અને અભિપ્રાય આપેલ કે,..."લાલ ઘેરાવામાં રહેલ તકરારી સહી માર્ક "A"ની નમુનાની સહીઓ માર્ક- B,B-1 થી B-35, C,C-1 થી C-35, D, D-1 થી D-35 , E અને E-1 થી E-35 ની સાથે સરખામણી કરતાં કોઈ ચોક્કસ અભિપ્રાય આપી શકાયેલ નથી. " તેઓને મળેલ ફોર્વર્ડીંગ પત્ર આંક-૩૯૨ અવલોકન આંક-૩૯૩ અભિપ્રાયના કારણ આંક-૩૯૪, ૬૪૦ વાળી એન્ટ્રીના પાનાની અસલ સ્વરૂપે તપાસેલ માર્ક-એ વાળી સહીના ફોટોગ્રાફ, આંક-૩૯૫ ફોટાની નેગેટીવ આંક-૩૯૬, અભિપ્રાય આંક-૩૯૭ થી રજુ થયેલ છે.

**(૩.vi)** વધુમાં તેઓને પોલીસ અધિક્ષક (વહીવટ) સી.આઈ.ડી.ક્રાઈમ ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.૨૯/૧૦/૧૮ના પત્ર ક્રમાંક CID/SP(વ)/ પ્રો.૨૧૬-૯૬/૧૭૦/૧૮ના પત્રથી રવાનગી પત્ર સાથેના દસ્તાવેજો હસ્તાક્ષર ચકાસણી કરી યોગ્ય અભિપ્રાય આપવા બાબતનો પ્રશ્નોત્તરી સહીતનો પત્ર તેમને મળેલ. આ રવાનગી પત્ર તથા તેની સાથેના જણાવેલ પત્ર અને

ચેકલીસ્ટની સાથે પત્રમાં જણાવ્યા મુજબના તકરારી દસ્તાવેજ, નમુનાના દસ્તાવેજ તથા કુદરતી દસ્તાવેજો સામેલ હતા. જે તમામ પત્રો તથા તેની સાથેના દસ્તાવેજો મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાત શ્રી દ્વારા તપાસણી અર્થે તેઓને સોંપવામાં આવેલા. તપાસણી અર્થે દસ્તાવેજો સોપવામાં આવેલા તેમાં ગુજરાતીમાં લખાણ લખેલ હતુ તેવો એક કાગળ જેના ઉપર મથાળે ટેલિફોન વર્ધી લખેલ હતુ તથા નીચેના ડાબી બાજુનાભાગે તારીખ તથા જમણી બાજુના ભાગે અંગ્રેજીમાં સહી તથા તેની નીચે ગુજરાતીમાં લખાણ હતુ જે તકરારી દસ્તાવેજ તરીકે તપાસણી અર્થે આવેલુ. જેમાં ઉપરના ગુજરાતી લખાણવાળા ભાગને માર્ક–D.1–1, સહીને D.1–2, સહીની નીચેના લખાણને D.1–3 અને તારીખવાળા લખાણને D.1–4 આપેલા હતા. આ માર્ક ત.ક.શ્રી દ્વારા લખીને મોકલવામાં આવેલા હતા. જે સાહેદને મળતા તેના ઉપરના તેઓએ માર્ક આપેલા. તેની સાથે અમોએ અમારી કચેરીનો કેસ ક્રમાંક AB–500/18 આપેલો. તેઓને તકરારી દસ્તાવેજના પરિક્ષણ માટે તપાસ કરનાર અમલદારે મોકલેલા દસ્તાવેજોને પણ તેઓએ માર્ક આપેલા. તેઓને તપાસણી અર્થે જે કુદરતી દસ્તાવેજો મળેલા તેને તેઓએ જુદા જુદા N માર્ક આપેલા. આ સાહેદને મળેલા તમામ દસ્તાવેજોનું વૈજ્ઞાનિક સાધનોની મદદથી ગહન અને તલસ્પર્શી પરિક્ષણ કરેલુ. અવલોકન કરી તેની નોંધ કરી તેઓએ અભિપ્રાય તૈયાર કરેલો. ત્યારબાદ આ તમામ દસ્તાવેજો તે સમયના પેનલ એક્સપર્ટ શ્રી પી.કે.વસાવા, નાયબ મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાતનાઓને પરિક્ષણ અર્થે સોંપેલા અને તેઓએ આ તમામ દસ્તાવેજોનુ પરિક્ષણ કરેલ અને સાહેદના અભિપ્રાય સાથે સહમત થયેલા. તેઓએ એવો અભિપ્રાય આપેલ કે, (૧) જે વ્યક્તિએ નમુના તથા કુદરતી લખાણ અને સહીઓ માર્ક S 1 થી S 80 અને N 1 થી N 5 લખેલ છે તે જ વ્યક્તિ દ્વારા લાલ ઘેરાવામાં રહેલ તકરારી લખાણ અને સહી માર્ક D 2 થી D 4 લખેલ છે. (૨) જે વ્યક્તિએ નમુના તથા કુદરતી લખાણ અને સહીઓ માર્ક S 1 થી S 80 અને N 1 થી N 5 લખેલ છે તે વ્યક્તિ દ્વારા લાલ ઘેરાવામાં રહેલ તકરારી લખાણ માર્ક D 1 લખેલુ નથી. આ સાહેદને અભિપ્રાય માટે જે

ફોરવર્ડીંગ પત્ર તથા ચેકલીસ્ટ મળેલ તે આંક–૩૯૮થી તથા અભિપ્રાય આંક–૩૯૯થી તથા અભિપ્રાય ઉપર આવવાના અવલોકનો આંક–૪૦૦થી રજુ છે.

બચાવપક્ષે ફરિયાદપક્ષ સાહેદ નં.–૮નો પુરાવો તથા પંચોનો પુરાવો દસ્તાવેજોથી વિરોધાભાસ હોવાનો બબાભાઈની સહીઓ તથા હસ્તાક્ષર લીધા તે પંચનામાં કન્ટેન્ટ અંગે પુરાવો નથી, પંચ સ્વતંત્ર નથી. બબાભાઈના તાજા સહી વાળા દસ્તાવેજો કબજે લીધા નથી, હેન્ડ રાઈટીંગ એક્ષપર્ટએ નેચરલ સહી છે હસ્તાક્ષર નહી. જેથી બબાભાઈ વર્ધી લખેલ નથી તે મનાય તેમ નથી. એક્ષપર્ટનો અભિપ્રાય કોરોબરેટીવ પીસ ઓફ એવીડન્સ છે. વધુમાં વરધીના હસ્તાક્ષરનું લખાણ જોવામાં આવે તો અને બબાભાઈની સહી, તારીખ અને હોદ્દાવાળું લખાણ જોવામાં આવે તો ઉપરનું લખાણ તદ્દન જુદું છે, તેવી દલીલો કરેલ છે જયારે ફરિયાદપક્ષે દલીલ કરેલ છે કે, રેકર્ડ ઉપર આવેલ સાહેદ નં.–૯ ઈન્દ્રવદન વ્યાસનો પુરાવો જોવામા આવે તો એવો છે કે, તા.૩૦/૦૪/૧૯૯૬ ના રોજ તેઓ વિશ્રામગૃહ ખાતે હતા ત્યારે સવારે ૫:૩૦ કલાકે વિશ્રામગૃહના લેન્ડ લાઈન ફોન ઉપર તહોમતદાર સંજીવ ભટ્ટનો ફોન આવેલ અને તેઓએ કહેલ કે, હોટેલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ માં પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે, થોડીવારમાં કંટ્રોલ રૂમ તરફથી વર્ધી મળશે, સ્ટાફને તાત્કાલિક બોલાવી દો અને હોટલ લાજવંતીમાં જઈને રેઈડ કરો અને કાયદેસરની કાર્યવાહી કરો. ત્યારબાદ સાહેદ નં.–૯ નાઓએ તેમના સ્ટાફને બોલાવીને કાર્યવાહી કરેલી અને આરોપી નં.–(૨) એ આપેલ સુચના મુજબ હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ ના પલંગના ગાદલા નીચેથી અફીણ મળેલું. વધુમાં સાહેદ નં.–૮ બબાભાઈ સવાભાઇનો પુરાવો જોવામાં આવે તો, કંટ્રોલ રૂમ ઈન્ચાર્જ તરીકેની તેમની ફરજ દરમ્યાન, "તા.૩૦/૦૪/૧૯૯૬ ના રોજ સવાર ૬:૧૦ કલાકે તેઓને ફોનથી સુમેરસિંહ રાજપુરોહિતનાઓ લાજવંતી હોટલમાં રોકાયેલ છે અને અફીણનો ધંધો કરે છે, તે તેની સાથે ૫ કિલો અફીણ લાવેલ છે, અફીણની ડીલીવરી પાલનપુર આપવાની છે". તે મતલબની વર્ધી મળેલ. જેથી તેઓએ

ડી.એસ.પી સાહેબના બંગલા ફોન નં.–૨૫૨૭૦૧૪ ઉપર ફોન કરેલ ત્યારે ડી.એસ.પી સાહેબે જાતે તેમને કશું કીધેલું નહી પરંતુ ફોન ચાલુ હતો તે વખતે સાહેદ નં.–૧૦ સાયબાભાઈને તેમણે જણાવેલ કે, એલ.સી.બી. પી.આઈ. સાહેબને તમે જાણ કરો. આ અંગે સાયબાભાઈએ ફરીયાદપક્ષ સાહેદ નં.–૮ બબાભાઈને જણાવેલ કે વ્યાસ સાહેબને તપાસ આપો. આમ સાહેદ નં.–૮ને જે વર્ધી મળેલ હતી તે વર્ધીની સાહેદે ટેલીફોન વર્ધી રજીસ્ટરમાં જાતે નોંધ કરેલી જે અસલ વર્ધી ઉપર સાહેદની સહી તેની નીચે કંટ્રોલ ઈન્ચાર્જનો હોદ્દો તથા તારીખ ૩૦/૦૪/૧૯૯૬ વાળા અક્ષર જ સાહેદ નં.–૮ના હોવા અંગે સાહેદ નં.–૮ નાએ તેમની જુબાનીના પાના નં.–૩ ઉપર પુરાવો આપેલ છે આ આંક–૨૪૬ વાળી વર્ધીમાં બીજા અક્ષરો પોતાના ન હોવાનું આ ફરિયાદપક્ષ સાહેદ નં.–૮ બબાભાઈ સવાભાઇ નાઓએ પુરાવો આપેલ છે.

**(૩.vii)** વધુમાં ફરિયાદપક્ષની દલીલ છે કે, આંક–૨૪૬ વાળી વર્ધી અંગે રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા સાહેદ નં.–૮ બબાભાઈના હસ્તાક્ષર નથી તેમાં ફક્ત આ સાહેદ નં.–૮ની સહી તથા લખાણ જેવું કે, કંટ્રોલ ઈન્ચાર્જ હોદ્દો તથા તારીખ આ સાહેદ નં.–૮ના હસ્તાક્ષરમાં છે. આમ, પુરાવો જોતા એવું સ્પષ્ટ જણાય છે અને એમ કહી શકાય કે, આ વર્ધી ઉભી કરીને મોકલવામાં આવેલ. આમ વર્ધીમાંના હસ્તાક્ષર અંગેનો સબસ્ટેન્ટીવ એવીડન્સ રેકર્ડ ઉપર છે જેને હસ્તાક્ષર નિષ્ણાતના આંક–૩૯૯ વાળા અભિપ્રાયથી સમર્થન મળે છે. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૧ વાસુદેવભાઈ ભલાભાઈ, હસ્તાક્ષર નિષ્ણાતનોએ આંક–૩૯૯ વાળો જે અભિપ્રાય આપેલ. તે અભિપ્રાય મેળવવા સારું તપાસ કરનાર અમલદાર ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯ નાઓએ આંક–૩૯૮ વાળો પત્ર તથા તેની સાથેની રવાનગી અને પ્રશ્નોતરી, સત્તા અંગેના પ્રમાણપત્ર તથા સિલના નમુનાની છાપ સાથેના ચેકલીસ્ટ સાથે ૨૦૧૮ના વર્ષમાં તપાસ દરમ્યાન કબજે લીધેલ (૧) આંક–૨૪૬ વાળી અસલ વર્ધી (૨) સાહેદ નં.–૭, પંચ રાજુભાઈ ઈશ્વરભાઈ રાવળની રબરૂમાં આંક–૨૩૨ વાળા પંચનામાં દરમ્યાન તા.૧૩/૦૯/૨૦૧૮ના રોજ બબાભાઈ સવાભાઇના લીધેલ હસ્તાક્ષર

તથા સહીઓના નમુના જે સંયુક્ત આંક– ૨૩૩ વાળા મેળવેલ તે કુલ ૧૦ પાના તથા (૩) સાહેદ નં.–૬, પંચ ઓમપ્રકાસ ઉત્તમદાસ આચાર્યની રબરૂમાં તા.૨૭/૧૦/૨૦૧૮ ના રોજ બબાભાઈ સવાભાઈના હસ્તાક્ષર તથા સહીઓના જે નમુના સંયુક્ત આંક– ૨૨૪ વાળા મેળવવામાં આવેલ તે કુલ ૩૬ પાના તથા (૪) આંક–૨૨૫ વાળા બબાભાઈ સવાભાઈની કુદરતી સહીઓ ધરાવતા દસ્તાવેજો કુલ–૫ પાના હસ્તાક્ષર નિષ્ણાતને મોકલી આપેલ. જે ઉપરોક્ત જણાવેલ દસ્તાવેજોમાની સહીઓ તથા હસ્તાક્ષરોની ચકાસણી/તપાસણી ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૧ હસ્તાક્ષર નિષ્ણાતશ્રી ધ્વારા કરવામાં આવેલ અને તેઓ ધ્વારા તથા અન્ય હસ્તાક્ષર નિષ્ણાતશ્રી ધ્વારા તારીખ.૧૩/૦૬/૨૦૧૯ ના રોજ આંક– ૩૯૯ વાળો અભિપ્રાય આપવામાં આવેલ. જે અભિપ્રાય ઉપર આવવા અંગેના સાહેદ નં.–૧૧ નાઓએ કારણો આંક–૪૦૦ વાળા આપેલ. આંક–૩૯૯ વાળો અભિપ્રાય જોતા પણ આંક–૨૪૬ વાળી વર્ધીમાના બબાભાઈની સહી તથા ‘કંટ્રોલ ઈન્ચાર્જ’ તથા ‘તારીખ’ લખેલ અક્ષરો એટલે કે માર્ક.ડી–૨ થી માર્ક.ડી–૪ વાળા હસ્તાક્ષર તથા સહી સિવાયના માર્ક.ડી–૧ વાળા હસ્તાક્ષરો સાહેદ નં.–૮ બબાભાઈના નથી. આમ, હસ્તાક્ષર નિષ્ણાતશ્રીના અભિપ્રાયથી સાહેદ બબાભાઈ સવાભાઇ સાહેદ નં.–૮ ના પુરાવાને સમર્થન મળે છે.હસ્તાક્ષર નિષ્ણાતશ્રીનાઓએ આ કેસમાં જે ઉપરોક્ત જણાવેલ અભિપ્રાય આપેલ છે તેના ઉપર આવવાના કારણો પણ તેઓએ આપેલા છે હસ્તાક્ષર નિષ્ણાતશ્રીએ અસલ દસ્તાવેજોનો અભ્યાસ કર્યા બાદ અભિપ્રાય આપેલ છે. સાહેદ નં.–૧૧ હસ્તાક્ષર નિષ્ણાતશ્રીની ઉલટતપાસ જોવામા આવે તો પણ હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય માની શકાય તેવો છે. બચાવપક્ષ ધ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલી છે તે જોવામાં આવે તો પણ આ અભિપ્રાય ઉપર શંકાઓ ઉપસ્થિત થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે જેનાથી હસ્તાક્ષર નિષ્ણાતનો અભિપ્રાય ન માનવાને કારણ બને.

બચાવપક્ષની દલીલ જોતા આંક–૨૪૬ વાળી વરધીના હસ્તાક્ષરો તથા તેની નીચેની બબાભાઈની સહી, તારીખ તથા હોદ્દો જુદી ઉદા કલરની પેનમાં

છે. પક્ષકારોની દલીલ તથા પુરાવો ધ્યાને લેતા બબાભાઈનો સીધો પુરાવો એવો છે કે, સહી તેમની છે તારીખ તથા હોદ્દો તેમણે લખેલ છે. આમ બબાભાઈનો પુરાવો સબસ્ટેન્ટીવ એવીડન્સ છે. આ પુરાવાને હસ્તાક્ષર નિષ્ણાતનું સમર્થન મળે છે. હસ્તાક્ષર નિષ્ણાત એવું સ્વીકારતા નથી કે કુદરતી હસ્તાક્ષર વગર હસ્તાક્ષરનો અભિપ્રાય આપી શકાય નહી. હસ્તાક્ષર નિષ્ણાતે વરધીના આધારે જે હસ્તાક્ષરના નમૂનાઓ મેળવવામાં આવેલા તેને આધારે અભિપ્રાય આપેલ છે. હસ્તાક્ષર નિષ્ણાતે બબાભાઈની કુદરતી સહીઓનો આધાર લઈ અભિપ્રાય આપેલ છે. ફક્ત ૧૯૯૬ ના વર્ષમાં હસ્તાક્ષરો તપાસ કરનાર અમલદારે અભિપ્રાય માટે મોકલેલ ન હોવાને કારણે હસ્તાક્ષરનો અભિપ્રાય આપી ન શકાય તેવું હસ્તાક્ષર નિષ્ણાતે જણાવેલ નથી. આંક–૨૪૬ વાળી વરધી કટ્રોલ રૂમને મળી તે અગાઉ તા.૨૯/૦૪/૧૯૯૬ ના રોજ આરોપી નં.–(૨) નાઓએ મરણજનાર આરોપી માલાભાઈનાઓને અફીણ ખરીદવા રૂપિયા ૨૦,૦૦૦/– આપેલ, એપ્રુવરને સાંજના ચેમ્બરમાં બોલાવી, આવતી કાલે સવારના એનડીપીએસને લગતી બાતમી મળી શકે છે, સ્ટાફને તૈયાર રાખજો તેવી સુચના આપેલ, એક માણસ ઉપર અફીણનો કેસ કરવાનો છે તેમ કહી અફીણ માલાભાઈ લઈ આવેલ છે અને હોટલમાં મૂકી દેશે તેવું જણાવેલ અને કંટ્રોલરૂમની વરધી આધારે તમારે સવારે કાર્યવાહી કરવાની છે તેવું જણાવેલ અને તા.૩૦/૦૪/૧૯૯૬ ના રોજ સવારે થોડીવારમાં કંટ્રોલરૂમ તરફથી વરધી મળશે તેવું જણાવેલ અને ત્યારબાદ વરધી મળેલ હતી. તે પુરાવા ઉપરથી તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૮ નાઓએ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટના બંગલે ફોન કરેલ અને સાયબાભાઈએ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ સાથે વાત કરી પી.આઈ વ્યાસને આપવા જે સુચના આપેલ તે તમામ ઉપરથી એવું સ્પષ્ટ થાય છે કે આ વર્ધી આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટનાએ જ ઉભી કરાવેલ હતી અને જે મળતા બબાભાઈએ ફક્ત તેમની સહી કરેલ અને હોદ્દો તથા તારીખ નાખેલ. વધુમાં આંક–૨૪૪ કંટ્રોલરૂમ વર્ધી રજીસ્ટરની એન્ટ્રી નં.–૩૬૦ને ફરિયાદપક્ષ સાહેદ નં.–૮ બબાભાઈના પુરાવા સાથે વંચાણે લેતા તેમાં કલાક.૬/૧૦ વાગે

તા.૩૦/૦૪/૯૬ કલાક. ૬/૧૦ વાગે ૫૨૬૦૦ ઉપરથી હેડ કોન્સ્ટેબલ બબાભાઈએ ફોન કરેલાની અને વરધીની જાણ કરેલાની નોંધ છે. તે એન્ટ્રીના છેલ્લા કોલમમાં ઉપરોક્ત વરધી બાબતે ટેલીફોન નં.–૫૭૦૧૪ ઉપર તુર્તજ સાયબાને જાણ કરવામાં આવેલ છે તેવો શેરો છે. વધુમાં સરતપાસમાં આવેલ પુરાવો વંચાણે લેતા તથા આ નોંધ વંચાણે એવું સ્પષ્ટ જણાય છે કે, વરધી બાબતે સાયબાભાઈ સાથે વાત કર્યા બાદ તે બાબતની નોંધ આંક–૨૪૪ના છેલ્લા કોલમમાં કરવામાં આવેલી છે અને ત્યારબાદ એલ.સી.બી, પી.આઈ. વ્યાસને મોકલી આપેલ છે તેવી નોંધ છે. આથી બચાવપક્ષે રજુ કરેલ બચાવ જેવો કે પી.આઈ. વ્યાસને મોકલી આપ્યા બાદ બબાભાઈએ સાયબાભાઈ સાથે વાત કરેલ તે માની શકાય તેમ નથી. આમ આ નોંધ સાયબાભાઈ સાથે વાત કર્યા બાદ થયેલ બબાભાઈ ધ્વારા કરવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે. વધુમાં રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા આરોપી નં.–(૨) નાએ આ તપાસ પી.આઈ વ્યાસને આપવા સુચના આપેલી હતી તે તથા તેની નોંધ ૧૯૯૬ ના વર્ષમાં એન્ટ્રી નં.–૩૬૦માં થયેલી હતી તે પુરવાર થાય છે જેથી આરોપી નં.–(૨) વિરુધ્ધ ૨૦૧૮ના વર્ષમાં ખોટો કેસ તપાસ કરનાર અમલદારે ઉભો કરેલો છે તે માની શકાય તેમ નથી, પરંતુ આરોપી નં.–(૨)નાએ ૧૯૯૬ ના વર્ષમાં ગુનો કરેલો હતો અને તે ગુનાની યોગ્ય તપાસ થયેલી ન હતી તે હકીકતને ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ ઈન્દ્રવદન વ્યાસના પુરાવાથી સમર્થન મળે છે. વધુમાં બચાવપક્ષ ધ્વારા સાહેદ નં.–૧૦ નાઓની ઉલટતપાસ દરમ્યાન તેઓને આંક–૬૧૮ વાળું રજીસ્ટર બતાવવામાં આવેલ અને તેને આધારે ઉલટતપાસ કરવામાં આવેલ. ફરિયાદપક્ષનું કહેવું છે કે આવું કોઈ રજીસ્ટર નિયમ મુજબ જળવાયેલ નથી, તપાસમાં આવું રજીસ્ટર આરોપીએ રજુ કરેલ નથી અને આ રજીસ્ટર સૌપ્રથમ નિશાની ૬૧૭ વાળા લીસ્ટથી રજુ કરવામાં આવેલ. આ રજીસ્ટર આધારે કરવામાં આવેલ ઉલટતપાસથી આરોપી નં.–(૨) વિરુધ્ધ ખોટો કેસ કરવામાં આવેલ છે તે મનાય તેમ નથી. વધુમાં ફરિયાદપક્ષ સાહેદ નં.–૬, ૭, ૮, ૧૦, ૧૧ તેમજ

ફરિયાદપક્ષ સાહેદ નં.૯ના પુરાવા ઉપરથી તથા દસ્તાવેજી પુરાવાથી જે સંજોગ– સરકમસ્ટન્સ જણાઈ આવે છે તે જોતા વરધી આંક–૨૪૬ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટનાઓએ ઉભી કરેલ છે તે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ છે તે નોંધવું અસ્થાને નહી ગણાય અગલ તો નકારી શકાય તેમ નથી.

– બચાવપક્ષે એવી દલીલ કરેલ કે, આરોપી સામેનું તહોમત, પુરાવા આધારે વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનું રહે છે પુરાવામાં મહત્વની ક્ષતિઓ, અપૂર્તતા, વિરોધાભાસ કે અસંભવીતતાને નામદાર કોર્ટે ધ્યાને લેવાની જરૂરી હોય છે અને તે રીતે પુરાવાની તુલના કરવાની રહે છે. આ દલીલ અનુસંધાને બચાવપક્ષે રજુ કરેલ **<u>F–1 થી F–3 વાળા જજમેન્ટ પૈકી 2001(0) GLHEL–SC 26814, (૧) સોહન વિરુધ્ધ સ્ટેટ ઓફ હરિયાણાનો ચુકાદો</u>** જોતા તે કેસની હકીકતમાં, એક માત્ર નજરે જોનાર સાહેદનો પુરાવો હતો અને તેને તે કેસની હકીકતને ધ્યાને રાખીને પુરાવો નામદાર સુપ્રીમ કોર્ટે માનેલ ન હતો. તે કેસના નજરે જોનાર એક માત્ર તપાસેલ સાહેદના પુરાવાને તે કેસની હકીકતે પુષ્ટિ મળેલ ન હોવાથી માનવામાં આવેલ ન હતો અને નામદાર સુપ્રીમ કોર્ટે અરજદારને થયેલી સજા રદ કરેલ હતી. આ ચુકાદો ધ્યાને લેતા, હાલના કેસના આરોપી નં.–(૨) વિરુધ્ધના પુરાવાને ન માનવાને કોઈ કારણ નથી કારણ કે, હાલના કેસમાં સાહેદોના પુરાવાને પુષ્ટિ(કોરોબરેશન) મળે છે. હાલના કેસના સાહેદોના પુરાવાને રેકર્ડ ઉપરના પુરાવાથી પણ પુષ્ટિ મળે છે. નામદાર સુપ્રીમ કોર્ટના બચાવપક્ષે રજુ કરેલ ઉપરોક્ત ચુકાદાની હકીકત તથા હાલના કેસની હકીકત અલગ છે. વધુમાં બચાવપક્ષે રજુ કરેલ **<u>(૨) 2003(1)G.L.H.244, તોરણસિંહ વિરુધ્ધ સ્ટેટ મધ્યપ્રદેશ</u>**નો ચુકાદો જોવામાં આવે તો તે કેસની હકીકતમાં, તે કેસની નબળાઈઓ અને અસંભવિતતાઓને કારણે તે કેસના ફરિયાદપક્ષના કેસથી તે કેસના અપીલ કર્તાની સંડોવણી વિષે ગંભીર શંકાઓ ઉપસ્થિત થયેલ હતી. ફરિયાદપક્ષે પોતાના કેસનો આધાર, પોતાની જ તાકાત ઉપર રાખવો જોઈએ. ખુલાસાની ગેરહાજરી કે આરોપીના માની શકાય તેવા બચાવ ઉપર નહી. જેથી નામદાર

સુપ્રીમ કોર્ટે તે કેસની હકીકતો આધારે અપીલ કર્તાને શંકાનો લાભ આપી નિર્દોષ છોડેલ હતા. નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ચુકાદાની હકીકત તથા હાલના કેસની હકીકત અલગ પડે છે. વધુમાં બચાવપક્ષે રજુ કરેલ <u>(૩) 1993(0)**GLHEL–HC** 203053, ધ્રુવકુમાર નાનજીભાઈ ડામોર વિરુધ્ધ સ્ટેટ ગુજરાત</u>નો ચુકાદો જોવામાં આવે તો, તેમા પુરાવાના મૂલ્યાંકન માટેના માર્ગદર્શક સિધ્ધાંત, પુરવાની વિશ્વશનીયતા અને વિશ્વસનીયતાની વિચારણા કેવી રીતે કરવી જોઈએ અને તેના સિધ્ધાંત શું છે ? તે ધ્યાને લઈ ઠરાવવામાં આવેલ કે, રેકર્ડ ઉપરના પુરાવાનું મૂલ્યાંકન યાંત્રિક, સામાન્ય કે પુરાવાના સારને આધારે કરવું જોઈએ નહી. નામદાર હાઈકોર્ટના ઉપરોક્ત ચુકાદો જોતા તે કેસ બળાત્કારનો કેસ હતો તેમાં પણ તે કેસનો પુરાવો માની શકાય તેમ ન હોવાથી કે વિશ્વસનીયન હોવાથી તે કેસના અપીલ કર્તાની અપીલ મંજુર રાખવામાં આવેલ હતી. હાલના કેસમાં આરોપી નં.–(૨) વિરુધ્ધનો ફરિયાદપક્ષનો પુરાવો વિશ્વસનીય જણાઈ આવેલ છે.

– રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા ફરિયાદપક્ષે એ હકીકત પુરવાર કરેલ છે કે, આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ બનાસકાંઠાના પોલીસ અધિક્ષક તરીકે તથા એપ્રુવર લોકલ ક્રાઈમ બ્રાંચમા આરોપી નં.–(૨)ના તાબા હેઠળ ૧૯૯૬ના અરસામાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે રાજ્ય સેવક હતા અને તેમની કાયદેસરની ફરજ કાયદાનો ભંગ થતો અટકાવવાની તથા ગુનો થતો અટકાવવાની હતી. તેમ છતાં આરોપી નં.–(૨) નાઓએ, એપ્રુવરે તથા મરણજનાર આરોપીનાઓએ એકબીજાને ગુનાહિત કાવતરું પાર પાડવા મદદગારી કરેલ અને અંદરોઅંદર સહમતી સાધેલ તથા એકબીજાની સાથે મળી તથા વાતચીત કરી તથા કાવતરું પાર પાડવા માટેના કૃત્યો કરેલ હોવાનું ફરિયાદપક્ષે સાહેદ નં.–૯, ૧૪, ૧૫ તથા ૧૬ મારફત પુરવાર કરેલ છે. આમ, આરોપી નં.–(૨) નાએ ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૧૬ મુજબ તથા સાથે વાંચતા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી) મુજબ ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ નીવડેલ છે.

– રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા ફરિયાદપક્ષે એ હકીકત પુરવાર કરેલ છે કે, આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ બનાસકાંઠાના પોલીસ અધિક્ષક તરીકે તથા એપ્રુવર લોકલ ક્રાઈમ બ્રાંચમા આરોપી નં.–(૨)ના તાબા હેઠળ ૧૯૯૬ના અરસામાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે હતા ત્યારે એપ્રુવર તથા આરોપી નં–(૨) નાઓની ફરજ કાનૂની કાર્યવાહીમાં ઉપયોગમાં લઈ શકાય તેવા સાચા અને સત્ય હકીકત વાળા દસ્તાવેજો તૈયાર કરવાની હતી. આમ છતાં આરોપી નં.–(૨) નાઓએ કાવતરાના ભાગરૂપે સુમેરસિંહ રાજપુરોહિતને હાની પહોચશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં આરોપી નં.–(૨) નાઓએ સુમેરસિંહ રાજપુરોહિત હોટલ લાજવંતીમાં અફીણ લઈને રોકાયેલ છે અને પાલનપુરમાં ડીલીવરી આપવાની છે તેવી વિગત ધરાવતી વરધી ઉભી કરી/કરાવીને કંટ્રોલરૂમ પાલનપુર ખાતે મોકલેલ અને ત્યારબાદ એપ્રુવરે આરોપી નં.–(૨)ની સુચના મુજબ રેઈડ કરી આરોપી નં.–(૨)ના મેળાપીપણામાં તથા કાવતરાના ભાગરૂપે તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ કેટલીક ખોટી હકીકતવાળું પંચનામુ તૈયાર કરી તેને આધારે ખોટી હકીકતો દર્શાવતી ફરિયાદ ઉભી કરી, તપાસના ખોટા દસ્તાવેજો તૈયાર કરી તેને આધારે સુમેરસિંહ રાજપુરોહિતની અટક કરી, ખોટી વીગતો વાળો રિમાન્ડ રીપોર્ટ તથા અન્ય તપાસના કાગળો તૈયાર કરેલ. પુરાવો જોતા એવું પણ પુરવાર થયેલ છે કે, આવા દસ્તાવેજો તૈયાર કરતા સમયે તથા કાવતરાના ભાગરૂપે એપ્રુવર પાસે ખોટી હકીકત વાળા દસ્તાવેજો તૈયાર કરાવતા સમયે આરોપી નં.–(૨)નાને એવું જ્ઞાન હતું કે તૈયાર કરાવેલ દસ્તાવેજો તથા તપાસના અન્ય દસ્તાવેજો જેવા કે રેઈડમાં જવા રવાના થયાની જાણ થયેલ તે દસ્તાવેજ, તપાસ અંગેનો વાયરલેસ મેસેજ તથા દાખલ થયેલ ગુના સબંધેના જીલ્લા પોલીસ અધિક્ષક તરીકે આરોપી નં.–(૨)ને મળેલ હતા તે પણ ખોટી વિગતો વાળા તથા ખોટા છે. આમ છતાં આરોપી નં.–(૨)નાઓએ ખોટી વરધી તૈયાર કરી/કરાવી તે મોકલી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૭ મુજબ તથા તપાસના તમામ કાગળો એપ્રુવર તથા આરોપી નં.–(૨)નાએ કાવતરાના ભાગરૂપે ખોટી વિગતો વાળા, ખોટા તેમજ ખોટી રીતથી તૈયાર કરેલ દસ્તાવેજ

તૈયાર કરી/કરાવીને ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૬૭ તથા સાથે વાંચતા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી) મુજબ આરોપી નં.–(૨)નાએ ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ નીવડેલ છે.

– રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા ફરિયાદપક્ષે એ હકીકત પુરવાર કરેલ છે કે, એપ્રુવરે કાવતરાના ભાગરૂપે સુમેરસિંહ રાજપુરોહિત વિરુધ્ધના ઉભા કરેલ કેસ આધારે તૈયાર કરેલ તપાસની કેસ ડાયરીમાં આરોપી નં.–(૨) વિરુધ્ધમાં ન્યાયની અદાલતમાં પુરાવા તરીકે રજુ થઇ શકે અને ઉપયોગ થઇ શકે તેવી આરોપી નં.–(૨)નાઓએ એપ્રુવરને આપેલ સૂચનાઓ હતી કે જે ડાયરી એપ્રુવરે સાહેદ નં.–૧૪ ધ્વારા લખાવેલ હતી કે જેની કાર્બન કોપી/પ્રત રિમાન્ડ સુધીની કેસ ડાયરી સુમેરસિંહ રાજપુરોહિતના રિમાન્ડ મેળવવા અદાલત સમક્ષ રજુ થયેલ હતી તેનો સમાવેશ થતો હતો તેવી અસલ કેસ ડાયરીને આરોપી નં.–(૨)નાએ વાંચીને તેનો પુરાવા તરીકે ઉપયોગ ન થાય તેવા બદઈરાદાથી ફાડી નાખેલ અને તેને આધારે તેવી સૂચનાઓ કાઢીને નવી કેસ ડાયરી તૈયાર કરવા આરોપી નં.–(૨)નાએ એપ્રુવરને સુચના આપેલ અને નવી કેસ ડાયરી તૈયાર કરાવડાવેલ અને તેવી ફાડેલ કેસ ડાયરીનો નાશ કરાવેલ. આમ સત્ય હકીકતો વાળી કેસ ડાયરી કાયદાકીય કાર્યવાહીમાં રજુ કરવા આરોપી નં.–(૨) તથા એપ્રુવર બંધાયેલ હોવા છતાં તેને રજુ થતી અટકાવવા તથા તેનો પુરાવામાં ઉપયોગ થતો અટકાવવા તેવી કેસ ડાયરીનો આરોપી નં.–(૨)ના ધ્વારા નાશ કરવામાં આવેલ. આમ, આરોપી નં.–(૨) વિરુધ્ધનું ભારતીય ફોજદારી ધારાની કલમ–૨૦૪ મુજબનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ નીવડેલ છે.

– રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા ફરિયાદપક્ષે એ હકીકત પુરવાર કરેલ છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતનાઓએ ગુનો કરેલ નથી તેવું જાણતા અને માનતા હોવા છતાં તેમની સદોષ અટકાયત કરવાના ઈરાદાથી તેમની વિરુધ્ધ નારકોટીક્સનો ખોટો ગુનો નોંધી આરોપી નં.–(૨) નાઓની સુચના મુજબ એપ્રુવરે તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ ફરીયાદપક્ષ સાહેદ

નં.–૧૫નાઓને અટકાયતમાં લઈ કાવતરાના ભાગરૂપે આરોપી નં.–(૨)ની સુચનાથી એપુવરે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ની પોલીસ કસ્ટડી મેળવવાનો ખોટો રીપોર્ટ તૈયાર કરી ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ના તા.૧૦/૦૫/૧૯૯૬ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવીને તેમને તા.૦૩/૦૫/૧૯૯૬ના રોજ થી તા.૦૬/૦૫/૧૯૯૬ સુધી સદોષ અટકાયતમાં રાખેલ. આમ, આરોપી નં.–(૨) વિરુધ્ધનું ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૪૩ સાથે વાંચતા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦ (બી) મુજબનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ નીવડેલ છે.

– રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા ફરિયાદપક્ષે એ હકીકત પુરવાર કરેલ છે કે, રચવામાં આવેલ કાવતરું પાર પાડવાના બદઈરાદે તથા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫નાઓ વિરુધ્ધ નારકોટીક્સનો ગુનો નોંધવા તથા તેમને આવા ખોટા નારકોટીક્સના ગુનામાં સંડોવવા માટે હોટલ લાજવંતીના હોટલ રજીસ્ટરમાં ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતના નામ સરનામાં વાળું ખોટું લખાણ તથા ખોટી સહીનો ખોટો અને બનાવટી દસ્તાવેજ ઉભો કરવામાં આવેલ. પુરાવો જોતા આરોપી નં.–(૨)નાએ રૂપિયા ૨૦,૦૦૦/– આપી મરણજનાર આરોપી પાસેથી ખરીદ કરાવડાવેલ અફીણને મેળવી પોતાની પાસે રાખી અફીણ માલાભાઈ રબારી હોટલમાં મૂકી દેશે તેમ જણાવી એપ્રુવરને રેઈડ કરવા સુચના આપેલ તથા સવારે ક.૦૫.૩૦ વાગે ''હોટલ લાજવન્તીના રુમ નં.૩૦૫ના પલંગના ગાદલા નીચે અફીણ સંતાડેલ છે થોડીવારમાં કન્ટ્રોલ રુમ તરફથી વરધી મળશે સ્ટાફને તાત્કાલીક બોલાવી અને હોટલ લાજવન્તીમાં જઈને રેડ કરો અને કાયદેસરની કાર્યવાહી કરો'' તેવી સુચના આપેલ, જે મુજબની વરધી કંટ્રોલરૂમને મળેલ. આવી સૂચનાઓ આધારે એપ્રુવર તથા અન્ય કર્મચારીઓ ધ્વારા રેઈડ કરવામાં આવતા હોટલમાંથી અફીણ મળી આવેલ અને તે હોટલ લાજવંતીના હોટલ રજીસ્ટરમાં સુમેરસિંહ રાજપુરોહિતના નામ સરનામાવાળું લખાણ તથા સહી હતી જે કબજે લેવામાં આવેલ. આવા તમામ સંજોગો ઉપરથી ફરિયાદપક્ષે સાબિત કરેલ છે કે, હોટલ લાજવંતીના

રજીસ્ટરમાનુ સુમેરસિંહ રાજપુરોહિતના નામ સરનામા વાળું ખોટું લખાણ તથા સાહેદની ખોટી સહીનો ખોટો અને બનાવટી દસ્તાવેજ અન્ય કોઈએ નહિ પરંતુ આરોપી નં.–(૨)નાઓએ ઉભો કરેલ/કરાવેલ અને તેવા ખોટા અને બનાવટી હોટલ રજીસ્ટર, ખોટી વરધી તથા તપાસના અન્ય બનાવટી દસ્તાવેજો તૈયાર કરાવી તેનો આધાર લઈ ફરીયાદપક્ષ સાહેદ નં.–૧૫ને હાની પહોચાડવાના ઈરાદાથી તેમની અટક કરવામાં આવેલ. આમ, આરોપી નં.–(૨) વિરુધ્ધનું ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૬૫ સાથે વાંચતા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી) મુજબનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ નીવડેલ છે.

– રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા ફરિયાદપક્ષે એ હકીકત પુરવાર કરેલ છે કે, કાવતરાના ભાગરૂપે આરોપી નં.–(૨)નાએ હોટલ લાજવંતીના હોટલ રજીસ્ટરમાં ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતના નામ–સરનામાવાળું ખોટું લખાણ તથા ખોટી સહીનો ખોટો અને બનાવટી દસ્તાવેજ ઉભો કરેલ. વધુમાં આરોપી નં.–(૨) નાએ એપ્રુવરને સૂચનાઓ આપી તપાસના અન્ય બનાવટી દસ્તાવેજો એપ્રુવર મારફતે તૈયાર કરાવેલ. વધુમાં, આરોપી નં.–(૨)નાએ એપ્રુવરને સુચના આપી ભવિષ્યમાં તકલીફ પડે નહી તેમ જણાવી એન.ડી.પી.એસ. એક્ટની કલમ–૫૮(૨) મુજબનો રીપોર્ટ કરવા જણાવેલ. જેથી આરોપી નં.–(૨)ની સુચના મુજબ એપ્રુવરે તેવો રીપોર્ટ તૈયાર કરેલ અને તેવી સુચના આધારે ભવરસિંહ, ઈજવલસિંહની તપાસ કરવા માટેના ખોટા રિપોર્ટો પણ તૈયાર કરેલ અને રાજસ્થાન મોકલી આપેલ. આવા ખોટા અને બનાવટી દસ્તાવેજોની હકીકતો ખોટી હોવાનું જાણતા હોવાછતાં તેવા ખોટા અને બનાવટી દસ્તાવેજોનો અપ્રમાણિક પણે સાચા તરીકે આરોપી નં.–(૨)નાએ તપાસ દરમ્યાન તથા ત્યારબાદ ઉપયોગ કરાવેલ. આમ, આરોપી નં.–(૨) વિરુધ્ધનું ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૭૧ સાથે વાંચતા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૨૦(બી) મુજબનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ નીવડેલ છે.

**<u>(૪) પ્લાન્ટ કરેલ અફીણ, અફીણ અંગે નિષ્ણાતના પુરાવા તથા રજુ થયેલ મુદ્દામાલ અફીણના પુરાવાનું મૂલ્યાંકન</u>**

**(૪.i)** પ્લાન્ટ કરેલ અફીણ, અફીણ અંગે નિષ્ણાતના પુરાવા તથા રજુ થયેલ મુદ્દામાલ અફીણના પુરાવાનું મૂલ્યાંકન કરતા સમયે ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪, ૧૬, ૧૯ની સાથે સાથે ફરિયાદપક્ષ સાહેદ નં.–૪ દીપક અમૃતલાલ ગામી કે જેઓએ તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ અફીણનું વજન કરી તેના વજન અંગેનું પ્રમાણપત્ર આપેલ તેનો પુરાવો જોવો જરૂરી છે. ફરિયાદપક્ષ સાહેદ નં.–૪ દીપક અમૃતલાલ ગામીનો પુરાવો એવો છે કે, બનાવના અરસામાં તેઓ અભ્યાસ કરતા હતા અને ગામી પ્રોવીઝન સ્ટોર નામની દુકાન તેમના પિતાની સાથે ચલાવતાં હતાં તેઓને પોલીસવાળા કાંટો અને બાટ લઈને લાજવંતી હોટલે લઈ ગયેલાં. હોટલ ઉપર એક રૂમમાં જઈ કાળા પદાર્થનું વજન કરી આપેલું. તેઓએ આંક–૨૧૦ વાળું પ્રમાણપત્ર આપેલ જેમાં તેઓના હસ્તાક્ષર તથા સહી છે. સાથે સાથે ફરિયાદપક્ષ સાહેદ નં.–૩ મહોમદજુબેર અબ્દુલભાઈ માંકણેજીયાનો પુરાવો જોવામાં આવે તો તેઓએ તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજના ગુનાવાળી જગ્યાના પંચનામામાં ફક્ત સહી કરેલ હતી. ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ એપ્રુવરના પુરાવા મુજબ પ્લાન્ટ કરેલ અફીણ કબજે કરેલ હતું અને તેને અનુરૂપ ગુનાવાળી જગ્યાનું પંચનામું કે જે દરમ્યાન પ્લાન્ટ કરેલ અફીણ કબજે લઈ સીલ કરવામાં આવેલ તેનુ પંચનામું લખી લેવામાં આવેલ હતું અને પંચોની સહીઓ મેળવેલી. બચાવપક્ષની દલીલ છે કે જેઓ પંચનામાના પંચ છે તેઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી પરંતુ આ પંચનામામાં ફક્ત સહીઓ મેળવવામાં આવેલ હતી તેવો ફરિયાદપક્ષ સાહેદોનો પુરાવો છે જે જોતા આ કેસમાં પ્લાન્ટ કરેલ અફીણનો કેસ સાચો દેખાય તે માટે પંચનામું તથા તપાસના અન્ય દસ્તાવેજો ખોટા ઉભા કરવામાં આવેલ હતા તે પુરાવાને ફરિયાદપક્ષ સાહેદ નં.–૩ના પુરાવાથી સમર્થન મળે છે.

ફરિયાદપક્ષ સાહેદ નં.–૯નાઓએ પોતાના રીપોર્ટ સાથે આ ગુનાનો મુદ્દામાલ જે પોલીસ સ્ટેશન ઓફિસર તરફ મોકલવામાં આવેલો તે મફતલાલ હાલાભાઈ સોલંકીને ફરિયાદપક્ષે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૮ તરીકે તપાસેલ છે જેઓનો પુરાવો જોવામાં આવે તો તેઓ નિવૃત થયેલ છે. તેઓ તા.૩૦/૦૪/૯૬ના રોજ પાલનપુર શહેર પો.સ્ટેમા પી.એસ.ઓ તરીકે ફરજ બજાવતા હતા. તેઓને ૨૧૬/૯૬ વાળા ગુના રજીસ્ટર નં.બરના કામે પી.આઇ એલ.સી.બી પાલનપુર તરફથી એન.ડી.પી.એસનો ગુનો દાખલ કરવા માટે રીપોર્ટ મોકલવામાં આવેલો. જે રીપોર્ટ આધારે તેઓએ સ્ટેશન ડાયરીમા એન્ટ્રી કરેલી અને ગુનો નોંધેલો. આ રીપોર્ટની સાથે ફરીયાદ હતી, પંચનામુ હતુ, એફ.એસ.એલને મુદ્દામાલ મોકલવા માટેની રવાનગી નોંધ હતી અને મુદ્દામાલ હતો. જે રીપોર્ટ આંક–૨૮૨ વાળો બતાવામા આવતા તેઓએ આઈ.બી.વ્યાસ. પો.ઈન્સ. એલ.સી.બી. પાલનપુરનાઓએ તેમના તરફ મોકલેલ રીપોર્ટ તરીકે ઓળખી બતાવેલ. જે રીપોર્ટમા જણાવ્યા મુજબનો મુદ્દામાલ–૯૯૫ ગ્રામ બચતનુ અફીણ, ૨૦ ગ્રામ અફીણ સીલ બંધ, અફીણ કુલ એક કીલો પંદર ગ્રામ તથા કપડાનો બગલ થેલો, રજીસ્ટર, પ્લાસ્ટીક થેલી, તેઓને મળેલ આ રીપોર્ટ મળ્યા બાદ તેઓએ ગુનો નોંધી મુદ્દામાલ પાવતી આંક–૨૮૨ તૈયાર કરેલી હોવાનો પુરાવો આપી પોતાના હસ્તાક્ષર તેઓએ ઓળખી બતાવેલ. જે મુદ્દામાલ મળ્યો તેની સાથે તેઓને મુદ્દામાલ એફ.એસ.એલ.મા મોકલવાની ત્રણ પ્રતમા યાદી હતી તેવો રાઈટર હેડને સોંપેલ તેવો પુરાવો આપેલ. જેઓની ઉલટતપાસમાં તેઓએ રીપોર્ટ મળ્યાનો સમય નાખ્યો ન હોવા અંગે, રીપોર્ટના અંતે ગુના રજીસ્ટર નમ્બરના આંકડા તેઓના હાથે લખાયેલ હોવા અંગે તથા તપાસ પરત વ્યાસને સોપેલ તે અંગેનો કોઈ શેરો ન હોવા બાબતે પ્રશ્નો પૂછવામાં આવેલ. આ સાહેદની ઉલટતપાસ જોતા બચાવપક્ષ એવું રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે મુદ્દામાલ સાહેદને સીલબંધ મળેલ ન હતો.

વધુમાં અફીણનું મુદ્દામાલ સેમ્પલ સીલબંધ હાલતમાં રાઈટર હેડ પાસેથી મેળવી એફ.એસ.એલ.માં સોપનાર સાહેદ કનુભાઈ આંબાભાઈ

પરમારને ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૭ તરીકે તપાસવામાં આવેલ છે. જેઓનો પુરાવો જોતા તેઓ ૧૯૯૬ ના વર્ષમા પાલનપુર શહેર પો.સ્ટે ખાતે પોલીસ કોન્સ્ટેબલના હોદ્દા ઉપર નોકરી કરતા હતા. તેઓએ મુદ્દામાલ રજીસ્ટર આંક–૨૯૧ ની એન્ટ્રી નંબર–૧૫૯ના અનુક્રમ નંબર–૨નો મુદ્દામાલ સીલ બંધ હાલતમા સ્વીકારી તેમાં તેમની સહી કરેલ અને પોતાનું નામ, બક્કલ નંબર લખેલ. તા.૧/૫/૯૬ના રોજ તેઓ જે મુદ્દામાલ તથા તેની સાથે બે પ્રતમા રવાનગી નોંધ રાઈટર હેડ પાસેથી લઈને એફ.એસ.એલ. અમદાવાદમા ગયેલા અને આ મુદ્દામાલ કે જે સીલબંધ હાલતમા હતો તે તથા રવાનગી નોંધો સાથે અમદાવાદ એફ.એસ.એલ કચેરીએ જઈને આ મુદ્દામાલ સોંપેલો. આંક–૨૮૩ વાળી એફ.એસ.એલ તરફથી તેઓને મુદ્દામાલ પૃથ્થકરણ માટે મળ્યા અંગેની આપેલ પહોંચ તેઓએ ઓળખી આ પહોંચ તેઓએ રાઈટર હેડને જમા કરાવેલી તેવો પુરાવો આપેલ છે. વધુમાં આંક–૨૮૧ વાળી રવાનગી નોંધના હાંસીયાના ભાગે તેમનુ નામ તેમનો બક્કલ નંબર લખેલો છે તેઓને મળેલ રવાનગી નોંધની સ્થળપ્રત હોવા તરીકે ઓળખી બતાવેલ. આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ દરમ્યાન રાઈટર હેડ ગુજરી ગયેલ હોવાનું બહાર આવેલ છે. વધુમાં આંક–૨૮૧ના પાછળના ભાગે પી.આઈ.એલ.સી.બી.બી.કે.નું સીલ હોવાનું સાહેદે સ્વીકારેલ. વધુમાં મુદ્દામાલ રજીસ્ટર આંક–૨૯૧ તથા આંક–૫૩૫માં અનુક્રમ નં.–૨નું સેમ્પલ માર્ક–એ તથા એસ.ડી.પી.ઓ. પાલનપુરે લીધેલ સેમ્પલ માર્ક–બી એફ.એસ.એલ.માંથી પરત આવ્યાની નોંધ હોવાનું સાહેદે કબુલ કરેલ છે. આમ આ સાહેદની ઉલટતપાસ જોતા તેઓએ સેમ્પલ એફ.એસ.એલ.માં સીલબંધ હાલતમાં સોપેલ ન હોવાની કોઈ હકીકત બહાર આવેલ નથી અને ઉલટાનું એફ.એસ.એલ. દ્વારા પૃથ્થકરણ કર્યા બાદ સેમ્પલ પોલીસ સ્ટેશનમાં પરત આવેલ તે રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં રાઈટર હેડ કે જેઓને ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૮– પી.એસ.ઓ.એ મુદ્દામાલ સોપેલ કે જેઓ પાસેથી ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૭ નાઓએ સીલબંધ હાલતમાં મુદ્દામાલ એફ.એસ.એલ.માં સોપવા માટે સ્વીકારેલ તે રાઈટર હેડ હયાત ન હોવાનો

પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં આ રાઈટર હેડ ગણપતભાઈ ખેમશંકરનાઓ ગુજરી ગયેલ હોવાની હકીકત તેઓને કાઢવામાં આવેલ સમન્સ બાદ રેકર્ડ ઉપર આવતા તેઓને ફરિયાદપક્ષ તપાસી શકેલ નથી જે ફરિયાદપક્ષે પોતાની ડ્રોપીંગ પુરસીસમાં જણાવેલ છે.

**(૪ii)** આ કામે અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષ સફળતા પુર્વક સાબીત કરી શકેલ છે કે, તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ આરોપી નં.–(૨) નાઓએ મરણજનાર આરોપી માલાભાઈ રબારીને રૂ.૨૦,૦૦૦/– આપી અફીણ ખરીદ કરવાનુ જણાવેલ. ત્યારબાદ આરોપી નં.–(૨)ની સુચના મુજબ મરણજનાર આરોપી માલાભાઈ રબારીએ શેરપુરા ઢાણી મુકામેથી અફીણ ખરીદી તા.૨૯/૦૪/૧૯૯૬ના રોજ આરોપી નં.–(૨)ને આપેલ જે આરોપી નં.–(૨)નાએ પોતાના કબજામાં રાખેલ અને બાદ આ અફીણને હોટલ લાજવંતીમાંથી કબજે કરવા તથા કેસ કરવા એપ્રુવરને સુચના આપેલ. હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫ માં સુમેરસિંહ રાજપુરોહીત અફીણ લઈને રોકાયલ હોવાનુ દર્શાવી ફરિયાદપક્ષ સાહેદ નં.૯ નાએ આરોપી નં.–(૨) ની સુચના અનુસાર ફરીયાદપક્ષના સાહેદ નં.. ૧૪, સાહેદ નં..૧૬ તથા અન્ય પોલીસ કર્મચારીઓની રૂબરૂમાં હોટલ લાજવંતીમાં જઈ રૂમ નં.. ૩૦૫ ના પલંગના ગાદલા નીચેથી અફીણ કબજે કરેલ અને તે સમયે ૧.૧૫ કીલો અફીણમાંથી ચારેય બાજુથી થોડુ થોડુ અફીણ લઈ ૨૦ ગ્રામ અફીણનુ સેમ્પલ અલગ કાઢવામાં આવેલ અને તે સેમ્પલ અફીણને પંચોની સ્લીપો મુકી લાખથી પી.આઈ., એલ.સી.બી., બી.કે. ના માર્કનુ સીલ કરેલ અને બાકી વધેલ ૯૯૫ ગ્રામ અફીણને પણ તેવી જ રીતે પંચોની સ્લીપ મુકી પી.આઈ. એલ.સી.બી. બી.કે. ના માર્કાનુ સીલ કરેલ. અફીણ સીલ કર્યાના પુરાવાને ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ કે જેઓ એપ્રુવરના રાઈટર હતા કે જેઓએ અફીણ સીલ કરેલ તેમના પુરાવાથી સમર્થન મળે છે. આ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અફીણનુ સેમ્પલ તથા બાકી વધેલ અફીણ ૯૯૫ ગ્રામ, મુદ્દામાલ રજીસ્ટર તથા અન્ય મુદ્દામાલ એપ્રુવરે આંક–૨૮૨ વાળા રીપોર્ટ સાથે સાહેદ નં.૧૮ મફતલાલ

હાલાભાઈ સોલંકી નાઓને ગુનો નોંધવા સારૂ તથા મુદ્દામાલ સંભાળી લઈ આગળની કાર્યવાહી કરવા સોપેંલ. જે આંક–૨૮૨ વાળા રીપોર્ટ સાથે તેમાં જણાવેલ ૯૯૫ ગ્રામ બચતનુ અફીણ તથા ૨૦ ગ્રામ સેમ્પલ તથા અન્ય મુદ્દામાલ તેમજ એફ.એસ.એલ.માં મોકલવાની સ્થળપ્રત રવાનગી ચાદી, ફરીયાદ તથા પંચનામુ પણ સામેલ હતુ. જે તમામને ફરીયાદપક્ષના સાહેદ નં.૧૮ મફતલાલ હાલાભાઈ કે જેઓ પી.એસ.ઓ. તરીકે કાર્યરત હતા તેઓએ સ્વીકારેલ. જે આંક–૨૮૨ વાળો રીપોર્ટ તથા મુદ્દામાલ મળ્યા બાદ ગુનો દાખલ કરવામાં આવેલ અને બાદ સાહેદ નં.૧૮નાઓએ નિભાવવામાં આવતી આંક–૨૮૯ વાળી મુદ્દામાલ પાવતી તૈયાર કરેલી અને મુદ્દામાલ પાવતી સાથે તમામ મુદ્દામાલ રાઈટર હેડ કે જેઓ હાલ હયાત નથી તેઓને સોપેલો. વધુમાં, પાલનપુર શહેર પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુના રજી. નં.૨૧૬/૧૯૯૬નો ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ ગુનાની તપાસ શ્રી વ્યાસે આરોપી નં.–(૨)ની સુચના મુજબ સંભાળેલ હતી અને ફરિયાદપક્ષ સાહેદ નં.૧૫ સુમેરસિંહ વિરુધ્ધ અફીણ અંગેનો એન.ડી.પી.એસ.એકટની કલમ–૧૭ મુજબનો ગુનો દાખલ થયેલ હતો.

આ કામે કબજે થયેલ મુદ્દામાલની નોંધણી, મુદ્દામાલ રજીસ્ટર કે જેની ખરી નકલ આંક–૨૯૧થી રજુ થયેલ છે અને જેનો આધાર બચાવપક્ષે ઉલટતપાસમાં લીધેલ છે તે મુદ્દામાલ રજીસ્ટરની એન્ટ્રી નં. ૧૫૯ ઉપર થયેલ હોવાનુ જણાય છે. જે એન્ટ્રી નં.–૧૫૯ના અનુક્રમ નં.રની સામે મુદ્દામાલ એફ.એસ.એલમાં લઈ જવા સીલબંધ હાલતમાં રવાનગી ફોર્મ સાથે મળ્યાના શેરા નીચે ફરીયાદપક્ષના સાહેદ નં.૧૭ કનુભાઈ આંબાભાઈનાઓએ સહી કરેલ છે. જે ઉપરથી જણાય છે કે, અનુક્રમ નં.ર માં જણાવેલ મુદ્દામાલ સેમ્પલ એફ.એસ.એલમાં પૃથ્થકરણ માટે સોંપવા માટે સીલબંધ હાલતમાં ફરિયાદપક્ષ સાહેદ નં.. ૧૭ એ સ્વીકારેલ હતો. જે સમયે રવાનગી ફોમ કે જેની સ્થળપ્રત આંક – ૨૮૧ થી રજુ છે તે તથા રવાનગી નોંધ કે જેમાં પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. પાલનુપર, જી.બનાસકાંઠા, આઇ.બી.વ્યાસની સહી છે તે તથા

પાછળના ભાગે સીલના નમુનાની છાપ તથા સતા અંગેનું પ્રમાણપત્ર છે તેની સાથે આ તમામ દસ્તાવેજો તથા મુદ્દામાલ સેમ્પલ ફરીયાદપક્ષના સાહેદ નં.૧૭ કનુભાઈ આંબાભાઈ પરમારનાઓએ સ્વીકારેલ હોવાનુ જણાય છે. જે રવાનગી તથા સાથેનુ સીલબંધ સેમ્પલ સાહેદ નં.૧૭ કનુભાઈનાઓએ એફ.એસ.એલ. અમદાવાદ ખાતે જઈને સોપેલ. જે મુદ્દામાલ એફ.એસ.એલને પૃથ્થકરણ માટે મળ્યા અંગેની પહોંચ આંક–૨૮૩ થી રજુ થયેલ છે. જે તા.૦૧/૦૫/૧૯૯૬ ના રોજની છે. આમ નારકોટીક્સ ડ્રગ્સ અફીણ–મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો ત્યારબાદ તુર્ત જ તે મુદ્દામાલ સીલબંધ હાલતમાં પોલીસ સ્ટેશન ઓફીસરને સોપાયેલ હતો અને તે મુદ્દામાલ પૈકીનું મુદ્દામાલ સેમ્પલ સીલબંધ હાલતમાં તા.૦૧/૦૫/૧૯૯૬ના રોજ એફ.એસ.એલ. કચેરીના મદદનીશ નિયામક નાઓને ફરીયાદપક્ષના સાહેદ નં.૧૭નાઓએ સોપેલ હતો જેની પહોચ આંક–૨૮૩ વાળી એફ.એસ.એલ. કચેરીના મદદનીશ નિયામકનાઓએ ફરિયાદપક્ષ સાહેદ નં.૧૭નાઓને આપેલી હતી જે તેઓએ રાઈટર હેડ સમક્ષ જમા કરાવેલ હતી. ત્યારબાદ આ મુદ્દામાલ અફીણના સેમ્પલનું પૃથ્થકરણ કરવામાં આવેલ જેનો પૃથ્થકરણ અહેવાલ ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ધ્વારા તા.૧૫/૦૭/૧૯૯૬ના અહેવાલથી આ ગુનાના કામે મોકલવામાં આવેલ.

**(૪iii)** વધુમાં આ કામે ફરીયાદપક્ષે આ કોર્ટ રૂબરૂ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૩ મુજબની આંક–૪૮૮થી રજુ છે તે અરજી આપેલ. જેમાં જણાવ્યા મુજબ માર્ક–૨૫/૧૬ વાળો પૃથ્થકરણ અહેવાલ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૩ની જોગવાઈમાં આવરી લેવામાં આવેલ સરકારી વેજ્ઞાનિક નિષ્ણાંતની સહી વાળો પૃથ્થકરણ રીપોર્ટ હોય આ રીપોર્ટ પુરાવામાં ગ્રાહય છે તેથી તે અહેવાલના દસ્તાવેજને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૩ની જોગવાઈ અનુસાર આંકે પાડી પુરાવામાં વંચાણે લેવા અરજ કરવામાં આવેલ. જે આંક–૪૮૮ની અરજી ઉપર આ કોર્ટે તા.૦૭/૦૨/૨૦૨૩ના રોજ હુકમ કરી તેને પુરાવામાં વંચાણે લેવા હુકમ કરેલ. આ પૃથ્થકરણ અહેવાલ ફરિયાદપક્ષના લીસ્ટ માર્ક–૨૫/૧૬થી રજુ

કરવામાં આવેલ હતો તેને ફરિયાદપક્ષ સાહેદ નં.૯ શ્રી વ્યાસની ઉલટતપાસ દરમ્યાન આરોપીપક્ષ ધ્વારા રીફર કરવામાં આવેલ તથા તેને આધારે કેટલીક ઉલટતપાસ કરવામાં આવેલ જે ઉલટતપાસ દરમ્યાન આ પૃથ્થકરણ અહેવાલને આંક–૨૯૨ આપવામાં આવેલ હતો. આ અદાલતે આંક–૪૮૮ વાળી અરજી ઉપર હુકમ કરી આ પૃથ્થકરણ અહેવાલ આંક–૨૯૨ ને પુરાવામાં વંચાણે લેવા હુકમ કર્યા બાદ આરોપીપક્ષે વધુ કોઇ રજુઆત ન હોવાથી એફ.એસ.એલનો અહેવાલ આપનાર અધીકારીને તપાસવામાં આવેલા નહી. બચાવપક્ષની ઉલટતપાસ દરમ્યાન કે દલીલમાં આંક–૨૯૨ વાળો પૃથ્થકરણ અહેવાલ આપનાર સાહેદની ઉલટતપાસ કરવા તેઓ માંગતા હતા અને ઉલટતપાસનો હક મળેલ નથી તેવી કોઈ રજૂઆત નથી.

**(૪iv)** વધુમાં રેકર્ડ જોતા જણાય છે કે, એફ.એસ.એલ. કચેરીને તા.૦૧/૦૫/૧૯૯૬નાં રોજ મળેલ મુદ્દામાલ સેમ્પલનુ પૃથ્થકરણ કરવામાં આવેલ જેના પૃથ્થકરણનો અહેવાલ ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા (એફ.એસ.એલ.) ધ્વારા અહેવાલ નં.–ફસલ/તપણ/૯૬/એન.સી/૭૫, તા.૧૫/૦૭/૧૯૯૬ના અહેવાલથી પાલનપુર શહેર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૨૧૬/૧૯૯૬ ના કામે મોકલવામાં આવેલ. જે પૃથ્થકરણનો અહેવાલ જોતા રાસાયણીક પૃથ્થકરણ અને બોટેનીકલ પરીક્ષણના આધારે નમુના માર્ક – એ માનો પદાર્થ એન.ડી.પી.એસ. એકટ ૧૯૮૫માં વ્યાખ્યાચિત અફીણ છે તેવો અભિપ્રાય આપવામાં આવેલ અને રાસાયણિક પૃથ્થકરણમાં મોર્ફીન એનહાઇડ્રસ પ્રતિશત પ્રમાણ વજન/વજન ૦.૯ ટકા હોવાનુ પૃથ્થકરણનુ પરીણામ મળેલ. જેમાંનો વાનસ્પતિક પૃથ્થકરણનો અહેવાલ શ્રી આર.એન. શાહ, સાયન્ટીફીક ઓફીસર અને આસીસ્ટન્ટ કેમીકલ એકઝામીનર ટુ ધી ગર્વમેન્ટ ઓફ ગુજરાત, અમદાવાદનાઓ ધ્વારા આપવામાં આવેલ તથા રાસાયણીક પૃથ્થકરણ અને બોટેનીકલ પરીક્ષણના આધારે શ્રી પી.એલ. જોષી, આસીસ્ટન્ટ ડાયરેકટર એફ.એસ.એલનાઓએ અભિપ્રાય આપેલ. જે અભિપ્રાયના આગળના પેજ ઉપર સીલની વિગતમાં પી.આઇ. એલ.સી.બી.

બી.કે. પાલનપુર અંગ્રેજીમાં અને લાખના સીલ હતા જે અંકબધ અને મોકલેલ નમુના મુજબના હતા તેવો પણ ઉલ્લેખ એફ.એસ.એલ કચેરી ધ્વારા કરવામાં આવેલ છે. વધુમાં બચાવપક્ષનો કેસ પણ આ મુદ્દામાલ અફીણ સેમ્પલ સાથે છેડછાડ થયાનો નથી. આમ એફ.એસ.એલ કચેરીને પૃથ્થકરણ માટે મુદ્દામાલ સેમ્પલ સીલબંધ હાલતમાં મળેલ ત્યારે સીલ વાંચી શકાય તેવા હતા અને સીલ અકબંધ હતા. આમ ફરિયાદપક્ષ સાહેદ નં.–૯– એપ્રુવર ધ્વારા હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ માંથી જે અફીણ કબજે લેવામાં આવેલ અને તેમાંથી જે સેમ્પલ લેવામાં આવ્યું હતું અને તેના ઉપર જે પી.આઈ. એલ.સી.બી. બી.કે. પાલનપુર અંગ્રેજીમાં સીલ કરવામાં આવેલ તે જ અફીણનું સેમ્પલ સીલબંધ હાલતમાં કોઈ છેડછાડ વગર એફ.એસ.એલ કચેરીને મોકલવામાં આવેલ હોવાનું અને તે જ સેમ્પલનું પૃથ્થકરણ કરીને એફ.એસ.એલ ધ્વારા આંક–૨૯૨ વાળો અભિપ્રાય આવેલ તે હકીકત ફરિયાદપક્ષે નિશંકપણે સાબિત કરેલ છે.

**(૪v)** ફરિયાદપક્ષ ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સીસ એકટની કલમ–૨ xi(a) મેન્યુફેક્ચરડ ડ્રગ્સની વ્યાખ્યા જોવામાં આવે તો તેમા, "ઓલ કોકા ડેરિવેટીવસ મેડીસીનીચલ કેનાબીઝ, ઓપિયમ ડેરિવેટીવસ એન્ડ……." નો સમાવેશ થાય છે. ફરિયાદપક્ષ ધ્વારા વધુમાં દલીલ કરવામાં આવેલ છે કે, નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સીસ એક્ટની કલમ–૨ xvi(e) ઓપિયમ ડેરિવેટીવની વ્યાખ્યા જોવામા આવે તો તેમાં "ઓલ પ્રેપરેશન્સ કન્ટેનીંગ મોર ધેન ૦.૨ પરસેન્ટ ઓફ મોર્ફીન ઓર….. " નો સમાવેશ થાય છે.

વધુમાં ફરિયાદપક્ષે દલીલ કરેલ છે કે, આરોપી નં.–(૨) ધ્વારા રૂપિયા ૨૦,૦૦૦ આપીને જે અફીણની ખરીદી કરી, હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ માં પ્લાન્ટ કરવામાં આવેલ અને કબજે કરવામાં આવેલ તે અફીણ મેન્યુફેક્ચરડ ડ્રગ્સની શ્રેણીમાં પડતું ડ્રગ્સ છે અને તે હકીકત ફરીયાદપક્ષે સાબિત કરેલ હોવાથી આરોપી નં.–(૨) એ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સીસ એક્ટની કલમ–૨૧ મુજબના ગુના કરેલ છે.

આ કામે આરોપીપક્ષે મળી આવેલ અફીણ ઓપીયમ ડેરીવેટીવ નથી પરંતુ ઓપીયમ છે તે સંબધે દલીલ કરેલ છે કે એન.ડી.પી.એસ.એકટની કલમ 2(XVI) ઓપીયમ ડેરીવેટીવની વ્યાખ્યા વાંચવામાં આવે તો આ વ્યાખ્યાના (ઇ) માં ઓલ પ્રિપેરેશનનો સમાવેશ થાય છે. પ્રિપેરેશનની વ્યાખ્યા 2(XX)માં આપવામાં આવેલ છે જે મુજબ એક કરતા વધારે બીજા ડ્રગ્સનુ મીશ્રણ હોય તો જ પ્રિપેરેશન કહેવાય અને જો તે મિશ્રણ ન હોય તો ડેરીવેટીવની વ્યાખ્યામાં પડે નહી. તદઉપરાંત દલીલ કરતા જણાવેલ છે કે, ઈલીસીટ ટ્રાફીકની વ્યાખ્યા જોતા એન.ડી.પી.એસ. એકટની કલમ ૨૭(એ) નો ગુનો તેમજ ૨૧નો ગુનો બનતો નથી. ચાર્જશીટમાં એન.ડી.પી.એસ. એકટ, ૧૯૮૫ની કલમ–૨૧ અને કલમ ૨૭(એ)ના કોઇ ગુના ન હતા. આ ગુના તહોમતનામામાં ઉમેરવા બાબતે આંક–૨૨ની અરજી નામંજુર કરવામાં આવેલ અને ગુનાનો કોઇ પુરાવો ન હોવાથી તથા એફ.એસ.એલ. અધીકારીશ્રી એમ.પી.ચૌધરીનો આંક–૫૪૯નો અભિપ્રાય જોતા તે ઓપીયમ સંબધેનો છે. ફરીયાદપક્ષનો પુરાવો જોતા નેચરલ ઓપીયમનો જ પુરાવો આવેલ છે અને ઓપીયમ ડેરીવેટીવનો પુરાવો નથી તેથી એન.ડી.પી.એસ.એકટની કલમ ૧૭, ૧૮ તથા ૫૮(૨) મુજબના જ પુરાવા છે, જે દલીલ સબંધે એ નોંધવું જરૂરી છે કે, આ કામે આંક–૨૨નો હુકમ જોતા ખાસ સરકારી વકીલે કેસ ઓપન કરતી વખતે એન.ડી.પી.એસ. એકટની કલમ–૨૧ અને ૨૭(એ) અંગેનો કેસ બતાવવો તેવો હુકમ થયેલ અને તપાસ કરનાર અમલદારની આંક–૨૨ની અરજી નામંજુર કરેલ. ત્યારબાદ કોર્ટે ફરીયાદપક્ષનો પુરાવો ઘ્યાને લઇ એન.ડી.પી. એસ.એકટની કલમ–૨૧ તથા ૨૭(૧)નુ તહોમતનામુ આંક–૫૯ થી ફરમાવેલ. ફરિયાદપક્ષે બચાવપક્ષની દલીલના સંદર્ભે રજુ કરેલ નામદાર સુપ્રિમ કોર્ટનો અમરસિંહ રામજીભાઇ બારોટ વિરુઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો કે જે ૨૦૦૫ (૭) એસ.સી.સી. ૫૫૦ ઉપર પ્રકાશિત થયેલ છે તેના અવલોકન તથા રેસીયો ઘ્યાને લેતા બચાવપક્ષની દલીલ મુજબ આ કેસમાં કબજે કરવામાં આવેલ અફીણ નેચરલ અફીણ છે અને ઓપિયમ ડેરીવેટીવ નથી તેવી દલીલ માનવા

યોગ્ય નથી. આ કેસમાં આવેલ આંક–૨૯૨ના અભિપ્રાયનો પુરાવો તથા એનડીપીએસ એક્ટની જોગવાઈઓ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટનો અમરસિંહ રામજીભાઈ બારોટ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો જોતા આ કેસમાં જે અફીણ ખરીદવામાં આવેલ અને પ્લાન્ટ કરવામાં આવેલ તે ઓપિયમ ડેરીવેટીવ છે કારણ કે એફ.એસ.એલના અભિપ્રાય મુજબ તપાસેલ અફીણમાં મોર્ફીનની માત્રા ૦.૨ ટકા કરતા વધારે જણાયેલી છે. આથી એન.ડી.પી.એસ. એક્ટની કલમ–2(XVI) મુજબ આવો પદાર્થ ઓપિયમ ડેરીવેટીવ ગણાય તથા એન.ડી.પી.એસ. એક્ટની કલમ 2(XI)મુજબ ઓપિયમ ડેરીવેટીવ એ મેન્યુફેકચરડ ડ્રગ્સ છે. કલમ–૨ ની પેટા કલમ VII(a) અને XXIII (a) થી નિયત થયેલ ટેબલ–અનુક્રમણીકાના અનુક્રમ નં.–૯૩ મુજબ ૨૫૦ ગ્રામ ઓપિયમ ડેરીવેટીવ તે કોમર્સિયલ કોન્ટીટી ગણાય. હાલના કેસમાં મળી આવેલ નાર્કોટિક ડ્રગ્સ એટલે કે ઓપિયમ ડેરીવેટીવની કુલ માત્રા ૧૦૧૫ ગ્રામ છે. જેમાં મોરફીનની માત્રા ૦.૯%ની છે, તે ઓપિયમ ડેરીવેટીવ મેનયુફેકચર્ડ ડ્રગસની શ્રેણીમાં આવતુ અફીણ છે. આથી આ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ નાર્કોટીકસ ડ્રગસ એટલે કે ઓપિયમ ડેરીવેટીવ મેનયુફેકચર્ડ ડ્રગસ હોવાનું ફરીયાદપક્ષે સાબિત કરેલ હોવાથી આરોપી નં.(૨) વિરૂધ્ધ એન.ડી.પી.એસ. એકટની કલમ–૨૧(સી)નો ગુનો સાબિત થયેલ છે અને આરોપી નં.–(૨)નુ કલ્પેબલ મેન્ટલ સ્ટેટ અગુનાહિત માનસ પણ રેકર્ડ ઉપરના પુરાવાથી નીકળી આવેલ છે.

– વધુમાં, આરોપી નં.–(૨)નાએ મરણજનાર આરોપી માલાભાઈ રબારી (કરમટીયા)ને અફીણ ખરીદવા માટે રૂપિયા ૨૦,૦૦૦ આપેલ. આમ આરોપી નં.–(૨) નાએ રૂપિયા ૨૦,૦૦૦ જેટલા નાણા અફીણની ખરીદી કરવા પુરા પાડેલ અને તેવા પુરા પાડેલ નાણામાંથી ખરીદ કરાયેલ અફીણ આરોપી નં.–(૨) નાએ પોતાના કબજામાં રાખી તેનો ઉપયોગ કરેલ હોવાની હકીકત પણ

ફરિયાદપક્ષે સાબિત કરેલ હોવાથી આરોપી નં.–(૨) વિરુધ્ધ એન.ડી.પી.એસ એક્ટની કલમ–૨૭(એ) નો ગુનો સાબિત થયેલ છે.

– વધુમાં, આરોપી નં.–(૨) બનાસકાંઠા પોલીસ અધિક્ષક તરીકેનો હોદ્દો ધરાવતા હતા તથા એપ્રવર એલ.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર તરીકેનો હોદ્દો ધરાવતા હતા જે હોદ્દાના રુએ મળેલ સત્તાનો દુરઉપયોગ કરી આરોપી નં.–(૨) નાએ ખોટી વરધી આધારે ખોટી માહિતી આપી/અપાવી તથા ખરીદ કરી મેળવેલ અફીણ હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫માં પ્લાન્ટ કરી, અફીણનો ઉપયોગ કરી, એપ્રુવરને કાવતરાના ભાગરૂપે ઉભી કરેલ વરધી આધારે રેઈડ કરવા સુચના આપેલ. આમ, પ્લાન્ટ કરેલ અફીણને ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ વિરુધ્ધ ખોટો કેસ ઉભો કરવાના હેતુથી હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫માં શંકાના વ્યાજબી કારણ વગર પ્રવેશ કરવા એપ્રુવરને સુચના આપી, એપ્રૂવર મારફત એવા પ્લાન્ટ કરેલ અફીણને કબજે કરાવી તથા ખોટા અને બનાવટી લખાણવાળા હોટલ રજીસ્ટરને કબજે લઈ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સીઝ એકટ ૧૯૮૫ની કલમ–૧૭ અન્વયેની ખોટી હકીકત વાળી ખોટી ફરિયાદ, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ વિરુધ્ધ આપી, આરોપી નં.–(૨)ની સુચના મુજબ આપેલ તેવી ખોટી ફરિયાદ આધારે તથા ઉભા કરેલ અન્ય તપાસના કાગળોના આધારે આરોપી નં.–(૨)ની સુચના મુજબ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ની નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સીઝ એકટ ૧૯૮૫ની કલમ–૧૭ના ગુના સારું એપ્રવર મારફત અટક કરાવેલ. આમ, આરોપી નં.–(૨) વિરુધ્ધનો એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૮(૧) તથા ૫૮(૨)નો ગુનો સાબિત થયેલ છે.

**(૪vi)** બચાવપક્ષની દલીલ છે કે, જે મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ હતો તેની ચેઈન એસ્ટાબ્લીસ થયેલ નથી તથા તે મુદ્દામાલ રજુ થયેલ નથી. ફરિયાદપક્ષે દલીલ કરેલ છે કે, પુરાવો જોતા ચેઈન એસ્ટાબ્લીસ થાય છે

અને ચેઈન એસ્ટાબ્લીસ થતી હોય ત્યારે ફરિયાદપક્ષનો કેસ ન માનવાને કોઈ કારણ રહેતું નથી. આ કેસમાં રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા (૧)અફીણ મુકીને ખોટો કેસ ઉભો કરવા આરોપી સંજીવ ભટ્ટનાઓએ અફીણની ખરીદી કરવા મરણ જનાર આરોપી માલાભાઈ રબારીને તારીખ ૨૯/૦૪/૧૯૯૬ના રોજ અફીણ ખરીદ કરીને લાવવાનું કહીને તેઓને રૂપિયા ૨૦,૦૦૦ (વીસ હજાર) આપેલ. ત્યારબાદ આરોપી સંજીવ ભટ્ટનાઓની સુચના મુજબ માલાભાઈ રબારીનાઓએ શેરપુરા ઢાંણી મુકામેથી ખરીદેલ અફીણ તારીખ. ૨૯/૦૪/૧૯૯૬ના રોજ સંજીવ ભટ્ટને આપેલ અને સંજીવ ભટ્ટે તે અફીણ પોતાના કબજામાં રાખેલ અને ત્યારબાદ અફીણને હોટલ લાજવંતીમાંથી કબજે કરવા તથા કેસ કરવા સુચના એપ્રુવરને આપેલ.(૨)હોટલ લાજવંતીના રૂમ નં.-૩૦૫માં સુમેરસિંહ રાજપુરોહિત અફીણ લઈને રોકાયેલ હોવાનું દર્શાવી એપ્રુવર સાહેદ નં.-૯ નાએ તહોમતદાર સંજીવ ભટ્ટની સુચના અનુસાર ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૪, ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૬ તથા અન્ય પોલીસ કર્મચારીઓની રૂબરૂમાં હોટલ લાજવંતીના રૂમ નં.-૩૦૫ના પલંગના ગાદલા નીચેથી અફીણ કબજે કરેલ.(૩) જે અફીણ કુલ ૧ કિલ્લો ૧૫ ગ્રામ હતું. જે અફીણમાંથી ચારેય બાજુથી થોડું થોડું અફીણ લઈ, ૨૦ ગ્રામ અફીણનું સેમ્પલ અલગ કાઢેલ અને તે સેમ્પલ અફીણને પંચોની સ્લીપો મૂકી લાખથી પી.આઈ. એલ.સી.બી.બી.કે ના માર્કાનું સીલ કરેલ. બાકી વધેલ ૯૯૫ ગ્રામ અફીણને પણ પંચો**ની** સહીવાળી સ્લીપો મૂકી, પી.આઈ. એલ.સી.બી.બી.કે. ના માર્કાનું સીલ કરેલ.(૪)આ કબજે કરવામા આવેલ મુદ્દામાલ અફીણનું સેમ્પલ તથા બાકી વધેલ અફીણ ૯૯૫ ગ્રામ તથા અન્ય મુદ્દામાલ, સાહેદ નં.-૯ ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ કે જેઓ પાલનપુર ખાતે એલ.સી.બી.માં પી.આઈ તરીકે ફરજ બજાવતા હતા તેઓએ આંક-૨૮૨ વાળા રીપોર્ટ સાથે ફરિયાદપક્ષ સાહેદ

નં.-૧૮ મફતલાલ હાલાભાઇ સોલંકીનાઓને ગુનો નોંધવા સારું તથા મુદ્દામાલ સંભાળી આગળની કાર્યવાહી કરવા સોપેલ. (૫) આંક-૨૮૨ વાળા રીપોર્ટ સાથે રીપોર્ટમાં જણાવેલ ૯૯૫ ગ્રામ બચતનું અફીણ તથા ૨૦ ગ્રામ સેમ્પલ તથા અન્ય મુદ્દામાલ તથા મુદ્દામાલ એફ.એસ.એલમાં મોકલવાની ૩ પ્રત રવાનગી ચાદી, ફરિયાદ તથા પંચનામું પણ સામેલ હતું. (૬)જે રીપોર્ટ સાથે રીપોર્ટમાં જણાવેલ ૯૯૫ ગ્રામ બચતનું અફીણ તથા ૨૦ ગ્રામ સેમ્પલ તથા અન્ય મુદ્દામાલને પી.એસ.ઓ, ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૮ મફતલાલ હાલાભાઇ નાઓએ સ્વીકારેલ.(૭) જે આંક-૨૮૨ વાળો રીપોર્ટ તથા મુદ્દામાલ વિગેરે મળ્યા બાદ તથા ગુનો દાખલ કર્યા પછી ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૮નાઓએ નિભાવવામાં આવતી આંક-૨૮૯ વાળી મુદ્દામાલ પાવતી તૈયાર કરેલી અને મુદ્દામાલ પાવતી સાથે મુદ્દામાલ, રાઈટર હેડ કે જેઓ હાલ હયાત નથી તેઓને સોપેલો. (૮) વધુમાં, આ તમામ કબજે થયેલ મુદ્દામાલની નોંધણી, મુદ્દામાલ રજીસ્ટર કે જેની ખરી નકલ આંક-૨૯૧ છે તે મુદ્દામાલ રજીસ્ટરમાં એન્ટ્રી નં.-૧૫૯ ઉપર કરવામાં આવેલ હતી. (૯)આંક-૨૯૧ વાળા મુદ્દામાલ રજીસ્ટરની એન્ટ્રી નં.-૧૫૯ ના અનુક્રમ નં.-૨ની સામે મુદ્દામાલ એફ.એસ.એલમાં લઈ જવા સીલબંધ હાલતમાં રવાનગી ફોર્મ સાથે મળ્યાના શેરા નીચે ફરીયાદપક્ષ સાહેદ નં.-૧૭ કનુભાઈ આંબાભાઈ બકલ નં.-૯૩૦ નાઓએ સહી કરેલ. આમ, અનુક્રમ નં.-૨ માં જણાવેલ મુદ્દામાલ સેમ્પલ એફ.એસ.એલમાં પ્રુથ્થકરણ માટે સોપવા માટે સીલબંધ હાલતમાં રવાનગી નોંધ સાથે ફરિયાદપક્ષ સાહેદ નં.-૧૭ નાએ તા.૦૧/૦૫/૧૯૯૬ના રોજ સ્વીકારેલ હતો. (૧૦) આમ, રવાનગી નોંધ કે જેની સ્થળપ્રત **આંક-૨૮૧** છે તેમાં પોલીસ ઈન્સપેક્ટર, એલ.સી.બી, પાલનપુર, જી.બનાસકાંઠા, શ્રી આઈ. બી. વ્યાસની સહી છે. તથા તેની પાછળના ભાગે સીલના નમુનાની છાપ તથા વિભાગીય

પોલીસ અધિકારી દવારા આપવામાં આવેલ સત્તા અંગેનું પ્રમાણપત્ર હતું જે મુદ્દામાલ સાથે ફરીયાદપક્ષ સાહેદ નં.–૧૭ કનુભાઈ આંબાભાઈ પરમારનાઓએ એફ.એસ.એલમાં મોકલવા માટે સ્વીકારેલ. જે રવાનગી નોંધના અક્ષરો, ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ આઈ.બી.વ્યાસનાઓના રાઈટર અબ્બાસખાનના હોવાનું, એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ આઈ.બી.વ્યાસનાઓએ તેઓની જુબાનીમાં કબુલેલ છે. જે રવાનગીના પ્રથમ પાના ઉપર પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે, એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, આઈ.બી.વ્યાસનાઓએ પોતાની સહી હોવાનું કબુલ કરેલ છે. જે રવાનગી નોંધના પાછળના પાનાના ઉપરના ભાગે પોલીસ ઈન્સ્પેક્ટર વતી ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૮ મફતલાલ હાલાભાઇ સોલંકી નાઓએ પોતે સહી કરેલ હોવાનું તેઓની જુબાનીમાં કબુલ કરેલ છે. આ રવાનગી નોંધના પાછળના પાનાના નીચેના ભાગે એફ.એસ.એલને સત્તા આપતા પ્રમાણપત્રની નીચેના ભાગે વિભાગીય પોલીસ અધિકારી શ્રી આર.બી.બ્રહ્મભટ્ટનાઓની સહી હોવાનું એપ્રુવર–ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ આઈ.બી.વ્યાસનાઓએ કબુલેલ છે. (૧૧) જે રવાનગી તથા સાથેનો સીલબંધ હાલતનો મુદ્દામાલ–મુદ્દામાલ સેમ્પલ ફરીયાદપક્ષ સાહેદ નં.–૧૭ નાઓએ એફ.એસ.એલ, અમદાવાદ ખાતે જઈને તારીખ.૦૧/૦૫/૧૯૯૬ ના રોજ સોપેલ. જે મુદ્દામાલ એફ.એસ.એલને પ્રુથ્થકરણ માટે મળ્યા અંગેની પહોચ **આંક–૨૮૩** વાળી, ક્રમાંક: ફસલ/ઇઇ/૯૬/એન.સી/૭૫, તા.૦૧/૦૫/૯૬ વાળી, હવાલો–આપના પત્ર ક્રમાંક:જા.નં. ૧૧૪૯/૯૬, તા.૩૦/૦૪/૯૬ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૭ નાઓને એફ.એસ. એલ. કચેરીના મદદનીશ નિયામક દવારા આપવામાં આવેલ. જે પહોચમાં પણ મદદનીશ નિયામક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાઆઓએ એક સીલબંધ પાર્સલ સ્વીકારેલ છે તેવું લખેલ છે. (૧૨) આ આંક–૨૮૩ વાળી પહોચ ફરીયાદપક્ષ સાહેદ નં.–૧૭ કનુભાઈ આંબાભાઈનાઓએ રાઈટર હેડ સમક્ષ જમા

કરાવેલી.(૧૩) એફ.એસ.એલ.કચેરીએ મળેલ મુદ્દામાલ સેમ્પલનું પ્રુથ્થકરણ કરવામાં આવેલ. (૧૪) એફ.એસ.એલ. અભિપ્રાયના આગળના પેજ ઉપર સીલની વિગતમાં પી.આઈ.એલ.સી.બી બી.કે પાલનપુર અંગ્રેજીમાં અને લાખમાં હતા, જે અકબંધ અને મોકલેલ નમુના મુજબના હતા તેનો ઉલ્લેખ છે. આમ તમામ પુરાવા જોતા ચેઈન–લિંક એસ્ટાબ્લીસ થાય છે.

**(૪vii)** વધુમાં મુદ્દામાલ પાવતી નં.–૧૮૨/૯૬ સબંધે તપાસ કરનાર અમલદારે પોલીસ અધિક્ષક, બનાસકાંઠાનાઓને તારીખ.૩૧/૧૦/૨૦૧૮ના રોજ, તપાસ દરમ્યાન પત્ર લખેલ અને તારીખ.૩૦/૦૪/૯૬નો મુદ્દામાલ, પાલનપુર શહેર પોલીસ સ્ટેશન ખાતે જમા છે કે કેમ તેની જાણ કરવા જણાવેલ. જેથી પોલીસ અધિક્ષકનાઓને પોલીસ ઈન્સ્પેક્ટર પાલનપુર તરફથી જાણ કરવામાં આવેલ કે, મુદ્દામાલ આર્ટીકલ નં.–૧ અત્રે જમા છે તેમજ આર્ટીકલ નં.–૨ અને ૩ તપાસ કરતા મળી આવેલ નથી. મુદ્દામાલ ચાર્જશીટ રજુ થયું તે સમયે કોર્ટમાં બારોબાર મોકલી આપવા તપાસ કરનાર અમલદારે પત્ર લખેલ હતો જે મુદ્દામાલ કોર્ટમાં રજુ થયેલ ન હતો. મુદ્દામાલ નામદાર કોર્ટમાં રજુ કરાવવા ખાસ સરકારી વકીલે તપાસ કરનાર અમલદાર મારફતે ચાલુ ટ્રાયલે યાદીથી પાલનપુર શહેર પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવામાં આવેલ. જેથી તારીખ.૧૭/૦૩/૨૦૨૨ ના રોજ પોલીસ ઈન્સ્પેક્ટર, પાલનપુર શહેર પોલીસ સ્ટેશનનાઓએ વધેલ મુદ્દામાલ– આર્ટીકલ નં.–૧, જે તે દિવસની સ્થિતિએ કોર્ટમાં જરૂરી દસ્તાવેજો સાથે રજુ કરેલ અને બાકીનો મુદ્દામાલ મળી આવેલ ન હોવાનો કોર્ટમાં રીપોર્ટ કરેલ. આમ, મુદ્દામાલ રજીસ્ટર આંક–૨૯૧ તથા આંક–૫૩૫ની એન્ટ્રી નં.–૧૫૯ માં દર્શાવ્યા મુજબનો મુદ્દામાલ–વધેલું અફીણ તા.૧૭/૦૩/૨૦૨૨ના રોજ પોલીસ સ્ટેશનમાંથી મુદ્દામાલ રૂમમાં એક લોખંડની જૂની તિજોરીના ખૂણામાંથી જે સ્થિતિમાં મળી આવેલ તે પંચનામું કરીને નામદાર કોર્ટમાં રજુ થયેલ. જે કબજે કરવામાં આવેલ અફીણ હોવા બાબતેનો ફરિયાદપક્ષના સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. તારીખ.૩૦/૦૪/૧૯૯૬ ના રોજ લેવામાં આવેલ સેમ્પલ કે જે માર્ક–A તરીકે

એફ.એસ.એલ.માં તપાસણી અર્થે મોકલવામાં આવેલ તે તથા એસ.ડી.પી.ઓ, પાલનપુરનાઓએ તારીખ.૧૯/૦૮/૧૯૯૬ ના રોજ મુદ્દામાલ અફીણમાંથી ફરીથી લીધેલ સેમ્પલ કે જે માર્ક–B તરીકે એફ.એસ.એલ.માં તપાસણી અર્થે મોકલવામાં આવેલ તે બંને સેમ્પલો, એટલે કે, તે વધેલ સેમ્પલ માર્ક–A તથા માર્ક–B, એફ.એસ.એલ.માંથી પૃથ્થકરણ બાદ, તારીખ ૩૦/૦૩/૧૯૯૭ ના રોજ પાલનપુર શહેર પોલીસ સ્ટેશનમાં પરત આવેલ હતા તે મળી આવેલ ન હોવાથી અદાલતમાં રજુ થયેલ નથી. જયારે મળી આવેલ અફીણમાંથી સૌપ્રથમ તા.૩૦/૦૪/૧૯૯૬ ના રોજ માર્ક–A વાળું સેમ્પલ લેવામાં આવેલ હતું તથા ત્યારબાદ તા.૧૯/૦૮/૧૯૯૬ ના રોજ માર્ક–B વાળું બીજું સેમ્પલ લેવામાં આવેલ હતું તે બાદ વધેલું એટલે કે, મુદ્દામાલ આર્ટીકલ–૧ વાળું અફીણ અદાલતમાં રજુ થયેલ છે તે ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઉપરથી પણ સ્પષ્ટ થયેલ છે. આમ એવું કહી શકાય તેમ નથી કે, કબજે કરેલ મુદ્દામાલ આર્ટીકલ–૧ વાળું અફીણ અદાલતમાં રજુ થયેલ નથી.

**(૪viii)** વધુમાં તા.૧૯/૦૮/૧૯૯૬ના રોજ લેવાયેલ સેમ્પલ અંગે સાહેદ નં.–૧૩નો પુરાવો તથા આંક–૫૪૦ વાળો નિષ્ણાતનો અભિપ્રાય ફરિયાદપક્ષે રજુ કરેલ છે. આ બીજી વખતે લેવામાં આવેલ સેમ્પલના પુરાવાનું મહત્વ એટલું છે કે, તે મુદ્દામાલ સેમ્પલનો પણ પૃથ્થકરણનો અહેવાલ જોતા મોર્ફીન એનહાઈડ્રસનું પ્રમાણ ૦.૨ ટકા છે અને તે પણ ઓપિયમ ડેરીવેટીવની વ્યાખ્યામાં પડે છે. આ બીજી વખતે સેમ્પલ લેવામાં આવેલ હકીકત ફરિયાદપક્ષ સાહેદ નં.૧૩ કલાજી સ્વરૂપજી મકવાણાના પુરાવાથી પુરવાર થયેલ છે. વધુમાં ફરિયાદપક્ષ સાહેદ નં.૧૩ કલાજી સ્વરૂપજી મકવાણા રૂબરૂ આર્ટીકલ–૧ વાળા વધેલ અફીણ–મુદ્દામાલમાંથી ફરી ચકાસણી કરવા માટે લેવામાં આવેલ ૩૦ ગ્રામ– માર્ક–B વાળું અફીણનું સેમ્પલ સીલ કરવામાં આવેલ અને જે સેમ્પલ વિભાગીય પોલીસ અધીકારી ધ્વારા માર્ક–૨૫/૨૪ની રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.માં તપાસણી સારૂ મોકલવામાં આવેલ અને તે સેમ્પલ લીધા પછી વધારાનો મુદ્દામાલ ફરીથી પેક કરીને સીલ કરવામાં આવેલ. જે રવાનગીને

આંક પાડવા બચાવપક્ષે પુરસીસ રજુ કરતા તેને આંક–૮૨૮ આપવામાં આવેલ છે. આમ આ રવાનગીથી બીજી વખતે મુદ્દામાલ સેમ્પલ એફ.એસ.એલમાં મોકલવામાં આવેલ હકીકત પુરવાર થાય છે. આ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.ને જે મુદ્દામાલ મોકલવામાં આવેલ તે મુદ્દામાલનો પૃથ્થકરણ અહેવાલ પુરાવામાં ગ્રાહ્ય હોવાથી વંચાણે લેવા અદાલતે આંક–૪૮૮ વાળી અરજી ઉપર હુકમ કરેલ. આરોપીપક્ષે પૃથ્થકરણ કરનાર અને આંક–૫૪૦ વાળો અહેવાલ આપનાર એફ.એસ.એલ. અધિકારી–સાહેદોને ઉલટતપાસ માટે બચાવપક્ષે કોઈ રજૂઆત કરેલ નથી.

**(૪ix)** આ કેસના તપાસ કરનાર અધીકારી ફરિયાદપક્ષ સાહેદ નં.૧૯ કે જેઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર તપાસ કરેલ તેઓએ તેમની તપાસ દરમ્યાન મદદનીશ નિયામકશ્રી એફ.એસ.એલનાઓને ઉદ્દેશીને આંક–૫૪૮ મોકલી આપેલ. જેની સાથે તેના સંદર્ભમાં જણાવેલ એનાલીસીસ રીપોર્ટ, આંક – ૨૯૨ વાળા એનાલીસીસ રીપોર્ટની ઝેરોક્ષ, આંક–૫૪૦ વાળા એનાલીસીસ રીપોર્ટની ઝેરોક્ષ, આંક–૫૨૦ વાળા એનાલીસીસ રીપોર્ટની ઝેરોક્ષ કે જે શેરપુરા ઢાંણી–આગથળા કેસનો એનાલીસીસ રીપોર્ટ છે તે તથા આંક–૫૪૮ સાથે રજુ કરેલ શેરપુરા કેસના અન્ય એનાલીસીસ રીપોર્ટની ઝેરોક્ષ, સામેલ કરેલ. આ આંક–૫૪૮ વાળા રીપોર્ટથી જણાવેલ મુદ્દાઓની સ્પષ્ટતા કરવા વિનં.તી કરવામાં આવેલ. જેને આધારે શ્રી એમ.પી.ચૌધરી આસીસ્ટન્ટ ડાયરેકટર, ડીરેકટરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ કમ આસીસ્ટન્ટ કેમીકલ એકઝામીનર ટુ ધી ગર્વમેન્ટ ઓફ ગુજરાત, ગાંધીનગર નાઓએ તા.૧૫/૧૦/૨૦૧૮ના રોજનો આંક–૫૧૮ વાળો અભિપ્રાય મોકલી તપાસ કરનાર અમલદારે માંગેલ મુદ્દાસરની સ્પષ્ટતા કરેલી. જે એફ.એસ. એલ.નો આંક–૫૪૯ વાળો રીપોર્ટ વંચાણે લેવામાં આવે તો તેના સંદર્ભમાં જણાવેલ નં.૧, નં.૩ તથા નં.૪ના અહેવાલના આધારે ત્રણેય પ્રકારનુ અફીણ એક જ પ્રકારનુ છે તેવો અભિપ્રાય શ્રી એમ.પી.ચૌધરીએ આપેલ. આ રીપોર્ટમાં સંદર્ભ (૧) આ ગુનાના મુદ્દામાલ સેમ્પલનો પૃથ્થકરણ અહેવાલ છે. જયારે

સંદર્ભ (૩) અને સંદર્ભ (૪) અનુક્રમે આગથળા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૫૪/૧૯૯૬ તથા ૫૧/૧૯૯૬ના ગુનાના મુદ્દામાલ સેમ્પલના પૃથ્થકરણ અહેવાલ છે. આ ત્રણેય પૃથ્થકરણ અહેવાલ જોતા અફીણમાં મોર્ફીન એનહાઇડ્રસનુ પ્રતિશન પ્રમાણ વજન/વજન ૦.૯ ટકા છે.

આ કેસમાં શેરપુરા ઢાણી ખાતેથી જુદી જુદી જગ્યાએથી રેઇડ દરમ્યાન મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હતો તેવો ફરિયાદપક્ષ સાહેદ નં.–૯,૧૫ અને ૧૬નો પુરવાર થયેલ પુરાવો છે. વધુમાં એવો પણ પુરાવો છે કે, હાલના ગુનામાં જે અફીણ ખરીદવામાં આવેલ તે શેરપુરા ઢાણીથી મરણજનાર આરોપી માલાભાઈ રબારીએ હાલના આરોપી નં.–(૨) ધ્વારા આપવામાં આવેલ રૂ.૨૦,૦૦૦/–માંથી ખરીદ કરેલ છે. તપાસ કરનાર અમલદાર ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯નાઓએ આ કેસનું અફીણ શેરપુરા ઢાંણી ખાતેથી ખરીદવામાં આવેલ હોવાનાં તપાસના કાગળો ધ્યાને લઈ શેરપુરા ઢાંણીથી રેઈડમાં મળેલ અફીણ અને આ કેસનુ અફીણ એકસરખું છે કે નહી તે જોવા આંક–૫૪૮ વાળો રીપોર્ટ તથા તેની સાથે દસ્તાવેજો એફ.એસ.એલ.ને મોકલેલ. જેને આધારે આંક–૫૪૯ વાળો એફ.એસ.એલ.નો અભિપ્રાય–રીપોર્ટ આવેલ. જે આંક–૫૪૯ વાળો એફ.એસ.એલ.નો રીપોર્ટ વંચાણે લેતા સંદર્ભ–૧,૩ તથા ૪ ના અહેવાલના આધારે ત્રણેય પ્રકારનું અફીણ એક જ પ્રકારનું કહી શકાય તેવો અભિપ્રાય આપવામાં આવેલ છે. જે અભિપ્રાય જોતા પણ એવું પુરવાર થાય છે કે, હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫માં પ્લાન્ટ કરવામાં આવેલ અફીણ આગથળા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ શેરપુરા ઢાણી ખાતેથી ખરીદ કરવામાં આવેલ. આમ આ અહેવાલથી ફરિયાદપક્ષ સાહેદ નં.–૯, ૧૪ અને ૧૫ના પુરાવાને સમર્થન મળે છે.

વધુમાં આ કામે આરોપીપક્ષે સાહેદ એમ.પી.ચૌધરીને આંક–૫૪૯ વાળા અભિપ્રાય અંગે ઉલટતપાસ કરવા માંગે છે તેવી કોઇ રજુઆત થયેલ ન હતી. ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ અને વધારાના જવાબ બાદ આરોપીપક્ષે સાહેદ એમ.પી.ચૌધરીને તથા અન્યોને બચાવના સાહેદો તરીકે તપાસવા

માટેની આંક – ૬૪૮ થી અરજી આપેલ જે આ અદાલતે નામંજુર કરેલ. જેની વિરુધ્ધ આરોપીએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ક્રી.રીવીઝન અરજી નં.૫૩૪/૨૦૨૩ કરેલ હતી જે નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ. જે હુકમ વિરુધ્ધ આરોપી તરફે નામદાર સુપ્રિમ કોર્ટમાં ડાયરી નં.૩૭૪૨૮/૨૦૨૩થી અરજી દાખલ કરવામાં આવેલ જે પણ તા.૦૩/૧૦/૨૦૨૩ના રોજ નામંજુર થયેલ. જે રેકર્ડ ઉપર રજુ થયેલ હુકમો ઉપરથી સ્પષ્ટ થાય છે.

**(૪x)** બચાવપક્ષે તેમની દલીલમાં આર્ટીકલ નં.–૧ તરીકે ખોટી રીતે જાંબલી કલરની થેલી ચઢાવી મુદ્દામાલ રજુ કરેલ છે અને ખોટો કેસ બતાવેલ છે તેવું જણાવેલ છે. ફરિયાદપક્ષની દલીલ છે કે, મુદ્દામાલ અફીણ અંગેનો તથા રજુ થયેલ અફીણ અંગેનો પુરાવો કે જે ફરિયાદપક્ષના સાહેદોની જુબાની તથા લાગુ દસ્તાવેજી પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ છે તે જોવામાં આવે તો જે મુદ્દામાલ આર્ટીકલ નં.–૧ વાળું વધેલ અફીણ(રીમેઈનડ) હતું તે જ અફીણ(મુદ્દામાલ) અદાલત સમક્ષ રજુ થયેલ છે અને જાંબલી કલરની જે ઝલક ડ્રીમ વાળી થેલી મુદ્દામાલ ઉપર છે તે અફીણને પ્રોટેકટ કરવા માટે ચઢાવેલી છે અને આવા સંજોગોમાં એવું કહી શકાય નહિ કે, મુદ્દામાલ અદાલતમાં રજુ થયેલ નથી.

બંને પક્ષકરોની દલીલો સંદર્ભે સાહેદોના પુરાવા પૈકી સાહેદ નં.૯ એપ્રુવરની સરતપાસ જોતા તે દરમ્યાન તેમને મુદ્દામાલની ઓળખ કરાવવામાં આવેલ. જેમાં તેમણે જણાવેલ છે કે મને મુદ્દામાલ બતાવવામાં આવે તો હું ઓળખી શકુ. ડીસ્ટ્રીકટ કોર્ટ પાલનપુરના રજીસ્ટ્રારે તા.૨૯/૦૪/૨૦૨૨ના રોજ રીસીવ કરેલ પાલનપુર શહેર પુર્વ પોલીસ સ્ટેશનના જાવક નં.૮૧૫/૨૦૨૨ વાળા પત્રમાં દર્શાવેલ મુદ્દામાલ કે જે રીસીવ થયા બાબતે સ્પે.એન.ડી.પી.એસ. કેસ નં.૩/૨૦૧૮ના કામે તે પત્ર સાથે રજુ થયેલ અન્ય દસ્તાવેજો પૈકી મુદ્દામાલના વર્ણન વાળો એક દસ્તાવેજ કે જેના ઉપર મુદ્દામાલ આર્ટીકલ નં.૧ તેમ નાઝરશ્રીએ એન્ડોર્સમેન્ટ કરેલ છે, તે જનરલ મુદ્દામાલ રજી. નં.૧૬/૨૦૨૨ થી નોધવામાં આવેલ છે. જે મુદ્દામાલ પાવતીને આંક–૨૮૮ આપવામાં આવેલ

છે. તેમાં દર્શાવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.૧ મને બતાવવામાં આવે છે. મને અદાલત રૂબરૂ એક પ્લાસ્ટીકના બોકસમાં એક પ્લાસ્ટીકની ટ્રાન્સપરન્ટ બેગમાં જાંબલી કલરની થેલીમાં પેક કરેલ મુદ્દામાલ કે જેની સફેદ કલરની ટ્રાન્સપરન્ટ થેલી ખોલી અંદર જાંબલી કલરની થેલી ઉપર ચીપકાવેલ ચીઠી બતાવવામાં આવે છે કે જેની ઉપર પ્રોહીબીશન ગુના રજી. નં.૨૧૬/૧૯૯૬, તા.૩૦/૦૪/૧૯૯૬ પ્રોહીબીશન મુદ્દામાલ પાવતી નં.૧૮૨/૧૯૯૬, તા.૩૦/૦૪/૧૯૯૬, ફરીયાદી પોલીસ ઇન્સ્પેકટરશ્રી આઇ.બી.વ્યાસ, આરોપી સુમેરસિંહ રાજપુરોહીત આર્ટીકલ નં. ૧ લખેલ છે. જે જાંબુડીયા કલરની થેલીમાંથી કાળો પદાર્થ બહાર આવેલ છે અને સફેદ કલરની ટ્રાન્સપરન્ટ થેલી ઉપર ચીપકી ગયેલ હાલતમાં પણ છે. જાંબુડીયા કલરની થેલીમાં પણ મુદ્દામાલ ચીપકી ગયેલ હાલતમાં છે અને ખોલતા ફાટી જાય તેવી સ્થિતી છે. તેમાં જેટલુ દેખાય છે તે જોઇ જણાવુ છુ કે, તે કાળા પદાર્થ વાળો અફીણ છે, જેમાં પંચોની અને મારી સહી વાળી કાપલી જણાઇ આવેલ નથી. સદર મે જે તે સમયે કબજે કરેલ તે જ મુદ્દામાલ છે. મે જે તે સમયે સેમ્પલ પુરતો ૨૦ ગ્રામ મુદ્દામાલ કબજે લીધેલ અને તે એફ.એસ.એલ.માં મોકલી આપવામાં આવેલો. જે સેમ્પલ વાળો મુદ્દામાલ પરીક્ષણ થયા બાદ મારી તથા પંચોની કાપલી સાથે જો પરત આવેલ હોય તો મને બતાવવાથી હું ઓળખી શકુ.

**(૪xi)** આ સાહેદ નં.૯ની આરોપીપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેમણે નીચે મુજબનો પુરાવો આપેલ છે. જે પોલીસ કર્મચારી આંક-૨૮૨ સાથે બધુ લઇને પી.એસ.ઓ. પાસે ગયેલા તેજ પોલીસ કર્મચારીએ મને સદર ફરીયાદ, પંચનામુ અને લાજવંતી હોટલનુ રજીસ્ટર તપાસ માટે આપેલુ. મુદ્દામાલ જે પકડયો તેમાં પ્લાસ્ટીકની ત્રણ ખાલી થેલીઓ હતી, એક લુંગી, એક કપડાનો બગલથેલો, એક અફીણ સેમ્પલ ૨૦ ગ્રામનુ સીલ કરેલુ અને બાકીનુ કબજે લીધેલ ૯૯૫ ગ્રામ અફીણ સીલ કરેલુ તથા લાજવંતીનુ રજીસ્ટર હતુ. સેમ્પલમાં પહેલા લીધેલ ૨૦ ગ્રામ અફીણ પ્લાસ્ટીકની કોથળીમાં લીધેલ અને બંધ કરેલ. તેના ઉપર પંચોની અને મારી સહી વાળી કાપલી મુકેલી. પછી

તેને કપડાની થેલીમાં મુકી સીવી લીધેલી અને તેની ઉપર પંચો તથા મારી સહી વાળી કાપલી મુકી સીલ કરી મોકલી આપેલ. કપડાની થેલીના મોઢીયા ઉપર સીલ કરેલુ હતુ. બાકીનો જે મુદ્દામાલ હતો તેને પણ તેજ રીતે સીલ કરવામાં આવેલ હતો. થેલમાંથી લુંગી અને લુંગીમાં વીટાંળેલ જાંબુડી કલરની મીણીયાની થેલી કે જેમાં ૧.૧૫ કીલો અફીણ હતુ તે મળેલુ. હાલ મને યાદ નથી કે, જાંબુડી કલરની મીણીયાની થેલીને ઉપરથી મોઢુ બાંધી પછી કાર્યવાહી કરેલ કે કેમ. આંક–૨૦૬ વાળુ પંચનામુ અંગે જવાબ આપવાનુ કહેવામાં આવતા હું સદર કથનો વાંચીને જણાવુ છુ કે, બાકી વધેલુ ૯૯૫ ગ્રામ અફીણ જેમને તેમ મીણીયાની થેલીમાં રહેવા દઇ તેને એક મીણીયાની થેલીમાં મુકી તેના ઉપર અંદરના ભાગે પંચોની તથા મારી સહી વાળી કાપલી મુકી મોઢીયુ દોરાથી બાંધી તેને એક સફેદ કલરની કાપડની થેલીમાં મુકી તેના ઉપર પંચો તથા મારી સહી વાળી કાપલી મુકી તેના ઉપર દોરા બાંધી તેના ઉપર લાખથી અંગ્રેજીમાં પી.આઇ. એલ.સી.બી. પાલનપુર બી.કે.ના માર્કાનુ સીલ કરેલુ. ત્રણ મીણીયાની ખાલી થેલીઓ બગલ થેલામાંથી મળી આવેલી, જેમાં એક પ્લાસ્ટીકની અને બે મીણીયાની હતી. એક સફેદ કલરની, એક આછા જાંબલી કલરની અને ત્રીજી થેલીનુ કલર મને યાદ નથી. એ વાત ખરી છે કે, અદાલત સમક્ષ મને એક સફેદ કલરના પ્લાસ્ટીકના બોકસમાંથી સફેદ કલરની ટ્રાન્સપરન્ટ સફેદ થેલીમાં મુકેલ જાંબુડીયા કલરની થેલીમાંનો કાળા કલરનો પદાર્થવાળો મુદ્દામાલ બતાવાય છે. જે મે સરતપાસમાં ઓળખી બતાવેલો તે જ છે. એ વાત ખરી છે કે, તેમાં જે કાપલી છે તે કાપલીના અક્ષર મારા નથી. એ વાત ખરી છે કે, જાંબુડીયા કલરની થેલીના બહારના બંને ભાગે પણ કાળો પદાર્થ હાથમાં ચીપકે તે રીતે નીકળેલો છે. એ વાત ખરી છે કે, જાંબુડીયા કલરની થેલીમાં જે કાળો પદાર્થ છે તે હાલ જોતા કાગળમાં વીટાંળીને અંદર મુકેલો જણાય છે. સાહેદ જણાવે છે કે, આ મુદ્દામાલ મે જે સ્થિતીમાં સીલ કરીને આપેલ તે સ્થિતીમાં નથી અને તેમાં મારી સહી વાળી કાપલી નથી. એ વાત ખરી છે કે, અફીણવાળો મુદ્દામાલ આર્ટીકલ નં.૧ છે. મે મારા ફોરવર્ડીંગ લેટરમાં

આર્ટીકલ નં.૧ તરીકે જે બતાવેલ છે તેજ મુદ્દામાલ છે. મને એવો સવાલ પુછવામાં આવેલ છે કે, શાના ઉપરથી હું તે જ મુદ્દામાલ છે તેવુ કહી રહયો છે. જેના જવાબમાં કહુ છુ કે, તેમાંથી તીવ્ર વાસ આવે છે અને કાળા કલર ઉપરથી હું કહી રહયો છુ. મને અદાલત સમક્ષ સુધાંડવામાં આવે છે તે સુંધીને કહુ છુ કે, તેમાં કડવાશ જેવી તીવ્ર વાશ આવે છે અને જે ટીપીકલ્ટ પ્રકારની છે. એ વાત ખરી છે કે, જાંબુડી કલરની કોથળી ઉપર ઝલક ડ્રીમ, શ્રી આશાપુરા નમ્રઃ, શ્રી ગણેશાય નમઃ અને શ્રી જલારામ બાપા નમ્રઃ હોલસેલ તથા રીટેઇલ વ્યાજબી ભાવે મળશે તથા સ્ટોલ લેડીસ નાઇટ સ્યુટ, તેવુ પ્રિન્ટ કરેલુ લખાણ વંચાઇ આવે છે. એ વાત ખરી છે કે, જાંબુડી કલરની થેલી ઉપર કોઇપણ જગ્યાએ લાખના સીલના નિશાન નથી. તે વાત ખરી છે કે, એ કોથળી ઝભલા ટાઇપની છે અને મોઢીયુ ખુલ્લુ છે અને દોરાથી બાંધેલાના કોઇ પણ નિશાન નથી. તેમજ તે જાંબુડીયા કલરની થેલી સાથે કોઇ કપડાની થેલી પણ નથી. કપડાની થેલી મોઢીયાના ભાગેથી ખુલ્લી સિવેલી તૈયાર હતી. તેમાં અમે જણાવ્યુ તે પ્રમાણે મુદ્દામાલ મુકી સીલની કાર્યવાહી કરેલી. મે મુદ્દામાલ કબજે લીધો અને આ જે કોઇ કાર્યવાહી કરી ત્યારે તે મુદ્દામાલ સુંઘેલ હતો. આજે જે વાસ આવે છે તેવી જ વાસ તે વખતે આવતી હતી.

આ સાહેદની આરોપીઓ તરફે કરવામાં આવેલ પેરા નં.૭૬ ઉપરની ઉલટતપાસ જોવામાં આવે તો તેમણે જણાવેલ છે કે, મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળી જાંબુડીયા કલરની થેલી બતાવવામાં આવે છે તેના બંને ભાગે એટલે કે આગળ પાછળ મોબાઇલ નંબરો પ્રિન્ટ થયેલા છે તે પૈકી એક મોબાઇલ નં.૯૮૨૫૬૦૮૦૬૫ છે અને બીજો મોબાઇલ નં.૮૪૦૧૮૬૦૬૭૪ લખેલ છે અને બીજી બાજુ પણ તેજ નંબર લખેલ છે. નીચે બાદરપુરા રોડ, દીલ્હી ગેટ, પાલનપુરનુ સરનામુ છે અને બીજી બાજુ વનશાર્કેડ બાદરપુરા રોડ, દીલ્હી ગેટ, પાલનપુર તેવુ લખેલ છે. નીચેના ભાગે બ્લ્યુ કલરથી બે લાઇનમાં વિગતો પ્રિન્ટ થયેલ છે પરંતુ તેના ઉપર અફીણનો રસ ચોટી ગયેલ હોય તે વાંચી શકાતી નથી. સદર મુદ્દામાલ છાપાના કાગળમાં ચારેય બાજુ ચોટેલી હાલતમાં છે અને

સદરહુ છાપુ ગુજરાતી ભાષાનુ હોવાનુ જણાય છે. એ વાત ખરી છે કે, હાલ મને બતાવવામાં આવ્યુ છે તે જાંબુડીયા કલરની થેલીની અંદર ગાંઠ મારેલી પ્લાસ્ટીકની મીણીયાની પારદર્શક થેલીમાં મુદ્દામાલ મુકેલ હોય તેવી હાલતમાં નથી. મે અગાઉ જણાવ્યુ છે તે મુજબ મે જે સ્થિતીમાં જે તે પોલીસ સ્ટેશનને સોપેલો તે સ્થિતીમાં નથી. વધુમાં આ સાહેદને ઉલટતપાસમાં પુછવામાં આવેલ છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં.૧ની જાંબુડી કલરની કોથળી તમે જોઈ તે આ મુદ્દામાલમાં પાછળથી મુકવામાં આવેલી છે. જેના જવાબમાં સાહેદે જણાવેલ કે, મે અગાઉ જણાવ્યા પ્રમાણે આ મુદ્દામાલ મે જે સ્થિતીમાં સોપેલો તે સ્થિતીમાં નથી અને તેમાં મારી સહી વાળી કાપલી નથી. ફરીથી તેમને પ્રશ્ન પુછવામાં આવેલ કે, મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળી જાંબુડી કલરની થેલી આ કેસમાં પાછળથી ઉભી કરવામાં આવેલી છે તેવુ તમે આ કેસ વખતથી જ જાણો છો. તેના જવાબમાં પણ સાહેદે ઉપર મુજબનો જ જવાબ આપેલ છે. વધુમાં તેમણે પ્રશ્ન કરવામાં આવેલ કે, જો તમે આજરોજ અદાલતમાં મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળી જાંબુડી કલરની થેલી જોઈ તે તમે મુદ્દામાલ કબજે લીધો તે વખતે ન હતી. જેનો પણ સાહેદે ઉપર મુજબનો જવાબ આપેલ છે. તેમને ફરીથી પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં.૧ તમે જોયો તે અફીણ તા.૩૦/૪/૧૯૯૬ ના રોજ આ પ્રોહીબીશન ગુના રજી. નં.૨૧૬/૧૯૯૬ ના કામે કબજે લીધેલ હોવાનુ કહેવાય છે તે નથી. જેના જવાબમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી નથી અને ખુલાસો કરેલ છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળુ અફીણ તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ પ્રોહીબીશન ગુના રજી. નં.૨૧૬/૧૯૯૬ના કામે કબજે લેવામાં આવેલ તેજ અફીણ છે પરંતુ આ મુદ્દામાલ મે જે સ્થિતીમાં સીલ કરીને સોપેલ તે સ્થિતીમાં નથી અને તેમાં મારી સહી વાળી કાપલી પણ નથી.

**(૪xii)** આ સંબધે સાહેદ નં.૧૪ની આરોપી તરફે કરવામાં આવેલ પાના નં.૨૬૪ ઉપરની ઉલટતપાસ જોવામાં આવે તો તેમણે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મને બતાવવામાં આવેલ સફેદ કલરના પ્લાસ્ટીકના ડબ્બામાં મુકેલ

એક સફેદ કલરની ટ્રાન્સપરન્ટ મીણીયાની કોથળીની અંદર જાંબુડી કલરની એક થેલીમાં પદાર્થ મુકેલો જણાય છે. સાહેદ જણાવે છે કે, તે પદાર્થ મે જોયેલ તે સ્થિતીમાં હાલ હાલ નથી. તેમને પ્રશ્ન પુછવામાં આવેલ કે, તમને મુદ્દામાલની જાંબુડીયા કલરની થેલી ખોલીને અંદર મુદ્દામાલ કઇ સ્થિતીમાં છે તે જોઇને જણાવવાનુ કહેવામાં આવે છે જે જોઇને જણાવો. તેના જવાબમાં સાહેદ જણાવેલ છે કે, મે મુદ્દામાલની જાંબુડીયા કલરની થેલી ખોલતા તેમાં અંદર એક કપડાની સીલબંધ થેલી છે તેમાં મુદ્દામાલ મુકેલ હોવાનુ જણાય છે અને તે કપડાની થેલી એક મીણીયાની થેલીમાં મુકેલ હોવાનુ અને આજુબાજુ છાપાના તુટેલા કાગળ હોવાનુ જણાઈ આવે છે. તેમને પ્રશ્ન પુછેલ છે કે, શેરપુરા ઢાણીમાં મળેલી જાંબુડી કલરની થેલીઓ જેવી આ થેલી છે. જેના જવાબમાં તેમણે જણાવેલ કે, ના શેરપુરા ઢાણીની રેઇડ વખતે પકડાયેલ મુદ્દામાલમાં જે જાંબુડી કલરની થેલી હતી તેવી આ થેલી નથી. તેમને પુછેલ છે કે, માલાભાઇને કબાટમાં જાંબુડી કલરની થેલી મુકતા તમે જોયેલા તે થેલી અત્યારે તમે અદાલતમાં જોઇ તેવી થેલી હતી. જેનો સાહેદે નકારમાં જવાબ આપેલ છે. વધુમાં તેમણે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મને અત્યારે અદાતલમાં બતાવાયેલ મુદ્દામાલ વાળી જાંબુડી કલરની થેલી ઉપર ઝલક ડ્રીમ તેવુ છાપેલ છે તથા મોબાઇલ નં.બર પણ છાપેલ છે અને દુકાનનુ સરનામુ છપાયેલુ છે તે પાલનપુર છે તથા તે સ્પષ્ટ વંચાય છે. ઉલટતપાસમાં નોંધ કરવામાં આવેલ છે કે, બચાવપક્ષ ધ્વારા તેઓના તરફે એક જાંબુડી કલરની થેલી તેઓ પાસેથી રજુ કરી નીચે મુજબ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલ છે.

પ્રશ્ન– જો તમને હું આજે બચાવપક્ષ તરફથી લાવવામાં આવેલ અને હાલમાં તમોને બતાવવામાં આવેલ તેવી જ જાંબુડી કલરની અને તેજ ઝલક ડ્રીમ વિગેરે પ્રિન્ટ કરેલ ખાલી અને નવી થેલી બતાવુ છુ જે જોઇને જણાવો કે તે મુદ્દામાલ આર્ટીકલ નં.૧ મુકવામાં આવેલ તેવા જ વિગત વર્ણન વાળી આ થેલી છે.

જવાબ– હા અદાલતમાં બતાવાયેલ મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળી થેલીમાં મે જે વિગત વર્ણન ઓળખી બતાવ્યા છે તે બંને વિગત વર્ણન તમે હાલ મને બતાવેલ નવી અને ખાલી થેલીમાં જણાઈ આવે છે. સાહેદ જણાવે છે કે, મારા કહેવા પ્રમાણે આ થેલી ૨૦૦૧ પછીની મને જણાય છે અને તેની ઉપર જે મોબાઈલ નં.બર લખાયેલ છે તે ઉપરથી જણાવુ છે કે, પાલનપુરના મોબાઈલ ટાવર સને – ૨૦૦૧ પછી આવેલા છે.

સાહેદ નં.૧૪ને કોર્ટે ઉલટતપાસ પુર્ણ થયા બાદ મુદ્દામાલ સંબધીત પુછેલ સવાલ અંગે કોર્ટે કરેલ નોંધ તથા જવાબથી રેકર્ડ ઉપર આવેલ મુદ્દામાલ અંગેનો પુરાવો જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

અદાલત તરફથી પુરાવા કાયદાની કલમ–૧૬૫ અન્વયે સાહેદે પેજ નં.૨૬૪ ઉપર જે મુદ્દામાલ અંગે જુબાની આપી છે તેમાં મુદ્દામાલ જાંબુડીયા કલરની થેલી ખોલતા અંદર એક કપડાની સીલંબધ થેલી છે અને તેમાં મુદ્દામાલ મુકેલ હોવાનુ જણાય છે અને તે કપડાની થેલી એક મીણીયાની થેલીમાં મુકેલ હોવાનુ અને આજુબાજુ છાપાના તુટેલ કાગળ હોવાનુ જણાઈ આવે છે. તેવો જવાબ આપેલો છે. જે અનુસંધાને મુદ્દામાલની સીલ અંગેની ઓળખ સારૂ સાહેદને જણાવવામાં આવતા સાહેદે નીચે મુજબ જવાબ આપેલ છે.

જવાબ– સદરહુ મુદ્દામાલ વાળી થેલીઓ ખોલી બરોબર ચકાસી જણાવુ છુ કે, ઉપર જે જાંબલી કલરની કોથળી છે તે ખોલવા જતા અંદરના પદાર્થ સાથે ચીપકી ગયેલ છે અને અંદર રહેલ પદાર્થ જે કપડાની થેલીમાં સીલ કરેલ છે તે કપડાની થેલીમાંથી બહાર આવેલો છે અને તેના કારણે પ્લાસ્ટીની થેલી ચીપકાઈ ગયેલ છે અને આ કાપડની થેલીમાંથી અફીણ બહાર નીકળી ગયેલ હોય તેના કારણે પદાર્થ વધારે બહાર નીકળી ન જાય તેથી પ્લાસ્ટીકની કોથળી ઉપર ચઢાવેલ હોવાનુ મારુ જણાવવું છે. તે કપડાની થેલીમાં ચારેય ખુણા ઉપર લાખના સીલ છે પરંતુ તે સીલ હાલ વાંચી શકાય તેમ નથી. સફેદ પાવડર લગાવવાથી વાંચી શકાય.

વધુમાં સાહેદ નં.૧૪ને કોર્ટે ઉલટતપાસ પુર્ણ થયા બાદ મુદ્દામાલ સંબધે પુછેલ સવાલ અને તેના જવાબ બાદ કોર્ટે પક્ષકારોના વકીલશ્રીઓએ સાહેદને પ્રશ્ન પુછવા પરવાનગી આપવાની વિનંતી કરતા પરવાનગી આપેલ. જે મુજબ જે પ્રશ્નો પુછેલ તે સંબધેનો પુરાવો નીચે મુજબ છે.

પ્રશ્ન–ચીપકાઇ ગયેલી જે પ્લાસ્ટીકની થેલી છે તે કયા કલરની છે.

જવાબ–ચીપકી ગયેલી જે પ્લાસ્ટીકની થેલી છે તે ઝલક ડ્રીમ પ્રિન્ટ થયેલી જાંબુડીયા કલરની છે.

પ્રશ્ન–ચીપકી ગયેલ હાલત હોય કોથળીને ખેચીને ખોલતા તે હાલત તમને જણાઇ આવેલ છે.

જવાબ–હા તે વાત સાચી છે.

પ્રશ્ન–અંદર જે કપડાની થેલી છે તે કપડાની થેલીની અંદર પદાર્થ છે અને તે કપડાની થેલીનો કલર પણ પદાર્થ જેવો થઇ ગયેલ છે.

જવાબ–હા તે વાત ખરી છે.

પ્રશ્ન–કપડાની થેલી અને તમે જે જાંબુડીયા થેલીની વાત કરી તેની વચ્ચે ન્યુઝ પેપર લપેટેલ હાલતમાં છે અને અત્યારે તે ચોંટી ગયેલ હાલતનુ છે અને ફાટી ગયેલ હાલતનુ પણ છે.

જવાબ–હા એ વાત ખરી છે.

પ્રશ્ન–સદર પ્લાસ્ટીકની થેલી આખી ખોલીને જોઇ જણાવો કે અંદર કોઇ સ્લીપો જણાઇ આવે છે.

**નોંધ–**સાહેદ ધ્વારા ચીપડી ગયેલ જાંબુડીયા કલરની થેલી ખેચીને ખોલવા જતા વધુ પડતી ચીકેલી હાલતના કારણે ખોલવા જતા અમુક જગ્યાએથી કોથળી તુટી ગયેલ છે.

જવાબ–આપના કહેવા પ્રમાણે ખોલીને જોતા તેમાં કોઇ સ્લીપો જણાઇ આવતી નથી.

પ્રશ્ન–બહાર કાઢયા પછી મુદ્દામાલ જે કાપડની કોથળીમાં સીલ કરેલ છે તે કોથળીના ચારેય ખુણાઓ ઉપર સીલ છે.

જવાબ–હા તે વાત સાચી છે અને ચારેય ખુણા ઉપર લાખના સીલ છે.

પ્રશ્ન–તમે જે કીધુ કે પદાર્થ બહાર ન નીકળે તેના કારણે પ્લાસ્ટીકની કોથળી ચઢાવેલ હોવાનુ તમારુ માનવુ છે તે કોથળી જાંબુડીયા કલરની અને ઝલક ડ્રીમ પ્રિન્ટ કરેલ છે તે છે.

જવાબ–હા વધુમાં જણાવુ છુ કે, આ કપડાની થેલીમાંથી કાળો પદાર્થ બહાર નીકળી મુદ્દામાલ જે જગ્યાએ રાખ્યો હશે તે જગ્યાએ બીજો મુદ્દામાલ બગાડ કરતો હોય તેમજ આ કપડાની થેલીમાંથી કાળો પદાર્થ બહાર નીકળી વધુ બગાડ ન કરે તે હેતુથી કોઈએ આ ઝલક ડ્રીમ વાળી થેલી તેના ઉપર ચઢાવેલ હશે.

પ્રશ્ન–જો પદાર્થ બહાર નીકળી જવાના કારણે કપડાની થેલી આખી કાળા કલર જેવી થઇ ગયેલ છે.

જવાબ–હા તે સાચી વાત છે.

પ્રશ્ન–તમે કપડાની થેલી ઉપરથી જાંબુડીયા કલરની થેલી ખેંચીને ખોલી ત્યારે તે કપડાની થેલી ઉપર અમુક છાપાના ટુકડા ચોંટેલા છે.

જવાબ–હા તે વાત સાચી છે.

પ્રશ્ન–ખેચીને ખોલેલી હોય છાપુ કેટલા ભાગ ઉપર વીંટળાયેલ હતુ અથવા તો આખુ આખુ વીંટળાયેલુ હતુ તે કહી શકાય નહી.

જવાબ–છાપાના ટુકડા સ્વરૂપે હતા, આખુ છાપુ વીંટળાયેલુ ન હતુ.

પ્રશ્ન–જુઓ કપડાની થેલી ઉપર એક સાઈડે કાગળના ટુકડા ચોંટેલા છે.

જવાબ–હા તે વાત સાચી છે.

પ્રશ્ન–લાજવંતી હોટલમાં પંચનામુ વ્યાસ સાહેબે લખાવ્યુ તે વખતે આ મુદ્દામાલ સહીતનુ આર્ટીકલ નં.૧ થી ૪ વાળો મુદ્દામાલ તમે જોયેલો.

જવાબ–મુદ્દામાલના અફીણનુ તથા સેમ્પલના અફીણનુ મે મારી જાતે જ સીલ કરેલ હતુ તેથી અફીણ વાળો મુદ્દામાલ જોયેલો તેમજ બીજા ત્રણ આર્ટીકલ વાળા મુદ્દામાલ પણ જોયેલા.

પ્રશ્ન–તેના પછી તમે તમારી જુબાની થઇ તે પહેલા પછી કયારેય જોયેલા નથી.

જવાબ–તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ જોયેલા અને તા.૦૮/૦૫/૧૯૯૬ ના રોજ મુદ્દામાલનુ રજીસ્ટર્ડ જોયેલુ. તે પછી જુબાની આપી ત્યાં સુધી આ મુદ્દામાલ જોયેલ નથી.

પ્રશ્ન–તમે જાંબલી થેલી વધારાનો પદાર્થ બહાર નીકળી ન જાય તે સારૂ ઉપર ચઢાવેલી હશે તે તમારા અનુમાનથી કહેલ છે અને તમને જાતમાહીતી નથી.

જવાબ–મારી પોલીસ ખાતાની નોકરી અને મારા અનુભવને આધારે મે આ હકીકત જણાવેલ છે.

ઉપરોકત કાર્યવાહી પત્યા બાદ જાબલી કલરની થેલીમાં ફરી પાછી કપડાની થેલી કે જે ચારેય ખુણે સીલંબધ થયેલી છે તે અંદર મુકવામાં આવેલી છે.

આ કામે આરોપીપક્ષ ધ્વારા સાહેદ નં.૧૪ શ્રી પરમારની ઉલટતપાસ દરમ્યાન તા.૧૮/૧૦/૨૦૨૨ના રોજ એક જાંબુડીયા કલરની થેલી રજુ કરીને સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલ જે થેલીને બચાવપક્ષના આર્ટીકલ તરીકે રેકર્ડે લેવાની રજુઆત કરવામાં આવતા તેની નોંધ કોર્ટે કરેલી. ત્યારબાદ તા.૨૬/૦૪/૨૦૨૩ના રોજ આરોપીપક્ષે આંક–૭૧૯ વાળી અરજી આપીને આ ઝલક ડ્રીમના વર્ણનવાળી જાંબલી કલરની થેલીને માર્ક–એ–૧ તરીકે રેકર્ડ ઉપર રાખવા વિનં.તી કરતા તે મંજુર કરવામાં આવેલ અને ઝલક ડ્રીમવાળી થેલીને માર્ક–એ–૧ તરીકે રેકર્ડ ઉપર રાખવામાં આવેલી.

ફરીયાદપક્ષના સાહેદ નં.૧૩ કલાજી સ્વરૂપજી કે જેઓની હાજરીમાં મુદ્દામાલ અફીણનુ ફરીવાર સેમ્પલ ડી.વાય.એસ.પી. પાલનપુર વિભાગ નાઓ ધ્વારા લેવામાં આવેલ તેઓનો પુરાવો જોતા ૧ કીલો જેટલી વજન વાળી થેલી નીકળેલી જે કાળો પદાર્થ હતો. તેમાંથી ૩૦ ગ્રામ જેટલુ વજન બહાર કાઢવામાં આવેલુ તે તોલવામાં આવેલ, તેને સીલ કરવામાં આવેલુ, બાકી હતુ તેને પણ એક બીજી કોથળીમાં પેક કરવામાં આવેલુ પેક કરીને સીલ કરવામાં આવેલુ. આ સાહેદને ઉલટતપાસ દરમ્યાન પેજ નં.૮ ઉપર નીચે મુજબના સવાલ જવાબ પુછવામાં આવેલ.

પ્રશ્ન– જે પદાર્થ બે કવરોમાં મળેલો તે કવરો સાથે પદાર્થ થેલીમાં મુકયો?

જવાબ–વધેલો માલ અને કવર કાપડની થેલીમાં મુકવામાં આવેલો.

પ્રશ્ન–કપડાની થેલી ઉપર કેટલા સીલ કરેલ હતા.

જવાબ–કપડાની થેલી ઉપર ચારેય ખુણાથી સીલ કરેલા હતા.

**(૪xiii)** આ પુરાવા સાથે આ સાહેદની જુબાનીમાં રજુ થયેલ આંક–૪૧૪નુ પંચનામુ જોવામાં આવે તો તેમાં ઉલ્લેખ થયેલ છે કે, "ઉપરોકત સેમ્પલ કબજે લીધા બાદ પાલનપુર સીટી પ્રોહીબીશન મુદ્દામાલ પાવતી નં.૧૮૨/૧૯૯૬ ના પેકેટના મુદ્દામાલનો ઘટ પદાર્થ પ્લાસ્ટીકની થેલીમાં પંચોની સહીવાળી કાપલી સાથે સફેદ કાપડની પી.આઇ. એલ.સી.બી. બી.કે. પાલનપુરના માર્કાની થેલીમાં મુકી જે થેલીનો એકભાગ દોરાથી સીવી લઇ તે થેલી બીજી એક કાપડની થેલીમાં મુકી અમો પંચો તથા આપ સાહેબની સહીવાળી સ્લીપ મુકી લાખથી અંગ્રેજીમાં ડી.વાય.એસ.પી. પાલનપુર ડીવીઝનના માર્કાનુ ચારેય ખુણે સીલ કરવામા આવેલ છે."

ઉપરોકત તમામ પુરાવો વંચાણે લેતા આરોપીપક્ષે ઉલટતપાસ કરી એવુ બતાવવા પ્રયત્ન કરેલ હોવાનુ જણાય છે કે ઝલક ડ્રીમની થેલી જેવી થેલી જે માર્ક – એ–૧ થી રજુ થયેલ છે તે માર્કેટમાં મળે છે અને તેથી તે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ નથી. જે સંબધે સમગ્ર પુરાવાનુ મુલ્યાકંન કરવામાં આવે તો સાહેદ નં.૯ શ્રી વ્યાસનાઓએ મુદ્દામાલની હાલની દેખીતી સ્થિતી તેઓએ કબજે કરેલ સ્થિતી નથી તેવો સ્પષ્ટ પુરાવો આપેલ છે. આ કામે ૧૯૯૬ ના વર્ષમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અફીણ આશરે ૨૬ વર્ષ જેટલા સમય બાદ કોર્ટમાં રજુ થાય છે તે જ મહત્વનુ છે. આ મુદ્દામાલ કોર્ટમાં રજુ થયો તે અગાઉ તેની તા.૧૭/૦૩/૨૦૨૨ની સ્થિતી અંગેનુ પંચનામુ આંક–૫૬૫ પાલનપુર શહેર પુર્વ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ હોવાનુ જણાય છે. સાહેદ નં.૧૪ પ્રવીણચંદ્ર પરમારને કોર્ટે પુછેલ સવાલથી પણ રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા સ્પષ્ટ થાય છે કે જે ઝલક ડ્રીમની થેલી મુદ્દામાલ અફીણ ઉપર ચઢાવવામાં આવેલ છે તે ઝલક ડ્રીમની જાંબલી કલરની થેલી

કાપડની થેલીમાંથી અફીણ બહાર નીકળી ગયેલ હોય તેના કારણે પદાર્થ વધારે બહાર નીકળી ન જાય તેથી ઉપર ચઢાવેલ છે. જે મુદ્દામાલ કાપડની થેલીમાં છે તેના ઉપર ચારેય ખુણા ઉપર લાખના સીલ છે.

સાહેદ નં.૧૩ કલાજી સ્વરૂપજી મકવાણાનો પુરાવો તથા આંક–૪૧૪ વાળુ પંચનામુ જોવામાં આવે તો કોર્ટમાં રજુ થયેલ મુદ્દામાલ અફીણ તેજ મુદ્દામાલ છે કે જે હોટલ લાજવંતીમાંથી કબજે કરવામાં આવેલ. જેનુ પ્રથમ વખત સેમ્પલ તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ લેવામાં આવેલ અને તે લેવામાં આવેલ સેમ્પલના અભિપ્રાય આવેલ અને જે વધેલ મુદ્દામાલ હતો તેમાંથી બીજી વખત આંક–૪૧૪ના પંચનામા દરમ્યાન સેમ્પલ લેવામાં આવેલ અને તે વધેલ મુદ્દામાલને કપડાની થેલીમાં મુકી ચારેય ખુણે સીલ કરવામાં આવેલો અને તેજ મુદ્દામાલ કોર્ટમાં રજુ કરવામાં આવેલો.

વધુમાં જે સેમ્પલ મુદ્દામાલ એટલે કે માર્ક–એ તથા માર્ક–બી વાળો મુદ્દામાલ એફ.એસ.એલ.માંથી પરત આવેલો તે એફ.એસ.એલ.ને મોકલવામાં આવેલ તે ૧૯૯૬ના વર્ષનો હોવાથી તથા સેમ્પલ મુદ્દામાલ મળેલ ન હોવાથી અને કોર્ટ રૂબરૂ રજુ થયેલ ન હોવા માત્રથી ફરીયાદપક્ષનો સમગ્ર કેસ શંકાસ્પદ બની જતો નથી. આમ, ઉપર જણાવ્યા પ્રમાણે સાહેદ નં.૯ શ્રી વ્યાસ, સાહેદ નં.૧૪ શ્રી પ્રવીણચંદ્ર પરમાર તથા સાહેદ નં.૧૩ કલાજી મકવાણાનો પુરાવો તથા આંક–૪૧૪નુ પંચનામુ એક સાથે જોવામાં આવે તો એવુ સ્પષ્ટ જણાઇ આવે છે કે, જે મુદ્દામાલ અફીણમાંથી બીજી વખત સેમ્પલ લેવામાં આવેલ અને બાદ વધેલ મુદ્દામાલ કપડાની થેલીમાં ચારેય બાજુથી સીલ કરવામાં આવેલ હતો અને તે રજુ કરેલ મુદ્દામાલ જે કપડાની થેલીમાં છે તે પણ ચારેય બાજુથી સીલ છે પરંતુ અફીણ બહાર નીકળેલ હોવાથી અને તે કપડાની થેલી ઉપર મુદ્દામાલને પ્રોટેકટ કરવા સારૂ ઝલક ડ્રીમ લખેલ જાબંલી કલરની થેલી ચઢાવવામાં આવેલ છે તે સ્પષ્ટ જણાઈ આવે છે. આમ બીજી વખત સેમ્પલ લેવામાં આવ્યા પછી વધેલ મુદ્દામાલ કે જે કાપડની થેલીમાં ચારેય ખુણા ઉપર સીલ વાળો છે તે જ મુદ્દામાલ કોર્ટ સમક્ષ રજુ થયેલ છે અને તેની ઓળખ

થયેલ છે અને તે જ મુદ્દામાલ ઝલક ડ્રીમની થેલીમાં બગાડ ન થાય તે હેતુથી મૂકી, તેને બીજી ટ્રાન્સપરન્ટ પ્લાસ્ટિકની થેલીમાં મૂકી તથા તેને પ્લાસ્ટિકના બોક્ષમાં મૂકી અદાલતમાં રજુ કરવામાં આવેલ છે. આમ બચાવપક્ષનો કેસ આર્ટીકલ નં.–૧ ખોટી રીતે જાંબલી કલરની થેલી ચઢાવી રજુ કરેલ છે તે માની શકાય તેમ નથી.

**(૪xiv)** હાલના કિસ્સામાં ફરિયાદપક્ષે, હોટલ લાજવંતીમાંથી સીઝ કરવામાં આવેલ મુદ્દામાલ અફીણ સીલબંધ હાલતમાં એફ.એસ.એલમાં પૃથ્થકરણ સારું મળેલ હોવાનું સાબિત કરેલ છે. તેવા સંજોગોમાં સેમ્પલ અદાલતમાં રજુ નહીં થયા અંગે બચાવપક્ષે કરેલ દલીલ માની શકાય તેમ નથી અને આ અંગે બચાવપક્ષે મુદ્દામાલ સેમ્પલ કોર્ટમાં રજુ નહી કરવા બાબતે રજુ કરેલ જજમેન્ટ હાલના કેસની ફેકટસને લાગુ પડે છે તેવું કહી શકાય નહી.

ફરિયાદપક્ષે ૨૦૧૧(૦) AIJEL SC–૪૯૪૬૮ જરનૈલસિંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ઉપર આધાર રાખેલ છે જે વંચાણે લીધેલ છે જે જજમેન્ટમાં ઠરાવ્યા મુજબ જયારે સેમ્પલ કેમિકલ એકઝામીનરનાઓએ સીલબંધ–ઇન્ટેકટ રીસીવ કર્યું હોય ત્યારે કેમિકલ એકઝામીનરનો રીપોર્ટ સ્વીકાર્ય છે.

હાલના કિસ્સામાં ફરિયાદપક્ષે, હોટલ લાજવંતીમાંથી સીઝ કરવામાં આવેલ મુદ્દામાલ અફીણ સીલબંધ હાલતમાં એફ.એસ.એલ.માં પૃથ્થકરણ સારું મળેલ હોવાનું સાબિત કરેલ છે. તેવા સંજોગોમાં સેમ્પલ નામદાર કોર્ટમાં રજુ નહીં થયા અંગે બચાવપક્ષે કરેલ દલીલ માની શકાય તેમ નથી.

અદાલતે ૨૦૨૧(0)–AIJEL–SC–૬૮૨૧૨, કલ્લુખાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાનવાળું જજમેન્ટ વંચાણે લીધેલ છે જે જોતા સર્ચ એન્ડ સીઝર, પકડાયેલ કોન્ટ્રાબેન્ડ, સાબિત થયેલ હોય ત્યારે કોન્ટ્રાબેન્ડ મટીરીયલ રેકર્ડ ઉપર રજુ કરવું જરૂરી નથી તેવું ઠરાવેલ છે. વધુમાં, આ કેસમાં એવું ઠરાવેલ છે કે, ફોરેન્સિક પરીક્ષણો માટે નમૂનાઓ મોકલતી વખતે સીલ અકબંધ હોય અગર જપ્ત કરાયેલ પદાર્થને સુરક્ષિત કરીને પ્રક્રિયાનું પાલન કરવામાં આવેલ હોય

અથવા યોગ્ય રીતે સંગ્રહિત કરવામાં આવેલ હોય ત્યારે કોર્ટમાં કોન્ટ્રાબેન્ડ રજુ ન થવાથી ફરિયાદપક્ષ માટે તે જીવલેણ નથી. આ જજમેન્ટમાં તે અપીલ કર્તાની કોન્ટ્રાબેન્ડ રજુ ન થયેલ હોવાની દલીલ ગ્રાહ્ય રાખવામાં આવેલ નહી. હાલના કેસમાં ફરિયાદપક્ષ સાહેદ નં.-૯નો પુરાવો જોવામાં આવે તો બચાવપક્ષ ધ્વારા ઉલટતપાસથી પણ સેમ્પલ લેવાની હકીકત, સીઝ કરવાની હકીકત અંને સીલીંગ પુરવાર કરેલ છે. હાલના કેસમાં સર્ચ અને સીઝરને કોઈ ચેલેન્જ નથી. કેસનો પુરાવો જોવામાં આવે તો આરોપી નં.-(૨) કે જેઓ ડી.એસ.પી તરીકે ફરજ બજાવતા હતા તેઓની સુચના મુજબ હોટલ લાજવંતીના રૂમ નં.-૩૦૫માં રેઈડ કરવામાં આવેલ અને મુદ્દામાલ કબજે કરવામાં આવેલ. જે રેઈડ અંગેની જાણ પણ આરોપી નં.-(૨)ને કરવામાં આવેલ. જે તે સમયે પણ આ મુદ્દામાલ કબજે કર્યા અંગે તથા સેમ્પલ લેવા અંગે કોઈ ચેલેન્જ ન હતી તથા સેમ્પલ લેવા અંગેની કાર્યવાહી તથા સીલ કર્યા અંગેની કાર્યવાહીનો પુરાવો પણ ઉલટતપાસ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ છે. આમ, આ કેસમાં સર્ચ અને સીઝરને કોઈ ચેલેન્જ નથી. બચાવપક્ષનો કેસ જોવામાં આવે તો આ કેસમાં રજુ થયેલ મુદ્દામાલ અફીણ આર્ટીકલ નં.-૧ અંગે ચેલેન્જ છે જે ચેલેન્જ પણ ફરિયાદપક્ષનો ઉપર ચર્ચા કરેલ પુરાવો જોતા માની શકાય તેવી નથી. આ જજમેન્ટ જોતા બચાવપક્ષે કરેલ દલીલ નહી માનવાનું કારણ બને છે. બચાવપક્ષની આ કેસમાં સાહેદોને ડ્રોપ કરવા અંગે અગર સ્વતંત્ર સાહેદો તપાસવા આવેલ ન હોવા બાબતે દલીલ કરવામાં આવેલ છે. ઉપરોક્ત કેસમાં પણ તેવું ઠરાવવામાં આવેલ છે કે, માત્ર સ્વતંત્ર સાક્ષીઓને તપાસવામાં આવેલ ન હોય તેનાથી એવું કહી શકાય નહી કે આરોપીઓને ખોટી રીતે ફસાવવામાં આવેલ છે.

**(૪xv)** બચાવપક્ષની દલીલ છે કે, આ કેસમાં જોતા મેન્ડેટરી જોગવાઈનું પાલન થયેલ નથી, એનડીપીએસ એક્ટની કલમ-૫૨(એ), ડીસ્પોસલ ઓફ સીઝ્ડ નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપીક સબસ્ટેન્સની જોગવાઈ પરત્વે ધ્યાન દોરવામાં આવેલ અને એવી દલીલ કરવામાં આવેલ કે ૧૯૯૬ થી ૨૦૦૦ ના

વર્ષ સુધી આ મુજબ કોઈ પ્રોસીજર થઈ નથી. આમ, એનડીપીએસ એક્ટ કલમ–૫૨(એ) મુજબ કાઈ કરવામાં આવેલ ન હતું તથા આ તપાસમાં પણ કાઈ કર્યું નથી. ૫૨(એ)ની પ્રક્રિયા કરી નથી અને તે બાબતે પીએસઓનો જવાબ લીધેલ નથી.

બચાવપક્ષે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ જપ્ત કારાયેલ મુદ્દામાલના સેમ્પલીંગ, સીલીંગની આદેશાત્મક જોગવાઈઓના ભંગ બાબતે રજુ કરેલ જજમેન્ટ તથા એનડીપીએસ એક્ટની કલમ–૫૨(એ)ની જોગવાઈઓનો ભંગ બાબતે રજુ કરેલ આર્ટીકલ તથા જજમેન્ટ ધ્યાન ઉપર લેવામાં આવેલ છે. જે પૈકી બચાવપક્ષે રજુ કરેલ આર્ટીકલ દેવાભ્રાતા કલીતા ધ્વારા લખેલ એક આર્ટીકલ જોતા તે આર્ટીકલમાં એનડીપીએસ એક્ટની કલમ–૫૨(એ)ની જોગવાઈનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તથા નાર્કોટિક કંટ્રોલ બ્યુરો ધ્વારા હુકમ નં.–૧/૮૮થી આપવામાં આવેલી સુચનાને રીપ્રોડ્યુસ કરવામાં આવેલ છે તથા નાર્કોટિક બ્યુરોની સુચનાના સ્થાયી હુકમ કે જેમાં સેમ્પલ લેવાની તથા સ્ટોર કરવાની પ્રક્રિયાને દર્શાવવામાં આવેલ છે તેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ બંને સ્થાયી સૂચનાઓમાં જનરલ પ્રોસીઝર દર્શાવવામાં આવેલ છે. વધુમાં બચાવપક્ષ ધ્વારા તેમની લેખિત દલીલમાં પાના નં.–૯૯થી નારકોટીક્સ કંટ્રોલ બ્યુરોએ બહાર પાડેલ સૂચનાઓના કેટલાક પેરેગ્રાફનો જ ઉલ્લેખ કરેલ છે. આવી સ્થાયી સૂચનાઓમાં સેમ્પલ સ્થળ ઉપર પંચની હાજરીમાં લેવાની, સેમ્પલની કોન્ટીટી, પેકિંગ અને સીલીંગ ઓફ સેમ્પલ, મોડ એન્ડ ટાઈમ ફોર ડીસ્પેચ ઓફ સેમ્પલ ટુ લેબોરેટરી અંગેની સૂચનાઓનો પણ ઉલ્લેખ છે. સેમ્પલીંગ અગે નાર્કોટિક બ્યુરોની સૂચનાઓ છે. તે ગાઈડલાઈન સ્વરૂપની જણાય છે. વધુમાં બચાવપક્ષે રજુ કરેલ યુનિયન ઓફ ઈન્ડિયા વિરુધ્ધ મોહનલાલનું જજમેન્ટ કે જે ૨૦૧૬(૦)AIJEL–૫૭૭૭૬માં કલમ–૫૨(એ), ૫૩ અને ૫૫ની જોગવાઈ તેમજ સ્ટેન્ડિંગ ઓર્ડર ૧/૮૯ ધ્યાન ઉપર લેવામાં આવેલ છે. આ અંગે ફરિયાદપક્ષે જવાબ આપી જણાવેલ કે, આ જોગવાઈઓ તથા સુચનાઓને–ઓર્ડરને ધ્યાને રાખી પેરા–૧૯ અને ૨૦માં નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા કેટલીક

ડાયરેકશન આપવામાં આવેલ છે. જેમાં નારકોટીક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક અને નિયંત્રિત પદાર્થોનું સીઝર થાય અને તેને નજીકના પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીને અથવા કાયદાની કલમ–૫૩ હેઠળ અધિકાર પ્રાપ્ત અધિકારને મોકલવા અંગે તથા તેના સ્ટોરેજ માટે પગલા લેવા નિર્દેશ (ડાયરેકશન) કરવામાં આવેલ છે. વધુમાં બચાવપક્ષે રજુ કરેલ યુસફ ઉર્ફે આસિફ વિરુધ્ધ સ્ટેટના નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના અન્ય ચુકાદા વંચાણે લીધેલ છે.

હાલના કિસ્સામાં જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે જોવામાં આવે તો અગાઉ ચર્ચા કરી તે મુજબ મળેલ નાર્કોટિક પદાર્થને કબજે કરી, સીઝ કરી, યોગ્ય અને કાયદેસર રીતે તેના પરીક્ષણ માટે મોકલી આપી અને તે અંગેનો અભિપ્રાય મળતા વધેલ તેવા પદાર્થની સાચવણી કર્યાનો લિંક પુરાવો સાબિત થયેલ છે.

બચાવપક્ષે એનડીપીએસ એક્ટ કલમ–૫૨(એ)નો ભંગ થયો હોવા અંગે જુદા જુદા ચુકાદાઓ રજુ કરેલ છે. આ ચુકાદા રજુ કરી બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, હાલના કિસ્સામાં આદેશાત્મક જોગવાઈઓનો ભંગ છે અને આવા આદેશાત્મક જોગવાઈના ભંગના કારણસર આરોપીઓને તહોમત મુક્ત કરવા પાત્ર કેસ છે.

આ કેસના સંજોગો અને હકીકતો મુજબ આરોપીઓને મળેલ સત્તાનો આરોપીઓએ દુરૂપયોગ કરી, ખોટી માહિતી આપી/અપાવી, હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫માં આરોપી નં.–(૨) નાએ ખરીદ કરેલ અફીણ રૂમ નં.–૩૦૫માં પ્લાન્ટ કરી/કરાવી, શંકાના વ્યાજબી કારણ વગર આરોપી નં.–૧– એપ્રુવરને સુચના આપેલ જેથી આરોપી નં.૧–એપ્રુવરનાઓએ, અન્ય પોલીસ કર્મચારી સાથે હોટલ લાજવંતીના રૂમ નં.૩૦૫ માં પ્રવેશ કરી/કરાવી તે રૂમની ઝડતી લઇ તેમજ ખોટા અને બનાવટી લખાણવાળા આ હોટલના રજીસ ટર કબજે લઇ, તે રૂમમાંથી ૧ કિલો ૧૫ ગ્રામ જેટલો અફીણનો જથ્થો મળેલ છે તેવુ દર્શાવી કબજે લીધેલ અને તે અફીણ સીલ કરેલ અને તે અંગેની ખોટી

ફરિયાદ સુમેરસિંહ રાજપુરોહિત વિરુધ્ધ આપેલ અને સુમેરસિંહની અટક કરવામાં આવેલ અને તે અન્વયે આગળની કાર્યવાહી કરેલ. જેથી આ કેસના સંજોગો અને હકીકતો ખાસ રીતે જુદા પડે છે અને એનડીપીએસ એક્ટ કલમ–પર(એ) ની જોગવાઈઓ હાલના કેસમાં લાગુ પાડી શકાય નહી તેવું અદાલતનું નમ્રપણે માનવું છે અને તે સાથે ઉપર ટાંકેલ ૨૦૨૧(0)–AIJEL–SC–૬૮૨૧૨, કલ્લુખાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાનવાળાનો ચુકાદો પણ ધ્યાને લેવા યોગ્ય છે. તેમજ આ ચુકાદામાં ધ્યાને લેવાયેલા સ્ટેટ ઓફ રાજસ્થાન વિરૂધ્ધ સાહીરામ અને થાનકુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણાવાળા નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાઓ પણ સાથે લેવાયેલા છે. કલમ–પર(એ)ની જોગવાઈઓના પાલન સબંધે આરોપીપક્ષે દલીલો વખતે ટાંકેલા ચુકાદા ઉપરથી રજૂઆત કર્યા સિવાય ફરિયાદપક્ષે તપાસેલા કોઈ પણ સાક્ષીની ઉલટતપાસ વખતે આવા નહિ થયેલ પાલનથી તેમના બચાવને કોઈ પ્રીજ્યુડીસ થયો હોવાની કોઈ રજૂઆત કે આશંકા કરી નથી તેમજ કોઈ અરજી પણ આપી નથી.

– બચાવપક્ષે એન.ડી.પી.એસ. એક્ટની કલમ–પર(એ)ના ભંગ થયા સબંધે જે તકરાર લીધી છે તે તકરાર અગાઉ જણાવ્યું છે તેમ આ કેસની આખરી દલીલો કરતી વેરાએ લીધી છે. આ કલમની જોગવાઈઓને એન.ડી.પી.એસ. એક્ટની કલમ–પ૧ની સાથે જોવામાં આવે તો, જયારે કોઈપણ સ્થળે સર્ચ કરવામાં આવે ત્યારે યોગ્ય રીતે તો જે તે સ્થળ ઉપરથી જ સર્ચ કરતી વેરાએ નાર્કોટિક ડ્રગ કે નાર્કોટિક સબસ્ટેન્સ જે મળી આવ્યો હોય તેમાંથી સેમ્પલ યોગ્ય રીતે લઈ અને તે સેમ્પલ ત્વરિતપણે એફ.એસ.એલ.માં પરીક્ષણ માટે મોકલી તેનું પરીક્ષણ કરાવી લેવું જરૂરી હોય છે. હાલના કેસમાં તા.૩૦/૦૪/૧૯૯૬ના રોજ લાજવંતી હોટલના રૂમ નં.–૩૦પમાં સર્ચ કરવામાં આવેલ ત્યારે ત્યાંથી કબજે કરેલ અફીણના કુલ જથ્થામાંથી ૨૦ ગ્રામ જથ્થાનું અફીણનું સેમ્પલ યોગ્ય અને કાયદેસર રીતે લેવામાં આવેલ અને બીજા જ દિવસે તે સેમ્પલ તેના પરીક્ષણ માટે એફ.એસ.એલમાં મોકલવમાં આવેલ જેની વિસ્તૃત ચર્ચા ઉપર કરેલ છે. ઉપર ચર્ચા કરી છે તે મુજબ આ પ્રક્રિયાના સમર્થનમાં ફરિયાદપક્ષ

સાહેદ નં.–૯ અને ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૪ નાઓએ સબળ પુરાવો આપેલ છે તેમજ આ સેમ્પલ તથા બચત વાળો અફીણનો જથ્થો તથા અન્ય ચીજવસ્તુઓ(મુદ્દામાલ) ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ દ્વારા પોલીસ સ્ટેશન ઓફિસર, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૮ને જમા કરાવેલ તે અંગે તથા તે મુદ્દામાલ સ્વીકાર્યા બાબતે તથા આ કબજે કરાયેલ તમામ મુદ્દામાલની પાવતી આંક–૨૮૯ વાળી બનાવી મેજીસ્ટ્રેટ કોર્ટ તરફ મોકલી આપવા સબંધે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૮ નાઓએ સબળ પુરાવો આપેલ છે. બાદ નમૂનાનો મુદ્દામાલ એટલે કે અફીણ યોગ્ય અને કાયદેસર રીતે તેના પરીક્ષણ માટે પોલીસ સ્ટેશનેથી એફ.એસ.એલ. તરફ મોકલવામાં આવેલ અને એફ.એસ.એલ. કચેરીએ તેનો સ્વીકાર પણ કરેલો તેનો પણ સબળ પુરાવો ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૭નાઓએ આપેલ છે. આમ, મહત્વના તબક્કાની બાબતે ફરિયાદપક્ષે ગુણવતા સભર પુરાવો રજુ કરેલ છે. જયારે કલમ–૫૨(એ) બાબતની જોગવાઈ જોવામાં આવે તો મુદ્દામાલ એટલે કે નાર્કોટિક પદાર્થ મોટા જથ્થામાં હોય હાનીકારક હોય તેની ચોરી, ફેરબદલી થતા અટકાવવા વિગેરે માટે અને તેનો યોગ્ય રીતે નિકાલ/નાશ થાય તે માટે આ જોગવાઈ ઘડાયેલી છે. આમ સમગ્ર પ્રક્રિયા બે તબક્કામાં વહેચી શકાય તેવી જણાય છે. વધુમાં, એફ.એસ.એલ.ના આવેલા પરીક્ષણના અહેવાલની વિગતો કાયદેસર રીતે જેની ચર્ચા વિસ્તૃત પણે ઉપર કરેલ છે તેમ ફરિયાદપક્ષે સાબિત પણ કરેલ છે. આ કેસના આવા ખાસ સંજોગો અને હકીકતો ધ્યાનમાં લઈ તે સાથે આરોપીપક્ષે રજુ કરેલા ચુકાદાઓ જેવા કે યુસુફ ઉર્ફે આસિફ તેમજ તે લગતના અન્ય જજમેન્ટ જેમાં પક્ષકારના નામો માંગીલાલ વિરુધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ, સીમરનજીતસિંહ વિરુધ સ્ટેટ ઓફ પંજાબ, નુર આગા વિરુધ સ્ટેટ ઓફ પંજાબ, યુનીય ન ઓફ ઇન્ડિયા મોહનલાલ વિગેરેની હકીકતો તદ્દન ભિન્ન હોય આ ચુકાદાઓ હાલના કેસમાં લાગુ ના પાડી શકાય તેવું નમ્રપણે જણાય છે.

## (૫) તપાસ

**(૫.i)** બચાવપક્ષે આ કેસની તપાસ, યોગ્ય તપાસ નથી તેમ જણાવી એવી દલીલ કરેલ છે કે આ કેસમાં અગાઉ તપાસ ચાલુ રાખી 'અ' પડત સમરી રીપોર્ટ રજુ કરેલ હોવા છતાં તે સમરીની તપાસ મુજબ આ કેસની તપાસ કરાયેલ નથી. આ અંગે ફરિયાદપક્ષે એવો જવાબ આપેલ છે કે, પાલનપુર શહેર પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૧૯૯૬ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તપાસનો હુકમ થયો તે અગાઉ તારીખ.૨૮/૦૨/૨૦૦૦ના રોજ આંક–૪૩૭ વાળી 'અ' પડત સમરી ભરવામાં આવેલી. ફરીયાદપક્ષ સાહેદ નં.–૯,૧૪,૧૫ તથા ૧૬ નાઓનો પુરાવો જોતા બચાવપક્ષે ૧૯૯૬ના વર્ષની જે તપાસના કાગળો ઉપર આધાર રાખી ઉલટતપાસ કરેલ છે તે તપાસ ઉભા કરેલ દસ્તાવેજો આધારિત પ્લાન્ટ કરેલ અફીણનો કેસ સાચો હોવાનો જણાઈ આવે તેવા હેતુથી થયેલી હતી. જેથી જે દસ્તાવેજો આધારે 'અ' પડત સમરી રજુ થઇ તે 'અ' પડત સમરી મુજબ હાલના તપાસ કરનાર અમલદાર ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯ નાઓએ તપાસ કરેલ નથી તેવી દર્શાવતી ઉલટતપાસ કે બચાવપક્ષની દલીલો માનવી જોઈએ નહી. આ કેસના રેકર્ડ ઉપર આવેલ પુરાવા જોતા એવું પુરવાર થાય છે કે, એપ્રુવર– ફરિયાદપક્ષ સાહેદ નં.–૯ નાઓએ જે તપાસ કરેલ હતી તે આરોપી નં.–(૨) ની સુચના મુજબ પ્લાન્ટ કરેલ અફીણના ઉભા કરેલ કેસ અનુરૂપ હતી. જેથી આગળની તપાસના નિવેદનો કે દસ્તાવેજનું મુલ્ય રહેતું નથી. આમ જે તપાસનું મૂળ ખોટું હતું તેના આધારે રજુ થયેલ સમરીનો આધાર લઈ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯ નાઓએ તપાસ કરેલ નથી તેવું કહી શકાય નહી. વધુમાં બચાવપક્ષ સાહેદ નં.–૧ શંભુભાઈ બેચરભાઈ પટેલનો પુરાવો જોવામાં આવે તો તેઓએ તેમને મળેલા અગાઉની તપાસના કાગળોની ખરાઈ કરેલ ન હતી. વધુમાં તેઓએ તેઓની અગાઉના તપાસ કરનાર અધિકારીઓએ કરેલ કોઈ પણ કામગીરીની પણ ખરાઈ કરેલ ન હતી. વધુમાં તેઓએ અફીણ કયા સ્થળેથી મેળવવામાં આવેલું, અફીણ કોણે ખરીદયું અને અફીણ કોણે પોતાની પાસે રાખ્યું તે બાબતે પણ કોઈ તપાસ કરેલ ન હતી. વધુમાં, તેઓએ

હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫ માં અફીણ કોણે મુક્યું તે અંગેની પણ કોઈ સ્વતંત્ર તપાસ કરેલ ન હતી. વધુમાં તેઓએ ફક્ત અગાઉના તૈયાર થયેલ સ્કેચ સાચા માનીને બતાવવા સિવાય કે પાલી કેસના કાગળો મંગાવવા સિવાયની કોઈ કામગીરી કરેલ ન હતી અને જે કાગળો મળેલ ન હોવાથી સાહેદની ઉલટતપાસ જોતા તેઓએ કઈ કામગીરી કરેલ ન હતી અને કલાકોમા ગણતરી થઈ શકે તેવી કામગીરી કરેલ હતી. આમ સુમેરસિંહ રાજપુરોહિતને છોડી મુકવા માટે ક્રી.પ્રો.કોડ કલમ–૧૬૯નો રીપોર્ટ તથા એન.ડી.પી.એસ. એક્ટ કલમ–૫૮(૨)નો ઉમેરો કરવા માટે રીપોર્ટ કરવામાં આવ્યો ત્યારબાદ શ્રી જે. આર.મોથલીયા ધ્વારા વર્ગ ‘અ’ પડત સમરી ભરવામાં આવી ત્યાં સુધી જયારે જુદા જુદા પોલીસ અધિકારીઓએ તેમના ચાર્જમાં તપાસ આવેલ તે દરમ્યાન કોઈ નવી કે વધારાની તપાસ કરેલી ન હતી ત્યારે તેવી તપાસનો આધાર લઈ ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯ નાઓએ તપાસ કરવી જોઈએ તેમ હું માનતો નથી. ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯ નાઓએ કરેલ તપાસ જોતા તેઓએ આ કેસમાં મહત્વની એવી તપાસ અફીણ કોણે ખરીદ કરાવેલ, કેવી રીતે ખરીદ કરાવેલ, ક્યાંથી ખરીદ કરાવેલ અને કોણે પ્લાન્ટ કરાવેલ તેના તપાસમાં મળેલ પુરાવા આધારે તપાસ કરેલ છે. જે નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમને ધ્યાને રાખીને કરવામાં આવેલ હોવાનું જણાય છે.

**(૫.ii)** બચાવપક્ષની એવી દલીલ છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ બાદ ગુજરાત સરકારના તારીખ ૧૩/૦૭/૨૦૧૮ના આંક–૫૪૨ના સંદર્ભ પત્ર નં.–૩ વાળા હુકમથી ગુજરાત રાજ્યના સી.આઈ.ડી ક્રાઈમે ખાસ તપાસ દળ બનાવી. આંક–૫૪૨ માં જણાવ્યા મુજબ તપાસ હાથ ધરી વિગતવારનો અહેવાલ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સત્વરે રજુ કરવાનો હતો. જે અંગે ફરિયાદપક્ષે જવાબ આપેલ છે કે, બચાવપક્ષની આ દલીલ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમથી વિપરીત છે અને ખોટી રજૂઆત છે આંક–૫૪૨ માં એવું પણ જણાવવામાં આવેલ છે કે આ તપાસનો સમય મર્યાદામાં નિકાલ કરશો. ક્રી.પ્રો.કોડની જોગવાઈ જોતા તપાસના યોગ્ય નિકાલમાં ચાર્જશીટનો પણ

સમાવેશ થાય છે. આ દલીલો બાબતે પુરાવાનું મૂલ્યાંકન કરતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ જોતા સી.આઈ.ડી ક્રાઈમેં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અહેવાલ રજુ કરવાનો હતો તેવું નથી. આંક–૫૪૨ માં સમય મર્યાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં તપાસનો વિગતવાર અહેવાલ રજુ કરવાનું લખેલુ છે પરંતુ બચાવપક્ષની આ દલીલો બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટનો હુકમ ધ્યાને લેવામાં આવે તો બચાવપક્ષની આ દલીલ માની શકાય તેમ નથી.

વધુમાં બચાવપક્ષે એવી દલીલ કરેલ છે કે, આંક–૫૪૨માં જણાવ્યા મુજબ ડી.જી.પી. ગુજરાત સરકાર તથા પબ્લિક પ્રોસિક્યુટર શ્રી મારફત સમગ્ર તપાસનો અહેવાલ ગુજરાત હાઈકોર્ટમાં મોકલવાનો હતો અને સુમેરસિંહના તા–૦૪/૦૯/૨૦૧૮ના એકમાત્ર જવાબ બાદ કોઈ સ્વતંત્ર પુરતા પુરાવા સિવાય આરોપી નંબર–૨ ને કોઈ સમન્સ પાઠવ્યા સીવાય તેમજ જાણ કર્યા સીવાય તા. ૦૫/૦૯/૨૦૧૮ ના રોજ સવારે પોલીસ અધિકારી શ્રી દીપાંકર ત્રિવેદી તથા ડી.વાય.એસ.પી. શ્રી વાઘેલા તથા શ્રી પુરોહીત વિગેરે પોલીસ કાફલા સાથે આરોપીના ઘરમાં પ્રવેશી ભયનું વાતાવરણ ઉભું કરી અચાનક આરોપીની ધરપકડ કરી ગેરકાયદેસર રીતે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે ઉપાડી જઈ ગોંધી રાખેલ અને તપાસ ટીમે ખોટી રીતે અટક કરી એક તરફી તપાસ કરેલી છે તથા અટક કરતા પહેલાં સમન્સથી કે અન્ય રીતે જાણ કરાયેલ નથી તેમજ અટક બાદ શરીર સ્થીતીનું પંચનામું કે દાકતરી તપાસ વિગેરે ક્રિમીનલ પ્રોસીજર કોડ તથા પોલીસ મેન્યુઅલમાં દર્શાવેલ રૂલ હેઠળ કરવી પડતી ફરજીયાત કાર્યવાહી પણ કરેલ ન હતી અને એ રીતે બંધારણીય હક્કોનો ભંગ કરેલ હતો. જે અંગે ફરિયાદપક્ષે જવાબ આપેલ છે કે, બચાવપક્ષે આંક–૫૪૨ માં નામદાર ગુજરાત હાઈકોર્ટને રીપોર્ટ કરવાનું લખેલ હોવા માત્રથી નામદાર ગુજરાત હાઈકોર્ટને રીપોર્ટ કરવાનો હતો અને પુરાવા વગર આરોપીની અટક કરેલ તેવું માની શકાય નહી અને આરોપીની અટક કરી ત્યારે પૂરતા પુરાવા હતા તે તપાસ કરનાર અમલદારના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ છે. બંને પક્ષકારોની દલીલ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવા ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે આરોપી નં.–(૨)ની અટક

પૂરતા પુરાવા હોવાથી થયેલ હતી. આ કામમાં આરોપી નં.–(૨) એ ડીસ્ચાર્જ અરજી રજુ કરેલ હતી જે નામંજૂર થયેલી હતી જે હુકમ પણ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવેલો અને કાયમ રહેલો. વધુમાં આરોપી નં.–(૨) નાએ તહોમતનામાં અંગે તેઓને સંભાળવા બાબતે અરજી આપેલ. આ કામે પુરતા પુરાવા હોવાથી આરોપી નં.–(૨) વિરુધ્ધ ચાર્જ થયેલ હતો. આવા હુકમો રેકર્ડ ઉપર છે. વધુમાં આરોપી નં.–(૨) ને જયારે કોર્ટ કસ્ટડીમાં સંભાળવા માટેનો આંક–૫૫૧ વાળો રીપોર્ટ કરવામાં આવેલો ત્યારે અદાલત ધ્વારા ફરિયાદ અંગે પૂછવામાં આવતા પણ આરોપીની પોલીસ વિરુધ્ધની ફરિયાદ ન હતી. વધુમાં આંક–૫૫૨ જોવામાં આવે તો તેમાં આરોપીએ અટકાયતી તરીકે સહી કરી, તારીખ, સમય લખી પોતાનું નામ લખેલ છે તેમાં પણ કોઈ ફરિયાદ બાબતેની તેઓએ નોધ કરેલ નથી. જે આંક–૫૫૨ જોવામાં આવે તો તેમાં આરોપીની અટકાયતનું સ્થળ તથા તારીખ અને સમયના કોલમમાં સ્થળમાં પાંચમો માળ, પોલીસ ભવન, સેક્ટર–૧૮ લખેલ અને અટકાયતીના સગા સબંધીનું નામ તથા અટકાયતીના સબંધીની પણ સહી લેવામાં આવેલ છે. આ જ દર્શાવે છે કે, આરોપી નં.–(૨) ની કોઈ ફરિયાદ ન હતી અને તેઓની દલીલ સાચી નથી. આ કેસનું રેકર્ડ જોતા અસંખ્ય અરજીઓ આરોપી નં.–(૨) એ જાતે આપેલ છે કેટલીક અરજીઓની દલીલ તેઓએ જાતે પણ કરેલ છે. આરોપી નં.–(૨) બનાવ સમયે પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા હતા તેઓ કાયદાના પણ જાણકાર નથી તેવું માની શકાય તેવું નથી જો તેમની અટક સમયે દલીલ મુજબનું કઈ પણ કૃત્ય થયેલ હોત તો તેઓએ ફરિયાદ કરેલ હોત પરંતુ તેઓએ કોઈ ફરિયાદ કરેલ નથી જેથી જણાઈ આવે છે કે તેમનો આવો બચાવ સાચો નથી.

**(૫.iii)** બચાવપક્ષે એવી દલીલ કરેલ કે, પાલી–જયપુરના પોલીસ અધિકારીઓનો સંપર્ક કરી સુમેરસિંહએ તા–૦૬/૦૫/૧૯૯૬ ના રોજ દર્શાવેલ શંકા મુજબના શકમંદ ભવરસિંહ તથા ઉજવલસિંહ માદક પદાર્થના ધંધામાં સંકળાયેલ ગેંગના કોઈ માણસોની સંડોવણી હોવા કે ન હોવા બાબતે,

સુમેરસિંહની પુછપરછ કરેલ નથી તેમજ તે અંગે કોઈપણ જાતની સ્વતંત્ર તપાસ કરેલ નથી આ બાબતે વિસ્તૃત ચર્ચા ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતના પુરાવાના મૂલ્યાંકનમાં કરેલ છે અને અદાલતે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯ નાઓએ કરેલ તપાસ યોગ્ય હોવાનું માનેલ છે.

**(૫.iv)** બચાવપક્ષે એવી પણ દલીલ કરેલ કે, તેઓએ અદાલતમાં આંક–૬૪૮ની સાક્ષી તપાસવાની અગર દસ્તાવેજો રજુ કરવાની અરજી આપ્યા છતાં, પૂરતી તપાસ કર્યા વગર દસ્તાવેજો મળી આવતા નથી તેવા કારણ દર્શાવી તેમજ કેસ ચલાવવામાં આરોપી નંબર–(૨)એ વિલંબ કરે/કરાવે છે. તેવા આક્ષેપોસર રેકોર્ડ રજૂ કરવાનું ટાળેલ છે એટલું જ નહીં ન્યાયની અદાલતને ફેર ટ્રાયલમાં બાધા ઊભી કરેલ છે અને એ રીતે આરોપી નંબર–(૨)ના બચાવને નુકસાન પહોંચાડેલ છે. જે અંગે ફરિયાદપક્ષે જવાબ આપેલ છે કે, આંક–૬૪૮ની સાક્ષી તપાસવાની અરજી ઉપર નામદાર કોર્ટે કરેલ હુકમનું કોમ્પ્લાયન્સ થઈ ગયેલ છે અને પુરતી તપાસ કર્યા વગર દસ્તાવેજો મળી આવતા નથી તેવા કારણ દર્શાવેલ છે તેવી જે બચાવપક્ષે દલીલ કરેલ છે તે સાચી નથી. વધુમાં રેકર્ડ જોતા આરોપી નં.–(૨) એ ડીલે કર્યાનું સ્પષ્ટ થાય છે. આરોપી નં.–(૨)ના બચાવ માટે અદાલતને આપવામાં આવેલ જુદી જુદી અરજીઓ આ અદાલતે ધ્યાન ઉપર લીધેલ છે. જે કેટલીક અરજીઓ ઉપર થયેલ હુકમ વિરુધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટમાં જુદી જુદી અરજીઓ આરોપી નં.–(૨) ધ્વારા દાખલ કરવામાં આવેલ હતી. જે અરજીઓ ઉપર થયેલ હુકમ અદાલતના રેકર્ડ ઉપર છે જેની વિસ્તૃત ચર્ચા અહી કરવાનું ટાળેલ છે પરંતુ આરોપીને ફેર ટ્રાયલ મળેલ નથી તે બચાવ માની શકાય તેમ નથી. બચાવપક્ષની કોઈ અરજીઓનો કોપ્લાયંસ બાકી રહેલ હોવાનું જણાતું નથી.

**(૫.v)** બચાવપક્ષે એવી પણ દલીલ કરેલ કે, શરૂથી પીક એન ચૂઝની નીતિ અપનાવી આરોપી નંબર–(૨) વિરુધ્ધ પૂર્વગ્રહ પૂર્વકનું ચાર્જશીટ રજૂ કરી દીધેલ છે અને ખોટા ગુનામાં સંડોવી દીધેલ છે અને રાજસ્થાનનો કેસ અને આ એક કેસ છે અને તેના દસ્તાવેજો આ કેસમાં રજુ કરવામાં આવેલ નથી. જે અંગે

ફરિયાદપક્ષે જવાબ આપેલ છે કે, બચાવપક્ષે રજુ કરેલ પીક એન્ડ ચૂઝનો કેસ માનવો જોઈએ નહી. આ કેસનું રેકર્ડ જોવામાં આવે તો ચાર્જશીટ રજુ થયું ત્યારબાદ બચાવપક્ષનો બચાવ રાજસ્થાન તથા પાલનપુર કેસ એક જ હોવાનો રહ્યો છે. આવા બચાવ આધારે મુકવામાં આવેલ ડીસ્ચાર્જ અરજી નામંજૂર થયેલ છે. વધુમાં, દસ્તાવેજો રજુ કરાવવા બાબતેની અરજીઓ ઉપર અદાલતે તથા નામદાર ઉચ્ચ અદાલત અને સર્વોચ્ચ અદાલતના હુકમ થયેલ હતા. વધુમાં આ કેસ તથા રાજસ્થાનનો કેસ અલગ હોવા બાબતે પણ નામદાર રાજસ્થાન હાઈકોર્ટ તથા નામદાર સુપ્રીમ કોર્ટનો હુકમ થયેલ છે. આમ રાજસ્થાન કેસના કાગળો આ કેસમાં રજુ થયેલ ન હોવાથી તપાસ કરનાર અમલદાર અગર ફરિયાદપક્ષે પીક એન્ડ ચૂઝની નીતિ અપનાવેલ છે તેવી બચાવપક્ષની દલીલ ટકી શકે તેમ નથી અને માની શકાય નહી.

**(૫.vi)** બચાવપક્ષે દલીલો દરમ્યાન આરોપી નં.-(૨)ના ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૩૧૩ના ખુલાસા ધ્યાને રાખવા તેમજ આરોપી નંબર-૨ એ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૩૧૩ના નિવેદન સાથે વિગતે કરેલ જવાબ ધ્યાને લેવા જણાવેલ છે. આ અંગે ફરિયાદપક્ષે જવાબ આપેલ કે, આરોપી નં.-(૨) નાએ વધારાના જવાબમાં તથા વધારાના લેખિત જવાબમાં જે જણાવેલ છે તે માની શકાય તેમ નથી. વધુમાં એવું પણ જણાવેલ કે, લેખિત જવાબમાં આરોપી નં.-(૨)નાને ખોટા સંડોવવાનું જે કારણ રજુ કરેલ છે તે આંક-૭૩૦/૧થી રજુ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટે, ઝકીયા અહેસાન જાફરી વિરુધ્ધ ગુજરાત સરકારના કામે કરેલ હુકમ જોતા ખોટું હોવાનું જણાઈ આવશે. ફરિયાદપક્ષે એવું પણ જણાવેલ કે, આ હુકમ આધારે આરોપી નં.-(૨) વિરુધ્ધ ડી.સી.બી. પોલીસ સ્ટેશન, અમદાવાદમાં ગુનો નોધાયેલ અને જે કેસમા આ કામેથી કબજો મેળવવામાં આવેલ. અદાલતે આરોપી નં.-(૨)નાને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૩૧૩નો ખુલાસો તથા ઉપરોક્ત ચુકાદો ધ્યાને લીધેલ છે જેનો પૅરેગ્રાફ નં.-૮૮ જોવામાં આવે તો તે કેસમાં કાવતરાના ભાગ રૂપે ખોટા પુરાવા ઉભા કરવામાં આવેલ હોવાની તથા અન્ય હકીકતો નામદાર

સુપ્રીમ કોર્ટે માનેલ અને કસુરવારો વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અંગે જે હુકમ કરેલ તેને આધારે આરોપી નં.–(૨) તથા અન્ય વિરુધ્ધ ગુનો નોધાયેલ છે. જે કેસમાં આરોપી નં.–(૨)નાઓને અટક કરવા ટ્રાન્સફર વોરંટ આધારે આરોપી નં.–(૨)નો કબજો મેળવવા આંક–૩૮૧ વાળો રીપોર્ટ આ અદાલતમાં રજુ થયેલો હતો અને અદાલતે જરૂરી હુકમ કરેલ જે બાબતેના દસ્તાવેજો આંક–૩૮૩, આંક–૩૮૪ રેકર્ડ ઉપર છે. આમ આરોપી નં.–(૨)ના વધારાના લેખિત જવાબના પેરા–૮ માં તેઓને ખોટા સંડોવ્યાનું જે કારણ રજુ કરેલ છે તે માની શકાય તેવું નથી. વધુમાં આરોપીને તેમના વધારાના જવાબમાં પુછવામાં આવેલ પ્રશ્ન નં.–૯૩, ૯૮, ૧૦૦, ૧૦૩, ૧૧૫ના આરોપીએ આપેલ જવાબો જોવામાં આવે તો, એવુ જણાઈ આવે છે કે, આઈ.બી. વ્યાસને તથા અન્યને રાજસ્થાન જવા મૌખિક પરવાનગી આરોપી નં.–(૨)નાએ આપેલ તેમજ રાજસ્થાન પાલી કોતવાલી પોલીસ સ્ટેશનથી ફોન આવ્યો ત્યારે સુમેરસિંહને મોકલી આપવા અંગેની વાત આરોપી નં.–(૨)નાએ કરેલી.

વધુમાં બચાવપક્ષે આરોપી નં.–(૨)ના પરિવારને નતમસ્તક કરી અપમાનજનક સ્થિતિમાં મુકવામાં આવેલ હોવાનું તથા આર્થીક નુકશાન પહોચાડેલ છે અને બંધારણીય હકને નુકસાન પહોચાડેલ છે તથા ૨૨ વર્ષનો વિલંબ આરોપી નં.–(૨) ના કારણે થયેલ હોવાની અવાર નવાર ખોટી રજુઆતો થયેલ છે અને કોર્ટને પૂર્વગ્રહિત કરવાના પ્રયત્નો કરાયેલ છે. આ દલીલ રેકર્ડથી વિપરીત હોવાનું ફરિયાદપક્ષે જણાવેલ છે. આ કેસનું રેકર્ડ જોવામાં આવે તો તેનાથી વિપરીત સ્થિતિ દલીલમાં રજુ કરીને તેમના બંધારણીય હક્કને નુકશાન પહોચાડવામાં આવેલ છે તેવી દલીલ રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ છે પરંતુ આરોપી નં.–(૨) વિરુધ્ધનું તહોમત તથા પુરાવા જોતા, તેઓની ગુનામાં સંડોવણી આધારે તેમની જામીન અરજીઓ નામદાર સર્વોચ્ચ અદાલત સુધી નામંજૂર થયેલ હોવાના હુકમ, તેઓની ડીસ્ચાર્જની રીવીઝન નામદાર ઉચ્ચ અદાલત ધ્વારા નામંજૂર થયાના હુકમ તથા કાયદાકીય કાર્યવાહીનો દુરઉપયોગ આરોપી નં.–(૨) એ કરેલ તેવા નામદાર ઉચ્ચ અને

સર્વોચ્ચ અદાલતના હુકમ આ કેસના રેકર્ડ ઉપર છે. આમ, જુદા જુદા હુકમો જોતા તથા આ કેસનું રેકર્ડ જોતા આરોપી નં.–(૨)ના બંધારણીય હકોને નુકશાન થયેલ છે તેવી દલીલ મનાય તેવી નથી. ફરિયાદપક્ષે પુરવાર કરેલ કેસ જોતા તથા પુરાવો જોતા આરોપી નં.–(૨)ના ગુનાહિત કૃત્યોને કારણે ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિત કે જેઓ એડવોકેટ છે તેમના બંધારણીય હકોને નુકશાન થયેલ છે. તેવું આ અદાલત માને છે.

**(૫.vii)** બચાવપક્ષ ધ્વારા દલીલ કરવામા આવેલ છે કે, માલાભાઈ રબારી અંગે તપાસ કરેલ નથી. માલાભાઈ રબારી કે જે અફીણ ખરીદવા વાળા તથા કબાટમાં મૂકી આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટને આપવા વાળા છે તેમની તપાસ કરવા ફરિયાદપક્ષે શું પ્રયત્ન કર્યો છે તે જોવું પણ મહત્વનું છે. ચાર્જશીટ રજુ કર્યાના ત્રણ દિવસ અગાઉ તેઓ ગુજરી ગયા તેવો પુરાવો આવ્યો છે અફીણ પ્રોક્યોર કરવા વાળાની તારીખ.૦૫/૦૯/૨૦૧૮ના રોજ કોઈ તપાસ કરવામાં આવેલ નથી કે કોઈ પ્રોસીઝર કરવામા આવેલ નહી. માલાભાઈ ગુજરી ગયેલ છે તેમના ડેથ સર્ટીફીકેટની નકલ રજુ થયેલ છે. પરંતુ દેવા જોઇતાભાઇ કરમટીયા કે જેઓનો તારીખ–૧૪/૧૦/૨૦૧૮ના રોજ જવાબ લેવામાં આવેલ તેઓને તપાસેલ નથી. ફરિયાદપક્ષનો આ બાબતે એવો જવાબ છે કે, ફરિયાદપક્ષ સાહેદ નં.–૧૯ તપાસ કરનાર અમલદારનો પુરાવો જોતા માલાભાઈ જોઇતાભાઇ રબારી મરણ ગયેલ હોવાથી તેઓ વિરુધ્ધ નામદાર કોર્ટમાં અલાયદી અબેટેડ સમરી રજુ કરેલી જે એબેટેડ સમરી આંક–૨૩થી નામદાર કોર્ટમાં રજુ થયેલ છે. જે અનુસાર તારીખ ૨૦/૦૨/૨૦૧૮ના રોજ આરોપી માલાભાઈ જોઇતાભાઇ રબારી(કરમટીયા) મરણ ગયેલ. તપાસ કરનાર અમલદાર સાહેદ નં.–૧૯ નાઓને ઉલટતપાસ દરમ્યાન બચાવપક્ષે પાના નં.–૧૮૪, પેરા નં.–૬૦ ઉપર એવો પ્રશ્ન પુછેલ કે "તારીખ–૦૫/૦૯/૨૦૧૮ના રોજ આરોપી નં.–(૨) ની આપે ધરપકડ કરી તે દિવસે અને તુરત જ આરોપી નં.–૩ માલાભાઈને શોધી ધરપકડ કરવાની કાર્યવાહી કેમ કરેલ નહી" તેના જવાબમાં સાહેદ નં.–૧૯ નાઓએ એવો જવાબ આપેલ કે,"તારીખ–૦૫/૦૯/૨૦૧૮ના રોજ આ કેસના

આરોપીઓ નં.–૧, ૨ વિરુધ્ધમાં અટક કરવા પૂરતા પુરાવા મળેલા જેથી તેઓની અટક કરેલ અને આરોપી નં.–૩ માલાભાઈનાઓની આ ગુનામાં સંડોવણી, તપાસ દરમ્યાન આરોપીઓના ઈન્ટરોગેશન અને સાહેદોના નિવેદનથી ફલિત થયેલ હોય અને તે બાબતેની આરોપીની શોધખોળ કરવા અમોએ કાર્યવાહી કરેલ છે". વધુમાં તપાસ કરનાર અમલદાર ફરીયાદપક્ષ સાહેદ નં.–૧૯નો પુરાવો જોતા માલાભાઈ મરણ ગયેલ હોવાનું જાણવા મળેલ અને તેઓનો મરણનો દાખલો તારીખ–૨૪/૧૦/૨૦૧૮ના રોજ રજુ થયેલ હતો.

આમ પુરાવો જોતા એવું સ્પષ્ટ થાય છે કે, માલાભાઈ રબારીની સંડોવણી ઈન્ટ્રોગેશન અને સાહેદોના નિવેદનોથી બહાર આવ્યા બાદ મરણજનાર આરોપી માલાભાઈ રબારી અંગે તપાસ થયેલ છે તથા તેમના મરણનો દાખલો રજુ થયેલ છે. જે એબેટેડ સમરી મંજુર થયેલ છે. વધુમાં ચાર્જશીટ સાથેના નિવેદનો તથા તેની સાથે રજુ થયેલ દસ્તાવેજોને ધ્યાને લઈ આ અદાલતે આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ફરમાવેલ છે. આમ બચાવપક્ષની આ દલીલ માનવાને કોઈ કારણ નથી.

(૬) બચાવપક્ષે તેમની મુખ્યત્વે દલીલોમાં તપાસ કરનાર અમલદારે રાજસ્થાનના પાલી મુકામે નોધાયેલ ૪૦૩/૧૯૯૬ ના કાગળો આ કેસમાં રજુ કરેલ ન હોવા બાબતે, રાજસ્થાન મુકામે કેસમાં ચાર્જશીટ થયેલ હોવા બાબતે, રાજસ્થાન કેસમાં આરોપી તેમજ સાહેદોએ પણ જામીન અરજીઓ કરેલ હોવા બાબતે તથા રાજસ્થાન કેસ અને આ કેસ એક જ કેસના બે ભાગ છે અને કેટલોક ભાગ હાલના કેસમાં છે અને કેટલોક ભાગ રાજસ્થાના કેસમાં છે તેવી દલીલ કરેલ છે તથા રાજસ્થાન કેસના પ્રોસીડીંગ તથા અન્ય દસ્તાવેજો જેની સહીસિક્કા વાળી નકલો રજુ કરેલ છે તથા તેને વાંચેલ છે. ફરિયાદપક્ષની દલીલ મુજબ આ બંને ગુના અલગ છે અને તે અલગ હોવા અંગે નામદાર રાજસ્થાન હાઈકોર્ટ તથા ત્યારબાદ નામદાર સુપ્રીમ કોર્ટે ડીસાઈડ કરી દીધેલ છે. આથી બચાવપક્ષની દલીલ માનવી જોઈએ નહી. આ કેસનું રેકર્ડ તથા પુરાવો જોતા તથા પક્ષકારોની દલીલો ધ્યાને લેતા સુમેરસિંહ રાજપુરોહિતનાઓએ રાજસ્થાન કોર્ટમાં ફરિયાદ

કરેલી જે ફરિયાદના કામનો ગુનો પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૪૦૩/૧૯૯૬ વાળો નોધાયેલો. વધુમાં, આ પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૪૦૩/૧૯૯૬ વાળા ગુનાના કામે હાલના આરોપી સંજીવ ભટ્ટ તથા અન્ય વિરુધ્ધ ગુનો પેન્ડીંગ હતો તે દરમ્યાન આરોપી સંજીવ ભટ્ટનાઓએ, પાલી કોતવાલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૪૦૩/૧૯૯૬નો ગુનો તથા પાલનપુર શહેર પ્રોહી ગુ.ર.નં.–૨૧૬/૧૯૯૬નો ગુનો એક જ હોવાથી પાલનપુર સ્પેશિયલ એનડીપીએસ કેસ નં.–૩/૨૦૧૮ની કાર્યવાહી પડતી મુકવા અંગે નામદાર રાજસ્થાન હાઈકોર્ટમાં એસ.બી. ક્રિમીનલ મિસીલીનીયસ અરજી નં.– ૯૯૭/૨૦૨૦ કરેલ હતી. પરંતુ આ બંને કેસોના ગુના અલગ બનતા હોવાનું ઠરાવી આરોપીની અરજી ડીસમીસ કરતો તારીખ.૨૬/૦૮/૨૦૨૦ ના રોજ પ્રોનાંઉન્સ કરવામાં આવેલ જે હુકમ આંક–૧૧૮ સાથે રજુ છે. વધુમાં જે હુકમ વિરુધ્ધ આરોપી સંજીવ ભટ્ટનાઓએ નામદાર સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ ટુ અપીલ (ક્રિમીનલ) નં.–૬૩૪૦/૨૦૨૦ની પીટીશન કરેલ જે અરજી નામદાર સુપ્રીમ કોર્ટે તારીખ. ૨૭/૦૧/૨૦૨૧ના રોજ ડીસમીસ કરેલ જે હુકમ આંક– ૭૩૦/૫ થી રેકર્ડ ઉપર છે. નામદાર રાજસ્થાન હાઈકોર્ટનો હુકમ તથા નામદાર સુપ્રીમ કોર્ટે કરેલ હુકમ વંચાણે લેતા તથા હાલના કેસનો પુરાવો જોતા હાલનો કેસ તથા પાલી કોતવાલી પોલીસ સ્ટેશન, રાજસ્થાનનો કેસ અલગ ગુના છે અને તે સંજોગોમાં આ કેસના રેકર્ડ ઉપર બચાવપક્ષે આ બંને ગુના એક જ હોવાનું દર્શાવતી બંને ગુનાના મોટીવ અંગેની દલીલ તથા રાજસ્થાનના કેસના કાગળો તપાસ કરનાર અમલદારે રજુ નહી કરેલ હોવાથી એડવર્સ ઈન્ફરંસ ડ્રો કરવા જોઈએ વિગેરે દલીલ માનવા યોગ્ય નથી. વધુમાં બચાવપક્ષ ધ્વારા રાજસ્થાન કેસના કાગળો તપાસ કરનાર અમલદારે આ કેસમાં રજુ કરેલ નથી અને નામદાર સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈનનું પાલન કરેલ નથી તેવી જે દલીલ કરેલ છે તે પણ માની શકાય તેવી નથી કારણ કે બંને કેસો અલગ છે અને બીજા કેસના કાગળો આપવાની કલમ–૨૦૭માં કોઈ જોગવાઈ નથી અને તે સંજોગોમાં તપાસ કરનાર અમલદારે નામદાર સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈનનું પાલન કરેલ

નથી તે માની શકાય તેમ નથી. વધુમાં, બચાવપક્ષે રાજસ્થાન કેસના રજુ કરેલા દસ્તાવેજોની સહીસિક્કા વાળી નકલ આધારે રાજસ્થાનનો કેસ કયો છે તે બતાવેલ છે અને આંક–૬૪૬ના લીસ્ટથી રજુ કરેલ રાજસ્થાન કેસના દસ્તાવેજો કે જેને આંક પડેલ છે તે તથા માર્ક પડેલ છે તેને પુરાવાની તુલના સમયે ધ્યાને રાખવા દલીલ કરેલ છે પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો જોતા આ કેસ તથા રાજસ્થાનનો કેસ અલગ હોવાથી પાલી કોતવાલી, રાજસ્થાનના કેસના ચાર્જશીટના દસ્તાવેજો તથા અન્ય આંકે પાડેલ દસ્તાવેજો વાંચતા આ કેસના સાહેદોના પુરાવાના મૂલ્યાંકનમાં ધ્યાને લઈ શકાય નહિ.

(૭) આમ, ઉપર કરેલ ચર્ચા અનુસાર ફરીયાદપક્ષ આરોપી નં.–(૨) સંજીવ ભટ્ટ વિરુધ્ધનો તહોમતનામાં મુજબનો કેસ શંકા રહીત સાબિત કરવામાં સફળ નિવડેલ છે તેથી મુદ્દા નંબર–(૧) થી (૪)નો જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નંબર–(૫) અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–// હુ ક મ //–</u>**

(૧) મુળ આરોપી નં.(૧) ઈન્દ્રવદન બાલકૃષ્ણ વ્યાસ જેઓ વિરૂધ્ધ પાલનપુર શહેર પો.સ્ટે., બનાસકાંઠા પ્રોહી. ગુ.રજી. નંબર–૨૧૬/૧૯૯૬ના કામે આંક–૫૯થી તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૭ની જોગવાઈ હેઠળ ગુનાની માફી આપેલ અને તેઓને ફરીયાદપક્ષે સાહેદ નં.૯)થી તપાસેલ છે અને તેઓએ માફીની શરતોનુ પાલન કરેલ છે. આથી આ કેસમાં આંક–૫૯થી તેમના વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામામાં દર્શાવેલ તમામ ગુનાઓમાંથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપી નં.(૨) સંજીવ રાજેન્દ્ર ભટ્ટ, રહે.બંગલોઝ નં.(૨), સુશીલનગર, વિભાગ–૨, ગાંધીલેબર ઈનસ્ટીટયુટની સામે, ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ વિરૂધ્ધ ફરીયાદપક્ષ ગુના સાબિત કરવામાં સફળ નિવડેલ હોય તેમને પાલનપુર શહેર પો.સ્ટે., બનાસકાંઠા પ્રોહી. ગુ.રજી.નંબર–૨૧૬/૧૯૯૬ના કામમાંથી

ઉદ્ભવેલ આ કામે આંક–૫૯ વાળા તહોમતનમામાંના નોર્કોટીકસ ડ્રગસ સાયકોટ્રોપીકસ સબસ્ટનસીસ એકટ ૧૯૮૫ની કલમ–૨૧(સી) તથા કલમ–૨૭(એ) તથા કલમ–૨૯ તથા કલમ–૫૮(૧) તથા કલમ–૫૮(૨) મુજબના ગુના સારૂ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ–૧૧૬ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) તથા કલમ–૧૬૭ સાથે વાંચતા કલમ–૧૨૦(બી), કલમ–૨૦૪, કલમ–૩૪૩ સાથે વાંચતા કલમ–૧૨૦(બી), કલમ–૪૬૫ સાથે વાંચતા કલમ–૧૨૦(બી), કલમ–૪૭૧ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે તકશીરવાન ઠરાવવામાં આવે છે. સબબ ક્રીમીનલ પ્રોસીઝર કોડ કલમ–૨૩૫(૨) અન્વયે આરોપીને સજા કરતા પહેલા સજા બાબતે કુદરતી ન્યાયના સિધ્ધાંત આધારે સજા અંગે પક્ષકારોને સાંભળવા માટે કામ મુલત્વી રાખવામાં આવે છે.

મુ.પાલનપુર (જતીન નટવરલાલ ઠકકર)

તા.૨૭/૩/૨૦૨૪ બીજા એડીશનલ સેશન્સ જજ,

બનાસકાંઠા–પાલનપુર

(કોડ નં.જી.જે.૦૦૫૪૨)

**<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) હેઠળ સજા અંગે સાંભળવા માટે :–</u>**

## સજા અંગેનો હુકમ :–

**આજરોજ આ કેસનો ચુકાદો જાહેર કર્યા પછી સજા અંગે પક્ષકારોને સાંભળ્યા.**

**(૧)– સરકારપક્ષે ખાસ સરકારી વકીલે કરેલી રજુઆતમાં નીચે મુજબના મુદ્દાઓનુ ધ્યાન કોર્ટ તરફ દોરેલુ છે. ખાસ સરકારી વકીલ શ્રીએ કોર્ટનુ ધ્યાન સી.આર.પી.સી. કલમ–૪૨૭ તથા એન.ડી.પી. એસ. એકટની કલમ–૩૨(બી) તરફ દોરેલુ છે.**

**તેઓએ દોષિત ઠરેલા આરોપી શ્રી સંજીવ ભટ્ટ સામેના હાલ જારી કેસો અંગે નીચે મુજબ રજુઆત કરી છે.**

**૧(એ).** તારીખ–૩૦/૧૦/૧૯૯૦ના રોજ જામનગર મુકામે ઘટેલી ઘટનામાં ૧૦૦ ઉપરાંત ઈસમોને પોલીસ સ્ટેશને પકડી લાવી દોષિત ઠરેલા આરોપી તથા તેમના સહપોલીસકર્મીઓ દ્વારા આ લોકોને તેઓ જયારે પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે અને તે વખતે ઢોર માર મારવામાં આવેલો અને તેમને ઉઠબેસ કરાવેલ, ઘુંટણભેર ચલાવે અને હાડમારી પહોંચાડેલ તે અન્વયેની ફરીયાદ આરોપી શ્રી ભટ્ટ તથા અન્ય પોલીસ કર્મીઓ વિરૂધ્ધ થતા તે સબંધેનો કેસ કે જે સેશન્સ કેસ નં.૩૫/૨૦૨૧ થી નોંધાયા બાદ જામનગરની સેશન્સ કોર્ટમાં ચાલતા આરોપી શ્રી ભટ્ટ તથા અન્ય પોલીસ કર્મચારીઓને સજા કરવામાં આવેલી. આરોપી તથા અન્ય એક પોલીસ કર્મચારીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ હેઠળ અજીવન કેદની સજા ફરમાવવામાં આવેલી તથા અન્ય પાંચ પોલીસ કર્મચારીઓને પણ સજા કરવામાં આવેલી. આમ કુલ સાત પોલીસ

કર્મચારીઓને જામનગરની કોર્ટે તા.૨૦/૦૬/૨૦૧૯ના રોજ દોષિત ઠેરવતુ જજમેન્ટ આપેલ. આરોપીએ આ જજમેન્ટ સામે માનનીય ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમિનલ અપીલ નં.૧૪૯૨/૨૦૧૯ની અપીલ કરતા તા.૦૯/૦૧/૨૦૨૪ના રોજ આરોપીને ફરમાવેલ આજીવન કેદની સજા કાયમ રાખતુ જજમેન્ટ આપેલ અને અન્ય પોલીસ કર્મચારીઓએ કરેલ અપીલ પણ રદ્દ કરેલ અને તેઓની સજા પણ કાયમ રાખતુ જજમેન્ટ આપેલ.

આરોપી તર્ફે આ જજમેન્ટ વિરૂધ્ધ કોઈ આગળની કાર્યવાહી થઈ છે કે નહી તેની કોઈ સ્પષ્ટતા કરેલ નથી.

**૧(બી).** તા.૨૬/૧૦/૧૯૯૦ના રોજ બનેલી એક ઘટના સબંધે પીડિત નામે જગદીશભાઈ મોહનભાઈએ આરોપી તથા અન્ય પોલીસ કર્મચારીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલ. આ ફરીયાદમાં પણ આરોપી શ્રી ભટ્ટ તથા અન્ય પોલીસ કર્મચારીઓએ ફરીયાદીને તેમની કસ્ટડી દરમ્યાન માર માર્યો હોવા સબંધની ફરીયાદ કરેલ. આ ફરીયાદની કાર્યવાહી જામનગરની કોર્ટમાં સેશન્સ કેસ નં.૧૦૨/૨૦૨૨થી નોંધાયેલ છે અને તે કાર્યવાહીમાં તા.૧૬/૩/૨૦૨૪ના રોજ આરોપી તથા અન્ય ત્રણ પોલીસ કર્મચારીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૩૩૧, ૫૦૬(૧) તથા ૧૧૪ના ગુના સબબની તહોમત ફરમાવવાનો હુકમ કરેલ છે.

**૧(સી).** તા.૨૪/૧૦/૧૯૯૦ના રોજ બનેલી ઘટનામાં પિડિત, ઈજા પામનાર વિજયસિંહજી ભાવસિંહજી ભટ્ટીએ આરોપી શ્રી ભટ્ટ સામે ભારતીય

દંડ સંહિતાની કલમ–૩૪૧, ૩૨૩, ૩૨૪, ૩૨૬ અને ૫૦૪ હેઠળના ગુના સબબની ફરિયાદ નોંધાવેલ. જે જામનગરના પોલીસ સ્ટેશને એમ. કેસ નં.–૨/૨૦૧૨ થી નોંધાયેલ છે. આ ફરિયાદના કામે પણ પિડિત, ઈજા પામનારને તેઓ જ્યારે આરોપીની કસ્ટડીમાં હતા ત્યારે આરોપીએ તેમને માર માર્યાની હકીકત જણાવેલી છે.

**૧(ડી).** આરોપી સાથે કામ કરતા પોલીસ કર્મચારી નામે શ્રી કે.ડી. પંથએ આરોપી સામે ભારતીય દંડ સંહિતા ની કલમ–૧૮૯, ૧૯૩, ૧૯૪, ૧૯૫, ૩૪૧, ૩૪૨, ૪૬૫, ૪૭૧, ૧૨૦(બી), ૨૦૧ ના ગુના ઘાટલોડિયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા છે. આ ફરિયાદના કામમાં આરોપીશ્રી ભટ્ટની સાથે અન્ય આરોપી પણ સંડોવાયેલા છે. આ ફરિયાદની તપાસના અંતે પોલીસે ચાર્જશીટ ફાઈલ કરેલ છે અને આ કેસ સેશન્સ કેસ નં.–૧૮૧/૨૦૧૮થી અમદાવાદ રૂરલના સેશન્સ જજ સાહેબની કોર્ટમાં હાલમાં જારી છે. આ કેસમાં ફરિયાદપક્ષે રજૂ કરેલી હકીકત મુજબ આરોપીશ્રી ભટ્ટ સાથે કામ કરતા પોલીસ કર્મચારી કે. ડી. પંથની ખોટી એફિડેવિટ તૈયાર કરી તે અન્ય કામે ઉપયોગમાં લેવામાં આવેલ .

**૧(ઈ).** આરોપીશ્રી ભટ્ટ તથા અન્ય એક પોલીસ અધિકારી શ્રી આર. બી. શ્રીકુમાર અને એક્ટિવિટ્સ નામે તિસ્તા સેતલવાડ સામે ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૭, ૪૬૯, ૪૭૧, ૧૯૪, ૨૧૧, ૨૧૮ અને ૧૨૦(બી) ના ગુના નોંધાયેલ અને આ ફરિયાદ હેઠળ તપાસ પૂરી થતા ચાર્જશીટ પણ રજૂ થયેલ અને તે અન્વયેનો કેસ સેશન્સ કેસ

નં.–૧૫૯/૨૦૨૩થી નોંધાયેલ છે અને હાલ આ કેસ અમદાવાદની સિટી સિવિલ અને સેશન્સ કોર્ટમાં પેન્ડિંગ છે.

**(૨)– આ કેસમાં પિડિત અને ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ નં.–૧૫ સુમેરસિંહ રાજપુરોહિતનાઓએ તા.૨૫/૦૪/૨૦૧૯ના રોજ સોગંધનામું રજૂ કરેલુ. આ સોગંદનામુ આ કેસના રેકર્ડ ઉપર આંક–૩૫થી લેવામાં આવેલું છે. આ સોગંદનામાંની કેટલીક મહત્વની હકીકતો અને નીચે જણાવ્યા મુજબ રજુઆત થઈ છે.**

**૨(એ).** આરોપી તર્ફે આ સોગંદનામામાં પિડિતને આવું સોગંધનામું કરવાનો કોઈ અધિકાર નથી. તેમને કોઈ લોકસ સ્ટેન્ડી નથી કે તમને ટ્રાયલમાં ભાગ લેવાનો પણ અધિકાર નથી તેવા લગતની રજૂઆત કરેલ.

**૨(બી).** પિડિતે આરોપી શ્રી ભટ્ટ વિરુધ્ધ આ કેસ ૧૯૯૬ના સમયથી ચાલવા નહી દીધેલો હોવાની રજૂઆત કરેલ .

**૨(સી).** પિડિતે પણ આરોપી સામેનો ગુનાહિત ઈતિહાસ રજૂ કરેલો જેમાં ઉપર જણાવેલી ફરિયાદો ઉપરાંત અન્ય એક ફરિયાદ પોરબંદર મુકામે તથા પીડિતે પોતે કરેલી ફરિયાદ પાલી મુકામે થયેલી હોવાની રજૂઆત કરેલી.

**૨(ડી).** પિડિતે ૨૨ જેટલી અલગ અલગ કાર્યવાહી આરોપીશ્રી ભટ્ટ તરફે કરાવી ન્યાયની પ્રક્રિયા એબ્યૂસ કરી હોવાની રજૂઆત કરેલ. આ ૨૨ પ્રક્રિયાની દરેક વિગતો પીડિતે આ એફિડેવિટના પાના નં.–૪ થી ૮ માં દર્શાવેલી છે.

**૨(ઈ).** પિડિતે તેમની એફિડેવિટના ફકરા નં.–૧૩ થી ૨૨ માં અને પાનાં નં.–૮ થી ૧૩ માં આરોપીશ્રી ભટ્ટે જ્યુડીશીયલ પ્રક્રિયા એબ્યૂસ કર્યા સબંધે

અને તેમની વિરુધ્ધ કઇ પ્રક્રિયામાં કયા સ્ટ્રીકચર્સ અલગ અલગ કોર્ટોએ કરેલ છે તેનું વર્ણન કરેલ છે.

**૨(એફ).** પિડિતે તેમની એફિડેવિટના ફકરા નં.–૨૩ થી ૩૭ અને પાના નં.૧૩ થી ૧૯ માં આરોપીએ કેટલા ફ્રીવોલસ પ્રોસીડિંગસ કર્યા અને કરાવ્યાનું વિગતવાર વર્ણન પણ આ એફિડેવિટમાં કરેલ છે, તેમ જણાવી સદર આંક–૩૫ની હકિકતો ધ્યાને લેવા વિનંતી કરેલ છે.

**<u>(૩)– ફરિયાદપક્ષે આંક–૭૩૦ ના લિસ્ટથી તા.૦૧/૦૫/૨૦૨૩ના રોજ જે અલગ અલગ કાર્યવાહીઓ આરોપીશ્રી ભટ્ટ તર્ફે અને આરોપી ભટ્ટની વિરુધ્ધ થયેલી છે તે પણ આ કોર્ટના ધ્યાને મૂકી છે જેનું વર્ણન નીચે જણાવ્યા મુજબનું છે.</u>**

**૩(એ).** સંજીવભટૃ વિરૂધ્ધ ભારત સરકાર તથા અન્ય– રીટ પીટીસન ક્રિમિનલ ૧૩૫/૨૦૧૧ સાથે ૨૦૪/૨૦૧૧ નો નામદાર સુપ્રીમ કોર્ટનો હુકમ તા.૧૩/૧૦/૨૦૧૫ કે જે ૨૦૧૬(૧) એસ.સી.સી. પાના નં.–૧ ઉપર પ્રસિધ્ધ થયેલ છે.

**૩(બી).** નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ ક્રિમિનલ પરચુરણ અરજી નં.–૨૩૩૬૮/૨૦૧૮ સંજીવ ભટ્ટ વિરુધ્ધ સરકારના કામે તા.૦૭/૦૩/૨૦૧૯ના રોજ થયેલ હુકમ .

**૩(સી).** અમરતલાલ વૈષ્ણવી વિરુધ્ધ ગુજરાત સરકાર – સ્પેસિયલ લિવ ટુ અપીલ (ક્રિમિનલ) નં.૪૯૯૩/૨૦૧૯ના કામે નામદાર સુપ્રીમ કોર્ટનો હુકમ તા.૨૪/૦૫/૨૦૧૯.

**૩(ડી).** ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧/૨૦૧૯(ફોર સસ્પેન્સન ઓફ સેન્ટેન્સ), ઈન ક્રિમિનલ અપીલ નં.–૧૪૯૨/૨૦૧૯, તા.૨૪/૦૯/૨૦૧૯ અપીલ મેમો.

**૩(ઈ).** સંજીવ ભટ્ટ ધ્વારા કરવામાં આવેલ ક્રિમિનલ પરચુરણ અરજી નં.–૧૦૭૬/૨૦૧૮, પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ સાહેબની કોર્ટમાં કેસની કાર્યવાહી ટ્રાન્સફર કરવા કરેલ અરજી.

**૩(એફ).** જામનગર કેસ અંગે તા.૧૬/૦૨/૨૦૧૯ના રોજ કરેલ ટ્રાન્સફર અરજી.

**૩(જી).** નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ ક્રિમિનલ પરચુરણ અરજી નં.–૨૨૯૯૮/૨૦૧૯ સંજીવ ભટ્ટ વિરુધ્ધ સરકારના કામે તા.૨૪/૦૨/૨૦૨૦ના રોજ થયેલ હુકમ .

**૩(એચ).** નામદાર રાજસ્થાન હાઈકોર્ટ ,જોધપુરમાં સંજીવ ભટ્ટનાઓએ દાખલ કરેલ એસ. બી. ક્રિમિનલ અરજી નં.–૯૯૭/૨૦૨૦, તા.૨૬/૦૮/૨૦૨૦ ના રોજનો હુકમ .

**૩(આઈ)** નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પેસિયલ લિવ ટૂ અપીલ (ક્રિમિનલ) નં.૬૩૪૦/૨૦૨૦ સંજીવ ભટ્ટ વિરુધ્ધ સરકારના કામે તા.૨૭.૦૧.૨૦૨૧ ના રોજ થયેલ હુકમ .

**૩(જે).** સ્પેસિયલ લિવ ટુ અપીલ(ક્રિમિનલ) ૨૦૨૩/૨૦૨૩, સંજીવ ભટ્ટ વિરુધ્ધ ગુજરાત સરકારના કામે નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા તા.૨૦/૦૨/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ હુકમ.

**૩(કે).** નામદાર સુપ્રીમ કોર્ટે જાકીય અહેસાન જાફરી વિરુધ્ધ ગુજરાત સરકારના કામે તા.૨૪/૦૬/૨૦૨૨ના રોજનો હુકમ કે જે ૨૦૨૨(૦) AIJEL–SC–૬૯૪૫૧ .

**<u>(૪)– આ કેસના આપેલ ચુકાદામાં આરોપી તર્ફે થયેલ અને કરાવેલ કેટલીક કાર્યવાહી સબંધની આ કોર્ટે જે તે પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે નોંધ લીધી છે.</u>**

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| (૧) | નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કરવામાં આવેલ સ્પેસિયલ ક્રિમિનલ એપ્લિકેશન નં.–૧૦૭૯/૧૯૯૮ સાથે સ્પેસિયલ ક્રિમિનલ એપ્લિકેશન નં.–૬૮૦/૧૯૯૯ નો ચુકાદો | ૩/૪/૨૦૧૮ |
| (૨) | આરોપી શ્રી ભટ્ટ તર્ફે નામદાર હાઇકોર્ટમાં થયેલ ક્રિમિનલ પરચુરણ અરજ (રિકોલ) નં.૧/૨૦૨૦નો ચુકાદો. | ૧૭/૧/૨૦૨૦ |
| (૩) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઇકોર્ટમાં થયેલ ક્રિમિનલ રિવીજન અરજ નં.–૨૯૯/૨૦૨૧ નો ચુકાદો | ૫/૮/૨૦૨૧ |
| (૪) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઇકોર્ટમાં થયેલ ક્રિમિનલ રિવીજન અરજ નં–૧૦૮૮/૨૦૧૮ નો ચુકાદો | ૧૧/૯/૨૦૨૧ |
| (૫) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઇકોર્ટમાં થયેલ ક્રિમિનલ પરચુરણ અરજ ૧૧૪૯૫/૨૦૨૦ નો હુકમ | ૧૬/૯/૨૦૨૦ |
| (૬) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઇકોર્ટમાં થયેલ ક્રિમિનલ પરચુરણ અરજ ૧૭૧૬૦/૨૦૧૮ ની કવોસિન્ગની અરજીનો હુકમ | ૧૨/૯/૨૦૧૮ |
| (૭) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર સુપ્રીમ કોર્ટમાં થયેલ ડાયરી નં– ૩૫૧૩૬/૨૦૧૮, ડાયરી નં–૩૫૨૩૭/૨૦૧૮ અને રિટ પિટિશન (ક્રિમિનલ) નં–૨૬૫/૨૦૧૮ ની થયેલ કાર્યવાહીઓમાં થયેલ હુકમ | ૪/૧૦/૨૦૧૮ |

| | | |
|---|---|---|
| (૮) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઈકોર્ટમાં થયેલ ક્રિમિનલ રિવીજન અરજ નં– ૧૬૫૦/૨૦૧૯ નો ચુકાદો | ૨૧/૫/૨૦૨૦ |
| (૯) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઈકોર્ટમાં થયેલ ક્રિમિનલ રિવીજન અરજ નં–૧૦૭/૨૦૨૧ નો હુકમ | ૨૦/૨/૨૦૨૧ |
| (૧૦) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઈકોર્ટમાં થયેલ ક્રિમિનલ રિવીજન અરજ નં–૩૦૧/૨૦૨૧ નો ચુકાદો | ૪/૧૦/૨૦૨૧ |
| (૧૧) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર સુપ્રીમકોર્ટમાં થયેલ એસ. એલ. પી (ક્રિમિનલ) નં–૮૬૧૫/૨૦૨૧, એસ. એલ. પી.(ક્રિમિનલ) નં–૮૩૯૧/૨૦૨૧ તથા એસ. એલ. પી(ક્રિમિનલ) ૧૬૬૮/૨૦૨૨ નો હુકમ | ૫/૮/૨૦૨૨ |
| (૧૨) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઈકોર્ટમાં થયેલ ક્રિમિનલ રિવીજન અરજ નં–૩૩૩/૨૦૨૩ નો ચુકાદો | ૨૩/૩/૨૦૨૩ |
| (૧૩) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઈકોર્ટમાં થયેલ ક્રિમિનલ રિવીજન અરજ નં–૫૪૧/૨૦૨૩/તથા ૫૩૪/૨૦૨૩ નો ચુકાદો | ૫/૫/૨૦૨૩ |
| (૧૪) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઈકોર્ટમાં થયેલ સ્પેસિયલ ક્રિમિનલ અરજ નં–૭૬૪૮/૨૦૨૩ સાથે નં–૭૬૪૬/૨૦૨૩ નો ચુકાદો | ૨૪/૮/૨૦૨૩ |
| (૧૫) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર સુપ્રીમકોર્ટમાં થયેલ એસ. એલ. પી(ક્રિમિનલ) નં–૧૧૮૮૪/૨૦૨૩, એસ. એલ. પી(ક્રિમિનલ) નં–૧૧૯૪૩/૨૦૨૩ અને ડાયરી નં–૩૭૪૨૮/૨૦૨૩ નો હુકમ | ૩/૧૦/૨૦૨૩ |
| (૧૬) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઈકોર્ટમાં થયેલ ક્રિમિનલ રિવીજન અરજ નં–૧૨૧૫/૨૦૨૩ નો હુકમ | ૫/૧૦/૨૦૨૩ |
| (૧૭) | આરોપીશ્રી ભટ્ટ તરફે નામદાર હાઈકોર્ટમાં થયેલ ક્રિમિનલ રિવીજન અરજ નં–૧૨૧૬/૨૦૨૩નો હુકમ | ૨/૧૧/૨૦૨૩ |

**(૫)– આરોપી તર્ફે વિધ્વાન એડવોકેટ શ્રી બી. એ. તુવર ધ્વારા સજા અંગે જે રજૂઆત કરવામાં આવેલ છે તેના મુદ્દા નીચે છે.**

**૫(એ).** એન.ડી.પી.એસ.એકટની કલમ–૨૧(સી) તથા ૨૭(એ)ની જોગવાઈ જોતાં ઓછામાં ઓછી સજા ૧૦ વર્ષ તથા વધુ સજા ૨૦ વર્ષની છે.

**૫(બી).** આરોપી વિરુધ્ધ એન.ડી.પી.એસ. એક્ટ મુજબનો આ પ્રથમ ગુનો છે.

**૫(સી).** ખાસ રારકારી વકીલે કરેલી રજૂઆત જજમેંટમાં કંસીડર થયેલી હોય શકે. આંક–૩૫ને લાગે વળગે છે ત્યાં સુધી એ રાજસ્થાન કેસને લગત છે અદાલતે આ કેસનું રેકર્ડ જોઇને સજા કરેલી છે.

**૫(ડી).** આરોપીના કંડક્ટને લગતી દલીલ આ તબક્કે કંસીડર ન થાય .

**૫(ઈ).** આરોપી તર્ફે આક્ષેપોવાળી જે અરજીઓ થયેલ તે અરજીઓનો ઉપલી કોર્ટોમાં નિર્ણય આવી ગયેલો છે તેથી તે અરજીઓ સબંધે આરોપીની કંડક્ટ હાલના મુદ્દાસર ધ્યાને લેવાની રહે નહી.

**૫(એફ).** અગાઉ થયેલ કેસો ધ્યાને લઈ શકે પરંતુ આરોપીની કંડક્ટ અંગે તે ધ્યાને લઈ શકે નહી.

**૫(જી).** આરોપીને કારણે ૧૯૯૬ થી ૨૦૧૮ સુધી કેસ આગળ વધ્યો નથી તેમ કહી શકે નહીં અને ૨૦૧૮ થી આજદિન સુધી કેસ ચાલેલ છે.

**૫(એચ).** એન.ડી.પી.એસ. એકટની કલમ–૩૨(બી) આધારે થયેલ દલીલ જોતાં સાહેદ વ્યાસ, પ્રવીણભાઈ કે આર .પી. પટેલનાઓને આરોપીએ હથિયાર બતાવ્યું હોય, ધમકી આપેલ હોય તેવો પુરાવો નથી. કલમ–૩૨(બી) ના સબકલોઝ (બી) મુજબનો ફરિયાદપક્ષનો કેસ છે, પરંતુ આરોપીએ

ડી.એસ.પી. તરીકે કૃત્ય કરેલ નથી જે કર્યું છે જસ્ટિસ જૈન સાહેબની ઇનફ્લૂયન્સમાં અગર જસ્ટિસ જૈન સાહેબના પર્સનલ રિલેશનમાં કરેલ.

**પ(આઈ).** કલમ–૩૨(બી)–એફ, લાગુ પડતી નથી.

**પ(જે).** ચાર્જશીટમાં આરોપીના કંડક્ટ માટે લખ્યું છે તે પૈકી એક જ કેસમાં આરોપીને સજા થઈ છે જ્યારે અન્ય કેસો હાલ ટ્રાયલ માટે પેન્ડિંગ છે જેથી વધુ સજા માટે ધ્યાને લઈ ના શકાય.

**પ(કે).** કલમ ૪૨૭(૨) જોવામાં આવે તો કંકરંટ સજા થાય, સજા કેટલી કરવી તે અદાલતનું ડીસ્કરીશન છે જેથી લીનીયન્ટ વ્યૂ લેવો જોઈએ. તહોમતદારની અગાઉ કંડક્ટ તથા તેમની અંગત બાબતો ધ્યાને ન લેવી જોઈએ. અગાઉ તહોમતદારે કરેલ આક્ષેપોને અદાલત ભૂલ ગઈ છે. તેમ ન હોત તો જે તે વખતે આરોપી ઉપર કાર્યવાહી કરેલ હોત. જેથી આ કંડક્ટ ધ્યાને ન લેવી જોઈએ.

**પ(એલ)** આ કેસની સ્ટોરી જોતાં આરોપીનો હેતુ નથી, તેમનું સીધું ઇનવોલવમેન્ટ નથી, પાલીની દુકાનનો ડિસપયુટ હતો. આરોપી સાડા પાંચ વર્ષથી કસ્ટડીમાં તેમનું ફેમિલી ડિસ્ટર્બ છે, તેમને યુવાન છોકરા છોકરીઓ છે. આ કેસ ૨૦ વર્ષની સજા માટે ફિટ કેસ નથી.

**(૬)– આરોપીના વિધ્વાન વકીલશ્રી બી. એ. તુવરની રજૂઆતો ઉક્ત મુદ્દાસર પૂરી થતાં આરોપી શ્રી ભટ્ટે તેઓ જાતે પણ ઉક્ત મુદ્દાસર રજૂઆત કરવા માંગે છે તેવી રજૂઆત કરતાં કોર્ટે તેમને પણ રજૂઆત કરવાની તક આપતા તેઓશ્રીએ પણ નીચે મુજબની રજૂઆતો કરેલી છે.**

**૬(એ).** આરોપીને સાંભળવામાં આવેલ ત્યારે તેઓએ જાતે એન .ડી.પી. એસ. એક્ટની કલમ–૩૨(બી) તથા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૭ ની જોગવાઈઓ વાંચી બતાવેલ છે.

**૬(બી).** એન.ડી.પી.એસ. એક્ટની કલમ–૩૨(બી) માં જણાવેલ સંજોગો એન.ડી.પી.એસ.ના ગુના અંગેના સંજોગો છે અને એન.ડી.પી.એસ.ના ગુના કરવાંમાં આવા સંજોગો હોય તો જ આ સંજોગો લાગુ પડે.

**૬(સી).** પબ્લિક ઓફિસનો દુરુપયોગ કરવામાં આવેલ હોય તો કલમ–૫૮(૨) લાગુ પડે કલમ–૩૨(બી) નીચેના સંજોગો નહિ.

**૬(ડી)** ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૭ અન્વયે કંકરંટ સજા થઈ શકે. કોનજીક્યુટિવ નહિ.

**(૭)** ફરિયાદપક્ષ, આરોપીના વિદ્વાન વકીલ તથા આરોપીશ્રી ભટ્ટની રજૂઆતો ધ્યાને લેતા આ કેસની ઘટનામાં દોષિત ઠરેલ આરોપીશ્રી ભટ્ટ ઘઘટના સમયે બનાસકાંઠા જિલ્લાના સુપ્રીટેન્ડન્ટ ઓફ પોલીસ હતા આરોપીની આ પોજીશન પોલીસ બેડામાં વગદાર હોય છે. કેસની હકીકતો જોતાં આરોપીએ તેમની ઓફિસનો તથા તેમની વગનો દુરુપયોગ કરી આ કેસના સાહેદ નં.–૧૫ જે રાજસ્થાનના પાલીના નિવાસી છે અને પાલી મુકામે વકીલાતનો વ્યવસાય કરે છે તેમના કબજામાની એક દુકાન લઈ લેવા માટે તેમને એન .ડી.પી.એસ .ના કેસમાં તદ્દન ખોટી રીતે સંડોવી દેવા માટે અફીણ ખરીદાવી તેનો હોટલ લાજવંતીના રૂમ નં.–૩૦૫માં મૂકી ઉપયોગ કરાવી આ એડવોકેટશ્રીને તદ્દન ખોટી રીતે અટક કરાવેલ , ખોટી કેસ ડાયરીઓ બનાવેલ, ખોટું રેકર્ડ ઊભું કરેલ અને આ વકિલશ્રીની અટક થાય બાદ તેમને ધમકાવી તેમની પાસેથી તેમના કબજામાની દુકાનનો કબજો મેળવી લેવડાવેલો. આમ, આરોપીએ તેમના હોદ્દાનો અને તેમની ઓફિસનો તેમની સત્તાનો દુરુપયોગ કરેલ અને આવો હેતુ બર લાવવા માટે તેમના તાબાના પોલીસકર્મીઓનો પણ તેમની સૂચના

આધારીત કામ કરી, કરાવી તેવા પોલીસ કર્મીઓનો પણ દુરુપયોગ કરેલ. આરોપી સામે ઉપર જણાવ્યાં મુજબના કેસો એટલે કે આરોપીની ગેરકાયદેસર પ્રવૃતિઓ અને તે લગતનો ગુનાહિત ઈતિહાસ ધ્યાને લેતા પણ તે ઘટનાઓમાં પણ એવી જ હકીકતો ફલિત થયેલી છે કે, આરોપી ઉચ્ચ હોદ્દાના પોલીસ અધિકારી હોવાના નાતે તેઓ જાતે તથા તેમની સાથેના પોલીસ કર્મીઓની મદદથી અનેક નિર્દોષ નાગરિકોને હેરાનગતિ પહોંચાડતા હોવાની હકીકત તેમની એટલે કે પોલીસ કસ્ટડી દરમ્યાન આવા નિર્દોષ નાગરિકોને માર મારતા હોવાની હકીકત અને તેવી એક ઘટનામાં આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ હેઠળનો ગુનો સાબિત થયેલ હોવાની હકીકત સ્પષ્ટ પણે બહાર આવેલી છે. ઉપરાંત ઉપરની અલગ અલગ કાર્યવાહીમાં તથા આંક–૩૫માં જાહેર થયું છે તે મુજબ આરોપી ન્યાયિક પ્રક્રિયા યેનકેન પ્રકારે વિલંબિત થાય તેવી નોંધો પણ તેમના વિરુધ્ધ થયેલી હોવાનું જણાય છે અને આથી પણ વિશેષ આરોપી તેમનો કેસ ચલાવનારા ન્યાયાધીશો સામે સ્કેન્ડલસ રિમાર્ક કરવા ટેવાયેલા હોવાનું જણાય છે. આમ, આરોપી સામે સાબિત થયેલ એન. ડી.પી.એસ. એક્ટની કલમ–૨૧(સી) તથા ૨૭(એ)ના ગુના સબબ મહત્તમ સજા તથા દંડ કરવાનું આ કોર્ટ ઠરાવે છે .

આ સંજોગોમાં આરોપીને જે જે ગુના હેઠળ દોષિત જાહેર કર્યા છે તે અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>–// આ ખ રી હુ ક મ //–</u>**

(૧) એન.ડી.પી.એસ.એકટની કલમ–૨૧(સી) હેઠળ આરોપી સંજીવ રાજેન્દ્ર ભટ્ટને ૨૦ (વીસ) વર્ષની સખ્ત કેદની સજા તથા

રૂા.૨,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા બે લાખ પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ ૧(એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** એન.ડી.પી.એસ.એકટની કલમ–૨૭(એ) હેઠળ આરોપી સંજીવ રાજેન્દ્ર ભટ્ટને ૨૦(વીસ) વર્ષની સખ્ત કેદની સજા તથા રૂપીયા બે લાખ (અંકે રૂપીયા બે લાખ પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ ૧(એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** એન.ડી.પી.એસ.એકટની કલમ–૨૯ હેઠળ આરોપી સંજીવ રાજેન્દ્ર ભટ્ટને ૫ (પાંચ) વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપીયા પચાસ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** એન.ડી.પી.એસ.એકટની કલમ–૫૮(૧) હેઠળ આરોપી સંજીવ રાજેન્દ્ર ભટ્ટને ૬(છ)માસની સખ્ત કેદની સજા તથા રૂા.૧,૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૫)** એન.ડી.પી.એસ.એકટની કલમ–૫૮(૨) હેઠળ આરોપી સંજીવ રાજેન્દ્ર ભટ્ટને ૨ (બે) વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ

૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપી સંજીવ ભટ્ટને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૬ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી) હેઠળ ૧(એક) વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આરોપી સંજીવ ભટ્ટને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૭ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી) હેઠળ ૨(બે) વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) આરોપી સંજીવ ભટ્ટને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૦૪ હેઠળ ૨(બે) વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૯) આરોપી સંજીવ ભટ્ટને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪૩ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી) હેઠળ ૨(બે) વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં

કસુર કરવામાં આવે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧૦)** આરોપી સંજીવ ભટ્ટને ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી) હેઠળ ૨(બે) વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧૧)** આરોપી સંજીવ ભટ્ટને ભારતીય દંડ સંહિતાની કલમ–૪૭૧ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી) હેઠળ ૨(બે) વર્ષની સખ્ત કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરવામાં આવે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧૨)** આ કામના આરોપી સંજીવ ભટ્ટનાઓને ઉપરોકત ફરમાવવામાં આવેલ તમામ સજા ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧ અન્વયે એકીસાથે ભોગવવાની રહેશે.

**(૧૩)** આ કામના આરોપી સંજીવ ભટ્ટનાઓને અન્ય ગુનામાં સજા થયેલ તે કામેથી આ ગુનાની ટ્રાયલ ચાલુ હોઈ જે–તે સમયે પાલનપુર જેલ ખાતે રાખવાનો હુકમ થયેલો હતો, પરંતુ હવે આ કેસની ટ્રાયલ પૂર્ણ થયેલ હોવાથી તેઓને પાકકુ જેલ વોરંટ ભરી જે–તે જેલમાં પરત મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

<u>**બીજા એડીશનલ સેશન્સ જજ, પાલનપુર**</u>

(૧૪) આ કેસમાં રજુ થયેલ મુદ્દામાલ અંગે મેન્યુઅલના નિયમો તથા આવા મુદ્દામાલને લગતા સરકાર શ્રીના પરિપત્રો આધારે અથવા તો નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ આધિન નિયમ મુજબ લગત વિભાગે કાર્યવાહી કરવી.

(૧૫) હાલ આરોપી શ્રી સંજીવ ભટ્ટ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ હેઠળના ગુનાની સજા ભોગવી રહયા છે. તે ગુનાની સજા અને હાલના આ ચુકાદામાં ફરમાવવામાં આવેલ સજા આરોપીએ કોન્જીકયુટીવલી એટલે કે એક ગુનાની સજા પુરી થાય ત્યારપછી બીજા ગુનાની સજા ભોગવવી તેમ ઠરાવવામાં આવે છે.

(૧૬) આ હુકમની નકલ આરોપી શ્રી સંજીવ ભટ્ટને વિના મુલ્યે ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩ અન્વયે તાત્કાલિક આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૧૭) ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૩૬૫ અન્વયે આ ચુકાદાની એક નકલ કલેકટર શ્રી, બનાસકાંઠા, પાલનપુરને તુરત જ મોકલી આપવી.

આ હુકમ આજરોજ તારીખ–૨૮મી, માહે–માર્ચ, સને–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ : પાલનપુર
તારીખ: ૨૮/૦૩/૨૦૨૪

**(જતીન નટવરલાલ ઠકકર)**
બીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
(કોડ નં. જી.જે. – ૦૦૫૦૪)